“અહો શ્રુતજ્ઞાનમ્” ગ્રંથ જીર્ણોધ્ધાર ૧૨૭

મહાપ્રભાવક નવસ્મરણ

: દ્રવ્ય સહાયક :

પૂજ્ય સાધ્વીજી શ્રી ભદ્રગુણાશ્રીજી મ.સા. તથા
સાધ્વીજી શ્રી કલ્પેશપદ્માશ્રીજી મ.સા. ની નિશ્રામાં
સં. ૨૦૬૭ ના ચાતુર્માસમાં
શ્રી માણિભદ્ર સોસાયટી, સાબરમતીના
આરાધક શ્રાવિકાઓની જ્ઞાનખાતાની ઉપજમાંથી

: સંયોજક :

શાહ બાબુલાલ સરેમલ બેડાવાળા
શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર
શા. વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન
હીરાજૈન સોસાયટી, સાબરમતી, અમદાવાદ-380005
(મો.) 9426585904 (ઓ.) 22132543

સંવત ૨૦૬૮ ઈ.સ. ૨૦૧૨

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

સંયોજક – શાહ બાબુલાલ સરેમલ

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com

અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૫ (ઈ. ૨૦૦૯) – સેટ નં-૧

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો **www.jainelibrary.org** વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

ક્રમાંક	પુસ્તકનું નામ	કર્ત્તા-ટીકાકાર-સંપાદક	પૃષ્ઠ
001	શ્રી નંદીસૂત્ર અવચૂરી	પૂ. વિક્રમસૂરિજી મ.સા.	238
002	શ્રી ઉત્તરાધ્યયન સૂત્ર ચૂર્ણી	પૂ. જિનદાસગણિ ચૂર્ણીકાર	286
003	શ્રી અર્હદ્‌ગીતા-ભગવદ્‌ગીતા	પૂ. મેઘવિજયજી ગણિ મ.સા.	84
004	શ્રી અર્હચ્ચૂડામણિ સારસટીકઃ	પૂ. ભદ્રબાહુસ્વામી મ.સા.	18
005	શ્રી યૂક્તિ પ્રકાશસૂત્રં	પૂ. પદ્મસાગરજી ગણિ મ.સા.	48
006	શ્રી માનતુઙ્ગશાસ્ત્રમ્	પૂ. માનતુંગવિજયજી મ.સા.	54
007	અપરાજિતપૃચ્છા	શ્રી બી. ભટ્ટાચાર્ય	810
008	શિલ્પ સ્મૃતિ વાસ્તુ વિદ્યાયામ્	શ્રી નંદલાલ ચુનિલાલ સોમપુરા	850
009	શિલ્પરત્નમ્ ભાગ-૧	શ્રીકુમાર કે. સભાત્સવ શાસ્ત્રી	322
010	શિલ્પરત્નમ્ ભાગ-૨	શ્રીકુમાર કે. સભાત્સવ શાસ્ત્રી	280
011	પ્રાસાદતિલક	શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ	162
012	કાશ્યશિલ્પમ્	શ્રી વિનાયક ગણેશ આપટે	302
013	પ્રાસાદમઞ્જરી	શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ	156
014	રાજવલ્લભ યાને શિલ્પશાસ્ત્ર	શ્રી નારાયણ ભારતી ગોંસાઈ	352
015	શિલ્પદીપક	શ્રી ગંગાધરજી પ્રણીત	120
016	વાસ્તુસાર	શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ	88
017	દીપાર્ણવ ઉત્તરાર્ધ	શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ	110
018	જિનપ્રાસાદ માર્તણ્ડ	શ્રી નંદલાલ ચુનીલાલ સોમપુરા	498
019	જૈન ગ્રંથાવલી	શ્રી જૈન શ્વેતામ્બર કોન્ફ્રન્સ	502
020	હીરકલશ જૈન જ્યોતિષ	શ્રી હિમ્મતરામ મહાશંકર જાની	454
021	ન્યાયપ્રવેશઃ ભાગ-૧	શ્રી આનંદશંકર બી. ધ્રુવ	226
022	દીપાર્ણવ પૂર્વાર્ધ	શ્રી પ્રભાશંકર ઓઘડભાઈ	640
023	અનેકાન્ત જયપતાકાખ્યં ભાગ-૧	પૂ. મુનિચંદ્રસૂરિજી મ.સા.	452
024	અનેકાન્ત જયપતાકાખ્યં ભાગ-૨	શ્રી એચ. આર. કાપડીઆ	500
025	પ્રાકૃત વ્યાકરણ ભાષાંતર સહ	શ્રી બેચરદાસ જીવરાજ દોશી	454

026	**तत्त्पोपप्लवसिंहः**	**श्री जयराशी भट्ट, बी. भट्टाचार्य**	**188**
027	**शक्तिवादादर्शः**	**श्री सुदर्शनाचार्य शास्त्री**	**214**
028	**क्षीरार्णव**	**श्री प्रभाशंकर ओघडभाई**	**414**
029	**वेधवास्तु प्रभाकर**	**श्री प्रभाशंकर ओघडभाई**	**192**
030	**शिल्परत्नाकर**	**श्री नर्मदाशंकर शास्त्री**	**824**
031	**प्रासाद मंडन**	**पं. भगवानदास जैन**	**288**
032	**श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-१**	**पू. लावण्यसूरिजी म.सा.**	**520**
033	**श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-२**	**पू. लावण्यसूरिजी म.सा.**	**578**
034	**श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-३ (१)**	**पू. लावण्यसूरिजी म.सा.**	**278**
035	**श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-3 (२) (३)**	**पू. लावण्यसूरिजी म.सा.**	**252**
036	**श्री सिद्धहेम बृहद्वृत्ति बृहन्न्यास अध्याय-५**	**पू. लावण्यसूरिजी म.सा.**	**324**
037	વાસ્તુનિધંટુ	પ્રભાશંકર ઓધડભાઈ સોમપુરા	302
038	તિલકમઞ્જરી ભાગ-૧	પૂ. લાવણ્યસૂરિજી	196
039	તિલકમઞ્જરી ભાગ-૨	પૂ. લાવણ્યસૂરિજી	190
040	તિલકમઞ્જરી ભાગ-૩	પૂ. લાવણ્યસૂરિજી	202
041	સપ્તસન્ધાન મહાકાવ્યમ્	પૂ. વિજયઅમૃતસૂરિશ્વરજી	480
042	સપ્તભઙ્ગીમિમાંસા	પૂ. પં. શિવાનન્દવિજયજી	228
043	ન્યાયાવતાર	સતિષચંદ્ર વિદ્યાભૂષણ	60
044	વ્યુત્પત્તિવાદ ગુઢાર્થતત્વાલોક	શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા)	218
045	સામાન્યનિર્યુક્તિ ગુઢાર્થતત્વાલોક	શ્રી ધર્મદત્તસૂરિ (બચ્છા ઝા)	190
046	સપ્તભઙ્ગીનયપ્રદીપ બાલબોધિનીવિવૃત્તિઃ	પૂ. લાવણ્યસૂરિજી	138
047	વ્યુત્પત્તિવાદ શાસ્ત્રાર્થકલા ટીકા	શ્રીવેણીમાધવ શાસ્ત્રી	296
048	નયોપદેશ ભાગ-૧ તરઙ્ગિણીતરણી	પૂ. લાવણ્યસૂરિજી	210
049	નયોપદેશ ભાગ-૨ તરઙ્ગિણીતરણી	પૂ. લાવણ્યસૂરિજી	274
050	ન્યાયસમુચ્ચય	પૂ. લાવણ્યસૂરિજી	286
051	સ્યાદ્યાર્થપ્રકાશઃ	પૂ. લાવણ્યસૂરિજી	216
052	દિન શુદ્ધિ પ્રકરણ	પૂ. દર્શનવિજયજી	532
053	બૃહદ્ ધારણા યંત્ર	પૂ. દર્શનવિજયજી	113
054	જ્યોતિર્મહોદય	સં. પૂ. અક્ષયવિજયજી	112

શ્રી આશાપૂરણ પાર્શ્વનાથ જૈન જ્ઞાનભંડાર

સંયોજક – શાહ બાબુલાલ સરેમલ

શાહ વીમળાબેન સરેમલ જવેરચંદજી બેડાવાળા ભવન

હીરાજૈન સોસાયટી, રામનગર, સાબરમતી, અમદાવાદ-૦૫.

(મો.) ૯૪૨૬૫૮૫૯૦૪ (ઓ) ૨૨૧૩૨૫૪૩ (ઇ-મેલ) ahoshrut.bs@gmail.com

અહો શ્રુતજ્ઞાનમ્ ગ્રંથ જીર્ણોદ્ધાર – સંવત ૨૦૬૬ (ઈ. ૨૦૧૦) – સેટ નં-૨

પ્રાયઃ જીર્ણ અપ્રાપ્ય પુસ્તકોને સ્કેન કરાવીને ડી.વી.ડી. બનાવી તેની યાદી.

*આ પુસ્તકો **www.jainelibrary.org** વેબસાઇટ પરથી પણ ડાઉનલોડ કરી શકાશે.*

ક્રમ	પુસ્તકનું નામ	ભાષા	કર્ત્તા-ટીકાકાર-સંપાદક	પૃષ્ઠ
055	**श्री सिद्धहेम बृहद्वृत्ति बृहद्न्यास अध्याय-६**	**सं**	**पू. लावण्यसूरिजी म.सा.**	**296**
056	**विविध तीर्थ कल्प**	**सं**	**पू. जिनविजयजी म.सा.**	**160**
057	ભારતીય જૈન શ્રમણ સંસ્કૃતિ અને લેખનકળા	ગુજ.	**પૂ. પૂણ્યવિજયજી મ.સા.**	**164**
058	**सिद्धान्तलक्षणगूढार्थ तत्त्वलोकः**	**सं**	**श्री धर्मदत्तसूरि**	**202**
059	**व्याप्ति पञ्चक विवृत्ति टीका**	**सं**	**श्री धर्मदत्तसूरि**	**48**
060	જૈન સંગીત રાગમાળા	ગુ.	**શ્રી માંગરોળ જૈન સંગીત મંડળી**	**306**
061	**चतुर्विंशतीप्रबन्ध (प्रबंध कोश)**	**सं**	**श्री रसिकलाल एच. कापडीआ**	**322**
062	**व्युत्पत्तिवाद आदर्श व्याख्यया संपूर्ण ६ अध्याय**	**सं**	**श्री सुदर्शनाचार्य**	**668**
063	**चन्द्रप्रभा हेमकौमुदी**	**सं**	**पू. मेघविजयजी गणि**	**516**
064	**विवेक विलास**	**सं/ગુ.**	**श्री दामोदर गोविंदाचार्य**	**268**
065	**पञ्चशती प्रबोध प्रबंध**	**सं**	**पू. मृगेन्द्रविजयजी म.सा.**	**456**
066	**सन्मतितत्त्वसोपानम्**	**सं**	**पू. लब्धिसूरिजी म.सा.**	**420**
067	ઉપદેશમાલા દોઘટ્ટી ટીકા ગુર્જરાનુવાદ	ગુજ.	**પૂ. હેમસાગરસૂરિજી મ.સા.**	**638**
068	**मोहराजापराजयम्**	**सं**	**पू. चतुरविजयजी म.सा.**	**192**
069	**क्रियाकोश**	**सं/हिं**	**श्री मोहनलाल बांठिया**	**428**
070	**कालिकाचार्यकथासंग्रह**	**सं/ગુ.**	**श्री अंबालाल प्रेमचंद**	**406**
071	**सामान्यनिरुक्ति चंद्रकला कलाविलास टीका**	**सं.**	**श्री वामाचरण भट्टाचार्य**	**308**
072	**जन्मसमुद्रजातक**	**सं/हिं**	**श्री भगवानदास जैन**	**128**
073	**मेघमहोदय वर्षप्रबोध**	**सं/हिं**	**श्री भगवानदास जैन**	**532**
074	જૈન સામુદ્રિકનાં પાંચ ગ્રંથો	ગુજ.	**શ્રી હિમ્મતરામ મહાશંકર જાની**	**376**

075	જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૧	ગુજ.	**શ્રી સારાભાઈ નવાબ**	**374**
076	જૈન ચિત્ર કલ્પદ્રૂમ ભાગ-૨	ગુજ.	**શ્રી સારાભાઈ નવાબ**	**238**
077	સંગીત નાટ્ય રૂપાવલી	ગુજ.	**શ્રી વિદ્યા સારાભાઈ નવાબ**	**194**
078	ભારતનાં જૈન તીર્થો અને તેનું શિલ્પસ્થાપત્ય	ગુજ.	**શ્રી સારાભાઈ નવાબ**	**192**
079	શિલ્પ ચિન્તામણિ ભાગ-૧	ગુજ.	**શ્રી મનસુખલાલ ભુદરમલ**	**254**
080	બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૧	ગુજ.	**શ્રી જગન્નાથ અંબારામ**	**260**
081	બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૨	ગુજ.	**શ્રી જગન્નાથ અંબારામ**	**238**
082	બૃહદ્ શિલ્પ શાસ્ત્ર ભાગ-૩	ગુજ.	**શ્રી જગન્નાથ અંબારામ**	**260**
083	આયુર્વેદના અનુભૂત પ્રયોગો ભાગ-૧	ગુજ.	**પૂ. કાન્તિસાગરજી**	**114**
084	કલ્યાણ કારક	ગુજ.	**શ્રી વર્ધમાન પાર્શ્વનાથ શાસ્ત્રી**	**910**
085	**વિશ્વલોચન કોશ**	**સં./હિં**	**શ્રી નંદલાલ શર્મા**	**436**
086	કથા રત્ન કોશ ભાગ-1	ગુજ.	**શ્રી બેચરદાસ જીવરાજ દોશી**	**336**
087	કથા રત્ન કોશ ભાગ-2	ગુજ.	**શ્રી બેચરદાસ જીવરાજ દોશી**	**230**
088	હસ્તસઞ્જીવનમ્	સં.	**પૂ. મેઘવિજયજીગણિ**	**322**
089	ઐન્દ્રચતુર્વિંશતિકા	સં.	**પૂ.યશોવિજયજી, પૂ. પુણ્યવિજયજી**	**114**
090	સમ્મતિ તર્ક મહાર્ણવાવતારિકા	સં.	**આચાર્ય શ્રી વિજયદર્શનસૂરિજી**	**560**

श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६७ (ई. 2011) सेट नं.-३

प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची । *यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं ।*

क्रम	पुस्तक नाम	कर्त्ता / टीकाकार	भाषा	संपादक / प्रकाशक	पृष्ठ
91	स्याद्वाद रत्नाकर भाग-१	वादिदेवसूरिजी	सं.	मोतीलाल लाघाजी पुना	272
92	स्याद्वाद रत्नाकर भाग-२	वादिदेवसूरिजी	सं.	मोतीलाल लाघाजी पुना	240
93	स्याद्वाद रत्नाकर भाग-३	वादिदेवसूरिजी	सं.	मोतीलाल लाघाजी पुना	254
94	स्याद्वाद रत्नाकर भाग-४	वादिदेवसूरिजी	सं.	मोतीलाल लाघाजी पुना	282
95	स्याद्वाद रत्नाकर भाग-५	वादिदेवसूरिजी	सं.	मोतीलाल लाघाजी पुना	118
96	पवित्र कल्पसूत्र	पुण्यविजयजी	सं./अं	साराभाई नवाब	466
97	समराङ्गण सूत्रधार भाग-१	भोजदेव	सं.	टी. गणपति शास्त्री	342
98	समराङ्गण सूत्रधार भाग-२	भोजदेव	सं.	टी. गणपति शास्त्री	362
99	भुवनदीपक	पद्मप्रभसूरिजी	सं.	वेंकटेश प्रेस	134
100	गाथासहस्त्री	समयसुंदरजी	सं.	सुखलालजी	70
101	भारतीय प्राचीन लिपीमाला	गौरीशंकर ओझा	हिन्दी	मुन्शीराम मनोहरराम	316
102	शब्दरत्नाकर	साधुसुन्दरजी	सं.	हरगोविन्ददास बेचरदास	224
103	सुबोधवाणी प्रकाश	न्यायविजयजी	सं./गु	हेमचंद्राचार्य जैन सभा	612
104	लघु प्रबंध संग्रह	जयंत पी. ठाकर	सं.	ओरीएन्ट इन्स्टीट्युट बरोडा	307
105	जैन स्तोत्र संचय-१-२-३	माणिक्यसागरसूरिजी	सं,	आगमोद्धारक सभा	250
106	सन्मति तर्क प्रकरण भाग-१,२,३	सिद्धसेन दिवाकर	सं.	सुखलाल संघवी	514
107	सन्मति तर्क प्रकरण भाग-४,५	सिद्धसेन दिवाकर	सं.	सुखलाल संघवी	454
108	न्यायसार – न्यायतात्पर्यदीपिका	सतिषचंद्र विद्याभूषण	सं.	एसियाटीक सोसायटी	354
109	जैन लेख संग्रह भाग-१	पुरणचंद्र नाहर	सं./हि	पुरणचंद्र नाहर	337
110	जैन लेख संग्रह भाग-२	पुरणचंद्र नाहर	सं./हि	पुरणचंद्र नाहर	354
111	जैन लेख संग्रह भाग-३	पुरणचंद्र नाहर	सं./हि	पुरणचंद्र नाहर	372
112	जैन धातु प्रतिमा लेख भाग-१	कांतिविजयजी	सं./हि	जिनदत्तसूरि ज्ञानभंडार	142
113	जैन प्रतिमा लेख संग्रह	दौलतसिंह लोढा	सं./हि	अरविन्द धामणिया	336
114	राधनपुर प्रतिमा लेख संदोह	विशालविजयजी	सं./गु	यशोविजयजी ग्रंथमाळा	364
115	प्राचिन लेख संग्रह-१	विजयधर्मसूरिजी	सं./गु	यशोविजयजी ग्रंथमाळा	218
116	बीकानेर जैन लेख संग्रह	अगरचंद नाहटा	सं./हि	नाहटा ब्रधर्स	656
117	प्राचीन जैन लेख संग्रह भाग-१	जिनविजयजी	सं./हि	जैन आत्मानंद सभा	122
118	प्राचिन जैन लेख संग्रह भाग-२	जिनविजयजी	सं./हि	जैन आत्मानंद सभा	764
119	गुजरातना ऐतिहासिक लेखो-१	गिरजाशंकर शास्त्री	सं./गु	फार्बस गुजराती सभा	404
120	गुजरातना ऐतिहासिक लेखो-२	गिरजाशंकर शास्त्री	सं./गु	फार्बस गुजराती सभा	404
121	गुजरातना ऐतिहासिक लेखो-३	गिरजाशंकर शास्त्री	सं./गु	फार्बस गुजराती सभा	540
122	ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-१	पी. पीटरसन	अं.	रॉयल एशियाटीक जर्नल	274
123	ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-४	पी. पीटरसन	अं.	रॉयल एशियाटीक जर्नल	414
124	ऑपरेशन इन सर्च ऑफ संस्कृत मेन्यु. इन मुंबई सर्कल-५	पी. पीटरसन	अं.	रॉयल एशियाटीक जर्नल	400
125	कलेक्शन ऑफ प्राकृत एन्ड संस्कृत इन्स्क्रीप्शन्स	पी. पीटरसन	अं.	भावनगर आर्चीऑलॉजीकल डिपा.	320
126	विजयदेव माहात्म्यम्	जिनविजयजी	सं.	जैन सत्य संशोधक	148

श्री आशापूरण पार्श्वनाथ जैन ज्ञानभंडार

संयोजक – शाह बाबुलाल सरेमल - (मो.) 9426585904 (ओ.) 22132543 - ahoshrut.bs@gmail.com

शाह वीमळाबेन सरेमल जवेरचंदजी बेडावाळा भवन

हीराजैन सोसायटी, रामनगर, साबरमती, अमदावाद-05.

अहो श्रुतज्ञानम् ग्रंथ जीर्णोद्धार – संवत २०६८ (ई. 2012) सेट नं.-४

प्रायः अप्राप्य प्राचीन पुस्तकों की स्केन डीवीडी बनाई उसकी सूची । ***यह पुस्तके www.jainelibrary.org वेबसाइट से भी डाउनलोड कर सकते हैं ।***

क्रम	पुस्तक नाम	कर्त्ता / संपादक	भाषा	प्रकाशक	पृष्ठ
127	महाप्रभाविक नवस्मरण	साराभाई नवाब	गुज.	साराभाई नवाब	754
128	जैन चित्र कल्पलता	साराभाई नवाब	गुज.	साराभाई नवाब	84
129	जैन धर्मनो प्राचीन इतिहास भाग-२	हीरालाल हंसराज	गुज.	हीरालाल हंसराज	194
130	ओपरेशन इन सर्च ओफ सं. मेन्यु. भाग-६	पी. पीटरसन	अंग्रेजी	एशियाटीक सोसायटी	171
131	जैन गणित विचार	कुंवरजी आणंदजी	गुज.	जैन धर्म प्रसारक सभा	90
132	दैवज्ञ कामधेनु (प्राचिन ज्योतिष ग्रंथ)	शील खंड	सं.	ब्रज. बी. दास बनारस	310
133	करण प्रकाश	ब्रह्मदेव	सं./अं.	सुधाकर द्विवेदि	276
134	न्यायविशारद महो. यशोविजयजी स्वहस्तलिखित कृति संग्रह	यशोदेवसूरिजी	गुज.	यशोभारती प्रकाशन	69
135	भौगोलिक कोश-१	डाह्याभाई पीतांबरदास	गुज.	गुजरात वर्नाक्युलर सोसायटी	100
136	भौगोलिक कोश-२	डाह्याभाई पीतांबरदास	गुज.	गुजरात वर्नाक्युलर सोसायटी	136
137	जैन साहित्य संशोधक वर्ष-१ अंक-१, २	जिनविजयजी	हिन्दी	जैन साहित्य संशोधक पुना	266
138	जैन साहित्य संशोधक वर्ष-१ अंक-३, ४	जिनविजयजी	हिन्दी	जैन साहित्य संशोधक पुना	244
139	जैन साहित्य संशोधक वर्ष-२ अंक-१, २	जिनविजयजी	हिन्दी	जैन साहित्य संशोधक पुना	274
140	जैन साहित्य संशोधक वर्ष-२ अंक-३, ४	जिनविजयजी	हिन्दी	जैन साहित्य संशोधक पुना	168
141	जैन साहित्य संशोधक वर्ष-३ अंक-१, २	जिनविजयजी	हिन्दी	जैन साहित्य संशोधक पुना	282
142	जैन साहित्य संशोधक वर्ष-३ अंक-३, ४	जिनविजयजी	हिन्दी	जैन साहित्य संशोधक पुना	182
143	नवपदोनी आनुपूर्वी भाग-१	सोमविजयजी	गुज.	शाह बाबुलाल सवचंद	384
144	नवपदोनी आनुपूर्वी भाग-२	सोमविजयजी	गुज.	शाह बाबुलाल सवचंद	376
145	नवपदोनी आनुपूर्वी भाग-३	सोमविजयजी	गुज.	शाह बाबुलाल सवचंद	387
146	भास्वति	शतानंद मारछता	सं./हि	एच.बी. गुप्ता एन्ड सन्स बनारस	174
147	जैन सिद्धांत कौमुदी (अर्धमागधी व्याकरण)	रत्नचंद्र स्वामी	प्रा./सं.	भैरोदान सेठीया	320
148	मंत्रराज गुणकल्प महोदधि	जयदयाल शर्मा	हिन्दी	जयदयाल शर्मा	286
149	फक्कीका रत्नमंजूषा-१, २	कनकलाल ठाकूर	सं.	हरिकृष्ण निबंध	272
150	अनुभूत सिद्ध विशायंत्र (छ कल्प संग्रह)	मेघविजयजी	सं./गुज	महावीर ग्रंथमाळा	142
151	सारावलि	कल्याण वर्धन	सं.	पांडुरंग जीवाजी	260
152	ज्योतिष सिद्धांत संग्रह	विश्वेश्वरप्रसाद द्विवेदी	सं.	ब्रीजभूषणदास बनारस	232
153	ज्ञान प्रदीपिका तथा सामुद्रिक शास्त्रम्	रामव्यास पान्डेय	सं.	जैन सिद्धांत भवन	160
	नूतन संकलन				
१	आ. चंद्रसागरसूरिजी ज्ञानभंडार – उज्जैन	हस्तप्रत सूचीपत्र	हिन्दी	श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार	
२	श्री गुजराती श्वे.मू. जैन संघ-हस्तप्रत भंडार – कलकत्ता	हस्तप्रत सूचीपत्र	हिन्दी	श्री आशापुरण पार्श्वनाथ जैन ज्ञानभंडार	

Shree Jain Prachina Sahityoddhar Granthavali Series No. 6

શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલિ પુષ્પ • ૬

પૂર્વાચાર્ય વિરચિત

મહાપ્રાભાવિક નવસ્મરણ

ગુજરાતી ભાષાંતર, વિસ્તૃત વિવેચન, પાંચ પરિશિષ્ટો અને
ચારસો દશ ચિત્રો સહિત


સંપાદક તથા સંશોધક

સારાભાઇ મણિલાલ નવાબ એમ. આર. એ. એસ. (લંડન)



પ્રકાશક

સં. ૧૯૯૫ **સારાભાઈ મણિલાલ નવાબ · અમદાવાદ** ઈ.સ.૧૯૩૮



દિલ્હીમાંથી મળેલી 'કલ્યાણ મંદિર'ની એક સુંદર રંગીન હસ્તપ્રતની ચોમેરના હાંસિયાઓમાં સુશોભન તરીકે આલેખાએલો કૃષ્ણ–ગોપીઓના હોળીખેલનનો પ્રસંગ (મુગલ કલમ)

AR PRINTERY, AHMEDABAD

ગ્રંથસ્વામિત્વના સર્વ હક્ક પ્રકાશકને સ્વાધીન

કિંમત રૂપિયા પચીસ

પ્રકાશક · સારાભાઇ મણિલાલ નવાબ, શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલિ, નાગજીભૂદરની પોળ અમદાવાદ.
મુદ્રક · પંડિત ભગવાનદાસ હરખચંદ, શારદા મુદ્રણાલય, ૧૫ જૈન સોસાએટી, એલિસબ્રિજ અમદાવાદ.
યંત્રો, ચિત્રો તથા જૅકેટ વગેરેના મુદ્રક · બચુભાઈ રાવત, કુમાર પ્રિન્ટરી, ૧૪૫૪ રાયપુર, અમદાવાદ.

સમર્પણ

જીવદયાનાં કામોમાં આગળપડતો ભાગ લઈને
શ્રીમદ્ શંકરાચાર્ય તરફથી 'દયાવારિધિ'ની પદવી મેળવનાર અને
મારી સાહિત્યપ્રવૃત્તિને સૌથી શ્રેષ્ઠ ઉત્તેજન આપનાર

શ્રીયુત માણેકલાલ ચુનીલાલ શાહને



નિવેદન

॥ ૐ વીતરાગાય નમઃ ॥

મારી ગ્રન્થાવલિના પાંચમા પુષ્પ તરીકે 'શ્રી ભૈરવપદ્માવતીકલ્પ' પ્રસિદ્ધ કરતી વખતના મારા નિવેદનમાં સૂચવ્યા મુજબ ગ્રન્થાવલિના છઠ્ઠા પુષ્પ તરીકે "મહાપ્રાભાવિક નવસ્મરણ" નામનો આ ગ્રન્થ જાહેર જનતા સમક્ષ મૂકતાં મને અવર્ણનીય આનંદ થાય છે; અને તે પુસ્તકની તથા પ્રસ્તુત પુસ્તકની સૌથી વધુ નકલો ખરીદ કરીને મારા એક વખતના સહાધ્યાયી અમદાવાદવાળા શ્રીમાન્ દયાવારિધિ માણેકલાલ ચુનીલાલ શાહ, શેઠ માણેકલાલ પ્રેમચંદ તથા શ્રીયુત કરમચંદ ચુનીલાલ શેરદલાલ તેમજ બીજા પણ મુનિમહારાજો અને સંસ્થાઓએ અગાઉથી ગ્રાહક થઇને મને આ અમૂલ્ય પ્રકાશન જાહેરમાં મૂકવા માટે ઉત્તેજિત કર્યો છે તે માટે તે સઘળાનો આભાર માનવાની આ તક લઉં છું અને ઇચ્છું છું કે મારા હવે પછીના પ્રકાશનોની પણ વધુ પ્રમાણમાં નકલો ખરીદ કરીને બીજાં વધુ ગ્રન્થરત્નો જાહેર પ્રજા સમક્ષ મૂકવા માટે તેઓ મને વધુ તક આપશે.

શ્રીમાન્ કરમચંદ ચુનીલાલ શેરદલાલ સાથે શેઠ માણેકલાલ પ્રેમચંદને પ્રથમ જ વાર તેઓના બંગલે જ્યારે હું મલવા ગયો હતો ત્યારે તેઓશ્રીએ "નવસ્મરણ"ની પ્રાભાવિકતાને લગતા કોઈ વિશિષ્ટ ગ્રન્થરત્નને તૈયાર કરવાની અમૂલ્ય સૂચના મને કરી હતી, ત્યારથી પૂર્વાચાર્યોએ વિશાળ દૃષ્ટિથી અને આત્મકલ્યાણની પવિત્ર ભાવનાથી સર્જન કરેલી અને જગતમાત્રના કલ્યાણની ભાવનાથી આશ્રય આપીને આજસુધી સાચવી રાખેલી "નવસ્મરણ"ની મહાપ્રાભાવિકતાની સાક્ષી આપતી સાહિત્યસામગ્રીનો નાશ થતો અટકાવવા, તથા તેના વારસદારોને તેની ખરી કીમત સમજાવવા મને મલી શકી તેટલી સામગ્રી એકઠી કરીને આ પ્રકાશનદ્વારા જાહેરમાં મૂકવા મેં નિશ્ચય કર્યો.

પ્રસ્તુત સંગ્રહ

આ ગ્રન્થમાં છાપવામાં આવેલાં યંત્રો તથા ચિત્રો વગેરેના પ્રકાશનના સર્વ હક્ક પ્રકાશકને જ સ્વાધીન હોવાથી પ્રકાશકની લેખિત મંજૂરી વિના કોઇપણ સંસ્થા અગર વ્યક્તિએ એ નહિ છપાવવા આગ્રહભરી વિનંતિ છે. વળી આ અતિ દુર્લભ યંત્રો તથા ચિત્રો પૂજનીય અને વંદનીય છે, તેમજ જ્ઞાન સ્વયં પણ પૂજ્ય છે. એટલે વાંચક અને દર્શક બંને પ્રત્યે નમ્ર વિનંતિ છે કે તેઓ કૃપા કરીને તેની જરાપણ અવગણના ન કરે.

પ્રસ્તુત સંગ્રહમાં 'નમસ્કારમાહાત્મ્ય' પૃષ્ઠ ૧ થી ૧૯ સુધી, પૃષ્ઠ ૨૦ થી ૬૭ સુધી 'શ્રી નવકારમંત્ર અને તેના વિષયમાં આવશ્યક વિચારો' તથા પૃષ્ઠ ૬૮ થી ૮૬ સુધી 'શ્રી નમસ્કારમહામંત્રના મંત્રામ્નાયો' તથા તેને લગતા ચાર યંત્રો, પૃષ્ઠ ૮૭ થી ૯૪ સુધી નંદનની કથા, પૃષ્ઠ ૯૫ થી ૯૬ સુધી શ્રીદેવની કથા, પૃષ્ઠ ૯૭ થી ૧૧૪ સુધી સુદર્શન શેઠની કથા વગેરે કથાઓ નમસ્કારમહામંત્રની પ્રભાવિકતા દર્શાવવા આપવામાં આવેલી છે, વળી પૃષ્ઠ ૧૧૫ થી ૧૧૮

સુધી 'અમરકુમારની સજ્ઝાય' તથા પૃષ્ઠ ૧૧૯ થી ૧૨૧ સુધી 'શ્રી નવકારમંત્રનો છંદ' પણ આપવામાં આવેલો છે. તે ઉપરાંત પૃષ્ઠ ૧૨૨ થી ૧૩૪ સુધી કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ વિરચિત યોગશાસ્ત્રમાંથી 'પદસ્થ ધ્યાનનું સ્વરૂપ' દર્શાવતો આઠમો પ્રકાશ તેના ગુજરાતી ભાષાંતર તથા તેને લગતી ચિત્રાકૃતિઓ ૧૯ ઓગણીશ સૌથી પ્રથમ જ વાર આ ગ્રન્થમાં રજૂ કરીને યોગશાસ્ત્રના અભ્યાસીઓની સુગમતા માટે મારા તરફથી પ્રયાસ કરવામાં આવ્યો છે, વળી ચિત્ર નંબર ૨૪ અને ૨૫માં દક્ષિણાવર્ત્ત અને શંખાવર્ત્તનું ધ્યાન ધરવા માટે બે પંજાની ચિત્રાકૃતિઓ પણ રજૂ કરવામાં આવેલી છે.

પૃષ્ઠ ૧૩૫ થી ૧૪૯ સુધી શ્રી ભદ્રબાહુસ્વામી વિરચિત 'ઉવસગ્ગહર સ્તોત્ર' તેના અર્થ સહિત તથા બારમી સદીમાં થએલા શ્રી ચન્દ્રાચાર્ય અને શ્રી પાર્શ્વદેવગણિવિરચિત બંને મંત્રમય ટીકાઓના આધારે સત્તાવીશ યંત્રાકૃતિઓ પણ પ્રથમ જ વાર અત્રે રજૂ કરવામાં આવી છે, જે વાંચવાથી આ સ્તોત્રની મહત્તા કેટલી છે, તે તુરત જ જણાઇ આવશે. વળી ૧૫૦ થી ૨૨૮ સુધી 'ઉવસગ્ગહર સ્તોત્ર'ના પ્રભાવને દર્શાવતી 'પ્રિયંકર નૃપકથા'નું શુદ્ધ ગુજરાતી ભાષાંતર શ્રીયુત રતિલાલ દીપચંદ દેસાઇ પાસે કરાવીને આપવામાં આવ્યું છે. આ કથાનું ભાષાંતર પ્રથમ 'શ્રી જૈન ધર્મ પ્રસારક સભા' તરફથી કરાવવામાં આવેલું છે, પરંતુ તેમાં ઘણી જ અશુદ્ધિઓ રહી ગએલી હોવાથી ભાઇશ્રી રતિલાલભાઇ પાસે ફરી નવેસરથી ભાષાંતર કરાવ્યું છે.

પૃષ્ઠ ૨૨૯ થી ૨૪૯ સુધી તપાગચ્છાધિરાજ શ્રી મુનિસુંદરસૂરિ વિરચિત 'શ્રી સંતિકર સ્તવન' તેના વિસ્તારાર્થ સાથે તથા તેને લગતાં પ્રાચીન ચિત્રપટનું એક ચિત્ર અને તેમાં જણાવેલ ચોવીશ યક્ષો, ચોવીશ યક્ષિણી, નવ ગ્રહ તથા દશ દિગ્પાલનાં ચિત્રો 'નિર્વાણકલિકા' ગ્રન્થના આધારે આચાર્ય મહારાજ શ્રી જયસિંહસૂરિજી પાસે ચીતરાવીને પ્રથમ જ વાર રજૂ કરવામાં આવેલાં છેઃ 'શ્રી સંતિકર સ્તવન'માં વર્ણવેલ સોળ વિદ્યાદેવીઓનાં પ્રાચીન તાડપત્રનાં ચિત્રો મારા તરફથી પ્રસિદ્ધ થએલ "જૈન ચિત્રકલ્પદ્રુમ" નામના ગ્રન્થમાં ચિત્ર નંબર ૧૬ થી ૩૧ સુધી પ્રસિદ્ધ થઇ ગએલાં હોવાથી અત્રે તેનાં નવીન ચિત્રો આપવા યોગ્ય ધાર્યું નથી. પૃષ્ઠ ૨૫૦ થી ૨૫૪ સુધી 'શ્રી સંતિકર સ્તવામ્નાય' વિધિ સહિત આપવામાં આવેલ છે.

પૃષ્ઠ ૨૫૫ થી ૨૫૯ સુધી 'શ્રી તિજયપહુત્ત (સત્તરિસય) સ્તોત્ર' મૂળ તથા અર્થ સહિત અને પૃષ્ઠ ૨૬૦ થી ૨૭૧ સુધી શ્રી તિજયપહુત્ત સ્તોત્રને લગતા મંત્રામ્નાયોનું વિવેચન તથા તેને લગતી જુદીજુદી જાતની ૨૦ વીશ યંત્રાકૃતિઓ આપવામાં આવી છે.

પૃષ્ઠ ૨૭૨ થી ૨૮૭ સુધી શ્રી માનતુંગસૂરિવિરચિત 'શ્રી નમિઊણ સ્તોત્ર' મૂળ, અર્થ તથા 'મંત્રાધિરાજ ચિંતામણિ' નામના ગ્રન્થમાં છપાએલ મંત્રમય ટીકાનું ગુજરાતી ભાષાંતર, તેને લગતા મંત્રો તથા ૨૦ વીશ યંત્રોની ચિત્રાકૃતિઓ અને સ્તોત્રના ભાવને દર્શાવતાં ભાઇ શ્રી નાથાલાલ છગનલાલ શાહ પાલનપુરવાલાના સંગ્રહની નવસ્મરણની સચિત્ર હસ્તપ્રતમાંના પાંચ ચિત્રો પણ સૌથી પ્રથમ અત્રે રજૂ કરવામાં આવેલાં છે.

પૃષ્ઠ ૨૮૮ થી ૩૧૪ સુધી શ્રી નંદિષેણ મુનિવિરચિત 'શ્રી અજિત શાંતિસ્તવ' મૂળ, ભાવાર્થ તથા છંદોનાં લક્ષણો ભાવનગરની શ્રી આત્માનંદ સભાના 'પંચપ્રતિક્રમણ' ઉપરથી આપવામાં

આવેલાં છે, તથા શ્લોકોનો ભાવ દર્શાવતાં પાંચ પ્રાચીન ચિત્રો પણ શ્રીયુત નાથાલાલભાઇ પાલનપુર-વાળાના સંગ્રહની હસ્તપ્રતમાંથી સૌથી પ્રથમ વાર રજૂ કરવામાં આવેલાં છે.

પૃષ્ઠ ૩૧૫ થી ૪૦૮ સુધી 'શ્રી ભક્તામરસ્તોત્ર'નાં મૂળ ૪૮ કાવ્યો, તેનું સમશ્લોકી ભાષાંતર, શ્લોકાર્થ તથા સ્તોત્રના પ્રભાવને લગતી ૨૮ અઠ્ઠાવીશ કથાઓ શ્રી ગુણાકરસૂરિ કૃત સંસ્કૃત ટીકા ઉપરથી ભાષાંતર કરીને તથા તેના મંત્રામ્નાયો વિધિ સહિત રજૂ કરવામાં આવ્યાં છે. કથાઓની કૂટનોટો વાંચવાથી આ કથાઓમાં કેટલેક સ્થળે ગામોનાં નામોનાં રૂપાંતરો કરીને પછીના લેખકોએ પોતપોતાનાં નામો ઉપર આ કથાઓને ચઢાવવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે તે તુરત જ જણાઈ આવશે. પૃષ્ઠ ૪૦૯ થી ૪૫૯ સુધી ભક્તામરનાં ૪૮ કાવ્યો પૈકી દરેકે દરેક કાવ્યને લગતાં પ્રાચીન બબ્બે યંત્રોની વિધિ તથા તેને લગતી ચિત્રાકૃતિઓ સૌથી પ્રથમ જ વાર શુદ્ધ રૂપે આ ગ્રન્થમાં રજૂ કરવામાં આવ્યાં છે અને સાથે સાથે શ્રી હરિભદ્રસૂરિકૃત તંત્રો પણ દરેક કાવ્ય ઉપર રજૂ કરવામાં આવ્યાં છે. આ ગ્રન્થમાં ભક્તામરને લગતાં શ્લોકાનુરૂપ ચિત્રો રજૂ કરવાની મારી તીવ્ર ઇચ્છા હોવા છતાં પણ જે જે વ્યક્તિઓ પાસે તેની હસ્તપ્રતો હતી, તે તે વ્યક્તિઓ તરફથી ચિત્રો લેવા માટે મને મંજૂરી નહિ મલવાથી ચિત્રો રજૂ કરી શક્યો નથી તે માટે વાંચકોની ક્ષમા માગું છું.

પૃષ્ઠ ૪૬૦ થી ૪૮૮ સુધી 'કલ્યાણમંદિર સ્તોત્ર' મૂળ, ભાવાર્થ, મંત્રામ્નાય તથા શ્રીયુત જસવંતરાય જૈની દિલ્હીવાળાના સંગ્રહની હસ્તપ્રતના શ્લોકાનુરૂપ પચીસ ચિત્રો તથા શ્રીયુત મોતીલાલ થપ્પાવાળાની હસ્તપ્રતનાં આજુબાજુનાં શાહજહાં બાદશાહના સમયની મોગલ કલમથી ચિતરાએલાં સુંદર ચિત્રો પણ સૌથી પ્રથમ રજૂ કરવામાં આવ્યાં છે. આ બંને હસ્તપ્રતો દિલ્હીથી પરમપૂજ્ય મુનિમહારાજ શ્રી દર્શનવિજયજીએ મને મોકલાવી આપી હતી, તે માટે તેઓશ્રીનો આભાર હું જેટલો માનું તેટલો ઓછો જ છે. પૃષ્ઠ ૪૮૯ થી ૫૦૨ સુધી 'કલ્યાણમંદિર મંત્રામ્નાયો' નામના પ્રકરણમાં કલ્યાણમંદિરને લગતી ૪૩ તેંતાલીસ યંત્રાકૃતિઓ કે જેનાં ચિત્રો પ્રસ્તુત ગ્રન્થમાં આપવામાં આવેલાં છે, તેનાં વિધિ, વિધાન તથા તેનાથી થતા ફાયદાઓ પણ સાથેસાથે દર્શા-વવામાં આવેલ છે. આ યંત્રની હસ્તપ્રત શ્રીયુત નાથુરામજી પ્રેમીદ્વારા શ્રી સુખાનંદજી ધર્મશાળામાં આવેલ શ્રી પન્નાલાલજી ઐલક સ્થાપિત શ્રી સરસ્વતી જૈન પુસ્તકાલયમાંથી મને મલી હતી, તે માટે તેઓશ્રીનો તથા તે સંસ્થાના સેક્રેટરી શ્રીયુત રામપ્રસાદ જૈનનો પણ અત્રે આભાર માનું છું.

પૃષ્ઠ ૫૦૩ થી ૫૦૮ સુધી બૃહત્ શાંતિ મૂળ તથા ભાવાર્થ સાથે આપવામાં આવેલ છે. આ ઉપરાંત 'શ્રી ભૈરવપદ્માવતીકલ્પ'ના કર્તા શ્રી મલ્લિષેણસૂરિ વિરચિત 'વિદ્યાનુશાસન' નામના ગ્રન્થ ઉપરથી પ્રાચીન 'શ્રી ઋષિમંડલ સ્તવ' તથા તેનું ગુજરાતી ભાષાંતર તેને લગતા એક નવીન યંત્ર તથા અમેરિકાના બોસ્ટન મ્યુઝિયમમાં આવેલ પ્રાચીન યંત્રના ચિત્ર સાથે પરિશિષ્ટ ૧ તરીકે, 'શ્રી નવગ્રહ મંત્રાક્ષર સ્તવ' પણ મારી પાસેના એક હસ્તલિખિત પત્ર ઉપરથી તેના ગુજરાતી ભાષાંતર સાથે અને નવે ગ્રહોની પીડાના નિવારણની જૈનમતાનુસારે વિધિ સહિત તદ્દન પહેલી જ વખત પરિશિષ્ટ ૨ તરીકે, 'શ્રી મહાલક્ષ્મી અષ્ટક' પરિશિષ્ટ ૩ તરીકે, 'માણિભદ્રજીનો છંદ' પરિશિષ્ટ ૪ તરીકે અને 'ભૈરવાષ્ટક' પણ મારા જ સંગ્રહના છુટા પત્રો ઉપરથી પરિશિષ્ટ ૫ તરીકે તદ્દન પહેલી જ

વાર 'ક્ષેત્રપાલ'ના પ્રાચીન ચિત્ર સહિત આપવામાં આવેલ છે. વળી પ્રસ્તુત ગ્રન્થમાં ચોવીશ તીર્થંકરનાં પ્રાચીન ચિત્રો શ્રીયુત ફૂલચંદજી ઝાઝક (ફલોધીવાળા)ના સંગ્રહમાંની હસ્તપ્રત ઉપરથી આપવામાં આવેલાં છે. આ ગ્રન્થમાં પ્રગટ કરવામાં આવેલી કૃતિઓમાંથી પ્રેરણા લઈને કોઇ મહાનુભાવ બતાવેલી વિધિ અનુસાર મંત્રસાધના કરીને જિનશાસનની કીર્તિ પ્રસરાવવા ઉદ્યુક્ત થશે તો મારી આ સંગ્રહ પ્રગટ કરવાની મહેનત સફળ થએલી લેખીશ.

આ ગ્રન્થમાં બતાવેલા પ્રયોગોમાં કેટલેક ઠેકાણે મારણ, મોહન, વશીકરણ, ઉચ્ચાટન, વિદ્વેષણ વગેરે કર્મોના ઉલ્લેખો કરવામાં આવેલા છે, તેનો દુરુપયોગ નહિ કરવા વાંચકોને મારી નમ્ર અને આગ્રહભરી વિનંતિ છે, છતાં પણ કોઇ તેનો દુરુપયોગ કરશે. તો તેના પાપનો ભાગીદાર હું નથી, કારણકે આવા મંત્રામ્નાયના ગ્રન્થો પ્રગટ કરવાનો મારો ઉદ્દેશ મુખ્યત્વે કરીને આ છિન્નભિન્ન થઇ ગએલા સાહિત્યનો ઉદ્ધાર કરીને એકત્ર કરવાનો છે અને તે કરેલો ઉદ્ધાર જિન-શાસનની રક્ષા નિમિત્તે ભવિષ્યમાં કોઇકે વખત ઉપયોગમાં આવશે તે છે.

ઋણસ્વીકાર

આ ગ્રન્થમાં છાપવામાં આવેલી કૃતિઓ પૈકી જે જે કૃતિઓ બીજી સંસ્થાઓની અથવા તો બીજી વ્યક્તિઓની છે તે તે સંસ્થાઓનો તથા વ્યક્તિઓનો નામનિર્દેશ તે તે સ્થળે કરવામાં આવેલો છે, છતાં પણ શરતચૂકથી કોઈ ઠેકાણે નામનિર્દેશ કરવાનું રહી ગએલ હોય તો તે બદલ તેઓની ક્ષમા ચાહું છું.

વળી ગ્રન્થમાં છપાવેલાં પ્રાચીન ચિત્રો સિવાયનાં બધાં યે યંત્રો તથા ચિત્રોની આકૃતિઓ જ્યોતિષશિલ્પશાસ્ત્ર તથા મંત્રશાસ્ત્રના જાણકાર વયોવૃદ્ધ ગુરુદેવ શ્રી જયસિંહસૂરિશ્વરજીએ પોતાની છાસઠ વર્ષની ઉમરે પોતાના હાથે જ ચીતરીને આપવામાં જે અથાગ શ્રમ લીધો છે તે માટે હું તેઓશ્રીનો જેટલો આભાર માનું તેટલો ઓછો છે.

પ્રસ્તુત ગ્રન્થ દયાવારિધિ માણેકલાલ ચુનીલાલ શાહ. રૂના દલાલ અમદાવાદવાળાને તેટલા જ માટે સમર્પિત કરવામાં આવેલો છે કે મારી સાહિત્યપ્રવૃત્તિને વધુમાં વધુ ઉત્તેજિત કરવામાં તેઓશ્રીનો મુખ્ય ફાળો છે. તેમના જેવા ઉદાર ગૃહસ્થોની ઉત્તેજના વિના આવા આર્થિક સંકડા-મણના સમયમાં આવા મહામૂલ્ય ગ્રન્થોનું પ્રકાશન થઈ શકે જ નહિ.

આ પુસ્તકના ટાઇટલનું, બ્લોકોનું તથા બ્લૉકો છાપવાનું કામકાજ સુંદર રીતે કરી આપવા તથા પુસ્તકને સુંદર બનાવવા માટે વખતોવખત સૂચનો માટે 'કુમાર પ્રિન્ટરીના'ના સંચાલક શ્રીયુત બચુભાઇ રાવતનો, મૂળ સંસ્કૃત તથા ગુજરાતી ભાષાંતરનું છાપકામ કરી આપવા માટે તથા સંશોધનાદિ કાર્યમાં સહાય આપવા માટે 'શ્રી શારદા મુદ્રણાલય'ના વ્યવસ્થાપકોનો, તથા કવર ડીઝાઇન બનાવી આપવા માટે મુરબ્બી શ્રી રવિશંકર રાવળનો અત્રે આભાર માનું છું.

અંતમાં આ પ્રકાશન પછી મારા તરફથી 'શ્રી ઘંટાકર્ણમંત્ર યંત્ર કલ્પાદિ સંગ્રહ' નામનું પુસ્તક તૈયાર થાય છે તે તરફ વાંચકોનું ધ્યાન ખેંચીને મારું આ નિવેદન સમાપ્ત કરવાની રજા લઉં છું.

ભાદરવા સુદી પંચમી (મહામાંગલ્ય પંચમી)
નવી પત્થર ચાલ · વડોદરા

સારાભાઇ મણિલાલ નવાબ

પ્રસ્તાવના.

——(૦)——

॥શ્રી વીતરાગાય નમઃ॥

આ ચરાચર સૃષ્ટિના દરેકે દરેક સંપ્રદાયોના મહાપુરૂષોએ પોતપોતાના ઇષ્ટદેવોના ગુણાનુવાદ ગાવા કાજે પ્રાતઃસ્તુતિઓ વગેરેની રચનાઓ કરેલી છે. તેવી જ રીતે પ્રાતઃસ્મરણીય પંડિત પ્રવર જૈનાચાર્યોએ પણ દરેક સમયે દ્રવ્ય, ક્ષેત્ર, કાલ અને ભાવને અનુસરીને સ્તુતિ–સ્તોત્રાદિક સાહિત્યની રચના વિશાળ પ્રમાણમાં કરીને, જૈનસાહિત્યને વધુને વધુ પ્રમાણમાં નવપલ્લવિત કરવામાં પોતપોતાનો ફાળો આપ્યો છે.

જૈન સાહિત્યરૂપી વિશાળ મહાસાગરના ઉદરમાં છુપાએલાં એવાં ૧૧૦ અપૂર્વ સ્તોત્રમૌક્તિકોનો સંગ્રહ કરી, દક્ષિણવિહારી સ્વર્ગસ્થ મુનિમહારાજ શ્રીઅમરવિજયજીના શિષ્ય શ્રીચતુરવિજયજી ના હાથે સંશોધન કરાવી ઈ. સ. ૧૯૩૨ માં મારા તરફથી જૈનસ્તોત્રસંદોહના પ્રથમ વિભાગ (કિંમત. રૂા. ૫–૦–૦) તરીકે અને ઈ. સ. ૧૯૩૬ માં તેઓશ્રીના જ શુભહસ્તે સંશોધન કરાવી જૈનસ્તોત્રસંદોહના બીજા ભાગ (મંત્રાધિરાજ ચિંતામણિ કિંમત. રૂા. ૭–૮–૦) તરીકે, પુરૂષાદાની શ્રીપાર્શ્વનાથ પ્રભુને લગતાં મંત્રયંત્રાદિ તેમ જ યમકશ્લેષાદિથી અલંકૃત ૬૪ ચોસઠ સ્તોત્રો અને તેને લગતા ૬૫ પાંસઠ યંત્રોના આર્ટ પેપર ઉપલ છાપેલાં ચિત્રો સહિત તથા ઈ. સ. ૧૯૩૭ માં ગુજરાત કૉલેજના સંસ્કૃત તથા અર્ધ માગધીભાષાના અધ્યાપક પ્રોફેસર. કે. વી. અભ્યંકર પાસે સંશોધન કરાવી "ભૈરવપદ્માવતીકલ્પ" નામે જૈન મંત્રશાસ્ત્રનો મહાન ગ્રન્થ (કિંમત. રૂ. ૧૫–૦–૦) તેને લગતા પ્રાચીન યંત્રોના ચિત્રો સહિત પ્રસિદ્ધ કરવામાં આવેલ છે. જે ગ્રન્થોનો એતદ્દેશીય તેમજ પાશ્ચાત્ય વિદ્વાનોએ સાભાર સ્વીકાર કરી મારા ઉત્સાહમાં વધારો કર્યો છે અને મને આ ગ્રન્થ બહાર લાવવા ઉત્સુક કર્યો છે.

જૈનાચાર્યોએ રચેલા સેંકડો સ્તુતિ–સ્તોત્રો પૈકી જુદા જુદા સમયે અને જુદા જુદા મહાપુરૂષોએ રચેલાં પ્રસ્તુત ગ્રન્થમાં છપાએલાં 'નવ સ્મરણો' જૈન સમાજમાં તેની પ્રાભાવિકતાને લીધે વધારે માન્ય અને પ્રચલિત હોવાથી જ પ્રસ્તુત ગ્રન્થ પ્રસિદ્ધિમાં મૂકવા હું ઉત્સુક થયો છું. પ્રસ્તુત ગ્રન્થનું નામ જે "મહાપ્રાભાવિક નવસ્મરણ" રાખવામાં આવ્યું છે, તે ખરેખર વાસ્તવિક જ છે અને તેની વાસ્તવિકતાની ખાત્રી વાંચકોને પ્રસ્તુત ગ્રન્થમાં આપવામાં આવેલી તે તે સ્મરણના પ્રભાવને લગતી કથાઓ સ્વયં આપશે અને વાંચક પોતે પણ તે નવે સ્મરણોનો નિત્ય પાઠ કરીને તેનો લાભ મેળવીને સ્વયં ખાત્રી કરી જોશે એટલે તેને તે બાબતમાં સંદેહ જરાએ રહેશે નહિ; જૈન સમાજમાં જન્મેલો નાનામાં નાનો જૈન બાલક પણ આ નવસ્મરણથી અજ્ઞાત નથી અને તેથી જ પ્રસ્તુત નવસ્મરણોને લગતું ઘણું જ સાહિત્ય આજસુધીમાં પ્રકાશિત થએલું મલી આવે છે, પરંતુ આ નવે સ્મરણોને લગતાં યંત્રો, મંત્રો, તંત્રો તેના વિધિ, વિધાન તથા તેના પ્રભાવને લગતી કથાઓ એક જ ગ્રંથમાં એકત્ર કરીને પ્રકાશિત કરવાનો મારો આ પ્રયાસ પહેલાં કોઇપણ સંસ્થા અથવા વ્યક્તિ તરફથી પ્રયાસ કરવામાં આવ્યો હોય એવું મારા ખ્યાલમાં નથી.

'સ્મરણ' એટલે જે વસ્તુની વારે ઘડી હૃદયમાં યાદી આવ્યા કરતી હોય, જેને આપણે ચાલુ ભાષામાં સંભારણાં કહીયે છીયે અને એવાં સંભારણાં તો વહાલામાં વહાલા ઈષ્ટ જનનાં જ હોઇ શકે, જ્યારે આ 'સ્મરણો' તો ઇષ્ટ જનોને પણ ઇષ્ટ એવાં ઈષ્ટદેવનાં છે એટલે તેનું નામ 'સ્મરણ' આપવું તે વાસ્તવિક જ છે. હવે અહીંયાં પ્રશ્ન એ થાય છે કે આવાં સ્મરણોની સંખ્યા નવ જ કેમ રાખવામાં આવી, આઠ નહિ, સાત નહિ, દશ, અગિયાર નહિ પણ નવની જ સંખ્યા કેમ? નવની જ સંખ્યા રાખવાનો પૂર્વપુરુષોનો હેતુ શો હશે તે તો મારા જેવાએ કલ્પના કરવી બહુ મુસ્કેલ છે, તો પણ મને તો લાગે છે કે નવકારના પદ નવ, તત્ત્વો પણ નવ, સિદ્ધચક્રજીના પદ પણ નવ, તેમ સ્મરણ પણ નવ જ રાખવાનો હેતુ નવનો અંક અક્ષય છે તે પણ હોય. કારણકે એકથી નવ અંકોમાં એકલો નવનો જ અંક અક્ષય છે અને તેનો ક્ષય કદાપિ પણ થતો જ નથી. દા. ત. ૯×૧=૯ ૯×૨=૧૮=૯ ૯×૩=૨૭=૯ નવની સંખ્યાને ગમે તેટલી સંખ્યાએ ગુણશો તો જે ગુણાકાર આવશે તેનો સરવાળો પાછો નવનો નવ જ આવીને ઊભો રહેશે, આ જ પ્રમાણે તમારી ઇચ્છા મુજબ સેંકડો, હજારો અથવા લાખોનો અંક લખો અને તે અંકનો અનુક્રમે સરવાળો કરો જ્યાં નવાંક શેષ નહી આવે ત્યાં શેષાંક તે લખેલી રકમમાંથી બાદ કરશો તો જે રકમ શેષ રહે તેમાંથી જ્યાં સુધી નવાંક નહિ આવે ત્યાં સુધી ગણશો એટલે છેવટમાં નવાંક જ અવશેષ આવીને ઊભો રહેશે. દા. ત. ૧૭૭૩૭નો આંક લીધો તેનો આખરે અવશેષ નવાંક આ પ્રમાણે આવશેઃ—

૧૭૭૩૭=૨૫
૯
૨૫

૧૭૭૧૨=૧૮=૯ આ પ્રમાણે નવાંક હમેશાં અખંડિત છે, તે કદાપિ ખંડિત થતો નથી અને તેથીજ આ સ્મરણોની, તત્ત્વોની, નવકારના પદોની અને સિદ્ધચક્રના પદોની સંખ્યા પણ પૂર્વ પુરુષોએ નવની રાખી હોય એમ લાગે છે.

૧ નમસ્કાર મંત્ર—

આ નવ સ્મરણોમાં પણ પ્રથમ સ્થાન નવકારને આપવાનું પણ તે જ કારણ છે અને આ નવકાર મંત્ર તે જૈન શાસનના સારભૂત ચૌદ પૂર્વમાંથી ઉદ્ધૃત કરેલો છે અને તેથી જ તે ચિંતામણિ અને કામકુંભથી પણ અધિક ફલને આપવા વાળો છે, વળી આ નમસ્કાર મહામન્ત્રના નવપદોમાં અનુક્રમે અણિમા વગેરે અષ્ટ સિદ્ધિ સમાએલ છે, જે આગળ વ્યાકરણના ન્યાયે પણ સાબીત કરી બતાવેલી છે. નવકાર મન્ત્રની શરૂઆત કયારથી થઇ તે સંબંધમાં લખતાં એક પ્રાચીન કવિતમાં જણાવ્યું છે કેઃ—

"આગે ચોવીશી હુઈ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત."

વળી તેના મહિમા સંબંધી સિદ્ધસેનસૂરિએ બનાવેલ 'નમસ્કાર માહાત્મ્ય' પણ શ્રી જૈનધર્મ પ્રસારક સભાએ વિ. સં. ૧૯૭૬ માં છપાવેલ 'કૂર્માપુત્ર ચરિત્ર અને શ્રી નમસ્કાર માહાત્મ્ય'

નામની પુસ્તિકા ઉપરથી 'નમસ્કાર મહાત્મ્ય' શરૂઆતમાં જ પાના ૧ થી ૧૯ ઉપર અહીં પ્રસંગોપાત ઉપયોગી જાણી ફરીથી છપાવેલ છે, જે વાંચી જવા વાંચકોને ભલામણ છે.

૨ ઉવસગ્ગહર સ્તોત્ર—

નવ સ્મરણો પૈકીનું બીજું 'ઉવસગ્ગહર સ્તોત્ર' તેના નામ પ્રમાણે જ ગુણવાળું સ્તોત્ર છે. અને તેનો નિત્યપાઠ કરનારના ઉપસર્ગો તેનાથી દૂર થાય છે, તે વાતનો અનુભવ મને પોતાને જ ઘણી વખત થએલો છે. આ સ્તોત્રના કર્તા શ્રુતકેવલિ શ્રીભદ્રબાહુસ્વામી જ છે અને તેઓ જ્યોતિષી વરાહમિહીરના ભાઇ નથી એમ મારૂં પોતાનું માનવું છે અને તેથી જ મારા તરફથી જૈન સાધુ સંમેલનની કમિટી તરફથી છપાતાં 'શ્રી જૈનસત્યપ્રકાશ' નામના માસિકમાં 'ઉવસગ્ગહર સ્તોત્ર' એ નામથી લેખમાળા ચાલુ આવ્યા કરે છે, જે વાંચી લેવા વાંચકોને ભલામણ છે.

૩ સંતિકર સ્તોત્ર—

આ સ્તોત્ર પણ તેના નામ પ્રમાણે શાંતિનું કરનારૂં છે અને તેની ઉત્પત્તિ પણ સંઘના ઉપદ્રવની શાંતિ માટે જ થઇ હતી જે હકીકત આ પ્રમાણે છેઃ—

તપગચ્છ નાયક શ્રી સોમસુંદરસૂરિના પટ્ટપ્રભાવક સહસ્રાવધાની શ્રીમુનિસુંદરસૂરિએ મેવાડ દેશમાં આવેલા દેવકુલપાટક નામના નગરને વિષે સંઘમાં અકસ્માત્ મરકીનો ઉપદ્રવ થવાથી પીડા પામતા લોકોને જોઇ અત્યન્ત કરૂણાવાળા અને ગુરૂના પ્રસાદથી વિદ્યાને પામેલા તે મહાપુરૂષે સંઘમાં મરકીની શાંતિને માટે સૂરિમંત્રના આમ્નાયવાળું શ્રી શાંતિનાથ જિનનું આ સ્તોત્ર રચ્યું છે અને તેની શરૂઆત 'સંતિકરં' શબ્દથી થતી હોવાથી સ્તોત્રનું નામ પણ 'સંતિકર સ્તોત્ર' રાખવામાં આવેલું છે.

આ મહાપુરૂષ શ્રીમુનિસુંદરસૂરિનો વિ. સં. ૧૪૩૬ ની સાલમાં જન્મ, વિ. સં. ૧૪૪૩ ની સાલમાં દીક્ષા, સં. ૧૪૬૬ માં ઉપાધ્યાય પદ અને સં. ૧૪૭૮ ની સાલમાં આચાર્યપદ અને વિ. સં. ૧૫૦૩ ની સાલમાં શ્રીકોરંટા નગરે ૬૭ વર્ષની ઉમરે સ્વર્ગવાસ થયો હતો, તેઓને શ્રીકૃષ્ણ સરસ્વતીનું બિરૂદ પણ મળેલું હતું.

૪ તિજયપહુત્ત સ્તોત્ર—

આ સ્તોત્રનું નામાભિધાન પણ તેના આદ્યપદ ઉપરથી પડેલું છે. અને તેનું 'સત્તરિસયજુત્ત' એવું બીજું નામ તેમાં એકસોને સિત્તેર જિનેશ્વરોની સ્તુતિ હોવાથી પડેલું છે. શ્રી જૈન શ્રેયસ્કર મંડળ મ્હેસાણાવાળા પંચપ્રતિક્રમણમાં આ સ્તોત્રના કર્તા તરીકે શ્રીમાનદેવસૂરિનો ઉલ્લેખ કરેલો છે, જે આ પ્રમાણે છેઃ—

"શ્રીમાનદેવસૂરિએ કોઇક વખતે શ્રીસંઘમાં વ્યન્તરે કરેલ ઉપસર્ગનું નિવારણ કરવા આ સ્તોત્ર રચ્યું છે, એવો સંપ્રદાય છે." પરંતુ અન્યત્રની વાત તો એ છે કે પ્રભાવકચરિત્રમાં ઉલ્લેખાએલ 'શ્રીમાનદેવસૂરિ પ્રબંધ'માં અથવા તો 'વીરવંશાવલિ' વગેરે ઐતિહાસિક ગ્રંથોમાં આ વાતનો નામનિર્દેશ સુદ્ધાં પણ કરવામાં આવ્યો નથી. મારી માન્યતા પ્રમાણે ઉપરોક્ત ઉલ્લેખ શ્રી હર્ષકીર્તિસૂરિકૃત સપ્તસ્મરણ ટીકા ઉપરથી કરવામાં આવ્યો હશે. ગમે તેમ, પણ

આ સ્તોત્ર પ્રાચીન તો છે જ કારણ કે તેના અનુકરણ રૂપે બે બીજા સ્તોત્રો હસ્તિમાં આવેલાં છે, જે પૈકી પ્રથમ સ્તોત્ર શ્રી **નન્નસૂરિ** કૃત પ્રસ્તુત ગ્રંથનાં પાના ૨૬૦ ઉપર આપવામાં આવેલ છે, અને તેઓએ આ સ્તોત્રનું નામ 'સત્તરિસય' જ રાખ્યું છે, જે ઉલ્લેખ આ પ્રમાણે છેઃ—

"सिरि **नण्णसूरि** पणयं सत्तरीसय जिणवराणं भत्तीइ ।
भवियाण कुणउ संतिं रिद्धिबुद्धिधिइकित्तिं ॥८॥

અર્થાત્—શ્રીનન્નસૂરિથી નમસ્કૃત આ ૧૭૦ જિનેશ્વરો ભક્તિ કરનાર ભવ્ય જીવોને શાંતિ, ઋદ્ધિ, બુદ્ધિ, ધૃતિ અને કીર્તિ આપો."

બીજું સ્તોત્ર શ્રી**હરિભદ્રસૂરિ**એ રચેલું છે અને તેનું નામ પણ 'सत्तसरिसय' જ રાખવામાં આવેલું છે, જે પ્રસ્તુત ગ્રંથના પાના ૨૬૧ અને ૨૬૨ ઉપર છપાવવામાં આવેલ છે. આ સ્તોત્ર ની શરૂઆત તેઓ નીચે પ્રમાણે કરે છેઃ—

"आनंदोल्लासनमत्त्रिदशपतिशिरःप्रसूनपूज्यपदं ।
जिनसप्ततिशतमानम्य वच्मि तस्यैव संस्तवनम् ॥१॥

અર્થાત્—આનંદના ઉલ્લાસપૂર્વક નમસ્કાર કરતા ઇન્દ્રોના મસ્તક ઉપર રહેલાં પુષ્પોવડે પૂજાએલા છે ચરણકમલો જેઓના એવા ૧૭૦ જિનેશ્વરોને નમસ્કાર કરીને તેઓનું જ સ્તવન રચું છું."

તેઓશ્રીએ સ્તોત્રના અંતમાં પોતાનું નામ પણ સૂચવેલું છેઃ—

"इति सप्ततिशतजिनपतिसंस्तवनं ये प्रपठ्य पठुमतयः ।
ध्यायति मनसि तेषां तु **हरिभद्रं** पदं सुचिरम् ॥१५॥

અર્થાત્—આ ૧૭૦ જિનેશ્વરોનું સ્તવન જે મનુષ્ય નિર્મલ બુદ્ધિપૂર્વક મનમાં ધ્યાવે છે તે દીર્ઘકાલીન સુખથી મનોહર (મોક્ષ) સ્થાન મેળવે છે."

ઉપરોક્ત પ્રથમ સ્તોત્રાનુકૃતિના કર્તા શ્રીનન્નસૂરિ તે વિક્રમની નવમી સદીમાં વિદ્યમાન શ્રીબપ્પભટ્ટિસૂરિજીના ગુરૂભાઈ હોવા જોઇએ, અને તેથી આ સ્તોત્રની ઉત્પત્તિ પણ વિક્રમની નવમી સદીમાં જ થઇ હોવાનું કહી શકાય, જ્યારે બીજી સ્તોત્રાનુકૃતિના કર્તા શ્રીહરિભદ્ર તે નીચે દર્શાવેલા ત્રણ હરિભદ્રસૂરિમાંથી એક હોવા જોઇએ.

૧. ૧૪૪૪ પ્રકરણોના કર્તા 'યાકિની મહત્તરા સુનુ' ના નામથી પ્રખ્યાતિ પામેલા છે તે, તેઓનો સત્તા સમય વિક્રમની આઠમી શતાબ્દિનો છે.

૨ વડગચ્છીય શ્રીચન્દ્રસૂરિના શિષ્ય કે જેઓએ પરમાર્હત્ કુમારપાલના રાજ્યાવસરે અણહિલપુરપત્તનમાં વિ. સં. ૧૨૧૬ માં આઠ હજાર શ્લોક પ્રમાણ પ્રાકૃત તથા અપભ્રંશ ભાષામાં શ્રીનેમિનાથચરિત્રની રચના કરી છે. વળી તેઓએ ચોવીશે તીર્થંકરોના ચરિત્રો રચ્યા હોવાનું જણાય છે. તેમાંના ચન્દ્રપ્રભુ ચરિત્ર તથા મલ્લિનાથ ચરિત્રની હસ્તપ્રતો તો પાટણ વગેરે સ્થળોના ભંડારોમાં વિદ્યમાન છે.

૩ બૃહદ્ગચ્છીય શ્રીમાનદેવસૂરિના શિષ્ય શ્રીજિનદેવોપાધ્યાયના શિષ્ય કે જેઓ ગૂર્જરેશ્વર મહારાજાધિરાજ સિદ્ધરાજ જયસિંહદેવના સમયમાં વિદ્યમાન હતા, કારણ કે તેઓએ વિ. સં.

૧૧૭૨ માં બંધસ્વામિત્વ નામના ત્રીજા કર્મગ્રન્થની વૃત્તિ, વિ. સં. ૧૧૮૫ માં પ્રશમરતિ વૃત્તિ, સંગ્રહણીસૂત્રવૃત્તિ, મુનિપતિ ચરિત્ર તથા શ્રેયાંસનાથ ચરિત્ર વગેરેની રચનાઓ કરેલી છે.

આ ત્રણ હરિભદ્રસૂરિ પૈકીના કયા હરિભદ્રસૂરિએ આ 'સત્તરિસય સ્તોત્ર' ની તથા ભક્તામર સ્તોત્રના યંત્ર, તંત્ર વગેરેની રચના કરી હશે એ નિશ્ચિતપણે કહી શકાય તેમ નથી જ, છતાં પણ જો તેઓ પ્રથમ વર્ણવેલ હરિભદ્રસૂરિ હોત તો તેઓની કૃતિના પ્રાન્તે 'વિરહ' શબ્દ અંકિત હોત, અને તે પ્રમાણે નહિ હોવાથી તેઓ ઉપરોક્ત વડગચ્છીય જિનચન્દ્રસૂરિ શિષ્ય અથવા તો બૃહદ્ગચ્છીય શ્રીમાનદેવસૂરિ શિષ્ય શ્રીજિનદેવ ઉપાધ્યાયના શિષ્ય હોવા જોઇએ. આ પુરાવા ઉપર થી એટલું તો સાબીત થઈ શકે છે કે આ તિજયપહુત્ત સ્તોત્રના રચયિતા વિક્રમની નવમી શતાબ્દિ પહેલાનાં કોઇપિણ મહાપુરૂષ છે.

૫ નમિઊણ સ્તોત્ર—

આ સ્તોત્રનું નામ પણ સ્તોત્રની શરૂઆતના 'નમિઊણ' શબ્દથી પડેલું છે. તેનું બીજું નામ 'ભયહર સ્તોત્ર' છે અને સ્તોત્રમાં પણ જુદા જુદા શ્લોકોમાં ભયોનું વર્ણન છે. આ સ્તોત્રના કર્તા શ્રીમાનતુંગસૂરિ છે અને તેઓશ્રીને આ સ્તોત્રમાં ગુપ્ત રહેલો 'નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલ્લિંગ' નામનો અઢાર અક્ષરનો મન્ત્ર નાગરાજ ધરણેન્દ્રે તેઓશ્રીના માનસિક રોગના નિવારણ માટે આપ્યાનો ઉલ્લેખ પ્રભાવકચરિત્રના 'શ્રીમાનતુંગસૂરિ પ્રબંધ' નામના બારમા પ્રબંધમાં નીચે મુજબ કરેલો છે:—

"कदापि कर्म्मवैचित्र्यात्तेषां चित्तरुजाभवत् ।
कर्म्मणा पीडिता यस्मात् शलाकापुरुषा अपि ॥१५९॥
धरणेन्द्रस्मृते राजा पृष्टोऽनशनहेतवे ।
अवादीदायुरद्यापि स तत्संह्रियते कथम् ॥१६०॥
यतो भवादृशामायुर्बहुलोकोपकारकम् ।
अष्टादशाक्षरं मन्त्रं ततस्तेषां समर्पयत् ॥१६१॥
ह्रियते स्मृतितोयेन रोगादि नवधा वयम् ।
अन्तर्ययौ ततः श्रीमान् धरणो धरणीतलम् ॥१६२॥
ततस्तदनुसारेण स्तवनं विदधे प्रभुः ।
ख्यातं **भयहरं** नाम तदद्यापि प्रवर्त्तते ॥१६३॥
हेमंतशतपत्रश्रीर्देहे स्तोममहोनिधेः
सूरेरजनि तस्याहो सुलभं तादशां ह्यदः ॥१६४॥
सायं प्रातः पठेदेतत्स्तवनं यः शुभाशयः ।
उपसर्गा व्रजंतस्य विविधा अपि दूरतः ॥१६५॥

અર્થાત્—કોઇકવાર કર્મની વિચિત્રતાથી તેઓશ્રીને માનસિક રોગ થયો, કારણકે જે કર્મોએ શલાકા પુરૂષોને પણ છોડયા નથી તે કર્મોથી તેઓ પણ પીડા પામ્યા. એટલે તેઓશ્રીએ નાગરાજ ધરણેન્દ્રનું સ્મરણ કર્યું અને તેને અનશનને માટે પૂછ્યું ત્યારે ધરણેન્દ્રે જવાબ આપ્યો કે 'હે

ભગવન્! અદ્યાપિ આપનું આયુષ્ય બાકી છે, તો તે ક્ષીણ કેમ થઈ શકે ? કારણકે આપશ્રી જોવાની વિદ્યમાનતા ઘણા પ્રાણીઓને ઉપકારરૂપ છે;એમ કહીને ધરણેન્દ્રે તેઓશ્રીને અઢાર અક્ષરનો (ચિંતામણિ મંત્ર) આપ્યો, કે જેના સ્મરણરૂપી જલથી નવ પ્રકારના રોગોનો નાશ થાય. આ પ્રમાણેનો અઢાર અક્ષરનો મંત્ર માનતુંગસૂરિને અર્પણ કરી ધરણેન્દ્ર પોતના સ્થાનમાં પાતાલલોકમાં ચાલ્યો ગયો.

પછી પરોપકારપરાયણ તેઓ શ્રીમાન માનતુંગસૂરિએ તે મંત્રાક્ષરો ગર્ભિત નવીન ભયહર સ્તવની રચના કરીકે જે અદ્યાપિ પર્યંત વિદ્યમાન છે. તે મંત્રાક્ષરોના પ્રભાવથી આચાર્યમહારાજનો દેહ હેમંત ઋતુના કમળની શોભા સમાન થઈ ગયો, કારણ કે અદ્‌ભુત ગુણોના નિધાન એવા તેઓને શું દુર્લભ હોય ? જે ભવ્યપુરૂષ ! આ ભયહર (નમિઊણ) સ્તવનો સવારે અને સાંજે શુભ ભાવથી પાઠ કરે છે તેના વિવિધ ઉપસર્ગો દૂર થાય છે."

અત્યારના જમાનામાં કેટલાક સાધુવર્યો આ ભયહર સ્તોત્રનો પાઠ સવારમાં નહી કરવાનું કહે છે અને આ સ્તોત્રમાં પાર્શ્વનાથપ્રભુના ઉપસર્ગનું વર્ણન આવતું હોવાથી તેનો પાઠ કરનારને ઉપસર્ગ થાય છે એવી રીતે શ્રાવકોને સમજાવે છે, તેઓને આ 'માનતુંગસૂરિપ્રબંધ' નો ૧૬૫ મો શ્લોક વાંચીને લક્ષમાં લેવા મારી નમ્ર વિનંતિ છે.

પ્રસ્તુત સ્તોત્રની મંત્રમય સંસ્કૃત ટીકા સૌથી પ્રથમ મારા તરફથી પ્રસિદ્ધ થએલ 'મંત્રાધિરાજ ચિંતામણિ' નામના ગ્રંથના પાના ૧૪ થી ૨૯ સુધી છપાવવામાં આવેલ છે, તેના ઉપરથી ગુજરાતી ભાષાંતર કરીને પ્રસ્તુત ગ્રંથમાં તેને લગતી ચિત્રાકૃતિઓ કે જેની સંખ્યા ૨૧ છે તે પણ આપવામાં આવી છે. આ મંત્રમય ટીકા કયા મહાપુરૂષે રચેલી છે તેનો ઉલ્લેખ કાંઈ મલી આવતો નથી, પરંતુ તેની પ્રથમ ગાથાની ટીકામાં દર્શાવેલા બીજા અને ત્રીજા યંત્રમાં 'સપ્તતિ શત યંત્ર 'ની રચના મલી આવે છે, તેથી આ મંત્રમય ટીકાના રચયિતા મહાપુરુષ ' તિજયપહુત્ત સ્તોત્ર 'ની ઉત્પત્તિ પછી થયા હોય એમ સ્પષ્ટ જણાઈ આવે છે. વળી બીજા યંત્રની સાથે જ ટીકાકાર ઘંટાકર્ણના મંત્રાક્ષરોનો ઉલ્લેખ વિસ્ફોટકના નાશને માટે કરે છે, તે ઉપરથી એમ પણ સાબીત થઈ શકે છે કે તેઓશ્રી ટીકાકારના સમયમાં ' **ઘંટાકર્ણ મંત્ર** ' વધારે પ્રચલિત હશે, આ ટીકામાં મલી આવતા મંત્રાક્ષરો આ પ્રમાણે છેઃ—

"ૐ ઘણ્ટાકર્ણ ! મહાવીર ! સર્વવ્યાધિવિનાશક !

વિસ્ફોટકભયે પ્રાપ્તે રક્ષ રક્ષ મહાબલ સ્વાહા."—મંત્રાધિરાજ ચિંતામણી પાનું, ૧૫

પ્રસ્તુત મંત્રમય ટીકા ઉપરાંત ' ચિંતામણિ મંત્ર ' ગર્ભિત બીજા પણ નીચે મુજબના સ્તોત્રરત્નો ' મંત્રાધિરાજ ચિંતામણિ ' નામના પુસ્તકમાં પ્રગટ થએલાં છેઃ—

" ૧ શ્રી માનતુંગસૂરિ શિષ્ય શ્રી ધર્મઘોષસૂરિ વિરચિત ' ચિંતામણિ કલ્પ ' પાનું ૩૦થી ૩૪, ૨ ' ચિંતામણિ સંપ્રદાય,' ૩ ' ચિંતામણિ કલ્પસાર,' ૪ શ્રીતરૂણપ્રભસૂરિ વિરચિત ' શ્રીપાર્શ્વજિન સ્તોત્ર ' ૫ શ્રીકમલપ્રભાચાર્ય વિરચિત ' શ્રીપાર્શ્વપ્રભુ સ્તવન ' ૬ શ્રીરત્નકીર્તિસૂરિ વિરચિત 'શ્રીપાર્શ્વ જિન સ્તવન ' ૭ શ્રીજિનપતિસૂરિ વિરચિત ' શ્રીચિંતામણિ પાર્શ્વનાથ સ્તોત્ર ' ગુજરાતી ભાષાંતર સહિત પાનું ૪૪થી ૪૭."

પ્રસ્તુત સાતે સ્તોત્રો ' ચિંતામણિ મંત્ર ગર્ભિત ' છે અને તે ઉપરાંત બીજાં સ્તોત્રો પણ મન્ત્રામ્નાયોવાળાં છે જેમાંના કેટલાંકના નામો આ પ્રમાણે છેઃ—

"૧ શ્રીપાર્શ્વઃ પાતુ વો નિત્યં૦ થી શરૂ થતું 'મંત્રાધિરાજ સ્તોત્ર' પાના ૪૧ થી ૪૪ સુધી મૂળ તથા પાના ૩૩૨ થી ૩૩૮ સુધી તેનું ગુજરાતી ભાષાંતર અને તે સ્તોત્ર ઉપરથી શ્રીજયસિંહસૂરિજી મહરાજ સાહેબે તૈયાર કરેલો 'ચિંતામણિયંત્ર' તથા ૨. શ્રીમેરૂતુંગસૂરિ વિરચિત 'ૐ નમો દેવદેવાય૦' થી શરૂ થતું મંત્રગર્ભિતસ્તોત્ર, ૩ શ્રીપૂર્ણકલશગણિ વિરચિત મન્ત્રયન્ત્રાદિ તથા ઔષધ ભેષજાદિ ગર્ભિત સ્વોપજ્ઞ ટીકા તથા પ્રાચીન ગુજરાતી ભાષામાં તેઓએ જ કરેલા ભાષાંતર સહિત 'શ્રી સ્તંભનપાર્શ્વજિનસ્તવ' પાનાં ૫૦ થી ૬૯ સુધી, ૪ મહાશ્રાવક **શિવનાગ** કે જેઓએ કોટિધ્વજ હોવા ઉપરાંત નાગરાજ ધરણેન્દ્રને આરાધીને સર્વ સિદ્ધિ કરનાર તથા જાપ કે હોમાદિક વિના તુરત જ વિષનો નાશ કરનાર એવો મંત્ર ધરણેન્દ્રની પાસેથી મેળવ્યો હતો. કે જે મન્ત્રના પ્રભાવથી તેઓ ફૂંક અને પોતાના હાથના સ્પર્શમાત્રથી આઠે નાગકુળોના વિષનો નાશ કરતા હતા. અને તેથી જ ભવ્ય જનોના કલ્યાણને માટે તે મન્ત્રની રચના અને પ્રભાવયુક્ત 'ધરણોરગેન્દ્ર૦' શબ્દથી શરૂ થતુ મહાપ્રાભાવિક 'શ્રીપાર્શ્વનાથસ્તોત્ર' બનાવેલું હતું તે પણ તેઓની પોતાની જ ટીકા સહિત પાના ૭૦ થી ૮૭ સુધી અને તેને લગતી ઓગણીશ યંત્રાકૃતિઓ પણ આપેલી છે વળી મહામન્ત્ર ગર્ભિત 'શ્રી મદ્વેન્દ્ર૦' થી શરૂ થતું 'શ્રી કલિકુંડપાર્શ્વજિન સ્તવન' શ્રી અજિતસિંહાચાર્ય વિરચિત 'અષ્ટે મટ્ટ મન્ત્ર ગર્ભિત શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર' શ્રી સંઘવિજયગણિ વિરચિત મંત્રમય 'શ્રી પાર્શ્વસપ્તતીર્થી સ્તવન' વગેરે સ્તવનો પણ વાંચકોને એક વાર જોઈ જવા મારી નમ્ર વિનંતિ છે."

૬ અજિતશાંતિ સ્તવન—

આ સ્તવનનું નામ પણ તેની અંદર કરવામાં આવેલી શ્રીઅજિતનાથ તથા શાંતિનાથની સ્તુતિ ઉપરથી પડેલું છે. આ સ્તવનના કર્તા તરીકે શ્રીનંદિષેણ મુનિ છે તે બાબતમાં તો બધાયે પૂર્વાચાર્યો એક મત છે, પરંતુ તેઓની પરંપરા માટે બે મત છે.

શ્રી જૈન શ્વેતકર મંડળ મહેસાણા તથા શ્રી જૈનઆત્માનંદ સભા ભાવનગર તરફથી પ્રસિદ્ધ થએલ 'પંચપ્રતિક્રમણસૂત્ર' માં તેના રચયિતા સંબંધી નીચે મુજબ ઉલ્લેખ કરેલો છેઃ—

"પૂર્વે વર્દ્ધમાન જિન શિષ્ય શ્રી નંદિષેણજી શ્રી શત્રુંજયતીર્થે યાત્રા માટે ગએલા ત્યાં મૂળપ્રાસાદ માં પ્રથમ તીર્થંકર શ્રીઆદિનાથને નમસ્કાર કરીને પછી બે પ્રાસાદમાં રહેલા અજિતનાથ અને શાંતિનાથને નમસ્કાર કરી તે બંને પ્રાસાદની વચ્ચે કાયોત્સર્ગે રહ્યા. યથાશક્તિ કાયોત્સર્ગ પૂર્ણ કરીને શ્રીઅજિતનાથ અને શાંતિનાથ જિનની એક સાથે સ્તુતિ કરી. આ વિષે કોઈ આચાર્ય એમ કહે છે કે—આ શ્રીનંદિષેણગણિ શ્રીનેમિનાથ ભગવંતના શિષ્ય હતા, અને તેઓ જ્યારે શ્રીશત્રુંજય તીર્થે યાત્રાર્થે આવેલા ત્યારે ઉત્તર અને દક્ષિણ દિશામાં રહેલા શ્રી અજિતનાથ અને શ્રી શાંતિ-નાથના બે પ્રાસાદના અંતરાળે રહીને શ્રી અજિતનાથ અને શાંતિનાથની સ્તુતિ એક સાથે કરી.

શ્રી શત્રુંજય મહાકલ્પને વિષે કહ્યું છે કેઃ—

" नेमिवयणेण जत्तागएण जहिं नंदिसेणगणिवइणा ।
विहिओ अजिअसंतिथओ जयउ तयं पुंडरियं तित्थं ॥

આ પ્રમાણે શ્રીઅજિતશાંતિ સ્તવનના કર્તા શ્રી નંદિષેણને કોઈ શ્રીમહાવીર જિનના શિષ્ય અને કોઈ શ્રી નેમિજિનના શિષ્ય કહે છે."

આ સ્તવનના રચયિતા શ્રી નંદિષેણ ગણિ તે શ્રીમહાવીર જિનના શિષ્ય નહિ પણ શ્રીનેમિનાથના શિષ્ય હોવાના વધુ પુરાવા જે મને મળી આવ્યા છે તે નીચે પ્રમાણે છેઃ—

૧ શ્રાવક ભીમસી માણેક તરફથી પ્રસિદ્ધ થએલ 'પંચપ્રતિક્રમણ સૂત્ર' નાં પાના ૨૮૨ ઉપર અજિતશાંતિ સ્તવના ૩૭ મા શ્લોકના અર્થમાં આ પ્રમાણે ઉલ્લેખ કરેલો છેઃ—

" અહીયાં કેટલા એક વૃદ્ધ પુરુષો એમ કહે છે કે શ્રી શત્રુંજયની ગુફાયે શ્રી અજિત, શાંતિ ચોમાસુ રહ્યા હતા, પછી તે બંને તીર્થંકરના પૂર્વાભિમુખ દેરાં થયાં, તિહાં એકદા શ્રી નેમિનાથના ગણધર, શ્રી નંદિષેણસૂરિ તીર્થયાત્રાયે આવ્યા થકા શ્રીઅજિતશાંતિ સ્તવનની રચના કીધી."

૨ મારી ગ્રન્થાવલિના પહેલાં પુષ્પ તરીકે પ્રસિદ્ધ થએલ 'જૈનસ્તોત્ર સંદોહ ભાગ. ૧ લા' ના પાના ૧૧૨ ઉપર શ્રીધર્મઘોષસૂરિ વિરચિત મહામન્ત્ર ગર્ભિત અજિતશાંતિ સ્તવના ૩ જા અને ચોથા શ્લોકમાં આ પ્રમાણે ઉલ્લેખ કરેલો છેઃ—

"वासासु विहिअवासा सुविहिअसित्तुंजए अ सित्तुंजे ।
तहिं रिट्ठनेमिणो रिट्ठनेमिणो वयणओ जेउ ॥३॥
देविंदथुआ थुणिआ वरविज्जा **णंदिसेण**गणिवइणा ।
समयं वरमंतसधम्मकित्तिणा अजियसंतिजिणा ॥४॥"

૩ મુનિમહારાજ શ્રી વીરવિજયજી દ્વારા સંપાદિત શ્રીજિનપ્રભસૂરિ વિરચિતાવચૂરિ સહિત 'શ્રીઅજિતશાંતિ સ્તવન' નામના પુસ્તકના ૪૧ મા તથા ૪૨ મા પાના ઉપર શ્રી જિનપ્રભસૂરિ એ ૩૭ મા કાવ્યની ટીકામાં કરેલો ઉલ્લેખ આ પ્રમાણે છેઃ—

"नन्दिषेणश्चेह श्रेणिकपुत्रो नेमिगणधरो वा, श्रेणिकपुत्रोऽन्यो वा कश्चिन्महर्षि न सम्यगवगम्यते, केचित्त्वाहुः ? श्रीशत्रुञ्जयान्तर्गुहायामजितशान्तिनाथौ वर्षारात्रीभवस्थितौ, तयोश्चैत्यद्वयं पूर्वाभिमुखं जातमनुपसरः समीपेऽजितचैत्यं च मरुदेव्यन्तिके शान्तिचैत्यं, श्रीनेमिनाथगणधरेण नन्दिषेणाख्येन नेमिवचनात्तीर्थयात्रोपगतेन तत्राजितशान्तिस्तवरचना कृतेति ॥३७॥

ઉપરોક્ત ત્રણે ઉલ્લેખો પૈકી ત્રીજા ઉલ્લેખના કર્તા શ્રીજિનપ્રભસૂરિ જેવા ઐતિહાસિક પુરુષના સમયમાં પણ આ અજિતશાંતિના રચનાર શ્રીવર્દ્ધમાન જિનશિષ્ય અને પૂર્વાવસ્થામાં શ્રી શ્રેણિક મહારાજાના પુત્ર શ્રીનંદિષેણ મુનિ હોવા જોઇએ કે શ્રીનેમિનાથના ગણધર શ્રીનંદિષેણજી હોવા જોઈએ તે બાબતમાં મતભેદ ચાલતો હતો, અને તેથી જ આના રચયિતા કોના શિષ્ય હતા તે સંબંધી નિશ્ચય કરવો મુશ્કેલ જણાય છે અને तत्वं तु केवलिगम्यम् લખીને આ ચર્ચા સમાપ્ત કરું છું, વળી પ્રસ્તુત ગ્રંથમાં વાંચકોને ઉપયોગી ધારીને 'અજિતશાંતિ સ્તવન' ના છંદો નાં લક્ષણોની સમજુતી તે તે છંદની નીચેના ભાગની ફુટનોટોમાં આપેલી છે, જે શ્રી જૈન આત્માનંદ સભા ભાવનગરવાળા તરફથી પ્રસિદ્ધ થએલા પંચ પ્રતિક્રમણ સૂત્ર ઉપરથી લેવામાં આવેલ છે અને તે માટે તે સંસ્થાના કાર્યવાહકોનો અત્રે આભાર માનવાની તક લઉં છું.

૭ ભક્તામર સ્તોત્ર—

આ સ્તોત્રનું નામ પણ તેના પ્રારંભિક પદ ઉપરથી પડયું છે. વળી આ સ્તોત્ર ઉપરોક્ત ૭ સ્મરણોની માફક પ્રાકૃત ભાષામાં નહિ પણ સંસ્કૃત ભાષામાં ને વસંતતિલકા છંદમાં રચાએલું

છે. શ્રીઉમાસ્વાતિ વાચક વિરચિત શ્રીતત્ત્વાર્થાધિગમસૂત્રની માફક જૈનોના શ્વેતામ્બર અને દિગમ્બર એ બંને સંપ્રદાયોને માન્ય છે.પરંતુ બંનેની માન્યતામાં પદ્યની સંખ્યા વિષે મતભેદ છે. શ્વેતામ્બરોની માન્યતા મુજબ આ સ્તોત્રનાં પદ્યની સંખ્યા ૪૪ છે, જ્યારે દિગંમ્બરોની માન્યતા પ્રમાણે તે ૪૮ પદ્યનું છે, પ્રસ્તુત ગ્રંથમાં તેથી જ गम्भीरतार० થી શરૂ થતા ૩૨ થી ૩૫ સુધીના શ્લોકો સ્તોત્રના બીજા ૪૪ શ્લોકો પૈકીના ટાઇપોથી ઝીણા ટાઇપોમાં છપાવવામાં આવેલા છે.

સ્તોત્રનું પદ્ય પ્રમાણ—

૪૮ પદ્યોની માન્યતા શ્વેતાંબરોમાં પણ પહેલાંહતી અને જો તેમ ન હોત તો પ્રસ્તુત ગ્રંથમાં આપેલા શ્રીહરિભદ્રસૂરિ કૃત યંત્રોની સંખ્યા ૪૮ની નહિ પણ ૪૪ની જ હોવી જોઇતી હતી, એટલે આપણને એમ માનવાને કારણ મલે છે કે ભક્તામરના ૪૮ શ્લોકો ઉપર જુદાજુદા ૪૮ યંત્રો તથા તંત્રોના રચયિતા શ્રીહરિભદ્રસૂરિ ના સમયમાં તો ભક્તામરના શ્લોકોની સંખ્યા ૪૮ શ્વેતામ્બર સંપ્રદાયમાં પ્રચલિત હતી; કારણકે ચોથા સ્મરણ તિજયપહુત્તની સ્તોત્રાનુકૃતિના રચયિતા હરિભદ્રસૂરિ સંબંધી ચર્ચા કરતાં મેં જે ત્રણ હરિભદ્રસૂરિનો ઉલ્લેખ કરેલો છે તે ત્રણે શ્વેતામ્બરાચાર્યો જ હતા, વળી દિગંબરોમાં તે નામના કોઈ આચાર્ય થઈ ગયા હોવાનો ઉલ્લેખ સુદ્ધાં પણ નથી, હવે પ્રશ્ન એ થાય છે કે આ યંત્રો તથા તંત્રોના રચયિતા હરિભદ્રસૂરિ કયા હોવા જોઇએ! મારી માન્યતા પ્રમાણે તો ઉપર ઉલ્લેખાએલ ત્રણ પૈકી બીજા અથવા તો ત્રીજા હરિભદ્રસૂરિની જ રચેલી આ યંત્રાકૃતિઓ તથા તંત્રો વગેરે હોવા જોઇએ. વળી આ गम्भीरतार० થી શરૂ થતા ચાર શ્લોકો ઉપરાંત બીજા પણ ચાર શ્લોકો મલી આવે છે જે નીચે પ્રમાણે છેઃ—

"विघ्नविभोः सुमनसः किल वर्षयन्ति ।
दिग्बन्धनाः सुमनसः किमु ते वदन्ति ॥
त्वत्सङ्गताविहसतां जगती समस्ता-
स्त्यामोदिनी विहसता मुदयेन धाम्नः ॥१॥
द्वेधापि दुस्तरतमः श्रमविप्रणाशा-
त्साक्षात्सहस्रकरमण्डलसम्भ्रमेण ॥
वीक्ष्य प्रभोर्वपुषि कञ्चनकाञ्चनाभं ।
प्रोद्बोधनं[1] भवति कस्य न मानसाब्जम् ॥२॥
भाषाविशेषपरिणामविधौ पटिष्ठो ।
जीवादितत्त्वविशदीकरणे समर्थः ॥
दिव्यध्वनिर्ध्वनितदिग्वलयस्तवार्ह-
न्नाकर्षति प्रवरमोक्षपथे मनुष्यान् [2]॥३॥

---

१ 'प्रोद्बोधितं' એવો પણ પાઠ છે.
२ 'दिव्यो ध्वनिर्ध्वनितदिग्वलयस्तवार्हन् !,
व्याख्यातुरुत्सुकयतेऽत्र शिवाध्वनीयाम् ।
तत्त्वार्थदेशनविधौ ननु सर्वजन्तुं,
भाषाविशेषमधुरः सुरसार्थपेयः ॥३॥" આ પ્રમાણે પણ પાઠ છે.

विश्वैकजैत्रभटमोहमहामहेन्द्रं ।
सद्यो जिगाय भगवान् निगदन्निवेत्थम् ॥
सन्तर्जयन् युगपदेव भयानि पुंसां ।
मन्द्रध्वनिर्नदति दुन्दुभिरुच्चकैस्ते ॥४॥"

આ ચાર શ્લોકો સિવાય બીજી જાતના પણ ચાર શ્લોકો છે એવું સ્વર્ગસ્થ યતિ શ્રી બાલચંદ્રસૂરિ ખામગાંવવાળા મને ગઈ સાલના શિયાળામાં મુંબાઈ મુકામે વાલકેશ્વર પર આવેલા બાણુના દેરાસરની બાજુના ઉપાશ્રયે મલ્યા હતા ત્યારે કહેતા હતા અને તે ચાર શ્લોકો પોતે ખામગાંવ જઈને મને મોકલાવી આપવા પણ કહ્યું હતું; પરંતુ ત્યાં પહોચતાં જ તેઓનો ટુંક વખતમાં સ્વર્ગવાસ થવાથી તે શ્લોકો હું અહીં આપી શક્યો નથી.

વળી ભક્તામરના શ્લોકોની સંખ્યા ચુંમાલીશ હોવાના સમર્થનમાં વૃદ્ધ પરંપરા એવી છે કે આ અવસર્પિણીકાળમાં 'ભરત' ક્ષેત્રમાં થઈ ગયેલા ૨૪ જિનેશ્વરો અને અત્યારે 'મહાવિદેહ' ક્ષેત્રમાં વિહરતા ૨૦ જિનેશ્વરો મળી ૪૪ ની સંખ્યા થાય છે. આ સંખ્યાત્મક જ આ સ્તોત્ર છે, અને તે કારણને લીધે એનું એકેક પદ્ય એકેક જિનેશ્વરની સ્તુતિ રૂપ છે. આ વિષયની વિશેષ ચર્ચા જાણવાની ઇચ્છા વાળાએ શેઠ દેવચંદ લાલચંદ જૈન પુસ્તકોદ્ધાર ફંડના ગ્રન્થાંક ૭૯ ની પ્રસ્તાવના જોઈ જવા મારી ભલામણ છે. વળી જૈન શ્વેતામ્બર ભંડારોમાં આવેલી યંત્રોવાળી લગભગ સો ઉપરાંત હસ્તલિખિત પ્રતો મેં તપાસી જોઈ છે, તે બધી પ્રતોમાં પણ અડતાલીસ ગાથાઓ અને તેને લગતા અડતાલીસ જ યંત્રો મલી આવે છે, આ અડતાલીસ યંત્રો સિવાયના બીજા ચુંમાલીશ યંત્રો વાળી પ્રત કોઈપણ શ્વેતામ્બર ભંડારમાં મારા જોવામાં અથવા સાંભળવામાં પણ આવી નથી અને ઋદ્ધિના પદો પણ અડતાલીસ જ છે, તેથી યંત્રો પણ અડતાલીસ અને કાવ્ય પણ અડતાલીસ જ હોવા જોઈએ.પછી ચાર કાવ્યો ગમ્મીતાર૦થી શરૂ થતા હોઇ કે વિઘ્નવ્વિમો૦થી શરૂ થતા હોઇ, યા ત્રીજા હોઇ તે બાબતનો વાંધો નથી, એટલે મારી માન્યતા પ્રમાણે તો ભક્તામરના પ્રાચીન ટીકાકાર શ્રી ગુણાકરસૂરિના સમય પછી એટલે કે વિ. સં. ૧૪૨૬ પછીથી શ્વેતામ્બર સંપ્રદાયમાં ભક્તામરના ૪૪ શ્લોકો હોવાની માન્યતા શરૂ થઈ હોવી જોઇએ અને તે માન્યતા શાથી શરૂ થઈ હશે તે નક્કી કરી શકવું બહુ મુશ્કેલ છે, કારણકે તેઓએ ટીકા ૪૪ શ્લોક ઉપર રચી છે. અને ત્યાર પછીના ભક્તામર પાદપૂર્તિ કાવ્યો પણ મોટે ભાગે ચુંમાલીશ જ શ્લોકો પર રચાયાં છે. ગમે તેમ હો બંને માન્યતાઓ પ્રાચીન છે અને યંત્રો પણ બંને પ્રકારના અડતાલીસ કાવ્યો ઉપર મલવાથી મેં પણ પ્રસ્તુત ગ્રંથમાં અડતાલીસ જ કાવ્યો આપવા ઉચિત ધારીને અડતાલીસ કાવ્યો છપાવેલાં છે.

ભક્તામરસ્તોત્રની કથાઓ–

ભક્તામર સ્તોત્રના પ્રભાવને લગતી કથાઓમાં સૌથી પ્રાચીન કથાઓ ગુણાકરસૂરિની ટીકામાં મલી આવે છે અને તે જ કથાઓનું અક્ષરે અક્ષર અનુકરણ 'કરીને ભક્તામર કથા સંગ્રહ' નામની

કૃતિ રચાઇ છે, ફક્ત કથાઓમાં ઠેકાણે ઠેકાણે ગામનું નામ અથવા તો શેઠનું અગર મુનિનું નામ ફેરવી નાંખવામાં આવ્યું છે, બાકી વાસ્તવિક રીતે બંને કથાઓ સાથે રાખીને વાંચવાથી તુરત જ જણાઈ આવેછે કે કેટલાંક નામોની ફેરબદલી કરવા સિવાય બ્રહ્મચારી રાયમલ્લે નવીન કૃતિ રચી જ નથી. વળી રાયમલ્લ વિરચિત 'ભક્તામર કથા સંગ્રહ' વિ. સં. ૧૯૧૪ માં હિન્દી જૈનસાહિત્ય પ્રસારક કાર્યાલય, મુંબાઈ તરફથી પ્રસિદ્ધ થયેલ 'ભક્તામર કથા' નામના ગ્રન્થમાં હિંદીભાષામાં તથા શ્રીયુત ચુનીલાલ વર્ધમાન શાહ તરફથી ગુજરાતી ભાષામાં સ્વ. પૂ. લાધાજી સ્વામી ગ્રંથમાળાના મણકા ૫ મા તરીકે વિ. સં. ૧૯૭૮ માં 'શ્રીભક્તામર-મંત્ર-માહાત્મ્ય' નામના પુસ્તકની બીજી આવૃતિમાં છપાએલ 'શ્રીભક્તામર કથા સંગ્રહ' માં જે કથાઓ છપાવેલી છે તેની સાથે મેળવતાં જ્યાં જ્યાં તે બંને પ્રકાશકોએ નામોનો ફેરફાર કર્યો છે, ત્યાં ત્યાં મેં પ્રસ્તુત ગ્રંથની ફુટનોટોમાં તે તે બાબતોનો નિર્દેશ કરેલો છે. અજાયબીની વાત તો એ છે કે બંને પ્રકાશકોએ શ્રીયુત્ રાયમલ્લ બ્રહ્મચારીની કથાઓ છપાવી છે તો પણ પોતપોતાના સંપ્રદાયને પુષ્ટિ આપતાં નામની ફેર બદલી કરી નાંખી છે. ગુણાકરસૂરિની ટીકાની કથાઓમાં આપેલાં નામો ઘણું ખરાં ઐતિહાસિક દૃષ્ટિએ પુરવાર થઈ શકે તેવાં છે, ત્યારે 'ભક્તામર કથા સંગ્રહ' ના બંને પ્રકાશનોમાં આપવામાં આવેલાં નામો કોઈપણ રીતે ઐતિહાસિક દૃષ્ટિએ સત્ય પુરવાર થઇ શકે તેમ નથી, અરે! પોતપોતાના સંપ્રદાયના મમત્વમાં તો ગુજરાતની રાજધાની અણહિલપુરમાં કુમારપાલ નામનો રાજા થઈ ગયો હતો અને જે વાત દીવા જેવી સત્ય છે તેને બદલે પણ એક ઠેકાણે ૧૦ મા તથા ૧૧ મા શ્લોકનો પ્રભાવ દર્શાવનારી કથામાં શ્રીયુત્ ચુનીલાલ વર્ધમાન શાહ દ્વારા પ્રકાશિત પુસ્તકની બીજી આવૃતિના પાના ૨૮ ઉપર આ પ્રમાણે ઉલ્લેખ કરેલો છે;—

" અણહિલપુર નામનું એક ભવ્ય અને સુંદર શહેર હતું. તે શહેરનો ન્યાયી, નીતિમાન અને પ્રજાપાળક દયાળુ 'અરિમર્દન' નામે રાજા હતો. તે નગરમાં 'કમદી' નામનો એક વણિક રહેતો હતો."

હિન્દી જૈન સાહિત્ય પ્રસારક કાર્યાલય તરફથી પ્રકાશિત 'ભક્તામર કથા' નામના ગ્રન્થના પાના ૨૫ ઉપર આ બાબતનો આ પ્રમાણે ઉલ્લેખ કરેલો છેઃ—

"અણહિલ નામકા એક શહેર હૈ, ઉસકા રાજા હૈ પ્રજાપાલ, વહાં એક કમદી નામકા વૈશ્ય રહતા હૈ."

વાસ્તવિક રીતે ગુણાકરસૂરિની ટીકાના આધારે પ્રસ્તુત ગ્રથના પાના ૩૩૨ ઉપર આ પ્રમાણે ઉલ્લેખ છેઃ—

" શ્રીઅણહિલપુર પાટણ નામના ભવ્ય અને સુંદર શહેરમાં ન્યાયી, નીતિપરાયણ અને ચૌલુક્ય વંશમાં ઉત્પન્ન થએલો કુમારપાલ નામનો રાજા રાજ્ય કરતો હતો" વગેરે.

આ એક જ ઉલ્લેખ ઉપરથી વાંચકોને માલુમ પડશે કે ટીકાકાર શ્રી ગુણાકરસૂરિની કથાઓ ઐતિહાસિક દૃષ્ટિએ કેટલી બધી સત્ય છે, જ્યારે ઉપરોક્ત બંને પ્રકાશનોમાં છપાએલ કથાઓ ઐતિહાસિક દૃષ્ટિએ કેટલી અસત્ય છે, આ લખીને ઉપરોક્ત બંને પ્રકાશકોને ઉતારી પાડવાનો ઉદ્દેશ મારો જરાએ નથી, પરંતુ વિદ્વાનો પણ સંપ્રદાયના મમત્વના અંગે કેટલી ગંભીર ભૂલો કરી બેસે છે તે જ બતાવવાનો મારો ઉદ્દેશ છે. આ કથાઓમાં આવા તો પુષ્કળ ફેરફારો કરેલા છે, પરંતુ તે બધાને માટે ચર્ચા કરવાનું આ સ્થાન નથી.

પ્રસ્તુત ગ્રંથમાં આપેલી કથાઓ માટે મેં જે જે પુસ્તકો નો ઉપયોગ કર્યો છે. તેની સંજ્ઞા આ પ્રમાણે છેઃ—

ક 'શ્રીભક્તામર સ્તોત્ર સાર્થ' પ્રકાશક અમૃતલાલ સુખલાલ વહોરા, અમદાવાદ

ખ 'શ્રીભક્તામર–મંત્ર–માહાત્મ્ય' પ્રકાશક ચુનીલાલ વર્ધમાન શાહ. અમદાવાદ

ગ 'ભક્તામર કથા' પ્રકાશક હિન્દી–જૈનસાહિત્ય પ્રસારક કાર્યાલય, મુંબાઈ.

ભક્તામર સ્તોત્રના મંત્રો તથા યંત્રો—

ભક્તામર સ્તોત્ર નું બીજું નામ મંત્રશાસ્ત્ર પણ છે. મંત્રશાસ્ત્રના વિદ્વાનોનો મત છે કે ભક્તામરના દરેક શ્લોકોમાં ભારે ખુબીની સાથે મંત્રનો પણ સમાવેશ કરવામાં આવ્યો છે, પરંતુ તે સમાવેશ કેવી રીતે કરવામાં આવ્યો છે, તેનું જ્ઞાન નહિ હોવાથી તે બતાવી શકવા હું અસમર્થ છું. પરંતુ એટલું તો નિર્વિવાદ કહી શકું છું કે ગુજરાતના દરેક દરેક શ્વેતાંબર જૈન ભંડારોમાં તેના યંત્રોની હસ્તલિખિત પ્રતિઓ મલી આવે છે જેની સંખ્યા સો ઉપરની છે, વળી અજાયબીની વાત તો એ છે કે તે બધી પ્રતિઓમાં ૪૮ કાવ્યો અને તેના ઉપર એકેક યંત્ર આપેલો છે. આ બધી હસ્તપ્રતો એક જ જાતના યંત્રોની છે અને તે યંત્રો બીજા નહિ પણ ઉપરોક્ત 'ભક્તામર કથા' નામના હિંદી પુસ્તકમાં તથા 'શ્રીભક્તામર–મંત્ર–માહાત્મ્ય' નામના ગુજરાતી પુસ્તકમાં છપાએલા છે તે જ છે. પરંતુ તે યંત્રો શિલા છાપમાં છપાએલા છે અને મલી આવતી હસ્તપ્રતો સાથે મેળવતાં તેમાંના યંત્રોમાં મોટા ભાગે ભૂલો રહી ગએલી છે એવું માલુમ પડવાથી તે અડતાલીસે યંત્રોની આકૃતિઓ મંત્રશાસ્ત્રના જાણકાર વિદ્યમાન આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજી પાસે ફરીથી નવી તૈયાર કરાવીને પ્રસ્તુત ગ્રંથમાં છપાવવામાં આવી છે. આ યંત્રો માટે નીચે મુજબની પ્રતોનો મુખ્યત્વે ઉપયોગ કરવામાં આવેલો છે અને તે માટે તે તે પ્રતોના માલિકોનો અત્રે હું આભાર માનું છું

૧ મૂળ પાઠ આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજીના સંગ્રહની બે એ યંત્રોવાલી હસ્તપ્રત.

૨ ક સંજ્ઞાવાળી આચાર્ય મહારાજ શ્રીવિજયપ્રભસૂરિજીના સંગ્રહની બે બે યંત્રોવાલી હસ્તપ્રત

૩ ખ સંજ્ઞાવાળી આચાર્ય મહારાજ શ્રીવિજયપ્રભસૂરિજીના સંગ્રહની એકેક યંત્રવાલી હસ્તપ્રત.

૩ ગ સંજ્ઞાવાળી વડોદરા વાલા વૈદ્ય જમનાદાસ ચુનીલાલના સંગ્રહની એકેક યંત્રવાલી હસ્તપ્રત.

૪ ઘ સંજ્ઞાવાળી ચુનીલાલ વર્ધમાન શાહે છપાવેલી 'શ્રીભક્તામર–મંત્ર–માહાત્મ્ય'વાળી પુસ્તિકા

ઉપરોક્ત યંત્રો સિવાય શ્રીહરિભદ્રસૂરિ કૃત ૪૮ યંત્રોવાળી આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજીના સંગ્રહની અને આચાર્ય મહારાજ શ્રીવિજયપ્રભસૂરિજીના સંગ્રહની મલીને બે હસ્તપ્રતો ઉપરથી બીજા ૪૮ યંત્રો પ્રથમ જ વાર પ્રસ્તુત ગ્રંથમાં છપાવવામાં આવેલાં છે. આ યંત્રોની ચિત્રાકૃતિઓ પણ આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજી એ તૈયાર કરી આપેલી છે, અને તે માટે તેઓશ્રીનો અત્રે ફરીથી આભાર માનવાની તક લઉં છું. આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજીની હસ્તપ્રતમાં હરિભદ્રસૂરિકૃત ૪૩ મા યંત્રની આકૃતિ ન હતી અને આચાર્ય મહારાજ શ્રીવિજયપ્રભસૂરિજીના સંગ્રહની હસ્તપ્રતમાં તો ૪૩ મા યંત્ર ઉપરાંત ૪૬ મા ૪૭ મા અને ૪૮ મા યંત્રની પણ ચિત્રાકૃતિઓ નહિ હોવાથી શ્રીહરિભદ્રસૂરિકૃત ૪૩ મા યંત્રની આકૃતિ મુંબાઈના રહીશ મુરબ્બી શ્રી મોહનલાલ ભગવાનદાસ સોલિસીટર ના સંગ્રહની હસ્તપ્રત ઉપરથી

અત્રે આપવામાં આવી છે અને તે માટે તેઓશ્રીનો પણ અત્રે આભાર માનું છું.

યંત્રો ઉપરાંત શ્રીગુણાકરસૂરિની ટીકામાં આપેલા મન્ત્રામ્નાયો તથા તેની વિધિ પણ પ્રસ્તુત ગ્રંથમાં આપવામાં આવેલી છે અને તે મન્ત્રામ્નાયો માટે શેઠ. દેવચંદ લાલચંદભાઈ જૈન પુસ્તકોદ્ધાર ગ્રન્થાંક ૭૯ માં છપાવેલી 'ભક્તામર-કલ્યાણમંદિર-નમિઊણસ્તોત્રત્રય' નામના પુસ્તકમાં ગુણાકરસૂરિની ટીકાનો તથા મારા પોતાના સંગ્રહની એક હસ્તપ્રતનો ઉપયોગ કરવામાં આવેલો છે અને તેની વિધિ માટે આચાર્ય મહારાજ શ્રીવિજયપ્રભસૂરિજીના સંગ્રહની નવ પાનાની 'ભક્તામરવિધિ' નામની હસ્તપ્રતનો ઉપયોગ કરવામાં આવેલો છે અને તે માટે તેઓ સઘળાનો હું અત્યંત ઋણી છું. આ મંત્રામ્નાયો અને યંત્રો ઉપરાંત ભક્તામર સંબંધી બીજું કાંઈ મંત્ર સાહિત્ય મારા જોવામાં આવ્યું નથી, છતાં પણ પ્રસ્તુત પુસ્તકના કોઈ પણ વાંચક મહાશયને જાણવામાં એવું બીજું સાહિત્ય આવે તો તે તરફ મારૂં ધ્યાન ખેંચવાની મહેરબાની કરશે તો ભવિષ્યમાં તે છપાવવાનો પણ હું પ્રબંધ કરીશ.

ભક્તામર સ્તોત્રની ઉત્પત્તિ—

આ સ્તોત્રના રચનાર શ્રી માનતુંગસૂરિજી છે. તે બાબતમાં શ્વેતાંબર અને દિગંબર સંપ્રદાયનાં બધાંયે વિદ્વાનો એકમત હતા અને છે. પરંતુ તેઓ કયારે થઇ ગયા તે બાબતમાં મતભેદ હોવાને લીધે તેઓશ્રીના સત્તા સમયને માટે મલી આવતો સૌથી પ્રાચીન પુરાવો પ્રભાવકચરિત્રના બારમા પ્રબંધમાં છે તેનો, તથા 'વીરવંશાવલિ'માં આપેલી હકીકતોનો ઉલ્લેખ કરવાનું હું યોગ્ય માનું છું અને વિશેષ જાણવાની ઇચ્છાવાળાને શેઠ દેવચંદ લાલભાઈ પુસ્તકોદ્ધાર ફંડના ગ્રન્થાંક ૭૯ની પ્રસ્તાવના વાંચી જવા ભલામણ કરૂં છું:—

"માનતુંગસૂરિ ગૃહસ્થ અવસ્થામાં બનારસના રહેવાસી ધનદેવ શેઠના પુત્ર હતા, તેઓએ પ્રથમ ચારૂકીર્ત્તિ નામના દિગંબર મુનિ પાસે દીક્ષા લીધી હતી, અને તે વખતે તેઓનું નામ મહાકીર્તિ રાખવામાં આવ્યું હતું, પરંતુ પાછળથી તેઓએ પોતાની બહેનના કહેવાથી જિનસિંહસૂરિ નામના શ્વેતાંબરાચાર્ય મુનિ પાસે દીક્ષા ધારણ કરી હતી. આ વખતે બનારસમાં હર્ષદેવ નામનો બ્રહ્મક્ષત્રિય જાતિનો રાજા રાજ્ય કરતો હતો, ત્યારે એજ રાજા હર્ષના માનીતા મયૂર અને બાણ નામના બે બ્રાહ્મણ પંડિતો ત્યાં રહેતા હતા. આ બંને પંડિતોએ પોતાની વિદ્યા અને કલાથી રાજા હર્ષદેવનું મન પોતાના તરફ આકર્ષિત કર્યું હતું.

એક વખત રાજાએ કહ્યું કે:-'આજકાલ બ્રાહ્મણોમાં જેટલી શક્તિ છે તેટલી શક્તિ બીજા દર્શનના વિદ્વાનોમાં જોવામાં આવતી નથી.'

આ સાંભળીને મંત્રીએ કહ્યું કે:-'હે સ્વામિન્! આપ જે કહો છો તે સત્ય જ હશે, પરંતુ આજકાલ આપના જ નગરમાં માનતુંગસૂર નામના એક જૈન આચાર્ય છે તેઓ પણ સારા વિદ્વાન અને સમાગમ કરવા યોગ્ય છે, જો આપશ્રીની ઇચ્છા હોય તો તેઓને બોલાવીયે.'

રાજાએ આજ્ઞા આપી એટલે મંત્રી પ્રાર્થના કરીને માનતુંગસૂરિને રાજસભામાં લઈ ગયો. રાજાએ આચાર્યને ઉદ્દેશીને કહ્યું કે-આજના વખતમાં બ્રાહ્મણો જેવી શક્તિ ધરાવે છે તેવી બીજા

કોઇનામાં છે ? મયૂર પંડિતે સૂર્યને પ્રસન્ન કરીને પોતાનો કોઢ રોગ મટાડ્યો અને બાણ કવિએ ચંડીને પ્રસન્ન કરીને પોતાના હાથપગ નવા પ્રાપ્ત કર્યા. શું આવી શક્તિ બીજા કોઇનામાં છે? જો તમો પણ કાંઇ જાણતા હો તો બતાવો.

રાજાનાં આવાં વચનો સાંભળીને આચાર્ય બોલ્યા કે–"હે રાજન્! અમો ગૃહસ્થ નથી કે વિદ્યા અને ગુણનું પ્રદર્શન કરીને રાજાઓની પાસેથી ધન પ્રાપ્ત કરીયે, અમો જે કાંઇ કરીયે તે કેવળ ધર્મને માટે જ. આચાર્યનાં આવાં નિરીહ વચનો સાંભળીને રાજાએ સેવકોને આજ્ઞા આપી કે– 'આમને સાંકળોથી બાંધીને અંધારી કોટડીમાં પૂરીદ્યો' સેવકોએ રાજાની આજ્ઞાનું પાલન કરીને માનતુંગસૂરિને અંધારી કોટડીમાં કેદ કર્યા, પરંતુ માનતુંગસૂરિએ ત્યાં જ પોતાના ઇષ્ટદેવ આદિનાથની 'ભક્તામર' આ શબ્દથી શરૂ થતા સ્તોત્રથી સ્તવના કરી અને પોતે બંધનમુક્ત થઇ સ્વયં છૂટીને રાજાની પાસે આવીને રાજાને મળ્યા. આચાર્યની આવી અદ્‌ભુત શક્તિ નજરે જોઇને રાજા ઘણો પ્રસન્ન થયો, અને તે જ સમયથી તે જૈનધર્મ અને જૈનસાધુઓનો ભક્ત થયો."

પ્રસ્તુત પ્રભાવક ચરિત્રના ઉલ્લેખથી 'વીરવંશાવલિ'માં આ સ્તોત્રની ઉત્પત્તિ સંબંધી ઉલ્લેખ જુદી જાતનો મલી આવે છે, જે આ પ્રમાણે છેઃ—

"માલવ દેશના ઉજ્જન નામના નગરમાં વૃદ્ધ ભોજદેવ નામનો રાજા રાજ્ય કરતો હતો, તેની સભામાં મયૂર અને બાણ નામના બે બ્રાહ્મણ પંડિતો હતા, એક વખતે તે બંને જણા વાદવિવાદ કરતા રાજસભામાં અહંકાર કરવા લાગ્યા. એક કહે કે હું વિદ્વાન છું અને બીજો કહે કે હું વધારે વિદ્વાન છું, આ પ્રમાણે બંને જણને એક બીજા પ્રત્યે અદેખાઈ કરતા દેખીને રાજા ભોજે કહ્યું કે– 'હે વિદ્વાનો! તમે બંને જણા કાશ્મીર દેશમાં જાઓ, ત્યાં રહેલી શારદાદેવી જેઓને વિદ્યાવંત કહે તે મોટો પંડિત, આ પ્રમાણેનાં રાજાનાં વચન સાંભળી બંને જણા કાશ્મીર તરફ ગયા, અનુક્રમે ઘણો માર્ગ ઓળંગી શારદાના મંદિરે પહોંચ્યા ભોજન કરીને બંને જણા સાંજના વખતે સુતા હતા, તે વખતે સરસ્વતીએ પરીક્ષા કરવાને માટે અર્ધજાગતા એવા મયૂરને સમશ્યા પૂછી કે–

"शतचंद्रं नभस्तलम्"

તે સાંભળી મયૂરે કહ્યું કે–

'दामोदरकराघातविह्वलीकृतचेतसा ।
दृष्टं चाणूरमल्लेन शतचंद्रं नभस्तलम् ॥१॥'

કૃષ્ણના કરાઘાતથી આકુળવ્યાકુળ થએલ ચાણૂરમલ્લે આકાશતલમાં સેંકડો ચંદ્રો જોયા. આ પ્રમાણે મયૂરે સમશ્યા પૂર્ણ કરી.

તે સાંભળી પુનઃ બાણને પરીક્ષા માટે સરસ્વતીએ સમશ્યાનું પદ પૂછ્યું કે–

"शतचंद्रं नभस्तलम्"

તે સાંભળી અર્ધજાગતા એવા બાણે કહ્યું કે–

'यस्यामुत्तंगसौधाग्रे विलोलवदनांबुजे ।
विरराज विभावर्यां शतचंद्रं नभस्तलं ॥१॥"

આ પ્રમાણે બાણે પણ સમસ્યા પૂર્ણ કરી. તે બંનેની વાણી સાંભળી સરસ્વતીએ કહ્યું કે તમે બંને વિદ્વાન છો. આ પ્રમાણે વિદ્વાનનું બિરુદ મેળવી કેટલાક દિવસે બંને ઘેર આવ્યા. બંનેને પંડિત જાણવા છતાં પણ મયૂરને વૃદ્ધ જાણી ભોજે ઘણો આદર સત્કાર કર્યો. એટલે દ્વેષે ભરાએલો એવો બાણ પોતાના બંને હાથ અને પગો કપાવી નાંખીને ચંડીના મંદિરમાં પેઠો, ચંડીકાની ૬૧ કાવ્યથી સ્તુતિ કરી એટલે ચંડી પ્રત્યક્ષ થઈ અને બોલી કે–'હું તારા ઉપર તુષ્ટમાન થઇ છું તું વરદાન માંગ.' આ સાંભળીને બાણે કહ્યું કે લોકોને આશ્ચર્ય પમાડવા માટે મારા હાથ અને પગ હતા તેવાં કરી દો. દેવીએ તે પ્રમાણે કરી દીધા એટલે દેવીએ જેને નવા હાથપગ આપ્યા છે તેવો તે બાણ પંડિત નગરની મધ્યમાં થઈ રાજદ્વારમાં આવ્યો. બાણને મહા પ્રતિભાશાળી જાણી રાજાએ તેનો આદર સત્કાર કર્યો અને આવો ચમત્કાર દેખી વૃદ્ધ ભોજરાજા સભા સમક્ષ સઘળા પંડિતોને ઉદ્દેશીને કહેવા લાગ્યો કે–'શૈવ દર્શન વિના આવો ચમત્કાર બીજા કોઇ દર્શનમાં નથી.'

રાજાનું આ પ્રમાણેનું બોલવું સાંભળીને રાજાનો એક કામદાર જૈન હતો, તેણે કહ્યું કે–'હે રાજન્! આ જ નગરમાં મહા મંત્રવાદી અને વિદ્યાપાત્ર એવા માનતુંગસૂરિ નામના જૈનાચાર્ય નિવાસ કરે છે.'

તે સાંભળીને વૃદ્ધ ભોજરાજાએ શ્રી માનતુંગસૂરિને રાજદરબારમાં તેડાવ્યા. અને વંદન–નમસ્કાર કરી કહેવા લાગ્યો કે–'હે દર્શનીય મહાપુરુષ! તમે તમારો ચમત્કાર બતાવી જિનશાસનનો મહિમા વધારો.'

ત્યારે શ્રીમાનતુંગસૂરિએ વૃદ્ધ ભોજરાજાને કહ્યું કે–'પગથી કે કંઠ લગી અડતાલીસ તાળા સહિત બેડીઓથી મારા શરીરને મજબુત બાંધો, રાજાએ દરબારમાં બેઠેલા સઘળા મનુષ્યોના દેખતા તેમજ કર્યું અને તેઓને ત્યાંથી ઉપડાવી ઓરડામાં ઘાલી બારણે તાળા દઇ રક્ષકો મૂક્યા અને રક્ષકોને કહ્યું કે સાવધાન રહેજો.'

ગુરુ મહારાજે ઓરડામાં બેઠા બેઠા શ્રીઋષભદેવની સ્તુતિરૂપ 'ભક્તામર સ્તોત્ર'ની નવીન રચના કરી અને તે સ્તોત્રના પ્રભાવથી શ્રીઋષભદેવની કીંકરી ચક્રેશ્વરીદેવી આવીને હાજર થઈ. એકેક કાવ્યે એકેક તાળું ઉઘડે એમ કહેતાં થકાં 'आपादकंठमुरुशृंखलवेष्टितांगा०' એ બેંતાલીસમું કાવ્ય કહેતાં થકાં સર્વ સાંકળો ભાંગી ગઈ અને ઓરડાનાં બારણાં ઉઘડી ગયાં અને આચાર્ય મહારાજ રક્ષકની પાસે આવી ઊભા રહ્યા. સેવકે આ પ્રમાણે આચાર્ય મહારાજને જોઈ, રાજાને ખબર આપી. ગુરુને કચેરીમાં આવેલા દેખી રાજાએ ગુરુને નમસ્કાર કર્યો, અને આશ્ચર્ય પામી કહેવા લાગ્યો કે–'ધન્ય એ ધર્મ! ધન્ય એ જૈનદર્શન! કે જ્યાં આવા મહાપ્રાભાવિક આમ્નાયના જાણકાર શ્રીમાનતુંગસૂરિ જેવા રત્નત્રયીના આરાધક છે.'

ગુરુમહારાજને મહાનિસ્પૃહી અને નિર્લોભી જાણી, વૃદ્ધ ભોજદેવે ગુરુને કહ્યું કે, આપે શેનું સ્મરણ કીધું? ત્યારે ગુરુએ કહ્યું કે ભક્તામર સ્તોત્ર રૂપી શ્રીઋષભદેવ ભગવાનની સ્તુતિનું સ્મરણ કીધું.

વૃદ્ધ ભોજરાજાએ પછી ગુરુ મહારાજને કહ્યું કે–જે સ્તોત્રમાં બંધનો તુટ્યા એવા મંત્રામ્નાયો છે તે કહો–તે વખતે આચાર્ય મહારાજે સ્વર પદ અક્ષર મંત્ર યુક્ત દરબાર સમક્ષ પ્રગટપણે શ્રી

ભક્તામર સ્તોત્ર કહ્યું. તે સાંભળીને વૃદ્ધ ભોજરાજાએ આચાર્ય મહારાજને મહામહોત્સવ સહિત શાલાએ મોકલાવ્યા. તે દિવસથી શ્રીભક્તામર સ્તોત્રનો મહિમા પૃથ્વીને વિષે વિસ્તર્યો અને શ્રી જિનશાસની કીર્તિ વધી. આ પ્રમાણે ભક્તામર સ્તોત્રની ઉત્પત્તિ જાણવી.

–વીરવંશાવલિ પાનું ૧૮, ૧૯.

વીરવંશાવલિ ઉર્ફે તપાગચ્છ વૃદ્ધ પટ્ટાવલિ મૂળ પ્રાચીન ગુજરાતી ભાષામાં જ છપાએલી હોવાથી ઉપરોક્ત ઉલ્લેખ ચાલુ ગુજરાતી ભાષામાં કરેલો છે.

પ્રબંધમાં માનતુંગસૂરિના સમયનો નિર્દેશ કર્યો નથી, પણ માનતુંગસૂરિના પ્રશંસક રાજા શ્રીહર્ષનો રાજત્વ સમય વિ. સં. ૬૬૩થી વિ. સં. ૬૭૪ સુધીનો ગણાય છે. તેથી માનતુંગસૂરિનો સમય પણ વિક્રમની સાતમી સદીનો હોવો જોઇએ.

વીરવંશાવલિમાં તથા બીજી પટ્ટાવલિયો વગેરેમાં પણ ભક્તામર સ્તોત્રના કર્ત્તા માનતુંગસૂરિને ઉજ્જયિનીના રાજા વૃદ્ધ ભોજના સમકાલીન જણાવ્યા છે, અને કર્નલટોડના લખવા પ્રમાણે વૃદ્ધ ભોજનો સમય પણ વિક્રમનો સાતમો સૈકો (વિ. સં. ૬૩૧) છે. એટલે તેઓશ્રી સાતમી સદીમાંજ વિદ્યમાન હોવાનો વધારે સંભવ છે, અને હું પોતે પણ તેઓશ્રીનો સમય સાતમી સદીનો હોય એમ માનું છું.

૮ કલ્યાણમંદિર સ્તોત્ર—

આ સ્તોત્રનું નામાભિધાન પણ તેના આદ્યપદ ઉપરથી જ પડેલું છે. પ્રસ્તુત સ્તોત્રમાં પુરિ-સાદાણી શ્રીપાર્શ્વનાથની સ્તુતિ છે, અને તે સ્તુતિ કલ્યાણના મંદિરરૂપ જ છે, તે બાબતમાં કોઇ જાતની શંકા નથી. વળી આ સ્તોત્રના પદ્યોની સંખ્યા પણ ભક્તામર સ્તોત્રના પદ્યોની સંખ્યા બરાબર ૪૪ જ છે તેમાં શરૂઆતના ૪૩ શ્લોકો વસંતતિલકા છંદમાં અને છેવટનો એક શ્લોક આર્યાવૃત્તમાં રચાએલો છે. શ્રીભક્તામર સ્તોત્ર તથા પ્રસ્તુત કલ્યાણમંદિર સ્તોત્ર–યુગલનું તુલનાત્મક પર્યાલોચન જૈ. લા. પુ. ફંડના ગ્રન્થાંક ૭૧ ની પ્રસ્તાવનાના પાના. ૧૯થી ૩૧ સુધી વિસ્તારથી કરેલું હોઇ તે ચર્ચા અહીં ઉપસ્થિત કરવી અસ્થાને છે.

ઉત્પત્તિ—

પ્રસ્તુત સ્તોત્રના રચયિતા શ્રીસિદ્ધસેનદિવાકરસૂરિ છે, અને તેની ઉત્પત્તિ સંબંધમાં પ્રભાવક ચરિત્રમાં 'વૃદ્ધિવાદિ પ્રબંધ' નામના આઠમા પ્રબંધમાં આ પ્રમાણે ઉલ્લેખ છે:—

ઉજ્જયિની નગરીમાં દારિદ્રયરૂપી અંધકારનો નાશ કરવામાં સૂર્ય સમાન એવો વિક્રમાદિત્ય નામે રાજા રાજ્ય કરતો હતો. ત્યાં કાત્યાયન ગોત્રમાં ઉત્પન્ન થએલ દેવર્ષિ બ્રાહ્મણની સ્ત્રી દેવશ્રી બ્રાહ્મણીની કુક્ષિમાંથી ઉત્પન્ન થએલ સિદ્ધસેન નામે એક વિદ્વાન વિપ્ર રહેતો હતો. તે સર્વશાસ્ત્રોમાં પારંગત એવો એકવાર માર્ગમા જૈનાચાર્ય વૃદ્ધવાદીસૂરિને મલ્યો. એટલે તેણે પ્રશ્ન કર્યો કે–'હે મુનિનાથ! આજકાલ વૃદ્ધવાદી અહીં વિદ્યમાન છે?

ત્યારે આચાર્ય મહારાજે જવાબ આપ્યો કે–'હું પોતેજ તે વૃદ્ધવાદી છું, એમ સમજી લે.'

સિદ્ધસેને કહ્યું કે–'મારે તેમની સાથે વિદ્વદ્ ગોષ્ટી કરવાની ઇચ્છા છે, માટે અહીં જ આપણે તે કરવા બેસીએ, કે જેથી લાંબા વખતનો મારો સંકલ્પ સિદ્ધ થાય.'

આ સાંભળીને વૃદ્ધવાદીસૂરિ બોલ્યા કે–'જો એમ હોય, તો પોતાના હૃદયને સંતોષ પમાડવા માટે આપણે વિદ્વાનોની સભામાં કેમ ન જઇએ ? કારણ કે સુવર્ણની પ્રાપ્તિ થતી હોય, તો પિત્તળને કોણ ગ્રહણ કરે ? એમ કહ્યા છતાં પણ જ્યારે તેણે 'મારે તો અહીં જ વાદ કરવો છે, એવો પોતાનો કદાગ્રહ ન મૂક્યો, ત્યારે આચાર્ય મહારાજે એ વાત કબુલ કરી અને ત્યાં હાજર રહેલા એવા ગોવાળોને તે વખતે સભાસદો તરીકે નીમ્યા. પછી સિદ્ધસેને પોતાનો પક્ષ સ્થાપન કરતાં કહ્યું કે–'સર્વજ્ઞ કોઇ છે જ નહિ. કારણ કે આકાશપુષ્પના દૃષ્ટાંતની માફક પ્રત્યક્ષ, અનુમાનાદિક પ્રમાણોથી ઉપલબ્ધ નથી.' એમ કહીને તે મૌન રહ્યો.

તે વખતે ગોવાળોને સંતોષ પમાડતાં વૃદ્ધવાદી કહેવા લાગ્યા કે–'આ સિદ્ધસેનનું કથન તમે કાંઈ સમજી શક્યા કે નહિ ?'

તેઓ બોલ્યા કે–'ફારસીભાષા જેવું અવ્યક્ત વચન શી રીતે સમજી શકાય ?'

આ સાંભળીને વૃદ્ધવાદી બોલ્યા કે–'હે ગોવાળો ! એનું વચન હું બરાબર સમજી શક્યો છું. એ કહે છે કે–'જિન–વીતરાગ નથી.' માટે તમે સત્ય કહી બતાવો કે તમારા ગામમાં વીતરાગ સર્વજ્ઞછે કે નહિ ?'

તે બધા બોલી ઉઠ્યા કે–'જૈન ચૈત્યમાં જિન સર્વજ્ઞ વિદ્યમાન છે, માટે એનું વચન મિથ્યા છે આ પ્રમાણે વિનાના વિપ્ર વચનને અમે માન્ય કરતા નથી.'

પછી આચાર્ય મહારાજ પુનઃ કહેવા લાગ્યા કે–'હે વિપ્ર ! હું સત્ય વચન કહું છું તે સાંભળ– પ્રજ્ઞાતિશય ક્યાંક તરતમતામાં વિરામ પામે છે, પરમાણુઓમાં જેમ ન્યુનાધિકતા છે, તેમ અતિશયમાં પણ તે સ્ફુટ છે. અને લઘુ કે ગુરૂતર, પરમાણુ અને આકાશમાં પણ ઉપલબ્ધ છે. પ્રજ્ઞાનો અવધિ તે કેવળજ્ઞાન સિદ્ધ જ છે. એ જ્ઞાન તો ગુણ છે, માટે વિચાર કર, તેના આધાર રૂપ કોઈ દ્રવ્ય પણ હોવું જ જોઇએ. તે આધાર રૂપ દ્રવ્ય તે જ સર્વજ્ઞ છે. એમ સર્વજ્ઞની સિદ્ધિ થઈ જ જાય છે.'

આ પ્રમાણે વચન વિસ્તારથી વૃદ્ધવાદીસૂરિએ પોતાને પંડિત માનનાર એવા સિદ્ધસેન બ્રાહ્મણને જીતી લીધો કારણ કે આવા સમર્થ વિદ્વાન આગળ તે શું માત્ર છે ?

સિદ્ધસેન પણ હર્ષાશ્રુથી લોચનને આર્દ્ર બનાવતો કહેવા લાગ્યો કે–'હે ભગવાન ! પ્રથમ તો તમે પોતે જ ખરેખરા સર્વજ્ઞ છો કે મને જીતી લીધો, તો હવે મેં પૂર્વે કરેલ પ્રતિજ્ઞા પ્રમાણે તમે મને શિષ્ય થવાની અનુમતિ આપો અર્થાત્ મને આપશ્રીનો શિષ્ય બનાવો, કારણ કે મેં પૂર્વે એવી પ્રતિજ્ઞા કરી છે કે–'જેને હું ઉત્તર આપવા સમર્થ ન થાઉં, તેનો શિષ્ય બનું.' એટલે ગુરુ મહારાજે પોતે તત્પર થએલ એવા સિદ્ધસેન બ્રાહ્મણને જૈન વિધિ પ્રમાણે દીક્ષા આપી અને તેનું કુમુદચંદ્ર એવું નામ પાડ્યું. પછી બાણની માફક પોતાની તીક્ષ્ણ અને પ્રકૃષ્ટ પ્રતિભાના બળે કુમુદચંદ્ર મુનિ તે કાળના સર્વ સિદ્ધાંતના સત્વર પારગામી થઇ ગયા. ગુરુએ પણ પ્રમોદપૂર્વક તેઓને આચાર્યપદે સ્થાપન કર્યા. પૂર્વે તેમનું નામ તો પ્રસિદ્ધ હતું જ અને આ વખતે વધારે વિખ્યાત થયું. પછી ગુરુમહારાજે શ્રીસિદ્ધસેનસૂરિને ગચ્છ ભળાવીને પોતે અન્યત્ર વિહાર કર્યો, કારણ કે ગુરુ દૂર રહીને જ શિષ્યનો પ્રભાવ જુએ છે.

એક વખત શ્રીસિદ્ધસેનસૂરિએ પોતાની કવિત્વ શક્તિથી વિક્રમાદિત્ય રાજાને ખુશી કર્યો હતો અને તે વખતે રાજાએ તેમને એક ક્રોડ સોનૈયા આપવા માંડ્યા પણ તેઓએ તે દ્રવ્ય સાધારણ ખાતાના ફંડમાં અપાવ્યું અને તેથી ગરીબ શ્રાવકોનો અને જિનમંદિરોનો ઉદ્ધાર કરાવ્યો.

એકવાર તેઓશ્રી ચિતોડગઢ ગયા હતા, ત્યાં તેમની નજરે એક વિચિત્ર સ્તંભ પડ્યો, જે ન પત્થરનો હતો, ન માટીનો અને ન લાકડાનો, તેથી આચાર્ય મહારાજે તેની બારીક તપાસ કરી તો તે લેપમય લાગ્યો, આથી તેમણે વિરૂદ્ધ દ્રવ્યોથી ઘસીને તેને એક છિદ્ર પાડયું તો તે પુસ્તકોથી ભરેલો જણાયો. આચાર્ય મહારાજે તેમાંથી એક પુસ્તક કાઢીને તેનું એક પત્ર લઈને વાંચ્યું, એટલામાં તો તે પુસ્તક તેમના હાથમાંથી અદૃષ્ટ દેવતાએ ઝુંટવી લીધું, પણ તેમાંથી તેઓશ્રીને સુવર્ણસિદ્ધિયોગ અને સરસવોથી સુભટ નિપજાવવાની વિધિ–આ બે પ્રયોગો યાદ રહી ગયા. એકવખતે વિહાર કરતા કરતા તેઓશ્રી છેક પૂર્વ દેશમાં ગયા, ત્યાં તેઓ કર્માર ગામમાં ગયા, જ્યાં દેવપાલ રાજાની તેઓને મુલાકાત થઈ. ધર્મકથાથી આચાર્ય મહારાજે દેવપાલને જૈનધર્મ તરફ ખેંચ્યો અને પોતાનો મિત્ર બનાવ્યો. આચાર્ય મહારાજ દેવપાલના આગ્રહથી ત્યાં જ રહ્યા હતા તેવામાં કામરૂદેશનો રાજા વિજયવર્મા મોટી સેનાની સાથે દેવપાલના નગર ઉપર ચઢી આવ્યો શત્રુની ચઢાઈ અને તેના અધિક બલની વાત દેવપાલે સિદ્ધસેનસૂરિને કહીને જણાવ્યું કે આ પ્રબલ શત્રુ સામે ટકી રહેવા જેવું મારી પાસે દ્રવ્ય અને સેનાનું બલ નથી, આ ઉપરથી સિદ્ધિસેને સુવર્ણસિદ્ધિથી દ્રવ્ય અને સર્ષપના પ્રયોગથી ઘણા સુભટો ઉપજાવીને તેને સહાયતા કરી અને દેવપાલે આ અણધારી મદદથી વિજયવર્મા ઉપર જીત મેળવી. પોતાને મુંઝવણરૂપ અંધકારમાં પ્રકાશ આપ્યો તેથી દેવપાલે સિદ્ધસેનને 'દિવાકર' એ વિશેષણથી બોલાવ્યા. દેવપાલે એ પછી સિદ્ધિસેનને અતિશય માન આપ્યું, તે એટલે સુધી કે તેમને આગ્રહ કરી કરીને પાલખી અને હાથી ઉપર બેસાડવા માંડયા, દાક્ષિણ્યતાને વશ થએલા આચાર્ય મહારાજ પણ રાજાના આ આગ્રહને પાછો ઠેલી ન શક્યા અને શિથિલાચારમાં પડી ગયા.

વૃદ્ધવાદીસૂરિએ સિદ્ધસેનની આ પ્રમાદિ અવસ્થાના સમાચાર લોકોના મુખથી સાંભળ્યા અને તેઓ વિહાર કરીને કર્મારપુર આવ્યા અને પાલખીમાં બેસીને ફરતા સિદ્ધસેનને યુક્તિથી સમજાવીને શિથિલાચાર છોડાવ્યો અને તે પછી તેઓને ગચ્છનો ભાર સોંપીને વૃદ્ધવાદિસૂરિએ પરલોકવાસ કર્યો.

સિદ્ધસેનદિવાકર સૂરિએ એક વખત મૂલ જૈન આગમો જે પ્રાકૃત ભાષામાં બનેલાં છે, તે સંસ્કૃત ભાષામાં ફેરવી નાખવાનો વિચાર કર્યો, પરન્તુ એમના એ સંકલ્પથી શ્રમણસંઘે એમને ઠપકો આપીને બાર વર્ષ પર્યન્ત ગચ્છ અને સાધુ વેષ છોડી દઈને ચાલ્યા જવાની સજા ફરમાવી અને કહ્યું કેઃ—'જો તમારાથી જૈનધર્મની કોઈ મોટી ઉન્નતિ થએલી સંઘ જોશે તો બાર વર્ષ ની અન્દર પણ તમોને આ ગુન્હાની માફી આપીને સંઘમાં લઈ લેવામાં આવશે' સિદ્ધસેને આ પારાંચિત નામનું પ્રાયશ્ચિત સ્વીકાર્યું અને ગચ્છ છોડીને ગુપ્ત વેષમાં નીકળી ગયા. સાત વર્ષ સુધી આમતેમ ભ્રમણ કરીને અવધૂત વેષધારી સિદ્ધસેન ઉજ્જયિનીમાં ગયા અને કવિતાથી વિક્રમરાજાનું મનરંજન કરીને તેની સભાના પંડિત થઇને રહ્યા.

એક વખતે સિદ્ધસેન દિવાકર વિક્રમાદિત્ય રાજાની સાથે કુંડગેશ્વર નામના શિવમંદિરમાં ગયા. પરન્તુ ત્યાં શિવને નમસ્કાર કર્યો નહિ, રાજાએ તેનું કારણ પૂછતાં તેઓએ કહ્યું કે–'મ્હારો પ્રણામ સહન કરે તે દેવ બીજા જાણવા, આ દેવથી મ્હારો પ્રણામ સહન થઇ શકે નહિ' રાજાને આ સાંભળીને વધારે આશ્ચર્ય થયું અને આગ્રહ પૂર્વક કહ્યું, તે ઉપરથી સિદ્ધસેન દિવાકરે 'કલ્યાણ મંદિર'૰ ઇત્યાદિ પદોથી શરૂ થતા અભિનવ સ્તોત્રની રચના કરીને સ્તુતિ કરવા માંડી અને આ સ્તોત્રનું તેરમું કાવ્ય બોલતા ધરણેન્દ્ર નામનો નાગરાજ ત્યાં આવ્યો અને તેના પ્રભાવથી શિવલિંગ ફાટીને નીચેથી શ્રીપાર્શ્વનાથ તીર્થંકરની પ્રતિમા પ્રગટ થઈ, તે જોઇને સિદ્ધસેને વિશેષ ભક્તિથી સ્તુતિ કરીને રાજાને કહ્યું કે:–'અમારો પ્રણામ સહન કરે તે દેવ આ છે' આ આશ્ચર્યથી રાજા સિદ્ધસેન દિવાકરનો પરમભક્ત બન્યો અને જૈનધર્મનો સહાયક થયો. શ્રમણસંઘે પણ શેષ પાંચ વર્ષનું પ્રાયશ્ચિત માફ કરીને સિદ્ધસેનને સંઘમાં લઇ લીધા."

સિદ્ધસેનસૂરિના સમય માટે ઘણો જ મતભેદ છે, પરન્તુ તે માટે શ્રીઆત્માનંદ જૈન સભા ભાવનગર તરફથી વિ. સંવત ૧૯૮૭ માં પ્રસિદ્ધ થએલા 'શ્રીપ્રભાવક ચરિત્ર' માં ઇતિહાસ પ્રેમી મુનિમહારાજ શ્રીકલ્યાણવિજયજીએ લખેલા 'પ્રબન્ધપર્યાલોચન' માં ઘણી ચર્ચા કરીને નિશ્ચિત કરેલો ચોથાથી પાંચમા સૈકાની વચલો સમય જ મને વધારે વાસ્તવિક લાગે છે.

કલ્યાણમંદિરના મન્ત્રો તથા યંત્રો—

કલ્યાણમંદિર સ્તોત્રના મન્ત્રામ્નાયો જે પ્રસ્તુત પુસ્તકમાં છપાવવામાં આવેલા છે તે આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજીના સંગ્રહની હસ્તલિખિત પ્રત ઉપરથી લેવામાં આવેલા છે અને તે માટે તેઓશ્રીનો હું આભાર માનું છું. આ મન્ત્રામ્નાયોના રચનાર વિક્રમની અગિયારમી સદી પછીના કોઈ વિદ્વાન હોય તેમ લાગે છે; કારણ કે આ મન્ત્રામ્નાયમાં આપવામાં આવેલા મોટા ભાગના મંત્રો મહાનમંત્રવાદી શ્રીમલ્લિષેણસૂરિ વિરચિત 'શ્રીભૈરવપદ્માવતીકલ્પ' નામના મારા તરફથી પ્રસિદ્ધ થએલા પુસ્તકમાં આપવામાં આવેલા છે, જ્યારે મલ્લિષેણસૂરિનો સમય વિક્રમની અગિયારમી શતાબ્દિનો છે.

વળી કલ્યાણમંદિર સ્તોત્રના ૪૩ તેંતાલીશ યંત્રો જે પ્રસ્તુત પુસ્તકમાં પ્રથમ જ વાર મારા તરફથી પ્રસિદ્ધ કરવામાં આવ્યા છે તે મુંબાઇની શ્રીપન્નાલાલજી ઐલક દિગંબર જૈન સરસ્વતી ભવનના સંગ્રહની હસ્તપ્રત ઉપરથી લેવામાં આવ્યા છે અને તેનો ઉપયોગ કરવા દેવા માટે તે સંસ્થાના કાર્યવાહકો તથા તે ભવનના સેક્રેટરી શ્રીયુત્ રામપ્રસાદજી જૈનનો પણ અત્રે આભાર માનું છું, પ્રસ્તુત યંત્રોને માટે બીજી હસ્તપ્રતો મેળવવા માટે મારા તરફથી ગુજરાત, મારવાડ અને મેવાડના ઘણાખરા ભંડારોમાં તપાસ કરવામાં આવી હતી, પરન્તુ તેની બીજી પ્રતો નહિ મલવાથી એક જ હસ્તપ્રત ઉપરથી આ યંત્રાકૃતિઓ આચાર્ય મહારાજ શ્રીજયસિંહસૂરિજી પાસે જ તૈયાર કરાવી આપવામાં આવી છે, એટલે કદાચ અન્ય કોઈ વિદ્વાન મહાનુભાવોના જોવામાં આ યંત્રોની બીજી હસ્તપ્રતો આવે તો મને લખી જણાવવાથી તેમાં રહી ગયેલી ભૂલો જે માલુમ પડશે તો સુધારવા પ્રયત્ન કરીશ.

૯ બૃહત્‌શાંતિ સ્તોત્ર—

આ સ્તોત્રમાં મુખ્યત્વે કરીને શાંતિનાથ ભગવાનની સ્તુતિ હોવાથી અને તેનો ઉપયોગ ખાસ કરીને પાક્ષિક, ચૌમાસિક તથા સાંવત્સરિક પ્રતિક્રમણના અંતભાગમાં તથા સ્નાત્ર પ્રતિષ્ઠાદિક મહોત્સવોના માંગલિક મહોત્સવોની શાંતિ અર્થે થતો હોવાથી તેનું નામ 'શાંતિ સ્તોત્ર' વાસ્તવિક જ છે, અને શ્રીમાનદેવસૂરિ કૃત બીજું શાંતિ સ્તોત્ર વિદ્યમાન હોવાથી અને તેનું નામ 'લઘુશાંતિ' સ્તોત્ર હોવાથી જ આ સ્તોત્રનું નામ 'બૃહત્ શાંતિ સ્તોત્ર' રાખવામાં આવ્યું છે.

આ બૃહત્ શાંતિ સ્તોત્રના રચના કરનાર મહાપુરૂષના સંબંધમાં પણ મતભેદ છે.

૧—અહં તિત્થયરમાયા એ ગાથાની ટીકા લખતાં ટીકાકાર શ્રીહર્ષકીર્તિસૂરિ લખે છે કે—શ્રી-નેમિનાથ ભગવાનની માતા શિવાદેવી કહે છે કે—હું તીર્થંકરની માતા શિવાદેવી નામની તમારા નગરને વિષે રહું છું. તે ઉપરથી શિવાદેવી માતાએ દેવીપણાની અવસ્થામાં આ શાંતિ રચી છે, એમ નિર્ણય થાય છે.

—શ્રીજૈન શ્રેયસ્કર મંડળ, મ્હેસાણાના પંચપ્રતિક્રમણની ચોથી આવૃત્તિ પાનું ૪૩૫

૨—વાદિવેતાલ શ્રીશાંતિસૂરિ વિરચિત 'અર્હદ્‌લિષેક વિધિ' નામના ગ્રન્થના 'શાંતિપર્વ' નામના સાતમા પર્વરૂપે આ બૃહત્શાંતિ મલી આવે છે. તેની હસ્તલિખિત પ્રતિ પંડિત સુખલાલજી દ્વારા સંપાદિત અને આત્માનંદ જૈન પુસ્તકપ્રચારક મંડલ, આગ્રા દ્વારા પ્રકાશિત હિંદી પંચપ્રતિ-ક્રમણની પ્રથમ આવૃત્તિના પાના ૨૮૭ માં જણાવ્યા પ્રમાણે પાટણના એક ભંડારમાં છે, જેના ઉપર સંવત ૧૩૫૮ માં ઉપકેશગચ્છીય પં૦ મહીચન્દ્રે લખ્યાનો ઉલ્લેખ છે.

ઉપરોક્ત પુસ્તકમાં પંડિતજીએ તે હસ્તલિખિત પ્રતિમાં અને પ્રચલિત 'બૃહત્શાંતિ'માં જે જે પાઠ ફેર છે તે પણ જણાવ્યા છે.

વાદિવેતાલ શાંતિસૂરિની વિદ્યમાનતા વિક્રમની અગિયારમી સદીમાં હતી, તેથી આ બૃહ-ચ્છાંતિ' નો રચનાકાળ પણ અગિયારમી સદીમાં કહી શકાય.

૩—ઉપરોક્ત બન્ને ઉલ્લેખો સિવાય એક ત્રીજો ઉલ્લેખ મન્ત્રવાદી શ્રીમલ્લિષેણસૂરિએ રચેલા 'વિદ્યાનુશાસન' નામના મંત્રશાસ્ત્રના ગ્રન્થના ૨૪ અધિકારો પૈકીના વીશમા 'શાંતિવિધાન' નામના અધિકારમાં પણ ૬૧થી ૬૯ શ્લોક સુધીના 'શાંત્યષ્ટક' નામના સ્તોત્ર પછી 'ૐ પુણ્યાહં પુણ્યાહં૦' થી શરૂ થતો પાઠ છે, તે પાઠનો અહીં સમગ્ર ઉલ્લેખ નહિ કરતાં ઉપરોક્ત પાટણવાળી વાદિવેતાલ શાંતિસૂરિ વિરચિત 'અર્હદ્‌જન્માભિષેક વિધિ' ની હસ્તપ્રત સાથે આ 'શાંતિવિધાન'નો પાઠ મેળવીને તે સંબંધી એક વિસ્તૃત લેખ તૈયાર કરીને 'જૈન સત્યપ્રકાશ' માસિક દ્વારા પ્રકાશિત કરવાનો વિચાર રાખું છું, અને તેથી જ અહીંયા માત્ર ઉલ્લેખ જ કરવાનું મેં ઉચિત ધાર્યું છે.

શ્રીમલ્લિષેણસૂરિનો સમય પણ વિક્રમની અગિયારમી સદીનો જ છે તેથી હાલમાં તો એટલું નિશ્ચિત થાય છે કે આ 'બૃહચ્છાંતિ સ્તોત્ર' અગિયારમી સદી પછીનું તો નથી જ.

મારી માન્યતા પ્રમાણે શ્રીહર્ષકીર્તિસૂરિએ જે ગાથાનો આધાર લઈને આ કૃતિ નેમિનાથ ભગવાનની માતા શિવાદેવીએ દેવીપણાની અવસ્થામાં રચ્યાનો જે નિર્ણય કર્યો છે, તે વાસ્તવિક

નથી. કારણ કે ઉપરોક્ત 'શાંતિપર્વ' માં અથવા તો 'શાંતિવિધાન'માં પાછળની ગાથાઓનો ઉલ્લેખ સુદ્ધાં પણ નથી અને તેથી 'નૃત્યંતિ નિત્યં'૦ થી શરૂ થતી પાછળની પાંચે ગાથાઓ પાછળથી પ્રક્ષિપ્ત કરેલી છે એવું સાબિત થાય છે, એટલે શ્રીહર્ષકીર્તિસૂરિનો નિર્ણય પાયા વગરની ઇમારત જેવો મને તો લાગે છે.

શ્વેતામ્બર મૂર્તિપૂજકોમાં શ્રીખરતરગચ્છને માનવાવાળાઓ આ નવસ્મરણો પૈકી શ્રીઅજિત શાંતિ સ્તવન શ્રીનંદિષેણકૃત, શ્રીમાનતુંગસૂરિકૃત નમિઊણ સ્તોત્ર તથા શ્રીભદ્રબાહુસ્વામીકૃત શ્રીઉવસગ્ગ-હર સ્તોત્ર એ ત્રણ, તથા શ્રીજિનવલ્લભસૂરિકૃત લઘુઅજિતશાંતિસ્તોત્ર અને શ્રીજિનદત્તસૂરિ વિરચિત ગુરૂપારતંત્ર્ય સ્તોત્ર ગાથા ૨૧, સર્વાધિષ્ઠાયિકસ્મરણ સ્તોત્ર ગાથા. ૨૬; તથા વિઘ્નવિનાશિસ્તોત્ર ગાથા. ૧૪ એ ચાર, કુલમલી 'સપ્તસ્મરણ' ની માન્યતા ધરાવે છે.

મન્ત્ર—

મન્ત્ર એટલે અમુક પ્રકારના અક્ષરોની સંકલના. જેમ આકર્ષણશીલ વિદ્યુતના સમાગમથી તણખો ઉત્પન્ન થાય છે, તેમ જુદા જુદા સ્વભાવવાળા અક્ષરોની યથાયોગ્ય રીતે સંકલના-ગૂંથણી કરવાથી કોઇ અપૂર્વ શક્તિનો પ્રાદુર્ભાવ થાય છે. એતો જાણીતી વાત છે કે મહાપુરૂષોએ ઉચ્ચારેલા સામાન્ય શબ્દોમાં પણ અદ્‌ભુત સામર્થ્ય રહેલું છે; તો પછી ઉદ્દેશપૂર્વક વિશિષ્ટ વર્ણોની સંકલનાથી યોજેલા પદોના સામર્થ્યની તો વાત જ શી? આવા પદોના-મન્ત્રપદોના રચયિતા જેટલે અંશે સંયમ અને સત્યતાના પાલક હોય તેટલે અંશે તેમાં વિશિષ્ટતા સંભવે છે; તેથી જ મંત્રની ભાષામાં પરિવર્તન કરવામાં આવે તો તે મંત્રની ગરજ સારી શકે નહિ. મન્ત્ર ઘણા જ પ્રકારના હોય છે; કેટલાક યોગ સાધનાને માટે અને કેટલાક રોગોની શાંતિ માટે ઉપયોગી હોય છે; કેટલાક લક્ષ્મીની પ્રાપ્તિ માટે હોય છે અને કેટલાક દુશ્મનોનો નાશ કરવા માટે હોય છે.

કેટલાકોનું એવું માનવું છે કે પ્રાચીન સમયમાં જે મંત્રો હતા તેનો નાશ થઇ ગએલો છે અને જો તેમ ન માનવામાં આવે તો આજકાલ તે મંત્રોના અધિષ્ઠાયક દેવો તેમના આરાધકોને પ્રત્યક્ષ કેમ નથી થતા? કારણ કે આ પુણ્યભૂમિ ભારતમાં હજારો નહિ પણ લાખો મનુષ્યો વિદ્યમાન છે કે જેઓ વધારે નહિ તો એકમાળા તો નમસ્કાર મહામંત્રની તથા બીજા જૈનમંત્રોની ગણે છે જ. આ માળા ગણનારાઓ મોટા ભાગે બે પ્રકારના હોય છે-એક તો ધનવાન અને બીજા નિર્ધન-એમાં ધનવાનો પાસે દ્રવ્યાદિ સાધન હોવા છતાં પણ આધિ અને વ્યાધિથી રહિત તેઓ હોતા નથી, એટલે કે મહાપ્રભાવશાળી એવા મંત્રની માળા ગણવા છતાં પણ તેઓને આધિ અને વ્યાધિ સતાવી રહેલી હોય છે; બીજી શ્રેણીના માણસો પૈકીના હજારો પુરુષો એવા પણ જણાઈ આવે છે કે જેઓને શરીર ઢાંકવા વસ્ત્ર પણ પૂરેપૂરાં હોતાં નથી તથા પેટનો ખાડો પૂરવા માટે પૂરું અન્ન પણ મળતું નથી. આ પ્રમાણે દેખીને એકલું આશ્ચર્ય નહિ પણ મોટી અજાયબી ઉત્પન્ન થાય છે કે કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળા સર્વ અભીષ્ટ તથા યાવત્ મોક્ષ સુખને પણ આપનાર મહાપ્રાભાવિક મન્ત્રોના આરાધકોની આવી શોચનીય દશા કેમ? શું શાસ્ત્રોમાં જે પ્રમાણે વર્ણન કરેલું છે તે પ્રમાણે તે મંત્રોનો મહિમા નથી? શું પૂર્વાચાર્યોએ તેનો કલ્પવૃક્ષથી પણ અધિક મહિમા ગાયો છે તે ખોટો જ ગાયો છે? કે મંત્રોનું આરાધન કરવાવાળા વિશુદ્ધ

ભાવથી તેનું આરાધન નથી કરતા? અથવા આરાધકોની શ્રદ્ધામાં ખામી છે? ના, ના, આ તો કેવલ કલ્પના માત્ર છે, કારણ કે પહેલાનાં જ્ઞાની પુરુષો એવા ન હતા કે જેઓ મંત્રના નામે દુનિયાને છેતરે. અને પૂર્વાચાર્યોએ કલ્પવૃક્ષથી અધિક મહિમા જે મંત્રોનો ગાયો છે તે પણ વાસ્તવિક છે, તેમાં જરા માત્ર સંદેહને સ્થાન નથી; કારણ કે પરોપકાર પરાયણ, ત્રિકાલદર્શી, મહાનુભાવ પૂર્વાચાર્યોના વિશુદ્ધ ભાવથી નીકળેલા હૃદયંગમ શબ્દો સર્વથા ભ્રમવગરના, પ્રમાણભૂત અને પૂર્વાપર વિરોધ વગરના હોવાથી અત્યંત માનનીય છે. આરાધન કરવાવાળાઓમાંથી કોઈક વિરલ જ એવા હશે કે જેઓ શ્રદ્ધા વગર અથવા તો દુનિયાને દેખાડવા માટે જ એનું આરાધન કરતા હશે, બાકી મોટા ભાગને માટે તો છાતી ઠોકીને એમ કહી શકાય કે તેઓ પૂર્ણ ભક્તિ, અવિકલ પ્રેમ, દૃઢશ્રદ્ધા અને પૂર્ણ ઉત્સાહ સાથે તેનું ગુણન, મનન અને ધ્યાન કરે છે.

અહીંયાં ફરી પણ એનો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો આ મંત્રો અતિશય પ્રભાવશાલી અને પૂર્વાપર વિરોધ વગરના છે અને તેના મહિમા સંબંધી મહાનુભાવ પૂર્વાચાર્યોના વાક્યોમાં લેશ માત્ર શંકાને સ્થાન નથી તથા તેનું આરાધન કરવાવાળાઓ પણ વિશુદ્ધભાવ અને દૃઢશ્રદ્ધાથી એકાગ્રચિત્તે તેનું ધ્યાન ધરે છે તો પછી એવું તે શું કારણ છે કે તે મહાપ્રભાવશાલી મંત્રો લૌકિક સુખ અગર તે સંબંધી ઇચ્છિત પદાર્થો પણ મેળવી આપતા નથી તો સિદ્ધિ સુખ તો ક્યાંથી જ મેળવી આપે? પાઠક ગણ! આ પ્રશ્નોના ઉત્તરમાં કેવલ એ જ ઉત્તર છે કે, ઉક્ત મહામંત્રોનાં જે ગુણન અને ધ્યાન કરવામાં આવે છે તે તે વિષયના જોઈતા જ્ઞાનનો અભાવ હોવાથી યથાર્થ વિધિપૂર્વક કરવામાં નથી આવતાં, અને તેથી જ કાંઈ પણ ફલ પ્રાપ્ત થતું દેખાતું નથી. મંત્રોની આરાધનાના સંબંધમાં ખાસ કરીને ધ્યાનમાં એ રાખવાની જરૂરીઆત છે કે મંત્રોની આરાધના બહુ જ શુદ્ધિપૂર્વક કરવી જોઇએ. અક્ષર વગેરેના ઉચ્ચારમાં હ્રસ્વ, દીર્ઘ વગેરેનો પૂર્ણ વિચાર કરવો જોઇએ. કારણ કે શ્રીમાન્ સમંતભદ્રે કહ્યું છે કે—

'न हि मन्त्रोऽक्षरन्यूनो निहन्ति विषवेदनाम्।'

અર્થાત્–અક્ષરથી ન્યૂન મંત્ર વિષની પીડાનો નાશ કરી શકતો નથી. અહીંયા આચાર્યનો કહેવાનો આશય એ છે કે અશુદ્ધ મંત્રથી કોઇપણ જાતનું કાર્ય સિદ્ધ થતું નથી. શુદ્ધિ ઉપરાંત સાધનાને લગતી કેટલીક બાબતો ખાસ વિચારણીય છે, જે નીચે મુજબ છે.

પાત્રતા—

સાધકમાં માનસિક અને શારીરિક બળની પૂર્ણતા હોવી જોઇએ. મનમાં બરાબર વિકાર, અશુદ્ધ ભાવના અને અપવિત્રતા હોવી જોઇએ નહીં. કુંભક, રેચક અને પૂરક યોગનો અભ્યાસ કરી મનને એક જ સ્થળે રોકી રાખતાં શીખવું જોઇએ અને શરીર પણ અત્યંત સહનશીલ બનાવવાની આવશ્યકતા છે. કારણ કે મંત્રાદિ સિદ્ધ કરનારાઓ ઉપર પ્રતિસમય અનેક ઉપદ્રવ અનેક કષ્ટ અને અનેક આપદાઓ ઝઝુમ્યા કરે છે. એ સર્વ ઉપર વિજય પ્રાપ્ત ન કરી શકે તો સાધકના હાલ ખૂરા થાય છે. 'ધોબીનો કુતરો નહીં ઘરનો કે નહીં ઘાટનો' એવી દશા પ્રાપ્ત કરે છે.

મંત્રની સાધના કરતાં અમુક માણસ ગાંડો થઈ ગયો, અમુક માણસ મૃત્યુ પામ્યો વગેરે અનેક દૃષ્ટાંતો સાંભળવામાં આવે છે. તે સર્વનું મુખ્ય કારણ સાધકમાં શારીરિક અને માનસિક

બળની ખામી છે. હરકોઈ મંત્રની સાધના કરતાં પહેલાં સાધકે પોતાનામાં માનસિક અને શારીરિક બળ કેટલું છે તે જરૂર તપાસવું જોઇએ; જો તેવા બળની યોગ્યતા પોતાનામાં જણાય તો કોઈપણ જાતની શંકા રાખ્યા વિના આરાધનાની શરૂઆત કરી દેવી, અને જો ખામી માલુમ પડે તો રાત દિવસ અભ્યાસ કરી શારીરિક તથા માનસિક શક્તિ સંપાદન કરી પછી આરાધના શરૂ કરવી જોઇએ. અભ્યાસ કરવા છતાં પણ જો પોતે તેટલી યોગ્યતા પ્રાપ્ત કરી શકે નહિ તો આરાધનાનું કામ છોડી દેવું જોઇએ. વળી ઇંદ્રિય અને કષાયનો જય, મિતાહારીપણું, બ્રહ્મચર્ય, શ્રદ્ધા, મૌન, દયા, દાક્ષિણ્યતા અને પરોપકારીત્વતા વગેરે ગુણો કેળવવાની ખાસ જરૂર છે, સાધકના લક્ષણોની પુરેપુરી માહિતી મેળવવા માટે 'ભૈરવપદ્માવતીકલ્પ'નો 'સાધકલક્ષણ' નામનો પહેલો અધિકાર જોઈ જવા વાંચક વર્ગને મારી ભલામણ છે.

ગુરુગમની જરૂર—

ચારિત્ર શુદ્ધચાદિ ગુણો મેળવ્યા સિવાય ગુરુની પ્રસન્નતા થાય નહી અને તે સિવાય સદ્‌વિદ્યાની પ્રાપ્તિ થવી એ આકાશ–કુસુમવત્ છે. હરકોઈ વિદ્યામાં ગુરુની ખાસ જરૂર હોય છે, તે સિવાય યથાર્થ રીતે સમજણ પડી શકે નહી. હરહંમેશના વ્યાવહારિક કાર્યોમાં પણ વડીલોની જરૂર પડે છે, તો પછી મંત્ર સાધનાદિ જેવા ગહનકાર્યમાં ગુરુગમ સિવાય નાસીપાસ થવાય તો તેમાં નવાઈ જેવું પણ શું છે ?

સાધ્યાદિ ભેદ જાણવાની રીત—

દેવાદિકની પ્રતિષ્ટામાં તેમજ લગ્નાદિ પ્રસંગે વર્ગમેળ, રાશિમેળ, તારામૈત્રી વગેરે જોવામાં આવે છે તેવી રીતે મંત્રાદિકમાં પણ સાધ્યાદિ ભેદો તપાસવાની ખાસ આવશ્યકતા છે. સાધ્ય અને સાધકનો મેળ ન ખાય તેમાં મંત્રાદિક આરાધન કરતાં, કરાવતાં અનેક વિઘ્ન ઉપસ્થિત થાય છે અને અંતે તેનું પરિણામ અનિષ્ટ આવે છે.

સાધ્યાદિ ભેદો તપાસવાની અનેક રીતો જોવામાં આવે છે. તેમાંની (૧) ભદ્રગુપ્તાચાર્યવિરચિત શ્રી અનુભવસિદ્ધ મંત્રદ્વાત્રિંશિકા પ્રમાણે. (૨) શ્રીમલ્લિષેણસૂરિ વિરચિત 'ભૈરવપદ્માવતીકલ્પ'ના અનુસારે, (૩) સિદ્ધનાગાર્જુનકૃત 'કક્ષપુટક'ના મત પ્રમાણે, (૪) મંત્રપદ્ધતિના મતે તથા (૫) એક છુટક પાના ઉપરથી એમ પાંચ રીતો મારી ગ્રન્થાવલિ તરફથી પ્રસિદ્ધ થએલ 'મંત્રાધિરાજ ચિંતામણિ' નામના પુસ્તકના પ્રાસંગિક નિવેદનના પાના ૯ થી ૧૩ છપાવવામાં આવેલી હોવાથી અત્રે તે રીતો છાપવામાં આવી નથી.

સકલીકરણ—

૧ ૐ નમો અરિહંતાણં હ્રાં શીર્ષે રક્ષ રક્ષ સ્વાહા ।
૨ ૐ નમો સિદ્ધાણં હ્રીં વદનં રક્ષ રક્ષ સ્વાહા ।
૩ ૐ નમો આયરિયાણં હ્રૂં હૃદયં રક્ષ રક્ષ સ્વાહા ।
૪ ૐ નમો ઉવજ્ઝાયાણં હ્રૌં નાભિં રક્ષ રક્ષ સ્વાહા ।
૫ ૐ નમો લોએ સવ્વસાહૂણં હ્રઃ પાદૌ રક્ષ રક્ષ સ્વાહા ।

આ પ્રમાણે અંગન્યાસ કરી પંચાંગની રક્ષા કરવી અથવા ક્ષિપ ૐ સ્વાહા આ પાંચ બીજ-ક્ષરોથી પણ પંચાંગની રક્ષા કરી શકાય છે. 'સકલીકરણ'ના વિષયમાં વધારે જાણવાની ઇચ્છાવાળા જીજ્ઞાસુએ 'ભૈરવપદ્માવતીકલ્પ'નો 'સકલીકરણ વિધિ' નામનો બીજો અધિકાર જોઈ જવા મારી વિનંતિ છે.

આ ઉપરાંત ભૂમિશોધન, સ્નાન, વસ્ત્રપરિધાન કરવાનાં મંત્રો વગેરે પણ પ્રસ્તુત 'ભૈરવપ-દ્માવતીકલ્પ'માં આપેલા હોવાથી અત્રે આપવામાં આવ્યા નથી.

દીપનાદિ પ્રકાર—

દીપનથી શાંતિકકર્મ, પલ્લવથી વિદ્વેષણ, સંપુટથી વશીકરણ, રોધનથી બંધન, ગ્રથનથી આકર્ષણ અને વિદર્ભણથી સ્તંભન કર્મ થાય છે. આ છ ભેદો દરેક મંત્રોને લાગુ પડે છે. તેનાં ઉદાહરણ આ પ્રમાણે—

૧ મંત્રની શરૂઆતમાં નામ સ્થાપન કરવું તે દીપન–દેવદત્ત હ્રીં.

૨ મંત્રના અંતભાગમાં નામ દર્શાવવું તે પલ્લવ–હ્રીં દેવદત્ત.

૩ મંત્રના મધ્યભાગમાં નામ દર્શાવવું તે સંપુટ–હ્રીં દેવદત્ત હ્રીં.

૪ મંત્રની શરૂઆતમાં અને મધ્યમાં નામોલ્લેખ કરવો તે રોધન–દેવ હ્રીં દત્ત હ્રીં.

૫ એક મંત્રાક્ષર, બીજો નામાક્ષર, ત્રીજો મંત્રાક્ષર અને ચોથો નામાક્ષર, એવી રીતે સંકલિત કરવાં તે ગ્રથન–હ્રીંદેહ્રીંવહ્રીંદહ્રીંત્ત

૬ મંત્રના બધે અક્ષરો બાદ એકેક નામાક્ષર મૂકવો તે વિદર્ભણ–હ્રીં હ્રીં દે હ્રીં હ્રીં વ હ્રીં હ્રીં દ હ્રીં હ્રીં ત્ત

વાંચકોની સુગમતાની ખાતર અહિંયા મંત્રાક્ષરોની જગ્યાએ હ્રીં અને નામાક્ષરની જગ્યાએ દેવદત્તનો ઉપયોગ કરવામાં આવ્યો છે. કાર્ય ઉપસ્થિત થયે હ્રીંના બદલે મંત્રાક્ષર અને દેવદત્તના બદલે નામના અક્ષરો મૂકવાનું ખાસ ભૂલવું નહિ.

પંચોપચાર પૂજા—

મંત્રની આરાધના દરમ્યાન સાધકે દરરોજ સાધ્ય દેવની પંચોપચાર પૂજા કરવી જોઇએ તે આ પ્રમાણે—

૧ આહ્વાનન–ૐ હ્રીં નમોઽસ્તુ ભગવતિ ! પદ્માવતિ ! દેવિ ! એહિ એહિ સંવૌષટ્ ।

૨ સ્થાપના–ૐ હ્રીં નમોઽસ્તુ ભગવતિ ! પદ્માવતિ ! દેવિ ! તિષ્ઠ તિષ્ઠ ઠઃ ઠઃ ઠઃ ।

૩ સન્નિધીકરણ–ૐ હ્રીં નમોઽસ્તુ ભગવતિ ! પદ્માવતિ ! દેવિ ! મમ સન્નિહિતા ભવ ભવ વષટ્ ।

૪ પૂજન–ૐ હ્રીં નમોઽસ્તુ ભગવતિ ! પદ્માવતિ ! દેવિ ! ગન્ધાદીન્ ગૃહ્ણ ગૃહ્ણ નમઃ ।

૫ વિસર્જન–ૐ હ્રીં નમોઽસ્તુ ભગવતિ ! પદ્માવતિ ! દેવિ ! સ્વસ્થાનં ગચ્છ જઃ જઃ જઃ ।

ઉપર પ્રમાણે પ્રથમ આવાહન કરીને, પછી સ્થાપના કરવી જોઇએ,ત્યારપછી સન્નિધીકરણ, પછી પૂજન અને અંતમાં વિસર્જન કરતી વખતે દરેકના જુદા જુદા મંત્રાક્ષરો બોલાવા જોઇએ, તેમાં 'ભગવતિ ! પદ્માવતિ ! દેવિ !' ની જગ્યાએ જે દેવ અથવા દેવીની આરાધના કરવાની હોય

તેનું નામ બોલવાનું ખાસ ધ્યાન રાખવું અને વિસર્જનનો મંત્ર બોલ્યા પછી નીચેના શ્લોકો પણ બોલવા.

आह्वानं नैव जानामि न च जानामि पूजनम् ।
विसर्जनं न जानामि प्रसीद परमेश्वरि ॥

आज्ञाहीनं क्रियाहीनं मन्त्रहीनं च यत् कृतम् ।
क्षमस्व देवि ! तत् सर्वं प्रसीद परमेश्वरि ॥

દેવીની જગ્યાએ દેવની આરાધના કરવી હોય તો પરમેશ્વરિની જગ્યાએ પરમેશ્વર અને દેવિની જગ્યાએ દેવ શબ્દ બોલવાનું ભૂલવું નહી.

આ પ્રમાણે અનેક બાબતો મંત્ર સાધકે જાણવાની જરૂર હોય છે. આ વિધિને કોઇએ પણ સંપૂર્ણ વિધિ માની લેવાની ભૂલ કરવી નહિ.

વિધિ સહિત જાપ કરવા છતાં પણ જો જાપ કરનારનું ભાગ્ય પ્રતિકુળ હશે તો ગમે તેટલા જાપ કરવા છતાં પણ મંત્ર ફલ નહિ આપે; બધી બાબતોમાં કર્મસત્તા બલવાન છે. વળી મંત્રોના જાપની બાબતમાં શ્રદ્ધા એ મોટામાં મોટી ચીજ છે; શ્રદ્ધા વિના વ્યાપારાદિકમાં પણ લાભ મળતો નથી તો પછી મંત્ર તો ક્યાંથી જ ફલ આપે ? અગર, જો તમારૂં ભાગ્ય અનુકૂળ હશે તો મંત્રના અધિષ્ઠાયકદેવ અદૃશ્ય રહીને તમોને જવાબ આપશે, પરંતુ આ સમયમાં પ્રત્યક્ષ નહિ આવે.

વળી પાછો એ પ્રશ્ન ઉપસ્થિત થાય છે કે જો મનુષ્યનું ભાગ્ય જ સાનુકૂળ હોય તો પછી મંત્રનું આરાધન કરવાની જરૂર શી ? આના જવાબમાં મહાનુભાવ ! આપે સમજી લેવું જોઇએ કે જ્યારે તકદીર અનુકૂળ હોય છે, ત્યારે જ યથોચિત યોગ મળી આવે છે. અગાઉ આપણે જણાવી ગયા છીએ કે વિશિષ્ટ પ્રકારના અક્ષરોના સંયોગનું નામ મંત્ર છે. મંત્રનો પાઠ કરવાથી જે આંદોલનો ફેલાય છે તેનાથી એક જાતની અસર વાતાવરણમાં પેદા થાય છે. અવધિજ્ઞાની દેવતાઓ પોતાના જ્ઞાનના બળે સ્વર્ગમાં રહ્યારહ્યા પણ જાણી શકે છે કે અમુક વ્યક્તિ મંત્રનો પાઠ કરે છે અને મને યાદ કરે છે. પહેલાંના સમયમાં જ્યારે મહાપુરુષો અને ભાગ્યશાળીઓ હયાત હતા. ત્યારે દેવતાઓ હાજર રહેતા હતા, જેનાં વર્ણનો આપણને શાસ્ત્રોમાંથી મળી આવે છે. તીર્થંકરો, ચક્રવર્તીઓ, વાસુદેવો તથા બલદેવોની પાસે દેવતાઓ પ્રત્યક્ષ આવતા હતા. હાલના જમાનામાં મંત્ર, યંત્ર, તંત્ર અને ઔષધિઓની શક્તિ દિન પર દિન ઓછી થતી જાય છે અને આવી હાલતમાં મંત્રો જોઇએ તેવું ફલ ન પણ આપી શકે તો નવાઇની વાત નથી. દા. ત. ચિંતામણિ રત્ન જેવાં રત્ન, પારસમણિ અને ચિત્રાવેલી જેવી અમૂલ્ય વસ્તુઓ પણ હાલના જમાનામાં જોવામાં અગર જાણવામાં પણ આવતી નથી, તેથી તે વસ્તુઓ જ વિદ્યમાન ન હતી તેમ મંત્રો વગેરે જૂઠા છે તેમ પણ માની લેવાની જરૂરત નથી. તેથી સમયાનુસાર અને પોતપોતાના ભાગ્યાનુસાર જે જે મંત્રો હાલમાં વિદ્યમાન છે તેનાથી જ સંતોષ માનવો જોઇએ બાકી કહ્યું પણ છે કે:—

निर्बीजमक्षरं नास्ति, नास्तिमूलमनौषधं ।
निर्धना पृथ्वि नास्ति, आम्नायाः खलु दुर्लभाः ॥

અર્થાત્–દુનિયામાં જેટલા અક્ષર છે તે સર્વ શક્તિવાળા છે (અને તેમનું શ્રવણ તથા પઠન કરવાથી એક જાતની અસર પેદા થાય છે, જેમકે કોઈ વ્યક્તિ આપણને સારા શબ્દોથી બોલાવે તો આપણે રાજી થઇએ છીએ અને ખરાબ શબ્દોથી બોલાવે તો આપણે નારાજ થઇએ છીએ. આ પ્રમાણે અક્ષરોની શક્તિ સાબીત થાય છે). જગતમાં જેટલી વનસ્પતિઓ છે તે પણ બધી શક્તિવાળી છે, પૃથ્વી પણ ધન વગરની નથી કારણકે તેના પેટાળમાં જુદા જુદા રત્નોની ખાણો છે અને તે જ માટે શાસ્ત્રોમાં પૃથ્વીને રત્નગર્ભા કહેવામાં આવી છે. પરંતુ દરેક વસ્તુઓની યથોચિત માહિતી પામવી દુર્લભ છે.

મનુષ્યપ્રકૃતિ સ્વાભાવિકતયા ચમત્કારપ્રિય હોય છે. જનતાનો મ્હોટો ભાગ સિદ્ધિઓ ખોળે છે અને તેના માટે બનતા પ્રયત્નો આદરે છે. છતાં જ્યારે નિષ્ફળતા પ્રાપ્ત કરે છે ત્યારે દ્રાક્ષાના સ્વાદથી અતૃપ્ત રહેલા શિયાળની માફક 'યંત્રો મંત્રો આદિ સર્વ કાલ્પનિક છે, શાક્ત-સંપ્રદાયની અસર દરમ્યાન ઉપજાવી કાઢેલાં છે' વગેરે અનેક દોષારોપણ કરી, એ વિદ્યાને વખોડવા મંડી જાય છે. પરંતુ આ વિદ્યાઓ જો સર્વથા ખોટી હોત તો ભૂતકાળમાં થઈ ગએલા ત્યાગી, વૈરાગી શ્રીવજ્રસ્વામી, વાદિદેવસૂરિ, કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ જેવા મહાપુરુષો આ વિદ્યાઓ ઉપર વિશેષ લક્ષ આપત જ નહિ. દરેકે દરેક સંપ્રદાયમાં મંત્ર યંત્રાદિને લગતા પ્રાચીન સમયમાં રચાએલા વિવિધ જાતના ગ્રંથો દૃષ્ટિગોચર થાય છે અને કેટલાય મહાત્માઓની ચમત્કારિક કથનીઓ આપણા સાંભળવામાં આવે છે, તો પછી તે વિદ્યાને સર્વથા ખોટી તો શી રીતે કહી શકાય?

કાણો ઘડો સમુદ્રમાં ગયા છતાં ભરાય નહી, જગતભરની સૂક્ષ્મમાં સૂક્ષ્મ વસ્તુને પ્રગટ કરનારા સૂર્યના પ્રકાશમાં ધુવડ દેખી શકે નહી તેમ આપણને કોઇપણ પ્રકારે સદ્‌વિદ્યાની પ્રાપ્તિ થતી નથી તેમાં દોષ કોનો?, આપણો પોતાનો કે અન્ય કોઇનો? મારી સામાન્ય બુદ્ધિ પ્રમાણે તો એ વિદ્યાને લગતી ઘણી ઘણી બાબતો જાણવાની હોય છે, તેનો અભાવ જ કારણભૂત છે.

મંત્રોની પ્રાચીનતા—

મારા સાંભળવા અને વાંચવા પ્રમાણે પૂર્વે વિદ્યાપ્રવાદ* નામના પૂર્વમાં એવા અનેક વિધાનો હતા કે જેનાથી પૂર્વાચાર્યો દરેક પ્રસંગે શાસનની રક્ષાઓ કરતા. 'વિદ્યા' શબ્દનો અર્થ આ સ્થળે 'જ્ઞાનાત્મક વિદ્યા' નહી પણ 'મંત્રસ્વરૂપિણી અક્ષરાત્મક વિદ્યા' સમજવાનો છે. ઉપરોક્ત પૂર્વાત્મક વિદ્યાઓનો તો આજે નાશ થએલો છે, છતાં એમના વિષયનો મહિમા હજુ સુધી ઘણો તાજો છે. તમે કોઇપણ આસ્તિક ભારતવાસીની આગળ 'વિદ્યા' અથવા એનો જ બીજો પ્રકાર ગણાતા 'મંત્ર'ની વાત કરો, તો તે ઘણી જ શ્રદ્ધાથી સાંભળશે. ભારતવર્ષની પ્રજાને આ વિષય ઉપર લાંબા કાળથી અચળ શ્રદ્ધા છે. અજ્ઞાન બાળકોમાંથી પણ એવાં થોડાં જ નીકળશે કે જેઓ વિદ્યા મંત્રના ચમત્કારોની વાતોથી તદ્દન અનભિજ્ઞ હોય. ભારતવર્ષનાં ધર્મશાસ્ત્રો, પુરાણો,

* શ્રીમલ્લિષેણસૂરિ વિરચિત 'વિદ્યાનુશાસન' નામના ગ્રન્થની શરૂઆતમાં જ 'વિદ્યાપ્રવાદ' પૂર્વનો કેટલોક ભાગ પોતાના સમયમાં હયાત હતો એવો ઉલ્લેખ શ્રીમલ્લિષેણસૂરિએ કરેલો છે.

કથાગ્રંથો અને મહાપુરુષોનાં ચરિત્રો પૈકી કોઇપણ, વિષયનું પુસ્તક જુઓ. વિદ્યા મંત્ર અથવા તેના પ્રભાવ સંબંધમાં કંઇ ને કંઈ લખેલું તેમાં મળી આવશે જ.

આ ઉપરથી પાઠકગણ જોઇ શકશે કે પૂર્વે ભારતવર્ષમાં આ વિદ્યામંત્રનો પ્રચાર ઘણો અસાધારણ હતો. પાંચમીથી દસમી સદી સુધીના પાંચસો વર્ષના ગાળામાં આ વિષયના નાના મોટા બેથી અઢી હજાર જેટલા ગ્રંથો તો એકલા બૌદ્ધ ભિક્ષુઓએ જ બનાવ્યા હતા. આ ઉપરથી ભારતવર્ષમાં મંત્રવિદ્યાનો ફેલાવો કેટલો હોવો જોઇએ તેનું અનુમાન કરી શકાશે. બૌદ્ધ સંપ્રદાયમાં આ વિષયના ગ્રંથોની બહુલતા હોવાથી જ હાલના વિદ્વાનોનું માનવું છે કે મંત્રવિદ્યા તથા તંત્રવિદ્યાના ગ્રંથો જૈનોએ બૌદ્ધ સંપ્રદાયના અનુકરણ રૂપે તૈયાર કર્યા છે. તેનું એક કારણ એ પણ છે કે જૈન સંપ્રદાયના તે વિષયના ગ્રંથો થોડા ઘણા અપવાદ સિવાય હજુ સુધી અપ્રસિદ્ધ છે. તેથી જ 'શ્રી ભૈરવપદ્માવતી કલ્પ' નામના ગ્રંથની પ્રસ્તાવનાના વિદ્વાન લેખક શ્રીયુત્ મોહનલાલ ભગવાનદાસ સોલિસીટર જૈનાગમોમાંથી પુરાવાઓ આપીને સાબિત કરવાના છે+ કે જૈન સંપ્રદાયમાં બૌદ્ધ સંપ્રદાયની અસર પહેલાં પણ જૈનાચાર્યો આ વિદ્યાથી અનભિજ્ઞ ન હતા.

વિદ્યામંત્રના પ્રચારની દૃષ્ટિએ આ તો એક સાધારણ વાત થઈ. પરંતુ જૈન સમાજનો આ વિષયમાં કેટલો આદર હતો તે બતાવવાની ખાસ જરૂર છે. બૌદ્ધ લોકોએ આ વિષયને જેમ ધાર્મિક રૂપ આપી, અવશ્ય કર્તવ્ય તરીકે તેનો સ્વીકાર કર્યો હતો અને વાતવાતમાં તેનો ઉપયોગ કરતા હતા તેટલી હદે જૈનાચાર્યો બીલકુલ ગયા નહોતા. તેઓ મંત્રશાસ્ત્રનો અભ્યાસ કરતા એટલુંજ નહિ, પણ કોઈ કોઈ પ્રસંગે પતિત સાધુ અથવા ગૃહસ્થોની ખુશામત કરીને પણ આ જ્ઞાનની પ્રાપ્તિ કરતા *હતા, છતાં પણ એનો ઉપયોગ લાભાલાભ જોઇને શાસન રક્ષાના કારણ નિમિત્તે જ કરતા. વજ્રસ્વામી, પ્રિયગ્રન્થિસૂરિ, આર્યખપટ, આર્યમંગુ,પાદલિપ્તસૂરિ, માનદેવસૂરિ, સિદ્ધસેન દિવાકર,હરિભદ્રસૂરિ, માનતુંગસૂરિ, કલિકાલસર્વજ્ઞ શ્રીહેમચંદ્રસૂરિ, શ્રીજિનદત્તસૂરિ, શ્રીજિનપ્રભસૂરિ, વાદિવેતાલ શ્રીશાંતિસૂરિ, શ્રીમલ્લિષેણસૂરિ, શ્રીશાંતિચંદ્ર ઉપાધ્યાય વગેરે અનેક પ્રાચીન તેમજ અર્વાચીન આચાર્યો આ વિષયના અનુભવો મંત્રવાદીઓ હતા. આર્યસ્થૂલભદ્ર જેવા સ્થવિર પણ કારણ વિના આ શક્તિનો ઉપયોગ કરવાથી શિક્ષાને પાત્ર થયા હતા. અને આવા સખત પ્રતિબંધના કારણથીજ બૌદ્ધોની માફક જૈનોમાં આ મંત્રવાદથી આચાર માર્ગમાં વિકૃતિ થવા પામી નથી. બીજું એ પણ કારણ છે કે જ્યારે બીજા લોકો ઐહિક ફળની આશાથી જ મંત્ર અને વિદ્યા જપતા ત્યારે પણ જૈનાચાર્યોનો આમાં મુખ્ય ઉદ્દેશ કર્મનિર્જરાનો હતો. સૂરિમંત્રનું અનુષ્ઠાન જે લગભગ પ્રત્યેક જૈનાચાર્યને કરવું પડતું તેનો પણ ફલાદેશ કર્મનિર્જરાને લગતો હતો. બૌદ્ધ અને ખાસ કરીને શાક્ત લોકોના મંત્રવાદથી જૈનોના મંત્ર અને વિદ્યાઓ તદ્દન પવિત્ર અને નિર્દોષ વિધિ સાધ્ય હોવાથી પણ મન્ત્રવાદ જૈન આચારોમાં વિકૃતિ ઉત્પન્ન કરી શક્યો નથી.

+ આ પ્રસ્તાવના હજુ તેઓ શ્રી લખી રહ્યા છે.

*"विज्जग उभयं सेवे त्ति । उभयं णाम पासत्थ गिहत्था ते विज्जमन्त जोगादिणिमित्तं सेवे इत्यर्थः ॥"

સ્ત્રીદેવતાધિષ્ઠિત તે વિદ્યા અને પુરૂષદેવતાધિષ્ઠિત તે મન્ત્ર, અથવા જેનો પાઠ કરવા માત્રથી જ કાર્યની સિદ્ધિ થાય તે મન્ત્ર અને જપ હોમાદિ વિધિ સાધ્ય તે વિદ્યા, એમ બે પ્રકારે મંત્ર અને વિદ્યાનો ભેદ જૈન ગ્રંથકારોએ બતાવ્યો છે. જૈનોની માન્યતા પ્રમાણે હજારો વિદ્યાઓ છે, જેમાં નીચે લખેલી સોળ વિદ્યાઓ મુખ્ય છે, ૧ રોહિણી, ૨ પ્રજ્ઞપ્તિ, ૩ વજ્રશૃંખલા, ૪ વજ્રાંકુશી, ૫ અપ્રતિચક્રા, ૬ નરદત્તા, ૭ કાલી, ૮ મહાકાલી, ૯ ગૌરી, ૧૦ ગાંધારી, ૧૧ મહાજ્વાલા, ૧૨ માનવી, ૧૩ વૈરોટ્યા, ૧૪ અચ્છુપ્તા, ૧૫ માનસી અને ૧૬ મહામાનસી. આ સોળ વિદ્યાઓની અધિષ્ઠાયક સોળ દેવીઓ પણ એ જ નામની માનેલી છે, જે વિદ્યાદેવીઓના નામથી ઓળખાય છે. એ વિદ્યાદેવીઓની પ્રાચીન તાડપત્રની પ્રતિકૃતિઓ માટે જુઓ 'જૈનચિત્રકલ્પદ્રુમ' નામના ગ્રંથમાં ચિત્ર નં. ૧૬ થી ૩૧ સુધી.

આમ્નાય ગ્રન્થો—

શું એ અફસોસનો વિષય નથી કે આ રત્નપ્રસૂતા ભારતભૂમિમાં ઉત્પન્ન થવા છતાં પણ પૂર્વાચાર્યો વિરચિત અને સંગ્રહિત ઉત્તમોત્તમ મંત્રામ્નાયના ગ્રન્થોની કાંઈ પણ દરકાર નહિ રાખતાં પ્રમાદજન્ય ઘોરનિદ્રામાં સૂતાં સૂતાં તે રત્નોને આપણે હાથમાંથી ગુમાવી રહ્યા છીએ જો આપણામાં પ્રમાદ ન હોત તો 'વિદ્યાપ્રવાદ' આદિ મહાગ્રન્થો આપણા હાથમાંથી નાશ પામ્યા હોત ? જો આ વિષય પરત્વે આપણી ઉપેક્ષાવૃત્તિ ન હોત તો હજારો વિદ્યાઓમાંથી આજે આંગળીના વેઢે ગણી શકાય તેટલા જ આમ્નાયના ગ્રન્થો મળતા હોત ? આપણને વારસામાં મળેલા આ વિષયના બધા યે ગ્રન્થો સાચવી રાખ્યા હોત તો શું એવો સંભવ પણ હતો કે આપણું પ્રકારે અધઃપતન થાત ? એક બાજુ આપણે પોતાની પાસેના આ વિષયના અમૂલ્ય ગ્રન્થોનો નાશ થવા દીધો અને બીજી બાજુ આપણામાં આ વિષયનું જ્ઞાન જે અવિચ્છિન્ન પરંપરાએ ગુરુગમથી ઉતરી આવતુ હતું તેનો હ્રાસ થતો ગયો તથા તે તરફના અજ્ઞાનને લીધે ત્રીજી બાજુ 'મંત્રવિદ્યા'નો પ્રચાર એ પાપ છે એવા અવાજો ઉઠાવનાર કેટલીક વ્યક્તિઓએ જૈન સમાજને ભડકાવી મૂક્યો. આવા સમયમાં આ વિષયના નવીન ગ્રન્થરત્નોની શોધ અને સંચય થઈ શકે એમ આશા તો કયાંથી જ રાખી શકાય?

જૈનો વીતરાગ ભગવાનના ઉપાસક હોવાથી એમનું મુખ્ય ધ્યેય મોક્ષ છે અને મોક્ષાભિલાષી ખરા જૈનો રાગદ્વેષાદિ દોષ રહિત શ્રી જિનેશ્વર દેવ સિવાય અન્યદેવોની કદી પણ ઉપાસના કરે નહિ; તથાપિ જેઓ તેટલી હદે પહોંચ્યા નથી એવા ઐહિક સુખના અભિલાષી ભવાભિનંદી જીવોને પણ સ્વાર્થ સાથે પરમાર્થ સધાય તેવા હેતુથી જ ભયાપહારક, રોગોપશામક, સંપદ્ વિજયાદિ પ્રાપક અને સર્વમનઃકામનાદાયક એવા મંત્રો, યંત્રોની પૂર્વાચાર્યોએ યોજના કરેલી છે.

પરિવર્ત્તન શીલ સંસારમાં એવી એક પણ વસ્તુ નથી કે જે દરેકે દરેક બાબતમાં દેશ–કાળ આદિના પરિવર્ત્તન સાથે નવો અવતાર ધારણ ન કરે. આ અટલ નિયમથી અપાણું મંત્ર–યંત્રાદિક સાહિત્ય પણ વંચિત નથી રહી શકયું, અર્થાત્ જગતની અનન્ય વિભૂતિનું પોતામાં દર્શન કરનાર અને તે જ વસ્તુનો બીજાને સાક્ષાત્કાર કરાવનાર તીર્થંકર દેવ આદિ જેવી મહાવિભૂતિઓને લગતું મંત્ર–યંત્રાદિક સાહિત્ય ઉપરોકત શાશ્વત નિયમથી અસ્પૃષ્ટ નથી રહી શકયું, એ આપણે

આપણા સમક્ષ વિદ્યમાન વિવિધ મંત્ર-યંત્રાદિ વિષયક સાહિત્યનું દિગ્દર્શન કરતાં સહેજે જોઇ શકીએ છીએ.

એક સમય એવો પણ હતો કે જ્યારે, અત્યારે આપણી નજર સામે મંત્રોપાસનાને લગતું જે વિવિધ સાહિત્ય વિદ્યમાન છે તે લેશ પણ ન હતું; તેમ છતાં એક-બીજા દર્શન, એક-બીજા સંપ્રદાય અને એક-બીજી પ્રજા સાથેના સહવાસને લીધે જન સમાજની અભિરુચિને તે તરફ જોડેલી જોઇ ધર્મધુરંધર જૈનાચાર્યોએ એ પ્રકારના સાહિત્ય નિર્માણ તરફ પોતાની નજર દોડાવી અને ક્રમે ક્રમે એ જાતિના સાહિત્યનો સાગર રેલાવા લાગ્યો હતો, જે આપણી બેદરકારીથી આજે લગભગ નાની સરિતા જેટલો પણ નથી રહ્યો, તે શું ઓછી દિલગીરિની વાત છે?

મારા આ પુસ્તકના અંગે જે જે કોઇ પુસ્તકોનાં આધારો લેવામાં આવ્યા છે, તે તે પુસ્તકોના પ્રકાશકો તથા સંપાદકોનો, અગાઉથી ગ્રાહક થઇને મને ઉત્તેજન આપનાર મુનિમહારાજો તથા ગૃહસ્થોનો, આભાર માનવાની આ તક લઉં છું, સાથે સાથે વિદ્વાન વાંચકો ને વિનંતિ કરું છું કે મારા દ્રષ્ટિ દોષથી યા પ્રેસ દોષથી જે કાંઈ ભૂલો રહી જવા પામી હોય તે મને સુચવવા મહેરબાની કરશે તો હું તેઓનો ઉપકાર માનીશ; વળી આ ગ્રંથમાં જે કોઇ આગમવાક્યથી વિરૂદ્ધ મારાથી અણજાણ પણે લખાઇ ગયું હોય તે માટે મિથ્યા દુષ્કૃત દઉં છું.

વિ. સંવત ૧૯૯૪
આસો સુદી બીજ રવિવાર
તા. ૨૫-૯-૧૯૩૮

સારાભાઇ મણિલાલ નવાબ.
નવી પત્થરચાલ, કૉલેજ સામે
વડોદરા.

અમારૂં એક અનન્ય પ્રકાશન

આજેજ મંગાવો ! આજેજ મંગાવો !

શું ?

શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલિના

—: સંચાલક :—

સારાભાઇ મણિલાલ નવાબદ્વારા સંપાદિત

'જૈન ચિત્રકલ્પદ્રુમ'

ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકળાનો અપૂર્વ ઐતિહાસિક સંગ્રહ

[સમય. ઈ. સ. પૂર્વે ૩૦૦ થી વિ. સં. ૧૯૭૦ સુધીના જૈન ચિત્રકળાના લેખિત પુરાવાઓ]

૩૬ પૂર્ણરંગી ચિત્રપ્લેટો તથા પોણોસો ઉપરાંત એકરંગી ચિત્રપ્લેટોમાં એકંદરે સવાત્રણસો ચિત્રમૌક્તિકો સંધરાએલાં છે

એ કલાસામગ્રી ઉપરાંત લગભગ ૪૦૦ પૃષ્ઠમાં વિદ્વદ્વર્ય મુનિશ્રી પુણ્યવિજયજી, શ્રી રસિકલાલ પરીખ, શ્રી રવિશંકર રાવળ, શ્રી ડોલરરાય માંકડ, શ્રી મંજુલાલ મજમુદાર, મુનિશ્રી ધર્મવિજયજી તથા શ્રી સારાભાઈ નવાબના લખેલા, એ ચિત્રકળા ઉપર વિવિધ વિવેચન કરતા અભ્યાસપૂર્ણ લેખો આ ગ્રન્થનું અતિ મહત્વનું અંગ છે.

અમેરિકાની પેન્સિલવેનિયા યુનિવર્સિટીના સંસ્કૃતના પ્રોફેસર તથા પેન્સિલવેનિયા મ્યુઝીઅમ ઓફ આર્ટના હિંદી ચિત્રકલા વિભાગના ક્યુરેટર તથા 'કાલકકથા' અને 'કલ્પસૂત્રનાં ચિત્રો' એ નામનાં બે અંગ્રેજી ભાષામાં પ્રસિદ્ધ થએલાં ગ્રન્થોના સંપાદક મી. ડબલ્યુ નોર્મન બ્રાઉને લખેલા આમુખ તથા વડોદરા રાજ્યના પુરાતન સંશોધન ખાતાના વડા અધિકારી ડૉ. હીરાનન્દ શાસ્ત્રીએ લખેલા અંગ્રેજી ઉપોદ્ઘાત સહીત આ ગ્રન્થની

તમે જાણો છો કે !

માત્ર પાંચસોજ નકલોમાં મર્યાદિત આવૃત્તિની સાડાચારસો નકલો તો શ્રીમંત ગાયકવાડ સરકાર, શ્રીમાન્ શેઠ આણંદજી કલ્યાણજીની પેઢી, શ્રીમાન્ શેઠ કસ્તુરભાઈ લાલભાઈ, શ્રીયુત્ માણેકલાલ ચુનીલાલ, સર ચીનુભાઈ બેરોનેટ વગેરે સદ્‌ગૃહસ્થો તથા સંસ્થાઓ તરફથી ખરીદી લેવામાં આવી છે અને હવે તો

માત્ર પચાસજ નક્કલો વેચવાની બાકી છે !

પ્રાચ્યવિદ્યા શાસ્ત્ર, સાહિત્ય, ધર્મ, કલા બધી દૃષ્ટિએ મૂલ્યવાન અને આકર્ષક આ ગ્રન્થ ગુજરાતી સાહિત્યમાં અપૂર્વ છે. ગુજરાતની જૈનાશ્રિત ચિત્રકળાના ઇતિહાસમાં તો એ ગ્રન્થ ઘણો કીમતી ફાળો આપે છે.

આદિથી અંત સુધી કુમાર કાર્યાલયમાંજ તૈયાર થએલો સુંદર છપાઇ, પાકું પૂઠું, બેરંગી જેકેટ અને મજબૂત બોક્સમાં પેક હોવા છતાં

કીમ્મત માત્ર રૂપીયા પચીસ.

આ ગ્રન્થને માટે ' મુંબાઇ સમાચાર 'ના તા. ૧૧–૪–૧૯૩૬ ના રોજ ચાર કોલમ ભરીને તથા શ્રીયુત્ રસિકલાલ પરિખે ' કૌમુદી ' માસિકના એપ્રિલ ૧૯૩૬ ના અંકમાં, બારમી ગુજરાતી સાહિત્ય પરિષદના કલા વિભાગના પ્રમુખ કાકા સાહેબ કાલેલકરે, શ્રીયુત્ મધુસુદન મોદીએ ઈ. સ. ૧૯૩૭ ના જાન્યુઆરી–માર્ચના ' બુદ્ધિપ્રકાશ ' ત્રૈમાસિકમાં, શ્રીયુત્ ધીરજલાલ ધનજીભાઇએ ' જૈન પત્ર 'ના ' અભ્યાસ અને અવલોકન 'ના કોલમોમાં તથા વિદ્વાન જૈનાચાર્યો તથા પ્રસિદ્ધ મુનિ મહારાજ્યોના અને નામાંકિત જૈન જૈનેતર સાક્ષરોના અભિપ્રાયો આ ગ્રન્થને માટે મળેલા છે. આવા અમૂલ્ય ગ્રન્થની એક નક્કલ તો આપના સંગ્રહમાં જરૂર હોવી જોઇએ.

પાછળથી પસ્તાવું ન પડે તે માટે આપની એક નક્કલ વેળાસર મંગાવી લેવા વિનંતિ છે.

'ભારતીય જૈનશ્રમણસંસ્કૃતિ અને લેખનકળા'

(સચિત્ર)

—: સંપાદક :—

વિદ્વદ્વર્ય મુનિમહારાજશ્રી પુણ્યવિજયજી

જૈન શ્રમણ સંસ્કૃતિએ લેખનકળાનો સ્વીકાર કર્યો ત્યારથી શરૂ કરીને આજસુધીનો જૈન લેખનકળાનો ઇતિહાસ આ નિબંધમાં વિસ્તારપૂર્વક ચર્ચવામાં આવેલો છે. આ નિબંધની સો નક્કલોજ જુદી છપાવવામાં આવેલી છે.

કિંમત માત્ર રૂ. ૮–૦–૦

તૈયાર છે ! તૈયાર છે !

શ્રી જૈન પ્રાચીન સાહિત્યોદ્ધાર ગ્રન્થાવલિના

અન્ય પ્રકાશનો.

સંપાદકઃ—મુનિમહારાજ શ્રી **ચતુરવિજયજી**

' શ્રી મંત્રાધિરાજ ચિંતામણિ '

જૈન મન્ત્રશાસ્ત્રનો મહાન ગ્રન્થ.

કિંમત રૂ. ૭–૮–૦

જેમાં સુપ્રસિદ્ધ ' નમિઊણ સ્તોત્ર ' ની મહામંત્રમય ટીકા તથા તેના એકવીસ યંત્રો, સુશ્રાવક **શિવનાગ** વિરચિત ' ધરણેારગેન્દ્ર સ્તવ ' તેની મંત્રમય ટીકા તથા તેના ઓગણીસ યંત્રો, સુપ્રસિદ્ધ ' તિજયપહુત્ત સ્તોત્ર ' તથા તેના જુદા જુદા મંત્રામ્નાયો અને તેને લગતા જુદા જુદા વીસ યંત્રો, ' શ્રી સંતિકર સ્તવામ્નાય ' તથા તેના અધિષ્ઠાયક દેવોના ચિત્રોવાળા પ્રાચીન ચિત્રપટના ફોટા સાથે, વધુમાં ' શ્રી મંત્રાધિરાજ સ્તોત્ર ' ઉપરથી નવીન તૈયાર કરેલ ' ચિંતામણિ યંત્ર ' વગેરે કુલ પાંસઠ જુદા જુદા આર્ટ પેપર પર છાપેલા યંત્રો કે જેની આકૃતિઓ જૈન જ્યોતિષશાસ્ત્ર તથા શિલ્પશાસ્ત્ર વિશારદ આચાર્ય શ્રી **જયસિંહસૂરિજી**એ પોતાના હાથે ચીતરેલી છે, ઉપરાંત શ્રી **માનતુંગસૂરિ** શિષ્ય શ્રી **ધર્મઘોષસૂરિ** વિરચિત ' શ્રી ચિંતામણીકલ્પ ' શ્રી **સાગરચંદ્રસૂરિ** કૃત પાંચ પટલવાળો ' શ્રી મંત્રાધિરાજકલ્પ ' ' શ્રી ઉવસગ્ગહરં સ્તોત્ર 'ની શ્રી **પાર્શ્વદેવગણિ કૃત** મંત્રમય ટીકા, ' શ્રી નમિઊણ સ્તોત્ર 'ની મહામંત્રમય ટીકા, શ્રી ચિંતામણિ સંપ્રદાય, શ્રી ચિંતામણિ કલ્પસાર, શ્રી **તરૂણપ્રભસૂરિ** કૃત ચિંતામણિ મંત્ર ગર્ભિત શ્રી પાર્શ્વનાથસ્તોત્ર, શ્રી **કમલપ્રભસૂરિ**, શ્રી **રત્નકીર્તિસૂરિ**, શ્રી **જિનપતિસૂરિ** શ્રી **મેરૂતુંગસૂરિ**, શ્રી **પૂર્ણકલશગણિ** વગેરેએ રચેલાં મહામન્ત્ર ઔષધ્યાદિ ગર્ભિત સ્તોત્રો, શ્રી **અજિતસિંહસૂરિ** વિરચિત ' અટ્ટે મટ્ટે ' મંત્રગર્ભિત સ્તોત્ર, મહાકવિ **ધિલ્હણ** વિરચિત શ્રી પાર્શ્વનાથ સ્તોત્ર, શ્રી **સુરસુંદરસૂરિ** વિરચિત કલ્યાણમંદિર પાદપૂર્તિરૂપ પાર્શ્વનાથ સ્તોત્ર વગેરે મંત્રમય તથા યમકમય સ્તોત્રો, મંત્રસાધનોપયોગી કોષ્ટક ઉપરાંત દરેક દરેક યંત્રોનું ગુજરાતી ભાષામાં વિવરણ અને એક સો ચાલીસ પાનાની દરેક સ્તોત્રકર્તાઓનો ઇતિહાસ દર્શાવતી વિસ્તૃત ગુજરાતી પ્રસ્તાવના. પાકું બાઇન્ડીંગ છતાં કિંમત માત્ર રૂ. ૭–૮–૦ પોસ્ટેજ જુદું.

' જૈનસ્તોત્ર સંદોહ ભાગ ૧લો.'

કિંમત રૂ. ૫–૦–૦

પ્રાચીન જૈનાચાર્યો વિરચિત ૧૧૯ સ્તોત્ર મૌક્તિકોની માળાનો અમૂલ્ય ચિંતામણિ હાર સમા આ ગ્રન્થમાં શ્રીધર્મઘોષસૂરિ કૃત ' મહામન્ત્રગર્ભિત અજિતશાંતિસ્તવન ' શ્રીવાદિદેવસૂરિ

કૃત 'કલિકુંડ પાર્શ્વજિન સ્તવન' યંત્ર સહિત, શ્રી**મુનિચંદ્રસૂરિ** કૃત 'શ્રીકલિકુંડ પાર્શ્વજિન સ્તોત્ર' ખરતરગચ્છાચાર્ય**શ્રીજિનપ્રભસૂરિ** કૃત મંત્રગર્ભિત શ્રીગૌતમસ્વામી સ્તોત્ર,' શ્રી**આર્ય-નન્દિલ** વિરચિત મંત્રમય 'વૈરોટ્યા સ્તવ' શ્રી **શુભસુંદરગણિ** વિરચિત યંત્રમંત્ર ભેષજાદિ ગર્ભિત 'શ્રીયુગાદિદેવ સ્તવન' ગુજરાતી ટીકા સહિત, 'શ્રીમન્ત્રાધિરાજસ્તોત્ર' શ્રીઉવસગ્ગહરં સ્તોત્ર 'ની શ્રી**ચંદ્રસૂરિ** વિરચિત મંત્રમય ટીકા તથા તેના સાત યંત્રોના ચિત્રો સહિત, 'શ્રીપદ્માવત્યષ્ટક 'ની શ્રી**પાર્શ્વદેવગણિ** વિરચિત પાંચસો બાવીસ શ્લોકની મંત્રમય ટીકા સહિત અને શ્રી**ધર્મઘોષસૂરિ** વિરચિત 'શ્રીપાર્શ્વનાથ માલામન્ત્ર સ્તવ' વગેરે મંત્રમય કૃતિઓ શ્રી**યશોવિ-જયજી** ઉપાધ્યાય વિરચિત મહાચમત્કારીક 'ગોડીપાર્શ્વ સ્તવ' તથા 'શ્રીશંખેશ્વર પાર્શ્વનાથ સ્તોત્ર' અને શમીના પાર્શ્વનાથ સ્તોત્ર વગેરે સવાસો અમૂલ્ય કૃતિઓનો સંગ્રહ.

તમે જાણો છો કે ?

આ ગ્રન્થને માટે પાશ્ચાત્ય વિદ્વાનો જેવા કે:—લીડનથી ડૉ. જે. પીએચ વોગલ, ફ્રેન્કફર્ટથી વોલ્ટન રૂબન, હામ્બુર્ગથી ડૉ. ડબલ્યુ. શુબ્રિંગ પી. એચ. ડી, લંડનથી ડૉ. એલ. ડી, બારનેટ, બર્લિનથી ડૉ. એલ. એલ્સડોર્ફ. પી. એચ ડી, નોર્વેથી ડૉ, રટન કોનો, પ્રાગ થી સ્વર્ગસ્થ ડૉ. એમ. વીન્ટરનીટઝ તથા અમેરિકાથી હેલન. એન જોનસન વગેરેનાં સુંદર અભિપ્રાયો મળેલા છે.

'અનેકાર્થ સાહિત્ય સંગ્રહ ભાગ ૧ લો'

કિં. રૂા. ૨—૦—૦

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીના શિષ્ય શ્રી વર્ધમાનગણિ કૃત, એક શ્લોકના એકસો સોલ અર્થવાળી કૃતિ તથા શ્રી સોમપ્રભસૂરિ કૃત શતાર્થી તથા બંનેના ગુજરાતી ભાષાંતર તથા ગુજરાતી પ્રસ્તાવના સહિત

'અધિષ્ઠાયકાષ્ટક'

(૧) સરસ્વતી દેવી (૨) ચક્રેશ્વરી દેવી (૩) પદ્માવતી (૪) અંબિકા દેવી (૫) જ્વાલામાલિની (૬) શાંતિદેવી (૭) બ્રહ્મશાંતિયક્ષ (૮) પદ્માવતી દેવી તથા પાર્શ્વયક્ષના ત્રિરંગી ચિત્રોનું રંગીન માઉન્ટવાળું આલ્બમ કિંમત માત્ર રૂપિઓ દોઢ. દરેકનું પોસ્ટેજ જુદું.

જૈન મન્ત્રશાસ્ત્રનો મહાન ગ્રંથ

બહાર પડેલ છે ! **બહાર પડેલ છે !**

શ્રી ભૈરવ પદ્માવતીકલ્પ

કિં ૧૫—૦—૦

ગુજરાત કોલેજના સંસ્કૃત તથા અર્ધમાગધી ભાષાના અધ્યાપક પ્રો. કે. વી. અભ્યંકર તથા પૂજ્ય મુનિ મહારાજ શ્રીપુણ્યવિજયજી તથા ચતુરવિજયજી દ્વારા સંશોધિત તથા સંપાદિત

મોહનલાલ ભગવાનદાસ સોલિસીટરની અંગ્રેજી પ્રસ્તાવના સહિત શ્રીમલ્લિષેણસૂરિવિરચિત તેમના જ ગુરૂભાઇ શ્રીબન્ધુષેણની દરેક દરેક શબ્દ ઉપરની વિસ્તૃત ટીકા અને ગુજરાતી ભાષાંતર સહિત.

શ્રી ભૈરવ પદ્માવતીકલ્પ

જેની સંપૂર્ણ ટીકાયુક્ત હસ્તલિખિત પ્રત પણ જવલ્લેજ અને મહા મુસીબતેજ મળે છે. તે આ ગ્રંથ અમારા તરફથી લીંબડી, અમદાવાદ, પાટણ તથા પૂજ્ય મુનિવર્યોના ગ્રંથ ભંડારોની પ્રતો મેળવીને છાપવો શરૂ કર્યો હતો. આ ગ્રંથમાં દશ અધ્યાય છે અને તેમાં મંત્ર સાધનાને લગતા દરેક અંગનું વિસ્તારથી સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું છે. વધુમાં તેમાં જણાવેલ અધિકારો ઉપરના જૂની હસ્તલિખિત પ્રતો ઉપરથી તૈયાર કરાવેલ બેંતાલીસ યંત્રોના બ્લોકો બનાવી આર્ટ પેપર ઉપર છાપીને મૂકયા છે.

પરિશિષ્ટમાં છ અધ્યાયની વ્યાખ્યાવાળો **શ્રી અદ્‌ભુત પદ્માવતી કલ્પ, શ્રીરક્ત પદ્માવતી-કલ્પ, શ્રીપદ્માવતી દંડક, શ્રી પદ્માવતી સહસ્રનામ, શ્રી પદ્માવતી મંત્રામ્નાયવિધિ** તથા શ્રી મલ્લિષેણસૂરિ વિરચિત **શ્રીસારસ્વત કલ્પ,** શ્રીઅપ્પભટ્ટિસૂરિ વિરચિત **શ્રીસારસ્વત કલ્પ,** શ્રીજિન પ્રભસૂરિવિરચિત **શ્રી પદ્માવતી ચતુષ્પદી** અને પૂર્વાચાર્ય વિરચિત **શ્રીઅંબિકાકલ્પ.**

તેના યંત્રો, અષ્ટક, સ્તોત્ર, જ્વાલામાલિની સાધના, દેવી સ્તોત્ર વગેરે છાપી મૂકેલાં છે પદ્માવતી, અંબીકા, શ્રીશ્રુતદેવતા, શ્રીશાંતિદેવી, શ્રીબ્રહ્મશાંતિયક્ષ, શ્રી ચક્રેશ્વરી દેવી તથા જ્વાલા-માલિની વગેરે દેવીઓના આઠ ત્રિરંગી ચિત્રો તથા (૧) તોતલા, (૨) ત્વરિતા, (૩) નિત્યા, (૪) ત્રિપુરા, (૫) કામસાધિની, (૬) ત્રિપુર ભૈરવી વગેરે પદ્માવતીદેવીનાં ચિત્રો પણ પ્રથમ જ વાર છપાવવામાં આવેલ છે.

અંગ્રેજી આવૃત્તિ રૂપિયા ૨૫–૦–૦ તેમાં અંગ્રેજી ભાષાંતર પણ આપવામાં આવશે.

વિષયાનુક્રમ

વિષય	પાનું
નમસ્કાર માહાત્મ્ય	
કર્તાઃ શ્રી સિદ્ધસેનસૂરિ	૧-૧૬
પ્રથમ પ્રકાશ	૧-૩
દ્વિતીય પ્રકાશ	૪-૫
તૃતીય પ્રકાશ	૬
ચતુર્થ પ્રકાશ	૭
પંચમ પ્રકાશ	૮-૧૦
ષષ્ઠ પ્રકાશ	૧૧-૧૪
સપ્તમ પ્રકાશ	૧૫-૧૮
આઠમો પ્રકાશ	૧૯
શ્રી નવકાર મન્ત્ર અને તેના વિષયમાં આવશ્યક વિચારો	૨૦-૬૭
શ્રી નવકારસૂત્ર મૂળ	૨૦
પ્રથમ અરિહંત પદનું વર્ણન	૨૦-૨૯
બીજા સિદ્ધપદનું વર્ણન	૩૦-૩૨
ત્રીજા આચાર્યપદનું વર્ણન	૩૩-૩૭
ચોથા ઉપાધ્યાયપદનું વર્ણન	૩૮-૩૯
પાંચમા સાધુપદનું વર્ણન	૪૦-૪૬
છઠ્ઠાથી નવમા પદનું વર્ણન	૪૬-૫૦
પંચપરમેષ્ઠીના ગુણો દર્શાવતું ચૈત્યવંદન	૫૦
નવકારવાલીના ગુણ દર્શાવતી પ્રાચીન સજ્ઝાય	૫૦-૫૧
અરિહંત ભગવાનના બાર ગુણોનું વર્ણન	૫૧-૫૪
સિદ્ધ ભગવાનના આઠ ગુણોનું વર્ણન	૫૪-૫૫
આચાર્ય ભગવાનના છત્રીસ ગુણોનું વર્ણન	૫૫-૫૮
ઉપાધ્યાયના પચીસ ગુણોનું વર્ણન	૫૮
સાધુના સત્તાવીસ ગુણોનું વર્ણન	૫૮-૫૯
છઠ્ઠા પદની વાસ્તવિકતા સંબંધી ચર્ચા અને તેનો ખુલાસો	૬૦-૬૧
સાતમા પદની વાસ્તવિકતા સંબંધી ચર્ચા અને તેનો ખુલાસો	૬૧-૬૩
આઠમા અને નવમા પદની વાસ્તવિકતા સંબંધી ચર્ચા અને તેનો ખુલાસો	૬૩-૬૭
શ્રી નમસ્કાર મહામંત્રના મંત્રામ્નાયો	
કર્તાઃ પૂર્વાચાર્ય	૬૮-૮૬
૧ શાકિનીવગેરેના ભયનિવારક મંત્ર	૬૮
૨ આત્મશુદ્ધિ મન્ત્ર	૬૮
૩ ઇન્દ્રાવીન મન્ત્ર	૬૮
૪ કવચ મન્ત્રવાનો મન્ત્ર	૬૮
૫ હાથ નિર્મળ કરવાનો મન્ત્ર	૬૮
૬ શરીર શુદ્ધ કરવાનો મન્ત્ર	૬૮
૭ અંતઃકરણ શુદ્ધિકરણ મન્ત્ર	૬૯
૮ મુખકમલ શુદ્ધિકરણ મન્ત્ર	૬૯
૯ નેત્ર પવિત્રકરણ મન્ત્ર	૬૯
૧૦ મસ્તકશુદ્ધિ મન્ત્ર	૬૯
૧૧ મસ્તકરક્ષા મન્ત્ર	૬૯
૧૨ શિખાબંધન મન્ત્ર	૬૯
૧૩ મુખરક્ષા મન્ત્ર	૬૯
૧૪ ઇન્દ્રકવચ મન્ત્ર	૬૯
૧૫ કુટુંબરક્ષક મન્ત્ર	૬૯
૧૬ પરમન્ત્ર બલનિવારક મન્ત્ર	૬૯
૧૭ મહારક્ષા સર્વોપદ્રવશાંતિ મન્ત્ર	૭૦
૧૮ આત્મરક્ષા મન્ત્ર	૭૧
૧૯ વશીકરણ મન્ત્ર	૭૧

વિષય	પાનું
૨૦ મસ્તકવેદનાનિવારક મન્ત્ર	૭૨
૨૧ વશીકરણ મન્ત્ર	૭૨
૨૨ તાવનિવારણ મન્ત્ર	૭૨
૨૩ ચોરવૈરીનિવારણ મન્ત્ર	૭૩
૨૪ બંદીખાના–નિવારણ મન્ત્ર	૭૩
૨૫ સંકટમોચન મન્ત્ર	૭૪
૨૬ નવાક્ષરી મન્ત્ર	૭૪
૨૭ ભયનિવારણ મન્ત્ર	૭૪
૨૮ વૈરનાશક મન્ત્ર	૭૪
૨૯ સર્વકાર્યસાધક મન્ત્ર	૭૫
૩૦ ,, ,,	૭૫
૩૧ કર્મનાશક મન્ત્ર	૭૫
૩૨ સફલતાકારક સકલીકરણ મન્ત્ર	૭૫
૩૩ સર્વસિદ્ધિદાયક મન્ત્ર	૭૬
૩૪ બંદીખાના–નિવારણ મન્ત્ર	૭૬
૩૫ દ્રવ્યપ્રાપ્તિ મન્ત્ર	૭૭
૩૬ કલ્યાણકારક મન્ત્ર	૭૭
૩૭ મહાકલ્યાણકારી મન્ત્ર	૭૭
૩૮ ભયહર મન્ત્ર	૭૭
૩૯ રક્ષા મન્ત્ર	૭૭
૪૦ વશીકરણ મન્ત્ર	૭૮
૪૧ ભૂતાદિ ભયનિવારણ મન્ત્ર	૭૮
૪૨ બંદીખાના–નિવારણ મન્ત્ર	૭૯
૪૩ ચૌરભયનિવારણ મન્ત્ર	૭૯
૪૪ સર્વ સંપત્તિદાયક ત્રિભુવન-સ્વામિની વિદ્યા	૭૯
૪૫ વિદ્યાપ્રાપ્તિ મન્ત્ર	૮૦
૪૬ શાંતિદાયક મન્ત્ર	૮૦
૪૭ વસ્તુવિક્રય મન્ત્ર	૮૦
૪૮ રક્ષા મન્ત્ર	૮૦
૪૯ લક્ષ્મીદાયક વિદ્યા	૮૧
૫૦ ચૌરભયનિવારક મન્ત્ર	૮૧
૫૧ શુભાશુભદર્શક મન્ત્ર	૮૧
૫૨ પ્રશ્નોત્તરદર્શક મન્ત્ર	૮૨
૫૩ રક્ષા મન્ત્ર	૮૨
૫૪ સર્વ સિદ્ધિદાયક મન્ત્ર	૮૨
૫૫ પરદેશમાં લાભદાયક મન્ત્ર	૮૩
૫૬ પરમકલ્યાણ મન્ત્ર	૮૩
૫૭ સર્પભયહર મન્ત્ર	૮૪
૫૮ શુભાશુભ જાણવાનો મન્ત્ર	૮૪
૫૯ વાદજીતન મન્ત્ર	૮૪
૬૦ ઐશ્વર્યદાયક મન્ત્ર	૮૪
૬૧ લક્ષ્મીદાયક મન્ત્ર	૮૪
૬૨ દ્રવ્યપ્રાપ્તિ મન્ત્ર	૮૪
૬૩ અભ્યુદયદાયક મન્ત્ર	૮૫
૬૪ કાર્યસિદ્ધિદાયક મન્ત્ર	૮૫
૬૫ ક્લેશનાશક મન્ત્ર	૮૫
૬૬ રોગનિવારક મન્ત્ર	૮૫
૬૭ વ્રણહર મન્ત્ર	૮૫
૬૮ સૂર્ય, મંગલની પીડાનિવારણ મન્ત્ર	૮૫
૬૯ ચન્દ્ર, શુક્રની પીડાનિવારણ મન્ત્ર	૮૬
૭૦ બુધની પીડાનિવારણ મન્ત્ર	૮૬
૭૧ ગુરુની પીડાનિવારણ મન્ત્ર	૮૬
૭૨ શનિ, રાહુ તથા કેતુની પીડા-નિવારણ મન્ત્ર	૮૬
નમસ્કાર મન્ત્રની પ્રભાવદર્શક કથાઓ. (સોમપ્રભાચાર્ય કૃત)	૮૭-૧૧૪
૧ નંદનની કથા	૮૭-૯૪
૨ શ્રીદેવની કથા	૯૫-૯૬
૩ સુદર્શન શેઠની કથા	૯૭-૧૧૪
અમર કુમારની સજ્ઝાય કર્તાઃ કવિયણ	૧૧૫-૧૧૮

વિષય	પાનું
શ્રી નવકાર મન્ત્રનો છંદ વાચક કર્તાઃ કુશલલાભ	૧૧૯-૧૨૧
પદસ્થ ધ્યાનનું સ્વરૂપ કર્તાઃ શ્રી હેમચંદ્રસૂરિ	૧૨૨-૧૩૪
પદસ્થ ધ્યેય અને તેનું ધ્યાન	૧૨૨
માતૃકાના ધ્યાનનું ફળ	૧૨૩-૧૨૬
પ્રણવનું ધ્યાન	૧૨૬
પંચપરમેષ્ઠિ મન્ત્રનું ધ્યાન	૧૨૬-૧૨૯
હ્રીંકાર વિદ્યાનું ધ્યાન	૧૨૯-૧૩૦
ક્ષ્વિં વિદ્યાનું ધ્યાન	૧૩૦-૧૩૧
પ્રણવ, શૂન્ય અને અનાહતનું ધ્યાન	૧૩૧-૧૩૩
ઉવસગ્ગહર સ્તોત્ર કર્તાઃ શ્રી ભદ્રબાહુસ્વામી	૧૩૫-૧૪૯
પ્રથમ ગાથાના મન્ત્રો	૧૩૫-૧૩૮
પાર્શ્વયક્ષિણિ મન્ત્ર	૧૩૭
નિર્વિષીકરણ મન્ત્ર	૧૩૭
સર્વ જ્વરનાશન મન્ત્ર	૧૩૭
ક્ષુદ્રોપદ્રવનાશન મન્ત્ર	૧૩૮
બીજી ગાથાના મન્ત્રો	૧૩૯-૧૪૨
રોગનાશક વિદ્યા	૧૪૦
ત્રીજી ગાથાના મન્ત્રો	૧૪૩-૧૪૬
ચોથી ગાથાના મન્ત્રો	૧૪૭
પાંચમી ગાથાના મન્ત્રો	૧૪૮-૧૪૯
સર્પદંશ નિવારણ મન્ત્ર	૧૪૯
નગરક્ષોભન મન્ત્ર	૧૪૯
સર્વાર્થસિદ્ધિકર મન્ત્ર	૧૪૯
ક્ષેમકરણ મન્ત્ર	૧૪૯
ઉવસગ્ગહર સ્તોત્રમાહાત્મ્યગર્ભિત શ્રી પ્રિયંકરનૃપકથા શ્રી જિનસૂર મુનિ	૧૫૦-૨૨૮

વિષય	પાનું
મંગલાચરણ	૧૫૦
ઉપસર્ગહર મહિમા	૧૫૦-૧૫૧
નવું મકાન બનાવવા સંબંધી વાસ્તુશાસ્ત્રના નિયમો	૧૫૨
છીંક સંબંધી સારાનરસા ફળનું વર્ણન	૧૫૪
પ્રિયંકરનો જન્મ	૧૬૦
કુતરાના શુકનનું ફળ	૧૬૦
ગર્દભના શુકનનું સારું નરસું ફળ	૧૬૩-૧૬૪
ઉપસર્ગહર સ્તોત્રનું માહાત્મ્ય	૧૭૭
સ્વપ્નશાસ્ત્રના આધારે સ્વપ્નનું ફળ	૧૮૮
વાસ્તુશાસ્ત્રના નિયમ પ્રમાણે આવાસ કરાવવાનું વર્ણન	૧૮૯
ઉપસર્ગહર સ્તોત્રના જાપથી યક્ષનું નીકળી જવું	૨૦૧
બાળકને દાંત ફૂટે તેના ઉપરથી સારાનરસા ફળનું વર્ણન	૨૧૪
ઉપસર્ગહર સ્તોત્રના માહાત્મ્યનું વર્ણન	૨૧૭-૨૧૮
પાર્શ્વનાથ સ્તોત્ર અપભ્રંશ ભાષામાં	૨૨૦
શ્રી સંતિકર સ્તવન કર્તાઃ શ્રી મુનિસુંદરસૂરિ	૨૨૯-૨૪૯
સોળ વિદ્યાદેવીઓનાં સ્વરૂપનું વર્ણન	૨૩૩-૨૩૬
સોળ વિદ્યાદેવીઓની સોળ મુદ્રાઓ તથા મન્ત્રો	૨૩૭
ચોવીસ તીર્થંકરના ચોવીસ યક્ષનાં સ્વરૂપોનું વર્ણન	૨૩૭-૨૪૨
ચોવીસ તીર્થંકરની ચોવીસ યક્ષિણીઓના સ્વરૂપનું વર્ણન	૨૪૩-૨૪૮
શ્રી સંતિકર સ્તવામ્નાય કર્તાઃ પૂર્વાચાર્ય	૨૫૦-૨૫૪

વિષય	પાનું
શ્રી તિજયપહુત્ત સ્તોત્ર	૨૫૫-૨૫૯
તિજયપહુત્ત સ્તોત્રામ્નાય	૨૬૦-૨૭૧
શ્રી નમિઊણ સ્તોત્ર	
કર્તાઃ શ્રી માનતુંગસૂરિ	૨૭૨-૨૮૭
પ્રથમ ગાથાના મન્ત્રો	૨૭૨-૨૭૪
પ્રસૂતિ મન્ત્ર	૨૭૩
વિસ્ફોટકનાશન મન્ત્ર	૨૭૩
બીજી, ત્રીજી ગાથાના મન્ત્રો	૨૭૪-૨૭૫
ચોથી, પાંચમી ગાથાના મન્ત્રો	૨૭૫-૨૭૬
ભયનિવારણ વિદ્યા	૨૭૬
તસ્કરરક્ષા મન્ત્ર	૨૭૬
છઠ્ઠી, સાતમી ગાથાના મન્ત્રો	૨૭૭-૨૭૮
અગ્નિસ્તંભન મન્ત્ર	૨૭૮
આઠમી, નવમી ગાથાના મન્ત્રો	૨૭૯-૨૮૦
અંગન્યાસ મન્ત્ર	૨૭૯
આત્મરક્ષા મન્ત્ર	૨૭૯
ચૌર, વાઘ ભયનિવારણ મન્ત્ર	૨૭૯
ગૂમડાંને ઊંજવાનો મન્ત્ર	૨૭૯
આંખની આંજણીને ઊંજવાનો મન્ત્ર	૨૭૯
કંઠમાલાનો મન્ત્ર	૨૭૯
સંઘભયરક્ષા મન્ત્ર	૨૮૦
દશમી, અગિયારમી ગાથાના મન્ત્રો	૨૮૧
ચૌરભયનિવારણ મન્ત્ર	૨૮૧
ચૌરભયનિવારણ વિદ્યા	૨૮૧
ખડ્ગસ્તંભન મન્ત્ર	૨૮૧
ચોરપરીક્ષાકરણ મન્ત્રપ્રયોગ	૨૮૧
બારમી, તેરમી ગાથાના મન્ત્રો	૨૮૨
સિંહભયનિવારણ મન્ત્ર	૨૮૨
પરવિદ્યોચ્છેદક મન્ત્રપ્રયોગ	૨૮૨
શત્રુવશીકરણ મન્ત્રપ્રયોગ	૨૮૨

વિષય	પાનું
ચૌદમી, પંદરમી ગાથાના મન્ત્રો	૨૮૩
સોળમી,સત્તરમી ગાથાના મન્ત્રો,તન્ત્રો	૨૮૪
શસ્ત્રના ઘા–નિવારણ તન્ત્ર	૨૮૪
શસ્ત્રના ઘા–નિવારણ માટે તન્ત્ર બીજો	૨૮૪
અઢારમી ગાથાના મન્ત્રો	૨૮૪
ઓગણીસમી, વીસમી અને એકવીસમી ગાથાના મન્ત્રો	૨૮૫-૨૮૬
સર્વરક્ષા મન્ત્ર	૨૮૬
લાભદાયક વિદ્યા	૨૮૬
સર્વકાર્યસિદ્ધિ મન્ત્ર	૨૮૬
સર્વકાર્યસિદ્ધિ વિદ્યા	૨૮૬
શ્રી અજિતશાંતિ સ્તવન	
કર્તાઃ નંદિષેણ મુનિ	૨૮૮-૩૧૪
શ્રી ભક્તામર સ્તોત્ર	
કર્તાઃ માનતુંગસૂરિ	૩૧૫-૪૦૮
કાવ્ય ૧, ૨	૩૧૫-૩૧૯
હેમશ્રેષ્ઠિની કથા	૩૧૬-૩૧૮
વિપત્તિનાશક મન્ત્ર	૩૧૮
કાવ્ય ૩, ૪	૩૧૯-૩૨૨
સુમતિ વણિકની કથા	૩૨૦-૩૨૨
કાવ્ય ૫, ૬, ૭	૩૨૩-૩૨૬
સુધન શ્રેષ્ઠિની કથા	૩૨૩ ૩૨૬
વિવાદજીતન મન્ત્ર	૩૨૬
કાવ્ય ૮, ૯	૩૨૬-૩૩૧
કેશવની કથા	૩૨૭-૩૩૦
સર્વરક્ષાકરી વિદ્યા	૩૩૦-૩૩૧
કાવ્ય ૧૦, ૧૧	૩૩૧-૩૩૪
કપર્દી વણિકની કથા	૩૩૨-૩૩૪
મનોવાંછિતદાયક મન્ત્ર	૩૩૪
કાવ્ય ૧૨	૩૩૪-૩૩૬

વિષય	પાનું
સુબુદ્ધિ મંત્રીની કથા	૩૩૫-૩૩૬
સરસ્વતી વિદ્યા	૩૩૬
કાવ્ય ૧૩, ૧૪	૩૩૬-૩૩૯
રોગાપહારિણી વિદ્યા	૩૩૬
ડાહીની કથા	૩૩૭-૩૩૯
વિષાપહારિણી વિદ્યા	૩૩૯
ત્રિભુવનસ્વામિની વિદ્યા	૩૩૯
કાવ્ય ૧૫	૩૪૦-૩૪૨
સજ્જન રાજાની કથા	૩૪૦-૩૪૧
શુભાશુભદર્શક મન્ત્ર	૩૪૧-૩૪૨
ઉપદ્રવનાશક મન્ત્ર	૩૪૨
કાવ્ય ૧૬, ૧૭	૩૪૨-૩૪૫
શ્રીસંપાદિની વિદ્યા	૩૪૨
કેલિપ્રિય રાજકુમારની કથા	૩૪૩-૩૪૫
પરવિદ્યાચ્છેદિની વિદ્યા	૩૪૫
કાવ્ય ૧૮	૩૪૫-૩૫૦
આંબડ મંત્રીની કથા	૩૪૬-૩૪૯
કીર્તિવર્ધક મન્ત્ર	૩૫૦
કાવ્ય ૧૯	૩૫૦-૩૫૩
લક્ષ્મણશ્રેષ્ઠિની કથા	૩૫૦-૩૫૩
અશિવોપશમની વિદ્યા	૩૫૩
કાવ્ય ૨૦	૩૫૩-૩૫૫
મહીપતિ રાજાની કથા	૩૫૪-૩૫૫
કાવ્ય ૨૧	૩૫૫-૩૫૭
જીવદેવસૂરિની કથા	૩૫૬-૩૫૭
કાવ્ય ૨૨	૩૫૭-૩૫૮
આર્યખપુટાચાર્યની કથા	૩૫૭-૩૫૮
કાવ્ય ૨૩	૩૫૯-૩૬૦
આર્યખપુટાચાર્યની કથા	૩૫૯-૩૬૦
કાવ્ય ૨૪	૩૬૦-૩૬૧
કાવ્ય ૨૫	૩૬૧-૩૬૩

વિષય	પાનું
જીતશત્રુ રાજાની કથા	૩૬૨-૩૬૩
ચિંતામણિ મન્ત્ર	૩૬૩
કાવ્ય ૨૬	૩૬૪-૩૬૭
ધનિક વાણિયાની કથા	૩૬૪-૩૬૬
લક્ષ્મીદેવીનો મંત્ર	૩૬૬
લક્ષ્મીદેવીની મૂર્તિનું સ્વરૂપ	૩૬૭
કાવ્ય ૨૭	૩૬૭-૩૬૯
સાતવાહન રાજાની કથા	૩૬૮-૩૬૯
ક્ષુદ્રોપદ્રવનાશક તથા મનોવાંછિતદાયક મન્ત્ર	૩૬૯
કાવ્ય ૨૮, ૨૯, ૩૦, ૩૧	૩૬૯-૩૭૩
ગોપાલની કથા	૩૭૧-૩૭૩
મનોવાંછિત દાયક મન્ત્ર	૩૭૩
કાવ્ય ૩૨, ૩૩, ૩૪, ૩૫	૩૭૩-૩૭૫
કાવ્ય ૩૬, ૩૭	૩૭૫-૩૭૮
જિણુહાક શ્રાવકની કથા	૩૭૬-૩૭૮
ચક્રેશ્વરીનો મન્ત્ર	૩૭૮
કાવ્ય ૩૮	૩૭૯-૩૮૨
સોમરાજની કથા	૩૭૯-૩૮૧
હસ્તિભયહર મન્ત્ર	૩૮૨
કાવ્ય ૩૯	૩૮૨-૩૮૪
દેવરાજ શ્રાવકની કથા	૩૮૨-૩૮૪
સિંહભયહર મન્ત્ર	૩૮૪
કાવ્ય ૪૦	૩૮૪-૩૮૫
લક્ષ્મીધર શેઠની કથા	૩૮૪-૩૮૫
અગ્નિભયહર મન્ત્ર	૩૮૫
કાવ્ય ૪૧	૩૮૫-૩૯૦
દૃઢવ્રતાની કથા	૩૮૬-૩૯૦
સર્પભયહર મન્ત્ર	૩૯૦
કાવ્ય ૪૨, ૪૩	૩૯૦-૩૯૫
ગુણવર્માની કથા	૩૯૧-૩૯૪

વિષય	પાનું
સંગ્રામભયહર મન્ત્ર	૩૯૪-૩૯૫
કાવ્ય ૪૪	૩૯૫-૩૯૮
ધનાવહ શેઠની કથા	૩૯૫-૩૯૮
સમુદ્રભયહર મન્ત્ર	૩૯૮
કાવ્ય ૪૫	૩૯૮-૪૦૪
રાજહંસ કુમારની કથા	૩૯૯-૪૦૪
સર્વરોગહર મન્ત્ર	૪૦૪
કાવ્ય ૪૬	૪૦૪-૪૦૭
રણપાલની કથા	૪૦૫-૪૦૬
બંદીમોચન મન્ત્ર	૪૦૭
કાવ્ય ૪૭, ૪૮	૪૦૭-૪૦૮
ભક્તામર સ્તોત્ર ૧ થી ૨૨મા કાવ્ય સુધીના શ્રી હરિભદ્રસૂરિકૃત યન્ત્રોની વિધિ	૪૦૯
ભક્તામરસ્તોત્રનો સર્વોત્તમ વિધિ	૪૧૦-૪૧૧
ભક્તામર મન્ત્રતન્ત્રામ્નાય	૪૧૨-૪૫૯
પ્રથમ કાવ્ય પંચાંગ વિધિ	૪૧૨
લક્ષ્મીદાયક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૨
દ્વિતીય કાવ્ય પંચાંગ વિધિ	૪૧૩
શત્રુગૃહભંગતન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૩
ત્રીજા કાવ્યનો પંચાંગ વિધિ	૪૧૩-૪૧૪
દ્રષ્ટિદોષનિવારણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૪
ચતુર્થ કાવ્ય પંચાંગ વિધિ	૪૧૫
જલતરણીગુટીકા તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૫
પાંચમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૧૬
નેત્રરોગહર તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૬
છઠ્ઠા કાવ્યનો પંચાંગ વિધિ	૪૧૭
સરસ્વતીવશીકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ૪)	૧૭
સાતમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૧૮
સર્પપ્રગટન તંત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૮
આઠમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૧૯
વ્રણપીડાઉપશમન તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૧૯
નવમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૧૯-૪૨૦
ચોરી–નિવારણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૦
દસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૦-૪૨૧
શત્રુપરાભવ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૧
અગિયારમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૧-૪૨૨
ખોવાએલો મનુષ્ય પાછો મેળવવા માટેનો તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૨
બારમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૨-૪૨૩
સ્ત્રી–વશીકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૩
તેરમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૩-૪૨૪
દુષ્ટજન વશીકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૪
ચૌદમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૫
બુદ્ધિવર્ધક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૫
પંદરમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૬
વીર્યસ્તંભન તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૬
સોળમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૭
અગ્નિશાંતિ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૭
સત્તરમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૮
ઉદરરોગનાશન તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૮
અઢારમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૨૯
લીંબુ ફુલાવવાનો તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૨૯
ઓગણીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૦
આજીવિકાપ્રાપ્તિ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૦
વીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૧
પુત્રપ્રાપ્તિ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૧
એકવીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૨
વશીકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૨

વિષય	પાનું
બાવીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૩
વ્યંતરદોષનિવારણતન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૩
ત્રેવીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૪
શરીરરક્ષાકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૪
ચોવીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૫
આધાશીશીનાશકતન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૫
પચ્ચીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૬
અગ્નિશાંતિકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૬
છવ્વીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૭
પ્રસૂતિપીડાનિવારણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૭
સત્તાવીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૮
શત્રુક્ષયકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૮
અઠ્ઠાવીશમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૩૯
કાર્યસિદ્ધિદાયક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૩૯
ઓગણત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૦
સ્થાવરવિષનાશક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૦
ત્રીસમા કાવ્યનો પંચાગ વિધિ	૪૪૧
સર્વભયનાશક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૧
એકત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૨
રાજ્યસન્માનદાયક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૨
બત્રીશમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૩
શ્રમણઉપશમન તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૩
તેત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૪
ચોત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૫
ગર્ભસંરક્ષણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૫
પાંત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૬
મરકીનાશક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૬
છત્રીશમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૭
નિધાન દર્શક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૭

વિષય	પાનું
સાડત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૮
શત્રુનાશકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૮
આડત્રીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૪૯
હસ્તિવશકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૪૯
ઓગણચાલીસમા કાવ્યનો પંચાંગવિધિ	૪૫૦
સિંહભયહર તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૦
ચાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૧
અગ્નિભયહર તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૧
એકતાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૨
સર્પદંશનાશક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૨
બેંતાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૩
સેનાપતિવશીકરણતન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૩
તેંતાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૪
વિજયતિલક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૪
ચુમાલીસમાકાવ્યનોપંચાગ વિધિ	૪૫૪-૪૫૫
સમુદ્રભયહર તન્ત્ર	૪૫૫
પિસ્તાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૬
સર્વરોગઉપશમનતન્ત્ર(હરિભદ્રસૂરિ)	૪૫૬
છેંતાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૭
બંધનમુક્તિકરણ તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૭
સુડતાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૮
વિજયદાયક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૮
અડતાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ	૪૫૯
અષ્ટસિદ્ધિદાયક તન્ત્ર (હરિભદ્રસૂરિ)	૪૫૯
શ્રી કલ્યાણમંદિર સ્તોત્ર સિદ્ધસેન દિવાકર	૪૬૦-૪૮૮
કાવ્ય ૧, ૨	૪૬૦
જયદાયક મન્ત્ર	૪૬૦
કાવ્ય ૩	૪૬૦-૪૬૧
ત્રૈલોક્ય વશીકરણ મન્ત્ર	૪૬૧
કાવ્ય ૪, ૫, ૬	૪૬૧-૪૬૨

વિષય	પાનું
વશીકરણ મન્ત્ર	૪૬૨
કાવ્ય ૭	૪૬૩
ભયહર મન્ત્ર	૪૬૩
કાવ્ય ૮	૪૬૩-૬૪
નિર્વિષીકરણ મન્ત્ર	૪૬૩-૬૪
કાવ્ય ૯	૪૬૪
ઉપદ્રવનાશક મન્ત્ર	૪૬૪
કાવ્ય ૧૦	૪૬૫
જલભયહર મન્ત્ર	૪૬૫
કાવ્ય ૧૧	૪૬૫-૪૬૬
અગ્નિભયહર મન્ત્ર	૪૬૬
કાવ્ય ૧૨	૪૬૬-૪૬૭
મનોવાંછિતદાયક મન્ત્ર	૪૬૬
કાવ્ય ૧૩	૪૬૭
વ્યંતરદોષનિવારક મન્ત્ર	૪૬૭
કાવ્ય ૧૪	૪૬૮
દુર્ષણાવતાર મન્ત્ર	૪૬૮
કાવ્ય ૧૫	૪૬૯
જ્વરનાશક મન્ત્ર	૪૬૯
કાવ્ય ૧૬	૪૬૯-૪૭૦
કાર્મણાદિદોષ નિવારક મન્ત્ર	૪૭૦
કાવ્ય ૧૭	૪૭૦
નિર્વિષીકરણ મન્ત્ર	૪૭૦
કાવ્ય ૧૮	૪૭૧
શુભાશુભદર્શક મન્ત્ર	૪૭૧
કાવ્ય ૧૯	૪૭૨
માછલાં જળમાં ન આવવા દેવાનો મન્ત્ર	૪૭૨
કાવ્ય ૨૦	૪૭૨-૪૭૩
રાજાને વશ કરવાનો મન્ત્ર	૪૭૩
કાવ્ય ૨૧	૪૭૩-૪૭૪

વિષય	પાનું
સર્વસિદ્ધિદાયક મન્ત્ર	૪૭૩
કાવ્ય ૨૨	૪૭૪
સન્માન પ્રાપ્તિદાયક મન્ત્ર	૪૭૪
કાવ્ય ૨૩	૪૭૪-૪૭૫
સ્ત્રી–આકર્ષણ મન્ત્ર	૪૭૫
કાવ્ય ૨૪	૪૭૫
શત્રુજ્ઞપક મન્ત્ર	૪૭૫
કાવ્ય ૨૫	૪૭૬
વિષ ઉતારવાનો મન્ત્ર	૪૭૬
કાવ્ય ૨૬	૪૭૬-૪૭૭
પરવિદ્યાછેદક મન્ત્ર	૪૭૭
કાવ્ય ૨૭	૪૭૭-૪૭૮
નજરદોષનાશક મન્ત્ર	૪૭૮
કાવ્ય ૨૮	૪૭૮-૪૭૯
ત્રિભુવનજયપ્રાપ્તિ મન્ત્ર	૪૭૯
કાવ્ય ૨૯	૪૭૯-૪૮૦
દાહજ્વર ઉપશમન મન્ત્ર	૪૭૯
કાવ્ય ૩૦	૪૮૦-૪૮૧
શુભાશુભદર્શક મન્ત્ર	૪૮૦
કાવ્ય ૩૧	૪૮૧
સર્વોપદ્રવનાશક મન્ત્ર	૪૮૧
કાવ્ય ૩૨	૪૮૧-૪૮૨
અકાલનિદ્રા પ્રાપ્તિ મન્ત્ર	૪૮૧-૪૮૨
કાવ્ય ૩૩	૪૮૨
ઉપદ્રવનાશક મન્ત્ર	૪૮૨
કાવ્ય ૩૪	૪૮૨-૪૮૩
ક્રયવિક્રયે લાભદાયક મન્ત્ર	૪૮૨-૪૮૩
કાવ્ય ૩૫	૪૮૩
સર્વસંકટનાશક મન્ત્ર	૪૮૩
કાવ્ય ૩૬	૪૮૪
સર્વજનવશીકરણ મન્ત્ર	૪૮૪

વિષય	પાનું
કાવ્ય ૩૭	
ભૂતાદિ દોષનિવારક મન્ત્ર	૪૮૪
કાવ્ય ૩૮	
ચિંતામણિ મન્ત્ર	૪૮૫
કાવ્ય ૩૯	૪૮૫–૪૮૬
વશીકરણ મન્ત્ર	૪૮૬
કાવ્ય ૪૦, ૪૧, ૪૨, ૪૩, ૪૪,	૪૮૬–૪૮૮
ચિત્તસમાધિદાયક મન્ત્ર	૪૮૭–૪૮૮
દુષ્ટમનનાશક મન્ત્ર	૪૮૮
કલ્યાણમંદિર મન્ત્રામ્નાયો	૪૮૯-૫૦૨
કાવ્ય ૧, ૨, ૩, ૪ ઋદ્ધિ, મંત્ર યંત્ર, વિધિ, ગુણ	૪૮૯
કાવ્ય ૫, ૬, ૭ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૦
કાવ્ય ૮, ૯, ૧૦, ૧૧ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૧
કાવ્ય ૧૨, ૧૩, ૧૪ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૨
કાવ્ય ૧૫, ૧૬, ૧૭, ૧૮ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૩
કાવ્ય ૧૯, ૨૦, ૨૧ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૪
કાવ્ય ૨૨, ૨૩, ૨૪ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૫
કાવ્ય ૨૫, ૨૬, ૨૭ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૬
કાવ્ય ૨૮, ૨૯, ૩૦, ૩૧ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૭
કાવ્ય ૩૨, ૩૩, ૩૪ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૮
કાવ્ય ૩૫, ૩૬, ૩૭ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૪૯૯
કાવ્ય ૩૮, ૩૯, ૪૦ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૫૦૦
કાવ્ય ૪૧, ૪૨, ૪૩ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૫૦૧
કાવ્ય ૪૪ ઋદ્ધિ, મંત્ર, યંત્ર, વિધિ, ગુણ	૫૦૨
બૃહચ્છાંતિ સ્તોત્ર (મોટી શાંતિ) કર્તાઃ(શાંતિસુરી ?)	૫૦૩–૫૦૮

પરિશિષ્ટ

	પાનું
૧ શ્રી ઋષિમંડલ સ્તવ ગુજરાતી ભાષાંતર સાથે કર્તાઃ (ગૌતમસ્વામી ?)	૫૦૯-૫૧૯
૨ શ્રી નવગ્રહ મંત્રાક્ષર સ્તોત્ર	૫૨૦-૫૨૨
૩ શ્રી મહાલક્ષ્મી અષ્ટક	૫૨૩
૪ શ્રી મણિભદ્રજીનો છંદ કર્તાઃ ઉદયકુશલ	૫૨૪-૫૨૬
૫ શ્રી ભૈરવાષ્ટક	૫૨૭-૫૨૮

મહાપ્રાભાવિક નવસ્મરણ

॥ ॐ ह्रीं श्रीं पार्श्वनाथाय नमः ॥

મહાપ્રાભાવિક નવસ્મરણ.

નમસ્કાર માહાત્મ્ય*

ત્રણ જગતના ગુરૂ અને કલ્પવૃક્ષ સમાન તથા મુક્તિરૂપ રમણીના અદ્વિતીય કામુક પ્રથમ તીર્થંકર **શ્રીઋષભદેવસ્વામીને** નમસ્કાર થાઓ. જેઓ તપ અને જ્ઞાનરૂપી ધનના સ્વામી છે તથા જેઓના ચરણ કમળને ઇન્દ્રો પણ નમસ્કાર કરે છે અને જેઓ સિદ્ધસેનના[1] સ્વામી છે તેઓ **શ્રીશાંતિનાથ** પ્રભુને નમસ્કાર થાઓ. **શ્રીમુનિસુવ્રત** સ્વામીને, **અનંતનાથ** પ્રભુને, તથા **શ્રીઅરિષ્ટનેમિ** પ્રભુને નમસ્કાર થાઓ. **શ્રીમાન્ પાર્શ્વનાથ** સ્વામીને, પ્રભુ **શ્રી મહાવીરસ્વામીને** તથા બીજા સર્વ જિનેશ્વરોને નમસ્કાર થાઓ. **અચ્છુપ્તા, અંબિકા, બ્રાહ્મી, પદ્માવતી અને સરસ્વતી** વગેરે દેવીઓ કે જે માતા તુલ્ય ગણાય છે તેઓ **મને** પુરુષાર્થની પરંપરા આપો. પુણ્યરૂપ શરીરને ઉત્પન્ન કરનારી, પાળનારી અને શુદ્ધિ કરનારી તથા હંસ રૂપ આત્માને વિશ્રામ લેવા માટે કમળ સરોવર સમાન પંચપરમેષ્ઠિની નમસ્કૃતિ સદા જયવંતી વર્તો. આ

---

૧ આ કૃતિના કર્તાનું નામ સિદ્ધસેન છે.

* શ્રી જૈન ધર્મ પ્રસારક સભા ભાવનગર તરફથી વિ. સં. ૧૯૭૬ માં પ્રસિદ્ધ થએલા 'નમસ્કાર માહાત્મ્ય અને કૂર્માપુત્ર ચરિત્ર'પરથી આ સારીએ કૃતિ અત્રે રજુ કરવામાં આવી છે.

ચાર ગતિરૂપ સંસાર જો કે કટુક છે, તો પણ મને મનુષ્યજન્મ અને દીર્ઘાયુષ મળવાથી મારે તો માન્ય કરવા લાયક છે; કારણકે તે જન્મ અને દીર્ઘાયુષના આશ્રયથીજ મને જિનેશ્વરદેવનું શાસન (જૈન ધર્મ) પ્રાપ્ત થએલ છે.

શ્રી જિનશાસનરૂપ મનુષ્ય ક્ષેત્રને વિષે પાંચ મેરૂ સમાન અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય અને સર્વ સાધુઓને નમસ્કાર હો. જે ભવ્ય પ્રાણીઓ "नमो अरिहंताणं, नमो सिद्धाणं, नमो आयरियाणं, नमो उवज्झायाणं, नमो लोए सव्वसाहूणं" આ પાંચ પદોનું ભાવપૂર્વક સ્મરણ કરે છે, તેઓને ભવભ્રમણ કયાંથી હોય ? સાક્ષાત્ તીર્થંકરની વાણીના પાંત્રીસ અતિશયો જેવા આ પંચ પરમેષ્ટિ નમસ્કારના પાંચ પદોના પાંત્રીસ અક્ષરો તમને લક્ષ્મીની પ્રાપ્તિને માટે થાઓ. આદિ અંત રહિત તે પંચ પરમેષ્ટિના ત્રણ લોકને પવિત્ર કરનાર શ્લોકો વડે સિદ્ધસેનની વાણી પોતાના આત્માની શુદ્ધિને કરે છે.

જેઓએ અરિહંત ભગવંતનું શરણ ગ્રહણ કર્યું હોય છે, તેઓને નરનાથ–રાજાઓ વશવર્તી થાય છે, દેવેન્દ્રો તેમને નમસ્કાર કરે છે તથા તેઓને સર્પાદિકથી ભય ઉપજતો નથી. જે ભવ્ય પ્રાણી અરિહંતને પૂજે છે, તેના પર મોહ દ્રોહ કરી શકતો નથી, તે નિરંતર હર્ષ પામે છે અને શીઘ્રપણે મોક્ષમાં જાય છે. જેઓને કેવળજ્ઞાનીઓ પ્રદક્ષિણા દેવા વડે પૂજે છે–અર્ચે છે તે અનંત ગુણ અને રૂપવાળા અરિહંત ભગવંતના માહાત્મ્યને કોણ જાણે છે ? બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વર વગેરે દેવોને પણ જે રાગદ્વેષાદિક રિપુઓ (શત્રુઓ) એ અત્યંત વિડંબના પમાડી છે, તે શત્રુઓને એકલા જિનેશ્વરોએ–અરિહંત ભગવંતોએ જ હણ્યા છે. આત્મા અને કર્મ બંને ક્ષીર નીરની જેમ નિરંતર મળેલા છે, તેનું હંસની જેમ જે વિવરણ–પૃથક્કરણ તે એક જિનેશ્વર ભગવંતો જ કરે છે. જેમ સ્મૃ (સંભારવુ) અને ધ્યૈ (ધ્યાન કરવું) એ બેડાક્ષરવાળા ધાતુઓના અક્ષરો સ્વભાવથી જ જોડાએલા છે, તેમજ આત્મા અને કર્મ સ્વભાવથી જ જોડાએલા છે, તેઓના સંયોગને બીજા મહાત્માઓ પણ જાણી શકતા નથી. બીજ અને અંકુરાની જેમ તથા કુકડી અને ઈંડાની જેમ આત્મા અને કર્મ અનાદિ કાળથી પરસ્પર મળેલાં છે. તેમાં અમુક પ્રથમ અને અમુક પછી ઉત્પન્ન થએલાં છે એવું પૂર્વાપરપણું સર્વથા પ્રકારે અસંભવિત જ છે. જેઓ પ્રાણીઓને કર્મરૂપ પાશથી તાયી–રક્ષણ કરનારા છે, જેઓ ભવસમુદ્રમાં ડુબતા પ્રાણીઓને તારનાર છે તથા જેઓ તત્ત્વજ્ઞાનીઓના સ્વામી છે તે જિનેશ્વર ભગવંતોનું અમે ધ્યાન કરીએ છીએ. ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો ણંકાર અક્ષર એવું

બતાવે છે કે જેનો આત્મા જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ તત્ત્વોથી પવિત્ર થએલો હોય તે મોક્ષ પદને–સિદ્ધિ સુખને પામે છે. માથું બાંધેલો, સરલ સીધી ત્રણ રેખાવાળો અને મસ્તક પર અનુસ્વારવાળો ણં એવો અક્ષર જે પુરૂષ હમેશાં બોલે છે, તે પુરૂષ ત્રણે કાળ મન, વચન અને કાયાની શુદ્ધિ વડે સરલ થઇને ત્રણ ભુવનના મુગટરૂપ થાય છે-સિદ્ધિપણાને પામે છે. સાત ક્ષેત્રની જેમ સફળ અને સાત ક્ષેત્રની જેમ શાશ્વતા આ પ્રથમ પદના સાત અક્ષરો નમો અરિહંતાણં મારા સાત ભયોનો નાશ કરો.

શ્રીસિદ્ધસેન આચાર્યે રચેલા નમસ્કાર માહાત્મ્યને વિષે
પ્રથમ પ્રકાશ સંપૂર્ણ.

જે સ્થાને સિદ્ધના જીવો રહેલા છે તે સ્થાને તે સિદ્ધોને જન્મ નથી, મરણ નથી, ભય નથી, પરાભવ નથી તથા કલેશનો લેશ પણ નથી. મોચાના (કેળના) સ્તંભની જેમ સર્વથા પ્રકારે સાર રહિત આ સંસાર કયાં અને લોકના અગ્રભાગે રહેલા લોકના સારભૂત સિદ્ધના જીવોનો વૈભવ કયાં? જેઓ લોકમાં સિત-ઉજ્જવલ ધર્મવાળા છે, શુકલ લેસ્યાવાળા છે, શુકલધ્યાનવાળા છે અને નિર્મળ કીર્તિવાળા છે તે સિદ્ધો અમોને સિદ્ધિના આપનાર થાઓ. સિદ્ધાણું એ શબ્દમાં દ્ધા અક્ષર હોવાથી સત્પુરૂષોને સ્વર્ગ અને મોક્ષનું દાન[1] કરવામાં તથા દુર્ગતિમાં પડતા ધારણ[2] કરવામાં સિદ્ધોની એવી વખતે જ શક્તિ છે એમ હું માનું છું. [3]અથવા આ બે અક્ષરવાળા સિદ્ધ શબ્દમાં 'દ્ધ' એ બે અક્ષરનો યોગ[4] છે તેથી તે સત્પુરૂષોને યોગથી[5] ઉત્પન્ન થનારૂં મોક્ષરૂપ ફળ આપવાનું કહે છે. જ્ઞાન અને ક્રિયા એ બેનો પરસ્પર યોગ (સંબંધ) કોઈ અપૂર્વ છે, કેમકે તે સ્ત્રી પુરૂષના યોગની જેમ પરમાત્માથી ઉત્પન્ન થએલા આનંદને ઉત્પન્ન કરે છે. પુરૂષનું ભાગ્ય પાંગળું-પંગુ જેવું છે અને ઉદ્યમ એ અંધ જેવો છે, તેથી કરીને જેમ આંધળા અને પાંગળાનો યોગ થવાથી ગમન ક્રિયાની સિદ્ધિ થાય છે, તેમ જ્ઞાન અને ક્રિયાનો યોગ થવાથી મોક્ષપદની સિદ્ધિ થાય છે. ખડ્ગ અને ઢાલની જેવા જ્ઞાન અને ચારિત્ર એ બંનેને ધારણ કરનાર વીર પુરૂષ સમકિતરૂપ બખ્તરને ધારણ કરી સંસારરૂપ રણસંગ્રામમાં જયપણાને પામે છે. જેવી રીતે પક્ષીને પોતાની બે પાંખો ઈચ્છિત સ્થાને પહોંચાડે છે તેવી રીતે નિશ્ચળ અને વિસ્તારવાળા શ્રેષ્ટ તપ અને શમ એ બંને મળીને પ્રાણીને ઈચ્છિત સ્થાને (મોક્ષ સ્થાને) પહોંચાડે છે. ધુરંધર બળદની જેમ ઉત્સર્ગ અને અપવાદ એ બંને મળીને શીલાંગ રૂપ રથ પર આરૂઢ થએલા પ્રાણીને ક્ષણવારમાં મોક્ષરૂપ નગરે પહોંચાડે છે. નિશ્ચય અને વ્યવહાર એ બે નયો આલોક તથા પરલોકમાં નિરંતર ઉદ્યોત-પ્રકાશ કરવા માટે સૂર્ય અને ચંદ્રની જેમ જાગૃત છે. મનની શુદ્ધિ એ આભ્યંતર તત્ત્વ છે અને સંયમ એ બાહ્ય તત્ત્વ છે. તે બંનેનો યોગ થવાથી મોક્ષની પ્રાપ્તિ થાય છે, તેથી કરીને હે આત્મા! તે બંનેનું તું સેવન કર. જેમ એક ચક્રવડે રથ ચાલતો નથી અને એક પાંખ વડે પક્ષી ઉડી શકતું નથી, જેમ દશકની અંદર નવ સુધીની સર્વ સંખ્યાનો સમાવેશ થઈ જાય છે, તેજ પ્રમાણે અનેકાંતપક્ષ રૂપી સમુદ્રમાં નદી ઓની જેમ સર્વ એકાંતપક્ષોનો સમાવેશ થઈ જાય છે, પરંતુ તુચ્છ એટલે અલ્પ

૧-૨ **दा** અને **धा** ધાતુને એકત્ર કરી **द्धा** અક્ષર બનાવેલો છે. ૩ અહીંથી આરંભીને **णंकारनुं** વર્ણન આવે ત્યાં સુધી **द्धा** એ જોડાક્ષર હોવાથી તેને અનુસરતું વર્ણન કરવામાં આવ્યું છે. ૪ સંબંધ-જોડાક્ષર. ૫ મન, વચન અને કાયાના યોગથી અથવા યોગ-સમાધિથી.

વિષયવાળા એકાંતપક્ષમાં અનેકાંતપક્ષની સંપદાઓનો સમાવેશ થઈ શકતો નથી; કેમકે દરિદ્રીના ઘરમાં ચક્રવર્તિની સમૃદ્ધિઓનો સમાવેશ થઈ શકતો નથી. કદાચ કોઈ ઠેકાણે એકાંતપક્ષનો આભાસ જણાતો હોય તો તે અનેકાંતપક્ષથી ઉત્પન્ન થએલો છે એમ જાણવું, કેમકે વાટ, તેલ અને પાત્ર વગેરે સામગ્રીનો સંયોગ થવાથી જ દીપક ઉત્પન્ન થાય છે. સત્ત્વ અને અસત્ત્વ, નિત્ય અને અનિત્ય, તથા ધર્મ અને અધર્મ એ વગેરે ગુણો બધે મળેલા છે; તે જ સત્પુરૂષોને કાર્યની સિદ્ધિ બતાવી આપે છે. તેથી કરીને હે ભવ્યજીવો ! જો સિદ્ધિપદની ઈચ્છા હોય તો બુદ્ધિના આઠ ગુણરૂપ મંત્રનો જાપ કરી એકાંતપક્ષ ગ્રહણ કરવાનો કદાગ્રહ છોડી દઈને તત્ત્વને માટે જ યત્ન કરો. ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો ૐકાર એવું દેખાડે છે કે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ ત્રણ રત્નવાળો આત્મા શૂન્ય સ્વભાવને–મોક્ષને પામે છે. શુભ અને અશુભ સર્વ કર્મનો ક્ષય થવાથી આત્માનું જે ચૈતન્ય સ્વરૂપ મોક્ષસ્થાનમાં ભાસે છે તે જ શૂન્ય સ્વભાવપણું કહેવાય છે. ઔદારિકાદિક પાંચ શરીરનો નાશ કરનાર અને મોક્ષરૂપ પાંચમી ગતિને આપનાર આ પાંચ અક્ષરો 'નમો સિદ્ધાણં' તમોને પંચત્વ (મરણ) વગેરેના પ્રપંચથી એટલે જન્મ, જરા, મરણાદિક આ સંસારના સ્વભાવથી રક્ષણ કરો.

દ્વિતીય પ્રકાશ સંપૂર્ણ.

જેઓએ આચાર્યના ચરણકમળોનો આશ્રય કર્યો હોય છે તે પ્રાણીઓને વિષે તમોગુણ હોતો નથી અને બાહ્ય મુખવાળો સત્ત્વગુણ પણ હોતો નથી, તેમજ મન, વચન અને કાયાનું કાંઇ પણ કષ્ટ હોતું નથી. મોહના પાશમાં ફસાએલા પ્રાણીઓને પણ આચાર્ય ભગવાન કેશિ નામના ગણધરની જેમ મોહથી મૂકાવે છે, તે મહદ્ આશ્ચર્ય છે. જેઓનામાં મનોહર આચારો રહેલા છે, જેઓનામાં મોક્ષનો સંગમ કરાવનારા આગમો (શ્રુતજ્ઞાન) રહેલ છે અને જેઓનામાં ખોટ વિનાના કેવળ આવકના જ ઉપાયો રહેલા છે, તેઓને પંડિતો આચાર્ય કહે છે, યથાર્થ તત્ત્વની પ્રરૂપણા કરનાર, યમ નિયમાદિકને વિષે યત્ન કરનાર અને પોતાના આત્મરૂપ યજ્ઞનું જ યજન–પૂજન કરનાર આચાર્ય ભગવાન નિરંતર મારૂં શરણ હો. જેઓ રિપુ–શત્રુ અને મિત્રને વિષે, સુખ અને દુઃખને વિષે, મોક્ષ અને સંસારને વિષે તથા ધનાઢ્ય અને નિર્ધનને વિષે સમદૃષ્ટિવાળા હોય તેઓને જ યતિઓના સ્વામી (આચાર્ય) કહેલા છે. યા–જે કોઇપણ પ્રકારની નિર્મળ સિદ્ધિઓ છે અને જે કોઇપણ પ્રકારની ઉજ્વળ લબ્ધિઓ છે, તે સર્વ કમળને ભમરીની જેમ આચાર્ય ભગવાનને વરે છે–પ્રાપ્ત થાય છે. ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો ણંકાર એવું બતાવે છે કે જેઓ ત્રણ વર્ગને વિષે સમાન દૃષ્ટિવાળા હોય છે, તેઓ સત્પુરૂષોના શિરોમણિરૂપ થાય છે; તેમાં ધર્મ, અર્થ અને કામ અથવા શત્રુ, મિત્ર અને ઉદાસીન અથવા રાગ, દ્વેષ અને મોહ એ ત્રણ વર્ગ કહેવાય છે. સાત તત્ત્વ[1]રૂપ કમળના વનને વિકસ્વર કરવામાં સૂર્યના કિરણો જેવા આ ત્રીજા પદના સાત અક્ષરો 'નમો આયરિયાણં' સાત નરક પૃથ્વીરૂપ દુર્ગતિનો નાશ કરો.

---

૧. નવ તત્ત્વો પૈકી પુણ્ય, પાપનો બન્ધતત્ત્વમાં સમાવેશ કરવાથી સાત તત્ત્વો થાય છે.

તૃતીય પ્રકાશ સંપૂર્ણ.

ઉપાધ્યાયનો આશ્રય કરનાર સુજ્ઞ મનુષ્ય કુત્સિત પાખંડીઓથી પરાભવપણાને પામતો નથી–પરાજય થતો નથી, મન. વચન અને કાયા એ ત્રણ દંડ વડે વિડંબણા પામતો નથી તથા ક્રોધાદિક કષાયો વડે દંડાતો નથી. જે મનુષ્ય ઉપાધ્યાયની સેવા કરે છે તે મનુષ્યના શરીરમાંથી મોમા એટલે મા–લક્ષ્મી, ઉમા–કીર્તિ, હ્રી, ધતિ અને બ્રાહ્મી એ દેવીઓ દૂર થતી નથી એવી સિદ્ધ ભગવાનની આજ્ઞા છે, જેઓ મૂર્ત્તિમાન (દેહધારી) ઉદય છે, જેઓ સમકિતદૃષ્ટિવાળાનો ઉત્સવ છે અને જેઓ શ્રેષ્ઠ બુદ્ધિનો ઉત્સાહ છે, તેઓ ઉપાધ્યાય કહેવાય છે. જેઓ વચન, શરીર અને વયથી વૃદ્ધિ પામેલા છે, જેઓ હિંસાની વાતથી પણ રહિત છે અને જેઓ વેદ વિદ્યાને વશ રહેલા છે અર્થાત્ વેદના પારગામી છે તે ઉપાધ્યાયની તું સેવા કર. એકાંત અનિત્યપક્ષ અને એકાંત નિત્યપક્ષનો જય કરવાથી ઉત્પન્ન થએલી ઉપાધ્યાયની કીર્તિરૂપ ભંભાનો જ્ઞાતકાર શબ્દ સર્વ દિશાઓમાં વ્યાપી રહ્યો છે. યા–જે (શિષ્યોને) સાત નયની કુશળતા પ્રાપ્ત થાય છે, જે અન્યના આગમશાસ્ત્રોમાં ચતુરાઈ પ્રાપ્ત થાય છે અને જે દ્વાદશાંગીરૂપ સૂત્રની પ્રાપ્તિ થાય છે તે સર્વ ઉપાધ્યાય વિના શી રીતે પ્રાપ્ત થાય ? ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વાર વાળો ણંકાર અહીં એમ બતાવે છે કે વિનય, શ્રુત અને શીળ વગેરે ગુણો મોક્ષપ્રાપ્તિ માટે જાગૃત છે. સાત રજ્જુ પ્રમાણ ઊર્ધ્વલોકના માર્ગનો પ્રકાશ કરવામાં દીપક સમાન મહા ઉજ્જવળ એવા આ ચોથા પદના સાત અક્ષરો 'नमो उवज्झायाणं' મારા સપ્ત વ્યસનનો નાશ કરનારા થાઓ.

ધતિ ચતુર્થ પ્રકાશ.

સાધુની સેવા કરનારા મનુષ્યોને વ્યાધિ પીડા કરતો નથી, દરિદ્રપણું પ્રાપ્ત થતું નથી, ઇષ્ટ વસ્તુનો વિયોગ થતો નથી, તથા મનમાં ઉદ્વેગ થતો નથી. સાધુના ધ્યાન-રૂપ અમૃતરસના અંજન વડે જેઓનાં મનરુપ નેત્રો આંજેલાં હોય છે, તે મનુષ્યોને ચાર પ્રકારનો દુઃખરૂપ અંધકાર અંધતાનું કારણ થતો નથી. મોક્ષના ત્યાગ કરનાર અભ્યંતર શત્રુ (રાગાદિક)નો નાશ કરનાર અને મોક્ષલક્ષ્મીએ કટાક્ષપૂર્વક જોએલા મુનિઓ અત્યંત હર્ષને પામે છે. લોભરૂપ વૃક્ષનું ઉન્મૂલન કરવામાં નદીના વેગ–પૂર સમાન, લોકને વિષે ઉત્તમ ચારિત્રવાળા તથા લોકમાં ઉત્તમતાને પામેલા ત્રીજા[1] સ્થાન-વાળા તે સાધુઓ અમારાં પાપનો નાશ કરો.

પૂજ્ય સાધુજન મૂળ ગુણ તથા ઉત્તર ગુણના સમૂહરૂપી ઉદ્યાનમાં મનરૂપ મૃગની સાથે એકાંતમાં ઇચ્છા પ્રમાણે ક્રિડા કરે છે. શ્રુતના પારગામી સંવિગ્ન સાધુને વિષે જે આ એકાકીપણું છે તે દક્ષિણાવર્ત શંખને વિષે રહેલા સિદ્ધસરિતાના જળ જેવું છે. સાધુ એકાકી રહેવાથી ક્રોધવડે વિહ્વળ થતા નથી, એકલા રહેનાર સાધુ માનને કરતા નથી, એકલા રહેનાર સાધુ કપટ (માયા)નો આરંભ કરતા નથી અને એકાકી વિચરતા સાધુને તૃષ્ણા (લોભદશા) લુંટી શકતી નથી. રાજર્ષિઓમાં મુખ્ય શ્રીનમિ વગેરે પ્રત્યેકબુદ્ધો એકત્વ તત્ત્વને વહન કરવાથી જ મોક્ષે ગયા છે. સર્વથા પ્રકારે જીવાદિ તત્ત્વોને જાણનાર અને નિરંતર ચિત્તમાં સંવેગને ધારણ કરનાર સાધુઓનું એકાકીપણું જ સમતારૂપી અમૃતની નીક સમાન છે. વ્ય અક્ષરની જેમ બબે સંઘાતે –સાથે રહેલા આ યુગના સાધુઓ જો પોતે ઇન્દ્રિયોને વશ કરનાર હોય છે તો તેઓ સ્વાર્થને સાધનારા થઈ શકે છે. વ્ય એવી સંજ્ઞાવડે એમ જણાય છે કે મન, વચન અને કાયાના યોગવડે ઇન્દ્રિયોને વશ કરનારા સાધુઓ બબે સાથે રહીનેજ કલ્યાણને પામે છે, એમ ગુરૂ પરંપરાનો ઉપદેશ પણ છે. જો ઇન્દ્રિયોને વશ રાખનાર હોય તો બે માણસોનું પણ એકાકીપણું નિઃશંકપણે સિદ્ધ થાય છે, પરંતુ જેની ઇન્દ્રિયો પોતાને વશ ન હોય એવો એકાકી માણસ પણ હજાર જેવો જ છે. નેત્રની જેમ જેમનો સંકોચ, વિસ્તાર, નિદ્રા અને જાગૃતિ સરખા હોય એવા બે મનુષ્યો દર્શનને માટે (સમકિત પ્રાપ્તિને માટે) સમર્થ થાય છે, પરંતુ એક માણસ કોઈપણ કૃત્ય સંપૂર્ણ કરી શકતો નથી. એકલો માણસ વિડંબનાનું સ્થાન થાય છે, એકલો માણસ પોતાનો સ્વાર્થ સાધવા સમર્થ થઈ શકતો નથી. અને એકલા માણસનો લોકમાં કે લોકોત્તરમાં પણ વિશ્વાસ આવતો નથી. ભાવના ધ્યાનથી નિશ્ચય કરેલા તત્ત્વમાં જેનો આત્મા લીન થયો હોય એવા મમતા રહિત સાધુ કદાચ લાખ માણસોની મધ્યમાં

---

૧ પહેલું સ્થાન આચાર્ય, બીજું સ્થાન ઉપાધ્યાય અને ત્રીજું સ્થાન સાધુ.

રહ્યા હોય તો પણ તેઓનું એકાકીપણું નાશ પામતું નથી. સામ્ય-સમતારૂપી અમૃતના તરંગોથી ભરપૂર, સાર અસારનું વિવેચન કરનાર અને ભાવસિદ્ધ કહેવાતા સાધુઓ ઘણા ભેગા થઈને એકત્ર રહે તો પણ તેઓને કાંઈ પણ હાનિ થતી નથી. મનની સ્થિરતા વડે નિશ્ચળ અને વૃક્ષાદિકની જેમ ક્રિયાને નહીં કરનારા મુનિઓનો જે એકત્ર સહવાસ તે ભાવનારૂપી લતાઓના મંડપ સમાન છે. ચિત્રમાં આળેખેલા સૈન્યની જેમ મન, વચન અને કાયા વડે વિકાર રહિત મુનિઓ એકઠા રહે તો પણ તેઓને અરતિ ક્યાંથી હોય? જેમ ઘણા નિર્જીવ પદાર્થો એકત્ર કરીએ તો પણ તેમાં ચૈતન્ય આવતું-હોતું નથી; જેમ ઘણા બીકણ પુરૂષોને એકત્ર કરવાથી પણ તેઓનામાં પરાક્રમ આવતું નથી, તેમ ઘણા મુનિઓ એકઠા થયા છતાં પણ તેઓનામાં લેશ પણ કલેશ ઉદ્ભવતો નથી. મૂઢ બુદ્ધિવાળો જે પુરૂષ પાંચ છ સાધુઓની ભેગા રહેવાથી પણ ગ્લાની થાય છે એમ માનતો હોય તો તે મૂઢ એક ઠેકાણે રહેલા અનંત સિદ્ધોની સાથે રહેવાની ઈચ્છા કેમ કરી શકશે?

જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપી ત્રણ મહારત્નને ધારણ કરનાર સાધુઆને રાગાદિકના ઉપદ્રવોથી ભયંકર એવા સન્માર્ગ ઉપર એકલા ચાલવામાં ક્ષેમકુશળતા રહેલી નથી. એકલાને સુકૃતનો વિકાસ થતો નથી, એકલાનું ઈચ્છિત પ્રયોજન સિદ્ધ થતું નથી, એકલાને વાંછિત અર્થની પ્રાપ્તિ થતી નથી અને એકલો માણસ મોક્ષ મેળવવાને માટે સમર્થ થતો નથી. જેમ શ્લેષ્મની વ્યાધિવાળાને સાકર આપવી ઉચિત નથી અને તાવવાળાને ઘૃતવાળું ભોજન આપવું યોગ્ય નથી તેમ અગીતાર્થ મુનિને એકલા રહેવું ઉચિત નથી. પ્રાયે કરીને એકલો માણસ ચોર જેવો લાગે છે, બે માણસ સાથે હોય તો પણ તેમના પર ક્વચિત્ ધૂર્તપણાની શંકા થાય છે, ત્રણ મનુષ્ય સાથે હોય તો તે વિશ્વાસનું સ્થાન છે અને ઘણાનો સમૂહ હોય તો તે રાજા જેવો શોભે છે. તીર્થંકર તથા પ્રત્યેકબુદ્ધ વગેરે એકલાજ વિચરે છે; એવા દૃષ્ટાંતો આપી બીજા મુનિઓએ એકલા વિચરવું યોગ્ય નથી. કારણ કે જ્ઞાનચક્ષુવાળાની સાથે ચર્મચક્ષુવાળાએ સ્પર્ધા કરવી યોગ્ય નથી.

ચાર ગતિરૂપ સંસારમાં ભમણ કરનારા સર્વ પ્રાણીઓને પુણ્ય પાપ નિરંતર સાથે હોવાથી તેઓમાં એકલાપણું ઘટતું જ નથી. જેનામાં આહારસંજ્ઞા, ભયસંજ્ઞા વગેરે સંજ્ઞાઓ, કૃષ્ણલેશ્યા વગેરે દુષ્ટ લેશ્યાઓ અને રાજકથા વગેરે વિકથાઓ માર્મિકાની જેમ ચપળતા ઉત્પન્ન કરે છે, તે એકલો કેમ હોઈ શકે? અવિરતિરૂપી દુષ્ટ પ્રિયા શાકિનીની જેમ જેને નિરંતર ગળી જવા પ્રયત્ન કરે છે, તે એકલો કેમ હોઈ શકે? સંતોષને નહીં પામેલું ઇન્દ્રિયોરૂપી કુટુંબ જેના શરીરને નિઃશંકપણે પંચાગ્નિની જેમ બાળ્યા કરે છે, તે એકલો કેમ હોઇ શકે? જેમ દૂધની સાથે દૂધ

મળવાથી, દીવાની સાથે દીવો મળવાથી તથા અમૃતની સાથે અમૃત મળવાથી તે સર્વ પદાર્થો એકપણાને પામે છે, તેમ મુનિ પણ મુનિની સાથે રહેવાથી એકપણાને જ પામે છે. અન્ય મુનિની સાથે રહ્યા છતાં પણ મુનિ એકલો જ કહેવાય છે. ઉન્મત્ત પિત્રાઈઓની માફક કષાયો જેના શરીરને ક્ષણવાર પણ મૂકતા નથી, તેને એકાકીપણાનું સુખ કયાંથી હોય? પોતાના મન, વચન અને કાયાથી ઉત્પન્ન થએલા અશુભ વ્યાપારો કુપુત્રની જેમ જેનો નાશ કરનારા થાય છે, તેને એકાકીપણાનું સુખ શી રીતે હોય? છળને જોનારા પ્રમાદ, મિથ્યાત્વ અને રાગાદિક જેના ખરાબ પાડોશી જેવા છે, તેને એકાકીપણાનું સુખ શી રીતે હોય? જે મહાપુરૂષ આ સર્વથી રહિત હોય તે મનુષ્યોના સમૂહમાં રહ્યા હોય તો પણ એકલા જ છે; કેમકે મનુષ્યોથી ભરપૂર એવા નગરમાં પણ રહેલો છતાં પણ પરદેશી મનુષ્ય એકલો જ કહેવાય છે; અને જે મુનિ આ સર્વ સંજ્ઞા, કષાય, ઈન્દ્રિયાદિથી સહિત હોય તે કદાચ અરણ્યાદિકમાં રહેલો હોય તો પણ તેનું એકાકીપણું નિષ્ફળ છે; કેમકે જાર, ધૂર્ત, ગૂઢચર અને ચોર એ સર્વ શું એકલા નથી ભમતા?

પુણ્ય પાપનો ક્ષય થવાથી મુક્તિને પામેલા પરમાત્માને વિષે અનાહારપણાની જેમ નિરંતર સત્ય એવું એકાકીપણું પ્રતિષ્ઠા પામેલું છે. અથવા તો આ જિનાગમને વિષે કોઇપણ હકીકતનો સર્વથા નિષિધ છે જ નહીં, તેથી કરીને શ્રેષ્ઠ મુનિઓ સારી રીતે લાભ અને અલાભને જાણીને લાભવાળા કાર્યને વિષે જ પ્રયત્ન કરે છે–પ્રવર્તે છે.

અહો! સાધુઓ કાંઇપણ હૂ–હોમ કરતા નથી, દાન દેતા નથી, તપ કરતા નથી, જાપ પણ કરતા નથી, માત્ર ક્રિયા રહિત થઇને મોક્ષપદ જ સાધે છે. સાધુઓ હૂ હૂ નામના ગંધર્વના ગાયન સાંભળવામાં, અમૃતરસનો આસ્વાદ લેવામાં, મંદાર પુષ્પોની સુગંધ લેવામાં, દેવશય્યાનો સુખકારક સ્પર્શ કરવામાં અને દેવાંગનાઓનું રૂપ જોવામાં પણ લુબ્ધ થતા નથી; ત્યારે શું તેઓ વૃક્ષો છે? બાળકો છે? કે શું પશુઓ છે? ના, તેઓ વૃક્ષ, બાળક કે પશુ નથી, પરંતુ તેઓ નિરંજન (કર્મ–લેપ રહિત) મુનિઓ છે. ત્રણ રેખાવાળો અને માથે અનુસ્વારવાળો ૐ કાર અહીં એમ જણાવે છે કે સદાચારનું આચરણ કરનારા મહામુનિઓએ ત્રણ ગુપ્તિને આચરવામાં રેખા પ્રાપ્ત કરેલી હોય છે. નયના ભેદ, જીવની રક્ષા અને અમૃતના કુંડની જેવી આકૃતિવાળા આ નવ અક્ષરો 'નમો લોએ સવ્વસાહૂણં' મને ધર્મને વિષે નવો નવો ભાવ આપો.

પંચમ પ્રકાશ સંપૂર્ણ.

एसो पंचनमुक्कारो, सव्वपावप्पणासणो ।
मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं॥

અર્થાત્–એ પાંચ પરમેષ્ઠિને કરેલો નમસ્કાર સર્વ પાપનો નાશ કરનાર છે અને સર્વ મંગળોમાં પ્રથમ મંગળ છે. જે મનુષ્ય આ નમસ્કાર મહામન્ત્રનું ત્રિકાળ ધ્યાન ધરે છે, તેને શત્રુ પણ મિત્ર રૂપ થાય છે, વિષ પણ અમૃત રૂપ થાય છે, શરણ રહિત અરણ્ય પણ વાસગૃહ રૂપ થાય છે, તેને સર્વ ગ્રહો અનુકુળ થાય છે, ચોરો યશ કરનારા થાય છે, સર્વ અપશુકનાદિ પણ શુભ ફળને આપનારા થાય છે, બીજાએ પ્રયોગ કરેલા મંત્ર, તંત્ર અને યંત્રાદિક પણ તેનો પરાભવ કરી શકતા નથી, સર્વ પ્રકારની શાકિની પણ માતાની તુલ્ય તેનો દ્રોહ કરી શકતી નથી, તેની પાસે સર્પો પણ કમળની નાળ જેવા થઈ જાય છે, સિંહો પણ શિયાળ જેવા થઇ જાય છે, હસ્તિઓ પણ હરણીઆં જેવા થઇ જાય છે, રાક્ષસો પણ તેની રક્ષા કરે છે, ભૂતોનો સમૂહ પણ તેની વિભૂતિને માટે થાય છે, પ્રેત પણ તેને પ્રીતિને કરનારા થાય છે, ચેટક પણ તેના દાસ થઇ જાય છે, યુદ્ધ તેને ધન આપનારૂં થાય છે, રોગો પણ તેને ભોગ આપનારા થાય છે, વિપત્તિ પણ તેને સંપત્તિને માટે થાય છે અને સર્વ પ્રકારનું દુઃખ પણ તેને સુખ આપનાર થાય છે.

જેમ ગરૂડનો ગંભીર સ્વર સાંભળીને ચંદનના વૃક્ષો સર્પોથી મુક્ત થાય છે, તેમ પંચ નમસ્કારનો ગંભીર સ્વર સાંભળવાથી પણ બંધનયુક્ત મનુષ્ય બંધનોથી મુક્ત થાય છે. જેઓના ચિત્તમાં એક નમસ્કારનું જ સ્મરણ થતું હોય, તેઓને જળ, સ્થળ, સ્મશાન, પર્વત, દુર્ગ અને બીજા તેવા જ કષ્ટકારી સ્થાનોમાં કદાચ કષ્ટ આવી પડે તો પણ તે ઉત્સવ રૂપ જ પરિણમે છે.

પુણ્યાનુબંધી પુણ્યવાળો જે પુરૂષ વિધિપૂર્વક પરમેષ્ઠિ નમસ્કાર મહામન્ત્રનું ધ્યાન કરતો હોય છે, તેને તિર્યંચગતિ કે નરકગતિ પ્રાપ્ત થતી જ નથી. ચક્રવર્તી વાસુદેવ, પ્રતિવાસુદેવ અને બળદેવ વગેરેના ઐશ્વર્યની સંપદાઓ નમસ્કારના પ્રભાવ-રૂપી સમુદ્રને કાંઠે રહેલા મુક્તાફળની જેમ સુલભ થાય છે. આ મંત્રનો વિધિ પ્રમાણે પ્રયોગ કરવાથી તે વશીકરણ, ઉચ્ચાટન, ક્ષોભ, સ્તંભન અને મુર્છા વગેરે કાર્યોમાં પણ સિદ્ધિને આપનારો થાય છે. વિધિ પ્રમાણે સ્મરણ કરેલો આ મંત્ર અર્ધ નિમેષ માત્રમાં જ પર વિદ્યાનો નાશ કરનારો થાય છે; તથા ક્ષુદ્ર દેવતાઓએ જે રૂપાદિકનું પરિવર્તન કર્યું હોય તેનો પણ નાશ કરે છે, સ્વર્ગ, મર્ત્ય અને પાતાલ એ ત્રણ ભુવન રૂપી રંગમંડપને વિષે કોઈ પણ ઠેકાણે કોઈ પણ પ્રકારે કોઈ પણ પ્રાણીને દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવને આશ્રયીને આશ્ચર્યકારક જે કાંઇ પણ અતિશય જોવામાં

કે સાંભળવામાં આવે તે સર્વ નમસ્કારમંત્રની આરાધનાના માહાત્મ્યથી જ ઉત્પન્ન થએલો છે તેમ જાણવું. તિર્ચ્છાલોકમાં જે ચંદ્ર વગેરે જ્યોતિષી દેવો છે, પાતાળમાં ચમરેંદ્ર વગેરે દેવો છે, ઊર્ધ્વલોકમાં સૌધર્માદિક દેવલોકને વિષે જે ઇંદ્રાદિક દેવો છે અને તેની ઉપર પણ જે અહમિંદ્ર દેવતાઓ છે, તેઓની સર્વ સમૃદ્ધિઓ પંચપરમેષ્ટિ રૂપ કલ્પવૃક્ષના અંકુરો, પલ્લવો, કળિઓ કે પુષ્પો સમાન છે. જેઓ નમસ્કારરૂપી મોટા રથ ઉપર આરૂઢ થાય છે, તેઓ વિઘ્ન રહિત મોક્ષસ્થાને પહોંચી જાય છે, ગયા છે અને જવાના છે. જે આ મંત્ર અત્યંત દુર્લભ એવા મોક્ષને પણ આપનારો છે, તો પછી પ્રસંગે પ્રાપ્ત થનારા બીજાં લૌકિક સુખો આપે તેમાં તો શું આશ્ચર્ય?

જેઓ મન, વચન અને કાયાની શુદ્ધિવડે એક લાખ નમસ્કાર મન્ત્રનો જાપ કરે છે, તેઓ જૈનસંઘને પૂજવા લાયક તીર્થંકર નામકર્મ ઉપાર્જન કરે છે. હે મિત્ર! જો તારૂં મન નમસ્કારમંત્રનું ધ્યાન કરવામાં લીન નથી થયું, તો પછી ચિરકાળ સુધી આચરણ કરેલા તપ, શ્રુત અને ચારિત્રનું શું ફળ? જે અસંખ્ય દુઃખોના ક્ષયનું કારણ કહેલો છે, જે આલોક અને પરલોકના સુખ આપવામાં કામધેનુ સમાન છે અને અજ્ઞાનરૂપી જે અંધકારનો દીવાના, સૂર્યના, ચંદ્રના કે બીજા કોઈ પણ પ્રકારના પ્રકાશથી નાશ નથી થતો તે અંધકારનો નમસ્કારમંત્રના પ્રકાશથી નાશ થાય છે.

હે બંધુ! કૃષ્ણ અને સાંબ વગેરેની જેમ ભાવનમસ્કાર કરવામાં તું તત્પર થા અને કૃષ્ણના સેવક વીરાસાળવી અને કૃષ્ણના અભવ્ય પુત્ર પાલક વગેરેની જેમ દ્રવ્યનમસ્કાર કરી ફોગટ આત્માને વિડંબણા ન પમાડ. જેમ નક્ષત્રોના સમૂહનો સ્વામી ચંદ્ર છે, તેમ સર્વ પુણ્યસમૂહનો સ્વામી ભાવનમસ્કાર છે. આ જીવે ભાવનમસ્કાર વિના નિષ્ફળ દ્રવ્યલિંગો (સાધુવેષ) અનંતીવાર ગ્રહણ કરીને મૂકી દીધાં છે. વિધિ પૂર્વક નમસ્કારમંત્રનો આઠવાર, આઠસોવાર, આઠ હજારવાર કે આઠ કરોડ વાર જાપ કર્યો હોય તો તે ત્રણ ભવની અંદર મોક્ષપદને આપે છે.

હે ધર્મબંધુ! સરલતાથી તને વારંવાર પ્રાર્થનાપૂર્વક કહું છું કે સંસારરૂપી સમુદ્રને તરવામાં પ્રવહણ સમાન આ મંત્ર ગણવામાં તું શિથિલ ન થા–અનાદરવાળો ન થા. કારણકે આ ભાવનમસ્કાર ઉત્કૃષ્ટ–સર્વોત્તમ તેજ છે, સ્વર્ગ અને મોક્ષનો માર્ગ છે તથા દુર્ગતિનો નાશ કરવામાં પ્રલયકાળના અગ્નિ સમાન છે.

ભવ્યપ્રાણીઓ અંતકાળની આરાધના સમયે આ મંત્રને વિશેષે કરીને સારી રીતે ભણે, ગણે, સાંભળે કે તેનું ધ્યાન કરે તો તે મંગળની પરંપરા રૂપ થાય છે. જેમ ઘરમાં આગ લાગે ત્યારે બુદ્ધિમાન તે ઘરનો સ્વામી બીજી બધી વસ્તુઓને કોરાણે મૂકીને દારિદ્રયનો નાશ કરવામાં સમર્થ એવા એક સારભૂત મહારત્નને જ ગ્રહણ કરે

છે, અથવા કોઇ મોટો સુભટ અકાળે ઉત્પન્ન થએલા ઉપદ્રવ વખતે વજ્રદંડની જેવું સારભૂત અમોઘ એવું શસ્ત્ર જ ધારણ કરે છે, તે જ પ્રમાણે જીવ મરણ સમયે પ્રાયે કરીને સર્વ શ્રુતસ્કંધનું (સર્વશાસ્ત્રોનું) ચિંતવન કરી શકતો નથી, તેથી કરીને ધીર બુદ્ધિવાળો અને દેદીપ્યમાન શુભ લેશ્યાવાળો સત્ત્વવાન જીવ દ્વાદશાંગીના સારભૂત પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્રનું જ એકાગ્ર ચિત્તે ધ્યાન કરે છે. સમુદ્રમાંથી અમૃતની જેમ, મલયાચળ પર્વત ઉપરથી ચંદનની જેમ, દહીંમાંથી માખણની જેમ અને રોહણાચળ પર્વત પરથી વજ્રરત્નની જેમ આગમમાંથી ઉદ્ધરેલા, સર્વ શ્રુતના સારભૂત અને કલ્યાણના નિધિ સમાન આ પંચપરમેષ્ઠિ નમસ્કારમંત્રને કોઈક ધન્ય પુરુષો જ સેવે છે.

શરીરથી પવિત્ર થઇ, પદ્માસને બેસી, હાથવડે યોગમુદ્રા ધારણ કરી, સંવિજ્ઞ મનવાળા ભવ્યપ્રાણીએ સ્પષ્ટ, ગંભીર અને મધુર સ્વરે સંપૂર્ણ પંચનમસ્કારમંત્રનો ઉચ્ચાર કરવો; આ ઉત્સર્ગ વિધિ જાણવો. અપવાદ વિધિ આ પ્રમાણે:—અને જો કદાચ શરીરના ગ્લાનપણાને લઈને તે પ્રમાણે કરવા સમર્થ ન હોય, તો તે પંચપરમેષ્ઠિપદોના પહેલા પહેલા અક્ષર 'અસિઆઉસા' આ મંત્રનું સ્મરણ કરે. આ પાંચ અક્ષરના સ્મરણથી પણ અનંતા જીવો યમરાજના બંધનથી મુક્ત થયા છે. કદી આ પાંચ અક્ષરરૂપ મંત્રનું સ્મરણ ન કરી શકે તો અર્હત્, અરૂપી (સિદ્ધ), આચાર્ય, ઉપાધ્યાય અને મુનિ એ પાંચે પરમેષ્ઠિના પહેલા પહેલા અક્ષર લઈ તેને સંસ્કૃતના સંધિ નિયમ પ્રમાણે એકત્ર કરવા. તે આ પ્રમાણે અ+અ+આ+ઉ=ઓ+મ્=ૐ આ રીતે જિનેશ્વર ભગવંતોએ કહેલો આ ૐકાર એટલે પ્રણવબીજ મુક્તાફળ રૂપ જીવોની અર્થાત્ મુક્તાત્માઓની પ્રગટ છીપલી સમાન છે, મોહરૂપી હસ્તીને વશ કરવામાં અંકુશ સમાન છે. અને સંસારની પીડાનો નાશ કરવામાં કટારી સમાન છે. સ્વર્ગના દ્વારને ઉઘાડવાની કુંચી સમાન આ ૐકાર રૂપી તત્ત્વનું ધ્યાન કરનાર મહાત્માઓ જીવતાં ભોગને પામે છે અને મૃત્યુ પામીને મોક્ષસુખ પામે છે.

મરણ સમયે સર્વથા ૐકારનું સ્મરણ કરવામાં પણ પોતે અશક્ત હોય, તો તે ધર્મિષ્ટ મનુષ્યે પોતાની પાસે રહેલા એવા ધર્મબંધુ પાસેથી આ મંત્રનું શ્રવણ કરવું, અને તે વખતે પોતાના ચિત્તમાં આ પ્રમાણે ભાવના ભાવવી કે:—"અહો! કોઇ પુણ્યશાળી બંધુએ અકસ્માત્ મારા ઉપર કેવું અમૃત છાંટયું કે જેનાથી મારાં સર્વ અંગો આનંદમય થયા? કારણકે હમણાં મને તેણે ઉત્કૃષ્ટ પુણ્યરૂપ, ઉત્કૃષ્ટ કલ્યાણરૂપ અને ઉત્કૃષ્ટ મંગલના કારણરૂપ પંચપરમેષ્ઠિ નમસ્કાર મહામંત્ર સંભળાવ્યો. અહો! આ પંચનમસ્કાર મંત્રનું શ્રવણ કરવાથી મને દુર્લભ વસ્તુનો લાભ થયો! અહો! મને પ્રિય વસ્તુનો સમાગમ થયો! અહો! મને તત્ત્વનો પ્રકાશ થયો!

અહો ! મને સારભૂત વસ્તુની પ્રાપ્તિ થઈ ! આજે મારાં કષ્ટો નાશ પામ્યાં, મારાં પાપકર્મ દૂર ગયાં અને આજે મને સંસાર સાગરનો સામો કિનારો પ્રાપ્ત થયો. પંચનમસ્કાર મંત્રનું શ્રવણ કરવાથી આજે મારો પ્રશમરસ, દેવગુરૂની આજ્ઞાનું પાલન, નિયમ, તપ અને જન્મ એ સર્વ સફળ થયું. જેમ અગ્નિનો તાપ સુવર્ણને તેજ પ્રાપ્ત કરાવે છે, તેમ આ મારી વિપત્તિ (મરણ) પણ મને તેજ પ્રાપ્ત કરાવનારી થઈ, કેમકે આજે મને મહામૂલ્ય પંચપરમેષ્ઠિમય તેજ પ્રાપ્ત થયું છે.” આ પ્રમાણે પ્રશમરસના ઉલ્લાસપૂર્વક પંચનમસ્કારમંત્રનું સ્મરણ કરી ક્લિષ્ટ (અશુભ) કર્મનો નાશ કરી બુદ્ધિમાન પુરૂષ સદ્ગતિને પામે છે. નમસ્કારમંત્રની ભક્તિ કરનાર પ્રાણી ઉત્તમ દેવપણાને પ્રાપ્ત કરી ત્યાંથી ચ્યવી શ્રેષ્ઠકુળમાં મનુષ્ય જન્મ ધારણ કરી આઠ ભવની અંદર સિદ્ધિપદને પ્રાપ્ત કરે છે.

ષષ્ઠ પ્રકાશ સંપૂર્ણ.

સર્વ કાળે સર્વ ક્ષેત્રમાં નિરંતર નામ, આકૃતિ (સ્થાપના), દ્રવ્ય અને ભાવ વડે ત્રણ લોકને પવિત્ર કરનારા જિનેશ્વરો મારૂં શરણ હો. તે જિનેશ્વરો અતીત કાળે કેવળજ્ઞાની વગેરે થયા હતા, વર્તમાન કાળે ઋષભદેવ વગેરે થયા છે અને આગામી કાળે પદ્મનાભ વગેરે થવાના છે; સીમંધરસ્વામી વગેરે વિહરમાન તીર્થંકરો છે, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન અને ઋષભ એ ચાર શાશ્વતા તીર્થંકરો છે, જિનેશ્વરો (તીર્થંકરો) વર્તમાનકાળે સર્વ (૫) મહાવિદેહ, સર્વ (૫) ભરત અને સર્વ (૫) ઐરાવતના મળી સંખ્યાતા હોય છે અને અતીત તથા અનાગત કાળને આશ્રયીને અનંતા હોય છે. તે સર્વ તીર્થંકરો કેવળજ્ઞાનના પ્રકાશથી દેદીપ્યમાન હોય છે, અઢાર પાપસ્થાન રહિત હોય છે, તેઓના ચરણકમળને અસંખ્ય ઇંદ્રો વંદન કરે છે, ઉત્તમ આઠ પ્રાતિહાર્યો અને ચોત્રીશ અતિશયોએ કરીને સહિત તેઓ હોય છે, ત્રણ જગતના આત્માઓને સમકિત આપનારી તેઓની ધર્મદેશના પાંત્રીશ ગુણો વડે અલંકૃત હોય છે, અનુત્તર વિમાનમાં રહેલા દેવો તેઓનું હમેશાં સ્મરણ કરે છે તથા બીજાઓ જે ન આપી શકે તેવા મોક્ષમાર્ગને તેઓ આપનારા હોય છે.

જિનેશ્વર દેવનું સમ્યક્ પ્રકારે દર્શન થાય ત્યારે પ્રાણીઓના પાપ દૂર નાશી જાય છે, આધિ (મનની પીડા) અને વ્યાધિ (શરીરની પીડા) નાશ પામે છે તથા દરિદ્રતાનો નાશ થાય છે. જે જિહ્વા જિનેંદ્રના માહાત્મ્યની ક્ષણે ક્ષણે સ્તુતિ ન કરે તે નિંદવા લાયક માંસના ટુકડા રૂપ જિહ્વા શા ઉપયોગની છે? જે કાન અરિહંત ભગવંતના મનોહર ચારિત્રરૂપી અમૃતના સ્વાદને ન જાણતા હોય તો તે કાન અથવા છિદ્રમાં કાંઇ પણ તફાવત નથી. સર્વ અતિશયો સહિત જિનેશ્વરદેવની પ્રતિમા જે નેત્રોએ જોઇ નથી તે નેત્ર વાસ્તવિક રીતે નેત્ર નથી, પરંતુ મુખરૂપી ઘરનાં જાળીઆં માત્ર છે.

અનાર્ય દેશમાં વસનાર શ્રીમાન્ આર્દ્રકુમાર અરિહંત પ્રભુની પ્રતિમાને જોઇને સંસારસાગરના પારગામી થયા. શય્યંભવ નામના બ્રાહ્મણને જિનપ્રતિમાના દર્શનથી તત્ત્વજ્ઞાન પ્રાપ્ત થયું અને તેથી તેણે સદ્ગુરૂના ચરણકમળની સેવા કરીને ઉત્તમ સ્વાર્થ સાધ્યો. અહો ! વજ્રકર્ણ રાજા સત્ત્વવાળા મનુષ્યોને વિષે મુગટ સમાન થયો કે જેણે સર્વ રાજ્યાદિકનો નાશ ઉપસ્થિત થવા છતાં પણ જિનેશ્વરદેવ સિવાય બીજાને નમસ્કાર કર્યો નહિ. વાનરદ્વીપના સ્વામી વાલીનું ચિત્ત દેવતત્ત્વમાં અને ધર્મતત્ત્વમાં નિશ્ચળ હતું, અહો ! તેનું તેજ પૂજવા લાયક હતું, મહાસતી સુલસા સદ્ધર્મમાં અત્યંત દૃઢ હતી, તેથી જ શ્રીજગદ્ગુરૂ મહાવીરસ્વામીએ કુશળ વાર્તામાં તેની સંભાવના કરી હતી (અર્થાત્ તેને સુખશાતાના સમાચાર અને ધર્મલાભ કહેવરાવ્યા હતા).

સેડુક નામના બ્રાહ્મણનો જીવ દેડકો થયા પછી શ્રીમહાવીરસ્વામીને વંદન કરવા જતાં માર્ગમાં જ શ્રેણિક રાજાના અશ્વના પગ તળે ચગદાઈને મરણ પામી પ્રભુ વંદનનું ધ્યાન હોવાથી સૌધર્મ દેવલોકમાં શક્રેન્દ્રનો સામાનિક દેવ થયો. હાસા અને પ્રહાસા નામની દેવીઓનો પતિ દેવ હતો તે પણ આભિયોગિક કર્મકરપણાથી મનમાં અત્યંત ખેદ પામ્યો હતો, તેથી પોતાના આત્માને તે દુષ્કર્મથી મુક્ત કરવા માટે દેવાધિદેવની પ્રતિમા તેણે પૃથ્વીપર પ્રસિદ્ધ કરી હતી. શ્રી ચેટક મહારાજાએ શ્રીજિનેશ્વરદેવના ચરણકમળની સેવા વડે પોતાના સર્વ પાપના તાપનો નાશ કર્યો હતો, તેથી તેનો પ્રતાપ ત્રણ ભુવનમાં પ્રસિદ્ધ હતો અને તે ઇંદ્રના હૃદયમાં પણ નિવાસ પામ્યો હતો. સર્વ દેવેંદ્રો સંસારનો પાર પામવા માટે નંદીશ્વરાદિક તીર્થના અલંકારરૂપ શાશ્વતા જિનચૈત્યોમાં અઠ્ઠાઈ મહોત્સવ કરે છે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે સ્વયંભૂરમણ નામના છેલ્લા સમુદ્રમાં જિનબિંબના આકારવાળા મત્સ્યને જોઇ બીજા મત્સ્યને જાતિસ્મરણ જ્ઞાન ઉત્પન્ન થાય છે, સમકિત પામે છે અને નમસ્કાર મંત્રનું ધ્યાન કરી મત્સ્યો ત્યાંથી મરીને સ્વર્ગે જાય છે.

મનુષ્ય, દેવ અને અસુરકુમારનું ચક્રવર્તીપણું (સ્વામી પણું) જે નિઃશંકપણે ભોગવાય છે તે જિનેશ્વર દેવના ચરણની કૃપાના એક લેશની જ લીલા છે. મનુષ્યલોકમાં ચક્રવર્તી વગેરે રાજાઓ, સ્વર્ગલોકમાં ઇંદ્રાદિક દેવો અને પાતાળમાં ધરણેંદ્ર વગેરે ભુવનપતિના ઇંદ્રો જિનેશ્વરદેવની ભક્તિથી જ જયવંતા વર્તે છે. જિનેશ્વરદેવની આજ્ઞાને મુગટની જેમ મસ્તકે ધારણ કરીને અગ્યાર રૂદ્રો (મહાદેવો)માંથી કેટલાક સંસારસાગરને તરી ગયા છે અને બાકીના હવે તરવાના–મોક્ષે જવાના છે. જેમ અગ્નિની જ્વાળા જળમાં લીન થઈ જાય છે અને જેમ વિષનો પ્રભાવ અમૃતને વિષે લીન થઇ જાય છે, તેમ જિનેશ્વરદેવના સમભાવમાં શંકર વગેરે દેવોની કથાનો વિસ્તાર લીન થઈ જાય છે. આવા જિનેશ્વરદેવોના ચરિત્રોનો વિચાર કરતાં સત્પુરૂષો આ સંસારમાં પણ આનંદમગ્ન રહે છે; તેથી તેઓ મોક્ષની પણ ઈચ્છા કરતા નથી, તે યોગ્ય જ છે.

જેમ જળ વડે તૃષા શાંત થાય છે તથા અન્ન વડે ક્ષુધા શાંત થાય છે, તેમ જિનેશ્વરદેવના એક દર્શન માત્રથી જ સંસારની પીડા માત્ર શાંત થાય છે. સમતાને ધારણ કરનાર મહાત્માઓ ભલે કરોડો વર્ષ પર્યંત સમ્યક્પ્રકારે સમાધિને સેવ્યા કરે, પરંતુ તેઓ જિનેશ્વરદેવની આજ્ઞા સ્વીકાર્યા વિના મોક્ષે જવાના નથી. જેઓ જિનધર્મને સ્વીકારતા નથી, તેઓ ભલે નિયાણા રહિત દાન કરે, નિર્મળ શીળનું પાલન કરે, તથા ઉત્કૃષ્ટ તપસ્યા કરે તો પણ તેઓને મોક્ષ મળતો નથી.

જેમ સૂર્ય વડે દિવસ જણાય છે, ચંદ્ર વડે પૂર્ણિમા જણાય છે અને વૃષ્ટિ વડે સુભિક્ષ થાય છે, તેમ જિનેશ્વરના ધર્મ વડે જ અવ્યય પદ–મોક્ષપદ પ્રાપ્ત થાય છે. જેમ ઘૂત પાસાને આધીન છે અને ખેતી વૃષ્ટિને આધીન છે, તેમ મોક્ષપુરમાં વસવું તે જિનેશ્વરના ધ્યાનને આધીન છે. ત્રણ જગતની લક્ષ્મી પ્રાપ્ત થવી સુલભ છે, તથા અણિમાદિક અષ્ટસિદ્ધીઓની પ્રાપ્તિ પણ સુલભ છે, પરંતુ જિનેશ્વરદેવના ચરણકમળની રજના કણીયાઓ પણ પ્રાપ્ત થવા અત્યંત દુર્લભ છે. અહો! મહા કષ્ટ! મહા કષ્ટ! કે જિનેશ્વરદેવને પામ્યા છતાં પણ કેટલાક જીવો સૂર્યને પામ્યા છતાં ઘુવડની જેમ અત્યંત મિથ્યાદૃષ્ટિવાળા રહે છે. મહાદેવ બ્રહ્મા, વિષ્ણુ, પરમાત્મા, સુગત, અલક્ષ્ય તથા સ્વર્ગ, મૃત્યુ અને પાતાળના સ્વામી–એ સર્વ જિનેશ્વર જ છે. બુદ્ધ અને મહાદેવ વગેરે લૌકિક દેવોને સત્વ, રજસ અને તમસ એ ત્રણ ગુણના વિષયવાળું જ જ્ઞાન છે, પરંતુ જે જ્ઞાન લોકોત્તર સત્ત્વથી ઉત્પન્ન થાય છે તે સર્વ જિનેશ્વરોને વિષે જ રહેલું છે. રોહણાચળ પર્વતની જેવા જિનેશ્વર પરમાત્મા પાસેથી વિવિધ પ્રકારનાં (યમ નિયમાદિ) રત્નો લઈને પંડિતોરૂપી વ્યાપારીઓએ સુવર્ણરૂપ (સારા અક્ષરવાળા ગ્રંથરૂપી) આભૂષણો બનાવી પોતપોતાના માનેલા હરિહરાદિક દેવોને વિષે સ્થાપન કર્યા, તેથી તે ગ્રંથોરૂપી ભૂષણો કાળે કરીને તે તે દેવોના નામથી પ્રસિદ્ધ થયાં છે.

જેમ મેઘનું જળ જ તળાવ વગેરેમાં પડયું હોય છે, તો પણ માણસો કહે છે કેઃ—"આ પાણી તળાવમાં ઉત્પન્ન થયું છે." તે જ પ્રમાણે લોકાગ્ર ઉપર આરૂઢ થએલા જિનેશ્વરદેવના વચનો જ હરિહરાદિકને વિષે જ પડયાં છે, છતાં તે વચનો હરિહરાદિકનાં છે એમ અજ્ઞાની લોકો બોલે છે. વળી જે જે નામો પ્રમાણથી લોકોત્તર સત્ત્વને કહેનારાં છે, તે તે નામો અરિહંતનાં જ છે એમ તું જાણ. રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણના આભાસથી ઉત્પન્ન થએલા બ્રહ્માદિક નામો કરોડોવાર અનંતા સંસારમાં ભમતાં મારા જેવાને પણ કદી પ્રાપ્ત થાય છે, પોતાના દેવના (વિષ્ણુના) હજાર નામ સાંભળીને મૂઢ માણસ હર્ષિત થાય છે; કેમકે શીયાળને બોરની પ્રાપ્તિ થવાથી મોટો ઉત્સવ થાય છે, પરંતુ સિદ્ધના અનંત ગુણો હોવાથી જિનેશ્વરના નામો અનંત છે અથવા તેઓ નિર્ગુણ હોવાથી તેઓનું એકે નામ નથી. તો તેઓના નામની સંખ્યા કોણ કહી શકે? રજોગુણ, તમોગુણ અને સત્ત્વગુણથી રહિત પરમેષ્ઠિના પ્રભાવથી જ આ જગત્ અજ્ઞાનરૂપી પંકમાં ડુબી જતું નથી, હું માનું છું કે ત્રણલોકના નાથ અરિહંત મોક્ષમાં જતી વખતે આ જગતનું પાપમાંથી રક્ષણ કરવા માટે વહાલા એવા પણ પુણ્યને અહીંજ મૂકી ગયા છે. સમિતિમાં ઉદ્યમવંત પ્રભુ પાસેથી નાશીને પાપ ભવરૂપી અરણ્યમાં ગયું. આ કારણથી જ પુણ્ય પાપ રહિત થએલા ભગવાન

જિનેશ્વરદેવ લોકાગ્રરૂપી મહેલમાં આરૂઢ થઈ મુક્તિરૂપી સ્ત્રી સાથે ક્રીડા કરે છે. જિનેશ્વર દાતાર છે, જિનેશ્વર ભોક્તા છે, આ સર્વ જગત જિનરૂપ છે, જિન સર્વત્ર જયવંતા છે અને જે જિન છે તે આ છે. આ પ્રમાણે ધ્યાનરસના આવેશથી તેમાં તન્મય પણાને પામેલા ભવ્ય પ્રાણીઓ આ લોક તથા પરલોકમાં નિર્વિઘ્નપણે સમગ્ર લક્ષ્મીને પામે છે.

સપ્તમ પ્રકાશ સંપૂર્ણ.

અરિહંતોને પણ માન્ય કરવા લાયક તથા જેઓનાં આઠે કર્મો ક્ષીણ થઈ ગયાં છે. એવા પંદર પ્રકારના સિદ્ધ ભગવંતોનું સત્પુરુષો સ્મરણ ન કરે ? કર્મલેપ રહિત, ચિદાનંદરૂપ, રૂપાદિક રહિત, સ્વભાવથી જ લોકના અગ્રભાગને પામેલા, અનંતજ્ઞાન, દર્શન, ચારિત્ર અને અનંતવીર્યને પામેલા, સાદિ અનંત સ્થિતિવાળા, એકત્રીશ ગુણોવાળા, પરમેશ્વરરૂપ અને પરમાત્મ સ્વરૂપ સિદ્ધ ભગવંતો મારું નિરંતર શરણ હો. છત્રીશ ગુણોવડે શોભતા ગણધરો (આચાર્યો) મારું શરણ હો. સર્વ સૂત્રોનો ઉપદેશ કરનારા ઉપાધ્યાયો મારું શરણ હો. ક્ષાંતિ વગેરે દશ પ્રકારના ધર્મમાં લીન થએલા, સદા સામાયિકમાં સ્થિર રહેલા, જ્ઞાનાદિક ત્રણ રત્નને ધારણ કરનારા તથા અત્યંત ધૈર્યવાળા સાધુઓ મારું શરણ હો. જેમ ઉત્પત્તિ, સ્થિતિ અને પ્રલયને કરનારા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ્વરને વિષે તત્ત્વથી ભેદ નથી. જે ચરાચર જગતના આધારરૂપ કહેલો છે, એવો કેવળીભાષિત ધર્મ મારું ઉત્કૃષ્ટ શરણ હો.

ધર્મરૂપી હિમાચળ પર્વત જ્ઞાન, દર્શન અને ચારિત્ર એ રત્નત્રયી રૂપ ત્રિપથગા (સ્વર્ગ, મૃત્યુ અને પાતાળ એ ત્રણ માર્ગે જનારી ગંગા)ના તરંગો વડે ત્રણભુવનને પવિત્ર કરનારો છે. વિવિધ પ્રકારના દૃષ્ટાંત અને હેતુની ઉક્તિ સંબંધી વિચારના સમૂહવાળા અને એકાંતવાદની સ્થિતિનું ખંડન કરનારા સ્યાદ્વાદ તત્ત્વમાં હું લીન થયો છું.

સર્વજ્ઞના સમાગમમાં નવતત્ત્વરૂપી અમૃતનો કુંડ રહેલો છે, તે ગંભીરતાનું સ્થાન છે, તેથી તે સિદ્ધાંત મને પાતાળ જેવો ઉંડો-ગંભીર ભાસે છે. શ્રીમાન્ જિનાગમ સર્વ જ્યોતિષીઓને માન્ય છે, મધ્યસ્થપણાનો આશ્રય કરનાર છે, રત્નાકરવડે વીંટાયેલ છે તથા અનંતદર્શનવાળો છે. સુમનસનાં એક સ્થાન રૂપ, બે લોકની ઉપર રહેનાર તથા વિકસ્વર શાશ્વત જ્યોતિરૂપ, પરમેષ્ટિની વાણી શોભે છે. શ્રીધર્મરૂપી રાજાની રાજધાનીરૂપ, દુષ્કર્મરૂપી કમળોના વનને બાળી નાખવામાં હિમરૂપ અને સંદેહના સમૂહરૂપ લતાને છેદવામાં કુહાડી સમાન જિનેશ્વરદેવની વાણી અમારા કલ્યાણને વૃદ્ધિ પમાડો.

આ પ્રમાણે ધ્યાનરૂપ સમુદ્રમાં જેનો અંતરાત્મા મગ્ન થએલો હોય છે તેની કર્મગ્રંથિ માટીના કાચા ઘડાની જેમ વિલય થઇ જાય છે, શ્રી, હ્રી, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મીની લીલાને પ્રકાશ કરનાર તથા ચક્રવર્તીપણું, સ્વર્ગ અને મોક્ષને આપનાર પંચનમસ્કાર મહામંત્ર નિરંતર જયવંત વર્તો.

સરસ્વતી નદીને કાંઠે શ્રીસિદ્ધપુરપાટણમાં સિદ્ધસેનસૂરિની વાણીએ
આ શ્રીસિદ્ધચક્રનું માહાત્મ્ય ગાયું છે.

આઠમો પ્રકાશ સંપૂર્ણ.

શ્રી નવકાર મન્ત્ર અને તેના વિષયમાં આવશ્યક વિચારો.

શ્રી નવકર સૂત્ર.

नमो अरिहंताणं। नमो सिद्धाणं। नमो आयरियाणं। नमो उवज्झायाणं। नमो लोए सव्वसाहूणं। एसो पंचनमुक्कारो। सव्वपावप्पणासणो। मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं॥

ભાવાર્થ—શ્રી અરિહંત ભગવાન્, શ્રી સિદ્ધ ભગવાન્, શ્રી આચાર્ય મહારાજ શ્રી ઉપાધ્યાયજી મહારાજ; તથા અઢીદ્વીપમાં વર્તતા સર્વ સાધુઓ (એ પાંચ પરમેષ્ઠીઓ)ને મારો નમસ્કાર થાઓ, આ પાંચ (પરમેષ્ઠી)ને કરેલો નમસ્કાર સર્વ પાપોનો નાશ કરનાર અને સર્વ પ્રકારના (લૌકિક અને લોકોત્તર) મંગલોને વિષે પ્રથમ મંગલ છે.

પ્રથમ અરિહંત પદનું વર્ણન આ પ્રમાણેઃ—

વિસ્તારાર્થ—અહિંયાં નમઃ એ નૈપાતિક પદ છે, તે દ્રવ્ય તથા ભાવના સંકોચાર્થે છે. કહ્યું છે કેઃ—'नेवाइयं पयं दव्वं भावसंकोयण पयत्थो' માટે નમઃ એ પદ વડે હાથ, પગ અને મસ્તકે કરી સુપ્રણિધાનરૂપ જે નમસ્કાર કરવો તે હાથ, પગ અને મસ્તકાદિનું જે હલન ચલન કરવાથી થાય છે તે દ્રવ્યસંકોચ જાણવો, અને વિશુદ્ધ મનનો નિયોગ તે ભાવસંકોચ જાણવો. એટલે દ્રવ્ય અને ભાવથી નમસ્કાર થાઓ. કેટલીક પ્રતોમાં 'નમો'ના સ્થાને 'णमो' પદ દેખાય છે તો એમાંથી અહીંયાં કયું પદ શુદ્ધ જાણવું? વરરુચિ આચાર્યના મતે 'नमो'પદ શુદ્ધ નથી, કારણ કે नमस् શબ્દ જે અવ્યય છે તેનો ઉક્ત આચાર્યના મતે પ્રાકૃતમાં 'णमो'શબ્દ જ બને છે, તેનું કારણ એ છે કેઃ—"नो णः सर्वत्र"[1] આ તેઓનું સૂત્ર છે, તેનો અર્થ એ થાય છે કેઃ—"પ્રાકૃતમાં સર્વત્ર (આદિમાં તથા અંતમાં) નકારના સ્થાને ણકાર થઇ જાય છે." પરંતુ કલિકાલસર્વજ્ઞ શ્રી હેમચન્દ્રસૂરીશ્વરજીના મતે 'नमो' અથવા 'णमो' એ બન્ને પદ બની શકે છે અર્થાત્ બન્નેએ શુદ્ધ છે, કારણ કે તેઓનું સૂત્ર છે કેઃ—वा दौ"[2] આ સૂત્રનો અર્થ એ થાય છે કેઃ—

૧—सर्वत्र नकारस्य स्थाने णकारो भवतीति सूत्रार्थः।

૨—आदौवर्तमानस्यासंयुक्तस्य नकारस्य णकारो वा भवतीति सूत्रार्थः।

"શરૂઆતમાં વર્ત્તમાન સંયોગ રહિત નકારના સ્થાને ણકાર વિકલ્પ કરવાથી થઇ જાય છે." એટલે શ્રીહેમચન્દ્રાચાર્યના મતે ઉક્ત બંને પદો શુદ્ધ છે. પરંતુ શ્રીનવકાર મન્ત્રમાં 'णमो' પદનું જ ઉચ્ચારણ કરવું જોઇએ પણ 'नमो' પદનું નહીં, કારણ કે શરૂઆતમાં રહેલા 'णमो' પદમાં અણિમા સિદ્ધિ સમાએલી છે, જેનો સમાવેશ 'नमो' પદમાં થઈ શકતો નથી.

પ્રશ્ન—'णमो'પદમાં અણિમા સિદ્ધિ કેવી રીતે સમાએલી છે ?

ઉત્તર—'णमो'પદમાં જે અણિમા સિદ્ધિ સમાએલી છે તેના કારણો આ પ્રમાણે છેઃ—

'णमो' એ પદ સંસ્કૃતના 'नमः' શબ્દથી બને છે અને 'नमः' શબ્દ 'णम्' ધાતુને असुच् પ્રત્યય લગાડવાથી બને છે, ઉક્ત ધાતુનો નમવું એવો અર્થ થાય છે, તથા નમવું અથવા નમ્રતા એ મનોવૃત્તિનો ધર્મ છે, કે જે (મનોવૃત્તિ) આ લોકમાં સર્વથી સૂક્ષ્મ માનવામાં આવે છે, તેથી જ 'णमो' પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

સંસ્કૃતના 'मनः' પદના જે આદિ તથા અંતના અક્ષરો નો વિપર્યય (પરિવર્તન) કરવામાં આવે તો પણ 'णमो' પદ થઇ જાય છે. (કારણકે પ્રાકૃતમાં અક્ષરોનું પરિવર્ત્તન થએલું પણ જણાઇ આવે છે જેમકે करेणू=करेणू, वाराणसी=वाणारसी, आलानम्=आणालो, अचलपुरम्=अलचपुरम्, महाराष्ट्रम्=मरहट्ठं, ह्रदः=द्रहो, ઇત્યાદિ, તથા મનોગતિનું અતિ સૂક્ષ્મપણું હોવાને લીધે 'णमो' પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

અણિમા શબ્દ અણુ શબ્દ ના ભાવ અર્થમાં इमन् પ્રત્યય લાગવાથી બને છે, આ અણિમા શબ્દથી જ પ્રાકૃત શૈલીથી 'णमो' શબ્દ બને છે (કારણકે પ્રાકૃતમાં સ્વર, સન્ધિ, લિંગ, ધાત્વર્થ ઇત્યાદિ સર્વેના 'बहुलम्' આ અધિકાર સૂત્રના પ્રયોગ અનુસાર વ્યત્યય આદિ બને છે), તે આ પ્રમાણે—પ્રક્રિયા દશામાં 'अणु इमा' આ સ્થિતિ છે, હવે अणु શબ્દનો उકાર માની આગળ ગયો અને ગુણ થઈને 'मो'બની ગયો, શરૂઆતનો અકાર ણકારની આગળ ગયો અને ણકાર સંપૂર્ણ થયો, તેથી 'णइमो' એવું પદ બન્યું, ઇકારનો લોપ કરવાથી 'णमो' પદ બની ગયું, 'णमो' પદના ધ્યાનથી અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

આદિ અકારનો લોપ કરવાથી તથા 'स्वराणां स्वराः' એ સૂત્રથી ઇકારના સ્થાનમાં અકાર તથા અકારના સ્થાનમાં ઓકારનો આદેશ કરવાથી પ્રાકૃતમાં અણિમા શબ્દથી

'णमो' પદ બની જાય છે, તેથી તેના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

પ્રાકૃતમાં 'णम्' શબ્દ વાકયાલંકાર અર્થમાં આવે છે, અલંકાર બે પ્રકારના છે શબ્દાલંકાર તથા વાકયાલંકાર, એવી જ રીતે વાકય પણ અર્થ વિશિષ્ટ શબ્દોની સંયોજનાથી બને છે તથા શબ્દ અને અર્થનો વાચ્ય વાચક ભાવરૂપ મુખ્ય સંબંધ છે. તેથી 'णम्' પદથી આ અર્થનો બોધ થાય છે કે શબ્દ અને અર્થના મુખ્ય સંબંધની બરાબર આત્માનો જેની સાથે મુખ્ય સંબંધ છે તેની સાથે ધ્યાન કરવું જોઈયે, આત્માનો મુખ્ય સંબંધ અંદર રહેલા સૂક્ષ્મ શરીર સાથે છે, તેથી સ્થૂલ ભૌતિક વિષયોનો પરિત્યાગ કરીને આન્તર સૂક્ષ્મ શરીરમાં અધિષ્ઠિત થઈને આત્માએ પોતાને ધ્યાન કરવા યોગ્યનું સ્મરણ અને ધ્યાન કરવું જોઈએ, પહેલાનાં 'ओ'શબ્દથી ધ્યાનની રીત જાણવી જોઈએ, 'ओ' અકાર તથા ઉકારના સંયોગથી બને છે, અકારનું સ્થાન કંઠ છે તથા ઉકારનું સ્થાન ઓષ્ટ છે, કંઠ સ્થાનમાં ઉદાન[1] વાયુનો નિવાસ છે, યોગ વિદ્યામાં નિષ્ણાત મહાત્માઓનું મન્તવ્ય છે કે ઓષ્ઠાવરણના મારફત ઉદાન વાયુનો વિજય કરવાથી અણિમા સિદ્ધિ થાય છે, તેથી એ સિદ્ધ થએથી ઓષ્ઠોને બંધ કરી ઉદાન વાયુનો સંયમ કરી; સ્થૂલ ભૌતિક વિષયોથી ચિત્તવૃત્તિને દૂર કરી, આન્તર સૂક્ષ્મ શરીરમાં અધિષ્ઠિત થઈ ને, યથાવિધિ પોતાના ધ્યેયનું ધ્યાન કરવાથી જેવી રીતે યોગાભ્યાસી માણસો અણિમા સિદ્ધિને પ્રાપ્ત કરે છે તેવીજ રીતે ઉક્ત ક્રિયાના અવલંબન પૂર્વક 'णमो' પદનાં સ્મરણ અને ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેથી માનવું જોઈ એ કે 'णमो'પદમાં સિદ્ધિ સમાએલી છે.

'णम्' એટલે આદિ શક્તિ ઉમાનું ધ્યાન કરવું જોઈએ, ઓકાર અક્ષરથી ઉપર પ્રમાણે ધ્યાનની રીતિ જાણવી જોઈએ, એટલે ઓષ્ઠ બંધ કરી ઉદાનવાયુનો સંયમ કરી આદિ શક્તિ ઉમાનું ધ્યાન ધરવામાં આવે છે, મહામાયા આદિ શક્તિ ઉમા સૂક્ષ્મરૂપે સર્વના હૃદયમાં રહેલી છે. જેમકે કહ્યું છે કેઃ—

या देवी सर्वभूतेषु, सूक्ष्मरूपेण तिष्ठति।
नमस्तस्यै नमस्तस्यै, नमस्तस्यै नमोनमः ॥१॥

અહીંઆં મહામાયા આદિ શક્તિ ઉમા જેવી રીતે પ્રસન્ન થઈને ધ્યાન ધરનાર માણસોને અણિમા સિદ્ધિ આપે છે, તેવી રીતે 'णमो'પદના ધ્યાનથી અણિમા સિદ્ધિ

---

૧. रक्तो हृत्कंठतालुभ्रूमध्यमूर्ध्नि च संस्थितः। उदानो वश्यतां नेयो गत्वागतिनियोगतः ॥१८॥
—યોગશાસ્ત્ર. પ્રકાશ. ૫ મો શ્લોક. ૧૮

અર્થાત્–ઉદાન વાયુનો રંગ લાલ છે, હૃદય, કંઠ, તાળવું, ભ્રકુટિના મધ્ય ભાગમાં અને મસ્તકમાં તેનું સ્થાન છે ગતિને આગતિના પ્રયોગથી તેને વશ કરવો.

પ્રાપ્ત થાય છે, તેથી 'णमो'પદમાં અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે, અથવા 'णमो'શબ્દની સિદ્ધિ આ પ્રકારે જાણવી જોઈએ કે 'ન ઉમા' એવી સ્થિતિ છે, અહીંઆં નઞ અવ્યય નિષેધ અર્થનો વાચક નથી; પરંતુ 'અબ્રાહ્મણમાનય' ઇત્યાદિ પ્રયોગોની સમાન સમાનતા અર્થ વાચક છે, તેથી આ અર્થ થાય છે કે–ઉમાની માફક જે મહામાયા આદિશક્તિ છે તેનું ધ્યાન કરનાર મનુષ્ય ધ્યાન ધરીને અણિમા સિદ્ધિ પ્રાપ્ત કરે છે, આ વ્યવસ્થામાં 'ઉમા'શબ્દના ઉકારનો પ્રાકૃત શૈલીથી લોપ થઈ જાય છે, તથા આકારના સ્થાને 'स्वराणां स्वराः' એ સૂત્રથી ઓકાર આદેશ થઈ જાય છે તથા પ્રથમ સ્થિત નકારના સ્થાનમાં 'नोणः सर्वत्र' આ સૂત્રથી ણકાર આદેશ થઈ જાય છે, એ રીતે 'णमो' શબ્દની સિદ્ધિ થઇ જાય છે, હવે તાત્પર્ય એ છે કે જેવી રીતે ઉમાની સમાન મહામાયારૂપ આદિ શક્તિનું ધ્યાન ધરીને ધ્યાન ધરનાર મનુષ્ય અણિમા સિદ્ધિ પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે 'णमो'પદના ધ્યાનથી અણિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે, તેથી 'णमो' પદમાં અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે.

'णमो' પદનો ણકાર અણિમા શબ્દની મધ્યમાં રહેલો છે તથા અંતમાં મકાર સમાન સંબંધવાળો છે, તેથી 'णमो'પદના જપ અને ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, 'णमो'પદને પ્રથમ રાખવાનું કારણ પણ એજ છે, અર્થાત્ ઉપાસનારૂપ ક્રિયા વાચક શબ્દને પ્રથમ તથા ઉપાસના કરવા યોગ્ય દેવ વાચક શબ્દનું પછી કથન કર્યું છે, અર્થાત્ 'अरिहंताणं णमो'ઇત્યાદિ પાઠ નહીં રાખતાં 'णमो अरिहंताणं' ઇત્યાદિ પાઠ રાખ્યો છે અને તે જ કારણથી ણકાર અક્ષરનું અશુભપણું હોવા છતાં પણ તે જ્ઞાન વાચક હોવાથી મંગલ સ્વરૂપ છે તેથી પ્રથમ મંગલને માટે તથા પ્રથમ અક્ષરને સિદ્ધિ ગર્ભિત દેખાડવાને માટે 'णमो'પદને પહેલું સ્થાન આપવામાં આવ્યું છે.

અથવા 'ण, मा, उ,' આ અક્ષરોના સંયોગથી 'णमो'શબ્દ બને છે, તેથી આ અર્થ થાય છે કે ધ્યાન કરનાર મનુષ્ય ણકાર સ્થાન બ્રહ્માંડમાં, મા અર્થાત્ લક્ષ્મી ભગવતીની, ઉ અર્થાત્ અનુકંપાનું ધ્યાન ધરે છે તથા લક્ષ્મી ભગવતીનું રૂપ સૂક્ષ્મ છે, તેથી ઉક્ત ક્રિયા કરવાથી જે પ્રકારે તેણે અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેવી જ રીતે 'णमो'પદના ધ્યાનથી અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તેથી 'णमो'પદમાં અણિમા-સિદ્ધિ સન્નિવિષ્ટ છે.

વળી વિશેષ વાત એ છે કે 'णम्'એ પદમાં અધિક વિશેષતા–મહત્ત્વતા એ છે કે આ પદમાં સર્વ સિદ્ધિઓને આપવાની શક્તિ વિદ્યમાન છે, એને લખવાની રીતિના વિષયમાં કહેવામાં આવ્યું છે કેઃ—

कुण्डलीत्वगता रेखा, मध्यतस्तत ऊर्ध्वतः ।
वामादधोगता सैव, पुनरूर्ध्वं गता प्रिये ! ॥१॥

ब्रह्मेशविष्णुरूपा सा, चतुर्वर्गफलप्रदा ।
ध्यानमस्य णकारस्य, प्रवक्ष्यामि च तच्छृणु ॥२॥
द्विभुजां वरदां रम्यां, भक्ताभीष्टप्रदायिनीम् ।
राजीवलोचनां नित्यां, धर्मकामार्थमोक्षदाम् ॥३॥
एवं ध्यात्वा ब्रह्मरूपां, तन्मन्त्रं दशधा जपेत् ॥४॥

—इति वर्णोद्धारतन्त्रे ॥

णકાર અક્ષરના મધ્યભાગમાં કુણ્ડલી રૂપ રેખા છે, તેની પાછળ તે ઉપરની તરફ ગએલી છે, ફરી તે જ ડાબી તરફથી નીચેની તરફ ગઈ છે અને હે પ્રિયે ! ફરી તે જ ઉપર ગએલી છે ॥૧॥

તે (ત્રિવિધ રેખા) બ્રહ્મા, મહેશ અને વિષ્ણુ રૂપ છે, અને ચતુર્વર્ગ રૂપ ફલને (તે) દેવાવાળી છે, હવે હું એ ણ કારના ધ્યાનને કહું છું, તું તે સાંભળ ॥૨॥

બે હાથવાળી, વરદાનને આપવાવાળી, સુંદર રૂપવાળી, ભક્તજનોને અભીષ્ટ ફળને આપવાવાળી, કમલના સમાન નેત્રો વાળી, તે બ્રહ્મરૂપાનું ધ્યાન કરીને તેને દશ પ્રકારે જપે ॥૩॥૪॥

એના સ્વરૂપના વિષયમાં કહેલું છે કે:—

णकारं परमेशानि, या स्वयं परकुण्डली । पीत विद्युल्लताकारं, पञ्चदेवमयं सदा ॥१॥
पञ्च प्राणमयं देवि, सदा त्रिगुणसंयुतम् । आत्मादितत्त्वसंयुक्तं, महामोह प्रदायकम् ॥२॥

इति कामधेनुतन्त्रे ॥

હે પરમેશ્વરિ ! જે સ્વયં પર કુણ્ડલી છે તે ણકાર જાણો, તેનું સ્વરૂપ પીળા રંગની વીજળીના જેવું છે તથા તેનું સ્વરૂપ હમેશાં પંચદેવમય છે ॥૧॥

હે દેવિ ! તેનું સ્વરૂપ પાંચ પ્રાણમય છે, હમેશાં ત્રણ ગુણો એ કરીને સહિત (તે) રહે છે, તેમાં આત્મા આદિ તત્ત્વ સંયુક્ત રહે છે તથા તે મહામોહને આપવાવાલો છે.

ઉક્ત ણકારના ચોવીસ નામ કહેલાં છે:—

णो निर्गुणं रतिर्ज्ञानं, जम्भनः पक्षिवाहनः
जया शम्भो नरकजित् , निष्फला योगिनीप्रियः ॥१॥
द्विमुखं कोटवी श्रोत्रं, समृद्धिर्बोधनी मता ।
त्रिनेत्रो मानुषीव्योम, दक्षपादांगुलेर्मुखः ॥२॥
माधवः शङ्खिनीवीरो, नारायणश्च निर्णयः ॥३॥

ઇતિ નાનાતન્ત્રશાસ્ત્રમ્

નિર્ગુણ, રતિ, જ્ઞાન, જમ્ભન, પક્ષિવાહન, જયા, શમ્ભ, નરકજિત્, નિષ્કલા, યોગિનીપ્રિય, દ્વિમુખ, કોટવી, શ્રોત્ર, સમૃદ્ધિ, બોધની, ત્રિનેત્ર, માનુષી, વ્યોમ, દક્ષના પગની આંગલીનું મુખ, માધવ, શંખિની, વીર, નારાયણ અને નિર્ણય ॥૧૨॥૩॥

હવે વિચાર કરવાનો વિષય એ છે કે—ણકારની આકૃતિને બ્રહ્મા, મહેશ અને વિષ્ણુ રૂપ કહેવામાં આવ્યાં છે, ચતુર્વર્ગ (ધર્મ, અર્થ, કામ અને મોક્ષ) રુપ ફલ ને આપવાવાળી કહી છે, ણકારનું ધ્યાન તેની અધિષ્ઠાત્રી વરદા દ્વારાએ કરવાનું કહ્યું છે, ણ કારનું સ્વરૂપ પીળી વિજળીના સમાન કહ્યું છે, જે વૃષ્ટિનું સૂચક છે. જેમ કહ્યું પણ છે કેઃ—

वाताय कपिला विद्युत्, आतपायातिलोहिनी ।
पीता वर्षाय विज्ञेया, दुर्भिक्षाय सिता भवेत् ॥१॥

અર્થાત્—કપિલ [ભુરા] વર્ણની વિજળી પવનના માટે છે, અતિ લાલ રંગની વિજળી તાપના માટે છે, પીળા રંગની વિજળી વૃષ્ટિના માટે છે તથા સફેદ રંગની વિજળી દુકાળને માટે છે (તેમ જાણવું).

ભાવાર્થ એજ છે કે ણ કારનું સ્વરૂપ વૃષ્ટિની સમાન સર્વ સુખદાયક છે, વળી ણ કારનું સ્વરૂપ પંચદેવમય કહેલું છે, પાંચ દેવ એજ પાંચ પરમેષ્ઠી જાણવા જોઇએ, જેવી રીતે અહીંઆં ણ કારનો પાંચ પરમેષ્ઠીઓની સાથે સંયોગ કરવામાં આવેલો છે, જેમ 'अरिहंताणं' 'सिद्धाणं' 'आयरियाणं' 'उवज्झायाणं' 'सव्वसाहूणं' અને કેવલ એજ કારણથી સિદ્ધિઓનાં આઠે પદોમાં 'णम्' નો સંયોગ કરવામાં આવેલો છે, વળી ણકારને પાંચપ્રાણમય કહેવામાં આવેલ છે, કારણકે યોગિ લોકો પાંચ પ્રાણોનો સંયમ કરીને સિદ્ધિને પ્રાપ્ત થાય છે, તેથી સ્પષ્ટભાવ એ છે કે જેવી રીતે ધ્યાન કરનાર મનુષ્ય બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ રૂપ ણકારના સ્વરૂપનું તેની અધિષ્ઠાત્રી દેવી વરદાનું ધ્યાન કરીને ચિંતન કરે છે તથા સિદ્ધિને પ્રાપ્ત કરે છે, જેવી રીતે શ્રી જૈનસિદ્ધાંતના અનુયાયી પંચ પરમેષ્ઠિ રૂપ પાંચદેવનું ધ્યાન ધરીને સિદ્ધિને પ્રાપ્ત કરે છે, જેવી રીતે તાંત્રિક લોકો તેના યોગિનીપ્રિય નામનું સ્મરણ કરીને યોગિની ઉપાસનાથી સિદ્ધિને પ્રાપ્ત કરે છે અને જેવી રીતે સાંખ્ય મતને માનવાવાળાઓ તેને જ્ઞાન સ્વરૂપ માનીને તથા નરકજિત્ માનીને નિર્ગુણરૂપમાં તેનું ધ્યાન કરીને સિદ્ધિને પ્રાપ્ત કરે છે, તેવી જ રીતે મનુષ્ય માત્ર સરલતાથી 'णम्' પદના જપ અને ધ્યાનથી સર્વ સિદ્ધિઓને પ્રાપ્ત કરી શકે છે, તેથી 'णमो' પદમાં અણિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે, તથા આગળના સિદ્ધિને દેવાવાળા સાત પદોમાં પણ 'णम्' નો પ્રયોગ કરવામાં આવેલો છે.

પ્રશ્ન–'णमो अरिहन्ताणं' એ પદની જગ્યાએ જુદા જુદા ગ્રન્થોમાં ત્રણ પ્રકારના પાઠ મળી આવે છે. પહેલો 'णमो अरहन्ताणं' બીજો 'णमो अरिहन्ताणं' તથા ત્રીજો 'णमो अरुहन्ताणं' એવો પાઠ મળી આવે છે, તો એ ત્રણે પ્રકારના પાઠોનો અર્થ એક છે કે પાઠભેદથી તેઓનો અર્થ પણ જુદા જુદા થાય છે ?

ઉત્તર—નમસ્કાર કરવાને યોગ્ય અરિહંત એક જ હોવા છતાં પણ તે તે સંબંધી ગુણોની અપેક્ષાએ ઉક્ત ત્રણે પ્રકારના પાઠોના અર્થ પણ જુદા જુદા થાય છે.

પ્રથમ 'णमो अरहन्ताणं' એટલે नमोऽर्हद्भ्यः પાઠ છે, જે અતિશય પૂજાને अर्हति એટલે યોગ્ય છે તેઓને અરહન્ત કહીએ. અર્થાત્ સુરવર નિર્મિત અશોકાદિક આઠ મહાપ્રાતિહાર્યરૂપ પૂજાને જે યોગ્ય છે, તેને અરહંત કહીએ. કહ્યું છે કેઃ—अरहंति वंदणनमंसणाइ, अरहंति पूअसक्कारं। सिद्धिगमणं च अरहा, अरहंता तेण वुच्चंति ॥१॥ અર્થાત્–વંદના અને નમસ્કાર કરવાને યોગ્ય, પૂજા અને સત્કાર કરવાને યોગ્ય તથા સિદ્ધ ગમનને યોગ્ય હોવાથી જિન ભગવાન્ અરહંત કહેવાય છે; તે અરહંતોને દ્રવ્ય અને ભાવપૂર્વક નમસ્કાર થાઓ.

અથવા 'अ' કહેતાં અવિદ્યમાન છે 'रह' કહેતાં એકાંત રૂપ દેશ તથા 'अंत' કહેતાં ગિરિગુફા આદિનો મધ્યભાગ, જેની દૃષ્ટિથી ગુપ્ત નથી અર્થાત્ જેઓ સમસ્ત ગુપ્તમાં ગુપ્ત વસ્તુઓના સમૂહને પણ જાણે છે, તેઓને અરહંત કહેવાય છે; તે અરહંતોને દ્રવ્ય અને ભાવપૂર્વક નમસ્કાર થાઓ.

અથવા 'अ' કહેતાં અવિદ્યમાન છે એટલે નથી 'रह' કહેતાં રથ (આદિ રૂપ પરિગ્રહ) તથા 'अन्त' કહેતાં વિનાશનું કારણ (જરા આદિ અવસ્થા) તે જેમને અવિદ્યમાન છે તેઓને અરહંત કહેવાય છે, તે અરહંતોને દ્રવ્ય અને ભાવપૂર્વક નમસ્કાર થાઓ.

અથવા 'अरहंताणं' એ પ્રાકૃત પદનું સંસ્કૃતમાં 'अर्हद्भ्यः' પણ થઇ શકે છે, એનો અર્થ એ થાય છે કે–પ્રકૃષ્ટ રાગાદિના હેતુભૂત એવા મનોજ્ઞ જે વિષય તેનો સંપર્ક હોવા છતાં પણ જેઓ પોતાના વીતરાગત્વ સ્વભાવને ત્યજતા નથી, તેઓ અરહંત કહેવાય છે; તે અરહંતોને ભાવપૂર્વક નમસ્કાર થાઓ. કહ્યું છે કેઃ—

---

૧ અશોકાદિક આઠ મહાપ્રાતિહાર્ય આ પ્રમાણે છેઃ—

अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनञ्च । भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणां ॥

અશોકવૃક્ષ ૧, દેવોએ કરેલી પુષ્પની વૃષ્ટિ ૨, દિવ્ય ધ્વનિ ૩, ચામર ૪, આસન ૫, ભામંડલ ૬, દુન્દુભિ ૭, અને છત્ર ૮.

थुइवंदणमरहंता, अमरिंद नरिंद पूयमरहंता ।
सासयसुहमरहंता, अरहंता हुंतु मे सरणं ॥१॥

અર્થાત્–સ્તુતિ અને વંદનને યોગ્ય, ઈન્દ્રો અને નરેન્દ્રોની પૂજાને યોગ્ય, વળી શાશ્વત સુખને યોગ્ય જે અરહંત છે, તે મને શરણ થાઓ.

બીજો 'णमो अरिहन्ताणं' એટલે નમોઽર્હદ્ભ્યઃ પાઠ છે 'अरि'–આઠ કર્મરૂપ શત્રુને 'हंताणं' કહેતાં હણનાર એવા શ્રી અરિહંત ભગવાનને દ્રવ્ય અને ભાવપૂર્વક નમસ્કાર થાઓ. કહ્યું પણ છે કેઃ—

'अट्ठविहंपि अ कम्मं, अरिभूयं होइ सयलजीवाणं ।
तं कम्ममरिंहता, अरिहंता तेण वुच्चंति ॥१॥

અર્થાત્–આઠ પ્રકારનાં જે કર્મ છે કે જે સર્વ જીવોને શત્રુ રૂપ છે, એવા કર્મ રૂપ શત્રુનો નાશ કરવાવાળા હોવાથી, અરિહંત કહેવાય છે.

અથવા અરિહનનાત્ અરિહંત એટલે સંસારરૂપી ગહન વનને વિષે અનેક દુઃખોને પમાડનાર એવા મોહાદિક શત્રુનો નાશ કરવાવાલા અરિહંત, તથા રજોહનનાત્ અરિહંત એટલે સૂર્યમંડલને ઢાંકવાવાળા વાદળાંની સમાન આત્માના જ્ઞાનાદિ ગુણોને ઢાંકવાવાળા ચાર ઘાતિકર્મરૂપ રજ, તે રૂપ શત્રુનો નાશ કરવાવાલા અરિહંત, તથા પાંચે ઇન્દ્રિયોના ત્રેવીશ વિષય, ચાર કષાય, બાવીશ પરિષહ, આત્મોત્થિત અને પરકૃત એવી બે પ્રકારની વેદના અને અનુલોમ તથા પ્રતિલોમ એવા બે પ્રકારના ઉપસર્ગ ઇત્યાદિ સર્વ પ્રકારના શત્રુઓના નાશ કરવાવાલા અરિહંત ભગવાનને દ્રવ્ય અને ભાવ પૂર્વક નમસ્કાર થાઓ.

તથા અરિહંત ભગવાનની સહાયથી મોક્ષરૂપ નગરની પ્રાપ્તિ થાય છે માટે સાર્થવાહ, અરિહંત ભગવાનની સહાયથી ભવ સમુદ્રનો પાર પમાય છે માટે નિર્યામક, તથા પ્રાણ, ભૂત, જીવ અને સત્ત્વ, એ ચાર પ્રકારના જીવોને માહણ માહણ એવો શબ્દ કહે, તેથી સર્વ જીવો પર કૃપાવાળા અને નિર્વાણરૂપ વન પ્રત્યે પહોંચાડવાવાળાં હોવાથી મહાગોપ, એ ત્રણે ઉપમાઓ જેઓને વિષે યથાર્થ રીતે ઘટે છે, એવાશ્રી અરિહંત ભગવાનને દ્રવ્ય અને ભાવપૂર્વક નમસ્કાર થાઓ.

ત્રીજો 'णमो अरुहंताणं' એટલે નમોઽરુહદ્ભ્યઃ પાઠ છે. અરુહદ્ભ્યઃ અહીં 'रुह्' બીજતંતુ સંતાને એ ધાતુનું 'रुह्'પદ છે એટલે ક્ષીણકર્મબીજપણા થકી જેમને ફરી સંસાર મધ્યે 'રુહંત' કહેતાં ઉપજવું અ કહેતાં નથી એટલે અરુહંત કહીએ અર્થાત્ બીજનું વિસ્તારપણું નથી. હવે કોઇ પણ ભવ કરતો નથી માટે અરુહંત કહીએ. કહ્યું પણ છે કેઃ—

'दग्धे बीजे यथाऽत्यन्तं, प्रादुर्भवति नांकुरः।
कर्मबीजे तथा दग्धे, न रोहति भवांकुरः ॥१॥

અર્થાત્—જેવી રીતે કોઇ બીજ ઘણું જ બળી ગએલું હોય તેને વાવ્યા છતાં પણ અંકુરા પ્રગટ ન થાય, તેવી રીતે કર્મરૂપ બીજ બળી જવાથી ભવરૂપ અંકુરો ઉત્પન્ન થતો નથી.

ઉપરના લક્ષણોવાળા ભગવાનને નમસ્કાર કરવાનું કારણ શું ? આ સંસારરૂપ મહા ભયંકર ગહન વનમાં ભ્રમણ કરીને દુઃખિત થએલા જીવોને અનુપમ આનંદરૂપ જે પરમપદ રૂપ મોક્ષ નગર, તેને પામવા માટે માર્ગ દેખાડનારા હોવાથી સર્વ જીવો પ્રત્યે પરમ ઉપકાર કરવાવાળા હોવાથી તેઓને નમસ્કાર કરવો યોગ્ય છે, તેથી તેઓને અવશ્ય નમસ્કાર કરવો જોઇએ. શ્રી અરિહંત ભગવાનનું ધ્યાન ચંદ્રમંડલના જેવા સફેદ વર્ણથી કરવું જોઈએ અર્થાત્ શ્રી અરિહંત ભગવાનનો વર્ણ સફેદ છે.

પ્રશ્ન—'अरिहंताणं'પદમાં મહિમા સિદ્ધિ કેવી રીતે સમાએલી છે ?

ઉત્તર—'अरिहंताणं'પદમાં જે મહિમા સિદ્ધિ સમાએલી છે તેનાં કારણ આ છેઃ—

'अरिहंताणं'એ પ્રાકૃત પદનો સંસ્કૃત પર્યાય (એકાર્થ વાચક શબ્દ) 'अर्हताम्' છે, 'अर्ह पूजायाम्' અથવા 'अर्ह प्रशंसायाम्'એ ધાતુથી अर्हत् શબ્દ બને છે, તેથી જેઓ પૂજા અને પ્રશંસા કરવા યોગ્ય છે તેઓને अर्हत् કહે છે, પૂજા અને પ્રશંસાનો હેતુ મહત્ત્વ અર્થાત્ મહિમા છે, તાત્પર્ય એ છે કે મહિમાથી યુક્ત અર્હતોનું ધ્યાન કરવાથી મહિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'अर्हत्'શબ્દની વ્યાખ્યામાં ઘણું કરીને બધાએ ટીકાકારોએ એવી વ્યાખ્યા કરી છે કે:—"જેઓ ઇન્દ્રાદિ દેવોથી નમસ્કાર કરાએલા અને આઠ મહાપ્રાતિહાર્યોથી યુક્ત હોવાને લીધે પૂજાને યોગ્ય છે તેઓને અર્હત્ અથવા જિન કહે છે" ભલા એવા મહત્ત્વથી યુક્ત અર્હતોનાં ધ્યાનથી મહિમા સિદ્ધિની પ્રાપ્તિ કેમ ન થાય, તેથી માનવું જોઈએ કે 'अरिहंताणं'પદમાં મહિમા સિદ્ધિ સન્નિવિષ્ટ છે.

સિદ્ધિનો મધ્યમાક્ષર હકાર ઉક્ત પદની મધ્યમાં છે તેથી શબ્દ સામર્થ્યથી પણ 'अरिहंताणं'પદના ધ્યાનથી મહિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'अरिहंताणं'એ પદનો સંસ્કૃત પર્યાય 'अरिहन्तृणाम्'પણ થાય છે, અર્થાત્ જેઓ ઇન્દ્રિયના વિષયોનો તથા કામાદિ શત્રુઓનો નાશ કરે છે તેઓને अरिहन्तृ (अरिहन्त) કહે છે. કામાદિ શત્રુઓનું દમન અથવા નાશ કરવો એ મહાત્માઓ તથા મહાનુ-

ભાવોનું કાર્ય છે, તેથી શ્રી અરિહન્તરૂપી મહાનુભાવોનું ધ્યાન કરવાથી મહિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'अरिहंताणं'એ પદમાં યોગિજનોની ક્રિયાની અનુસાર મહિમા સિદ્ધિ માટે આ ક્રિયાનો પ્રતિભાસ થાય છે કે યોગિજન 'अ' અર્થાત્ કંઠસ્થાનમાં સ્થિત ઉદાન વાયુને 'र' અર્થાત્ બ્રહ્માણ્ડ સ્થાનમાં લઈ જાય છે, પછી 'ह' અર્થાત્ તાલુ પ્રદેશમાં તેનો સંયમ કરે છે, સાથે 'हं' અર્થાત્ અનુનયનો પ્રકાશ કરે છે, અને 'ताणं' અર્થાત્ દાંતોના મંડલને તથા ઓષ્ઠોને વિસ્તૃત રાખે છે, આ પ્રકારનો અભ્યાસ કરવાથી તે યોગિજનોને જે પ્રકારે મહિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, તે પ્રકારે 'अरिहंताणं'પદનું ધ્યાન તથા જપ અને સ્મરણ કરવાથી મહિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, આ બાબતમાં એ પણ જાણી લેવું જોઇએ કે અણિમા સિદ્ધિની પ્રાપ્તિને માટે ઉદાન વાયુના સંયમની સાથે યોગીજનોને ઓષ્ઠોને બંધ કરવા પડે છે, એનું કારણ એ છે કે ઓષ્ઠોને બંધ કરવાથી બહારનો પવન અંદર પ્રવેશ કરી શકતો નથી તથા પ્રાણાયામ પૂર્વક ઉદાન વાયુનો સંયમ થવાથી શ્વાસની ગતિ પણ રોકાઈ જવાથી નાસિકા દ્વારાએ પણ બહારનો પવન અંદર પ્રવેશી શકતો નથી, કિંતુ અંદરનો પવન પણ સંયમના પ્રભાવથી બળી જાય છે, એ પ્રમાણે થવાથી સૂક્ષ્મપણા મારફતે તેને અણિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, પરંતુ મહિમા સિદ્ધિમાં દાંતોના મંડલને તથા ઓષ્ઠોને ખુલ્લા રાખવા પડે છે, એ માટે સંયમ ક્રિયાની વિશેષતા દ્વારા અમિત પવનના પ્રવેશથી યોગી મહત્ત્વતાને ધારણ કરી શકે છે, વિજ્ઞાનને જાણવાવાળાઓ આ પ્રકારને સારી રીતે જાણે છે કે દરેક સેકંડે કેટલાએ હજાર મણ પવનનો ભાર અમારા શરીર પર પડે છે તે સઘળોએ ભાર સંયમ ક્રિયા વિશેષદ્વારા યોગીજન પોતાના શરીરમાં પ્રવિષ્ટ કરી લે છે તથા તેને મહિમાના રૂપમાં પરિણત કરી લે છે, હા એમાં વિશેષતા એ છે કે યોગાભ્યાસી પુરૂષ પોતાની શક્તિની મારફત પવનના જેટલા ભાગને લેવાની ઇચ્છા હોય તેટલોજ લે છે, એટલે કે પોતે જેટલું મોટું રૂપ ધારણ કરવા ચાહે છે તેટલું જ કરી શકે છે.

શ્રી નવકાર મહામન્ત્રનું પહેલું પદ અને પહેલી સંપદાનું આ પ્રમાણે વિસ્તારથી વર્ણન જાણવું.

બીજા સિદ્ધપદનું વર્ણન આ પ્રમાણે:—

'णमो सिद्धाणं'કહેતાં નમો સિદ્ધેભ્યઃ એ પ્રમાણે સંસ્કૃત અર્થ થાય છે, અહીંઆં 'सित्'કહેતાં બદ્ધ એટલે ચિરકાલનો બાંધેલો એવો અષ્ટકર્મરૂપ કાષ્ટનો ભારો, તેને શુકલધ્યાન રૂપી જાજ્વલ્યમાન અગ્નિએ કરી 'ध्मातं'ધમ્યો છે-બાળીને ભસ્મ કીધો છે જેણે તેઓને નિરુક્તિના વિધિ પ્રમાણે સિદ્ધ કહીએ.

અથવા-'षिधु गतौ'એ ધાતુથી 'सिद्ध'શબ્દ બને છે; તેથી અપુનરાવૃત્તિ એટલે જ્યાંથી પાછું ન અવાય એવી મોક્ષનગરી તરફ જેઓ ગયા છે તેઓને સિદ્ધ કહીએ.

અથવા-જેઓનું કોઇ પણ કાર્ય અપરિપૂર્ણ નથી રહ્યું તેઓને સિદ્ધ કહીએ.

અથવા-જેઓ શિક્ષા કરનાર શાસ્ત્રકથક થયા તેઓને સિદ્ધ કહીએ.

અથવા-શાસનને પ્રવર્ત્તાવનાર થઈ ને સિદ્ધરૂપ માંગલ્યપણાનો જેઓ અનુભવ કરે છે તેઓને સિદ્ધ કહીએ.

અથવા-જેઓ નિત્ય અપર્યવસિત અનંતસ્થિતિને પામ્યા છે તેઓને સિદ્ધ કહીએ

અથવા-જેઓથી ભવ્યજીવોને ગુણસમૂહની પ્રાપ્તિ થાય છે તેઓને સિદ્ધ કહીએ. કહ્યું પણ છે કેઃ—

> 'ध्मातं सितं येन पुराण कर्म यो वा गतो निवृत्तिसौधमूर्ध्नि ।
> ख्यातोऽनुशास्ता परिनिष्ठितार्थः यः सोऽस्तु सिद्धः कृतमङ्गलो मे ॥१॥

અર્થાત્-જેઓએ [પ્રથમના]બંધાએલાં પ્રાચીન કર્મો બાળીને ભસ્મ કરી નાખ્યા છે, જેઓ મુક્તિરૂપ મહેલના શિરોભાગમાં બિરાજમાન થએલા છે, જેઓ શાસ્ત્રના કહેનાર અને અનુશાસન કર્તા છે તથા જેઓના સર્વ કાર્ય પરિપૂર્ણ થઇ ગએલા છે તેવા સિદ્ધ ભગવાન મારૂં મંગલ કરો.

ઉપરના લક્ષણોએ કરીને યુક્ત એવા ભગવાનને નમસ્કાર કરવાનો શું હેતુ છે ?

અવિનાશી એવા અનંત ચતુષ્ક એટલે અનંતજ્ઞાન, અનંતદર્શન, અનંતચારિત્ર, અને અનંતવીર્ય રૂપ ગુણો જેઓને પ્રગટ થયા છે, તે અનંતજ્ઞાન અનંતદર્શન અનંતસુખ વીર્યાદિક ગુણયુક્તપણે કરી સ્વવિષય પ્રમોદ પ્રકર્ષ ઉત્પાદને કરી આનંદ ઉત્પાદન કરવાને લીધે ભવ્ય જીવોને અત્યંત ઉપકારના હેતુભૂત છે માટે તેઓને નમસ્કાર કરવો ઉચિત છે. એવા સિદ્ધ ભગવાનનું ઉગતા સૂર્ય સમાન રક્તવર્ણથી ધ્યાન કરવું જોઈ એ.

પ્રશ્ન—'सिद्धाणं' પદમાં ગરિમા સિદ્ધિ કેવી રીતે સમાએલી છે ?

ઉત્તર—'सिद्धाणं' પદમાં જે ગરિમા સિદ્ધિ સમાએલી છે તેના કારણો આ પ્રમાણે છેઃ—

'સિદ્ધાણં' પદ આખુંએ ગુરૂ માત્રાઓથી બનેલું છે અને પોતાના સ્વરૂપથી જ ગુરૂભાવ એટલે ગરિમાનું સૂચક છે, તેથી એના ધ્યાનથી તથા જાપથી ગરિમાસિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

સિદ્ધિ પદ એટલે મોક્ષમાં ગએલા જીવો સિદ્ધ કહેવાય છે, સિદ્ધિ પદ બધાથી મોટું છે તેથી સિદ્ધિપદમાં સ્થિત મહાત્માઓના ધ્યાનથી ગરિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

'सिद्धा'પદ એ અર્થ સૂચવે છે કે–'સિદ્ધા' એ નામની સિદ્ધેશ્વરી યોગિનીનું ધ્યાન ઉપાસક લોકો કરે છે તથા 'णम्' ની બાબતમાં પહેલાં કહી ગયા છીએ કેઃ– 'णम्'ના જાપ અને ધ્યાનથી પંચ પ્રાણોનો સંયમ થાય છે, તેથી તાત્પર્ય એ છે કે 'णम्' ના ધ્યાન અને જાપની સાથે 'सिद्धा' અર્થાત્ સિદ્ધેશ્વરીનું ધ્યાન કરી તેની કૃપાથી ઉપાસક લોકો જેવી રીતે ગરિમા સિદ્ધિને પ્રાપ્ત કરે છે (કારણકે સિદ્ધેશ્વરી ગરિમા સિદ્ધિની અધિષ્ઠાત્રી તથા દેવાવાળી છે) જેમકે–'સિદ્ધા' એ નામ જ ગુરૂ સ્વરૂપ હોવાથી ગરિમા સિદ્ધિનું દેવાપણું સિદ્ધ થાય છે, તેવીજ રીતે ધ્યાન કરનાર પુરૂષ 'सिद्धाणं' એ પદનો જાપ અને ધ્યાન કરવાથી સહેજમાં ગરિમા સિદ્ધિને પ્રાપ્ત કરી શકે છે.

'सिद्धाणं' એ પદમાં ૮ ગણ છે, (કારણકે 'मस्त्रिगुरुः' આ કથનાનુસાર ત્રણ ગુરૂવર્ણો નો એક ૮ ગણ થાય છે), જો 'ૐ ગુરુ' એ પદનું પરિવર્ત્તન કરી નાખે તો પ્રાકૃતશૈલીથી ગરિમા શબ્દ બની જાય છે તથા 'सिद्धाणं' પદ ગુરૂરૂપ 'ૐ' એટલે ૮ ગણ છે, તેથી તેના ધ્યાનથી ગરિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે. આ બાબતમાં એક શંકા થઇ શકે છે કે ૮ ગણ રૂપ એટલે ત્રણ ગુરૂમાત્રાઓથી યુક્ત તો 'લાલાજી' 'રામૂજી' 'કોડૂજી, 'કાલૂજી' ઇત્યાદિ અનેક શબ્દ છે, તો પછી તેઓના જાપ અને ધ્યાનથી ગરિમા સિદ્ધિની પ્રાપ્તિ કેમ થતી નથી ? આનો ઉત્તર એ છે કે–શબ્દ વિશેષમાં જે દૈવી શક્તિ સ્વભાવથી સન્નિવિષ્ટ હોય છે અને જેનો પહેલાનાં મહાત્મા ઓએ તેને અનુકૂલ વ્યવહાર કર્યો છે, તેને અનુસરીને તે શબ્દમાં તે શક્તિ માનવી જોઈએ, જુઓ ! કૂપ, સૂપ, યૂપ, ધૂપ, પૂપ, આદિ શબ્દોમાં શરૂઆતના એક જ અક્ષરમાં કેટલી શક્તિ છે કે જે તેના પરિવર્ત્તનથી ન તો તેનો તે અર્થ રહે છે અને ન તો તેમાં વાચ્યપદાર્થ પ્રકાશનની શક્તિ રહે છે, તેજ નિયમને અનુસરીને ૮ ગણ રૂપ જે 'सिद्धाणं'પદ છે, તેમાં જાપ આદિ દ્વારા ગરિમા સિદ્ધિ આપવાની

શક્તિ છે; તે શક્તિ ન ગણ રૂપ બીજા શબ્દોમાં સંભવી શકતી નથી, કિંતુ 'સિદ્ધાણં' એ પદમાં 'સિદ્ધા' અને 'ણં' એ બે પદોના સંયોગથી ગરિમા સિદ્ધિ આપવાની શક્તિ રહેલી છે, જે બીજા એવાજ પર્યાય વાચક શબ્દોમાં સહયોગ કરવાથી પણ નથી સંભવી શકતી, દા.ત. જો આપણે 'સિદ્ધા' ના પર્યાયવાચક 'નિષ્પન્ના' અથવા 'સમ્પન્ના' શબ્દને 'ણં' શબ્દની સાથે જોડી દઇએ એટલે 'સિદ્ધાણં' ના બદલે તેના પર્યાયવાચક રૂપ 'નિષ્પન્નાણં' અથવા 'સમ્પન્નાણં' શબ્દનો પ્રયોગ કરીએ, અથવા તો 'ગમ્'ના પર્યાય વાચક 'ખલુ' વગેરે શબ્દોનો 'સિદ્ધા' પદની સાથે જોડી દઇએ તો પણ તેમાં તે શક્તિ કદાપિ હોઇ શકતી જ નથી, તેનો પ્રત્યક્ષ ઉદાહરણ જોઇ લો કે મૃગ અને પશુ જો કે બંને શબ્દ પર્યાય વાચક છે, તો પણ 'પતિ' શબ્દની સાથે જોડી દેવાથી જુદા જુદા અર્થ બની જાય છે એટલે કે મૃગપતિ શબ્દ સિંહનો તથા પશુપતિ શબ્દ મહાદેવનો દ્યોતક બની જાય છે, તેથી માનવું પડશે કે શબ્દ વિશેષમાં વાચ્ય વિશેષની જે સ્વભાવ સિદ્ધ દ્યોતક શક્તિ છે તે શક્તિ બહારની વિશેષતા આદિ દ્વારા કદાપિ મળતી આવતી નથી અથવા તાત્પર્યવાચક શબ્દ દ્વારાએ પણ સર્વથા મળતી આવતી નથી.

એ પણ કારણ હોઈ શકે છે કે સિદ્ધિ દાયક પદોમાં સિદ્ધાણં' એ પદ ત્રીજું છે, તેથી તે ત્રીજી ગરિમા સિદ્ધિ આપવા વાળું છે.

શ્રી નવકાર મહામન્ત્રનું બીજું પદ અને બીજી સંપદાનું વર્ણન વિસ્તારથી આ પ્રમાણે જાણવું

ત્રીજા આચાર્યપદનું વર્ણન આ પ્રમાણેઃ—

'णमो आयरियाणं' કહેતાં નમઃ આચાર્યેભ્યઃ, 'आ' એટલે મર્યાદાએ કરી 'चर्यते' એટલે સેવન કરીએ અર્થાત્ જિનશાસનના અર્થનો વિનયપૂર્વક ઉપદેશ કરે છે તેને આચાર્ય કહેવાય છે, તેને 'णमो' કહેતાં નમસ્કાર થાઓ કહ્યું પણ છે કેઃ—

सुत्तत्थविउलक्खणजुत्तो गच्छस्स मेढिभूओ अ ।
गणतत्ति विप्पमुक्को, अत्थं वाएइ आयरिओ ॥१॥'

અર્થાત્—સૂત્ર અને અર્થ એ બંનેને જાણનાર લક્ષણોથી યુક્ત તથા ગચ્છના નાયક સ્વરૂપ આચાર્ય ગચ્છની તમિ (રાગદ્વેષની આકુલતા)થી રહિત થઇને અર્થની વાચના કરે છે.

અથવા જ્ઞાનાચારાદિ પાંચ પ્રકારનો આચાર, અથવા 'आ' એટલે મર્યાદાએ 'चार' એટલે વિહાર રૂપ આચારને પાલવામાં પોતે 'साधु' એટલે ભલા ચતુર છે તથા પ્રકર્ષે કરીને બીજાને તે આચાર પાલવાનો ઉપદેશ દેવાથી તથા ઉત્કૃષ્ટ પણે બીજા સાધુ પ્રમુખને તે આચાર બતલાવવાથી આચાર્ય કહીએ. કહ્યું પણ છે કેઃ—

'पंचविहं आयारं, आयरमाणा तहा पयासंता ।
आयारं दंसंता, आयरिआ तेण वुच्चंति ॥१॥

અર્થાત્—પાંચ પ્રકારના આચારનું પોતે સેવન કરનાર તથા તેનો ઉપદેશ કરનાર અને બીજાને તેનું પડિલેહણાદિ દ્વારા આચરણ કરી બતાવનાર છે માટે તે આચાર્ય કહેવાય છે.

અથવા 'आ' એટલે 'ईषत्' કહેતાં અપરિપૂર્ણ જે 'चार' કહેતાં હેરિક એટલે શિષ્ય તે આચાર તે ચાર કલ્પ કહીએ, એટલે યુક્તાયુક્ત વિભાગ નિરૂપણ કરવામાં અનિપુણ એવા વિનયવંત શિષ્યને સત્ય ઉપદેશ દેનાર હોવાથી આચાર્ય કહેવાય છે.

પ્રશ્ન—ઉક્ત લક્ષણોથી યુક્ત એવા આચાર્યને નમસ્કાર કરવાનો શું હેતુ છે?

ઉત્તર—આચારનો ઉપદેશ કરવાથી જેઓને પરોપકારી પણું પ્રાપ્ત થયું છે તથા જેઓ ૩૬ છત્રીસ ગુણોએ કરીને સુશોભિત છે, યુગપ્રધાન છે, સર્વ જનોના મનને પ્રસન્ન કરવા વાળા છે, તથા સંસારી જીવોમાંથી ભવ્યજીવોને જીનવાણીનો ઉપદેશ આપી પ્રતિબોધ પમાડીને કોઇને સમકિતની પ્રાપ્તિ કરાવે છે, કોઇને દેશવિરતિની પ્રાપ્તિ કરાવે છે, કોઇને સર્વવિરતિની પ્રાપ્તિ કરાવે છે તથા કેટલાક જીવો તેઓનો ઉપદેશ સાંભળી ભદ્ર પરિણામી થાય છે, એવા ઉપકારના કરનાર, શાંત-

મુદ્રાના ધરનાર, ઉક્ત આચાર્ય ક્ષણમાત્ર પણ કષાયથી ગ્રસિત હોતા નથી, તેથી તેઓ અવશ્ય નમસ્કાર કરવા યોગ્ય છે.

વળી તે આચાર્ય નિત્ય પ્રમાદ રહિત રહીને વિશુદ્ધ ધર્મનું કથન કરે છે, રાજકથા, સ્ત્રીકથા, દેશકથા, ભક્તકથા, સમ્યક્ત્વમાં શિથિલતા અને ચારિત્રમાં શિથિલતા ઉત્પન્ન કરવાવાળી એવી અનુચિત કથાઓનો ત્યાગ કરે છે, વળી મલ તથા માયાથી દૂર છે તથા સારણા, વારણા, ચોયણા અને પડિચોયણાદિકે કરી દેશ અને કાલને અનુસરીને શિષ્યાદિકને પ્રવચનનો અભ્યાસ કરાવનારા છે, સાધુ જનોને ક્રિયાની ધારણા કરાવે છે, વળી જેમ સૂર્યનો અસ્ત થયા પછી ઘરની અંદર ઘટ પટાદિક પદાર્થ ન દેખાય તથા દીવો સળગાવવાથી તે બધા પદાર્થો દેખવામાં આવે, તેમજ કેવલજ્ઞાન રૂપી સૂર્ય સમાન શ્રી તીર્થંકર દેવ મુક્તિ ગયા પછી ત્રણ ભુવનના પદાર્થોને પ્રકાશિત કરવામાં દીપક સમાન એવા શ્રી આચાર્ય જ છે, તેથી તેઓને અવશ્ય નમસ્કાર કરવો જોઇએ. જે ભવ્યજીવ એવા આચાર્યોને નિરંતર નમસ્કાર કરે છે તે જીવને ધન્ય છે તથા તેમને નમસ્કાર કરવાવાળાના ભવનો જલ્દી અંત આવે છે. એવા આચાર્ય ભગવંતનું સુવર્ણવર્ણે ધ્યાન કરવું.

પ્રશ્ન—'આયરિયાણં' એ પદમાં લઘિમા સિદ્ધિ શી રીતે સમાએલી છે?

ઉત્તર—'આયરિયાણં' પદમાં જે લઘિમા સિદ્ધિ સમાએલી છે તેનાં કારણો આ પ્રમાણે છેઃ—

'लघु' શબ્દને ભાવ અર્થમાં इमन् પ્રત્યય લગાડવાથી 'लघिमा' શબ્દ બને છે. પ્રકાશ હમેશાં સાથમાં રહેવા વાલાની સંમુખ થાય છે, તેથી અર્થાપત્તિથી લઘિમા શબ્દમાં એ આશય ગર્ભિત છે કે જેની મધ્યમાં બે લઘુ અક્ષર વિદ્યમાન હોય, એવું પદ 'આયરિયાણં' છે, તેથી તેનો જાપ અને ધ્યાનથી લઘિમા સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

પ્રથમ કહી ગયા છીએ કે જેઓ મર્યાદા પૂર્વક એટલે વિનયપૂર્વક જૈનશાસનના અર્થનો ઉપદેશ કરે છે, અથવા ઉપદેશ સાંભળવાવાળા જેઓનું સેવન કરે છે તેઓ આચાર્ય કહેવાય છે, અથવા જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકારના આચારનું પાલન કરવામાં જેઓ અત્યંત કુશલ છે તથા બીજાઓને તેનું પાલન કરવાનો ઉપદેશ કરે છે તેઓ આચાર્ય કહેવાય છે, અથવા જેઓ મર્યાદા પૂર્વક વિહાર રૂપ આચારનું વિધિપૂર્વક પાલન કરે છે તથા બીજાઓને તેનું પાલન કરવાનો ઉપદેશ કરે છે તેઓ આચાર્ય કહેવાય છે, અથવા યોગ્યાયોગ્યના વિભાગનો નિશ્ચય કરવામાં અજાણ એવા શિષ્યજનોને સત્ય ઉપદેશ દેવાને લીધે આચાર્ય કહેવાય છે.

આચારનો ઉપદેશ દેવાને કારણે આચાર્યો પરોપકાર તત્પર હોય છે, યુગપ્રધાન કહેવાય છે, સર્વ મનુષ્યોના મનને પ્રસન્ન કરવાવાળા હોય છે, તેઓ સંસારમાં રહેલા જીવોમાંથી ભવ્યજીવોને જિનવાણીનો ઉપદેશ આપી તેઓને પ્રતિબોધ કરે છે, તેઓના ઉપદેશથી કોઈને સર્વવિરતિની પ્રાપ્તિ થાય છે, કોઈક જીવો તેઓનો ઉપદેશ સાંભળીને ભદ્ર પરિણામી થઇ જાય છે, તેઓ હંમેશાં પ્રમાદ રહિત હોવાને લીધે અપ્રમત્ત ધર્મનું કથન કરે છે, તેઓ દેશ, કાલને ઉચિત જુદા જુદા ઉપાયોથી શિષ્ય વગેરેને પ્રવચનનો અભ્યાસ કરાવે છે, સાધુજનોને ક્રિયાની ધારણા કરાવે છે તથા કેવલજ્ઞાન રૂપી સૂર્ય સમાન શ્રીતીર્થંકર ભગવંતોના મુક્તિગમન પછી તેઓના કહેલા ત્રણે લોકમાં વર્તી રહેલા પદાર્થોનો પ્રકાશ આચાર્ય મહારાજ જ કરે છે.

આચાર્યોનો આ સ્વાભાવિક સ્વભાવ છે કે ઉપદેશાદિક મારફતે તેઓ કોઈને કેટલોએ સુયોગ્ય બનાવી દે તો પણ તેને પોતાનાથી નાનો જ સમજશે અને એ બરાબર પણ છે કારણ કે નાનો સમજ્યા વિના જ્ઞાનદાન, ઉપદેશ આચાર તથા ક્રિયાનું પરિપાલન કરાવવું તથા અનેક ઉપાયોથી પ્રતિબોધ કરવો, ઇત્યાદિ કાર્ય નથી થઇ શકતા, તેથી લોકમાં રહેલા જીવ સમૂહની તરફ લાઘવ સ્વભાવથી જોનાર આચાર્યોના ધ્યાનથી લઘિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

ચરકઋષિએ આચાર્યના સંબંધમાં લખ્યું છે કેઃ—

'पर्यवदातश्रुतं परिदृष्टकर्माणं दक्षशुचिं जितहस्तमुपकरणवन्तं सर्वेन्द्रियोपपन्नं प्रकृतिज्ञं प्रतिपत्तिज्ञमनुयस्कृतविद्यमनसूयकमकोपनं क्लेशक्षमं शिष्यवत्सलमध्यापकं ज्ञानदानसमर्थमित्येव गुणो ह्याचार्यः सुक्षेत्रमार्तवोमेघ इव शस्यगुणैः सुशिष्यमाशु वैद्यगुणैः सम्पादयति, तमुपसृत्यारिराधयिषुरुपचरेदग्निवच्च देववच्च राजवच्च पितृवच्च भर्तृवच्चाप्रमत्तस्तत्प्रसादात् कृत्स्नं शास्त्रमधिगम्य शास्त्रस्य दृढतायामभिधानसौष्ठवस्यार्थस्य विज्ञाने वचनशक्तौ च भूयः प्रयतेत सम्यक् ॥१॥"

અર્થાત્–વિશુદ્ધ, શાસ્ત્રના જ્ઞાનવાળા, સારા નરસા કાર્યનો વિચાર કરનાર, દક્ષ, કુશલ, પવિત્ર, જિતહસ્ત, સર્વ સામગ્રીએ કરીને સહિત, સર્વ ઈન્દ્રિઓથી યુક્ત અને સર્વની પ્રકૃતિઓને જાણનાર, સિદ્ધાન્ત અથવા સિદ્ધિને જાણવા વાળા, ઉપસ્કારથી રહિત વિદ્યાવાળા, અસૂયા નહી કરવાવાળા, ક્રોધરહિત, કલેશ સહન કરવાને સમર્થ, શિષ્યો તરફ વાત્સલ્યતાને ધરનાર, શિષ્યોને અધ્યાપન કરાવનાર તથા જ્ઞાનદાન આપવામાં સમર્થ, એ પ્રકારના ગુણોથી યુક્ત આચાર્ય સારા શિષ્ય ને તુરતજ વૈદ્યકના ગુણોથી એવી રીતે સમ્પન્ન કરી દે છે કે જેવી રીતે વર્ષાઋતુનો મેઘ સારા

ક્ષેત્રને ધાન્યના ગુણોથી સમ્પન્ન કરી દે છે, તે માટે શિષ્યની ફરજ છે કે આરાધના કરવાની ઇચ્છાથી આચાર્યની પાસે જઇને પ્રમાદ રહિત થઇને અગ્નિની સમાન, દેવની સમાન, રાજાની સમાન, પિતાની સમાન અને સ્વામીની સમાન તેઓને જાણીને તેઓની સેવા કરે, તથા તેઓની કૃપાથી સર્વ શાસ્ત્રોને જાણીને શાસ્ત્રની દૃઢતાને માટે વિશુદ્ધ સંજ્ઞાથી વિશિષ્ટ અર્થ જાણવાને માટે તથા વચનશક્તિને માટે ફરી પણ સારી રીતે પ્રયત્ન કરતા રહેવું જોઇએ.

હવે આ કથનમાં એ સમજવું જોઈએ કે ચરકઋષિએ આચાર્યના જે ગુણો કહ્યા છે, તે ગુણોથી યુક્ત મહાનુભાવોની પાસે સંસાર લઘુ છે, એટલે ઉક્ત ગુણ વિશિષ્ટ આચાર્યોથી સમસ્ત સંસાર શિક્ષા લેવા યોગ્ય છે તથા સંસાર એવા મહાત્માઓને પોતાના ગુરુ માનીને તથા પોતાને લઘુ માનીને શિક્ષા લઇ જ રહ્યો છે, આની આગળ ઉક્ત ઋષિએ આચાર્યોના કર્તવ્ય બતલાવ્યાં છે, તેની પછી આચાર્યના સંબંધમાં શિષ્યનું એ કર્તવ્ય બતલાવ્યું છે કે–"શિષ્ય આરાધનાની ઇચ્છાથી આચાર્યની પાસે જાય અને પ્રમાદ રહિત થઇને તેઓની અગ્નિ, દેવ, રાજા, પિતા અને સ્વામીની માફક સેવા કરે." હવે વિચારવાનું અહીંઆં એ છે કે આચાર્યની અગ્નિ, દેવ, રાજા, પિતા અને સ્વામીની સમાન સેવા બતાવીને તેઓનું કેટલું ગૌરવભર્યું સ્થાન બતાવ્યું છે, વિચારો કે જે આચાર્ય અગ્નિ, દેવ, રાજા, પિતા અને સ્વામીની બરાબર છે, તેઓનાથી મોટા અર્થાત્ તેઓના ગુરુ શું કોઈ હોઇ શકે છે? નહીં; આખો સંસાર તેમની આગળ લઘુ છે, આ બાબતમાં કદાચ કોઇ આ પ્રમાણે શંકા કરે કે:—"ઠીક–આચાર્ય સર્વના ગુરુ છે અને તેઓની અપેક્ષાએ શિષ્ય લઘુ છે, પરંતુ જ્યારે શિષ્ય આચાર્યની સઘળી વિદ્યાઓ ગ્રહણ કરી લે ત્યારે તો તે તેઓની સમાન થઈ જ જશે, પછી તેને લઘુ કેવી રીતે કહી શકો છો." આનો ઉત્તર ચરકઋષિએ પોતાના કથનમાં પોતેજ આપેલો છે કે–"આચાર્યની કૃપાથી સર્વ શાસ્ત્રોને જાણીને શાસ્ત્રની દૃઢતાને માટે વિશુદ્ધ સંજ્ઞાથી વિશિષ્ટ અર્થને જાણવાને માટે તથા વચન શક્તિના માટે ફરી પણ સારી રીતે પ્રયત્ન કરતા રહેવું." આ કથનનું તાત્પર્ય એજ છે કે શિષ્ય આચાર્ય પાસેથી તેઓની સઘળી વિદ્યાઓ જાણી લઇને પણ તેઓની બરાબરી કરી શકતો નથી, અર્થાત્ તેઓની અપેક્ષાએ લઘુ જ છે; કારણ કે પોતાને લઘુ માનવાથી જ તે આચાર્યના આશ્રય રૂપ પોતાના કર્તવ્યનું પાલન કરી શકે છે, તેથી ઉક્ત કથનથી સિદ્ધ થાય છે કે આચાર્ય સમસ્ત જગત્‌ના ગુરુ એટલે શિક્ષા દેવાવાળા છે અને તેઓની પાસેથી સમસ્ત જગત્ લઘુ એટલે શિક્ષા લેવા યોગ્ય છે, કારણ કે આચાર્યોનું શિક્ષાદાનપણું પોતાને ગુરુ માનવાથી તથા જગત્‌નું શિક્ષાગ્રહણપણું પોતાને લઘુ

માનવાથી જ સંભવી શકે છે, તાત્પર્ય એ છે કે આવા આચાર્યોના સંબંધમાં સર્વે મનુષ્યોએ પોતાનામાં લઘુભાવ જાણવો જોઈએ તથા લઘુભાવને જ હૃદયમાં રાખીને તેઓનું આરાધન અગર સેવન કરવું જોઈએ, તેથી સ્પષ્ટ છે કે–'आयरियाणं'એ પદના જાપ અને ધ્યાનથી લઘિમા સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

શ્રી નવકાર મહામન્ત્રનું ત્રીજું પદ અને ત્રીજી સંપદાનું વર્ણન વિસ્તારથી આ પ્રમાણે જાણવું.

ચોથા ઉપાધ્યાયપદનું વર્ણન આ પ્રમાણેઃ—

'णमो उवज्झायाणं' કહેતાં નમઃ ઉપાધ્યાયેભ્યઃ, 'उप' કહેતાં સમીપ રહેલા તથા આવેલા એવા જે સાધુ પ્રમુખ તેઓ પ્રત્યે જે 'अज्झाय' કહેતાં અધ્યાય એટલે સિદ્ધાંતનું અધ્યયન કરાવે, તથા જેઓનો પાસે આવી અધીયતે કહેતાં ભણાય છે તેઓને ઉપાધ્યાય કહેવાય છે, તેઓને 'णमो' કહેતાં નમસ્કાર થાઓ.

અથવા "उप–समीपे सूत्रतो जिनप्रवचनमधीयते प्रकर्षतया ज्ञायते स्मर्यते वा शिष्यजनैर्यैभ्यस्ते उपाध्यायाः" इति व्युत्पत्तेः ।" અર્થાત્ જેઓની પાસે જવાથી જિન પ્રવચનના સૂત્રોના અર્થને ભણાય અથવા સ્મરણ કરાય છે તેઓને ઉપાધ્યાય કહીએ. કહ્યું પણ છે કેઃ—

"बारसङ्गो जिणक्खाओ, सज्झाओ कहिओ बुहेहिं ।
तं उवइसन्ति जम्हा, उवज्झाया तेण वुच्चन्ति ॥१॥"

અર્થાત્–જિનેશ્વરોએ ભાખેલી દ્વાદશાંગીને બુદ્ધિમાન્ સ્વાધ્યાય કહે છે, તેઓ જે કારણે દ્વાદશાંગીનો ઉપદેશ આપે છે, તે કારણ માટે તેઓને ઉપાધ્યાય કહીએ.

અથવા "उत्ति उवओग करणे, जत्ति जाणस्स होइ निद्देसे ।
पएण हुंति उज्झा, एसो अन्नोवि पज्जाओ ॥१॥"

અર્થાત્—ઉકાર જે છે, તે ઉપયોગ કરવાને અર્થે છે, તેથી उ કહેતાં उव થયો અને उव પછી જ્ઝ જે છે, તે ઝકાર વર્ણથી ધ્યાનનો નિર્દેશ કહ્યો છે. એમ उ અને ज એ બે અક્ષરથી उवज्झाय પદ થાય છે. આ પર્યાયાર્થ છે. વળી પર્યાય ફેર નામ આ પ્રમાણે છેઃ—

"उत्ति उवओग करणे, पत्ति अ पावपरिवज्जणे होइ ।
जत्ति अ जाणस्स कए, उत्ति अ ओसक्कणा कम्मे ॥"

અર્થાત્—उ જે છે તે ઉપયોગને માટે છે અને, प છે તે પાપને સમસ્ત પ્રકારે વર્જવાને માટે છે, અને ज છે તે ધ્યાન કરવાને માટે છે. વળી ओ વર્ણ તે કર્મથકી છુટવાને માટે છે. એ રીતે ચાર અક્ષર મલીને ઉપાજ્ઝાઓ થાય છે, તે પણ પર્યાયાંતરે ઉપાધ્યાયનું જ નામ જાણવું.

અથવા ઉપાધાન એટલે ઉપાધિ અથવા સન્નિધિ તે પાસે રહેવું, તે ઉપાધિને વિષે આય એટલે લાભ છે શ્રુતનો જેઓ થકી અથવા ઉપાધિ એટલે વિશેષણાદિકના પ્રસ્તાવક થકી શોભન ઉપાધિનો આય એટલે લાભ છે જેઓથી તેઓને ઉપાધ્યાય

કહીએ. એટલે જેઓની પાસે રહેવાથી શ્રુતનો લાભ થાય છે તેઓને ઉપાધ્યાય કહીએ, જેઓની દ્વારાએ ઉપાધિ એટલે પદવીની પ્રાપ્તિ થાય છે તેઓને ઉપાધ્યાય કહીએ.

અથવા "उपाधेरिष्टफलस्य आयस्य प्राप्तेः हेतुत्वं येषु विद्यते ते उपाध्यायाः"। અર્થાત્ જેઓમાં સ્વભાવથી જ ઇષ્ટફલની પ્રાપ્તિનું કારણપણું રહેલું છે તેઓને ઉપાધ્યાય કહીએ.

અથવા–"उपहन्ते आधेर्मानस्या व्यथाया आयः प्राप्तिर्यैस्ते उपाध्यायाः"। અર્થાત્– આધિ જે મનની પીડા તેનો લાભ, અધિ એટલે દુર્બુદ્ધિ તેનો લાભ, તથા દુર્ધ્યાનની પ્રાપ્તિનો જેઓની દ્વારા નાશ થાય છે તેઓને ઉપાધ્યાય કહીએ. એવા ઉપાધ્યાયનું મરકત મણિની માફક નીલવર્ણે ધ્યાન કરવું જોઇએ.

પ્રશ્ન–"उवज्झायाणं"એ પદમાં પ્રાપ્તિ સિદ્ધિ કેવી રીતે સમાએલી છે?

ઉત્તર—"उवज्झायाणं"પદમાં જે પ્રાપ્તિ સિદ્ધિ સમાએલી છે તેના કારણો આ પ્રમાણે છેઃ—

ઉપાધ્યાય પદનો અર્થ પ્રથમ લખી ગયા છીએ કેઃ–"જેઓની પાસે રહીને તથા આવીને શિષ્યો અધ્યયન કરે છે તેઓને ઉપાધ્યાય કહે છે, અથવા પાસે રહેલા અથવા આવેલા એવા સાધુ લોકોને સિદ્ધાન્તનું અધ્યયન કરાવે છે તેઓને ઉપાધ્યાય કહે છે, અથવા જેઓની પાસે નિવાસ કરવાથી શ્રુતનો લાભ થાય છે તેઓને ઉપાધ્યાય કહે છે, અને જેઓની દ્વારા ઉપાધિ એટલે શુભ વિશેષણાદિ પદવીની પ્રાપ્તિ થાય છે તેઓને ઉપાધ્યાય કહે છે" ઉક્ત શબ્દાર્થથી તાત્પર્ય એ નીકળે છે કે આરાધના રૂપી સામીપ્ય કરણથી "उवज्झायाणं"એ પદ દ્વારા પ્રાપ્તિ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

ઉપાધ્યાય પદનો પદચ્છેદ આ પ્રકારે છેઃ–'उप', अधि, आय' આ ત્રણ શબ્દોમાંથી 'उप' અને 'अधि' એ બંને અવ્યય છે તથા મુખ્ય પદ 'आय' છે અને તેનો અર્થ પ્રાપ્તિ થાય છે, તેથી ઉક્ત શબ્દનો આશય એ છે કે 'उप'એટલે સામીપ્યકરણ વગેરે દ્વારા 'अधि'એટલે અંતઃકરણમાં ધ્યાન કરવાથી જેની દ્વારા 'आय'એટલે પ્રાપ્તિ થાય છે તેઓને ઉપાધ્યાય કહે છે, તેથી શબ્દાર્થ દ્વારાજ સિદ્ધ થાય છે કે 'उवज्झायाणं' એ પદના જાપ અને ધ્યાનથી પ્રાપ્તિ નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

શ્રી નવકાર મહામન્ત્રનું ચોથું પદ અને ચોથી સંપદાનું વર્ણન વીસ્તારથી આ પ્રમાણે જાણવું.

પાંચમા સાધુ પદનું વર્ણન આ પ્રમાણેઃ—

'णमोलोए सव्वसाहूणं' એટલે નમો લોકે સર્વસાધુભ્યઃ । અર્થાત્–અઢીદ્વીપ પ્રમાણ લોકમાં રહેલા સર્વ સાધુઓને નમસ્કાર થાઓ.

'ज्ञानादिशक्त्या मोक्षं साधयन्तीति साधवः ।' અર્થાત્–જેઓ જ્ઞાનાદિ શક્તિદ્વારા મોક્ષનું સાધન કરે છે તેઓને સાધુ કહે છે. તથા જેઓ સર્વ પ્રાણી માત્રને વિષે સમપણું ધ્યાવે, તેને નિરૂક્તિ ન્યાયે કરીને સાધુ કહીએ, કહ્યું પણ છે કેઃ—

"निव्वाण साहए जोय, जम्हा साहन्ति साहुणो।
समाय सव्वभूएसु, तम्हा ते भाव साहुणो ॥१॥"

અર્થાત્–સાધુ લોકો મોક્ષને સાધવાના જે યોગ તેને જાણીને તેની સાધના કરતા હોવાથી તથા જગતના સમસ્ત પ્રાણીઓ તરફ સમભાવ પણું ધરતા હોય છે તે કારણ માટે તેઓ ભાવસાધુ કહેવાય છે.

અથવા જેઓ સંયમના સત્તર ભેદોને ધારણ કરે છે તેઓને સાધુ કહેવાય છે કહ્યું પણ છે કેઃ—

"विसयसुहनियत्ताणं, विसुद्धचारित्तनियमजुत्ताणं।
तच्चगुणसाहयाणं, साहणकिच्चुज्जुयाण नमो ॥"

અર્થાત્—જેઓ વિષયના સુખોથી નિવૃત્ત છે, વિશુદ્ધ ચારિત્રના નિયમોએ કરીને યુક્ત છે, યથાર્થ સાધુના ગુણોના સાધક છે તથા મોક્ષ સાધનને માટે ઉદ્યુક્ત છે તે સાધુઓને નમસ્કાર થાઓ. વળી કહ્યું પણ છે કેઃ—

'किं पिच्छसि साहूणं, तवं व नियमं व संयमगुणं वा।
तो वंदसि साहूणं, एअं मे पुच्छिओ साह ॥१॥

અર્થાત્–અરે પ્રાણી! સાધુ તે પોતાના ગુણે કરીને જ સાધુ હોય, તે માટે તું સાધુના સામું શું જુએ છે? તું શું તપશ્ચર્યાનો ગુણ દેખે છે? અથવા નિયમ દેખે છે? અથવા શું સંયમનો ગુણ દેખે છે? તે ગુણ દેખીને ત્યારપછી શું સાધુને વાંદીશ? એ હું તને પૂછું છું, તેનો ઉત્તર આપ.

એનો શિષ્ય ઉત્તર આપે છે—

"असहाइसहायत्तं, करेंति मे संजमं करंतस्स।
एएणं कारणेणं, णमामि हं सव्वसाहूणं ॥१॥"

સહાય વિનાના અને સંયમનું આચરણ કરતા મને સહાય કરે છે, માટે સર્વ સાધુઓને હું વાંદું છું.

જેવી રીતે ભમરો સુગંધી ફૂલ પર બેસીને તેનો પરાગ લઇને બીજે ફૂલે જાય, એમ અનેક ફૂલો પર ભમી ભમીને પોતાના આત્માને સંતુષ્ટ કરે છે, પરંતુ તે ફૂલને જરાએ હાનિ પહોંચાડતો નથી, તેવીજ રીતે સાધુ પણ અનેક ઘર ભમી ભમીને બેંતાલીશ દોષ રહિત શુદ્ધ આહાર વહોરી લાવી પોતાના પિંડનું–શરીરનું પોષણ કરે છે, પાંચે ઈન્દ્રિયોને વશમાં રાખે છે, પાંચે ઈન્દ્રિઓના વિષયોને જીતે છે. પોતે ષટ્કાય જીવની રક્ષા કરે છે અને ઉપદેશ આપી બીજાઓ દ્વારા કરાવે છે, વળી સત્તર ભેદ સહિત સંયમની આરાધના કરે છે, સર્વ જીવ પ્રત્યે દયાના પરિણામ રાખે છે, અઢાર હજાર શીલાંગ રથના ધોરી, અચલ અને અડગ ચારિત્રના પાલનાર, એવા મુનિવરોને જયણાપૂર્વક વાંદીને પોતાના આત્માને પવિત્ર કરવો જોઈએ. વળી તેઓ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિના ધરનાર, બાર પ્રકારના તપ કરવામાં શૂરવીર, આત્માર્થી, વળી આરંભ સમારંભના આદેશ તથા ઉપદેશથી પર, જેઓને લોકોને ભેગા કરવાની વૃત્તિ નથી, અને વંદન તથા પૂજનની ઇચ્છાથી પર છે એવા સાધુઓનું દર્શન તો જો મહદ્પુણ્યનો ઉદય હોય તો જ પમાય છે. અને તેથી એવા સાધુઓને નમસ્કાર અવશ્ય કરવો જોઇએ. આવા સાધુ મહાત્માઓનું ધ્યાન આષાઢ મહિનાના મેઘ સમાન શ્યામવર્ણથી કરવું જોઇએ.

પ્રશ્ન—'णमो लोए सव्वसाहूणं' એ પાંચમા પદમાં 'लोए' એ પદના કથનથી શું ભાવ નીકળે છે ?

ઉત્તર—'लोए' એ પદના કથનનું પ્રયોજન નીચે મુજબ છેઃ—

(૧) અઢીદ્વીપમાં જ મનુષ્યની ઉત્પત્તિ હોવાથી સાધુઓનું નિવાસસ્થાન અઢી દ્વીપપ્રમાણ લોક પ્રદેશમાં જ છે.

(૨) 'लोए' એ પદ મધ્ય મંગલના માટે છે; કારણકે 'लोकृ दर्शने' એ ધાતુથી 'लोक' શબ્દ બને છે. તથા બધાએ દર્શનાર્થક ધાતુ જ્ઞાનાર્થક માનવામાં આવે છે અને જ્ઞાન મંગલ સ્વરૂપ છે, તેથી મધ્યમાં મંગલ કરવાને માટે આ પદમાં 'लोए' પદ રાખવામાં આવ્યું છે.

(૩) ત્રીજું કારણ એ પણ છે કે 'सव्वसाहूणं' એ પદમાં પ્રાકામ્ય સિદ્ધિ સન્નિવિષ્ટ છે (જેનું વર્ણન આગળ કરવામાં આવેલું છે), કારણકે સાધુજન ઇચ્છા રહિત હોય છે, તેઓના સંબંધમાં 'लोए' પદ એ વાતને સૂચિત કરે છે કે તે સાધુજનોને જે ઇચ્છા ઉત્પન્ન પણ થાય છે તે જ્ઞાન સહચારિણી જ હોય છે એટલે રજોગુણ અને તમોગુણની વાસનાથી રહિત સાત્વિકી ઇચ્છા હોય છે અને તેની

આરાધના દ્વારા જે કોઇ સાધક પ્રાકામ્ય સિદ્ધિને પ્રાપ્ત કરે છે તેની કામના પણ રજોગુણ અને તમોગુણથી રહિત સાત્ત્વિકી જ હોય છે.

પ્રશ્ન—'णमो लोए सव्वसाहूणं' એ પાંચમા પદમાં 'सव्व' એટલે 'सर्व' શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવેલો છે, જો સર્વ શબ્દનો પ્રયોગ કદાચ ન કર્યો હોત તો પણ 'साहूणं' એ બહુવચનાન્ત શબ્દ છે તેનાથી સર્વ અર્થ સમજી શકાત અને તેથી જ પહેલાનાં ચાર પદોમાં સર્વ શબ્દનો પ્રયોગ નહી કરવામાં આવ્યો હોય?

ઉત્તર—ઉક્ત પાંચમા પદમાં 'सव्वसाहूणं' એ પદમાં જે સાધુ શબ્દની સાથે સર્વ પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે તેનાં આ કારણો છેઃ—

(૧) સર્વ શબ્દ એ વાતને પ્રકટ કરે છે કે સાધુજન સર્વકાર્ય સમર્થક હોય છે અને તેથી જ આ પદમાં પ્રાકામ્ય સિદ્ધિ સન્નિવિષ્ટ છે.

(૨) અપ્રમત્તાદિ, પુલાકાદિ, જિનકલ્પિક, પ્રતિમાકલ્પિક, યથાલન્દકલ્પિક, પરિહારવિશુદ્ધિ કલ્પિક; સ્થવિર કલ્પિક, સ્થિત કલ્પિક, સ્થિતાસ્થિત કલ્પિક તથા કલ્પાતીત વગેરે ભેદો વાળા, પ્રત્યેકબુદ્ધ, સ્વયંબુદ્ધ અને બુદ્ધબોધિતરૂપ ભેદો વાળા, તથા ભારત આદિ ભેદો વાળા તથા સુષમ દુષમાદિક વિશેષિત સર્વ સાધુઓનું સ્પષ્ટરીતે ગ્રહણ થઇ જાય તે માટે સર્વ શબ્દને આ પદમાં ગ્રહણ કરવામાં આવ્યો છે.

(૩) 'सव्वसाहूणं' આ પ્રાકૃત પદનો અનુવાદ 'सर्वसाधूनाम्' પણ થઇ શકે છે, જેનો અર્થ એ છે કે સાધુજન સાર્વ્વ એટલે સર્વ જીવોનું હિત કરવા વાળા છે, અથવા 'सर्वैर्नयैर्विशिष्टत्वात्सर्वोऽर्हद्धर्मः तत्र भवाः सार्वाः'। એટલે સર્વ નયોથી વિશિષ્ટ એવા આર્હત્ ધર્મનો સ્વીકાર કરેલા એવા જે સાધુઓ તેઓને નમસ્કાર થાઓ.

(૪) 'सव्वसाहूणं' એ પ્રાકૃત પદનો સંસ્કૃતાનુવાદ 'श्रव्यसाधूनाम्' પણ થઇ શકે છે, તેનો અર્થ એ થશે કે—શ્રવ્ય એટલે શ્રવણ કરવાને યોગ્ય જે વાક્ય છે તેના વિષયમાં જે સાધુ છે તેઓને શ્રવ્ય સાધુ કહે છે.

(૫) અથવા 'सव्वसाहूणं' નો સંસ્કૃતાનુવાદ 'सव्यसाधूनाम्' પણ થાય છે, તેનો અર્થ એ છે કે—સવ્ય એટલે અનુકૂલ કાર્યના વિષયમાં જેઓ સાધુ અર્થાત્ નિપુણ છે.

(૬) આ પદમાં 'લોક' શબ્દથી અઢીદ્વીપમાં રહેતા એવા સર્વ મનુષ્યોનું ગ્રહણ થાય છે, કે જે નવસો યોજન પ્રમાણ ઉંચાઇમાં છે અને એકહજાર યોજન

પ્રમાણ નીચાઇમાં છે, કિંતુ કોઇક લબ્ધિવાળા સાધુજનો મેરૂ ચૂલિકા સુધી પણ તપસ્યા કરતા માલુમ પડી આવે છે, એ પ્રકારે લોકમાં જ્યાં જ્યાં જે જે સાધુઓ હોય તે સર્વેને નમસ્કાર થાઓ, એ સર્વ શબ્દનું તાત્પર્ય છે.

પ્રશ્ન—'सव्वसाहूणं' એ પદમાં પ્રાકામ્ય સિદ્ધિ શી રીતે સમાએલી છે?

ઉત્તર—'सव्वसाहूणं' એ પદમાં જે પ્રાકામ્ય સિદ્ધિ સમાએલી છે તેના કારણો આ છે:—

(૧) પહેલાં કહી ગયા છીએ કે:—"જ્ઞાનાદિ રૂપ શક્તિ દ્વારાએ જેઓ મોક્ષની સાધના કરે તેઓને સાધુ કહે છે, જેઓ સર્વ પ્રાણીઓ પર સમાનભાવ ધારણ કરે છે અથવા જેઓ ચોરાશી લાખ જીવયોનિમાં ઉત્પન્ન થએલા સમસ્ત જીવો તરફ સમભાવ ધારણ કરે છે તેઓને સાધુ કહે છે, અથવા જેઓ સંયમના સત્તર ભેદોને ધારણ કરે છે અને અસહાયકોને તપસ્યા આદિમાં સહાયતા આપે છે તેઓને સાધુ કહે છે અથવા જેઓ સંયમ પાળવા વાળા જનોને સહાયતા કરે છે તેઓને સાધુ કહે છે."

મોક્ષમાર્ગમાં સહાયક હોવાને લીધે તેઓ પરોપકારી હોય છે, તેઓ પાંચ ઇન્દ્રિઓને પોતાના કાબુમાં રાખીને તેના વિષયોમાં પ્રવૃત્તિ નથી કરતા, ષટ્કાય જીવોની પોતે રક્ષા કરે છે અને બીજાઓ પાસે કરાવે છે, વિશિષ્ટ સત્તર ભેદે સંયમનું આરાધન કરી સમસ્ત જીવો પર દયાના પરિણામ રાખે છે, અઢાર હજાર શીલાંગ-રથના ધોરી હોય છે અને અડગ આચારનું પરિપાલન કરે છે, નવ પ્રકારની બ્રહ્મ-ચર્યની ગુપ્તિનું પાલન કરે છે, બાર પ્રકારની તપસ્યામાં પોતાની શક્તિને ફોરવે છે, આત્માના કલ્યાણનું હરહમેશ ધ્યાન રાખે છે, આરંભ સમારંભના આદેશ તથા ઉપદેશથી અલગ રહે છે, મનુષ્યોનો સમાગમ, વંદન અને પૂજન વગેરેની ભાવનાથી સદા દૂર રહેવાવાળા હોય છે, તાત્પર્ય એ છે કે તેઓને કોઇપણ જાતની કામના હોતી નથી અર્થાત્ તેઓ સર્વથા પૂર્ણેચ્છાવાળા હોય છે, તેથી પૂર્ણ કામ હોવાના કારણે તેઓનું ધ્યાન કરવાથી ધ્યાન કરનારને પણ પૂર્ણ કામતા અર્થાત્ પ્રાકામ્ય સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૨) 'साध्नोति साधयति वा पराणि कार्याणि इति साधुः।' એટલે જેઓ બીજાના કાર્યોને સિદ્ધ કરે છે તેઓનું નામ સાધુ છે, સાધુ શબ્દનો આ અર્થ જ એ વાતને પ્રકટ કરે છે કે સાધુજન બીજાઓની કામના તથા તે સંબંધી કાર્યોને પૂર્ણ કરે છે, તેથી માનવું જોઇએ કે 'सव्वसाहूणं' એ પદના ધ્યાનથી પ્રાકામ્ય સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૩) **શ્રીહેમચન્દ્રાચાર્ય** મહારાજે સાધુ અને મુનિ શબ્દને એકાર્થ વાચક કહેલ છે, તે મુનિ અગર સાધુનું લક્ષણ લૌકિક શાસ્ત્રો મધ્યે **પદ્મપુરાણમાં** જે લખેલું છે તેનો ટુંકાણમાં એ આશય છે કે 'જે કાંઇ મલી આવે તેમાં સંતોષ માનનાર, સમાન ચિત્તવાળો, ઇન્દ્રિઓને જીતવાવાળો, ભગવાનના ચરણોનો આશ્રય રાખવાવાળો, કોઇની પણ નિંદા નહી કરવાવાળો, જ્ઞાની, કોઇની પ્રત્યે પણ વૈરભાવ નહિ રાખવાવાળો, દયાવાન્, શાંતિવાળો, પાખંડ તથા અહંકારથી રહિત તથા કોઇપણ જાતની ઇચ્છાથી રહિત જે વીતરાગ (રાગથી રહિત) મુનિ છે તે આ સંસારમાં સાધુ કહેવાય છે; લોભ, મોહ, મદ, ક્રોધ અને કામાદિથી રહિત, સુખી, ભગવાનના ચરણોનો આશ્રય લેવાવાળો, સહનશીલ તથા સર્વેને સમાન નજરે જોવાવાળો જે પુરુષ છે તેને સાધુ કહે છે, સમાન ચિત્તવાળો, પવિત્ર, સર્વ પ્રાણિયો પ્રત્યે દયા રાખવાવાળો, તથા વિવેકી જે મુનિ છે તે જ ઉત્તમ સાધુ છે, સ્ત્રી પુરુષ અને સંપત્તિ વગેરે વિષયોમાં જેનું મન અને ઇન્દ્રિઓ ચલાયમાન નથી થતી, જે પોતાના ચિત્તને હમેશાં સ્થિર રાખે છે, શાસ્ત્રના પઠન પાઠનમાં જેની પૂર્ણ ભક્તિ છે, તથા જે નિરંતર ભગવાનના ધ્યાનમાં તત્પર રહે છે તે જ ઉત્તમ સાધુ છે.' વગેરે સાધુઓના લક્ષણોથી વાંચક! જાણી ચુક્યા હશે કે તે રાગથી રહિત, સર્વ ઇચ્છાઓથી પરિપૂર્ણ તથા બીજાઓની ઇચ્છાઓને પૂર્ણ કરવાવાળા હોય છે, તેથી માનવું જોઇએ કે એતદ્ગુણ વિશિષ્ટ સાધુઓના ધ્યાનથી પ્રાકામ્ય સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૪) **ગરૂડપુરાણમાં** પણ કહ્યું છે કેઃ—

'न प्रहृष्यति सम्माने, नावमानेन कुप्यति।
न क्रुद्धः परुषं ब्रूया-देतत् साधोस्तु लक्षणम् ॥१॥

અર્થાત્—જેઓ સન્માન કરવાથી પ્રસન્ન થતા નથી તથા અપમાન કરવાથી ગુસ્સે થતા નથી તથા ગુસ્સે થઇને કદી પણ કઠોર વચન બોલતા, નથી, એજ સાધુ પુરુષનાં લક્ષણ છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે માન અથવા અપમાનમાં જેઓને હર્ષ અગર ક્રોધ થતો નથી એટલે કે જેઓની ઇચ્છા માત્રનો નાશ થયો છે તેઓને સાધુ કહે છે. ભલા! એવા સાધુ પુરુષની આરાધના કરવાથી પ્રાકામ્ય સિદ્ધિ કેમ ન પ્રાપ્ત થાય?

(૫) **વન્હિપુરાણમાં** સાધુના સ્વભાવના વિષયમાં કહ્યું છે કેઃ—

'त्यक्तात्मसुखभोगेच्छाः, सर्वसत्त्वसुखैषिणः।
भवन्ति परदुःखेन, साधवो नित्यदुःखिताः ॥१॥

परदुःखातुरा नित्यं, स्वसुखानि महान्त्यपि ।
नापेक्षन्ते महात्मानः, सर्वभूतहिते रताः ॥२॥
परार्थमुद्यताः सन्तः, सन्तः किं किं न कुर्वते ।
तादृगप्यम्बुधेर्वारि, जलदैस्तत्प्रपीयते ॥३॥
एक एव सतां मार्गो, यदङ्गीकृतपालनम् ।
दहन्तमकरोत् क्रोडे, पावकं यद्वाम्पति ॥४॥
आत्मानं पीडयित्वाऽपि, साधुः सुखयते परम् ।
ह्लादयन्नाश्रितान् वृक्षो, दुःखञ्च सहते स्वयम् ॥५॥

અર્થાત્–જેઓએ પોતાના સુખભોગ અને ઇચ્છાનો પરિત્યાગ કરેલો છે તથા સર્વ પ્રાણી માત્રના સુખના જેઓ અભિલાષી હોય છે; એવા સાધુ પુરુષ બીજાના દુઃખથી સદા દુઃખી રહે છે એટલે બીજાના દુઃખોને દેખી શકતા નથી.–૧

હમેશાં બીજાના દુઃખોથી વ્યાકુલ રહે છે અને પોતાના મહાન સુખોની પણ જેઓ અભિલાષા નથી કરતા તથા સર્વ પ્રાણીઓના હિતમાં જેઓ તત્પર રહે છે તેઓ જ મહાત્મા છે.–૨

સાધુજન બીજાઓના કાર્ય માટે ઉદ્યત થઇને શું શું નથી કરતા, જુઓ ! વરસાદ સમુદ્રમાંથી ખારું પાણી પણ બીજાઓને ઉપકારના માટે પી લે છે.–૩

સાધુ પુરુષોનું અંગીકૃત કરેલા માર્ગનું પાલન કરવું એજ માર્ગ છે, જુઓ ! સમુદ્રે પ્રજ્વલિત (વડવાનલ) અગ્નિને પોતાની ગોદમાં ધારણ કરી રાખેલો છે.–૪

સાધુ પુરુષો પોતાની જાતે પીડા પામીને પણ બીજાને સુખી કરે છે, જુઓ ! વૃક્ષ પોતે દુઃખ વેઠીને પણ બીજાને આનંદ આપે છે.–૫

સાધુ પુરુષોનો આ સ્વભાવ હોવાથી તેઓની આરાધનાથી પ્રાકામ્ય સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૬) આચારનું યથાર્થ વિજ્ઞાન અને પરિપાલન કરતા હોવાને લીધે સાધુને આચાર રૂપ માનવામાં આવ્યા છે, અને તેથી જે પ્રકારે આચારના પરિપાલનથી ધર્મની પ્રાપ્તિ થાય છે, તેવી રીતે સાધુની આરાધનાથી ધર્મની પ્રાપ્તિ થાય છે. અથવા એમ સમજવું જોઇએ કે–સાધુની આરાધનાથી ધર્મની આરાધના થાય છે તથા ધર્મ સર્વ કામનાઓને પૂર્ણ કરવાવાળો છે તે જગત્પ્રસિદ્ધ બીના છે, તેથી સાધુની આરાધનાથી પ્રાકામ્ય નામની સિદ્ધિ પ્રાપ્ત થાય છે.

(૭) **વિષ્ણુપુરાણમાં 'સાધુ' એ પદના ઉચ્ચારણ માત્રથી સર્વ કામનાઓની** સિદ્ધિ પ્રાપ્ત થાય છે એવો ઉલ્લેખ કરેલો છે, તેથી માનવું પડશે કે 'सव्वसाहूणं'એ

પદના ધ્યાન અને જાપથી પ્રાકામ્ય સિદ્ધિની પ્રાપ્તિ અવશ્ય પ્રાપ્ત થાય છે.

(૮) 'सव्वसाहूणं'એ પદમાંનો 'सर्व'શબ્દ વિશેષે કરીને દ્યોતક છે કે–આ પદના ધ્યાનથી સર્વ કામનાઓની સિદ્ધિ થાય છે, કારણ કે–'सर्वान् (कामान्) साधयन्ति इति सर्वसाधवस्तेभ्यः' એટલે સર્વ કામો [ઇચ્છાઓ] ને જે પૂર્ણ કરે છે તેઓને સાધુ કહે છે.

શ્રી નવકાર મહામન્ત્રનું પાંચમું પદ અને પાંચમી સંપદાનું વિસ્તારથી વર્ણન આ પ્રમાણે જાણવું.

પ્રશ્ન—આ પાંચ પરમેષ્ઠીને નમસ્કાર કરવો તે સંક્ષેપથી કરવો કે વિસ્તારથી કરવો ? તેમાં જો સંક્ષેપથી નમસ્કાર કરવો એમ કહેશો તો સિદ્ધ અને સાધુઓ પ્રત્યેજ નમસ્કાર કરવો યુક્ત છે, કારણ કે એ બંનેને નમસ્કાર કરવાથી અરિહંત, આચાર્ય અને ઉપાધ્યાયનું પણ ગ્રહણ થઇ જાય છે, કારણ કે અરિહંત વગેરે જે ત્રણ છે તે પણ સાધુપણું છોડતા નથી અને જો તમે કહેશો કે વિસ્તારથી નમસ્કાર કરવો તો **ઋષભાદિ** ચોવીશ તીર્થંકરોને વ્યક્તિ સમુચ્ચારણ પૂર્વક એટલે જૂદું જૂદું નામ લઇને નમસ્કાર કરવો જોઇએ.

ઉત્તર—અરિહંતને નમસ્કાર કરવાથી જે ફલની પ્રાપ્તિ થાય છે તે ફલની પ્રાપ્તિ સાધુને નમસ્કાર કરવાથી થતી નથી, જેમકે રાજાને નમસ્કાર કરવાથી જે ફલની પ્રાપ્તિ થાય છે તે મનુષ્યમાત્રને નમસ્કાર કરવાથી થતી નથી, તે માટે વિશેષતાને લઇને પ્રથમ અરિહંતને નમસ્કાર કરવો યોગ્ય છે.

પ્રશ્ન—ન્યાયની વાત તો એ છે કે જે સર્વથી મુખ્ય હોય, તેનું નામ પ્રથમ ગ્રહણ કરવું જોઇએ; તો અહીંઆં પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરતાં પ્રથમ શ્રી અરિહંતને નમસ્કાર કીધો, પરંતુ ન્યાયની રીતે તો અહીંયાં પંચ પરમેષ્ઠીમાં સર્વથા કૃતકૃત્ય પણે કરીને સિદ્ધનું પ્રધાન પણું છે; અર્થાત્ પાંચેમાં સિદ્ધ મુખ્ય છે, તેથી પ્રથમ સિદ્ધને નમસ્કાર કરીને પછી અનુક્રમે અરિહંતાદિકને નમસ્કાર કરવો યુક્ત છે.

ઉત્તર—આપણે સિદ્ધને પણ શ્રીઅરિહંતના ઉપદેશથી જ જાણીએ છીએ, વળી જુઓ ! અરિહંત જ તીર્થની પ્રવર્ત્તના કરે છે અને ઉપદેશ આપીને ઘણા જીવો પર ઉપકાર કરે છે, એટલુંજ નહીં, પરંતુ સિદ્ધ પણ શ્રી અરિહંતના ઉપદેશથી જ ચારિત્ર અંગીકાર કરીને કર્મ રહિત થઈ સિદ્ધપણું પામે છે, માટે શ્રી અરિહંતને જ પ્રથમ નમસ્કાર કરવો યોગ્ય છે.

પ્રશ્ન–જો એમ ઉપકારીપણું ચિંતવી નમસ્કાર કરીએ તો આચાર્યાદિકને પ્રથમ નમસ્કાર કરવો યુક્ત થશે કારણ કે કોઈ વખતે તેઓથી પણ અરિહંતાદિકનું જાણપણું થાય છે, માટે આચાર્યાદિક પણ મોટા ઉપકારી છે તેથી તેઓને પ્રથમ નમસ્કાર કરવો યુક્ત છે.

ઉત્તર–આચાર્યને ઉપદેશ આપવાનું સામર્થ્ય અરિહંતના ઉપદેશથી જ પ્રાપ્ત થાય છે, અર્થાત્ આચાર્યાદિ સ્વતંત્રતાથી ઉપદેશ ગ્રહણ કરી અર્થજ્ઞાપનનું સામર્થ્ય પ્રાપ્ત કરી શકતા નથી, તાત્પર્ય એ છે કે અરિહંત જ મુખ્યત્વે કરીને સર્વ પદાર્થનું જ્ઞાન કરાવવાવાળા છે, તેથી પ્રથમ નમસ્કાર કરવો તેઓનેજ યોગ્ય છે. વળી આચાર્યાદિકોને પ્રથમ નમસ્કાર કરી પછી શ્રી અરિહંતને નમસ્કાર કરવો યોગ્ય નથી કહ્યું પણ છે કેઃ–

'पुव्वाणुपुव्वि न कमो, नेव व पच्छाणुपुव्वि एस भवे।
सिद्धाईआ पढमा, बीआए साहुणो आइ ॥१॥
अरहन्ता उवएसेणं, सिद्धाणं जन्ति तेण अरिहाइ।
णवि कोवि परिसाए, पणमित्ता पणमई रन्नोत्ति ॥२॥

ઉપર જે પ્રશ્નોત્તરો જણાવી ગયા તેનો સંબંધ આ ગાથાઓ સાથે છે, વળી લોકોમાં પણ પર્ષદાને પ્રણામ કરીને પછી રાજાને કોઈ પ્રણામ કરતું નથી, તો અહીંઆં આચાર્યાદિક તો પર્ષદા રૂપ છે અને શ્રી અરિહંત તે રાજારૂપ છે માટે પ્રથમ શ્રીઅરિહંતને નમસ્કાર કર્યા પછી આચાર્યાદિકને કરવો યુક્ત છે.

પ્રશ્ન–છઠ્ઠા પદથી લઈને નવમા પદ સુધીમાં એમ કહેવામાં આવ્યું છે કે–'एसो पंचणमुक्कारो' એટલે એ પાંચેને કરેલો નમસ્કાર, 'सव्वपावप्पणासणो'સર્વ પાપનો નાશ કરનાર છે તથા 'मङ्गलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं' સર્વ મંગલોને વિષે પહેલું મંગલ છે. આ વિષયમાં પ્રશ્ન એ છે કે મંગલ કોને કહે છે અને મંગલ કેટલા પ્રકારના હોય છે તથા એ પાંચેને કરેલો નમસ્કાર પ્રથમ મંગલ શી રીતે છે?

ઉત્તર–મંગલ શબ્દની વ્યુત્પત્તિ એ છે કે—'मङ्गति हितार्थं सर्पति, मङ्गति दूरं दुष्टमनेन अस्माद्वेति मङ्गलम्'અર્થાત્ જે સર્વ પ્રાણિઓના હિતને માટે દોડે છે તેને મંગલ કહે છે, અથવા જેની મારફતે દુર્દૈવ, દુર્ભાગ્ય દૂર ભાગી જાય છે તેને મંગલ કહે છે, તાત્પર્ય એ છે કે જેનાથી હિત અને અભીષ્ટ પદાર્થની પ્રાપ્તિ થાય છે તેનું નામ મંગલ છે.

મંગલ બે પ્રકારના છે–એક દ્રવ્ય મંગલ એટલે લૌકિક મંગલ, તથા બીજું ભાવમંગલ એટલે લોકોત્તર મંગલ જાણવું. તેમાં દહીં, અક્ષત, કેસર, ચંદન

અને ઘરો વગેરે લૌકિક મંગલ છે, તે મંગલ અનેકાંતિક તથા અનાત્યંતિક જાણવું એટલે સર્વથા તથા સર્વદા મંગલરૂપ નહી રહેવાવાળુ જાણવું અને તે પણ નામ મંગલ, સ્થાપના મંગલ અને દ્રવ્ય મંગલરૂપ છે અને એ ત્રણ મંગલથી વાંછિતાર્થની સિદ્ધિ થતી નથી, પરંતુ તેનાથી વિપરીત એકાંત મંગલ તથા આત્યંતિક મંગલ એટલે સર્વથા અને સર્વદા મંગલરૂપ રહેવાવાળુ તે ભાવમંગલ જાણવું; એ મંગલ વિશેષે કરીને ઇચ્છિતાર્થ સિદ્ધિને આપનાર છે, તેથી દ્રવ્યમંગલની અપેક્ષાએ ભાવમંગલ પૂજનીય તથા ઉત્તમ છે, તે ભાવમંગલ જપ, તપ તથા નિયમ વગેરે ભેદોથી અનેક પ્રકારનું છે; તેમાં પણ આ પંચ પરમેષ્ઠી નમસ્કારરૂપ મંગલ સર્વથી ઉત્તમ છે. તેથી એ વિશેષે કરીને ગ્રહણ કરવું, એનાથી મોક્ષ સુખની પ્રાપ્તિ થાય છે, કારણ કે જે પરમેષ્ઠીઓને નમસ્કાર કરવામાં આવે છે તેઓ લોકોમાં ઉત્તમ તથા શરણાગત વત્સલ છે, કહ્યું પણ છે કેઃ-'अरिहन्ता मंगलं, सिद्धा मंगलं, साहु मंगलं, केवलि पण्णत्तो धम्मो मंगलं'। અર્થાત્ અરિહંત મંગલરૂપ છે, સિદ્ધ મંગલરૂપ છે, સાધુ મંગલરૂપ છે તથા કેવળી ભગવંતે પ્રરૂપેલો ધર્મ મંગલરૂપ છે.

પ્રશ્ન-'પરમેષ્ઠી નમસ્કાર મહાસ્તોત્ર'ના કર્તા શ્રી **જિનકીર્તિસૂરિએ** સ્વોપજ્ઞવૃત્તિના પ્રારંભમાં આ મહામંત્રને અડસઠ અક્ષરોવાળો કહેલો છે, તો એના અડસઠ અક્ષર કેવી રીતે જાણવા જોઇએ તથા આ મહામન્ત્ર અડસઠ અક્ષરોવાળો હોવાનું શું કારણ છે ?

ઉત્તર-આ નવકાર મન્ત્રમાં નવ પદ છે, તેમાંથી શરૂઆતના પાંચ પદ કે જેનું વિસ્તૃત વર્ણન આપણે કરી ગયા છીએ તે જ મૂલમન્ત્ર સ્વરૂપ છે, તેમાં વ્યંજનો સહિત હ્રસ્વ અને દીર્ઘ વર્ણોની ગણતરી કરવાથી પાંત્રીસ અક્ષરો થાય છે તથા પાછળના જે ચાર પદ છે જેનું વિસ્તૃત વર્ણન હવે પછી કરવામાં આવનાર છે તે ચૂલિકાના છે, તેમાં મૂલ મન્ત્રના પ્રભાવનું વર્ણન કરવામાં આવેલું છે, તે ચારે પદોમાં વ્યંજનો સહિત હ્રસ્વ અને દીર્ઘ અક્ષરોની ગણતરી કરવાથી તેત્રીસ અક્ષરો થાય છે, આ બંને સંખ્યાઓને ભેગી કરવાથી કુલ અડસઠ અક્ષર થાય છે, તેથી આ મહામન્ત્રને અડસઠ અક્ષરોથી વિશિષ્ટ કહેલ છે.

આ મહામન્ત્રમાં અડસઠ અક્ષરોની સ્થાપના કરવાનું પ્રયોજન એ છે કે એમાં પાંચ પરમેષ્ઠિઓને નમસ્કાર કરવામાં આવેલો છે તથા એમાં નવ પદ છે, જેના ભંગોની ક્રિયા (પ્રક્રિયા) જુદી જુદી છે, તેથી આ મહામન્ત્રને નવકારમન્ત્ર કહે છે, પાંચને નવથી ગુણવાથી પીસ્તાલીસ થાય છે; એને દોઢા કરવાથી સાડા સડસઠ થાય છે; એમાં અડધો ઉમેરવાથી અડસઠ થાય છે, હવે એનું તાત્પર્ય એ છે કે જેઓ

નવપદોની પ્રક્રિયાથી પાંચ પરમેષ્ટીઓનું ધ્યાન કરે છે, અર્થાત્ એ પ્રકારથી પીસ-તાલીસ સંખ્યાને જેઓ પ્રાપ્ત કરે છે, તેઓનો હિસાબ કિતાબ સંસારથી દોઢો (નિઃશેષ) થઇ જાય છે અર્થાત્ આ રીતે તેઓ સાડાસડસઠ સંખ્યાને પ્રાપ્ત કરે છે; સંસારથી લેખાના દોઢા થઇ ગયા પછી તેઓને માટે સંસારમાં માત્ર અડધી ક્ષણજ રહે છે, તે અર્ધક્ષણ વીત્યા પછી (અર્થાત્ અડધાનું જોડાણ થવાથી) તે અડસઠ થઇ જાય છે અર્થાત્ સિદ્ધિ સ્થાનને પામે છે.

પ્રશ્ન—કેટલાક લોકો 'હવઇ મંગલં'ના સ્થાનમાં 'હોઇ મંગલં' પાઠ માનીને ચૂલિકા સંબંધીના પાછળના ચાર પદોમાં બત્રીશ જ અક્ષરો માને છે, શું તે બરાબર નથી ?

ઉત્તર—'હવઇ'ના સ્થાનમાં 'હોઇ' શબ્દ બોલવાથી જો કે અર્થમાં તો કોઇ પણ જાતનો ફરક પડતો નથી, પરંતુ 'હોઇ' શબ્દ બોલવાથી ચાર પદોમાં બત્રીશ અક્ષરોનું હોવું દૂષણરૂપ છે, કારણકે મૂલમન્ત્રના ૩૫ તથા પછીના ચાર પદોમાં 'હવઇ' બોલતાં તેત્રીશ અક્ષરોનું જોડાણ કરવાથી જ ૬૮ અક્ષર થાય છે, પહેલાં જણાવી ગયા છીએ તે પ્રમાણે જેનું હોવું આવશ્યક છે. જુઓ !

શ્રીમહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કેઃ—

"तहेव इकारस पयपरिच्छिन्नति आलावगतित्तीसअक्खरपरिमाणं, एसो पंच णमुक्कारो सव्वपावप्पणासणो मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं ति चूलम् ।"

અર્થાત્—પરમેષ્ઠી નમસ્કારરૂપ મૂલમન્ત્ર અગિયાર પદો યુક્ત છે એટલે શરૂ-આતના પાંચ પદ રૂપ મૂલમન્ત્રમાં કુલ અગિયાર પદ છે, તેનો પ્રભાવ બતાવનારા પાછલા ચાર પદોના અક્ષરોનું પરિમાણ તેત્રીશ છે. તે આ પ્રમાણે 'એસો પંચ ણમુક્કારો, સવ્વપાવપ્પણાસણો, મઙ્ગલાણં ચ સવ્વેસિં, પઢમં હવઇ મઙ્ગલં' એવું ચૂલિકામાં કથન છે. **પ્રવચનસારોદ્ધારની** ૭૯મી ગાથામાં કહ્યું છે કેઃ—

'पंच परमिट्ठि मंते, पय पय सत्त संपया कमसो ।
पज्जंत सत्तरक्खर, परिमाणा अट्ठमी भणिया + ॥७९॥

જો કે 'હવઇ મંગલં' ના સ્થાને હોઇ મંગલં એવો પાઠ બોલવાથી અર્થ વિશેષ કાંઇ નથી, તથાપિ 'હવઇ મંગલં' પાઠ જ બોલવો કે જેથી ચાર પદોમાં ૩૩ અક્ષર થઇ જાય. કારણકે **નમસ્કારાવલિ** ગ્રન્થમાં કહ્યું છે કેઃ—" કોઇ કાર્ય વિશેષ ઉપસ્થિત થાય ત્યારે જે વખતે ચૂલિકાના જ ચાર પદોનું જ ધ્યાન કરવાનું હોય તે વખતે બત્રીશ પાંખડીના કમલની રચના કરી એકેકો અક્ષર એકેક પાંખડીમાં

+ અર્થાત્—પંચ પરમેષ્ઠી મન્ત્રને વિષે પ્રત્યેક પદ પ્રમાણ સંપદા કહી છે, એ પ્રમાણે સાત પદની સાત સંપદાઓ અનુક્રમે થાય અને છેલ્લી આઠમી સંપદા સત્તર અક્ષર પ્રમાણ જાણવી.

સ્થાપન કરવો અને તેત્રીશમો અક્ષર મધ્ય કર્ણિકામાં સ્થાપન કરીને ધ્યાન કરવું જોઇએ." તેથી જો 'હોઇ મંગલં' એવો પાઠ માનવામાં આવે તો ચારે પદોમાં ૩૨ જ અક્ષર થાય અને તે બત્રીશ અક્ષરથી બત્રીશ પાંખડીઓ જ પૂરાય અને મધ્ય કર્ણિકા ખાલી રહી જાય, તેથી 'હવઇ મંગલં' એવો પાઠ માનીને પાછળના ચાર પદોમાં તેત્રીશ જ અક્ષર માનવા જોઇએ.

પંચપરમેષ્ઠીને નમસ્કાર કરીને તેઓના એકસોને આઠ ગુણરૂપ મન્ત્રનો જાપ કરીએ તે ૧૦૮ ગુણ આ પ્રમાણે છેઃ—

बारस गुण अरिहंता, सिद्धा अट्ठेव सूरि छत्तीसं।
उवज्झाया पणवीसं, साहू सगवीस अट्ठसयम् ॥१॥

અર્થાત્—અરિહંતના બાર ગુણ છે, સિદ્ધના આઠ ગુણ છે, આચાર્યના છત્રીશ ગુણ છે, ઉપાધ્યાયના પચીશ ગુણ છે અને સાધુના સત્તાવીશ ગુણ છે. સર્વ મળીને પંચ પરમેષ્ઠીના ૧૦૮ ગુણ છે અને તેથી જ નવકારવાળીના મણકા પણ ૧૦૮ હોય છે.

પંચપરમેષ્ઠીના ગુણો દર્શાવતું ચૈત્યવંદનઃ—

બાર ગુણ અરિહંત દેવ, પ્રણમી જે ભાવે।
સિદ્ધ આઠ ગુણ સમરતાં, દુઃખ દોહગ જાવે ॥૧॥
આચારજ ગુણ છત્રીશ, પચવીશ ઉવજ્ઝાય।
સત્તાવીશ ગુણ સાધુના, જપતાં સુખ થાય ॥૨॥
અષ્ટોત્તર સય ગુણ મલીએ, એમ સમરો નવકાર।
ધીરવિમલ પંડિત તણો, **નય** પ્રણમે નિત સાર ॥૩॥

પ્રસંગોપાત નવકારવાલીના ગુણ દર્શાવતી પ્રાચીન ગુજરાતી સજ્ઝાય વાંચકોને ઉપયોગી જાણી અત્રે આપવી યોગ્ય ધારી છે જે આ પ્રમાણે છેઃ—

બાર જપૂં અરિહંતના, ભગવંતના રે ગુણ હું નિશ દીશ।
સિદ્ધ આઠ ગુણ જાણિયેં, વખાણીયેં રે ગુણ સૂરિ છત્રીશ ॥
નોકારવાલી વંદીયેં ॥૧॥

ચિર નંદિયેં રે ઉઠી ગણીયેં સવે(વા)ર।
સૂત્ર તણા ગુણ ગૂંથિયા, મણીઆ મોહન રે મહ મોટો મેર ॥
નોકારવાલી વંદીયેં ॥૨॥

પચવીશ ઉવજ્ઝાયના, સત્તાવીશ રે ગુણ શ્રી અણગાર ।
એકસો આઠે ગુણે કરી, ઇમ જપિયે રે ભવિયણ નવકાર ॥
નોકારવાલી વંદીયે ॥૩॥

મોક્ષ જાપ અંગુઠડે, વૈરી જૂઠડે રે તર્જની અંગુલી જોય ।
બહુ સુખ દાયક મધ્યમા, અનામિકા રે વશ્યારથ હોય ॥
નોકારવાલી વંદીયે ॥૪॥

આકર્ષણ ટચી અંગુલી, વલી સુણજ્યે રે ગણવાની રીતિ ।
મેરુ ઉલ્લંઘન મ મ કરો, મ મ કરજ્યે રે નખ અગ્રે પ્રીતિ ॥
નોકારવાલી વંદીયે ॥૫॥

નિશ્ચલ ચિત્તે જે ગણે, જે ગણે સંખ્યાદિકથી એકાંત ।
તેહને ફલ હોએ અતિ ઘણું, ઇમ બોલે રે જિનવર સિદ્ધાંત ॥
નોકારવાલી વંદીયે ॥૬॥

શંખ પ્રવાલ ફ(સ્ફ)ટિકમણિ, પત્તા જીવ (પુત્રજીવી) રતાંજલી મોતી સારા
રૂપ સોવન રયણ તણી, ચંદન અવર અગરને ઘનસાર ॥
નોકારવાલી વંદીયે ॥૭॥

સુંદર ફલ રૂદ્રાક્ષની, જપમાલિકા રે રેશમની અપાર ।
પંચ વરણ સમ સૂત્રની, વલી વસ્તુ વિશેષ તણી ઉદાર ॥
નોકારવાલી વંદીયે ॥૮॥

ગૌતમ પૂછતેં કહ્યો, મહાવીરેં રે એ સયલ વિચાર ।
લબ્ધિ કહે ભવિયણ સુણો, ગણજ્યો ભણજ્યો રે નિત્ય નિત્ય નવકાર ॥
નોકારવાળી વંદીયે ॥૯॥

અરિહંત ભગવંતના આઠ પ્રાતિહાર્ય અને ચાર અતિશય મળીને કુલ બાર ગુણ છે તે આ પ્રમાણેઃ—

'अशोकवृक्षः सुरपुष्पवृष्टिर्दिव्यध्वनिश्चामरमासनं च ।
भामण्डलं दुन्दुभिरातपत्रं सत्प्रातिहार्याणि जिनेश्वराणाम् ॥१॥

૧ અશોકવૃક્ષ—જ્યાં જ્યાં અરિહંત ભગવાન વિચરે છે ત્યાં ત્યાં સમવસરણની રચના કરવામાં આવે છે. તે સમવસરણની મધ્યમાં મહાવિસ્તીર્ણ, ફૂલોનો સમૂહ તથા તેમાં લુબ્ધ થએલા ભ્રમરોના સમૂહથી યુક્ત, શીતલ સુંદર છાયા સહિત, મનોહર, લાંબી શાખાઓ વાળા, ભગવાનના શરીરથી બાર ગણી ઉંચાઈના

અશોકવૃક્ષની રચના દેવો કરે છે, જેની નીચે બિરાજમાન થઇને પ્રભુ ધર્મોપદેશ આપે છે.

૨ સુરપુષ્પવૃષ્ટિ—સમવસરણમાં દેવતાઓ જલ તથા સ્થલને વિષે ઉત્પન્ન થએલાં ફૂલો જેવાં કે શ્વેત, લાલ, પીળાં, લીલાં તથા શ્યામ એ પાંચે વર્ણોના વિકસ્વર સરસ સુગંધીવાળા, જેના ડીટાં નીચે રહેલાં છે અને મુખ ઉપર રહેલાં છે તેવાં સચિત્ત ફૂલની વૃષ્ટિ સમવસરણની જમીનને વિષે ચારે તરફ એક યોજન પ્રમાણ ભૂમિ મધ્યે જાનુ સુધી કરે છે. અહીઆં ફૂલ વિષે મતાંતર છે, કોઇ કહે છે કે અચિત્ત ફૂલ હોય છે, કોઇ કહે છે કે જળીબંધ હોય છે, કોઈ કહે છે કે ક્યારા રૂપ હોય છે, એટલે જ્યાં સાધુ, મનુષ્ય અને દેવતા બેસે છે ત્યાં પુષ્પવૃષ્ટિ નથી હોતી અને બાકીની જગ્યામાં ચારે તરફ હોય છે, આ પ્રમાણે મતાંતર છે. પરંતુ બરૂં જોતાં તો સમવસરણમાં સર્વત્ર ફૂલની વૃષ્ટિ તો દેવતાઓ કરે જ છે, પરંતુ ફૂલોને જે ઇજા નથી થતી તેનું કારણ તો અચિંત્ય શક્તિના ધણી એવા શ્રી અરિહંત ભગવાનનું માહાત્મ્ય (મહાન્ અલૌકિક પ્રભાવ) છે. એમ શ્રી **આવશ્યક ચૂર્ણિ**માં કહેલું છે. તેની સાખ શ્રી **મલયગિરિ** મહારાજે શ્રી **આવશ્યક નિર્યુક્તિ**ની વૃત્તિમાં આપેલી છે. માટે સમવસરણ મધ્યે સચિત્ત ફૂલોની વૃષ્ટિ દેવતાઓ સર્વત્ર કરે છે તે વાત નિર્વિવાદ સાબિત થાય છે.

૩ દિવ્યધ્વનિ—જે સમયે અરિહંત ભગવાન અત્યંત મધુર સ્વર વડે સરસ અમૃતરસ સમાન સમસ્ત લોકને આપનારી વાણીએ કરીને ધર્મદેશના આપે છે, તે સમયે જો કે પ્રભુની વાણી અતિ મધુરમાં મધુર હોવા છતાં પણ દેવતાઓ પ્રભુની વાણીને દિવ્ય એવા ધ્વનિ વડે પૂરે છે, પ્રભુ જે દેશના આપે છે તે માલકોશ રાગમાં આપે છે અને પ્રભુ માલકોશ રાગે જે સમયે દેશના આપવી શરૂ કરે, તે વખતે પ્રભુની બંને બાજુએ રહેલા દેવતાઓ વેણુ, વિણા વગેરેના શબ્દોએ કરીને તે વાણીને વિશેષે કરીને મધુર અને મનોહર કરે છે.

૪ ચામર—તંતુ સમૂહથી યુક્ત કેળના થાંભલાની સમાન જેના મનોહર સુવર્ણદંડને વિષે રત્નો જડેલાં છે અને તે રત્નોના કિરણોની કાંતિ ઇન્દ્રધનુષની કાંતિના જેવી ફેલાઇ રહેલી છે, એવા રત્નજડિત સુવર્ણની ડાંડી વાળા શ્વેત ચામરો ભગવંતને દેવતાઓ વીંઝે છે.

૫ આસન—મેરૂ શિખરની સમાન ઉંચું, રત્નજડિત સુવર્ણ સિંહાસન કે જે કર્મરૂપ શત્રુ સમૂહનો નાશ કરવાને સાક્ષાત્ સિંહ સમાન છે, એવું સિંહાસન દેવતાઓ બનાવે છે, અને તે પર બેસીને પ્રભુ ધર્મદેશના આપે છે.

૬ ભામંડલ—શરદૃઋતુના સૂર્યના કિરણોની સમાન અત્યંત તેજસ્વી એવું પ્રકાશ મંડલ એટલે ભામંડલ પ્રભુના મસ્તકની પાછળના ભાગમાં દેવતાઓ રચે છે, તેમાં ભગવાનનું તેજ સંક્રમે છે, તેમ ન કરવામાં આવે તો ભગવાનના મુખ સન્મુખ કોઇનાથી જોઇપણ શકાય નહિ.

૭ દુંદુભિ—પ્રભુના સમવસરણ વખતે દેવતાઓ દુંદુભિ વગાડે છે, તે એમ સૂચવે છે કે–હે ભવ્ય પ્રાણીઓ ! તમે શિવપુરના સાર્થવાહ સમાન આ પ્રભુની સેવા કરો, તેમના શરણે જાઓ.

૮ છત્ર—સમવસરણમાં દેવતાઓ ભગવાનના મસ્તક ઉપર શરદૃચંદ્ર જેવા ઉજવળ અને મોતીની માલાઓથી સુશોભિત ઉપરાઉપર ત્રણ ત્રણ છત્રો દરેક દિશાએ રચે છે. ભગવાન પોતે સમવસરણમાં પૂર્વાભિમુખ બેસે છે અને બીજી ત્રણ દિશાઓમાં દેવતાઓ ભગવંતના જ પ્રભાવથી પ્રતિબિંબો રચીને સ્થાપે છે, તેથી કુલ બાર છત્રો તે વખતે હોય છે. અન્ય વખતે ત્રણ જ છત્ર હોય છે. સમવસરણ ન હોય ત્યારે પણ આ આઠ પ્રતિહાર્યો તો પ્રભુની સાથે હોય જ છે.

ચાર મૂળ અતિશય આ પ્રમાણે છેઃ—

૯ અપાયાપગમાતિશય—અપાય એટલે ઉપદ્રવ તેનો અપગમ એટલે નાશ. તે સ્વાશ્રયી અને પરાશ્રયી બે પ્રકારનો છે. તેમાં પરાશ્રયી અપાયાપગમ અતિશય એ કે–જેનાથી અન્યનો ઉપદ્રવ નાશ પામે, એટલે કે ભગવાન જ્યાં વિચરતા હોય ત્યાં દરેક દિશામાં પચીશ પચીશ યોજન અને ઊર્ધ્વ તથા અધો સાડાબાર સાડા બાર યોજન એમ સર્વ મળી સવાસો યોજન સુધી રોગ, મરકી, વૈર, અવૃષ્ટિ, અતિવૃષ્ટિ વગેરે થાય નહીં. હવે સ્વાશ્રયી અપાયાપગમાતિશયના દ્રવ્યથી અને ભાવથી એમ બે પ્રકાર છે. તેમાં દ્રવ્યથી અપાય એટલે સર્વ પ્રકારના રોગો, તે પોતાને તો સર્વથા ક્ષય થયા હોય છે. તથા ભાવથી અપાય એટલે અઢાર પ્રકારના અભ્યંતર દોષો, તે પણ પોતાને સર્વથા નાશ પામેલાજ હોય છે. તે અઢાર દોષો આ પ્રમાણે જાણવા–૧ દાનાંતરાય, ૨ લાભાંતરાય, ૩ ભોગાંતરાય, ૪ ઉપભોગાંતરાય, ૫ વીર્યાંતરાય, ૬ હાસ્ય, ૭ રતિ, ૮ અરતિ, ૯ ભય, ૧૦ શોક, ૧૧ જુગુપ્સા, ૧૨ કામ, ૧૩ મિથ્યાત્વ, ૧૪ અજ્ઞાન, ૧૫ નિદ્રા, ૧૬ અવિરતિ, ૧૭ રાગ અને ૧૮ દ્વેષ.

૧૦ જ્ઞાનાતિશય—પ્રભુ કેવળજ્ઞાન વડે સર્વ લોકાલોકનું સંપૂર્ણ સ્વરૂપ જાણે છે.

૧૧ પૂજાતિશય—શ્રીતીર્થંકર સર્વને પૂજ્ય છે, એટલે કે રાજા, વાસુદેવ, બળદેવ, ચક્રવર્તિ, દેવતાઓ અને ઇંદ્રો વગેરે સર્વે તેમને પૂજે છે, અથવા તેમને પૂજવાની અભિલાષા કરે છે.

૧૨ વચનાતિશય—શ્રી તીર્થંકરની વાણી દેવ, મનુષ્ય અને તિર્યંચ સર્વે પોત પોતાની ભાષામાં સમજે છે. કેમકે તેઓની વાણી પાંત્રીશ ગુણોએ કરીને યુક્ત છે, તે પાંત્રીશ ગુણો આ પ્રમાણે છે.–૧ સર્વ ઠેકાણે સમનય તેવી,૨ યોજન પ્રમાણ ભૂમિમાં દરેકને સરખી રીતે સંભળાય તેવી, ૩ પ્રૌઢતાવાળી, ૪ મેઘ જેવી ગંભીર, ૫ સ્પષ્ટ શબ્દવાળી, ૬ સંતોષ ઉપજાવનારી, ૭ દરેક સાંભળનાર મને જ કહે છે એમ સમજે તેવી, ૮ પુષ્ટ અર્થવાળી, ૯ પૂર્વાપર વિરોધ ન આવે તેવી, ૧૦ મહાપુરુષને છાજે તેવી, ૧૧ સંદેહ વિનાની, ૧૨ દૂષણ રહિત અર્થવાળી, ૧૩ કઠણ વિષય પણ સુગમ લાગે તેવી, ૧૪ જ્યાં જેવું શોભે તેવું બોલાય તેવી, ૧૫ ષટ્દ્રવ્ય અને નવતત્ત્વની પુષ્ટિ કરે તેવી, ૧૬ પ્રયોજનવાળી, ૧૭ પદરચનાવાળી, ૧૮ ષટ્દ્રવ્ય અને નવતત્ત્વની પટુતાવાળી, ૧૯ મધુરતા વાળી, ૨૦ બીજાનો મર્મ ન ભેદાય તેવી ચતુરાઈવાળી, ૨૧ ધર્મ અને અર્થ એ બે પુરુષાર્થને સાધનારી, ૨૨ દીપકની જેમ અર્થનો પ્રકાશ કરનારી, ૨૩ પરનિંદા અને આત્મશ્લાઘા રહિત, ૨૪ કર્તા, કર્મ, ક્રિયાપદ, કાળ અને વિભક્તિવાળી, ૨૫ સાંભળનારને આશ્ચર્ય ઉત્પન્ન કરે તેવી, ૨૬ વક્તા સર્વ ગુણ સંપન્ન છે એમ સ્પષ્ટ જણાઇ આવે તેવી, ૨૭ ધૈર્યતા વાળી, ૨૮ વિલંબતા રહિત, ૨૯ ભ્રાંતિરહિત, ૩૦ સર્વ શ્રોતા પ્રાણી પોતપોતાની ભાષામાં સમજે તેવી, ૩૧ સારી બુદ્ધિ ઉત્પન્ન કરે તેવી, ૩૨ પદના એટલે શબ્દના અર્થને અનેક અર્થપણે બોલે તેવી, ૩૩ સાહસિકપણે બોલે તેવી, ૩૪ પુનરુક્તિ દોષરહિત, ૩૫ તથા સાંભળનારને ખેદ ન ઉપજે તેવી.

સિદ્ધ ભગવાનનાં આઠ ગુણ આ પ્રમાણે:—

नाणं च दंसणं चेव, अव्वाबाहं तहेव सम्मत्तं ।
अक्खयठिइ अरूवी, अगुरुलहु वीरीयं हवइ ॥१॥

૧ અનંતજ્ઞાન–જ્ઞાનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેનાથી સર્વ લોકાલોકનું સ્વરૂપ જાણે છે.

૨ અનંતદર્શન—દર્શનાવરણીય કર્મનો સર્વથા ક્ષય થવાથી કેવળદર્શન પ્રાપ્ત થાય છે, તેનાથી સર્વ લોકાલોકના સ્વરૂપને દેખે છે.

૩ અવ્યાબાધ સુખ—વેદનીયકર્મનો સર્વથા ક્ષય થવાથી સર્વ પ્રકારની પીડા રહિત નિરૂપાધિપણું પ્રાપ્ત થાય છે. તે સુખનું વર્ણન કરતાં કહ્યું છે કેઃ–વ્યવહારીઆનાં સુખ, રાજાનાં સુખ, બલદેવનાં સુખ, વાસુદેવનાં સુખ, ચક્રવર્તિનાં સુખ, અસંખ્યાતા ભવનપતિ, વ્યંતર તથા જ્યોતિષ દેવોનાં સુખ, બારદેવલોકના દેવતાનાં સુખ, નવ ગ્રૈવેયકના દેવતાનાં સુખ, પાંચ અનુત્તર વિમાનવાસી દેવ, એ સર્વનાં

સુખથી અનંતગણું અધિક સુખ સિદ્ધના જીવોને છે. તે સુખનો અનુભવ સિદ્ધ વિના બીજા કોઇને પણ થઇ શકે નહિ. જેમ મૂંગો માણસ સાકર ખાય, તેનો સ્વાદ પોતે જાણે પણ બીજાને કહી શકે નહિ, તેમ સિદ્ધના અનંતસુખને કેવલજ્ઞાની જ્ઞાનના બળે કરીને જાણે છે પણ તે સુખ વચનાતીત હોવાથી કહી શકે નહિ.

૪ અનંતચારિત્ર—મોહનીય કર્મનો સર્વથા ક્ષય થઇ જવાને લીધે ક્ષાયિક સમ્યક્ત્વ અને યથાખ્યાત ચારિત્રની પ્રાપ્તિ થાય છે, તેથી સિદ્ધ ભગવાન આત્મ-સ્વભાવમાં સદા અવસ્થિત રહેલા છે.

૫ અક્ષયસ્થિતિ—આયુષ્યકર્મનો સર્વથા ક્ષય થઇ જવાને લીધે અનંતસ્થિતિ પ્રાપ્ત થાય છે. સિદ્ધની સ્થિતિની આદિ છે, પણ અંત નથી, તેથી સાદિ અનંત કહેવાય છે.

૬ અરૂપીપણું—નામકર્મનો સર્વથા ક્ષય થવાથી વર્ણ, ગંધ, રસ અને સ્પર્શરહિત થાય છે, કેમકે શરીર હોય તો જ વર્ણાદિક હોય છે, પણ સિદ્ધ ભગ-વંતને શરીર નથી, તેથી તેઓને અરૂપીપણું પ્રાપ્ત થાય છે.

૭ અગુરૂલઘુ—ગોત્રકર્મનો ક્ષય થવાથી આ ગુણ પ્રાપ્ત થાય છે, તેથી ભારે હળવા કે ઉંચ નીચપણાનો વ્યવહાર રહેતો નથી.

૮ અનંતવીર્ય–અંતરાયકર્મનો સર્વથા ક્ષય થવાથી અનંતદાન, અનંતલાભ, અનંતભોગ, અનંતઉપભોગ અને અનંતવીર્ય પ્રાપ્ત થાય છે, એટલે કે સમગ્ર લોકને અલોક કરી શકે અને અલોકને લોક કરી શકે તેટલી સિદ્ધમાં સ્વાભા-વિક શક્તિ હોય છે, છતાં તે સિદ્ધોએ કદી પણ તેવું વીર્ય ફોરવ્યું નથી, ફોરવતા નથી અને ફોરવશે પણ નહીં, કેમકે તેમને પુદ્ગલની સાથે કાંઇ પણ સંબંધ હોતો નથી. આ અનંતવીર્યના ગુણથી પોતાના આત્મિક ગુણોને જે રૂપે છે તે રૂપે જ ધારી રાખે છે. ફેરફાર થવા દેતા નથી.

આચાર્યના છત્રીશ ગુણો આ પ્રમાણેઃ—

पंचिंदिअसंवरणो, तह नवविहबंभचेरगुत्तिधरो ।
चउविहकसायमुक्को, इअ अट्ठारस गुणेहिं संजुत्तो ॥१॥
पंचमहव्वयजुत्तो, पंचविहायारपालणसमत्थो ।
पंचसमिओ तिगुत्तो, छत्तीसगुणो गुरु मज्झ ॥२॥

શ્લોકાર્થ—પાંચ ઇન્દ્રિઓના વિષયને સંવરનાર,તથા નવપ્રકારે બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર, ચાર પ્રકારના કષાયથી મુક્ત, એ અઢાર ગુણે કરીને સંયુક્ત, તથા પાંચ મહાવ્રતે કરીને યુક્ત, પાંચ પ્રકારના આચાર પાલવાને સમર્થ, પાંચ પ્રકારની

સમિતિ તથા ત્રણ પ્રકારની ગુપ્તિને ધારણ કરનાર એવા છત્રીશ ગુણવાળા મારા ગુરૂ છે.

વિસ્તારાર્થ—પાંચ ઇન્દ્રિઓના વિષયને સંવર કરનાર તે આ પ્રમાણેઃ—

૧ સ્પર્શનેન્દ્રિય—કોમળ વસ્તુનો સ્પર્શ થતાં તેને સુખકારી માની તેના પ્રત્યે રાગ તથા કર્કશ વસ્તુનો સ્પર્શથતાં તેના પ્રત્યે દ્વેષ નહિ ધારણ કરનાર.

૨ ઘ્રાણેન્દ્રિય—સુગંધીદાર વસ્તુની સુગંધ આવવાથી તેના પ્રત્યે રાગ તથા દુર્ગંધવાળી વસ્તુની દુર્ગંધ આવવાથી તેના પ્રત્યે દ્વેષ નહિ ધરનાર.

૩ જિવ્હેન્દ્રિય—સારો સ્વાદિષ્ટ આહાર મલવાથી તેના પ્રત્યે રાગ તથા અસ્વાદિષ્ટ આહાર મલવાથી તેના પ્રત્યે દ્વેષ નહિ ધારણ કરનાર.

૪ શ્રોત્રેન્દ્રિય—પોતાને અનુકુળ એવા મીઠા સંગીત વગેરેના સુંદર સ્વરો પ્રત્યે રાગ તથા બિભત્સ અવાજ પ્રત્યે દ્વેષ નહિ ધારણ કરનાર.

૫ નેત્રેન્દ્રિય—આંખોને અનુકુળ પદાર્થો પ્રત્યે રાગ તથા પ્રતિકુળ પદાર્થો પ્રત્યે દ્વેષને નહિ ધારણ કરનાર, આ રીતે પાંચે ઇન્દ્રિયોના વિષયને સંવર કરનાર.

નવપ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર તે આ પ્રમાણેઃ—

૬ સ્ત્રી, પશુ કે નપુંસકનો નિવાસ હોય ત્યાં શીલવ્રત ધારીએ રહેવું નહિ.

૭ સ્ત્રીની કથા ન કરવી તથા સ્ત્રીની સાથે વાતચીત ન કરવી.

૮ સ્ત્રીઓના એક આસન પર એટલે શયન, આસન, પાટ, પાટલા ઉપર જ્યાં સ્ત્રી બેઠી હોય તે સ્થાને બે ઘડી વીતી ગયા પહેલાં બેસવું નહિ, અને જે આસન ઉપર પુરૂષ બેઠો હોય તે સ્થાને સ્ત્રીએ પ્રહર સુધી બેસવું નહિ.

૯ સ્ત્રીના અંગોપાંગ ધારી ધારીને જોવા કે ચિંતવવા નહિ.

૧૦ ભીંત, પડદા વગેરેના ઓથે સ્ત્રી પુરૂષ કામક્રીડા કરતાં હોય અથવા તે સંબંધી વાત કરતા હોય ત્યાં બેસવું નહિ.

૧૧ પૂર્વાવસ્થામાં સ્ત્રીની સાથે જે કામક્રીડા કરી હોય તેનું સ્મરણ ન કરવું.

૧૨ બ્રહ્મચારીએ સરસ સ્નિગ્ધ–રસકસવાળો માદક આહાર લેવો નહિ.

૧૩ શરીરની વિભૂષા એટલે શૃંગારાદિક વડે શોભા કરવી નહિ.

૧૪ ક્ષુધા શાંત થાય તેનાથી વધારે નીરસ આહાર પણ કરવો નહિ. આ નવ પ્રકારની બ્રહ્મચર્યની ગુપ્તિને ધારણ કરનાર.

૧૫, ૧૬, ૧૭, ૧૮ ક્રોધ, માન, માયા અને લોભ એ ચાર કષાયોથી મુક્ત.

પાંચ મહાવ્રતે કરીને યુક્ત તે આ પ્રમાણેઃ—

૧૯ 'સવ્વાઓ પાણાઇવાયાઓ વેરમણં' અર્થાત્—મન, વચન અને કાયાએ કરી છ કાયના જીવોને હણે નહિ, હણાવે નહિ તથા હણનારાની અનુમોદના કરે નહિ.

૨૦ 'સવ્વાઓ મુસાવાયાઓ વેરમણં' અર્થાત્—ક્રોધ, લોભ, ભય તથા હાસ્યાદિકથી દ્રવ્ય, ક્ષેત્ર, કાલ તથા ભાવ સંબંધે મન, વચન તથા કાયાએ કરી પોતે જુઠું બોલે નહિ, બીજાની પાસે જુઠું બોલાવે નહિ તથા જુઠું બોલનારની અનુમોદના કરે નહિ.

૨૧ 'સવ્વાઓ અદિન્નાદાણાઓ વેરમણં' અર્થાત્—પારકું અદત્ત પોતે તૃણ માત્ર લે નહિ, બીજાની પાસે લેવરાવે નહિ, લેનારને અનુમોદે નહિ. અદત્તાદાનના તીર્થંકર અદત્ત, ગુરૂઅદત્ત, સ્વામિઅદત્ત તથા જીવઅદત્ત એ ચાર ભેદો છે તે વિસ્તાર ભયથી અત્રે વર્ણવ્યા નથી.

૨૨ 'સવ્વાઓ મેહુણાઓ વેરમણં' અર્થાત્—દેવ, મનુષ્ય તથા તિર્યંચની સ્ત્રી સંબંધી મન, વચન અને કાયાએ કરીને મૈથુન સેવે નહિ, સેવરાવે નહિ, સેવનારને સારો માને નહિ.

૨૩ 'સવ્વાઓ પરિગ્ગહાઓ વેરમણં' નવવિધ પરિગ્રહ તથા ધાતુમાત્ર મૂર્છા રૂપે રાખે નહિ, ધર્મના સહાયક ઉપકરણોથી અધિક ઉપકરણ પણ રાખે નહિ, રખાવે નહિ અને રાખનારની અનુમોદના કરે નહિ. આ પાંચ મહાવ્રતે કરીને યુક્ત.

પાંચ પ્રકારના આચાર તે આ પ્રમાણેઃ—

૨૪ જ્ઞાનાચાર—જ્ઞાન પોતે ભણે, બીજાને ભણાવે, ભણનારની અનુમોદના કરે; જ્ઞાન પોતે લખે, બીજા પાસે લખાવે તથા લખનારની અનુમોદના કરે.

૨૫ દર્શનાચાર—પોતે સમ્યક્ત્વ પાળે, બીજાને સમ્યક્ત્વ પમાડે અને સમ્યક્ત્વથી પડતો હોય તેને પડતો અટકાવીને સ્થિર કરે.

૨૬ ચારિત્રાચાર—પોતે ચારિત્ર પાળે, બીજાને ચારિત્ર પળાવે, જે કોઇ શુદ્ધ ચારિત્ર પાળતા હોય તેની અનુમોદના કરે.

૨૭ તપાચાર—બાહ્ય અને અભ્યંતર એવો બાર પ્રકારનો તપ પોતે કરે, બીજા પાસે તપ કરાવે અને તપ કરનારની અનુમોદના કરે.

૨૮ વીર્યાચાર—મન, વચન અને કાયાની શક્તિને ધર્મમાં જોડવા રૂપ ત્રણ પ્રકારના વીર્યની શુદ્ધિ. આ પાંચ પ્રકારનો આચાર પાલવાને સમર્થ.

પાંચ સમિતિ આ પ્રમાણેઃ—

૨૯ ઇર્યાસમિતિ—માર્ગમાં જતાં આવતાં જીવોની રક્ષા માટે ઉપયોગ પૂર્વક ચાલવું તે.

૩૦ ભાષાસમિતિ–પાપ રહિત અને કોઇપણ જીવને દુઃખ ઉત્પન્ન ન થાય તેવું વચન બોલવું તે.

૩૧ એષણાસમિતિ–આહાર, વસ્ત્ર, પાત્ર વગેરે શુદ્ધ વિધિપૂર્વક દોષ ટાળીને ગ્રહણ કરવાં તે.

૩૨ આદાનભંડનિક્ષેપણા સમિતિ–જીવરક્ષા માટે જયણાપૂર્વક વસ્ત્ર, પાત્રાદિ લેવાં મૂકવાં તે.

૩૩ પારિષ્ઠાપનિકા સમિતિ–જીવની રક્ષા પૂર્વક શુદ્ધ ભૂમિને વિષે યતનાથી મળ, મૂત્ર, શ્લેષ્મ વગેરે પરઠવવાં તે.

ત્રણ ગુપ્તિ આ પ્રમાણેઃ—

૩૪ મનોગુપ્તિ–પાપ કાર્યના વિચારથી મનને અટકાવવું તે.

૩૫ વચનગુપ્તિ–નિરવદ્ય વચન પણ કારણ વિના બોલવા નહિ તે.

૩૬ કાયગુપ્તિ–શરીરને પાપ માર્ગથી અટકાવવું તથા યતનાપૂર્વક જગ્યાને પુંજી પ્રમાર્જી ઉઠવું, બેસવું, જવું, આવવું વગેરે ક્રિયા કરવી તે. આ ત્રણ ગુપ્તિને ધારણ કરનાર.

ઉપાધ્યાયના પચીશ ગુણ આ પ્રમાણેઃ—

एकादशाङ्गानि द्वादशोपाङ्गानि पठति पाठयति एवं त्रयोविंशतिः २३ चरणसित्तरि १ करणसित्तरि १ सर्वमीलने २५।

અર્થાત્—આચારાંગ ૧, સૂત્રકૃતાંગ ૨, સ્થાનાંગ ૩, સમવાયાંગ ૪, ભગવતી ૫, જ્ઞાતાધર્મકથા ૬, ઉપાસકદશાંગ ૭, અંતગડ ૮, અનુત્તરોવવાઈ ૯, પ્રશ્નવ્યાકરણ ૧૦ અને વિપાક ૧૧, એ અગિયાર અંગ. તથા ઉવવાઇ ૧, રાયપસેણી ૨, જીવાભિગમ ૩, પન્નવણા ૪, જંબુદ્વીપપન્નત્તિ ૫, ચંદપન્નત્તિ ૬, સૂર્યપન્નત્તિ ૭, કપ્પિયા ૮, કપ્પવડંસિયા ૯, પુપ્ફિઆ ૧૦, પુપ્ફચુલિયા ૧૧ અને વન્હિદશાંગ ૧૨, એ બાર ઉપાંગને ભણે તથા ભણાવે તેથી ૨૩ ગુણ થયા અને ચરણસિત્તરિ ૧ તથા કરણસિત્તરિ ૧ ને પાળે એ બે ગુણ મળતાં, સર્વ મળીને ૨૫ ગુણ ઉપાધ્યાયના જાણવા.

સાધુના સત્તાવીશ ગુણ આ પ્રમાણેઃ—

छव्वय छक्कायरक्खा पंचिंदियलोहनिग्गहो खंती।
भावविशुद्धी पडिलेहणाइ करणे विसुद्धी अ ॥१॥
संजमजोएजुत्तो, अकुसलमणवयणकायसंरोहो।
सीआइगीडसहणं, मरणंतुवसग्गसहणं च ॥२॥

અર્થાત્—પ્રાણાતિપાત વિરમણ આદિ પાંચ મહાવ્રત તથા રાત્રિભોજન વિરમણ મળી કુલ છ વ્રત પાલે; પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય, વાઉકાય, વનસ્પતિકાય તથા ત્રસકાય એ છ કાયની રક્ષા કરે, પાંચ ઇંદ્રિયો તથા લોભનો નિગ્રહ કરે, ક્ષમા કરે, ચિત્તની નિર્મલતા રાખે, શુદ્ધ રીતે વસ્ત્રાદિક બાહ્ય ઉપકરણોનું પડિલેહણ કરે, સંયમયોગમાં યુક્ત રહે અર્થાત્ પાંચ સમિતિ અને ત્રણ ગુપ્તિને પાળે, તથા નિદ્રા, વિકથા અને અવિવેકનો ત્યાગ, અકુશળ મનનો નિરોધ, અકુશળ વચનનો નિરોધ, અકુશળ કાયાનો નિરોધ, શીતાદિક પરિષહોનું સહન કરવું તથા મરણાંત ઉપસર્ગ પણ સહન કરવા. આ પ્રમાણે સાધુના ૨૭ ગુણ જાણવા.

પાંચે પરમેષ્ઠીના મળીને કુલ એકસો આઠ ગુણો આ પ્રમાણે વિસ્તારથી જાણવા.

પ્રશ્ન–છટ્ઠું પદ 'एसो पंचणमुक्कारो' છે, પરંતુ કેટલેક ઠેકાણે 'एसो पंचणमोक्कारो'પાઠ પણ જોવામાં આવે છે; તો બેમાંથી કયો પાઠ વાસ્તવિક છે?

ઉત્તર–સંસ્કૃતનો જે **नमस्कार** શબ્દ છે, તેનું પ્રાકૃતમાં 'नमस्कार परस्परे द्वितीयस्य'એ સૂત્રથી 'णमोक्कारो'પદ બને છે, હવે જે કેટલેક ઠેકાણે 'णमुक्कारो'પાઠ જોવામાં આવે છે તેની સિદ્ધિ આ પ્રકારે થઇ શકે છે કેઃ–'ह्रस्वः संयोगे'આ સૂત્રથી દીર્ઘ પ્રયોગના અનુસારે 'ओ'કારના સ્થાનમાં 'उ'કાર આદેશ કરવાથી 'णमुक्कार' પદ બની શકે છે, તેથી જ કેટલેક ઠેકાણે તે પાઠ જોવામાં આવે છે. તથા 'શ્રી પંચ પરમેષ્ઠિ નમસ્કાર મહાસ્તોત્ર'ના કર્તા **શ્રી જિનકીર્તિસૂરિએ** પણ પ્રારંભમાં 'परमिट्ठिणमुक्कारं'એવો પાઠ લખ્યો છે, પરંતુ 'શ્રી મન્ત્રરાજગુણકલ્પમહોદધિ'ના કર્તા **શ્રી જયદયાલુ શર્મા** ઉપરોક્ત ગ્રન્થના પૃષ્ઠ. ૧૯૭ પર લખે છે કેઃ—"हमारी सम्मति मे "णमोक्कारो"ही ठीक है; क्योंकि विधान सामर्थ्य से यहां पर ओकारके स्थानमैं उकारादेश नहीं होगा, हृषीकेशजी ने भी स्वप्राकृत व्याकरण में नमस्कार का पर्याय वाचक प्राकृत पद "णमोक्कारो" ही लीखा है."

'एसो पंचणमुक्कारो'એ પદનો અર્થ એ છે કે–'એ પાંચેને નમસ્કાર' કારણ કે 'पंचानां सम्बन्धे पंचम्यो वा नमस्कारः इति पंचनमस्कारः' એ પ્રકારે તત્પુરૂષ સમાસ થાય છે, પરંતુ કદાચ કોઇ આ પદનો આ પ્રમાણે અર્થ કરે કે 'એ પાંચ નમસ્કાર' તો એ અર્થ બરાબર નથી, કારણ કે આ દશામાં ઉક્ત દ્વિગુ સમાસનો પ્રયોગ સ્ત્રી લિંગમાં અથવા નપુંસક લિંગમાં થાય, જેમ કે 'त्रिलोकी' 'त्रिभुवनम्' 'पंचपात्रम्' ઇત્યાદિ પદોમાં થાય છે, પરંતુ અહીંઆં પુરૂષલિંગનું પ્રતિપાદન છે; તેથી દ્વિગુ સમાસ નહી કરતાં ઉપર લખ્યા પ્રમાણે તત્પુરુષ સમાસ જ કરવો જોઇએ.

પ્રશ્ન–'पंचणमुक्कारो'એ પદમાં ઇશિત્વ સિદ્ધિ કેવી રીતે સમાએલી છે?

ઉત્તર–'पंचणमुक्कारो'એ પદમાં જે ઇશિત્વ સિદ્ધિ સમાએલી છે તેનું કારણ આ પ્રમાણે છેઃ—

(૧) 'પંચ' શબ્દથી પંચપરમેષ્ઠિઓનું ગ્રહણ થાય છે તથા જે પરમ એટલે સર્વથી ઉત્તમ સ્થાનપર સ્થિત છે તેઓને પરમેષ્ઠી કહે છે, સર્વોત્તમ સ્થાન પર સ્થિત હોવાથી પરમેષ્ઠી બધાનાં ઇશ એટલે સ્વામી છે. તથા 'नमस्कार' શબ્દ પ્રણામનો વાચક છે, તેથી ઇશ સ્વરૂપ પરમેષ્ઠીઓને નમસ્કાર કરવાથી ઇશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, કારણ કે ઉત્તમ સ્વામીઓનો એવો સ્વભાવ જ હોય છે

કે તે પોતાના આશ્રિતો તથા આરાધકોને વૈભવ સંબંધમાં પોતાની જ સમાન બનાવી દે છે.

(૨) 'पंचणमुक्कारो'એ જે પ્રાકૃતનું પદ છે તેનો સંસ્કૃતમાં પર્યાય 'प्राञ्चनमस्कारः' થાય છે, તેનો અર્થ એ છે કે 'प्रकर्षेण अञ्च्यन्ते पूज्यन्ते सुरासुरैरष्टप्रातिहार्यैर्ये ते प्राञ्चा जिनास्तेषां नमस्कारः प्राञ्चनमस्कारः' એટલે જેઓની પૂજા સૂર અસૂર આઠ પ્રાતિહાર્યો દ્વારા પ્રકર્ષભાવથી કરે છે તેઓનું નામ 'प्राञ्च' એટલે 'જિન' છે, તેઓને જે નમસ્કાર કરે છે તેનું નામ 'प्राञ्चनमस्कार' છે. સારાંશ એ છે કે 'प्रांच नमस्कार'શબ્દ 'જિન નમસ્કાર' વાચી છે. ઉપરોક્ત ગુણ વિશિષ્ટ જિન ભગવાન સર્વ ચરાચર જગતના ઇશ એટલે સ્વામી છે તેથી તેઓના ઇશિત્વ ભાવના કારણે 'पंचणमुक्कारो'એ પદથી ઇશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૩) 'पंचणमुक्कारो' એ પ્રાકૃત પદનો પર્યાય ઉપર લખી ગયા તે પ્રમાણે 'प्राञ्च नमस्कारः' જાણવો, તથા 'प्राञ्चन्ति सिद्धिधाम इति प्राञ्चाः सिद्धाः' અહીંયાં प्रांच શબ્દથી સિદ્ધોને જાણવા, સિદ્ધ પુરુષ પાછા ફરીથી સંસારમાં નહી આવવાવાળા હોવાથી મોક્ષ નગરીના ઇશ થાય છે, અથવા શાસનના પ્રવર્ત્તક બનીને સિદ્ધિરૂપથી મંગલના ઇશ થાય છે, અથવા તેઓના કારણે ભવ્યજીવ ગુણ સમૂહના ઇશ થાય છે, તેથી 'प्राञ्च' શબ્દથી સિદ્ધિરૂપ ઇશોનું ગ્રહણ થાય છે, તેથી 'पंचणमुक्कारो' એ પદની આરાધનાથી તથા જાપથી ઇશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે એમ જાણવું જોઇએ.

પ્રશ્ન—સાતમું પદ 'सव्वपावप्पणासणो' છે, એ પદને અહીંયાં કેમ કહેવામાં આવ્યું છે, કારણ કે આઠમા અને નવમા પદમાં કહેવામાં આવેલું છે કેઃ—"(આ પંચ નમસ્કાર) સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે" તો એનું પ્રથમ માંગલિક પણું હોવાથી અર્થાપત્તિ પ્રમાણ દ્વારા એ વાત સિદ્ધ જ થઇ જાય છે કેઃ—"આ સર્વ પાપોનો નાશક છે" કારણ કે પાપોના નાશ વિના માંગલિક પણું હોઇજ શકતું નથી, તેથી આ સાતમા પદનો પ્રયોગ વ્યર્થ કર્યો છે એમ માલુમ પડે છે.

ઉત્તર—આઠમા અને નવમા પદમાં જે એમ કહેવામાં આવ્યું છે કેઃ—" (આ પંચ નમસ્કાર) સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે" આ કથન દ્વારાએ જો કે અર્થાપત્તિ પ્રમાણથી એ વાત સિદ્ધ થઇ જાય છે કે 'આ સર્વ પાપોનો નાશક છે.' તો પણ આ સાતમું પદ કહેવાનું પ્રયોજન એ છે કે—આ પંચ નમસ્કારથી પ્રથમ સર્વ પાપોનો મૂલ સહિત નાશ થઇ જાય છે, તે પછી નમસ્કાર કરવાવાળાને માટે તે સર્વોત્તમ મંગલ થાય છે. જો આ સાતમા પદનું કથન ન કર્યું હત તો પણ આઠમા

અને નવમા પદના વાક્યાર્થ પાપોનું નષ્ટ થવું તો અર્થાપત્તિ પ્રમાણ દ્વારા સમજી શકાતું હતું; પરંતુ તેનો સમૂલ ક્ષય થવાનું સિદ્ધ થઇ શકતું ન હતું, જુઓ ! નાશ ત્રણ પ્રકારના થાય છે–ક્ષય, ઉપશમ અને ક્ષયોપશમ–એમાંથી સમૂલ નાશને ક્ષય કહે છે, જેમ કે **શ્રી નન્દીસૂત્રમાં** કહ્યું છે કેઃ–'क्षयो निर्मूलमपगमः' એટલે નિર્મૂલ નાશનું નામ ક્ષય છે, કે જેના હોવાથી ફરી તેની ઉત્પત્તિ હોઇ શકતી નથી. શાંતિદશાને ઉપશમ કહે છે, જેમ કે **શ્રી નન્દીસૂત્રમાં** કહ્યુ છે કેઃ–'अनुद्रेकावस्थोपशमः' એટલે અપ્રગટ અવસ્થાને ઉપશમ કહેવાય છે, શાંતાવસ્થા તેને કહે છે કે જેમાં (કર્મની) અવસ્થા દબાઇ રહે છે, જેમકે–અંગારાને રાખથી દબાવી દેવામાં આવે તો તેની ગરમીનું માન માલુમ પડતું નથી એટલે કે તેની ઉષ્ણતા ઉપશમાવસ્થામાં રહે છે, અને તેથી ઉપર નાખેલા તણખલા વગેરેને તે બાળી શકતી નથી, પરંતુ રાખને દૂર કરવાથી પછી તે અગ્નિ પવનના સંયોગથી પ્રબલ થઇને દહન ક્રિયા કરી શકે છે; તેવી જ રીતે કર્મોની પણ ઉપશમાવસ્થા જાણવી. તથા ક્ષયોપશમ તે અવસ્થાને કહે છે કે જેમાં કર્મનો એક ભાગ સમૂલ નાશ પામે છે તથા બાકીનો ભાગ શાંતાવસ્થામાં હોય છે, આ અવસ્થામાં પણ કર્મની કારણ સામગ્રી પ્રાપ્ત થતાં ફરી વૃદ્ધિ થાય છે. તો અહીંયાં જે સાતમું પદ કહેવામાં આવ્યું છે તેનું પ્રયોજન એ છે કે આ પાંચ નમસ્કારથી સમસ્ત પાપોનો ઉપશમ અથવા ક્ષયોપશમ થઇને ઉત્તમ મંગલ નથી થતું, પરંતુ સમસ્ત પાપોનો સમૂલ નાશ થઇને ઉત્તમ મંગલ થાય છે જેનાથી તે પાપોની ફરી કોઈ પણ સમયે ઉત્પત્તિ થતી નથી.

પ્રશ્ન—સાતમું પદ કહેવાનું પ્રયોજન તો અમારી સમજમાં આવી ગયું, પરંતુ એમાં 'सव्व' એટલે 'सर्व' શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે, કારણકે 'पावप्पणासणो' એટલુંજ જો કહેવામાં આવ્યું હોત તો પણ 'पापानि प्रणाशयतीति पापप्रणाशनः' આ વ્યુત્પત્તિ દ્વારા એ અર્થ થઇ શકતો હતો કેઃ–"આ પંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરવા વાળો છે" પછી 'सव्व' શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો ?

ઉત્તર—'पापानि प्रणाशयतीति पापप्रणाशनः' આ વ્યુત્પત્તિ દ્વારા જો કેઃ–"આ પંચ નમસ્કાર સર્વ પાપોનો નાશ કરવાવાળો છે" એવો અર્થ સિદ્ધ થઇ શકતો હતો, તો પણ આ અર્થનું પરિજ્ઞાન વિદ્વાનોને જ થાય, બીજાઓ જેમ 'पापानि प्रणाशयतीति पापप्रणाशनः' આ વ્યુત્પત્તિ દ્વારા સર્વ પાપોનો નાશ કરવાવાળાને પાપ પ્રણાશન કહે છે, તેવીજ રીતે 'पापं प्रणाशयतीति पापप्रणाशनः' આ વ્યુત્પત્તિ દ્વારા એક પાપ અથવા થોડાં પાપોનો નાશ કરવા વાળાને પણ 'पापप्रणाशन' કહી

શકે છે, તેથી જો 'सव्व' શબ્દનો પ્રયોગ ન કરવામાં આવ્યો હત તો આ શંકા ઉભી થઇ શકત કેઃ-"આ પંચ નમસ્કાર એક પાપનો નાશ કરે છે અથવા થોડાં પાપોનો નાશ કરે છે અથવા સઘળાં પાપોનો નાશ કરે છે" તેથી આ શંકાનું સર્વથા નિવારણ કરવાને માટે સર્વ સાધારણ બુદ્ધિવાળાઓ પણ સત્ય અર્થ હૃદયમાં સમજી શકે તે માટે 'सव्व' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન—આ મન્ત્રનું આઠમું તથા નવમું પદ 'मंगलाणं च सव्वेसिं' 'पढमं हवइ मंगलं' આ પ્રમાણે છે, એ બંનેનો ભેગો અર્થ '[આ પંચ નમસ્કાર] સર્વ મંગલોમાં પહેલું મંગલ છે ? આ પ્રમાણે થાય છે. હવે આ બાબતમાં પુછવાનું એ છે કે આઠમા પદમાં 'सव्वेसिं' એ કથન દ્વારા સર્વ શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે, જો તેનો પ્રયોગ ન પણ કરવામાં આવ્યો હોત તો પણ 'मंगलाणं' એ બહુ-વચનાન્ત પદથી સર્વ શબ્દના અર્થનું જ્ઞાન થઇ શકતું હતું, તેથી 'सव्वेसिं' એ પદ નકામું હોય તેમ લાગે છે.

ઉત્તર—જો કે 'मंगलाणं'એ બહુવચનાન્ત પ્રયોગથી સર્વ શબ્દના અર્થનું જ્ઞાન થઇ શકતું હતું તો પણ જગત્ હિતકારી વિષયનું પ્રકાશક જે વચન હોય છે તે સર્વ સાધારણ જનોને સમજણ પડે તેવી રીતે હોય છે, તેથી સર્વ સાધારણ જનોને સુખપૂર્વક સ્પષ્ટરીતિથી વાચ્યાર્થનું જ્ઞાન થાય, તે માટે 'सव्वेसिं'એ પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. બીજું કારણ એ પણ છે કે લોકમાં અનેક સંખ્યાવાલા જે મંગલ છે તેમાંથી થોડાંએક મંગલોનો બોધ કરાવવા માટે પણ 'मंगलाणं' એ બહુવચનાન્ત પદનો પ્રયોગ થઇ શકે છે, તેથી 'मंगलाणं' એ બહુવચનાન્ત પ્રયોગથી પણ થોડાં એક મંગલ ન સમજી જવાય પરંતુ સર્વ મંગલોનું ગ્રહણ થઇ જાય, તે માટે સર્વ શબ્દ તેના વિશેષણ તરીકે રાખવામાં આવ્યો છે.

પ્રશ્ન-'मंगलाणं च सव्वेसिं' એ આઠમું પદ ન કહેતાં જો કેવલ 'पढमं हवइ मंगलं' એ નવમા પદનું જ કથન કરવામાં આવ્યું હોત તો પણ અર્થાપત્તિ દ્વારાએ આઠમા પદના અર્થનું જ્ઞાન થઇ શકતું હતું. જુઓ ! જો અમે કહીએ કેઃ-" (આ પંચ નમસ્કાર) પ્રથમ મંગલ છે" તો પ્રથમ પણાની અન્યથા અસિદ્ધિ હોવાથી અર્થાપત્તિ પ્રમાણ દ્વારા આ અર્થની પ્રતીતિ સ્વયં થઇ જાય છે કેઃ-"(આ પંચ નમસ્કાર) સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે" તો 'मंगलाणं च सव्वेसिं'આ આઠમા પદનું કથન કેમ કરવામાં આવ્યું ?

ઉત્તર—આઠમા પદનો પ્રયોગ ન કરતાં જો કેવલ નવમા પદનું કથન કરવામાં આવ્યું હોત તો તેના કથનથી પણ અર્થાપત્તિ દ્વારા આઠમા પદના અર્થનું

જ્ઞાન થઇ શકતું હતું. એટલે કેઃ–"(આ પંચ નમસ્કાર) સર્વ મંગલોમાં પહેલું મંગલ છે." એ અર્થ સમજી શકાતો હતો, પરંતુ યાદ રાખવું જોઇએ કે કથિત અર્થની પ્રતીતિ અર્થાપત્તિ દ્વારા કેવલ વિદ્વાનોને જ થઈ શકતી હતી, તથા પહેલાં કહી ગયા છીએ કે જગત્ હિતકારી વિષયનું પ્રકાશક જે વચન હોય છે તે સર્વ સાધારણને સમજણ પડે તેવી રીતે હોય છે, જો આઠમા પદનું કથન ન કરતાં કેવલ નવમા પદનું જ કથન કરવામાં આવ્યું હોત તો સામાન્ય જનોને સ્પષ્ટ રીતિએ આ અર્થની પ્રતીતિ થઇ શકતી ન હતી કેઃ–"(આ પંચ નમસ્કાર) સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે" તે માટે સર્વ સાધારણને સૂત્ર પૂર્વક ઉક્ત અર્થનું જ્ઞાન થવાને માટે આઠમા પદનું કથન કરવામાં આવ્યું છે. આઠમા પદના કથનનું બીજું કારણ એ પણ છે કે આઠમા પદનું કથન ન કરતાં કેવલ નવમા પદનું જ કથન કરવામાં આવ્યું હોત તો વ્યાકરણાદિ ગ્રન્થોને અનુસારે પ્રથમ શબ્દને ક્રિયા વિશેષણ માનીને તેનો એ પણ અર્થ થઇ શકતો હતો કે "(આ પંચ નમસ્કાર) પ્રથમ અર્થાત્ પૂર્વકાલમાં (પરંતુ ઉત્તર કાલમાં નહિ) મંગલરૂપ છે" એવા અર્થની સંભાવના હોવાથી પંચ નમસ્કારનું સર્વ કાલમાં મંગલરૂપ પણું સિદ્ધ થઇ શકતું ન હોવાથી આઠમા પદનું કથન કરી તથા તેમાં નિર્ધારણ અર્થમાં છઠ્ઠી વિભક્તિનો પ્રયોગ કરી આ અર્થ સ્પષ્ટરૂપમાં પ્રગટ કરી દીધો કેઃ–"(આ પંચનમસ્કાર) સર્વ મંગલોમાં પ્રથમ મંગલ છે." આઠમા પદના કથનનું ત્રીજું કારણ એ છે કે 'મંગલાણં' આ પદમાં વશિત્વ સિદ્ધિનો સમાવેશ થઇ જાય છે (જેનું વર્ણન આગળ કરવામાં આવેલું છે). જો આઠમા પદનું કથન ન કરવામાં આવ્યું હોત તો તેની અંદર રહેલા 'મંગલાણં' પદમાં વશિત્વ સિદ્ધિના સમાવેશની અસિદ્ધિ થઇ જાત, તેથી આઠમા પદનું જે કથન કરવામાં આવ્યું છે તે નિરર્થક નથી.

પ્રશ્ન—'મંગલાણં' એ પદમાં વશિત્વ સિદ્ધિ કીરીતે સમાએલી છે ?

ઉત્તર—'મંગલાણં' એ પદમાં વશિત્વ સિદ્ધિ જે રીતે સમાએલી છે તેના કારણો આ પ્રમાણે છેઃ—

(૧) આ સંસારમાં ધર્મ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે, જેમ કે શ્રી **દશવૈકાલિક સૂત્રમાં** કહ્યું છે કેઃ—

"धम्मो मंगलमुक्किट्ठं, अहिंसासंजमो तवो ।
देवावि तं नमंसंति, जस्स धम्मे सया मणो ॥१॥"

અર્થાત્—અહિંસા, સંયમ અને તપ સ્વરૂપ ધર્મ જ ઉત્કૃષ્ટ મંગલરૂપ છે, તેથી જેનું મન ધર્મમાં સદા તત્પર રહે છે તેને દેવતા પણ નમસ્કાર કરે છે.

કહેવાનું તાત્પર્ય એ છે કે ધર્મનું નામ 'મંગલ' છે, તેથી 'મંગલાણં' એ પદના ધ્યાનથી ધર્મનું ધ્યાન તથા આરાધના થાય છે એમ માનવું જોઇએ. વળી ધર્મની આરાધનાના કારણે દેવતા પણ વશીભૂત થઇને તેને પ્રણામ કરે છે, તો પછી અન્ય પ્રાણિઓ વશીભૂત થાય એમાં તો નવાઇ જ શી છે. તેથી સ્પષ્ટરીતિથી સિદ્ધ થાય છે કે 'મંગલાણં' એ પદના જાપ અને ધ્યાનથી વશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૨) 'મંગલ' શબ્દની વ્યુત્પત્તિ 'मङ्गति हितार्थं सर्पति, मङ्गति दुरं दूष्टमनेन अस्माद्वेति मंगलम्' આ પ્રમાણે છે એટલે જે સર્વ પ્રાણિઓના હિતના માટે દોડે છે તેને મંગલ કહે છે. અથવા જેની મારફતે દુર્ભાગ્ય, દુષ્કૃત દૂરભાગી જાય છે તેને મંગલ કહે છે, કહેવાનું તાત્પર્ય એ છે કે જેનાથી અભિષ્ટ ફલની પ્રાપ્તિ થાય છે તેનું નામ મંગલ છે. તથા આ વાત પ્રસિદ્ધ છે કે મનુષ્યના અભિષ્ટની સિદ્ધિ ત્યારે જ થઇ શકે છે કે જ્યારે સર્વ પ્રાણિ તેની અનુકૂલ હોય અને સર્વ પ્રાણિનું અનુકૂલ હોવું તેને જ વશિત્વ એટલે વશમા હોવું કહેવાય છે, તેથી 'મંગલાણં' એ પદનાં જાપ અને ધ્યાનથી વશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

(૩) શકુન શાસ્ત્રકારોએ મોર, ઘોડો, હાથી, ગધેડો, કોયલ, કબૂતર વગેરે પ્રાણિઓનું ડાબી બાજુથી નીકળવું તથા કેટલાંક પ્રાણિઓનું જમણી બાજુથી નીકળવું જે મંગલરૂપ બતાવ્યું છે તેનું તાત્પર્ય પણ એ છે કે એ પ્રકારે નીકળવાથી અનુકુલતા દ્વારાએ તેઓનું વશિત્વ પ્રગટ થાય છે, એટલે એ પ્રકારે નીકળવા દ્વારાએ તે એ વાતનું સૂચન કરે છે કે અમે બધાં તમારી અનુકુલ છીએ; તેથી તમારું કાર્ય સિદ્ધ થશે (આ પ્રકારે બધા શકુનો સંબંધમાં જાણવું જોઇએ), કહેવાનું તાત્પર્ય એ છે કે:-"લૌકિક વ્યવહારથી પણ 'મંગલ' શબ્દ વશિત્વનું સૂચન કરે છે," તેથી જાણી લેવું જોઇએ કે 'મંગલાણં' એ પદના જાપ અને ધ્યાનથી વશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે તથા એ પદમાં વશિત્વ સિદ્ધિ સમાએલી છે.

(૪) સંસારમાં બ્રાહ્મણ, ગાય, અગ્નિ, સોનું, ઘી, સૂર્ય, જલ અને રાજા એ આઠ મંગલ માનવામાં આવે છે. કહેવાનું તાત્પર્ય એ છે કે મંગલવાચ્ય પદાર્થોની સંખ્યા આઠ હોવાથી 'મંગલ' શબ્દ આઠ સંખ્યાને સુચવે છે (જેમકે બાણોની સંખ્યા પાંચ હોવાથી બાણ શબ્દથી પાંચ સંખ્યાનું ગ્રહણ થાય છે તથા નેત્રોની સંખ્યા બે હોવાથી નેત્ર શબ્દથી બે સંખ્યાનું ગ્રહણ થાય છે) તેવી જ રીતે અહીંઆં તે આઠની સંખ્યા વિશિષ્ટ વશિત્વ (આઠમી) સિદ્ધિની સૂચક છે, તે મંગલ એટલે આઠમી સિદ્ધિ વશિત્વનો જેમાં 'અ' એટલે સારી રીતે 'ન' એટલે બંધન છે, એવું 'મંગલાણં' પદ છે, તેથી સમજી લેવું જોઇએ કે 'મંગલાણં' એ પદમાં આઠમી સિદ્ધિ વશિત્વ સમાએલી છે.

(૫) 'મંગલ' શબ્દ ગ્રહ વિશેષનો પણ વાચક છે, અને તે મંગલ દક્ષિણદિશા ૧, પુરૂષ ક્ષત્રિય જાતિ ૨, સામવેદ ૩, તમોગુણ ૪, તિક્તરસ ૫, મેષરાશિ ૬, પ્રવાલ ૭, અને અવંતિ દેશ ૮, એ આઠનો અધિપતિ છે. અષ્ટાધિપતિત્વ રૂપ મંગલ શબ્દમાં વર્ણકાંક્ષાથી વશિત્વ સિદ્ધિ પણ સમાએલી છે, તેથી 'મંગલાણં' એ પદના જાપ અને ધ્યાનથી વશિત્વ સિદ્ધિની પ્રાપ્તિ થાય છે.

પ્રશ્ન—આ નવકાર મન્ત્રનું નવમું પદ 'પઢમં હવઇ મંગલં' છે તેમાં ઉત્તમ, ઉત્કૃષ્ટ અને પ્રધાન ઇત્યાદિ શબ્દોનો પ્રયોગ નહિ કરતાં 'પ્રથમ' શબ્દનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો છે ?

ઉત્તર—ઉત્તમ વગેરે શબ્દોનો પ્રયોગ નહિ કરતાં 'પ્રથમ' શબ્દનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે, તેનું કારણ એ છે કે 'પૃથુ વિસ્તારે' એ ધાતુથી 'પ્રથમ' શબ્દ બને છે, તેથી તેનો પ્રયોગ કરવાથી 'આ પંચ નમસ્કાર સર્વ મંગલોમાં ઉત્તમ મંગલ છે તથા તે (મંગલ) હમેશાં વૃદ્ધિ પામ્યા કરે છે, એટલે તેમાં કોઇ પણ વખતે કોઇ પણ રીતે ન્યૂનતા થતી નથી, પરંતુ વૃદ્ધિ જ થયા કરે છે' આ પ્રકારનો ધ્વનિ નીકળે છે, જો 'પ્રથમ' શબ્દનો પ્રયોગ ન કરતાં તેના સ્થાનમાં ઉત્તમ, ઉત્કૃષ્ટ, પ્રધાન ઇત્યાદિ કોઇ પણ શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હોત તો આ ધ્વનિ નીકળી શકત નહિ, તેથી ઉત્તમ આદિ શબ્દોનો પ્રયોગ નહિ કરતાં 'પ્રથમ' શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

પ્રશ્ન—આ નવમા પદમાં 'હવઇ' આ ક્રિયાપદનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો ? આ ક્રિયાપદનો પ્રયોગ ન પણ કરવામાં આવ્યો હોત તો પણ 'હવઇ' ક્રિયાપદના અધ્યાહાર રહેવાથી તેનો અર્થ સમજી શકાત, કારણ કે વાકયોમાં પ્રાયઃ 'અસ્તિ' 'ભવતિ' ઇત્યાદિ પદોના અધ્યાહાર થવા છતાં પણ તેનો અર્થ સમજી શકાય છે.

ઉત્તર—નિઃસંદેહ બીજા વાકયોની માફક આ પદમાં પણ 'હવઇ' ક્રિયાપદનો પ્રયોગ ન કરવાથી પણ તેનો અધ્યાહાર થઈ શકે છે, તો પણ અહીંયાં જે ઉક્ત ક્રિયાપદનો પ્રયોગ કર્યો છે તેનું પ્રયોજન એ છે કે ઉક્ત મંગલની વિદ્યમાનતા કાયમ રહે છે. કહેવાનું તાત્પર્ય એ છે કેઃ—"આ પંચ નમસ્કાર સર્વ મંગલોમાં ઉત્તમ મંગલ છે તથા તે મંગલ વૃદ્ધિને પ્રાપ્ત થાય છે અને નિરંતર વિદ્યમાન રહે છે." જો 'હવઇ' આ ક્રિયાપદનો પ્રયોગ ન કરવામાં આવ્યો હોત તો 'તેની નિરંતર સત્તા રહે છે' આ અર્થની પ્રતીતિ થઇ શકત નહિ.

પ્રશ્ન—નવમા પદના અંતમાં 'મંગલં' એ પદનો પ્રયોગ કેમ કરવામાં આવ્યો ? જો તેનો પ્રયોગ ન પણ કરવામાં આવ્યો હોત તો પણ 'મંગલ' પદનો અધ્યાહાર

થઇ શકત, એટલે '(આ પંચ નમસ્કાર) સર્વ મંગલોમાં પ્રથમ છે' એટલું કહેવાથી પણ 'પ્રથમ મંગલ છે' આ અર્થની પ્રતીતિ સ્વયમેવ થઇ શકતી હતી, જેમકે 'कवीनां कालिदासः श्रेष्ठः' ઇત્યાદિ વાક્યોમાં કવિ આદિ શબ્દોનો પ્રયોગ ન કરવાથી પણ તેના અર્થની પ્રતીતિ સ્વયમેવ થઇ જાય છે.

ઉત્તર--'મંગલં' આ પદનો પ્રયોગ ન કરવામાં આવ્યો હોત તો પણ તેના અર્થની પ્રતીતિ જો કે નિઃસંદેહ થઇ શકતી હતી, પરંતુ પહેલાં કહી ચુક્યા છીએ કે 'જગતનું કલ્યાણ કરવા વાળા કથન કરવા યોગ્ય વિષયનાં કથનમાં આદિ, મધ્ય અને અંતમાં મંગલ કરવાનું મહાપુરૂષોએ કહેલું છે. એમ કરવાથી તેનો પાઠ કરનાર, શીખવનાર અને ચિંતન કરનારનું સર્વદા મંગલ થાય છે, તથા પ્રતિપાદ્ય વિષયની નિર્વિઘ્ન પરિસમાપ્તિ થઇને તેની સર્વદા પ્રવૃત્તિ થાય છે'. તેથી અહીંયાં અંતમાં મંગલ કરવાને માટે 'મંગલં' આ પદનો સાક્ષાત્ પ્રયોગ કરવામાં આવ્યો છે, એટલે મંગલાર્થ વાચક 'મંગલં' શબ્દ રાખવામાં આવ્યો છે.



श्री वीतरागाय नमः ॥

श्री नमस्कार महामन्त्रना मन्त्राम्नायो

१ **पञ्चानामादिपदानां पञ्चपरमेष्ठिमुद्रया जापे कृते समस्तक्षुद्रोपद्रवनाशः कर्मक्षयश्च । तत्र कर्णिकायामाद्यम्पदम्, शेषाणि चत्वारि सृष्ट्या शङ्खावर्त्तविधिनासकलस्य १०८ स्मरणे शाकिन्यादयो न प्रभवन्ति ॥**

નમસ્કાર મહામન્ત્રના શરૂઆતના પાંચ પદોનો પરમેષ્ઠિમુદ્રા વડે જાપ કરવાથી સર્વ જાતના ઉપદ્રવોનો નાશ થાય છે તથા કર્મોનો ક્ષય થાય છે. પાંચપદો પૈકીનું પ્રથમ પદ ॐ ह्रीं **णमो अरिहंताणं**ની [ચતુર્દલ કમલની]કર્ણિકામાં સ્થાપના કરીને બાકીના ચાર પદોની અનુક્રમે [ચાર દલોમાં] સ્થાપના કરીને (આકૃતિ માટે જુઓ યંત્ર નં. ૧) શંખાવર્ત્તવિધિથી તે પાંચે પદોનું ૧૦૮ વાર સ્મરણ કરવાથી શાકિની વગેરે ઉપદ્રવ કરી શકતાં નથી.

॥ आत्मशुद्धि मन्त्र. ॥

२ ॐ ह्रीं **णमो अरिहन्ताणं**, ॐ ह्रीं **णमो सिद्धाणं**, ॐ ह्रीं **णमो आयरियाणं**, ॐ ह्रीं **णमो उवज्झायाणं**, ॐ ह्रीं **णमो लोएसव्वसाहूणं** ॥

મન્ત્રનો જાપ કરવાની શરૂઆતમાં આત્મશુદ્ધિને માટે ઉપર લખેલા મન્ત્રનો એકહજાર આઠવાર જાપ કરીને મન્ત્રનો જાપ શરૂ કરવો જોઇએ.

॥ ધરણેન્દ્રાહ્વાનન મન્ત્ર ॥

૩ ॐ ह्रीं **वज्राऽधिपतये आं ह्रां ऐं ह्रूँ ह्रौं श्रूँ ह्रूँ क्षः** ॥ આ મન્ત્રનો એકવીશ વખત જાપ કરીને પ્રાણ પ્રતિષ્ઠા કરવી, પછી આ જ મન્ત્રથી પોતાની ચોટલી ઉત્તરાસંગ, કંકણ, કુંડલ. વીંટી તથા કપડાં વગેરે મન્ત્રીને બધી સામગ્રીને શુદ્ધ કરવી.

૪ ॐ ह्रीं **श्रीं वद वद वाग्वादिन्यै नमः स्वाहा** ॥ આ મન્ત્રથી કવચની નિર્મળતા કરવી જોઇએ.

૫ ॐ **णमो अरिहन्ताणं श्रुतदेवि प्रशस्तहस्ते ह्रूँ फट् स्वाहा** ॥ આ મન્ત્રથી પોતાના બંને હાથોને ધૂપના ધૂમાડા પર રાખીને નિર્મળ કરવા જોઇએ.

૬ ॐ **णमो** ॐ ह्रीं **सर्वपापक्षयंकरी ज्वालासहस्रप्रज्वलिते मत्पापं जहि जहि दह दह क्षां क्षीं क्षूं क्षौं क्षः क्षीरधवले अमृतसंभवे वंधान वंधान (वंधय वंधय ?) ह्रूँ फट् स्वाहा** ॥ આ મન્ત્રથી શરીર શુદ્ધ કરવાથી તથા અંતઃકરણ નિર્મળ રાખવાથી તત્કાલ મન્ત્રની સિદ્ધિ થાય છે.

૭ ૐ **ऋषभेण पवित्रेण पवित्रीकृत्य आत्मानं पुनीमहे स्वाहा** ॥ આ મન્ત્રથી અંતઃકરણની શુદ્ધી કરવી જોઇએ, અદેખાઈ, દ્વેષ, ખરાબ વિચારો, ક્રોધ, માન, માયા, લોભનો ત્યાગ કરવો જોઇએ અને અસત્ય બોલવાથી દૂર રહેવું જોઇએ.

૮ ૐ **नमो भगवते ह्रौं ह्रीं चन्द्रप्रभाय चन्द्रमहिताय चन्द्रमूर्तये सर्वसुखप्रदायिन्यै स्वाहा** ॥ આ મન્ત્રથી પોતાના મુખકમલને પવિત્ર બનાવવું, ગંભીરતા, સરલતા તથા નમ્રતાનો ભાવ ધારણ કરવો.

૯ ૐ **ह्रीं क्षीं महामुद्रे कपिलशिखे हूँ फट् स्वाहा** ॥ આ મન્ત્રથી પોતાના નેત્રો પવિત્ર કરવા.

૧૦ ૐ **नमो भगवति ज्ञानमूर्त्तिः सप्तशतश्रुलकादि महाविद्याधिपतिः विश्वरूपिणि ह्रीं ह्रैं क्षाँ क्षीं ॐ शिरस्त्राण पवित्रीकरणं ॐ णमो अरिहन्ताणं शीर्षं रक्ष रक्ष हूँ फट् स्वाहा** ॥ મસ્તકશુદ્ધિ મન્ત્ર.

૧૧ ૐ **णमो सिद्धाणं हर हर शिरो रक्ष रक्ष हूँ फट् स्वाहा** ॥ મસ્તક રક્ષા મન્ત્ર.

૧૨ ૐ **णमो आयरियाणं शिखां रक्ष रक्ष हूँ फट् स्वाहा** ॥ શિખાબન્ધન મન્ત્ર આ મન્ત્રથી ચોટલી બાંધવી.

૧૩ ૐ **णमो उवज्झायाणं एहि एहि भगवति वज्रकवचं वज्रिणि रक्ष रक्ष हूँ फट् स्वाहा** ॥ મુખ રક્ષા મન્ત્ર. આ મન્ત્રથી મુખના તમામ અવયવોની રક્ષા ભાવવી.

૧૪ ૐ **णमो लोएसव्वसाहूणं क्षिप्रं साधय साधय वज्रहस्ते शूलिनि दुष्टं रक्ष रक्ष आत्मानं रक्ष रक्ष हूँ फट् स्वाहा** ॥ આ ઇન્દ્રકવચ મન્ત્રથી દૈવ ભય તથા અન્ય કોઇ ઉપદ્રવ ઉપસ્થિત થતા નથી.

૧૫ ૐ **अरिहय सर्वं रक्ष रक्ष हूँ फट् स्वाहा** ॥ મન્ત્રની સાધના વખતે કૌટુમ્બિક ઉપદ્રવ ઉપસ્થિત ન થવા પામે તે માટે આ મન્ત્રથી કુટુંબ–પરિવારની રક્ષા માટે પ્રાર્થના કરવી જેથી મન્ત્રસાધન નિર્વિઘ્નપણે થઇ શકે.

૧૬ ૐ **ह्रीं क्षीं फट् स्वाहा किटि किटि घातय घातय परं विघ्नान् छिन्द छिन्द परं मन्त्रान् भिन्द भिन्द क्षः फट् स्वाहा** ॥

આ મન્ત્રથી રક્ષા કરવાથી મન્ત્રસાધનામાં બીજાઓનાં મન્ત્ર બળથી કોઇ જાતનું વિઘ્ન આવવાનું હોય તેની અટકાયત થાય છે. સર્વ દિશાઓના સર્વપ્રકારના ઉપદ્રવોને રોકવા માટે આ મન્ત્રનો જાપ કરવો જોઇએ.

મહારક્ષા સર્વોપદ્રવશાન્તિ મન્ત્ર

૧૭ + ૐ **णमो अरिहन्ताणं शिखायां, ૐ णमो सिद्धाणं मुखावरणे,**[1] **ૐ णमो आयरियाणं अङ्गरक्षा, ૐ णमो उवज्झायाणं आयुधम्, ૐ णमो लोए सव्वसाहूणं मोचा, एसो पञ्च णमोक्कारो पादतले वज्रशिला, सव्वपावप्पणासणो वज्रमयः प्राकारश्चतुर्दिक्षु, मङ्गलाणं च सव्वेसिं खादिराङ्गारखातिका, पढमं हवइ मङ्गलं प्राकारोपरि वज्रमयं ढङ्कणम्। इति महारक्षा सर्वोपद्रवविद्रावणी ॥**

અર્થાત્—ૐ **णमो अरिहन्ताणं** એ પદનો ઉચ્ચાર કરીને શિખા સ્થાનમાં જમણો હાથ ફેરવવો જોઈએ, ૐ **णमो सिद्धाणं** એ પદનો ઉચ્ચાર કરીને મુખ પર હાથ ફેરવવો જોઇએ, ૐ **णमो आयरियाणं** એ પદનો ઉચ્ચાર કરીને શરીર પર હાથ ફેરવવો જોઇએ, ૐ **णमो उवज्झायाण** એ પદનો ઉચ્ચાર કરીને પોતે ધનુષ બાણને જોઇ રહ્યો છે તેમ માને–જાણે. ૐ **णमो लोए सव्वसाहूणं** એ પદનો ઉચ્ચાર કરીને પોતાના આયુષ્યને સ્થિર જાણે, **एसो पंच णमोक्कारो** એ પદનો ઉચ્ચાર કરીને મન્ત્ર જપનાર જે આસન પર બેઠેલ હોય તે આસન પર ચારે તરફ હાથ ફેરવીને મનમાં એવો વિચાર કરે કેઃ–"હું વજ્રશિલા પર બેઠો છું, જેથી જમીન અથવા પાતાલમાંથી મને કોઇ પણ જાતનું વિઘ્ન ઉપસ્થિત ન થાય." **सव्वपावप्पणासणो** આ પદનો ઉચ્ચાર કરીને મનમાં એવો વિચાર કરે કેઃ–"મારી ચારે તરફ લોહમય કિલ્લો છે." આ વખતે પોતાના આસનની ચારે તરફ ફરતી ગોળ આડ બાંધી લેવી જોઇએ. **मंगलाणं च सव्वेसिं** આ પદનો ઉચ્ચાર કરીને મનમાં એવો વિચાર કરે કેઃ–"લોહમય કોટની પાછળ ચારે તરફ ખેરના અંગારાથી ભરેલી ખાઈ ખોદેલી છે." અને **पढमं हवइ मंगलं** એ પદનો ઉચ્ચાર કરીને મનમાં એવો

+ 'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ' તથા 'જૈન બાલ ગુટકા દુસરા ભાગ' એ નામના પુસ્તકોમાં આ મન્ત્રની શરૂઆતના પાંચે પદોમાં ૐ શબ્દ નથી, એવીજ રીતે 'શ્રી મન્ત્રરાજગુણકલ્પમહોદધિ' નામના પુસ્તકમાં બીજા, ત્રીજા અને ચોથા પદોમા ૐ શબ્દ નથી, પરંતુ પોતાના રચેલા યોગપ્રકાશ નામના ગ્રન્થના ૮મા પ્રકાશના ૭૨મા શ્લોકમાં કલિકાલસર્વજ્ઞ **શ્રી હેમચંદ્રસૂરીશ્વરજીએ કહ્યું છે કેઃ—**

मंत्रः प्रणवपूर्वोयं फलमैहिकमिच्छुभिः ।
ध्येयः प्रणवहीनस्तु निर्वाणपदकांक्षिभिः ॥७२॥

આ લોકના ફલની ઇચ્છા રાખવાવાળા મનુષ્યોએ આ મન્ત્રનું પ્રણવ(ૐ) સહિત ધ્યાન કરવું જોઈએ તથા મોક્ષપદની ઇચ્છા રાખવાવાળા મનુષ્યોએ પ્રણવ રહિત આ મન્ત્રનું ધ્યાન કરવું જોઇએ; તેથી જ અહીંઆં પાંચે પદોની શરૂઆતમાં ૐ શબ્દ મૂકવામાં આવ્યો છે.

૧ मुखाभ्यर्णे इति क पाठः

વિચાર કરે કેઃ–"લોહમય કોટની ઉપર વજ્રમય ઢાંકણું રહેલું છે. આ મહારક્ષા (વિદ્યા) સર્વોપદ્રવોનો નાશ કરનાર છે.

આત્મરક્ષા મન્ત્ર

૧૮ ૐ णमो अरिहन्ताणं [1]ह्राँ हृदयं रक्ष रक्ष हुँ फट् स्वाहा, ૐ णमो सिद्धाणं ह्रीं शिरो रक्ष रक्ष हुं[2] फट् स्वाहा, ૐ णमो आयरियाणं ह्रूँ शिखां रक्ष रक्ष [3]हुं फट् स्वाहा, ૐ णमो उवज्झायाणं ह्रैं पहि पहि भगवति [4]वज्रकवचं [5]वज्रिणि वज्रिणि रक्ष रक्ष [6]हुं फट् स्वाहा, ૐ णमो लोए सव्वसाहूणं ह्रः [7]क्षिप्रं क्षिप्रं साधय साधय वज्रहस्ते शूलिनि दुष्टान् रक्ष रक्ष [8]हुँ फट् स्वाहा, एसो पञ्च [9]णमोक्कारो वज्रशिला प्राकारः, सव्व-पावप्पणासणो [10]अमृतमयी परिखा, मङ्गलाणं च सव्वेसिं महावज्राग्नि प्राकारः, पढमं हवइ मंगलं [11]उपरि वज्रशिला, इन्द्रकवचमिदम्, आत्मरक्षायै उपाध्यायादिभिः स्मरणीयम् ॥

અર્થાત્—આ ઇન્દ્રકવચ છે, ઉપાધ્યાય આદિએ પોતાની રક્ષા માટે તેનું સ્મરણ કરવું જોઇએ, ખાતાં, પીતાં, ઉઠતાં, બેસતાં તથા માર્ગમાં જતાં કોઇપણ જાતની અકસ્માત્ આપત્તિ ઉપસ્થિત થાય તો તે વખતે આ મન્ત્રનું તરત જ મનમાં વારંવાર સ્મરણ કરવાથી ઉપદ્રવ દૂર થાય છે અને પોતાની રક્ષા થાય છે.

વશીકરણ મન્ત્ર

૧૯ ૐ ह्रीं णमो [1]अरिहन्ताणं, ૐ ह्रीं [2]णमो सिद्धाणं, ૐ ह्रीं णमो आयरियाणं, ૐ ह्रीं णमो उवज्झायाणं, ૐ ह्रीं णमो लोए सव्वसाहूणं, [3]ૐ ह्रीं णमो [4]णाणस्स, ૐ ह्रीं णमो दंसणस्स, अमुकं मम [5]वश्यं कुरु कुरु स्वाहा ॥

---

૧ 'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ' નામના પુસ્તકમાં હ્રાંની જગ્યાએ ૐ, ૨ હુંની જગ્યાએ હૂં, ૩ હુંની જગ્યાએ હૂં, ૪ વજ્રકવચની જગ્યાએ વજ્રકવચે, ૫ વજ્રિણિ વજ્રિણિ ની જગ્યાએ વજ્રપાણિ, ૬ હુંની જગ્યાએ હૂં, ૭ ક્ષિપ્રં ક્ષિપ્રંની જગ્યાએ ક્ષિપ્રં, ૮ હુંની જગ્યાએ હૂં, ૯ णमोक्कारो ની જગ્યાએ नमुक्कारो, ૧૦ अमृतमयी ની જગ્યાએ अमृतमयो, છાપેલાં છે પરંતુ તે બધા શબ્દો અશુદ્ધ અને બરાબર યુક્તિ સંગત નહી હોવાથી ઉપરોક્ત શબ્દો કાયમ રાખેલા છે. ૧૧ વળી पढमं हवइ मंगलं ની આગળના શબ્દો તે પુસ્તકમાં છાપેલા જ નથી. જ્યારે 'મન્ત્રરાજ ગુણકલ્પ મહોદધિ' માં ઉપર પ્રમાણે ના પાઠો બરાબર આપેલા છે અને તે યુક્તિ સંગત હોય તેમ મને લાગે છે. –સંપાદક–

૧ 'જૈન બાલગુટકા દુસરા ભાગ' નામના પુસ્તકમાં अरिहन्ताणंની જગ્યાએ अरहन्ताणं પાઠ છે. ૨ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ' નામના પુસ્તકમાં णमोની જગ્યાએ પ્રથમનાં બધાંએ પદોમાં नमो પાઠ છે. ૩ 'જૈન બાલગુટકા'માં પ્રથમનાં પાંચ પદો સિવાય બીજાં બે પદો નથી જ્યારે 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં બધાંએ પદો છે. णाणस्सની જગ્યાએ नाणस्स પાઠ હોવો જોઇએ, પણ પ્રતમાં આ પાઠ હોવાથી અત્રે કાયમ રાખ્યો છે. ૫ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં वश्यંની જગ્યાએ

વિધિઃ—આ મન્ત્રનો સવાલાખ પ્રથમ જપ કરીને મન્ત્ર સિદ્ધ કર્યા પછી જેને વશ કરવો હોય તેનું નામ 'અમુકં' ની જગ્યાએ મન્ત્ર સહિત એકવીશ વાર જપીને અને એક એક જપે એકેક એ પ્રમાણે પાઘડી (ફેંટા)ના છેડે અથવા બેસના છેડે એકવીશ ગાંઠ વાળીને તે પાઘડી માથા ઉપર પહેરીને જેને વશ કરવો હોય તેની પાસે જાય તો સામો મનુષ્ય વશ થાય છે.

મસ્તકવેદના દૂરકરવાનો મન્ત્ર

૨૦ ૐ णमो अरिहन्ताणं[1], ૐ णमो सिद्धाणं, ૐ णमो आयरियाणं, ૐ णमो उवज्झायाणं, ૐ णमो लोए सव्वसाहूणं, ૐ णमो [2]नाणाय ૐ णमो दंसणाय[3], ૐ णमो चारित्ताय[4], ૐ णमो तवाय[5], ૐ ह्रीं त्रैलोक्यवशंकरी ह्रीं स्वाहा ॥

આ મન્ત્ર સર્વકાર્યોની સિદ્ધિ કરનાર છે. આંખમાં મીઠાના પાણીના છાંટા ઉડવાથી પીડા થતી હોય અથવા માથું દુખતું હોય, આધાશીશી ચઢતી હોય તે વખતે સ્વચ્છ જલ મન્ત્રીને તેના છાંટા નાખીને પાણી પીવરાવવાથી માથાની તથા આંખની પીડા દૂર થાય છે. **'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ'**માં લખ્યા પ્રમાણે સકલીકરણ કરીને આ મન્ત્રને સાધ્ય કર્યા પછી જલ વગેરે મન્ત્રિત કરીને પાવાથી સઘળાં પ્રયોજન સિદ્ધ થાય છે, પરંતુ અકાર્યને માટે આ મન્ત્રનો પ્રયોગ કરવો ઉચિત નથી કારણ કે સમકિતવંત પ્રાણીઓએ સુકાર્ય તરફ જ દૃષ્ટિ રાખવી જોઇએ.

વશીકરણ મન્ત્ર.

૨૧ ૐ ह्रीं[1] णमो लोए सव्वसाहूणं ॥

આ મન્ત્રને સિદ્ધ કર્યા પછી ઉત્તર ક્રિયામાં [2]ऐं ह्रीं સહિત જપ કરતાં કરતાં નવા તથા શુદ્ધ વસ્ત્રને ૧૦૮ વાર ગાંઠો દઇને ગાંઠોને શિલા પર પછાડતો જાય એ રીતે કરવાથી વશીકરણ થાય છે.

તાવ નિવારણ મન્ત્ર

૨૨ ૐ ह्रीं[3] णमो लोए सव्वसाहूणं, ૐ ह्रीं णमो उवज्झायाणं ૐ ह्रीं णमो आयरियाणं ૐ ह्रीं णमो सिद्धाणं, ૐ ह्रीं णमो अरिहन्ताणं ॥

વશી શબ્દ છે પણ તે બંને પાઠોનો અર્થ એકસરખો છે. ૧ 'જૈન બાલગુટકા'માં ૐ णमो अरहन्ताणं એવો પાઠ છે, ૨ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં नाणाय ના બદલે नाणस्स. ૩ અને दंसणाय ના બદલે दंसणस्स તથા ૪ चारित्ताय ના બદલે चारित्तस्स એવો પાઠ છે, જ્યારે ૫ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં તથા 'જૈન બાલગુટકામાં' 'ૐ णमो तवाय એ પદજ નથી.

૧ 'શ્રી નવકારમહામન્ત્ર કલ્પ'માં णमो ની જગ્યાએ नमो પાઠ છે, અને

૨ ऐंની જગ્યાએ ॐ પાઠ છે પરંતુ બન્ને પાઠો શુદ્ધ નથી.

૩ 'જૈન બાલ ગુટકા'માં ऐं ह्रीं દરેક પદને અંતે બોલવા જોઇએ એવો પાઠ છે, જ્યારે 'શ્રી

એક સફેદ શુદ્ધ ધોએલી ચાદર લઈને તેના એક ખુણા પર મન્ત્ર બોલતા બોલતા ગાંઠ વાળવાની માફક ખુણાને વાળીને ૧૦૮ વાર તે ખુણા પર તે પ્રમાણે મન્ત્ર બોલીને તે ચાદરને ગાંઠ વાળવી, પછી તે ગાંઠ વાળેલી ચાદર રોગીને ઓઢાડવી અને વાળેલી ગાંઠ રોગીના માથા તરફ રાખવાથી રોગીનો ચોથીઓ, એકાંતરો તથા વેલાજ્વર વગેરે ગમે તેવો તાવ ઉતરી જાય છે; જ્યાંસુધી તાવ ન ઉતરે ત્યાંસુધી ચાદર રોગીએ ઓઢી રાખવી, જ્યાંસુધી જપ કરે ત્યાંસુધી ધૂપ દેતા રહેવું, પરંતુ નવા તાવમાં આ મન્ત્રનો પ્રયોગ ન કરવો, કારણ કે આ પ્રયોગ જુના તાવનો નાશ કરનાર છે.

ચોર વૈરી નિવારણ મન્ત્ર

૨૩ ૐ હ્રીં णमो [1]अरिहन्ताणं, ૐ હ્રીં णमो सिद्धाणं, ૐ હ્રીં णमो आयरियाणं,ૐ હ્રીં णमो उवज्झायाणं, ૐ હ્રીં णमो लोए सव्वसाहूणं ॥

આ મન્ત્રનો પ્રથમ સવાલાખ જપ કરીને સિદ્ધ કર્યા પછી જરૂરત પડે ત્યારે થોડી વખત સ્મરણ કરવાથી તુરત જ કાર્યની સિદ્ધિ થાય છે. આ પિસ્તાલીશ અક્ષરની વિદ્યાનું સ્મરણ એવી રીતે કરવું જોઇએ કે સ્મરણ કરતી વખત આપણને પોતાને પણ ન સંભળાય, દુષ્ટ અથવા ચોર વગેરેના ભય વખતે અથવા મોટી આપત્તિવાળા સ્થાનમાં આ વિદ્યાનું સ્મરણ કરવાથી તથા જલવૃષ્ટિ માટે તેનો જપ ઉપાશ્રયમાં કરવાથી આપત્તિઓનું નિવારણ થાય છે. ચોરોની આપત્તિ વખતે આ મન્ત્ર ભણીને ચારે દિશાઓમાં ફૂંક મારવાથી અને વિશેષે કરીને જે દિશામાં ચોરો હોય તે દિશામાં ફૂંક મારવાથી તુરત ચોરની આપત્તિનો નાશ થાય છે.

બંદીખાના નિવારણ મન્ત્ર

૨૪ णंहूसाव्वसएलो मोण, णंयाज्झावउमोण, णंयारियआमोण, णंद्धासिमोण, णंताहूंरिअमोण ॥

આ મન્ત્ર નવકાર મન્ત્રના ૩૫ અક્ષર લખવાથી બનેલો છે જો બની શકે તો ૭, ૧૧ તથા ૨૧ દિવસમાં સવા લાખ જપ પુરો કરવો અને સવા લાખ જપ પુરો ન થઇ શકે તો કેદમાં જેટલો જેટલો ટાઇમ મલે તેટલો તેટલો સમય આ મન્ત્રાક્ષરોનો જપ કરે તો તુરત કેદખાનામાંથી છુટે અગર તો અદાલતમાં અપીલ વગેરે કરવાથી તુરત છુટે; પરંતુ જપ કરતી વખતે મન સ્થિર રાખવું જોઈએ.

'મન્ત્રરાજ ગુણકલ્પ મહોદધિ'માં દરેક પદના અંતે એકલો હ્રીં બોલવો જોઇએ એવો પાઠ છે. પરંતુ મારી માન્યતા પ્રમાણે ૐ ની સાથે હ્રીં બોલવો જોઇએ એમ વધારે યુક્તિ સંગત લાગે છે.

૧ 'જૈન બાલગુટકા'માં अरहंताणं પાઠ છે. —સંપાદક

આ જ વિદ્યાને સિદ્ધ કરીને કાળાં વસ્ત્ર પર પોતાનાં લોહી વતી શત્રુનું નામ લખવાથી શત્રુનો નાશ થાય છે.

સંકટમોચન મન્ત્ર

૨૫ ૐ હ્રીં [1]णमो अरिहन्ताणं, ૐ હ્રીં णमो सिद्धाणं, ૐ હ્રીં णमो आयरियाणं, ૐ હ્રીં णमो उवज्झायाणं, ૐ હ્રીં णमो लोए सव्वसाहूणं ॥

આ મન્ત્રનો ૧૨૫૦૦ જાપ કરીને પછીથી નીચેના નવાક્ષરી મન્ત્રનો જાપ કરવો.

નવાક્ષરી મન્ત્ર

૨૬ ૐ હ્રીં અર્હં નમઃ ક્ષ્વીં સ્વાહા ॥

આ મન્ત્રનો ઉચ્ચાર રહિત જાપ કરવાથી દુષ્ટ, તસ્કરનો ભય તથા અતિવૃષ્ટિ, અનાવૃષ્ટિ વખતે આ મન્ત્રનો ઉપયોગ કરવાથી તે તે ભયોનું નિવારણ થાય છે.

ભય નિવારણ મન્ત્ર

૨૭ ૐ હ્રીં णमो भगवओ[2] अरिहन्ता सिद्ध आयरिय उवज्झाय सव्वसाहूय[3] सव्वधम्मतित्थयराणं, ૐ णमो[4] भगवईए[5] सुअदेवयाए, ૐ णमो भगवईए[6] संतिदेवयाए [7]सव्वप्पवयण [8]देवयाणं, दसण्हं [9]दिसापालाणं, पंचण्हं लोगपालाणं, ૐ હ્રીં अरिहन्त देवं नमः ॥

આ મન્ત્રને સિદ્ધ કર્યા પછી વાદ વિવાદ અથવા જય માટે ૧૦૮ વખત જાપ કરવાથી જય પ્રાપ્ત થાય છે, વળી આ મન્ત્રથી સાત વાર મન્ત્રીને વસ્ત્રના છેડે ગાંઠ બાંધીને તે વસ્ત્ર પહેરવાથી માર્ગમાં ચોર, સર્પ તથા સિંહ વગેરે જંગલી જનાવરોનો ભય ઉપસ્થિત થતો નથી.

વૈરનાશક મન્ત્ર

૨૮ [9]णंहूसाव्वसपलोमोण, णंयाज्झावउमोण, णंयारियआमोण, णंद्धासिमोण णंताहंरिअमोण ॥

આ મન્ત્રનો અગાઉ ૨૪ મા મન્ત્ર તરીકે ઉલ્લેખ કરી ગયા છીએ, છતાં અહીંયાં તેનો ઉપયોગ અલગ હોવાથી ફરીથી ઉલ્લેખ કરેલો છે. આ મન્ત્રનો ચોથ

---

૧ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં પાંચે પદોમાં णमोની જગ્યાએ नमो પાઠ છે.

૨ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ' માં ह्रीं णमो भगवओ પાઠ નથી, ૩ य પાઠ નથી, ૪ णमोની જગ્યાએ नमो પાઠ છે, ૫ ૐ णमो भगवईए પાઠ નથી, ૬ सव्वप्पवयणની જગ્યાએ सव्व पवयण પાઠ છે, ૭ देवयाणंની જગ્યાએ देवाणं પાઠ છે, ૮ दसण्हं दिसापालाणं પાઠ નથી. ૯ णंहू० ના બદલે णंहु० એવો પાઠ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં છે.

અથવા ચઉદશના દિવસે જાપ શરૂ કરી વિધિ સહિત સવાલાખ જાપ કરવાથી સિદ્ધ થયા પછી દુશ્મનની સામે નવકાર મન્ત્રના ઉચ્ચારપૂર્વક એક ચપટી ભરીને ધૂળ નાખવાથી વૈરભાવનો નાશ થઈને મિત્રતા થાય છે.

સર્વ કાર્યસાધક મન્ત્ર

૨૯ ૐ [1]णमो [2]अरिहंताणं, ૐ णमो सिद्धाणं, ૐ णमो आयरियाणं, ૐ णमो उवज्झायाणं, ૐ णमो लोए सव्वसाहूणं, ૐ ह्रौं ह्रीं [3]ह्रूँ [4]ह्रौं [5]ह्रः स्वाहा ॥

આ મન્ત્રનો પ્રથમ ઉચ્ચાર રહિત એક ચિત્તે સવા લાખ જાપ કરીને સિદ્ધ કર્યા પછી આ મન્ત્રથી મન્ત્રેલું જલ છાંટવાથી તથા પાન કરવાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

૩૦ ૐ ह्रौं ह्रीं ह्रूँ [6]ह्रौं ह्रः असिआउसा स्वाहा ॥

આ મન્ત્રનો સવાલાખ જાપ કરીને સિદ્ધ કરવાથી મનમાં ચિંતવેલા કાર્યો સિદ્ધ થાય છે મન્ત્ર સિદ્ધ કર્યા પછી રોજ એક માલા (૧૦૮ વાર) ગણવાથી સર્વ લાભને આપનારો આ મન્ત્ર છે.

કર્મનાશક મન્ત્ર

૩૧ णमो अरिहन्ताणं એ પદનું બ્રહ્મરન્ધ્રમાં, णमो सिद्धाणं એ પદનું મસ્તકમાં, णमो आयरियाणं એ પદનું જમણા કાનમાં, णमो उवज्झायाणं એ પદનું ગર્દન અને માથાની સંધિના પાછળના ભાગમાં, णमो लोए सव्वसाहूणं એ પદનું ડાબા કાનમાં અને एसो पञ्चणमोक्कारो, सव्वपावप्पणासणो, मङ्गलाणं च सव्वेसिं, तथा पढमं हवइ मङ्गलं એ ચારે પદોનું જમણી બાજુથી સર્વે વિદિશાઓમાં પદ્માવર્તનની સમાન ધ્યાન કરવાથી કઠીણ કર્મોનો પણ મનની સ્થિરતા રહેવાના કારણે નાશ થાય છે. (આકૃતિ માટે જુઓ નવ૦ યંત્ર. ૨)

સફલતાકારક સકલીકરણ મન્ત્ર

૩૨ पढमं हवइ मङ्गलं એ પદને મસ્તક પર રહેલી શિલા સમાન જાણો, णमो[6] अरिहन्ताणं એ પદને અંગુઠામાં જાણો, णमो सिद्धाणं એ પદને તર્જની આંગળીઓમાં જાણો, णमो आयरियाणं એ પદને મધ્યમા આંગળીઓમાં જાણો, [7]णमो उवज्झायाणं એ પદને અનામિકા આંગળીઓમાં જાણો, णमो लोए सव्वसाहूणं એ

---

૧ 'શ્રીનવકારમહામન્ત્રકલ્પ'માં णमो ના સ્થાને પાંચે પદોમાં नमो પદ છે. ૨ 'જૈન બાલ ગુટકા દૂસરા ભાગ'માં अरहंताणं પાઠ છે. ૩ 'શ્રીનવકારમહામન્ત્રકલ્પ'માં ह्रूँ પાઠ છે, જ્યારે 'જૈન બાલગુટકા દૂસરા ભાગ'માં આ પાઠ જ નથી. ૪ 'શ્રીમન્ત્રરાજગુણકલ્પમહોદધિ'માં ह्रौं ને સ્થાને ह्रौं પાઠ છે, પરંતુ તે પ્રેસદોષ હોય એમ મને લાગે છે. ૫ 'શ્રીમન્ત્રરાજગુણકલ્પમહોદધિ'માં ह्रूँ પાઠ છે. ૬-૭ 'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ'માં णमो ના સ્થાને नमो પાઠ છે.

પદને કનિષ્ઠિકા આંગળીઓમાં જાણો, એસો [1]પઞ્ચણમોક્કારો એ પદને વજ્રમય કિલ્લો જાણો, સવ્વપાવપ્પણાસણો એ પદને પાણીથી ભરેલી ખાઇ જાણો, [2]મઙ્ગલાણં ચ સવ્વેસિં એ પદને ખેરના અંગારાથી ભરેલી ખાઇ જાણો—આ પ્રમાણે સકલી કરણ ક્રિયાથી આત્માની રક્ષા કરવી; વળી આ મન્ત્ર અત્યંત સફલતા કારક છે.

સર્વસિદ્ધિદાયક મન્ત્ર

૩૩ **ૐ હ્રીં[3] શ્રીં અર્હં અ સિ આ ઉ સા નમઃ ॥**

આ મન્ત્રની શુદ્ધોચ્ચાર પૂર્વક આરાધના કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

બંદીખાના નિવારણ મન્ત્ર

૩૪ **ૐ [4]णमो अरि[5]हन्ताणं ઝમ્લ્વ્યૂં નમઃ, ૐ णमो सिद्धा[6]णं ઝમ્લ્વ્યૂં નમઃ, ૐ णमो आयरियाणं [7]સ્મ્લ્વ્યૂં નમઃ, ૐ णमो उवज्झायाणं [8]હ્મ્લ્વ્યૂં નમઃ, ૐ णमो लोए सव्वसाहूणं ક્ષ્મ્લ્વ્યૂં નમઃ अमुकस्य बदिं मोक्षं कुरु कुरु स्वाहा ॥**

કોઇ મિત્ર યા સ્વજન કોર્ટ કચેરીની સજા પામીને કેદમાં પડયો હોય તેને છોડાવવા માટે કેદમાં પડેલી વ્યક્તિનો મિત્ર યા કુટુંબી આ પ્રયોગ આ પ્રમાણે કરે:—

આ મન્ત્રની સાધના કરતી વખતે મન્ત્રાક્ષરોને એક પટ્ટ પર અષ્ટગંધથી લખવા, પટ્ટ સોનાનો, ચાંદીનો યા તાંબાનો જેવી શક્તિ હોય તેવો લેવો. મન્ત્રવાળા પટ્ટને બાજોઠ પર સ્થાપન કરવો. પછી શ્રી પાર્શ્વનાથપ્રભુનું બિંબ યા પ્રભુનું સુંદર કળાપૂર્ણ ભાવવાહી ચિત્ર પોતાની સામે સ્થાપન કરવું અને ચિત્રની જમણી બાજુએ ઘીનો દીવો તથા ડાબી બાજુએ સુગંધીદાર ધૂપ રાખવો; ત્યાર પછી સફેદ જાઇના સ્વચ્છ ૫૦૦ પાંચસો ફૂલ લાવીને તે ફૂલમાંથી એકેક ફૂલ લઇને મન્ત્ર બોલતા જવું અને તે મન્ત્રેલા ફૂલને મન્ત્રપટ ઉપર ચઢાવતા જવું, આ પ્રમાણે કરવાથી બંદીવાન તુરત છુટે. ફૂલ ચઢાવવાની ક્રિયા તથા મન્ત્ર બોલવાની ક્રિયા ઊભા ઊભા કરવી.

વળી આ જ મન્ત્રનો રાતે સુઇ રહેતી વખતે ઊભા ઊભા કાયોત્સર્ગમાં જાપ કરીને સુઇ રહેતો સ્વપ્નમાં શુભાશુભ દેખાય છે. શય્યા પર સુઇ રહેતી વખતે મસ્તક

---

૧ 'શ્રી નવકાર૦' णमोक्कारोના સ્થાને नमुक्कारो પાઠ છે. ૨ આ પાઠ 'શ્રીમન્ત્રરાજગુણકલ્પમહોદધિ' માં નથી. ૩ 'શ્રીમન્ત્રરાજગુણકલ્પમહોદધિ' ના સંપાદક પૃષ્ઠ ૧૫૦ની ફુટનોટ ૧ માં જણાવે છે કે:—હ્રીં ની અપેક્ષા હ્રાં પાઠ ઠીક પ્રતીત હોતા હૈ" પરંતુ મારી માન્યતા પ્રમાણે અહીંયાં હ્રીં પાઠ જ બરાબર છે.૪ 'શ્રી નવકાર૦'માં णमोના સ્થાને नमो પાઠ છે.૫ 'શ્રી જૈન બાલ ગુટકા દૂસરા ભાગ'માં अरहंताणं પાઠ છે. ૬ 'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ'માં सव्वसिद्धाणं પાઠ છે. ૭ ઉપરોક્ત ગ્રન્થમાં જ રમ્લ્વ્યૂં પાઠ છે, ક પ્રતમાં મ્લ્વ્યૂં પાઠ છે. ૮ 'જૈન બાલ ગુટકા દૂસરા ભાગ'માં ટમ્લ્વ્યૂં પાઠ છે.

પૂર્વદિશા તરફ રાખીને સુઈ રહેવાનું ખાસ યાદ રાખવું.

દ્રવ્ય પ્રાપ્તિ મન્ત્ર

૩૫ **अरिहन्त सिद्ध आयरिय उवज्झाय साहू**[1] ॥

આ સોળ અક્ષરવાલી વિદ્યાનો ૨૦૦ વાર જાપ કરવાથી ચાર ઉપવાસનું ફલ પ્રાપ્ત થાય છે, વળી આ મન્ત્રનો સવા લાખ જાપ કરવાથી દ્રવ્યની પ્રાપ્તિ થાય છે. અને વિદ્યાધ્યયનમાં સહાયતા મળે છે.

કલ્યાણકારક મન્ત્ર

૩૬ **असिआउसा**[2] ॥

अ અક્ષરનું મુખકમલમાં **सि** અક્ષરનું મસ્તકમાં **आ** અક્ષરનું નાભિકમલમાં, **उ** અક્ષરનું હૃદયકમલમાં અને **सा** અક્ષરનું કંઠ પ્રદેશમાં ધ્યાન ધરવાથી કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. (આકૃતિ માટે જુઓ નવ૦ યંત્ર ૩.)

મહાકલ્યાણકારી મન્ત્ર

૩૭ **ॐ असिआउसा नमः** ॥

આ મન્ત્રનો સવાલાખ જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. આ મન્ત્ર સિદ્ધ થએથી મહાકલ્યાણને કરવાવાળો તથા અનેક પ્રકારની સંપદાને આપવાવાળો થાયછે.

ભયહર મન્ત્ર.

૩૮ ॐ णमो अरिहंताणं એ પદ નાભિમાં, ॐ णमो सिद्धाणं એ પદ હૃદયમાં, ॐ णमो आयरियाणं એ પદ કંઠ વિષે, ॐ णमो उवज्झायाणं એ પદ મુખને વિષે ॐ णमो लोए सव्वसाहूणं એ પદ મસ્તકને વિષે ચિંતવીને सर्वाङ्गेषुમાં रक्ष रक्ष हिलि हिलि मातङ्गिनी स्वाहा ॥ (આકૃતિ માટે જુઓ નવ૦ યંત્ર ૪.) આ પ્રમાણે મનમાં ઉપર કહેલા પાંચે પદો ચિંતવીને આખા મન્ત્રનો ૧૦૮ વાર જાપ કરવાથી સર્વે જાતના ભયો દૂર થાય છે. દેવનાગરી લિપિમાં જે જે શબ્દો લખ્યા છે તે જ મન્ત્ર છે.

રક્ષા મન્ત્ર.

૩૯ **ॐ ह्रीं**[3] **णमो अरिहन्ताणं पादौ रक्ष रक्ष, ॐ ह्रीं णमो सिद्धाणं कटिं रक्ष रक्ष**

---

૧ 'શ્રી મન્ત્રરાજગુણકલ્પમહોદધિ' માં 'साधु' એવો પાઠ છે. 'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ' માં सव्व साहू પાઠ છે; 'જૈન બાલ ગુટકા દૂસરા ભાગ' માં सव्व साहूणं પાઠ છે; પરંતુ 'साधु' એ સંસ્કૃત શબ્દને બદલે 'साहू' પ્રાકૃત શબ્દ જ વાસ્તવિક છે; જ્યારે બીજા બે પાઠોમાં તો એક પાઠમાં અઢાર અક્ષર થાય છે અને બીજા પાઠમાં ઓગણીશ અક્ષર થાય છે. તેથી ઉપરનો પાઠ જ વાસ્તવિક છે ૨ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ' માં अ सि आ उ सा नमः પાઠ છે. ૩ 'શ્રી નવકાર મહામન્ત્ર કલ્પ'માં નમો પાઠ પાંચે પદોમાં છે.

ॐ ह्रीं णमो आयरियाणं नाभिं रक्ष रक्ष, ॐ ह्रीं णमो उवज्झायाणं हृदयं रक्ष रक्ष, ॐ ह्रीं णमो लोए सव्वसाहूणं ब्रह्माण्डं रक्ष रक्ष, ॐ ह्रीं एसो पञ्चणमोक्कारो[1] शिखां रक्ष रक्ष, ॐ ह्रीं सव्वपावप्पणासणो आसन रक्ष रक्ष, ॐ ह्रीं मङ्गलाणं च सव्वेसिं पढमं हवइ मङ्गलं आत्मचक्षुः परचक्षुः रक्ष रक्ष ॥

આ મન્ત્રને સિદ્ધ કર્યા પછી કાર્ય પડે એકવીશ વાર જપવાથી ગમે તેવા ભયમાં પણ રક્ષા થાય છે.

વશીકરણ મન્ત્ર

૪૦ **[3]ॐ णमो[4] अरिहन्ताणं[5] अरे अरिणि मोहिणि अमुकं[6] मोहय मोहय स्वाहा ॥**

આ મન્ત્રથી ચોખા અથવા ફૂલને [૧૦૮ વાર] મન્ત્રી સ્ત્રીને માથે મૂકવાથી સ્ત્રી વશ થાય છે, વળી આ મન્ત્રનું ૧૦૮ વાર નિત્ય સ્મરણ કરવાથી લાભ થાય છે, પરંતુ લાભને માટે મન્ત્ર ગણતી વખતે અમુકં શબ્દ સિવાયનો મન્ત્ર ગણવો અને વશીકરણ કર્મને માટે અમુકમ્‌ની જગ્યાએ જે સ્ત્રીને વશ કરવી હોય તેનું નામ સ્મરણ કરવું.

ભૂતાદિ ભયનિવારણ મન્ત્ર

૪૧ **ॐ ह्रीं अ सि आ उ सा सर्वदुष्टान् स्तंभय स्तंभय मोहय मोहय अंधय अंधय मुकवत्कारय[7] कुरु कुरु ह्रीं दुष्टान् ठः ठः[8] ॥**

જે વખતે દુશ્મન સામેથી હુમલો કરવા આવે તે વખતે આ મન્ત્રનો ૧૦૮ વાર મુઠ્ઠી બંધ કરીને જાપ કરીને તે મુઠ્ઠી દુશ્મનના સામી ઉગામવાથી દુશ્મન નાશી જાય છે.

તથા કોઇ બાલક અથવા સ્ત્રીને ભૂત, પિશાચ અગર ચુડેલનો ઉપદ્રવ થતો હોય તો આ મન્ત્રનો મુઠ્ઠી બંધ કરીને ૧૦૮ વાર જાપ કરીને સવાર અને સાંજે ઝાડે-ઉંજે તો ભૂતાદિકનો ઉપદ્રવ શાંત થાય અથવા ઇશાન ખુણા તરફ મુખ રાખીને અડધી રાતના સમયે આઠ રાત્રિ પર્યંત મન્ત્રની સાધના પ્રથમ કરીને,

---

૧ 'શ્રીનવકારમહામન્ત્રકલ્પ'માં નમુક્કારો પાઠ છે.

૨ ,, માં આ પાઠ છાપેલો નથી.

૩ 'શ્રી મન્ત્રરાજગુણ કલ્પમહોદધિ'માં ॐ ह्रीं પાઠ છે. ૪ 'શ્રી નવકાર મહામન્ત્રકલ્પ'માં નનો પાઠ છે. ૫ 'શ્રી જૈન બાલગુટકા દૂસરા ભાગ'માં अरहंताणं પાઠ છે. ૬ 'શ્રી મન્ત્રરાજ૦'માં આ પાઠ નથી. ૭ 'શ્રી નવકાર૦'માં મુકય મુકય એવો પાઠ છે. ૮ 'શ્રી નવકાર૦'માં ઠઃ ઠઃ ઠઃ પાઠ છે; જ્યારે 'જૈનબાલ૦'માં ઠઃ ઠઃ ઠઃ ઠઃ એવો પાઠ છે.

પછી ધૂપ અને દીવો કરીને ફક્ત ૧૧૦૦ અગીઆરસો જાપ કરવાથી વ્યંતરના ઉપદ્રવની શાંતિ થાય છે.

બંદીખાના નિવારણ મન્ત્ર

૪૨ ૐ णमो[1] [2]अरिहन्ताणं, [3]ॐ णमो सिद्धाणं, ॐ णमो आयरियाणं, ॐ णमो उवज्झायाणं, ॐ णमो लोए सव्वसाहूणं, झुलु झुलु[4] कुलु कुलु चुलु चुलु मुलु मुलु स्वाहा ॥

સપ્ત ધાતુની યા તાંબાની થાળી ઉપર પ્રથમ અષ્ટગંધથી મન્ત્ર લખીને સવા લાખ જાપ કરીને મન્ત્ર સિદ્ધ કર્યા પછી ૨૧ વખત ૨૧ કાંકરી મન્ત્રીને એટલે કે એકેક કાંકરી હાથમાં લઇ મન્ત્ર બોલીને ફૂંક મારીને તે કાંકરી માછીની જાળ પર તે જોઈ શકે નહિ તેવી રીતે નાંખવાથી જાળમાં એક પણ માછલી આવતી નથી.

તથા બંદીખાનામાં પડેલો માણસ સવાલાખ જાપ પૂરા થતાં જ અગર તે પહેલાં બંદીખાનામાંથી છુટો થાય છે. પરંતુ જાપ કરતી વખતે ધૂપ દીપ તૈયાર રાખવા જોઇએ અને મન્ત્રનો જાપ દરરોજ નિયમિત સમયે કરવો એ બાબતો ખાસ ધ્યાનમાં રાખવી જોઇએ.

ચોરભય નિવારણ મન્ત્ર

૪૩ ૐ णमो अरिहंताणं अभिणिमोहिणि मोहय मोहय स्वाहा ॥

માર્ગમાં જતી વખતે આ વિદ્યાનું સ્મરણ કરવાથી ચોરનો ભય ઉત્પન્ન થતો નથી.

સર્વ સમ્પત્તિદાયક ત્રિભુવનસ્વામિની વિદ્યા.

૪૪ ૐ ह्रीं श्रीं ह्रीं[5] क्लीं असिआउसा चुलु चुलु हुलु हुलु[6] कुलु कुलु[7] मुलु मुलु[8] इच्छियं मे कुरु कुरु स्वाहा ॥

આ ત્રિભુવનસ્વામિની વિદ્યા છે. આ વિદ્યા ચમેલીના ૨૪૦૦૦ ચોવીશહજાર ફૂલ લઇને એકેક ફૂલ પર એકેક મન્ત્ર જપવાથી સિદ્ધ થાય છે, અને વિદ્યા સિદ્ધ થયા પછી દરરોજ એકેક માલા જપવાથી પુત્ર પ્રાપ્તિ તથા લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

---

૧ 'શ્રી નવકાર૦'પાંચે પદોમાં નમો પાઠ છે. ૨ 'શ્રી જૈનબાલ૦' અરહંતાણં પાઠ છે. ૩ 'શ્રી જનબાલ૦' ૐ णमो सिद्धाणंથી ૐ णमो उवज्झायाणं સુધીનો પાઠ નથી. ૪ 'શ્રી જૈનબાલ૦' झुलु झुलु પાઠ નથી.

૫ 'શ્રીનવકાર૦'મા ह्रीं પાઠ નથી; 'મંત્રરાજ૦'માં ह्रंપાઠ છે. ૬ 'શ્રીનવકાર૦'માં हुलु हुलु પાઠ છે પણ તે પ્રેસ દોષ હશે એમ લાગે છે. ૭ 'શ્રીજનબાલ૦'માં આ પાઠ નથી. ૮ 'શ્રીજૈન-

વિદ્યાપ્રાપ્તિ મન્ત્ર

૪૫ ૐ હ્રીં[1] **અસિઆઉસા નમોઽર્હદ્ વાદિનિ**[2] **સત્યવાદિનિ**[3] **વાગ્વાદિનિ વદ વદ મમ વક્ત્રે**[4] **વ્યક્ત વાચયા સત્યંબ્રૂહિ**[5] **સત્યંબ્રૂહિ સત્યંવદ અસ્ખલિત પ્રચારં તં દેવં**[6] **મનુજાસુરસહસી**[7] **હ્રીં અર્હં**[8] **અસિઆઉસા નમઃ સ્વાહા ॥**

આ વિદ્યાનો એક લાખવાર જાપ કરવાથી સિદ્ધ થાય છે, અને તે સિદ્ધ થએલી વિદ્યાથી વાદવિવાદમાં જીત થાય છે અને સર્વ જાતની વિદ્યાઓની પ્રાપ્તિ થાય છે.

શાંતિદાયક મન્ત્ર

૪૬ ૐ **અર્હં અસિઆઉસા નમઃ ॥**

આ મન્ત્રનું નિત્ય સ્મરણ કરવાથી શાંતિદાયક છે અને દરેક જાતની સંપત્તિ આપનાર તથા કલેશાદિકનો નાશ કરનાર છે.

વસ્તુવિક્રય મન્ત્ર

૪૭ **નટ્ઠટ્ઠમયટ્ઠાણે પણટ્ઠ કમટ્ઠ નટ્ઠ સંસારે । પરમટ્ઠનિટ્ઠિયટ્ઠે અટ્ઠગુણાધીસરં વંદે ॥**

આ મન્ત્રની સાધના કાળી ચઉદશના દિવસે સંધ્યા વીતી ગયા પછી એક પ્રહર રાત્રિ પસાર થયા બાદ શરૂ કરે, જાપ કરતી વખતે જયણા સહિત ધૂપ દીપ રાખે, કટપત્ર તેલ તથા ગુગલનો હોમ જયણા સહિત કરે. પ્રતિદિન બે હજાર જાપ કરીને મન્ત્ર સિદ્ધ કરે. મન્ત્ર સિદ્ધ કર્યા પછી જે વસ્તુ વેચવી હોય તે વસ્તુને ઉપરોક્ત મન્ત્રથી એકવીશ વખત મન્ત્રીને વેચવાથી મન માન્યા મૂલ્ય ઉપજે.

રક્ષા મન્ત્ર

૪૮ ૐ **થમ્મેઇ**[9] **જલ જલણં મમ**[10] **અમુકસ્ય**[11] **ઘોરવસગ્ગં પણાસેઉ સ્વાહા ॥** *

બાલ૦'માં મુલ મુલ પાઠ છે, પરંતુ પ્રેસદોષ લાગે છે. ૧ 'શ્રીનવકાર૦'માં હ્રીં પાઠ નથી. ૨ 'શ્રી નવકાર૦'માં વાચિની પાઠ છે. ૩ 'શ્રીનવકાર૦'માં સત્યવાચિની પાઠ છે. ૪ 'શ્રીનવકાર૦'માં વક્ત્ર પાઠ છે. ૫ 'શ્રીનવકાર૦'માં સત્યંથુહિ સત્યંથુહિ પાઠ છે. ૬ 'શ્રીજૈનબાલ૦'માં તં દેવં ના બદલે સદૈવ પાઠ છે. ક પ્રતમાં સદેવ પાઠ છે. ૭ 'શ્રીજૈનબાલ૦'માં સદસિ પાઠ છે. ક પ્રતમાં મનુજાસરસી પાઠ છે. 'શ્રી જૈન બાલ૦'માં અસહૈં પાઠ છે તે બરાબર નથી. ૮ 'શ્રીજૈનબાલ૦'માં સ્વાહા પાઠ નથી. ૯ 'શ્રીમન્ત્રરાજ'માં થમ્મેઉ પાઠ છે. ૧૦ 'મમ'ની જગ્યાએ અંતમાં છઠ્ઠી વિભક્તિ સહિત પોતાના નામનો ઉચ્ચાર કરવો જોઇએ. ૩ 'અમુકસ્ય'ની જગ્યાએ અંતમાં છઠ્ઠી વિભક્તિ સહિત પરના નામનો ઉચ્ચાર કરવો જોઇએ; એટલે પોતાને યા બીજાને માટે જાપ કરવો હોય ત્યારે પોતાના યા બીજાના નામનો ઉચ્ચાર કરવો જોઇએ, પરંતુ બંનેના નામનો નહિ.

* આ વિદ્યાનો 'શ્રી **ભૈરવપદ્માવતીકલ્પ**' નામના મારા તરફથી પ્રસિદ્ધ થએલા ગ્રન્થમાં 'ક્રોધાદિસ્તમ્ભનયન્ત્રાધિકાર' નામના પાંચમા પરિચ્છેદ ના ચોથા શ્લોકની ટીકામાં નીચે પ્રમાણે ઉલ્લેખ કરેલો છેઃ—

આ વિદ્યા ચંદન વગેરે દ્રવ્યોથી લાકડાના પાટીઆ પર ૧૦૮ વાર નવકારના સ્મરણ સાથે તેનું સ્મરણ કરીને લખવી તથા પાટીઆની સુગંધી પુષ્પ વગેરેથી પૂજન–અર્ચન કરીને સિદ્ધ કરવાથી આ વિદ્યા દરેક પ્રકારના ભયોનું નિવારણ કરે છે.

આ વિદ્યાનું હૃદય કમલમાં ૧૦૮ વાર સ્મરણ કરે તો ચાર ઉપવાસનું ફળ મળે છે.

લક્ષ્મીદાયક વિદ્યા

૪૯ ૐ હ્રીં અર્હત ઉત્પત ઉત્પત સ્વાહા ॥

આ પણ ત્રિભુવનસ્વામિની વિદ્યા છે, તેનું નિત્ય સ્મરણ કરવાથી વાંછિત ફલ તથા લક્ષ્મીને આપવાવાળી થાય છે.

ચૌરભયનિવારક મન્ત્ર

૫૦ ૐ णमो अरिहन्ताणं[1] धणुं धणुं महाधणुं महाधणुं[2] स्वाहा ॥

આ મન્ત્રનો પ્રથમ સવા લાખ જપ કરીને સિદ્ધ કર્યા પછી જરૂર પડે મન્ત્રના અક્ષરોનું ધ્યાન પોતાના લલાટ વિષે કરે તો ચોર સ્તંભિત થાય છે અને જમણા હાથથી ખડીથી મન્ત્ર લખતો જાય અને ડાબા હાથથી ભુસીને મુઠ્ઠી બંધ કરતો જાય અને એવો ખ્યાલ કરે કે મારા ડાબા હાથમાં ધનુષ્ય છે, એવી રીતે થોડી વાર લખીને તથા ભુસીને મુઠ્ઠી બંધ કરી જપ કરે, જપ પૂર્ણ થએથી મુઠ્ઠી ઉઘાડીને જે દિશામાં ચોરાદિનો ભય હોય તે દિશામાં હાથમાંથી કાંઇ વસ્તુ ફેંકતો હોય તેવી રીતે હાથ લાંબો કરે તો ચોરના ભયનું નિવારણ થાય છે અને ચોર પલાયન થઇ જાય છે.

શુભાશુભ દર્શક યન્ત્ર

૫૧ ૐ હ્રીં અર્હં નમઃ[3] ક્ષ્વીં સ્વાહા ॥

આ મન્ત્રનો જપ કર્યા પહેલાં રાત્રિએ સુઈ જતાં પહેલાં આખા મસ્તક[4] પર

वलयमन्त्रोद्धारः—

ॐ थम्भेइ जलज्जलणं चिंतियमित्तेण पंचणमयारो। अरिमारिचोरराउलघोरुवसग्गं पणासेउ स्वाहा ॥

—प्राकृतमन्त्रोऽयम् । **भैरवपद्मावतीकल्प** પૃષ્ઠ. ૨૫

આ મન્ત્રથી ઉપજાવેલા યંત્રો માટે જુઓ **'ભૈરવપદ્માવતીકલ્પ'**માં યંત્ર નંબર. ૧૭–૧૮ ૧૯–૨૦–૨૧ની આકૃતિઓ. ૧ 'જૈનબાલ૦' અરહંતાણં પાઠ છે. ૨. धणुं महाधणुं પાઠ છે. ૩ 'જૈન બાલ૦' નમઃ પાઠ નથી. ૪ 'શ્રી નવકાર૦'માં મસ્તકપર ના બદલે પોતાના હાથોમાં ચંદનનો લેપ કરવો તેમ લખેલું છે; પરંતુ મારી માન્યતા પ્રમાણે હાથોમાં અગર મસ્તકમાં પણ નહિ, પણ કપાળ પર લેપ કરવાનો હોવો જોઇએ. —સંપાદક.

ચંદન લગાવીને ચંદન સુકાઈ ગયા બાદ ૧૦૮ વાર આ મન્ત્રનો જાપ કરીને ભૂમિ શય્યા પર સૂઈ જાય તો સ્વપ્નમાં શુભાશુભ માલુમ પડે છે.

પ્રશ્નોત્તર દર્શક મન્ત્ર

૫૨ ૐ णमो[1] भगवइ सुअदेवयाए सच्चसुअमायाए बारसंग पवयण जणणीए सरस्सईए सच्च[2]वायणि सुयवउ[3] [4]अवतर अवतर देवी मम शरीरं पविस पुच्छं[5] तस्स भविस्स[6] जणमयहरिए अरिहंत सिरि[7] सिरिए स्वाहा ॥

આ મન્ત્રને પ્રથમ સાધ્ય કર્યા પછી કોઇપણ જાતનું ભવિષ્ય જાણવા માટે ૧૦૮ વાર જાપ કરીને પવિત્ર પણે રાત્રે ભૂમિશય્યા પર સુઇ જવાથી ધારેલા પ્રશ્નનો જવાબ સ્વપ્નમાં મળે છે. આ મન્ત્રની શરૂઆતમાં ૐ णमो अरिहन्ताणं, ૐ णमो सिद्धाणं, ૐ णमो आयरियाणं, ૐ णमो उवज्झायाणं, ૐ णमो लोए सव्वसाहूणं એ પાંચ પદ વધારીને ૧૦૮ વાર કાગળ પર લખીને રોગીના હાથમાં તે લખેલો કાગળ આપવાથી રોગીના સર્વ રોગ નાશ પામે છે.

રક્ષા મન્ત્ર

૫૩ ૐ णमो[8] अरिहंताणं[9], ૐ णमो सिद्धाणं, ૐ णमो आयरियाणं, ૐ णमो उवज्झायाणं, ૐ णमो लोए सव्वसाहूणं, एसो पंच णमोक्कारो[10], सव्वपावप्पणासणो, मंगलाणं च सव्वेसिं, पढमं हवइ मंगलं, ૐ ह्रीं हूँ[11] फट् स्वाहा ॥

આ રક્ષા મન્ત્ર છે, તેનું નિત્ય સ્મરણ કરવાથી સર્વ કાર્યોમાં રક્ષા થાય છે.

સર્વ સિદ્ધિદાયક મન્ત્ર

૫૪ ૐ ह्रीं [12]णमो अरहन्ताणं[13] सिद्धाणं सूरीणं[14] उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं[15] समीहितं कुरु कुरु स्वाहा ॥

આ મહામન્ત્રનો દરરોજ પવિત્રપણે સવાર, બપોર અને સાંજે દરેક વખતે બત્રીશ વાર સ્મરણ–જાપ કરવાથી દરેક પ્રકારની સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે અને લક્ષ્મીનો લાભ થાય છે. ૨૧ દિવસ સવાર, બપોર અને સાંજે ત્રણે વખત

---

૧ 'શ્રી નવકાર૦'માં નમો પાઠ છે. ૨ 'શ્રી નવકાર'માં સચ્ચ વાયણિ પાઠ છે. ૩ 'શ્રી જૈનબાલ૦'માં સવણવે પાઠ છે અને 'શ્રી નવકાર'માં સુવવઉ પાઠ છે. ૪ 'શ્રી જૈનબાલ૦'માં અવતરની પહેલાં ૐ પાઠ છે. ૫ શ્રી જૈનબાલ૦'માં પુછં એવો પાઠ છે. ૬. 'શ્રી નવકાર૦'માં પવિસ્સ પાઠ છે અને 'શ્રી જૈનબાલ૦'માં પવિસસત્વ પાઠ છે. ૭ 'શ્રીનવકાર૦'માં સિરિ પાઠ નથી. ૮ 'શ્રીનવકાર૦' णमो ના બદલે પાંચે પદોમાં નમો પાઠ છે. ૯ 'શ્રી જૈન બાલ૦' અરહંતાણં પાઠ છે. ૧૦ 'શ્રીનવકાર૦' માં નમુક્કારો પાઠ છે; ૧૧ 'શ્રી નવકાર૦' માં હૂઁ પાઠ છે. ૧૨ 'શ્રીનવકાર૦' માં તથા 'જૈનબાલ૦' હ્રીં પાઠ નથી. ૧૩ 'શ્રી નવકાર૦'માં અરિહન્તાણં પાઠ છે. ૧૪ 'શ્રીજૈનબાલ૦' આયરિયાણં પાઠ છે. ૧૫ 'શ્રીનવકાર૦' ઋદ્ધિ વૃદ્ધિ પાઠ છે.

એકેક (બે ઘડીનું) સામાયિક કરીને જાપ કરવાથી આ મન્ત્ર સિદ્ધ થાય છે. આખા એ સામાયિકમાં આ મન્ત્રનો જ જાપ કરવો જોઇએ.

પરદેશ લાભ મન્ત્ર

૫૫ ૐ **णमो**[1] **अरिहन्ताणं**[2] **नमो भगवइए**[3] **चंदावइए**[4] **महाविज्जाए**[5] **सत्तट्ठाए गिरे गिरे**[6] **हुलु हुलु चुलु चुलु मयूरवाहिनिए स्वाहा**[7] ॥

આ મન્ત્રનો જાપ પોષ વદિ ૧૦ (ગુજરાતી માગશર વદિ ૧૦)ના દિવસે ઉપવાસ કરીને દશ હજાર અથવા ઓછામાં ઓછો ૧૦૮ વખત જાપ તો જરૂર કરવો જોઇએ અને તે દિવસે શરૂ કરીને હમેશાં તેનો ૧૦૮ વખત જાપ સિદ્ધ થયા સુધી કરવો, સિદ્ધ થયા પછી સારા મુહૂર્તમાં પરદેશ ગમન કરીને જે ગામમાં વ્યાપારાર્થે જવું હોય તે ગામમાં પ્રવેશ કરતી વખતે આ મન્ત્રનું ૧૦૮ વખત સ્મરણ કરે તો પરમલાભ થાય અને ધનની પ્રાપ્તિ થાય. જે નગરમાં વ્યાપારાર્થે જવું હોય તે દિવસે મંગલવાર ન હોવો જોઇયે એટલું ખાસ ધ્યાનમાં રાખવું કારણકે મંગલવાર ના દિવસે પ્રવેશ કરનારને મહાન ખોટ તથા દેવાળું કાઢવાનો વખત આવે.

પરમ કલ્યાણ મંત્ર

૫૬ ૐ **अर्हं असिआउसा णमो**[1] **अरिहन्ताण नमः** ॥

આ મન્ત્રનું હૃદયકમલમાં ૧૦૮ વાર ધ્યાન કરવાથી એક ઉપવાસનુ ફલ પ્રાપ્ત થાય છે.

તથા

એક લોટામાં પવિત્ર પાણી લઇને તેમાંથી પાણીની અંજલિ ભરીને ૨૧ વાર મન્ત્ર ભણીને જ્યાં અગ્નિ લાગી હોય તેની આજુ બાજુ ફરતી તે મન્ત્રેલા પાણીની ધારા દઇને અગ્નિ વધતી અટકાવ્યા પછી ફરી અંજલિમાં પાણી લઇને તે પાણીને ફરી ૨૧ વાર મંતરીને તે મન્ત્રેલા પાણીના છાંટા નાખવાથી અગ્નિના ઉપદ્રવની શાંતિ થાય છે; પરંતુ આ બધી ક્રિયા પહેલાં મન્ત્રને સિદ્ધ કર્યા પછી જ ફલદાયક થાય છે તે ખાસ ધ્યાનમાં રાખવું જોઇયે.

---

૧ 'શ્રી નવકાર૦'માં નમો પાઠ છે. ૨, શ્રીજૈનબાલ૦'માં અરહંતાણં પાઠ છે, ૩ 'જૈનબાલ૦' માં ૐ णमो चंगवईए એવો પાઠ છે. ૪ 'શ્રી નવકાર૦'માં चन्दाइये અને 'શ્રીજૈનબાલ૦' માં चंदायईए પાઠ છે. ૫ 'શ્રીજૈનબાલ૦' આ પાઠ નથી, જ્યારે 'શ્રીનવકાર૦'માં મહાવિદ્ધાએ પાઠ છે. ૬ 'શ્રીજૈનબાલ૦' માં मोर मोर પાઠ છે. ૭ 'જૈનબાલ૦' સ્વાહા પાઠ નથી. ૮ 'શ્રી નવકાર૦' માં ૐ નમો આ મન્ત્રની શરૂઆતમાં વધારે છે. અને 'શ્રીજૈનબાલ૦' માં ૐ णमो પાઠ છે. ૯ 'શ્રી મંત્રરાજ૦'માં णमोની જગ્યાએ नमो પાઠ છે.

સર્પ ભયહર મન્ત્ર

૫૭ ૐ હ્રીં અર્હં અસિઆઉસા અનાહત વિજયે અર્હં નમઃ ॥

આ મન્ત્રની સાધના કરીને સાધ્ય કર્યા પછી દરરોજ સવાર, બપોર તથા સાંજના સ્મરણ કરવાથી તથા દરેક દિવાળીના દિવસે ૧૦૮ વાર જાપ કરવાથી જીંદગી પર્યંત સર્પનો ભય હોતો નથી.

શુભાશુભ જાણવાનો મન્ત્ર

૫૮ ૐ णमो अरिहा[1] ૐ भगवउ बाहुबलीस्सय इह समणस्स अमले विमले निम्मल नाण पयासिणि ૐ णमो[2] सच्च[3] भासइ अरिहा सच्च[4] भासइ केवलीणं एएणं सच्च चयणेणं सच्च[5] होउ मे स्वाहा ॥

આ મન્ત્રનું ધ્યાન રાત્રિના સમયે ઊભા ઊભા કાયોત્સર્ગમાં કરે અને નિદ્રા આવે તે વખતે ધ્યાન પૂર્ણ કરીને ભૂમિપર સંથારે સુઇ જાય તો સ્વપ્નમાં શુભા-શુભ જે થવાનું હોય તે માલુમ પડે.

વાદજીતન મન્ત્ર

૫૯ ૐ हंसः ૐ ह्रीं [6]अर्हं ऐं श्रीं असिआउसा नमः ॥

પ્રથમ આ મન્ત્રનો એક લાખ અથવા સવાલાખ જાપ કરીને સિદ્ધ કર્યા પછી કોઇની સાથે વાદવિવાદ કરવો હોય ત્યારે ઉચ્ચાર કર્યા વગર ૨૧ વાર આ મન્ત્રનો જાપ કરીને વિવાદ શરૂ કરવાથી વિવાદમાં જીત થાય છે.

ઐશ્વર્યદાયક મન્ત્ર

૬૦ ૐ ह्रीं वरे सुवरे असिआउसा नमः ॥

આ વિદ્યાનું સવાર, બપોર અને સાંજે એકાંતમાં દરરોજ ૧૦૮ વખત સ્મરણ કરવાથી સર્વ પ્રકારની સંપત્તિ અને લક્ષ્મી તથા ઐશ્વર્યની પ્રાપ્તિ થાય છે.

લક્ષ્મીદાયક મન્ત્ર

૬૧ ૐ ह्रीं हूँ णमो अरिहन्ताणं [7]ह्रीं नमः ॥

આ મન્ત્રનું સવાર, બપોર અને સાંજે સફેદ ફૂલો વડે એકાંતમાં નિરંતર ૧૦૮ વખત સ્મરણ કરવાથી સર્વ સંપત્તિ તથા લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે.

દ્રવ્યપ્રાપ્તિ મન્ત્ર

૬૨ अरिहंत सिद्ध आयरिय उवज्झाय सव्वसाहूणं ॥

આ મન્ત્રનો વિધિપૂર્વક સવાલાખ જાપ કરે તો અઢળક દ્રવ્યની પ્રાપ્તિ થાય છે.

---

૧ 'શ્રી નવકાર૦'અરિહ પાઠ છે ૨ 'શ્રીનવકાર૦'માં णमो ના બદલે नमो પાઠ છે. ૩-૪-૫ 'શ્રીનવકાર૦'માં सच्च ના બદલે सव्व પાઠ છે. ૬ 'શ્રી નવકાર૦'માં અર્હં ના બદલે अहे પાઠ છે જે પાઠ સંદિગ્ધ છે. ૭ 'શ્રીનવકાર૦'માં હ્રીંના બદલે હ્રૌં પાઠ છે જે વાસ્તવિક લાગતો નથી.

અભ્યુદયદાયક મન્ત્ર.

૬૩ ૐ હ્રીં શ્રીં પ્લું પ્લું અર્હં ઈ યૅં ક્લીં પ્લુ પ્લુ (પ્લું પ્લું ?) નમઃ ॥

આ પરમેષ્ઠિ મન્ત્રનો જાપ કરવાથી સર્વ પ્રકારના અભ્યુદયની પ્રાપ્તિ થાય છે.

કાર્યસિદ્ધિદાયક મન્ત્ર.

૬૪ ૐ ઐં[1] હ્રીં શ્રીં ક્લીં ક્લૌં બ્લૂં અર્હં નમઃ ॥

આ મન્ત્રનો પ્રથમ એકવીશ હજાર જાપ કરીને મન્ત્ર સિદ્ધ કર્યા પછી, સવાર, બપોર અને સાંજે નિરંતર સ્મરણ કરવાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

ક્લેશનાશક મન્ત્ર

૬૫ ૐ હ્રીં શ્રીં અમુકં દુષ્ટં સાધય સાધય અસિઆઉસા નમઃ ॥

આ મન્ત્રની એકવીશ દિવસ સુધી સવારમાં માળા ફેરવીને, જ્યારે કાર્ય પડે ત્યારે ૧૦૮ વખત જાપ કરવાથી શત્રુના ભયનો તથા ક્લેશાદિ આપત્તિનો ક્ષય થાય છે.

રોગનિવારક મન્ત્ર

૬૬ ૐ [2]णमो सव्वोसहिपत्ताणं, ૐ णमो खेलोसहिपत्ताणं, ૐ णमो जलोसहिपत्ताणं, ૐ णमो सव्वोसहिपत्ताणं स्वाहा ॥

આ મન્ત્રની દરરોજ એક માળા ફેરવવાથી રોગની પીડા શાંત થાય છે તથા વ્યાધિનું દરદ ઓછું થાય છે.

વ્રણહર મન્ત્ર

૬૭ [3]ૐ णमो जिणाणं जावयाणं न य पूई न सोणिअं पक्कं सव्ववाएणं[4] वणं मा पच्चउ मा दुक्खउ मा फुट्टउ [5]ૐ ઠઃ ઠઃ સ્વાહા ॥

આ મન્ત્રથી રખીઆ મન્ત્રીને ઘા વગેરેમાં લગાવવાથી વ્રણની પીડા દૂર થઇ જાય છે.

સૂર્ય, મંગલની પીડા નિવારણ મન્ત્ર

૬૮ ૐ હ્રીં णमो सिद्धाणं ॥

સૂર્ય અને મંગલ બંને ગ્રહોની અગર તેમાંના એક ગ્રહની પીડાની શાંતિને

---

૧ 'શ્રી નવકાર૦'માં ઐં પાઠ નથી. ૨ 'શ્રી નવકાર૦'માં णमोના બદલે ચારે પદોમાં नमो પાઠ છે. ૩ 'મંત્રરાજ૦'માં ૐ પાઠ નથી. ૪ 'નવકાર૦'માં सव्ववाएणंના બદલે सव्वा वायेण એવો પાઠ છે અને આગળના પાઠો તદ્દન અશુદ્ધ હોવાથી તેનો ઉલ્લેખ અત્રે કર્યો નથી. ૫ આ 'ૐ' શબ્દ અહીંયાં હશે કે કેમ તેમાં સંદેહ છે; પરંતુ પ્રતમાં હોવાથી અહીંયાં કાયમ રાખ્યો છે. 'નવકાર૦'માં તો વળી ૐ ૐ પાઠ છે.

માટે જ્યાં સુધી ગ્રહની પીડા રહ્યા કરે ત્યાં સુધી દરરોજ એક હજાર જાપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

ચન્દ્ર, શુક્રની પીડા નિવારણ મન્ત્ર.

૬૯ ૐ હ્રીં **णमो अरिहंताणं** ॥

ચન્દ્ર અને શુક્ર બંનેની દૃષ્ટિ પીડાકારી હોય તે વખતે નિરંતર એક હજાર જાપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

બુધની પીડા નિવારણ મન્ત્ર

૭૦ ૐ હ્રીં **णमो उवज्झायाणं** ॥

બુધની દશા હાનિકારક હોય તો નિરંતર એક હજાર આ મન્ત્રનો જાપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

ગુરૂની પીડા નિવારણ મન્ત્ર

૭૧ ૐ હ્રીં **णमो आयरियाणं** ॥

ગુરૂની દૃષ્ટિ હાનિકારક હોય તો નિરંતર એકહજાર આ મન્ત્રનો જાપ કરવાથી સુખની પ્રાપ્તિ થાય છે.

શનિ, રાહુ તથા કેતુની પીડા નિવારણ મન્ત્ર

૭૨ ૐ હ્રીં **णमो लोए सव्वसाहूणं** ॥

આ મન્ત્રનો હરહમેશ એક હજાર જાપ કરવાથી શનિ, રાહુ અને કેતુની દૃષ્ટિ હાનિકારક હોય તો પણ કાંઇ તે નુકશાન કરતી નથી.

નંદનની કથા.*

—— ૦ ——

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં ધર્મક્રીડાના સ્થાનરૂપ **અયોધ્યા** નામની એક નગરી છે કે જ્યાં કૌતુકથી આવેલ શેષનાગની લક્ષ્મીને લુંટનાર કિલ્લો, ઘણા કાંગરાથી શોભે છે. ત્યાં શત્રુઓની રમણીઓને વૈધવ્ય આપવામાં સમર્થ એવો **સામવર્મ** નામે રાજા હતો. પોતાના તાબે કરેલ દિશારૂપી સ્ત્રીઓને જે પોતાના પ્રતાપના મિષથી કુંકુમના લેપની શોભા પમાડતો હતો. તેને લક્ષ્મી સમાન મનોહર એવી **લક્ષ્મી** નામે રાણી હતી. ત્રિવર્ગનું સેવન કરતાં તે બંને પોતાના પ્રલાઘનીય જન્મને વ્યતીત કરતા હતા. એવામાં રાણીને મન્મથ સમાન મનોહર પુત્ર ઉત્પન્ન થયો. જે સર્વ લોકોને આનંદ પમાડનાર હોવાથી **નંદન** એવા નામથી વિખ્યાત થયો. કાંતિમાં ચંદ્રમા સમાન શોભાયમાન તે કુમાર, દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો અને સમય આવતાં વિનયરૂપ આકાશમાં સંચરતાં તેણે સમસ્તકળાઓ ધારણ કરી.

એકદા તે રાજકુમારે ક્રીડા પૂર્વક નગરીમાં ભમતાં, નગરીને ઉત્સવમય જોઇને તેણે કોઇ પુરૂષને પૂછયું કે–"પ્રતિમંદિરે ધ્વજાઓ ઉંચે કરવામાં આવેલ છે અને કનકના સ્તંભોપર મણિના તોરણો બાંધવામાં આવેલ છે–એમ આ નગરીને ઉત્સવમય બનાવવાનું શું કારણ હશે ?" ત્યારે તે પુરૂષ બોલ્યો કેઃ–"અહીં પૂર્વે કોટવાળે પાસેની નદીના પ્રવાહમાં તણાતું એક મોટું બીજોરાનું ફળ જોયું. એટલે નદીમાં પ્રવેશ કરીને ફળ લઇને તેણે મહારાજાને અર્પણ કર્યું, જેથી વર્ણ, ગંધ અને રસથી ઉત્કૃષ્ટ એવું તે ફળ જોતાં રાજા ભારે પ્રમોદ પામ્યો. પછી તેણે કોટવાલને સન્માન આપતાં પૂછયું કે–"આ ફળ તને કયાંથી મળ્યું ?" તે બોલ્યોઃ–"હું નદીના પ્રવાહમાંથી એ લઇ આવ્યો." ત્યારે રાજાએ કહ્યુંઃ–"જ્યાં એ ઉત્પન્ન થયું છે, તે વનની તપાસ કરો.' પછી આગળ જતાં નદીના કિનારે તે વૃક્ષ, તેના જોવામાં આવ્યું. ત્યાં જે પ્રવેશ કરીને ફળ ગ્રહણ કરે, તે મરણ પામે. એમ તેના જાણવામાં આવતાં એ હકીકત તેણે રાજાને નિવેદન કરી. એટલે રાજાએ તેને આદેશ કર્યો કેઃ–"ત્યાં વારા પ્રમાણે એક એક પુરૂષને પ્રવેશ કરાવીને તારે દરરોજ એક એક ફળ લાવવું." એમ તે ફળ લાવવામાં પ્રતિદિન એક એક પુરૂષનો નાશ થવા લાગ્યો. આથી નગરજનો ભારે વિષાદમાં પડયા.

*'કુમારપાળ પ્રતિબોધ' ગુજરાતી ભાષાંતરના. પાના. ૪૨૯થી ૪૩૬ પરથી આ કથા લેવામાં આવી છે.

એ પ્રમાણે કેટલોક કાળ જતાં એક વખતે **જિનદાસ** શ્રાવકનો વારો આવ્યો. એટલે ત્યાં નમસ્કારમંત્ર બોલતાં તે નદીમાં પડયો. તે સાંભળીને પૂર્વભવે કરેલ વ્રતની વિરાધના યાદ કરતાં તે વનનો અધિષ્ઠાયક વ્યંતર પ્રતિબોધ પામ્યો. જેથી પ્રત્યક્ષ થઇ, તે શ્રાવકને નમન કરીને વ્યંતર હર્ષપૂર્વક કહેવા લાગ્યો કેઃ–"તારા પોતાના સ્થાન પર રહેતાં જ તને દરરોજ હું એક એક ફળ આપતો રહીશ." એટલે તે શ્રાવકે નિવૃત્ત થઇને એ વૃત્તાંત રાજાને નિવેદન કર્યો. પછી તે દરરોજ વ્યંતર થકી એક એક ફળ બોશીકા પાસે પામતો અને રાજાને અર્પણ કરતો. આથી રાજાએ સંતુષ્ટ થઇને તેનો ભારે સત્કાર કર્યો. હે કુમાર? એમ અકાળ મરણની નિવૃત્તિથી રાજાએ નગરમાં મહોત્સવ કરાવ્યો છે."

એ રીતે મહોત્સવનું કારણ સાંભળીને રાજકુમાર કહેવા લાગ્યો કેઃ–"અહો! આ ભવમાં પણ પરાભવને પરાસ્ત કરનાર એવા નમસ્કારમંત્રનો મહિમા જગતમાં પ્રગટ છે." પછી કુમારે મુનિ પાસે જઇને વિધિપૂર્વક મંત્રની જેમ પંચનમસ્કાર મંત્રનો અભ્યાસ કર્યો અને તે ત્રિકાળ તેનું સ્મરણ કરવા લાગ્યો.

એકદા કોઇ પુરુષે આવીને રાજકુમારને વિનંતિ કરી કેઃ–"એક સિદ્ધપુરૂષે મને ચેટક મંત્ર આપેલ છે. તેની છ માસ પર્યંત મેં પૂર્વ સેવા સાધી અને હવે ઉત્તર સેવા સાધવાની મારે બાકી છે, તે સર્વ લક્ષણયુક્ત ઉત્તરસાધક વિના થઈ શકે તેમ નથી, અને તેવો તો તું એક જ છે. માટે મંત્ર સિદ્ધિમાં હે કુમાર! તું મને મદદ કર." એટલે અન્યના ઉપરોધને માનવાના પ્રધાન ગુણથી કુમારે તેનું વચન કબુલ રાખ્યું. કારણ કે મહાપુરૂષો સ્વભાવથી જ પરોપકાર કરવામાં સાવધાન હોય છે. પછી કૃષ્ણ ચતુર્દશીની રાત્રે રાજકુમાર સાથે તે સાધક પુરૂષ, પૂજાના સાધનો લઇને સ્મશાનમાં આવ્યો. જે સ્મશાન ક્યાંક શરદઋતુનાં વાદળાં સમાન શ્વેત અને ઘણાં હાડકાંથી વ્યાપ્ત હતું, ક્યાંક ચિતાનળની જ્વાળાઓના સમૂહથી આકાશને જાણે પલ્લવિત બનાવતું હતું, ક્યાંક હાડપિંજરો અને યમ સમાન ભાસતા વેતાલોથી ભીષણ હતું, ક્યાંક શંકા વિના ક્રીડા કરતી શાકિનીઓથી વ્યાપ્ત હતું, ક્યાંક ઘુવડોના ધુત્કારયુક્ત અને ક્યાંક શીયાળના ઘોર અવાજથી ગાજતું હતું, ત્યાં પુષ્પ, દીપ અને નૈવેદ્યયુક્ત મંડળ રચીને તે સાધક, મંત્રપૂર્વક અગ્નિકુંડમાં આહુતિ નાંખવા લાગ્યો અને ઉત્તરસાધક કુમાર નમસ્કારનું સ્મરણ કરતો ઉભો રહ્યો. ત્યાં ત્રાસ ઉપજાવે તેવા ઘણા ભયંકર બનાવો પ્રગટ થવા લાગ્યા. એવામાં 'આ તરવારથી પદ્મની જેમ તારું મસ્તક કાપી નાંખીશ' એમ બોલતો અને અટ્ટહાસ્ય કરતો રાક્ષસ તે સાધક તરફ દોડયો. ત્યાં કુમાર તરત વચમાં પડીને કહેવા

લાગ્યો કેઃ–"હું ઉત્તરસાધક હાજર હોવા છતાં સાધકનો વધ કરવાને એ કોણ તૈયાર થયો છે?" ત્યારે રાક્ષસ બોલ્યો કેઃ–"મેં આકાશમાં દિવ્ય રમણી બતાવી, જેને જોતાં એ ક્ષોભ પામ્યો. તેથી એ સાધક દોષિત હોવાથી વધ્ય છે." એટલે **નંદન**કુમારે કહ્યું કેઃ–"આ સાધકનું જે ચિત્તથી પણ બુરું ચિંતવશે, તેને હું જાતે પકડીને નિગ્રહ કરીશ.' એમ બોલતો કુમાર જેમ જેમ રાક્ષસની પાસે જવા લાગ્યો, તેમ તેમ રાક્ષસ પણ ઉતાવળે પગલે પાછળ પાછળ હઠવા લાગ્યો. ત્યારે કુમાર બોલ્યો કેઃ–"જો તારામાં તાકાત હોય, તો સામે આવીને ઊભો રહે. આ પ્રમાણે ભાગતો કેમ જાય છે?" રાક્ષસે કહ્યુંઃ–'હે ભદ્ર! તું જે મંત્ર સંભારે છે, તેના પ્રભાવથી અગ્નિની જેમ તારું તેજ સહન કરવાને હું સમર્થ નથી. તેથી હું પાછળ પાછળ હઠતો જાઉં છું. હું તને સિદ્ધ થયો છું, માટે મને મુકી દે. હવે તારું દુઃસાધ્ય પણ ચિંતિત અભીષ્ટ સાધી આપીશ." ત્યાં રાજકુમારે કહ્યું કેઃ–"તું આ સાધકને સિદ્ધ થા." ત્યારે રાક્ષસ બોલ્યો કેઃ–"એનામાં તેવી યોગ્યતા નથી કે જેથી એવી સિદ્ધિને એ પામી શકે, છતાં એ તારો આશ્રિત થઈને પણ સર્વ અભીષ્ટ પામી શકશે." એમ કહીને રાક્ષસ અંતર્ધ્યાન થઈ ગયો.

એ બનાવ જોઈને સાધક તે મંત્રસાધનાથી નિવૃત્ત થઈને કુમારને કહેવા લાગ્યો કેઃ–"મને **ચેટક** દેવ સિદ્ધ થયો કે જેણે વિશ્વમાં ચિંતામણી સમાન તમને સેવવાનો મને આદેશ કર્યો." પછી સ્વ ભવને આવીને કુમારે સાધકને મુનિની પાસે નમસ્કાર મંત્ર શીખવાડ્યો એટલે તે નિરંતર મંત્રનું સ્મરણ કરવા લાગ્યો.

ચેટકના પ્રભાવથી સાધક સહિત આકાશ માર્ગે જગત જોવાને ભમતાં કુમાર એક વખત **મિથિલા** નગરીમાં આવી પહોંચ્યો, કે જે તળીયે સ્ફટિકરત્નથી મઢેલા શ્રેષ્ટ સાત સુવર્ણમય ભવનોથી દેદીપ્યમાન થઈને, આકાશમાં રહેલ વિમાનોથી ગાજતા ગીર્વાણ નગરની શોભાને જીતતી હતી. એ નગરીના ઉપવનમાં જાણે જિનપૂજા માટે આવેલ દેવાંગનાઓ હોય તેવી મણિની પૂતળીઓથી અભિરામ એવું **શ્રી નમિનાથ** ભગવંતનું પવિત્ર મંદિર હતું. ત્યાં પ્રવેશ કરતાં જ શ્રી **નમિનાથ** પ્રભુની પ્રતિમા જોઈ વિકાસ પામતા મુખથી કુમાર પ્રમોદ પૂર્વક આ પ્રમાણે બોલવા લાગ્યોઃ—

"प्रशमरसनिमग्नं दृष्टियुग्मं प्रसन्नं, वदनकमलमंकः कामिनीसंगशून्यः।
करयुगमपि धत्ते शस्त्रसंबंधवंध्यं, तदसि जगति देवो वीतरागस्त्वमेव" ॥१॥

અર્થાતઃ–હે નાથ! તમારી દૃષ્ટિ પ્રશમરસથી ભરપૂર છે, મુખકમળ પ્રસન્ન છે, ઉત્સંગ કામિનીના સંગ રહિત છે તથા હસ્તયુગલ તે શસ્ત્રના સંબંધથી રહિત છે, માટે જગતમાં આપ જ એક વીતરાગ દેવ છો.

પછી શ્રી **નમિનાથ** પ્રભુને વંદન કરી કૌતુકથી જિનમંદિરનું અવલોકન કરતાં ત્યાં કુમારે એક ભાગમાં **ગાંધારી** દેવીની મૂર્તિ જોઇ અને એ દેવીની પૂજા કરતી કોઇ રમણી રાજકુમારને જોઇ મનમાં વિચાર કરવા લાગી કેઃ–'આ કોઇ મનોહર આકૃતિવાળો ભાગ્યશાળી પુરુષ છે.' એમ ધારી બંને હસ્તની અંજલિ જોડીને તે સ્ત્રી કહેવા લાગી કેઃ–"હે પ્રભો ! મહેરબાની કરીને અહીં બેસો અને આપનું પવિત્ર નામ જણાવી મને આભારી કરો." એટલે પરના અનુગ્રહ માટે સાવધાન એવા કુમારે ત્યાં બેસીને દૃષ્ટિ સંજ્ઞાથી આદેશ કર્યો કેઃ–"એના પ્રશ્નનો જવાબ આપ." ત્યારે સાધક બોલ્યો કે–"આ **અયોધ્યા**ના રાજાનો **નંદન** નામે કુમાર છે અને પૃથ્વીમાં ભ્રમણ કરતાં કરતાં અહીં આવી ચડ્યો છે." એમ સાંભળતાં જ તે રમણી કહેવા લાગી કેઃ–"પંચ પરમેષ્ટિના પ્રભાવથી અત્યારે મારી સખીનું પુણ્યવૃક્ષ ફળ્યું, માટે તેને તમારા આગમનજન્ય સમાચાર જણાવીને હું જેટલામાં અહીં આવું તેટલો વખત તમે અહીં જ રાહ જોતા બેસજો." એમ કહીને તે સ્ત્રી તરત ત્યાંથી ચાલી ગઇ. ત્યારે **નંદને** સાધકને કહ્યું કેઃ–"એ સ્ત્રી મારું સ્વરૂપ જાણીને ક્યાંક ચાલી ગઇ, તેનું શું કારણ હશે ?" સાધક બોલ્યોઃ–"બીજું શું હોય ?. વિશાળ કુળમાં ઉત્પન્ન થએલી કોઇ રમણી અનુરાગથી તમારા નિવેદનને ઇચ્છતી હશે, તેને હર્ષપૂર્વક નિવેદન કરવાને એ સ્ત્રી તરત અહીંથી ચાલી ગઇ. કારણ કે ભાગ્યવંત પુરૂષોને પગલે પગલે સંપત્તિ પ્રાપ્ત થાય છે."

તે સ્ત્રીએ જઇને **નંદન**ના આગમનની વાત રાજપુત્રીને કહી સંભળાવી, જે સાંભળતાં મેઘધ્વનિથી મયૂરીની જેમ તે હર્ષ પામી. પછી તે સ્ત્રીની સાથે અત્યંત ઉત્કંઠાયુક્ત રાજકુમારી શિબિકામાં બેસીને પૂજાને બહાને પોતાના પરિવાર સહિત તે ચૈત્યમાં આવી. તેને જોતાં જ આશ્ચર્યચકિત થએલ **નંદન** જાણે કામવેદના જાગી હોય તેમ મસ્તક ધુણાવતો સાધકને કહેવા લાગ્યો કેઃ–"હે કુવલય ! તું રાત્રે વિકાસ પામે છે, તે યુક્ત છે, હે ચંદ્ર ! તારી કળા અવર્ણનીય છતાં તું વારંવાર ગુપ્ત પ્રચાર કરે છે, તે પણ યોગ્ય છે, હે વિદ્રુમ ! તેં સમુદ્ર પ્રવેશ કર્યો, તે પણ ઉચિત કર્યું છે, હે કમળ ! તું જળમાં રહે છે, તે પણ ઠીક છે, હે કુંદ ! તેં વનમાં જઇને વાસ કર્યો, તે પણ સારું કર્યું. કારણ કે આ રમણીના નેત્ર, મુખ, અધર, હસ્ત અને દાંતની શોભાથી તમારી કાંતિ પરાભવ પામી હશે."

હવે રાજકુમારની રમણીયતા જોતાં મનમાં વિસ્મય પામેલી રાજપુત્રી પોતાની સખીને કહેવા લાગી કેઃ–"હે કંદર્પ ! તું હવે તારા રૂપને તજી દે, કારણ કે તું અનંગ તરીકે પ્રસિદ્ધ છે, હે ચંદ્ર ! તું કલંકી છે, માટે સૌંદર્ય–લક્ષ્મીનો તારે

મદ કરવો ઉચિત નથી, હે શક્ર ! તારૂં શરીર તો નિમેષ રહિત હજાર નેત્રોથી વ્યાપ્ત છે, તો તારી રમ્યતા શું માત્ર છે? પરંતુ આ એક પુરૂષ જ મારી દૃષ્ટિમાં અમૃત વરસાવે છે."

પછી કેતકીપત્ર સમાન કટાક્ષથી વારંવાર **નંદનને** જોઇને રાજકુમારી ચૈત્યમાં જિનપૂજા કરવા ચાલી ગઇ. એવામાં તે સ્ત્રી કુમાર આગળ બેસીને કહેવા લાગી કેઃ– "હે સ્વામીન્ હું ભારે ઉત્સુક્તાથી ચાલી ગઇ તેનું કારણ સાંભળોઃ–

"અહીં **મેઘ** નામે રાજા છે કે જેણે શત્રુરૂપ પર્વતોના ક્રોધરૂપ દાવાનળને પ્રકૃષ્ટ તરવારરૂપ જળધારાથી અટકાવેલ છે. તેની **જયાવલી** રાણીની કુક્ષિરૂપ છીપમાં ઉત્પન્ન થએલ અને વિશ્વના વિભૂષણરૂપ **મુકતાવલી** નામે પુત્રી થઈ. તે બાલ્યવય ઉલ્લંઘી સમસ્ત કળાનો અભ્યાસ કરતાં અનુક્રમે રૂપવૃદ્ધિને વૃદ્ધિ પમાડનાર એવા યૌવનને પામી.

એક વખતે કૌતુકથી તે વરસાદના પ્રચુર જળથી ભરપૂર નગરની નજીકમાં નદી નિહાળવાને ગઇ. ત્યાં ઉંચે ઉછળી રહેલા મોટા કલ્લોલયુક્ત તે નદી ઓળંગવાને અસમર્થ બનેલા ઘણા લોકો નદીના બંને તટ પર લેગા થયા હતા. એવામાં કોઇ સ્ત્રીએ નદીના એક તટથી બીજા તટ પર જવાની ઇચ્છા કરી. ત્યાં નદીના બંને તટ એકત્ર મળી ગયા. એટલે તે માર્ગે બીજા તટ પર આવીને તે રમણી પ્રમોદપૂર્વક તરત પોતાની સખીને મળી. એ બનાવ જોતાં બધા લોકો આશ્ચર્યથી ચકિત થઇ ગયા. ત્યારે રાજકન્યાએ પેલી રમણીને પૂછયું કેઃ–"ભદ્રે ! આ શું આશ્ચર્ય ?" તે બોલી કેઃ–"આજ નગરમાં **દત્ત** નામે શ્રેષ્ઠી છે, તેની હું **સોમા** નામે પુત્રી છું આ **વિમલા** નામે બાળપણાની મારી સખી છે. એક વખત તેની સાથે હું સાધ્વીઓ પાસે ગઇ, ત્યાં પ્રભાવયુક્ત પંચનમસ્કાર સાંભળતાં જ મેં તેનો સ્વીકાર કર્યો. પછી બીજા નગરમાં હું પરણી ત્યાંથી આજે હું અહીં આવી અને **વિમલા** સખીને તટ પર રહેલ જોઇને તેને મલવાની મને ઉત્કંઠા થઇ એટલે નદીમાં પ્રવેશ કરવાને ઇચ્છતી મેં પંચનમસ્કારનું ચિંતવન કર્યું. તેના પ્રભાવથી નદીના બંને તટ સાથે મળી જતાં હું અહીં આવીને મારી સખીને આનંદપૂર્વક મળી."

એમ નમસ્કાર મંત્રનો પ્રભાવ સાક્ષાત્ નજરે જોતાં રાજકન્યા બોલી કેઃ– "અહો ! પંચનમસ્કાર તો આ લોકમાં પણ ભારે લાભદાયક છે." પછી **વિમલા** સાથે હું અને એ રાજકન્યા પણ સાધ્વી પાસે જઇને નમસ્કાર મંત્ર શીખી અને દરરોજ આ ચૈત્યમાં આવીને એ મંત્રને હું ચિંતવવા લાગી, ત્યારથી રાજકન્યાની સાથે મારે મિત્રતા થઇ.

એક વખતે એ રાજકન્યાને વિચાર આવ્યો કેઃ–"મારો પતિ કોણ થશે ?" ત્યારે **ગાંધારી** દેવીએ એને સ્વપ્નમાં જણાવ્યું કેઃ–"**અયોધ્યા**ના સ્વામીનો પુત્ર **નંદન** નામનો રાજકુમાર તારો પતિ થશે." એમ સાંભળતાં તે પરમ પ્રમોદ પામી અને એ હકીકત તેણે મને કહી સંભળાવી.

આ વૃત્તાંતને ન જાણતાં તેના પિતાએ **કોશાંબી** પતિના પુત્ર **સૂરસેન** સાથે એ રાજકન્યાનો આદરપૂર્વક સંબંધ કર્યો એટલે–'ચતુરંગ સેના સહિત તે મને અહીં પરણવાને આવ્યો છે અને આજ રાત્રે મારૂં લગ્ન છે.' એમ સાંભળતાં એ રાજસુતા ભારે ખેદ પામી. વળી એ ખેદ પૂર્વક ચિંતવવા લાગી કેઃ–'એવાં મારાં ભાગ્ય નથી કે જેથી હું વલ્લભને પામી શકું. શું **ગાંધારી** દેવતાનું પણ વચન મિથ્યા થશે ? કે દૈવે આવા સંયોગો ઊભા કર્યા. ચર્મચક્ષુયુક્ત મારા પિતાએ તો મારું ચિત્ત ન જાણવાથી ભલે એમ કર્યું, પણ દિવ્યચક્ષુવાળા દૈવે આમ શા માટે કર્યું ?' એમ તે અત્યંત ચિંતાતુર બની ગઇ. માટે હે કુમાર ! તમે એને પરણીને નિશ્ચિંત કરો." એમ કહીને **વિમલા** તે રાજકન્યાને ત્યાં લઇ આવી.

આ સાંભળીને રાજકુમાર **નંદન** બોલ્યો કેઃ–"તારી સખી તો નિષ્ઠુર જેવી લાગે છે, કે દૂરથી આવેલ અમારૂં એ કાંઇ આતિથ્ય પણ કરતી નથી."

ત્યારે રાજકુમારી બોલી કેઃ–"હે કુમાર ! અત્યારે બીજું આતિથ્ય કરવાનો ક્યાં સમય છે ?" એમ કહીને તેણે હર્ષપૂર્વક સખીના હાથે કુમારના કંઠમાં પુષ્પ-માળા પહેરાવી અને તાંબૂલ આપ્યું એટલે કુમારે પણ પોતાના કંઠમાંથી હાર કઢાડીને સખીના હાથે રાજકન્યાના કંઠે આરોપણ કર્યો, જેથી તે અમૃતથી સિંચન પામી હોય તેમ પોતાને ધન્ય માનવા લાગી.

એવામાં કંચુકીએ ત્યાં આવીને રાજકન્યાને નિવેદન કર્યું કેઃ–"વિવાહ–લગ્નનો સમય પાસે હોવાથી દેવી તમોને બોલાવે છે."

ત્યાં રાજબાળા કુમારને કહેવા લાગી કેઃ–"હે સ્વામિન્ ! કહો, હવે શું કરૂં ?"

કુમારે કહ્યું:–'પ્રિયે ! જા, વિષાદ શા માટે કરે છે ?'

એટલે રાજકન્યા **વિમલાની** સાથે ઘેર આવી. પછી સાંજે રાજકુમાર પણ સાધક સહિત ત્યાં ગયો અને અવસર આવતાં **મુક્તાવલી**નું રૂપ કરીને સાધકને **સૂરસેન** કુમાર સાથે પરણાવી દીધો. અહીં **ચેટક** દેવે પોતે વિવાહ મંગલ રચીને **વિમલાની** સાક્ષીએ તેણે કુમારને રાજકન્યા પરણાવી.

હવે **સરસેન** પોતાના આવાસમાં આવી સાધકને કહેવા લાગ્યો કેઃ–"હે પ્રિયે ! તને પરણીને આજે હું લોકોત્તર (બધાં કરતાં અધિક) થયોછું."

ત્યારે સાધકે કહ્યું:–"અરેઅર ! તમે લોકોત્તર (લોક કરતાં વિલક્ષણ) જ અન્યા છો." એમ કહેતાંની સાથે જ તેણે પોતાનું પુરૂષરૂપ પ્રગટ કર્યું.

આથી **સૂરસેન** વિલક્ષ બનીને કહેવા લાગ્યો કે:–"શું તું પુરુષ છે ?"

એટલે સાધક સાક્ષાત્ પુરુષ થઈને કહેવા લાગ્યો કે:–"હા, હું પુરુષ છું."

ત્યારે **સૂરસેન** બોલ્યો કે:–"તું કોણ છે અને આ કામમાં તને કોણે આજ્ઞા કરી છે. ?"

તે બોલ્યો કે:–"હું **નંદન** રાજપુત્રનો સેવક છું અને તેણે જ મને આ કાર્યમાં નિયુક્ત કર્યો છે."

ત્યારે **સૂરસેને** કહ્યું કે:–"અહો ! એ રાજકન્યાને પણ તે જ પરણ્યો હશે."

સાધક બોલ્યો કે:–'એ બાબતમાં સંદેહ શો છે ?"

આથી **સૂરસેન** ગુસ્સે થઈને કહેવા લાગ્યો કે:–"અરે ! આ દુષ્ટે મારૂ અપમાન કર્યું, માટે સત્વર એનો નિગ્રહ કરો." એમ આદેશ આપતા સુભટોએ તે સાધકને બાંધી લીધો.

એવામાં સાધકે પોતે બંધન તોડી **નંદન** પાસે આવીને તેણે બધો વૃત્તાત નિવેદન કર્યો. ત્યાં કોપાયમાન થએલ **સૂરસેન** હસ્તી, અશ્વ, રથ અને પાળાઓથી સજ્જ થઈને **નંદનની** સાથે યુદ્ધ કરવાને સામે આવ્યો. એવામાં:–'કન્યાએ પોતે અન્ય પુરૂષને પરણીને મારૂં વચન અન્યથા કર્યું.' એમ ચિંતવીને તેનો પિતા **મેઘ** મધ્યસ્થ થઈ રહ્યો.

અહીં મનમાં લેશ પણ ક્ષોભ ન પામતાં રાજકુમારી આગળ બેઠેલ **નંદન** કુમારે સાધકને હુકમ કર્યો કે:–"આ ભેગા થઈને કોલાહલ કરતા શીયાળીયાને સત્વર દૂર કરી દે." એટલે નમસ્કાર મંત્રના પ્રભાવથી અંગ પર આવતા શસ્ત્રઘાતને વિફળ બનાવી ક્ષણવાર રણક્રીડા કરી, લોકોને વિસ્મય પમાડતા સાધકે **સૂરસેનની** સમસ્ત સેનાને ચેષ્ટા રહિત બનાવી દીધી. તેમાં કેટલાક સુભટો ધનુષ્ય ખેંચી ઊભા રહેલા, કેટલાક તરવાર ઉપાડી તૈયાર થએલા અને કેટલાક ભાલા ઉંચા કરીને સજ્જ બનેલા એ બધા જેમના તેમ બળહીન બનીને સ્તંભિત થઈ રહ્યા.

ત્યારે **સૂરસેન** ચિંતવવા લાગ્યો કે:–"અહો ! આ તો મહા પ્રભાવશાળી **નંદન**-કુમાર મારે નમસ્કાર કરવા યોગ્ય છે, કે જેનો સેવક પણ આવી દિવ્યશક્તિ ધરાવે છે." એમ દેવતા પાસેથી તેના નમ્ર વિચારો જાણવામાં આવતાં સાધકે તેને મુક્ત કર્યો. એટલે સૂરસેને **નંદનને** નમસ્કાર કરી ખેદપૂર્વક જણાવ્યું કે:–"પોતાની

શક્તિને ન જાણતાં સિંહનો કોપ જેમ મેઘમાં નિષ્ફળ જાય, તેમ પરાભવ પામતાં મારો ક્રોધ તે તારામાં નિષ્ફળ નિવડ્યો. હે મહાનુભાવ! એ મારો અપરાધ તું ક્ષમા કર." આથી **નંદન**કુમારે પ્રસન્ન થઈને તેનો યોગ્ય સત્કાર કર્યો.

પછી **મેઘરાજા**એ **સૂરસેન**ને પોતાની ભાણેજ પરણાવી અને વસ્ત્રાલંકારથી તેનો સત્કાર કરી વિસર્જન કરતાં તે પોતાની નગરીમાં ગયો.

મેઘરાજાએ કેટલાક દિવસ ત્યાં **નંદન**કુમારને આગ્રહથી રાખીને હસ્તી, અશ્વો, દ્રવ્ય અને આભરણાદિક આપી તેનો ભારે સત્કાર કર્યો. એમ ત્યાં કેટલોક વખત નિર્ગમન કરી, મેઘરાજાની અનુજ્ઞા મેળવી હસ્તી, અશ્વો, રથ અને પદાતિઓ સહિત **નંદન**કુમાર **મુક્તાવલી**ને લઈને પુનઃ તે અયોધ્યામાં આવ્યો. ત્યાં **સામવર્મ** રાજાએ અત્યંત પ્રમોદ પામીને તેને રાજ્યગાદીપર બેસાર્યો અને પોતે સંયમ લઈ તીવ્ર તપ તપીને સ્વર્ગે ગયો. અહીં જિનપૂજા આચરતાં, સાધુઓની ભક્તિ કરતાં ન્યાય અને કૃપાથી પૃથ્વીનું પાલન કરતાં અને **મુક્તાવલી** સાથે સંસાર-સુખ ભોગવતાં **નંદન**રાજા રાજ્ય ચલાવવા લાગ્યો. ત્યાં જે રાજાઓ તેના પૂર્વજોના તાબે ન હતા, તે પણ નમસ્કારના પ્રભાવથી વિના યત્ને **નંદન**નૃપને વશ થયા.

એવામાં એકદા ત્યાં **ચંદન** નામના અવધિજ્ઞાની ગુરૂ આવ્યા. એટલે **નંદન**રાજા રાણી **મુક્તાવલી**ને સાથે લઈને તેમને ભક્તિથી વંદન કરવા ગયો. ત્યાં ગુરૂને વંદન કરીને પૂર્વના અભ્યાસથી રાજાએ કહ્યું કેઃ-"હે ભગવન્! તમારાપર અમને અધિક ભક્તિ અને પ્રેમ કેમ આવે છે?" ત્યારે ગુરૂ મહારાજ બોલ્યાઃ—

"અહીં જ નગરના ઉપવનમાં એક શુકમિથુન (શુક પક્ષીનું જોડલું) રહેતું હતું. એક વખતે ત્યાં પ્રતિમાએ રહેલ મુનિને જોતાં તે પ્રમોદ પામ્યું. એટલે કૃપાળુ મુનિએ તે બંનેનું ચિત્ત જાણીને તેમને પરમેષ્ઠિ નમસ્કાર મંત્ર શીખવાડ્યો. પછી તે બંને એ મંત્રને નિરંતર સંભારવા લાગ્યા. હે રાજન્! તે શુક મરણ પામીને તું રાજા થયો, શુકી તે મરણ પામીને આ તારી રાણી થઈ અને હું તે મુનિ છું."

એમ સાંભળતાં તેઓને પોતાનો પૂર્વભવ યાદ આવ્યો, એટલે **નંદન** રાજાએ પોતાની રાણી સહિત, **ચંદનાચાર્ય** પાસે સમ્યક્ત્વ આદર્યું, અને અનુક્રમે તેમણે શ્રાવકના બાર વ્રત સ્વીકાર્યા. એ પ્રમાણે ઉભય ભવમાં સુખકારી નમસ્કાર મંત્રનું ફળ જાણવામાં આવતાં પોતાની પ્રિયા સહિત રાજા નિરંતર તેનું સ્મરણ કરી સ્વર્ગના સુખ અને અનુક્રમે મોક્ષપદને પણ પામ્યો.

શ્રીદેવની કથા *

—— o ——

કાંપિલ્ય નામના નગરમાં **શ્રીહર્ષ** નામે રાજા હતો. તેને સાક્ષાત્ કુબેર જેવો **શ્રીદેવ** નામે પુત્ર હતો. એકદા સર્વ રાજાઓને જીતવાની ઇચ્છાથી **શ્રીહર્ષ** રાજા પોતાનાં સૈન્ય સમૂહથી વસુધાને પણ ચલાયમાન કરતો તે દિગ્યાત્રા માટે ચાલ્યો. પરંતુ **કામરૂપ** નગરનો રાજા દુર્જય હોવાથી તે બંનેની વચ્ચે ચિરકાલપર્યંત યુદ્ધ ચાલ્યું; પણ કોઈનો જય કે પરાજય થયો નહિ. એટલે દેવોએ **શ્રીહર્ષને** યુદ્ધથી અટકાવ્યો, તેથી તે પોતાના નગરમાં જઈ પુત્રને રાજ્ય પર બેસાડી પોતે પ્રવ્રજ્યા અંગીકાર કરી. **શ્રીદેવ** પણ પિતાના વૈરને સંભાળી મંત્રીઓએ અટકાવ્યા છતાં પણ હઠ કરીને તે રાજાને જીતવા ચાલ્યો. ત્યાં ચિરકાલ યુદ્ધ કરતાં પણ જય ન થતાં સૈન્યમાં ભંગાણ થયું, એટલે તે એકલો ભાગીને કોઈ મહા અટવીમાં પહોંચ્યો, કારણ કે તે વખતે તેનામાં માત્ર સ્વલ્પ બળ રહ્યું હતું, ત્યાં તૃષાકુલ એવા તેને એક ભીલે પાણી પાયું. પછી ત્યાં વનમાં ભમતાં ભમતાં તેણે એક મહામુનિને જોયા. તે મહામુનિએ પણ તેની આગળ ધર્મનો ઉપદેશ કર્યો. અને વિશેષે કરીને નમસ્કાર મહામંત્રના પદો કહી બતાવ્યા કહ્યું છે કેઃ–

"जो गुणइ लक्खमेगं पूएइ विहीइ जिणनमुक्कारं।
सो तईअभवे सिज्झइ, अहवा सत्तट्ठमे जम्मे" ॥१॥

અર્થાત્–જે ભવિક મનુષ્ય પૂર્ણ વિધિથી એકલાખ વાર નમસ્કાર મંત્રની ગણના કરે, તે ત્રીજે ભવે સિદ્ધ થાય અથવા તો સાતમે અગર આઠમે ભવે તે સિદ્ધ થાય. આ નમસ્કાર મહામંત્રનો જો એકાગ્રતાથી લાખવાર સર્વોત્તમ જાપ થાય, તો તીર્થંકર પદની પ્રાપ્તિ થાય અને મધ્યમ જાપ થાય તો ચક્રવર્તી પ્રમુખ સમ્રાટ પદની પ્રાપ્તિ થાય, અને સામાન્ય જાપ કરતાં પણ પ્રાણીઓને સામ્રાજ્ય લક્ષ્મી પ્રાપ્ત થાય છે. માટે હે ભદ્ર! તું પણ શઠતા રહિત થઈને જાપ કર; આટલું કહીને પુનઃ તે મુનિ **શ્રીદેવને** કહેવા લાગ્યા કેઃ–"હે ભદ્ર! આ સામે પ્રાસાદ જુએ છે! તે પણ નમસ્કાર મહામંત્રનું ફળ છે.

પ્રથમ દેવલોકમાં **હેમપ્રભ** નામે એક દેવ હતો, તેણે એક સમયે કોઇક કેવલી મુનિને પુછયું કેઃ–"હે ભગવન્! મને સમ્યક્ત્વ થશે કે નહિ અને હવે

* ઉપદેશ સપ્તતિકા ભાષાંતર પૃ. ૧૫૩ થી ૧૫૬

મારો જન્મ કઇ યોનિમાં અને ક્યાં થશે ?

આ પ્રશ્નના ઉત્તરમાં કેવલી ભગવંત બોલ્યા કે:–"હે દેવ! અહીંથી ચ્યવીને આજ વનમાં વાનર થઇશ અને તને કષ્ટથી ધર્મપ્રાપ્તિ થશે.

આ પ્રમાણે સાંભળીને તે દેવે પોતાના માત્ર પ્રબોધને માટે પ્રત્યેક શિલાઓ પર નમસ્કાર મહામંત્રની પંકિતઓ કોતરી રાખી. કાલાંતરે તે દેવ ચ્યવીને વાનર થયો અને તે પદોની પંકિતઓ જોઇને તેને પોતાના દેવભવનું સ્મરણ થયું. પછી તે ત્યાં અનશન કરી મનમાં તે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતાં કરતાં મૃત્યુ પામીને ફરીથી પાછો તે જ વિમાનમાં પૂર્વ નામ ધારી દેવ થયો. તે દેવે પોતાના આગામી ભવને માટે પણ મનમાં પ્રસન્ન થઇને અહીંઆં **શ્રીશાંતિનાથ** પ્રભુનું આ ઉન્નત ચૈત્ય કરાવ્યું છે.

આ પ્રમાણે સાંભળીને **શ્રીદેવે** પણ તે મુનિની પાસે વારંવાર સમ્યક્ પાઠ કરીને નમસ્કાર મંત્રને પોતાના નામની જેમ અસ્ખલિત કર્યો. અને તે જ ચૈત્યમાં **શ્રીશાંતિનાથ** પરમાત્માની સન્મુખ રહીને વિધિપૂર્વક તેણે શ્રીનમસ્કાર મહામંત્રનો એક લાખ વાર જાપ કર્યો અને તે જાપની સમાપ્તિ થતાં **હેમપ્રભદેવ** તેના પર સંતુષ્ટ થયો. તેથી તે પુણ્યવંતને તેણે **અમોઘવિજયા** નામની શક્તિ આપી તથા **કાંપિલ્ય** નગરમાં લઇ જઇને દેવતાએ તેને પોતાના રાજ્ય પર ફરીથી સ્થાપન કર્યો અને તેથી સમસ્ત રાજમંડળમાં તે અગ્રપદને પામ્યો. વળી **કામરૂપ** નગરનો રાજા પણ તેનો દાસ થઇ રહ્યો. અહો ! શ્રીનમસ્કાર મહામંત્રનો મહિમા ખરેખર ! કોઇ અનુત્તર જ છે. કહ્યું છે કે:—

'अहो पंचनमस्कारः कोऽप्युदारो जगत्सु यः ।
संपदोऽष्टौ स्वयं धत्ते, दत्तेऽनन्तास्तु ताः सताम् ॥'

અર્થાત્:–અહો ! જગતમાં પંચ નમસ્કારની કોઇ અજબ ઉદારતા છે, કે પોતે આઠ સંપદાને ધારણ કરે છે અને સજ્જનોને તે અનંત સંપદા આપે છે. શ્રી નમસ્કાર મંત્રની ગણના કરવામાં તત્પર એવો તે રાજા મરણ પામીને માહેંદ્ર દેવલોકમાં દેવતા થયો.

इति नमस्कृतिसंस्मृतिजं फलं, श्रुतिपुटैः परिपीय शरीरिणः ।
हृदि जपंतु तमेव नमंतु च, प्रणयतः परमेष्ठिपदाम्बुजम् ॥१॥

આ પ્રમાણે નમસ્કારના સ્મરણથી થતા ફળને કાનથી સાંભળીને ભવ્યજનો તેનેજ અંતરમાં ધારણ કરે અને પરમેષ્ઠિના પદકમળને પ્રેમથી નમસ્કાર કરે.

———— o ————

સુદર્શન શેઠની કથા.

—— ૦ ——

सीलं कुलआहरणं, सीलं रूवं च उत्तमं होइ ।
सीलं चिय पंडित्तं, सीलं चिय निरुवमं धम्मं ॥१॥

અર્થાત્:–શીલ એ કુળનું સાચું આભૂષણ છે, શીલ એ સર્વોત્તમ રૂપ છે, શીલ એ પ્રબલ પાંડિત્ય છે અને શીલ એ જ ખરેખર નિરૂપમ ધર્મ છે.

નમસ્કાર મંત્ર-પ્રભાવ

જંબુદ્વિપના ભરતક્ષેત્રમાં અત્યંત પ્રસિદ્ધિને પામેલ અંગદેશના આભૂષણ સમાન **ચંપા** નામની નગરીમાં ઇન્દ્ર સમાન તેજસ્વી અને પરાક્રમી એવો **દધિવાહન** નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને રૂપમાં **રતિ**ને પણ હરાવનારી અને ગુણવાન એવી **અભયા** નામની પટરાણી હતી. તે જ નગરમાં રાજમાન્ય અને આર્હત્ ધર્મનો પરમ ઉપાસક **ઋષભદાસ** નામનો શ્રેષ્ઠિ રહેતો હતો. તે શ્રેષ્ઠિને શીલવાન અને ગુણવાન, ધર્મપરાયણ અને પતિભક્તા **અર્હદ્દાસી** નામની પરમ શ્રાવિકા પત્ની હતી. તે શેઠને ત્યાં **સુભગ** નામનો એક નોકર હતો, જે હમેશાં શેઠની ગાયો તથા ભેંસોને જંગલમાં ચરાવવા લઇ જતો અને બીજું ઘરનું પણ કામકાજ કરતો હતો.

એક સમયે માહ મહિનાની સખત ઠંડીના વખતમાં જંગલમાંથી ગાયો ચરાવીને પાછા ફરતાં માર્ગમાં કાયોત્સર્ગ મુદ્રાએ ઊભા રહેલા અને અંગ પર વસ્ત્ર રહિત તથા એકાગ્રધ્યાને પરમાત્માના ધ્યાનમાં લીન થએલા કોઇ જૈન મુનિ તે **સુભગ**ના જોવામાં આવ્યા. મુનિ મહારાજની શાંત મુદ્રા અને તેઓશ્રીના અકિંચન ભાવથી તે **સુભગ** બહુ જ આશ્ચર્યચકિત થયો, છતાં તે વખતે ઘેર પાછા ફરવાની ઉતાવળને લીધે તેઓશ્રીની સાક્ષાત્ સેવાનો લાભ ન લઇ શકવાથી જતાં જતાં તે આ પ્રમાણે વિચાર કરવા લાગ્યો કે:–"અહો ! આવા મહાત્માઓને ધન્ય છે. આવા મહાત્માઓથી જ આ વસુંધરા રત્નગર્ભા ગણાય છે. જેઓને પોતાના દેહની જરાએ પરવા નથી, જગતની પરવા નથી અને મોહ મદિરાનો મદ નથી. ગમે તેવી ગરમીમાં કે ઠંડીમાં પણ જેઓ સમાનતા જ ધારણ કરે છે, જેઓની મુખમુદ્રા સદા સુધાકર કરતાં પણ વધારે શીતલ છે, જેઓની એકાગ્રવૃત્તિ અને ધ્યાન પરાયણતા ખરેખર આસન્ન સિદ્ધિને સુચવે છે."

આ પ્રમાણે વિચાર કરતો કરતો તે ઘેર પહોંચ્યો. રાત્રે સુતાં સુતાં પણ તે તે જ વિચારમાં લીન હતો અને વિચારતો હતો કે:–"ક્યારે પ્રભાત થાય અને પુનઃ હું તે

મુનિના દર્શન કરું" આ વિચારમાં ને વિચારમાં રાત્રિના ચાર પ્રહર પણ તેને ચોવીશ પહોર જેવા લાગ્યા. પ્રભાત થતાંની સાથે જ તે ઉતાવળ કરીને ભેંસો ચરાવવા વનમાં ચાલ્યો, ત્યાં જતાં રસ્તામાં તે જ સ્થળે તેવી જ સ્થિતિમાં ઊભા રહેલા તે મુનિ તેના જોવામાં આવ્યા. તેઓના તપઃતેજની પ્રભાથી તે જોતાંની સાથે જ અંજાઇ ગયો હતો, એટલે તરત જ તેઓને નમસ્કાર કરીને થોડી વાર તેઓની સન્મુખ બેઠો, એટલામાં સૂર્યનો ઉદય થતાં ધ્યાન પાળીને તે મુનિરાજ ॐ નમો અરિહંતાણં એ પદનો ઉંચેથી ઉચ્ચાર કરવા પૂર્વક કાયોત્સર્ગ પારીને આકાશમાર્ગે ચાલ્યા ગયા. આથી તેની અન્નયખીનો પાર રહ્યો નહિ.

સુભગે વિચાર કર્યો કેઃ–"અરેઅર ! એ પદ આકાશગામિની વિદ્યાનો મંત્ર છે અને એના પ્રભાવથી જ તે મુનિ આકાશમાં ઉડી ગયા." આ પ્રમાણે વિચારી તેણે તે મંત્રને એક સાચા મોતીના અમૂલ્ય હાર કરતાં પણ વધારે કિંમતી ગણી પોતાના હૃદયમાં ધારણ કર્યો. તે રાત દિવસ તે જ પદનું સ્મરણ કરવા લાગ્યો, એક વખત શેઠના સાંભળવામાં તે આવવાથી તેને પાસે બેસાડીને તેને કહેવા લાગ્યો કેઃ–"હે **સુભગ** ! આ મંત્ર આકાશગામિની વિદ્યાનો જ મંત્ર છે એમ સમજતો નહિ, કારણ કે સ્વર્ગ અને મોક્ષ મેળવવાનો પણ તે મહામંત્ર છે. માટે તેનું જતનથી સ્મરણ કરજે અને તારા '**સુભગ**' નામને સાર્થક કરજે. એ મંત્રનો પ્રભાવ એક મુખથી યથાર્થ વર્ણવી ન શકાય. કલ્પવૃક્ષ, ચિંતામણિ, કામકુંભ અને પારસમણિ એ ચાર પણ જેના પ્રભાવથી શરમાઇને વસુધામાંથી વિદાય થઇ ગયા. હે **સુભગ** ! જો તું આગામી અનુપમ સુખની ઇચ્છા કરતો હોય, તો આ નમસ્કાર મહામંત્રનો નિત્ય પાઠ ચુકીશ નહિ." આ પ્રમાણે શિખામણ આપીને નમસ્કાર મહામંત્રના બધાંએ પદો શેઠે તેને શીખવ્યાં. નમસ્કાર મહામંત્રના આ પ્રમાણેના ઉત્તમોત્તમ ગુણો સાંભળીને **સુભગ**ના રોમાંચ ખડા થઇ ગયા અને નમસ્કાર મહામંત્રની પોતાને થએલી પ્રાપ્તિથી તે પોતાની જાતને ધન્ય માનવા લાગ્યો.

રંકને રત્ન, રોગીને વૈદ્ય, અંધને નેત્ર, મુમુક્ષુને ગુરુ, અને ભૂખ્યાને પરમાન્નની પ્રાપ્તિ થવાથી જેમ પરમ આનંદ થાય તેમ તે પણ આનંદ પામ્યો. ત્યારપછી વાર-વાર તેનું સ્મરણ કરવાથી પોતાના નામની જેમ તેને અંતઃકરણમાં સ્થાપિત કરીને હમેશાં નિયમિત તેનો જાપ કરવા લાગ્યો.

એક વખતે વરસાદના સમયમાં તે ભેંસો ચારવાને વનમાં ગયો, ત્યાં ભેંસો નદી ઉતરીને સામી પાર કોઇના ખેતરમાં ગઇ; તેથી **સુભગ**ને પોતાના શેઠ તરફથી ઠપકો મળવાની ધાસ્તી લાગી, તે કારણને લીધે નમસ્કાર મહામંત્રનું સ્મરણ કરતો

તે નદીના પ્રવાહમાં પડ્યો. મનુષ્ય ધારે છે કાંઇ અને દૈવ કરે છે કાંઇ, મનુષ્યની સઘળી ધારણાઓ જો દૈવ અનુકુળ હોય તો જ પાર પડે છે. જો જગતપર કર્મરાજાની સત્તા ન ચાલતી હોત, તો 'ધર્મીને ત્યાં ધાડ' વગેરે કહેવતોની સાર્થકતા સિદ્ધ થઇ શકત જ નહિ. પ્રવાહમાં પડતાંની સાથે જ **સુભગ**ને એક લોખંડનો મજબુત ખીલો સપ્ર રીતે વાગ્યો અને તે વાગતાંની સાથે પાણીના પ્રવાહમાંને પ્રવાહમાં જ તત્કાલ તે મરણ પામ્યો. અહા! દૈવ! તારી આજ્ઞા ઉઠાવવાને મોટા મોટા ભૂપતિઓ, દિવ્ય દેવતાઓ તથા સમર્થ એવા સુરેન્દ્રો પણ હાજર રહે છે, તો **સુભગ** જેવા સામાન્ય મનુષ્યનું શું ગજું?

નવકાર મંત્રની અનુપમ શ્રદ્ધાથી મરણ પામીને તે **સુભગ**નો પુણ્યવંત જીવ **ઋષભદાસ** શેઠની ધર્મપરાયણ **અર્હદ્દાસી**ની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. પુત્ર જન્મના મહોત્સવ નિમિત્તે **ઋષભદાસ** શેઠને ઘેર મંગલવાદ્ય વાગવા લાગ્યાં, દાસ, દાસીઓ હર્ષઘેલાં બનીને આખા ગૃહમંદિરને શણગારવાં લાગ્યાં, આ પ્રમાણે આઠ દિવસ સુધી આનંદોત્સવ વર્તાવી શ્રેષ્ઠિએ પુત્રના સુલક્ષણ પરથી તેનું **સુદર્શન** એવું ગુણનિષ્પન્ન નામ પાડ્યું. પ્રિય વાંચક! આપણી વાર્તાનો નાયક **સુભગ**નો જીવ! જે ઘરમાં તે દાસત્વ કરતો હતો તે જ ઘરનો નમસ્કાર મહામન્ત્રના પ્રભાવથી સ્વામી બન્યો. આગળ આપણે જાણીશું કે આ **સુદર્શન** તે જ મહા શીલવંત **સુદર્શન** શેઠ ભવિષ્યમાં પોતાના શીલની રક્ષા માટે શૂળી પર કેવી રીતે ચઢે છે અને ત્યાં શૂળીનું સિંહાસન કેવી રીતે થઇ જાય છે, તે જાણ્યા પછી પણ આ કથાના વાંચનાર મુમુક્ષુઓ! વધારે નહિ તો રોજની એક માળા નવકાર મહામંત્રની ગણવા માટે શું નિશ્ચય નહિ કરે? મને તો ખાત્રી જ છે કે નમસ્કાર મહામંત્રનો આટલો પ્રભાવ વાંચ્યા પછી દરેકે દરેક વાંચક! એટલું તો જરૂર કરશે જ.

બીજના ચંદ્રની જેમ બાળક **સુદર્શન** દિવસે દિવસે વૃદ્ધિ પામવા લાગ્યો. ઉત્તમ કુળમાં ઉત્પન્ન થવાથી અને ધર્મ પરાયણ માતા પિતાના સહવાસથી તેનામાં નીતિમય જીવન, ધૈર્ય, ધર્મશ્રદ્ધા, શીલ, માતા પિતાની સેવા, દેવગુરૂ પ્રત્યે ભક્તિ, કુટુંબ વાત્સલ્યતા, અનાથો પ્રત્યે અનુકંપા વગેરે અસાધારણ ગુણો તેનામાં દીપી નીકળ્યા. અનુક્રમે તે યૌવનાવસ્થાને પ્રાપ્ત થયો, તે જ ગામમાં તેના પિતાએ એક ઉત્તમ કુલવાન શ્રેષ્ઠિની **મનોરમા** નામની સદ્‌ગુણી પુત્રી સાથે **સુદર્શન**નું લગ્ન કર્યું. **સુદર્શન** અને **મનોરમા** એ બન્ને નામો એક જ અર્થને સુચવનાર હોવાથી બરોબર! નામ પ્રમાણે તે બંનેના અંતઃકરણ અને આત્મા પણ એકરૂપજ થઇ ગયા હતા.

તેઓ દંપતિધર્મના જ્ઞાતા હોવાથી તે દંપતિ સંસાર વ્યવહારની સડકપર કદી પણ સ્ખલિત નહિ થતાં અન્ય દંપતિઓને દાખલારૂપ થતાં હતાં, પતિની આજ્ઞા મુજબ વર્તનારી **મનોરમા** પતિની પ્રીતિ સંપાદન કરી આર્હતધર્મની પરમ આરાધક બની હતી, તેણીની મનોભૂમિમાં બાલ્યવયથી જ ધર્મશ્રદ્ધાના શુભ અને દિવ્ય સંસ્કારો આરોપિત થએલા હતા અને **સુદર્શન**ના સહવાસથી તે દિવ્ય સંસ્કારો અતિશય દેદીપ્યમાન થઇ શ્રાવિકા ધર્મની પૂર્ણતાનું સૂચન કરતા હતા. પોતાની વ્યવહાર કુશળતા, ન્યાયનિષ્ઠતા વગેરે ઉત્તમ ગુણોને લીધે **સુદર્શન** પણ પોતાની જ્ઞાતિમાં, નગરમાં તથા રાજદરબારમાં પણ અધિક અધિક માન્ય થવા લાગ્યો. જે ગૃહમંદિરોની અંદર આવા ભાગ્યશાળી દંપતિઓ વસતાં હોય, ત્યાં સંસારીક સુખ તથા લક્ષ્મીનો વાસ હોય તેમાં તો નવાઇ જ શું છે?

એક વખતે રાજાના અતિમાન્ય **કપિલ** નામના પુરોહિત સાથે **સુદર્શન**ને મિત્રતા થઈ, પુરોહિત પણ સ્વભાવે શાંત, સત્યવક્તા તથા સાહિત્ય રસિક હોવાથી **સુદર્શન**ને અનુકુળ રહેવા લાગ્યો, તે બંનેની રસિક વાત ચીતોમાં એવો તો રંગ જામતો ગયો કે તેઓ વખતસર પોતાનું ભોજન સુદ્ધાં પણ ભૂલી જતા. કેટલાક સંતુષ્ટ જનો આ બંનેને એક રૂપ જોઇને **રામ લક્ષ્મણ**ની જોડ સમજી લેતા.

આ પ્રમાણે મિત્ર સાથે વાર્તા વિનોદ કરતાં ઘણી વખત ઘેર આવતાં મોડું થતાં એક વખતે પુરોહિતને તેની પત્નીએ પુછયું કેઃ—"હે સ્વામિન્! તમે ભોજનાદિક તેમ જ અન્ય વ્યાવહારિક કાર્યોમાં વ્યગ્ર થતાં કેમ દેખાઓ છો?" ઉત્તરમાં **કપિલ** બોલ્યો કેઃ—'હે કાંતા! **સુદર્શન** નામનો મારો એક પરમપ્રિય મિત્ર છે, તેની સાથે વાર્તા વિનોદ કરતાં મને કશું યાદ આવતું નથી. તે મહાનુભાવ મિત્રની સોબત મળવાથી હું મારા આત્માને ધન્ય માનું છું, એ મહામતિ મિત્રના એટલા બધા અદ્‌ભુત ગુણો છે કે તેમાંનો એક શતાંશ પણ મારાથી વર્ણવી શકાય તેમ નથી; તેનો ધર્મપ્રેમ તો કોઇ અલૌકિક જ છે અને તેના વચનો તો જાણે અમૃતની ધારાઓ સમાન છે તથા તેનું મુખ કમળ તો જાણે પૂર્ણચંદ્રની માફક હમેશાં ખીલતું રહે છે. હે પ્રમદા! હું વધારે શું કહું? પરંતુ તેના જેવો બીજો નરરત્ન તો હાલ મારા જોવામાં આવતો નથી.' આ પ્રમાણેના **સુદર્શન**ના ઉત્તમ ગુણો સાંભળીને **કપિલા**ના રોમાંચ ખડા થઇ ગયા અને તેનો સમાગમ શોધવાને તે આકુળવ્યાકુળ બની ગઇ **સુદર્શન**ના દર્શનના લાભની સાથે તેના સ્નેહદાનનો લાભ પણ તે ઇચ્છવા લાગી.

એક દિવસે રાજાની આજ્ઞાથી **કપિલ** કોઈ કાર્ય પ્રસંગે બહાર ગામ ગયો હતો. તે અવસરનો લાભ લઇ **કપિલા** **સુદર્શન**ના ઘેર ગઇ અને **સુદર્શન**ને જોતાં

જ તે વ્યાકુળ બની સ્ત્રીચરિત્રનું અનુકરણ કરીને તે કહેવા લાગી કેઃ—"હે **સુદર્શન** ! આજે તમારા મિત્રના શરીરે સારું નથી, માટે ત્યાં આવીને તેમને ધીરજ આપી સંતુષ્ટ કરો. તે તમારી સાથે વાતચીત કરવાને તમોને બોલાવે છે." આ પ્રમાણેનાં તેણીનાં કપટ ચાતુર્યતાવાળાં વચનોને સત્ય માની પોતાના મિત્રની અકુશલતા માટે દિલગીર થતો તે સત્વર તેને ઘેર ગયો. આ વ્યતિકર પરથી એમ પણ સમજી શકાય છે કે **સુદર્શન** ખાસ કાર્યપ્રસંગ વિના કોઇના ઘેર જતો નહિ હોય.

મિત્રના ઘેર પહોંચતાની સાથે જ ઉત્સુકતાથી **સુદર્શન** પૂછવા લાગ્યો કેઃ— "મારો મિત્ર ક્યાં છે ?"

કપિલા કપટજાળથી તેને અંદરના ઓરડામાં લઈ ગઇ. અને બારણાં બંધ કરીને કહેવા લાગી કેઃ—"તમારા નામની ઝંખના કરતાં કરતાં આજે તે સફળ કરવાનો પ્રસંગ આવ્યો છે, માટે મારી યાચનાનો સ્વીકાર કરી મને સ્નેહદાન આપો; કારણકે ફરીને આવો યોગ મળવો મુશ્કેલ છે."

આ પ્રમાણેનાં વચનો સાંભળીને **સુદર્શન** વિચાર કરવા લાગ્યો કેઃ—"અહો ! વિષયાસક્ત મનુષ્યો કેટલા બધા અંધ બની જાય છે ! કામાંધ મનુષ્યો છતી આંખે આંધળા અને છતા કાને બહેરા થઈ જાય છે. શાસ્ત્રમાં પણ કહ્યું છે કેઃ—

"दत्तस्तेन जगत्यकीर्तिपटहो गोत्रे मषिकूर्चक—
श्चारित्रस्य जलांजलिर्गुणगणारामस्य दावानलः ।
संकेतः सकलापदां शिवपुरद्वारे कपाटो दृढः
शीलं येन निजं विलुप्तमखिलं त्रैलोक्यचिंतामणिम् ॥१॥

અર્થાત્—સમગ્ર લોકમાં ચિંતામણિ સમાન પોતાનું શીલ જેણે ગુમાવી દીધું છે, તેણે જગતમાં પોતાના અપયશનો પટહ વગાડ્યો, ગોત્રમાં મસિનો કુચડો ફેરવ્યો, ચારિત્રને જલાંજલિ આપી, ગુણના સમૂહરૂપ જે બગીચો તેમાં દાવાનળ મૂક્યો, સર્વ આપત્તિઓનો સંકેત કર્યો અને મોક્ષનગરીના દ્વારમાં તેણે મજબુત કપાટ દીધો સમજવો."

શીલભંગના ખરાબ પરિણામો નજરે જોવા છતાં પણ કામાંધ મનુષ્યો કોઇ પણ જાતનું અકાર્ય કરતાં અચકાતા નથી. અહા ! એક તુચ્છ વિષયની કામના પૂરી કરવાને માટે મનુષ્યો કેટલા બધા પ્રપંચ ખેલે છે. પ્રતિકુલ ઉપસર્ગો કરતાં આવા અનુકુલ ઉપસર્ગોમાં પોતાના ધૈર્યને ચલિત થવા ન દેવું એ જ મહાપુરૂષનું લક્ષણ છે. અત્યારે કોઇપણ રીતે આ કસોટીમાંથી મારે પસાર થયા વિના છુટકો

નથી અને તેને માટે કદાચ 'शठं प्रति शाठयं कुर्यात्' એ નીતિવાકયનો આશરો લેવો પડે તો પણ તેમાં દોષ નથી."

મનમાં આ પ્રમાણે વિચાર કરીને તે **કપિલાને** કહેવા લાગ્યો કેઃ-"હે **કપિલા!** હું ઘણો દિલગીર છું કે તારી આ યાચનાને સફલ કરવાનું મારામાં સામર્થ્ય નથી. આવી યૌવનાવસ્થામાં પણ વિષય સુખથી વંચિત રાખવા વિધિએ મને નપુંસક બનાવ્યો છે. ખરેખર! આ અવસ્થાનું એ જ ફળ છે, છતાં અત્યારે દૈવ સિવાય બીજા કોને મારે દોષ દેવો? હે **કપિલા!** તેં યાચક પાસે ધનની અને વંધ્યા પાસે પુત્રની માગણી કરવાનું સાહસ કર્યું છે, નહિ તો તારા જેવી યુવતિનો યોગ હોવા છતાં કયો કામિક પુરૂષ રતિવિલાસ માટે આનાકાની કરે? આ પ્રકારના તેના વચનથી તે નિરાશ બની ગઇ, એટલું જ નહિ પણ તે એટલી બધી શરમાઇ ગઇ કે કાંઇ પણ ઉચ્ચાર કર્યા વિના તેને વિદાય કરી દીધો. **સુદર્શન** પણ પોતાની યુક્તિ સફળ નીવડવાથી તથા શીલની રક્ષા થવાથી અતિ આનંદ પામતો પોતાના ઘેર આવ્યો.

એક વખતે **દધિવાહન** રાજા **સુદર્શન** અને **કપિલને** સાથે લઇને ઉપવનમાં ક્રીડા કરવા ગયો. વિવિધ વાર્તા વિનોદમાં મગ્ન થઈ તે ત્રણે જણા આમતેમ બગીચામાં ફરતા હતા, તે જ વખતે **કપિલાને** સાથે તેડી **અભયા**રાણી પણ તે જ બાગમાં ક્રીડા કરવા આવી.

તે બંને જણીઓ શૃંગારરસના સરોવરમાં નાક સુધી નિમગ્ન થઇ અને તે જ વિષયની વાતો કરતાં કરતાં પુષ્પિત લતાઓની છાયામાં, તો ઘડીવાર કુવારાના શીતલ સમીરમાં, ક્ષણવાર ચંપાના ચોકમાં, તો થોડી વાર માધવીના મેદાનમાં, એ રીતે શ્રમ વિના સ્વેચ્છાથી તે બંને હંસની ગતિને પણ હરાવે તેવી મંદ ગતિથી વિલાસ પૂર્વક પરસ્પર પુષ્પોના દડા નાખતી ફરતી હતી.

આ વખતે તે બાગની બાજુ પરના રસ્તેથી **સુદર્શન**ની પત્નિ **મનોરમા** પોતાના છ પુત્રોની સાથે નીકળી. તેણીની ચાલવાની સુંદર છટા તથા લાવણ્યતા જોઇને **કપિલા**એ રાણીને પુછયું કેઃ-"હે મહાદેવી! આ રંભા અને રતિને હરાવે તેવી તથા લાલિત્ય ભરેલી લલિત ગતિથી ગજને પણ શરમાવે એવી આ લલના કોણ છે?"

કપિલાની બોલવાની અને શબ્દ રચનાની શૈલીથી પ્રસન્ન થતી **અભયા** કહેવા લાગી કેઃ-"હે **કપિલા!** લલનાઓમાં લક્ષ્મીતુલ્ય અને કળા કૌશલ્યથી સરસ્વતીને પણ શરમાવે તેવી તે **સુદર્શન** શેઠની ગૃહલક્ષ્મી છે."

આ સાંભળતાં જ તે ચમકી અને આશ્ચર્ય સહિત ફરીથી પૂછવા લાગી કેઃ–"હે દેવી! એ કમલાક્ષી જો **સુદર્શન**ની જ ધર્મપત્નિ હોય, તો તેના આ સંતાનો માટે મને અતિશય વ્હેમ આવે છે."

અભયાને આ વાતમાં મોટો ભેદ જણાયો, તેથી તેનું સ્પષ્ટીકરણ કરવા વાતને આગળ લંબાવીને બોલી કેઃ–"**કપિલા**! જગતનો સામાન્ય નિયમ નજર સામે મોજુદ છતાં તારે તેમાં શંકા લાવવાનું શું કારણ છે?"

કપિલા બોલી કેઃ–"હે સ્વામિની! એક વખતના પ્રસંગ પરથી મને માલુમ છે કે તે નપુંસક છે, આ પ્રમાણે ભેદ બોલીને પ્રથમ બનેલી બધી વાત કહી સંભળાવી."

અભયા હસીને કહેવા લાગી કેઃ–"હે **કપિલા**! તને તેણે છેતરી છે. **સુદર્શન** ધર્માત્મા હોવાથી પરદારાઓમાં તે નપુંસક જ છે; પરંતુ સ્વદારામાં તે નપુંસક નથી. અરે મૂર્ખ સ્ત્રી! તેની આકૃતિ અને બોલવા પરથી પણ તું તેને પારખી ન શકી?"

આ પ્રમાણે **અભયા**એ કરેલી મશ્કરીથી તે એટલી બધી વિલક્ષણ બની ગઇ કે, ઘડી વાર સુધી તો બોલવાને પણ તેની જીભ ન ઉપડી. છેવટે મનમાં એક યુક્તિ રચીને તે કહેવા લાગી કેઃ–"હે **અભયા**! મને તો એ **સુદર્શન** ભલે છેતરી ગયો, પણ તું એની સાથે રતિવિલાસ કરે, તો તારી ચતુરાઇ ખરી."

આ સાંભળીને **અભયા** બોલી કેઃ–"હે **કપિલા**! એ કાંઇ મોટું મહાભારત કાર્ય નથી કે જે ન જ બની શકે. રૂપવાન એવી રાજકન્યાઓમાં પણ મોહ ન પામનાર એવા રાજાને પણ હું મારા નેત્રથી નચાવું છું, વનવાસી તાપસો અને મહર્ષિઓ પણ કામિનીઓના કટાક્ષ દેખી લલચાઈ જાય છે, તો આ બિચારા પામરનું શું ગજું કે ભામિનીની ભ્રકુટી પર ભ્રમરની જેમ ભ્રમણ ન કરે."

અરે! એકેંદ્રિય એવા વૃક્ષો પણ કામિનીઓના કર સ્પર્શથી વિકસ્વર થાય છે, તો પછી પંચેંદ્રિય મનુષ્યોનું તો કહેવું જ શું? કહ્યું છે કેઃ—

"सुभाषितेन गीतेन, युवतीनां च लीलया।
मनो न भिद्यते यस्य स योगी ह्यथवा पशुः ॥१॥

અર્થાત્–સુભાષિત સંગીત અને લલનાઓની લીલાથી જેનું મન ભેદાતું નથી, તે યોગી અથવા પશુ સમજવો."

અહા! હું તો એટલે સુધી કહું છું કે, યોગીઓ અને પશુઓ પણ લલનાઓના લાલિત્યમાં લલચાઇ અને લપટાઈ જાય છે, તો હે **કપિલા**! હું પ્રતિજ્ઞા

કરૂં છું કેઃ–"જો **સુદર્શન**ની સાથે રતિવિલાસ ન કરૂં તો મારે અગ્નિમાં બારોબાર પ્રવેશ કરવો." આ પ્રમાણે **અભયાએ** શપથ લીધા. પછી કેટલોક સમય ક્રીડા કરી તે બંને પોતપોતાને ઘેર ગઇ, રાજા વગેરે પણ અમુક વખતસુધી ત્યાં વિલાસ કરી સ્વ સ્વસ્થાનકે ચાલ્યા ગયા.

એક દિવસે **અભયા**એ પોતાની પ્રતિજ્ઞાની વાત પોતાની **પંડિતા** નામની ધાવ-માતાને એકાંતમાં કહી સંભળાવી. એટલે તેણે કહ્યું કેઃ–"હે પુત્રી! મહાત્મા પુરુષોનું ધૈર્ય અને મેરૂ પર્વતનું શિખર એ બંને ડગાવવા મહા મુશ્કેલ છે. તું જાણતી નથી કે સામાન્ય શ્રાવક પણ પરસ્ત્રી સહોદર હોય છે, તો આ પુણ્યાત્મા **સુદર્શન**ની તો વાત જ શી કરવી? ઝાંઝવાના જળથી તૃષા છીપાવવી, સસલાના શિંગડા માટે વનમાં ભટકવું અને **સુદર્શન**ના શીલ ભંગ માટે સાહસ કરવું તે બરાબર છે. માટે હે વત્સે! આ પ્રતિજ્ઞા તેં સંપૂર્ણ વિચાર કર્યા વિના કરી છે, તેનો નિર્વાહ કરવો અતિ દુષ્કર છે."

ધાવમાતાની આ રીતની શિખામણ સાંભળીને પુનઃ **અભયા** બોલી કેઃ–"હે માતા! ગમે તેમ થાય પણ એ પ્રતિજ્ઞાનો મારે નિર્વાહ કરવો જ પડશે. તમારે કોઇ પણ ચાલાકી વાપરીને તેને એક વાર અહીં લઇ આવવો. જો મારાં લીધેલા વચનનો ભંગ થાય તો મારે અગ્નિ પ્રવેશ કરવાનો વખત આવે." તેણીનો આવો દૃઢાગ્રહ જાણીને **પંડિતા**એ વિચાર કરીને કહ્યું કેઃ–"હે વત્સે! એ પર્વના દિવસે પૌષધ લઇને કોઇક શૂન્યગૃહમાં કાયોત્સર્ગે રહે છે, તેવા અવસરે લાગ સાધીને તેને અહીં લાવવો ઠીક પડશે; બીજી કોઇ રીતે તેને અહીં લાવવો મુશ્કેલ છે, કારણ કે તે હવે પરસ્ત્રીઓનો કદી વિશ્વાસ જ કરતો નથી. અને મોટે ભાગે કાર્ય પ્રસંગે પણ બીજા કોઇના ઘેર જતો નથી."

આ યુક્તિ **અભયા**ને અનુકૂળ લાગવાથી તેણીએ તો કબુલ રાખી. પછી **પંડિતા** પહેરગીરોને વિશ્વાસ બેસાડવા **સુદર્શન**ના શરીર પ્રમાણ જેટલી એક બનાવટી મૂર્તિ બનાવરાવીને દરરોજ અંતઃપુરમાં લઇ જતી અને પાછી લાવતી હતી.

× × × × ×

એકદા કૌમુદીપર્વ આવતાં સર્વ નગરવાસીઓને વનમાં જઇ ક્રીડા કરવાનો રાજાએ પટહ વગડાવ્યો. તે જ દિવસે ચાતુર્માસિક પર્વ હોવાથી રાજાની અનુજ્ઞા મેળવી **સુદર્શન** શેઠ ધર્મકૃત્ય કરવા ઘેર રહ્યો. આ અવસરની તક લઈને **પંડિતા**એ **અભયા**ને કહ્યું કેઃ–"તારી ધારેલી પ્રતિજ્ઞા પૂરી કરવા આજે કૌમુદી મહોત્સવમાં ન

જતાં તારે ઘેર જ રહેવું." એટલે તેણી શિરોવેદનાનું બહાનું બતાવી રાજાને સમજાવી ઘેર રહી.

તે જ દિવસે **સુદર્શન** શેઠ દેવપૂજન વગેરે દિનકૃત્ય કરીને રાત્રિએ એક શૂન્ય ઘરમાં કાયોત્સર્ગ ધ્યાને રહ્યા. આ વખતે **પંડિતા** ત્યાં આવી અને તેઓને પાલખીમાં બેસાડીને **અભયા** પાસે લઇ ગઇ. પોતાના મનોરથ અને પ્રતિજ્ઞાની સિદ્ધિ થવાનો વખત પાસે આવેલો જોઇ **અભયા**ના આનંદનો પાર ન રહ્યો. પોતાના શરીરને આભૂષણો વગેરેથી અધિક દીપાવતી તે **સુદર્શન** શેઠની પાસે આવી વિરહાકુલ બનીને આ પ્રમાણે બોલવા લાગી કેઃ—"હે ભદ્ર! આપના કુંદ કુસુમ જેવા હાસ્યથી, ભ્રમર વાસિત વિકસ્વર કમળ જેવા નેત્રથી, પરવાળાની રક્તતાને ધારણ કરનાર તમારા અધરોષ્ટના ચુંબનથી, કેશરવર્ણી એવી આ તમારી કાયાના આલિંગનથી મારા અને તમારા બંનેના મનોરથ પૂર્ણ કરો." આ પ્રકારનાં શૃંગારિક વચનોથી તેણીએ બહુ વાર યાચના કરી, પરંતુ તે યાચના **સુદર્શન**ના ધ્યાનની શ્રેણિને વધારે વિકસિત કરવાના એક સાધનરૂપ થઇ પડી.

જેમ જેમ તેણીએ વિકારી અને શૃંગારિક શબ્દોથી વિષયની યાચના કરવા માંડી, તેમ તેમ **સુદર્શન**નો આત્મા ઉચ્ચ ઉચ્ચ ધ્યાનની શ્રેણિ પર આરૂઢ થતાં તેણે એવો નિશ્ચય કર્યો કેઃ—"જ્યાં સુધી આ અનુકુળ ઉપસર્ગથી હું મુક્ત ન થાઉં ત્યાંસુધી મારે કાયોત્સર્ગ પારવો નહિ." આ પ્રમાણેનો નિશ્ચય કરીને તેઓ ધ્યાનસ્થ રહ્યા.

નમ્ર અને અનુકૂલ વચનોથી પણ જ્યારે **સુદર્શન** તરફથી સંતોષકારક પ્રત્યુત્તર ન મળ્યો, એટલે **અભયા** રોષમાં આવી ગઇ અને કર્કશ વચનોથી કહેવા લાગી કેઃ—"અરે ધૂર્ત્ત! આવી રીતે નમ્ર થઇને તારી પ્રાર્થના કરતાં પણ તને દયા નથી આવતી? આવીને આવી રીતે ક્યાં સુધી મને સતાવીશ? હું એક મહારાજાની પટરાણી થઇને પણ તારી પાસે દીન થઇને ઊભી છું છતાં તારું કઠોર હૃદય હજુ કેમ પીગળતું નથી? અરે! અક્કલના અંધા! સ્ત્રીઓને વધારે છંછેડવાથી તેઓ નાગણ કરતાં પણ વધારે ભયંકર બની જાય છે અને છેવટે તેઓ શું ફળ દેખાડે એ તને ખબર નથી? વાઘણને પંપાળવી તો દૂર રહી, પણ તેને ઉલટી સતાવીને વિકાળ શા માટે બનાવે છે? અરે અધમ! મારી પાસે પણ તું પોતાની અધમતા દેખાડે છે? અમૃતની તલાવડીમાં ઝેર મેળવી શા માટે પોતાના જીવનને જોખમમાં નાખે છે? જો તારે દુઃખના દરીઆમાં ગરકાવ થઇ જવું હોય, યમના અતિથિ થવું હોય અને અહીં જ નારકીનો નમુનો જોવો હોય, તો જ તું કદાગ્રહી થઇ ઊભો

રહે જે. અરે ઢોંગી ! આ તારો ઢોંગ હવે વધારે નહીં ટકે, રમણીને રંજાડવાનું ફળ અલ્પ સમયમાં જ તારા જોવામાં આવશે.”

આ પ્રમાણેના પ્રચંડ વાક્પ્રહારો કરવા સાથે તે વારંવાર **સુદર્શન**ના શરીરનો સ્પર્શ કરવા લાગી અને તેના હાથ વગેરેને દબાવતી, ખેંચતી તથા પોતાના પીન પયોધર સુધી લઇ જતી, કોઇક વાર તેના ગળામાં પોતાનો કમળ જેવો હાથ નાખી લટકતી, તો કોઇક વાર વિલક્ષણ રીતે આલિંગન દેતી, આ પ્રમાણેની અસહ્ય ચેષ્ટાઓથી પણ મહાત્મા **સુદર્શન**ના એક રોમમાં પણ વિકાર ન જાગ્યો. વિષયની યાચના કરતાં, લગભગ રાત્રિનો અંત આવ્યો છતાં પણ નિર્ભાગીના મનોરથોની જેમ **અભયા**નો મનોરથ ફલિભૂત ન થયો. યુક્તિ, પ્રયુક્તિઓ બધી વ્યર્થ ગઇ અને પોતાની મનોકામના કોઈ પણ રીતે સંપૂર્ણ નહિ થઇ શકે એમ તેણીને ખાત્રી થઇ ગઇ.

પોતાની ઇચ્છા પાર નહિ પડતાં પોતાને નિરાશ કરવા માટે તેણીને **સુદર્શન** પ્રત્યે વૈર લેવાની ઇચ્છા થતાં જ પોતાના નખવતી પોતાના શરીર પર ઉઝરડા કરીને તથા વસ્ત્રોને અસ્તવ્યસ્ત કરી બાખી શોર બકોર કરવા લાગી.

શોર બકોર સાંભળી પહેરેગીરો તરત જ ત્યાં દોડી આવ્યા અને ધ્યાનસ્થ **સુદર્શન** શેઠને ત્યાં જોઇને તેઓ વિચાર કરવા લાગ્યા કેઃ–“અમૃતમાંથી ઝેર, જળમાંથી અગ્નિ અને ચંદનમાંથી દુર્ગંધિની પ્રાપ્તિ હજુ સુધી થઈ હોય એવું સાંભળવામાં પણ નથી, તેમ આ ધર્માત્મા **સુદર્શન** આવું અપકૃત્ય કરે એ માની શકાતું નથી, કારણ કે એ પુણ્યાત્મા રસ્તે ચાલતાં પણ ઉંચી નજરે જોતો નથી. અત્યારે પણ તેઓની દૃષ્ટિ નાસિકાના અગ્રભાગ પર સ્થિર હોવાથી નિર્વિકારી દશાનું તે સૂચન કરે છે; આવા પુણ્યવંત ધર્માત્માનો એકદમ નિગ્રહ કરવો અનુચિત છે.”

આ પ્રમાણે વિચાર કરી પોતાની ફરજ બજાવવા રાજાને તે વાતની જાણ કરવા માટે પહેરેગીરો ગયા. આ સમાચાર સાંભળતાં રાજાને પણ મોટો સંદેહ ઉત્પન્ન થયો કેઃ–“**સુદર્શન** જેવા ધર્માત્મા માટે આવા આચરણની સંભાવના કદી સત્ય હોય જ નહિ.” છતાં પણ આ વસ્તુસ્થિતિનો નિર્ણય કરવા માટે રાજા પોતે ત્યાં ગયો.

વસ્તુસ્થિતિની તપાસ કરતાં રાજાને પૂર્ણ પ્રપંચ થયો હોય તેમ લાગ્યું, પરંતુ સત્યાસત્યનો ભેદ જાણ્યા વિના ન્યાય આપી દેવો એ તેને ઉચિત લાગ્યું નહિ. પોતે ત્યાં આસન પર બેઠો એટલે **અભયા** રોતી રોતી ગદ્‌ગદ્ કંઠે કહેવા લાગી કેઃ– “હે સ્વામિન્ ! આપશ્રીની અનુજ્ઞાથી હું આજે અંતઃપુરમાં રહી હતી, પરંતુ ત્યાં

આ પ્રપંચી શેઠ કોણ જાણે કયા માર્ગથી આવીને મારી પાસે અયોગ્ય યાચના કરવા લાગ્યો. મીઠાં મીઠાં વચનોથી મને લોભાવવામાં એણે બાકી રાખી નથી, પરંતુ હું મારા સ્ત્રીધર્મથી જરાએ ચલાયમાન થઈ નહિ; એટલે આ પાપાત્માએ મને નખક્ષત કર્યા, કે જે અત્યારે આપને બતાવતાં પણ મને શરમ આવે છે. જ્યારે કોઇ પણ રીતે એ ફાવી શક્યો નહિ, ત્યારે હું અબલા પર બલાત્કાર કરવાની એણે કોશિષ કરી. આથી હું ગભરાઇને બૂમો પાડવા લાગી, તેથી આ ચોકીદારો દોડી આવ્યા; તે પહેલાં પોતાનો પ્રપંચ ખુલ્લો ન થઇ જાય તેટલા માટે તેણે આ ધ્યાનનો ઢોંગ કર્યો છે. તેથી હે દેવ ! તેના મિથ્યા આડંબરને સત્ય ન માનતાં દોષપાત્રને શિક્ષા કરવી એ સર્વ રાજાઓનો ધર્મ છે."

અભયાના યુક્તિ પુરઃસરના ભાષણથી **સુદર્શન**ની નિર્દોષતા માટેનો રાજાનો અભિપ્રાય કાંઇક મંદ પડી ગયો, એટલે તેને પૂછયું કેઃ–"આ અયોગ્ય કૃત્ય તમે કર્યું છે ?"

સુદર્શન શેઠ **અભયા**ની દયા લાવી કાંઈ બોલ્યા વિના મૌન ઊભા રહ્યા. એટલે રાજાએ વિચાર્યું કેઃ–"પરસ્ત્રી લંપટ અને ચોરનું લક્ષણ મૌન છે". આ પ્રમાણે કલ્પના કરીને નિર્ણય કર્યો અને સર્વ સમક્ષ તેઓને દોષિત ઠરાવીને મનમાં ક્રોધ લાવીને રક્ષકોને હુકમ કર્યો કેઃ–"સમસ્ત નગરમાં આ શેઠના દોષને વિટંબના પૂર્વક જાહેર કરીને પછી તમારે તેને શૂળી એ લટકાવવો."

× × × × ×

દૈવની અકળકળાને કોણ પહોંચી શક્યું છે. ચંદનને બાળો, કુટો પણ તે પોતની સુવાસ તજશે નહિ, તેમ ઉત્તમ પુરૂષો ગમે તેવાં સંકટ આવે પણ પ્રાણાંતે પોતાનો ધર્મ તજશે નહિ તે નહિ જ તજે.

રાજાની ઉપર પ્રમાણેની આજ્ઞા થતાં જ રક્ષકો **સુદર્શન** શેઠને પ્રથમ તો ગામની બહાર લઈ ગયા. તેઓના મસ્તક ઉપર કરેણનાં પાંદડાં બાંધ્યાં, કંઠમાં લીંબડાનાં પાનના હાર પહેરાવ્યા, શરીરે રાતો રંગ ચોપડી રક્ત અને મુખ પર મેશ ચોપડી શ્યામ બનાવ્યા. આ પ્રમાણે મહા વિટંબના કરી તેઓને એક ગધેડા પર બેસાડયા અને ત્યાંથી ગામમાં લાવી કર્કશ વાજીંત્રોના નાદ પૂર્વક નગરમાં ચૌટે ચૌટે અને મહોલ્લે મહોલ્લે ફેરવીને 'આ રાજાના અંતઃપુરનો અપરાધી છે, માટે આવી વિટંબનાને તે પાત્ર છે.' આ પ્રમાણે લોક સમક્ષ ઉદ્‌ઘોષણા કરવા લાગ્યા.

આ પ્રમાણેની ઉદ્‌ઘોષણા કરતાં કરતાં **સુદર્શન** શેઠનું ઘર માર્ગમાં આવ્યું, પોતાના સ્વામિનાથની આવી અસંભાવ્ય અવસ્થા જોઇને **મનોરમા** તરત મૂર્ચ્છા આઇને જમીન પર પડી. દાસીઓએ તુરત જ દોડી આવી શીતલોપચાર કરી તેણીને સાવધાન કરી, એટલે તે અશ્રુપૂર્ણ નયનોએ વિલાપ કરવા લાગી કેઃ—"અહા ! આવા પવિત્ર મારા પતિદેવ પર આવી શી અણધારી આફત ? અરે ! જેઓના અદ્‌ભૂત ગુણોથી દેવતાઓ પણ આશ્ચર્ય પામે તેમ છે, છતાં દુર્દૈવની આ શી ચેષ્ટા ? જેઓનું અંતઃકરણ આર્હત્ ધર્મની પ્રભાથી સદા પ્રકાશિત છે, ત્યાં આવા બળાત્કાર રૂપ અંધકારનો સંભવ શી રીતે માની પણ શકાય ? કદાપિ સૂર્ય પશ્ચિમ દિશામાં ઉગે અને સુધાકર સુધાને બદલે અંગારા વરસાવે તથાપિ આ પુરુષોત્તમમાં આવો દુર્ગુણ ન સંભવે. અરે! મારા સ્વામિનાથ પર આવું સંકટ અને કલંક જે આવ્યું તે મારા પાપનો જ ઉદય હું સમજું છું. અહા ! ઉત્તમ પુરૂષોએ સ્ત્રીઓને અર્ધાંગના કહી છે, તેની મતલબ એ છે કે—પતિના સુખ અગર દુઃખમાં તે પોતાના અડધા અંગ જેટલી ફરજ બજાવે, એટલે સુખમાં સમાન ભાગ લેનાર અને દુઃખમાં પણ સંપૂર્ણ મદદ કરનાર હોવી જોઇએ. મારા પ્રાણવલ્લભના સંકટને જોઇને માત્ર વિલાપ કરી મારે બેસી રહેવું ઉચિત નથી. એ જીવનઆધારના હાથમાં મારા જીવનની દોરી છે અને જો તે તૂટી જાય તો મારે જીવવું પણ શા કામનું ? માટે જ્યાં સુધી શાસનદેવતા મારા પ્રાણેશ પર આવેલા આ કલંક અને સંકટનું નિવારણ ન કરે, ત્યાં સુધી મારા જેવી કુલીન સ્ત્રીઓએ અનશન કરવું તે જ શ્રેયસ્કર છે."

પોતાના મન સાથે આ પ્રમાણે નિશ્ચય કરીને **મનોરમા** પોતાના ગૃહના એક પવિત્ર ભાગમાં કાયોત્સર્ગ ધ્યાને ઊભી રહી શાસનદેવતાનું સ્મરણ કરવા લાગી. **સુદર્શન** શેઠના શીલ મહિમાથી અને સતી **મનોરમા**ના સંકલ્પ બળથી તત્કાળ શાસનદેવી અંતરિક્ષમાં રહીને બોલી કેઃ—"હે વત્સે ! તારા સંકલ્પ બળથી હું પ્રસન્ન થઇ છું, તારે લેશ પણ વિષાદ ન કરવો. તારા સ્વામિનાથની પવિત્રતા પ્રગટ થશે અને પુનઃ તારા માટે સુખના સૂર્યનો ઉદય થશે."

અહીયાં **સુદર્શન** શેઠને સ્થળે સ્થળે વિટંબના પમાડતાં તે રક્ષક લોકો તેમને સમસ્ત નગરમાં ફેરવીને શૂળીના સ્થાન આગળ લઇ ગયા.

× × × × × × ×

तोयत्यग्निरपि स्रजत्यहिरपि व्याघ्रोऽपि सारंगति,
व्यालोप्यश्वति पर्वतोप्युपलति क्ष्वेडोपि पीयुषति ।

विघ्नोप्युत्सवति प्रियत्यरिरपि क्रीडातडागत्यपां,
नाथोऽपि स्वगृहत्यटव्यपि नृणां शीलप्रभावाद्ध्रुवम् ॥१॥

અર્થાત્:–શીલના પ્રભાવથી મનુષ્યોને અગ્નિ જળ સમાન થઇ જાય છે, સર્પ પુષ્પની માળા બની જાય છે, વાઘ હરણ જેવો થઇ જાય છે, મદોન્મત્ત હાથી અશ્વ જેવો ગરીબ બની જાય છે, પર્વત એક સામાન્ય પત્થર જેવો બની જાય છે, વિઘ્ન પણ ઉત્સવ રૂપ થઇ જાય છે, શત્રુ મિત્ર થઇ જાય છે, સમુદ્ર એક ક્રીડા કરવાના સરોવર જેવો બની જાય છે અને અટવી પોતાના ગૃહસમાન નિર્ભય થઇ જાય છે.

રાજર્ષિ **ભર્તૃહરિ** પણ શીલના સંબંધમાં જણાવે છે કે:—

"ऐश्वर्यस्य विभूषणं सुजनता शौर्यस्य वाक्संयमो,
ज्ञानस्योपशमः श्रुतस्य विनयो वित्तस्य पात्रे व्ययः।
अक्रोधस्तपसः क्षमा प्रभवितुर्धर्मस्य निर्व्याजता,
सर्वेषामपि सर्वकारणमिदं शीलं परं भूषणम् ॥१॥"

અર્થાત્—ઐશ્વર્યનું ભૂષણ સૌજન્ય છે, શૌર્યનું વચન નિગ્રહ, જ્ઞાનનું ઉપશમ, શ્રુતનું વિનય, વિત્તનું સુપાત્રદાન, તપનું સમતા, બલનું ક્ષમા, ધર્મનું નિષ્કપટ ભાવ, અને સર્વનું મુખ્ય કારણ એ પરમ ભૂષણ શીલ જ છે.'

× × × × × × ×

શૂળીની નજીક **સુદર્શન** શેઠને લઇ ગયા પછી તે મહાપુરુષ ઉચ્ચ ભાવના ભાવતાં ભાવતાં વિચારવા લાગ્યા કે:–"અહા! આ જગતમાં સુખદુઃખનાં વાદળ કોણે ઘેરી વળ્યાં નથી, પરંતુ સુખમાં અગર દુઃખમાં જે પુણ્યાત્માઓના હૃદયમંદિરમાંથી શીલ મહામંત્રનો જપ સદા જાગ્રતાવસ્થામાં રહે છે, તે જ મહાપુરુષોનું જીવન સાર્થક છે; મહાપુરુષો બહારની શોભા કરતાં આંતરિક શોભાને અધિક મહત્વ આપે છે. કહ્યું પણ છે કે:–

"अद्यैव वा मरणमस्तु युगांतरे वा।
न्याय्यात्पथः प्रविचलंति पदं न धीराः॥

અર્થાત્–મરણ આજે જ થાઓ અથવા યુગાંતરે થાઓ, પરંતુ ઉત્તમ મનુષ્યો સન્માર્ગથી કદાપિ પાછા હઠતા નથી." મારે પણ ધૈર્યનું અવલંબન લઇને આ સંકટ ભોગવી લેવું ઉચિત છે. હે ચેતન! આના કરતાં ઘણા જ ભયંકર સંકટો તેં સહન કર્યાં છે, નરકની મહાયાતનાઓ પાસે આ દુઃખ લેશ માત્ર પણ નથી. ખરે-

ખર! આખર સત્યનો ઝંડો મળ્યા વિના રહેવાનો નથી, કુદરતની પાસે સત્યનો જ અંતે વિજય થનાર છે. પૂર્વકૃત અશુભ કર્મના ઉદય ભોગવ્યા વિના છુટકો નથી, માટે આ સંકટ સમતાપૂર્વક વેઠી લેવું એ જ શ્રેયસ્કર છે.

સુદર્શન શેઠ આ પ્રમાણે શુભ ધ્યાનની શ્રેણિપર આરૂઢ થઇ અનુપમ આંતરિક આનંદ અનુભવવા લાગ્યા. તે જ સમયે રાજાના હુકમ પ્રમાણે રક્ષકોએ પહેલાં શબ્દોના પ્રહાર કરી **સુદર્શન** શેઠની બની શકી તેટલી કદર્થના કરી, છતાં પણ તેઓ તો મૌન જ રહ્યા. આથી રક્ષકો વધારે ગુસ્સે થયા અને તેઓને શૂળી પર તુરત જ ચઢાવી દીધા અને ક્રોધાવેશમાં આવી જઇ વધારામાં ફટકાનો માર મારવા માંડ્યો. પરંતુ તેઓને શૂળી પર ચઢાવતાં જ તેઓના અતુલ શીલથી આકર્ષાઇ કોઇ દિવ્ય દેવતાના પ્રભાવથી શૂળીનું સિંહાસન બની ગયું, એટલું જ નહિ પણ શસ્ત્રાદિકના પ્રહારો તેઓને અલંકારો થઇ ગયા. મસ્તક પરના પ્રહાર મુગટરૂપે પરિણમ્યા, બાહુ પરના બાજુબંધ રૂપે, કંઠમાંના હારરૂપે, કાન પરના કુંડલરૂપે અને પગ પરના પ્રહારો પગના અલંકારરૂપે પરિણમ્યા. કેવો ચમત્કાર! કેવો મહિમા! અહા! શીલ! તારા પ્રભાવથી દેવો તો શું, દેવેંદ્રો પણ ક્ષણમાં દાસ બની રહે છે.

એવા અનુપમ શીલગુણને સહસ્ર કોટિવાર નમસ્કાર.

× × × × × × ×

આ ચમત્કારની ખબર સાંભળતાં જ **દધિવાહન** રાજા આશ્ચર્યમુગ્ધ થઇ ગયો. પોતાના અયોગ્ય પ્રકોપ અને અવિચારી કૃત્ય માટે અતિ પશ્ચાતાપ કરવા લાગ્યો, પોતાની ભૂલોઇ માટે તેનો અંતરાત્મા ડંખવા લાગ્યો અને મનમાં વિચાર કરવા લાગ્યો કે:–'અરે! આ વગર વિચાર્યું મેં શું કર્યું? પ્રજાજનો મારા માટે કેવો અભિપ્રાય બાંધશે? સજ્જનો સમક્ષ હું મારૂં મુખ શી રીતે બતાવીશ? હવે મારા ન્યાય પર કોણ વિશ્વાસ રાખશે? માટે હું પોતે જ **સુદર્શન**ની પાસે જઇ મારા અપરાધની ક્ષમા યાચી કૃતાર્થ થાઉં, કારણ કે ઉત્તમ પુરૂષો સંકટ આપનાર પ્રત્યે પણ અનુગ્રહ જ કરે છે.

આ પ્રમાણે પોતાના મન સાથે નિશ્ચય કરીને રાજા તરત જ હાથી પર સ્વાર થઇ શૂળીના સ્થાન આગળ **સુદર્શન** શેઠની પાસે આવ્યો અને આવો અદ્‌ભુત શીલ માહાત્મ્યનો ચમત્કાર સાક્ષાત જોઇ ચકિત જ થઇ ગયો. શું બોલવું, કેવી રીતે બોલવું તેનું પણ ક્ષણભર તેને ભાન ન રહ્યું. છેવટે ધૈર્યપૂર્વક મન સ્વસ્થ કરી

તે ગદ્‌ગદ્‌ વાણીથી પુણ્યાત્મા સુદર્શન પ્રત્યે કહેવા લાગ્યો કેઃ—"હે મહાનુભાવ! હું પામર પ્રાણી આપને મુખ બતાવવાને પણ લાયક નથી. આપ જેવા મહાપુરૂષનો સત્કાર કરવાના બદલે વનિતાના વચનો પર વિશ્વાસ રાખી મેં તમોને આવું ભયંકર સંકટ આપ્યું—એ મારા હૃદયને ક્ષણે ક્ષણે દગ્ધ કરી મૂકે છે. આપ તો સમભાવથી બધું સહન કરી રહ્યા છો, પણ મુજ પામરની નીચતા અને ક્રૂરતા પ્રત્યક્ષ દેખાઇ આવે છે. હે ધર્માત્મા! તમે તમારા કુળના ભૂષણ રૂપ છો એટલું જ નહિ પણ મારા રાજ્યના, મારા નગરના પણ એક અલંકારરૂપ છો. તમારા જેવા અડગ પ્રતિજ્ઞાવંત મહાપુરૂષો જે નગરમાં અને જે રાજ્યમાં રહેતા હોય, તે રાજ્ય, તે નગર, તે રાજા અને તે પ્રજા પણ ધન્ય છે."

હે દેવાનુપ્રિય! મારા અપરાધની ક્ષમા આપો. આપશ્રીના ચરણકમળમાં વારંવાર પ્રણામ કરીને વિનંતિ કરૂં છું કે, મેં કરેલા ભયંકર પાપથી હવે મને બચાવો, આપના પ્રસન્ન વદનથી વચન સુધારસનો અમૃત પ્રવાહ વહેવડાવી મારી દગ્ધ અને દુર્બલ મનોભૂમિને આર્દ્ર બનાવી નવપલ્લવિત કરો.

રાજાના આ રીતના નમ્ર અને પશ્ચાતાપ ભરેલાં વચનો સાંભળીને સુદર્શન શેઠનું હૃદય વધારે દયાર્દ્ર થયું, તેની યોગ્યતા જોઇ તેઓને વધારે પ્રસન્નતા ઉત્પન્ન થઇ. આ વખતે નગરજનોથી તે સ્થલ સંકીર્ણ થઇ ગયું હતું, એક જ ભાગ્યશાળી તરફ બધાની દૃષ્ટિ રોકાઇ રહી હતી. લોકોની ઉત્સુકતા જોઇ પુણ્યાત્મા સુદર્શને સર્વ પ્રજા સમક્ષ રાજાને ઉદ્દેશીને કહ્યું કેઃ—"હે રાજન્! પ્રાણીઓ જે કે સ્વોપાર્જિત કર્મનું ફળ ભોગવે છે, તો પણ તેમાં અન્ય પ્રાણી નિમિત્ત બની પોતાના અંતરની ન્યૂનાધિક ક્રૂરતાને લઇને તે ઓછું વત્તું કર્મ બાંધે છે. તેમાં પણ પાછળથી ખરી વસ્તુસ્થિતિની જાણ થતાં જ પશ્ચાતાપ કરવાથી પ્રાણી પોતે અજાણતાં કરેલા પાપકર્મથી પ્રાયે કરીને મુક્ત થાય છે. મારા તરફનો લેશ પણ અંદેશો તમે તમારા હૃદયમાં રાખશો નહિ. પ્રજાના ધર્મકાર્યમાં સહાયતા માટે તમારી ધર્મભાવના સદા જ્વલંત રહે એ જ મારી છેવટની ચાહના છે. તમો સદા વિજયવંત અને કર્તવ્ય પરાયણ રહો અને પ્રજાના અભ્યુદયના આશીર્વાદ મેળવો એ મારી અંતિમ વાંછના છે."

સુદર્શન શેઠનાં આ પ્રમાણેનાં ધાર્મિક ભાવનાના રસથી ભરેલાં અને મનુષ્યત્વનો સાચો ખ્યાલ આપનારાં વચનોથી રાજા અને પ્રજાજનોમાં આનંદ આનંદ વર્તાઇ રહ્યો. શ્રેષ્ટિના ઊંચા વિચારોએ ઘણા મનુષ્યોના મનમાં અદ્‌ભુત અસર કરી, તેઓની ઉચ્ચત્વદર્શક ભાવના રૂપ હિમાલયના શિખરમાંથી પ્રવાહ રૂપે બહાર આવેલી વાણીરૂપ સરિતામાં સ્નાન કરી શુદ્ધ થએલા પ્રજાજનો આનંદમગ્ન થઇ

ગયા. પછી રાજા અતિ હર્ષિત થઇને શેઠને મહોત્સવપૂર્વક નગરમાં તેડી ગયો, અને રાજસભામાં સર્વની સમક્ષ સ્નેહપૂર્વક પુષ્પાદિકથી તેઓનો સત્કાર કરી એકાંતમાં બોલાવીને બધી યથાર્થ હકીકત પૂછી એટલે શ્રેષ્ઠિએ જે સત્ય હકીકત બની હતી તે યથાર્થ કહી દીધી. રાજાને આ સત્ય હકીકત સાંભળીને **અભયા** પર અતિ ક્રોધ ચઢ્યો, પણ તે જ વખતે શ્રેષ્ઠિએ શાંતિનાં વચનો કહી **અભયા**ને અભયદાન અપાવ્યું, જે રાજાએ શ્રેષ્ઠિના અત્યાગ્રહથી માન્ય રાખ્યું. આ બધી હકીકત જ્યારે **અભયા**ના જાણવામાં આવી, ત્યારે તે ગળે ફાંસો બાંધીને મરણ પામી અને **પંડિતા** ત્યાંથી પલાયન કરી **પાટલીપુત્ર** નામના નગરમાં **દેવદત્તા** નામની કોઈ વેશ્યાને ત્યાં રહી.

પોતાના સ્વામિનાથના વિજયના શુભ સમાચાર **મનોરમા**ને મળવાથી તેણીના હર્ષનો તો પાર જ ન રહ્યો. તેણી કાયોત્સર્ગ અને ધર્મધ્યાનથી મુક્ત થઇ ગૃહકાર્યમાં પ્રવૃત્ત થતી પોતાના પતિદેવને ઘેર આવવાની રાહ જોવા લાગી. રાજાએ પણ તેઓનો સંપૂર્ણ સત્કાર કરી બહુ જ આદરપૂર્વક વાજીંત્રોના નાદ અને આડંબર સહિત શેઠને હાથી પર બેસાડી તેઓને ઘેર પહોંચાડ્યા. **મનોરમા** પોતાના નિષ્કલંક પતિનું પ્રસન્ન મુખ જોઇ અતિ પ્રમોદ પામતી તેઓના ચરણમાં પડી.

× × × × × × ×

અહા ! પુત્ર પૌત્રાદિકના મોહમાં પડેલો પ્રાણી પોતાના આયુષ્યનો અંતભાગ આવ્યા છતાં પણ પૂર્વાપરનો વિચાર કરવા સાવધાન થતો નથી. લક્ષ્મી અને લલનાનાં પાશમાં મૂઢ બનેલો તે આ ભવ નાટકમાં નટની માફક નાચ્યા કરે છે, આવા અનિત્ય સંસારમાંથી મુક્ત થઇ હવે મારે ચારિત્રધર્મનો આશ્રય લેવો એ જ યુક્ત છે. આ પ્રમાણે વિચાર કરીને **સુદર્શન** શેઠે પોતાની પ્રિયાને બોલાવીને કહ્યું કેઃ—"હે પ્રિયે ! આ સંસારનાં સુખ દુઃખનો સ્વાદ લઇ મારું મન હવે તેનાથી વિરક્ત થતું જાય છે, માટે ચારિત્ર ધર્મનો સ્વીકાર કરવાનો મારો ઇરાદો છે, સંસારની ધાંધલમાં સમગ્ર જીંદગી એક નજીવી વસ્તુની માફક ફેંકી દેવી એ સજ્જન મનુષ્યનું કર્ત્તવ્ય નથી. હે ભદ્રે ! આ મારા વિચારમાં અંતરાય ઊભો ન કરતાં તેમાં તારી સંમતી અને ઉત્સાહ આપી મને વધુ ઉત્તેજિત કરવાની તારી ફરજ છે, સંસાર વ્યવહારનું શકટ આપણે દંપતિધર્મની સડક પર ઘણા સમય સુધી ચલાવ્યું, હવે હું મારા જીવન—શકટને ચારિત્રધર્મની સડક પર લઇ જવા ઇચ્છું છું. સરિતાઓથી સમુદ્ર અને લાકડાંથી અગ્નિની જેમ આ પ્રાણી મોહને વશ થઇ વિષય વિકારોથી કદી તૃપ્ત થતો જ નથી અને તેમાંને તેમાં જીંદગીભર સુધી આત્મસાધન કરવાનો

અવસર જ પ્રાપ્ત થતો નથી, માટે અવસરોચિત કાર્ય કરી લેવું એ જ ડહાપણનું લક્ષણ છે."

પોતાનાં સ્વામીનાથનાં આ પ્રમાણેનાં વચન સાંભળીને **મનોરમા** ક્ષણભર વિચારમાં પડી પડ, પરંતુ પોતે ધર્મવાસિત હોવાથી તરત જ તેણીના હૃદયમાં વિવેકરૂપ દીપકની જ્યોત જાગૃત થઇ, એટલે **સુદર્શન** શેઠના વિચારને પોતે સંમત થઇ. હૃદયના પ્રેમથી અને પ્રસન્ન વદને બોલી કેઃ–"હે સ્વામિનાથ ! આપશ્રીના પવિત્ર વિચારોએ મને રોમાંચિત કરી દીધી છે, આપશ્રીની ઉત્કૃષ્ટ ચારિત્રભાવના સાંભળી મને અનહદ આનંદ ઉત્પન્ન થયો છે. આપશ્રીના રત્નત્રયીના આચરણમાં મારે અનુમતિ તો શું પણ અનુમોદના કરવી એ પણ મારા અહોભાગ્યની વાત છે. આપશ્રી પ્રથમથી જ ધર્મ દૃઢતામાં પસાર થએલા છો એટલે ચારિત્ર ધર્મને આપ સુખપૂર્વક સાધી શકશો. હે પ્રાણનાથ ! ઉત્તરોત્તર આત્મ–મહત્વતા પ્રાપ્ત કરી છેવટે શીવલલનાની લાલિત્ય લીલામાં લીન થઇ જાઓ એવી મારી હાર્દિક ભાવના છે."

પોતાનો ગૃહભાર હિતશિક્ષા પૂર્વક પુત્રને સોંપીને **સુદર્શન** શેઠે એક ધર્મધુરંધર આચાર્ય પાસે ચારિત્ર અંગીકાર કર્યું. ચારિત્ર ગ્રહણ કર્યા પછી **સુદર્શન** મુનિએ અન્યત્ર વિહાર કર્યો. ક્ષમા સહિત તપશ્ચરણ અને ઉચ્ચ વિનય ભાવથી અધ્યયન તથા અતિ ઉલ્લાસથી સંયમ નિર્વાહ કરતાં **સુદર્શન** મુનિ પોતાની આત્મજ્યોતિને અધિકાધિક દેદીપ્યમાન કરવા લાગ્યા. કનક અને પાષાણ, રાજા અને રંક, સેવક અને શત્રુ તથા સંસાર અને મોક્ષમાં પણ તેઓની સદા સમાન જ ભાવના હતી. સમભાવની સરિતામાં તેઓશ્રી નિત્ય સ્નાન કરતા હોવાથી બરાબ કે મનહર વસ્તુમાં તેઓને દુગંછાભાવ કે આસક્તભાવ ન હતો.

એક વખતે વિહાર કરતા કરતા તેઓશ્રી પાટલીપુત્ર નગરમાં આવ્યા. ત્યાં પેલી **પંડિતા** એક **દેવદત્તા** નામની વેશ્યાને ત્યાં આવીને રહેલી હતી, તે હમેશાં વેશ્યાની પાસે **સુદર્શન**ના વખાણ કરતી હતી, આ સાંભળીને તે વેશ્યાને બહુ ક્રોધ થતો હતો અને કહેતી હતી કેઃ–"જો એને તું અહીં લાવે તો મને ખાત્રી થાય." એવામાં **સુદર્શન** મુનિ ત્યાં આવ્યાના સમાચાર **પંડિતા**ને મલ્યા, એટલે તે માયાવી શ્રાવિકા બની તેઓને વંદન કરવા અને આહાર માટે આમંત્રણ કરવા ગઈ, ત્યાં **સુદર્શન** મુનિને વંદન કરી અને બહુ આજીજી તથા પોતાના પારણાના મિષથી તેઓશ્રીને **દેવદત્તા**ને ઘેર લઇ આવી.

સુદર્શન મુનિ સરલ સ્વભાવથી તેની માયાજાળ જાણી ન શક્યા અને તેઓ વેશ્યાના ઘરની અંદર ગયા કે તરત જ બારણાં બંધ કરી વેશ્યા તેઓને ઉપસર્ગ

કરવા લાગી. વેશ્યાએ દિવસભર તેઓને વિલાસી વાક્યો, હાવભાવ, કટાક્ષો, અંગ-સ્પર્શ, વાક્‌પ્રહાર અને છેવટે મુષ્ટિપ્રહાર પણ કર્યા, પરંતુ પવનથી પર્વતનું શિખર જેમ ચલાયમાન થાય નહિ. તેમ તેઓશ્રી એક રંચ માત્ર પણ ચલાયમાન ન થયા. છેવટે કોઇ પણ રીતે વેશ્યા ન ફાવી, ત્યારે સંધ્યા સમય થતાં તેઓને છોડી મૂક્યા.

કર્મની વિચિત્રતાનો વિચાર કરતા કરતા તે મહામુનિ ત્યાંથી સીધા સ્મશાનમાં કાયોત્સર્ગ કરવા ચાલ્યા ગયા. ત્યાં કાયોત્સર્ગમાં રહેલા તે મહામુનિને મરીને વ્યંતરી થએલી **અભયા**એ આવીને બહુ ઉપસર્ગો કર્યા, અનુકુળ અને પ્રતિકુળ ઉપસર્ગો કરી તે મહામુનિને પીડા ઉપજાવવામાં તેને જરાએ કચાશ રાખી નહિ, પરંતુ તે પુણ્યાત્મા મહામુનિને તેના સઘળાએ ઉપસર્ગો ઉપકારક થઇ પડ્યા. તેઓશ્રીની ધ્યાનની ધારા અધિકાધિક વૃદ્ધિ પામવા લાગી અને પોતાના આત્માને કહેવા લાગ્યા કે:–"હે આત્મન્! આ કરતાં અનંતો કાલ અને અનંતગણી વેદનાઓ તું પરતંત્ર રીતે અનેકવાર સહન કરીને આવેલો છે, તો આ વેદના અલ્પકાલના માટે તું સહન કરી તારૂં કાર્ય સુધારી લે. આ પ્રમાણે ઉત્તમ ભાવનાઓ ભાવતાં, તેઓશ્રી શુક્લધ્યાનની શ્રેણિપર આરૂઢ થયા અને ઘાતિકર્મનો ક્ષય કરી કેવલજ્ઞાન પામ્યા. વ્યંતરી નિર્લજ્જ થઇને નાશી ગઇ અને દેવતાઓએ આવી તેઓશ્રીના કેવલજ્ઞાનનો મહોત્સવ કર્યો.

સુદર્શન મુનિ કેવલ્યજ્ઞાન પામ્યા, એટલે દેવતાઓએ મહોત્સવ કરી સુવર્ણ કમલની રચના કરી, તેના ઉપર બિરાજમાન થઇ દેવતાઓ અને મનુષ્યોની પર્ષદા સમક્ષ તે કેવલી ભગવંતે ધર્મદેશના આપી. તેઓશ્રીનો ધર્મોપદેશ સાંભળી ઘણા ભવ્યજીવો પ્રતિબોધ પામ્યા અને **અભયા** વ્યંતરીનો આત્મા પણ પ્રતિબોધ પામ્યો તથા પોતાના દુષ્કર્મોને પુનઃ પુનઃ ખમાવ્યાં, **દેવદત્તા** વેશ્યા તથા **પંડિતા** પણ પ્રતિબોધ પામીને શ્રાવિકા થઇ, ત્યાં તે સર્વેએ પોતપોતાનાં દુષ્કર્મોનો પશ્ચાતાપ કર્યો અને તેની ક્ષમાપના માગી.

પછી **સુદર્શન** કેવળી વસુધાપર વિહાર કરતા કરતા અનેક ભવ્યાત્માઓને ધર્મ પમાડી છેવટે અનંત સુખધામ મોક્ષનગરે પહોંચ્યા.

પ્રિય વાંચક! નમસ્કાર મહામંત્રના પ્રભાવથી **સુભગ**નો આત્મા કેટલી ઉચ્ચ કોટીએ પહોંચ્યો તેનો વિચાર કર! અને આજે જ નિશ્ચય કર કે મારાથી બનશે ત્યાં સુધી હમેશાં વધુ નહિ તો એક બાંધી યા છેવટે એક છુટી માલા તો તે **મહામંત્ર**ની હું જરૂર ગણીશ.

———— o ————

અમરકુમારની સજ્ઝાય.

રાજગૃહી નગરી ભલી, તિહાં શ્રેણિક રાજરે;
જિનધર્મનો પરિચય નહી, મિથ્યા મતમાંહે રાચ્યારે.
કર્મતણી ગતિ સાંભળો–૧

કર્મતણી ગતિ સાંભળો, કર્મ કરે તે હોય રે;
સ્વારથીઆં સહુ કો સગાં, વિણ સ્વારથ નહીં કોય રે. કર્મ૦ ૨
રાજા શ્રેણિક એકદા, ચિત્રશાળા કરાવે રે;
અનેક પ્રકારે મંડણી, દેખતાં મન મોહે રે. કર્મ૦ ૩
દરવાજે ગિર ગિર પડે, રાજા મન પસ્તાવે રે;
પૂછે જોષી પંડિતા, બ્રાહ્મણ ઇમ બતાવે રે. કર્મ૦ ૪
બાળક બત્રીશ લક્ષણો, હોમીજે ઇણ માંહે રે;
તો એહ મહેલ પડે નહિ, ઇમ ભાખે વયણ અજ્ઞાનો રે. કર્મ૦ ૫
રાજા ઢંઢેરો ફેરીયો, જે આપે બાળકુમારો રે;
તોળી આપું બરોબરી, સોનૈયા ધન સારો રે. કર્મ૦ ૬
ઋષભદત્ત બ્રાહ્મણ તિહાં વસે, ભદ્રા તસ ઘરણી જાણો રે;
પુત્ર ચાર સોહામણા, નિર્ધનીયો પુણ્ય હીણો રે. કર્મ૦ ૭
ઋષભદત્ત કહે નારને, આપો એક કુમારો રે;
ધન આવે ઘર આપણે, આપણ સુખીયાં સારો રે. કર્મ૦ ૮
નારી કહે વેગે કરો, આપો **અમર**કુમારો રે;
મ્હારે મન અણભાવતો, આંખથકી કરો અળગો રે. કર્મ૦ ૯
વાત જણાવી રાયને, રાજા મનમાં હરખ્યો રે;
જે માગે તે આપીને, લાવો બાળકુમારો રે. કર્મ૦ ૧૦
સેવક પાછા આવીયા, ધન આપ્યો મનમાન્યો રે;
અમર કહે મોરી માતાજી, મુને મત આપીજે રે. કર્મ૦ ૧૧
માતા કહે તુને શું કરું; મારે ભાવે તું મુઓ રે;
કામકાજ કરે નહિ, બાવાને જોઇએ સારો રે. કર્મ૦ ૧૨
આંખે આંસૂ નાંખતો, બોલે બાળકુંવારો રે;
સાંભળો મોરા તાતજી, તુમે મુજને રાખો રે. કર્મ૦ ૧૩

તાત કહે હું શુ કરૂં, મુજને તો તું પ્યારો રે;
માતા વેચે તાહરી, માહરો નહી કાંઇ જોરો રે. કર્મ૦ ૧૪
કાકો પણ પાસે હતો, કાકી મુજને રાખે રે;
કાકી કહે હું શું જાણું, માહરે તું શુ લાગે રે. કર્મ૦ ૧૫
બાળક રોતો સાંભળી, માસી પુઆ તે આવે રે;
બહેન પણ તિહાં બેઠી હતી, કિણહી મુજને રાખે રે. કર્મ૦ ૧૬
જો જો ધન અનરથ કરે, ધન પડાવે વાટો રે;
ચોરી કરે ધન લોભીયો, મરીને દુર્ગતિ જાય રે. કર્મ૦ ૧૭
હાથ પકડીને લેઇ ચાલ્યા, કુંવર રોવણ લાગ્યો રે;
મુજને રાજા હોમશે, ઇમ બાળક બહુ ઝુરે રે. કર્મ૦ ૧૮
બાળક તવ લેઇ ચાલ્યા, આખા ભર બજારો રે;
લોક સહુ હા હા કરે, વેચ્યો બાળ ચંડાળે રે. કર્મ૦ ૧૯
લોક તિહાં બહુળા મિલ્યા, જોવે બાળકુંવારો રે;
બાળ કહે મુજ રાખી લ્યો, થાશું દાસ તુમારો રે. કર્મ૦ ૨૦
શેઠ કહે રાખું સહી, ધન આપી મુહ માગ્યો રે;
રાયે મંગાવ્યો હોમવા, તે તો નહી રખાય રે. કર્મ૦ ૨૧
બાળકને તે લેઇ ગયા, રાજાજીની પાસે રે;
ભટજી પણ બેઠા હતા, વેદશાસ્ત્રના જાણો રે. કર્મ૦ ૨૨
ભટજીને રાજા કહે, દેખો બાળકુંવારો રે;
બાળકને શો દેખવો, કામ કરો મહારાજા રે. કર્મ૦ ૨૩
બાળ કહે કર જોડીને, સાંભળો શ્રી મહારાજા રે;
પ્રજાના પીયર તુમે, મુજને કીમ હોમીજે રે. કર્મ૦ ૨૪
રાજા કહે મૂલે લીયો, માહરો નહી અન્યાયો રે;
માતાપિતાએ તુંને વેચીયો, હોમવા આણ્યો આજે રે. કર્મ૦ ૨૫
ગંગોદકે નવરાવીને, ગળે ધાલી ફૂલની માળા રે;
કેસર ચંદન અરચીને, બ્રાહ્મણ ભણે તવ વેદો રે. કર્મ૦ ૨૬
અમરકુમર મન ચિંતવે, મુજ શીખવીયો સાધુ રે;
નવકાર મંત્ર છે મોટકો, સંકટ સહુ ટળી જાશે રે. કર્મ૦ ૨૭
નવપદ ધ્યાન ધરતાં થકાં, દેવ સિંહાસણ કંપ્યો રે;
ચાલી આવ્યો ઉતાવળો, જિહાં છે બાળકુંવારો રે. કર્મ૦ ૨૮

અગનિ ઝાળ ઠંડી કરી, દીધો સિંહાસણ ચંગો રે;
અમરકુમરને બેસાડીને, દેવ કરે ગુણ ગ્રામો રે. કર્મ૰ ૨૯
રાજાને ઊંધો નાખીયો, મુખે છુટયાં લોહી રે;
બ્રાહ્મણ સહુ લાંબા પડયા, જાણે સુકાં કાષ્ટો રે. કર્મ૰ ૩૦
રાજ સભા અચરિજ થઇ, એ બાળક કોઇ મ્હોટો રે;
પગ પૂજીજે એહના, તો એ મૂવા ઉઠે રે. કર્મ૰ ૩૧
બાળકે છાંટો નાખીયો, ઉઠયો **શ્રેણિક** રાજા રે,
અચરિજ દીઠો મોટકો, એ શું હુવો કાજે રે. કર્મ૰ ૩૨
બ્રાહ્મણ પડિયા દેખીને, લોક કહે પાપ જૂઓ રે;
બાળહત્યા કરતાં થકાં, તેહનાં ફળ છે એહો રે. કર્મ૰ ૩૩
બ્રાહ્મણ સહુ ભેળા થયા, દેખે એમ તમાસો રે;
કનક સિંહાસણ ઉપરે, બેઠો **અમરકુમારો** રે. કર્મ૰ ૩૪
રાજા સહુ પરિવાર શું, ઉઠયો તે તતકાળો રે;
કરજોડી કહે કુમારને, એ રાજ્યઋદ્ધિ સહુ તહારી રે. કર્મ૰ ૩૫
અમર કહે સુણો રાજવી, રાજશું નહી મુજ કાજે રે;
સંયમ લેશું સાધુનો, સાંભળો શ્રી મહારાજે રે. કર્મ૰ ૩૬
લોક સહુ મળી ઇમ કહે, ધન ધન બાળ કુંવારો રે.
ભટજી પણ સાજા હુવા, લાજ્યા તે મનમાંહે રે. કર્મ૰ ૩૭
જયજયકાર હુવો ઘણો, ધરમ તણે પરસાદો રે;
અમરકુમર મન સોચતો, જાતિસમરણ જ્ઞાનો રે. કર્મ૰ ૩૮
અમરકુમરે સંયમ લીયો, કરે પંચમુષ્ટિ લોચ રે;
બાહિર જઇ મસાણ મેં, કાઉસગ્ગ રહ્યો શુભ ધ્યાને રે. કર્મ. ૩૯
માતપિતાએ બાહિર જઇને, ધન ધરતિમાંહિ ઘાલ્યો રે;
કાંઇક ધન વ્હેંચી લીયો, જાણે વિવાહ મંડાણો રે. કર્મ૰ ૪૦
તેટલે દોડયો આવીયો, કોઇક બાળકુંવારો રે;
માતપિતાને ઇમ કહે, **અમરકુમરની** આ વાતો રે. કર્મ૰ ૪૧
માતાપિતા વિલખાં થયાં, ભૂડો થયો એ કામોરે;
ધન રાજા લેશે સહુ, કાંઇક કરીએ ઉપાયો રે. કર્મ૰ ૪૨
ચિંતાતુર થઇ અતિ ઘણી, રાતે નિંદ ન આવે રે;
પૂરવ વૈર સંભારતી, પાપણી ઊડી તિણ વારો રે. કર્મ૰ ૪૩

શસ્ત્ર હાથ લેઇ કરી, આવી બાળક પાસોરે;
પારીએ કરીને પાપણી, માર્યો બાળકુંવારો રે. કર્મ૰ ૪૪
શુકલધ્યાન સાધુ ધર્યો, શુભ મન આણી ભાવો રે;
કાળ કરીને અવતર્યો, બારમા સ્વર્ગ મોઝારે રે. કર્મ૰ ૪૫
બાવીશ સાગર આઉખો, ભોગવી વંછિત ભોગો રે;
મહાવિદેહમાં સીઝશે, પામશે કેવળ નાણો રે. કર્મ૰ ૪૬
હવે તે માતા પાપણી, મનમાં હરખ અપારો રે;
ચાલી જાય આણંદમેં, વાઘણી મળી તિણ વારો રે. કર્મ૰ ૪૭
ફંફેડી નાખી તિહાં, પાપણી મૂઇ તિણ વારો રે.
છઠ્ઠી નરકે ઉપની, બાવીશ સાગર આઉ રે. કર્મ૰ ૪૮
જો જો મંત્ર **નવકાર**થી, **અમરકુમર** શુભ ધ્યાનો રે;
સુર પદવી લહી મોટકી, ધરમ તણે પરસાદે રે. કર્મ૰ ૪૯
નર ભવ પામી જીવડા, ધરમ કરો શુભ ધ્યાનો રે;
તો તુમે અમર તણી પરે, સિદ્ધગતિ તે લેશો રે. કર્મ૰ ૫૦
કર જોડી **કવિયણ** ભણે, સાંભળો ભવિજન લોકો રે;
વૈર વિરોધ કોઇ મતિ કરો, જિમ પામો ભવ પારો રે. કર્મ૰ ૫૧
શ્રી જિનધર્મ સુરતરૂ સમો, જેહની શીતળ છાંયો રે;
જેહ આરાધે ભાવશું, સીઝે વંછિત કાજે રે. કર્મ૰ ૫૨

———— o ————

શ્રી નવકાર મંત્રનો છંદ

દુહા

વંછિત પૂરે વિવિધ પરે, શ્રી જિનશાસન સાર ।
નિશ્ચે શ્રી નવકાર નિત્ય, જપતાં જયજયકાર ॥૧॥
અડસઠ અક્ષર અધિક ફલ, નવપદ નવે નિધાન ।
વીતરાગ સ્વયં મુખ વદે, પંચ પરમેષ્ટિ પ્રધાન ॥૨॥
એક જ અક્ષર એક ચિત્ત, સમર્યા સંપત્તિ થાય ।
સંચિત સાગર સાતનાં, પાતક દૂર પલાય ॥૩॥
સકલ મંત્ર શિર મુકુટમણિ, સદ્‌ગુરૂ ભાષિત સાર ।
સો ભવિયાં મન શુદ્ધશું, નિત્ય જપીએ નવકાર ॥૪॥

છંદ

નવકાર થકી **શ્રીપાલ** નરેશ્વર, પામ્યા રાજ્ય પ્રસિદ્ધ;
સ્મશાન વિષે **શિવ** નામ કુમરને, સોવન પુરિસો સિદ્ધ ॥
નવલાખ જપંતા નરક નિવારે, પામે ભવનો પાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૫॥
આંધી વડશાખા શિંકે બેસી, કીધો કુંડ હુતાશ;
તસ્કરને ચિત્તે મંત્ર સમર્યો, ઉડયો તે આકાશ ॥
વિધિ રીતે જપતાં અહિ વિષ ટાળે, ઢાળે અમૃતધાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૬॥
બીજોરા કારણ રાય **મહાબલ**, વ્યંતર દુષ્ટ વિરોધ;
જેણે નવકારે હત્યા ટાળી, પામ્યો યક્ષ પ્રતિબોધ ॥
નવલાખ જપંતા થાયે જિનવર, ઇસ્યો છે અધિકાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૭॥
પલ્લીપતિ શીખ્યો મુનિવર પાસે, મહામંત્ર મન શુદ્ધ;
પરભવ તે **રાજસિંહ** પૃથ્વીપતિ, પામ્યો પરિગલ રિદ્ધ ॥
એ મંત્ર થકી અમરાપુર પહોતો, **ચારૂદત્ત** સુવિચાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૮॥

સન્યાસી કાશી તપ સાધંતો, પંચાગ્નિ પરજાલે;
દીઠો શ્રીપાસકુમારે પન્નગ, અધ બલતો તે ટાલે ॥
સંભલાવ્યો શ્રીનવકાર સ્વયંમુખ, ઇંદ્રભુવન અવતાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૯॥
મન શુદ્ધે જપતાં **મયણાસુંદરી**, પામી પ્રીય સંયોગ;
ઈણે ધ્યાનથકી ટલ્યો કુષ્ટ ઉંબરનો, રક્તપિત્તનો રોગ ॥
નિશ્ચે શું જપતાં નવનિધિ થાયે, ધર્મ તણો આધાર,
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે નિત્ય જપીયે નવકાર ॥૧૦॥
ઘટમાંહી કૃષ્ણ ભુજંગમ ઘાલ્યો, ઘરણી કરવા ઘાત;
પરમેષ્ટિ પ્રભાવે હાર ફૂલનો, વસુધા માંહી વિખ્યાત ॥
કલાવતિએ પિંગલ કીધો, પાપ તણો પરિહાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૧॥
ગયણાંગણ જાતી રાખી ગ્રહીને, પાડી બાણ પ્રહાર;
પદ પંચ સુણંતાં પાંડુ પતિ ઘર, તે થઇ કુંતા નાર ॥
એ મંત્ર અમુલખ મહિમા મંદિર, ભવદુઃખ ભંજનહાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૨॥
કંબલ સંબલે કાઢવ કાઢ્યા, શકટ પાંચસેં માન;
દીધે નવકારે ગયા દેવલોકે, વિલસે અમર વિમાન ॥
એ મંત્ર થકી **સંપ્રતિ** વસુધા લહી, વિલસે જૈન વિહાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૩॥
આગે ચોવીશી હુઇ અનંતી, હોશે વાર અનંત;
નવકાર તણી કોઇ આદિ ન જાણે, એમ ભાખે અરિહંત ॥
પૂરવ દિશિ ચારે આદિ પ્રપંચે, સમર્યા સંપત્તિ સાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૪॥
પરમેષ્ટિ સુરપદ તે પણ પામે, જે કૃત કર્મ કઠોર;
પુંડરગિરિ ઉપર પ્રત્યક્ષ પેખો, **મણિધરને** એક **ભોર** ॥
સહ ગુરૂ સન્મુખ વિધિયે સમરતાં, સફળ જનમ સંસાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૫॥
શૂલિ આરોપણ તસ્કર કીધો, **લોહખુર** પરસિદ્ધ;
તિહાં શેઠે નવકાર સુણાવ્યો, પામ્યો અમરની રિદ્ધ ॥

શેઠને ઘર આવી વિઘ્ન નિવાર્યાં, સુરે કરી મનોહાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૬॥
પંચ પરમેષ્ટિ જ્ઞાનજ પંચહ, પંચ દાન ચારિત્ર;
પંચ સજ્ઝાય મહાવ્રત પંચહ, પંચ સમિતિ સમકિત ॥
પંચ પ્રમાદ વિષય તજે પંચહ, પાલે પંચાચાર;
સો ભવિયાં ભક્તે ચોકખે ચિત્તે, નિત્ય જપીયે નવકાર ॥૧૭॥

કલશ-છપ્પય

નિત્ય જપીયે નવકાર, સાર સંપત્તિ સુખદાયક;
સિદ્ધમંત્ર એ શાશ્વતો, એમ જપે શ્રી જગનાયક ।
શ્રી અરિહંત સુ સિદ્ધ, શુદ્ધ આચાર્ય ભણી જે;
શ્રી ઉવજ્ઝાય સુસાધુ, પંચ પરમેષ્ટિ થુણીજે ।
નવકાર સાર સંસાર છે, **કુશલલાભ** વાચક કહે;
એક ચિત્તે આરાધતાં, વિવિધ રીતે વાંછિત લહે ॥૧૮॥

પદસ્થ ધ્યાનનું સ્વરૂપ

पिंडस्थं च पदस्थं च रूपस्थं रूपवर्जितम् ।
चतुर्धा ध्येयमाम्नातं ध्यानस्याऽलंबनं बुधैः ॥१॥

અર્થાત્—પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ અને રૂપાતીત આ ચાર પ્રકારનું ધ્યાન જ્ઞાની પુરૂષોએ બતાવેલું છે. યો. શા. સપ્તમપ્રકાશ શ્લોક. ૮

આઠમો પ્રકાશ

પદસ્થ ધ્યેય અને તેનું ધ્યાન—

यत्पदानि पवित्राणि समालंब्य विधीयते ।
तत्पदस्थं समाख्यातं ध्यानं सिद्धांतपारगैः ॥१॥

પવિત્ર [મંત્ર] પદોનું અવલંબન લઈને જે ધ્યાન કરવામાં આવે છે તે ધ્યાનને સિદ્ધાંતના પારગામી મહાપુરૂષોએ પદસ્થ ધ્યાન કહેલું છે. ૧

तत्र षोडशपत्राढ्ये नाभिकंदगतेंबुजे ।
स्वरमालां यथापत्रं भ्रमंति परिचिंतयेत् ॥२॥
चतुर्विंशतिपत्रं च हृदि पद्मं सकर्णिकम् ।
वर्णान्यथाक्रमं तत्र चिंतयेत् पंचविंशतिम् ॥३॥
वक्त्राब्जेऽष्टदले वर्णाष्टकमन्यत्ततः स्मरेत् ।
संस्मरन् मातृकामेवं स्याच्छ्रुतज्ञानपारगः ॥४॥

પ્રથમ નાભિ કંદમાં સોળ પાંખડી વાળા કમલની અંદર સોળ સ્વર (અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ, ઓ, ઔ, અં, અઃ) ની પંક્તિને ભ્રમણ કરતી ચિંતવવી. (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬–૭) [પછી] હૃદય કમળમાં કર્ણિકા સહિત ચોવીશ પાંખડીવાળા કમળની પાંખડીઓમાં અનુક્રમે ક, ખ, ગ, ઘ, ઙ, ચ, છ, જ, ઝ, ઞ, ટ, ઠ, ડ, ઢ, ણ, ત, થ, દ, ધ, ન, પ, ફ, બ, ભ, અને કર્ણિકામાં મ વ્યંજન ચિંતવવો (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮–૯) તથા મુખકમળની અંદર આઠ પાંખડીવાળા કમળની કલ્પના કરવી અને તેમાં બાકીના બીજા આઠ વર્ણો ય, ર, લ, વ, શ, ષ, સ, હ સ્મરવા. (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦) આ પ્રમાણે માતૃકાનું સ્મરણ કરતો (મનુષ્ય) શ્રુતજ્ઞાનનો પારગામિ થાય. (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૫)–૨–૩–૪

માતૃકાના ધ્યાનનું ફળ

ध्यायतोऽनादिसंसिद्धान् वर्णानेतान्यथाविधि ।
नष्टादिविषयज्ञानं ध्यातुरुत्पद्यते क्षणात् ॥५॥

અનાદિ સિદ્ધ આ અકારાદિ વર્ણોનું વિધિ પૂર્વક ધ્યાન કરવાવાળા પુરૂષને નષ્ટાદિ (ભૂત, ભવિષ્ય અને વર્તમાન) સંબંધી જ્ઞાન ઉત્પન્ન થાય છે.–૫

अथवा नाभिकंदाधः पद्ममष्टदलं स्मरेत् ।
स्वरालिकेसरं रम्यं वर्गाष्टकयुतैर्दलैः ॥६॥
दलसंधिषु सर्वेषु सिद्धस्तुति विराजितं ।
दलाग्रेषु समग्रेषु मायाप्रणवपावितं ॥७॥
तस्यांतरंतिमं वर्णमाद्यवर्णपुरस्कृतं ।
रेफाक्रांतं कलाबिंदुरम्यं प्रालेयनिर्मलं ॥८॥
अर्हमित्यक्षरं प्राणप्रांतसंस्पर्शि पावनम् ।
ह्रस्वं दीर्घ प्लुतं सूक्ष्ममतिसूक्ष्मं ततः परं ॥९॥
ग्रंथिन् विदारयन्नाभिकंदहृद्घटिकादिकान् ।
सुसूक्ष्मध्वनिना मध्यमार्गयायि स्मरेत्ततः ॥१०॥
अथ तस्यांतरात्मानं प्लाव्यमानम् विचिंतयेत् ।
बिंदुतप्तकलानिर्यत् क्षीरगौरामृतोर्मिभिः ॥११॥
ततः सुधासरः सूतषोडशाब्जदलोदरे ।
आत्मानं न्यस्य पत्रेषु विद्यादेवीश्च षोडश ॥१२॥
स्फुरत् स्फटिकशृंगारक्षरत्क्षीरासितामृतैः ।
आभिराप्लाव्यमानं स्वं चिरं चित्ते विचिंतयेत् ॥१३॥
अथास्य मंत्रराजस्याभिधेयम् परमेष्ठिनम् ।
अर्हंतं मूर्द्धनि ध्यायेत् शुद्धस्फटिकनिर्मलं ॥१४॥
तद्ध्यानावेशतः सोहंसोहमित्याऽलपन्मुहुः ।
निःशंकमेकतां विद्यादात्मनः परमात्मना ॥१५॥
ततो नीरागमद्वेषममोहं सर्वदर्शिनम् ।
सुराचर्यं समवसृतौ कुर्वाणं धर्मदेशनाम् ॥१६॥
ध्यायन्नात्मानमेवेत्थमभिन्नं परमात्मना ।
लभते परमात्मत्वम् ध्यानी निर्धूतकल्मषः ॥१७॥

નાભિકંદની નીચે આઠ પાંખડીવાળું કમલ ચિંતવવું, (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧) તે કમલની રમણિક કેસરાઓ અ. આ. ઇત્યાદિ સોળ સ્વરોની કલ્પવી અને આઠ પાંખડીઓમાં આઠ વર્ગો અનુક્રમે સ્થાપન કરવા.

આઠ વર્ગો તે આ પ્રમાણેઃ—

અ, આ, ઇ, ઈ, ઉ, ઊ, ઋ, ૠ, ઌ, ૡ, એ, ઐ ઓ, ઔ, અં, અઃ ૧, ક ખ ગ ઘ ઙ ૨, ચ છ જ ઝ ઞ ૩, ટ ઠ ડ ઢ ણ ૪, ત થ દ ધ ન ૫, પ ફ બ ભ મ ૬, ય ર લ વ ૭, શ ષ સ હ ૮; એક પાંખડીમાં એક એમ આઠ વર્ગો આઠ પાંખડીમાં સ્થાપન કરવા.

તે આઠ પાંખડીઓની સંધિઓમાં સિદ્ધ સ્તુતિ હીંકારની સ્થાપના કરવી. તે કમલમાં પહેલો વર્ણ અ અને છેલ્લો વર્ણ હ રેફ ર્ કલા ૅ અને બિંદુ ં સહિત બરફની માફક ઊજ્વલ (અર્હં) સ્થાપન કરવો. (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૨–૧૩) આ અર્હં અક્ષર મનથી સ્મરણ કરવા માત્રથી પણ પવિત્ર કરનાર છે. આ અર્હં શબ્દનો પ્રથમ ઉચ્ચાર હ્રસ્વ મનમાં કરવો, પછી દીર્ઘ, પ્લુત અને સૂક્ષ્મ કરવો, પછી તેનો ઉચ્ચાર નાભિકંદ તથા ઘંટિકાદ્વિકની ગાંઠને વિદારણ કરતો સૂક્ષ્મ ધ્વનિવાળો થઇ તે સર્વના મધ્યમાં થઇ આગળ ચાલ્યો જાય છે એમ ચિંતવવું, પછી તે નાદને બિંદુથી તપેલી કળામાંથી નીકળતા દુધ સરખા ઊજ્વળ, અમૃતના કલ્લોલે કરી અંતરાત્માને સિંચાતો ચિંતવવો. તે પછી એક અમૃતનું સરોવર કલ્પવું, તે સરોવરની અંદર પેદા થએલા એવા સોળ પાંખડીવાળા કમળની અંદર પોતાને સ્થાપન કરી તે પાંખડીઓમાં અનુક્રમે સોળ વિદ્યાદેવીઓની સ્થાપના ચિંતવવી. પછી દેદીપ્યમાન સ્ફટિક રત્નના ભૃંગાર (ઝારી)માંથી ઝરતા દુધની માફક ઊજ્વળ અમૃત વડે પોતાને સિંચાતા ઘણા વખત સુધી મનમાં ચિંતવવું. પછી આ મંત્રરાજના અભિધેય (નામવાળા) શુદ્ધ સ્ફટિની માફક નિર્મળ જે પરમેષ્ઠિ અર્હમ્ તેનું મસ્તકને વિષે ધ્યાન કરવું. તેના ધ્યાનના આવેશમાં સોઽહં, સોઽહં,તે વીતરાગ, તે જ હું, તે જ તું એમ વારંવાર બોલતાં નિઃશંકપણે આત્માની પરમાત્મા સાથે એકતા સમજવી. પછી નિરાગી, અદ્વેષી, અમોહિ, સર્વદર્શિ, દેવોથી પૂજનિક અને સમવસરણમાં રહી ધર્મદેશના દેતા, પરમાત્માની સાથે અભિન્નતાનું ધ્યાન કરતાં ધ્યાની પાપ કર્મોનો નાશ કરી પરમાત્મપણાને પામે છે.—૬ થી ૧૭

यद्वा मंत्राधिपं धीमान् ऊर्ध्वाऽधोरेफसंयुतम् ।
कलाबिंदुसमाक्रांतमनाहतयुतं तथा ॥१८॥
कनकांभोजगर्भस्थं सांद्रचन्द्रांशुनिर्मलं ।
गगने संचरन्तं च व्याप्नुवन्तं दिशः स्मेरत् ॥१९॥
ततो विशंतं वक्त्राब्जे भ्रमन्तं भ्रूलतांतरे ।
स्फुरंतं नेत्रपत्रेषु तिष्ठन्तं भालमण्डले ॥२०॥

निर्यांतं तालुरंध्रेण स्रवन्तं च सुधारसं ।
स्पर्धमानं शशांकेन स्फुरंतं ज्योतिरंतरे ॥२१॥
संचरन्तं नभोभागे योजयन्तं शिवश्रिया ।
सर्वावयवसंपूर्णं कुंभकेन विचिंतयेत् ॥२२॥

અથવા ઉપર અને નીચે રેફ સહિત તથા કલા અને બિંદુથી દબાએલ અનાહત સહિત મંત્રાધિરાજ (અર્હં) ને સુવર્ણ કમલમાં રહેલો, ગાઢ ચંદ્રના કિરણોની માફક નિર્મલ, આકાશમાં સંચરતો અને દિશાઓમાં વ્યાપ્ત થતો ચિંતવવો. ત્યાર પછી મુખકમળમાં પ્રવેશ કરતા, ભ્રૂલતાની અંદર ભમતા, નેત્ર રૂપી પત્રમાં સ્ફુરાયમાન થતા, ભાલમંડળમાં રહેતા (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૪) તાળુના રંધ્રથી બહાર નીકળતા, અમૃતરસને ઝરતા, ઉજ્વળતામાં ચંદ્રની સાથે સ્પર્ધા કરતા, જ્યોતિષ મંડલમાં સ્ફુરતા, આકાશના ભાગમાં સંચરતા અને મોક્ષલક્ષ્મી સાથે જોડતો સર્વ અવયવોથી સંપૂર્ણ [મંત્રાધિરાજને] બુદ્ધિમાન યોગીઓએ કુંભક કરીને ચિંતવવો.–૧૮, ૧૯, ૨૦, ૨૧, ૨૨.

अकारादि हकारांतं रेफमध्यं सबिंदुकं ।
तदेव परमं तत्त्वं यो जानाति स तत्त्ववित् ॥२३॥

અ કાર જેની આદિમાં તથા હ કાર જેના અંતમાં છે અને મધ્યમાં બિંદુ સહિત રેફ છે, તે જ [અર્હં] પરમતત્ત્વ છે. તેને જે જાણે છે તે તત્ત્વનો જાણુ છે.–૨૩

महातत्त्वमिदं योगी यदैव ध्यायति स्थिरः ।
तदैवानन्दसंपद्भूर्मुक्तिश्रीरुपतिष्ठते ॥२४॥

મનને સ્થિર કરી સ્થિર થઇ, યોગી જ્યારે આ [અર્હં] મહાતત્ત્વનું ધ્યાન કરે છે, તે જ વખતે તેને, આનંદ સંપદાની ભૂમિ સમાન મોક્ષ લક્ષ્મી સમીપ આવી ઊભી રહે છે.–૨૪

रेफबिंदुकलाहीनं शुभ्रं ध्यायेत्ततोऽक्षरम् ।
ततोऽनक्षरतां प्राप्तमनुच्चार्यं विचिंतयेत् ॥२५॥

રેફ, બિંદુ અને કલા રહિત એવા ઉજ્વળ [ह] વર્ણનું ધ્યાન કરવું, પછી તે જ અક્ષર, અનક્ષરતા (અર્ધ કલાના આકારને પામેલો) અને મુખે ઉચ્ચાર કર્યા વિના મનમાં ચિંતવવો.–૨૫

निशाकरकलाकारं सूक्ष्मं भास्करभास्वरं ।
अनाहताभिधं देवं विस्फुरंतं विचिंतयेत् ॥२६॥
तदेव च क्रमात्सूक्ष्मं ध्यायेद्बालाग्रसंनिभं ।
क्षणमव्यक्तमीक्षेत जगज्ज्योतिर्मयं ततः २७॥

ચંદ્રની કલાના આકારે સૂક્ષ્મ અને સૂર્યની માફક દેદીપ્યમાન અનાહત નામના દેવ [ह वर्ण] ને સ્ફુરાયમાન થતો ચિંતવવો. તે જ અનાહતને અનુક્રમે વાળના અગ્રભાગ સરખો સૂક્ષ્મ ધ્યાવવો. પછી ક્ષણ વાર સારૂં જગત અવ્યક્ત (નિરાકાર) જ્યોતિમય છે તેમ જોવું.–૨૬, ૨૭

प्रच्याव्य मानसं लक्ष्यादलक्ष्ये दधतः स्थिरं ।
ज्योतिरक्षयमत्यक्षमन्तरुन्मीलति क्रमात् ॥२८॥
इति लक्ष्यं समालम्ब्य लक्ष्याभावः प्रकाशितः ।
निषण्णमनसस्तत्र सिध्यत्यभिमतं मुनेः ॥२९॥

પછી તે લક્ષ્યમાંથી મનને ધીમે ધીમે ખસેડીને, અલક્ષ્યમાં સ્થીર કરતાં, ક્ષય ન થાય તેવી અને ઇંદ્રિયને અગોચર, જ્યોતિ અનુક્રમે પ્રગટ થાય છે. આ પ્રમાણે લક્ષ્યનું આલંબન લઈ નિરાલંબનતારૂપ લક્ષ્યાભાવને પ્રકાશીત કરાય છે. તેથી અલક્ષ્યમાં નિશ્ચલ મનવાળા મુનિઓનાં મનવાંછિત સિદ્ધ થાય છે.–૨૮, ૨૯

પ્રણવનું ધ્યાન.

तथा हृत्पद्ममध्यस्थं शब्दब्रह्मैककारणम् ।
स्वरव्यंजनसंवीतं वाचकं परमेष्ठिनः ॥३०॥
मूर्द्धसंस्थितशीतांशुकलामृतरसप्लुतम् ।
कुम्भकेन महामन्त्रं प्रणवं परिचिंतयेत् ॥३१॥

તથા હૃદય કમળમાં રહેલા સમગ્ર શબ્દબ્રહ્મની ઉત્પત્તિનું એક કારણ, સ્વર તથા વ્યંજન સહિત પંચપરમેષ્ઠિ પદ વાચક, તથા મસ્તકમાં રહેલ ચંદ્રકલામાંથી ઝરતા, અમૃતના રસે કરી ભિંજતા મહામંત્ર પ્રણવ (ॐ કાર)ને કુંભક કરીને ચિંતવવો.–૩૦, ૩૧.

पीतं स्तम्भेऽरुणं वश्ये क्षोभेण विद्रुमप्रभम् ।
कृष्णं विद्वेषणे ध्यायेत् कर्मघाते शशिप्रभम् ॥३२॥

સ્તંભન કરવામાં પીળા ॐકારનું ધ્યાન, વશીકરણમાં ઉગતા સૂર્યજેવું લાલ, ક્ષોભમાં પરવાળાના જેવું રાતું, વિદ્વેષણ કર્મમાં કાળું અને કર્મનો નાશ કરવામાં ચંદ્રની કાંતિ જેવા ઉજ્વળ ॐકારનું ધ્યાન કરવું.–૩૨

પંચપરમેષ્ઠિ મંત્રનું ધ્યાન

तथा पुण्यतमं मंत्रं जगत्त्रितयपावनम् ।
योगी पंचपरमेष्ठिनमस्कारं विचिंतयेत् ॥३३॥

તથા ત્રણ જગતને પવિત્ર કરનાર એવા મહા પવિત્ર પંચપરમેષ્ઠિ નમસ્કાર મંત્રનું યોગીઓએ વિશેષ પ્રકારે ચિંતવન કરવું.–૩૩

अष्टपत्रे सिताम्भोजे कर्णिकायां कृतस्थितिम् ।
आद्यं सप्ताक्षरं मंत्रं पवित्रं चिंतयेत्ततः ॥३४॥
सिद्धादिक चतुष्कं च दिक्पत्रेषु यथाक्रमम् ।
चूलापादचतुष्कं च विदिक्पत्रेषु चिंतयेत् : ॥३५॥

[પ્રથમ] આઠ પાંખડીનું કમળ ચિંતવવું; તે કમળની મધ્ય કર્ણિકામાં સાત અક્ષરવાળો પવિત્ર મંત્ર णमो अरिहंताणं પહેલાં ચિંતવવો, પછી સિદ્ધાદિક ચાર મંત્ર [પદો]ને દિશાઓની પાંખડીઓમાં તથા વિદિશાની ચારે પાંખડીઓમાં અનુક્રમે ચાર ચૂલિકાઓ ચિંતવવી. (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં–૧૫) તે આ પ્રમાણેઃ—

णमो सिद्धाणं પૂર્વ દિશામાં, णमो आयरियाणं દક્ષિણ દિશામાં, णमो उवज्झायाणं પશ્ચિમ દિશામાં, णमोलोएसव्वसाहूणं ઉત્તર દિશામાં તથા एसो पंचनमुक्कारो અગ્નિ ખુણામાં, सव्वपावप्पणासणो નૈઋત્ય ખુણામાં, मंगलाणं च सव्वेसिं वायव्य ખુણામાં, તથા पढमं हवइ मंगलं એ મંત્ર પદ ઇશાન ખુણામાં આ પ્રમાણે નમસ્કાર મહામંત્રનું ચિંતવન કરવું–૩૪–૩૫

त्रिशुद्धया चिंतयंस्तस्य शतमष्टोत्तरं मुनिः ।
भुंजानोऽपि लभेतैव चतुर्थतपसः फलं ॥३६॥

મન, વચન અને કાયાની શુદ્ધિ વડે એકાગ્રચિત્તથી એકસો આઠ વાર આ નમસ્કાર મહામંત્રને જે મુનિ ગણે, તે આહાર કરવા છતાં પણ એક ઉપવાસનું ફળ પામે છે.

एनमेव महामंत्रं समाराध्येह योगिनः ।
त्रिलोक्यापि महीयंतेऽधिगताः परमां श्रियः ॥३७॥

આ જ મહામંત્રને સારી રીતે આરાધીને, આત્મલક્ષ્મીને મેળવી, આ ભવમાં પણ યોગીઓ ત્રણ લોકના જીવોથી પૂજાય છે.–૩૭

कृत्वा पापसहस्राणि हत्वा जंतुशतानि च ।
अमुं मंत्रं समाराध्य तिर्यंचोऽपि दिवं गताः ॥३८॥

હજારો પાપો કરનાર તથા સેંકડાની સંખ્યાઓમાં પ્રાણિઓને હણનાર એવા તિર્યંચો પણ આ મહામંત્રનું આરાધન કરી સ્વર્ગમાં ગયા છે.–૩૭

गुरुपंचकनामोत्था विद्या स्यात् षोडशाक्षरा ।
जपन् शतद्वयं तस्याश्चतुर्थस्याप्नुयात् फलं ॥३९॥

પંચપરમેષ્ઠિના નામથી ઉત્પન્ન થએલી સોળ અક્ષરની વિદ્યા થાય છે. તે વિદ્યા જો બસો વાર જપે તો એક ઉપવાસનું ફળ મળે. [अरिहंत सिद्ध आयरियउवज्झायसाहू આ સોળ અક્ષરી વિદ્યા જાણવી].

शतानि त्रीणि षड्वर्णं चत्वारि चतुरक्षरं ।
पंचवर्णं जपन् योगी चतुर्थफलमश्नुते ॥४०॥

છ અક્ષરવાળી વિદ્યા (अरिहंतसद्ध) ત્રણસો વાર, ચાર અક્ષરવાળી વિદ્યા (अरिहंत) ચારસો વાર, અને પાંચ અક્ષર વાળી વિદ્યા [असिआउसा] પાંચસો વાર જપનાર યોગી એક ઉપવાસનું ફળ પામે.

प्रवृत्तिहेतुरेवैतदमीषां कथितं फलम् ।
फलं स्वर्गापवर्गौ तु वदंति परमार्थतः ॥४१॥

આ વિદ્યાના જાપનું ફળ જે એક ઉપવાસનું બતાવ્યું છે, તે તો બાળ જીવોને જાપમાં પ્રવૃત્તિ થવા માટે જ છે, પરંતુ પરમાર્થથી બરૂ ફળતો સ્વર્ગ અને મોક્ષ છે એમ જ્ઞાની પુરૂષો કહે છે.

पंचवर्णमयी पंचतत्त्वविद्योध्धृता श्रुतात् ।
अभ्यस्यमाना सततं भवक्लेशं निरस्यति ॥४२॥

સિદ્ધાંતમાંથી ઉદ્ધરેલી પાંચ વર્ણવાળી, પંચ તત્ત્વ (રૂપ) વિદ્યાનો જે નિરંતર જાપ કરે તો, તે જાપ કરનારના સંસારના કલેશનો નાશ કરે છે. [**ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः असिआउसा नमः** આ પાંચ વર્ણ મયી પંચતત્ત્વ વિદ્યા જાણવી]

मंगलोत्तमशरणपदान्यऽव्यग्रमानसः ।
चतुःसमाश्रयाण्येव स्मरन् मोक्षं प्रपद्यते ॥४३॥

મંગળ, ઉત્તમ અને શરણ આ ત્રણ પદને અરિહંત, સિદ્ધ, સાધુ અને ધર્મ આ ચાર પદ સાથે મેળવીને એકાગ્ર ચિત્તથી ચિંતવન–સ્મરણ કરે તો મોક્ષની પ્રાપ્તિ થાય. તે પદો આ પ્રમાણે:–

अरिहन्ता मङ्गलं, सिद्धा मङ्गलं, साहू मङ्गलं, केवलिपन्नत्तो धम्मो मङ्गलं १. अरिहन्ता लोगुत्तमा, सिद्ध ालोगुत्तमा, साहू लोगुत्तमा, केवलिपन्नत्तो धम्मो लोगुत्तमो २. अरिहन्ते सरणं पवज्जामि, सिद्धे सरणं पवज्जामि, साहू सरणं पवज्जामि, केवलिपन्नत्तं धम्मं सरणं पवज्जामि ३.

मुक्तिसौख्यप्रदां ध्यायेद्विधां पञ्चदशाक्षरीम् ।
सर्वज्ञाभं स्मरेन्मन्त्रं सर्वज्ञानप्रकाशकम् ॥४४॥

મોક્ષ સુખને આપવા વાળી પંદર અક્ષરવાળી વિદ્યાનું ધ્યાન કરવું [**ॐ अरिहन्त सिद्ध सयोगि केवलि स्वाहा** આ પંદર અક્ષરવાળી વિદ્યા જાણવી], અને સર્વજ્ઞાન પ્રકાશક સર્વજ્ઞ સદૃશ મંત્રનું સ્મરણ કરવું [**ॐ ह्रीं श्रीं अर्हं नमः** આ મંત્રનું સ્મરણ કરવું].

वक्तुं न कश्चिदऽप्यस्य प्रभावं सर्वतः क्षमः ।
समं भगवता साम्यं सर्वज्ञेन बिभर्ति यः ॥४५॥

આ વિદ્યા અને મંત્ર મહાન ચમત્કારીક ફલને દેવાવાળા હોવાથી અને સર્વજ્ઞ ભગવાનના સરખાપણાને ધારણ કરતા હોવાથી, તેનો પ્રભાવ કહેવાને કોઇ પણ સમર્થ નથી.

यदीच्छेद् भवदावाग्नेः समुच्छेदं क्षणादपि ।
स्मरेत्तदाऽदिमन्त्रस्य वर्णसप्तकमादिमम् ॥४६॥

જો તમે સંસારરૂપ દાવાનળનો એક ક્ષણવારમાં ઉચ્છેદ કરવાને ઇચ્છતા હો તો, પહેલા મંત્રના સાત અક્ષરો (**नमो अरिहंताणं**)નું સ્મરણ કરો.

पञ्चवर्णं स्मरेन् मन्त्रं कर्मनिर्घातकं तथा ।
वर्णमालांचितं मन्त्रं ध्यायेत् सर्वाभयप्रदं ॥४७॥

આઠે કર્મોનો નાશ કરવા માટે પાંચ અક્ષરવાળા (**नमो सिद्धाणं**) મંત્રનું સ્મરણ કરવું અને સર્વ જાતના અભયને માટે અભય આપનાર વર્ણોની શ્રેણિવાળા (**ॐ नमो अर्हते, केवलिने, परमयोगिने, विस्फुरदुरुशुक्लध्यानाग्निनिर्दग्धकर्मबीजाय, प्राप्तानन्तचतुष्टयाय, सौम्याय शांताय मङ्गलवरदाय, अष्टादशदोषरहिताय स्वाहा**) મંત્રનું ધ્યાન કરવું.

હીંકાર વિદ્યાનું ધ્યાન

ध्यायेत् सिताब्जं वक्त्रांतरष्टवर्गीं दलाष्टके ।
ॐ नमो अरिहंताणमिति वर्णानपि क्रमात् ॥४८॥
केसरालीं स्वरमयीं सुधाबिंदुविभूषिताम् ।
कर्णिकां कर्णिकायां च चंद्रबिंबात्समापतत् ॥४९॥
संचरमाणं वक्त्रेण प्रभामंडलमध्यगम् ।
सुधादीधितिसंकाशं मायाबीजं विचिन्तयेत् ॥५०॥
ततो भ्रमंतं पत्रेषु संचरंतं नभस्तले ।
ध्वंसयंतं मनोध्वांतं स्रवंतं च सुधारसं ॥५१॥
तालुरंध्रेण गच्छंतं लसंतं भ्रूलतांतरे ।
त्रैलोक्याऽचिंत्यमाहात्म्यं ज्योतिर्मयमिवाद्भुतम् ॥५२॥
इत्यऽमुं ध्यायतो मन्त्रं पुण्यमेकाग्रमानसम् ।
वाग्मनोमलमुक्तस्य श्रुतज्ञानं प्रकाशते ॥५३॥
मासैः षड्भिः कृताभ्यासः स्थिरीभूतमनास्ततः ।
निःसरंतिं मुखांभोजाच्छिखां धूमस्य पश्यति ॥५४॥

संवत्सरं कृताभ्यासस्ततो ज्वालां विलोकते ।
ततः संजातसंवेगः सर्वज्ञमुखपंकजम् ॥५५॥
स्फुरत्कल्याणमाहात्म्यं संपन्नातिशयं ततः ।
भामंडलगतं साक्षादिव सर्वज्ञमीक्षते ॥५६॥
ततः स्थिरीकृतस्वांतस्तत्र संजातनिश्चयः ।
मुक्त्वा संसारकांतारमध्यास्ते सिद्धिमंदिरम् ॥५७॥
—दशभिः कुलकम् ॥

મુખની અંદર આઠ પાંખડીવાળું સફેદ કમળ ચિંતવવું અને આઠ પાંખડીઓમાં આઠ વર્ગો अ आ इ ई उ ऊ ऋ ॠ ऌ ॡ ए ऐ ओ औ अं अः १, क ख ग घ ङ २ च छ ज झ ञ ३, ट ठ ड ढ ण ४, त थ द ध न ५, प फ ब भ म ६, य र ल व ७, श ष स ह ८, અનુક્રમે સ્થાપવા, તેમ જ ॐ नमो अरिहन्ताणं આ આઠ અક્ષરોમાંથી એક એક અક્ષર એક એક પાંખડીએ મૂકવો, કમળની કેસરામાં ચારે બાજુ अ आ વગેરે સોળ સ્વરો ગોઠવવા અને વચ્ચેની કર્ણિકાને અમૃતના બિંદુથી વિભૂષિત કરવી; પછી ચંદ્રમંડલમાંથી આવતા, મુખેકરી સંચરતા–કાંતિના મંડળમાં રહેલા અને ચંદ્રમા સદૃશ કાંતિવાળા માયાબીજ [ह्रीं] ને તે કમળની કર્ણિકામાં ચિંતવવો. (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૬)

પછી દરેક પાંખડીઓમાં ભમતા, આકાશતળમાં સંચરતા, મનની મલિનતાનો નાશ કરતા, અમૃતરસને ઝરતા, તાલુરંધ્રે થઈ જતા, ભ્રકુટીની અંદર દીપતા, ત્રણ લોકમાં અચિંત્ય મહિમાવાળા અને જ્યોતિની માફક અદ્‌ભુતતાવાળા, આ પવિત્ર મંત્રનું એકાગ્ર મનથી ધ્યાન કરતાં–મન અને વચનની મલિનતા દૂર થઈ શ્રુતજ્ઞાન પ્રકાશ પામે છે.

મનને સ્થિર રાખી છ મહિના સુધી ધ્યાન કરતાં સાધક [પોતાના] મુખ-કમળથી નીકળતી એવી ધૂમાડાની શિખા જોઈ શકે છે, એક વરસ સુધી ધ્યાન કરતાં સાધક જ્વાલા જુએ છે અને પછી વિશેષ વૈરાગ્ય પ્રાપ્ત થતાં સર્વજ્ઞનું મુખ-કમળ જુએ છે, અને તેથી પણ આગળ વધતાં વધતાં અભ્યાસથી કલ્યાણકારી મહિમાવાળા, સર્વાતિશય સંપન્ન અને પ્રભામંડલની અંદર રહેલા જાણે સાક્ષાત્ સર્વજ્ઞ જ ન હોય તેવા સર્વજ્ઞને જુએ છે. પછી તે સર્વજ્ઞના સ્વરૂપને વિષે નિશ્ચલ મનવાળો સાધક સંસાર અટવીનો ત્યાગ કરી મોક્ષમંદિરમાં આરૂઢ થાય છે.–૪૮ થી ૫૭

ક્ષિ વિદ્યાનું ધ્યાન

शशिबिंबादिवोद्भूतां स्रवंतीममृतं सदा ।
विद्यां क्षिमिति भालस्थां ध्यायेत् कल्याणकारणं ॥५८॥

ચંદ્રના બિંબથી જ જાણે ઉત્પન્ન થએલી ન હોય તેવી ઉજ્વળ, નિરંતર અમૃતને સ્રવતી ક્ષ્વિં નામની વિદ્યાને કલ્યાણ માટે સાધકે પોતાના લલાટના વિષે ધ્યાવવી.(આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૭) –૫૮

क्षीरांभोधेर्विनिर्यान्तीं प्लावयन्तीं सुधांबुभिः ।
भाले शशिकलां ध्यायेत् सिद्धिसोपानपद्धतिं ॥५९॥

ક્ષીરસમુદ્રથી નીકળતી, અમૃતજળથી બિંજવતી અને મોક્ષરૂપ મહેલના પગથીઆંની શ્રેણિસરખી ચંદ્રકલાનું લલાટના વિષે સાધકે ધ્યાન ધરવું.–૫૯.

अस्याः स्मरणमात्रेण त्रुटद्भवनिबंधनः ।
प्रयाति परमानंदकारणं पदमव्ययम् ॥६०॥

ચંદ્રકળાના સ્મરણ માત્રથી સંસારના કારણરૂપ કર્મો તુટી જાય છે અને સાધક પરમાનંદના કારણરૂપ એવા મોક્ષપદને પ્રાપ્ત કરે છે.–૬૦

પ્રણવ, શૂન્ય અને અનાહતનું ધ્યાન

नासाग्रे प्रणवः शून्यमनाहतमिति त्रयम् ।
ध्यायन् गुणाष्टकं लब्ध्वा ज्ञानमाप्नोति निर्मलम् ॥६१॥

નાસિકાના અગ્રભાગ પર પ્રણવ [ॐ], શૂન્ય [૦], અને અનાહત [ह्] આ ત્રણનું ધ્યાન કરનાર, અણિમાદિ આઠ સિદ્ધિઓ મેળવી નિર્મળ એવું જ્ઞાન પામે છે. (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૮)–૬૧

शंखकुंदशशांकाभांस्त्रीनमून् ध्यायतः सदा ।
समग्रविषयज्ञानप्रागल्भ्यं जायते नृणाम् ॥६२॥

પ્રણવ, શૂન્ય અને અનાહત આ ત્રણેનું નિરંતર શંખ, મોગરાનું ફૂલ અને ચંદ્રમા સરખું શ્વેતધ્યાન કરનાર મનુષ્યો દરેક વિષયોના જ્ઞાનમાં પ્રવીણતા મેળવે છે.–૬૨

द्विपार्श्वप्रणवद्वन्द्वं प्रांतयोर्मायया वृतं ।
सोऽहं मध्येऽविमूर्धानं अर्हम्लींकारं विचिंतयेत् ॥६३॥

બંને બાજુ બબે ॐકાર, છેડાના ભાગો હ્રીંકારથી વીંટેલા વચમાં **सोऽहं** અને તેના વચમાં **अर्हम्लीं** એવા શબ્દો ચિંતવવા.–૬૩

कामधेनुमिवाऽचिंत्यफलसंपादनक्षमाम् ।
अनवद्यां जपेद्विद्यां गणभृद्वदनोद्गताम् ॥६४॥

(તથા) કામધેનુની માફક અચિંત્ય ફળ આપવામાં સમર્થ, નિર્દોષ અને ગણધરના મુખકમળથી ઉત્પન્ન થએલી [ॐ **जोग्गे मग्गे तत्थे भूए भव्वे भविस्से**

अक्खे पक्खे जिणपासे स्वाहा] વિદ્યાનો જાપ કરવો (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૯)

ॐકારનું ધ્યાન

षट्कोणेऽप्रतिचक्रे फडिति प्रत्येकमक्षरम् ।
सव्ये न्यसेद्विचक्राय स्वाहा बाह्येऽपसव्यतः ॥६५॥
भूतांतं बिंदुसंयुक्तं तन्मध्ये न्यस्य चिंतयेत् ।
नमो जिणाणमित्याद्यैरों पर्वैर्वेष्टयेद्बहिः ॥६६॥

[પ્રથમ] છ ખુણા વાળા એક યંત્રમાં 'अप्रतिचक्रेफट्' આ છ અક્ષરમાંથી એકેક અક્ષર દરેક ખુણામાં મૂકવા, તેની બહાર અવળી રીતે 'विचक्राय स्वाहा' આ છ અક્ષરમાંથી એકેક અક્ષર દરેક ખુણાની પાસે મૂકવો. પછી ॐ **नमो जिणाणं,** ॐ **नमो ओहिजिणाणं,** ॐ **नमो परमोहिजिणाणं,** ॐ **नमो सव्वोसहि जिणाणं,** ॐ **नमो अणंतोहिजिणाणं,** ॐ **नमो कुट्ठबुद्धीणं,** ॐ **नमो बीयबुद्धीणं,** ॐ **नमो पयाणुसारीणं,** ॐ **नमो संभिन्नसोआणं,** ॐ **नमो उज्जुमइणं,** ॐ **नमो विउलमइणं,** ॐ **नमो दसपुव्वीणं** ॐ **नमो चौदसपुव्वीणं,** ॐ **नमो अट्ठंगमहानिमित्तकुसलाणं,** ॐ **नमो विउव्वणइड्ढिपत्ताणं,** ॐ **नमो विज्जाहराणं,** ॐ **नमो चारणाणं,** ॐ **नमो पण्णसमणाणं,** ॐ **नमो आगासगामीणं,** ॐ **ज्झ्रौं ज्झ्रां श्रीं ह्रीं धृति कीर्ति बुद्धि लक्ष्मी स्वाहा ॥** (આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૨૦) આ પદોથી પાછલું વલય પુરવું. પછી પંચપરમેષ્ઠિ મહા મંત્રનાં પાંચ પદોનો [ॐ **नमो अरिहंताणं ह्रां स्वाहा** અંગુઠાને વિષે, ॐ **नमो सिद्धाणं ह्रीं स्वाहा** તર્જની આંગળીને વિષે, ॐ **नमो आयरियाणं ह्रूं स्वाहा** મધ્યમા આંગળીને વિષે, ॐ **नमो उवज्झायाणं ह्रैं स्वाहा** અનામિકા આંગળીને વિષે અને ॐ **नमो लोए सव्वसाहूणं ह्रौंः स्वाहा** કનિષ્ઠા આંગળીને વિષે] ન્યાસ કરી યંત્રના મધ્યમાં બિંદુ સહિત ॐકારને સ્થાપન કરવો. પછી તે યંત્રને માથા ઉપર પૂર્વ, દક્ષિણ અને પશ્ચિમના અંતરભાગમાં સ્થાપન કરી ચિંતવવો.–૬૫, ૬૬

अष्टपत्राम्बुजे ध्यायेदात्मानं दीप्ततेजसम् ।
प्रणवाद्यस्य मंत्रस्य वर्णान् पत्रेषु च क्रमात् ॥६७॥
पूर्वाशाऽभिमुखः पूर्वमधिकृत्याऽदिमंडलम् ।
एकादशशतान्यऽष्टाक्षरं मंत्रं जपेत्ततः ॥६८॥

આઠ પાંખડીવાળા કમળને વિષે ઝળઝળાટ તેજવાળા આત્માને ચિંતવવો. અને ॐકાર પૂર્વક પહેલા મંત્રના [ॐ **नमो अरिहंताणं**] આઠ વર્ણોને અનુક્રમે પાંખડીઓ પર સ્થાપના કરવા, તેમાં પ્રથમ પાંખડી પૂર્વ દિશા તરફથી ગણવી અને તેમા ॐ મૂકવો અને પછી અનુક્રમે બાકીના અક્ષરો મૂકી, કમળમાં રહેલા તે આઠ અક્ષરવાળા મંત્રનો અગિયારસો વાર જાપ કરવો. (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૨૧)

વિઘ્ન શાંતિ માટે

पूर्वाशानुक्रमादेवमुद्दिश्यान्यदलान्यपि ।
अष्टरात्रं जपेद्योगी सर्वप्रत्यूहशांतये ॥६९॥

પૂર્વ દિશામાં પ્રથમ પાંખડીએ ૐ એ જ અનુક્રમે બીજી પણ પાંખડીઓને દિશિવિદિશિમાં સ્થાપન કરી સર્વ જાતના વિઘ્નોની શાંતિ માટે યોગીએ આઠ દિવસ સુધી તે અષ્ટાક્ષરી વિદ્યાનો જાપ કરવો (આકૃતિ માટે જુઓ ચિ. નં. ૨૨)

अष्टरात्रौ व्यतिक्रांते कमलस्यास्य वर्तिनः ।
निरूपयति पत्रेषु वर्णानेतानऽनुक्रमम् ॥७०॥

જાપ કરતાં કરતાં આઠ રાત્રિ વ્યતીત થયે છતે આ કમળની અંદર રહેલી પાંખડીઓને વિષે તે અષ્ટાક્ષરી વિદ્યાના વર્ણો અનુક્રમે જોવામાં આવશે.–૭૦

भीषणाः सिंहमातंगरक्षःप्रभृतयः क्षणात् ।
शाम्यंति व्यंतराश्चाऽन्ये ध्यानप्रत्यूहहेतवः ॥७१॥

[આ] અક્ષરો જોવાથી જોનારમાં એવું સામર્થ્ય આવે છે કે ધ્યાનમાં વિઘ્ન કરનાર ભયંકર સિંહ, હાથી, રાક્ષસ અને બીજા પણ ભૂત, પ્રેત, સર્પાદિ તત્કાળ શાંત થઈ જાય છે.–૭૧

मंत्रः प्रणवपूर्वोऽयं फलमैहिकमिच्छुभिः ।
ध्येयः प्रणवहीनस्तु निर्वाणपदकांक्षिभिः ॥७२॥

[આ] નમો અરિહંતાણં મંત્રનું આ લોક સંબંધી ફળ ઇચ્છનારાઓએ ૐકાર સહિત ધ્યાન કરવું, પરંતુ મોક્ષપદની જ ઇચ્છાવાળાઓએ તો ૐ કાર વગર ધ્યાન કરવું.–૭૨

चिंतयेदऽन्यमप्येनं मंत्रं कर्मौघशांतये ।
स्मरेत् सत्वोपकाराय विद्यां तां पापभक्षिणीं ॥७३॥

[श्रीमद्वृषभादिवर्धमानांतेभ्यो नमः] કર્મના ઓઘની શાંતિને માટે આ બીજા પણ મંત્રને ચિંતવવો અને સર્વ જીવોના ઉપકારને માટે તે પાપભક્ષિણી વિદ્યાનું સ્મરણ કરવું. પાપભક્ષિણી વિદ્યા આ પ્રમાણે છેઃ–**ॐ अर्हन्मुखकमलवासिनि पापात्मक्षयंकरी, श्रुतज्ञानज्वालासहस्रज्वलिते, सरस्वती मत्पापं हन हन दह दह क्षाँ क्षीं क्षूँ क्षैं क्षों क्षौं क्षः क्षीरधवले अमृतसंभवे वं वं हूँ हूं स्वाहा.–७३.**

प्रसीदति मनः सद्यः पापकालुष्यमुज्झति ।
प्रभावाऽतिशयादऽस्या ज्ञानदीपः प्रकाशते ॥७४॥

આ વિદ્યાના પ્રભાવથી મન તત્કાળ પ્રસન્ન થાય છે, પાપની કલુષિતતાનો ત્યાગ થાય છે અને જ્ઞાનદીપક પ્રકાશિત થાય છે.–૭૪

ज्ञानवद्भिः समाम्नातं वज्रस्वाम्यादिभिः स्फुटम् ।
विद्यावादात्समुद्धृत्य बीजभूतं शिवश्रियः ॥७५॥
जन्मदावहुताशस्य प्रशांतिनववारिदं ।
गुरूपदेशाद्विज्ञाय सिद्धचक्रं विचिंतयेत ॥७६॥

વિદ્યાપ્રવાદમાંથી ઉદ્ધાર કરીને, **વજ્રસ્વામી** આદિ જ્ઞાની પુરૂષોએ પ્રગટપણે મોક્ષલક્ષ્મીના બીજભૂત માનેલું અને જન્મમરણાદિ દાવાનળને પ્રશાંત કરવાને નવીન મેઘ સમાન સિદ્ધચક્રનું ગુરૂના ઉપદેશથી જાણીને કર્મક્ષય માટે ચિંતવન કરવું. ૭૫–૭૬

नाभिपद्मे स्थितं ध्यायेदकारं विश्वतो मुखं ।
सिवर्णं मस्तकांभोजे आकारं वदनाम्बुजे ॥७७॥
उकारं हृदयांभोजे साकारं कंठपंकजे ।
सर्वकल्याणकारीणि बीजान्यऽन्यान्यपि स्मरेत् ॥७८॥

નાભિકમળમાં રહેલા સર્વવ્યાપિ અકારનું, મસ્તક પર સિવર્ણનું, મુખકમળમાં આકારનું, હૃદયકમળમાં ઉકારનું અને કંઠમાં સાકારનું ચિંતવન કરવું (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૨૩) તથા સર્વથા કલ્યાણકરવાવાળા બીજા પણ બીજાક્ષરોનું સ્મરણ કરવું.–૭૭–૭૮.

श्रुतसिंधुसमुद्भूतं अन्यदऽप्यक्षरं पदं ।
अशेषं ध्यायमानं स्यान्निर्वाणपदसिद्धये ॥७९॥

સિદ્ધાંતરૂપ સમુદ્રમાંથી ઉત્પન્ન થએલા બીજા પણ અક્ષરો તથા પદોનું કરેલું એવું ધ્યાન પણ મોક્ષપદની સિદ્ધિને માટે થાય છે.–૭૯

वीतरागो भवेद्योगी यत्किंचिदपि चिंतयेत् ।
तदेव ध्यानमाम्नातमतोऽन्ये ग्रंथविस्तराः ॥८०॥

જે કોઇપણ પદનું, વાક્યનું કે શબ્દનું ચિંતવન કરતાં યોગી રાગ રહિત થાય, તેને જ ધ્યાન કહેલું છે. આ પદાદિ સિવાય બીજા કેટલાક ઉપાયો ગ્રંથ વિસ્તારથી જાણવા.–૮૦

इति गणधरधुर्याविष्कृतादुद्धृतानि ।
प्रवचनजलराशेस्तत्त्वरत्नान्यऽमूनि ॥८१॥
हृदयमुकुरमध्ये धीमतामुल्लसंतु ।
प्रचितभवशतोत्थक्लेशनिर्नाशहेतोः ॥८२॥

આ પ્રમાણે મુખ્ય ગણધરે પ્રગટ કરેલા, પ્રવચનરૂપ સમુદ્રમાંથી ઉદ્ધરેલા સત્ત્વરૂપ આ રત્નો, અનેક ભવોમાં ઉત્પન્ન થએલા ક્લેશનો નાશ કરવા માટે, બુદ્ધિમાન મનુષ્યોના હૃદયરૂપ આરિસામાં ઉલ્લાસ પામો.–૮૧, ૮૨.

———— ० ————

उवसग्गहर स्तोत्र ।

———— ० ————

उवसग्गहरं पासं, पासं वंदामि कम्मघणमुक्कं ।
विसहरविसनिन्नासं, मंगलकल्लाणआवासं ॥१॥

[उपसर्गहरपार्श्वं पार्श्वं वन्दे कर्मघनमुक्तम् ।
विषधरविषनिर्णाशं मङ्गलकल्याणावासम् ॥]

અર્થઃ–જેઓના શાસનના ઉપસર્ગોનું હરણ કરનાર એવો શ્રીપાર્શ્વ નામનો યક્ષ જેમનો સેવક છે એવા, જેઓ કર્મના સમૂહથી મૂક્ત થએલા છે એવા, જેઓના સ્મરણમાત્રથી સર્પના વિષનો નાશ થાય છે એવા તથા જેઓ મંગલ અને કલ્યાણના સ્થાનરૂપ છે એવા **શ્રીપાર્શ્વનાથ** પ્રભુને હું વાંદું છું. આ ગાથામાં લઘુ બત્રીશ અને ગુરુ પાંચ મલી કુલ સાડત્રીશ અક્ષરો છે.

ચન્દ્રટીકા. મન્ત્રામ્નાયઃ–

મધ્યમાં ॐકારની અંદર દેવદત્ત લખીને, ફરતી ચાર પાંખડીઓમાં **'पार्श्वनाथ'** શબ્દના એકેક અક્ષર લખીને, પાંખડીઓની આગળના ભાગમાં **हर हर** અક્ષર લખીને, [વલય દઈને,] **ह हा हि ही हु हू हे है हो हौ हं हः** આ સર્વ અક્ષરો ફરતા વીંટીને, માયાબીજના ત્રણ આંટા ફરતા વીંટવા. (આકૃતિ માટે જુઓ. **उव०** યંત્ર. ૧ ચિત્ર નં. ૨૬), આ પ્રમાણે **जगद्वल्लभकर** નામનો પ્રથમ યંત્ર કરવો.

વળી **वं**કારની મધ્યમાં [સાધકના] નામના અક્ષરો લખીને, બાકીના યંત્રની રચના ઉપર પ્રમાણે કરવાથી **सौभाग्यकर** નામનો બીજો યંત્ર થાય છે. (આકૃતિ માટે જુઓ. **उव०** યંત્ર. ૨ ચિત્ર નં ૨૭)

વળી માયાબીજ (**ह्रीं कार**)ની મધ્યમાં નામ લખીને, બહારના ચારે દલમાં **पार्श्वनाथ** શબ્દનો એકેક અક્ષર એકેક દલમાં તેની બહારની બાજુ **हर हर** એ અક્ષર [પ્રથમ યંત્ર પ્રમાણે] લખીને, (તેને ફરતું વલય દઈને) **ह हा** વગેરે બાર અક્ષરો ફરતા વીંટીને, [તેના ઉપર વલય દઈને], તેની ફરતાં **अ**થી શરૂ કરીને **क्ष** કાર સુધીના માતૃકાક્ષરો વીંટીને ત્રીજો **लक्ष्मीवृद्धिकर** નામનો યંત્ર કરવો (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૩ ચિત્ર નં. ૨૮].

વળી હૂંકારની મધ્યમાં નામ લખીને, બાકીના યંત્રની રચના ત્રીજા યંત્રની રચના પ્રમાણે કરવાથી **ભૂતાદિ નિગ્રહકર** નામનો ચોથો યંત્ર થાય છે (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર. ૪ ચિત્ર નં. ૨૯)

વળી હ્રં હ્રૂં ની મધ્યમાં [સાધકના] નામના અક્ષરો લખીને, ઉપરની જેમ **पार्श्वनाथ** તથા **हर हर** લખીને, [વલય દઈને], ફરતા **વ**કાર વીંટીને, [વલય દઈને], તેની બહાર સોળ પાંખડીઓ કરીને, તે સોળે પાંખડીઓમાં સોળ સ્વરનો એકેક અક્ષર લખીને માયા બીજના ત્રણ આંટા ફરતા વીંટવાથી **જ્વરાનિગ્રહકર** નામનો પાંચમો યંત્ર થાય છે (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૫ ચિત્ર નં. ૩૦)

વળી પહેલાં વં, પછી [સાધકનું] નામ અને હ્રૂં લખીને, બહારની આઠ પાંખડીઓમાં **ॐ पार्श्वनाथाय स्वाहा** એ મન્ત્રાક્ષરોનો એકેક અક્ષર લખીને, બાકીની રચના ઉપર પ્રમાણે કરવાથી **શાકિની નિગ્રહકર** નામનો છઠ્ઠો યંત્ર થાય છે. (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર. ૬ ચિત્ર નં. ૩૧).

વળી હુંકારની અંદર [સાધકનું] નામ લખીને, બહાર હૂંકાર વીંટીને, તેને પણ **ॐ पार्श्वनाथाय स्वाहा** એ મન્ત્રાક્ષરો વીંટીને, તેને માયાબીજના ત્રણ આંટા મારવાથી **વિષભવિષ નિગ્રહકર** નામનો સાતમો યંત્ર થાય છે. (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૭, ચિત્ર નં ૩૨).

આ પ્રમાણેના નામવાળા સાતે યંત્રોનું સ્વરૂપ કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને, કુંવારીએ કાંતેલા સુતરથી વીંટીને ડાબી ભુજાએ ધારણ કરવાથી, જગતમાં વલ્લભપણું, સૌભાગ્યની વૃદ્ધિ, લક્ષ્મીની વૃદ્ધિ, ભૂત, શાકિની, જ્વર તથા ભયંકરમાં ભયંકર ઝેરનો નાશ વગેરે કરનારા થાય છે.

પૂજા મન્ત્ર—**ॐ ह्रीं श्री हर हर स्वाहा** આ મન્ત્રનો પ્રથમ ત્રણ દિવસ ત્રિકાળ (સવાર, બપોર અને સાંજ), **શ્રીપાર્શ્વનાથ** પ્રભુની પ્રતિમાની સન્મુખ ૧૦૮ એકસો આઠ વખત [સફેદ ફૂલવડે] જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. સર્વ યંત્રોનો આ એક જ પૂજામન્ત્ર છે.

પાર્શ્વયક્ષ મન્ત્ર—**ॐ ग्म्ल्यूँ ग्रां ग्रीं ग्रूँ ग्रैं ग्रः ग्राहय ग्राहय छिन्द छिन्द भिन्द भिन्द विदारय विदारय ग्म्ल्यूँ व्रां व्रीं , व्रौं व्रः हा हा ताडय ताडय ग्म्ल्यूँ घ्रां घ्रीं घ्रूँ घ्रा घ्रः र्यूँ र्यूँ (ग्रं ग्रं ?) हु फट् ह्म्ल्यूँ ह्रां ह्रीं ह्रूँ ँ ह्रः हाहा घेघे कठोरमुद्रायां ज्वल ज्वल प्रज्वल प्रज्वल ॐ नमो भगवते पार्श्वयक्षाय चण्डक्रोधाय सप्त(त्रि?)फणाविभूषिताय ह्रुँ क्ष्रुँ श्रूँ (सुं?) स्म्ल्यूँ वज्रासित्रिशूलं धारय इदं भूतं हन हन दह दह पच पच त्रासय त्रासय खः खः खाहि खाहि मन्त्रराज आज्ञापयति ह्रुँ फट् स्वाहा॥**

પાર્શ્વ૦ ટીકા–અગ્નિમંડલ (ત્રિકોણ)ની અગ્રભાગમાં રેફ તથા સ્વસ્તિકથી વિભૂષિત રંકાર ને, તેની મધ્યમાં **ર્‌મ્લર્ય્યૂં** લખીને, તેની બહારના ભાગમાં **ૐ ર્‌મ્લર્ય્યૂં ર ર રા રા હા હા હાં આં ક્રોં હ્રીં ક્ષ્રીં ક્લીં બ્લૂં હ્રાઁ હ્રીં (દ્રાઁ દ્રીં ?) પાર્શ્વયક્ષિણિ ! જ્વલ જ્વલ પ્રજ્વલ પ્રજ્વલ દહ દહ પચ પચ ઇદં ભૂતં નિર્ઘાટય નિર્ઘાટય ધૂમાન્ધકારિણિ ! જ્વલનશિખે ! હું હું ફટ્ ફટ્ માતૃદૂતિકાસહિતે ! પાર્શ્વયક્ષિણી આજ્ઞાપયતિ સ્વાહા। —પાર્શ્વયક્ષિણી મન્ત્ર.** આ મન્ત્રને વીંટવાથી ઉચ્ચાટન થાય છે. આ પિંડનું કપાલમાં, અને અગ્નિવર્ણનું આખા શરીરમાં ધ્યાન કરવાથી ભૂત, જ્વર તથા શાકિની વગેરે નાશ પામે છે.

ચંદ્રા૦ ટીકાના મતે–પાર્શ્વયક્ષ તથા પાર્શ્વયક્ષિણીના ઉપરોક્ત બંને મન્ત્રોનો ઉપવાસ કરીને સારા યોગે ભૂત તિથિએ જાપ શરૂ કરીને સાધ્ય કર્યા પછી જરૂર પડે ૧૦૮ એકસો આઠ વખત જાપ કરવાથી ભૂતાદિ દોષોનો નાશ થાય છે.

પાર્શ્વ૦ ટીકા–**ૐ ર્‌મ્લર્ય્યૂં વં વં વં વં વં હ્રાં આં ક્રોં હ્રીં ક્ષ્રીં ક્લીં બ્લૂં દ્રાઁ દ્રીં જ્વાલામાલિની ઝઙ્કારિણો પ્રતિસહિતવિષં નિર્વિષં કુરુ કુરુ, સ્થાવરવિષં નિર્વિષં કુરુ કુરુ. સ્થાવરવિષં અઙ્ગજં કૃત્રિમં વિષં જાઠરં જોગજઙ્ગમવિષં અપહર અપહર ઇમં ડંકં અમૃતેન અભિષિઞ્ચય અભિષિઞ્ચય ઉત્થાપય ઉત્થાપય દણ્ડેનાક્રમ્ય વિષમવિષં ઠઃ ઠઃ ઠઃ જ્વાલામાલિની આજ્ઞાપયતિ સ્વાહા॥**

પુરૂષના માપે માપ દંડ લઈને ૧૦૮ એકસો આઠ વાર મન્ત્રીને ઉપરથી શરૂ કરીને સર્વ સાંધાઓમાં તાડન કરવાથી ભયંકર ઝેર ચઢેલો માણસ નિર્વિષ થઈને તુરત જ ઊભો થાય છે.

[**શ્રી ઘોણ મન્ત્રઃ–]ૐ નમો ભગવતે શ્રી ઘોણે હર હર દહ દહ ચર ચર મથ મથ વર વર ધર ધર લય લય જરસીદ્ધ ગ્રસ ગ્રસ મં મં ક્ષં ક્ષં શ્રીં હ્રીં હ્રાઁ હ્રાઁ હ્રાઁ હ્રૂઁ ભગવતિ શ્રીમંઘોણઘઃ સઃ સઃ સઃ ઠઃ ઠઃ ઠઃ ડઃ ડઃ ડઃ રઃ રઃ રઃ ધેન્ ક્રીન્ વીંવરવિહંગમાનુષજેન દારિકરવરિદાસોરય સોરય ગં ગં ગં ઠ ઠ હું ફટ્ સ્વાહા॥**

શ્રીઘોણ મન્ત્રઃ–ૐ નમો ભગવતે શ્રીઘોણે હર હર દર દર સર સર ધર ધર મથ મથ હરસા હરસા ક્ષ ક્ષ વ વ હ્મ્લર્ય્યૂં ક્ષ્મ્લર્ય્યૂં ધ્મ્લર્ય્યૂં ર્‌મ્લર્ય્યૂં વ્મ્લર્ય્યૂં સર્પસ્ય ગતિસ્તમ્ભં કુરુ કુરુ સ્વાહા॥

આ બંને મન્ત્રોનું ત્રિકાળ સ્મરણ કરવાથી સર્પના ભયનો નાશ થાય છે.

સર્વ જ્વરનાશન મન્ત્રઃ–ૐ નમો ભગવતે શ્રીપાર્શ્વનાથાય [ધરણેન્દ્ર ?] પદ્માવતી સહિતાય હિલિ હિલિ મિલિ મિલિ ચિલિ ચિલિ કિલિ કિલિ હ્રાઁ હ્રીંહ્રૂં હ્રૌં હ્રઃ ક્રોં ક્રોં યાં યાં હંસ હું ફટ્ સ્વાહા॥

ચંદ્રા૦ ટીકા–**ર્‌મ્લર્ય્યૂં**ની મધ્યમાં નામ લખીને, બહારની બાજુ **હ્મ્લર્ય્યૂં** ફરતા વીંટીને, તેની બહાર સોળ સ્વરો વીંટીને, તેની બહારના આઠ દલોમાં **ક્મ્લર્ય્યૂં ચ્મ્લર્ય્યૂં ટ્મ્લર્ય્યૂં ત્મ્લર્ય્યૂં પ્મ્લર્ય્યૂં ય્મ્લર્ય્યૂં ક્ષ્મ્લર્ય્યૂં હ્મ્લર્ય્યૂં** પિંડાક્ષરો લખીને, વળી તેની બહારના

આઠ દલોમાં બ્રહ્માણી, કુમારી, ઇન્દ્રાણી, માહેશ્વરી, વૈષ્ણવી, વારાહી, ચામુંડી તથા ગણપતિના નામોની શરૂઆતમાં ૐકાર તથા અંતમાં **નમઃ** સહિત લખવાં અને તેની બહારના ભાગમાં પૂર્વોક્ત યક્ષ યક્ષિણીના મન્ત્રો વીંટવા (પાર્શ્વ૦ ટીકાના મતે **यम्ल्र्यूं यः यः यः यः यः हाः हाँ आं क्रों ह्रीं क्षीं क्लीं ब्लूँ द्रां द्रीं पार्श्वयक्षिणी मातृ-ब्रह्माणी दूतिकासहिते नमः**। આ મન્ત્ર વીંટવો), પછી તેને ફરતા ક થી શરૂ કરીને હ કાર પર્યંત પિંડાક્ષરો બિંદુ, કલા સહિત વીંટવા અને તેની બહાર **ह्रीं** કારના ત્રણ આંટા મારવા. આ પ્રમાણે આઠમો યંત્ર કરવો. [આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર. ૮ ચિત્ર નં. ૩૩].

આ યંત્ર કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને **हाँ आँ क्रों ह्रीं क्षीं क्लीं ब्लूँ द्रां द्रीं ज्वालामालिनी नमः॥** આ મન્ત્રથી મન્ત્રીને ૧૦૮ ફૂલથી પૂજન કરવાથી સર્વ જાતનાં ભયંકરમાં ભયંકર વિષ તથા ક્ષુદ્રોપદ્રવોનો નાશ થાય છે અને સર્વ સિદ્ધિની પ્રાપ્તિ તથા લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.

પ્રથમ ગાથાના મન્ત્રો તથા યન્ત્રો સમાપ્ત

विसहरफुलिंगमंतं, कण्ठे धारेइ जो सया मणुओ ।
तस्स गहरोगमारी–दुट्ठजरा जंति उवसामं ॥२॥

[विषधरस्फुलिङ्गमन्त्रं, कण्ठे धारयति यः सदा मनुजः ।
तस्य ग्रहरोगमारीदुष्टज्वरा यान्ति उपशामम् ॥]

અર્થઃ–જે મનુષ્ય શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામ ગર્ભિત વિષધર સ્ફુલિંગ નામના [અઢાર અક્ષરના] મંત્રને નિરંતર કંઠને વિષે ધારણ કરે છે એટલે સ્મરણ કરે છે, તેના દુષ્ટ [સૂર્ય વગેરે] ગ્રહ, [કફ, કુષ્ટ, જલોદર વગેરે] રોગ, મરકી અને [એકાંતરો, ચોથીઓ વગેરે] જ્વર વગેરે સર્વ ઉપદ્રવો શાંત થાય છે–નાશ પામે છે. આ ગાથામાં છત્રીશ લઘુ અને બે ગુરુ મળી કુલ આડત્રીશ અક્ષરો છે.
ચન્દ્રા૦ ટીકા–મન્ત્રામ્નાયઃ–

પ્રથમ અષ્ટદલ કમલની મધ્યમાં હ્રૂં કારની અંદર (સાધકનું) નામ લખીને, પાંખડીઓમાં ૐ **पार्श्वनाथाय ह्रीं नमः** નો એકેક મન્ત્રાક્ષર લખીને, [પાર્શ્વ૦ટીકાના મતે જમણી બાજુ પાર્શ્વયક્ષ તથા ડાબી બાજુ પાર્શ્વયક્ષિણી (પદ્માવતી)ની સ્થાપના કરીને,] તેની બહાર ચાર દિશાઓની ચાર પાંખડીઓમાં ૐ **ब्रह्मणे नमः**, ૐ **धरणेन्द्राय नमः**, ૐ **नागाय नमः**, ૐ **पद्मावत्यै नमः** લખીને, બહાર ફરતા સોળ સ્વરો લખીને, તેની બહાર આઠ પાંખડીઓ કરીને, તેમાં ૐ **ह्रीं श्रीं १ नमिऊण २ पास ३ विसहर ४ वसह ५ जिण ६ फुलिंग ७ ह्रीं नमः ८** આ પ્રમાણે મન્ત્રરાજની સ્થાપના કરીને, ફરી આઠ પાંખડીઓમાં ૐ **नमो अरिहन्ताणं ह्रीं नमः**, ૐ **नमो सिद्धाणं ह्रीं नमः**, ૐ **नमो आयरियाणं ह्रीं नमः**, ૐ **नमो उवज्झायाणं ह्रीं नमः**, ૐ **नमो लोए सव्वसाहूणं ह्रीं नमः**, ૐ **ज्ञानाय ह्रीं नमः**, ૐ **दर्शनाय ह्रीं नमः**, ૐ **चारित्राय ह्रीं नमः**, આ આઠ શબ્દો આઠ પાંખડીઓમાં લખીને, ફરી પણ સોળ પાંખડીઓમાં ૐ **रोहिण्यै नमः**, ૐ **प्रज्ञप्त्यै नमः**, ૐ **वज्रशृङ्खलायै नमः**, ૐ **वज्राङ्कुश्यै नमः**, ૐ **अप्रतिचक्राये नमः**, ૐ **पुरुषदत्तायै यमः**, ૐ **काल्यै नमः**, ૐ **महाकाल्यै नमः**, ૐ **गौर्यै नमः**, ૐ **गान्धार्यै नमः**, ૐ **सर्वास्त्रमहाज्वालायै नमः**, ૐ **मानव्यै नमः**, ૐ **वैरोट्यायै नमः**, ૐ **अच्छुप्तायै नमः**, ૐ **मानस्यै नमः**, ૐ **महामानस्यै नमः** આ પ્રમાણે એકેક શબ્દ એકેક પાંખડીમાં લખીને તેના ઉપર આઠ પાંખડીઓમાં આઠ નાગરાજોનાં નામ લખીને, તેને ફરતી ચોવીશ પાંખડીઓમાં ચોવીશ જિનેશ્વર દેવોની ચોવીશ માતાઓનાં નામની શરૂઆતમાં ૐકાર તથા અંતમાં **नमः** શબ્દ સહિત લખીને, તેની બહારની બાજુમાં સોળ પાંખડીઓના કમલની દરેકે દરેક પાંખડીઓમાં એકેક મન્ત્રપદ ૐ **इन्द्राय नमः**,

ॐ जयायै नमः, ॐ अग्नये नमः, ॐ अजितायै नमः, ॐ यमाय नमः, ॐ अपराजितायै नमः, ॐ नैर्ऋताय नमः, ॐ जंभायै नमः, ॐ वरुणाय नमः, ॐ मोहायै नमः, ॐ वायवे नमः, ॐ वीरायै नमः, ॐ कुबेराय नमः, ॐ नारायणाय नमः, ॐ ईशानाय नमः, ॐ विजयायै नमः, (પાર્શ્વ૦ ટીકાના દરેક પદમાં **नमः** આગળ **ह्रीं** શબ્દ છે.) લખીને, પછી બહારની આઠ પાંખડીઓમાં **ॐ आदित्याय नमः, ॐ सोमाय नमः, ॐ मङ्गलाय नमः, ॐ बुधाय नमः, ॐ बृहस्पतये नमः, ॐ शुक्राय नमः, ॐ शनैश्चराय नमः, ॐ राहुकेतुभ्यां नमः** દરેક પાંખડીઓમાં એકેક એ પ્રમાણે લખીને, બહાર ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારવા. ચારે બાજુએ સરખા વજ્રથી અંકિત માહેન્દ્રમંડલની આલેખના કરીને, તેના ચારે ખુણાઓમાં **ल ल** તથા **क्षि क्षि** એ પ્રમાણે લખીને, તેની મધ્યમાં ઉપરોક્ત યંત્રની સ્થાપના કરવી (આકૃતિ માટે જુઓ **उव०** યન્ત્ર ૯ ચિત્ર નં. ૩૪)

આ બૃહદ્ચક્ર નામનું ચક્ર ગુરૂપરંપરાએ ઉતરી આવેલા ગુરૂના મુખકમલથી જાણીને, કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર આલેખીને, ચક્રની જમણી બાજુએ પાર્શ્વયક્ષની મૂર્તિ તથા ડાબી બાજુએ પાર્શ્વયક્ષિણી (પદ્માવતી)ની સ્થાપના કરીને, ત્રિકાળ જાઇ, મોગરો, માલતી વગેરે સુગંધીવાળા પુષ્પોથી પૂજન કરવાથી (પૂજન સ્નાન, આત્મરક્ષા વગેરે ક્રિયા પ્રથમ કર્યા પછી કરવું), અને નાસિકાના અગ્રભાગને વિષે બંને નેત્રો સ્થાપન કરીને મૂલમન્ત્રનું નિરન્તર ધ્યાન કરવાથી, [સાધકને] સર્વ સંપદાની પ્રાપ્તિ થાય છે. ધ્યાન ધરવાના મન્ત્ર આ પ્રમાણે:—**ॐ ह्रीं श्रीं क्लीं क्रों श्रों ख्लैं ख्लीं ह्रीं नमः।** (પાર્શ્વ૦ટીકા–**ह्रीं श्रीं क्लीं क्रों श्रों क्ल ब्लूं अर्हं नमः**) અથવા **ॐ ह्रीं श्रीं अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग** [**ॐ**] **ह्रीं श्रीं** [**अर्हं**] **नमः।** આ મન્ત્રો માંથી બંનેનો યા એક મંત્રનો જાપ કરવો.

રોગનાશક વિદ્યા–**ॐ नमो** (**णमो?**) **भगवओ अरहओ पासस्स सिज्जउ मे भगवइ महाविज्जा उग्गे महाउग्गे जसे पासे पासे सुपासे पासमालिणी ठः ठः स्वाहा।** પાર્શ્વનાથ ભગવાનના જન્મનક્ષત્રનો યોગ જોઇને, આ વિદ્યાનો ચોથભક્ત (ઉપવાસ) કરીને ૧૦૦૮ એક હજાર આઠ જાપ કરવાથી વિદ્યા સિદ્ધ થાય છે, સિદ્ધ થયા પછી ગામમાં અથવા નગરમાં મરકી વગેરેના ઉપદ્રવ વખતે ધૂપ, બલિકર્મ વગેરે પ્રથમ કરીને આ વિદ્યાનો જાપ કરવાથી મરકી વગેરેના ઉપદ્રવનો નાશ થાય છે. **श्री चन्द्रसेनक्षमाश्रमण**ના વચનાનુસાર ચક્રનો ઉદ્ધાર કરી પ્રસ્તુત વિધાન કહ્યું છે. ॥ બૃહત્ ચક્રની વિધિ સંપૂર્ણ ॥ આ પ્રથમ દેવકુલ છે ॥

[પાર્શ્વ૦ટીકા–આવાહન મન્ત્ર–ॐ **वम्माणवि ! सपुत्ति ! सवाहणि ! सपरिकरं मज्झं आगच्छ आगच्छ अत्र स्थाने तिष्ठ तिष्ठ स्वाहा ॥**]

બીજું ચિંતામણિ નામનું ચક્ર (યંત્ર) આ પ્રમાણે જાણવું—

યંત્રની મધ્યમાં પ્રથમ ધરણેન્દ્રની ફણા સહિત પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની સ્થાપના કરીને, [બિંબની] નીચે હ્રીંકાર બીજાક્ષર લખીને, તેની બહાર ચાર પાંખડીઓમાં **પાર્શ્વનાથ** નામનો એકેક અક્ષર લખીને, તેની બહાર આઠ ખુણાઓની [દિશાઓની] પાંખડીઓમાં ॐ **ह्मल्व्यूं ब्रह्मणे नमः**, ॐ **ध्मल्व्यूं धरणेन्द्राय नमः**, ॐ **म्मल्व्यूं नागाय नमः**, ॐ **प्मल्व्यूं पद्मावत्यै नमः**, આ પ્રમાણે લખીને; તેની બહાર **ह्रीं ॐ ह्रः देव ! त्रायस त्रायस ॐ ह्रीं इवीं हं सं यः यः यः क्षिप ॐ स्वाहा ह्रीं क्ष्वीं नमः** । આ મન્ત્ર વીંટીને, પછી સોળ પાંખડીના કમલની સોળ પાંખડીઓમાં સોળ સ્વરોની સ્થાપના કરીને, ફરી પાછું આઠ પાંખડીનું કમલ કરીને, તેની પાંખડીઓમાં ॐ [**नमो**] **अरिहन्ताणं ह्रीं नमः** ॐ [**नमो**] **सिद्धाणं ह्रीं नमः**, ॐ [**नमो**] **आयरियाणं ह्रीं नमः**, ॐ [**नमो**] **उवज्झायाणं ह्रीं नमः**, ॐ [**नमो**] **लोए सव्व-साहूणं ह्रीं नमः**, ॐ **दर्शनाय ह्रीं नमः**, ॐ **ज्ञानाय ह्रीं नमः**, ॐ **चारित्राय ह्रीं नमः** ની સ્થાપના કરીને, પછી ॐ ઉવસગ્ગહરં પાસં, પાસં વંદામિ કમ્મઘણમુક્કં; વિસ-હર વિસનિન્નાસં, મંગલ કલ્લાણ આવાસં સ્વાહા આ પ્રમાણે પ્રથમ ગાથા સંપૂર્ણ ફરતી વીંટવી.

પછી અનન્ત–કુલિક–વાસુકિ–શંખપાલ–તક્ષક–કર્કોટક–પદ્મ અને મહાપદ્મ એ આઠ નાગાધિપતિઓનાં નામની શરૂઆતમાં ॐકાર તથા અંતમાં **नमः** શબ્દ સહિત આઠ પાંખડીઓમાં અનુક્રમે લખીને, પછી તેની ફરતી ॐ વિસહરફુલિંગમંતં, કંઠે ધારેઇ જો સયા માણુઓ; તસ્સ ગહ રોગ મારી, દુટ્ઠજરા જંતિ ઉવસામં સ્વાહા. આ પ્રમાણે બીજી ગાથા સંપૂર્ણ ફરતી વીંટીને, ફરી પણ બહારની બાજુ સોળ પાંખડી-ઓમાં સોળ વિદ્યાદેવીઓનાં નામ (પાર્શ્વ૦ ટીકાના મતે શરૂઆતમાં ॐ **ह्रीं** તથા અંતમાં **नमः** શબ્દ સહિત) લખીને, તેની બહારની બાજુ ફરતી ચોવીશ પાંખડીઓમાં ચોવીશ તીર્થંકરની ચોવીશ માતાઓનાં નામ નવમા યંત્રમાં બતાવી ગયા છીએ તે અનુક્રમે સ્થાપન કરીને, ફરી આઠ પાંખડીઓમાં આઠ દિગ્પાલનાં નામો લખીને તેને ફરતી [ॐ] ચિટ્ઠઉ દૂરે મંતો, તુજ્ઝ પણામો વિ બહુફલો હોઇ; નરતિરિએસુ વિ જીવા, પાવંતિ ન દુક્ખદોહગ્ગં સ્વાહા. આ પ્રમાણે ત્રીજી ગાથા સંપૂર્ણ ફરતી વીંટીને તેને ફરતી આઠ પાંખડીઓમાં આદિત્ય–જયા, સોમ–અજિતા, મંગલ–અપરાજિતા, બુધ–જંભા, બૃહસ્પતિ–મોહા, શુક્ર–ગૌરી, શનિ–ગાન્ધારી, રાહુ કેતુ–

વિજયા લખીને, તેને ફરતી (ૐ) તુહ સમ્મત્તે લદ્ધે, ચિન્તામણિ કપ્પપાયવબ્ભહિએ; પાવંતિ અવિગ્ઘેણું, જીવા અયરામરંઠાણું સ્વાહા. આ પ્રમાણે ચોથી ગાથા સંપૂર્ણ વીંટીને, તેને ફરતાં ૐ **वम्मापवि ! सपुत्ति ! सवाहणि ! सपरिकरि ! श्वेतवस्त्राभरण-भूषिते ! अत्र मण्डले आगच्छ आगच्छ स्वस्थाने तिष्ठ तिष्ठ स्वाहा** લખીને [તેને ફરતી (ૐ) ઇય સંથુઓ મહાયસ ! ભત્તિબ્ભરનિબ્ભરેણ હિયએણ; તા દેવ દિજ્જ બોહિં, ભવે ભવે પાસ ! જિણચંદ ! આ પ્રમાણે પાંચમી ગાથા સંપૂર્ણ વીંટીને], તેને ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારીને, આ ચક્રની પ્રથમના યંત્રમાં બતાવી ગયા છીએ તે પ્રમાણે સ્થાપના કરવી. આ પ્રમાણે ચિન્તામણિ ચક્ર (યંત્ર)ની સ્થાપના વિધિ જાણવી. (આકૃતિ માટે જુઓ **उव० यंत्र** ૧૦ ચિત્ર નં. ૩૫)

કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી તાંબાના ભાજનમાં–પતરા ઉપર, અથવા ભોજપત્ર પર આ યંત્ર લખીને, શ્વેત વસ્ત્ર, શ્વેત આભૂષણ, શ્વેત પુષ્પની માળા, ચંદનનું વિલેપન વગેરે કરીને, એકાંત શુચિપ્રદેશે સાધકે નાસિકા પર ચક્ષુઓ સ્થાપન કરીને, ત્રિકાળ (સવાર, બપોર અને સાંજ) ૧૦૮ એકસો આઠ વખત મૂલ-મન્ત્રનું ધ્યાન કરીને, ઉત્તમ સુગંધીવાળા અને કરમાયાં વગરનાં શ્વેત ૧૦૮ એકસો આઠ ફૂલોથી પૂજન કરવું. આ પ્રમાણે વિધિ પૂર્વક પૂજન તથા ધ્યાન કરવાથી સાધકને સર્વ સંપદાની પ્રાપ્તિ થાય છે, દરેક જાતના રોગોનો નાશ, સર્વ જાતનાં દુષ્ટ ભયોનું નિવારણ, કીર્તિ, યશ તથા સારા ભાગ્યની પ્રાપ્તિ અને ઇચ્છિતફલની પ્રાપ્તિ નિશ્ચયે કરીને થાય છે. વળી કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને, ગળામાં ધારણ કરવાથી તથા સુગંધીદાર [સફેદ] ૧૦૦૦ એક હજાર ફૂલોથી જાપ કરવાથી રાજા, અગ્નિ, ચોર, શાકિની વગેરે તરફથી ઉપસ્થિત થતા સર્વ પ્રકારના ક્ષુદ્રોપદ્રવોમાં રક્ષણ થાય છે. અહીંઆં પણ નવમા યંત્રમાં કહી ગએલો પૂજામન્ત્ર જાણવો.

આ પ્રમાણે ચિંતામણિ ચક્ર (યંત્ર)ની સ્થાપના વિધિ તથા પૂજા વિધિ જાણવી.

ત્રીજી ગાથાના મન્ત્રો તથા યન્ત્રો સમાપ્ત.

चिट्ठउ दूरे मंतो, तुज्झ पणामो वि बहुफलो होइ ।
नरतिरिएसु वि जीवा, पावंति न दुक्खदोहग्गं ॥३॥
[तिष्ठतु दूरे मन्त्रः तव प्रणामोऽपि बहुफलो भवति ।
नरतिर्यक्ष्वपि जीवाः प्राप्नुवन्ति न दुःखदौर्गत्यम् ॥]

અર્થ:—હે પ્રભુ ! વિષધર સ્ફુલિંગ નામનો મન્ત્ર તો દૂર રહો, પરંતુ તમોને કરેલો પ્રણામ માત્ર પણ બહુ ફલને આપવા વાળો થાય છે, કારણકે તમને પ્રણામ માત્ર પણ કરનારા જીવો જો નર એટલે મનુષ્યને વિષે ઉત્પન્ન થએલા હોય, તો રોગાદિકે રહિત અને સારી સમૃદ્ધિવાળા થાય અને જો **तिरिएसु वि** એટલે તિર્યંચમાં પણ ઉત્પન્ન થએલા હોય, તો પણ કનક, રત્ન, ચિંતામણિ, કલ્પદ્રુમ, પટ્ટ તુરંગમ અથવા જયકુંજરાદિ પણે ઉત્પન્ન થાય અને ત્યાં પણ પૂજા પામે. વળી તમોને પ્રણામ માત્ર પણ કરનારા જીવો દુઃખ અને દારિદ્રયપણાને તો પ્રાપ્ત થતા જ નથી. આ ગાથામાં લઘુ તેત્રીશ અને ગુરુ ચાર મળી કુલ સાડત્રીશ અક્ષરો છે.

ચન્દ્રા૦ ટીકા—મન્ત્રામ્નાયઃ—હ્રીંકારની મધ્યમાં [સાધક] નું નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં હ્રીંકાર લખીને, ઉપર હ્રીંકારના ત્રણ આંટા ફરતા કરવા (આકૃતિ માટે જુઓ **उव० यंत्र ११** ચિત્ર નં. ૩૬)

આ યંત્ર કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને, **ॐ ह्रीं ह्रूँ नमो अरिहंताणं ह्रूं नमः** । આ મન્ત્રથી ૧૦૦૮ એક હજાર આઠ સફેદ (સુગંધીદાર) પુષ્પો મન્ત્રીને પૂજન કરીને, પંચરત્નની પોટકી તથા આ યંત્ર કુમારીએ કાંતેલા સુતરથી સ્ત્રીના કંઠે અથવા ડાબી ભુજાએ ધારણ કરાવવાથી વંધ્યાપણાનો નાશ થાય છે.

વળી હ્રીંકારની અંદર [સાધકનું] નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં **ॐ ह्रीं श्रीं** આ ત્રણ અક્ષરો દરેક પાંખડીમાં સ્થાપીને–લખીને, હ્રીંકારના ફરતા ત્રણ આંટા મારીને, ઉપરના (અગિયારમા યંત્રમાં બતાવેલા) મન્ત્રથી પૂજન કરવાથી મૃતવત્સા દોષનો નાશ થાય છે. (આકૃતિ માટે જુઓ **उव० यंत्र १२** ચિત્ર નં. ૩૭) [જે સ્ત્રીને મરેલાં છોકરાં અવતરતાં હોય અથવા જન્મીને તુરત જ મરી જતાં હોય તેને મૃતવત્સા દોષ કહે છે.]

---

૧ 'दोगच्चं' એવો પણ કેટલીક પ્રતોમાં પાઠ છે.

૨ હીરો માણેક, પાનું, મોતી તથા પ્રવાલ તેના અભાવે તાંબુ, પ્રવાલ, મોતી, માણેક અને સોનાનો હાલમાં ઉપયોગ કરવામાં આવે છે.

વળી **क्ष्म्ल्व्यूं** ની મધ્યમાં (સાધકનું) નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં **ह्रूँ क्ष्रूं ह्रीं ह्रूं** દરેક પાંખડીઓમાં સ્થાપીને–લખીને, ઉપર **श्रीं**કારના ફરતા ત્રણ આંટા મારીને, ઉપરના જ મન્ત્રથી પૂજન કરીને, સ્ત્રીના કંઠમાં અથવા ભૂજાએ ધારણ કરાવવાથી કાકવંધ્યા (જે સ્ત્રી કુદરતી વંધ્યત્વ દોષવાળી હોય) પણ ગર્ભ ધારણ કરે છે. (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર. ૧૩ ચિત્ર નં. ૩૮)

વળી ૐકારની મધ્યમાં (સાધકનું) નામ લખીને, બહાર ફરતા સોળ સ્વરો વીંટીને, ઉપર **ॐ ह्रीं ऐं श्रीं चामुण्डे ! स्वाहा** આ અક્ષર ફરતા વીંટીને, ઉપર **ह्रीं**કાર વીંટાળવો (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૧૪ ચિત્ર નં. ૩૯)

આ યંત્ર કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને, [ઉપર પ્રમાણેની વિધિએ ધારણ કરવાથી તથા પૂજન કરવાથી] બાલકોની ગ્રહપીડાનો નાશ થાય છે. કેટલાક મતે ભૂતાદિભયનો નાશ થાય છે.

વળી **ॐ ह्रीं श्रीं** એ ત્રણ અક્ષરોની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતી સોળ પાંખડીઓમાં **ह्रीं श्रीं** એ અક્ષરો દરેક પાંખડીઓમાં લખીને ઉપર **क्ष्रिप ॐ स्वाहा** એ મન્ત્ર ફરતો વીંટીને, ઉપર **ह्रीं**કારના ત્રણ આંટા મારવા (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૧૫ ચિત્ર નં. ૪૦)

આ યંત્રનું પણ પૂર્વોક્ત મન્ત્રથી પૂજન કરવાથી દુર્ભાગ્યનો નાશ અને સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે. હીસ્ટિરીઆ વગેરે રોગોનો પણ નાશ થાય છે. ઉત્તમ એવા ગુરૂની ચરણ-કમલની પૂજા સર્વવિધિમાં પ્રથમ કરવી, નહિતર મન્ત્રની સિદ્ધિ થતી નથી. પરંપરાનો લોપ કરવાથી નિશ્ચયે કરીને સિદ્ધિ થતી નથી એ પ્રમાણે **પાદલિપ્તસૂરિ** મહારાજનું વચન છે.

પાર્શ્વ૦ટીકા—**ह्रीं**કારની મધ્યમાં (સાધકનું) નામ લખીને, બહાર આઠ પાંખડીઓ ફરતી વીંટવી, તેમાંની ચાર પાંખડીઓમાં **ह्रीं ब्लूँ ह्रीं** તથા બાકીની ચાર પાંખડીઓમાં દેવદત્ત (સાધક) નું નામ લખવું [ઉપર ફરતા **ह्रीं**કારના ત્રણ આંટા મારવા]. (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૧૬ ચિત્ર નં. ૪૧)

આ યંત્ર કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને સ્ત્રીની ભૂજાએ ધારણ કરાવવાથી, વંધ્યા પણ ગર્ભવતિ થાય છે, મૃતવત્સા દોષવાળી પણ ગર્ભને ધારણ કરે છે, કાકવંધ્યા પણ બાલકને જન્મ આપે છે, ભૂત, પિશાચ વગેરેના ઉપદ્રવમાં પણ રક્ષણ થાય છે.

वકારની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતા સોળ સ્વરો વીંટવા, પછી બહાર દરેક પાંખડીઓમાં **ॐ ह्रौं ह्रीं चामुण्डे ! स्वाहा** એ શબ્દો લખવા [ઉપર ह्रींકાર ના ત્રણ આંટા મારવા] (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૧૭ ચિત્ર નં. ૪૨).

આ યંત્ર ભોજપત્ર પર કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને, ભુજાએ ધારણ કરાવવાથી બાલકોની ગ્રહ વગેરેથી રક્ષા થાય છે.

માયાબીજ (ह्रींકાર) ના ત્રણ આંટા મારીને, તેની અંદર (સાધકનું) નામ લખીને બહાર ફરતી આઠ પાંખડીઓમાં **ह्रीं दे (वदत्त)** લખીને [ફરતા ह्रींકારના ત્રણ આંટા મારવા], (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૧૮ ચિત્ર નં. ૪૩) આ યંત્ર ભોજપત્ર પર કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને, સ્ત્રી અગર પુરૂષ ભુજાએ ધારણ કરે તો સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

वंકારની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતી ચાર પાંખડીઓમાં **व**કાર લખીને, તેની બહાર ફરતી આઠ પાંખડીઓમાં **र**કાર લખીને [ફરતા ह्रींકારના ત્રણ આંટા મારવા], (આકૃતિ માટે જુઓ **उव०** યન્ત્ર ૧૯ ચિત્ર નં. ૪૪) આ યંત્ર કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખવાથી સર્વ જાતના ક્ષુદ્રોપદ્રવોપસર્ગની શાંતિ થાય છે. આ **वैरोटया** નામની વિદ્યા છે.

ह्रींકારની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતી આઠે પાંખડીઓમાં **ह्रस्व्यूं ह्रीं** દરેક પાંખડીમાં લખીને [ફરતા ह्रींકારના ત્રણ આંટા મારવા], (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૨૦ ચિત્ર નં. ૪૫) આ યંત્ર કેશર, ગોરૂચંદન વગેરે સુગન્ધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને, કંઠે અથવા ભુજાએ બાંધવાથી ચોરનો ભય ઉપસ્થિત થતો નથી. આ **अघोरा** નામની વિદ્યા છે.

ह्रींકારની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં ह्रींકાર લખીને [ફરતા ह्रींકારના ત્રણ આંટા મારવા], (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૨૧ ચિત્ર નં. ૪૬) આ યંત્ર કેશર, ગોરૂચંદન વગેરે સુગન્ધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને ભુજાએ બાંધવાથી સૌભાગ્યની પ્રાપ્તિ થાય છે.

ह्रींકારની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતી આઠે પાંખડીઓમાં ह्रींકાર લખીને [ફરતા ह्रींકારના ત્રણ આંટા મારવા], (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૨૨ ચિત્ર નં. ૪૭) આ યન્ત્ર કેશર, ગોરૂચન્દન વગેરે સુગન્ધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને ભુજાએ ધારણ કરવાથી સર્વજનોને પ્રિય થાય છે.

ह्रींકારની અંદર (સાધકનું) નામ લખીને, બહાર ફરતી આઠે પાંખડીઓમાં **र**કાર લખીને [ફરતા ह्रींકારના ત્રણ આંટા મારવા] (આકૃતિ માટે જુઓ **उव०**

યંત્ર ૨૩ ચિત્ર નં. ૪૮). આ યંત્ર કેશર, ગોરૂચંદનથી ભોજપત્ર પર લખવાથી બાલકને શાંતિ પુષ્ટિ અને રક્ષણ કરનાર થાય છે.

હ્રીંકારના ત્રણ આંટા મારીને તેની અંદર [રોગીનું] નામ લખીને, બહાર ફરતી આઠે પાંખડીઓમાં હ્રીંકાર લખીને [ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારવા]. (આકૃતિ માટે જુઓ **ઉવ૦** યંત્ર ૨૪ ચિત્ર નં. ૪૯) આ યંત્ર કેશર, ગોરૂચંદનથી ભોજપત્ર પર લખીને કંઠે, ભુજાએ ધારણ કરવાથી, તાવની પીડા, હિસ્ટીરીઆની પીડા, ભૂત, પિશાચના વળગાડ વગેરેની શાંતિ થાય છે.

હ્રીં શ્રીં હ્રીં શ્રીં હ્રીં ની અંદર નામ લખીને, બહાર ફરતી સોળ પાંખડીઓમાં હ્રીં શ્રીં ઠકાર લખીને [ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારવા], (આકૃતિ માટે જુઓ **ઉવ૦** યંત્ર. ૨૫ ચિત્ર નં. ૫૦) આ યંત્ર કેશર, ગોરૂચંદનથી ભોજપત્ર પર લખવાથી દુર્ભાગનારી સૌભાગી થાય છે.

ત્રીજી ગાથાના મન્ત્રો તથા યન્ત્રો સમાપ્ત.

तुह सम्मत्ते लद्धे[1], चिंतामणिकप्पपायवब्भहिए।
पावंति अविग्घेणं, जीवा अयरामरं ठाणं ॥४॥

[तव सम्यक्त्वे लब्धे चिन्तामणिकल्पपादपाभ्यधिके।
प्राप्नुवन्त्यविघ्नेन जीवा अजरामरं स्थानम्]

અર્થઃ—હે પ્રભુ ! ચિંતામણિ રત્ન અને કલ્પવૃક્ષથી પણ અધિક મહિમાવાળું તમારું સમ્યક્ત્વ પામે છતે જીવો કોઇ પણ પ્રકારના વિઘ્ન વિના અજરામર સ્થાન એટલે મોક્ષપદને પ્રાપ્ત કરે છે. આ ગાથામાં લઘુ ઓગણત્રીશ અને ગુરૂ છ મળી કુલ પાંત્રીશ અક્ષરો છે.

ચન્દ્રા૦ ટીકા—મન્ત્રામ્નાયઃ—

પ્રથમ પાર્શ્વનાથ પ્રભુની કલ્પના કરીને, જમણી બાજુ ધરણેન્દ્ર તથા ડાબી બાજુએ પદ્માવતી અને ઉપર બ્રહ્માણું તથા નીચે નાગના નામની કલ્પના કરીને વલય દઇને, તેના ઉપર આઠ પાંખડીઓમાં દરેકમાં **नमिऊण १ पास २ विसहर ३ वसह ४ जिण ५ फुलिंग ६ ह्रीं ७ नमः ८** લખીને, બહાર ફરતી સોળ પાંખડીઓમાં સોળ વિદ્યાદેવીનાં નામ અને એકેક સ્વર લખીને, ઉપર ચોવીશ પાંખડીઓ વાળા કમળની દરેક પાંખડીઓમાં ચોવીશ તીર્થંકરની ચોવીશ માતાઓનાં નામોમાંથી એકેક નામ આલેખીને, હ્રીંકારથી વીંટીને, ગ્રહ તથા દિગ્પાલોનાં નામો કલ્પીને, સુગંધી દ્રવ્યોથી આલેખીને, સુગંધવાળાં ફૂલોથી નિરંતર વખતસર આ લઘુદેવકુલની પૂજા કરવાથી સર્વાર્થની સિદ્ધિ થાય છે. (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૨૬ ચિત્ર નં. ૫૧) પૂજા મન્ત્ર પૂર્વોક્ત જ ગુરૂના મુખકમલથી જાણવો. ગુરૂના ચરણ કમલની પૂજા બહુજ ધામધૂમ અને ભક્તિથી કરવી.

ચોથી ગાથાના મન્ત્રો તથા યન્ત્રો સમાપ્ત.

---

૧ 'पत्ते' એવો પાઠ પણ કેટલીક પ્રતોમાં છે.

ईअ[1] संथुओ महायस ! भत्तिब्भरनिब्भरेण हियएण[2]।
ता देव ! दिज्ज[3] बोहिं, भवे भवे पास जिणचंद ! ॥५॥

[इति संस्तुतो महायशः ! भक्तिभरनिर्भरेण हृदयेन।
तस्मात् देव ! देहि बोधिं, भवे भवे पार्श्व ! जिनचन्द्र ॥]

અર્થઃ—હે મહાયશસ્વી પ્રભુ ! આ પ્રમાણે ભક્તિના સમૂહથી ભરપૂર એવા હૃદયવડે મેં આપની સ્તુતિ—સ્તવના કરી છે, તેથી હે પાર્શ્વનાથ જિનચંદ્ર દેવ ! મને ભવે ભવે એટલે જ્યાં સુધી હું મુક્તિસ્થાનને પ્રાપ્ત ન કરું ત્યાં સુધી બોધિ એટલે સમકિત આપો. એટલુંજ હું આપશ્રીની પાસે માગું છું. આ ગાથામાં લઘુ ચોત્રીશ અને ગુરૂ ચાર મળી કુલ આડત્રીશ અક્ષરો છે. આ પાંચે ગાથાઓમાં સર્વ મળી પદ વીશ, ગુરુ એકવીશ અને લઘુ એકસો ચોસઠ મળી કુલ સર્વ એકસોને પંચાશી અક્ષરો છે.

ચન્દ્રા૦ ટીકા—મન્ત્રામ્નાયઃ—

પ્રથમ **वं झं ह्रं** દત્ત ઋિની અંદર નામ લખીને, બહાર ઠકાર સંપુટ વીંટીને, તેની બહાર સોળ સ્વર વીંટીને, તેની ઉપર આઠ પાંખડીનું કમળ કરીને, આઠે પાંખડીઓમાં **ॐ पार्श्वनाथाय ह्रीं स्वाहा** લખીને, ફરી પણ બાર પાંખડીનું કમળ કરીને, દરેક પાંખડીમાં **हर हर** એ બે અક્ષર સ્થાપવા, તેની બહાર **इवीं क्ष्वीं हंसः** એ અક્ષરો વીંટીને, ઉપર હકાર સંપુટ, તેના ઉપર પકાર સંપુટ કલ્પીને, તેની બહાર ફરતા ક્ષ્વીંકારના ત્રણ આંટા મારવા. (આકૃતિ માટે જુઓ **उव०** યંત્ર ૨૭ ચિત્ર નં. ૫૨)

આ યંત્ર કેશર, ચંદન, કપૂર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર આલેખીને, [પાર્શ્વ૦ ટીકા—] **ॐ रं ह्रां पक्षि इवीं क्ष्वीं हंसः स्वाहा** । આ મન્ત્રથી સફેદ સુગંધીદાર ૧૦૮ ફૂલથી ત્રણ દિવસ સુધી નિરંતર પૂજન કરવાથી ભૂત, પ્રેત, શાકિની જ્વરાદિ ભયનો નાશ થઈને શાંતિ અને પુષ્ટિ થાય છે. વળી આ યંત્ર શુભ દ્રવ્યોથી ભોજપત્ર પર લખી, કુમારિકાએ કાંતેલા સુતરથી વીંટીને ભુજાએ ધારણ કરવાથી સર્વ જગ્યાએ રક્ષણ થાય છે, અને સર્વ સંપદાને આપવાવાળો આ યંત્ર થાય છે.

[ચન્દ્રા૦ ટીકા—] હવે બૃહદ્વૃત્તિમાં કહેલા કેટલાક મન્ત્રો કહીએ છીએઃ—

ॐ ब्ल्यूं वं ह्रां आँ क्रों क्षीं ह्रीं क्लीं ब्लूँ द्रां द्रीं ज्वालामालिनि ! झंकारिणि !

---

૧ 'इय' એવો પણ પાઠ છે. ૨ 'हिअये(ए)ण એવો પણ પાઠ છે. ૩ 'देसु' એવો પણ પાઠ છે.

विषं निर्विषं कुरु कुरु स्थावरविषं जङ्गमं जाठरं योगजं अपहर अपहर मण्डकं अमृतेन सिञ्चय सिञ्चय उत्थापय उत्थापय दण्डेनाक्रम्य विषमविषं ठः ठः ठः स्वाहा ॥

ડંશ દીધેલા પુરૂષના જેટલો જ દંડ લઈને, તે દંડને સાત વાર મન્ત્રીને ડંસ દીધેલાના સર્વ સાંધાઓને વિષે તે દંડથી તાડના કરવાથી, ડંસ દીધેલો પુરૂષ ઊભો થાય છે. વળી **ॐ क्रों ग्रो मृ ठः ठः ठः** આ મન્ત્રથી જલધારા દેવાથી ડંસ દીધેલો ઊભો થાય છે.

ऐं ह्रीं श्रीं એ મન્ત્રનો રાતા પુષ્પથી ૧૦૦૦૦૦ એક લાખ જાપ કરે તો નગર ક્ષોભ પામે છે.

ॐ ह्रीं श्रीं कलिकुण्डस्वामिने नमः આ મન્ત્રનો નિરંતર જાપ કરવાથી સર્વ અર્થની સિદ્ધિને કરનારો થાય છે.

વળી **ॐ नमो भगवते [श्री] पार्श्वनाथाय क्षेमङ्कराय ह्रीं नमः** । આ ક્ષેમને કરવાવાળો મન્ત્ર છે.

પાંચમી ગાથાના મન્ત્રો તથા યન્ત્રો સમાપ્ત.

ઉવસગ્ગહર સ્તોત્ર સંપૂર્ણ

———— o ————

શ્રી જિનસૂર મુનિ વિરચિત

શ્રી ઉવસગ્ગહરસ્તોત્ર માહાત્મ્ય ગર્ભિત

શ્રી પ્રિયંકર નૃપ કથા.

॥ ॐ वीतरागाय नमः ॥

वंशाब्जश्रीकरो हंसो, दत्तोत्तमविभावसुः ।
सदानन्दं क्रयात् सारं, श्रीवामासूनुसद्वरः ॥१॥

અર્થાત્–વંશ રૂપી કમળને વિકસાવનાર સૂર્ય સમાન, ઉત્તમ પ્રકારના તેજરૂપ દ્રવ્યને આપવાવાળા, ઉત્તમ એવા **શ્રીવામા**દેવીના પુત્ર (**શ્રી પાર્શ્વનાથ** પ્રભુ) નિરંતર ભવ્યજનોને આનંદના કરનારા થાઓ.

જેની મધ્યમાં ૐકાર રહેલો છે એવા હ્રીંકારથી વીંટાએલા શરીરવાળા, **ધરણેન્દ્ર** તથા **પદ્માવતી** દેવીથી સેવા કરાતા એવા, જિનેશ્વર **શ્રી પાર્શ્વનાથ** પ્રભુને ભક્તિ-પૂર્વક નમસ્કાર–પ્રણામ કરીને **ઉપસર્ગહર**સ્તવનો પ્રભાવ હું કહીશ. (આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૫૩)

આ **ઉપસર્ગહર**સ્તોત્ર જ્ઞાનના સૂર્ય સમાન **શ્રીભદ્રબાહુ**સ્વામીએ સંઘની શાંતિ અને કલ્યાણના માટે બનાવ્યું છે. આ સ્તોત્રના પ્રભાવનું વર્ણન કરવાને માટે બોલવામાં સમર્થ એવી એક જીભથી ગુરૂ અથવા ઇંદ્ર પણ સમર્થ નથી. આ **ઉપસર્ગહરસ્તોત્ર**નું સ્મરણ કરવાથી કલ્યાણકારી સંપત્તિઓ, સંતતિનો સંયોગ અને નિરંતર ઇચ્છિત સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે.

ઉપસર્ગહરસ્તોત્રનું સ્મરણ કરનાર માણસને ઉદય, ઉચ્ચ પદવી, ઉપાય, ઉત્ત-મતા અને ઉદારતા એ પાંચ ઉકાર (ઉકારથી શરૂ થતા લાભો) પ્રાપ્ત થાય છે; તથા **શ્રી પાર્શ્વનાથ** પ્રભુનું સ્મરણ કરનાર માણસને પુણ્ય, પાપનો નાશ, પ્રીતિ, પદ્મા (લક્ષ્મી) અને પ્રભુતા (પકારથી શરૂ થતા લાભો) એ પાંચ પ્રકારની પ્રાપ્તિ થાય છે.

સ્થિર આસન પર બેસી, મૌનપણે, એકચિત્તથી જે (મનુષ્ય) આ **ઉપસર્ગહર સ્તોત્ર**નું ૧૦૮ એકસો આઠ વાર નિરંતર ધ્યાન ધરે છે, તે મનુષ્યોમાં રાજા સમાન (મનુષ્ય)ને પગલે પગલે કાર્યની સિદ્ધિ થાય છે, અને ચંચળ એવી લક્ષ્મી પણ સદાને માટે સ્થિર થાય છે.

જળમાં, અગ્નિમાં, પર્વતમાં, ચોરના ઉપદ્રવવાળા માર્ગમાં અને ભૂત પ્રેતથી વ્યાપ્ત સ્થાનમાં આ (**ઉપસર્ગહર**) સ્તોત્રનું સ્મરણ કરવાથી સર્વ પ્રકારના ભયનું નિવારણ થાય છે.

આ **ઉપસર્ગહર** સ્તોત્રનું છ મહિના સુધી ધ્યાન કરનાર માણસને આ લોકમાં શાકિની વગેરેનો તથા રાજાનો ભય નથી રહેતો.

ગ્રંથકાર સ્તોત્રકારને આશીર્વચન કહે છે—

उवसग्गहरं थोत्तं, काऊणं जेण संघकल्लाणम् ।
करुणायरेण विहियं, स भद्दबाहु गुरू जयउ॥

કરૂણાના ભંડાર એવા જેમણે **ઉપસર્ગહરસ્તોત્ર** રચીને શ્રી સંઘનું કલ્યાણ કર્યું તે **શ્રી ભદ્રબાહુ** ગુરૂ જય પામો–જયવંતા વર્તો.

જે સમયમાં દેવો, મન્ત્રો અને સિદ્ધિઓ પ્રત્યક્ષ નથી થતી એવા કલિકાળમાં [પણ] આ **ઉપસર્ગહર** સ્તોત્રનો પ્રભાવ સાક્ષાત્ દેખાય છે. [આ સ્તોત્રના સ્મરણના પ્રભાવથી] પુત્ર વિનાનો પુત્રને પ્રાપ્ત કરે છે, ધન વગરનો કુબેર સમાન શ્રીમાન થાય છે, પગપાળો (પદાતિ–સામાન્ય સૈનિક) પણ [રાજાની માફક] શાસન ચલાવે છે અને દુઃખી માણસ સુખી થાય છે. ત્વદ્રૂપ (**ઉપસર્ગહર** સ્તોત્ર રૂપ) ચિંતામણિનું ચિંતન કરવાથી શું શું સિદ્ધ થતું નથી ? અર્થાત્ **ઉપસર્ગહરસ્તોત્ર** રૂપ ચિંતામણિનું ચિંતન કરવાથી ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે.

આ સ્તોત્રની સ્મરણમાત્ર કરાએલી એક જ ગાથાથી પણ શાંતિ થાય છે, તો પછી પાંચ ગાથાના પ્રમાણ વાળા આખા (સ્તવન)નું તો કહેવું જ શું ? અર્થાત્ આ સ્તોત્રની એક જ ગાથાના સ્મરણ માત્રથી પણ ઉપદ્રવોની શાંતિ થાય છે, તો પછી પાંચ ગાથાના પ્રમાણ વાળા આખા સ્તોત્રના સ્મરણથી ઉપદ્રવની શાંતિ થાય એમાં તો નવાઈ જ શી ?

જેવી રીતે **પ્રિયંકર** નામનો રાજા **ઉપસર્ગહરસ્તોત્ર**ના ધ્યાનથી માન ભરેલું પદ અને વિશાળ સંપત્તિને પામ્યો તેવી રીતે આ ઉત્તમ અને પવિત્ર સ્તવનું નિરંતર ધ્યાન કરવાથી ઉપસર્ગો–આફતોનો નાશ થાય છે, વિઘ્નરૂપી વેલડીઓ છેદાઇ જાય છે અને મન પ્રસન્નતાને પામે છે.

[તે] **પ્રિયંકર** રાજાની કથા આ પ્રમાણે જાણવીઃ–

મગધદેશમાં અશોકપુર નામે નગર હતું, જ્યાં મોટા ધનવાનોના ત્રણ માળનાં મકાનો, જ્યાં બધી વસ્તુઓના સમૂહો, અતિથિ જનોને આદર, ભોજનમાં પુષ્કળ

ઘી, મંદિરમાં શ્રી આદિનાથની મૂર્તિ, વાદવિવાદમાં આળસ, રાજકુલમાં આડંબર હતો અને ભોગી (સર્પ)નો ઉપદ્રવ નકુલ (નોળીયા)ને જ હતો, બીજે કોઇ ઠેકાણે નહિ. (અર્થાત્ કુળવાન ન હોય તેને જ ભોગની ખામી હતી, અથવા તો તેવા નીચ કુળવાળાને જ તેના નીચ કૃત્ય પરત્વે ભોગી પુરૂષોનો ઉપદ્રવ હતો એટલે નકુળનો ઉપદ્રવ ભોગી (સર્પ) ને હોય તેના કરતાં અહીં ઉલટું હતું).

તે નગરમાં પ્રતાપી, પરાક્રમી, [અને] ન્યાયી **અશોકચંદ્ર** રાજા રાજ્ય કરતો હતો. (તેને) ફૂલની માળા જેવી વિવેક, વિનય, શીયલ, ક્ષમા વગેરે ગુણોની સુવાસયુક્ત **અશોકમાલા** (નામની) પટ્ટરાણી હતી. તે દંપતિને અરિસૂર, રણસૂર અને દાનસૂર એ નામના દેવ, ગુરૂ, પિતા અને માતાના ભક્ત એવા ત્રણ પુત્રો હતા. રાજ્યનો સાર પણ એજ છે. કહ્યું છે કેઃ–

"चित्तानुवर्तिनी भार्या, पुत्रा विनयतत्पराः ।
वैरिमुक्तं च यद् राज्यं, सफलं तस्य जीवितम् ॥

ચિત્તને અનુસરવાવાળી એવી સ્ત્રી, વિનયમાં તત્પર એવા પુત્રો, અને શત્રુ વગરનું જેને રાજ્ય હોય, તેવા પુરૂષનું જીવન સફળ જાણવું."

વાવ, કિલ્લો, દેવમંદિર, વિવિધ વર્ણના લોકો, સુંદર સ્ત્રીઓ, બોલાવવામાં નિપુણ માણસો, વન, બગીચો, વૈદ્યો, બ્રાહ્મણ, જળ, વાદી, વિદ્વાનો, વેશ્યાઓ, વાણીયાઓ, નદી, વિદ્યા, વીર, વિવેક, ધન, વિનય, સાધુઓ, કારીગરો, વસ્ત્ર, હાથી, ઘોડો અને ઉત્તમ બચ્ચર, આ (સંસ્કૃત ભાષામાં **વ**થી શરૂ થતા સાધનો) થી રાજ્ય શોભે છે.

એક વખતે રાજાએ પોતાના **અરિસૂર** નામના પુત્રનો લગ્ન મહોત્સવ શરૂ કર્યો, અને તેને માટે એક નવો મહેલ બનાવવા રાજાએ શિલ્પશાસ્ત્રમાં નિપુણ એવા માણસોને બોલાવ્યા. (તેઓની સલાહ પ્રમાણે) અને વાસ્તુશાસ્ત્રના નિયમ પ્રમાણે સુતારો નવો મહેલ કરવા લાગ્યા. કહ્યું છે કેઃ–

"વૈશાખ, શ્રાવણ, માગશર અને ફાગણ તથા પોષ માસમાં ઘર કરવું, પણ બાકીના મહિનાઓમાં ન કરવું એવો **વારાહ** મુનિનો મત છે. તેમ જ ઘરમાં પૂર્વ દિશાએ લક્ષ્મીનો ભંડાર–ધનનો, અગ્નિખુણામાં રસોડું, દક્ષિણ દિશામાં શયનગૃહ, નૈઋત્યખુણામાં શસ્ત્રાગાર–હથિયારો મૂકવાનું સ્થાન, પશ્ચિમ દિશામાં ભોજન કરવાનું સ્થાન, વાયવ્યખુણામાં અનાજના કોઠાર–ધાન્ય સંગ્રહ કરવાનું સ્થાન, ઉત્તરદિશામાં સ્નાનાગાર–સ્નાન કરવાનું સ્થાન તથા ઇશાનખુણામાં દેવગૃહ–ઘર દહેરાસર અથવા ધાર્મિક ક્રિયા કરવાનું સ્થાન રાખવું."

આ પ્રમાણે તૈયાર કરેલા તે નવીન મહેલને ચિત્રકળામાં નિપુણ એવા ચિત્રકારો સુંદર વિવિધ જાતિના ચિત્રોથી ચીતરવા લાગ્યા છે તથા સુવર્ણકારો–સોનીઓ રત્ન અને સુવર્ણના વિવિધ આભૂષણો ઘડે છે. આ વખતે જ દેવતાનું વરદાન પામેલા એવા સુવર્ણકારો–સોનીઓ **પાટલીપુત્ર** નગરથી [ત્યાં] આવ્યા [અને] રાજાને મલ્યા, પ્રધાનોએ (તેઓને) સુખ સમાચાર પૂછ્યા. રાજાએ તેઓને કળાનું સ્વરૂપ પુછ્યું. તેઓ બોલ્યા કેઃ–"હે રાજન્ ! દેવતાના વરદાનવાળા એવા અમારાં ઘડેલાં આભૂષણો જે ધારણ કરે છે, તે જો રાજ્યને લાયક હોય તો તેને રાજ્ય મળે છે. (અને) બીજા સામાન્ય મનુષ્યોને તેથી મહત્વ પ્રાપ્ત થાય છે. તે પહેલાં રાજા હોય તો રાજાધિરાજ થાય છે."

તેઓના વચનથી સંતુષ્ટ–હર્ષિત થએલ રાજાએ તેઓને એક અપૂર્વ હાર બનાવવાનો હુકમ કર્યો. સોનું, મોતી, ઉત્તમ જાતિના હીરા તથા રત્નો વગેરે જે કાંઇ જોઇએ તે આપવા માટે રાજાએ ખજાનચીને હુકમ કરી દીધો. પછી ત્યાં દેખરેખ રાખવા માટે પોતાના વિશ્વાસુ માણસોની નિમણુક કરી. કારણકે કોઇનો પણ વિશ્વાસ ન કરવો જોઇએ. કહ્યું છે કેઃ—

"ताइ तेली तेरभउ, तंबोली तलार;
ठग ठक्कुर अहि दुज्जणुह, जे वीससइ ते गमार."

અર્થાત્–વણકર, ઘાંચી, મોચી, તંબોલી, કોટવાળ, ઠગ, ઠાકોર, સર્પ અને દુર્જનનો જે વિશ્વાસ કરે તે મૂર્ખ સમજવો.

ત્યાર પછી તેઓએ છ મહિનામાં હાર ઘડીને તૈયાર કર્યો. રાજાને (હાર તૈયાર થયાની) વધામણી આપી. પ્રાતઃકાળે રાજસભામાં હાર મંગાવ્યો, રાજા તે હાર જોઇને હર્ષિત થયો, (અને) બધા લોકો પણ હર્ષિત થયા–વિસ્મય પામ્યા. [રાજાએ] તે હારનું **દેવવલ્લભ** એવું નામ આપ્યું–પાડયું, અને સુવર્ણકારોને વસ્ત્ર ધન આદિક આપીને વિસર્જન કર્યા–રવાના કર્યા. મુહૂર્ત જોવામાં નિપુણ એવા નિમિત્તિયાઓને રાજાએ પૂછવાથી મુહૂર્ત જોવા લાગ્યા. તેઓએ જોઇને ઉત્તમ મુહૂર્ત જણાવ્યું. તેઓએ કહેલ શુભ મુહૂર્તે તે હાર મંગાવીને, હાર પોતાના હાથમાં લઇ જેટલામાં રાજા પોતાના ગળામાં પહેરવા ગયો, તેટલામાં જ અકસ્માત્ સભામાં નૈઋત્યખુણામાં છીંક થઇ.

રાજાએ પૂછ્યું–"આ (છીંક) કેવી છે ?" નિમિત્તશાસ્ત્રના જાણકારે કહ્યું કેઃ–"હે રાજન્ ! (આ છીંક) સામાન્ય છે." કારણ કે કહ્યું છે કેઃ—

" પોતાના સ્થાને બેઠેલા અને પ્રથમ (કામની શરૂઆત કર્યા પહેલાં) કાંઇ-પણ સ્વકાર્ય કરવાની ઇચ્છાવાળાને છીંક થાય તે, દિશા અને વિદિશાના-ખૂણાના ભેદથી શુભ અને અશુભસૂચક થાય છે. છીંક પૂર્વદિશામાં થાય તો તે અવશ્ય લાભને સૂચવે છે, અગ્નિખુણામાં થાય તો હાનિ કરનારી, દક્ષિણ દિશામાં થાય તો મરણ કરનારી, નૈઋર્ત્ય ખુણામાં ખેદ કરનારી, પશ્ચિમ દિશામાં પરમ સંપત્તિને દેનારી, વાયવ્ય ખુણામાં શુભ સમાચાર આપનારી, ઉત્તર દિશામાં ધનનો લાભ કરનારી, ઇશાન ખુણામાં લક્ષ્મી અને વિજયને દેનારી અને ઉંચે (બ્રહ્મ સ્થાનમાં) થએલી છીંક રાજ્યને આપનારી થાય છે. રસ્તે ચાલતાં સન્મુખ થએલી છીંક મરણનું સૂચન કરે છે, જમણી તરફ છીંક થઇ હોય તો પ્રયાણ નહી કરતાં પાછા ઘેર આવવું અને ડાબી તરફ છીંક થાય તો ધૈર્ય અને સિદ્ધિની કરનારી સમજવી."

તેથી રાજાએ હારને પોતાના ખજાનામાં રખાવ્યો. ફરી બીજા મુહૂર્તનો યોગ આવે છતે રાજાએ ખજાનામાંથી હાર મંગાવ્યો. ખજાનચી ત્યાં (ખજાનામાં) તપાસ કરીને, રાજાની આગળ વિજ્ઞપ્તિ કરવા લાગ્યો કેઃ-" હે રાજન્! ત્યાંથી હાર અદૃશ્ય થઇ ગએલો છે, કોઇએ તે લઇ લીધો લાગે છે."

રાજાએ કહ્યું-"મરવાની ઇચ્છાવાળો એવો બીજો કયો માણસ અહીં આવી શકે-પ્રવેશ કરી શકે ? (અર્થાત્ તારા વિના બીજો કોણ લઇ શકે ?)."

ખજાનચીએ કહ્યું કેઃ-" (હે રાજન્!) આ વિષયમાં હું કાંઇ પણ જાણતો નથી. છતાં પણ આપને મારા કથનનો વિશ્વાસ ન આવતો હોય, તો હું સોગન પૂર્વક આપ કહો તે પ્રકારનું દિવ્ય કરવા તયાર છું."

(તે વખતે) મંત્રીએ કહ્યું કેઃ-"(રાજન્!) કોઈ પણ વાતનો નિશ્ચય કર્યા વિના કોઇના ઉપર ખોટું કલંક આપવું તે યોગ્ય નથી." કહ્યું પણ છે કેઃ—

"अविमृश्य कृतं कार्यं, पश्चात्तापाय जायते।
न पतत्यापदम्भोधौ, विमृश्य कार्यकारकः ॥१॥

વગર વિચારે કરેલું કાર્ય પશ્ચાતાપને માટે થાય છે અને વિચાર પૂર્વક કાર્ય કરનારને આપત્તિરૂપ સમુદ્રમાં પડવાનો વખત આવતો નથી."

તેથી મંત્રિના કહેવાથી રાજાએ સમસ્ત નગરમાં ઢંઢેરો પીટાવ્યો કેઃ—

"જે માણસ **દેવવલ્લભ** હારનો પત્તો જણાવશે તેને, પ્રસન્ન થએલો રાજા પાંચ ગામ ઇનામમાં આપશે."

આ પ્રમાણે મોટા અવાજે સાત દિવસ સુધી સેવકોએ ઢંઢેરો પીટયો, પરંતુ તે ઢંઢેરાનો કોઇએ પણ સ્વીકાર ન કર્યો (અર્થાત્ એ ઢંઢેરાનો સ્પર્શ કરીને હારની શોધ કરવાનું કોઇએ પણ માથે ન લીધું). [એટલે] પછી રાજાએ જ્યોતિષિઓને પૂછયું. તેઓએ કહ્યું કેઃ–"હે રાજન્! હાર નહિ મળે."

વળી ત્યાં એક **ભૂમિદેવ** નામનો જ્યોતિષી રહેતો હતો તેને બોલાવીને હારની પ્રાપ્તિ સંબંધી રાજાએ પૂછયું. તેણે કહ્યું કેઃ–"હે રાજેન્દ્ર ! આજ રાત્રે તપાસ કરીને–જોઇને હું કહીશ."

તે દિવસ આપીને સવારે તેને બોલાવ્યો. તેણે કહ્યું કેઃ–" હે રાજેન્દ્ર ! (આ બાબત) ન પૂછશો, (કારણકે) નહિ કહેવાથી થોડું'ક દુઃખ છે, અને કહેવાથી મહાદુઃખ છે." (આ પ્રમાણે કહેવાથી) રાજાએ વિશેષે કરીને પૂછવાથી તેણે કહ્યું કેઃ– "(હે રાજન્!) લક્ષ મૂલ્યવાળો એ(**દેવવલ્લભ**) હાર જેની પાસેથી તમોને મળી આવશે, તે તમારી પછી તમારી જ ગાદીએ રાજા થશે. આ બાબતમાં સંશય નથી; (કારણકે) આ દેવતાનું વચન છે–દેવતાએ કહેલું છે; પરંતુ ઘણા વર્ષ પછી [આ પ્રમાણે બનશે]. આ સંબંધમાં પુરાવો એ છે કે–આજથી ત્રીજે દિવસે તમારો હાથી મરી જશે."

આ પ્રમાણે કાનમાં રેડેલા ગરમ સીસા જેવું તે (જ્યોતિષી) નું વચન સાંભળીને રાજા ક્ષણભર માટે મૂર્છિત જેવો થઇ ગયો. મંત્રિએ કહ્યું કેઃ–" [હે સ્વામિન્!] ચિંતા કરવાની કાંઇ જરૂર નથી; ભવિતવ્યતાને કોઇ ટાળી શકતું નથી." કારણ કેઃ—

"भवितव्यं भवत्येव, नारिकेलफलाम्बुवत् ।
गन्तव्यं गमयत्येव, गजभुक्तकपित्थवत् ॥१॥

નાળિયેરના ફળમાં જળપ્રાપ્તિની માફક જે થવાનું હોય તે થાય છે જ અને હાથીએ ખાધેલાં કોઠાંની માફક જે જવાનું હોય તે અવશ્ય જાય જ છે."

ત્રીજે દિવસે હાથીનું મરણ થયું (અને) જ્યોતિષીનું કહેવું સાચું પડયું. કહ્યું છે કેઃ—

"अवश्यं भाविभावानां, प्रतीकारो न विद्यते।
तदा दुःखैर्न बाध्यन्ते, नलरामयुधिष्ठिराः॥ १ ॥
उदयति यदि भानुः पश्चिमायां दिशायां
विकसति यदि पद्मं पर्वताग्रे शिलायाम् ।
प्रचलति यदि मेरुः शीततां याति वह्निः
तदपि न चलतीयं भाविनी कर्मरेखा ॥२॥

નિશ્ચયે થવાવાળી વસ્તુઓનો પ્રતિકાર છે જ નહિ, (જો એમ ન હોત) તો **નળરાજા, રામચંદ્રજી** અને **યુધિષ્ઠિર** [જેવા મહાપુરુષો] ને દુઃખો સહન કરવા પડત નહિ. જો સૂર્ય પશ્ચિમ દિશામાં ઉદય પામે–ઉગે, જો કમળનું ફૂલ પર્વતની ટોચ ઉપર રહેલી શિલામાં ખીલે–વિકસે, જો મેરૂ પર્વત ચલાયમાન થાય, અગ્નિ જો શીતળતા ગુણ ધારણ કરે, તો પણ ભવિતવ્યતા ફરી શકતી નથી. અર્થાત્ જે થવાનું હોય તે અવશ્ય થાય છે જ."

ત્યારપછી રાજાએ સાહસ પૂર્વક મોટી ધામધૂમથી પોતાનાં પુત્રનો લગ્ન મહોત્સવ કર્યો. હારના જવાથી ખેદ વાળો અને પુત્રના લગ્ન મહોત્સવથી રાજા હર્ષિત થયો. રાજા મંત્રિને કહેવા લાગ્યો કેઃ–"નિમિત્તિયાએ હારના ચોરનારને રાજ્ય (મળવનું) કહ્યું છે તે અસંભવિત છે. તેને [તો] હું શૂળી ઉપર જ રાજ્ય આપીશ. મારા પુત્રો જ મારૂં રાજ્ય પાળશે. અર્થાત્ મારી પછી ગાદીએ તો મારા પુત્રો જ આવશે."

મંત્રિએ કહ્યું કે;–"સ્વામિન્ ! એ પ્રમાણે જ થશે."

તેનું વચન સાંભળીને રાજ્યના ગર્વથી (તે ચોરને માટે) ગામની બહાર એક શૂળી તૈયાર કરાવી અને રાજ્ય કરવા લાગ્યો, પરંતુ—

"પોતાના મનથી જ કલ્પેલો ગર્વ ભલા કોને નથી હોતો ? ટિટોડી (જેવું પ્રાણી) પણ આકાશના પડવાથી પૃથ્વી ભાંગી જશે એવી બીકે પગ ઉંચા રાખીને સૂઇ રહે છે."

આ તરફ તે જ નગરમાં **પ્રિયશ્રી** નામની ગુણવાન પત્નિવાળો **પાસદત્ત** નામનો એક મોટો ધનવાન શ્રાવક રહેતો હતો. પરંતુ પૂર્વકર્મના સંયોગે કરીને તે નિર્ધન થઇ ગયો. તેથી તે શહેર છોડી દઇને ઘણા કૌટુંબિકના નિવાસવાળા પાસેના **'શ્રીવાસ'** નામના ગામમાં રહેવા લાગ્યો [અને] ત્યાં સુખે કરીને નિર્વાહ કરવા લાગ્યો. કારણ કે કહ્યું છે કેઃ—

"ગામડામાં નવું અનાજ, તાજું શાક, સુગંધીદાર ઘી, દહીં વગેરે મળે છે અને થોડા ખર્ચથી સરસ ભોજન કરી શકાય છે." પરંતુ ત્યાં ઘણો ઉદ્યમ કરવા છતાં પણ ધન ઉત્પન્ન થતું નથી. કારણ કેઃ—

"જમે ત્યાં જાઓ પણ પૂર્વકૃત કર્મ તો સાથે જ આવે છે (તેથી) બાલિકાનું વચન સાંભળીને ડાહ્યો પુરૂષ પરદેશ જતો નથી."

ધન વગર મહત્ત્વપણું હોતું નથી, અર્થાત્ ધન વગરનાને કોઈ માન આપતું નથી. કહ્યું છે કેઃ—

"धनैर्दुष्कुलीनाः कुलीनाः क्रियन्ते
धनैरेव पापात् पुनः निस्सरन्ति ।
धनेभ्यो विशिष्टो न लोकेऽस्ति कश्चिद्
धनान्यर्जयध्वं धनान्यर्जयध्वम् ॥१॥

ધનથી હલકા કુળવાળા કુલીન થાય છે. ધનથી જ પાપમાંથી બહાર નીકળે છે, લોકોમાં ધનથી (વધીને) કોઇ પણ શ્રેષ્ઠ નથી [માટે હે લોકો!] તમે ધન ઉત્પન્ન કરો! ધન ઉત્પન્ન કરો."

એટલામાં તે દંપતિને એક પુત્રની પ્રાપ્તિ થઇ. (તેથી) ગરીબાઇમાં પણ તેઓને આનંદ થયો. કહ્યું છે કેઃ—

"संसारभारखिन्नानां तिस्रो विश्रामभूमयः ।
अपत्यं च कलत्रं च, सतां सङ्गतिरेव च ॥१॥

સંસારના ભારથી ખિન્ન થએલાઓને પુત્રની પ્રાપ્તિ, સ્ત્રી અને સત્સંગ–સજ્જનોની સોબત એ ત્રણ વિશ્રામનાં સ્થાન છે,"

જ્યારે (એ) પુત્ર એક વરસનો થયો ત્યારે (તે) સાધારણ રોગથી મરણ પામ્યો. (તેથી) માતાને બહુ દુઃખ થયું. કહ્યું છે કેઃ—

"नारीणां प्रिय आधारः, स्वपुत्रस्तु द्वितीयकः ।
सहोदरस्तृतीयः स्या-दाधारत्रितयं भुवि ॥१॥

દુનિઆમાં સ્ત્રીઓના ત્રણ આધાર કહેલા છેઃ–પ્રથમ પતિ, બીજો પોતાનો પુત્ર અને ત્રીજો સગો ભાઇ."

સ્ત્રીઓના આધાર રૂપ અને મનોનિવૃત્તિના કારણરૂપ પુત્ર વિના તેણી (**પ્રિયશ્રી**) બહુ દુઃખ પામી. કારણ કેઃ—

"ग्रामे वासो दरिद्रत्वं, मूर्खत्वं कलहो गृहे ।
पुत्रैः सह वियोगश्च, दुःसहं दुःखपञ्चकम् ॥१॥

ગામડામાં નિવાસ, દરિદ્રતા, મૂર્ખપણું, ઘરમાં કલહ અને પુત્રોનો વિયોગ–એ પાંચ દુઃખો દુઃખે કરીને સહન કરી શકાય છે."

પછી **પ્રિયશ્રી**એ પોતાના પતિ **પાસદત્ત**ને કહ્યું કેઃ–"હે સ્વામિન્! અહીં આવવાથી જેવી જોઇએ તેવી ધનની પ્રાપ્તિ ન થઇ, પુત્ર પણ મરણ પામ્યો. લાભ ઇચ્છતા મુદ્દલમાં પણ ખોટ ગઇ. માટે અધર્મી (પ્રતિકુળ) ગામમાં રહેવું આપણને ઉચિત નથી. કહ્યું છે કેઃ—

"यत्र विद्यागमो नास्ति, यत्र नास्ति धनागमः ।
न सन्ति धर्मकर्माणि, न तत्र दिवसं वसेत् ॥१॥

જ્યાં વિદ્યાની કે ધનની પ્રાપ્તિ થાય નહિ અને ધર્મકરણી જ્યાં સાધી શકાય નહિ, ત્યાં એક દિવસ પણ વાસ કરવો નહિ."

વળીઃ—

कुग्रामवासः कुनरेन्द्रसेवा, कुभोजनं क्रोधमुखी च भार्या ।
कन्यावहुत्वं च दरिद्रता च, षड् जीवलोके नरका भवन्ति ॥१॥

ખરાબ ગામમાં વાસ કરવો, અયોગ્ય રાજાની સેવા–નોકરી કરવી, ખરાબ ભોજન, ક્રોધયુક્ત મુખવાળી સ્ત્રી, ઘણી કન્યાઓ અને ગરીબાઈ–આ છ (વસ્તુ) સંસારમાં નરક સમાન છે."

ફરીથી **પ્રિયશ્રી**, પુત્ર સ્નેહનાં દુઃખથી નસીબને ઠપકો આપીને, કહેવા લાગી કે–જો પુત્ર આપ્યો તો તેનો વિયોગ શા માટે કર્યો ? આપીને પાછું લઇ લેવું (એ સજ્જનને) શોભતું નથી. કારણ કેઃ—

"जइ देसि देव ! तुट्ठो मा जम्मो देसि माणुसे लोए ।
अह जम्मं मा पुत्तं अह पुत्तं मा विओगं च ॥१॥

હે દૈવ ! જો પ્રસન્ન થએલો એવો તું કંઇ આપવાને ઇચ્છતો હોય તો મનુષ્યલોકમાં જન્મ ન આપીશ, અને જો જન્મ આપે તો પુત્ર ન આપીશ. અને જો પુત્ર જ આપે તો (તેનો) વિયોગ ન આપીશ."

[વળી] હે પ્રાણનાથ ! અહીં મને નિરંતર પુત્ર મરણનું દુઃખ સ્મરણમાં આવ્યા કરે છે. તેથી (આપણે) **અશોકપુર** શહેરમાં જઇએ તો સારું. આ પ્રમાણે સાંભળીને શ્રેષ્ઠિએ કહ્યું કેઃ–"હે પ્રિયા ! શહેરમાં તો રહીએ, પણ ત્યાં પાણી, બળતણ, છાણ વગેરે સર્વ ચીજો પૈસાથી જ મળી શકે છે. (તેથી) વ્યવહારીઓએ–ધનવાનોએ નગરમાં રહેવું યોગ્ય છે, અને ગરીબોએ ગામડામાં રહેવું ઉચિત છે. અત્યારે આપણી પાસે ધન નહિ હોવાથી શહેરમાં આપણી સન્મુખ પણ કોઇ જોશે નહિ. કહ્યું પણ છે કેઃ—

"हे दारिद्र्य ! नमस्तुभ्यं, सिद्धोऽहं त्वत्प्रसादतः ।
पश्यामि सकलान् लोकान्, न मां पश्यति कश्चन ॥४२॥

હે ગરીબાઇ ! તને નમસ્કાર થાઓ. [કારણકે] તારી મહેરબાનીથી મારું કાર્ય સિદ્ધ થઇ ગયું [તે એકે] હું તમામ લોકોને જોઇ શકું છું અને મને કોઇ પણ જોતું નથી અર્થાત્ મારા સામું કોઇ જોવાની દરકાર પણ કરતું નથી."

ધન વગર કોઇ મિત્ર પણ ન થાય. કહ્યું છે કેઃ—

"जिणि दिणि वित्त न अप्पणइ, तिणि दिणि मित्त न कोइ ।
कमलह सूरिज मित्त पुण, जल विण वयरी सोइ ॥४३॥

જે દિવસે આપણી પાસે ધન નહિ હોય, તે દિવસે કોઇપણ મિત્ર નહિ થાય. (જેવી રીતે) સૂર્ય કમળોનો મિત્ર હોવા છતાં પણ પાણી ન હોય ત્યારે તે (સૂર્ય જ) દુશ્મન થાય છે."

(**પાસદત્ત** શ્રેષ્ઠિના આ પ્રમાણેના વચન સાંભળીને) **પ્રિયશ્રી**એ શ્રેષ્ઠિ પ્રત્યે કહ્યું કેઃ-("હે સ્વામિન્!) મોટે ભાગે પુરુષો સુંદર પરિણામવાળી બુદ્ધિવાળા હોય છે, છતાં મારું વચન સાંભળો—આ જગ્યાએ **રંક** શ્રેષ્ઠિની માફક આપણને કાંઇ પ્રાપ્તિ થઈ શકે તેમ નથી. કહ્યું છે કેઃ—

'पुत्रः १ पशुः २, पदाति ३ श्च, पृथिवी ४ प्रमदाऽपि ५ च ।
कुलश्रीवृद्धिदाः पञ्च, कुलश्रीक्षयदा अपि ॥४४॥

પુત્ર ૧, પશુ ૨, પદાતિ (પગે ચાલવાવાળો) ૩, જમીન ૪, અને સ્ત્રી ૫; આ પાંચ વસ્તુઓ કુળની લક્ષ્મીની વૃદ્ધિ કરનારા પણ છે અને કુળની લક્ષ્મીનો નાશ કરનારા પણ છે."

તેથી (હે સ્વામિન્!) અહીં હવે એક ક્ષણવાર પણ રહેવું ઉચિત નથી. (પોતાની) સ્ત્રીના કદાગ્રહથી શ્રેષ્ઠિએ નગરમાં જવાનું માન્ય રાખ્યું કારણ કેઃ—

"राज्ञां स्त्रीणां च मूर्खाणां, बालकानां तथैव च ।
अन्धानां रोगीणां चापि, बलवांश्च कदाग्रहः ॥४५॥

રાજાઓ, સ્ત્રીઓ, મૂર્ખાઓ, બાળકો તેમજ આંધળાઓ અને રોગીઓનો કદાગ્રહ બહુ જ બળવાન હોય છે."

તેથી શ્રેષ્ઠિ જેવો શહેરમાં રહેવા માટે શુભ મુહૂર્તે ચાલ્યો, તેવો જ બારણાની આગળ તેના પગમાં કાંટો વાગ્યો. (આ પ્રમાણે) સારા શુકનના અભાવે શેઠ ફરી તેજ ગામમાં રહ્યા. કહ્યું છે કેઃ—

"छीए वत्थविलग्गे कह कह भणिए झत्ति कंटए भग्गे ।
दिट्ठे बिलाडसप्पे न हु गमणं सुंदरं होइ ॥४६॥

છીંક થાય, બાળક વળગી પડે, લોકો ક્યાં ક્યાં એવા શબ્દોથી પ્રશ્ન કરે, કંટક ભાંગે-વાગે, અને બિલાડો તથા સાપ જોવામાં આવે તો બહાર જવું સારું નહિ."

ત્યારબાદ કેટલાક દિવસ પછી **પ્રિયશ્રી**એ રાત્રિના વખતે સ્વપ્નમાં ભૂમિ ખોદતાં એક ઉત્તમ, તેજના અંબારવાળું, (અને) વિંધ્યા વગરનું મુક્તાફળ–મોતી મેળવ્યું–મળ્યું. સવારમાં તે સ્વપ્નનો વૃત્તાંત તેણે પોતાના સ્વામીને નિવેદન કર્યો. તેણે પણ વિચારીને કહ્યું કેઃ–"હે પ્રિયા! આપણને મુક્તાફળ સદૃશ, કાંતિવાન તથા ગુણવાન એવા પુત્રની પ્રાપ્તિ થશે." કારણ કેઃ—

"नखइ नारितुरङ्गमह मुत्ताहल खग्गह।
पाणी जाह न अग्गलु गउ गिरुअत्तम ताह ॥४७॥

પાણી–તેજ વગરના નખ, સ્ત્રી, અશ્વ, મુક્તાફલ અને તલવારની ઉત્તમતા હોઇ શકતી નથી અર્થાત્ આ પાંચે વસ્તુઓ પાણીદાર ન હોય તો તેઓની કાંઇ કિંમત નથી."

[સ્વપ્નમાં] અણવિંધેલું મુક્તાફલ દેખવામાં આવ્યું, તેથી પુત્ર પૂર્ણ આયુષ્યવાળો થશે. આ પ્રમાણે [પતિના વચનો] સાંભળીને **પ્રિયશ્રી** બહુ રાજી થઇ. ત્યાર પછી શુભ લગ્નનો યોગ આવે છતે ઉત્તમ નક્ષત્રમાં તેણીએ પુત્રરત્નને જન્મ આપ્યો –પુત્ર રત્નની પ્રાપ્તિ થઇ. શેઠે પણ પોતાની સ્થિતિ અનુસાર તેનો જન્મમહોત્સવ કર્યો.

કેટલાક દિવસો વીતી ગયા પછી શુભ મુહૂર્તે પુત્રની સાથે શેઠે **અશોકપુર** તરફ પ્રયાણ કર્યું, પ્રયાણ કરતી વખતે રસ્તામાં શેઠ સારા શુકનની પ્રતીક્ષા કરતા ઊભા હતા, તેટલામાં જ એક કુતરો મુખમાં અભક્ષ્ય (માંસ) રાખીને જમણી તરફથી ડાબી તરફ ગયો. શેઠે શુકનના જાણકારને પૂછયું કેઃ–"આ શુકન કેવા પ્રકારના છે?" તેણે કહ્યું કેઃ–"ઉત્તમ" [હે શ્રેષ્ઠિન્!] નગરમાં રહેવાથી તમારાં બધાં કાર્યો સિદ્ધ થશે." કહ્યું છે કેઃ—

"गच्छतां च यदि श्वा स्याद्, दक्षिणाद् वामवर्तकः।
सर्वसिद्धिस्तदः नूनं, श्वानेन कथितं ध्रुवम् ॥४८॥

કુતરાના શુકનને માટે કહેલું છે કે–ગમન કરતાં રસ્તામાં કુતરો જો જમણી તરફથી ડાબી તરફ જાય તો સર્વ કાર્યની સિદ્ધિ નિશ્ચયે કરીને થાય છે.

ત્યારપછી તે જ કુતરો પોતાના બંને કાન ખંજવાળવા લાગ્યો. ત્યારે શકુન પાઠકે કહ્યું કેઃ–"(હે શ્રેષ્ઠિન્!) આ શુકન ઉત્તમમાં ઉત્તમ ફલ આપશે, અને તમને મોટી સંપદાની પ્રાપ્તિ થશે એમ મને દેખાય છે." કારણ કેઃ–

"गच्छतां च तदा श्वानः, कर्णं कण्डूयते पुनः।
द्रव्यलाभं विजानीयात्, महत्त्वं च प्रजायते ॥४९॥

ગમન કરતાં જો કુતરો કાન ખંજવાળે તો જાણવું કે ધનનો લાભ તથા મહત્ત્વની પ્રાપ્તિ થશે."

પછી શેઠ શુકનની ગાંઠ વાળીને, પોતાના પરિવાર સહિત આગળ ચાલ્યો. અનુક્રમે અશોકપુરની નજીકમાં આવી પહોંચ્યા. એટલે શેઠે કહ્યું–અહીં વાડીમાં ભોજન કરીને આપણે નગરમાં પ્રવેશ કરીએ. કારણકે કહ્યું છે કેઃ–

"अभुक्त्वा न विशेद् ग्रामं, न गच्छेदेककोऽध्वनि ।
ग्राह्यो मार्गे न विश्रामः, पञ्चोक्तं कार्यमाचरेत् ॥५०॥"

ભોજન કર્યા સિવાય ગામમાં પ્રવેશ કરવો નહિ, માર્ગે જતાં એકલા જવું નહિ, રસ્તે જતાં (વચમાં) વિસામો લેવો નહિ અને પંચ–પાંચ માણસ જે કહે તે કાર્યનું આચરણ કરવું."

પછી એક આંબાના ઝાડ નીચે વિસામો લઇ, દેવપૂજા કરીને શેઠે પોતાના પરિવાર સહિત ભોજન કર્યું, પછી ત્યાં ક્ષણભર વિશ્રાંતિ લઇને શેઠ વિચાર કરવા લાગ્યા કે–શહેરમાં વ્યાપાર કેવી રીતે થશે ? મુડી વગર લાભ ન થાય. કારણ કે કહ્યું છે કેઃ–

"दुग्धं देयानुसारेण, कृषिर्मेघानुसारतः ।
लाभो द्रव्यानुसारेण, पुण्यं भावानुसारतः ॥५१॥

[ઢોરને] દીધા પ્રમાણે–ખોરાક ખવરાવ્યા પ્રમાણે–દુધ, વરસાદના પ્રમાણે ખેતી, મુડી પ્રમાણે લાભ અને ભાવના પ્રમાણે પુણ્યની પ્રાપ્તિ થાય છે.

વસ્ત્ર વગેરેના આડંબર વિના ધનવાનોના નગરમાં ધનની પ્રાપ્તિ શી રીતે થાય ? (અને) ઉધાર પણ કોઇ આપે નહિ. કારણ કેઃ–"સ્ત્રીઓમાં, રાજદરબારમાં, સભામાં, વ્યવહારમાં, શત્રુઓમાં અને સાસરામાં પણ આડંબરની જ પૂજા થાય છે."

એવામાં અકસ્માત્ આકાશવાણી થઇ કેઃ–

"એ બાલક એ નગરનું, રાજા હોસિ જાણિ;
પનરે વરસે પુણ્ય બલઇ, ચિંતા હીઇ મ આણિ–૫૩

આ બાળક પંદર વરસની ઉંમરનો થતાં જ આ નગરનો રાજા થશે, માટે મનમાં (તું) કશી ચિંતા ન કરીશ."

(આ સાંભળીને) માતા પિતા બોલ્યા કે–આ બાળકના રાજ્યની સાથે અમારે કાંઇ પ્રયોજન નથી, પરંતુ અમારે તેનું આયુષ્ય દીર્ઘ હોય તેટલું જ પ્રયોજન છે. અર્થાત્ તે જીવતો રહે એટલે બસ. કારણ કેઃ–"પાણી વિનાનું સરોવર અને

સુગંધ વગરના ફૂલની જેમ શોભા નથી, તેમ આયુષ્ય વગરના બત્રીશ લક્ષણવાળા મનુષ્યની(પુત્રની) શોભા શા કામની ?"

એક (પુત્ર) તો પહેલાં મરી ગયો. (અને) બીજાની આશા કરીએ છીએ; પરંતુ તે આશા દૈવ-ભાગ્યને આધીન છે. પછી બીજી વાર ઝાડમાંથી આકાશવાણી થઇ કેઃ--

"એ બાલક ચિરંજીવસઇ, હોસઇ ધનની કોડિ;
સેવા કરસઇ રાયસુઅ, સેવક પરિ કર જોડિ.-૫૫

આ બાલક દીર્ઘાયુષી થશે (અને) તેને કરોડોનું ધન થશે-મળશે; રાજપુત્રો પણ બે હાથ જોડીને તેની સેવા કરશે."

[આ સાંભળીને] માતા પિતા હર્ષિત થયા. આ દેવવાણી કોની જોઇએ, તેમ ધારીને ઉંચે જોયું, પણ તેઓએ કોઈ પણ દેવને દીઠો વહિ. [તેથી] **પાસદત્તે** કહ્યું કેઃ-"મોટે ભાગે પ્રાણીઓને પુણ્ય વગર દેવનું દર્શન થતું નથી-"

"[જેવી રીતે] સેવા કરવામાં તત્પર એવા દેવો તીર્થંકરોના કલ્યાણક મહોત્સવ ઉજવવા તેઓના પ્રબળ પુણ્યના યોગે આવે છે. [તેવી જ રીતે] જેઓનું પ્રબળ પુણ્ય હોય, તેઓને દેવતાઓ પ્રત્યક્ષ થાય છે."-૫૬

ત્યારપછી શેઠે પુછયું કેઃ-"આપ કયા દેવ છો, આપનું નામ શું છે ? (અને) અમારા ઉપર આપને શાથી હેત છે ?"

દેવ બોલ્યો-"તમારો જે પુત્ર મરી ગયો હતો તે હું છું. તમોએ કહેલા **નમસ્કાર મહામંત્ર**ના શ્રવણથી **ધરણેંદ્ર**ના પરિવારમાં દેવ તરીકે ઉત્પન્ન થએલો એવો હું અહીં રહું છું. માતા, પિતા અને ભાઇ ઉપરના સ્નેહને લઇને, મારા ભાઇને જ્યાંસુધી રાજ્ય પ્રાપ્ત થશે ત્યાં સુધી હું મદદ કરીશ. આ મારો ભાઇ બહુ જ ભાગ્યશાળી છે. માટે તમારે હવે કોઇ પણ જાતની ચિંતા કરવી નહિ. પરંતુ આ બાળકનું મારા નામે નામ પાડજો, જેથી એ લાંબા આયુષ્યવાળો થશે."

પિતાએ કહ્યું કેઃ-"તારૂં શું નામ છે ?" દેવે કહ્યું કેઃ-"મારૂં નામ **પ્રિયંકર** છે." તેથી પુત્રનું એ જ નામ પાડવામાં આવ્યું. પિતાએ કહ્યું કેઃ-"દેવના નામથી આ બાળક અમર થાઓ !" ફરીથી દેવે કહ્યું કેઃ-"કોઇ મુશ્કેલ કાર્ય આવી પડે અથવા સંકટ આવી પડે, ત્યારે અહીં આવીને, મારા સ્થાનક ઝાડની આગળ ભોગ (ધૂપાદિક) કરજો, જેથી તમારી આશાઓ-ઇચ્છાઓ હું પુરી કરીશ." કારણ કેઃ--

"ભોગથી દેવતાઓ, વ્યંતર દેવતાઓ અને ભૂત-પ્રેતો સંતુષ્ટ-પ્રસન્ન થાય છે. (તેથી) ભોગ સંકટનો નાશ કરનાર છે."

ત્યારપછી જેવામાં શેઠ વિજયમુહૂર્તમાં નગરમાં પ્રવેશ કરે છે, તેવામાં જમણી બાજુએ ગધેડું નીકળ્યું. જેથી શેઠે બરાષ્ટકનો વિચાર કર્યો અને [શુભ શુકન મલવાથી] શેઠ હર્ષિત થયેા. કારણ કેઃ–

"निर्गमे वामतः श्रेष्ठः, प्रवेशे दक्षिणः शुभः ।
पृष्ठतश्च न गन्तव्यं सम्मुखः पथभञ्जकः ॥५८॥

ગધેડો ગામની બહાર નીકળતાં ડાબી બાજુએ અને પ્રવેશ કરતાં જમણી બાજુએ નીકળે તેા શુભ શુકન જાણવા, પછવાડે નીકળે તેા ગમન ન જ કરવું અને સન્મુખ મળે તેા પણ માર્ગનેા નાશ કરનાર થાય–રસ્તામાં વિઘ્ન આવે." કારણ કેઃ–

"પ્રથમે ગધેડાનું ભૂંકવું તે હાનિકારક છે, બીજે સિદ્ધિદાયક છે, ત્રીજે જવું જ નહિં, ચેાથે સ્ત્રીનેા સમાગમ થાય છે, પાંચમે ભય થાય, છઠ્ઠે કલેશ જ થાય, સાતમે સર્વ કાર્ય સફલ થાય અને આઠમે લાભ થાય છે એમ જાણવું."
વસંતરાજ શાકુનમાં પૃષ્ઠ ૩૮૦–૮૧માં (બરાષ્ટક) આ પ્રમાણે કહેવામાં આવ્યું છેઃ–

" वामोऽतिदीर्घैः स्थिरगर्दभस्य, सिद्धयै रवो वामविचेष्टितस्य ।
पृष्ठाग्रयोर्दक्षिणतश्च शब्दः, स्याद्दक्षिणं चेष्टितुरप्यसिद्धयै ॥१॥
कंडूयमानावितरेतरस्य, स्कन्धं रदैः पश्यति गर्दभो यः ।
पांथः प्रयाणे यदि वा प्रवेशे, मिलत्यसौ मित्रकलत्रपुत्रैः ॥२॥
स्त्रीलाभदाः स्युः सुरताधिरूढा, वधाय बंधाय च युद्धयमानाः ।
धुन्वंति देहं श्रवणौ तथा ये, निघ्नंति कार्याणि सदा खरास्ते ॥३॥
रौति प्रवेशे यदि दक्षिणेन, स्यादक्षता तत् करणीयसिद्धिः ।
तुल्यो बुधैरश्वतरः खरेण, ज्ञेयस्तथा गौरखरोऽपि तुल्यः ॥४॥
॥ इति खरः ॥

ડાબી બાજુએ ગધેડો ઊભેા હેાય અને ડાબી તરફ ચેષ્ટા કરતેા હેાય તથા ડાબી બાજુ જોરથી ભૂંકતેા હેાય તેા તે સિદ્ધિને કરવા વાળેા થાય. જો પછાડી અથવા આગળ કે જમણી બાજુએ ભૂંકતેા હેાય અથવા ચેષ્ટા કરતેા હેાય તેા તે કાર્યનેા નાશ કરવા વાળેા થાય. જો પુરૂષના પ્રયાણ અથવા પ્રવેશ કરવાના સમયે ગધેડાઓ પરસ્પર પોતાના દાંતોએ કરીને એક બીજાની બાંધને ખંજવાળતા હેાય તેા તે પુરૂષને પોતાની સ્ત્રી, પુત્ર તથા મિત્રનેા મેળાપ થાય. જો ગધેડો સંભોગ કરતેા હેાય તેા તે સ્ત્રીનેા લાભ કરનારેા થાય. અને જો યુદ્ધ કરતેા હેાય તેા વધ અને બંધનને દેવાવાળેા થાય. જો ગધેડો કાન અથવા શરીરને કંપાવતેા હેાય તેા

કાર્યનો નાશ કરનારો થાય. જો પ્રવેશ કરતી વખતે ગધેડો જમણી બાજુ ભૂંકતો હોય તો કાર્યની સિદ્ધિ અખંડ કરે. જો આ પ્રમાણે ખચ્ચર પણ કાર્ય કરતો હોય તો આ પ્રમાણે જ ફળ આપનારો જાણવો.

શેઠ સારા શુકને પુત્ર સહિત પોતાના ઘેર જઈને સુખે ધર્મકાર્ય કરવા લાગ્યા. પ્રિયંકર પુત્ર દિવસે દિવસે માતા પિતાના મનોરથોની સાથે વૃદ્ધિ પામવા લાગ્યો.

આ વખતે **પ્રિયશ્રી**ના પિયરમાં પોતાના ભાઇનો લગ્ન મહોત્સવ શરૂ થયો હતો, તેથી તેણીને બોલાવવાને તેનો ભાઇ આવ્યો. તેણી (પ્રિયશ્રી) પણ હર્ષ પૂર્વક પોતાના ભાઇની સાથે પોતાના માતપિતાને ઘેર આવી. કારણ કેઃ—

"માતા, પિતા, પતિ, પુત્ર અને પિયર એ પાંચ સ્ત્રીઓને વહાલા હોવાથી હર્ષનાં કારણ છે."

તે વખતે તેની બીજી બહેનો પણ પોતપોતાના ઘેરથી આવી. [તે બધી] ધનવાન હોવાથી, માન પૂર્વક, વાહન સહિત, પોતપોતાના પરિવાર તથા નોકર ચાકરો અને પુત્ર સહિત, ઉત્તમ વસ્ત્રો ધારણ કરીને, તાંબૂલની સુગંધથી મુખને શોભાયમાન કરતી, હીરાથી જડેલા સુવર્ણના આભરણોથી તથા રાખડી અને તિલકથી શોભાયમાન હતી. કસ્તૂરી (ના રસ)થી (ચીતરેલી) વેલડીઓથી શોભાયમાન એવી, જાઇ વગેરે સુગંધી ફૂલોથી (વેણીઓથી) મઘમઘાયમાન મસ્તકના વાળવાળી, દેશ (વિદેશ)માં પ્રખ્યાત એવા ધનવાન પતિઓવાળી, હાથીના જેવી ચાલવાળી, કાનમાં (પહેરેલા) સુવર્ણના કુંડલોથી શોભતી, કંઠમાં (પહેરેલા) મોતીના તથા સોનામહોરાના હારથી વિભૂષિત, આંગળીઓમાં રત્નજડિત સુવર્ણ મુદ્રિકાઓથી ભૂષિત અને સુવર્ણના કંકણોથી શોભાયમાન હાથો વાળી, સર્વ કાર્યોની કળામાં પ્રવીણ એવી, અને સોનાના ત્રણ સરના તથા ચાર સરના હાર ધારણ કરેલા છે એવી, તથા સર્વ અંગે આભૂષણ ધારણ કરેલા હોવાથી, દેવાંગનાઓ જેવી સુંદર શોભાયમાન લાગતી હતી.

જ્યારે **પાસદત્તની** પત્નિ (**પ્રિયશ્રી**)તો સામાન્ય વસ્ત્રવાળી, જીર્ણ કાંચળી અને જીર્ણ કસુંબી રંગના ઉત્તરીય વસ્ત્ર—સાડી વાળી, કાનમાં સીસાના કુંડલવાળી, તાંબૂલ રહિત મુખકમલવાળી, મલીન છે મસ્તકના સમસ્ત વાળ જેના એવી, કંકણ, વીંટી તથા ઝાંઝર વગરના હાથ પગ વાળી, ગરીબાઇને લીધે કામ કરવાથી બરછટ થઇ ગયા છે હાથ જેણીના એવી, પોતાના સગાઓ પણ જેનો આદર કરતા નથી એવી, અત્યંત નિર્ધન તે બિચારી ઘરના એક ખુણામાં બેસીને શરમની મારી મનમાં વિચારવા લાગી કે—જગત્માં કોઇ કોઇને વલ્લભ નથી. કારણ કેઃ—

"वृक्षं क्षीणफलं त्यजन्ति विहगाः शुष्कं सरः सारसाः
पुष्पं पर्युषितं त्यजन्ति मधुपा भ्रष्टं नृपं सेवकाः ।
निर्द्रव्यं पुरुषं त्यजन्ति गणिका दग्धं वनान्तं मृगाः
सर्वः स्वार्थवशाज्जनोऽभिरमते नो कस्य को वल्लभः ॥६२॥

પક્ષીઓ ફળ રહિત વૃક્ષોનો, સારસ (પક્ષીઓ) સુકાઇ ગએલા સરોવરનો, ભમરાઓ ગંધ રહિત પુષ્પનો, નોકરો ભ્રષ્ટ થએલા રાજાનો, ગણિકાઓ નિર્ધન પુરૂષનો અને મૃગલાઓ બળી ગએલા વનનો ત્યાગ કરે છે. સર્વ કોઇ પોતપોતાના જ સ્વાર્થમાં રમણુતા કરે છે, બાકી કોઇ કોઇને વલ્લભ નથી." તેનું ગૌરવ કોઇ પણ કરતું નથી. કારણ કે:—

ગઉરવ કીજઇ અલવડી, નવિ કો કીયા ન રામ;
ગરથ વિહૂણા માણસહ, ગાઢહ ચૂચા નામ.–૬૩

જેવી રીતે રામનું વનવાસમાં કોઇ માન કરતું ન હતું, તેવી જ રીતે ધન વગરના માણસનું કોઇ આદર સન્માન કરતું નથી, કારણકે ચાડીઆ માણસની (બેતરમાં ઊભા કરવામાં આવતા કપડાના માણસની) કોઇ બબર લેતું નથી."

ગુરૂએ પણ કહ્યું છે કે:—

"જેમ કાકૂએ ધન ઉપાર્જન કર્યું, તેમ તું ધન મેળવ. આ જગત પૈસાદારોનું જ છે. કારણ કે નિર્ધન મનુષ્યમાં અને મરણ પામેલા માણસમાં હું આ જગતમાં કાંઇ જ અંતર નથી જોતો."–૬૫

વેપારીની સ્ત્રીઓ અને બહેનો પણ તેણીની હાંસી કરતી હતી. લગ્ન માટે ભેગા થએલા બીજા લોકો પણ કહેવા લાગ્યા કે:–"અહો ! ભગિનીપણું સમાન હોવા છતાં પણ પુણ્ય અને પાપમાં કેટલું બધું અંતર છે ? આ બિચારી રસોઇ વગેરેનું કામકાજ કરે છે, જ્યારે બીજી (બહેનો) રાણીની માફક (તેણીને) આજ્ઞા કરે છે." કારણ કે:—

"જેઓ તપ અથવા સંયમ આચરતાં નથી, તેઓ હાથ, પગથી બીજા મનુષ્યોની સમાન હોવા છતાં પણ પુણ્યભાવથી અવશ્ય હીનત્વને પામે છે–નોકર-પણાનું કામ કરે છે."–૬૬

આ પ્રમાણે બહેનોએ કરેલી હાંસીને જોઇને, મનમાં અતિ ખેદ પામેલી અને દુભાએલી એવી **પાસદત્ત**ની સ્ત્રી (**પ્રિયશ્રી**) વિચારવા લાગી કે:–"લોકો કુલને કે ગુણને જોતા નથી, પરંતુ કેવળ ધનને જ માત્ર જુએ છે." કારણ કે:—

"જાતિ, વિદ્યા અને રૂપ–એ ત્રણે ભલે આડમાં પડે, પણ કેવળ ધનનો જ વધારો કરો કે જેનાથી ગુણો પ્રગટ થાય છે."–૬૭

[અહા] અભાગણી, અકર્મી અને પુણ્યવગરની એવી હું વિવાહમાં બહેનોની હાંસીને પાત્ર થઇ છું, તે પૂર્વભવમાં ખંડિત કરેલા તપનું ફલ છે. કારણ કેઃ—

अद्धो खण्डा तप कीया, छतई न दीधां दान;
ते किम पामइ जीवडा; परभवि धन बहुमान.–६८

અડધેથી તપનું ખંડન કર્યું હોય અને છતી શક્તિએ દાન ન દીધું હોય, જીવો પરભવમાં ધન કે બહુ માનને કેમ કરી પામી શકે. ?"

પછી લગ્નમહોત્સવ વીતી ગયા બાદ તે ધનવાન બહેનોનો ભાઇએ ઉત્તમ વસ્ત્રો અને બહુ મૂલ્ય આભૂષણો આપીને ગૌરવ સહિત સત્કાર કર્યો અને સાથે આવેલા દાસ દાસી પરિવારને સસરાના ઘરનાં વસ્ત્રોનું દાન કરીને–બક્ષિસ આપીને સંતુષ્ટ કરીને (એ)ભાગ્યશાળી બહેનોને બહુ માનપૂર્વક પોતપોતાના સાસરે વિદાય કરી. [અને] નિર્ધન તથા અકર્મી એવી (પ્રિયશ્રીને) બહેનને ભાઇએ રંગવગરની, ટૂંકી અને જાડી એવી સાડી વગેરે આપીને પોતાના સાસરે વિદાય કરી. રસ્તે ચાલતાં મનમાં આર્ત્તધ્યાન કરતી તેણી પોતાના આત્માને કહેવા લાગી કેઃ–

"अरि मन अप्पउ खंच करि, चिंताजलि म पाडि;
फल तेतुं पण पामीइ, जेतुं लिखिउ निलाडइ.–६९

હે મન! સ્વસ્થ થા! ચિંતાની જાળમાં ન ફસાઇ જા! [કારણ કે] જેટલું ભાગ્યમાં લખ્યું હશે તેટલું જ ફલ મલશે."

ભાઇએ પણ કેટલું બધું અંતર રાખ્યું–જુદાઇ રાખી? વળી પાછું મન વાળવા લાગીઃ–

"हे मन! तेतलुं म मागि, जे तुं देख परतणि;
लहीयां लेखि लाभि, अणलहीउं लाभई नही.–७०

હે મન! પારકા પાસે જેટલું તું દેખે, તેટલાની ઇચ્છા કરીશ નહિ. (કારણકે) ભાગ્યમાં જે લેખ લખાયા હશે, તેનાથી વધારે કાંઇ પણ મલશે નહિ." આ માટે મારે હવે તો ભાવથી આદરેલો ધર્મરૂપી ભાઇ જ સ્નેહના કારણભૂત (અને) મારા આધારરૂપ હો! કારણ કેઃ–

"विघटन्ते सुताः प्रायो, विघटन्ते च बान्धवाः।
सर्वं विघटते विश्वे, धर्मात्मानौ तु निश्चलौ ॥७१॥

પ્રાયે કરીને પુત્રો નાશ પામે છે, બંધુઓ પણ નાશ પામે છે અને આ દુનિયામાં બીજું બધું નાશ પામે છે, પરંતુ ધર્મ અને આત્મા તો નિશ્ચલ જ છે–નાશ પામતા નથી."

પ્રિયશ્રી ઉતરી ગએલા મોઢે ઘેર આવી. અશ્રુબિંદુઓથી પોતાના હૃદયને ભીંજવતી, છતાં ક્રોધાગ્નિથી બળી રહેલી અને નીચે જમીન તરફ જોતી એવી તેણીને દેખીને તેણીના પતિ (પાસદત્ત) એ કહ્યું કેઃ–વહાલી! શા કારણથી તું આજ ખિન્ન દેખાય છે? શું તારૂં કોઇએ અપમાન કર્યું છે? તારો કોઈ એ પરાભવ કર્યો છે? તેણીએ કાંઇ પણ જવાબ ન આપ્યો, કારણ કે કુલવાન સ્ત્રીઓ પિતાના ઘરે પોતાનું થએલું અપમાન સાસરામાં મોટે ભાગે કેમે કરીને કરતી નથી. અર્થાત્ પોતાના પિયરની હલકાઇ સાસરામાં કોઇ રીતે કરતી નથી. કારણ કેઃ–

"કુલવાન સ્ત્રીઓ પોતાના અપમાનની–દુઃખની વાત બીજાની આગળ કરતી નથી. (જ્યારે) મધ્યમ સ્ત્રીઓ, એક બીજાની વાત એક બીજાને કરીને પરસ્પર ઘરમાં કલેશ કરાવે છે."–૭૨

તોપણ પતિએ આગ્રહથી પૂછવાને લીધે તેણીએ પોતાના પિતાના ઘેર બનેલી બધી ઘટના કહી સંભળાવી. :કારણ કેઃ—

"पतिः पूज्यः पतिर्देवः, पतिः स्वामी पतिगुरुः ।
सुखे दुःखे कुलस्त्रीणां, शरणं पतिरेव हि ॥७३॥

કુલીન સ્ત્રીઓને પતિ પૂજ્ય છે, પતિ દેવ છે, પતિ સ્વામી અને પતિ જ ગુરૂ છે, સુખમાં કે દુઃખમાં શરણ પણ પતિ જ છે."

પાસદત્ત શેઠે કહ્યું કેઃ–"હે ભદ્રે! મારા જાણવામાં આવી ગયું કે ગરીબાઇ જ એક તારા અપમાનનું કારણ છે." કારણ કેઃ–

"इश्वरेण स्मरो दग्धो, लङ्का दग्धा हनूमता ।
न केनापि हि दारिद्र्यं, दग्धं सत्त्ववताऽप्यहो ॥७४॥

મહાદેવે કામદેવને બાળી નાંખ્યો, **હનુમાનજી**એ લંકાને બાળી, પરંતુ કોઈપણ સાત્વિક પુરૂષ આ ગરીબાઇને બાળી ન શક્યો."

પછી પતિએ રોતી એવી **પ્રિયશ્રી**ને શાંત કરી, અને કહ્યું કેઃ–"હે પ્રિયા! મનમાં જરાએ દુઃખ લગાડીશ નહિ. બીજાને દોષ દેવા કરતાં પોતાના આત્માને જ દોષ દેવો, સ્વામીને કે મિત્રને દોષ દેવા કરતાં, પોતાના કર્મને જ દોષ દેવો જોઇએ."

પોતાના કર્મનો જ વિચાર કરીને, પુણ્યનું આચરણ કરવું અને ભાગ્યચક્રનો જ વિચાર કરવો. કારણ કેઃ–

"कृतकर्मक्षयो नास्ति, कल्पकोटिशतैरपि।
अवश्यमेव भोक्तव्यं, कृतं कर्म शुभाशुभम् ॥७६॥

કરોડો યુગ ચાલ્યા જાય તોપણ કરેલાં કર્મનો નાશ થતો નથી, [પોતે] કરેલાં શુભ અથવા અશુભ કર્મો જરૂરાજરૂર ભોગવવાંજ પડે છે."

હે પ્રિયા! તેઓના ઉપર તારે ગુસ્સો ન કરવો જોઇએ. કારણ કે તારે માટે તો એ પારકું ઘર ગણાય. કારણ કે **દશવૈકાલિક** સૂત્ર (અ. ૫, ઉ. ૨, સૂત્ર ૨૬)માં સાધુઓના માટે કહ્યું છે કેઃ—

"પારકાના ઘરમાં અનેક પ્રકારના ખાદિમ અને સ્વાદિમ (ખાવાના અને મુખવાસ વગેરેના પદાર્થો) હોય (છતાં) પારકો ઇચ્છાથી તે [આપણને] આપે કે ન આપે તોપણ પંડિત પુરુષે તેના પ્રત્યે ગુસ્સે ન થવું જોઇએ."

ત્યારપછી તે (**પ્રિયશ્રી**) હમેશાં નમસ્કાર મંત્ર તથા **ઉપસર્ગહરસ્તોત્ર**નું સ્મરણ, ગુણન, દેવવંદન, કાયોત્સર્ગ, પ્રતિક્રમણ વગેરે પુણ્યકર્મ કરવા લાગી. (કારણ કેઃ—)

"नवकार एक अक्खर पावं फेडेइ सत्त अयराणं।
पण्णासं च पयं, सागरपणसयं समग्गेणं ॥७८॥

નવકાર મન્ત્રનો એક અક્ષર સાત સાગરોપમના પાપનો નાશ કરે છે, [તેનું] એક પદ પચાસ સાગરોપમનું પાપ નાશ કરે છે અને સમગ્ર નમસ્કારમંત્ર પાંચસો સાગરોપમ(વર્ષ)ના પાપનો નાશ કરે છે."

શેઠ (**પાસદત્ત**) તો વિશેષે કરીને અષ્ટપ્રકારી પૂજા કરવા લાગ્યો. જે આ પ્રમાણે—ઉત્તમ ગંધ (ચંદન, કેશર વગેરે), ધૂપ, અક્ષત—ચોખા, દીપક, સુગંધીદાર પુષ્પો, નૈવેદ્ય, ફલ અને જલ એમ આઠ પ્રકારની જિનપૂજા કહેલી છે.

તે વખતે શેઠના પૂર્વ પૂણ્યનો ઉદય થયો. એક વખતે **પ્રિયશ્રી** નવું ઘર લીંપવા માટે ગામની બહારના ભાગમાં માટી લેવા માટે ગઇ. જેટલામાં તેણીએ માટી ખોદવાની શરૂ કરી, તેટલામાં જ શેઠના પુણ્યનો પ્રકાશ કરનાર અને ગરીબાઇનો નાશ કરનાર એવું નિધાન પ્રગટ થયું. તેણીએ જેવી રીતે માટી ખોદી હતી, તે જ પ્રમાણે ઉપર માટી ઢાંકી દીધી અને પોતાના ઘેર આવીને તે વાત પોતાના સ્વામીને નિવેદન કરી. શેઠે ત્યાં આવીને તે જોયું અને રાજાને જણાવ્યું. રાજાએ શેઠની સાથે પોતાના નોકરો મોકલાવ્યા. ત્યાંથી તેઓ નિધાન ખોદીને રાજસભામાં લાવ્યા. (અને) રાજાની આગળ તે (નિધાન) ખજાનો મૂકયો [અને કહ્યું કે] આપને જેમ ઉચિત લાગે તેમ કરો.

રાજાએ મંત્રિ, પુરોહિત વગેરેને પૂછ્યું કેઃ–"આ માટે શું કરવું યોગ્ય છે?" તેઓએ કહ્યું કેઃ–"આ ધનનો આપનો જ ગણાય. આ (શેઠ)ને આમાંથી થોડું આપવું."

રાજાએ જેવો એ ધન ગ્રહણ કરવા માટે પોતાનો હાથ તે ધનનામાં નાખ્યો કે તુરત જ મનુષ્યવાણી થઈ કે–શું હું રાજાને વળગું? રાજપુત્રનું ભક્ષણ કરું? કુબુદ્ધિ આપનાર મંત્રિને કે પુરોહિતને ગ્રહણ કરું? તેથી બધા બી ગયા અને દૂર બસી ગયા. (અને કહેવા લાગ્યા કે–)આ ધનનો કોઇ ભૂત–વ્યંતરથી અધિષ્ઠિત લાગે છે. માટે આ બધું શેઠને જ આપી દો.

પછી રાજાએ **પાસદત્ત** શેઠને પૂછ્યું કે–"જ્યારે તેં આ ધનનાને જોયો ત્યારે ત્યાં કોઇ પણ માણસ હતું? [અથવા તો] શું કોઇએ તે સાંભળ્યું કે જોયું છે?

શેઠે કહ્યું કેઃ–"હે રાજન્! આ નિધાનની વાત હું જાણું છું અને મારી સ્ત્રી જાણે છે, તે સિવાય ત્રીજું કોઇ જાણતું નથી."

રાજાએ કહ્યું કેઃ–"તો મારી આગળ તમે શા માટે કહ્યું?"

શેઠે કહ્યું કેઃ–"હે રાજન્! પારકું ધન ન લેવાનો મારે નિયમ છે. (અને) બધી જમીન રાજાની જ ગણાય છે, તેથી તેની અંદર રહેલું ધન પણ રાજાનું જ ગણાય, તેથી મેં તે ન લીધું. કારણ કેઃ—

"પડી ગયેલું, ભૂલાઇ ગયેલું, ખોવાઇ ગયેલું, પડી રહેલું, મૂકેલું, કોઇએ રાખેલું અને છુપાવેલું એવું તથા કોઇએ આપ્યા વગરનું એક તરખલું સુદ્ધાં પણ ન લેવું."–૮૦

[વળી] હે રાજેન્દ્ર! ગૃહસ્થ પુરૂષે શુદ્ધ વ્યવહારથી જ ધન ઉપાર્જન કરવું ઉચિત છે. કારણ કેઃ—

"શુદ્ધ વ્યવહારથી શુદ્ધ ધન વધે છે. [અને તેવા શુદ્ધ ધનથી જ] ધાન્ય, દેહ, પુત્ર, પત્ની અને ધર્માનુષ્ઠાન શુદ્ધ થાય છે. (વળી) શુદ્ધ દેહથી જ પ્રાણી ધર્મને યોગ્ય થઈ શકે છે, (અને તે) જે જે કાર્ય કરે છે તે તે સફળ થાય છે."–૮૧, ૮૨.

શેઠના આવા નિયમથી પ્રસન્ન થએલા રાજાએ તે બધું નિધાન તેને સમર્પણ કર્યું. (અને કહ્યું કેઃ–) તારા પુણ્યથી જ આ નિધાન પ્રગટ થએલું છે, માટે તે તારું જ હો! શેઠ વિચારવા લાગ્યા કે–આ ભવમાં જ વ્રત–નિયમનું ફલ મલ્યું. કારણ કે કહ્યું છે કેઃ—

"परार्थग्रहणे येषां, नियमः शुद्धचेतसाम् ।
अभ्यायान्ति श्रियस्तेषां, स्वयमेव स्वयंवराः ॥८३॥

જે પવિત્ર મનવાળા પુરુષોને પારકું ગ્રહણ નહિ કરવાનો નિયમ હોય છે, તેઓને પોતાની મેળે જ લક્ષ્મી સ્વયંવરા થઈને ચાલી આવે છે."

શેઠ નિધાન લઈને પોતાના ઘેર પહોંચ્યો. આ બધું ધર્મનું ફલ છે તેમ સમજ્યો. કહ્યું છે કેઃ–

"પુણ્યની ઇચ્છાવાળાએ કોઈને કોઇ નિયમ તો અવશ્ય ગ્રહણ કરવો જ! [કારણકે] નાનો પણ નિયમ **કમલ**શેઠની[1] માફક બહુ લાભને આપનારો થાય છે."

પાસદત્ત શેઠ તે ધનથી વ્યાપારી બન્યો, નવાં મકાનો બનાવ્યાં, નવી દુકાનો કરાવી અને ત્યાં વ્યાપાર કરવા લાગ્યો. [વળી] દુકાન વગેરેમાં વાણીયાના છોકરાઓ (મુમાસ્તાઓ), દાસ, દાસી, ભેંશ, ઘોડા વગેરેનો પરિવારવાળો, [તથા] કુટુંબ કબીલામાં મહત્ત્વને પ્રાપ્ત થયો–મોટાઇવાળો થયો. કારણ કેઃ–

"यस्यास्ति वित्तं स नरः कुलीनः, स पण्डितः स श्रुतवान् गुणज्ञः।
स एव वक्ता स च दर्शनीयः, सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति ॥८५॥

જેની પાસે ધન હોય તે માણસ કુળવાન, તે પંડિત, તે જ્ઞાની, તે ગુણનો જાણવાવાળો, તે જ વક્તા, તે જ દર્શન કરવા યોગ્ય(પૂજ્ય), [ગણાય છે.] (કારણ કે આ જગત્માં) બધા ગુણો ધનને આશ્રયીને રહેલા છે."

પછી **પ્રિયંકર** નામનો પુત્ર મોટી ઉંમરનો થયો. તેને નિશાળે મોકલવાની શરૂઆત કરવા માટે, મુહૂર્ત્ત કઢાવ્યું. કારણ કેઃ–

"શુભ વેળાએ કરેલું કાર્ય ઉન્નતિ અને લાભને આપનારૂં થાય છે. [કારણ કે] સારા અવસરે ગણધર પદ પર સ્થાપન કરેલા **ગૌતમસ્વામી** સર્વ લબ્ધિના ભંડાર થયા."–૮૬

પછી સગાં સંબંધીઓના સન્માન માટે ઘેર મીઠાઇઓ કરાવવામાં આવી. ત્યારે અવસરને ઓળખવાવાળી **પ્રિયશ્રી**એ સ્વામીને કહ્યું–[મારા ભાઇના] લગ્ન વખતે જેનોએ મારી હાંસી કરીને મારૂં અપમાન કર્યું હતું, તે બધીને આમંત્રણ આપીને, આપણા ઘેર જમાડીને, તેઓના પરિવારને વસ્ત્ર વગેરે આપીને, સન્માન આપવાનો આ જ અવસર છે. કારણ કેઃ–

"अवसरि जाणी उचिय करि अवसरि लहि भ भूल्लि।
वारंवार तुं जाणजे अवसरि लहिसि न भूल्लि ॥८७॥
करचुलुअपाणिपण वि अवसरदिन्नेण मूच्छिओ जियइ।
पच्छा मुआण सुंदर! घटसयदिन्नेण किं तेण! ॥८८॥

---

१ **કમલ**શેઠની કથા અહિયાં ગ્રંથ વિસ્તારના ભયથી આપવામાં આવી નથી.

અવસર જાણીને યોગ્ય હોય તે આદરો, અવસર પામીને ભૂલશો નહિ–ભૂલ કરશો નહિ; [હે આત્મા!] તું જાણી રાખ કે ગમે તેટલું ખર્ચ કરવા છતાં ઘડીએ ઘડીએ અવસર આવતો નથી.–૮૭

[હે] સુંદર! અવસરે આપેલા ચાંગળા માત્ર પાણીથી પણ મૂર્છિત માણસ જીવતો થાય છે. (પરંતુ) મરણ થઇ ગયા બાદ સો ઘડા પાણી આપવાથી પણ શું વળે?"–૮૮

વળી તેઓને મારા પુણ્યનું ફલ પણ હું બતાવું. શેઠે કહ્યું–વહાલી! તેઓનું શું સન્માન કરીએ તો સારૂં? તેઓના ઉપર કોપ પણ શું (કરવો) અને સ્નેહ પણ શું કરવો? તેઓએ જે પ્રમાણે કર્યું હતું તે પ્રમાણે હું પણ કરીશ. કહ્યું છે કે:—

"જે જેમ કરે તેના પ્રત્યે આપણે પણ તેમ કરવું, જે આપણી મશ્કરી કરે તેની આપણે પણ મશ્કરી કરવી. [કારણ કે વેશ્યાએ] પક્ષીની પાંખ તોડી નાંખી તો પક્ષીએ વેશ્યાનું મસ્તક મુડાવ્યું."–૮૯

પતિના આ પ્રમાણેના વચનો સાંભળી **પ્રિયશ્રી** બોલી કે:–"હે સ્વામિન્! અપકાર પર ઉપકાર કરવો એ ઉત્તમજનોનું લક્ષણ છે." કારણ કે:–

"છહઈ દીઅઇ છહુ હોયા! મ દાખિસિ આપણું;
કરિ બહુતેરઉ નેહુ ઓછા તે ઉમેટ્સઇ –॥૮૦॥

વળી –

कृतघ्ना बहवस्तुच्छा, लभ्यन्तेऽत्र कलौ जनाः।
कृतज्ञा उत्तमाः स्तोका, अपकारे हितङ्कराः ॥९१॥

હે હૃદય! (કોઇના) નાશને જોઇને પોતાનો નાશ ન કરીશ! (કારણ કે) ઘણો સ્નેહ કરવા છતાં પણ ઉલ્લાસ પામે એવા તો થોડા જ હોય છે. વળી–કલિયુગમાં હલકા અને કૃતઘ્ન માણસો ઘણા મળી આવશે, (પરંતુ) અપકાર કર્યા છતાં પણ ઉપકાર કરવાવાળા કૃતજ્ઞ એવા ઉત્તમ પુરુષો બહુ જ થોડા મળી આવશે.–૯૦,૯૧.

પછી શેઠે સ્ત્રી (**પ્રિયશ્રી**)ના કહેવાથી તેની બેનોને નિમંત્રણ કરવા માટે પોતાના માણસો મોકલ્યા. તેઓ ત્યાં ગયા, પરંતુ ધનથી ઉન્મત્ત થએલી એવી બહેનોએ તેમની આગતા સ્વાગતા પણ બરાબર ન કરી. પછી તે સેવકોએ જ્યારે ત્યાં આવવા માટે નિમંત્રણ આપ્યું, ત્યારે તેઓ બોલી કે:–"અહો! જન્મથી આ જ પર્યન્ત તો તે બહેનનું ઘર અમે જોયું પણ નથી, અને આજે વળી એવું શું કારણ ઉપસ્થિત થયું?" તે સેવકો બોલ્યા કે:–"પુત્રને નિશાળે બેસાડવાનો છે, ઉત્સવમાં તે તમને સર્વેને તમારી બેહેને બોલાવ્યા છે." તે બહેનો બોલી કે:–"તમે કહેજો કે અમને આવેલા જ માની લે." તેમને નોકરોએ અત્યંત આગ્રહપૂર્વક કહ્યું કે–શેઠ અમને

ફરીને મોકલશે. ત્યારે તેઓ બોલી કે– અમે જાણીએ છીએ કે એ (કેવી રીતે) ફરી મોકલશે. ગરીબને ઘેર ભોજન માટે જતાં લોકો પણ [અમારી] હાંસી કરે છે. કારણ કેઃ—

"જેના ઘરમાં અનાજ, શાક, દહીં, દૂધ તથા સાકર ન હોય અને તાંબૂલ પણ દેખવામાં ન આવતાં હોય, ત્યાં સારાં ભોજનની તો વાત જ શી?"–૯૨.

ધનવાનોને તો તેમના ઘેર જવામાં પણ અરચ જ થાય છે. આ પ્રમાણે ઉપહાસ કરીને તેઓ રહી ગઇ અને માન્યું નહિ. નોકરો પાછા આવ્યા. પછી **પ્રિયશ્રી**એ પતિને કહ્યું કેઃ–"હે સ્વામિન્! આપ પોતે જ જાઓ." તેથી શેઠ પોતે ઘોડા પર બેસીને નિમંત્રણ કરવાને માટે તેમના ઘેર ગયા. ઘોડાનો તથા કપડાંનો આડંબર જોઇને, તેઓને વિશ્વાસ આવ્યો. શેઠ પોતાનાં બધાં સગાંઓને બહુ માનપૂર્વક નિમંત્રણ કરીને પાછો આવ્યો અને સર્વ મહેમાનોની પોતાના માણસો મારફતે આગતા સ્વાગતા કરાવવા લાગ્યો. કારણ કે–

"પાણીનો રસ ઠંડક–શીતલતા, ભોજનનો રસ આદર–સત્કાર, સ્ત્રીઓનો રસ અનુકૂળતા (અને) સુવચન એ મિત્રનો રસ છે."

બધાને ઉતારા આપવામાં આવ્યા. ઘોડા, બળદ વગેરેને પોતાના માણસો મારફત ગોળ, ઘી, બાણ, પાણી વગેરે અપાવ્યાં. પ્રિયશ્રી બહેનોની આગતા સ્વાગતા કરતી કહેવા લાગી કે–મારા સામાન્ય ઘરમાં (તમારા ઘરને) ચડી જાય એવું કશું નથી. બહેનો (તો) ઘરનો તથા વસ્ત્રાભૂષણોનો ઠાઠ જોઇને હૃદયમાં–મનમાં આશ્ચર્ય પામી, પરંતુ પુરુષના ભાગ્યની આગળ આશ્ચર્યભૂત શું છે? કારણ કેઃ–

"दाने तपसि शौर्ये च, विद्यायां विनये नये।
विस्मयो न हि कर्तव्यो, बहुरत्ना वसुन्धरा ॥९४॥

દાનમાં, તપમાં, પરાક્રમમાં, વિદ્યામાં, વિનયમાં અને ન્યાયમાં વિસ્મય કરવો નહિ, કેમકે પૃથ્વી ઘણા રત્નોથી ભરેલી છે."

પછી શેઠે ભોજન સમયે બધાં સંબંધીઓને માટે થાળી, વાડકા મંડાવીને, પહેલાં સાકરનું પાણી પીરસાવ્યું. પછી કોંકણનાં કેળાં, કોળા પાક, બારિક, બજુર, બાંડ, ગુંદવડાં, ઘેબર, ચારોળી, ચારોળી, જલેબી, ટોપરાં, દાડિમ, દ્રાખ, નીલીદ્રાખ, દાડિમકુલી (દાડમનાં દાણાં), પનીસ (ફણસ), પ્રીણી, સાટા, વરસોલા, પોઉઆ (પૌંઆ), નિમજ્જ–પિસતાં–અખોડ–સેલડી–શૃંગાટક (શિંગોડાં) વગેરે ફળો પીરસાવ્યાં પછી બાજ–સુહાલી (સુંવાળી)–તિલસાંકલી–બસબસ–સાંકુચિમ (સાંકળી)–માંડી (પુલ્લા) મુરકી (મુરકી) -સેવઇઆ લાડૂ, દલીઆ લાડૂ, મોતીઆ લાડૂ, ચારોલી લાડૂ–વાજણા

લાડૂ (પુંખના લાડૂ) એ પ્રમાણે પકવાનો પીરસાવ્યાં. કેટલીક સ્ત્રીઓને લાપસી પીરસી, ખાંડ સરસી સ્ત્રી જિમઇ હસી જીલે જાઇ ખિસી. કેટલીકને પાપડી; કિસિઉ જિમઇ જીભ બાપડી. તદનુ દૂબલી ખાંડિઉં, સબલીઇ છડિઉં હલૂઇ હલૂઇ સોહિઉ, ફૂટરી સ્ત્રીઇ ધોયઉ, ચતુર સ્ત્રીનું જોયઉ, સરહરઉ, ભરહરઉ, આણીઆલઉ, દૂબલઇ પેટિ જાણે કરી ફોડી નીસરસિઇ, જે જમિસઈ તેહ નઇ ઘરનું જિમણ વીસરઇ. આ પ્રમાણે રાજાને બાવા લાયક ડાંગર બંડાવીને તૈયાર કરાવેલા ચોખાનો ભાત પીરસ્યો. પછી મગની દાળ વાની પીલી (રંગે પીળી), નેત્રો સીલી પીરસાવી. પછી તરતનું ગરમ કરેલું અને સાક્ષાદ અમૃત જેવું ઘી પીરસાવ્યું. પછી વડાં ભીનાં ઘણિ ઘોલિ, મરીચ-મીચમી-બાંડમી-પાપડ તલ્યા, મુહ ભણી હાથ વલ્યા, રાઇતાં ચિણા ડોડી ટીહૂરાં સાલણે ભાણાં ભરિયાં, પૂરિયાં તે કિસ્યાં તીખાં કડૂઆં કસાયલાં મધુરાં ચાર પ્રકારનાં, દુર્જનના હીઆ સરિખાં તીખાં, પાડોસણિની જીભ સરિખાં કડુઆં, શ્રીગુરૂના વચન સરિખાં કસાયલાં, માયના સ્નેહ જિસ્યાં મધુરાં, આ પ્રકારના શાક પીરસાવ્યાં. પછી પ્રીસ્યાં (પીરસ્યાં) ઘોલ ગલ્યાં, (બોલે માથે પલ્યાં) ઘણે દેસાઉરે (દેશાવરે) ભમ્યાં ઇણી પરઇ નથી જિમ્યાં. કેટલાક માણસોને ઘણિંદે-ઘરદે-ગજદે ત્રણ જાતની છાશ પીરસાવી (પીરસી). કૂર કણડે લગ્ન ઇષ્ટવત્ તાલિઃ ખુંકારિતમ્, ગલે (ગળે) બરબરો જાતઃ।

ત્યારે બહેન બોલી કેઃ-"હે બહેનો! મારા ઘરનું ભોજન સામાન્ય પ્રકારનું હોવાથી તમારા ગળે બરબરો થયો છે." તે બહેનો બોલી કેઃ-હે બહેન! ભોજન નહિં, પણ તારૂં વચન [કઠોર] છે, તેં અપમાનનું ફળ દેખાડ્યું છે. ત્યારપછી તેણીએ સારૂં દહીં મૂકાવ્યું.

પછી કપૂર, લવિંગ-ઇલાયચી-કેશર સહિત બનાવેલાં પાનનાં બીડાં આપ્યાં. ભોજનની આવા પ્રકારની વિશેષતાથી બધાને નવાઇ ઉપજી. સગાં સંબંધીઓએ કહ્યું કેઃ-"આ પુણ્યવતી પત્નિને મળેલું ધન રાજાને દેખાડ્યું, (અને) રાજાએ તેને જ આપ્યું. રાજા પણ તેનું બહુમાન કરે છે. બધા સગાંઓ બોલ્યાં કેઃ-આ શેઠનું પુણ્ય ફલ્યું. કારણકેઃ—

"सुकुलजन्म विभूतिरनेकधा, प्रियसमागमसौख्यपरम्परा।
नृपकुले गुरुता विमलं यशो, भवति धर्मतरोः फलमीदृशम् ॥९९॥

સારા (ઉત્તમ) કુળમાં જન્મ, અનેક પ્રકારની વિભૂતિઓ, સુખની પરંપરા, સ્નેહીજનોનો મેળાપ, રાજદરબારમાં સન્માન મોટાઇ, નિર્મળ એવો યશ વગેરે ધર્મરૂપી વૃક્ષના ફળ છે [એમ જાણવું]."

પાસદત્ત શેઠે ધનવાન એવા પોતાનાં બધાં સગાં સંબંધીઓને અપૂર્વ વસ્ત્રો આપ્યાં. પ્રિયશ્રીએ પોતાની બહેનોને રેશમી વસ્ત્રો આપ્યાં. ત્યારપછી પ્રિયંકર પુત્રને મોટા ઉત્સવપૂર્વક, નિશાળે પંડિતની પાસે ભણવાને મૂક્યો. બહેને પોતાની બહેનોને કેટલાક દિવસ આગ્રહ કરીને સન્માન અને સ્નેહપૂર્વક રાખી; પરંતુ તે બધી પોતાની મેળે લજ્જા પામતી પરસ્પર કહેવા લાગી કે–ઉત્તમ અને મધ્યમમાં મોટું અંતર જાણવું. [કારણકે] આ પણ સ્ત્રી છે. પરંતુ એનામાં ગંભીરતા તથા ચતુરાઇ અને સગાંઓ પ્રત્યે કેવો સ્નેહ છે. કેમકેઃ–

"वाजिवारणलोहानां, काष्ठपाषणवाससाम् ।
नारीपुरुषतोयानां, अन्तरं महदन्तरम् ॥९६॥

ઘોડા ઘોડામાં, હાથી હાથીમાં, લોઢા લોઢામાં, લાકડા લાકડામાં, પત્થર પત્થરમાં, વસ્ત્ર વસ્ત્રમાં, સ્ત્રી સ્ત્રીમાં અને પુરુષ પુરુષમાં મોટું અંતર રહેલું છે. અર્થાત્ બધા સરખા હોતાં નથી."

આપણે પણ તે દિવસે તેણીની જે મશ્કરી કરી હતી, તે બરોબર આપણે અયોગ્ય જ કર્યું છે, કેમકેઃ–

"હાંસીથી મોટા માણસો પણ લઘુતા પામે છે. જુઓ ! સહજ હાંસીથી ધનાએ સ્ત્રીઓને તજી દીધી. હાંસીથી ક્ષુલ્લવર સાધુનું અવધિજ્ઞાન ચાલ્યું ગયું અને હાંસીથી મિત્રો પણ દુશ્મન થઇ જાય છે."–૯૭

પછી તેણીની બહેનોએ ક્ષમા માંગી. તે બોલી કેઃ–"તમારો કાંઇપણ દોષ નથી, મારાં પૂર્વના કરેલાં અશુભકર્મોનો દોષ છે."

તેઓ બોલી કેઃ–" અમે તે વખતે ધનના અભિમાનની મૂર્ખતાને લીધે નિરર્થક તારું અપમાન કર્યું હતું. બીજા કોઇએ પણ ધન, સ્વજનનો મેળાપ, ભોગ, પુત્ર વગેરેનો અહંકાર ન કરવો." કહ્યું છે કેઃ–

" [હે મૂઢ પ્રાણી !] હું ધનવાન છું એવો ગર્વ ન કર ! (તેમજ) હું ધન વગરનો છું એમ સમજીને દુઃખી ન થઈશ ! (કારણકે) ભરેલાં ને ખાલી કરતાં અને ખાલીને ભરેલો કરતાં વિધાતાને વાર લાગતી નથી.–૯૮

લક્ષ્મી પાણીના તરંગોની જેમ ચપળ છે, સંગમ–મેળાપ સ્વપ્ન સમાન છે; અને યૌવનાવસ્થા પવનથી ઉડેલ કપાસ–રૂ સમાન છે."–૯૯

પછી શેઠે બધાં સગાં સંબંધીઓને સન્માનપૂર્વક વિસર્જન કરવાથી પોતપોતાના સ્થાનકે ગયાં. પ્રિયંકર સતત ઉદ્યમ અને વિનયપૂર્વક પંડિતની પાસે

શાસ્ત્રો ભણવા લાગ્યો. પંડિત પણ તેના વિનયગુણથી રંજિત થઇને પ્રેમપૂર્વક તેને વિદ્યા આપવા લાગ્યો. [કારણકેઃ–]

" વિનયથી વિદ્યા ગ્રહણ થઇ શકે, પુષ્કળ ધન આપવા વડે વિદ્યા ગ્રહણ થઇ શકે અથવા તો વિદ્યાના બદલે વિદ્યા લઈ શકાય. આ સિવાય વિદ્યા મેળવવાનું ચોથું કોઇ સાધન નથી."–૧૦૦

શ્રેણિક રાજાએ ચાંડાલને પણ સિંહાસન પર બેસાડીને તેની પાસેથી વિદ્યા લીધી એ સજ્જન પુરૂષોનો સુવિનય સમજવો."–૧૦૧

તે થોડા દિવસોમાં બધી વિદ્યાઓમાં પ્રવીણ થઈ ગયો. કેમકેઃ–

" ડાહ્યા માણસોએ પ્રથમ અવસ્થામાં (બાલ્ય વયમાં) વિદ્યાઓ ગ્રહણ કરવી–મેળવવી, બીજી અવસ્થામાં (યૌવન વયમાં) ધન ઉપાર્જન કરવું અને ત્રીજી અવસ્થામાં (વૃદ્ધ વયમાં) ધર્મનો સંગ્રહ (ધર્મકરણી) કરવો (કરવી)."–૧૦૨

ત્યારપછી **પ્રિયંકર** ગુરૂમહારાજની પાસે ધર્મશાસ્ત્રો ભણવા લાગ્યો. ગુરૂમહારાજ પણ તેના વિનય ગુણથી, તેને [પ્રેમપૂર્વક] ભણાવવા લાગ્યા. કારણકેઃ–

"विद्या भवन्ति विनयाद् विनयाच्च वित्तं
नृणां भवेच्च विनयान्निजकार्यसिद्धिः ।
धर्मो यशश्च विनयाद् विनयात् सुबुद्धिः
ये शत्रवोऽपि विनयात् सुहृदो भवन्ति ॥१०३॥

વિનયથી વિદ્યા મળે છે, વિનયથી ધન મળે છે, વિનયથી માણસોને પોતાનાં સર્વ કાર્યની સિદ્ધિ થાય છે, વિનયથી ધર્મ અને યશની પ્રાપ્તિ થાય છે, વિનયથી સારી બુદ્ધિની પ્રાપ્તિ થાય છે [અને] વિનયથી દુશ્મનો પણ મિત્રો બની જાય છે."

દશવૈકાલિક સૂત્ર (ના અ૦૯, ઉ૦૨, સૂ૦ ૧–૨)માં પણ કહ્યું છે કેઃ–"જેમ ઝાડના મૂળમાંથી થડ થાય છે, થડમાંથી પછી ડાળો થાય છે, ડાળોમાંથી ડાળીઓ નીકળે છે, ડાળીઓમાંથી પાંદડાં, પછી તેને ફૂલ, ફલ અને રસ થાય છે–આવે છે. તેમ ધર્મનું મૂળ વિનય છે અને તેનું છેવટનું ફળ મોક્ષ છે. કે જે વિનયથી કીર્ત્તિ અને સુખ સઘળું જલદી મળી રહે છે."–૧૦૪–૧૦૫.

તે જ [સાચા] માતા પિતા જાણવા કે જેઓ પોતાના પુત્રને સંતાનોને બાલપણથી શિક્ષણ અપાવે છે. કેમકેઃ–

"रूपयौवनसम्पन्ना, विशालकुलसम्भवाः ।
विद्याहीना न शोभन्ते, निर्गन्धा इव किंशुकाः ॥१०६॥
पण्डितेषु गुणाः सर्वे, मूर्खे दोषाश्च केवलाः ।
तस्मान्मूर्खसहस्रेण, प्राज्ञ एको न लभ्यते ॥१०७॥

विद्या नाम नरस्य रूपमधिकं प्रच्छन्नगुप्तं धनं
विद्या भोगकरी यशःसुखकरी विद्या गुरूणां गुरु।
विद्या बन्धुजनो विदेशगमने विद्या परं दैवतं
विद्या राजसु पूज्यते नहि धन विद्याविहीनः पशुः ॥१०८॥

प्राप्ते मह्येभ्यवर्गेऽपि, चारिजी वर्णप्रश्निते (?)।
मुर्खपुत्रोऽवदत् तत्र, द्वारस्थाने कपाटकम् ॥१०९॥

રૂપ અને યૌવનથી સંપન્ન હોય તથા ઉત્તમકુળમાં ઉત્પન્ન થએલા હોય, [પણ જો] તે વિદ્યા વગરના હોય તો ગંધ વગરના કેસુડાંના ફૂલની જેમ શોભાને પામતા નથી. પંડિતમાં બધા ગુણો હોય છે અને મૂર્ખમાં બધા દોષો જ હોય છે, તેથી જ હજારો મૂર્ખાઓ કરતાં એક ડાહ્યો માણસ શ્રેષ્ઠ ગણાય છે. વિદ્યા એ માણસનું સુંદર રૂપ છે. સારી રીતે ગુપ્ત રાખેલું ધન છે, વિદ્યા ભોગ, યશ અને સુખને દેવાવાળી છે અને વિદ્યા મોટાઓ કરતાં પણ મોટી છે અર્થાત્ સર્વથી શ્રેષ્ઠ છે. પરદેશમાં વિદ્યા બંધુની ગરજ સારે છે, તે જ ઉત્તમ દૈવત–બળ છે. રાજદરબારમાં વિદ્યા જ પૂજાય છે પણ ધન પુજાતું નથી, તેથી વિદ્યા વગરનો માણસ પશુ સમાન છે.–ચતુર એવો પુત્ર હોય તો તે ધનવાનોને વિષે પણ આદર સન્માનને પામે છે. જ્યારે મુર્ખ પુત્ર હોય તો ઘરના દરવાજા બંધ કરવા જેવું છે અર્થાત્ મુર્ખ પુત્ર હોય તેના કરતાં તો પુત્ર ન હોય તો સારૂં."–૧૦૬, ૧૦૭, ૧૦૮, ૧૦૯

પ્રિયંકર સમ્યક્ત્વ–રત્નત્રયી (જ્ઞાન, દર્શન અને ચારિત્ર)–નવતત્ત્વ–શ્રાવકનાં બારવ્રતને જાણનારો મહાશ્રાવક થયો. ગુરૂએ પણ કહ્યું કે:–"હે મહાનુભાવ–ભાગ્યશાળી! બાલ્યવયમાં પણ ધર્મ કરવો જોઇએ. કારણ કે:—

"दीहा जंति वलंति नहु जिम गिरिनिज्झरणाइं;
लहुअ लगइ जीव! धम्म करि सुइ निचिंतो काई! ॥११०॥
जरा जाव न पीडेइ, वाही जाव न वड्ढइ;
जावंदिया न हायंति, ताव धम्मं समायरे. ॥१११॥

જેવી રીતે પર્વતમાંથી નીકળતાં ઝરણાંઓ (આગળ) વહે જાય છે અને પાછા વળતાં નથી, તેવી રીતે હે જીવ! જ્યાંસુધી લઘુપણું છે ત્યાં સુધીમાં ધર્મ કરીલે! તું બેફીકર થઇને સૂઇ કેમ રહ્યો છે?–૧૧૦

જ્યાંસુધી ઘડપણ આવીને પીડા કરે નહિ, જ્યાં સુધી વ્યાધિ વધી જાય નહિ, જ્યાં સુધી ઇંદ્રિયો શિથિલ ન થઇ જાય, ત્યાં સુધીમાં [હે આત્મન્!] તું ધર્મનું આચરણ કરી લે.–૧૧૧

પછી **પ્રિયંકર** હમેશાં સામાયિક–પૂજા–પચ્ચખ્ખાણ–દયા–દાન વગેરે પુણ્યના કાર્યો કરવા લાગ્યો. ગુરૂ મહારાજે પણ તેની ધર્મપ્રત્યેની શ્રદ્ધા જાણીને **ઉપસર્ગહર** સ્તોત્રના આમ્નાયો બતાવ્યા. [અને કહ્યું કેઃ–"હે મહાનુભાવ! પ્રાતઃકાળે બ્રાહ્મમુહૂર્ત (સૂર્યોદય પહેલાંનો ચાર ઘડીનો સમય)માં] મૌનપણે પવિત્ર થઇ (સ્નાન કરી શુદ્ધ થઇ) પૂર્વ દિશા તરફ મુખ રાખીને એકાંતે [૧૦૮ વાર] તારે આ **ઉપસર્ગહર** સ્તોત્રનો જાપ કરવો. આ સ્તોત્રની અંદર **શ્રીભદ્રબાહુ** શ્રુતકેવલીએ અનેક મહા-મન્ત્રો ગોઠવેલા છે, કે જેનાથી **ધરણેન્દ્ર–પદ્માવતી–વૈરોટ્યા** વગેરે સહાય કરે છે. વળી આ (**ઉપસર્ગહર**સ્તોત્ર)નો ૧૨૦૦૦ બાર હજાર વાર સંપૂર્ણ જાપ કરવાથી સર્વ કાર્યો સિદ્ધ થાય છે. (તેમજ) દુષ્ટ ગ્રહ–ભૂત–પ્રેત–શાકિની–ડાકિની–મરકી (પ્લેગ)–[સાત] ઇતિ–રોગ–જલનો પરાભવ–અગ્નિ–વ્યંતર–દુષ્ટતાવ–સર્પ (નાગ) ઝેર–ચોર–રાજ અને સંગ્રામ વગેરેના ભયો આ સ્તોત્રનું સ્મરણ કરવાથી દૂર થાય છે. અને સુખ, સંતાન, સમૃદ્ધિની પ્રાપ્તિ, સ્વજનોનો મેળાપ, મૃતવત્સા દોષનો નાશ કરીને પુત્રને આયુષ્યની વૃદ્ધિ આપનારાં કાર્યો પણ થાય છે. કહ્યું છે કેઃ—

"सर्वोपसर्गहरणं स्तवनं पुमान् यो
ध्यायेत् सदा भवति तस्य हि कार्यसिद्धिः।
दुष्टग्रहज्वररिपूरगरोगपीडा–
नाशं प्रयान्ति वनिताः ससुता भवन्ति ॥११२॥

उपसर्गहरं स्तोत्रं, ध्यातव्यं भाविना त्वया।
कण्ठे च प्रथमा गाथा, गुणनीया विशेषतः ॥११३॥

સર્વ સંકટોને દૂર કરનાર એવા આ સ્તવન–સ્તોત્રનું જે માણસ નિરંતર ધ્યાન કરે છે, તેનાં બધાં કાર્યો સિદ્ધ થાય છે. [તેમજ તેની] સ્ત્રી મૃતવત્સા દોષવાળી હોય તોપણ તેણીનો તે દોષ નાશ પામીને, સંતાનવાળી થાય છે. (તેથી) હે ભદ્ર! તારે નિરંતર ભાવપૂર્વક આ **ઉપસર્ગહર**સ્તોત્રનું (સ્મરણ કરવું) ધ્યાન ધરવું (અને) કોઇ કષ્ટ આવે છતે તેની પહેલી ગાથાનું વિશેષે કરીને સ્મરણ કરવું."–૧૧૨, ૧૧૩

[આ પ્રમાણે ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળીને] તે જ વખતથી **પ્રિયંકરે ઉપસર્ગહર**સ્તોત્ર ગણવાનો નિયમ લીધો. (અને) તે દરરોજ ગણવા લાગ્યો. (જ્યારે) કોઇ વખતે નિયમનો ભંગ થતો (ત્યારે તે) છ વિગયનો ત્યાગ કરતો. આ પ્રમાણે તેનું નિત્ય સ્મરણ કરવાથી સિદ્ધ કરેલા મંત્રની જેમ તે સ્તોત્ર તેને સિદ્ધ થઇ ગયું. તે જે જે કાર્ય કરતો તે તે કાર્ય તેનું સફલ થવા લાગ્યું.

એક વખત **પ્રિયંકર** પોતાના પિતાને [વિનયપૂર્વક અંજલિ જોડીને] કહેવા

લાગ્યો કેઃ–"હે પિતાજી! હવે તમે આ વ્યાપારાદિક બધા કાર્યનો ત્યાગ કરીને માત્ર ધર્મધ્યાનનું જ આચરણ કરો." કેમકે **ઉત્તરાધ્યયન** સૂત્રમાં કહ્યું છે કેઃ—

"जा जा वच्चइ रयणी, न सा पडिनियत्तइ।
धम्मं च कुणमाणस्स, सहला जंति राईओ ॥१४॥

જે જે રાત્રિ વ્યતીત થાય છે તે પાછી પ્રાપ્ત થતી નથી, (અને) ધર્મ કરનાર માણસની રાત્રિઓ સફલ થાય છે."

હે તાત! હવે હું ઘરનો ભાર બધો ઉપાડી લઈશ. વ્યાપારાદિક કાર્ય પણ હું કરી લઈશ. તે જ સાચો પુત્ર છે કે જે પોતાના પિતાની ચિંતાનો ભાર ઓછો કરે છે. કહ્યું છે કેઃ—

"एकेनापि सुपुत्रेण, सिंही स्वपिति निर्भयम्।
सहैव दशभिः पुत्रैर्भारं वहति गर्दभी ॥१५॥

એક સુપુત્રથી પણ સિંહણ નિર્ભય થઈને [વનમાં] સૂઈ રહે છે, જ્યારે દશ પુત્રો સાથે હોવા છતાં પણ ગધેડી ભાર ઉપાડે છે."

એક વખતે પિતાએ **પ્રિયંકર**ને નજીકના **'શ્રીવાસ'** નામના ગામમાં ઉઘરાણી કરવા મોકલ્યો. ઉઘરાણી પતાવીને સાંજના વખતે પાછા વળતાં તેને ભિલ્લ લોકોએ બાંધ્યો, (અને) બાંધીને તેને **શ્રીપર્વત**માંના કિલ્લામાં પોતાના સ્થાને લઈ ગયા અને તે સંબંધીની પોતાના સીમાડાના રાજાને ખબર આપી. તેણે તેને કેદખાનામાં નાંખ્યો. અહીં તેના માતાપિતા સંધ્યાકાળે પુત્રને આવવાની રાહ જોવા લાગ્યા અને બોલવા લાગ્યા કે–હે પુત્ર! તને આજે જ બહાર મોકલ્યો, પણ હજુ સુધી તું પાછો કેમ ન આવ્યો? તું શું રિસાઇ ગયો? શું કોઇએ તારો પરાભવ કર્યો? હે પુત્ર! હવે તું અહીં તરત આવીને વિરહાતુર એવા અમને તારું મુખ બતાવી આનંદ પમાડ. હવે પછી કોઇપણ સ્થાનકે અમે તને કદીપણ મોકલીશું નહિ. માતા બોલી કે–હે વત્સ! **પ્રિયંકર** મારે તો તું એકનો એક દીકરો છે અને મહાકષ્ટે તારું પાલન કર્યું છે, તું અમને અત્યંત વહાલો, સુંદર, મનોહર કાંતિવાળો, સૌને માનવા યોગ્ય, ઘણાનો માનીતો, આભૂષણના કરંડીઆ સમાન, રત્નની માફક અમારા જીવિતને ઉલ્લાસ આપનાર, હૃદયને આનંદ આપનારો, આકાશ પુષ્પની જેમ અત્યંત દુર્લભ, સ્વપ્નમાં પણ તારું દર્શન શી રીતે પ્રાપ્ત થશે? આ પ્રમાણે પુત્રના ગુણો સંભારતા થકા તે બંને જણા વિલાપ કરવા લાગ્યા. કહ્યું છે કેઃ–

"બીજું બધું દુઃખ સમયનાં વીતવાની સાથે માણસો વીસરી જાય છે. (પરંતુ) પ્રિયજનના વિયોગનું દુઃખ મરણ વિના વીસરતું નથી–ભૂલાતું નથી."–૧૧૬

અહો ! આજે પ્રિય પુત્ર વિના ઘર સૂનું સૂનું દેખાય છે, કહ્યું છે કેઃ–

"अपुत्रस्य गृहं शून्यं, दिशः शून्या अबान्धवाः ।
मूर्खस्य हृदयं शून्यं, सर्वशून्यं दरिद्रता ॥११७॥

અપુત્રીયાનું–પુત્ર વગરનાનું ઘર સૂનું છે, ભાઇ વગરની દિશાઓ સૂની છે, મૂર્ખ માણસનું હૃદય શૂન્ય હોય છે, (અને) ગરીબાઇમાં બધું સૂનું છે."

એટલામાં કોઇએ કહ્યું કેઃ–"હે શેઠ ! તમારા પુત્રને ભિલ્લ લોકો બાંધીને **શ્રીપર્વતે** લઇ ગયા છે." આ ખબર સાંભળીને તે દંપતિ દુઃખી થયા. [અને] વિશેષે કરીને નમસ્કાર મન્ત્ર તથા **ઉપસર્ગહર** સ્તોત્રનો પાઠ કરવામાં તથા પૂજા વગેરે ધર્મકાર્યો કરીને પુણ્ય ઉપાર્જન કરવા લાગ્યા. કેમકેઃ—

"वने रणे शत्रुजलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा ।
सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षन्ति पुण्यानि पुराकृतानि ॥११८॥

વનમાં, યુદ્ધમાં, શત્રુ, જલ કે અગ્નિમાં, મોટા સમુદ્રમાં, પર્વતના શિખર પર, સુતેલી પરિસ્થિતિમાં, પ્રમત્ત અથવા વિષમ પરિસ્થિતિમાં પણ પૂર્વકૃત પુણ્ય [મનુષ્યનું] રક્ષણ કરે છે."

તે વખતે **પાસદત્ત** શેઠને દેવતાએ કહેલું વચન યાદ આવ્યું. તેથી અગુરૂ, કપૂર, કસ્તૂરિ વગેરે સુગંધીવાળા પદાર્થો લઇને રાજવાડીમાં દેવથી અધિષ્ઠિત આંબાના ઝાડની જગ્યાએ ધૂપ ઉખેવીને, તે કહેવા લાગ્યો કેઃ–"હે દેવ ! મારા પ્રિયંકર પુત્રને રાજ્યનો લાભ થશે, એમ તમે કહ્યું હતું, પરંતુ આ તો ઉલટો નાશ થયો અર્થાત તેના વિરહનું દુઃખ અમારા પર આવી પડ્યું છે. [અને] દેવો અસત્ય બોલવાવાળા હોતા જ નથી. કેમકેઃ—

"મહાપુરુષોના વચનો યુગના અંતસુધી પણ અન્યથા થતા નથી. **અગસ્ત્ય** ઋષિના વચને બંધાએલો **વિંધ્યાચલ**(પર્વત) અદ્યાપિ વૃદ્ધિ પામતો નથી."–૧૧૯

આપત્તિ વખતે (હે દેવ !) તું જ એક અમારો આધાર છે. (આ પ્રમાણેની શેઠની પ્રાર્થના સાંભળીને) દેવ બોલ્યો કેઃ–"હે શેઠ ! ચિંતા ન કરો." (પછી) દૈવી વાણી થઇ કેઃ—

"सुणुरे पासा ! मुअ वयनविलासा,
मति मुकिसि तुं मुणि नीसासा;
देव हूया प्रियंकर दासा,
आवसि परणी पंचमी वासा. ॥१२०॥

હે **પાસદત્ત**! તું મારૂં વચન સાંભળ, તું મુખેથી નિસાસા ન મૂક! દેવતાઓ **પ્રિયંકર**ના સેવક બન્યા છે. (અને) તે પાંચમે દિવસે પરણીને આવશે."

આ પ્રમાણે દેવની વાણી સાંભળીને શેઠ હર્ષિત થયો થકો ઘેર આવ્યો. દેવતાએ કહેલી હકીકત પોતાની પત્ની (**પ્રિયશ્રી**)ને કહી.. સાંભળીને તેણી પણ આનંદિત થઈ.

હવે **શ્રીપર્વત** પર **પ્રિયંકર**નું શું થયું તે સાંભળો–પછી સીમાડાના રાજા પદ્મિપતિએ સવારમાં **પ્રિયંકરને** બોલાવીને પૂછયું કેઃ–"શું તું શ્રાવક છે?" તેણે કહ્યું કેઃ–"**અશોક** નગરમાં રહેતો નિર્ધન વાણિયો એવો હું પાસેના ગામોમાં કોથળો કરીને (ફેરી કરીને) મારો નિર્વાહ કરૂં છું, મારા પિતા વૃદ્ધ છે; મારી માતાને હું એકનો એક પુત્ર છું, કોણ જાણે શા કારણથી તમારા માણસો મને બાંધીને અહીંયાં લાવ્યા છે."

રાજા બોલ્યો કેઃ–"**અશોકનગરનો અશોકચંદ્ર** નામનો રાજા અમારો દુશ્મન છે, તેથી તે નગરમાં રહેનારા બધા (અમારા) દુશ્મન જ છે. પરંતુ મારા સેવકોએ તો બહારગામ જતાં તે રાજાના મંત્રિપુત્રને પકડવાને માટે માર્ગ રોકયો હતો. પણ તે હાથમાં આવ્યો નહિ; તેના બદલે તું બંધાઇ ગયો."

પ્રિયંકર બોલ્યો કેઃ–"હે સ્વામિન્! તો મારા જેવા ગરીબને બંધનમાં રાખવાથી આપને શું ફાયદો થવાનો છે? મને આખા નગરમાં કોઇપણ ઓળખતું નથી. [આ તો એવું થયું કે–] રોગ–વ્યાધિ બીજાને થયો હોય અને શોક બીજાને કરવો, આંખો દુઃખથી હોય ત્યારે કાન બાંધવા, દુશ્મનાવટ રાજાની સાથે અને નિરપરાધી મારા જેવા વાણિયાને બાંધ્યો (એ ક્યાંનો ન્યાય?). કહ્યું છે કેઃ—

"અપરાધ બીજાએ કર્યો હોય અને બીજાના માથે [આફતો] પડે છે. જેમકે અપરાધ **રાવણે** કર્યો અને વાનરોએ બાંધ્યો સમુદ્રને."–૧૨૧

તેની વચન ચાતુરીથી પદ્મિપતિ આશ્ચર્ય પામીને કહેવા લાગ્યો કેઃ–"હે કુમાર! જો તું મારા કહ્યા પ્રમાણે કરે તો, હું તને મુક્ત કરૂં."

કુમારે કહ્યું કેઃ–"તે શું?"

રાજા બોલ્યો કેઃ–"મારા સેવકોને ગુપ્ત રીતે તારા મકાનમાં સાત દિવસ સુધી છુપાવીને રાખ કે જેથી તેઓ ત્યાં રહીને રાજપુત્રને અથવા મંત્રિપુત્રને બાંધીને અહીં લાવે, [અને] હું મારા વૈરનો બદલો વાળું."

કુમારે કહ્યું કેઃ–"એવું અકાર્ય હું કોઇપણ રીતે નહિ કરૂં. ભલે જે થવાનું હોય તે થાય." કેમકેઃ–

"अकर्तव्यं न कर्तव्यं, प्राणैः कण्ठगतैरपि ।
सुकर्तव्यं तु कर्तव्यं, प्राणैः कण्ठगतैरपि ॥१२२॥

કંઠે પ્રાણ આવી જાય તો પણ ન કરવા યોગ્ય કાર્યનું આચરણ ન કરવું, [અને] કરવા જેવું હોય તે, કંઠે પ્રાણ આવી જાય તો પણ કરવું જ."–૧૨૨

(વળી) રાજાની વિરૂદ્ધ કાર્યનું આચરણ કરવાથી જીવિતનો પણ નાશ થાય. કેમકેઃ–"(જે લોકો) દેશવિરૂદ્ધ, ગામવિરૂદ્ધ અથવા રાજાની વિરૂદ્ધ કામ કરે છે, તેઓ અહીંયાંજ બંધન, ક્લેશ અને મરણને પ્રાપ્ત કરે છે."–૧૨૩

(આ પ્રમાણે સાંભળીને) ગુસ્સે થએલા રાજાએ સેવકોને હુકમ કર્યો કેઃ– "આને લાકડાની બેડીમાં નાખો." તેથી તેઓએ તેને લાકડાની બેડીમાં નાખ્યો. (અને) તેની આસપાસ પહેરેગીરો રહેવા લાગ્યા. (પછી) કુમાર વિચાર કરવા લાગ્યો કે–ગુરૂએ કહ્યું છે કે વિષમ સંકટ ઉપસ્થિત થયે છતે વિશેષે કરીને **ઉપસર્ગહર** સ્તોત્રનું સ્મરણ કરવું. તેથી તેને **'उवसग्गहरं पासं०'**થી શરૂ થતું **ઉપસર્ગહર**સ્તોત્ર એક ચિત્તે ૧૨૦૦૦ બાર હજાર વાર ગણ્યું. તે વખતે દુશ્મન રાજાના મનમાં વિચાર ઉત્પન્ન થયો કે–આ બિચારાને છોડી મૂકવા દે. એને રાખી મૂકવાથી શો લાભ? તે અવસરે તેની સભામાં વિદ્યા સિદ્ધ એવો કોઇ જ્ઞાની પુરુષ આવીને રાજાને આશીર્વાદ આપીને ત્યાં બેઠો. રાજાએ (પણ) કુશળ સમાચાર પૂછવાથી તે બોલ્યો કેઃ—

"રાજાઓની સૌમ્યદૃષ્ટિથી, પ્રજાજનોના હિતકારી વાક્યોથી અને સંબંધીજનોના અંતઃકરણના વાત્સલ્યથી હું નિરંતર સુખી છું."–૧૨૪

રાજાએ ફરી પૂછ્યું કેઃ–"[હે જ્ઞાની પુરૂષ!] તમે શું શું જાણો છો?"

તેણે કહ્યું કેઃ–"જીવિત–મરણ, ગમનાગમન, રોગ, યોગ, ધન, ક્લેશ, સુખ દુઃખ અને (માણસોનું) શુભાશુભ (બધું) જાણું છું."–૧૨૫

પદ્મિપતિએ કહ્યું કેઃ–"તો તું કહે કે–અમારા દુશ્મન એવા અશોકચંદ્ર રાજાનું મરણ ક્યારે થશે, કે જેણે અમારો બધો મુલક લઇ લીધો છે?"

સિદ્ધ પુરુષ બોલ્યો કેઃ–"હું એકાંતમાં કહીશ."

રાજાએ કહ્યું કેઃ–"અહીંયાં બધા મારા પોતાના માણસો જ છે, માટે તું કહે."

સિદ્ધે કહ્યું કેઃ—

"षट्कर्णो भिद्यते मन्त्रः, चतुष्कर्णो न भिद्यते ।
द्विकर्णस्य तु मन्त्रस्य, ब्रह्माऽप्यन्तं न गच्छति ॥ ॥१२६॥

ગુપ્ત વાત છ કાને જાય તો તેનો ભેદ પ્રગટ થઇ જાય છે, ચાર કાને થએલી વાત બહાર આવતી નથી, (અને) બે કાનની વાત તો બ્રહ્મા પણ જાણી શકતા નથી."

પછી રાજાના કાનમાં તેણે **અશોકચંદ્ર** રાજાના મરણનો સમય કહ્યો અને આ બાબતમાં જરા પણ સંદેહ નથી. પછી રાજાએ પ્રગટપણે પૂછયું કેઃ-"તેની ગાદીએ કોણ બેસશે-આવશે ?" તેણે એક ક્ષણભર ધ્યાન ધરીને કહ્યું કેઃ-"[હે રાજન્ !] તેની પછી તેના પુત્રોને રાજ્ય મળશે નહિ તેમજ તેના ગોત્રમાં પણ તેનું રાજ્ય નહિ જાય; પરંતુ [**પ્રિયંકર** નામના વાણિયાના] જે છોકરાને તમે લાકડાની બેડીમાં નાંખ્યો છે, તે જ પુણ્યવંતને તેનું રાજ્ય દેવતાઓ પોતે આપશે."

રાજા બોલ્યો કેઃ-"હે સિદ્ધ ! આવું ઢંગધડા વગરનું શું બોલે છે? તારું જ્ઞાન જાણી લીધું. આને તે વળી રાજ્યલક્ષ્મી ક્યાંથી હોય ? ધન વગરના બહાર નીકળી પડેલા આ વાણિયાનું નામ પણ કોઇ જાણતું નથી. જેનું પુણ્ય બલવાન હોય તેનું નામ તો સર્વત્ર પ્રસિદ્ધિમાં હોય છે." કહ્યું છે કેઃ—

"**નળરાજા, રામ, પાંડવ**, જેવા પુણ્યશાળીઓનાં નામ આખા જગત્માં પ્રસિદ્ધ થાય છે, જ્યારે કેટલાકનાં નામ ઘરમાં પણ જાણીતાં હોતાં નથી."-૧૨૭

સિદ્ધ પુરૂષ બોલ્યો કેઃ-"આમાં શંકા કરશો નહિ." આ વાત સાચી ન લાગતી હોય, તો ગઇકાલે તમે શું ખાધું હતું તે ભોજનનાં નામ કહી દઉં,"

રાજાએ કહ્યું કેઃ-"તું કહે."

પછી સિદ્ધ બોલ્યો કેઃ-"ઘી અને ખાંડ વાળા લાડવા અને પાંચ વડાં, મગ અને અડદની વડી, છાશ અને પાન ખાધું હતું."-૧૨૮

આ પ્રમાણે સાંભળીને રાજાએ તે સત્ય માન્યું. એવામાં કોઇક સભામાંથી બોલ્યું કેઃ-"ચૂડામણિને જાણવા વાળા લોકો બની ગએલી વાર્તા જાણે છે, પરંતુ આગામી વાત તેઓ જાણી શકતા નથી."

રાજાએ ફરીને પૂછયું કેઃ-"(હે સિદ્ધ !) આજે હું શું ભોજન કરીશ."

સિદ્ધ પુરૂષે કહ્યું કેઃ-"(હે રાજન્ !) મગનું પાણી આજે તમે જમશો અને તે પણ સાંજના સમયે."

રાજાએ કહ્યું કેઃ-"આતો બીલકુલ અસત્ય છે. મારા શરીરે આરોગ્ય વર્તે છે અને તાવ વગેરે કાંઇ પણ નથી અથવા બધું હમણાં જ જણાઇ આવશે." સભાના માણસોને આશ્ચર્ય લાગ્યું.

સિદ્ધ પુરૂષે કહ્યું કેઃ-"હે **સ્વામિન્** ! જો આ વાત મારી સાચી પડેતો નક્કી સમજજો કે **પ્રિયંકરને** ભવિષ્યમાં રાજ્ય મળશે જ."

રાજા બોલ્યો-"તે કયા દિવસે ?"

સિદ્ધ પુરૂષ બોલ્યો કેઃ-"માહ મહિનાના અજવાળીઆ પખવાડિયામાં, પૂર્ણિમા અને ગુરૂવારના દિવસે પુષ્યનક્ષત્રના વિષે **પ્રિયંકર** રાજા થશે, તેમાં શંકા નથી"-૧૨૯

રાજાએ તે જ ક્ષણે **પ્રિયંકરને** છૂટો કર્યો અને ઉત્તમ વસ્ત્રો વડે સત્કાર કરીને પોતાના ઘેર લઇ ગયો. કેમકેઃ-

"કપડ પગિ પગિ લહુઈ, કે કંચણની રાસિ;
રાયમાણ કેતા લહુઈ, કે ન લહુઈ સાબાસિ.-૧૩૦

કેટલાક (માણસો) ડગલે ને પગલે કપડાં મેળવે છે, કેટલાક સોનાના ઢગલા મેળવે છે, કેટલાક રાજા તરફથી માન-સન્માન મેળવે છે અને શાબાશી તો કોણ નથી મેળવતા ? અર્થાત્ શાબાશી તો બધા મેળવે છે."

પછી રાજાએ [પ્રિયંકરને] પોતાની પાસે રાખ્યો. સિદ્ધ પુરૂષ સાથે લાંબો વખત વાતચીત કરીને સભા વિસર્જન કરી. રાજાએ ઘેર આવીને દાતણ કર્યું, પછી સ્નાન કર્યું, તેવામાં જ એકાએક માથામાં વેદના ઉત્પન્ન થઇ. રસોઇઆએ પ્રાર્થના કરી કે-"હે રાજન્ ! તમામ રસોઇ તૈયાર થઈ ગઇ છે, માટે જમવા માટે પધારો."

રાજાએ કહ્યું કેઃ-"હું થોડીવાર પછી ભોજન કરીશ, અત્યારે મારું મસ્તક દુઃખે છે." વળી એટલામાં એકાએક મોઢામાં પણ **સનત્કુમાર** ચક્રવર્તિની માફક વેદના ઉઠી. કહ્યું છે કેઃ—

"કેટલાક પુરૂષો **સનત્કુમાર** ચક્રવર્તિની માફક થોડા જ માત્રથી બોધ પામે છે. રાજાના શરીરમાં જે ક્ષણિક પીડા થઇ તે દેવે કરેલી જાણવી."-૧૩૧

પછી તે પલંગમાં સૂઇ ગયો. (અને તેને) ઉંઘ આવી ગઇ; સાંજના વખતે (રાજા) જાગ્રત થયો; છતાં પણ શરીરમાં જોઇએ તેવી સ્ફુર્તિ આવી ન હતી. (એટલામાં રાજાની શિરોવ્યથાના સમાચાર સાંભળી) મંત્રિ ત્યાં આવીને કહેવા લાગ્યો કે- "(હે સ્વામિન્ !) સર્વથા લાંઘણ કરવી તે તો ઉચિત નથી. કેમકેઃ—

"તાવમાં પણ સર્વથા લાંઘણ નહિ કરતાં, યુક્તિપૂર્વકની લાંઘણ કરવી. (કારણ કે) જે ગુણો લાંઘણમાં કહ્યા છે, તે જ ગુણો અલ્પભોજનમાં સમજવા."-૧૩૨

તેથી મગનું પાણી લેવું તે ઉચિત છે. કારણ કેઃ-

"મગનું પાણી ત્રિદોષને શાંત કરનારૂં, રેચક, શરીરના અવયવોને શુદ્ધ કરનારૂં, મોળું, રસ વગરનું, તીખું અને તાવનો નાશ કરનારૂં છે."

તેથી રાજાએ રૂચિ વગર પણ મગનું પાણી અને ઔષધિનું પાણી લીધું. તે ઉપર વળી વૈદ્યે માથાના દુઃખાવાને દૂર કરનારી પિત્તનું શમન કરનારી એલચી આપી કેમકેઃ-

"एला तिक्तोष्णलघ्वी स्यात, कफवायुविषप्रणुत्।
वस्तिकण्डुरुजो हन्ति, मुखमस्तकशोधिनी ॥१३४॥

ઇલાયચી તિખી, ગરમ અને હલકી છે; [અને] તે કફ અને વાયુના વિકારને દૂર કરનારી છે; બસ તથા અરજના દોષને હણનારી તથા મુખ અને મસ્તકને શુદ્ધ કરનારી છે."

બીજા દિવસે સ્વસ્થ થએલા રાજાએ સભામાં બેઠા બેઠા કહ્યું કે-સિદ્ધ પુરૂષનું વચન સાચુ પડયું. પછી મંત્રિ, પોતાના કુટુંબ તથા સગાં સંબંધીઓને બોલાવીને વિચાર કરવા લાગ્યો કે-આ કુમાર પોતાનું ભાગ્ય જાણતો નથી. (પરંતુ) તેને રાજ્ય જરૂર મલશે જ. તેથી મારી પુત્રી **વસુમતી** નામની જે છે, તે જો તમારી બધાંની સંમતિ હોય તો, એની સાથે પરણાવીએ. (કારણ કે) પછીથી એની સગાઇને લીધે આપણે તથા આપણા સંતાનોને પણ સુખ ઉત્પન્ન થશે. પછી બધાંએ બોલ્યા કેઃ-"(હે સ્વામિન્!) આપનું વચન યોગ્ય જ છે." પછી તે પલ્લિપતિએ શુભમુહૂર્તે પોતાના કન્યારત્નનું **પ્રિયંકર**ની મરજી વિના પણ તેની સાથે પાણિ ગ્રહણ કર્યું. (અને પહેરામણીમાં) પુષ્કળ ધન, ઘોડા, વસ્ત્ર વગેરે આપ્યું. (રાજાએ આપેલા) આવાસમાં રહેતો થકો તે પોતાની પ્રિયા સાથે વિચારવા લાગ્યો કે આ બધો **ઉપસર્ગહર**સ્તોત્રનો પ્રભાવ છે. કારણ કેઃ—

"વિપત્તિના સ્થાને સંપત્તિ, લાકડાની બેડીના બદલે લગ્ન, અપમાનને સ્થાને માનની પ્રાપ્તિ. એ બધું પુણ્યનું જ ફળ છે."-૧૩૫

પછી રાજાએ પ્રિયંકરને તેની પત્ની સહિત દુશ્મનના ભયને લીધે રાત્રિના સમયે પોતાના સેવકોની સાથે પંચમીના દિવસે **અશોકપુરે** પહોંચાડી દીધો. [ત્યાં જઇને] પત્ની સહિત કુમારે પોતાના માતાપિતાને પ્રણામ કર્યા. દેવની વાણી સત્ય થઇ અને માતાપિતા રાજી થયાં. આ પ્રમાણે **પ્રિયંકર**ને વસુમતી નામની પ્રથમ પત્ની થઇ.

બધા વ્યવસાયમાં કુશળ એવા **પ્રિયંકર** કુમારે કુટુંબનો બધો ભાર માથે લઈ લીધો. પિતા તો વિનયીપુત્રના પ્રતાપે પુણ્યકર્મ જ કરવા લાગ્યો, કેમકેઃ-

" ते पुत्रा ये पितुर्भक्ताः स पिता यस्तु पोषकः।
तन्मित्रं यत्र विश्वासः, स भार्या यत्र निवृतिः ॥१३६॥

તે જ [સાચા] પુત્ર છે કે જે પિતાની ભક્તિ કરે, તે જ [સાચા] પિતા છે કે જે પોષક હોય; તે જ [સાચો] મિત્ર છે કે જ્યાં વિશ્વાસ મુકી શકાય અને તે જ [સાચી] સ્ત્રી છે કે જેની પાસેથી શાંતિ મળી શકે."

એક વખતે **પ્રિયંકર** શ્રીદેવગુરૂનું સ્મરણ તથા નમસ્કારમંત્ર અને ઉપસર્ગહર-સ્તવન વગેરેનો વિશેષ જાપ-ધ્યાન કરીને સૂઇ ગયો હતો. ત્યારે રાત્રિના પાછલા પ્રહરના વિષે તેણે મહા આશ્ચર્યકારક સ્વપ્ન જોયું. (પછી) તુરત જ જાગૃત થઇને નમસ્કારમન્ત્રનું સ્મરણ કરવા લાગ્યો. કેમકેઃ-

" जिणसासणस्स सारो, चउदसपुव्वाण जो समुद्धारो ।
जस्स मणे नवकारो, संसारो तस्स किं कुणइ ? ॥१३७॥
एसो मंगलनिलओ, दुहविलओ सयलसंतिजणओ य ।
नवकारपरममंतो चिंतिअमित्तो सुहं देइ ॥१३८॥

જિનશાસનના સારરૂપ અને ચઉદપૂર્વમાંથી જેનો ઉદ્ધાર કરેલો છે, તે નવ-કારમંત્ર જેના મનમાં-હૃદયમાં જાગ્રત છે, તેને સંસાર શું કરી શકે ? આ નમસ્કાર મહામંત્ર મંગલના સ્થાનરૂપ, દુઃખનો નાશ કરનાર, અને સમસ્ત શાંતિને કરનાર છે અને તે ચિંતવન માત્રથી સુખને આપનારો છે.-૧૩૭, ૧૩૮.

[પછી તે વિચાર કરવા લાગ્યો કે-] મેં પહેલાં વૃદ્ધ પુરૂષોના મુખેથી સાંભળ્યું છે કે- [ઉત્તમ] સ્વપ્ન જોઇને નિદ્રા કરવી નહિ. **વિવેકવિલાસ** (સર્ગ. ૧, શ્લોક ૧૪)માં કહ્યું છે કેઃ—

"सुस्वप्नं प्रेक्ष्य न स्वप्यं, कथ्यमह्नि च सद्गुरोः ।
दुःस्वप्नं पुनरालोक्य, कार्यः प्रोक्तविपर्ययः ॥१३९॥

સારૂં સ્વપ્ન જોઇને સૂઇ ન જવું અને તે દિવસ ઉગ્યા પછી સદ્ગુરૂને કહેવું, [અને] ખરાબ સ્વપ્ન જોઇને ઉપર કહ્યું તેનાથી ઉલટું કરવું અર્થાત્ સૂઇ જવું અને કોઇને પણ કહેવું નહિ.

સવારમાં પોતાને આવેલા સ્વપ્નનું સ્વરૂપ પોતાના પિતાને નિવેદન કર્યું, તે આ પ્રમાણે-[હે પિતા !] મેં મારા પોતાના શરીરમાંથી આંતરડાં ખેંચીને, તેને જુદાં જુદાં કરીને, તે આંતરડાંથી આખા **અશોકપુરને** ધીમે ધીમે વીંટી લીધું. ત્યારપછી મારા પોતાના શરીરને અગ્નિમાં બળતું જોયું. (અને) જેટલામાં પાણીથી તેને શાંત કરવા ગયો, તેટલામાં હું જાગૃત થઇ ગયો. આ સ્વપ્નનું કેવા પ્રકારનું ફલ મને પ્રાપ્ત થશે ?

પાસદત્તે કહ્યુ કેઃ–"ત્રિવિક્રમ ઉપાધ્યાયની પાસે જઇને પૂછ. બીજા કોઇની આગળ ન કહીશ, [કારણ કે] તે સ્વપ્નશાસ્ત્રનો જાણકાર છે." કારણ કે—

"पात्रे त्यागी गुणे रागी, भोगी परिजनैः सह ।
शास्त्रे बोद्धा रणे योद्धा, पुरुषः पञ्चलक्षणः ॥१४०॥

પાત્રને વિષે દાન દેનારો, ગુણવાન પ્રત્યે અનુરાગરાળો, સ્વજન સાથે ભોજન કરનારો, શાસ્ત્રનો જાણકાર અને સંગ્રામમાં યુદ્ધ કરનારો–[ઉત્તમ] પુરૂષનાં આ પાંચ લક્ષણો છે."

પછી **પ્રિયંકર** કુમાર ઉપાધ્યાયના ઘેર ગયો. ત્યાં આગળ તેના બે પુત્રો શાસ્ત્રનું અધ્યયન કરતાં તેના દેખવામાં આવ્યા. તેઓને પૂછયું કે–ઉપાધ્યાય ક્યાં છે? મોટા પુત્રે કહ્યુ કેઃ—

"मृतका यत्र जीवन्ति, नजीवा उच्छ्वसन्ति च ।
स्वगोत्रकलहो यत्र, तद्गृहेऽस्ति द्विजोत्तमः ॥१४१॥

મૃતક જ્યાં જીવતાં થાય છે અને નિર્જીવ જ્યાં શ્વાસોશ્વાસ લે છે તથા સ્વ-ગોત્રમાં જ્યાં કલહ થયા કરે છે, તે ઘેર એ શ્રેષ્ઠ બ્રાહ્મણ છે, અર્થાત લુહારના ઘેર ગયા છે."

પછી **પ્રિયંકર** પોતાની બુદ્ધિથી તે લુહારને ઘેર ગયો છે તેમ સમજીને ત્યાં ગયો. ત્યાંથી તેને જવાબ મલ્યો કે–છરી તૈયાર કરાવીને હમણાં જ તે પોતાના ઘેર ગયા. પછી પાછો આવીને તેના નાના પુત્રને પૂછયું. તેણે કહ્યું કેઃ–

"जडानां संगतिर्यत्र, प्रीतिश्च जलजैः सह ।
उपकारि वनाधारं, मत्पिता तत्र विद्यते ॥१४२॥

જ્યાં જળ ભેગા થતાં હોય, કમલની સાથે જ્યાં પ્રીતિ હોય, જે ઉપકારક હોય અને જે વનના આધાર રૂપ હોય ત્યાં મારા પિતા છે."

કુમાર તેઓની બુદ્ધિથી આશ્ચર્ય પામ્યો. શું સરોવરે ગયા છે? આ પ્રમાણે તેનું કહેવું સાંભળીને તેના બે પુત્રો પણ આશ્ચર્યચકિત થઇ ગયા. કુમાર સરોવરે ગયો અને ઉપાધ્યાયને મલ્યો. ત્યાં તેને પ્રણામ કરીને એકાંતમાં પોતાના સ્વપ્નની વાત તેણે (ઉપાધ્યાયને) કહી. સ્વપ્ન સાંભળીને મનમાં ઘોળાતો હોય તેમ ઉપાધ્યાય ક્ષણવાર સ્તબ્ધ થઇ ગયો. આ સ્વપ્ન રાજ્યને દેનારૂં છે. ફરી ફરીને તેને (**પ્રિયંકરને**) પૂછવા લાગ્યો. પછી કુમારની સાથે પોતાના ઘર તરફ જવા લાગ્યો તેટલામાં જ હાથમાં પકડેલા અક્ષતથી ભરેલા થાળની અંદર મૂકેલા શ્રીફળવાળી સ્ત્રીઓનું ટોળું સામું આવતું દેખાયું. પંડિત તે જોઇને વિચારવા લાગ્યો કે–વધામણી તો સન્મુખ જ

આવી. ત્યારપછી મસ્તક પર લાકડાનો ભારો ઉપાડીને આવતો માણસ મલ્યો. આ શુકન પણ રાજ્યને સૂચવનારૂં છે. કહ્યું છે કેઃ—

"प्रवेशे निर्गमे वापि, पट्टो भवति सन्मुखः ।
तस्य राज्यं समादेयं, शकुनज्ञेन निश्चितम् ॥१४३॥

(નગરમાં) પેસતાં કે નીકળતાં જો લાકડાનો ભારો સામો મળે તો તેને રાજ્યની પ્રાપ્તિ થાય, એમ શકુનના જાણનારાઓએ નિશ્ચિત કરેલું છે."

નગરમાં આગળ જતાં તેમને દારૂ ભરેલો ઘડો મલ્યો. એટલે પંડિત બોલ્યો કેઃ—"કુમાર ! શુકન તો ઉત્તમ પ્રકારનાં થાય છે." કુમારે કહ્યું કેઃ—"કેવી રીતે ?" પંડિતે કહ્યું કે—"પહેલાં વધામણું, પછી લાકડાનો ભારો અને પછી વળી આ દારૂનો ભરેલો ઘડો." કુમારે કહ્યું કે—"આ ઘડામાં શું છે ?" તે બોલ્યો—

"मदः प्रमादः कलहश्च निद्रा, द्रव्यक्षयो जीवितनाशनं च ।
स्वर्गस्य हानिः नरकस्य पन्था, अष्टावनर्थाः करके वसन्ति ॥१४४॥

આ ઘડામાં મદ, પ્રમાદ, કલહ, નિદ્રા, દ્રવ્યનો ક્ષય, જીવિતનો નાશ, સ્વર્ગની હાની અને નરકની પ્રાપ્તિ, આ આઠ અનર્થો રહેલા છે."

કુમારે કહ્યું કેઃ—"હે પંડિત ! જેમાં અનર્થ હોય તે ઉત્તમ શકુન કેમ ગણાય ?" પંડિતે કહ્યું—આવા પ્રકારની કઇ ચીજ હોય ? તેણે કહ્યું—દારૂ, તો પછી આ દારૂ ભરેલો ઘડો છે અને તેને શકુનશાસ્ત્રના જાણકારોએ ઉત્તમ શકુન તરીકે માનેલો છે. કારણ કે—

"कन्यासाधुमहीशमित्रमहिषीदूर्वादिवर्धापनं
वीणामृन्मणिचामराक्षतफलं छत्राब्जदीपध्वजाः ।
वस्त्रालङ्कृतिमद्यमांसकुसुमस्वर्णादिसद्धातवो
गोमीना दधिदर्पणाग्निविमलाः श्रेष्ठाः कृता दक्षिणे ॥१४५॥

કન્યા, સાધુ, રાજા, મિત્ર, ભેંશ, દર્ભ વગેરે વધામણીની વસ્તુઓ, વીણા, માટી, મણિ, ચામર, અક્ષત, ફળ, છત્ર, કમલ, દીપક, ધ્વજા, વસ્ત્ર, અલંકાર, દારૂ, માંસ, પુષ્પ, સોનું વગેરે ઉત્તમ ધાતુઓ, ગાય, માછલાં, દહીં, દર્પણ, અગ્નિ આ બધી વસ્તુઓ જમણી બાજુએ મલે તો તે શ્રેષ્ઠ કહેલાં છે."

આ પ્રમાણે સાંભળીને કુમારે પ્રમુદિત થઇને, શકુનની ગાંઠ બાંધી અને તેની સાથે સાથે તેના ઘેર ગયો. ત્યાં પંડિતે બહુમાનપૂર્વક પોતાની **સોમવતી** નામની પુત્રી આપવા માટે પ્રાર્થના કરી. કુમારે કહ્યું—હુંતો એ વાત પણ જાણતો નથી, મારા પિતા જ તે જાણી શકે, હુંતો ફક્ત સ્વમફળ પૂછવાને માટે જ અહીં આવ્યો

છું, તેના બદલામાં કન્યાદાન તે કેવું ? હું પુછું છું જુદું, આપ જવાબ જુદો આપો છો, મીઠું માગતા કપૂર આપવા જેવું અને ઘી માગતાં ઉત્તમ વસ્ત્ર ખેંચી આપવા જેવું તમે કર્યું છે. પંડિતે કહ્યું કેઃ–તમે તમારા ઘેર જાઓ, તમારા પિતાને હું વાત કરીશ. (કારણકે) અપક્વ (માણસ) આગળ વાત કહેવાથી તેના હૃદયમાં તે વાત ટકતી નથી. પછી તે પોતાના ઘેર ગયો, પિતાની આગળ બધું સ્વરૂપ નિવેદન કર્યું. તેના પિતા (**પાસદત્ત**) પંડિત પાસે ગયા અને પૂછયું કેઃ–"સ્વપ્નના વિચારનું [ફળ] સ્વરૂપ તમે શા કારણથી ન કહ્યું ?" પંડિતે કહ્યું કેઃ–આ સ્વપ્નથી એમ જણાય છે કે–તે આ નગરનો રાજા થશે. કારણ કે સ્વપ્નશાસ્ત્રમાં આ પ્રમાણે કહેલું છે કેઃ–

"अन्त्रेश्च वेष्टयेद् यस्तु, ग्रामं नगरमेव वा ।
स ग्रामे नगरे देशे, मण्डले पार्थिवो भवेत् ॥१४६॥
आसने शयने याने, शरीरे वाहने गृहे ।
दह्यमाने विबुध्येत, तस्य श्रीः सर्वतोमुखी ॥१४७॥
समधातोः प्रशान्तस्य, धार्मिकस्यातिनीरुजः ।
शान्तपुंसो जितक्षस्य, स्वप्नौ सत्यौ शुभाशुभौ ॥१४८॥
रात्रेश्चतुर्थयामे तु, दृष्टः स्वप्नः फलप्रदः ।
मासैर्द्वादशभिः षड्भि-स्त्रिभिरेकेन च क्रमात् ॥१४९॥

(સ્વપ્નમાં) જે માણસ પોતાના આંતરડાથી ગામ કે શહેરને વીંટી લે, તે ગામ, નગર, દેશ કે મંડલનો રાજા થાય. વળી સ્વપ્નમાં જે માણસ પોતાના આસનને, પથારીને, વહાણને, શરીરને, વાહનને તથા ઘરને સળગતાં જુએ તેને સર્વ પ્રકારે લક્ષ્મી આવી મલે છે. જેની બધી ધાતુઓ સરખી હોય, જે બહુ શાંત, ધાર્મિક, કોઇપણ જાતના રોગથી રહિત, અને જિતેંદ્રિય હોય એવા પુરૂષના જોવામાં આવેલા શુભ કે અશુભ સ્વપ્ન સાચાં હોય છે. રાત્રિના ચારે પ્રહરમાં જોવામાં આવેલ સ્વપ્ન અનુક્રમે બાર મહિને, છ મહિને, ત્રણ મહિને અને એક મહિને ફળદાયક થાય છે."–૧૪૬, ૧૪૭, ૧૪૮, ૧૪૯.

આ પ્રમાણે સાંભળીને 'દેવવાણી પણ સત્ય થઇ' એમ મનમાં સમજીને **પાસદત્ત** શેઠે હર્ષિત થઇને પંડિતને કહ્યું કેઃ–"(હે પંડિતવર્ય !) તમે કહેલું બધું સાચું છે, કારણ કે સર્વજ્ઞે કહેલા શકુનશાસ્ત્રો અન્યથા ન હોય." પંડિતે કહ્યું કેઃ–"તે જ કારણથી મેં તમારા પુત્રને મારી પુત્રી આપી છે." શેઠે એ વાત કબુલ રાખી. સારૂં મુહૂર્ત જોઇને શેઠે પોતાના પુત્રનું પંડિતજીની પુત્રી સાથે મોટા ઉત્સવ પૂર્વક લગ્ન કરાવ્યું. હસ્તમોચન વખતે પંડિતે ધન, સુવર્ણાદિક પુષ્કળ આપ્યું, તે

લઈને પોતાની પ્રિયા સાથે તે પોતાના ઘેર આવ્યો. આ પ્રમાણે જૈનધર્મ પાળનાર બ્રાહ્મણ પંડિતની **સોમવતી** નામની પુત્રી **પ્રિયંકર**ની બીજી સ્ત્રી થઇ.

એક વખત તેના ઘરની નજીકમાં દાની, માની, ચતુર અને ઔદાર્ય ગુણમાં આગળ પડતો **ધનદત્ત** નામનો એક કોટ્યાધિપતિ રહેતો હતો. તેની કીર્તિ અને ગુણોને સૌ કોઇ વખાણતા હતા. કેમકેઃ–

"दानेन वर्धते कीर्ति-र्लक्ष्मी पुण्येन वर्धते ।
विनयेन पुनर्वित्तं, गुणाः सर्वे विवेकतः ॥१५०॥

દાનથી કીર્તિ વધે છે, પુણ્યથી લક્ષ્મી વધે છે; વિનયથી ધન વધે છે અને બધા ગુણો વિવેકથી વધે છે."

તેને **ધનશ્રી** નામની સ્ત્રી, **જિનદાસ** અને **સોમદાસ** નામના પુત્રો તથા ચાર પુત્રીઓ હતી. **ધનદત્ત** શેઠે નવો આવાસ કરાવવા માટે સારું મુહૂર્ત કઢાવ્યું. પહેલાં શુભદિવસે ભૂમિશોધન કરાવી વાસ્તુશાસ્ત્રની વિધિ પ્રમાણે આવાસ કરાવવાની શરૂઆત કરી. આ સંબંધમાં કહ્યું છે કેઃ–

"दुःखं च देवतासन्ने, गृहहानिश्चतुष्पथे ।
धूर्तामात्यगृहाभ्यासे, स्यातां सुतधनक्षयौ ॥१५१॥
लक्ष्मीनाशकरः क्षीरी, कण्टकी शत्रुभीप्रदः ।
अपत्यघ्नोऽ फली तस्मा-देषां काष्ठमपि त्यजेत् ॥१५२॥
मूर्खाधार्मिकपाखण्डि-पतिततनुरोगिणाम् ।
क्रोधिनंत्यजदम्भानां, प्रतिवेश्मकतां त्यजेत् ॥१५३॥
प्रथमान्त्यायामवर्जा, द्वित्रिप्रहरसम्भवा ।
छाया वृक्षध्वजादीनां सा सदा दुःखदायिनी ॥१५४॥

દેવમંદિરની પાસે આવાસ કરવાથી દુઃખ ઉત્પન્ન થાય છે, ચતુષ્પથ (જ્યાં ચાર રસ્તાઓ ભેગા થતા હોય ત્યાં) માં કરવાથી ઘરની હાનિ થાય છે. ધૂર્ત તથા અમાત્યના ઘર પાસે કરવાથી પુત્ર અને ધનનો ક્ષય થાય છે. દુધવાળા ઝાડનું લાકડું ઘર બનાવવામાં ઉપયોગમાં લેવામાં આવે તો લક્ષ્મીનો નાશ થાય છે, કાંટાવાળા ઝાડનું લાકડું ઉપયોગમાં લેવામાં આવે તો શત્રુ તરફના ભયને તે ઉત્પન્ન કરે છે. તથા ફલ નહિ આપનારા ઝાડના લાકડાનો પણ ઉપયોગ નહિ કરવો કારણકે તે સંતાનનો નાશ કરે છે. (વળી) મૂર્ખ, અધર્મી, પાખંડી, ચારિત્ર-હીન, શરીરના રોગવાળા, ક્રોધી, ભંગી, ઢેડ અને અભિમાનીઓના, પાડોશને છોડી દેવો. [તથા] પહેલો અને ચોથો પહોર છોડીને, બીજા અને ત્રીજા પહોરની વૃક્ષ કે ધ્વજા વગેરેની છાયા જો ઘર ઉપર પડતી હોય તો તે હમેશાં દુઃખને આપનારી છે. ૧૫૧, ૧૫૨, ૧૫૩, ૧૫૪.

કેટલાક દિવસે આવાસ તૈયાર થઇ ગયેા. વિજયમુહૂર્ત્તમાં ઘરની ડાબી બાજુએ દેવાલયની સ્થાપના કરીને, શ્રી સંઘ વાત્સલ્ય (સંઘની ભક્તિ), ગરીબેાને દાન વગેરે આપીને, **ધનદત્ત** શેઠ પેાતાના પરિવાર સહિત નવા આવાસમાં રહેવા લાગ્યેા. ત્યાં રહેતાં ત્રણ દિવસ થયા પછી ચેાથા દિવસની રાત્રિએ **ધનદત્ત** ઘરની અંદર નિરાંતે સૂતેા, સવારમાં જાગ્યેા ત્યારે તેણે પેાતાને આંગણામાં પલંગ પર સૂતેલેા જેયેા અને આકાશમાં તારાએા ઉગેલા પણ જેઇને **ધનદત્ત** વિસ્મય પામ્યેા. બીજા દિવસે પણ નમસ્કાર મંત્ર અને ઇષ્ટ દેવતાના સ્મરણ પૂર્વક તે જ નવા આવાસમાં બંને બારણા બંધ કરીને તે સૂઇ ગયેા, (પરંતુ) સવારમાં તે જ પ્રમાણે પેાતાને બહાર સુતેલેા જેઇને તે ચિંતાતુર થયેા. ત્રીજે દિવસે પણ રાત્રિએ ધૂપ ઉવેખીને સૂઈ ગયેા તેાપણ તેમજ થયું. આથી તે મનમાં બહુ જ ખિન્ન થઇ ગયેા. તેના કુટુંબમાંથી કેાઇ પણ ત્યાં સૂઇ રહેતું, તે પણ સવારમાં આંગણામાં જ સુતેલું જેવામાં આવતું. આ પ્રમાણે થવાથી બધા માણસેા ભયભીત થઇ ગયા અને તે આવાસમાં કેાઇ પણ શયન કરતું ન હતું.

ધનદત્તે જાણ્યું કે–આ આવાસમાં કેાઇ પણ દુષ્ટ વ્યંતરનેા વાસ હેાવેા જેઇએ. કેટલાયે મંત્રશાસ્ત્રના જાણકારેાને તે સંબંધમાં પૂછ્યું–તે બધા જેમ જેમ મંત્રેાપચાર કરવા લાગ્યા, તેમ તેમ વિશેષે કરીને ક્રોધે ભરાએલેા વ્યંતર આવાસમાં જનાર માણસેાના શરીર ભાગવા લાગ્યેા (તથા) પુરુષ અને સ્ત્રીઓના પરસ્પર વેષ પરાવર્તન કરાવવા લાગ્યેા.

આ કારણથી **ધનદત્ત** શેઠ મનમાં વિચારવા લાગ્યેા કે–લક્ષ ધન ખરચીને કરેલેા આ આવાસ નકામેા થયેા અર્થાત્ મારા લાખ રૂપિયા ખરચવાનું કાંઈ પ્રયેાજન રહ્યું નહિ. ચિંતામગ્ન થએલા એવા દરવાજાની બહારના ઓટલા ઉપર બેઠેલા એ **ધનદત્તને પ્રિયંકરે** પૂછ્યું કેઃ–"[હે શેઠ!] હમણાં તમે ચિંતાતુર કેમ દેખાએાછેા?" શ્રેષ્ઠિએ કહ્યું કેઃ–હે સત્પુરૂષ! કહ્યું છે કેઃ—

"चिंता दहइ सरीरं, रोगुप्पत्ती अ चित्तविब्भमओ।
चिंताए दुब्बलत्तं, निद्दाणासो अभुक्खाय ॥१५५॥

ચિંતા શરીરને બાળે છે, ચિંતાથી રેાગની ઉત્પત્તિ થાય છે; ચિંતાથી દુર્બલતા, નિદ્રાનેા નાશ તથા ભુખનેા નાશ થાય છે."

કુમારે કહ્યું કેઃ–ચિંતા કરવાથી શું? કેમકેઃ—

"जं चिय विहिणा लिहियं तं चिय परिणमइ सयललोअस्स।
इय जाणिऊण धीरा विहुरे वि न कायरा हुंति ॥१५६॥

જે કાંઇ વિધિના લેખ હોય છે, તે જ પ્રમાણે આખા જગતમાં બને છે; એ પ્રમાણે સમજીને ધીર પુરૂષો કાયર થતા નથી."–૧૫૬

તો પણ [હે ભાગ્યશાળી!] તમારી ચિંતાનું કારણ જણાવો. શેઠે પોતાના ઘરનું સ્વરૂપ તેની આગળ નિવેદન કર્યું. (અને કહ્યું કેઃ–) હે ભાઇ! જો તમે કાંઇ તેનો ઉપાય જાણતા હો તો કરો. તમે ધર્મવાન અને પરોપકાર પરાયણ છો. કેમકેઃ–

"विरला जाणंति गुणा विरला पालंति निद्धणे नेहं।
विरला परकज्जकरा परदुक्खे दुक्खिया विरला ॥१५७॥

ગુણો જાણનારા વિરલા પુરુષો જ હોય છે, નિર્ધનાવસ્થામાં પણ સ્નેહનું પાલન કરનારા વિરલા હોય છે; પારકાનું કામ કરી આપનાર વિરલા હોય છે અને પારકાના દુઃખે દુઃખી થનારા [પણ] વિરલા જ હોય છે."

પ્રિયંકર બોલ્યો કેઃ–આનો ઉપાય કરવામાં આઠ દિવસ લાગશે, (અને) અત્યારે તો મારે કામ છે. શેઠ બોલ્યો–ઉત્તમ પુરૂષો પોતાનું કામ મૂકીને પણ પારકાનું કામ કરે છે. કેમકેઃ—

"हुंति परकज्जनिरया निअकज्जपरंमुहा सया सुअणा।
चंदो धवलेइ महिं न कलंकं अत्तणो फुसइ ॥१५८॥

સજ્જન પુરૂષો હમેશાં પોતાના કામમાં બેદરકાર રહીને (પણ) પારકાનું કાર્ય કરવામાં તત્પર હોય છે. (જેવી રીતે) ચંદ્રમા આખી પૃથ્વીને ઉજ્વલ કરે છે પરંતુ પોતાના કલંકને ભૂંસતો નથી."

તેમ જ વળી નૈષધ૦ (સર્ગ. ૫ શ્લોક ૮૮)માં કહ્યું છે કેઃ–

"याचमानजनमानसवृत्तेः पूरणाय बत जन्म न यस्य।
तेन भूमिरतिभारवतीयं न द्रुमैर्न गिरिभिर्न समुद्रैः ॥१५९॥

યાચના કરનારા માણસોની મનોવૃત્તિને પૂર્ણ કરવા માટે જેનો જન્મ નથી, તેનાથી જ આ ભૂમિ અત્યંત ભારવાળી છે, પરંતુ વૃક્ષો, પર્વતો કે સમુદ્રોથી તે ભારવાળી નથી."

આ પ્રમાણેના શેઠના વચનોથી **પ્રિયંકરે** તે વાતનો સ્વીકાર કર્યો અને કહ્યું કે–તમારે કોઇપણ જાતની ચિંતા કરવી નહિ. પછી ચૈત્ર મહિનાની અઠ્ઠાઇમાં કુમાર નવા આવાસમાં **શ્રી પાર્શ્વનાથ** પ્રભુની પ્રતિમાની સ્થાપના કરાવીને, દીપક તથા ધૂપ વગેરે તેની પાસે કરવા પૂર્વક હમેશાં મૌનપણે ૫૦૦ પાંચસો વખત ઉપસર્ગ-હર સ્તોત્રનો જાપ કરવા લાગ્યો. આઠમા દિવસે બાળકનું રૂપ કરીને વ્યંતર ત્યાં આવીને તેના ધ્યાનભંગ માટે કહેવા લાગ્યો કે–"(હે ઉત્તમ પુરૂષ) તું દયાવાન છે

તેથી રોગાક્રાંત એવા મારું રક્ષણ કર! રક્ષણ કર!." (આ પ્રમાણે બોલતા થકા) દશે આંગળીઓ મુખમાં નાખી તો પણ તે ન બોલ્યો. ફરી તે યુવાન થયો અને બોલ્યો કે–આને બાંધીને હું સમુદ્રમાં ફેંકી દઉં છું, એમ કહીને તેને કુદકો માર્યો. [તો પણ] તે ધ્યાનથી ચલાયમાન ન થયો. પછી વળી તેને હજારો ઘોળાવાળવાળા વૃદ્ધનું રૂપ લીધું અને તે કહેવા લાગ્યો કે–હું **નંદીશ્વરદ્વીપને** વિષે યાત્રા કરવા માટે જાઉં છું, તું પણ મારી સાથે ચાલ તો તને પણ હું યાત્રા કરાવું. કુમારે વિચાર્યું કે–દેવતાને ઘોળા વાળ ન હોય, (અને) કોઇની સહાય વિના મનુષ્યોની ત્યાં જવાની શક્તિ નથી. [તેથી] આ જ તે દુષ્ટ વ્યંતર હોવો જોઇએ; એમ સમજીને કુમાર વિશેષ પ્રકારે જાપ અને ધૂપ કરવા લાગ્યો, તેથી તે દુષ્ટ વ્યંતર વીજળીના ઝબકારાની માફક ભાગી ગયો. પછી તે (**ધનદત્ત**) શેઠ પાર્શ્વનાથ પ્રભુના સ્તવનનો જાપ કરીને, સુખપૂર્વક એ ઘરમાં રહેવા લાગ્યો.

ધનદત્ત પોતાના કુટુંબની આગળ જણાવ્યું કે–પ્રિયંકરનું ભાગ્ય બહુ જ મોટું છે, એણે આપણા ઉપર મોટો ઉપકાર કર્યો છે, તેથી તેને મારી **શ્રીમતી** નામની પુત્રી આપવા–પરણાવવા ઇચ્છું છું. સ્વજનોએ કહ્યું કે–વૈદ્યે બતાવેલું દૂધ મૂળમાં તો મધૂર–મીઠું હતું જ તેમાં વળી સાકર ભળી! અર્થાત્ 'જોઇતું હતું અને વૈદ્યે કહ્યું.' પછી **ધનદત્ત** હર્ષ સહિત **પ્રિયંકર**ની સાથે પોતાની પુત્રીને પરણાવી. (અને) કરમોચનના અવસરે ઘોડા, હાર, હીરાજડિત મુદ્રિકા, મોતી તથા વસ્ત્રો વગેરે પણ પૂષ્કળ આપ્યાં. (પછી) પોતાની પત્ની સાથે તે પોતાના ઘરમાં રહેવા લાગ્યો. આ પ્રમાણે શેઠની પુત્રી **શ્રીમતી** નામની પ્રિયંકરની ત્રીજી પત્ની થઈ.

પછી કેટલાક દિવસે, વ્યંતરને દૂર કર્યાની વાત **હિતંકર** નામના મંત્રીશ્વરના સાંભળવામાં આવી. કેમકે–ગુપ્ત રીતે કરેલું પુણ્ય હજારો શાખાવાળું [સમય પર] થાય છે. અર્થાત્ પ્રગટ રીતે નહિ કરેલું એવું પુણ્ય વખત પર હજાર ગણું ફળ આપે છે. પછી **પ્રિયંકર**ને બોલાવીને સુખ સમાચાર પૂછ્યા. કારણકે કહ્યું છે કેઃ—

"આવો, પધારો, આ જગ્યાએ બિરાજો, તમને જોઇને મને આનંદ થયો, શા સમાચાર છે, કેમ નબળા દેખાઓ છો, ઘણા લાંબા સમયે કેમ દેખાયા? વગેરે ભાષાથી–શબ્દોવડે ઘેર આવેલા પોતાના સ્નેહીને જે આદરપૂર્વક બોલાવે છે, તેમને ઘેર સદા નિઃશંક મનથી જવું યોગ્ય છે."–૧૬૦

અહો કુમાર! કોઇ પણ પ્રકારના સ્વાર્થ વગરનું તમારું પરોપકારીપણું મારા સાંભળવામાં આવ્યું છે. જેમકેઃ—

"परोपकाराय वहन्ति नद्यः, परोपकाराय फलन्ति वृक्षाः ।
परोपकाराय दुहन्ति गावः, परोपकाराय सतां विभूतयः ॥१६१॥

जलदो भास्करो वृक्षो, दातारो धर्मदेशकाः ।
एतेषामुपकाराणां, नास्ति सीमा महीतले ॥१६२॥

નદીઓ પરોપકારના માટે જ વહે છે, પરોપકારના માટે જ વૃક્ષો ફળ આપે છે; ગાયો પરોપકારના માટે જ દૂધ આપે છે, [અને] સજ્જનોની વિભૂતિઓ પરોપકારના માટે જ હોય છે."–૧૬૧

વળી–"મેઘ, સૂર્ય, વૃક્ષ, દાતાર અને ધર્મનો ઉપદેશ આપનારા [ગુરૂઓ]ના ઉપકારની દુનિયા પર સીમા (હદ) જ નથી !"–૧૬૨

[માણસોનો] સ્નેહ પણ સ્વાર્થના કારણે હોય છે કહ્યું છે કેઃ—

"જન્મથી નિવાસ કરવાને લીધે વિંધ્યાચળ પર હાથીને પ્રીતિ હોય છે, સુગંધ આપવાના ઉપકારથી ભમરાની કમળમાં પ્રીતિ હોય છે, એક ગોત્રના સંબંધને લીધે સમુદ્ર અને ચંદ્રને પરસ્પર પ્રીતિ દેખાય છે, (અને) પાણીના લોભથી ચાતક પક્ષી મેઘ પર પ્રીતિ રાખે છે–આ પ્રમાણે સર્વત્ર કાંઇકને કાંઇક નિમિત્તને લઇને પ્રાણીઓની પ્રીતિ બંધાય છે; [પરંતુ] મયૂરને જે સ્નેહ વરસાદના પાણીમાં નિષ્કારણતાથી હોય છે તે જ સાચો સ્નેહ સમજવો અર્થાત્ મયૂર અને મેઘની જેમ નિષ્કારણ અને નિર્દોષ પ્રીતિ તો વિરલ જ જોવામાં આવે છે."–૧૬૩

[હે મહાનુભાવ !] તને બધા ઉપર નિઃસ્વાર્થ સ્નેહ છે, તેથી તારા યોગ્ય કાંઇક કાર્ય હું કહું છું. કુમારે કહ્યું કેઃ–"હે મંત્રિન્ ! હું તો તમારો સેવક છું, જે કાર્ય હોય તે કહો." પછી મંત્રિએ પોતાની પુત્રીનું સ્વરૂપ આ પ્રમાણે નિવેદન કર્યું–એક દિવસે મારી પુત્રી પોતાની સખીઓ સાથે ક્રીડા કરવાને વાડીમાં ગઈ હતી. ત્યાં કોઇક શાકિની, ડાકિની, ભૂત, પ્રેત, અથવા તો વ્યંતરનો દોષ તેને વળગ્યો છે. તે વાતને એક વર્ષ કરતાં વધારે સમય વીતી ગયો છે. તે સંબંધમાં ઘણા ઉપચારો કરવા છતાં પણ દુર્જનને જેમ સારા વચનોથી ગુણ ન થાય તેમ તે બધા ઉપચારો નિષ્ફળ ગયા છે. વળી તે માટે બહુ દેવદેવીઓની માનતાઓ માની, ઘણા વૈદ્યોની દવાઓ કરી, પરંતુ કોઇક રોગ કહે છે, કોઇક ભૂતાદિ દોષ કહે છે અને કોઇક ગ્રહ વગેરેની પીડા છે એમ કહે છે. કહ્યું છે કેઃ—

"वैद्या वदन्ति कफपित्तमरुत्प्रकोपं
ज्योतिर्विदो ग्रहकृतं प्रवदन्ति दोषम् ।
भूतोपसर्गमथ मन्त्रविदो वदन्ति
कर्मेति शुद्धमतयो यतयो वदन्ति ॥१६४॥

વૈદ્યો વાત, પિત્ત કે કફનો પ્રકોપ કહે છે, જ્યોતિષના જાણકારો ગ્રહનો દોષ કહે છે; માંત્રિકો ભૂતે કરેલો ઉપસર્ગ છે એમ કહે છે અને નિર્મળ બુદ્ધિવાળા સાધુ પુરૂષો કર્મનો જ દોષ બતાવે છે."

[આ પ્રમાણે] મોટી મુસ્કેલીમાં પડેલા એવા અમને શું કરવું કે શું ન કરવું તેની કાંઇ સમજણ પડતી નથી. (વળી) અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે વિશેષે કરીને પીડા થાય છે, શરીર ભારે થઈ જાય છે, તે દિવસે તે કાંઇ ખાતી નથી, કાંઇ બોલતી નથી અને પૂછીએ તેનો પણ કાંઇ ઉત્તર આપતી નથી, તેથી તેની સાથે કોઇ લગ્ન પણ કરતું નથી. માટે હે **પ્રિયંકર** ! પારકાનું ભલું કરનાર એવો તું મારા પર કૃપા કરીને મારી ચિંતાને દૂર કર અને કોઇ પણ ઉપાયે ફાયદો કર. આ બાબતમાં જે કાંઇ ધન વગેરે જોઇએ, તે તું કહે તો હું તને પ્રથમથી જ આપું. પોતાના સંતાન વગેરે માટે નહિ વાપરેલા એવા ઘણા ભેગા કરેલા પણ અસ્થિર ધનથી શું લાભ ? કેમકેઃ—

"दैवे गुरो च धर्मे च, स्वजने स्वसुतादिषु ।
यद् धनं सफलं न स्यात्, तेन किं दुःखहेतुना ॥१६५॥

દેવ, ગુરૂ, ધર્મ, સ્વજન અને પોતાના પુત્રાદિકના ઉપયોગમાં આવી જે ધન સફળ થતું નથી, તેવા દુઃખના હેતુરૂપ ધનથી શું ?

કુમારે કહ્યું કેઃ—અગુરૂ, કર્પૂર, કસ્તૂરી વગેરે ધૂપની સામગ્રી લાવો, કે જેથી હું કાંઇક તેનો ઉપાય કરું, જો એનું પુણ્ય પ્રબળ હશે, તો મારો કરેલો ઉદ્યમ જરૂર સફળ થશે. કહ્યું છે કેઃ—

"उद्यमः प्राणिनां प्रायः, कृतोऽपि सफलस्तदा ।
यदा प्राचीनपुण्यानि, सबलानि भवन्ति हि ॥१६६॥

પ્રાણીઓએ કરેલો ઉદ્યમ પણ પ્રાયે કરીને ત્યારે જ સફળ થાય છે, કે જ્યારે તેઓનાં પૂર્વ પૂણ્યો પ્રબળ હોય છે."

મંત્રિએ ધૂપ, ફૂલ વગેરે લાવીને તેને સમર્પણ કર્યા. પછી કુમાર અષ્ટમી તથા ચતુર્દશીના દિવસે શ્રીપાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાનું પુષ્પાદિકથી પૂજન કરીને તથા તેની સન્મુખ શ્રેષ્ઠ સુગંધવાળો ધૂપ કરીને, પંચામૃતનો હોમ કરીને નિરંતર **ઉપસર્ગહર** સ્તોત્ર પાંચસો વખત ગણવા લાગ્યો. (અને તેના પ્રભાવથી) પ્રધાન પુત્રીને ધીમે ધીમે ફાયદો થતો ગયો.

આ અવસરે કુમારનું શું થયું તે સાંભળો—**પ્રિયંકર**ના ઘેર કોઇક મધ્યમ વયનો નિર્ધન બ્રાહ્મણ દેશાંતરથી આવ્યો; અને આશીર્વાદ દઇને તેની સન્મુખ બેઠો. **પ્રિયંકર** મધુર વચનોથી બોલ્યો કે.—"હે દ્વિજોત્તમ ! અહીં આપનું આગમન શા નિમિત્તે થયું છે ?" તે બોલ્યો કેઃ—"હે સત્પુરૂષ ! તમારા લાયક કાંઇક કાર્ય છે."

ત્યારે કુમાર બોલ્યો કેઃ-"ખુશીથી તમે કહો, જો મારાથી બની શકશે તો કરીશ." બ્રાહ્મણ બોલ્યો કેઃ-"જો તમે મારી પ્રાર્થના નો ભંગ ન કરો તો જ પ્રાર્થના કરું."

"परपत्थणापवन्नं मा जणणि ! जणसु परिसं पुत्तं ।
मा उअरे वि धरिज्जसु पत्थणभङ्गो कओ जेण ॥१६७॥

પારકાની પ્રાર્થના સાંભળીને બેસી રહેનાર એવા પુત્રને હે માતા ! તું જન્મ જ ન આપીશ ! [અને] જે પારકાની પ્રાર્થનાનો ભંગ કરે એવા પુત્રને તો તું ઉદરમાં પણ ધારણ ન કરીશ."

વળી હે પરોપકારી તું સાંભળ ! ઉત્તમ પુરૂષો માટે પરોપકાર એ જ ઉત્તમ વસ્તુ છે. કેમકેઃ—

"ચાડીઓ (પુરૂષ) ખેતરની રક્ષા કરે છે, ધન્ય મહેલનું, ભસ્મ દાણાનું અને દાંતમાં રાખેલું એવું તરણલું પ્રાણોનું રક્ષણ કરે છે. આ પ્રમાણે જડ વસ્તુઓ પણ રક્ષણ કરે છે, તો પછી પારકા પ્રત્યે ઉપકાર નહિ કરનાર માણસથી શું ? અર્થાત્ પારકાપર ઉપકાર ન કરે તો માણસ તરણલાંથી પણ હલકો સમજવો."-૧૬૮

આ પ્રમાણે ઘણું ઘણું કહીને તે બ્રાહ્મણે પોતાનું કાર્ય તેની આગળ નિવેદન કર્યું કેઃ-"હે ઉત્તમપુરુષ ! સાંભળ-**સિંહલદ્વીપમાં સિંહલેશ્વર** નામનો રાજા છે. તેણે એક મોટો યજ્ઞ માંડયો છે. ત્યાં તેની સમાપ્તિના ઉત્સવ વખતે દક્ષિણામાં બધા બ્રાહ્મણોને તે લક્ષ મૂલ્યવાળો એક એક હાથી આપવાનો છે; તેથી હું ત્યાં જઈશ. કારણ કેઃ—

"किं किं न कयं को को न पत्थिओ कह कह न नामिअं सीसं ।
दुब्भरउअरस्स कए किं न कयं किं न कायव्वं ? ॥१६९॥

[આ] દુઃખે ભરી શકાય એવા પેટને માટે શું શું નથી કર્યું, કોની કોની પાસે ભીખ માગી નથી; ક્યાં ક્યાં મસ્તક નથી નમાવ્યું [અને] શું શું નથી કર્યું ?"

તેથી તારી પાસે મારી સ્ત્રીને મૂકવા માટે હું આવ્યો છું. હું મારું કાર્ય કરીને જેટલા વખતમાં અહીં પાછો ન આવું, ત્યાં સુધી રૂપ અને લાવણ્યયુક્ત મારી સ્ત્રીને તારે ઘેર સંભાળીને રાખજે. [અને તેની પાસે] પાણી ભરાવવું, રંધાવવું તથા છાશ વલોવવા વગેરે કામ કરાવવું અને ભોજન આપવું. તેવા પ્રકારના કોઇપણ સ્વજનનો મારે અભાવ હોવાથી અને બીજે કોઇપણ ઠેકાણે વિશ્વાસ નહિ આવવાથી ઉત્તમ એવા તારી પાસે તેને મૂકીને હું નિશ્ચિતપણે જઇ શકું તેમ છું.

કુમાર બોલ્યો કેઃ-"હે દ્વિજોત્તમ ! અહીંયાં તમારા પોતાના ગોત્રના, તમારી જ્ઞાતિના તથા તમારા જ વર્ગના લોકો છે, તેમને સોંપીને તમે જાઓ."

બ્રાહ્મણ બોલ્યો કેઃ–"[હે સજ્જન !] મારૂં મન કોઇ પણ ઠેકાણે માનતું નથી, ઉત્તમ સ્ત્રીઓને ઉત્તમ ઘરમાં જ રાખવી યોગ્ય છે; તેથી આ મારૂં કાર્ય કર !"

કુમારે કહ્યું કેઃ–"હે દ્વિજોત્તમ ! કેવળ તમારા આગ્રહથી મારૂં મન નહિ હોવા છતાં પણ માત્ર પરોપકાર માટે જ તમારી પ્રિયાનું હું મારે ઘેર રક્ષણ કરીશ, પરંતુ તમારે કાર્ય પતવીને જલદી પાછા આવવું.

બ્રાહ્મણ હર્ષિત થઇને બોલ્યો કેઃ–"[હે પુરુષોત્તમ !] કાશીનો રહેવાસી, કાશ્યપ ગોત્ર, **કામદેવ** પિતા, **કામલતા**દેવી માતા, **કેશવ** નામનો, કરપત્ર(છરી) જેના હાથમાં છે એવો, કષાય રંગના વસ્ત્રવાળો–આ સાત ક્કારની જે એંધાણી આપે તેને આ સ્ત્રી અર્પણ કરજે !" આ પ્રમાણે કહીને તે બ્રાહ્મણ ચાલતો થયો. કુમારે આશીર્વાદ આપીને કહ્યું કેઃ—

"तव वर्त्मनि वर्ततां शिवं, पुनरस्तु त्वरितं समागमः ।
अयि साधय साधयेप्सितं, स्मरणीयाः समये वयं वयः ! ॥१७०॥

[હે વિપ્ર !] તમને તમારો માર્ગ સુખરૂપ થાઓ, તમારો સત્વર ફરી મેળાપ થાઓ ! તમારા કાર્યમાં તમે સફળ થાઓ અને અવસરે અમને સંભારીને તુરત પાછા આવો."

જ્યારે તમે અહીં આવશો ત્યારે જ આ તમારી ભાર્યા હું તમને સોંપીશ. ત્યારબાદ ત્રણ દિવસ વીતી ગયા પછી તેના જેવા જ રૂપવાળો, તેટલી જ ઉમરનો, તે જ નામવાળો, તેના જેવા જ વર્ણવાળો, તે ક્કારાદિ સાત એંધાણી બતાવતો, તે જ વાણીવાળો, તેવા જ નેત્રવાળો અને તેવા જ મુખવાળો બ્રાહ્મણ આવ્યો. કુમારે તેને પ્રશ્ન કર્યો કેઃ–"હે વિપ્ર ! તું તરત જ પાછો કેમ આવ્યો ? શા કારણથી ત્યાં ગયો નહિ ? તે બોલ્યો કેઃ–"સારા શકુન નહિ થવાથી તથા સ્વજનોએ નિષેધ કરવાથી, તથા સમુદ્રમાર્ગે જતાં વહાણ ડુબવાના ભયથી જીવનને જોખમમાં નાખવાની શંકાથી હું પાછો આવ્યો, [કારણકે] જીવનને સંશયમાં નાખી ધન કમાવવાથી પણ શું ? કહ્યું છે કેઃ–

"જે ધન મેળવતાં શત્રુઓને પ્રણામ કરવો પડતો હોય, ધર્મની મર્યાદાનો લોપ થતો હોય અને અતિ કલેશ થતો હોય, તેવા દ્રવ્યનું મને પ્રયોજન નથી."–૧૭૧

હે કુમાર ! બીજાના દુઃખથી કાયર થઇને હું ત્યાં ન ગયો. અહીંયાં આપના જેવા ભાગ્યશાળીઓ છે, તેમના આશ્રયથી હું મારો નિર્વાહ ચલાવીશ. આ પ્રમાણે બોલીને સ્ત્રીને લઇને તે ત્યાંથી ચાલ્યો ગયો. પછી કેટલાક મહિનાઓ વીતી ગયા

આદ પોતાની પ્રિયાને મળવાને ઉત્સુક થએલો તે બ્રાહ્મણ સાત ગજ પ્રમાણ મોટા શરીરવાળો અને પર્વત જેવો ઊંચો ઉત્તમ હાથી સિંહલદ્વીપમાંથી લાવીને પ્રિયંકરના ઘેર આવ્યો અને કુમારને આશીર્વાદ આપીને બેઠો. [પછી તે બોલ્યો કેઃ-]"હે કુમાર! તમારી મહેરબાનીથી હાથી વગેરે ધન મેળવીને સહીસલામત રીતે હું પાછો આવી પહોંચ્યો છું. આજ દિવસથી હું જે જીવું તે તારી મહેરબાની છે. તમે મારા ઉપર મોટો ઉપકાર કર્યો છે. હું તમારા ઉપકારનો બદલો શી રીતે વાળીશ? અથવા આનું પુણ્ય તમને જ થાઓ! હવે મારી પત્નિ પાછી સોંપો." આ પ્રમાણે સાંભળીને વજ્રથી આઘાત પામેલાની જેમ કુમાર બોલ્યો કેઃ-"હે વિપ્ર! તું જ તારી સ્ત્રીને પહેલાં લઇ ગયો છે અને અત્યારે ફરી પાછો આવીને કેમ માગે છે? સાત નિશાનીઓ પણ તે વખતે તેં બતાવી હતી. હવે ઝઘડો શા માટે કરે છે? [મેં] જાણ્યું જાણ્યું-કે બ્રાહ્મણો આવા પ્રકારના કપટી અને ધૂર્તજ હોય છે."

બ્રાહ્મણ બોલ્યો કેઃ-"હે કુમાર! જેમ ફાવે તેમ ન બોલ! કપટી તો વાણિયા જ હોય છે. કેમકેઃ-

"ઢાંભિક લોકો દેવતાઓને પણ ઠગી લે છે, તો માણસોને ઠગે તેમાં તો શું મોટી વાત છે? એક વાણીયાએ દેવી અને યક્ષ-બંનેને એક લીલા માત્રમાં જ ઠગી લીધા હતા." [વળી] હું અહીંયાં આવ્યો જ નથી; તે સંબંધમાં હું સોગન ખાવા તૈયાર છું. માટે જો તું લોભ કરીને મારી સ્ત્રીને પાછી નહિ સોંપે, તો હું તને બ્રહ્મહત્યા આપીશ." આ પ્રમાણે સાંભળીને પ્રિયંકર ભય પામી ખિન્ન અને શ્યામ મુખવાળો થઇને હૃદયમાં વિચારવા લાગ્યો કે-કોઇક દુષ્ટ વિદ્યાસિદ્ધ રૂપ પરાવર્તન કરીને સ્ત્રીને લઇ ગયો લાગે છે. હવે શું કરવું? બ્રાહ્મણ બોલ્યો-"હું અવશ્ય મારી સ્ત્રીને લઇને જ જવાનો છું." તેમ કહીને તે તેના ઘર આગળ અડ્ડો લગાવીને બેઠો. આમ કરતાં તે બ્રાહ્મણને એક લાંધણ થઈ. બધા સ્વજનો ભેગા થઇને કહેવા લાગ્યા કે-પ્રિયંકર ભારે અવળો નીકળ્યો. કેટલીક વખત વૃદ્ધો પણ અવળા થઇ જાય છે. કહ્યું છે કેઃ—

"रामो हेममृगं न वेत्ति नहुषो याने न्ययुङ्क्त द्विजान्
विप्रस्यापि सवत्सधेनुहरणे जाता मतिश्चार्जुने।
द्यूते भ्रातृचतुष्टयं च महिषीं धर्मात्मजो दत्तवान्।
प्रायः सत्पुरुषो विनाशसमये बुद्ध्या परिभ्रश्यते ॥१७३॥

રામચંદ્ર સોનાના મૃગને ન જાણી શક્યા, નહુષ રાજાએ બ્રાહ્મણોને વાહનમાં જોડ્યા, બ્રાહ્મણ પાસેથી પણ વાછરડા સહિત ગાયનું હરણ કરવાની અર્જુનને બુદ્ધિ

થઇ અને યુધિષ્ઠિરે પોતાના ચાર ભાઇને તથા પટ્ટરાણીને જુગારમાં મૂક્યા, પ્રાયે કરીને વિનાશના વખતે ઉત્તમ પુરુષોને પણ વિપરીત બુદ્ધિ ઉપજે છે."

શું આ તે દૈવની ચેષ્ટા છે? કે દુષ્ટજનનો વિલાસ છે? કે કર્મનો વિલાસ છે? બધા કિંકર્તવ્યતા મૂઢ થઇ ગયા. [પછી] કુમારે બ્રાહ્મણને કહ્યું કે—તારી સ્ત્રીને હું જાણતો હોઉં કે મેં સંતાડી હોય તો હું આ પ્રમાણે સોગન લઉ છું–ખાઉ છું:–

"જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો, આ દુનિયામાં જ્યાં જીવહિંસા થતી હોય અને જ્યાં મૃષાવાદી જનો વર્તતા હોય, તેઓનું પાપ મને લાગો. જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો ધર્મની નિંદા કરનાર, પંક્તિનો ભેદ કરનાર, નિદ્રાનો ભંગ કરનાર અને કંકાસને કરનાર હોય તેનું પાપ મને લાગો. જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો, જે અધમપુરુષો અહીં પારકાના ધનની ચોરી કરે છે, તેઓનું પાપ મને લાગો. જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો, જે કૃતઘ્ન પુરૂષો છે, વિશ્વાસનો ભંગ કરનારા છે અને પરદારાગમન કરનારા છે, તેઓનું પાપ મને લાગો. જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો, જેઓ પોતાની સ્ત્રીને છોડીને બીજે ભોગ–વિલાસ ભોગવે છે, તેઓનું પાપ મને લાગો. જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો, જેઓ બે પત્નીઓમાં પોતાના સ્નેહને વહેંચે છે, તેઓનું પાપ મને લાગો. જો તારી સ્ત્રીને મેં સંતાડી હોય તો, ખોટી સાક્ષી આપનારા, પારકાનો દ્રોહ કરનારા, પિતાનો દ્વેષ કરનારા અને કુબુદ્ધિને આપવાવાળાને જે પાપ લાગતું હોય, તે પાપ મને લાગો."–૧૭૪, ૧૭૫, ૧૭૬, ૧૭૭, ૧૭૮, ૧૭૯, ૧૮૦

બ્રાહ્મણ બોલ્યો કે:–"ક્રૂર કર્મવાળાના સોગનને હું માનતો નથી." કુમારે કહ્યું કે:–"તો તું મારું સર્વ ધન લઇ લે!" બ્રાહ્મણ બોલ્યો કે:–"મારે બીજું કશું નથી જોઇતું, કેવળ મારી સ્ત્રી જ મને સોંપી દો." કુમાર બોલ્યો કે:–"આ પ્રમાણે અસત્ય કલંક માથે વહોરવા કરતાં તો બહેતર છે કે સર્વથા મારે મારા પ્રાણોને જ તજી દેવા" એમ કહીને જેવામાં પોતાના હાથે તલવાર લેવા ગયો, તેવામાં બ્રાહ્મણ તેનો હાથ અટકાવીને બોલ્યો કે:–" (હે કુમાર!) સાહસ ન કર! જો તું મારું કહેવું કરીશ, તો હું મારી સ્ત્રીને નહિ માગું" કુમાર હર્ષિત થઇને બોલ્યો–તું જે કાંઇ કહીશ તે બધું હું કરીશ. [બ્રાહ્મણ બોલ્યો–] સાક્ષી કોણ? તેણે કહ્યું–પંચ. હવે તું કહે કે હું ઘર છોડીને પરદેશ જાઉં કે બાર વર્ષ વનમાં રહું? પૃથ્વિમાં ભ્રમણ કરું કે જીંદગી સુધી તારો દાસ થઇને રહું?

બ્રાહ્મણ બોલ્યો–બહુ થયું! તેં કહ્યું તે બધું કાર્ય કર! ત્યાં પણ ધૂર્ત વાણીથી ઠગાઇ કરી, જેને નાચવું નહિ તેને આંગણું વાંકું. તે કુમાર બ્રાહ્મણના પગમાં

પડયેા. તેથી તેને કહ્યું કે–હું વિચાર કરીને કહું છું, [કારણ કે] વિચાર વગર કહેલું ઉલટું અનર્થને કરનારૂં થાય છે. કુમારે [આ] સાચું માની લીધું. [પછી તે બ્રાહ્મણ બોલ્યેા કે–] મારું એક જ કાર્ય તું કર–જો તું મંત્રિની પુત્રીનેા પ્રતિકાર ન કરે, તેા હું મારી સ્ત્રીની માગણી રદ કરૂં. આ સાંભળીને કુમાર બોલ્યેા–મારી પ્રતિજ્ઞાનેા હું ભંગ નહિ કરૂં. બ્રાહ્મણ બોલ્યેા–આ ગુણવગરની કડવી જીભનેા આદર કરવેા (જીભે બોલેલાને વળગી રહેવું) યેાગ્ય નથી. કુમાર બોલ્યેા–હાથીના દાંતની માફક (હાથીના દાંત બહાર નીકળ્યા તે નીકળ્યા જ)સજ્જનેા જે પ્રમાણે બોલ્યા તે પ્રમાણે કરવાના જ, કેમકેઃ—

"गुरुआ न गणंति गुणे पडिवन्नं निग्गुणं पि पालंति ।
अहला सहला वि तरू गिरिणा सीसेण वुव्हन्ति ॥१८१॥

दोषाकरोऽपि कुटिलोऽपि कलङ्कितोऽपि
मित्रावसानसमये विहितोदयोऽपि ।
चन्द्रस्तथापि हरवल्लभतां प्रयाति
न ह्याश्रितेषु महतां गुणदोषचिन्ता ॥१८२॥

अद्यापि नोज्झति हरः किल कालकूटं
कूर्मो विभर्ति धरणीं किल चात्मपृष्ठे ।
अम्भोनिधिर्वहति दुःसहवाडवाग्नि-
मङ्गीकृतं सुकृतिनः परिपालयन्ति ॥१८३॥

જેવી રીતે પર્વત પેાતાના મસ્તક પર ફળવાળાં અને ફળ વગરનાં ઝાડેાને ઉપાડે છે તેવી રીતે મેાટા માણસેા ગુણની ગણના કર્યા વગર નિર્ગુણ એવા પણ સ્વીકારેલા કામનું પાલન કરે છે.–૧૮૧

ચંદ્રમા દેાષની ખાણ સમાન, કુટિલ, કલંકિત, મિત્ર (સૂર્ય)ના મરણ (અસ્ત) વખતે ઉદય પામવાવાળેા હેાવા છતાં પણ તે **મહાદેવને** વલ્લભ છે. કેમકે મેાટા પુરુષેા આશ્રિતેાને વિષે ગુણદેાષનેા વિચાર કરતા નથી.–૧૮૨

જુએા ! મહાદેવ હજીસુધી કાલકૂટ વિષનેા ત્યાગ કરતા નથી, કાચબેા પેાતાની પીઠ પર પૃથ્વીને ધારણ કરી રાખે છે; સમુદ્ર દુઃસહ એવા વડવાનલને ધારણ કરે છે. (અરેાબર) સજ્જનેા અંગીકાર કરેલ કાર્યનું બરાબર પાલન કરે છે.–૧૮૩

પછી તેને **પ્રિયંકરે** પૂછ્યું કે–આ ભેાળી એવી અબલા ઉપર તારે શું વેર છે, કે જેથી તું એને હેરાન કરે છે–સતાવે છે ? કારણ કેઃ—

"तृणोपरि कुठारं किं, मृगे सिंहपराक्रमः ।
कमलोत्पाटने हस्ती, कटकं कीटिकोपरि ॥१८४॥

તરખલા ઉપર કુહાડો, મૃગ પ્રત્યે સિંહનું પરાક્રમ; કમળને ઉખેડવા માટે હાથીનો શ્રમ અને કીડી પર કટક (લશ્કર) શું ? અર્થાત્ એ બધું સર્વથા અનુચિત જ છે."

બ્રાહ્મણ બોલ્યો–એની જીભના ગુણથી. કહ્યું છે કેઃ–

"यस्य जिह्वागुणो नास्ति, तस्य वैरं जगत्त्रये ।
जिह्वायाममृतं यस्य, तस्यात्मीयं जगत्त्रयम् ॥१८५॥
जिह्वाग्रे वसति विद्या, जिह्वाग्रे मित्रबान्धवाः ।
जिह्वाग्रे बन्धनं मोक्षः, जिह्वाग्रे परमं पदम् ॥१८६॥

જેને જીભ વશ નથી, તેને ત્રણે જગત્ સાથે વૈર બંધાય છે, અને જેની જીભમાં અમૃત (મીઠાશ) હોય, તેને ત્રણે લોક વશવર્તી રહે છે; વિદ્યા પણ જીભના ટેરવે રહે છે, મિત્ર અને બાંધવો પણ જીભથી જ પોતાના થઇ રહે છે, જીભના ટેરવે બંધ અને મોક્ષ તથા જીભના ટેરવે જ પરમપદ પણ રહેલ છે."

કુમાર બોલ્યો–આ વાતથી જણાય છે કે તમે બ્રાહ્મણ નથી પણ કોઇક બીજા દેવ કે દાનવ જણાઓ છો. પછી તેણે બ્રાહ્મણનું રૂપ મૂકી દઇને પોતાનું દિવ્યરૂપ પ્રગટ કર્યું અને હાથી પણ અદૃશ્ય થઇ ગયો. અને તે બોલ્યો કેઃ–"[હે પુરુષોત્તમ !] રાજવાડીમાં મારું દેવકુળ–મંદિર છે. ત્યાં હું યક્ષ છું."

કુમાર બોલ્યો–તો આણે તારું શું બગાડ્યું છે ? તે બોલ્યો–એ [પોતાની] સાહેલીઓ સાથે મારા મંદિરે આવી હતી, (અને) મારી મૂર્તિને જોઇને હસી પડી હતી. હું **सत्यवादी** નામનો યક્ષ લોકોની આશા પુરૂં છું અને લોકો મને પૂજે છે. એમ કહીને તે બોલી કે–અરેઅર ! આ દેવ નથી, પણ [આ તો] પત્થર ગોઠવેલો છે. આ પ્રમાણે બોલીને વાંકું મોઢું કરીને તે ચાલતી થઇ. પછીથી હું તેને વળગ્યો છું. કુમાર બોલ્યો કેઃ–"(હે યક્ષરાજ !) રાજમાર્ગમાં ચાલ્યા જતા હાથીને જોઇને કદાચ કોઇ કુતરો ભસે, તો શું હાથીએ તેની સાથે કલહ કરવો યોગ્ય છે ? મદોન્મત્ત થએલો શિયાળીઓ સિંહની આગળ જો કે વિરસ બોલે છે, છતાં તેના ઉપર શું સિંહ ગુસ્સે થાય છે ?"–૧૮૭, ૧૮૮.

તેથી તમારા જેવાએ સામાન્ય માણસ પર ગુસ્સો કરવો તે ઉચિત નથી. કેમકેઃ–

"કદાચ કાગડો ગજેંદ્રના મસ્તક પર વિષ્ટા કરે, તો તે કાગડાની જાતને ઉચિત છે, પરંતુ તેથી ગજેંદ્રના બળમાં કાંઇ હીનતા આવતી નથી. અર્થાત્ હાથી તે હાથી જ રહે છે."–૧૮૯

આ પ્રમાણે મધુર મધુર વચનોથી કુમારે તેના ક્રોધને શાંત પાડ્યો. તેથી તે બોલ્યો–"તમારા **ઉપસર્ગહરસ્તવ**ના ગણવાથી હું તેના શરીરમાં રહેવાને સમર્થ નથી, તેથી મેં તારી સજ્જનતાની પરિક્ષા કરી છે." કેમકેઃ—

"નળાધના મિષથી બ્રહ્માએ દ્રાક્ષ અને ચંદ્રમામાંથી સારનું હરણ કરીને સજ્જનોને બનાવ્યા છે. તે સજ્જનો જય પામો."–૧૯૦

આ પ્રમાણે આશિષ આપીને તે બોલ્યો કેઃ–"હું તારા પર પ્રસન્ન થયો છું, માટે તું વર માગ!"

તેથી તેણે વરદાન માંગ્યું કે–"મંત્રિની પુત્રિને મુક્ત કરીને સાજી કર!" તેના વચનથી યક્ષે તેને મૂકી દીધી અને સાજી કરી.

યક્ષ બોલ્યો કેઃ–"પરંતુ મારી નિંદા કરવાથી આ બાલિકાને બહુ પુત્રપુત્રીઓ થશે." આ પ્રમાણે બોલીને કુમારને સર્વ પક્ષીઓની ભાષા જાણવાનું વરદાન આપીને યક્ષ પોતાના સ્થાનકે ગયો.

પછી મંત્રિએ વિચાર્યું કે–"**પ્રિયંકરે** મારા પર મોટો ઉપકાર કર્યો છે, તેથી તેને જ આ કન્યા આપું." તેથી મંત્રિએ **યશોમતિ**ની સાથે જાણે પોતાના ગુણોથી ખરીદ્યું જ ન હોય તેવું લગ્ન કર્યું. હસ્તમોચન વખતે ધન, ધાન્ય, રત્ન વગેરેનું પુષ્કળ દાન કર્યું–આપ્યું. બધાને અત્યંત આનંદ થયો. તે પણ પોતાની પત્નિ સહિત ઘેર જઇને વિચારવા લાગ્યો કેઃ–આ પણ **ઉપસર્ગહરસ્તવ**નો જ મહિમા છે કે, જેને લીધે યક્ષ પ્રત્યક્ષ થયો. કહ્યું છે કેઃ—

"उपसर्गहरस्तवनं, यच्चित्ते प्रोस्फुरीति सततमिह ।
भूतव्यन्तरयक्षाः, प्रत्यक्षाः स्युर्नृणां तेषाम् ॥१९१॥

જે માણસોના મનમાં નિરંતર **ઉપસર્ગહરસ્તવ** સ્ફુરાયમાન રહે છે, તે માણસોને ભૂત, વ્યંતર અને યક્ષો પ્રત્યક્ષ થાય છે."

પ્રિયંકરને યશોમતિ સાથે સંસારસુખ ભોગવતાં યક્ષના વચન પ્રભાવથી, **યશોમતિ** પ્રતિવર્ષે પુત્રપુત્રીનાં જોડકાંને જન્મ આપવા લાગી. તેથી તેણીને બાર વર્ષમાં ૧૨ પુત્રો અને ૧૨ પુત્રીઓ થયાં. તે પુત્ર પુત્રીઓનાં લાલન–પાલન, રક્ષણ સ્તનપાન, ખવડાવવા પીવડાવવા વગેરેથી તેણી હેરાન હેરાન થઇ ગઇ. તે બાળકો પરસ્પર કલહ કરતાં હોવાથી અને તેઓના ઉદ્ધતાઇ ભરેલાં વર્તનથી ઉદાસીન એવી તે સુખે સૂઇ શકતી નહિ કે સુખે ભોજન પણ કરી શકતી નહિ. તેથી તે મનમાં વિચારવા લાગી કે–અરેઅર! વાંઝણી સ્ત્રીઓ જે હોય તે જ જગતમાં શ્રેષ્ઠ છે કે જે નિરંતર વિષય, ભોજન; શયનાદિક બધું સુખે ભોગવી શકે. મેં તો કુકડીની

માફક કેવું કર્મ કર્યું હશે ? તેથી હવે પછી મારે કોઇની પણ નિંદા કરવી નહિ. કારણકે:—

"परनिन्दा महापापं, न भूतं न भविष्यति
आत्मनिन्दासमं पुण्यं, न भूतं न भविष्यति ॥१९२॥

પરનિંદા જેવું મોટું પાપ બીજું થયું નથી અને થશે પણ નહિ, તેમ જ પોતાની નિંદા જેવું પુણ્ય બીજું થયું નથી અને થશે પણ નહિ." ૧૯૨

[વળી] પર્વતને માથાથી તોડવા ઇચ્છતો હોય તેના જેવી, સુતેલા સિંહને જગાડવા ઇચ્છતો હોય તેના જેવી અને ત્રિશૂળના ઉપર પ્રહાર કરવા જેવી, ગુરૂઓની —મોટા પુરૂષોની આશાતના સમજવી."—૧૯૩

[આ પ્રમાણે] **પ્રિયંકર**ની બેથી સ્ત્રી **યશોમતિ** થઇ. પ્રિયંકર જિનમંદિરમાં નિરંતર પૂજા કરતો હતો. એક વખતે ત્યાં શ્રી **પાર્શ્વનાથ** પ્રભુની પૂજા કરીને, ચૈત્ય-વંદન કરીને ઉત્તમ રીતે આ પ્રમાણે નમસ્કાર કરવા લાગ્યોઃ—

"कल्याणपादपवनं प्रभावभवनं रजःशमनम् ।
स्तौमि दयोद्धृतभुवन पार्श्वजिनं सुरकृतस्तवनम् ॥१९४॥
उपसर्गहरस्तवनं वनेऽपि ते स्मृतिपथं नयन्ति यके ।
अरिकेसरिकरिशङ्का न स्यात् तेषां सुपुण्यवताम् ॥१९५॥
सश्रीकं वसुधाधारं, प्रभूतविषयापहम् ।
प्रगुणश्रीरुचिं वन्दे, मध्याक्षरगुरुस्तवम् ॥१९६॥
जय जय पार्श्व ! जिनेश्वर ! नेश्वर इह कोऽपि तव गुणान् वक्तुम् ।
त्वन्नाम सुरमणिसमं रमणीयं श्रीपदकमलम् ॥१९७॥"

કલ્યાણરૂપી વૃક્ષના વન સમાન, પ્રભાવના સ્થાનરૂપ, (કર્મ રૂપી) રજને શાંત કરનાર, કરૂણાથી જગતનો ઉદ્ધાર કરનાર અને દેવતાઓ વડે સ્તુતિ કરાએલા એવા **હે શ્રી પાર્શ્વનાથ** પ્રભુ! હું આપની સ્તુતિ કરૂં છું.—૧૯૪

જે પુણ્યશાળીઓ **ઉપસર્ગહર** સ્તોત્રનું સ્મરણ કરે છે, તે પુણ્યશાળીઓને વનમાં પણ દુશ્મન, સિંહ કે હાથીનો ભય લાગતો નથી.—૧૯૫

લક્ષ્મી (શોભા) એ કરીને સહિત, જગતના આધાર રૂપ, મોટા મોટા વિષોનો નાશ કરનાર, ઉત્તમગુણો રૂપી લક્ષ્મીને ચાહનાર અને મધ્યાક્ષર યુક્ત મોટા ગુણોવાળા (શ્રીપાર્શ્વનાથ પ્રભુ)ને હું વંદન કરૂં છું—૧૯૬

હે પાર્શ્વ પ્રભુ! આપ જયવંતા વર્તો! જયવંતા વર્તો ! આપના ગુણોને કહેવાને કોઇ પણ સમર્થ નથી. આપનું નામ ચિંતામણિ સમાન સુંદર તથા આપના ચરણ કમળો લક્ષ્મીને આપનારા છે."—૧૯૭

આ પ્રમાણે સ્તુતિ કરીને, **પ્રિયંકર** પોતાના ઘર તરફ જતો હતો, તેવામાં નિંબવૃક્ષ પર બેઠેલા એક કાગડાને બોલતો સાંભળ્યો. તેના બોલવાથી તેણે જાણ્યું કે–કાગડો મને આ પ્રમાણે કહે છે કેઃ–

" અહીંયાં આ લીમડાના ઝાડની ત્રણ હાથ નીચે હે નરોત્તમ ! એક લાખનું ધન છે, તે તું ગ્રહણ કર અને મને બાવાનું આપ."–૧૯૮

પ્રિયંકરે કાગડો જે ડાળી ઉપર બેઠો હતો, તેની નીચેની જમીન બોદ્દી; લોકો પૂછવા લાગ્યા કે–તું શા માટે બોદ્દે છે ? તેણે કહ્યુંકે–ઘર પૂરવા માટે. તે પ્રમાણે સાચું કહીને તે ધન ઘેર લાવ્યો, અને કાગડાને દહીં અને ભાતનું ભોજન આપ્યું. વળી તે વ્યાપારી વર્ગમાં વિખ્યાતિ પામ્યો. હવે **પ્રિયંકર**ના ગુણાનુવાદ રાજાના સાંભળવામાં આવવાથી હર્ષિત થયેલા રાજાએ તેને બોલાવીને કહ્યું કે–તારે નિરંતર બે વાર રાજ-સભામાં આવતા રહેવું, આ પ્રમાણે રાજા તરફથી તેને જે માન મળ્યું, તે પૂર્વે કરેલા પુણ્યનો પ્રભાવ સમજવો. કારણકેઃ–

"नरपति बहुमानं भोजनं च प्रधानं
भवति धनममानं शुद्धपात्रेषु दानम् ।
हयगजनरयानं भावतो गीतगानं
शमिह सुरसमानं पूर्वपुण्यप्रमाणम् ॥१९९॥

રાજા તરફનું બહુમાન, ઉત્તમ ભોજન, પુષ્કળ ધન, શુદ્ધ પાત્રમાં દાન, હાથી ઘોડા તથા નરનું વાહન, ભાવપૂર્વકનું ગીતગાન અને દેવના જેવું સુખ આ બધું પૂર્વના પુણ્યથી મળે છે."

પ્રિયંકરને બધા માન આપવા લાગ્યા. કેમકેઃ—

"રાજમાન્ય, ધનવાન, વિદ્વાવાન, તપસ્વી, યુદ્ધમાં શૂરવીર અને દાતાર એ ઉમરમાં નાના હોય તો પણ મોટા કહેવાય છે."–૨૦૦

ત્યાર પછી કેટલાક દિવસે **અરિશૂર** અને **રણશૂર** નામના રાજાને લાયક રાજપુત્રો અકસ્માત મરણ પામ્યા. રાજા બહુ જ દુઃખ પામ્યો, કોઇનું પણ ધારેલું કામ આવતું જ નથી. કેમકેઃ—

"કમળના ડોડામાં ભરાએલો ભમરો વિચાર કરતો હતો કે [હમણાં] રાત્રિ વીતી જશે અને સુંદર પ્રભાત થશે, સૂર્ય ઉગશે અને આ કમળની શોભા ખીલી નીકળશે, પરંતુ અફસોસ ! એટલામાં તો હાથીએ આવીને કમળના વેલાને જ ઉખાડી નાંખ્યો."–૨૦૧

"આ તે જ તળાવ છે કે જેના કિનારે હાથી રુપી ઘડાઓ [પણ] બુડી જાય છે, [અને છતાં] આ વિધિની એવી રચના છે કે તેમાંથી (એટલા ઉંડાણમાંથી પણ) માછલાંઓ ખોદી-ખોળી કાઢવામાં આવે છે."-૨૦૨

રાજ્યના માણસો પણ ચિંતામાં પડી ગયા. રાજા સભામાં પણ આવતો બંધ થઈ ગયો. [એટલે] મંત્રિ રાજાને સમજાવવા લાગ્યો કે-(હે રાજન્ !) આ બાબતમાં શોક કરવાથી શું લાભ ? જે વસ્તુ દૈવને આધીન છે, તેમાં બધાને માટે એ જ રસ્તો છે; ખેદ કરવાથી શું ? કેમકેઃ—

"હે ઉત્તમ પુરૂષ ! સામાન્ય માણસોની જેમ શોકને વશ થવું તે તને છાજતું નથી. [કેમકે] જો પવનના ઝપાટાના ભયથી પર્વતો ચલાયમાન થઇ જતા હોત તો ઝાડવા અને પર્વતોમાં અંતર શું રહ્યું ?"-૨૦૩

સગર ચક્રવર્તીના સાઠ હજાર પુત્રો અને **સુલસા** શ્રાવિકાના બત્રીશે પુત્રો એક જ સાથે મરણ પામ્યા હતા; તેથી હે રાજન્ ! તમારે સર્વથા શોક કરવો નહિ. કેમકેઃ—

जातस्य हि ध्रुवो मृत्यु-र्ध्रुवं जन्म मृतस्य च ।
तस्मादपरिहार्येऽर्थे, का तत्र परिवेदना ? ॥२०४॥
એ સંસાર અસારડો, આસા બંધણ જાય;
અનેરઇ કિરિ સૂઇએ, અનેરડઇ વિહાઈ. ॥૨૦૫॥

જે જન્મ્યા છે તે જરૂર મરવાના છે અને મરણ પામેલાનો જન્મ નિશ્ચિત છે, તેથી એવી અનિવાર્ય વાતમાં વિલાપ કરવાથી શું વળવાનું ?"-૨૦૪

આ અસાર સંસારમાં આશા બંધનરૂપ છે, કે જેનાથી કેટલાક સુખી થાય છે અને કેટલાક દુઃખી થાય છે. અર્થાત્ આ સંસારના બંધનરૂપ આશા કોઇનાથી જીતી શકાઇ નથી."-૨૦૫

તે દિનથી પુત્રમોહને લીધે રાજાના શરીરમાં બેચેની રહેવા લાગી. જેમકેઃ- "આવાની ઇચ્છા થતી નહિ, શરીરમાં વેદના થતી, આંખમાંથી નિદ્રા પણ ઉડી ગઈ, મનની અસ્વસ્થતા રહેવા લાગી, અને કોણ જાણે શું થશે ?"-૨૦૬

કેટલાક દિવસ પછી રાજાને પાછલી રાત્રિના વખતે-પોતે ગધેડા જોડેલા વાહનમાં બેસીને દક્ષિણ દિશામાં ગયો-એવું સ્વપ્ન આવ્યું. મંત્રિની આગળ એકાંતમાં તે સ્વપ્નું કહ્યું. પછી મંત્રિએ સ્વપ્નશાસ્ત્રના જાણકારને પૂછતાં, તેણે મધ્યમ પ્રકારનું સ્વપ્ન કહ્યું. કેમકે-

"ગધેડા કે ઊંટના વાહનમાં બેસીને, પોતાને દક્ષિણ દિશામાં જતાં (સ્વપ્નમાં) જોવામાં આવે તો, પોતાનું મરણ થોડા જ વખતમાં છે તેમ જાણવું."-૨૦૭

આ પ્રમાણે સાંભળીને રાજા અને મંત્રિ ચિંતાતુર થયા. (પછી) રાજા દેવ-મંદિરોમાં પૂજન–સેાગ વગેરેની માનતાઓ કરવા લાગ્યેા તથા ગરીબ લેાકેાના ઉદ્ધાર માટે અન્નસત્રો વગેરે કરાવીને પુણ્ય કાર્ય કરવા લાગ્યેા.

એક વખતે રાજા સભામાં આવીને બેઠેા, એટલે તેને પ્રણામ કરવાને માટે સામંતેા, શેઠિયા, સેનાપતિ, ખજાનચી, વ્યાકરણ શાસ્ત્રી, પુરેાહિત વગેરે આવ્યા. તે વખતે **પ્રિયંકર** પણ રાજસભામાં જતેા હતેા, તે વખતે રસ્તામાં આકાશવાણી થઇ કે–હે કુમાર ! આજે તને રાજા તરફથી ભય ઉત્પન્ન થશે. ફરીથી વળી વાણી થઇ કે–ચેારની માફક તને બાંધવામાં આવશે એમ હું તને કહું છું. કુમાર ક્ષણ-ભર માટે સ્તબ્ધ થઇ ગયેા અને વિચાર કરવા લાગ્યેા કે–મેં કોઇ પણ પ્રકારનેા અન્યાય કર્યો નથી, રાજાનેા કાંઇ અપરાધ પણ કર્યો નથી, પરંતુ રાજાનેા વિશ્વાસ શેા ? કારણ કે:–"અગ્નિ, પાણી, સ્ત્રી, મૂર્ખ, સર્પ અને રાજકુટુંબ એનું હમેશાં સાવધાનીથી સેવન કરવું, (કારણ કે) એ છએ એક ક્ષણમાં પ્રાણ લઇ લે એવાં છે."–૨૦૮

અથવા સંભવ છે કે કોઇ દુર્જને આવું કાર્ય કર્યું હેાય. કેમકે:—

"એવું કોઈ ઘર, દેવળ, કે રાજકુલ નથી, કે જ્યાં કોઇ પણ પ્રકારના કારણ વગર પણ બે ત્રણ દુર્જન પુરૂષેા ન જોવામાં આવે."–૨૦૯

અબ્ભઇ વારિ સમુદ્દહ, અબ્ભઇ પંજરિ સીંહ;
જઈ અદ્ધા કુણિં કહિઉ, દુજ્જણ કેરિ જીહ ? ॥૨૧૦॥

સાગરનું પાણી બાંધી શકાય છે, સિંહને પાંજરામાં પૂરી શકાય છે; [પરંતુ] દુર્જનની જીભ કોઇએ બાંધી હેાય તેા કહી સંભળાવેા. અર્થાત્ દુર્જનની જીભ કોઇનાથી વશ થતી નથી."

નિરર્થક સંકલ્પ વિકલ્પ કરવાથી નુકશાન જ થાય છે. કેમકે રાજા પેાતે જ કોઇ બહાનું શેાધીને, ગમે તે કહીને દંડ કરશે તેા ત્યાં ગુસ્સેા કરવેા નકામેા છે. કેમકે:–"જે માણસ મળી શકે તેમ ન હેાય તેના પ્રત્યે પ્રેમ, ખલ પુરુષમાં સદ્-બુદ્ધિ, જડને ઉપદેશ, અને શક્તિ વગરના માણસનેા ક્રોધ નિરર્થક છે, તેમાં શક નથી."–૨૧૧

જે થવાનું હેાય તે ભલે થાય, એમ વિચારી આગળ ચાલ્યેા. તેટલામાં ઉંચે સ્થાનેથી દૈવી વાણી થઇ કે–તને રાજ્ય મલશે. આ પ્રમાણે સાંભળીને વિચારવા લાગ્યેા કે–દૈવી વાણી પરસ્પર વિરેાધી જણાય છે. તેા પણ સાહસ કરીને, રાજસભામાં જઇને જેવેા તે રાજાને પ્રણામ કરવા ગયેા કે તુરત જ એકાએક તેના માથા ઉપ-

રથી પડતા એવા **દેવવલ્લભ** હારને સભાજનોએ અને રાજપુરૂષોએ જોયો. બધાને નવાઇ લાગી, સર્વે કહેવા લાગ્યા કે–જે હાર ખોવાઇ ગયો હતો, તે કુમાર પાસેથી મલી આવ્યો. તે કુમાર પણ ચકિત થઇ ગયો, અરેરે! દૈવે આવું અનુચિત કેમ કર્યું? ઘણા વખતથી મેળવેલી મહત્તા આજે આ ચોરીના કલંકથી નાશ પામી અને મરણ પાસે આવ્યું. માર્ગમાં થએલી આકાશવાણી સત્ય ઠરી. કારણકે:—

"ચોરીરૂપ પાપવૃક્ષનું ફળ આ ભવમાં વધ, બંધનાદિરૂપ, અને પરલોકમાં નરકની વેદનારૂપ (ફળ)પ્રાપ્ત થાય છે."–૨૧૨

પૂર્વ જન્મમાં મેં પણ **સીતાની** માફક કોઇને પણ ખોટું કલંક આપ્યું હશે, જેથી તે કર્મ અત્યારે મને ઉદયમાં આવ્યું.–આ પ્રમાણે **પ્રિયંકર** વિચાર કરે છે. તેવામાં **અશોકચંદ્ર** રાજાએ કોટવાળને હુકમ કર્યો કે–"[હે કોટવાળ!] ચોરના દંડને લાયક એવા આ દુષ્ટ **પ્રિયંકર**ને શૂળીપર ચડાવો." મંત્રિ બોલ્યો–"[હે સ્વામિન્!] આ **પ્રિયંકર**માં આવી અઘટિત વાત કદાપિ સંભવતી નથી; એતો મહા ઉપકારી અને પુણ્યવંત છે."

રાજાએ કુમારને પૂછયું કે–તું સાચું કહે! આ લક્ષ મૂલ્યવાળો હાર તેં ક્યાંથી લીધો? ક્યાંથી પ્રાપ્ત થયો? કોઇએ આપ્યો? કે કોઇએ તારા ઘેર થાપણ તરીકે રાખેલો છે? સાચું કહે!

કુમાર બોલ્યો કે:–"હે સ્વામિન્! હું કાંઇપણ જાણતો નથી, આજ પર્યંત એ હાર મેં કદાપિ જોયો પણ નથી. હે રાજન્! આપના મનમાં જે વિચાર આવે તે પ્રમાણે કરો."

રાજા બોલ્યો કે:–કેવી મીઠી વાણી! આ કેવો કળાવાન લાગે છે!

મંત્રિ બોલ્યો કે:–આ તો માન આપવાને લાયક છે, ચોરના દંડને લાયક નથી, આ બાબતમાં વિચારીને કાર્ય કરવા જેવું છે. કારણ કે:—

"सहसा विदधीत न क्रियामविवेकः परमापदां पदम् ।
वृणुते हि विमृश्यकारिणं, गुणलुब्धाः स्वयमेव सम्पदः॥२१३॥
(–किरातार्जुनीये स० २, श्लो० ३०)

વિચાર કર્યા વિના કાંઇ પણ કાર્ય કરવું નહિ, કારણકે અવિવેક એજ મોટી આપત્તિનું સ્થાન છે. જેઓ વિચારીને કાર્ય કરે છે, તેઓને ગુણથી આકર્ષાએલી એવી બધી સંપત્તિઓ પોતાની મેળે આવી મળે છે."

[વળી] "ડાહ્યા માણસોએ સારા ગુણવાળું કે ગુણવગરનું કાર્ય કરતાં પહેલાં તેનું પરિણામ વિવેકપૂર્વક વિચારી લેવું. [કારણ કે] અતિ ઉતાવળથી કરેલાં

કાર્યોનું પરિણામ વિપત્તિની પ્રાપ્તિ પર્યંત શલ્ય તુલ્ય થઈને હૃદયને બાધ્યા કરે છે."–૨૧૪

વળી હે સ્વામિન્! એનો વિનયગુણ જ એના કુલીનપણાને અને સદાચારીપણાને પ્રગટ કરે છે. કહ્યું છે કેઃ—

"हंसा गतिं पिकयुवा कलकूजितानि
नृत्यं शिखी परमशौर्यगुणं मृगेन्द्रः ।
सौरभ्यशीतललितं मलयाद्रिवृक्षाः
कैः शिक्षिता विनयकर्म तथा कुलीनाः ? ॥२१५॥"

હંસને ગતિ, કોયલને કંઠની મધુરતા, મયૂરને નૃત્ય, સિંહને પરમ શૌર્ય, ચંદનવૃક્ષને સુગંધી અને શીતળતા તથા કુલીનજનોને વિનય યુક્ત કાર્ય કોણે શીખવ્યાં છે? અર્થાત્ આ બધું સ્વાભાવિક જ હોય છે." તેથી હે રાજન્! આ બધી દૈવની કરામત સમજવી જોઈએ. રાજાએ કહ્યું કેઃ–મંત્રિશ્વર! આ તારો જમાઇ હોવાથી બરોબર તું એનો પક્ષ કરતો લાગે છે. પરંતુ ચોરનો પક્ષ કરવો કોઇને પણ શ્રેયસ્કર નથી. કેમકેઃ—

"ચોર, ચોરને સલાહ આપનારો, ચોરના ભેદને જાણનારો, ચોરની સાથે ક્રયવિક્રય કરનારો, ચોરને ભોજન આપનારો, ચોરને રહેવાનું સ્થાન આપનારો તથા ચોરની સાથે મસલત કરનારો–એ સાત પ્રકારે ચોર કહેલા છે."–૨૧૬

પછી ભય પામેલો એવો મંત્રિ મૂંગોજ બેસી રહ્યો. રાજાએ સેવકોને કહ્યું કે–આ હારના ચોર (પ્રિયંકર)ને મજબૂત રીતે બાંધો. એટલે તેઓએ તેજ વખતે બાંધી લીધો. [પછી] રાજાએ મંત્રિને કહ્યું કે–"**भूमिद्देव** નિમિત્તિયાએ હારના ચોરને [મારૂં] રાજ્ય મળવાનું કહ્યું હતું, પરંતુ [હવે તો તેને] મેં કહેલું શૂળીનું રાજ્ય મળશે. મારૂં રાજ્ય તો મારા પુત્રો અને કુટુંબીઓ જ કરશે." મંત્રિ બોલ્યો કે–હે રાજન્! આપનું સર્વ કથન સત્ય જ છે.

આ વખતે ત્યાં રાજસભામાં દિવ્ય રૂપવાળી, ઉત્તમ આભૂષણોવાળી, [અને] દિવ્ય લોચનોવાળી એવી કોઇ ચાર સ્ત્રીઓ આવી પહોંચી. રાજાએ તેમનું સ્વાગત કર્યું અને તેઓનું રૂપ જોઇને સભાજનો અત્યંત વિસ્મય પામ્યા. રાજાએ તેઓને પૂછયું કે–"તમે ક્યાંથી અને શા હેતુથી અહીંયાં આવ્યાં છો? શું તીર્થયાત્રા માટે આવ્યા છો કે સ્વજનોને મલવા માટે આવ્યા છો? મારા લાયક જે કાંઇ કામ હોય તે કહો."

તેઓમાંથી એક વૃદ્ધા બોલી કેઃ–"હે રાજેન્દ્ર અમે પાટલીપુત્ર નગરથી અહીં આવીએ છીએ. આ **પ્રિયંકર** નામનો મારો પુત્ર ઘેરથી રીસાઇને ચાલ્યો ગયો હતો,

અમે બે વર્ષ સુધી સર્વત્ર એની તપાસ કરી, પરંતુ તેનો કાંઇ પત્તો ન લાગ્યો.” હમણાં આ **અશોકપુરથી** ત્યાં આવેલા કોઇએક માણસે અમને **કહ્યું** કેઃ—“**પ્રિયંકર** નામનો વ્યાપારીનો પુત્ર, અમુક ઉમરનો, અમુક પ્રકારના રૂપવાળો, [અને] પરોપકાર પરાયણ છે. આ પ્રમાણે તેનો બરાબર પત્તો મળવાથી અમે અહીં આવેલ છીએ. પહેલાં જિનમંદિરે જઇને પ્રભુજીને અમે વંદન કર્યું. કેમકેઃ—

“આગલિ જાતાં કોઇ, જેહિં ન નામો દેવગુરૂ;
માથઇ વહઇસિ પોટ, ભોઅણ સાંસઇ સાંપડઇ.–૨૧૭

કાર્ય માટે આગળ વધતા [અર્થાત્ કાર્ય કરવા માટે જતા] એવા જે માણસો દેવ, ગુરૂની આગળ પોતાનું મસ્તક ઝુકાવતા નથી; તેઓને માથે પોટલા ઉંચકતા પણ ખાવાનું મુશ્કેલીથી મળે છે.”

અહીં આવીને અમે એક જણને પૂછ્યું કે—“**પ્રિયંકર** કયાં રહેછે?” તેણે કહ્યું કેઃ—“તે રાજમાન્ય હોવા છતાં પણ સાચા કે ખોટા ચોરીના કલંકથી આજે જ રાજાએ તેનો નિગ્રહ કર્યો છે.” એમ સાંભળીને અમે અહીં આવ્યા છીએ. વળી હે રાજન્ ! તમારા દર્શનથી અમારો આજનો દિવસ સફળ થયો છે. પછી રાજાએ પ્રિયંકરને આગળ બોલાવ્યો. વૃદ્ધા બોલી કે આ જ મારો પુત્ર છે. એમ કહીને તે ભેટી પડી અને કહેવા લાગી કે—“હે વત્સ ! તું શા કારણથી રીસાઇ ગયો હતો? જો તને રીસ ન હોતી ચડી તો તું કુટુંબને મૂકીને અહીં કેમ આવતો રહ્યો છું ?

બીજી સ્ત્રી બોલી કે—આ જ મારો ભાઇ છે, તેણે પણ તે જ પ્રમાણે આલિંગન વગેરે કર્યું.

ત્રીજી સ્ત્રી બોલી કે—આ જ મારો દિયર છે.

ચોથી સ્ત્રી બોલી કે—આ જ મારો પતિ છે. એમ કહી તેનું મુખ જોઇને શરમથી નીચું મુખ કરીને તે ઊભી રહી. સભામાં બેઠેલા બધાને આશ્ચર્ય થયું. લોકો બોલવા લાગ્યા કે-**પ્રિયંકર**ની લુચ્ચાઇ ઉઘાડી પડી ગઇ. કેમકેઃ—

“विद्यादम्भः क्षणस्थायी, ज्ञानदम्भो दिनत्रयम् ।
रसदम्भस्तु षण्मासान् , मौनदम्भः सुदुस्तरः ॥२१८॥”

વિદ્યાનો ઢોંગ ક્ષણભર માટે ટકે છે, જ્ઞાનનો ઢોંગ ત્રણ દિવસ ટકે છે; રસ (પ્રેમ) નો દંભ છ મહિના નભે છે, (પરંતુ) મૌન દંભ તો પારખવો મુશ્કેલ છે.”

કોઇક કહેવા લાગ્યા કે—આ પુણ્યશાળી પુરૂષરત્નને ચોરીનું કલંક લાગી ગયું. કારણ કેઃ—

“शशिनि खलु कलङ्कः कण्टकाः पद्मनाले
जलधिजलमपेयं पण्डिते निर्धनत्वम् ।
स्वजनजनवियोगो दुर्भगत्वं सुरूपे
धनवति कृपणत्वं रत्नदोषी कृतान्तः ॥२१९॥

ચંદ્રમામાં કલંક, કમળની નાલમાં કાંટા, સમુદ્રના પાણીમાં ખારાશ, પંડિતમાં નિર્ધનતા, સુંદર સ્ત્રીઓમાં વૈધવ્ય અને સ્વજનોનો વિયોગ, ધનવાનમાં કંજુસાઇ; [ખરેખર!] દૈવ રત્નમાં દોષ જ મૂકનારો છે."

કેટલાક માણસો તેની પ્રશંસા કરવા લાગ્યા, કેટલાક નિંદા કરવા લાગ્યા, કેટલાક પશ્ચાતાપ કરવા લાગ્યા, કેટલાક વિધાતાને દોષ દેવા લાગ્યા, કેટલાક તેની હાંસી કરવા લાગ્યા, તો પણ તે તો ગુસ્સે ન જ થયો, અર્થાત્ **પ્રિયંકર** તો શાંત જ રહ્યો. કેમકેઃ-

"वायाणा जण जुल्लणा नाह न कीजई रोस;
नाकइ कापउ पायणु चंगउ माणुस दोस. ॥२२०॥

હે નાથ! માણસોનું બોલવું તો પવનના ઝપાટા જેવું છે, તેથી ગુસ્સે થવાની કાંઇ જરૂર નથી.....[કારણ કે] સારા માણસમાં પણ દોષ હોય છે."

પછી વૃદ્ધ સ્ત્રી બોલી કેઃ-"હે રાજન્! આ મારા પુત્રને મુક્ત કરો."

રાજાએ કહ્યું કેઃ-"એણે મારા બગીચામાંથી લક્ષ મૂલ્યનો હાર લઇ લીધો હતો; (એટલે તેને) કેવી રીતે છોડી મૂકું?"

વૃદ્ધા બોલી કેઃ-"હું તેનો દંડ આપીશ." રાજા બોલ્યો કે-જો તું ત્રણ લાખ દ્રવ્ય આપે તો જ આનો છુટકારો થાય! તે બોલી કે-ત્રણ લાખથી પણ વધારે આપીશ, પણ તેને છુટો કરો.

રાજા બોલ્યો કે-આનો પિતા કયાં છે? વૃદ્ધા બોલી કે-સ્વામિન્! તેઓ ઉતારે છે. તેથી તેને બોલાવીને રાજાએ પૂછયું કે-આ **પ્રિયંકર** તારે શું થાય? તેણે પણ કહ્યું કે-મારો પુત્ર થાય. બધું એ પ્રમાણે જ કહ્યું અને રાજાએ (તે) માની લીધું. મંત્રી બોલ્યો કે-આ બધું બોટું છે. ખરેખર! આ લોકો ધૂર્ત લાગે છે. કુમારનો પિતા **પાસદત્ત** શેઠ અને એની માતા **પ્રિયશ્રી** નામની અહીં જ વિદ્યમાન છે. તે બંનેને બોલાવીને પૂછી જુઓ. રાજા બોલ્યો કેઃ-તેઓનો આ બાલક પુત્ર હશે. એમાં પૂછવાનું શું છે? છતાં ભલે બોલાવો. પછી રાજાના તેડાવવાથી તે બંને જણા ત્યાં આવ્યા અને રાજાને પ્રણામ કર્યા. પ્રથમ બહારગામથી આવેલા અને ગામમા રહેલાં એમ બંને માતાપિતા સરખી આકૃતિવાળા, સરખા રૂપવાળા, સરખી વાણીવાળા, સરખી ઉમરવાળા અને જાણે સાથે જ જોડકાં રૂપે ઉત્પન્ન થયાં ન હોય તેવાં દેખાવા લાગ્યાં. રાજા, મંત્રિ તથા સભાજનો આશ્ચર્યમગ્ન થઇ ગયા.

[પછી] રાજાએ મંત્રિને કહ્યું કે-"હે મંત્રિન્! ખરેખર તારું કથન જ સત્ય ઠરે તેમ છે." એટલામાં તેઓ પુત્રને માટે પરસ્પર વાદવિવાદ કરવા લાગ્યાં કે-હે

રાજન્! ન્યાય કરો, નહિ તો અમે બીજા રાજા પાસે જઇશું. રાજાએ મંત્રિને કહ્યું કે– કંઇક બુદ્ધિ લડાવો. તે બોલ્યો–સભામાં સોળ ગજ લાંબી, પહોળી, સમચોરસ શિલા છે કે જેના ઉપર સાર્થવાહો ભેટણું ધરે છે. તે શિલાને જે એક જ હાથે ઉપાડે તે જ આ પ્રિયંકરને પુત્ર તરીકે લઇ શકે. પછી પ્રથમ આવેલ અતિથિ પિતાએ તે શિલા રમત માત્રમાં એક જ હાથે ઉપાડીને માથા ઉપર છત્ર રૂપે ધારણ કરી, બધાને આ જોઇને આશ્ચર્ય થયું. મન્ત્રિ બોલ્યો કે– આ કોઇ સામાન્ય માણસ નથી. રાજાએ કહ્યું કે–તું પિતા નથી લાગતો, પરંતુ દેવ, દાનવ કે કોઇ વિદ્યાધર લાગે છે. [આ] સ્ત્રીઓ પણ મનુષ્ય લોકની સ્ત્રીઓ નથી, પરંતુ દેવાંગનાઓ કે વિદ્યાધરીઓ છે. તું શા માટે અમને મુઝવણમાં નાખે છે? તારા મૂળ સ્વરૂપ ને પ્રગટ કર!

પછી તે દેવરૂપે પ્રગટ થયો અને સ્ત્રીઓ પણ અદૃશ્ય થઇ ગઇ. [તે દેવ કહેવા લાગ્યો કેઃ–] "હે રાજેન્દ્ર! હું તારા રાજ્યનો અધિષ્ઠાયક દેવ છું તારો મરણ સમય જણાવવાને અને રાજ્યયોગ્ય પુરુષને રાજ્યપર સ્થાપન કરવાને માટે હું અહીં આવ્યો છું; પરંતુ તું હજુ બહુ તૃષ્ણાથી તરલિત છે. કહ્યું છે કેઃ–

"अङ्गं गलितं पलितं मुण्डं, दशनविहीनं जातं तुण्डम्।
वृद्धो याति गृहीत्वा दण्डं, तदपि न मुञ्चत्याशापिण्डम्॥ २२१॥"

અંગ ગળી ગયું, મસ્તકના વાળ ધોળા થઇ ગયા, મોઢું દાંત વગરનું થઇ ગયું અને વૃદ્ધ થવાથી લાકડી લઇને ચાલવા લાગ્યો. તો પણ માણસ આશા રૂપી પિંડને છોડતો નથી."

ઘડપણ આવ્યા પછી કોઇનાથી કાંઇ પણ કરી શકાતું નથી.
કહ્યું છે કેઃ–

"अल हुंती (ति) हउं पामउं एतेनु धन ढोर।
ए त्रणिए विभासण करि वेसा चारण चोर॥२२२॥

શક્તિ હોવા છતાં પણ હું એકલા ધન અને પશુઓને મેળવું છું તે નિરર્થક છે; કારણ કે ધન મેળવવા માટે તો વેશ્યા, ચારણ અને ચોર પણ વિમાસણ કરે છે. અર્થાત્ ધન એકઠું કરીને દાન ન દીધું તો તે મેળવેલું નિરર્થક જ છે.

તારા મનમાં એવો પણ વિચાર નથી આવતો કે–હું હવે વૃદ્ધ થઇ ગયો છું, તેથી કોને રાજ્ય સોંપું? જીર્ણ થઇ ગએલા થાંભલાનો ભાર નવીન થાંભલા ઉપર સ્થાપન કરું. રાજાએ પૂછ્યું કેઃ–"મારું મરણ ક્યારે થશે." દેવ બોલ્યો કેઃ–"આજથી સાતમા દિવસે તારું મરણ છે." આ પ્રમાણે સાંભળીને રાજા ભય પામ્યો. કારણકેઃ–

"पथसमा नत्थि जरा दारिद्दसमो पराभवो नत्थि ।
मरणसमं नत्थि भयं खुद्दासमा वेयणा नत्थि ॥२२३॥

મુસાફરી સમાન વૃદ્ધાવસ્થા નથી, ગરીબાઇ સમાન પરાભવ નથી; મરણ સમાન ભય નથી, અને ક્ષુધા સમાન કોઇ વેદના નથી."

પછી રાજાએ દેવને પૂછયું–"હે દેવ ! રાજ્ય લાયક કોઇક પુરુષ બતાવો કે જેથી તેને રાજ્ય પર સ્થાપન કરું." દેવ બોલ્યો કેઃ–"**પ્રિયંકરનું** પુણ્ય પ્રબળ હોવાથી તેને જ તું પોતાનું રાજ્ય આપ, બીજું કોઇ અહીંયાં રાજ્ય યોગ્ય નથી." રાજા બોલ્યો કેઃ–મારા હારના ચોરને રાજ્ય આપવું તે ઉચિત નથી. કારણ કેઃ—

"कुराजराज्येन कुतः प्रजासुखं, कुपुत्रपुत्रेण कुतो निवृत्तिः ? ।
कुदारदारेण कुतो गृहे रतिः, कुशिष्यमध्यापयतः कुतो यशः ? ॥२२४॥

બરાબ રાજાના રાજ્યથી પ્રજાને સુખ ક્યાંથી હોય અને બરાબપુત્રોથી પિતાને શાંતિ ક્યાંથી મળે ? બરાબસ્ત્રીના સહવાસથી ઘરમાં આનંદ ક્યાંથી હોય અને બરાબ શિષ્યને ભણાવવાથી યશ ક્યાંથી મળે ?"

દેવ બોલ્યો—

"देशसौख्यं प्रजासौख्यं, चेद् वाञ्छसि नराधिप ! ।
स्थापय त्वं तदा राज्ये, पुण्योत्कृष्टं प्रियङ्करम् ॥२२५॥

હે રાજન્ ! જો તું દેશનું અને પ્રજાનું સુખ ચાહતો હોય તો પુણ્યથી ઉત્તમ એવા **પ્રિયંકરને** જ રાજગાદી પર સ્થાપન કર."

આ નિરપરાધી કુમારને છુટો કર ! તેણે હાર લીધો નથી. બજાનાને તાળું લગાવ્યા પછી એ શી રીતે લઇ શકે ? તારા બજાનામાંથી ઉપાડી લઇને મેં પોતે જ આટલા દિવસ સુધી મારી પાસે રાખી મૂકયો હતો. આજ આ રાજ્યયોગ્ય પુરૂષ છે, એમ તને સૂચન કરવા માટે એના મસ્તક ઉપરથી મેં જ તારી સામે [એ હાર] પ્રગટ કર્યો છે. પછી રાજાએ કુમારને મુક્ત કર્યો અને તે બોલ્યો કે– "મારા પુત્રને તું રાજ્ય આપ." દેવ બોલ્યો કેઃ–"[હે રાજન્ !] તારા પુત્રનું આયુષ્ય થોડું જ છે. બીજું તે પ્રજાવત્સલ નથી. હે રાજા ! જો તારા માનવામાં તે ન આવતું હોય તો ચાર કુમારિકાઓને બોલાવીને તિલક કરાવો. સભામાં જે કોઇને પણ તે પ્રથમ તિલક કરે તે જ રાજા થાય." બધાએ આ વાત માન્ય રાખી. પછી રાજાએ ચાર કુમારિકાઓને શહેરમાંથી બોલાવી. તેમના હાથમાં (કંકાવટી ચોખા વગેરે) વધાવવાનો સામાન આપવામાં આવ્યો અને તેમની પાસે સભા-

જનોને તિલક કરાવવામાં આવ્યું. તેમણે પણ પ્રિયંકરને જ રાજ્યતિલક કર્યું. દેવે તે ચારે કુમારિકાઓના મુખમાં અવતરીને ચાર શ્લોક કહ્યા. તે આ પ્રમાણેઃ—

એક બોલી કે—

"जिनभक्तः सदा भूयाः नरेन्द्र ! त्वं प्रियङ्कर !
शूरेषु प्रथमस्तेन, रक्षणीयाः प्रजाः सुखम् ॥२२६॥

હે પ્રિયંકર રાજા ! તું નિરંતર જિનેશ્વરનો ભક્ત થજે, તું શૂરવીરોમાં પ્રથમ છે, તેથી પ્રજાનું સુખપૂર્વક રક્ષણ કરજે !"

બીજી બોલી કે—

"यत्र प्रियङ्करो राजा, तत्र सौख्यं निरन्तरम् ।
तस्मिन् देशे च वास्तव्यं, सुभिक्षं निश्चितं भवेत् ॥२२७॥

જ્યાં પ્રિયંકર રાજા હશે, ત્યાં નિરંતર સુખ રહેશે; કારણકે એના દેશમાં રહેવાથી નિરંતર સુભિક્ષ જ હશે અથવા એવા દેશમાં રહેવું કે જ્યાં નિરંતર સુભિક્ષ જ હોય."

ત્રીજી બોલી કે—

"अशोकनगरे राज्यं, करिष्यति प्रियङ्करः ।
द्वासप्ततिश्च वर्षाणि, स्वीयपुण्यानु भावतः ॥२२८॥

પ્રિયંકર (રાજા) પોતાના પુણ્ય પ્રભાવથી **અશોકનગર**માં બહોંતેર વર્ષ સુધી રાજ્ય કરશે."

ચોથી બોલી કેઃ—

"प्रियङ्करस्य राज्येऽस्मिन्, न भविष्यन्ति कस्यचित् ।
रोगदुर्भिक्षमारीति-चौरवैरभयानि च ॥२२९॥

પ્રિયંકરના આ રાજ્યમાં કોઇને પણ રોગ, દુર્ભિક્ષ, મરકી, (સાત) ઈતિ, ચોર અને શત્રુ વગેરેનો ભય પ્રાપ્ત થશે નહિ."

પછી દેવોએ પુષ્પોની વૃષ્ટિ કરી અને અશોકચંદ્ર રાજાએ પણ પોતાના હાથે [તેના કપાળમાં] રાજ્યતિલક કર્યું; એટલે મુખ્ય મુખ્ય રાજપુરૂષોએ પણ પ્રિયંકરનો રાજ્યાભિષેક કર્યો. પ્રિયંકરની આજ્ઞા બધે પ્રવર્તી ગઇ. તેને ગાદી ઉપર બેસાડીને, છત્ર ધરવામાં આવ્યું અને દેવાંગનાઓ તેની આગળ નૃત્ય કરવા લાગી. મુખ્ય મુખ્ય માણસો હર્ષ પામ્યા, સ્વજનો સંતોષ પામ્યા, માતા-પિતાદિક સંતુષ્ટ થયા. પ્રિયંકર રાજાને દેવતાએ રાજ્ય આપ્યાનું સાંભળીને, દુશ્મન રાજાઓએ પણ ત્યાં આવીને તેને ભેટણું કર્યું. સમસ્ત પ્રજા તેના પુણ્યની પ્રશંસા કરવા લાગી અને દેવો તથા દેવીઓ પોતપોતાને ઠેકાણે ચાલ્યાં ગયાં.

પછી સાતમા દિવસે **અશોકચંદ્ર** રાજાનું મરણ થયું. એટલે શોકાતુર થએલા **પ્રિયંકર** રાજાએ પોતાના પિતાની જેમ તેની ઉત્તરક્રિયા કરી. તેના પુત્રને તથા ગોત્રીઓને ગામ, ગરાસ વગેરે થોડુંક વહેંચી આપ્યું. બધાના ગામ, ગરાસ વગેરેની ચિંતા કરવા માટે નવા અધિકારીઓની નીમણુંકો કરી. પછી અનુક્રમે તેણે ઘણા દેશો સાધ્યા. શ્રી**પ્રિયંકર** રાજાને **ઉપસર્ગહરસ્તવ**ના જાપથી જ આ લોકમાં બધા કાર્યોની સિદ્ધિ થઇ અને તેના ખજાનામાં કરોડોનું ધન થયું. કારણ કેઃ—

'उपसर्गहरस्तोत्र-गुणनात् कार्यसिद्धयः ।
भवन्ति भविनां पुंसां, मित्रीयन्ते च शत्रवः ॥२३०॥

ઉપસર્ગહરસ્તોત્રના જાપથી ભવ્યપુરૂષોના કાર્યની સિદ્ધિ થાય છે અને તેમના શત્રુઓ (પણ) મિત્ર બની જાય છે."

વળી—

"सुकृतं धनस्य बीजं व्यवसायः सलिलमथ प्रतिनीति ।
फलमुपनीय नराणां परिपाकमुपैति कालेन ॥२३१॥

સુકૃત એ ધનનું બીજ છે, વ્યાપાર એ જલ છે, તેથી સમયનો પરિપાક થયે છતે, તે ઉદયમાં આવીને ભવ્યપુરૂષોને ઉત્તમ ફળ આપે છે."

પ્રિયંકર રાજા અનેક પ્રકારના દાન, પુણ્ય કરવા અને કરાવવા લાગ્યો, એટલે તેનું અનુકરણ કરીને લોકો પણ દાનાદિ કાર્યો કરી, ધર્મપરાયણ થયા. કારણ કેઃ—

"राज्ञि धर्मिणि धर्मिष्ठाः, पापे पापाः समे समाः ।
राजानमनुकुर्वन्ति, यथा राजा तथा प्रजाः ॥२३२॥

રાજા જો ધર્મિષ્ઠ હોય તો પ્રજા પણ ધર્મિષ્ઠ થાય છે, રાજા જો પાપી હોય તો પ્રજા પાપી અને (પાપ પુણ્યમાં) સમાન હોય તો પ્રજા પણ સમાન થાય છે, પ્રજા રાજાને જ અનુસરનારી હોય છે અને તેથી જેવો રાજા તેવી જ પ્રજા થાય છે."

તે પછી **ધનદત્ત** શેઠની દાક્ષિણ્ય, ક્ષમા, વિનય અને વિવેકથી શોભતી **શ્રીમતી** નામની પુત્રીને પોતાની પટ્ટરાણી બનાવી. કેટલોક વખત વીતી ગયા પછી તેને એક પુત્ર અવતર્યો. પુત્ર જન્મનાં વધામણાં થયાં અને તે નિમિત્તે દાન પણ દેવામાં આવ્યું. કેમકેઃ—

"सुभोजनं दिने सारं, सुभार्या सारयौवनम् ।
सत्पुत्रेण कुलं सारं, तत्सारं यच्च दीयते ॥२३३॥

દિવસનો સાર સારૂં ભોજન છે, યૌવનનો સાર સારી પત્નિ છે, કુલનો સાર સારો પુત્ર છે અને દાન દેવું એ પણ સારભૂત છે."

અનુક્રમે વૃદ્ધિ પામતા તે પુત્રનું મોટા ઉત્સવપૂર્વક **જયંકર** એવું નામ પાડવામાં આવ્યું. પાંચમા મહિને તેને દાંત આવ્યા. રાજાએ શાસ્ત્રના જાણકારોને પૂછવાથી તેઓએ કહ્યું કે:—

"प्रथमे मासे सञ्जात-दन्तो हन्ति कुलं ततः ।
द्वितीये जातदन्तस्तु, स्वतात विनिहन्ति सः ॥२३४॥
तृतीयके पुनर्मासे, पितरं वा पितामहम् ।
तुर्यमासे च जातेषु, भ्रातृनेव विनाशयेत् ॥२३५॥
हस्त्यश्वकरभान् पुत्रान्, पञ्चमे पुनरानयेत् ।
मासे करोति षष्ठे तु, सन्तापं कलहं कुले ॥२३६॥
नाशयेत् सप्तमे मासे, धनधान्यागवादिकम् ।
यस्य दन्तयुतं जन्म, तस्य राज्यं विनिर्दिशेत् ॥२३७॥

જે [બાળકને] પહેલા મહિને દાંત ફુટે તો કુળનો ધ્વંસ કરે છે, બીજા મહિને દાંત આવે તો તે પોતાના પિતાને હાનિ કરે છે, ત્રીજા મહિને દાંત આવે તો પિતાને અથવા પિતામહ (દાદા)નો નાશ કરે છે, ચોથા મહિને આવેલો દાંત ભાઇઓનો નાશ કરે છે, પાંચમા મહિને આવેલો દાંત શ્રેષ્ઠ એવા હાથી, ઘોડા અને ઊંટ તથા પુત્રોને લાવે છે–(વૃદ્ધિ કરે છે). છઠ્ઠા મહિને આવેલો દાંત કુટુંબમાં સંતાપ અને કલેશ કરાવે છે, સાતમા મહિને આવેલો દાંત ધન, ધાન્ય અને ગાય વગેરેનો નાશ કરે છે. તથા જેનો દાંત સહિત જન્મ થાય તેને રાજ્ય મલે છે."

આ પ્રમાણે સાંભળીને હર્ષિત થએલો એવો રાજા રાજકાજ કરવા લાગ્યો. એવા વખતમાં રાજાના બીજા હૃદય સમાન સર્વ કાર્યમાં પ્રવીણ એવો **હિતંકર** નામનો મંત્રિ શૂળના રોગથી મરણ પામ્યો. કહ્યું છે કે:–

"શૂળ, ઝેર, સર્પ, વિશૂચિકા, પાણી, શસ્ત્ર, અગ્નિ અને અકસ્માતથી જીવ મુહૂર્ત્તમાત્રમાં જ બીજા શરીરમાં પ્રવેશ કરે છે."–૨૩૮

"મુંહતા વિણ રાજહ કિસ્યું, રખવાલ વિણ પોલિ;
પતિ પાખે નારી કિસી, પહિરણ વિણ કિસી મોલિ ?
रावणस्य गतं राज्यं, प्रधानपुरुषं विना ।
श्रीरामेण निजं राज्यं, प्राप्तं लक्ष्मणबुद्धितः ॥२३९॥

મંત્રિ વગર રાજ્ય કેવું, ચોકીદાર વગરની શેરી કેવી; પતિ વગરની સ્ત્રી કેવી અને વસ્ત્રો વગર મુગટ કેવો." પ્રધાનપુરુષ વગર રાજા **રાવણનું** રાજ્ય ગયું અને **શ્રીરામચંદ્રજીએ લક્ષ્મણની** બુદ્ધિથી રાજ્ય મેળવ્યું.–૨૩૯

પછી પ્રિયંકરે મંત્રિના પુત્રને બોલાવીને, તેની પરીક્ષા માટે એક કાવ્ય પૂછ્યું. તે આ પ્રમાણે--

"मुखं विनाऽत्ति न करोति शुद्धिं, हस्तौ न भक्ष्यं बहु भाजनस्थम् ।
रात्रिंदिवादि न कदापि तृप्तः, शास्त्रानभिज्ञः परमार्गदर्शी ॥२४०॥

જે મુખ વગર ખાય છે, [મળ] શુદ્ધિ કરતો નથી. જેને હાથ નથી, ભાજનમાં રહેલું બધું ભક્ષ્ય રાત અને દિવસ આવા છતાં પણ કદાપિ જે તૃપ્તિ પામતો નથી. [વળી] તે શાસ્ત્રથી અનભિજ્ઞ હોવા છતાં પણ બીજાને માર્ગ બતાવે છે. [તે કોણ હોવો જોઇએ ?]"

મંત્રિપુત્રે વિચાર કરીને જવાબ આપ્યો કે-"દીપક."

ફરીથી [રાજાએ તેને] પૂછ્યું કેઃ-

"नारि तिन्नि छइ एकठी मिली बे गोरी त्रीजी सांमली ।
पुरुषह विण नवि आवइ काजि रात्रिंदीस मानीजइ राजि॥२४१॥

ત્રણ સ્ત્રીઓ એક સાથે મળેલી છે, તેમાંની બે ધોળી છે અને ત્રીજી કાલી છે અને રાતદિવસ તેમનું માન જળવાય છે, છતાં તે પુરૂષવગર કામમાં નથી આવતી. [તે શું હશે ?]

તેણે જ જવાબ આપ્યો કેઃ-ખડિયો, કલમ અને શાહી. સભામાંથી એક વિદ્વાને કહ્યું કેઃ-યોગી ધ્યાનમાં શેનું ધ્યાન કરે છે? ગુરૂને માટે શું કરવામાં આવે છે? સજ્જનોને શું માન્ય છે? અને વિદ્યાર્થીઓ પ્રારંભમાં શું ભણે છે?

તેણે કહ્યું કે—ॐ नमः सिद्धम्। [પછી] મંત્રિના પુત્રે વિદ્વાનને પૂછ્યું કે હું કહું તે કહોઃ-

"એક પુરૂષ કોડિહિ પરિવરિઓ હીડઇ બાલક હીઇ ચઢિઓ ।
નારીના મનિ સોહ જ લહઇ રૂડો વિરૂઓ લોક તસુ કહુઇ ॥૨૪૩॥

એક પુરૂષ છે, જેને કરોડો વિંટાએલા છે, જે બાલકના હૃદય ઉપર ચઢીને ચાલે છે; સ્ત્રીઓના હૃદયમાં જે શોભાને પામે છે અને લોકો જેને સારો તથા ખોટો (પણ) કહે છે. (તે કોણ ?)."

(વિદ્વાને જવાબ આપ્યો કે-) ચન્દ્રમા.

પછી તેની બુદ્ધિથી ખુશ થએલા રાજાએ મંત્રિના પુત્રને મંત્રિપદે સ્થાપન કર્યો. કારણ કેઃ--

"बुद्धया जानन्ति शास्त्रं विमलगुणततीं राजमानं च नित्यं
बुद्धया सर्वार्थसिद्धिर्भवति रिपुबलं जीयते तत्क्षणेन ।

बुद्ध्या गृह्णन्ति दुर्गं लघुरपि नृपति रक्ष्यमाणं सुयोधैः
बुद्ध्या चाणाक्य-रोहा-ऽभयकुमरवराः प्रापिता द्राक् महत्त्वम् ॥२४४॥

બુદ્ધિથી વિમળ એવા ગુણીજનો શાસ્ત્રનો બોધ અને નિરંતર રાજસન્માન પ્રાપ્ત કરે છે, બુદ્ધિથી બધી ઇચ્છાઓની સિદ્ધિ થાય છે અને દુશ્મનોના લશ્કરને ક્ષણભરમાં જીતી શકાય છે; બુદ્ધિથી નાનો રાજા પણ સારા યોદ્ધાઓથી રક્ષણ કરાતા એવા કિલ્લાને ગ્રહણ કરે છે, (અને) બુદ્ધિથી જ **ચાણાક્ય, રોહક** અને **અભયકુમાર** વગેરે પુરૂષો સત્વર મહત્ત્વને પામ્યા છે."

તે વખતે **શ્રીધર્મનિધિસૂરિ** નામના એક જૈન આચાર્ય ત્યાં પધાર્યા, તેઓને વંદન કરવા માટે **પ્રિયંકર** રાજા પોતાના પરિવાર સાથે ગયો. ગુરૂમહારાજે આ પ્રમાણે ઉપદેશ આપ્યોઃ—

"जिनप्रणामो जिननाथपूजा, नमस्कृतेः संस्मरणं च दानम् ।
सूरीश्वराणां नतिपर्युपास्ती, रक्षा त्रसानां दिनकृत्यमेतत् ॥२४५॥
अस्मिन् काव्ये कर्तुर्नाम् ।
श्रीतीर्थयात्राकरणं महेन, साधर्मिकाणामदनस्य दानम् ।
श्रीसङ्घपूजाऽऽगमलेखनं च, तद्वाचनं स्यादिति वर्षकृत्यम् ॥२४६॥

तीर्थयात्राफलं यथा—

सदा शुभध्यानमसारलक्ष्मीफलं चतुर्धा सुकृतास्तिरूचे ।
तीर्थोन्नतिस्तीर्थकृतां पदाप्ति-र्गुणा हि यात्राप्रभवाः स्युरेते ॥२४७॥
वपुः पवित्रीकुरु तीर्थयात्रया, चित्तं पवित्रीकुरु धर्मवाञ्छया ।
वित्तं पवित्रीकुरु पात्रदानतः, कुलं पवित्रीकुरु सच्चारित्रतः ॥२४८॥

જિનેશ્વરને પ્રણામ, જિનેશ્વરની પૂજા, નમસ્કાર મંત્રનું સ્મરણ, દાન, આચાર્યોને નમસ્કાર તથા તેમની ભક્તિ અને ત્રસજીવોની રક્ષા એ શ્રાવકોનું દિનકૃત્ય છે. [આ ૨૪૫ મા શ્લોકના પ્રત્યેક ચરણના પ્રથમ અક્ષરથી **જિનસૂર** એવું ગ્રંથકર્તાનું નામ નિષ્પન્ન થાય છે.]"–૨૪૫

મહોત્સવપૂર્વક તીર્થયાત્રા કરવી, સાધર્મિકોનું વાત્સલ્ય કરવું, અર્થાત્ સાધર્મિકોને ભોજન આપવું, શ્રી સંઘની પૂજા કરવી, આગમ લખાવવા અને તેની વાચના કરાવવી–એ વાર્ષિક કર્તવ્ય છે."–૨૪૬

તીર્થયાત્રાનું ફલ આ પ્રમાણે જાણવું–

"નિરંતર શુભધ્યાન, અસાર એવી લક્ષ્મીની સફળતા, ચાર પ્રકાર (દાન, શીયળ, તપ અને ભાવના)ના સુકૃતની પ્રાપ્તિ. તીર્થની ઉન્નતિ, (અને) તીર્થંકરપદની પ્રાપ્તિ-યાત્રા કરવાથી આવા પ્રકારના ગુણોની પ્રાપ્તિ થાય છે."–૨૪૭

"[હે મહાનુભાવ !] તીર્થયાત્રાથી તારા શરીરને પવિત્ર કર !, ધર્માભિલાષથી મનને પવિત્ર કર !; સુપાત્રમાં દાન આપીને ધનને પવિત્ર કર ! અને સદાચારથી કુલને પવિત્ર કર !"–૨૪૮

વળી **શત્રુંજય** મહાતીર્થની યાત્રા કરવાથી વિશેષ ફલની પ્રાપ્તિ થાય છે. કારણ કે:–

"नमस्कार'समो मन्त्रः, 'शत्रुञ्जय'समो गिरिः।
धर्मो जीवदयातुल्यः, शास्त्रं 'कल्प'श्रुताऱ्हि ॥२४९॥

નમસ્કાર સમાન મંત્ર નથી, **શત્રુંજય** સમાન તીર્થ નથી, જીવદયા સમાન કોઇ ધર્મ નથી અને **કલ્પસૂત્ર**ના જેવું બીજું કોઇ શાસ્ત્ર નથી."

"**શત્રુંજય**તીર્થ ઉપર જિનેશ્વરદેવના દર્શન માત્રથી બે ભવની દુર્ગતિનો ક્ષય થાય છે. [અને] પૂજા તથા સ્તુતિ કરવાથી એક હજાર સાગરોપમની દુર્ગતિ નાશ પામે છે. માર્ગમાં **શત્રુંજય**નું ધ્યાન કરવાથી એક હજાર પલ્યોપમ અને અભિગ્રહ કરવાથી લાખ પલ્યોપમનું તથા તેની સન્મુખ ગમન કરવાથી એક સાગરોપમ વર્ષનું સંચિત કરેલું પાપકર્મ નાશ પામે છે."–૨૫૦,૨૫૧

ગુરૂમહારાજનો ઉપદેશ સાંભળીને **પ્રિયંકર** રાજાએ વિશેષ પ્રકારે ધાર્મિક અભિગ્રહો લીધા અને ફરી **ઉપસર્ગહર** સ્તવના જાપનો આમ્નાય પૂછ્યો. ગુરૂમહારાજ બોલ્યા કે:–શ્રી **ભદ્રબાહુસ્વામીએ** અનેક મંત્રો તથા યંત્રો આ સ્તવ–સ્તોત્રમાં ગોપવેલા છે. જેનું સ્મરણ કરવાથી અત્યારે પણ–"જળ, અગ્નિ, ઝેર, સર્પ, દુષ્ટ, ગ્રહ, રાજરોગ (મોટા રોગ), રણસંગ્રામનો ભય, રાક્ષસ, શત્રુઓનો સમૂહ, મરકી, ચોર સાત પ્રકારની ઇતિ, ચાર પગવાળા હિંસક પ્રાણીઓ વગેરેથી રક્ષા થાય છે."

વળી હે રાજન્ ! તને જે સુખ, સંયોગ, સંતાન, સંપત્તિ, ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ તથા સામ્રાજ્યની જે પ્રાપ્તિ થઇ છે. તથા દુઃખ, દારિદ્રતા, આકરી, કમનસીબી, પાપ, અને આપત્તિનો જે અભાવ થયો છે, તે બધોએ **ઉપસર્ગહર** સ્તવના જાપ અને ધ્યાનનો જ પ્રભાવ જાણવો. પહેલાં આ સ્તવમાં છઠ્ઠી ગાથા હતી, તેના સ્મરણથી તત્કાળ **ધરણેન્દ્ર** આવીને દુઃખનું નિવારણ કરતો હતો. પછી તે **ધરણેન્દ્રે** પૂજ્યશ્રી (**ભદ્રબાહુસ્વામી**)ની આગળ **કહ્યું** કે–વારંવાર અહીં આવવું પડતું હોવાથી હું મારા સ્થાનના વિષે રહી શકતો નથી, તેથી [આપ] છઠ્ઠી ગાથાને ભંડારી દો. પાંચ જ ગાથાના પણ આ સ્તોત્રનું ધ્યાન કરનાર સત્પુરૂષોને હું અહીંયાં રહ્યો રહ્યો પણ સહાયતા કરીશ. ત્યારથી પાંચ ગાથાના પ્રમાણવાળું આ સ્તવન ગણાય છે.

પહેલી ગાથાથી ઉપસર્ગ, ઉપદ્રવ અને સર્પના ઝેરનો નાશ થાય છે. પહેલી અને બીજી ગાથા ગણવાથી ગ્રહ, રોગ, મરકી, વિષમ તાવ, દુષ્ટ, દુર્જન તથા સ્થાવર

અને જંગમ વિષની શાંતિ થાય છે. પહેલી, બીજી અને ત્રીજી ગાથા ગણવાથી મનુષ્યો અને તિર્યંચોને ભયંકર રોગ, દુઃખ, દુર્ગતિ, નીચકુળ વગેરેની પ્રાપ્તિ થતી નથી, અને સુખ, સારી ગતિ, સૌભાગ્ય, લક્ષ્મી અને મહત્તા વગેરેની પ્રાપ્તિ થાય છે. ચાર ગાથા ગણવાથી તમામ ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ થાય છે. આ સ્તોત્રની (પાંચ ગાથાઓની) અંદર **શ્રીપાર્શ્વચિંતામણિ** નામનો **શ્રીભદ્રબાહુસ્વામીએ** મંત્ર ગોપવેલો છે. પાંચે ગાથાઓ સારી રીતે ગણવાથી આલોક અને પરલોકનું કાર્ય કરનાર આ સ્તોત્ર છે. (વળી) એમાં અનેક મંત્રો સ્તંભન–વશીકરણ–વિદ્વેષણ–ઉચ્ચાટન વગેરેના ગોપવેલા છે. તે મંત્રો અને યંત્રો તેની વૃત્તિ ઉપરથી જાણી લેવાં.

પછી રાજા ગુરૂને વંદના કરીને પોતાના સ્થાને ગયો. રાજા [તે દિવસથી] રાત્રિના વખતે પાસે આવેલા **શ્રીપાર્શ્વનાથ** પ્રભુના મંદિરમાં એક પહોર સુધી **ઉપસર્ગહર** સ્તવનો જાપ અને ધ્યાન કરવા લાગ્યો.

એક વખતે **પ્રિયંકર** રાજા રાતના વખતે ધૂપ લઇને તે સ્તવનું ધ્યાન કરવા માટે **શ્રીપાર્શ્વનાથ** પ્રભુના જિનમંદિરમાં ગયો. નોકરો દેરાસરની બહાર બેઠા હતા. એવામાં સવાર થઇ ગઇ, સભામાં રાજપુરૂષો આવી પહોંચ્યા–"હજુસુધી રાજા સભામાં કેમ નથી આવ્યા" એ પ્રમાણે પ્રધાનો વગેરે સર્વ સભાસદોએ અંગરક્ષકોને પૂછયું. તેઓ બોલ્યા–રાજા દેરાસરમાંથી બહાર નીકળ્યા જ નથી, પ્રધાનો ત્યાં ગયા. એટલે મૂળદ્વારના (ગભારાના) બારણા બંધ થએલા જોયા, પછી બારણાના છિદ્રમાંથી તેઓએ અંદર જોયું તો **શ્રીપાર્શ્વનાથ** પ્રભુની પ્રતિમા સુગંધીવાળા ફૂલોથી પૂજન કરાએલી અને આગળ એક દીપક બળતો જોયો, પરંતુ રાજા ત્યાં આગળ બેઠેલો દેખાયો નહિ. તેઓએ મનમાં વિચાર્યું કે–રાજાને ઉંઘ આવી ગઇ હોય. પરંતુ દેવમંદિરની ૮૪ આશાતનાના ભયથી તેમ પણ રાજાએ કર્યું હોય એવું લાગતું નથી. છતાં પણ પ્રધાનોએ મીઠાં મીઠાં વચનોથી રાજાને બોલાવ્યો કે–"(હે સ્વામીન્!) આપ રોજ બિરાજો છો તે સભાને અલંકૃત કરો. પ્રભુના મુખકમળનું દર્શન કરવા માટે સૂર્ય પણ ઉંચે ચડી ગયો છે. અને સર્વ સભાજનો પણ પ્રણામ કરવા માટે ઉંચા શ્વાસે ઊભા છે." તોપણ અંદરથી કોઇ પણ બોલ્યું નહિ. મંત્રિઓએ વિચાર્યું કે:– "કોઇ દેવ અથવા વિદ્યાધર તેઓને હરી ગયેલ છે." પછી દેરાસરના બારણા ઉઘાડવાને માટે તેઓએ અનેક પ્રયત્નો કર્યા, પણ તે પુણ્યહીનના મનોરથોની માફક નિષ્ફળ ગયા. કુહાડાઓ પણ બધા બુઠ્ઠા થઇ ગયા અને દેવતાએ વાસેલાં બારણાં કોઇપણ ઉઘાડવાને શક્તિમાન થયું નહિ. પછી મંત્રિઓએ ધૂપ વગેરે કાર્ય કર્યું, ત્યારે દેરાસરનો અધિષ્ઠાયક દેવ બોલ્યો કે–"(હે મંત્રિન્!) વૃથા પ્રયત્ન ન કર. પુણ્યવંત

રાજાની દૃષ્ટિ પડતાં જ દ્વાર સ્વયમેવ ઉઘડી જશે." રાજા મજામાં છે. તે સંબંધી ચિંતા ન કરશો. પ્રધાનોએ કહ્યું કે-"(હે દેવ!) અમારા રાજા કયાં છે? શું કોઇએ તેઓનું હરણ કર્યું છે? તેઓ કયારે આવશે?" પછી દેવ બોલ્યો કેઃ-" પોતાની સમૃદ્ધિ દેખાડવાને માટે **ધરણેન્દ્ર** તેને પોતાના ભુવનમાં લઇ ગયા છે; તેથી આજથી દશમા દિવસે તે અહીં અવશ્ય આવશે. (અને) દેવતાની સહાયથી આવીને તે **પાર્શ્વનાથ** પ્રભુની આગળ પ્રતિદિન દીપક પૂજા કરીને જ ભોજન કરશે."-૨૫૩,૨૫૪.

આ સાંભળીને મંત્રિ અને રાજાનો પરિવાર, એ બધા રાજી થઇને પોતાના ઘેર ગયા. એક વખતે સવારના વખતે દેરાસરમાં રહેલી પ્રતિમાની પૂજા અને દીવો વગેરે કરેલો લોકોના જોવામાં આવ્યો. દશમા દિવસે મંત્રિઓ અને રાજાનો પરિવાર સામે ગયા. એટલામાં તો વનમાંથી દૈવી ઘોડા ઉપર બેઠેલો એવો રાજા આવી પહોંચ્યો, મંત્રિ વગેરે સર્વેએ હર્ષિત થઇને પ્રણામ કર્યા. રાજાને બહુ નવાઇ લાગી અને પૂછ્યું કે -મારા આવવાની વાત તમે લોકોએ શી રીતે જાણી? ત્યારે મંત્રિઓએ કહ્યું કે- દેવના કહેવાથી. (પછી) વાજીંત્રો વાગતાં, ઘેર ઘેર તોરણો બંધાતાં, રસ્તામાં જુદા જુદા રંગની ધજાઓ બંધાતાં, અને ગંધર્વોના ગીત ગાન થતાં મહોત્સવપૂર્વક રાજા નગરમાં આવીને, પ્રથમ પોતાના પરિવાર સહિત જિનમંદિરે આવ્યો. તે વખતે તે જિનમંદિરનાં બારણા જેમ આંબાને મ્હોર આવવાથી કોયલનો કંઠ તથા વિદ્યાના બળથી જેમ બ્હેરો માણસ સાંભળતો થઇ જાય છે તેમ, રાજાની દૃષ્ટિ પડતાં જ તત્કાળ ઉઘડી ગયાં. પછી વિધિપૂર્વક દેરાસરને પ્રદક્ષિણા દઇને, 'નિસ્સિહી' કરીને (રાજા) અંદર પેઠો. (પ્રભુ આગળ) ફલ વગેરે મૂકીને આ પ્રમાણે સ્તુતિ કરવા લાગ્યો.-

" श्रीपार्श्वो धरणेन्द्रसेवितपदः पार्श्वं स्तुवे भावतः
पार्श्वेण प्रतिबोधितश्च कमठः पार्श्वाय कुर्वेऽर्चनम।
पार्श्वाच्चिन्तितकार्यसिद्धिरखिला पार्श्वस्य तेजो महत्
श्रीपार्श्वे प्रकटः प्रभाव इह भोः श्रीपार्श्व ! सौख्यं कुरु ॥२५५॥

'वरकनकशङ्ख विद्रुम'-नानाभरणैर्विभूषितो जीयाः।
त्वां स्तौमि पार्श्वजिनं 'मरकतघनसन्निभं विगतमोहम्। ॥२५६॥
'सप्ततिशतं जिनानां' त्वां प्रसिद्धीकृतं प्रभावेण।
श्रीपार्श्वजिन ! कलावपि ' सर्वामर पूजितं वन्दे'॥२५७॥

જે પાર્શ્વ પ્રભુની ધરણેંદ્ર સેવા કરે છે, તે **પાર્શ્વનાથ** પ્રભુની હું ભાવ પૂર્વક સ્તુતિ કરૂં છું, જે **પાર્શ્વ** પ્રભુએ કમઠને પ્રતિબોધ કર્યો છે, તે **પાર્શ્વનાથ**નું હું પૂજન કરૂં છું; જે **પાર્શ્વનાથ** પ્રભુનું ચિંતવન કરતાં સમસ્ત કાર્યોની સિદ્ધિ થાય છે, જે

પાર્શ્વ પ્રભુનું તેજ મહાન છે અને જે પાર્શ્વ પ્રભુનો હાલ આ જગતમાં પ્રગટ પ્રભાવ છે, એવા હે શ્રીપાર્શ્વ પ્રભુ આપ માટે કલ્યાણ કરો."–૨૫૫

ઉત્તમ કનક શંખ, અને પ્રવાલના વિવિધ આભૂષણોથી વિભૂષિત અને મરકત મણિ (લીલા પાના) તથા ઘન (વાદળ) સમાન વર્ણ વાળા અને જેઓને મોહ નાશ પામ્યો છે, એવા હે શ્રીપાર્શ્વનાથ સ્વામી! હું તમારો સ્તુતિ કરું છું. આ કળિકાળમાં પણ એકસો સિત્તેર તીર્થંકરોમાં પોતાના પ્રભાવથી આપ જનોની સત્વ સિદ્ધિ કરનારા તથા સર્વ દેવોથી પૂજિત એવા હે શ્રીપાર્શ્વનાથ પ્રભુ ! હું તમોને વંદન કરું છું." –૨૫૬ ૨૫૭

[આ પ્રમાણે) નમસ્કાર કરીને તથા શક્રસ્તવાદિ ભણીને રાજા આ પ્રમાણે વિનંતિ કરવા લાગ્યો:–

"જય પાસ ! જિણેસર ! જગહસાર, પઇંનિમ્મિયતિહુયણપરૂવયાર !
મણવંછિયપૂરણકપ્પસાલ ! તુહ મહિમા મહિ માંહિ વિસાલ ॥૨૫૮॥
ભવિ ભવિ હું ભમીઉ બહુય ઠામ, સેવક મે થાપિ અમ્હ રખિય મામ;
તસુ ચિંતિય સિજ્ઝઇ સયલ કામ, જે જંપઇ સંપઈ પાસ નામ. ॥૨૫૯॥
રણ વણ જલ જલણહ ભય મહંત, રોગગ્ગહ હરિ કરિ હુઇ પસંત;
દુહ દાલિદ્દ દોહગ દૂરિ જંતિ, જે સમરઈ તુહ રહ ધક્ક ચિત્તિ ॥૨૬૦॥
રવિ તાવડિ જિમ તમ દૂરિ જાઈ, તિમ સામીય સમવડિ કુણ કરેઈ ?
સુહ સંત નિપામઇ ઝાઈ જેમ્ય, પય ભેટ્ટઇ છટ્ટઈ તુટ્ટઇ તેહ ॥૨૬૧॥
ધય જિણસૂરિહિ આણંદપૂરિહિ, પાસનાહ સંથુણીય મણિઇં ।
પઉમાવઇ દેવી તુહ પયસેવી, સુર નર કિન્નર ધરણેદ્ઇં ॥૨૬૨॥
તુહ સવિ કહે સરખું નયણું, નિરખું ટાલે આગમન દુહ ।
તુહ મહિમા મોટી પયતલ, લોટી માગુ સિદ્ધિ અણંત સુહ ॥૨૬૩॥

ત્રણ ભુવન ઉપર ઉપકાર કરનાર, જગતમાં સારભૂત, મનોવાંછિત પૂરણ કરવામાં કલ્પવૃક્ષ સમાન, એવા હે શ્રીપાર્શ્વ જિનેશ્વર ! આપનો જય થાઓ. આપનો મહિમા જગતમાં મોટો છે.–૨૫૮

ભવોભવમાં હું ઘણે ઠેકાણે રઝળ્યો છું, તેથી [આપના] સેવક તરીકે રાખીને મારી લાજ રાખો, જે શ્રીપાર્શ્વ પ્રભુના નામનું ચિંતવન કરે છે, તેનાં ઇચ્છેલા સઘળાં કાર્યો સફળ થાય છે.–૨૫૯

જે [મનુષ્ય !] એકાંતમાં રહી એકચિત્તે આપનું સ્મરણ કરે છે, તેના યુદ્ધ, જંગલ, પાણી, અગ્નિના મોટા ભયો, રોગ, ગ્રહ, મરકી, સિંહ, તથા હાથીનો ભય શાંત થાય છે, [અને] દુઃખ, દરીદ્રતા અને દુર્ગતિનો નાશ થાય છે.–૨૬૦

જેવીરીતે સૂર્યના તાપથી અંધારૂં દૂર થઇ જાય છે, તેમ શ્રીપાર્શ્વપ્રભુની બરોબરી કોણ કરી શકે ? તેઓનું જે ધ્યાન કરે છે તથા તેઓના ચરણને દૂરથી ભેટે છે, તેઓને સુખ અને શાંતિની પ્રાપ્તિ થાય છે.–૨૬૧

આ પ્રમાણે **શ્રીજિનસૂરિ** [મુનિ] એ **આનંદપુરમાં** રહીને એક મનથી **શ્રીપાર્શ્વનાથ**પ્રભુની સ્તુતિ કરી છે, [હે પ્રભુ !] **પદ્માવતી** દેવી, દેવો, મનુષ્યો, કિન્નરો અને **ધરણેંદ્ર** પણ આપશ્રીના ચરણકમલની સેવા કરે છે.–૨૬૨

ચક્ષુઓથી કરેલું આપનું દર્શન (હે પ્રભુ !) જન્મ મરણના દુઃખોને દૂર કરે છે એમ બધા લોકો કહે છે, આપશ્રીનો મહિમા મોટો છે, તેથી આપશ્રીના ચરણકમળમાં આળોટીને હું અનંતસુખ (મોક્ષસુખ)ની ભિક્ષા માગું છું”–૨૬૩

આ પ્રમાણે **શ્રીપાર્શ્વ**પ્રભુને વિનંતી કરીને, તેણે પોતાના મહેલની સભાને શોભાવી. પ્રધાનોએ પાતાલલોકનું અને ધરણેન્દ્રની સમૃદ્ધિનું સ્વરૂપ પૂછવાથી રાજા બોલ્યો કે–“તે દિવસની રાત્રે મંદિરની અંદર ધ્યાનમાં રહેલો એવો હું શ્રીપાર્શ્વનાથ પ્રભુના સ્તવનો જાપ કરતો હતો, તે વખતે કાજળના જેવી કાંતિવાળો મોટો નાગ પ્રગટ થયો. તેને દેખીને હું ધ્યાનથી ચલાયમાન ન થયો. પછી [તે સાપ] **શ્રીપાર્શ્વનાથ** પ્રભુના પદ્માસન ઉપર ચડ્યો. એટલે જિનેશ્વર દેવની પ્રતિમાની આશાતનાના ભયથી [અને સાપ] બરાબ જીવ હોવાથી મેં હાથથી પૂંછડીથી પકડ્યો, ત્યારે તે સર્પનું રૂપ તજી દઇને દેવ થયો. મેં તેને પૂછ્યું કે–તમે કોણ છો ? તે બોલ્યો કે–હું **પાર્શ્વનાથ** સ્વામીનો સેવક **ધરણેન્દ્ર** છું, તારા ધ્યાનથી આકર્ષાઇને અહીં આવી મેં તારી પરીક્ષા કરી, પરંતુ તું ધ્યાનથી ચલાયમાન ન થયો, તેથી તું મોટો સાહસિક છે. માટે હે પુરૂષોત્તમ ! તું મારી સાથે પાતાલલોકમાં ચાલ, કે જેથી તને પુણ્યનું ફલ બતલાવું; પછી હું **ધરણેન્દ્ર**ની સાથે પાતાલલોકમાં ગયો. ત્યાં મેં સર્વત્ર સુવર્ણ અને રત્નોથી બાંધેલી ભૂમિકા જોઇ. આગળ ચાલતાં **ધર્મ**રાજાનો વૈક્રિય મહેલ (મને) દેખાડ્યો. પછી **શ્રીધર્મ**રાજાને [મેં] સાક્ષાત્ જોયા, તેઓની પટ્ટરાણી **જીવદયા**ને જોઇ. તે બંનેને મેં પ્રણામ કર્યા. [એટલે] તેમણે મને કહ્યું કેઃ–“[હે નરેન્દ્ર !] અમારી કૃપાથી તું ચિરકાળ વખત રાજ્ય કરજે !” ત્યાંથી આગળ ચાલતાં સાત ઓરડી [મેં] જોઇ. મેં પૂછ્યું કે–“આમાં શું છે ?” ધરણેન્દ્ર બોલ્યા કે–“આ સાતે ઓરડીઓમાં સાત સુખો છે.” મેં કહ્યું કેઃ–“તે ક્યાં કયાં ?” ઇન્દ્ર બોલ્યાઃ—

“પહેલું આરોગ્ય, બીજું લક્ષ્મી, ત્રીજું યશ, ચોથું પતિને અનુકુળ એવી (પતિવ્રતા) સ્ત્રી, પાંચમું વિનયવાન પુત્ર, છઠ્ઠું રાજાની અનુપમ સૌમ્ય દૃષ્ટિ અને

સાતમું નિર્ભયસ્થાન–આ સાતે સુખ જેના ઘરમાં હોય, ત્યાં સાક્ષાત્ ધર્મનો જ પ્રભાવ સમજવો."–૨૬૪

પછી તે સાતે ઓરડીઓ જોઇ. પહેલીમાં તમામ રોગનો નાશ કરનાર દેવ અને બે ચામર છે. બીજી ઓરડીમાં સોનું, રત્ન, માણિક્ય વગેરે છે. ત્રીજી ઓરડીમાં મોટા ધનવાનો યાચકોને દાન દે છે. ચોથીમાં પત્ની પતિની સેવા કરે છે. પાંચમીમાં વિનીત પુત્ર, પૌત્ર, વહુ વગેરે સંપીલું કુટુંબ છે. છઠ્ઠીમાં ન્યાયી અને પ્રજાનું ભલું કરનાર રાજા જોયો અને સાતમીમાં કોઇ એક દેવને **ઉપસર્ગહર** સ્તવના જાપમાં તલ્લીન જોયો. મેં પૂછ્યું કે–"આ દેવ આ સ્તવનો જાપ શા માટે કરે છે?" તેઓએ કહ્યું કે–(આ) સ્તવના ધ્યાનથી દેશમાં, નગરમાં અને ઘરમાં સર્વ ભયથી રક્ષા થાય છે અને નિરંતર મનોવાંછિતની પ્રાપ્તિ થાય છે. આ સ્તવના આમ્નાય, મહિમા અને મંત્રના પુસ્તકો છે. જ્યાં અગાડી ધર્મ અને દયા હોય, ત્યાં અગાડી આ સાતે સુખો હોય છે, એ બતાવવા માટે આ બધું વૈક્રિય લબ્ધિ વડે બતાવેલું છે."

પછી આગળ સુવર્ણ અને રત્નમય કિલ્લો જોયો, ત્યાં લોહમય સાત પ્રતોલી (મુખ્ય દ્વારમાં જવાનો માર્ગ) હતી. પ્રથમ પ્રતોલીમાં જતાં, મેં ચારે બાજુ વિવિધ કલ્પવૃક્ષોથી વીંટાએલા સામાન્ય દેવોના ભવન જોયાં. બીજી પ્રતોલીમાં જતાં ક્રીડા શુક (પાળેલા પોપટ)નાં સોનાનાં પાંજરાં જોયાં, પોપટો મને જોઇને કહેવા લાગ્યા કેઃ—

"હે **પ્રિયંકર** રાજા! પધારો, પધારો, આ સ્થાન પુણ્યવંત પ્રાણીઓ સિવાય કોઇને પ્રાપ્ત થતું નથી. અર્થાત્ આ જગ્યાએ પુણ્યવંત પ્રાણીઓ જ આવી શકે છે."

ત્રીજી પ્રતોલીમાં પ્રવેશ કરતો મને જોઇને નાચ કરતા મયૂરો મનુષ્યની વાણીમાં બોલ્યા કેઃ—

"હે રાજેન્દ્ર! આપના દર્શનથી અમારું જીવન આજે સફળ થયું! ખરેખર, તે નગરને ધન્ય છે કે જ્યાં **પ્રિયંકર** રાજા છે."

ચોથી પ્રતોલીમાં આગળ આગળ કુદકાઓ મારતા તથા વિવેકવડે મને પ્રણામ કરતા રાજહંસો મારા જોવામાં આવ્યા. પાંચમી પ્રતોલીમાં સ્ફટિક રત્નની ક્રીડા કરવાની વાપિકાઓ (વાવો), તથા સ્નાન કરવાના મંડપો વગેરે જોયા. છઠ્ઠી પ્રતોલીમાં ઇન્દ્રના સામાનિક દેવોના મકાનો જોયાં અને સાતમી પ્રતોલીમાં દેવાંગનાઓનાં અધિક અધિક ટોળાં દેખવામાં આવ્યાં, તેની આગળ અનેક પ્રકારના આશ્ચર્યવાળી અને કરોડો દેવોએ કરીને સહિત **ધરણેન્દ્ર**ની સભા જોઇ. ત્યાં દિવ્ય નૃત્ય જોયું. **ધરણેન્દ્રે** પુણ્યનું ફળ બતાવવા માટે [મારી સેવામાં મૂકેલા] દેવ,

દેવીઓએ નવ દિવસ સુધી પોતાના પુત્રની જેમ મારી આગતા સ્વાગતા કરી. અહીં [આ દેરાસરમાં] દેવની સાથે રહીને દશ દિવસ સુધી મેં પોતે જ પૂજા કરી છે. તે લોકોએ મને જે દિવ્ય આહારનું ભોજન કરાવ્યું, તેનું સ્વરૂપ કહી શકાય તેમજ નથી. આવા પ્રકારની ત્યાંની ઋદ્ધિ જોઈને મારી પુણ્ય તરફ વિશેષ રૂચિ થઇ. પછી મેં કહ્યું કે–"હે ધરણેન્દ્ર! મને મારા નગરે મોકલી દો, જેથી હું પુણ્ય કરી શકું." પછી ધરણેન્દ્રે પોતાના હાથમાં પહેરેલી વીંટી મને આપી અને કહ્યું કે–"આ મુદ્રિકા ભોજનના ભાજન પર રાખવાથી ઘણા મનુષ્યોને ભોજન આપવાના પ્રભાવવાળી છે, [અને] જ્યારે વિશેષ પુણ્યનું કામ હોય ત્યારે પ્રાતઃકાળે **નમસ્કાર** મન્ત્ર તથા **ઉપસર્ગહર સ્તોત્ર**ની શરૂઆતની ત્રણ ગાથાનું ત્રણ વાર સ્મરણ કરીને, આંગણામાં આવીને વીંટી આકાશમાં ઉછાળવાથી પપ૫ પાંચસો પંચાવન માણસ ભોજન કરી લેશે ત્યાંસુધી વીંટી આકાશમાં રહેશે." આ સાંભળીને અત્યંત પ્રમુદિત (રાજી) થએલા એવા મેં બહુમાનપૂર્વક તે વીંટી ગ્રહણ કરી.

પછી તેણે (ધરણેન્દ્રે) પોતાના દેવની સાથે દિવ્ય ઘોડા મારફત (મને) અહીંયાં મોકલ્યો; પરંતુ તમે સામા આવ્યા તેથી મને આશ્ચર્ય થયું. પ્રધાને કહ્યું કે–"પ્રભુના અધિષ્ઠાયક દેવની વાણીથી, આપનું પાતાલ ગમન, કમાડનું ઉઘાડવું, અહીંયાં પાછું આવવું, એ બધું અમે જાણ્યું હતું." પછી રાજા બોલ્યો–સભાની સમક્ષ, પુણ્યનાં ફલોરૂપ, દેવતાઓને જે સુખો છે, તે કહેવાને કોણ સમર્થ થઇ શકે? કહ્યું છે કેઃ—

"દેવલોકમાં દેવતાઓને જે સુખ છે, તે એક જીભથી તો શું, પરંતુ કદાચ માણસને સો જીભ હોય અને તે સો વર્ષ સુધી વર્ણન કર્યા કરે, તો પણ માણસ તે સુખનું વર્ણન કરી શકતો નથી."–૨૬૭

તેથી હું હવે પુણ્ય જ કરીશ. મંત્રિ બોલ્યો–રાજાને તો હમેશાં પુણ્ય જ હોય છે. કારણ કેઃ–

"ન્યાય, દર્શનો, ધર્મો, તીર્થસ્થાનો અને સુખસંપત્તિ જેના આધારે પ્રવર્ત્તે છે તે પૃથ્વીપતિ જય પામો." વળી–"પ્રજાના પુણ્યનો છઠ્ઠો ભાગ તેનું (પ્રજાનું) રક્ષણ કરનાર રાજાને મળે છે અને જો રક્ષણ ન કરે તો પ્રજાના પાપનો છઠ્ઠો ભાગ રાજાને મળે છે."–૨૬૮,૨૬૯

પછી રાજાએ જિનમંદિર વગેરે સાતે ક્ષેત્રોમાં ધન વાપર્યું. તે સાત ક્ષેત્ર આ પ્રમાણેઃ—

"जिणभुवणे जिणबिंबे पुत्थयलिहणे चउव्विहे संघे।
जो ववइ नियदव्वं सुकयत्था ते अ संसारे ॥२७०॥

જિનમંદિર ૧, જિનબિંબ ૨, પુસ્તક લખાવવામાં ૩, અને ચતુર્વિધ સંઘ (સાધુ ૪, સાધ્વી ૫, શ્રાવક ૬, શ્રાવિકા ૭,)ની ભક્તિમાં જે પોતાનું ધન વાવે (વાપરે) છે. તે સંસારમાં કૃતકૃત્ય સમજવા."

વળી મહિનામાં બે પાખી (ચતુર્દશી)ના પારણાના દિવસે ધરણેન્દ્રે આપેલી વીંટીના પ્રભાવથી તે બે વાર સાધર્મિક વાત્સલ્ય કરવા લાગ્યો. આ પ્રમાણે ઘણાં વર્ષ વ્યતીત થયાં.

એક વખતે પારણાના દિવસે રાજા ગુરૂમહારાજને વંદન કરવા માટે [ઉપાશ્રયે] ગયો. મહારાજ રાજાને ઉપદેશ આપે છે, તે વખતે જિનધર્મથી વાસિત અંતઃકરણવાળો, જેણે સાતે ધાતુએ કરીને શ્રાવકની અગિયાર પ્રતિમાનું વહન કર્યું છે એવો, શ્રાવકના એકવીશ ગુણોથી શોભિત, શ્રીઆનંદ શ્રાવકના જેવો બારવ્રતધારી એવો, એક શ્રાવક ગુરૂમહારાજના ચરણકમળમાં વંદન કરતો હતો. આવા પ્રકારના તે ગુણધારી શ્રાવકને જોઇને, રાજાએ તેને ભોજનનું નિમંત્રણ કર્યું. તે વખતે ગુરૂમહારાજે કહ્યું કેઃ-"હે રાજન્! આ શ્રાદ્ધવર્યને આજે અષ્ટમનું પારણું છે, માટે એને સર્વથી પ્રથમ ભોજન કરાવજો." રાજાએ તે વાતને કબુલ રાખી. પછી તે આવ્યો એટલે રાજાએ તેને સન્માનપૂર્વક ભોજન કરવા બેસાડ્યો. એટલામાં પાંચસો શ્રેષ્ઠીઓ ત્યાં ભોજન કરવા આવી પહોંચ્યા. હવે તે શ્રાવકોત્તમ જેટલામાં પારણું કરીને ઉઠ્યો, તેટલામા જ ધરણેન્દ્રે આપેલી મહાપ્રભાવવાળી તે મુદ્રિકા આકાશમાંથી ઉતરીને, પોતાની મેળે રાજાના હાથમાં આવી ગઈ. આ બનાવ જોઇને રાજા વિચારવા લાગ્યો કે-આજે આ શું થયું? શું દેવ કોપાયમાન થયો? કે શું મને અશ્રદ્ધા થઇ? (અથવા) તો શું મારૂં પુણ્ય પરવાળી ગયું (ક્ષીણ થઇ ગયું)? દેવે કહેલું પુણ્ય આજે અસત્ય કેમ થયું? હવે મારી આબરૂનું હું રક્ષણ શી રીતે કરીશ? આ આવેલા પાંચસો શ્રેષ્ઠીઓનું ભોજનાદિકથી હું શી રીતે ગૌરવ કરી શકીશ? એટલામ રાજાના ચોકમાં દૈવી વાણી થઇ કેઃ—

"હે રાજન્! તું મનમાં લેશ પણ ચિંતા કરીશ નહિ, દેવની વાણી જુઠ્ઠી હોતી નથી; (પરંતુ) આ એક જ શ્રાવકોત્તમને ભોજન કરાવતાં તને પાંચસો શ્રાવકોને ભોજન કરાવવાનું પુણ્ય પ્રાપ્ત થયું."

મોટાઓ મોટાઓનું જ વાત્સલ્ય કરનારા હોય છે, પરંતુ પુણ્યશાળી ગુણવાનનું વાત્સલ્ય કોઇ જ કરતું નથી. કારણ કેઃ—

"नागुणी गुणिनो वेत्ति, गुणी गुणिषु मत्सरी,
गुणी च गुणरागी च, विरलः सरलो जनः ॥२७२॥

ગુણ વગરનો માણસ ગુણવાનને ઓળખતો નથી, અને ગુણવાન માણસ ગુણવાનની અદેખાઈ કરે છે; [પરંતુ] ગુણવાળા અને ગુણ ઉપર પ્રેમ રાખનારા મનુષ્યો તો વિરલા જ હોય છે."

પછી રસોઇયાએ આવીને રાજાને કહ્યું કેઃ—"હે રાજન્! ભોજનનાં પાત્રો તો ખાલી થઇ ગયાં છે." ત્યારે આકાશમાં રહેલો દેવ બોલ્યો—એવું ના બોલ, તું જઇને જો, મેં તે બધાં પાત્રો ભરી દીધેલાં છે. હજારો માણસોને જમાડવા છતાં પણ તે ઓછાં પડવાનાં નથી. (પછી) રાજી થએલા રાજાએ તે બધા શ્રેષ્ઠીઓને ભોજન કરાવ્યું, તોપણ તે પાત્રો તે પ્રમાણે ઠેઠ ગળા સુધી ભરેલાં જોયાં, તેથી આખા નગરને રાજાએ આમંત્રણ આપીને જમાડયું. કોઇપણ રસોઇ કરનાર દેખાતો નહિ હોવા છતાં પણ બધાંને દૈવી ભોજન મલવાથી, નગરના લોકો અજાયબીમાં ગરકાવ થઇ ગયા. (અને પોતાના મનમાં વિચારવા લાગ્યા કેઃ—)શું રાજાને દેવ પ્રત્યક્ષ થયો હશે? કે શું કોઈ દેવે વરદાન આપ્યું છે? (અથવા) તો શું રાજાની પાસે ચિંતાવેલી હશે? કે શું તેને સુવર્ણપુરૂષ પ્રાપ્ત થયો હશે? રાજાએ સભાજનોને કહ્યું કે—"આ બધો ધર્મધ્યાનનો પ્રભાવ જાણવો." તે વખતે (ત્યાં બેઠેલા) કવીશ્વરે આ પ્રમાણે બે આશીર્વાદના શ્લોકો કહ્યા—

"श्रीमत्कंप्रियाराद श्रीमत्पर्यंशोमद ।
श्रीसुतैककलौ नन्द श्रीदस्यारमास्पद ॥२७३॥

સ્વસ્તિક બંધવાળા આ શ્લોકમાં **'પ્રિયંકર'** રાજાનુ નામ ગર્ભિત છે.

श्रीमत्सभाविवेकाभ! शातकुम्भलसत्प्रभ!।
राजादेसजयादम्भ! गुणकुम्भ! रुचानिभः ॥२७४॥

અષ્ટદલ કમલવાળા આ શ્લોકમાં 'વિશાલરાજ' ગુરૂનું નામ ગર્ભિત છે. (આશીર્વાદાત્મક શ્લોકો હોવાથી આ બે શ્લોકોનો અર્થ આપ્યો નથી.)

આથી રાજા પ્રસન્ન થયો. (અને) "પ્રસન્ન થએલા એવા **પ્રિયંકર** રાજાએ સ્વસ્તિકબંધ કાવ્યની રચના કરનારને પાંચ ગામ, પાંચ ઘોડા અને **પાંચહજાર** સોનામહોર આપી."—૨૭૫

ત્યાર પછી પોતાના માતપિતાને શ્રી 'શત્રુંજય' મહાતીર્થની યાત્રા મોટી ઋદ્ધિએ કરીને સહિત કરાવી. તે આ પ્રમાણે—

કહ્યું પણ છે કેઃ—"શત્રુંજય તીર્થ, સમકિત, સિદ્ધાંત, સંઘની ભક્તિ, સંતોષ, સામાયિક અને શ્રદ્ધા આ સાત 'સ'થી શરૂ થતા ગુણો આ લોકમાં દુર્લભ છે."—૨૭૬

[શત્રુંજય] તીર્થને વિષે સાધર્મિક વાત્સલ્ય, સંઘની પૂજા-ભક્તિ, ગરીબોનો ઉદ્ધાર અને દાનશાળા વગેરે પુણ્યકાર્યો કર્યાં. કેમકે—

"विवाहे तीर्थयात्रायां, चन्द्रे मित्रे सुरालये ।
वस्त्रदानमिदं श्रेष्ठं, सत्पात्रे विशेषतः ॥२७७॥

લગ્ન પ્રસંગે, તીર્થયાત્રા વખતે, ચંદ્રગ્રહણ વખતે, તથા જિનમંદિરની પ્રતિષ્ઠા વખતે વસ્ત્રનું દાન દેવું તે ઉત્તમ કહેલું છે, તેમાં પણ સુપાત્રમાં આપેલું દાન વિશેષે કરીને ઉત્તમ છે."—૨૭૭

તેના પિતા **પાસદત્ત** શેઠ તલેટીમાં સ્વર્ગે જવાથી, તેઓના નામની **શ્રીશત્રુંજય** પર એક દેરી કરાવી, (અને) તે ઠેકાણે મોટો ઉત્સવ કરીને રાજા પોતાના ઘેર (રાજધાનીમાં) પાછો આવી પહોંચ્યો. તે દિવસથી (શ્રીઋષભદેવ પ્રભુની) સોનાની ચરણ પાદુકા, રાયણના વૃક્ષ સહિત કરાવીને, રાજા પોતાના ઘેર પૂજવા લાગ્યો. પછી ઘડપણ આવતાં પુણ્ય કરવાનો અવસર જાણીને, રાજા પોતાના પુત્રને રાજ્ય આપવાની ઇચ્છાવાળો તે તેને (આ પ્રમાણે) શિખામણ આપવા લાગ્યો કેઃ—

હે પુત્ર! સ્વામિની (પત્ની) ઉપર કોપ, પ્રિય માણસ સાથે અભિમાન, યુદ્ધમાં ભય, બંધુઓમાં ખેદ, દુર્જન પ્રત્યે સરલતા, સજ્જનની સાથે લુચ્ચાઇ, ધર્મમાં સંશય-શંકા, ગુરૂજનનું અપમાન, લોકો સાથે અર્થશૂન્ય વિવાદ, જ્ઞાતિજનો સાથે ગર્વ, દુઃખી જનોનો તિરસ્કાર અને નીચ માણસ સાથે પ્રેમ કરીશ નહિ."—૨૭૮

જીભઈ સાચું બોલિજે, રાગ રોસ કરિ દૂરિ,
ઉત્તમસું સંગતિ કરો, લાભઇ સુખ જિમ ભૂરિ.—૨૭૯

જિણવર દેવ આરાહીઇ, નમીહિ સહગુરૂ ભત્તિ;
સૂધો ધમ્મ જ સેવીઇ, રહીઇ નિરમલ ચિત્તિ—૨૮૦

ઉપરની બંને ગાથાઓના પહેલા અક્ષરો **'જીરાઉલા'** અને ગ્રંથકર્તા **'જિનસૂર'** ના નામનું સુચન કરે છે.

આ પ્રમાણે પોતાના પુત્ર **જયંકર**ને શિખામણ આપીને શુભ મુહૂર્તે તેને પોતાના પદે સ્થાપન કર્યો. [અને] રાજા ધર્મકૃત્ય કરવા લાગ્યો. આઠમ તથા ચઉદશના દિવસે પૌષધ ગ્રહણ કરવા લાગ્યો તથા સુપાત્રમાં દાન દેવા લાગ્યો. કારણ કેઃ—

"અભયદાન, સુપાત્રદાન, અનુકંપાદાન, ઉચિતદાન અને કીર્તિદાન એ પાંચ પ્રકારના દાન મધ્યેનાં પહેલાં બે દાનથી મોક્ષની પ્રાપ્તિ તથા બાકીનાં ત્રણ પ્રકારના દાનથી ભોગ સુખ વગેરેની પ્રાપ્તિ કહેલી છે."–૨૮૧

પછી અંત સમય આવતાં, સંપૂર્ણ આયુષ્ય ભોગવીને, ધર્મની આરાધના, અનશન વગેરે બહુ પુણ્યકાર્યો કરીને, **પ્રિયંકર** રાજા સૌધર્મ દેવલોકમાં ઇંદ્રની સમાન ઋદ્ધિવાળો દેવ થયો. ત્યાંથી ચવીને અનુક્રમે **'મહાવિદેહક્ષેત્ર'**માં મોક્ષે જશે. તેના કેટલાક પુત્રો **પ્રિયંકર**ની માફક પિતાથી સવાયા થયા. **શ્રીસ્થાનાંગ** સૂત્રના ચોથા સ્થાનકમાં આ પ્રમાણે કહેલું છેઃ–"પુત્રો ચાર પ્રકારના હોય છે, તે આ પ્રમાણે–(૧) અતિજાત–પિતાથી પણ વધારે ગુણવાન, (૨) સુજાત–લાયક, જ્ઞાનદાન (૩) અણુજાત–પિતાથી સહેજ ઉતરતા અને (૪) કુલાંગાર–કુલની આબરૂને બટ્ટો લગાડનારા. આ જ પ્રમાણે ચાર પ્રકારના શિષ્યો પણ જાણવા." [ગ્રંથકાર દૃષ્ટાંત આપી સમજાવે છેઃ—]

सहकारश्च सुजातं कूष्माण्डीबीज पूरमतिजातम् ।
वटतरुफलं कुजातं भवति कुलाङ्गारमिक्षुफलम् ॥ २८२ ॥
अतिजातोऽधिकस्तातात्, सुजातः स्वसमः पितुः ।
अपजातो गुणहीनः कुलाङ्गारः कुलान्तकः ॥ २८३ ॥
नाभि रिसहो पढमो बीओ आइच्चमहजसा दुन्नि ।
तइओ आइच्चजसो चउत्थो होइ कंडरीओ ॥२८४ ॥
'उपसर्गहर' स्तोत्रं, ये ध्यायन्ति दिवानिशम् ।
तेषां प्रियङ्करस्येव, सम्पदः स्युः पदे पदे ॥ २८५ ॥

આંબો સુજાત સમજવો, કોળું અને બીજોરૂં અતિજાત; વડના ટેટા કુજાત સમજવા અને શેરડી કુલાંગાર હોય છે.–૨૮૨

જે પિતાથી સવાયો હોય તે અતિજાત, પોતાના પિતાની બરાબર હોય તે સુજાત; જે ગુણ વગરનો હોય તે અપજાત અને જે કુલનો નાશ કરે તે કુલાંગાર સમજવો.–૨૮૩

પહેલા (અતિજાત) શ્રી **નાભિરાજા**ના પુત્ર **ઋષભદેવ**, બીજા (સુજાત) **આદિત્ય** અને **મહાયશ**, ત્રીજા (અપજાત) **આદિત્યયશા** અને ચોથો (કુલાંગાર) તે **કંડરીક** થયો.–૨૮૪

જે (મનુષ્યો) રાત અને દિવસ **ઉપસર્ગહર** સ્તોત્રનું ધ્યાન ધરે છે; તેમને **પ્રિયંકર** રાજાની માફક પગલે પગલે સંપત્તિ આવી મલે છે.–૨૮૫

આ પ્રમાણે શ્રી **પ્રિયંકર** રાજા શ્રી જિનશાસનની પ્રભાવના કરનાર મહા-શ્રાવક થયા.

પ્રિયંકર રાજાની આ કથા સાંભળીને, બુદ્ધિશાળી માણસોએ આ સંસારમાં શુભ ધ્યાન, જિનેશ્વરદેવ અને સદ્‌ગુરૂઓને પ્રણામ, દાન વગેરે ધર્મકાર્યોમાં પ્રયત્ન કરવો, કે જેનાથી રાજ્યસુખ અને સુખ સંપત્તિની પ્રાપ્તિ થાય.–૨૮૬

વિશાલરાજ સૂરીશ્વરના (શિષ્ય) **સુધાભૂષણ** સદ્‌ગુરુના શિષ્ય **જિનસૂર** નામના મુનિએ સુકૃતને માટે આ કથાની રચના કરી, જેઓ કલ્યાણને કરવાવાળી એવી **ઉપસર્ગહરસ્તોત્ર**ના પ્રભાવનું વર્ણન કરતી એવી આ કથાને સાંભળે છે અથવા બીજાઓને વાંચી સંભળાવે છે, તેઓ સુખ અને કલ્યાણને પ્રાપ્ત કરે છે.–૨૮૭–૨૮૮

श्रीमुनिसुंदरसूरि विरचित

॥ श्रीसंतिकर स्तवनम् ॥

संतिकरं संतिजिणं, जगसरणं जयसिरीइ दायारं ।
समरामि भत्तपालग–निव्वाणीगरुडकयसेवं ॥१॥

[शान्तिकरं शान्तिजिनं जगच्छरणं जयश्रियाः दातारम् ।
स्मरामि भक्तपालकनिर्वाणीगरुडकृतसेवम् ॥]

ભાવાર્થઃ–જેઓ શાંતિના કરનાર છે, જેઓ જગતના જીવોના શરણરૂપ છે, જેઓ જય અને લક્ષ્મીના આપનાર છે, (વળી) ભક્તજનોનું પાલન કરનાર નિર્વાણી દેવી તથા ગરુડ યક્ષે જેમની સેવા કરી છે એવા શ્રી શાંતિનાથ ભગવાનનું હું સ્મરણ કરૂં છું.

ॐ सनमो विप्पोसहि–पत्ताणं संतिसामिपायाणं ।
झौंस्वाहामंतेणं, सव्वासिवदुरिअहरणाणं ॥२॥

[ॐ सनमः विप्रुडौषधिप्राप्तेभ्यः शान्तिस्वामिपादेभ्यः ।
झौंस्वाहामन्त्रेण सर्वाशिवदुरितहरणेभ्यः ॥]

ભાવાર્થઃ–જેઓને વિપ્રુડૌષધિ નામની લબ્ધિ પ્રાપ્ત થએલી છે, જેઓ **'झा स्वाहा'** (સૂરિમંત્રમાં કહેલ મંત્રબીજ) મંત્રના પદથી સહિત આ ગાથામાંથી નીકળતા **'ॐ नमो विप्पोसहिपत्ताणं झौं स्वाहा'** એવા મંત્રના પદે કરીને જાપ કરનારના સર્વ ઉપદ્રવો તથા પાપનો નાશ કરનાર છે એવા પૂજ્ય શ્રીશાંતિનાથ સ્વામિના ચરણકમલમાં ૐકાર પૂર્વક મારો નમસ્કાર હો.

ॐ संतिनमुक्कारो, खेलोसहिमाइलद्धिपत्ताणं ।
सौंहींनमो सव्वो–सहिपत्ताणं च देइ सिरिं ॥३॥

[ॐ शान्तिनमस्कारः श्लेष्मौषध्यादिलब्धिप्राप्तेभ्यः ।
सौंह्रींनमः सर्वौषधिप्राप्तेभ्यश्च ददाति श्रियम् ॥]

ભાવાર્થઃ–ૐકારપૂર્વક શ્રીશાંતિનાથ પ્રભુના (ચરણકમલમાં) કરેલો નમસ્કાર શ્લેષ્મૌષધ્યાદિક લબ્ધિ પામેલાઓને (જ્ઞાનાદિક) લક્ષ્મી આપે છે. અને ૐકાર તથા હ્રીંકાર સહિત કરેલો નમસ્કાર સર્વૌષધિ લબ્ધિ પામેલાઓને (જ્ઞાનાદિક) લક્ષ્મી આપે છે. [આ ગાથામાંથી પણ બે લબ્ધિપદો નીકળે છે જે આ પ્રમાણેઃ—

'ॐ ह्रीं नमो खेलोसहिलद्धिपत्ताणं तथा ॐ ह्रीं नमो सव्वोसहिपत्ताणं' આ બે લબ્ધિ પદોનો સૂરિમંત્ર કલ્પમાં બતાવેલા વિધિ પ્રમાણે જાપ કરવાથી સર્વ ઉપદ્રવોનો નાશ થાય છે]. કહેવાનું તાત્પર્ય એ છે કે ઉક્ત લબ્ધિઓના સ્વામિ એવા શ્રીશાંતિનાથ પ્રભુને નમસ્કાર કરી તે તે લબ્ધિના અધિષ્ઠિત મન્ત્રપદોનો વિધિપૂર્વક જાપ કરનારાઓ પણ તે તે લબ્ધિને પ્રાપ્ત કરવા ઉપરાંત જ્ઞાનાદિક લક્ષ્મીને પ્રાપ્ત કરે છે.

वाणीतिहुअणसामिणि-सिरिदेवीजक्खरायगणिपिडगा।
गहदिसिपालसुरिंदा, सया वि रक्खंतु जिणभत्ते ॥४॥

[वाणीत्रिभुवनस्वामिनीश्रीदेवीयक्षराजगणिपिटकाः !
ग्रहदिक्पालसुरेन्द्राः सदाऽपि रक्षन्तु जिनभक्तान् ॥]

ભાવાર્થઃ—શ્રુતદેવતા (સરસ્વતી[1]), ત્રિભુવનસ્વામિની દેવી[2], લક્ષ્મીદેવી, યક્ષરાજ ગણિપિટક[3], સૂર્યાદિક ગ્રહો[4],

---

૧ શ્રુતદેવતા અને સરસ્વતી બંને એક છે તેના પુરાવાઓ અને તેના ભિન્ન ભિન્ન સ્વરૂપોનાં વર્ણન માટે મારા તરફથી 'શ્રી જૈન સત્યપ્રકાશ' માસિકના વર્ષ ૧ અંક. ૩, ૬. ૭, ૮, ૧૦, ૧૧, ૧૨. વર્ષ ૨જું અંક. ૧, ૨માં પ્રસિદ્ધ થએલી 'સરસ્વતી પૂજા અને જૈનો'નામની લેખમાળા જુઓ. સૂરિમંત્રના પ્રથમ પીઠની અધિષ્ઠાયિકા પણ શ્રુતદેવતા (સરસ્વતી) છે.

૨ સૂરિમંત્રની પાંચ પીઠો પૈકીની બીજી પીઠની અધિષ્ઠાયિકા, ચિત્ર માટે જુઓ 'સંતિકર સ્તોત્ર'ના પ્રાચીન પાઠમાંનું તેનું ચિત્ર. નં. ૫૪

૩ દ્વાદશાંગીનો અધિષ્ઠાયક દેવ અને સૂરિમંત્રના પાંચ પીઠો પૈકીની ચોથી પીઠનો અધિષ્ઠાયક, તેના ચિત્ર માટે પણ 'સંતિકર સ્તોત્ર'ના પ્રાચીન ચિત્રપટમાંનું તેનું ચિત્ર નં. ૫૪ જુઓ.

૪ સૂર્ય, ચંદ્ર, મંગળ, બૃહસ્પતિ. શુક્ર, શનિ, રાહુ અને કેતુ 'નિર્વાણકલિકા'માં આ ગ્રહોનું સ્વરૂપ આ પ્રમાણે આપેલું છેઃ—

'तत्रादित्यं हिंगुलवर्णमूर्ध्वस्थितं द्विभुजं कमलपाणिं चेति' ॥१॥

અર્થાત્—(પ્રથમ)સૂર્ય નામના ગ્રહનો હિંગળોક જેવો વર્ણ, ઊભો રહેલો અને બંને હાથોમાં કમળવાળો જાણવો આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૫૫

'तथा सोमं श्वेतवर्णं द्विभुजं दक्षिणे अक्षसूत्रं वामे कुण्डिकां चेति' ॥२॥

અર્થાત્—તથા (બીજા) સોમ નામના ગ્રહનો શ્વેત વર્ણ, બે ભુજાઓ પૈકીની જમણી ભુજામાં અક્ષસૂત્ર(માળા) અને ડાબી ભુજામાં કુંડિકા જાણવી. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૫૬

'तथाङ्गारकं रक्तवर्णं द्विभुजं दक्षिणेऽक्षसूत्रं वामे कुण्डिकां चेति ॥३॥'

અર્થાત્—તથા (ત્રીજા) મંગળ નામના ગ્રહનો રક્તવર્ણ, બે ભુજાઓ પૈકીની જમણી ભુજામાં અક્ષસૂત્ર અને ડાબી ભુજામાં કુંડિકા (કમંડળુ) જાણવી. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૫૭

દિક્પાલ[૫] અને દેવેંદ્રો[૬] એ સર્વે જિનેશ્વરના ભક્તોનું સર્વદા રક્ષણ કરો.

'तथा बुधं पीतवर्णं द्विभुजं अक्षसूत्रकुण्डिकापाणिं चेति ॥४॥'

અર્થાત્–તથા (ચોથા) બુધ નામના ગ્રહનો પીળો વર્ણ, બે ભુજાઓ પૈકીની જમણી ભુજામાં અક્ષસૂત્ર તથા ડાબી ભુજામાં કમંડલ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૫૮

'तथा सुरगुरुं पीतवर्णं द्विभुजं अक्षसूत्रकुण्डिकापाणिं चेति ॥५॥'

અર્થાત્–તથા (પાંચમા) બૃહસ્પતિ [ગુરૂ] નામના ગ્રહનો પીળો વર્ણ, બે ભુજાઓ પૈકીની એક ભુજામાં અક્ષસૂત્ર તથા બીજી ભુજામાં કમંડલ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૫૯

'तथा शुक्रं श्वेतवर्णं द्विभुजं अक्षसूत्रकमण्डलुपाणिं चेति ॥६॥'

અર્થાત્–તથા (છટ્ઠા) શુક્રનો શ્વેતવર્ણ, બે ભુજાઓ પૈકીની એક ભુજામાં અક્ષસૂત્ર તથા બીજી ભુજામાં કમંડલ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૦

'तथा शनैश्चरमीषत्कृष्णं द्विभुजं लम्बकूर्चं किञ्चित्पीतं द्विभुजमक्षमालाकमण्डलुयुक्तपाणिं चेति ॥७॥'

અર્થાત્–તથા (સાતમા) શનિ નામના ગ્રહનો કાંઇક કાળો (નીલ) વર્ણ; લાંબા અને કાંઇક પીળા રંગના વાળવાળો તથા બે ભુજાઓ પૈકી એક ભુજામાં અક્ષસૂત્ર તથા બીજી ભુજામાં કમંડલ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૧

'तथा राहुमतिकृष्णवर्णं अर्धकायरहितं द्विभुजमर्धमुद्रान्वितपाणिं चेति ॥८॥'

અર્થાત્–તથા (આઠમા) રાહુ નામના ગ્રહનો અત્યંત કાળો વર્ણ, અડધા શરીર વગરનો, બે ભુજાઓ પૈકી એક ભુજાએ અર્ધ આપતો તથા બીજી ભુજામાં અક્ષસૂત્રવાળો હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૨

'तथा केतुं धूम्रवर्णं द्विभुजमक्षसूत्रकुण्डिकान्वितपाणिं चेति' ॥९॥

અર્થાત્–તથા [નવમા] કેતુ નામના ગ્રહનો ધૂમાડા જેવો વર્ણ, બે ભુજાઓ પૈકીની એક ભુજામાં અક્ષસૂત્ર તથા બીજી ભુજામાં કમંડલ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૩

–નિર્વાણકલિકા. પત્ર. ૩૮

૫ શક્ર (ઇંદ્ર), અગ્નિ, યમ, નૈઋર્ત્ય વરુણ, વાયુ, કુબેર, ઇશાન, નાગ તથા બ્રહ્મા આ દશ દિક્પાલોનું સ્વરૂપ પણ **'નિર્વાણકલિકા'** માં આ પ્રમાણે આપેલું છેઃ–

' तत्र शक्रं पीतवर्णं ऐरावतवाहनं वज्रपाणिं चेति ॥१॥

અર્થાત્–શક્રનો પીળો વર્ણ, ઐરાવત હસ્તિનું વાહન તથા હાથમાં વજ્ર હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૪

'तथा अग्निं अग्निवर्णं मेषवाहनं सप्तशिखं शक्तिपाणिं चेति' ॥ २ ॥

અર્થાત્–અગ્નિનો અગ્નિ જેવો વર્ણ, મેષ વાહન, સાત શિખાવાળો તથા હાથમાં શક્તિ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૫

' तथा यमराजं कृष्णवर्णं महिषवाहनं दण्डपाणिं चेति ' ॥ ३ ॥

અર્થાત્–યમરાજનો કાળો વર્ણ, પાડાનું વાહન અને હાથમાં (યમ) દંડ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૬

रक्खन्तु मम रोहिणी, पन्नत्ती वज्जसिंखला य सया
वज्जंकुसि चक्केसरि, नरदत्ता कालि महाकालि ॥५॥
गोरी तह गन्धारी, महजाला माणवी अ वइरुट्टा ।
अच्छुत्ता माणसिआ, महमाणसिआउ देवीओ ॥६॥
[रक्षन्तु मां रोहिणी प्रज्ञप्तिर्वज्रशृङ्खला च सदा ।
वज्राङ्कुशी चक्रेश्वरी नरदत्ता काली महाकाली ॥
गौरी तथा गान्धारी महाज्वाला मानवी च वैरोट्या ।
अच्छुप्ता मानसिका महामानसिका देव्यः ॥]

અર્થ:–રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા , વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાળી, મહાકાળી, ગૌરી, ગાંધારી, મહાજ્વાળા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસિકા અને મહામાનસિકા એ સોળ (વિદ્યા) દેવીઓ મારું રક્ષણ કરો.

'तथा नैर्ऋतिं हरितवर्णं शववाहनं खड्गपाणिं चेति ॥ ४ ॥

અર્થાત્–નૈર્ઋત્યનો હરિતવર્ણ, શવવાહન અને હાથમાં તલવાર હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૭

'तथा वरुणं धवलवर्णं मकरवाहनं पाशपाणिं चेति' ॥५॥

અર્થાત–વરુણનો ધોળો વર્ણ મગરનું વાહન અને હાથમાં પાશ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૮

'तथा वायुं सितवर्णं मृगवाहनं वज्रा(ध्वजा)लङ्कृतपाणिं चेति' ॥६॥

અર્થાત–વાયુનો સફેદવર્ણ હરણનું વાહન અને હાથમાં ધ્વજ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૬૯

'तथा कुबेरमनेकवर्णं निधिनवकाधिरूढं निचुलकहस्तं तुन्दिलं गदापाणिं चेति' ॥७॥

અર્થાત્–કુબેરના અનેક વર્ણ, નવનિધિ પર આરૂઢ થએલો, મોટા પેટ વાળો, એક હાથમાં ધનની થેલી વાળો તથા બીજા હાથમાં ગદાવાળો છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૦

'तथा ईशानं धवलवर्णं वृषभवाहनं त्रिनेत्रं शूलपाणिं चेति' ॥८॥

અર્થાત–ઇશાનનો ધવલવર્ણ, બળદનું વાહન, ત્રણ નેત્ર અને હાથમાં ત્રિશૂળ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૧

'तथा नागं श्यामवर्णं पद्मवाहनमुरगपाणिं चेति' ॥९॥

અર્થાત્–નાગનો શ્યામવર્ણ કમલનું વાહન તથા હાથમાં નાગ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૨

'तथा ब्रह्माणं धवलवर्णं हंसवाहनं कमण्डलुपाणिं चेति'

અર્થાત્–બ્રહ્માનો ધવલવર્ણ, હંસનું વાહન અને હાથમાં કમંડળ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૩ –નિર્વાણકાલિકા પત્ર. ૩૮

૬ દેવેન્દ્રોની સંખ્યા ૬૪ની છે વિસ્તારભયથી તેઓનું વર્ણન અત્રે આપ્યું નથી.

ભાવાર્થઃ–પુણ્યરૂપી બીજને ઉત્પન્ન કરે તે રોહિણી ૧, જેને પ્રકૃષ્ટ જ્ઞાન છે તે પ્રજ્ઞપ્તિ ૨, જેના હાથમાં દુષ્ટને દમન કરવા માટે વજ્ર જેવી દુર્ભેદ્ય શૃંખલા છે તે વજ્રશૃંખલા ૩, જેના હાથમાં વજ્ર અને અંકુશ એ બે શસ્ત્ર રહેલાં છે તે વજ્રાંકુશી ૪, નિરંતર હાથમાં ચક્ર રહેતાં હોવાથી ચક્રેશ્વરી ૫, મનુષ્યને વરદાન વગેરે ઇચ્છિત વસ્તુ આપનાર હોવાથી નરદત્તા ૬, શ્યામ વર્ણવાળી હોવાથી અને શત્રુઓને કાળ જેવી હોવાથી કાળી ૭, અતિ શ્યામ વર્ણવાળી હોવાથી અને શત્રુઓને મહાકાળ જેવી હોવાથી મહાકાળી ૮, ગૌર–ઉજ્વળ વર્ણવાળી હોવાથી ગૌરી ૯, ગાયના વાહનવાળી તે ગાંધારી ૧૦, જેના શસ્ત્રોમાંથી મોટી જ્વાળાઓ નીકળે છે તે મહાજ્વાળા ૧૧, મનુષ્યની જનની–માતા તુલ્ય હોવાથી માનવી ૧૨, અન્યોન્ય વૈરની ઉપશાંતિ માટે જેનું આગમન છે તે વૈરોટ્યા ૧૩, જેને પાપનો સ્પર્શ નથી તે અચ્છુપ્તા ૧૪, જે ધ્યાન કરનારના મનને સાનિધ્ય કરવાવાળી છે તે માનસિકા ૧૫, અને ધ્યાન કરનારના મનને મહા સાનિધ્યને કરવાવાળી તે મહામાનસિકા ૧૬. આ સર્વ દેવીઓ જુદી જુદી વિદ્યાઓની અધિષ્ઠાત્રી હોવાથી વિદ્યાદેવીઓ કહેવાય છે. આ સોળે વિદ્યાદેવીઓ મારૂં રક્ષણ કરો. તેના સ્વરૂપો, મુદ્રાઓ તથા મંત્રોનું વર્ણન 'નિર્વાણ કલિકા'માં કરવામાં આવ્યું છે જે નીચે પ્રમાણે છેઃ—

'तत्राद्यां रोहिणीं धवलवर्णां सुरभिवाहनां चतुर्भुजामक्षसूत्रबाणान्वितदक्षिणपार्णिं शङ्खधनुर्युक्तवामपार्णिं चेति ॥१॥

અર્થાત્–પ્રથમ વિદ્યાદેવી રોહિણીનો ધવલવર્ણ છે અને ગાય તેનું વાહન છે. તેના ચાર હાથો પૈકી જમણા બે હાથો માળા અને બાણથી અલંકૃત છે તથા ડાબા બે હાથો શંખ અને ધનુષ્યથી શોભે છે.

'तथा प्रज्ञप्तिं श्वेतवर्णां मयूरवाहनां चतुर्भुजां वरदशक्तियुक्तदक्षिणकरां मातुलिङ्ग-शक्तियुक्तवामहस्तां चेति' ॥२॥

અર્થાત્–પ્રજ્ઞપ્તિદેવીનો વર્ણ શ્વેત છે, વાહન મયૂરનું, ચાર ભુજા, જેમાં જમણા બે હાથ શક્તિ તથા વરદથી વિભૂષિત છે, જ્યારે ડાબા બે હાથમાં માતુલિંગ તથા શક્તિ શોભે છે.

'तथा वज्रशृङ्खलां शङ्खावदातां पद्मवाहनां चतुर्भुजां वरदशृङ्खलान्वितदक्षिणकरां पद्म-शृङ्खलाधिष्ठितवामकरां चेति' ॥३॥

અર્થાત્–વજ્રશૃંખલા દેવી શંખના જેવા વર્ણવાળી છે, તેને પદ્મનું વાહન છે, ચાર હાથ છે. તેના જમણા બે હાથમાં વરદ અને શૃંખલા છે તથા ડાબા બે હાથમાં કમલ અને શૃંખલા છે.

'तथा वज्राङ्कुशां कनकवर्णां गजवाहनां चतुर्भुजां वरदवज्रयुतदक्षिणकरां मातुलिङ्गाङ्कुशयुक्तवामहस्तां चेति' ॥४॥

અર્થાત્–વજ્રાંકુશીદેવીનો સુવર્ણ વર્ણ, હાથીનું વાહન તથા ચાર હાથ, એના જમણા બે હાથમાં વરદ તથા વજ્ર શોભે છે, જ્યારે ડાબા બે હાથ માતુલિંગ તથા અંકુશથી વિભૂષિત છે.

'तथा अप्रतिचक्रां तडिद्वर्णां गरुडवाहनां चतुर्भुजां चक्रचतुष्टयभूषितकरांचेति' ॥५॥

અર્થાત્–અપ્રતિચક્રાદેવીનો વર્ણ વિજળીના જેવો, વાહન ગરૂડનું અને તેના ચારે હાથો ચક્રથી વિભૂષિત છે.

'तथा पुरुषदत्तां कनकावदातां महिषीवाहनां चतुर्भुजां वरदासियुक्तदक्षिणकरां मातुलिङ्गखेटकयुतवामहस्तां चेति' ॥६॥

અર્થાત્–પુરૂષદત્તાદેવીનો વર્ણ સુવર્ણના જેવો છે, ભેંસનું વાહન તથા ચાર હાથ છે, જેમાં જમણા બે હાથમાં વરદ અને તલવાર શોભે છે, જ્યારે ડાબા બે હાથ બીજોરૂં અને ઢાલથી અલંકૃત છે.

'तथा कालीं देवीं कृष्णवर्णां पद्मासनां चतुर्भुजां अक्षसूत्रगदालङ्कृतदक्षिणकरां वज्राभययुतवामहस्तां चेति' ॥७॥

અર્થાત્–કાળીદેવીનો શ્યામવર્ણ છે, પદ્મનું આસન તથા તેણીના ચાર હાથો પૈકી જમણા બે હાથમાં જપમાલા અને ગદા શોભે છે તથા ડાબા બે હાથ વજ્ર અને અભયથી વિભૂષિત છે.

'तथा महाकालीं देवीं तमालवर्णां पुरुषवाहनां चतुर्भुजां अक्षसूत्रवज्रान्वितदक्षिणकरामभयघण्टालङ्कृतवामभुजां चेति' ॥८॥

અર્થાત્–મહાકાલીદેવીનો તમાલવર્ણ, પુરૂષ વાહન, ચાર હાથ, જમણા બે હાથમાં અક્ષસૂત્ર અને વજ્ર તથા ડાબા બે હાથમાં અભય અને ઘંટા શોભે છે.

'तथा गौरींदेवीं कनकगौरीं गोधावाहनां चतुर्भुजां वरदमुसलयुतदक्षिणकरामक्षमालाकुवलयालङ्कृतवामहस्तां चेति' ॥९॥

અર્થાત્–ગૌરીદેવીનો વર્ણ ગૌર કનકના જેવો છે, ગોધો એનું વાહન છે અને ચાર હાથવાળી છે. જેમાંના જમણા બે હાથ વરદ અને મુશલથી અલંકૃત છે, જ્યારે ડાબા બે હાથમાં જપમાલા અને કમલ શોભે છે.

'तथा गान्धारीं देवीं नीलवर्णां कमलासनां चतुर्भुजां वरदमुसलयुतदक्षिणकरां अभयकुलिशयुतवामहस्तां चेति' ॥१०॥

અર્થાત્–ગાંધારીદેવીનો નીલવર્ણ, કમલનું આસન, ચાર હાથ, જમણા બે હાથમાં વરદ અને મુશલ છે તથા ડાબા બે હાથમાં અભય અને વજ્ર શોભે છે.

'तथा सर्वास्त्रमहाज्वालां धवलवर्णां वराहवाहनां असंख्यप्रहरणयुतहस्तां चेति' ॥११॥

અર્થાત્–સર્વાસ્ત્રમહાજ્વાલાદેવીનો ધવલવર્ણ, વરાહનું વાહન તથા તેણીના હાથોમાં અસંખ્ય અસ્ત્રો રહેલા છે.

'तथा मानवीं श्यामवर्णां कमलासनां चतुर्भुजां वरदपाशालङ्कृतदक्षिणकरां अक्षसूत्रविटपालङ्कृतवामहस्तां चेति' ॥१२॥

અર્થાત્–માનવીદેવીનો શ્યામવર્ણ, કમલનું આસન તથા ચાર હાથ, જમણા બે હાથો વરદ અને પાશથી અલંકૃત છે, જ્યારે ડાબા બે હાથમાં જપમાલા અને વૃક્ષની શાખા શોભે છે.

'तथा वैरोट्यां श्यामवर्णां अजगरवाहनां चतुर्भुजां खड्गोरगालङ्कृतदक्षिणकरां खेटकाहियुतवामकरां चेति' ॥१३॥

અર્થાત્–વૈરોટ્યા દેવીનો શ્યામવર્ણ, અજગરનું વાહન તથા ચાર હાથ છે. જેમાં જમણા બે હાથમાં ખડ્ગ અને સર્પ છે, જ્યારે ડાબા બે હાથ ઢાલ તથા સર્પથી વિભૂષિત છે.

'तथा अच्छुप्तां तडिद्वर्णां तुरगवाहनां चतुर्भुजां खड्गबाणयुतदक्षिणकरां खेटकाहियुतवामकरां चेति' ॥१५॥

અર્થાત્–અચ્છુપ્તાદેવીનો વર્ણ વીજળીના જેવો, ઘોડાનું વાહન, ચાર ભુજા, તેમાં જમણા બે હાથ ખડ્ગ અને બાણથી શોભે છે, જ્યારે ડાબા બે હાથમાં ખેટક તથા બાણ શોભે છે.

'तथा मानसीं धवलवर्णां हंसवाहनां चतुर्भुजां वरदवज्रालङ्कृतदक्षिणकरां अक्षवलयाशनियुक्तवामकरां चेति' ॥१५॥

અર્થાત્–માનસીદેવીનો ધવલવર્ણ, હંસનું વાહન, ચાર હાથ, જેમાં જમણા બે હાથમાં વરદ તથા વજ્ર શોભે છે અને ડાબા બે હાથ જપમાલા અને વજ્રથી વિભૂષિત છે.

'तथा महामानसीं धवलवर्णां सिंहवाहनां चतुर्भुजां वरदासियुक्तदक्षिणकरां कुण्डिकाफलकयुतवामहस्तां चेति' ॥१६॥

અર્થાત્–મહામાનસી દેવીનો ધવલ વર્ણ, સિંહનું વાહન, ચાર ભુજા, એના જમણા બે હાથ વરદ અને તલવારથી વિભૂષિત છે, જ્યારે ડાબા બે હાથ કુણ્ડિકા અને ઢાલથી અલંકૃત છે.

આ સોળ વિદ્યાદેવીના પ્રાચીન તાડપત્રીય ચિત્રો માટે જુઓ 'જૈન ચિત્રકલ્પદ્રુમ' ગ્રન્થમાંના ચિત્રો નં. ૧૬ થી ૩૧ સુધી.

સોળ વિદ્યાદેવીઓનાં સ્વરૂપો સંપૂર્ણ.

સોળ વિદ્યાદેવીઓની મુદ્રાઓઃ—

वामहस्तेन मुष्टिं बध्वा कनिष्ठिकां प्रसार्य शेषांगुली कराङ्गुष्ठेन पीडयेदिति शङ्खमुद्रा ॥१॥ परस्पराभिमुखहस्ताभ्यां वेणीवन्धं विधाय मध्यमे प्रसार्य संयोज्य च शेषाङ्गुलीभिर्मुष्टी बन्धयेदिति शक्तिमुद्रा ॥२॥ हस्तद्वयेनाङ्गुष्ठतर्जनीभ्यां वलके विधाय परस्परान्तःप्रवेशनेन शृङ्खलामुद्रा ॥३॥ वामहस्तस्योपरि दक्षिणकरं कृत्वा कनिष्ठिकाङ्गुष्ठाभ्यां मणिबन्धं संवेष्टय शेषाङ्गुलीनां विस्फारितप्रसारणेन वज्रमुद्रा ॥४॥ वामहस्ततले दक्षिणहस्तमूलं संनिवेश्य करशाखा विरलिकृत्य प्रसारयेदिति चक्रमुद्रा ॥५॥ पद्माकारौ करौ कृत्वा मध्येऽङ्गुष्ठौ कर्णिकाकारौ विन्यसेदिति पद्ममुद्रा ॥६॥ वामहस्तमुष्टेरुपरि दक्षिणमुष्टिं कृत्वा गात्रेण सह किञ्चिदुन्नामयेदिति गदामुद्रा ॥७॥ अधोमुखवामहस्ताङ्गुलीर्घण्टाकाराः प्रसार्य दक्षिणेन मुष्टिं बध्वा तर्जनीमूर्ध्वां कृत्वा वामहस्ततले नियोज्य घण्टावच्चालनेन घण्टामुद्रा ॥८॥ उन्नतपृष्ठहस्ताभ्यां संपुटं कृत्वा कनिष्ठिके निष्कास्य योजयेदिति कमण्डलुमुद्रा ॥९॥ पताकावत् हस्तं प्रसार्य अङ्गुष्ठयोजनेन परशुमुद्रा ॥१०॥ यद्वा पताकाकारं दक्षिणकरं संहताङ्गुलि कृत्वा तर्जन्यङ्गुष्ठाक्रमणेन परशुमुद्रा द्वितीया ॥११॥ ऊर्ध्वदण्डौ करौ कृत्वा पद्मवत् करशाखाः प्रसारयेदिति वृक्षमुद्रा ॥१२॥ दक्षिणहस्तं संहतांगुलिमुन्नमय्य सर्पफणावत् किञ्चिदाकुञ्चयेदिति सर्पमुद्रा॥१३॥ दक्षिणकरेण मुष्टिं बद्ध्वा तर्जनीमध्यमे प्रसारयेदिति खड्गमुद्रा ॥१४॥ हस्ताभ्यां संपुटं विधायांगुलीः पद्मवद्विकास्य मध्यमे परस्पर संयोज्य तन्मूललग्नांगुष्ठौ कारयेदिति ज्वलनमुद्रा ॥१५॥ बद्धमुष्टेर्दक्षिणकरस्य मध्यमांगुष्ठतर्जन्योस्तन्मूलाक्रमेण प्रसारयेदिति दण्डमुद्रा ॥१६॥

—एताः षोडशविद्यादेवीनां मुद्राः ॥

—निर्वाणकलिका पत्र. ३२

ઉપર પ્રમાણે સોળ વિદ્યાદેવીની સોળ મુદ્રાઓ અનુક્રમે જાણવી. સોળ વિદ્યાદેવીના મન્ત્રો આ પ્રમાણેઃ—

ॐ यां रोहिण्यै अं नमः । ॐ रां प्रज्ञप्त्यै आं नमः ।ॐ लां वज्रशृङ्खलायै इं नमः । ॐ वां वज्राङ्कुश्यै ईं नमः । ॐ शां अप्रतिचक्रायै उं नमः । ॐ षां पुरुषदत्तायै ऊं नमः । ॐ सां काल्यै ऋं नमः । ॐ हां महाकाल्यै ॠं नमः । ॐ यूं गौर्यै ऌं नमः । ॐ रूं गान्धार्यै ॡं नमः । ॐ लूं सर्वास्त्रमहाज्वालायै एं नमः । ॐ वूं मानव्यै ऐं नमः । ॐ

शूं वैरोट्यायै ओं नमः। ॐ षूं अच्छुप्तायै औं नमः। ॐ सूं मानस्यै अं नमः। ॐ हूं महामानस्यै अः नमः।

–एताः षोडशविद्यादेवीनां मन्त्राः॥
–निर्वाणकलिका पत्र ३

ચોવીશ તીર્થંકરના યક્ષો.

जक्खा गोमुह महजक्ख, तिमुह जकखेस तुंबरु कुसुमो।
मायंगविजय अजिया, बंभो मणुओ सुरकुमारो॥७॥
छम्मुह पयाल किन्नर, गरुडो गंधव्व तह य जक्खिंदो।
कूबर वरुणो भिउडी, गोमेहो पास मायंगो॥८॥

[यक्षा गोमुखो महायक्षस्त्रिमुखो यक्षेशस्तुम्बरुः कुसुमः।
मातङ्गविजयाजिताः ब्रह्मा मनुजः सुरकुमारः॥
षण्मुखः पातालः किन्नरो गरुडो गन्धर्वस्तथा च यक्षेन्द्रः।
कूबरो वरुणो भृकुटिर्गोमेधः पार्श्वो मातङ्गः॥]

અર્થ:–યક્ષો આ પ્રમાણે–ગોમુખ, મહાયક્ષ, ત્રિમુખ, યક્ષેશ, તુંબરૂ, કુસુમ, માતંગ, વિજય, અજિત, બ્રહ્મા, મનુજ, સુરકુમાર, ષણ્મુખ, પાતાલ, કિન્નર, ગરૂડ, ગંધર્વ, યક્ષેન્દ્ર, કૂબર, વરૂણ, ભૃકુટિ, ગોમેધ, પાર્શ્વ અને માતંગ.

ભાવાર્થ:–આ ચોવીસ યક્ષોનું '**નિર્વાણકલિકા**' માં આ પ્રમાણે સ્વરૂપ વર્ણવેલું છેઃ–

' तथा तत्तीर्थोत्पन्नगोमुखयक्षं हेमवर्णगजवाहनं चतुर्भुजं वरदाक्षसूत्रयुतदक्षिणपार्णिं मातुलिङ्गपाशान्वितवामपार्णिं चेति' ॥१॥

અર્થાત્–તેઓ (શ્રીઋષભદેવસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ગોમુખ નામના યક્ષનો સુવર્ણ વર્ણ, હાથીનું વાહન તથા તેને ચાર હાથ છે. તેમાં જમણા બે હાથમાં વરદ અને જપમાલા શોભે છે તથા ડાબા બે હાથમાં બીજોરૂં અને પાશ હોય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં.૭૪

' तथा तत्तीर्थोत्पन्नं महायक्षाभिधानं यक्षेश्वरं चतुर्मुखं श्यामवर्णं मातङ्गवाहनमष्टपार्णिं वरदमुद्गराक्षसूत्रपाशान्वितदक्षिणपार्णिं बीजपूरकाभयाङ्कुशशक्तियुक्तवामपाणिपल्लवं चेति' ॥२॥

અર્થાત્–તેઓ (શ્રીઅજિતનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા મહાયક્ષ નામના યક્ષેશ્વરનો શ્યામવર્ણ, ચાર મુખ, હાથીનું વાહન અને આઠ ભુજા છે. તેમાં જમણા ચાર હાથમાં વરદ, મુદ્ગર, જપમાળા અને પાશ છે. તથા ડાબા ચાર હાથમાં બીજોરૂં, અભય, અંકુશ અને શક્તિ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૫

' तस्मिंस्तीर्थे समुत्पन्नं त्रिमुखयक्षेश्वरं त्रिमुखं त्रिनेत्रं श्यामवर्णं मयूरवाहनं षट्भुजं नकुलगदाभययुक्तदक्षिणपाणिं मातुलिङ्गनागाक्षसूत्रान्वितवामहस्तं चेति'॥३॥

અર્થાત્–તેઓ (શ્રીસંભવનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ત્રિમુખ નામના યક્ષ ને ત્રણ નેત્ર, ત્રણ મુખ, શ્યામવર્ણ, મોરનું વાહન અને છ હાથ છે. તેમાં જમણા ત્રણ હાથ નકુલ, ગદા અને અભયથી વિભૂષિત છે તથા ડાબા ત્રણ હાથમાં બીજોરૂં, નાગ અને અક્ષસૂત્ર શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૬

'तत्तीर्थोत्पन्नमीश्वरयक्षं श्यामवर्णं गजवाहनं चतुर्भुजं मातुलिङ्गाक्षसूत्रयुतदक्षिणपार्णिं नकुलाङ्कुशान्वितवामपार्णिं चेति' ॥४॥

અર્થાત્–તેઓ (શ્રીઅભિનન્દન સ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ઈશ્વર નામના યક્ષનો શ્યામવર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ બીજોરૂં અને જપમાલાથી વિભૂષિત છે તથા ડાબા બે હાથમાં નકુલ અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૭

'तत्तीर्थोत्पन्नं तुम्बरुयक्षं गरुडवाहनं चतुर्भुजं वरदशक्तियुतदक्षिणपार्णिं नागपाशयुक्तवामहस्तं चेति' ॥५॥

અર્થાત્–તેઓ (શ્રીસુમતિનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા તુંબરૂ નામના યક્ષનો [સફેદ વર્ણ[1]], ગરૂડવાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને શક્તિથી વિભૂષિત છે તથા ડાબા બે હાથમાં [ગદા][2] અને નાગપાશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૮

'तत्तीर्थोत्पन्नं कुसुमं यक्षं नीलवर्णं कुरङ्गवाहनं चतुर्भुजं फलाभययुक्तदक्षिणपार्णिं नकुलकाक्षसूत्रयुक्तवामपार्णिं चेति' ॥६॥

અર્થાત્–તેઓ (શ્રીપદ્મપ્રભુસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા કુસુમ નામના યક્ષનો નીલ વર્ણ, હરણનું વાહન અને ચાર હાથ છે. તેમાં જમણા બે હાથ ફૂલ અને અભયથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં નોળીઓ અને અક્ષસૂત્ર શોભે છે–આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૭૯

'तत्तीर्थोत्पन्नं मातङ्गयक्षं नीलवर्णं गजवाहनं चतुर्भुजं वित्तपाशयुक्तदक्षिणपार्णिं नकुलाङ्कुशान्वितवामपार्णिं चेति' ॥७॥

१–२ 'शीतद्युतिच्छवितनुर्वरशक्तियुक्तहस्तो गदोरगपपाशगवामपाणिः ।
यो वैनतेयगमनो दुरीतापहारी यक्षः स तुम्बर इह प्रथितप्रभावः ॥३०॥
—જુઓ શ્રીમન્ત્રાધિરાજ ચિંતામણિ અંતર્ગત
શ્રીમન્ત્રાધિરાજ કલ્પ પૃષ્ઠ. ૨૪૩

અર્થાત્–તેઓ (શ્રીસુપાર્શ્વનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા માતંગ નામના યક્ષનો નીલવર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજાવાળો છે. તેમાં જમણા બે હાથ બિલ્વ અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં નકુલ અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૦

तत्तीर्थोत्पन्नं विजययक्षं हरितवर्णं त्रिनेत्रं हंसवाहनं द्विभुजं दक्षिणहस्ते चक्रं वामे मुद्गरमिति' ॥८॥

અર્થાત્–તેઓ (શ્રીચંદ્રપ્રભસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા વિજય નામના યક્ષનો હરિતવર્ણ, ત્રણ લોચન, હંસ વાહન અને બે ભુજા છે. તે પૈકી જમણા હાથમાં ચક્ર અને ડાબા હાથમાં મુદ્ગર છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં.૮૧

'तत्तीर्थोत्पन्नमजितयक्षं श्वेतवर्णं कूर्मवाहनं चतुर्भुजं मातुलिङ्गाक्षसूत्रयुक्तदक्षिणपार्णि नकुलकुन्तान्वितवामपार्णि चेति' ॥९॥

અર્થાત્–તેઓ (શ્રીસુવિધિનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા અજિત નામના યક્ષનો શ્વેતવર્ણ, કૂર્મ વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં માતુલિંગ અને જપમાળા શોભે છે, તથા ડાબા બે હાથ નોળીઓ અને ભાલાથી શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૨

'तस्मिंस्तीर्थे समुत्पन्नं ब्रह्मयक्षं चतुर्मुखं त्रिनेत्रं धवलवर्णं पद्मासनमष्टभुजं मातुलिङ्गमुद्गरपाशाभययुक्तदक्षिणपार्णिं नकुलगदाङ्कुशाक्षसूत्रान्वितवामपार्णिं चेति' ॥१०॥

અર્થાત્–તેઓ (શ્રીશીતલનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા બ્રહ્મા નામના યક્ષના ચાર મુખ, ત્રણ નેત્ર, ધવલવર્ણ, કમલનું આસન, અને આઠ ભુજા છે. તેમાં જમણા ચાર હાથમાં બીજોરું, મુદ્ગર, પાશ અને અભય શોભે છે, તથા ડાબા ચાર હાથ નોળીઓ, ગદા, અંકુશ અને જપમાળાથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૩

'तत्तीर्थोत्पन्नमीश्वरयक्षं धवलवर्णं त्रिनेत्रं वृषभवाहनं चतुर्भुजं मातुलिङ्गगदान्वितदक्षिणपार्णिं नकुलकाक्षसूत्रयुक्तवामपार्णिं चेति' ॥११॥

અર્થાત્–તેઓ (શ્રીશ્રેયાંસનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ઇશ્વર નામના યક્ષનો શ્વેતવર્ણ, ત્રણ નેત્ર, બળદનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં બીજોરું અને ગદા શોભે છે તથા ડાબા બે હાથ નોળીઓ અને જપમાળાથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૪

'तत्तीर्थोत्पन्नं कुमारयक्षं श्वतवर्णं हंसवाहनं चतुर्भुजं मातुलिङ्गबाणान्वितदक्षिणपार्णिं नकुलकधनुर्युक्तवामपार्णिं चेति ॥१२॥

અર્થાત્–તેઓ (શ્રીવાસુપૂજ્યસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા કુમાર (સુરકુમાર) નામના યક્ષનો શ્વેતવર્ણ, હંસનું વાહન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં બીજોરું અને બાણ શોભે છે તથા ડાબા હાથ નોળીઓ અને ધનુષથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૫

'तत्तीर्थोत्पन्नं षण्मुखं यक्षं श्वेतवर्णं शिखिवाहनं द्वादशभुजं फलचक्रबाणखड्गपाशाक्षसूत्रयुक्तदक्षिणपार्णिं नकुलचक्रधनुःफलकाङ्कुशाभययुक्तवामपार्णिं चेति' ॥१३॥

અર્થાત્–તેઓ (શ્રીવિમલનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ષણ્મુખ નામના યક્ષનો શ્વેત વર્ણ અને મોરનું વાહન તથા બાર ભુજા છે. તેમાં જમણા છ હાથમાં ફલ, ચક્ર, બાણ, તલવાર, પાશ અને અક્ષસૂત્ર છે તથા ડાબા છ હાથ નોળીઓ, ચક્ર, ધનુષ, ઢાલ, અંકુશ અને અભયથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૬

'तत्तीर्थोत्पन्नं पातालयक्षं त्रिमुखं रक्तवर्णं मकरवाहनं षड्भुजं पद्मखड्गपाशयुक्तदक्षिणपार्णिं नकुलफलकाक्षसूत्रयुक्तवामपार्णिं चेति' ॥१४॥

અર્થાત્–તેઓ (શ્રીઅનંતનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા પાતાલ નામના યક્ષનો રક્તવર્ણ, ત્રણ મુખ, મગરનું વાહન અને છ ભુજા છે. તેમાં જમણા ત્રણ હાથ કમલ, તલવાર અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા ત્રણ હાથમાં નોળીઓ, ઢાલ અને જપમાળા શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૭

तत्तीर्थोत्पन्नं किन्नरयक्षं त्रिमुखं रक्तवर्णं कूर्मवाहनं षट्भुजं बीजपूरकगदाभययुक्तदक्षिणपार्णिं नकुलपद्माक्षमालायुक्तवामपार्णिं चेति' ॥१५॥

અર્થાત્–તેઓ (શ્રીધર્મનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા શ્રી કિન્નર યક્ષનો રક્તવર્ણ, ત્રણ મુખ, કાચબાનું વાહન અને છ ભુજા છે. તેમાં જમણા ત્રણ હાથ બીજોરું, ગદા અને અભયથી વિભૂષિત છે, તથા ડાબા ત્રણ હાથમાં નોળીઓ, કમલ અને જપમાલા શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૮

'तत्तीर्थोत्पन्नं गरुडयक्षं वराहवाहनं क्रोडवदनं श्यामवर्णं चतुर्भुजं बीजपूरकपद्मयुक्तदक्षिणपार्णिं नकुलाक्षसूत्रवामपार्णिं चेति' ॥१६॥

અર્થાત્–તેઓ (શ્રીશાંતિનાથ સ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ગરૂડ યક્ષનો શ્યામવર્ણ, ક્રોડ વદન, વરાહ વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ બીજોરું અને કમલથી વિભૂષિત છે તથા ડાબા બે હાથમાં નોળીઓ તથા જપમાળા શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૮૯

'तत्तीर्थोत्पन्नं गन्धर्वयक्षं श्यामवर्णं हंसवाहनं चतुर्भुजं वरदपाशान्वितदक्षिणभुजं मातुलिङ्गाङ्कुशाधिष्ठितवामपार्णिं चेति' ॥१७॥

અર્થાત્–તેઓ (શ્રીકુંથુનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ગંધર્વ નામના યક્ષનો શ્યામવર્ણ, હંસવાહન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં વરદ અને પાશ શોભે છે તથા ડાબા બે હાથમાં બીજોરૂં અને અંકુશ છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૦

'तत्तीर्थोत्पन्नं यक्षेन्द्रयक्षं षण्मुखं त्रिनेत्रं श्यामवर्णं [1]शम्बरवाहनं द्वादशभुजं मातुलिङ्गबाणखड्गमुद्गरपाशाभययुक्तदक्षिणपाणिं नकुलधनुश्चर्मफलकशूलाङ्कुशाक्षसूत्रयुक्तवामपाणिं चेति' ॥१८॥

અર્થાત્–તેઓ (શ્રી અરનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા યક્ષેંદ્ર નામના યક્ષનો શ્યામવર્ણ, છ મુખ, ત્રણ નેત્ર, શંખ (શંબર) વાહન અને બાર ભુજા છે. તેમાં જમણા છ હાથ બીજોરૂં, બાણ, તલવાર, મુદ્ગર, પાશ અને અભયથી વિભૂષિત છે તથા ડાબા છ હાથમાં નોળીઓ, ધનુષ, ચામડાની ઢાલ, શૂળ, અંકુશ અને જપમાળા શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૧

'तत्तीर्थोत्पन्नं कुबेरयक्षं चतुर्मुखमिन्द्रायुधवर्णं गरुडवदनं गजवाहनं अष्टभुजं वरद-[2]पाशचापशूलाभययुक्तदक्षिणपाणिं बीजपूरकशक्तिमुद्गराक्षसूत्रयुक्तवामपाणिं चेति' ॥१९॥

અર્થાત્–તેઓ (શ્રીમલ્લિનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા કુબેર નામના યક્ષનો ઇન્દ્રાયુધ જેવો (મેઘધનુષ જેવો) વર્ણ, ચાર મુખ, ગરૂડવદન, હાથીનું વાહન અને આઠ ભુજા છે. તેમાં જમણા ચાર હાથમાં વરદ, પાશ (પરશુ), શૂળ અને અભય શોભે છે તથા ડાબા ચાર હાથ બીજોરું, શક્તિ, મુદ્ગર અને જપમાળાથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૯૨

'तत्तीर्थोत्पन्नं वरुणयक्षं चतुर्मुखं त्रिनेत्रं धवलवर्णं वृषभवाहनं जटामुकुटमण्डितं अष्टभुजं मातुलिङ्गगदाबाणशक्तियुतदक्षिणपाणिं नकुलकपद्मधनुःपरशुयुतवामपाणिं चेति' ॥२०॥

અર્થાત્–તેઓ (શ્રીમુનિસુવ્રતસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા વરૂણ યક્ષનો ધવલવર્ણ, ચાર મુખ, ત્રણ નેત્ર, વૃષભવાહન, જટામુકુટમંડિત અને આઠ ભુજા છે. તેમાં જમણા ચાર હાથમાં બીજોરૂં, ગદા, બાણ અને શક્તિ શોભે છે, તથા ડાબા ચાર હાથ નોળીઓ, કમળ, ધનુષ અને પરશુથી વિભુષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૩

'तत्तीर्थोत्पन्नं भृकुटियक्षं चतुर्मुखं त्रिनेत्रं हेमवर्णं वृषभवाहनं अष्टभुजं मातुलिङ्ग-शक्तिमुद्गराभययुक्तदक्षिणपाणिं नकुलपरशुवज्राक्षसूत्रवामपाणिं चेति' ॥२१॥

१ शङ्ख इति पाठान्तरम् । २ वरदपरशु इत्यपि पाठः ।

અર્થાત્–તેઓ (શ્રીનમિનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ભૃકુટિ નામના યક્ષનો સુવર્ણવર્ણ, ચાર મુખ, ત્રણ નેત્ર, વૃષભવાહન અને આઠ ભુજા છે. તેમાં જમણા ચાર હાથમાં બીજોરું, શક્તિ મુદ્ગર અને અભય શોભે છે. તથા ડાબા ચાર હાથ નોળીઓ, પરશુ, વજ્ર અને જપમાળાથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૪

'तत्तीर्थोत्पन्नं गोमेधयक्षं त्रिमुखं श्यामवर्णं पुरुषवाहनं षड्भुजं मातुलिङ्गपरशु-चक्रान्वितदक्षिणपार्णिं नकुलकशूलशक्तियुतवामपार्णिं चेति' ॥२२॥

અર્થાત્–તેઓ (શ્રીનેમનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા ગોમેધ-નામના યક્ષનો શ્યામવર્ણ, ત્રણ મુખ, પુરૂષ વાહન અને છ ભુજા છે. તેમાં જમણા ત્રણ હાથમાં બીજોરૂં, પરશુ અને ચક્ર શોભે છે, તથા ડાબા ત્રણ હાથ નોળીઓ, શૂળ અને શક્તિથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૫

'तत्तीर्थोत्पन्नं पार्श्वयक्षं गजमुखमुरगफणामण्डितशिरसं श्यामवर्णं कूर्मवाहनं चतु-र्भुजं बीजपूरकोरगयुतदक्षिणपार्णिं नकुलकाहियुतवामपार्णिं चेति' ॥२३॥

અર્થાત્–તેઓ (શ્રીપાર્શ્વનાથ સ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા શ્રીપાર્શ્વ-નામના યક્ષનો શ્યામવર્ણ, હાથી જેવું મુખ, સર્પની ફણાથી મંડિતમસ્તક, કાચબાનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં બીજોરૂ અને સર્પ શોભે છે તથા ડાબા બે હાથ નોળીઓ અને સર્પથી વિભુષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૬

'तत्तीर्थोत्पन्नं मातङ्गयक्षं श्यामवर्णं गजवाहनं द्विभुजं दक्षिणे नकुलं वामे बीज-पूरकमिति' ॥२४॥

અર્થાત્–તેઓ (શ્રીમહાવીરસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલા માતંગ નામના યક્ષનો શ્યામવર્ણ, ગજનું વાહન તથા બે ભુજા છે. તેમાં જમણા હાથમાં નોળીઓ અને ડાબા હાથમાં બીજોરૂં શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૭

–निर्वाणकलिका. पृष्ठ ३४थी३७

ચોવીશ તીર્થંકરોની શાસનદેવીઓ

देवीओ चक्केसरि, अजिआ दुरिआरि कालि महाकाली ।
अच्चुअ सन्ता जाला, सुतारयाऽसोय सिरिवच्छा ॥९॥
चण्डा विजयंकुसि पन्नइत्ति निव्वाणि अच्चुआ धरणी ।
वैरुट्टछुत्त गन्धारि अंब पउमावई सिद्धा ॥१०॥

[देव्यश्चक्रेश्वर्यजिता दुरितारी काली महाकाली ।
अच्युता शान्ता ज्वाला सुतारकाऽशोका श्रीवत्सा ॥
चण्डा विजयाऽङ्कुशी पन्नगेति निर्वाण्यच्युता धारिणी ।
वैरोट्याच्छुप्ता गान्धार्यम्बा पद्मावती सिद्धा ॥]

અર્થઃ–દેવીઓ આ પ્રમાણે છેઃ—

ચક્રેશ્વરી, અજિતા, દુરિતારી, કાલી, મહાકાલી, અચ્યુતા, શાંતા, જ્વાલા, સુતારકા, અશોકા, શ્રીવત્સા, ચંડા, વિજયા, અંકુશા, પન્નગા, નિર્વાણી, અચ્યુતા, ધારિણી, વૈરોટ્યા, અચ્છુપ્તા, ગાંધારી, અંબા, પદ્માવતી અને સિદ્ધા.

ભાવાર્થઃ–આ ચોવીશ શાસનદેવીઓનું વર્ણન **'निर्वाणकलिका'** ગ્રન્થમાં આ પ્રમાણે આપેલું છેઃ—

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नामप्रतिचक्राभिधानां यक्षिणीं हेमवर्णां गरुडवाहनामष्टभुजां वरदबाणचक्रपाशयुक्तदक्षिणकरां धनुर्वज्रचक्राङ्कुशवामहस्तां चेति' ॥१॥

અર્થાત્–તેઓ (શ્રીઋષભદેવસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી અપ્રતિચક્રા (ચક્રેશ્વરી) દેવીનો સુવર્ણવર્ણ, ગરૂડનું વાહન અને આઠ ભુજા છે. તેમાં જમણા ચાર હાથ વરદ, બાણ, ચક્ર અને પાશથી વિભૂષિત છે. તથા ડાબા ચાર હાથમાં ધનુષ, વજ્ર, ચક્ર અને અંકુશ શોભી રહેલાં છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૯૮

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नामजिताभिधानां यक्षिणीं गौरवर्णां लोहासनाधिरूढां चतुर्भुजां वरदपाशाधिष्ठितदक्षिणकरां बीजपूरकाङ्कुशयुक्तवामकरां चेति' ॥२॥

અર્થાત્–તેઓ (શ્રી અજિતનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી અજિતા યક્ષિણીનો ગૌરવર્ણ, લોહાસનાધિરૂઢ અને ચાર હાથ છે. તેમાં જમણા બે હાથ વરદ અને પાશથી વિભૂષિત છે. તથા ડાબા બે હાથમાં બીજોરું અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં ૯૯

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां दुरितारिदेवीं गौरवर्णां मेषवाहनां चतुर्भुजां वरदाक्षसूत्रयुक्तदक्षिणकरां फलाभयान्वितवामकरां चेति' ॥३॥

અર્થાત્–તેઓ (શ્રીસંભવનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી દુરિતારિદેવીનો ગૌરવર્ણ, બકરાનું વાહન અને ચાર ભુજા, તેમાં જમણા બે હાથ વરદ અને જપમાળાથી વિભૂષિત છે તથા ડાબા બે હાથમાં ફલ અને અભય શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૦

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां कालिकादेवीं श्यामवर्णां पद्मवाहनां चतुर्भुजां वरदपाशाधिष्ठितदक्षिणभुजां नागाङ्कुशान्वितवामहस्तं चेति' ॥४॥

અર્થાત્–તેઓ (શ્રીઅભિનંદનસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી કાલિકાદેવીનો શ્યામવર્ણ, કમલનું આસન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં નાગ અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૧

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां महाकालीं देवीं सुवर्णवर्णां पद्मवाहनां चतुर्भुजां वरदपाशाधिष्ठितदक्षिणकरां मातुलिङ्गाङ्कुशयुक्तवामभुजां चेति' ॥५॥

અર્થાત્—તેઓ (શ્રીસુમતિનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી મહાકાલી દેવીનો સુવર્ણવર્ણ, પદ્મનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં માતુલિંગ અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૨

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नामच्युतां देवीं श्यामवर्णां नरवाहनां चतुर्भुजां वरदवीणान्वितदक्षिणकरां कार्मुकाभयवामहस्तां चेति'[1] ॥६॥

અર્થાત્–તેઓ (શ્રીપદ્મપ્રભુસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી અચ્યુતાદેવીનો શ્યામવર્ણ, નરવાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને વીણા (બાણ)થી વિભૂષિત છે. તથા ડાબા બે હાથમાં ધનુષ અને અભય શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૩

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां शान्तादेवीं सुवर्णवर्णां गजवाहनां चतुर्भुजां वरदाक्षसूत्रयुक्तदक्षिणकरां शूलाभययुतवामहस्तां चेति' ॥७॥

અર્થાત્–તેઓ (શ્રી સુપાર્શ્વનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી શાન્તાદેવીનો સુવર્ણવર્ણ, હાથીનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને જપમાળાથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં શૂળ અને અભય શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૪

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां भृकुटिदेवीं पीतवर्णां वराह (बिडाल[2]) वाहनां चतुर्भुजां खड्गमुद्गरान्वितदक्षिणभुजां फलकपरशुयुतवामहस्तां चेति' ॥८॥

અર્થાત્–તેઓ (શ્રી ચંદ્રપ્રભુસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી ભૃકુટી (જ્વાળા) દેવીનો પીળોવર્ણ, વરાહનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ તલવાર અને મુદ્ગરથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં ઢાલ અને પરશુ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૫

---

૧ बाण इत्यपि पाठः । ૨ विराल इत्यपि पाठः ।

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां सुतारादेवीं गौरवर्णां वृष(भ)वाहनां चतुर्भुजां वरदाक्षसूत्रयुक्तदक्षिणभुजां कलशाङ्कुशान्वितवामपार्णिं चेति' ॥९॥

અર્થાત્–તેઓ (શ્રીસુવિધિનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી સુતારાદેવીનો ગૌરવર્ણ, વૃષભવાહન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને જપમાળાથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં કલશ અને અંકુશ શોભે છે, આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૬

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां अशोकादेवीं मुद्गवर्णां पद्मवाहनां चतुर्भुजां वरदपाशयुक्तदक्षिणकरां फलाङ्कुशयुक्तवामकरां चेति' ॥१०॥

અર્થાત્–તેઓ (શ્રીશીતલનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલીઅશોકાદેવીનો નીલવર્ણ, પદ્મનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં ફલ અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૭

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां मानवीं देवीं गौरवर्णां सिंहवाहनां चतुर्भुजां वरदमुद्गरान्वितदक्षिणपार्णिं कलशाङ्कुशयुक्तवामकरां चेति' ॥११॥

અર્થાત્–તેઓ (શ્રીશ્રેયાંસનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી માનવી (શ્રીવત્સા)દેવીનો ગૌરવર્ણ, સિંહનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને મુદ્ગરથી વિભૂષિત છે. તથા ડાબા બે હાથમાં કલશ અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૦૮

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां प्रचण्डादेवीं श्यामवर्णां अश्वारूढां चतुर्भुजां वरदशक्तियुक्तदक्षिणकरां पुष्पगदायुक्तवामपार्णिं चेति' ॥१२॥

અર્થાત્–તેઓ (શ્રીવાસુપૂજ્યસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી પ્રચંડા(પ્રવરા)દેવીનો શ્યામવર્ણ, ઘોડાનું વાહન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને શક્તિથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં પુષ્પ અને ગદા શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં.૧૦૯

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां विदितादेवीं हरितालवर्णां पद्मारूढां चतुर्भुजां बाणपाशयुक्तदक्षिणपार्णिं धनुर्नागयुक्तवामपार्णिं चेति' ॥१३॥

અર્થાત્–તેઓ (શ્રીવિમલનાથસ્વામી) ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી વિદિતાદેવીનો હરિતવર્ણ, પદ્મનું આસન અને ચાર ભુજા છે, તેમાં જમણા બે હાથ બાણ અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં ધનુષ્ય અને નાગ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૧૦

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां अङ्कुशां देवीं गौरवर्णां पद्मवाहनां चतुर्भुजां खड्गपाशयुक्त-दक्षिणकरां चर्मफलकाङ्कुशयुतवामहस्तां चेति' ॥१४॥

અર્થાત્–તેઓ (શ્રીઅનંતનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી અંકુશાદેવીનો ગૌરવર્ણ, કમલનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં તલવાર અને પાશ શોભે છે, તથા ડાબા બે હાથ ચામડાની ઢાલ અને અંકુશથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૧

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां कन्दर्पां (पन्नगां) देवीं गौरवर्णां मत्स्यवाहनां चतुर्भुजां उत्पलाङ्कुशयुक्तदक्षिणकरां पद्माभययुतवामहस्तां चेति' ॥१५॥

અર્થાત્–તેઓ (શ્રીધર્મનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી કન્દર્પા-દેવીનો ગૌરવર્ણ, મત્સ્યનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં ઉત્પલ (કમલ) અને અંકુશ શોભે છે, તથા ડાબા બે હાથ કમલ અને અભયથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૨

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां निर्वाणीं देवीं गौरवर्णां पद्मासनां चतुर्भुजां पुस्तकोत्पलयुक्तदक्षिणकरां कमण्डलुकमलयुतवाहमस्तां चेति' ॥१६॥

અર્થાત્–તેઓ (શ્રી શાંતિનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી નિર્વા-ણીદેવીનો ગૌરવર્ણ, કમલનું આસન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં પુસ્તક અને ઉત્પલ શોભે છે, તથા ડાબા બે હાથ કમંડલ અને કમળથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૩

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां बलां (अच्युतां) देवीं गौरवर्णां मयूरवाहनां चतुर्भुजां बीजपूरकशूलान्वितदक्षिणभुजां मुषुण्ढिपद्मान्वितवामभुजां चेति' ॥१७॥

અર્થાત્–તેઓ (શ્રીકુંથુનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી બલા (અચ્યુતા) દેવીનો સુવર્ણવર્ણ, મોરનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં બીજોરું અને શૂળ શોભે છે, તથા ડાબા બે હાથ મુષંઢી (એક જાતનું શસ્ત્ર) અને કમલથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૪

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां धारणीं देवीं कृष्णवर्णां पद्मासनां चतुर्भुजां मातुलिङ्गोत्पलान्वितदक्षिणभुजां पाशाक्षसूत्रान्वितवामकरां चेति' ॥१८॥

અર્થાત્–તેઓ (શ્રીઅરનાથસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી ધારણી-દેવીનો કાળો (નીલ)વર્ણ, કમળનું આસન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં બીજોરું અને ઉત્પલ શોભે છે, તથા ડાબા બે હાથ પાશ અને જપમાળાથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૫

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां वैरोट्यां देवीं कृष्णवर्णां पद्मासनां चतुर्भुजां वरदाक्ष-सूत्रयुक्तदक्षिणकरां मातुलिङ्गशक्तियुक्तवामहस्तां चेति' ॥१९॥

અર્થાત્–તેઓ (શ્રી મલ્લિનાથપ્રભુ)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી વૈરોટ્યા-દેવીનો કાળોવર્ણ, કમલનું આસન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં વરદ અને જપમાળા શોભે છે, તથા ડાબા બે હાથ બીજોરૂં અને શક્તિથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૬

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां वरदत्तां (अच्छुप्तां) देवीं गौरवर्णां भद्रासनारूढां चतुर्भुजां वरदाक्षसूत्रयुतदक्षिणकरां बीजपूरक[1]कुम्भयुतवामहस्तां चेति' ॥२०॥

અર્થાત્–તેઓ (શ્રી મુનિસુવ્રતસ્વામી)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી વરદત્તા (અચ્છુપ્તા) દેવીનો ગૌરવર્ણ, ભદ્રાસન પર બેઠેલી તથા ચાર ભુજાવાળી છે. તેમાં જમણા બે હાથ વરદ અને જપમાળાથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં બીજોરૂં તથા કુંભ (કળશ) શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૭

'नमेर्गन्धारीदेवीं श्वेतां हंसवाहनां चतुर्भुजां वरदखड्गयुक्तदक्षिणभुजद्वयां बीजपूर-(क)कुम्भयुतवामद्वयां चेति' ॥२१॥

અર્થાત્–તેઓ શ્રી નમિનાથ (સ્વામી)ની ગાન્ધારી દેવીનો શ્વેતવર્ણ, હંસનું વાહન તથા ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ વરદ અને તલવારથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં બીજોરૂં અને કુંભ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૮

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां कूष्माण्डीं देवीं कनकवर्णां सिंहवाहनां चतुर्भुजां मातुलिङ्गपाशयुक्तदक्षिणकरां पुत्राङ्कुशान्वितवामकरां चेति' ॥२२॥

અર્થાત્–તેઓ [શ્રી નેમિનાથપ્રભુ]ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી કૂષ્માણ્ડી (અંબિકા) દેવીનો સુવર્ણવર્ણ, સિંહનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથમાં બીજોરૂં અને પાશ શોભે છે, તથા ડાબા બે હાથ પુત્ર અને અંકુશથી વિભૂષિત છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૧૯

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां पद्मावतीं देवीं कनकवर्णां कुर्कुटवाहनां चतुर्भुजां पद्म-पाशान्वितदक्षिणकरां फलाङ्कुशाधिष्ठितवामकरां चेति' ॥२३॥

અર્થાત્–તેઓ (શ્રીપાર્શ્વનાથપ્રભુ)ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી પદ્માવતી દેવીનો સુવર્ણવર્ણ, કુર્કુટ [જાતિના સર્પનું] વાહન, અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ કમલ અને પાશથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં ફલ

१ मातुलिङ्गशूल इत्यपि पाठः।

અને અંકુશ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૨૦ તેણીના ત્રિરંગી ચિત્ર માટે તથા જુદાં જુદાં સ્વરૂપોનાં ચિત્રો માટે 'ભૈરવપદ્માવતી કલ્પ'માં પ્રસિદ્ધ થએલાં ચિત્રો જુઓ.

'तस्मिन्नेव तीर्थे समुत्पन्नां सिद्धायिकां हरितवर्णां सिंहवाहनां चतुर्भुजां पुस्तकाभययुक्तदक्षिणकरां मातुलिङ्गबाणान्वितवामहस्तां चेति' ॥२४॥

અર્થાત્–તેઓ [શ્રીમહાવીરસ્વામી]ના જ તીર્થમાં ઉત્પન્ન થએલી સિદ્ધાયિકા દેવીનો હરિતવર્ણ, સિંહનું વાહન અને ચાર ભુજા છે. તેમાં જમણા બે હાથ પુસ્તક અને અભયથી વિભૂષિત છે, તથા ડાબા બે હાથમાં બીજોરૂં અને બાણ શોભે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૨૧

—निर्वाणकलिका पत्र ३४ थी ३७

इअ तित्थरक्खणरया, अन्ने वि सुरासुरी य चउहावि ।
वंतरजोइणिपमुहा, कुणंतु रक्खं सया अम्हं ॥११॥

[इति तीर्थरक्षणरता अन्येऽपि सुरासुर्यश्च चतुर्धाऽपि ।
व्यन्तरयोगिनीप्रमुखाः कुर्वन्तु रक्षां सदाऽस्माकम् ॥]

અર્થ:–એ પ્રમાણે તીર્થનું એટલે ચતુર્વિધ સંઘનું રક્ષણ કરવાને તત્પર એવા યક્ષ યક્ષિણીઓ અને બીજા પણ ચાર નિકાય[1] (ભુવનપતિ, વ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક)ના દેવ, દેવીઓ, વ્યંતર, યોગિની[2] વગેરે અમારું સદા રક્ષણ કરો.

एवं सुदिट्ठिसुरगण–सहिओ संघस्स संतिजिणचंदो ।
मज्झ वि करेउ रक्खं, मुणिसुंदरसूरिथुअमहिमा ॥१२॥

[एवं सुदृष्टिसुरगणसहितः सङ्घस्य शान्तिजिनचन्द्रः ।
ममाऽपि करोतु रक्षां मुनिसुन्दरसुरिस्तुतमहिमा ॥]

અર્થ:–આ પ્રમાણે મુનિસુંદરસૂરિએ જેના મહિમાની સ્તુતિ કરી છે એવા સમકિતદૃષ્ટિ દેવોના સમૂહ સહિત શ્રીશાંતિનાથ જિનેશ્વર શ્રીસંઘની તથા મારી પણ રક્ષા કરો.

---

૧ ચાર નિકાયના દેવોનું વર્ણન સંગ્રહણીસૂત્રમાં વિસ્તારથી આપેલું છે અને ભુવનપતિ તથા વ્યંતરદેવોનાં ઇન્દ્રોનાં ચિત્રો માટે 'જૈનચિત્રકલ્પદ્રુમ'ના ચિત્ર. ૨૬૯, ૨૭૫ તથા ૨૭૬ જુઓ.
૨ યોગિનીની સંખ્યા ૬૪ ચોસઠ છે તેમના નામો માટે 'શ્રીભૈરવપદ્માવતીકલ્પ'માં છપાએલ 'પરિશિષ્ટ. નંબર. ૨૪નું સ્તોત્ર જુઓ.

इअ संतिनाह सम्म-दिट्ठि रक्खं सरइ तिकालं जो ।
सव्वोवद्दवरहिओ, स लहइ सुहसंपयं परमं ॥१३॥

[इति शान्तिनाथं सम्यग्दृष्टिः रक्षायै स्मरति त्रिकालं यः ।
सर्वोपद्रवरहितः स लभते सुखसंपदं परमाम् ॥]

અર્થ:—આ પ્રમાણે જે સમ્યગ્દૃષ્ટિ મનુષ્ય પોતાના રક્ષણને માટે શ્રીશાંતિનાથ-પ્રભુનું ત્રણેકાળ સ્મરણ કરે છે તે મનુષ્ય સર્વ ઉપદ્રવથી રહિત થઇ ઉત્કૃષ્ટ સુખ સંપદાને પામે છે.

तवगच्छगयणदिणयर-जुगवरसिरिसोमसुंदरगुरूणं ।
सुपसायलद्धगणहर-विज्जासिद्धी भणइ सीसो ॥१४॥

[तपोगच्छगगनदिनकरयुगवरश्रीसोमसुन्दरगुरूणाम् ।
सुप्रसादलब्धगणधरविद्यासिद्धिर्भणति शिष्यः ॥]

અર્થ:—તપગચ્છરૂપી આકાશમાં સૂર્ય સમાન યુગપ્રધાન શ્રીસોમસુન્દર ગુરૂના સુપ્રસાદથી જેણે ગણધર વિદ્યાની સિદ્ધિ પ્રાપ્ત કરી છે એવા તેમના શિષ્ય શ્રીમુનિ-સુંદરસૂરિએ આ સ્તવન કર્યું (બનાવ્યું) છે.

श्रीसंतिकरस्तवस्याम्नायः ॥

———(०)———

एतत्स्तोत्रं त्रिकालमुभयकालं वा स्मर्यते। दुष्टभूतशाकिनीरोगादिभयं न भवति, महापुण्यं च भवति, सुलभबोधिश्च।

विशेषमरकीमान्द्यादिशंकायामुपसर्गहरस्तोत्रं पंचपरमेष्ठिनमस्कारादिवत् सम्यगऽधीत्य प्रतिगृहं सर्वजनैः पवित्रीभूय त्रिकालं सप्तकृत्वस्त्रिस्त्रिर्वा गुण्यते स्तोत्रमिदम्। यस्य नायाति स श्राव्यते च। गुणयितुः श्रोतुश्च मरक्यादिक्लेशा न प्रभवन्ति।

नित्यमुभयकालं प्रतिक्रमणानन्तरं पाक्षिकप्रतिक्रमणानन्तरं वा। कश्चित् सप्तवारं त्रिवारं वा गुणयति। अपरे च सावधानाः शृण्वन्ति। सर्वेषां तस्मिन् दिने तस्यां रात्रौ तस्मिन् पक्षे वा केप्युपद्रवाः नोत्पद्यन्ते। एवं वार्षिकचातुर्मासिकप्रतिक्रमणेऽपि ज्ञेयम्।

कदाचित्कस्यचिद् ग्रन्थिः सज्वरो निर्ज्वरो वा निर्गतः स्यात् तदा शीघ्रमेव पवित्रीभूय कश्चित् शुचिवस्त्रे रुधिरास्थिमांसमलमूत्रकेलाद्यनुच्छिष्टे शुचिस्थाने पट्टाद्युपविष्टः श्रीमुनिसुंदरसूरिगुरुभ्यो नमः इति वार २१ रोगिणं श्रावयन्नुच्चार्य, वार ७ स्वशरीरं शीर्षादारभ्य सर्वांगं स्पृशन् गुणयित्वाऽऽत्मरक्षां कृत्वा सावधानमनाः परिहृतव्यापारांतरो वस्त्राञ्चलेन रोगिग्रन्थिं प्रतिस्तोत्रं स्पर्शनोंजयन्नखण्डं वार १०८ संपूर्णस्तोत्रं गुणयेत्। ज्वरो ग्रन्थिश्चोपशाम्यति। सहस्रशोऽपि परःशतैश्च दृष्टप्रत्ययमिदम्।

एतत्स्तोत्रं च जपतांऽतरालेऽपरं किमप्युपसर्गहरस्तवाद्यपि न जपनीयम्। न च मिथ्यात्वाद्यपि कार्यं। जैनैरप्यजैनैश्च प्रकारान्तरैर्मिश्रणकरणे तथाविधफलस्य दुःसाध्यत्वात्

त्रयोदशैवाऽस्य गाथाऽध्येया जप्याश्च। स लहइ० इति यावत्। अधिकगाथापि कापि केनापि न योजनीया। ग्रन्थीज्वरादेरुत्पत्तेरनु च शीघ्रमेव अपरमिथ्यात्वादिप्रतिकारपरित्यागेन तस्यैव प्रयोगेण सद्यः सुखेन च गुणो भवति। अन्यथा कष्टेन स्यादनैकांतिक इति।

संपूर्ण त्रण वार सात वार स्मृतेन। ॐ स नमो विप्पोसहि० ॐ संति नमुक्कारो०। इति द्वितीयतृतीयगाथाभ्यां च वार १०८ अथवा वार २१ स्मृताभ्यामभिमन्त्रितं जलं पीतं तत् सर्वविषमज्वरादिरोगान् विशिष्य च दैवतविकारान् भूतादिछलशाकिन्यादिदोषान् अपहरति।

अनेन संपूर्णस्तोत्रेण वार २१ अथवा वार ७। द्वितीयतृतीयगाथाभ्यां वार १०८ अथवा वार २१ रोगिशरीरं हस्तेन स्पृशेत्। रजोहरणादिना चोंजयेत्। रोगो दोषश्च उपशाम्यति।

यश्चैतद् स्तोत्रं गाथाद्वयं च बहु बहुतरं बहुतमं च प्रत्यहं स्मरति। यस्य चास्मिन् स्तोत्रेऽस्य स्तोत्रस्य प्रणेतरीं च बह्वी बहुतरा बहुतमा च भक्तिरास्था च स्यात्। य-(त)स्य भृश भृशतरां भृशतमां च स्फुरतीति तत्त्वं।

यस्य च रोगिणो दोषिणो वा गात्रभंगे जाते तस्मिन्नेतन्न प्रयुज्यते प्रयोगेऽपि गुणोऽनैकांतिक इत्यादेशः।

यस्य रोगिणो दोषिणो वा आयुःप्राचुर्यसद्भावेन रोगो दोषो वा साध्यः स्यात् तस्य सम्यग् विधिनैतत्प्रयोगे सद्यो गुणः स्यादग्रतः। पुनरेतत्प्रयोगे च शनैः शनैः गुणो वर्धते। अपरस्य तु सकृद्गुणः समाधानादिः स्यात्। परं न वर्धते नापि च स्थिरः स्यादिति रोगा(ग)दोषयोः साध्यतायुःसद्भावपरिज्ञानोपायोऽपि।

यस्य च सम्यग् विधिना सर्वप्रकारैरेतत् प्रयोगेऽपि गुणो न जातस्तस्य प्रायोऽ-न्यस्तोत्रमंत्रयंत्रादिभिर्बहुभिरपि प्रयुक्तैः सुदुर्लभः।

एतस्य संप्रत्यत्र विषये सर्वोत्कृष्टमहिमात्वादित्य ? साध्यता प्रत्ययः। दोषे ध्रुवो गुणः संपूर्णोऽपि च। रोगे तु नैकांतिकः। सर्वं इति विधिः प्रयत्नसाध्यो चेति।

यत्र चास्य प्रणेता स्मरणपरश्च तिष्ठति कियत् समयं स्थितो वा स्यात्। तत्र प्रायो दैवतं मरकमांद्यं नोत्पद्यते। मिथ्यात्वादिदेवताद्यर्चनैः, तदर्थहिंसाकरणैः तत्स्तोत्र-गुणनैः तत्कर्त्रऽवज्ञादिभिस्तु कदाचिदुत्पद्यते तदापि सुसाधं स्यात्। सुखेन च प्रती-कारो लगतीत्यर्थः। अन्यत्र त्वसकृदुत्पद्य (ते) चेति। दुर्वारं दुःसाधं च स्यादिति। पट्टिकाकांस्यभाजनादौ लिखित्वा पूजादिना शुभफलं स्यात्।

कदाचित् कोप्येतान् मंत्रान् कथमपि ज्ञात्वा जपति न तु स्तोत्रं तस्य तथा न गुणो यथा स्तोत्रजापेन देवतावरकारत्वात् गुणस्येति।

एतत् गीतेनापि श्रुतेन शाकिनीगृहीतो म्रियते, मुच्यते च। शाकिन्यादि बहुगा नालायादिनेति।

इति बहुदेशेषु शक्तिक्षतग्रंथिविकारज्वरादि मरकमांद्येन भरतक्षेत्रे दुःषमायामपि श्रीधर्माधारभूतश्रीसंघलोकहानिं दृष्ट्वा समुत्पन्नखेदकरुणादिभावैः श्रीपरमगुरुपूज्यश्री-सोमसुंदरसूरिपादप्रसादलब्धश्रीसूरिमंत्रसाधनाम्नायैर्बहुतपोध्यानादिश्रीसूरिमंत्रसाधनप्र-सादितश्रीसूरिमंत्राधिष्ठायकप्रदत्तवरैः श्री मुनिसुंदरसूरिभिः श्री संघस्य मरकमांद्याद्यु-पद्रवनिवृत्त्यारक्षार्थं कृतं, सर्वदेशेष्वाराधकानां मरकाद्युपद्रवनिवृत्त्या जगतः प्रकटप्रख्या-तनिष्प्रतिमप्रभाववैभवस्य श्रीशांतिकरस्तोत्रराजस्य किंचिदाम्नायप्रकटनमिदं मिथ्याद-शामधर्मधियां शौचसदाचाररहितानां च शौचादिविकलानां बालानां तादृग् स्त्रीणामपि च न देयमिदम्। सदाचारवतां सर्वाभ्युदयहेतुरिति॥

साधनाः—

पर्यूषणानो अट्ठम करी १०८ वार संतिकरं संपूर्ण गणवुं। ए साधना पछी वार १०८ बीजी त्रीजी गाथा स्तोत्रनी गणवी सही रोग ज्वरादिक जाय महाप्रभावक॥ इति श्रीसंतिकरस्तोत्राम्नायः॥

ભાવાર્થ:—

આ સ્તોત્રનું ત્રિકાળ (સવાર, બપોર અને સાંજ) અથવા માત્ર સવારે અને સાંજે સ્મરણ કરવાથી દુષ્ટ ભૂત, શાકિની અને રોગાદિ ભય થાય નહિ. મહાપુણ્યની પ્રાપ્તિ થાય અને સુલભ બોધિપણાની પ્રાપ્તિ થાય.

વિશેષ:—

મરકી વગેરે રોગાદિની શંકા ઉત્પન્ન થાય ત્યારે ઉવસગ્ગહર૦ તથા પંચપરમેષ્ટિ (નવકાર) નમસ્કારની માફક આ સ્તોત્ર સારી રીતે કંઠે કરીને દરેક ઘરમાં સર્વ માણસોએ પવિત્ર થઈને ત્રણે કાળ સાત સાત વાર અગર ત્રણ ત્રણ વાર ગણવું જોઇએ. જેને આવડતું ન હોય તેને બીજાએ સંભળાવવું. ગણનાર તથા સાંભળનારને મરકી વગેરે ઉપદ્રવોના કલેશ થાય નહિ.

હરહંમેશ બંને વખત (સવાર અને સાંજ) ના પ્રતિક્રમણની સમાપ્તિ વખતે અથવા પાક્ષિક (પખ્ખી) પ્રતિક્રમણના અંતે કોઇ સાત વાર તો કોઇ ત્રણ વાર ગણે છે અને બાકીના સર્વ સાવધાન થઈને સાંભળે છે તે સર્વને તે દિવસે, તે રાત્રીએ અને તે પખવાડીએ કોઇપણ પ્રકારના ઉપદ્રવો થતાં નથી. આ પ્રમાણે ચાતુર્માસિક અને વાર્ષિક (સંવત્સરી) પ્રતિક્રમણના અંતે પણ સમજવું.

કદાચ કોઇને તાવ સહિત અથવા તાવ રહિત ગ્રંથી (ગાંઠ) નીકળી હોય, તો તરત પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી, રૂધિર (લોહી) હાડકાં, માંસ, મલ [વિષ્ટા] તથા મૂત્રાદિ રહીત શુચિ [પવિત્ર] સ્થાનકે પાટલા વગેરે ઉપર બેસી 'શ્રી મુનિસુંદરસૂરિ ગુરૂભ્યો નમઃ' આ શબ્દ રોગી સાંભળે તેવી રીતે ૨૧ વાર બોલીને પોતાના શરીરને મસ્તકથી માંડી ૭ વાર આખા શરીરે સ્પર્શ કરીને સાવધાન મનથી આત્મરક્ષા કરીને, બીજાં બધાં કામકાજ છોડી દઈને સ્તોત્ર ભણીને વસ્ત્રનો છેડો ગાંઠને અડે તેવી રીતે રાખીને ઉંજીયે. અખંડ ૧૦૮ વાર સ્તોત્ર ગણવું, આ પ્રમાણે કરવાથી જ્વર તથા ગાંઠ વગેરે ઉપશાંત થાય. હજારો વાર અજમાવેલ છે અને બીજાઓએ પણ સેંકડો વાર (આ પ્રયોગનો) પ્રભાવ જોએલો છે.

આ સ્તોત્ર ભણતાં વચ્ચે ઉવસગ્ગહર૦ વગેરે અન્ય કોઇપણ સ્તોત્રનો જાપ ન કરવો તથા મિથ્યાત્વાદિના કોઇ પણ પ્રયોગ કરવા નહિ. કોઇપણ જૈન અગર અજૈન પ્રયોગનું મિશ્રણ કરવાથી જોઇએ તેવું ફલ મેળવી શકાતું નથી,

स लहइ सुह संपयं परमं સુધી આ સ્તોત્રની ગાથા તેર જ કંઠે કરવી અને જપવી. અધિક ગાથા કોઇએ પણ યોજવી નહિ. ગાંઠ વગેરે નીકળતાં તુરત જ અન્ય મિથ્યાત્વીઓનાં ઉપચારોનો ત્યાગ કરી આ સ્તોત્રનો પ્રયોગ કરવાથી તુરત જ સુખેથી

ગુણ થાય અને આથી વિપરીત વર્તન કરે તો મુશ્કેલીથી ગુણ થાય. આ વાત એકાંતે નથી.

સંપૂર્ણ સ્તોત્ર ૩ વાર અગર ૭ વાર ગણવાથી અને **ૐ નમો વિપ્પોસહિ૦ ૐ સંતિ નમુક્કારો૦** આ બે [બીજી અને ત્રીજી] ગાથા વડે ૧૦૮ વાર અથવા ૨૧ વાર ગણીને મંત્રીને તે મંત્રિત જળ પીવાથી [રોગીને પાવાથી], દરેક પ્રકારના વિષમ જ્વરાદિ રોગો અને વિશેષ કરીને દેવતા સંબંધી વિકારો ભુત પ્રેતાદિના છળ તથા શાકિની વગેરેના દોષોનો નાશ કરે.

આ સંપૂર્ણ સ્તોત્રથી ૨૧ વખત અથવા ૭ વખત, તથા બીજી અને ત્રીજી ગાથાથી ૧૦૮ વખત અથવા ૨૧ વખત રોગીના શરીરને હાથ વડે સ્પર્શ કરવાથી અથવા રજોહરણાદિ વડે ઉંજવાથી રોગીના રોગો તથા દોષો ઉપશમે છે.

જે કોઈ મનુષ્ય આ બે ગાથાને હમેશ અનેકવાર સ્મરણ કરે, જેને આ સ્તોત્ર ઉપર અગર આ સ્તોત્રની રચના કરનાર આચાર્ય તરફ બહુમાન અને ભક્તિ તથા રટન હોય તેને આ સ્તોત્ર તાત્કાલિક ફાયદો કરે.

જે કોઇ રોગી અગર દોષીના ગાત્રનો ભંગ થયો હોય તેને આ સ્તોત્રનો પ્રયોગ કરવો નહિ, કારણકે પ્રયોગ કરવાથી પણ ફાયદો થાય અગર ન પણ થાય નિશ્ચિત નહિ.

જે કોઇ રોગી અથવા દોષીના આયુષ્યની પ્રચુરતા હોય તેને તરત ફાયદો થાય અથવા તો જેમ જેમ પ્રયોગ ચાલુ રહે તેમ તેમ ફાયદો થાય, પરંતુ વધે નહિ તેમ લંબાય નહિ.

યથોક્ત વિધિ પ્રમાણે ઉપચાર [પ્રયોગ] કરવા છતાં ગુણ ન થાય તો બીજા કોઇ સ્તોત્ર, મંત્ર, યંત્ર વગેરે ઘણાએ અજમાવે તો પણ ફાયદો થવો મુશ્કેલ છે.

આ સ્તોત્રના રચનાર અગર સ્મરણ કરનાર જે સ્થળે ઊભા હોય, અગર કેટલાક સમય સુધી સ્થિત રહ્યા હોય ત્યાં દૈવી દોષ તથા મરકી વગેરેના ઉપદ્રવો થાય નહિ.

દેવાદિ દોષવાળાને તો આ પ્રયોગથી નક્કી સંપૂર્ણ ફાયદો થાય. રોગી માટે એકાંતિક નહિ, આ સર્વ વિધિ પ્રયત્ન સાધ્ય છે.

મિથ્યાત્વી દેવતાઓની પૂજા કરવાથી, પૂજા માટે હિંસા કરવાથી, મિથ્યાત્વી-ઓનાં સ્તોત્ર ભણવાથી અથવા તેઓના સ્તોત્રના કર્તા આચાર્યની અવજ્ઞા કરવાથી કદાપિ ઉપદ્રવ ઉદ્ભવે તો પણ થોડા સમયમાં નિવૃત્તિ પામે તેવાં થાય, પરંતુ

દુઃખથી અટકાવી શકાય અગર દુઃસાધ્ય ઉત્પન્ન થાય નહિ. પાટલી અથવા કાંસાના પાત્ર પર લખી પૂજન કરવાથી શુભ ફળ આપે.

કદાચિત્ કોઇ પણ મનુષ્ય આ સ્તોત્રના મંત્રાક્ષરોને કોઇ પણ રીતે જાણીને તેનો જાપ કરે અને સ્તોત્ર ભણે નહિ તો તેને ધાર્યા પ્રમાણે ફળની પ્રાપ્તિ થાય નહિ અને સ્તોત્રનો જાપ કરવાથી તુરત ગુણ થાય.


આ સ્તોત્ર ગણવાથી અગર સાંભળવાથી શાકિનીથી ઘેરાએલી વ્યક્તિ મૃત્યુ પામે અથવા તેનાથી મુક્ત થાય.

આ દુઃષમા નામના પાંચમા આરાના સમયમાં ગ્રંથિવિકાર જ્વરાદિ અને મરકી વગેરેથી લોકોને દુઃખી જોઇને, ધર્મના આધાર ભૂત શ્રીસંઘના મનુષ્યોની હાની થતી જોઇને ખેદ તથા કરુણા ઉત્પન્ન થવાથી પરમપૂજ્ય પરમગુરૂ શ્રી **સોમસુંદર-સૂરિની** ચરણ કૃપાથી સૂરિમંત્રની સાધના કરતાં પ્રસન્ન થએલા સૂરિમંત્રના અધિષ્ઠાયક દેવે આપેલા વરદાન વડે શોભતા શ્રી **મુનિસુંદરસૂરિએ** આ સ્તોત્રની રચના કરી છે.

શ્રી સંઘમાં વ્યાપેલા મરકી વગેરે ઉપદ્રવોના નિવારણ માટે અને સર્વદેશોમાં રહેલા આરાધક મનુષ્યોનાં મરકી આદિ ઉપદ્રવોનું નિવારણ કરવા માટે પ્રગટ છે પ્રભાવ જગતમાં જેનો એવા આ **'શાંતિકર સ્તોત્ર'** નો કંઇક આમ્નાય (વિધિ) અમોએ વર્ણવેલ છે, તે કોઇ પણ મિથ્યાત્વીને, અધર્મિજનોને, સદાચાર વગરના માણસોને, શૌચાદિ નિત્યકર્મ નહિ પાળનારાઓને, બાળકોને તેમ જ સ્ત્રીઓને (મંદબુદ્ધિ હોવાને લીધે)આપવો નહિ. કેમકે સદાચાર પાળનારાઓને દરેક રીતે આબાદીને આપનાર આ સ્તોત્ર છે,

સાધના:-

પર્યુષણપર્વનો અઠ્ઠમ કરી ૧૦૮ વાર સંતિકરં સંપૂર્ણ ગણવું એ સાધના કર્યા પછી જ્યારે જરૂર પડે ત્યારે બીજી અને ત્રીજી ગાથા ૧૦૮ વાર ગણવી, રોગ જ્વરાદિક જાય. આ સ્તોત્ર મહાપ્રાભાવિક છે.



श्रीतिजयपहुत्त स्तोत्र.

———(०)———

तिजयपहुत्तपयासय–अट्ठमहापाडिहेरजुत्ताणं ।
समयक्खित्तठिआणं, सरेमि चक्कं जिणिंदाणं ॥१॥

[त्रिजगत्प्रभुत्वप्रकाशकाष्टमहाप्रातिहार्ययुक्तानाम् ।
समयक्षेत्रस्थितानां स्मरामि चक्रं जिनेन्द्राणाम् ॥]

અર્થ:–ત્રણ જગતના સ્વામીપણાને પ્રકાશ કરનાર આઠ મહાપ્રાતિહાર્યવડે સહિત તથા સમયક્ષેત્રમાં કહેતાં અઢીદ્વીપમાં રહેલા જિનેશ્વરોના સમૂહનું (યંત્રનું)* હું સ્મરણ કરૂં છું.

* આ યંત્ર કરવાની રીતિ નીચે પ્રમાણે છે.

२५ ह	८० र	क्षि	१५ हुं	५० हः
२० स	४५ र	प	३० सुं	७५सः
क्षि	प	ॐ	स्वा	हा
७० ह	३५ र	स्वा	६० हुं	५ हः
५५ स	१० र	हा	६५ सुं	४० सः

બાજુમાં બતાવ્યા મુજબ પાંચ ઊભા અને પાંચ આડા કોઠા (ખાના)કરવા એટલે કુલ ૨૫ ખાનાં થયા. તેમાં મધ્યના આડા અને ઊભા પાંચ ખાનામાં પંચ મહાભૂતાત્મક 'क्षि प ॐ स्वा हा' એ પાંચ અક્ષરની મહાવિદ્યા લખવી. (આ પાંચ અક્ષરો પૈકી क्षि પૃથ્વીબીજ, प અપ્બીજ, ॐ અગ્નિબીજ, તેજોબીજ, स्वा પવનબીજ અને हा શૂન્યબીજ, આકાશબીજ છે. (આ મન્ત્રાક્ષરો સિવાય બીજા મન્ત્રબીજો જાણવાની ઇચ્છાવાળાઓને મારા તરફથી પ્રસિદ્ધ થએલા 'भैरवपद्मावतीकल्प' નામના જૈન મન્ત્રશાસ્ત્રના ગ્રન્થમાં છપાએલો 'मन्त्राक्षरोनो बीजकोष' જોવા મારી નમ્ર વિનંતિ છે). બાકીની ચાર પંક્તિઓ પૈકીની પ્રથમ પંક્તિના ચાર આડા ખાનામાં બીજી ગાથામાં બતાવેલા ૨૫–૮૦–૧૫–૫૦ એ ચાર અંકો અનુક્રમે લખવા, બીજી પંક્તિના ચાર આડા ખાનામાં ત્રીજી ગાથામાં બતાવેલા ૨૦–૪૫–૩૦–૭૫ એ ચાર અંકો અનુક્રમે લખવા, ચોથી પંક્તિના ચાર આડા ખાનામાં ચોથી ગાથામાં બતાવેલા ૭૦–૩૫–૬૦–૫ એ ચાર અંકો અનુક્રમે લખવા, તથા પાંચમી પંક્તિના ચાર આડા ખાનામાં પાંચમી ગાથામાં બતાવેલા ૫૫–૧૦–૬૫–૪૦ એ ચાર અંકો અનુક્રમે લખવા. ત્યારપછી છઠ્ઠી ગાથામાં બતાવેલા ह (દુરિતનાશક સૂર્યબીજ), र (દહનકારક અગ્નિબીજ), हुं (ભૂતાદિત્રાસક ક્રોધબીજ અને આત્મરક્ષક કવચ) તથા हः (સૂર્યબીજે કરીને સંપુટિત) એ ચાર બીજાક્ષરો પહેલી આડી લીટીના અંકોવાળા ચાર ખાનામાં અંકોની નીચે અનુક્રમે મૂકવા. વળી स (સૌમ્યતાકારક ચંદ્રબીજ), र (દહનકારક અગ્નિબીજ) सुं (સર્વ દુરિતને શાંત કરનાર શામક), તથા सः (ચંદ્રબીજે કરીને સંપુટિત) એ ચાર બીજાક્ષરો બીજી લીટીના

હવે સ્તોત્રકાર એકસોને સીત્તેર સમયક્ષેત્રમાં રહેલાં એકસોને સીત્તેર જિનેશ્વરોની સંખ્યાના અંકના પ્રમાણવાળો અને મોટું છે માહાત્મ્ય જેનું એવો મહાયંત્ર છે. તે યંત્ર લખવાનો વિધિ આગળની સાત ગાથાએ કરી દેખાડે છે.

पणवीसा य असीआ, पनरस पन्नास जिणवरसमूहो ।
नासेउ सयलदुरिअं, भविआणं भत्तिजुत्ताणं ॥२॥

[पञ्चविंशतिश्च अशीतिः पञ्चदश पञ्चाशत् जिनवरसमूहः ।
नाशयतु सकलदुरितं भव्यानां भक्तियुक्तानाम् ॥]

અર્થ:–પચીશ, એંશી, પંદર અને પચાસ એ પ્રમાણે તીર્થંકરોનો સમુદાય ભક્તિવંત ભવ્યજીવોના સકલ પાપનો નાશ કરો.

वीसा पणयाला विय, तीसा पन्नत्तरी जिणवरिंदा ।
गहभूअरक्खसाइणि–घोरुवसग्गं पणासंतु ॥३॥

[विंशतिः पञ्चचत्वारिंशदपि च त्रिंशत्पञ्चसप्ततिः जिनवरेन्द्राः ।
ग्रहभूतराक्षसशाकिनीघोरोपसर्गं प्रणाशयन्तु ॥]

અર્થ:–વીશ, પીસ્તાલીશ તથા ત્રીશ અને પંચોતેર એટલા જિનવરેંદ્રો ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીના ઘોર ઉપસર્ગનો વિનાશ કરો.

सत्तरि पणतीसा विय, सट्ठी पंचेव जिणगणो एसो ।
वाहिजलजलणहरिकरि–चोरारिमहाभयं हरउ ॥४॥

[सप्ततिः पञ्चत्रिंशदपि च षष्टिः पञ्चैव जिनगण एषः ।
व्याधिजलज्वलनहरिकरिचोरारिमहाभयं हरतु ॥]

અર્થ:–સીત્તેર, પાંત્રીસ, સાઠ અને પાંચ એટલા જિનેશ્વરો વ્યાધિ, જલ અથવા જ્વર, અગ્નિ, સિંહ, હાથી, ચોર અને શત્રુ સંબંધી મહાભયને દૂર કરો.

અંકોવાળા આડા ચાર ખાનામાં તથા પાંચમી લીટીના અંકોવાળા આડા ચાર ખાનામાં અંકોની નીચે અનુક્રમે મૂકવા. છઠ્ઠી ગાથાની શરૂઆતમાં જે 'ॐ' અક્ષર છે તે પંચપરમેષ્ટિવાચક છે અને 'ह र हुं ह:' એ ચાર બીજાક્ષરો વડે અનુક્રમે જયા વિજયા, અજિતા અને અપરાજિતા એ ચાર દેવીઓનાં અનુક્રમે નામ સમજવાં.

આ યંત્રની ચાર ઊભી, ચાર આડી અને બે તીરછી એમ દશ લીટીમાં લખેલા અંકોનો સરવાળો કરતાં દરેકનો સરવાળો ૧૭૦ થાય છે અને સઘળી બાજુની ગણતરી એકસરખી આવે છે, તેથી આ યંત્રનું ગુણવિશિષ્ટ એવું સર્વતોભદ્ર નામ છે. આ યંત્રની ચાર બાજુના પડખાના અંકોવાળા ૧૬ ખાનાઓમાં સાતમી અને આઠમી ગાથામાં બતાવેલી ૧૬ વિદ્યાદેવીઓનાં નામ ॐ ह्रीं श्रीं એ ત્રણ બીજાક્ષરો આદિમાં અને અંતમાં 'नमः'પદ સહિત લખવાં.

पणपन्ना य दसेव य, पन्नट्ठी तह य चेव चालीसा ।
रक्खंतु मे सरीरं, देवासुरपणमिआ सिद्धा ॥५॥

[पञ्चपञ्चाशच्च दशैव च पञ्चषष्टिस्तथा च चैव चत्वारिंशत् ।
रक्षन्तु मे शरीरं देवासुरप्रणताः सिद्धाः ॥]

અર્થ:–પંચાવન, દશ, પાંસઠ અને ચાલીશ એટલા સિદ્ધ થએલા તીર્થંકરો કે જેઓ દેવો અને અસુરોથી નમસ્કાર કરાએલા છે તેઓ મારા શરીરનું રક્ષણ કરો.

ॐ हरहुंहः सरसुंसः, हरहुंहः तह य चेव सरसुंसः ।
आलिहियनामगब्भं, चक्कं किर सव्वओभद्दं ॥६॥

[ॐ हरहुंहः सरसुंसः हरहुंहः तथा चैव सरसुंसः ।
आलिखितनामगर्भं चक्रं किल सर्वतोभद्रम् ॥]

અર્થ:–ॐ હરહુંહ: અને સરસુંસ: તથા વળી ફરીથી હરહુંહ: અને સરસુંસ: એ પ્રમાણે મન્ત્રના બીજાક્ષર સહિત મધ્યમાં સાધકનું નામ લખેલું છે, જેની અંદર એવો યંત્ર નિશ્ચે સર્વતોભદ્ર છે.

ॐ रोहिणि पन्नत्ति, वज्जसिंखला तहय वज्जअंकुसिआ ।
चक्केसरि नरदत्ता, काली महाकाली तह गोरी ॥७॥
गंधारि महज्जाला, मानवि वइरुट्ट तहय अच्छुत्ता ।
माणसि महमाणसिआ, विज्जादेवीओ रक्खंतु ॥८॥

[ॐ रोहिणी प्रज्ञप्तिः वज्रशृङ्खला तथा च वज्राङ्कुशा ।
चक्रेश्वरी नरदत्ता काली महाकाली तथा गौरी ॥
गान्धारी महाज्वाला मानवी वैरोट्या तथा च अच्छुप्ता ।
मानसी महामानसिका विद्यादेव्यो रक्षन्तु ॥]

અર્થ:–ॐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશા, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાળા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી અને મહામાનસિકા આ સર્વ વિદ્યાદેવીઓ (મારી) રક્ષા કરો.

पंचदसकम्मभूमिसु, उप्पन्नं सत्तरिं जिणाण सयं ।
विविहरयणाइवन्नो–वसोहिअं हरउ दुरिआइं ॥९॥

[पञ्चदशकर्मभूमिषु उत्पन्नं सप्ततिः जिनानां शतम् ।
विविधरत्नादिवर्णोपशोभितं हरतु दुरितानि ॥]

અર્થ:–પંદર કર્મભૂમિ (પાંચ ભરતક્ષેત્ર, પાંચ મહાવિદેહક્ષેત્ર અને પાંચ

ઐરવતક્ષેત્ર એ પંદર) ને વિષે [શ્રી અજિતનાથસ્વામીના સમયમાં +] ઉત્પન્ન થએલા વિવિધ રત્નાદિકના વર્ણ વડે શોભિત એવા એકસોને સીત્તેર જિનેશ્વરો [મારા] પાપનું હરણ કરો.

चउतीस अइसयजुआ, अट्ठमहापाडिहेरकयसोहा ।
तित्थयरा गयमोहा, झाएअव्वा पयत्तेणं ॥१०॥

[चतुस्त्रिंशदतिशययुक्ता अष्टमहाप्रातिहार्यकृतशोभाः ।
तीर्थंकरा गतमोहा ध्यातव्याः प्रयत्नेन ॥]

અર્થઃ—ચોત્રીશ અતિશયે કરીને યુક્ત, અષ્ટ મહાપ્રાતિહાર્યોએ કરીને શોભિત અને નાશ પામ્યો છે મોહ જેઓનો એવા તીર્થંકરો પ્રયત્ન વડે ધ્યાન કરવા યોગ્ય છે.

ॐ वरकणयसंखविद्रुम मरगयघणसंनिहं विगयमोहं ।
सत्तरिसयं जिणाणं, सव्वामरपूइअं वंदे ॥११॥ स्वाहा ॥

ॐ वरकनकशंखविद्रुममरकतघनसन्निभं विगतमोहम् ।
सप्ततिशतं जिनानां सर्वामरपूजितं वन्दे ॥]

અર્થઃ—શ્રેષ્ઠ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમણિ અને મેઘ સરખા વર્ણવાળા અર્થાત્ પાંચે વર્ણવાળા, નાશ પામ્યો છે મોહ જેમનો એવા તથા સર્વ દેવો વડે પૂજિત એવા એકસો સીત્તેર જિનેશ્વરોને હું વંદન કરું છું. અહીંયાં શરૂઆતમાં ॐ લખ્યો છે તે પરમેષ્ઠિ વાચક છે અને અંતમાં **'स्वाहा'** શબ્દ લખ્યો છે તે દેવોને બલિદાન આપતાં બોલાય છે; એમ સર્વત્ર જાણવું.

ॐ भवणवइवाणवंतर–जोइसवासी विमाणवासी अ
जे के वि दुट्ठदेवा, ते सव्वे उवसमंतु ममं ॥१२॥ स्वाहा॥

[ॐ भवनपतिवानमन्तरज्योतिष्कवासिनो विमानवासिनश्च ।
ये केऽपि दुष्टदेवास्ते सर्वे उपशाम्यन्तु मम ॥]

+શ્રી અજિતનાથસ્વામીના સમયમાં એકસો સીત્તેર જિનેશ્વરો વિદ્યમાન હતા તેઓની સંખ્યા આ પ્રમાણે જાણવીઃ—

એક મહાવિદેહ ક્ષેત્રમાં બત્રીશ વિજયો હોવાથી પાંચ મહાવિદેહ ક્ષેત્રમાં એકસો સાઠ વિજયો, તેમાં એક એક તીર્થંકર એટલે કુલ એકસો સાઠ, તથા પાંચ ભરતક્ષેત્ર પૈકી એકેક ભરતક્ષેત્રમાં એકેક કુલ મળી પાંચ ભરતક્ષેત્રમાં પાંચ, અને તેવી જ રીતે પાંચ ઐરવતક્ષેત્ર પૈકી એકેક ક્ષેત્રમાં એકેક કુલ મળી પાંચ ઐરવતક્ષેત્રમાં પાંચ, કુલ પંદર કર્મક્ષેત્રમાં એકસો સાત્તેર જિનેશ્વરો થાય . તે સર્વની સ્તુતિ આ સ્તોત્રમાં કરવામાં આવેલી છે.

અર્થ:—ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચારે દેવનિકાયને વિષે જે કોઇ દુષ્ટ એટલે (શાસનના) દ્વેષી દેવો હોય તે સર્વે મારા પર ઉપશાંત થાઓ—મને વિઘ્ન ન કરો.

चंदणकप्पूरेणं, फलए लिहिऊण खालिअं पीअं ।
एगंतराइगहभूअ—साइणिमुग्गं पणासेई ॥१३॥

[चन्दनकर्पूरेण फलके लिखित्वा क्षालितं पीतम् ।
एकान्तरादिग्रहभूतशाकिनीमुद्गं प्रणाशयति ॥]

અર્થ:—ચંદન અને કપૂરવડે પાટીયા પર આ યંત્ર લખી તેને (જળવડે) ધોઇને પીધો હોય તો તે એકાંતર વગેરે જ્વર, ગ્રહ, ભૂત, શાકિની અને મોગકના આવેશનો નાશ કરે છે. [મતાંતરે કાંસાની થાળીમાં કપૂર, ગોરોચંદન, કેસર, ચંદન, કસ્તુરી વગેરેનો કર્દમ કરી સાત વખત લેપન કરવું, તે લેપન કરેલી થાળીને છાયામાં સુકવી તેનાપર (સોનાની લેખનવડે) યંત્ર લખીને પુષ્પ ધૂપાદિકવડે પૂજન કરીને તેના ન્હવણનું જલ પીવાથી રોગ નાશ પામે છે].

इअ सत्तरिसयजंतं, सम्मं मंतं दुवारि पडिलिहिअं ।
दुरिआरिविजयवंतं, निब्भंतं निच्चमच्चेह ॥ १४ ॥

[इति सप्ततिशतयन्त्रं सम्यग्मन्त्रं द्वारि प्रतिलिखितम् ।
दुरितारिविजयवन्तं निर्भ्रान्तं नित्यमर्चयत ॥]

અર્થ:—આ પ્રમાણે સમ્યક્ મંત્રરૂપ એકસો સીત્તેર જિનેશ્વરોનો યંત્ર દ્વારને વિષે લખ્યો હોય તો તે કષ્ટ અને શત્રુનો વિનાશ કરે છે, તેથી [હે ભવ્યજીવો !] સંદેહ રહિતપણે તમે તેની નિરંતર પૂજા કરો. [મતાંતરે રૂપાના પતરામાં અથવા ત્રાંબાના પતરામાં લખીને આ યંત્રનું હમેશાં પૂજન કરવું અને જ્યારે કાર્ય પડે ત્યારે આ યંત્રનું શુદ્ધ જલે કરીને પ્રક્ષાલન કરવું અને તે પ્રક્ષાલિત કરેલા જલનું પાન કરવું].

तिजयपहुत्त (सत्तरिसय) स्तोत्राम्नाय

चित्र. १२२-

तिजयपहुत्तप्रथमयंत्रविधिः—
पणमिय सिरिसंतिजिणं थुणामि पकेहिं अरिहसत्तरिसयं ।
परमिट्ठिकुट्ठेसुं आगमविहि सव्वओभद्दं ॥१॥

तेयाला चउवीसा तीसा छत्तीस सत्ततीसा य ।
कम्मवणदहणनिउणा जिणवसहा दिंतु मम सिद्धिं ॥२॥
पणतीसा इगताला बायाला तिविस ईगुणतीसा य ।
कल्लाणपंचकलिया संघस्स कुणंतु कल्लाणं ॥३॥
बावीसा अट्ठवीसा चउतीसा दुगुणवीस छायाला ।
सिहि अहि वाहि अहिअ हिय दुट्ठट्ठिय मोहजोहहरा ॥४॥
गुणयाला पणयाला छव्वीसा सत्तवीस तित्तीसा ।
जरमरणरोगरहिया मंगलं दिंतु मे (मम सिद्धिं) ॥५॥
इगतीसा बत्तीसाइतीस चउचत्त पणवीसा ।
वंतरभूयपिसाया रक्खसमुहरक्खगा हुंतु ॥६॥
इय विहिणा सत्तरिसयं पडिलेहिअ जो थुणेइ अच्चेई ।
तस्स नय हवइ विग्घं सिग्घं सिद्धिं समेइ य ॥७॥
सिरि नण्णसूरि पणयं सत्तरीसय जिणवराणं भत्तीइ ।
भवियाण कुणउ संतिं रिद्धिबुद्धिं धिइकित्तिं ॥८॥
—इति सत्तरिसयं यन्त्रस्तवं-इति प्रथम यन्त्रविधिः ॥१॥

भावार्थः—

श्री शांतिनाथप्रभुने नमस्कार करीने परमेष्टिकोष्टकमां आगम विधि प्रमाणे सर्वतोभद्र नामना यंत्रथी १७० अरिहंतोने स्तवुं छुं. (१)

४३, २४, ३०, ३६, अने ३७ ओ कर्मवनने दहन करवामां निपुण एवा जिनश्वरो मने सिद्धि आपो. (२)

३५, ४१, ४२, २३, अने २९ ओ पंचकल्याणकथी युक्त जिनेश्वरो संघनुं कल्याण करो. (३).

२२, २८, ३४, ४०, अने ४६ ओ जिनेश्वरो अग्नि, सर्प, व्याधि, शत्रु, राजा अने मोहराजाना दुष्ट एवा महान्योद्धाओने हरो. (४).

૩૯, ૪૫, ૨૬, ૨૭, અને ૩૩ એ જરા, મરણ અને રોગથી રહિત તીર્થંકરો મને મંગળ અને સિદ્ધિ આપો. (૫)

૩૧, ૩૨, ૩૮, ૪૪ અને ૨૫ એ તીર્થંકરો વ્યંતર, ભૂત, પિશાચ અને રાક્ષસ પ્રમુખથી રક્ષણ કરનારા થાઓ. (૬)

આ વિધિ પ્રમાણે ૧૭૦ યંત્ર વસ્ત્રપર લખી જે પુરૂષ સ્તવે અને પૂજે તેને કોઇ વિઘ્ન થાય નહિ અને તરત સિદ્ધિ થાય. (૭)

શ્રીનન્દનસૂરિથી નમસ્કૃત આ ૧૭૦ જિનેશ્વરો ભક્તિ કરનાર ભવિકોને શાંતિ, ઋદ્ધિ, બુદ્ધિ, ધૃતિ અને કીર્તિ આપો. (૮)

चित्र. १२३—द्वितीययन्त्रविधिः ॥ स्तोत्रं ॥

आनंदोल्लासनमत्त्रिदशपतिशिरःप्रसूनपूज्यपदं ।
जिनसप्ततिशतमानम्य वच्मि तस्यैव संस्तवनम् ॥१॥
जंबूद्वीपे भरतैरावतयोरेकमेकमभिनौमि ।
तत् द्वात्रिंशद्विजयेष्वेकैकं जिनवरं वन्दे ॥२॥
धातकिखंडद्वीपे द्विगुणैर्भरतद्विके जिनद्वितयं ।
ऐरावते जिनयुगलममलमभिनौमि सद्भक्त्या ॥३॥
वन्दे महाविदेहे जिनाँश्चतुःषष्टिविजयसंभविनः ।
केवलकिरणोद्द्योतितजगत्त्रया (घ्वस्त) संतमसान् ॥४॥
श्रीपुष्करार्धनाम्नि च तावत एव प्रमाणतः प्रयतः ।
परमेष्ठिनः समभिष्टौमि नष्टकर्म्माष्टविद्वेष्यान् ॥५॥
वरकनकशंखविद्रुममरकतघनसन्निभं विगतमोहं ।
सप्ततिशतं जिनानां सर्वामरपूजितं वन्दे ॥६॥
दवदहनं भूभृदम्भस्तस्करविद्युत्फणीभविस्फोटम् ।
हरिमारिबन्धनभयं तत्कालं संस्मृतं हरति ॥७॥
यो यंत्रस्थं ध्यायति सप्ततिशतमर्हतां पुलकिताङ्गः ।
न भवंति रुजो नश्यंति वार्यस्तस्य सर्वेऽपि ॥८॥
द्वौ सप्त सप्तसप्ततिरशीतिरथ संयुता चतुर्भिश्च ।
एकाशीतिरशीतिः षट् च त्रयोऽष्टौ तथैकः स्यात् ॥९॥
त्र्यधिकाशीतिः सप्ततिरष्टयुक्ताऽशीतिरेकयोना च ।
द्व्यशीतिश्चत्वारः पंच च यंत्रे विधिर्ज्ञेयः ॥१०॥
क्षितिपतिमतिसंक्रुद्धं जपितं बीजाक्षरैः प्रसाधयति ।
हरहुंहः सरसुंसः ॐ क्लीं ह्रीं हुँ फट् स्वाहा ॥११॥

घनसारचंदनद्रव्यैर्लिखितं पात्रे पयः प्रपीतं च ।
विस्फोटनाशनं खलु कुर्यात् द्वारे तथा न्यस्तम् ॥१२॥
पापमलं दहति भृशं हृत्पंकजकोटरे तथा ध्यातम् ।
त्रिभुवनमपि वशमानयति यंत्रमेतत् प्रपूजयतः ॥१३॥
षोडशकोष्ठगतं यः सबीजमेतत् करेऽनिशं दध्यात् ।
तस्य करस्था पुंसः कल्याणपरंपरा सकला ॥१४॥
इति सप्ततिशतजिनपतिसंस्तवनं ये प्रपठ्य पठुमतयः ।
ध्यायति मनसि तेषां तु हरिभद्रं पदं सुचिरम् ॥१५॥

–इति सप्ततिशतं यंत्रविधिः–द्वितीययंत्रस्तोत्रं ॥

ભાવાર્થ:—

આનંદના ઉલ્લાસપૂર્વક નમસ્કાર કરતા ઇંદ્રોના મસ્તક ઉપર રહેલાં પુષ્પો વડે પૂજાએલા છે ચરણો જેમના એવા ૧૭૦ જિનેશ્વરોને નમસ્કાર કરીને તેઓનું જ સ્તવન રચું છું. ૧

જંબુદ્વીપના એક ભરત અને એક ઐરવતક્ષેત્રમાં એકેક તથા મહાવિદેહક્ષેત્રની ૩૨ વિજય છે તે દરેકમાં એકેક, આ પ્રમાણે ૩૪ જિનેશ્વરોને વંદન કરું છું. ૨

જંબુદ્વીપના કરતાં ધાતકીખંડનું પ્રમાણ બમણું હોવાને લીધે તેમાં રહેલા બે ભરત અને બે ઐરવતક્ષેત્રમાં બે બે, એ પ્રકારે ૪ જિનવરોને ભક્તિપૂર્વક નમસ્કાર હો.૩.

ધાતકીખંડમાં બે મહાવિદેહક્ષેત્રો હોવાથી તેની ૬૪ વિજયોમાં ઉત્પન્ન થએલા, અને કેવલજ્ઞાનથી પ્રકાશિત કરેલા ત્રણે જગતના અજ્ઞાનરૂપી અંધકારને તેમજ ગાઢ પાપનો નાશ કરનારા જિનેશ્વર દેવોનો નમસ્કાર–વંદન હો.–૪

પુષ્કરાર્ધક્ષેત્રમાં પણ પ્રમાણમાં તેટલા જ (ધાતકીખંડના સમાન જ) અષ્ટકર્મરૂપ શત્રુઓનો નાશ કરનારા જિનેંદ્રોને સ્તવું છું. ૫.

શ્રેષ્ઠ સુવર્ણ (પીતવર્ણ), શંખ (શ્વેતવર્ણ), પરવાળા (રક્તવર્ણ), મરકત મણિ (નીલા), વર્ષાદથી પૂર્ણ વાદળાં જેવા (શ્યામ) વર્ણવાળા, મોહ રહિત અને સર્વ દેવતાઓથી પૂજિત ૧૭૦ જિનેશ્વરોને વંદન કરું છું. ૬.

દાવાનલ, રાજ, પાણી, ચોર, વીજળી, સર્પ, હાથી, વિસ્ફોટક, સિંહ, મારી (મરકી) અને બંધન વગેરે ભયો (જેઓના) સ્મરણ માત્રથી તત્કાલ નષ્ટપણાને પામે છે. ૭.

આ યંત્રમાં રહેલા ૧૭૦ જિનેશ્વરદેવોનું આનંદથી પુલકિત દેહવાળો થઇને જે મનુષ્ય ધ્યાન કરે છે તેને કોઇ પણ પ્રકારના રોગ થતા નથી અને (તેના) સર્વે

પ્રકારના શત્રુઓ નાશ પામે છે.–૮

આ સ્તોત્રમાં યંત્રનું સ્વરૂપ આ પ્રમાણે જણાવેલું છે.—

૨, ૭, ૭૭; ૮૪ (પ્રથમ લીટીમાં), ૮૧, ૮૦, ૬, ૩, (બીજી લીટીમાં), ૮, ૧, ૮૩, ૭૮ (ત્રીજી લીટીમાં), અને ૭૯, ૮૨, ૪, ૫ (ચોથી લીટીમાં) આ પ્રમાણે યંત્ર ભરવાનો વિધિ જાણવો. ૯-૧૦

हरहुंहः सरसुंस ॐ कलीं ह्रीं हुँ फट् स्वाहा આ બીજાક્ષરોથી જાપ કરતાં અત્યંત ક્રોધિત થએલો રાજા પણ પ્રસન્ન થાય છે. ૧૧

કેસર, ચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી કોઇ પાત્રમાં લખી તે પાણી પાવામાં આવે અગર દરવાજા ઉપર લખે તો વિસ્ફોટકનો નાશ કરે. ૧૨.

આ યંત્રનું હૃદયકમળમાં ધ્યાન ધરવાથી પાપરૂપી મળને બાળી નાંખે છે અને પૂજન કરતાં ત્રણે લોકને વશ કરે છે. ૧૩

૧૬ સોળ કોષ્ઠકમાં દર્શાવેલ બીજાક્ષર સહિત આ યંત્રને જે માણસ હાથમાં ધારણ કરે છે તેને સર્વ કલ્યાણની પરંપરા પ્રાપ્ત થાય છે. ૧૪.

આ ૧૭૦ જિનેશ્વરોનું સ્તવન જે મનુષ્ય નિર્મલ બુદ્ધિપૂર્વક મનમાં ધ્યાવે છે તે દીર્ઘકાલીન સુખથી મનોહર (મોક્ષ) સ્થાન મેળવે છે. ૧૫.

चित्र. १२४

तृतीययंत्रविधिः । यंत्रं प्रथममेव ॥

पुष्पदर्शनानंतरं बृहत् सप्ततिशतं यंत्रं श्रीपर्णपट्टे चंदनकर्पूरेण जातिलेखिन्या पवित्रांगो मंत्री विलिख्य एकभक्तेन ब्रह्मचर्येण भूमीशयनादि दिनत्रयं श्वेतसुरभिपुष्पैः तद्गृहे गत्वा अष्टोत्तरसहस्रजापं प्रतिदिनं त्रिकालं अष्टप्रकारीपूजां कृत्वा ॐ वरकनक-शंख० १ अनेन गाथामंत्रेण जापो देयात्, जापे समाप्ते तृतीयदिने रात्रौ पाश्चात्य घटीका ४ समये सा स्त्री गुप्तगृहे स्नानं कार्यते सा स्त्री कृतस्नानां मुक्तकेशां नीरावरणीं ऊर्ध्वी-कृत्वा सोपि भर्त्ता एकवर्णागोदुग्धमानयेत् तत्र स्नानगृहे नीत्वा स्वयमानिस्मपत्तः संध्या-सावद्दिग् रूप्यमयं यंत्रं प्रक्षाल्य कच्चोलके प्रक्षाल्य पल १ प्रमाणं दुग्धं पूर्वाभिमुखीभूय उर्ध्वं पिबति ततो मुखशुद्धिः तांबूलादि गृहीत्वा पवित्रं अद्भूतं शृंगारं कृत्वा अन्यमुखं नावलोकयंती देवालयं गत्वा देवानां देवान् गोत्रदेवतां दीप धूपं पूजयित्वा तत्र मंत्रिणं गुरुं नमस्कृत्य आशिर्वादं गृहीत्वा तत्र गुरुणा रक्षां कारयेत् ॐ भवण० एतद्गाथया रक्षा कार्या । सा स्त्री देवगुरुपुरो वांछितं याचयित्वा पश्चात् सूर्योदये शयनगृहे प्रवि-शति तत्रैव स्वेच्छायां संभोगो कार्यः । तानि त्रीणि अपि दिनानि ते (ताभ्यां) दंपतीभ्यां अमृताहारो विधेयः । तस्याः पुत्रप्राप्तिः । सर्वदोषा वातपित्तकफोद्भवाः रोगाश्च प्रशाम्यन्ति ।

—इति तृतीययंत्रविधिः-संततिफलप्रदं समाप्तं सत्यमिदं निःसंदेहः ॥श्री॥

ભાવાર્થઃ—

સ્ત્રીને રજોદર્શન થયા બાદ શ્રીપર્ણીના પાટલા ઉપર ચંદન, કર્પૂરના મિશ્રણથી જાઇની કલમથી બૃહત્ સપ્તતિશત યંત્ર લખી પવીત્ર અંગવાળો મંત્રી (મંત્રવાદી) તેને ઘેર જઇ ઉપવાસ, બ્રહ્મચર્ય; ભૂમિશયનાદિ પૂર્વક ત્રણ દિવસ સુધી શ્વેત સુગંધી પુષ્પથી હરહમેશ ૧૦૦૮ જાપ કરે, ત્રિકાળ અષ્ટપ્રકારી પૂજા કરે, પછી ૐ **वरकनकशंख०** આ ગાથાના મંત્રનો જાપ કરે, જાપ સમાપ્ત કરી ત્રીજે દિવસે રાત્રે, રાતની પાછળની ચાર ઘડી બાકી રહે તે સમયે તે સ્ત્રીને ગુપ્તગૃહે (કોઇ દેખી ન શકે તેવી જગ્યાએ) સ્નાન કરાવી, છુટા કેશે કંઇ પણ આચ્છાદન વગર (નગ્નાવસ્થામાં) ઊભી રાખી તેના પતિ પાસે એકવર્ણી ગાયનું દૂધ મંગાવી તેનાથી તે રૂપ્યમય યંત્રને પખાલીને વાટકીમાં ૧ પલ પ્રમાણ દૂધ પૂર્વ દિશા સન્મુખ ઊભી રાખીને પીવડાવવું. પછી મુખ વગેરે શુદ્ધ કરી તાંબૂલાદિ (પાન વગેરે) લઇ બીજા કોઇનું પણ મુખ જોયા વગર શ્રેષ્ટ શૃંગાર કરી (વસ્ત્રાભૂષણ પહેરી) જિનમંદિરમાં જઇ જિનેશ્વર દેવ તેમ જ ગોત્રદેવતાની ધૂપ, દીપ આદિથી પૂજા કરી, મંત્ર આપનાર ગુરૂ વગેરેને વંદન–નમસ્કાર કરી આશિર્વાદ મેળવી ગુરૂ પાસે [તે સ્ત્રીએ] રક્ષા કરાવવી. [ગુરૂ] ૐ **भवणवइ०** આ ગાથાથી રક્ષા કરે. પછી સ્ત્રી ગુરૂ પાસે વાંછિતની યાચના કરે ત્યારપછી સૂર્યોદય સમયે શયનગૃહમાં પ્રવેશ કરે અને ત્યાં (પોતાના પતિ સાથે) સ્વેચ્છાપૂર્વક સંભોગાદિકમાં પ્રવૃત્ત થાય. તે ત્રણે દિવસ પતિ–પત્નિએ અમૃતાહાર (દુધ, સાકર, ઘી અને ઘઉં વગેરે સાત્વિક આહાર) કરવો પુત્ર પ્રાપ્તિ થાય. દેવ, ક્ષેત્રપાળ વગેરેના સર્વ દોષ તથા વાત, પિત્ત, કફાદિકથી ઉદ્ભવેલા તમામ રોગો શાંત થાય, સંતતિ પ્રાપ્ત થાય. આ ત્રીજો યંત્ર સત્ય છે. સંદેહ નથી.

ચિત્ર ૧૨૫

चतुर्थयंत्रविधिर्लिख्यते ।

ॐ मंजुरवं मंजुघोषं हन हन दह दह पच पच मथ मथ क्रीड क्रीड प्रस्कंद प्रस्कंद विध्वंसय विध्वंसय सर्वदोषान् विनाशय विनाशय सर्वभूतान् विमर्दय विमर्दय हूं त्रिलोकाधिपतये हूं फट् स्वाहा ।

सप्ततिशतयंत्रं सर्वदोषाणां नाशनं जिनमातृनामसहितं श्वेतद्रव्यैर्लिख्यते श्वेतपुष्पैः प्रपूज्यते मंत्रो जप्यते सर्वदोषनाशनं ।

—चतुर्थयंत्रविधिः समाप्तः ॥

ભાવાર્થઃ—

૧૭૦ નો યંત્ર જિનેશ્વરદેવોની માતાઓનાં નામ સહિત શ્વેતદ્રવ્યથી લખી શ્વેતપુષ્પથી પૂજિને મંત્ર જપિએ તો સર્વ દોષનો નાશ થાય.

चित्र १२६

पंचमं यंत्रं लिखित्वा गृहे पूज्यते शांतिर्भवति । सत्यं निःसंदेहः ॥

भावार्थः—

आ यंत्र लखी घरे पूजिओ तो शांति थाय. सत्य छे; ओमां संदेह राखवा जेवुं नथी.

चित्र. १२७—

सत्तरिसयं जिणाणं षोडश विद्यादेव्यः बीजाक्षरसमन्विता मूलमंत्रेण सत्तरिसयं जापः पुष्प १७० सुगंधि पुष्पैः षोडशदेव्याः पुष्प १६ हरहुंहुः पुष्प १६ क्षिप ॐ स्वाहा पुष्प ५ मध्ये पुष्प ६ बीजाक्षर ह्रल्व्यूं क्षों पुष्प ३ चतुष्कोणे यक्ष ४ पुष्प अंबिका-शासनदेवी पुष्प २ ॐ ह्रां ह्रीं ह्रूँ ह्रौं ह्रः पुष्प ६ एवं पुष्प २२८ भूर्जपत्रेषु वा पट्टे लिखित्वा पूजनीयं गृहे संपदः सर्वाः करोति । कुङ्कुमकर्पूरकस्तुरीकायाः सुरभिद्रव्यैर्लिख्यते मध्ये फलं प्रयोज्यं सफलो भवति ।

–इति षष्ट सप्ततिशतं यंत्रं । रक्षायंत्रं । सत्यं ॥

भावार्थः—

१६ विद्यादेवी अने बीजाक्षर युक्त १७० नो यंत्र भोजपत्र अथवा पाटला उपर, कंकु कर्पूर अने कस्तुरी वगेरे सुगंधी द्रव्योथी लखवो. पछी मूळ मंत्रथी १७० जिनेश्वरो १७० पुष्पथी, १६ विद्यादेवीओ १६ पुष्पथी, हरहुंहुः १६ पुष्पथी, क्षिप ॐ स्वाहा ५ पुष्पथी, मध्य प्रदेश ६ पुष्पथी, बीजाक्षर ह्रल्व्यूं क्षौं पुष्प ३, चारखुणे यक्ष ४ पुष्प ४ थी, अंबिका शासनदेवी २ पुष्पथी, ॐ ह्रां ह्रीं ह्रूँ ह्रौं ह्रः ६ पुष्पथी, आ प्रमाणे २२८ पुष्पथी हरहमेश [यंत्रनी] पूजा करे तो सर्व संपदानी प्राप्ति थाय. सफळ थाय. आ रक्षा यंत्र छे.

चित्र. १२८—

गोरोचनादिना लिखित्वा कक्ष्यां बध्यते सर्वज्वरग्रहपिशाचादिशाकिन्यादिदोषं नाशयति । स्थाले लिखित्वा पिबेत् शीतलिकां नाशयति ।

भावार्थः—

गोरोचंदनादि सुगंधी द्रव्यथी लखी कमरे बांधवामां आवे तो सर्व प्रकारना ताव, ग्रह, पिशाच, शाकिनी आदिना दोष टळे थाळीमां लखी पीवाथी शीतळा [रोग]नो उपद्रव शांत थाय.

चित्र. १२९—

सत्तरिसयं यंत्रं सर्वकार्येषु सुख उपजीयवं ॥

भावार्थः—

આ ૧૭૦ ના યંત્રથી સર્વ કાર્યમાં સુખ ઉપજે.

चित्र. १३०—

इदं सप्ततिशतं यंत्रं प्रधानचंदनेन स्थाल्यां लिखित्वा जातिलेखिन्या अष्टोत्तरशतं पुष्पैः संपूज्य ततः स्थालीं प्रक्षाल्य पानीयं सप्तदिनानि पिबेत् सर्वदोषा यांति तं संहरति। पट्टे भक्त्या पुष्पादिभिः संपूज्यः सकलदूषितोपद्रवं राज्यादिभयं च प्रशमयति सर्वजनानुरागं च करोति। नवमं यंत्रविधिः संपूर्णः॥

भावार्थः—

આ ૧૭૦ નો યંત્ર ઉત્તમ ચંદનવડે જાઈની કલમથી થાળીમાં લખી ૧૦૮ પુષ્પથી પૂજિ તે થાળી પખાલીને પાણી ૭ સાત દિવસ સુધી પીવાથી સર્વ દોષોનો નાશ થાય. પાટલા ઉપર લખી ભક્તિપૂર્વક પુષ્પાદિથી પૂજન કરવાથી સર્વ પ્રકારના દુષ્ટ ઉપદ્રવો, રાજ્ય વગેરેના ભયની શાંતિ કરે, [અને] સર્વ લોકને અનુરાગી બનાવે.

चित्र. १३१—

यंत्रमिदं गृहे चतसृषु भित्तिषु लिखेत् सर्वचौरभयं हरति।

भावार्थः—

આ યંત્ર ઘેર ચારે દિશાની ભિંતે લખવાથી ચોરના ભયનું નિવારણ કરે છે.

चित्र. १३२—

पणवीसा य असिआ पनरस पन्नास जिणवर समूहो।
नासेउ सयलदुरिअं भवियाणं भत्तिजुत्ताणं ॥१॥
वीसा पणयाला विय तीसा पन्नत्तरी जिणवरिंदा।
कम्मरयविप्पमुक्का झायह एए पयत्तेणं ॥२॥
सत्तरि पणतीसा वि य सट्ठी पंचेव जिणगणो एसो।
जो झाएइ पइट्ठो सो मुच्चइ सयलदुरिएहिं ॥३॥
पणपन्ना य दसेव य पन्नट्ठी तह य चेव चालीसा।
अकोहे य तित्थयरा सोलस कुट्ठेहिं झाएह ॥४॥
पंचदसकम्मभूमिसु उप्पन्नं सत्तरि जिणाण सयं।
विविहरयणाइवन्नो-वसोहिअं हरउ दुरियाइं ॥५॥
कम्मयखित्तुप्पन्ने तित्थयरे लोगसामिणो इहई।
तिविहंमि उ कालजुए सव्वे तिविहेण वंदामि ॥६॥

काऊणं सुहं ज्झाणं देवगुरूपूयणं सुहमुहुत्तेणं ।
कुङ्कुमरोयणकप्पूरेण य लिह चक्कं तु ॥७॥
न य पहवंति पिसाया साइणि नहु चोरगाइ दुट्ठवेयाला ।
अन्नेय दुट्ठसत्ता एयाए धरिज्जमाणीय ॥८॥

भावार्थः—

२५, ८०, १५ अने ५० जिनेश्वरोनो समूह भक्ति युक्त भविक जनोना सर्व पापनो नाश करो. १

२०, ४५, ३० अने ७५ ओ कर्म रजथी मुक्त थयेला जिनेश्वर देवोनुं प्रयत्नपूर्वक ध्यान करीओ. २

७०, ३५, ६० अने ५ ओ जिन समूहनुं जे मनुष्य हर्ष पूर्वक ध्यान करे छे ते [मनुष्य] सर्व पापथी मुक्त थाय छे. ३

५५, १०, ६५ अने ४० ओ क्रोध रहित जिनेश्वरोनुं १६ आनामां ध्यान करवुं. ४

पंदर कर्मभूमिमां (५ भरत, ५ ऐरवत अने ५ महाविदेहमां) उत्पन्न थयेला अने विविध रत्नोना जेवा वर्णथी शोभित [शरीर वाळा] १७० जिनेश्वरो [ध्यान धरनारना] पापनो नाश करो. ५

कर्मभूमिना क्षेत्रोने विषे उत्पन्न थयेला लोकना नायक एवा त्रणे (अतीत, अनागत अने वर्तमान) कालना तीर्थंकरोने त्रिविधे (मन, वचन अने कायाये) वंदन करुं छुं. ६

शुभ ध्यान धरीने तथा देव गुरुनुं पूजन करीने शुभमुहुर्ते केसर, गोरोचन तथा कपूरथी चक्र लखीये. ७

आ यंत्र धारण करवाथी (पासे राखवाथी) पिशाच, शाकिनी, चोर वगेरे, दुष्ट वैताल तथा अन्य कोइ दुष्ट प्राणी पराभव करी शके नहि. ८

यत्र १३३-१३४—

तिजयपहुत्तपयासय अट्ठमहापाडिहेरकयसोहं ।
समयक्खित्तठिआणं सरेमि चक्कं जिणिंदाणं ॥१॥
सत्तरिसयमुक्कोसं समरे विस दस वा समयखित्ते ।
चउतीस पढमं दीवे णं अंतरदीवेसु ते दुगुणा ॥२॥
पणवीसा य असीआ पनरस पन्नास जिणवरसमूहो ।
नासेउ सयलदुरिअं भविआणं भत्तिजुत्ताणं ॥३॥

वीसा पणयाला विय तीसा पन्नत्तरी जिणवरिंदा ।
गहभूअरक्खसाइणि—घोरुवसग्गं पणासंतु ॥४॥
सत्तरि पणतीसा वि य सट्ठी पंचेव जिणगणो एसो ।
वाहिजलजलणहरिकरि—चोरारिमहाभयं हरउ ॥५॥
पणपन्ना य दसेव य पन्नट्ठी तह य चेव चालीसा ।
रक्खंतु मे सरीरं देवा सुरपणमिआ सिद्धा ॥६॥
ॐ हरहुंहः सरसुंसः हरहुंहः तहय चेव सरसुंसः ॥
आलिहियनामगब्भं चक्कं किर सव्वओभद्दं ॥७॥
ॐ रोहिणि पन्नत्ति वज्जसिंखला तहय वज्जअंकुसिआ ।
चक्केसरि नरदत्ता कालि महाकालि तह गोरी ॥८॥
गंधारि महजाला माणवि वइरुट्ट तह य अच्छुत्ता ।
माणसि महमाणसिआ विज्जादेवीओ रक्खंतु ॥९॥
पंचदसकम्मभूमिसु उप्पन्नं सत्तरिं जिणाण सयं ।
विविहरयणाइवन्नो-वसोहिअं हरउ दुरिआइं ॥१०॥
चउतीस अइसयजुआ अट्ठमहापाडिहेरकयसोहा ।
तित्थयरा गयमोहा झाएअव्वा पयत्तेणं ॥११॥
ॐ वरकणयसंखविद्दुम-मरगयघणसन्निहं विगयमोहं ।
सत्तरिसयं जिणाणं सव्वामरपूइअं वंदे ॥१२॥ स्वाहा
अट्ठेव य अट्ठसयं अट्ठसहस्सं च अट्ठकोडीओ ।
रक्खंतु मे सरीरं देवासुरपणमिआ सिद्धा ॥१३॥
ॐ भवणवइवाणवंतर-जोइसवासी विमाणवासी अ ।
जे के वि दुट्ठदेवा ते सव्वे उवसमंतु ममं ॥१५॥ स्वाहा
चंदणकप्पूरेणं फलए लिहिऊण खालिअं पीअं ।
एगंतराइगहभूअ-साइणिमुग्गं पणासेई ॥१५॥
इअ सत्तरिसयजंतं सम्मं मंतं दुवारि पडिलिहिअं ।
दुरिआरिविजयवंतं निब्भंतं निच्चमच्चेह ॥१६॥

—इति सप्ततिशतं यंत्रस्तोत्रं समाप्तं ॥

भावार्थः—

त्रणु जगतना स्वामीपणाने प्रकाश करनार अष्ट महाप्रतिहार्यवडे करीने सुशोभित, समयक्षेत्रमां एटले अढीद्वीपमां रहेला जिनेश्वरोना समूहने हुं स्मरुं—स्मरण करुं छुं ९

આ મનુષ્ય ક્ષેત્રમાં ઉત્કૃષ્ટથી ૧૭૦ તીર્થંકરો અને જઘન્યથી ૨૦ અથવા મતાન્તરે ૧૦ તીર્થંકરો હોય છે તેમનું ધ્યાન કરવું જોઇએ. તેમાં ૩૪ પહેલા જંબૂદ્વીપમાં અને ત્યાર પછીના ધાતકીખંડ અને અર્ધ પુષ્કરવર દ્વીપમાં બમણા બમણા તીર્થંકરો હોય છે. ૨

પચીશ, એંસી, પંદર અને પચાસ એ પ્રમાણે તીર્થંકરોનો સમુદાય ભક્તિવંત ભવ્ય જીવોના સમગ્ર પાપનો નાશ કરો. ૩

વીશ, પીસ્તાલીશ, ત્રીશ અને પંચોતેર એટલા તીર્થંકરો ગ્રહ, ભૂત, રાક્ષસ અને શાકિનીના ઘોર ઉપસર્ગનો વિનાશ કરો. ૪

સીત્તેર, પાંત્રીશ, સાડ અને પાંચ એટલા જિનેશ્વરો વ્યાધિ, જળ અથવા જ્વર, અગ્નિ, સિંહ, હાથી, ચોર અને શત્રુ સંબંધી મહાભયને દૂર કરો. ૫.

પંચાવન, દશ, પાંસઠ અને ચાલીશ એટલા સિદ્ધ થએલા તીર્થંકરો કે જેઓ દેવો અને અસુરોથી નમસ્કાર કરાએલા છે તેઓ મારા શરીરનું રક્ષણ કરો. ૬

ॐ **हरहुंहः** અને **सरसुंसः** તથા વળી ફરીથી **हरहुंहः** અને **सरसुंसः** એ પ્રમાણે મંત્રના બીજાક્ષર સહિત મધ્યમાં સાધકનું નામ લખવું એ રીતે નિશ્ચે કરીને સર્વતોભદ્ર (નામનો) યંત્ર થાય છે. ૭

તે યંત્રમાં ॐ (પ્રણવબીજ), ह्रीं (માયાબીજ) અને श्रीं (લક્ષ્મીબીજ), એ ત્રણ મંત્રબીજ પૂર્વક સોળ વિદ્યાદેવીઓનાં નામ લખવાં તે આ પ્રમાણેઃ–રોહિણી પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, ચક્રેશ્વરી, નરદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, મહાજ્વાળા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી અને મહામાનસિકા આ સર્વે વિદ્યાદેવીઓ (મારૂં) રક્ષણ કરો. ૮–૯

પંદર કર્મભૂમિમાં ઉત્પન્ન થએલા ઉત્કૃષ્ટ એકસોને સીત્તેર જિનેશ્વરો [શ્રી અજિતનાથ તીર્થંકરના સમયમાં એકસોને સીત્તેર જિનેશ્વરો વિદ્યમાન હતા તે આ પ્રમાણેઃ–એક એક મહાવિદેહ ક્ષેત્રની બત્રીશ બત્રીશ વિજય હોવાથી પાંચ મહાવિદેહ ક્ષેત્રની એકસો સાઠ વિજયમાં એક એક તીર્થંકર હોવાથી એકસો સાઠ તીર્થંકરો, વળી પાંચ ભરત અને પાંચ ઐરવત ક્ષેત્રમાં એક એક ક્ષેત્રમાં એક એક કુલ દશ ક્ષેત્રમાં દશ, સર્વ એકઠા મળીને એકસોને સીત્તેર જિનેશ્વરો], જેઓ વિવિધ રત્નોના વર્ણવડે શોભિત છે તે જિનેશ્વરો [મારા] પાપને હરો. ૧૦

ચોત્રીશ અતિશયવડે યુક્ત, અષ્ટ મહાપ્રાતિહાર્યવડે શોભિત અને નાશ પામ્યો છે મોહ જેમનો એવા તીર્થંકરો આદરથી ધ્યાન કરવા યોગ્ય છે. ૧૧

શ્રેષ્ઠ સુવર્ણ, શંખ, પરવાળા, નીલમણિ અને મેઘ સમાન વર્ણવાળા, મોહ રહિત અને સર્વ દેવો વડે પૂજિત એવા એકસો સીત્તર જિનેશ્વરોને હું વંદન કરું છું. ૧૨

આઠ વળી આઠસો આઠ હજાર અને આઠ ક્રોડ (જિનેશ્વરો) કે જેઓ દેવો અને અસુરોથી નમસ્કાર કરાએલા છે તેઓ મારા શરીરનું રક્ષણ કરો. ૧૩

ભવનપતિ, વાણવ્યંતર, જ્યોતિષી અને વૈમાનિક એ ચારે દેવોની જાતિ મધ્યે જે કોઇ દુષ્ટ એટલે શાસનના દ્વેષી દેવ હોય તે સર્વે મારા પર ઉપશાંત થાઓ– મને વિઘ્ન ન કરો. ૧૪

ચંદન અને કપૂરવડે પાટીયા ઉપર આ યંત્ર આલેખી પછી તેને જળવડે ધોઈ તે જળ પીવાથી એકાંતરીયો વગેરે તાવ, ગ્રહ, ભૂત, શાકિની, મુદ્ગર વગેરેનો નાશ કરે છે. ૧૫

એ પ્રમાણે સમ્યક્ મંત્રરૂપ આ એકસો સીત્તેર જિનેશ્વરોનો યંત્ર દ્વારને વિષે લખ્યો હોય તો તે કષ્ટ અને શત્રુનો વિનાશ કરે છે. તેથી (હે ભવ્યજીવો!) તેને સંદેહ રહિતપણે નિરંતર પૂજો. ૧૬

ચિત્ર. ૧૩૫–૧૩૬–૧૩૭–૧૩૮–૧૩૯—ની વિધિ મૂળ પ્રતમાં નહિ હોવાથી આપી નથી પરંતુ આ બધાએ યંત્રો ભૂત, પ્રેત, દુષ્ટગ્રહ વગેરેની પીડાની શાંતિ કરનાર છે.

ચિત્ર. ૧૪૦—

ૐ હરહુંહઃ સરસુંસઃ ૐ અસિઆઉસા ક્ષ્મલ્વ્યૂં જ્મલ્વ્યૂં મ્લલ્વ્યૂં હ્મલ્વ્યૂં સ્મલ્વ્યૂં નમઃ। અષ્ટોત્તરશતપુષ્પૈઃ યંત્રસ્ય સ્થાપના કાર્યા। ૐ રોહિણીપ્રમુખ ષોડશવિદ્યાદેવીનાં પૂજા વિધેયા। ભુવણ૦ ઇતિ યંત્રપૂજા। તથા યંત્ર સ્થાપ્ય ૐ હ્રીં શ્રીં અર્હં અસિઆઉસા ૧૨૫૦૦ જાપઃ, ષોડશવિદ્યાદેવી પૂજાયાં નમઃ ઇતિ ॥

ભાવાર્થ:—

ૐ હરહુંહઃ૦ આ મંત્રથી મંત્રી ૧૦૮ પુષ્પથી યંત્રની સ્થાપના કરવી. **ૐ રોહિણી** પ્રમુખ ૧૬ વિદ્યાદેવીઓની પૂજા કરવી, **ૐ ભવણવઈ૦** ગાથાથી યંત્રપૂજા કરવી. તથા યંત્ર સ્થાપન કરીને **ૐ હ્રીં શ્રીં અર્હં અસિઆઉસા**નો ૧૨૫૦૦ જાપ કરવો. સોળ વિદ્યાદેવીઓની પૂજામાં **નમઃ** શબ્દ કહેવો.

ચિત્ર. ૧૪૧—

ૐ હરહુંહઃ સરસુંસઃ ૐ અસિઆઉસા ક્ષ્મલ્વ્યૂં જ્મલ્વ્યૂં મ્લલ્વ્યૂં હ્મલ્વ્યૂં સ્મલ્વ્યૂં નમઃ। અષ્ટોત્તરશતં પુષ્પૈઃ યંત્રં સ્થાપ્ય ૐ અસિઆઉસા ૧૨૦૦૦ જાપ્ય ષોડશવિદ્યાદેવી પૂજાયાં નમઃ અનયા યુક્ત્યા ૐ ભવણ૦ ઇતિ યંત્રે જાપં ૧૦૮ પષાં દોષાણાં નિગ્રહાય યંત્ર પૂજા।

तथा मंत्र भण्य भण्य पुष्प १०८ यंत्रः संस्थाप्यः। पूर्वं सेवा लिख्यते ॐ क्रों ह्रीं श्रीं अर्हं श्री असिआउसा नमः अनेन मंत्रेण जाप्य १२००० तथा भवण० गाथा मंत्रेण दशांश होमः इति समाप्तं॥

भावार्थः—

ॐ **हरहुंहः** આ મંત્રથી ૧૦૮ પુષ્પ મંત્રી યંત્રની સ્થાપના કરવી. ॐ **असि-आउसा** મંત્રનો ૧૨૦૦૦ જાપ કરવો. સોળ વિદ્યાદેવીઓની પૂજા કરતી વખતે **नमः** શબ્દ કહેવો. આજ પ્રમાણે ॐ **भवणवइ०** ગાથાનો જાપ ૧૦૮ વખત કરવો. દેવાદિ દોષ ટાળવા માટે યંત્રની પૂજા કરવી. તથા મંત્ર ભણી ભણીને ૧૦૮ પુષ્પથી યંત્રની સ્થાપના કરવી.

पूर्वं सेवाः—

ॐ **क्रों ह्रीं श्रीं अर्हं श्री असिआउसा नमः** આ મંત્રથી ૧૨૦૦૦ જાપ કીજે. તથા ॐ **भवणवई०** આ ગાથાના મંત્રવડે દશાંશ હોમ કરવો.

श्री नमिऊण स्तोत्र

——— (०) ———

नमिऊण पणयसुरगण–चूडामणिकिरणरंजिअं मुणिणो ।
चलणजुअलं महाभय–पणासणं संथवं वुच्छं ॥१॥

[नत्वा प्रणतसुरगणचूडामणिकिरणरञ्जितं मुनेः ।
चरणयुगलं महाभयप्रणाशनं संस्तवं वक्ष्ये ॥]

ભાવાર્થ:–નમસ્કાર કરતા એવા દેવતાઓના સમૂહના મુગટોમાં રહેલા મણિઓના કિરણોથી શ્રીપાર્શ્વનાથ મુનીશ્વરના જે બંને ચરણકમલો રંગાએલા છે, તેઓને હું પણ નમસ્કાર કરી મહાભયોને નાશ કરનારૂ એવું આ સ્તોત્ર [ ] કહું છું–૧
આ શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૪૨

મન્ત્રામ્નાયઃ–હુંકારની અંદર દેવદત્તનું નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં **ॐ श्रीं पार्श्वनाथाय स्वाहा** દરેક પાંખડીઓમાં લખીને બહાર ફરતા સોળ સ્વરો વીંટવા [તેની ઉપર ફરતી આઠ પાંખડીઓમાં **क** થી **ज्ञ** સુધીના માતૃકાક્ષરો તથા તે પાંખડીઓના અગ્રભાગમાં સોળ સ્વરો ફરી લખીને, ह्रीं કારના સાડા ત્રણ આંટા મારીને **क्रों** કારથી ઇંધન કરવું, અને યંત્રના ચારે ખુણામાં **क्लीं** કાર લખવો]. (આકૃતિ માટે જુઓ **नमिऊ**યંત્ર. ૧ ચિત્ર નં. ૧૪૩)

કેશર, ગોરચંદન વગેરે સુગંધી પદાર્થોથી આ યંત્રને ભોજપત્ર પર શુભદિવસે લખી, કુંવારી કન્યાએ કાંતેલા સુતરથી યંત્રને વીંટી એકહજાર જાપ કરીને, ભુજાએ બાંધવાથી મોટાભયોનું નિવારણ થાય છે. ઉપવાસ કરીને ત્રિકોણ કુંડને વિષે ૧૨૦૦૦ હોમ કરીને મન્ત્રની સાધના કરવી, તે દિવસે દાન વગેરે દેવું. શ્રી પાર્શ્વનાથપ્રભુની પ્રતિમાનું પૂજન કરીને, પછી સારા દિવસે યંત્રને ભુજાએ બાંધવો. પૂજા વિધિમાં ૨૧ સોપારી, ૧ રૂપૈઓ, ઓઢવાનું વસ્ત્ર તથા પુષ્પ વગેરે.

યંત્રના ચારે ખુણામાં અજિત–શાંતિ–પાર્શ્વનાથ અને વર્ધમાન પ્રભુની સ્થાપના કરીને, **ॐ रोहिणी** વગેરે સોળ વિદ્યાદેવીઓની સ્થાપના તથા વચ્ચેના ખાનાઓમાં **क्षिप ॐ स्वाहा** લખીને; વચ્ચેના [પહેલા કોઠામાં ૨૫, ૮૦, ૧૫ અને ૫૦ તથા **ह्रह्रुंह्रः** નો એકેક અક્ષર, બીજા કોઠામાં ૨૦, ૪૫, ૩૦ અને ૭૫ તથા **सरसुंसः**નો એકેક અક્ષર, ત્રીજા કોઠામાં ફરી **क्षिप ॐ स्वाहा** લખીને, ચોથા કોઠામાં ૭૦, ૩૫, ૬૦, અને ૫ તથા **ह्रह्रुंह्रः** નો એકેક અક્ષર તથા પાંચમા કોઠામાં ૫૫, ૧૦, ૬૫ અને ૪૦ તથા **सरसुंसः** નો એકેક અક્ષર તથા ચારે બાજુના વચ્ચેના

બાનામાં હ્રીં શ્રીં ક્લીં બ્લૂં એ ચાર મન્ત્રાક્ષરોમાંથી એકેક મન્ત્રાક્ષર લખવો, આ પ્રમાણે ૪૯ કોઠાનો યંત્ર સમચોરસ કરવો] તેને ચારે બાજુ ફરતી ૐ **वरकणय-संखविद्दुम, मरगयवणसन्निहं विगयमोहं। सत्तरिसयं-जिणाणं, सव्वामर पूइअं वंदे स्वाहा॥** તથા ૐ **भवणवइ-वाणवंतर-जोइसवासी विमाणवासीअ। जे केवि दुट्ठदेवा ते सव्वे उवसमंतु मम स्वाहा॥** આ બંને ગાથાઓ લખવી. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૨ ચિત્ર નં. ૧૪૪) આ યંત્રને [સુગંધી દ્રવ્યોથી] લખીને ઘેર પૂજન કરવાથી શાંતિદાયક થાય છે–શાંતિને આપનારો થાય છે.

વળી ૐ **कालाक्षिपतये स्वाहा॥** આ મન્ત્રથી પ્રસૂતિ વખતે તેલ મન્ત્રીને યોનિમાં નાખવાથી સુખે કરીને પ્રસવ થાય છે.

વળી

ૐ घण्टाकर्णो! महावीर! सर्वव्याधिविनाशक!।
विस्फोटकभये प्राप्ते रक्ष रक्ष महाबल! स्वाहा॥

ઘરની ઉત્તર બાજુએ લખીને, પૂજન કરવાથી વિસ્ફોટકના ઉપદ્રવનો નાશ થાય છે.

૪૯ એગણપચાશ કોઠાનો ચતુરસ્ર યંત્ર કરીને, વીસ કોઠામાં **नमिऊण पास विसहर वसह जिण फुलिंग ह्रीं नमः** ચારે બાજુ ફરતા કોઠાઓમાં વચલો કોઠો એકેક બાલી મૂકીને લખીને, વચ્ચેના બાલી કોઠામાં અનુક્રમે ह्रीं श्रीं क्लीं ब्लूँ એ ચાર બીજાક્ષરો લખવા, તથા વચ્ચેના પચીશ કોઠામાંના નવ કોઠામાં ઊભા અને આડા **क्षिप ૐ स्वाहा** એ પાંચ તત્વબીજાક્ષરો લખીને યંત્ર તૈયાર કરવો (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૩ ચિત્ર નં. ૧૪૫)

યંત્રની મધ્યમાં ષટકોણાકૃતિ કરીને, તેની મધ્ય કર્ણિકામાં હ્રીંકાર લખીને, તે હ્રીંકારની મધ્યમાં [સાધકનું] નામ લખીને, તે નામ ગર્ભિત હ્રીંકારની ઉપર ૐકાર લખીને, તે છ ખુણાઓમાં હ્રીંકાર લખીને, બહાર ફરતો ૐ **कुरुकुल्ले स्वाहा** એ મન્ત્ર વીંટીને, તેની બહાર ફરતા સોળ સ્વરો વીંટીને, કથી શરૂ કરીને क्ष સુધીના માતૃકાક્ષરો વીંટીને, તેની બહાર ફરતો ૐ **त्रिशूलिनी प्रेतकपालहस्तां नृमुण्डमाला-वलिबद्धकंकणाम्। कृतान्तहारां रूधिरौघसंकुलां त्वामेव रौद्रीं सततं स्मरामि॥** એ મન્ત્ર વીંટીને, હ્રીંકારના બાર ત્રણ આંટા મારીને ક્રોંકારથી વેષ્ટન કરવું (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૪ ચિત્ર નં. ૧૪૬)

યંત્રની મધ્યમાં ષટકોણાકૃતિ કરીને, તેની કર્ણિકામાં ૐ કારની અંદર [સાધકનું] નામ લખીને, છ ખુણામાં તથા છ ખુણાની બહારના આંતરામાં ૐ **अप्रति-**

चक्रे विचक्राय स्वाहा એ મન્ત્રાક્ષરો લખીને, વલય દઈને, ફરતાં **ॐ ह्रीं अप्रतिचक्रे ! कुरु कुरु मपाद्यंत पदाद्यंत समर्पित ह्रीं हूँ क्ष्रूँ ॐ स ठः ठः ठः ह्रीं नमोऽस्तु ते विचक्राय स्वाहा।** એ મન્ત્રાક્ષરો વીંટીને, [ह्रीं કારના સાડા ત્રણ આંટા મારી क्रों કારથી રૂંધન કરવું અને યંત્રની ચારે બાજુ ખુણાઓમાં क्रों કાર બીજ લખવો]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૫ ચિત્ર નં. ૧૪૭)

યંત્ર. ૩–આ વૃદ્ધ સમતિશત નામનો યંત્ર છે. શુભદિવસે, શુભયોગે સુગંધી દ્રવ્યથી લખી, નિરંતર પૂજન કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

યંત્ર. ૪—વિધિ તથા ગુણ મૂળ પ્રતમાં નથી, પરંતુ શાંતિદાયક યંત્ર હોય એમ લાગે છે.

યંત્ર. ૫—યંત્રની મધ્યમાં આપેલા **ॐ अप्रतिचक्रे०** મન્ત્રથી પૂજન કરીને, ભુજાએ યંત્ર ધારણ કરવાથી શીતળા; લૂક, વાના ફોડા અને દાંત તથા દાઢની પીડાનો નાશ થાય છે.

રોગભયહર માહાત્મ્ય—

सडियकरचरणनहमुह, निवुड्डुनासा विवन्नलायन्ना।
कुट्ठमहारोगानल–फुलिंगनिद्दड्ढसव्वंगा ॥२॥
ते तुह चलणाराहण–सलिलंजलिसेयवुड्ढियच्छाया* ।
वणदवदड्ढा गिरिपा–यव व्व पत्ता पुणो लच्छिं ॥३॥

[शटितकरचरणनखमुखा निमग्ननासिका विवर्णलावण्याः।
कुष्ठमहारोगानलस्फुलिङ्गनिर्दग्धसर्वाङ्गाः ॥
ते तव चरणाराधनसलिलांजलिसेकवर्धितच्छायाः।
वनदवदग्धा गिरिपादपा इव प्राप्ताः पुनर्लक्ष्मीम् ॥]

ભાવાર્થઃ—જેઓના હાથ, પગ, નખ અને મુખ સડી ગયાં હોય, જેઓની નાસિકા બેસી ગઇ હોય, જેઓનું લાવણ્ય–સૌંદર્ય નાશ પામ્યું હોય અને જેઓનાં સર્વ અંગો કોઢ નામના મહારોગ રૂપી અગ્નિના કણીયા વડે દગ્ધ થએલાં હોય. તે મનુષ્યો હે ભગવાન! આપના ચરણકમળની સેવારૂપ જલની અંજલિના સિંચનથી અધિક કાંતિવાળા થઇ વનના દાવાનલથી બળેલા પર્વતના વૃક્ષોની જેમ ફરીથી આરોગ્ય લક્ષ્મીને પામે છે. ૨–૩

મન્ત્રામ્નાયઃ—**श्रीं** કારની અંદર [સાધકનું] નામ લખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં **श्रीं** કાર લખીને, [આંતરામાં **ॐ** કાર લખીને], ह्रीं કારના ત્રણ આંટા મારીને, क्रों કારથી રૂંધન કરવું (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૬ ચિત્ર નં. ૧૪૮)

* वुड्ढिउच्छाहा क पाठः।

વળી **શ્રીં** કારની અંદર પોતાનું નામ લખીને [ઉપર **હ્રીં** કાર વીંટીને], બહાર ફરતી આઠ પાંખડીઓમાંની ચાર પાંખડીઓમાં **શ્રીં** કાર તથા બાકીની ચાર પાંખડીઓમાં **પાર્શ્વનાથ** નામનો એકેક અક્ષર લખીને, [બહાર ફરતી આઠ પાંખડીઓમાં **લક્ષ્મીઃ** શબ્દ લખીને] **હ્રીં** કારના ત્રણ આંટા મારીને [**ક્રોં** કારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૭ ચિત્ર નં. ૧૪૯)

તથા મધ્ય કર્ણિકામાં **શ્રીં** કાર લખીને, તેની ફરતી આઠ પાંખડીઓમાં **ૐ હ્રીં શ્રીં પાર્શ્વનાથાય** એ મન્ત્રાક્ષરોનો એકેક અક્ષર લખીને, બહાર ફરતી સોળ પાંખડીઓમાં સોળ સ્વરો લખીને, [**હ્રીં** કારથી ત્રણ આંટા મારીને, **ક્રોં** કારથી રૂંધન કરવું], (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૮ ચિત્ર નં. ૧૫૦)

તથા મધ્ય કર્ણિકામાં [**ઢ્લૂં** લખીને], ફરતી આઠ પાંખડીઓમાં **ૐ દે શ્રીં વ હ્રીં દ શ્રીં ત્ત** લખીને, તેની બહાર ફરતી આઠ પાંખડીઓમાં **ૐ હ્રીં પાર્શ્વનાથાય હ્રીં નમઃ** લખીને, તેને ફરતા **ૐ હ્રીં શ્રીં ભગવતે પાર્શ્વનાથાય હર હર સ્વાહા**। એ મન્ત્રાક્ષરો વીંટીને, ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારીને [ક્રોંકારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૯ ચિત્ર નં. ૧૫૧)

વળી **શ્રીં**કારની અંદર [સાધકનું] નામ લખીને, [બહાર ફરતી આઠ પાંખડીઓમાં **શ્રીં ૐ** નો એકેક અક્ષર લખીને], ફરતી બાર પાંખડીઓમાં **ૐ હ્રીં શ્રીં** એ ત્રણ અક્ષરો લખીને, ઉપર ફરતી સોળ પાંખડીઓમાં સોળ સ્વરો લખીને, તેને ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારીને, [**ક્રોં** કારથી રૂંધન કરવું]. આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૧૦ ચિત્ર નં. ૧૫૨

સૌથી પહેલાં **ૐ હ્રીં શ્રીં ભગવતે [શ્રી]પાર્શ્વનાથાય હર હર સ્વાહા** આ પૂજા-મન્ત્રનો જમણા હાથથી ૧૦૦૦૦ દશ હજાર જાપ કરીને, ૧૦૮ [સુગંધીદાર] ફૂલોથી યંત્રની પૂજા કરીને, આ પાંચે યંત્રો કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર લખીને, કુંવારી કન્યાએ કાંતેલા સુતરથી વીંટાળી ગળે અથવા ભુજાએ ધારણ કરવાથી અનુક્રમે અકાળ મરણ યંત્ર ૬ થી, જ્વર (તાવ) યંત્ર ૭ થી, અપસ્માર (હીસ્ટિરીઆ) યંત્ર ૮ થી, ભૂત તથા પ્રેત યંત્ર ૯ થી અને પિશાચ વગેરેનો ઉપદ્રવ યંત્ર ૧૦ થી દૂર થાય છે.

જલભયહર માહાત્મ્ય—

दुव्वायखुभिअ जलनिहि, उब्भडकल्लोलभीसणारावे।
संभंतभयविसंठुल-निज्जामयमुक्कवावारे ॥४॥

अविदलिअजाणवत्ता, खणेण पावंति इच्छिअं कूलं ।
पासजिणचलणजुअलं, निच्चं चिअ जे नमंति नरा ॥५॥

[दुर्वातक्षुभिते जलनिधौ उद्भटकल्लोलभीषणारावे ।
संभ्रान्तभयविसंस्थुलनिर्यामकमुक्तव्यापारे ॥
अविदलितयानपात्राः क्षणेन प्राप्नुवन्तीप्सितं कूलम् ।
पार्श्वजिनचरणयुगलं नित्यं चैव ये नमन्ति नराः ॥]

ભાવાર્થઃ–ઉગ્ર વાયુ વડે ક્ષોભ પામેલા, ઉત્કટ કલ્લોલો વડે ભયંકર ગર્જના કરતા તથા સંભ્રાંત થએલા અને ભયથી વિહ્વલ થએલા ખલાસીઓએ જેમાં વહાણ હાંકવારૂપ વ્યાપાર મૂકી દીધો છે એવા સમુદ્રમાં [પણ] જે મનુષ્યો નિરંતર શ્રી પાર્શ્વનાથ પ્રભુના ચરણયુગલને નમે છે તેઓ અક્ષત યાનપાત્ર–વહાણ સહિત એક ક્ષણવારમાં જ ઇચ્છિત એવા સમુદ્રના તીરને પામે છે. ૪–૫

મન્ત્રામ્નાયઃ–મધ્યમાં હૂઁકારની નીચે [સાધકનું] નામ લખીને, ઉપર ફૂઁકાર વીંટીને, તેને ફરતા ઠકાર સંપુટ વીંટવા, તેને ફરતી આઠ પાંખડીઓમાં ૐ હ્રીં **पार्श्वनाथाय स्वाहा** એ મન્ત્રાક્ષરો લખીને, તેને ફરતી સોળ પાંખડીઓમાં હ્રીંકાર લખીને, તેના ઉપર ફરતી સોળ પાંખડીઓમાં અનુક્રમે ऐं ह्रां ह्रीं ह्रूं ह्रौं क्लीं ब्लूं क्लीं ह्रां ह्रीं ह्रूं ह्रौं ह्रः ठः ठः ठः । વીંટીને, ફરતા હ્રીંકારના ત્રણ આંટા મારીને, [કોંકારથી ફૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૧૧ ચિત્ર નં. ૧૫૩)

આ યંત્ર કેશર વગેરે સુગંધી દ્રવ્યો તથા હરતાલ સહિત લખીને ઉત્તમ એવા એક હજારને આઠ ૧૦૦૮ ફૂલોથી પૂજન કરીને, ફલ તથા નૈવેદ્ય ઘણું જ ધરાવીને, (યંત્રને) પોતાની પાસે રાખવાથી વહાણવટીના જલભયનો નાશ થાય છે. આ બાબતમાં શંકા કરવી નહિ.

વળી – **ॐ इंदसेण महाविज्जा देवलोगाओ आगया । दिट्ठिबंधं करिस्सामि मंडाणं भूआणं अहीणं दिट्ठीणं चोराणं चारियाणं जोहाणं वग्घाणं सींहाणं सूआणं महोरगाणं गंधव्वाणं अन्नेसिं दुट्ठसत्ताणं दिट्ठिबंधं करिस्सामि इंदनरिंदे स्वाहा ॥** આ વિદ્યાનો (સતત) જાપ કરવાથી કોઇ પણ ઠેકાણે ભય ઉપસ્થિત થાય નહિ.

તથા–**ॐ मेलुषे मरौ मरौ रता मत्ता चोरा मारहिं अंबीहिं जालाकरेहिं तालाहियए मुहे निलाडेहिं खिला ॐ सेइ ॐ मेलुषे माए ठःठः स्वाहा ।** આ મન્ત્રથી તસ્કરનો ભય ઉપસ્થિત થતો નથી. આ તસ્કર રક્ષા મન્ત્ર છે. આ મન્ત્રના પહેલાં ૧૦૦૮ એક હજાર આઠ જાપ કરીને સિદ્ધ કર્યા પછી, કાર્ય પડે ૨૧ વાર જાપ કરવાથી કાર્ય સિદ્ધિ થાય છે. આ મન્ત્રની પણ પૂર્વ વિધિએ ગુરૂના ઉપદેશથી સાધના કરવી.

અગ્નિભયહર માહાત્મ્ય—

खरपवणुद्धूअवणदव-जालावलिमिलिअसयलदुमगहणे ।
डज्झंतमुद्धमयवहु-भीसणरवभीसणम्मि वणे ॥६॥
जगगुरुणो कमजुअलं, निव्वाविअसयलतिहुअणाभोअं ।
जे संभरंति मणुआ, न कुणइ जलणो भयं तेसिं ॥७॥

[खरपवनोद्धूतवनदवज्वालावलिमिलितसकलद्रुमगहने ।
दह्यमानमुग्धमृगवधूभीषणरवभीषणे वने ॥
जगद्गुरोः क्रमयुगलं निर्वापितसकलत्रिभुवनाभोगम् ।
ये संस्मरन्ति मनुष्या न करोति ज्वलनो भयं तेषाम् ॥]

ભાવાર્થ—પ્રચંડ વાયુ વડે આમ તેમ પ્રસરેલી દાવાનલની જ્વાળાની શ્રેણિવડે પરસ્પર મળી ગયાં છે વનખંડો જેમાં તથા બળતી મુગ્ધ મૃગલીઓના શબ્દો વડે અથવા બળતા વનમાં જ્વાળાથી આકુળ વ્યાકુલ થએલા મૃગોના મોટા આક્રંદથી ભયાનક દેખાતા વનને વિષે જગદ્‌ગુરૂ શ્રીપાર્શ્વનાથ સ્વામીના આપત્તિરૂપ તાપની શાંતિ વડે સુખી કર્યા છે ત્રણ લોકના પ્રાણીઓ જેણે એવા ચરણ યુગલનું જે મનુષ્યો સમ્યક્ પ્રકારે સ્મરણ કરે છે તેઓને તેવો અગ્નિ પણ ભય કરતો નથી. ૬–૭

મન્ત્રામ્નાયઃ—

પ્રથમ અગ્નિમંડલ કલ્પીને મધ્યમાં શ્રીંકાર સહિત દેવદત્ત નામ લખીને, તેના ઉપર ક્ષકાર [તથા શ્રીંકાર] અક્ષરથી વીંટીને, ઉપર ફરતા સોળ સ્વરો વીંટીને, તેના ઉપર હ્રીંકારના ત્રણ આંટા મારીને [ક્રૌં કારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૧૨ ચિત્ર નં. ૧૫૪] તથા ૐકાર સંપુટમાં નામ લખીને, તેના ઉપર માયાબીજ (હ્રીંકાર) વીંટીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં સોળ સ્વરો તથા **क्लीं** અક્ષરથી વીંટીને, ઠકારથી વીંટવા, તેના ઉપર ઈકાર વીંટીને તેના ઉપર બ્લૂં [क्लीं બ્લૂં આઠ પાંખડીઓમાં] વીંટવા, [તેના ઉપર હ્રીંકારના ત્રણ આંટા મારીને, ક્રૌંકારથી રૂંધન કરવું] અને તે યંત્રની માહેન્દ્રમંડલમાં સ્થાપના કરવી. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૧૩ ચિત્ર નં. ૧૫૫)

આ બંને યંત્રો કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી લખી ભુજાએ ધારણ કરવાથી અગ્નિ, દાવાનલ વગેરેના ઉપદ્રવથી રક્ષણ થાય છે,

ॐ ह्रीं क्लीं ब्लूँ ठः ठः स्वाहा । આ મન્ત્રથી ૧૦૮ પુષ્પથી (યંત્રની) પૂજા કરવી. આકર્ષણ કાર્યને વિષે આગ્નેયમંડલવાળો યંત્ર (૧૨મો) તાંબાના પતરાં ઉપર મણ-

શીલથી લખીને, તે તાંબાના પતરાંને અગ્નિથી તપાવીને, આગ્નેય ધ્યાન ધરવાથી સાત રાત્રિમાં આકર્ષણ થાય છે.

વળી [આ યંત્ર] હરતાલથી ભોજપત્ર પર લખી ઘરમાં પેસવાના ઉંબરાને વિષે દાટીએ તો શત્રુનાં કાર્ય સિદ્ધ થતાં નથી. વિશેષે કરીને આ જ યંત્ર કેશર, ગોરૂચંદન તથા કનિષ્ઠિકા (સૌથી નાની) આંગળીના લોહીથી લખીને, ભૂજાએ ધારણ કરવાથી શત્રુની આશાઓ સિદ્ધ થતી નથી, પરંતુ આ કાર્યમાં પાર્થિવમંડલથી ધ્યાન કરવાનું ખાસ યાદ રાખવું.

ॐ सुवर्णपक्षं वैनतेयं [पक्षिराजं] महाबलं।
नागान्तकं जितारिं च अजितं विश्वरूपिणम् ॥ कपिलजटाजूट पहि पहि ॐ क्रों अग्नि स्तम्भय स्तम्भय स्वाहा ॥ આ મન્ત્રથી રાતાં કરેણનાં ફૂલોવડે સાત દિવસ સુધી, સવાર, બપોર અને સાંજરે જાપ કરીને, પછી નજીક રહેલા (દાવાનલના) અગ્નિને મન્ત્રીને, તેલની ધારા દેવી અને અગ્નિ લાગી હોય ત્યાંથી કાંજીની ધારા દેવી. મન્ત્રઃ—ॐ नमो भगवते श्रीपार्श्वनाथाय ह हंसः अमृतहंसः वनदेवहंसः वाग् देवहंसः ह्रौं हंसः अग्निं स्तम्भय स्तम्भय ह्रुँ फट् स्वाहा। આ મન્ત્રથી પણ અગ્નિનું સ્તંભન થાય છે.

વળી એકવીશવાર કાંજીને મન્ત્રીને લાય લાગી હોય ત્યારે ધારા દેવાથી ઘર બળતું નથી.

વિષહરયન્ત્ર માહાત્મ્ય—

विलसंत भोगभीसण-फुरिआरुणनयणतरलजीहालं।
उग्गभुअंगं नवजलय-सत्थइं भीसणायारं ॥८॥
मन्नंति किडसरिसं, दूरपरिच्छूढविसमविसवेगा।
तुह नामक्खफुडसि-द्धमंतगुरुआ नरा लोए ॥९॥
[विलसद्भोगभीषणस्फुरितारुणनयनतरलजिह्वालम्।
उग्रभुजङ्गं नवजलदसदृशं भीषणाकारम् ॥
मन्यन्ते कीटसदृशं दूरपरिक्षिप्तविषमविषवेगाः।
तव नामाक्षरस्फुटसिद्धमन्त्रगुरुका नरा लोके ॥]

ભાવાર્થઃ—હે પાર્શ્વનાથ સ્વામી! આ જગત્માં જે કોઈ મનુષ્યો તમારા નામના અક્ષરોનો જાપ કરે છે, તે સિદ્ધ થએલા મન્ત્રની જેમ ઉગ્ર સર્પના પણ વિષમ વિષના વેગના પ્રસારનો અત્યંત નાશ કરે છે. ભલે તે સર્પ વિકરાલ ફણા અથવા શરીરવડે કરીને દેખાવમાત્રથી ભયંકર હોય, તેનાં નેત્રો ચંચળ અને રાતાં હોય, તેની જીવ્હા ચપળ હોય, તે નવા મેઘ જેવો શ્યામ હોય અને તેનો આકાર ભયંકરમાં ભયંકર પણ હોય તો પણ તેને એક ક્રીડા જેવો ગણે છે. ૮–૯.

મન્ત્રામ્નાયઃ—

પ્રથમ આત્મરક્ષાઃ–બંને પગો પર પીળા વર્ણવાળા આઠ **ક્ષિ** કારનો ન્યાસ કરવો, પછી પગથી નાભિ સુધીમાં શ્વેતવર્ણવાળા તેર **પ** કારનો ન્યાસ કરવો, પછી હૃદય પર રક્તવર્ણવાળા આઠ ૐકારનો ન્યાસ કરવો, કાળાવર્ણવાળા વાયુબીજ **સ્વા** અક્ષરનો મુખે ન્યાસ કરવો તથા ધૂમ્રવર્ણવાળા આકાશબીજ **હા** અક્ષરનો મસ્તકે ન્યાસ કરવો. તથા અંગુઠાને વિષે **ક્ષિ** કાર, તર્જની આંગળીને વિષે **પ** કાર, મધ્યમા આંગળીને વિષે ૐ કાર, અનામિકા આંગળીને વિષે **સ્વા** કાર અને કનિષ્ઠિકા આંગળીને વિષે **હા** કારનો ન્યાસ કરવો. ફરી **હા** કાર વગેરેનો અવળો ન્યાસ કરવો, એ પ્રમાણે ત્રણવાર ન્યાસ કરવો.

પછી વાસુકી અને શંખપાલનો અંગુઠે, મસ્તકે, હૃદયે, મણિ સહિત ન્યાસ કરે, અનંત તથા કુલિકનો તર્જની આંગળીને વિષે, તક્ષક તથા મહાપદ્મનો મધ્યમા આંગળીને વિષે, કર્કોટક તથા પદ્મનો અનામિકા આંગળીને વિષે અને જય તથા વિજયનો કનિષ્ઠિકા આંગળીને વિષે ન્યાસ કરે, ફરી પણ હાથના તળીઆને વિષે સત્વ, રજ, તમ એ ત્રણનો તથા આંગળીઓના ત્રણ વેઢાને વિષે પણ એજ ત્રણનો ન્યાસ કરે. **હરહુંહઃ** તથા **સરસુંસઃ** એ અક્ષરોની આદ્યમાં પ્રણવ (ૐ) સહિત બધી આંગળીઓના ટેરવા પર ન્યાસ કરવો.

આ મન્ત્રથી પણ ત્રણ, પાંચ અથવા સાતવાર આત્મરક્ષા કરવી, ૐ **णमो भगवओ अरिहंत-सिद्ध-आयरिय-उवज्झाय-साहु-सव्वधम्मतित्थयराणं ॥**

ૐ **नमो भगवईए सुअदेवयाए सव्वेसिं पवयणदेवयाणं दसण्हं दिसापालाणं पंचण्हं लोगपालाणं ऐं ह्रीं श्रीं नमः ॥** આ મન્ત્રથી મંતરીને સાતવાર [પહેરેલાં કપડાંને] ગાંઠ વાળવાથી (માર્ગમાં) ચોરનો ભય ઉપસ્થિત થતો નથી. બીજા પણ વાઘ વગેરેના ઉપદ્રવો દૂર થાય છે.

ૐ **णमो भगवओ पासस्सामिस्स जस्सेअं जलंतं गच्छइ चक्कं तेण चक्केण जं विसं, चउरासीवायाओ, बत्तीसं भूआइं, सत्ताचीसं अंधगडाइं, अट्ठावीसं लूयाओ** ૐ **हन हन दह दह पच पच मथ मथ छिन्द छिन्द भिन्द भिन्द सुदर्शनचक्रेण चन्द्रहासखड्गेण इदं स वज्रेण हुँ फट् स्वाहा ।** આ મન્ત્રથી ગુમડાંને ઊંજવા.

વળી ૐ **पद्मे ! पद्माक्षि ! पद्मसुभगे ! हुँ फट् चक्रे चक्राय स्वाहा ।** આંખના ઉપરનાં ગુમડાં–આંજણીને રબીઆથી ઉંજવી.

વળી–ૐ **सुदर्शनचक्रेण छिन्द छिन्द ठः ठः ठः** કંઠ (ગલ)માલા મન્ત્ર.

તથા–ૐ **णमो भगवओ अरहओ पासस्सामिस्स सिज्जउ मे जइसं गच्छइ चक्कं चक्कं सव्वत्थ अपराजिअं आवावणी ओहावणी मोहणी थंभिणी जम्भिणी हिलि हिलि**

किलि किलि अरीणं भंडाणं मोहआणं अहीणं दट्ठीणं सिंगीणं चोराणं चारिआणं जक्खाणं रक्खसाणं पिसायाणं मुहं बंधामि दुट्ठगइबंधणं करिस्सामि ठः ठः ठः ॥

આ જ વિદ્યાનો ચોથ ભક્ત કરીને ભૂતતિથિ (ચોથ અગર ચઉદશ) એ પાર્શ્વનાથ પ્રભુના જિનમંદિરમાં ૧૦૮ અખંડ અક્ષત અથવા ૧૦૮ જાસુદના ફૂલથી જાપ તે જ પ્રમાણે કરવાથી, રસ્તામાં ભય પ્રાપ્ત થયે છતે સંઘની રક્ષા થાય છે.

એકવીશ વાર જપીને ધૂલ નાખવાથી સર્વ પ્રકારના ભયનું આ વિદ્યા નિવારણ કરે છે.

હવે યંત્ર બતાવે છેઃ—

પ્રથમ 'દેવદત્ત' નામ લખીને, તેના ઉપર ફરતું આઠ પાંખડીનું કમલ કરીને, કમલની પાંખડીઓમાં અનંત–વાસુકી–તક્ષક–કર્કોટક–પદ્મ–મહાપદ્મ–શંખ અને કુલિક એ નામોની સ્થાપના કરીને, તેના ઉપર हा है हो हौं हुं हूं हं हः લખીને [તેના ઉપર ह्रीं કારના ત્રણ આંટા મારીને, क्रौं કારથી ફૂંધન કરવું.] (આકૃતિ માટે જુઓ नमि० યંત્ર. ૧૪) ચિત્ર નં. ૧૫૬

આ યંત્ર ભોજપત્ર પર લખી, સુગંધી દ્રવ્યથી પૂજન કરીને ડાબા હાથમાં રાખેલા જળથી છાંટા નાંખીને, પછી યંત્રને ભૂજાએ બાંધવાથી દરેક પ્રકારના ઝેરનો નાશ કરે છે.

અટવી ભયહર માહાત્મ્યઃ—

अडवीसु भिल्लतक्कर–पुलिंदसद्दूलसद्दभीमासु ।
भयविहुरवुन्नकायर–उल्लूरियपहियसत्थासु ॥१०॥
अविलुत्तविहवसारा, तुह नाह ! पणाममत्तवावारा ।
ववगयविग्घा सिग्घं, पत्ता हिअइच्छियं ठाणं ॥११॥

[अटवीषु भिल्लतस्करपुलिन्द्रशार्दूलशब्दभीमासु ।
भयविह्वलविषण्णकातरोल्लूण्ठितपथिकसार्थासु ॥
अविलुप्तविभवसारास्तव नाथ ! प्रणाममात्रव्यापाराः ।
व्यपगतविघ्नाः शीघ्रं प्राप्ता हृदयेप्सितं स्थानम् ॥]

ભાવાર્થ:—પલ્લીવાસી ભિલ્લો, ચોર, અન્ય ભિલ્લો અને સિંહની ગર્જનાઓવડે ભયંકર તથા ભયથી વિહ્વળ થએલા, ખેદ પામેલા અને કાયર થએલા પથિકના સમૂહો જેમાં લુંટાયા છે, એવી અટવીમાં હે નાથ! તમને માત્ર નમસ્કાર કરનારા મનુષ્યો વૈભવનો સાર લુંટાયા વિના વિઘ્ન રહિત શીઘ્રપણે ઇચ્છિત સ્થાને પહોંચ્યા છે.–૧૦-૧૧.

મન્ત્રામ્નાયઃ—ૐ ह्रं अंबे गच्छामि पंथं बंधि दुपयं पंथं बंधि चउप्पयं घोरं आसीविसं बंधे जाव न गंठी मुंचामि ।

આ મન્ત્રથી રસ્તે ચાલતાં ધૂળ મન્ત્રીને દશે દિશાઓમા ફેંકવાથી ચોરનો ભય ઉપસ્થિત થતો નથી.

ૐ नमो अरिहंताणं आभिणि मोहिणि मोहय मोहय स्वाहा ॥ આ વિદ્યાનું રસ્તે જતાં સ્મરણ કરવાથી ચોરનું દર્શન સુદ્ધાં પણ થતું નથી.

ૐ धनु धनु महाधनुर्धारि पद्मावती देवी सर्वेषां चौराणां सर्वदुष्टानामायुधं बन्ध बन्ध मुखस्तम्भं कुरु कुरु स्वाहा ॥

આ વિદ્યાથી રસ્તે જતાં સાત વાર લાકડી મન્ત્રીને ધનુષાકાર માર્ગમાં [ધુલમાં] આલેખીને પ્રયાણ કરવાથી ચોરનો ભય ઉપસ્થિત થતો નથી. આ જ ક્રિયા ગુફામાં પેસતાં પણ કરવાથી ચોરનો ભય ઉપસ્થિત થતો નથી.

ૐ नमो भगवते धरणेन्द्राय खड्गविद्याधराय धनुः खड्गं गृण्ह गृण्ह स्वाहा ॥

ત્રણ દિવસ સુધી ૧૦૮ સફેદ ફૂલોથી જાપ કરવાથી આ વિદ્યા સિદ્ધ થાય છે —ખડ્ગસ્તંભન મન્ત્ર.

ૐ कुबेराय मुह चौरं गृण्ह गृण्ह, स्थानं दर्शय दर्शय आगच्छ आगच्छ स्वाहा ॥

રવિવારના દિવસે દુધ તથા રખીઆ કટોરામાં નાખીને, રાતાં કણેરના ૧૦૮ ફૂલથી પૂજન કરીને, કુંવારી કન્યાના હાથથી કટોરો દબાવરાવવાથી જ્યાં ચોરનું નામ હશે ત્યાં કટોરો આવે છે.

તથા યંત્રની મધ્યમાં **ૐ ह्रीं देवदत्त हूँ** બ્લૂં વગેરે લખીને, તેની બહારના ભાગમાં **ૐ ह्रीं हूँ स्वाहा** એ અક્ષરો વીંટીને, તેના ઉપર આઠ પાંખડીનું કમલ આલેખીને, ચાર દિશાઓની ચાર પાંખડીઓમાં **ૐ नमो अरिहंताणं स्वाहा** તથા ચાર ખુણાઓમાં **ૐ ह्रीं हूँ नमः ह्रीं ह्रः** એ પદો લખીને, બહાર ह्रींકારના ત્રણ આંટા મારીને [ક્રૉંકારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૧૫ ચિત્ર નં. ૧૫૭)

આ યંત્રને કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને [જમણી ભુજાએ બાંધીએ તો] સંગ્રામમાં, રાજદરબારમાં અને માર્ગમાં સર્વ પ્રકારના ભયનું હરણ કરે છે.

સૌથી પહેલાં **ૐ नमो ह्रीं हूँ अरिहंताणं नमः** । આ મન્ત્રનો જાપ ૧૨૦૦૦ બાર હજાર કરીને સિદ્ધ કરવો. સિદ્ધ થયેથી આ મન્ત્ર સર્વ કામમાં રક્ષા કરે છે. યન્ત્રની ૧૦૮ પુષ્પથી પૂજા કરવી.

સિંહભયહર માહાત્મ્ય—

पज्जलिआनलनयणं, दूरवियारियमुहं महाकायं ।
णहकुलिसघायविअलिअ–गइंदकुंभत्थलाभोअं ॥१२॥

पणयससंभमपत्थिव–नहमणिमाणिक्कपडिअपडिमस्स ।
तुह वयणपहरणधरा, सीहं कुद्धं पि न गणंति ॥१३॥

[प्रज्वलितानलनयनं दूरविदारितमुखं महाकायम् ।
नखकुलिशघातविदलितगजेन्द्रकुम्भस्थलाभोगम् ॥
प्रणतससंभ्रमपार्थिवनखमणिमाणिक्यपतितप्रतिमस्य ।
तव वचनप्रहरणधराः सिंहं क्रुद्धमपि न गणयन्ति ॥]

ભાવાર્થ:—હે શ્રીપાર્શ્વનાથ પ્રભુ ! તમારા નખરૂપી મણિ અને માણિક્યને વિષે આદરથી નમસ્કાર કરતા રાજાઓના પ્રતિબિંબ પડેલાં છે એવા તમારા વચન-રૂપી શસ્ત્રને ધારણ કરનાર મનુષ્યો પ્રજ્વલિત અગ્નિ જેવા રક્ત નેત્રવાળા, અત્યંત ફાડેલા–પહોળા કરેલા મુખવાળા, મોટા શરીરવાળા, નખરૂપી વજ્રના પ્રહારવડે ગજેંદ્રના મસ્તકોને ફાડી નાંખનાર અને અતિ ક્રોધ પામેલા એવા સિંહને પણ ગણતા નથી–૧૨–૧૩

મન્ત્રામ્નાય:—સિંહ વગેરેનો ભય ઉપસ્થિત થયે છતે **ॐ ह्रां ह्रीं ह्रूँ ह्रौं ह्रः** એ પંચાંગુલિના પાંચ અક્ષરોની પાંચ આંગળીઓના વિષે એકાગ્રચિત્તથી સ્થાપના કરીને **ह्रूँ** મન્ત્રનો જાપ કરીને [સિંહની] સન્મુખ ફૂલ વગેરે નાખવાથી સિંહ ભય ઉપસ્થિત થતો નથી, કદાચ તે દુષ્ટ હોય તો પણ તેની દુષ્ટતાનો નાશ થાય છે.

પરવાદીનો ભય ઉપસ્થિત થયે છતે **ॐ ह्रां ह्रीं ह्रौं ह्रूँ ह्रः** [મન્ત્રનો] હાથ પર અંગન્યાસ કરીને, **ह्रां** મન્ત્રનું પર વાદીની જીભ ઉપર એકાગ્રચિત્તથી ધ્યાન કરવાથી પરવાદીની વાચા સ્ખલિત થાય છે. પરવિદ્યાનો ઉચ્છેદ કરવા આખા શરીરે મન્ત્રનું ધ્યાન કરવાથી પરવિદ્યાનો ઉચ્છેદ થાય છે.

વળી શત્રુની પ્રતિકૃતિ નદીના બંને સામસામા કિનારાની માટીથી કરીને, હરતાલ તથા લવણ વડે તે પ્રતિકૃતિના હૃદયે **ह्रूँ** મન્ત્ર આલેખીને, ઉપર પત્થર મૂકીને, પગના પ્રહારથી તાડના કરતાં ધારવાથી સાત રાત્રિમાં શત્રુ વશીભૂત થાય છે.

ગજેંદ્રભયહર માહાત્મ્ય—

ससिधवलदंतमुसलं, दीहकरुल्लालवुड्ढिउच्छाहं ।
महुपिंगनयणजुअलं, ससलिलनवजलहरारावं ॥१४॥
भीमं महागइंदं, अच्चासन्नं पि ते न वि गणंति ।
जे तुम्ह चलणजुअलं, मुणिवइ तुंगं समल्लीणा ॥१५॥

[शशिधवलदन्तमुशलं दीर्घकरोल्लोलवर्धितोत्साहम् ।
मधुपिङ्गनयनयुगलं ससलिलनवजलधरारावम् ॥

भीमं महागजेन्द्रमत्यासन्नमपि ते नापि गणयन्ति ।
ये तव चरणयुगलं मुनिपते तुङ्गं सम्यक्लीनाः ॥]

ભાવાર્થ:— હે મુનિપતિ **શ્રીપાર્શ્વનાથ** સ્વામી ! જેઓ તમારા ચરણયુગલમાં લીન થયા છે તે મનુષ્યો પાસે આવેલા ભયંકર [એવા] મહા ગજેંદ્રને પણ ગણતા નથી. તે ગજેંદ્રના દંતૂશળ ચંદ્ર જેવા ઉજ્જવલ, લાંબી સૂંઢ ઉછાળવાથી વૃદ્ધિ પામતા ઉત્સાહવાળો, મધ જેવા પીળાં નેત્રોવાળો, અને જળથી ભરેલા નવા મેઘ જેવી જેની ગર્જના હોય, તેવાને પણ તેઓ ગણતા નથી. ૧૪–૧૫. આ શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૫૮

મન્ત્રામ્નાયઃ—પકારની અંદર 'દેવદત્ત'નું નામ લખીને, ઉપર હ્રીંકાર વીંટીને, તેની બહાર સોળ સ્વરો વીંટીને, તેની બહાર **ॐ ह्रां ह्रीं चामुंडे स्वाहा** । એ મન્ત્રાક્ષરો ફરતા વીંટીને, તેના ઉપર હ્રીંકાર [ના ત્રણ આંટા મારીને, क्रींકારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ નામ૦ યંત્ર ૧૬) ચિત્ર નં. ૧૫૯.

કેશર, ગોરૂચંદન વગેરે સુગંધી દ્રવ્યોથી ભોજપત્ર પર આ યંત્ર લખીને, [ભુજાએ] ધારણ કરવાથી ગમે તેવા મદોન્મત્ત ગર્જના કરતા હાથીનો પણ ભય ઉપસ્થિત થતો નથી.

રણભયહર માહાત્મ્ય—

समरंमि तिक्खखग्गा–भिग्घायपविद्धउध्धुयकबंधे ।
कुंतविणिभिन्नकरिकल–हमुक्कसिक्कारपउरम्मि ॥१६॥
निज्जिअदप्पुध्धुररिउ–नरिंदनिवहा भडा जसं धवलं ।
पावंति पावपसमिण !, पासजिण ! तुहप्पभावेणं ॥१७॥

[समरे तीक्ष्णखड्गाभिघातापविद्धोद्भूतकबन्धे ।
कुन्तविनिर्भिन्नकरिकलभमुक्तसीत्कारप्रचुरे ॥
निर्जितदर्पोद्धुररिपुनरेन्द्रनिवहा भटा यशो धवलम् ।
प्राप्नुवन्ति पापप्रशमन पार्श्वजिन तव प्रभावेण ॥]

ભાવાર્થ—જે સમરાંગણમાં તીક્ષ્ણ ખડ્ગના પ્રહારથી મસ્તક રહિત થએલાં ધડો નૃત્ય કરતાં હોય અને ભાલા વડે વીંધાવાથી હાથીના બચ્ચાંઓએ મુકેલા સીત્કાર શબ્દવડે જે વ્યાપ્ત થએલ છે એવા રણસંગ્રામમાં [પણ] પાપનો નાશ કરનાર ! હે પાર્શ્વજિન ! તમારું સ્મરણ કરનારા સુભટો તમારા પ્રભાવથી અહંકારવડે ગર્વિષ્ટ થએલા શત્રુ રાજાઓને જીતી ઉજ્જવલ યશ [લક્ષ્મી] ને પ્રાપ્ત કરે છે.–૧૬–૧૭.

મન્ત્રામ્નાયઃ—હ્રીં કારની અંદર નામ લખીને ઠ કાર વીંટીને, બહાર ફરતી ચાર પાંખડીઓમાં **હ્રીં પા હ્રીં શ્વે હ્રીં ના હ્રીં થ** લખીને, તેની ફરતી આઠ પાંખડીઓમાં **સ્ફ્રૂં** અક્ષર લખીને, ઉપર માયાબીજ (હ્રીં કાર)ના ફરતા ત્રણ આંટા મારીને [ક્રોં કારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર. ૧૭ ચિત્ર નં. ૧૬૦)

આ યંત્ર સુગંધી દ્રવ્યથી લખીને હ્રીં હ્રૂં **સ્ફ્રૂં હ્રાલ્ર્ય્રૂં ક્રમ્લ્ર્ય્રૂં પાર્શ્વનાથાય સ્વાહા**। આ મન્ત્રથી મન્ત્રીને ૩૦૦૮ [સુગંધીદાર] ફૂલોથી પૂજન કરી, ભુજાએ બાંધવાથી શસ્ત્રના ઘાનું નિવારણ થાય છે અર્થાત્ શસ્ત્રના ઘા લાગતા નથી. આ બાબતમાં કોઇપણ જાતની શંકા કરવી નહિ.

તન્ત્ર—વળી પૂર્વોક્ત મન્ત્રે મન્ત્રીને પારો ચડાવેલી કોડીની ગોળી બનાવી, ગળાને વિષે ધારણ કરવાથી યુદ્ધમાં શસ્ત્રના ઘાથી મુક્ત રહેવાય છે અર્થાત્ શસ્ત્રના ઘા લાગતા નથી.

અથવા કડવી તુંબડીનું મૂળ દીપાલિકાની સાંજે નગ્ન થઇ ગ્રહણ કરી પછી ત્રિલોહ વેષ્ટિત કરી મુખમાં રાખવાથી યુદ્ધમાં શસ્ત્રના ભયથી રક્ષણ થાય છે.

રોગાદ્રિ અષ્ટભયહર માહાત્મ્ય—

रोगजलजलणविसहर–चोरारिमइंदगयरणभयाइं।
पासजिणनामसंकित्तणेण पसमंति सव्वाइं ॥१८॥

[रोगजलज्वलनविषधरचौरारिमृगेन्द्रगजरणभयानि।
पार्श्वजिननामसंकीर्त्तनेन पशाम्यन्ति सर्व्वाणि ॥१८॥]

ભાવાર્થ—શ્રી પાર્શ્વનાથ પ્રભુના નામ માત્રનું કીર્તન કરવાથી પણ રોગ, જલ, અગ્નિ, સર્પ, ચોર, શત્રુ, સિંહ, હાથી અને સંગ્રામનો ભય નાશ પામે છે. આ શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૬૧

મન્ત્રામ્નાયઃ—હ્રૂંની અંદર 'દેવદત્ત'નું નામ લખીને, ફરતા ઠ કાર વીંટીને, પછી સોળ સ્વરો ફરતા વીંટીને, તેની ઉપર ક થી શરૂ કરીને હ સુધીના માતૃકાક્ષરો વીંટીને, બહાર માયાબીજ (હ્રીંકાર)ના ત્રણ આંટા મારીને [ક્રોંકારથી રૂંધન કરવું]. આકૃતિ માટે જુઓ **નમિ૦** યંત્ર ૧૮ ચિત્ર નં. ૧૬૨

આ યંત્ર સુગંધી દ્રવ્યોથી લખીને **ૐ હ્રીં શ્રીં અર્હં નમિઊણ પાસ વિસહર વસહ જિણ ફુલિંગ હ્રીં શ્રીં નમઃ સ્વાહા**। આ મૂળ મન્ત્રથી પૂજન કરવાથી સર્વ ભયથી રક્ષા થાય છે.

एवं महाभयहरं, पासजिणिंदस्स संथवमुआरं।
भविअजणाणंदयरं, कल्लाणपरंपरनिहाणं ॥१९॥

रायभयजक्खरक्खस–कुसुमिणदुस्सउणरिक्खपीडासु ।
संझासु दोसु पंथे, उवसग्गे तह य रयणीसु ॥२०॥
जो पढइ जो अ निसुणइ, ताणं कइणो य माणतुंगस्स ।
पासो पावं पसमेउ, सयलभुवणच्चियच्चलणो ॥२१॥

[एवं महाभयहरं पार्श्वजिनेन्द्रस्य संस्तवमुदारम् ।
भविकजनानन्दकरं कल्याणपरंपरानिधानम् ॥ १९ ॥
राजभययक्षराक्षसकुस्वप्नदुःशकुनरिक्षपीडासु ।
सन्ध्ययोर्द्वयोः पथि उपसर्गे तथा च रजनीषु ॥ २० ॥
यः पठति यश्च निशृणोति तेषां कवेश्च मानतुंगस्य ।
पार्श्वः पापं प्रशमयतु सकलभुवनार्चितचरणः ॥ २१ ॥]

ભાવાર્થ—આ પ્રમાણે શ્રી પાર્શ્વનાથ પ્રભુનું આ ઉદાર સ્તવન મહાભયોનો હરણ કરનારૂં, ભવ્યજનોને આનંદ આપનારૂં અને કલ્યાણની પરંપરાના નિધાનરૂપ છે. તેને રાજાના ભય સંબંધી યક્ષ, રાક્ષસ, દુષ્ટ સ્વપ્ન, અપશુકન અને નક્ષત્ર ગ્રહ, રાશિ વગેરે સંબંધી પીડાને વિષે પ્રાતઃકાળ અને સાયંકાળ એ બંને સંધ્યાએ, અરણ્યાદિક વિષમ માર્ગમાં, ઉપસર્ગમાં તેમ જ ભયંકર રાત્રિઓમાં જે માણસ ભણે અને જે કોઈ સાવધાન થઈને સાંભળે તેમના અને **માનતુંગસૂરિ** નામના [આ સ્તોત્રના રચનાર] કવિના પાપને સમગ્ર જગતના જીવો વડે પૂજાયા છે ચરણ કમળો જેના એવા **શ્રીપાર્શ્વનાથ** સ્વામી શાંત કરો–નાશ કરો ૧૯–૨૦–૨૧.

મન્ત્રામ્નાયઃ–क्षँ કારની મધ્યમાં(દેવદત્તનું) નામ લખીને, ऐं કાર, ॐ કાર स्वा કાર તથા हा કાર (ચાર ખુણામાં) લખીને, ઉપર વલય કરીને, ફરતી સોળ પાંખડીઓમાં સોળ સ્વર લખીને, બહાર ફરતા ह हा हि ही हु हू हे है हो हौ हं हः। અક્ષરો વીંટીને, તેની બહાર ફરતો **ॐ पार्श्वजिनेन्द्राय ह्रीं क्ष्वीं हंसः हर हर स्वाहा** એ મન્ત્ર વીંટીને, તેની ફરતા માયાબીજ (ह्रींકાર) ના ત્રણ આંટા મારીને [**कों** કારથી રૂંધન કરીને], કલશની અંદર નાખીને, કલશના મુખપર ॐકાર લખવો (આકૃતિ માટે જુઓ **નમિ०** યંત્ર ૧૯, ચિત્ર નં. ૧૬૩)

આ યંત્ર કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી [ભોજપત્ર પર] લખીને, **ॐ पार्श्वजिनेन्द्राय ह्रीं क्ष्वीं हंसः हर हर स्वाहा** । [આ મન્ત્રથી મંત્રેલા] ૧૦૮ સુગંધીદાર સફેદ ફૂલોથી પૂજન કરીને, જમણી ભુજાએ ધારણ કરવાથી શાંતિદાયક, પુષ્ટિદાયક અને સર્વભયનું હરણ થાય છે.

ॐ नमो भगवते पार्श्वनाथाय આ મન્ત્રથી સમાધિ કરીને, શરીરની રક્ષા કરવી. વનને વિષે, ગામડાને વિષે, નગરને વિષે, જ્યાં ત્રણ રસ્તા ભેગા થતા હોય

ત્યાં, જ્યાં ચાર રસ્તા ભેગા થતા હોય ત્યાં, દરવાજાને વિષે અથવા ઘરને વિષે સૂતારની સ્ત્રી, બ્રાહ્મણની સ્ત્રી, ક્ષત્રિયની સ્ત્રી, વૈશ્યની સ્ત્રી, ચાંડાલની સ્ત્રી, માતંગની સ્ત્રી (જે હોય તે) ॐ ह्राँ ह्रीं ह्रूँ ह्रैं ह्रौँ ह्रँ ह्रः મન્ત્રના મહિમાએ કરીને શરીરમાં અવતરીને દૂષ્ટનો નિગ્રહ કર. हुं फट् स्वाहा આ વિદ્યાનું નિરંતર સ્મરણ કરવાથી સર્વ રક્ષા થાય છે.

ॐ नमो अरिहंताणं ॐ नमो भगवईए चंदाई महाविज्जाए। ગામમાં પ્રવેશ કરતી વખતે આ વિદ્યાનો સાત વાર જાપ કરવાથી અન્ન, પાણીનો લાભ થાય છે–રોટલા મળે છે; પરંતુ પહેલાં ચોથ ભક્ત (એક એકાસણું, બીજે દિવસે ઉપવાસ તથા પારણે એકાસણું) કરીને, પાર્શ્વનાથ પ્રભુના જન્મ દિવસે (મારવાડી પોષ વદિ ૧૦ તથા ગુજરાતી માગશર વદિ ૧૦ ના દિવસે) એક હજાર વખત જાપ કરી વિદ્યા સિદ્ધ કરવી જોઈએ.

ॐ बदबदवमूर्वी वज्रमुंडी क्षाँ क्षीं क्षूँ क्षैं क्षौं [क्षँ] क्षः तैलं स्तम्भय स्तम्भय स्वाहा। આ મન્ત્રથી ગોળ વગેરે તેલ મંતરવું.

ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ अर्हं नमः। આ મન્ત્રનો ત્રણે કાળ (સવાર, બપોર અને સાંજ) જાપ કરવાથી સર્વ કાર્ય સિદ્ધ થાય છે.

ॐ णमो भगवओ अरहओ अजिय भगवई महाविज्जाए अजिअप उवसोमए अणिहए महाविज्जा सुभंकरे स्वाहा। અરિહંત ભગવાનના મંદિરમાં (જિનમંદિરમાં) ચોથ ભક્ત કરીને ૧૦૦૮ જાપ કરવાથી આ વિદ્યા સિદ્ધ થાય છે. આ વિદ્યા સિદ્ધ થએથી સર્વ કામનાઓ પૂર્ણ થાય છે.

સકલ ત્રિલોકમાં તિલક સમાન, જેઓને જયા તથા વિજયા બંને બાજુ ચામર કરી રહી છે, જેઓના મસ્તક પર ધરણેન્દ્રની ફણાઓ રૂપી છત્ર છે, ત્રણ નેત્રોવાળી પદ્માવતીના મસ્તક ઉપર જેઓ રહેલા છે એવા શ્રી પાર્શ્વનાથ પ્રભુનું બિંબ યંત્રની મધ્યમાં આલેખીને, બહાર ફરતી આઠ પાંખડીઓમાં ફક્ત માયાબીજ (ह्रीं કાર) આલેખીને, ઉપર ફરતા સોળ સ્વરો વીંટીને, તેના ઉપર માયાબીજના ત્રણ આંટા મારીને [क्रों કારથી રૂંધન કરવું]. (આકૃતિ માટે જુઓ **નમિ૦ યંત્ર. ૨૦** ચિત્ર નં. ૧૬૪)

આ યંત્ર કેશર વગેરે સુગંધી દ્રવ્યોથી લખીને, તેનું ઉત્તમ એવા ૧૦૮ ફૂલોથી પૂજન કરવાથી સર્વત્ર જય આપનાર થાય છે. દરેકેદરેક પુષ્પને મૂલ મન્ત્રથી મન્ત્રીને પૂજન કરવું જોઈએ.

શ્રી પાર્શ્વનાથનું માહાત્મ્ય—

उवसग्गंते कमठा–सुरम्मि झाणाओ जो न संचलिओ।
सुरनरकिन्नरजुवइहिं, संथुओ जयउ पासजिणो ॥२२॥

उपसर्गान्ते कमठासुरस्य ध्यानात् यो न संचलितः।
सुरनरकिन्नरयुवतिभिः संस्तुतः जयतु पार्श्वजिनः ॥२२॥

ભાવાર્થઃ—કમઠાસુરે ઉપસર્ગ કર્યો ત્યારે જે પ્રભુ ધ્યાનથી ચલાયમાન થયા નહિ, તે સુર, નર અને કિંનરની સ્ત્રીઓવડે સ્તુતિ કરાએલા એવા શ્રી **પાર્શ્વનાથ** જિનેશ્વર જયવંતા વર્તો.–૨૨ આ શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૬૫

ચિત્રની મધ્યમાં પાર્શ્વનાથ પ્રભુ કાયોત્સર્ગ મુદ્રાએ ઊભા રહેલા છે, તેઓના મસ્તક ઉપર ધરણેન્દ્રે નાગના સ્વરૂપે સાત ફણારૂપી છત્ર ધરેલું છે. અને તે પ્રભુની ડાબી બાજુએ બે હાથની અંજલિ જોડીને પ્રભુની સ્તુતિ કરતો ઊભો રહેલો છે. વળી પ્રભુની જમણી બાજુએ બે હાથ જોડીને એક સ્ત્રી ઊભી રહેલી છે, જેણીના મસ્તક ઉપર સર્પની ત્રણ ફણા સ્પષ્ટ બતાવીને તે પદ્માવતી હોવાનો ભાવ ચિત્રકારે રજુ કરેલો છે અને તેવો જ ભાવ ધરણેન્દ્રના મસ્તક ઉપર ત્રણ ફણાની રજુઆત કરીને દર્શાવેલો છે, પ્રભુના પગની નીચેના ભાગમાં કમઠાસુર બે હાથ જોડીને પોતાના કૃત્યોની ક્ષમા માગતો જણાય છે. આ ચિત્રમાં ચિત્રકારે ધરણેન્દ્રને જમણી બાજુના બદલે ડાબી બાજુએ અને પદ્માવતીને ડાબી બાજુના બદલે જમણી બાજુ રજુ કરીને પોતાનું જૈનધર્મના રીતિ રિવાજોનું અજ્ઞાન બતાવેલું છે.

મન્ત્રનું માહાત્મ્ય—

एअस्स मज्झयारे, अट्ठारसअक्खरेहिं जो मंतो।
जो जाणइ सो झायइ, परमपयत्थं फुडं पासं ॥२३॥
[एतस्य मध्ये अष्टादशाक्षरैः यः मन्त्रः ।
यो जानाति स ध्यायति परमपदस्थं स्फुटं पार्श्वम् ।]

ભાવાર્થઃ—આ સ્તવનમાં (**नमिउण पास विसहर वसह जिण फुलिंग**)+ અઢાર અક્ષરનો બનેલો [ચિંતામણી નામનો] જે મન્ત્ર ગુપ્ત રહેલો છે, તે મન્ત્રને જે જાણે છે, તે મનુષ્ય પરમ પદને પામ થએલા શ્રી **પાર્શ્વનાથ** પ્રભુનું પ્રગટપણે ધ્યાન કરે છે એમ જાણવું.–૨૩

+ આ ચિંતામણિ નામના અઢાર અક્ષરનું જુદી જુદી રીતે ધ્યાન ધરવાનું જૈનાચાર્યોએ બતાવેલું છે અને તેનું ધ્યાન ધરવા માટેના યંત્રની આકૃતિઓ પણ જુદી જુદી રીતે બનાવવાની વિધિઓ તે મહાત્મા પુરૂષોએ બતાવેલી છે, આ વિષયના જિજ્ઞાસુઓને માટે મારા તરફથી પ્રસિદ્ધ થએલ 'મન્ત્રાધિરાજ–ચિંતામણિ' (કિંમત રૂપિઆ સાડા સાત) નામના ગ્રંથમાં છપાએલાં સ્તોત્રો તથા **માનતુંગસૂરિ** શિષ્ય શ્રી **ધર્મઘોષસૂરિ** વિરચિત 'ચિંતામણિ કલ્પ' તથા **સાગરચંદ્રસૂરિ** વિરચિત 'મન્ત્રાધિરાજ કલ્પ' અને 'શ્રીચિંતામણિ યંત્ર' નામનો યંત્ર વગેરે જોવા જાણવા છે. —સંપાદક.

॥ श्री अजितशांति स्तवन ॥

अजिअं जिअसव्वभयं, संतिं च पसंतसव्वगयपावं।
जयगुरु संतिगुणकरे, दो वि जिणवरे पणिवयामि ॥१॥ (गाहा)×
[अजितं जितसर्वभयं, शान्तिं च प्रशान्तसर्वगदपापम्।
जगद्गुरू शान्तिगुणकरौ, द्वावपि जिनवरौ प्रणिपतामि ॥]॥गाथा॥

ભાવાર્થઃ—આ લોકના સપ્તવિધ ભય (ઇહલોક ભય, પરલોક ભય, આદાન ભય, અકસ્માત ભય, આજીવિકા ભય, મરણ ભય અને અપકીર્તિ ભય)ને જેઓએ જિતેલા છે એવા શ્રી અજિતનાથ નામના બીજા તીર્થંકર તથા સર્વ રોગ અને પાપને શાંત કરનાર એટલે નાશ કરનાર શ્રી શાંતિનાથ નામના સોળમા તીર્થંકર એ બંને જગતના ગુરૂ અને શાંતિના કરનારા છે, તેઓને હું નમસ્કાર કરું છું.

ववगयमंगुलभावे, ते हं विउलतवनिम्मलसहावे।
निरुवममहप्पभावे, थोसामि सुदिट्ठसब्भावे ॥२॥ (गाहा)

× આ ગાથા છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

मुणि ट गुरू तत्थ न जो विसमे छट्ठो उमज्झगो पढमे।
दुइए उ दलम्मि लहू छट्ठो सेसं समं गाहा ॥१॥

(सप्त चतुर्मात्रा गुरुश्च तत्र न जगणो (ISI) विषमे षष्ठस्तु मध्यगः प्रथमेऽर्धे। द्वितीये तु दले लघुः षष्ठः शेषं समं (एषा) गाथेति ॥१॥

दुइआ छट्ठे पढमाउ सत्तमे लाउ कुणइ उवरिदले।
न लहुम्मि पंचमे पढमयाउ इह तलदले विरई ॥२॥

(उपरितनार्धे षष्ठे [चतुर्लघुकेऽर्वाक्] द्वितीयाल्लात्सप्तमे प्रथमाल्लाद्विरतिं कुरु। इहाधस्तनेऽर्धे पंचमे चतुर्मात्रिकलघुगणे प्रथमाल्लान्नविरतिः ॥२॥

અર્થાત્–સાત ટગણ (ચાર માત્રાવાળા) પછી એક ગુરૂ પ્રથમ અર્ધમાં આવે, ત્યાં વિષમ (ત્રણ પાંચ વગેરે એકી) ટગણમાં જગણ (ISI)ન હોય. છઠ્ઠો ટગણ મધ્યમાં ક ગણ (S)વાળો હોય. બીજા અર્ધમાં તો પાંચ ટ ગણ પછી છઠ્ઠો લઘુ હોય. બાકીનું પહેલા અર્ધ પ્રમાણે એટલે સાતમો ટ ગણ અને પછી ગુરૂ એ પ્રકારે ગાથા છંદ જાણવો. "द्युतिचउपंचछकला गणाः कचटतप-नामानः" અહીં બે માત્રાનો ક ગણ, ત્રણનો ચ ગણ, ચારનો ટ ગણ, પાંચનો ત ગણ અને છ માત્રાનો પ ગણ એવા નામના પાંચ ગણ ગણેલા છે. બીજી કેટલીક સંજ્ઞા છંદોગ્રંથથી જાણી લેવી. અહીં છઠ્ઠા ટ ગણમાં બીજા લઘુની પહેલાં વિરામ કરવો, અને સાતમા ટ ગણમાં પહેલા લઘુની પૂર્વે વિરામ કરવો તથા બીજા અર્ધમાં પાંચમા ટ ગણમાં પહેલા લઘુની પૂર્વે વિરામ કરવો.

[व्यपगताशोभनभावौ तावहं विपुलतपोनिर्मलस्वभावौ ।
निरुपममहाप्रभावौ स्तोष्ये सुदृष्टसद्भावौ ॥२॥ गाथा]

ભાવાર્થઃ—જેઓના મંગુલ એટલે અશોભન ભાવ, વવગય એટલે નાશ પામ્યા છે, ઉગ્ર તપસ્યા વડે જેઓનો સ્વભાવ નિર્મળ થએલો છે, જેઓનો પ્રભાવ એટલે મહિમા ઉપમા રહિત અને મોટો છે, તથા જેઓએ કેવળજ્ઞાન અને કેવળદર્શન વડે વિદ્યમાન એવા જીવાજીવાદિ ભાવોને યથાર્થ રીતે સંપૂર્ણ પણે જાણેલા છે, એવા શ્રી અજિતનાથ અને શાંતિનાથ પ્રભુની હું [નંદિષેણ કવિ] સ્તુતિ કરીશ.

આ બંને શ્લોકોના ભાવ પરથી તૈયાર થએલી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૬૭માં દેરીઓની અંદર અનુક્રમે શ્રી અજિતનાથ તથા શાંતિનાથ પ્રભુની મૂર્તિઓ આંગી સહિત બિરાજમાન છે. અજિતનાથ પ્રભુની પલાંઠીની નીચે ચિત્રકારે તેઓને ઓળખવા માટે હાથીનું ચિન્હ તથા શ્રી શાંતિનાથ પ્રભુની પલાંઠી નીચે હરણનું ચિન્હ રજુ કરેલું છે, વળી તેઓની સન્મુખ બે હાથ જોડીને સ્તુતિ કરતા ઉઘાડા માથાવાળા એક જૈન સાધુનું ચિત્ર દોરીને 'શ્રી અજિતશાંતિ સ્તવ'ના કર્તા શ્રી નંદિષેણ મુનિની રજુઆત ચિત્રકારે કરેલી છે. અને ચિત્રની નીચેના ભાગમાં નાટારંભ કરતી બે સ્ત્રીઓ, બંને હાથે ઢોલ વગાડતાં બે પુરુષો તથા બંને હાથે મંજીરા અગર ઝાંઝ વગાડતાં બીજા બે પુરુષોની રજુઆત કરીને ચિત્રકારના સમયમાં જૈનમંદિરોમાં પ્રભુની સન્મુખ ભક્તિ નિમિત્તે થતા નાટારંભનો ખ્યાલ આપવા પ્રયત્ન ચિત્રકારે કરેલો છે. ચિત્રમાં રજુ કરેલા પુરુષોની પાઘડીઓ પરથી તથા નાટારંભ કરતી બંને સ્ત્રીઓના પહેરવેશથી આ ચિત્ર મોગલ સમયના અંત ભાગમાં ચિતરાએલું હોવું જોઇએ એમ અનુમાન થઈ શકે છે.

सव्वदुक्खप्पसंतीणं, सव्वपावप्पसंतिणं ।
सया अजिअसंतीणं, नमो अजिअसंतिणं ॥३॥ [सिलोगो+
[सर्वदुःखप्रशान्तिभ्यां, सर्वपापप्रशान्तिभ्याम् ।
सदाऽजितशान्तिभ्यां, नमोऽजितशान्तिभ्याम् ॥ ३ ॥]

+ આ શ્લોક નામનો છંદ છે તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

पंचमं लहु सव्वत्थ, सत्तमं दुचउत्थए
छट्ठं पुण गुरुं जाण, सिलोगं बिंति पंडिआ ॥ १ ॥
(सर्वत्र पंचमं लघु, द्वितियचतुर्थयोः (पादयोः) सप्तमम् ।
षष्ठं पुनर्गुरु येषामक्षरं तं श्लोकं ब्रुवते पण्डिताः ॥

અર્થાત–પાંચમો અક્ષર સર્વત્ર–ચારે પાદમાં લઘુ હોય અને છઠ્ઠો અક્ષર સર્વત્ર ગુરૂ હોય તથા બીજા અને ચોથા પાદમાં સાતમો અક્ષર લઘુ હોય તો તેને પંડિતો શ્લોક નામનો છંદ કહે છે.

ભાવાર્થઃ–જેઓના સર્વ દુઃખોની શાંતિ થઇ ગઇ છે,તથા જેઓના સર્વ પાપની શાંતિ થઇ ગઇ છે, જેઓ કોઇથી જીતાએલા નથી એટલે જેઓનો રાગાદિક આઠ કર્મોથી પરાભવ થયેા નથી, તથા જેઓ હમેશાં શાંતિને ધારણ કરવાવાળા છે. એવા શ્રીઅજિતનાથ અને શાંતિનાથને (મારેા) નમસ્કાર હેા.

अजिअजिण ! सुहप्पवत्तणं, तव पुरिसुत्तम ! नामकित्तणं ।
तह य धिइमइप्पवत्तणं, तव य जिणुत्तम ! संति ! कित्तणं ॥ ४ ॥ (मागहिया)+

[अजितजिन ! सुखप्रवर्तनं, तव पुरुषोत्तम! नामकीर्तनम् ।
तथा च धृतिमतिप्रवर्तनं, तव च जिनोत्तम शान्ते ! कीर्तनम्] ॥ ४ ॥

ભાવાર્થઃ–હે પુરુષોત્તમ અજિતનાથ! તથા હે જિનોત્તમ શ્રીશાંતિનાથ ! તમારા બંન્નેના નામોનું જે કીર્તન તે સુખને આપનાર અને ધીરજ તથા બુદ્ધિને પ્રગટ કરનાર છે.

किरियाविहिसंचिअकम्मकिलेसविमुक्खयरं ,
अजिअं निचिअं च गुणेहिं महामुणिसिद्धिगयं ।
अजिअस्स य संतिमहामुणिणोवि अ संतिकरं,
सययं मम निव्वुइकारणयं च नमंसणयं ॥५॥ (आलिंगणयं)×

+ આ માગધિકા નામનેા છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

विषमेषु दोन्नि टगणा, समेषु पो टो तओ दुसु वि जत्थ,
लहुओ कगणो लहुओ, कगणो तं मुणह मागहिअं ॥१॥
(विषमयोः [पृथमतृतीययोः] द्वौ टगणौ समयोः पः टः ततो द्वयोरपि ।
[समविषमयोः] लघुकः कगणः लघुकः कगणस्तां जानीहि मागधिकाम् ॥)

અર્થાત્–વિષમ એટલે પહેલા અને ત્રીજા એકી સંખ્યક પાદમાં પ્રથમ બે ટગણ હેાય અને સમ એટલે બીજા અને ચેાથા બેકી સંખ્યક પાદમાં પહેલેા પગણ (છમાત્રા) અને બીજો ટગણ હેાય. ત્યારપછી સમ વિષમ બંનેમાં એટલે ચારે પાદમાં અનુક્રમે લઘુ, કગણ, લઘુ અને કગણ એ રીતે આવે તેને માગધિકા છંદ કહે છે.

× આ આલિંગનક છંદ છે તેનું લક્ષણ આ પ્રમાણેઃ–

लहु दु गुरु टगणछक्कं, सव्वेसु पएसु पढमतइयम्मि ।
दुचउत्थे जमियमिणं, आलिंगणयम्मि छंदम्मि ॥१॥
(द्विलघुगुरुरूपटगणषट्कं सर्वेषु पादेषु प्रथमं तृतीयेन ।
द्वितीयं च चतुर्थेन यमकितमेतदालिङ्गनके छन्दसि)॥१॥

(क्रियाविधिसंचितकर्मक्लेशविमोक्षकरम् ,
अजितं निचितं च गुणैर्महामुनिसिद्धिगतम् ।
अजितस्य च शान्तिमहामुनेरपि च शान्तिकरं ,
सततं मम निर्वृतिकारणकं च नमस्यनकम् ॥५॥

ભાવાર્થઃ–શ્રીઅજિતનાથને તથા મહામુનિ શ્રીશાંતિનાથને કરેલો એવો જે નમસ્કાર મને હમેશાં મોક્ષનું કારણ થાઓ. તે કરેલો એવો જે નમસ્કાર તે કાયિકી આદિક ક્રિયાથી કરેલાં કર્મ અને કષાયથી અથવા કર્મના ક્લેશથી મૂકાવનાર છે, બીજા અન્ય દેવોને કરેલા નમસ્કારથી જીતાય નહિ તેવો એટલે કે અન્ય દેવોના નમસ્કારથી આ નમસ્કાર અધિક ફળને આપનારો છે, તથા આ નમસ્કાર સમગ્ર ગુણો વડે યુક્ત છે તથા મહાયોગીઓને પ્રાપ્ત થતી અષ્ટ મહાસિદ્ધિને તથા શાંતિને આપવા વાળો છે.

पुरिसा ! जइ दुक्खवारणं, जइ य विमग्गह सुक्खकारणं ।
अजिअं संतिं च भावओ, अभयकरणं सरणं पवज्जहा ॥६॥(मागहिआ)

[पुरुषाः ! यदि दुःखवारणं यदि च विमार्गयथ सुखकारणम् ।
अजितं शान्तिं च भावतोऽभयकरौ शरणं प्रपद्यध्वम् ॥६॥[

ભાવાર્થઃ–હે પુરૂષો ! જો તમે દુઃખના નિવારણને અને સુખના કારણને શોધતા હો, તો અભયને કરનારા એટલે કે ભયનું નિવારણ કરનારા શ્રીઅજિતનાથ તથા શ્રીશાંતિનાથને ભાવથી શરણે જાઓ અર્થાત્ શ્રીઅજિતનાથ તથા શ્રીશાંતિનાથ પ્રભુનું શરણું અંગીકાર કરો.

अरइरइतिमिरविरहिअमुवरयजरमरणं,
सुरअसुरगरुलभुयगवइपययपणिवइयं
अजिअमहमवि अ सुनयनयनिउणमभयकरं,
सरणमुवसरिअ मुविदिविजमहियं सययमुवणमे ॥७॥ (संगययं)+

અર્થાત્–આલિંગનક નામના છંદને વિષે પહેલા બે લઘુ અને ત્રીજો અક્ષર ગુરુ એવા ચાર માત્રાના છ ટગણ ચારે પાદમાં આવે છે. વિશેષ એ કે પહેલું પાદ ત્રીજા પાદ સાથે અને બીજું પાદ ચોથા પાદ સાથે યમકવાળું હોય છે.

+ આ સંગતક નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ–

लहुतगणचउग गुरुणो, पायतिए तदुन्नि टगणदुगं ।
लहुतगणो अंतगुरू, संगययं रइअअणुपासं ॥१॥
(लघुतगणचतुष्कं गुरुः पादत्रिके लघुतद्वयं टगणद्वयम् ।
लघुतगणोऽन्त्यगुरुः संगतकं रचितानुप्रासम्॥)

[अरतिरतितिमिरविरहितमुपरतजरामरणं,
सुरासुरगरुडभुजगपतिप्रयतप्रणिपतितम् ॥
अजितमहमपि च सुनयनयनिपुणमभयकरं,
शरणमुपसृत्य भुविदिविजमहितं सततमुपनमामि ॥]

ભાવાર્થઃ–જેઓ સંયમને વિષે અરતિ અને અસંયમ ને વિષે રતિ તથા અજ્ઞાનથી રહિત છે. અથવા અરતિ મોહનીયના ઉદયથી ઉત્પન્ન થએલો ચિત્તનો ઉદ્વેગ અને રતિમોહનીયના ઉદયથી ઉત્પન્ન થએલો ચિત્તનો આનંદ એ બંને સમ્યક્‌જ્ઞાનને આચ્છાદન કરનાર હોવાથી તે રૂપ જે અંધકાર તેણે કરી રહિત છે, વળી જેઓ જરા અને મરણથી મુક્ત થએલા છે, અથવા 'उपरतजराम्' અને 'अरणं' એવો પદચ્છેદ કરી જરા રહિત તથા રણસંગ્રામ રહિત છે એવો પણ અર્થ ઘટાવવો. વળી સુર એટલે વૈમાનિક દેવો, અસુર એટલે ભવનપતિ દેવો, ગરૂડ એટલે જ્યોતિષ્ક દેવો અને ભુજગ એટલે નાગકુમાર દેવોના પતિ એટલે ઇંદ્રોએ જેઓને આદરથી નમસ્કાર કર્યો છે, તથા જેઓ સારી નીતિ અને ન્યાયને વિષે નિપુણ છે, તથા જેઓ અભયને કરનારા છે, તથા જેઓ મનુષ્યો અને દેવોથી પૂજિત છે, તેવા શ્રીઅજિતનાથનું શરણ લઈને હું પણ તેઓને સદા નમસ્કાર કરૂં છું.

तं च जिणुत्तममुत्तमनित्तमसत्तधरं,
अज्जवमद्दवखंतिविमुत्तिसमाहिनिहिं ।
संतिकरं पणमामि दमुत्तमतित्थयरं ,
संतिमुणी मम संतिसमाहिवरं दिसउ (ऊ)। ८॥ (सोवाणयं)+

एकद्वित्रान्तरितं व्यञ्जनमविवक्षितस्वरं बहुशः ।
आवर्त्यते निरन्तरमथवा यदसावनुप्रासः ॥२॥

અર્થાત્–પ્રથમ લઘુ અક્ષરવાળા ચાર તગણ (પાંચમાત્રા) આવે એટલે વીશ અક્ષર લઘુ આવે અને એકવીશમો છેલ્લો અક્ષર ગુરૂ આવે એ પ્રમાણે પહેલા ત્રણ પાદમાં આવે, અને ચોથા પાદમાં લઘુ અક્ષરવાળા બે તગણ આવે એટલે કે પહેલા દશ અક્ષર લઘુ આવે, પછી બે ટગણ આવે, પછી લઘુ અક્ષરવાળો એક તગણ આવે અને પછી છેલ્લો એક ગુરૂ આવે, એ સંગતક છંદ અનુપ્રાસ સહિત હોવો જોઇએ (૧). સ્વરની વિવક્ષા કર્યા વિના એટલે સ્વર ગમે તે હોય અને એક, બે કે ત્રણ અક્ષરને આંતરે એકને એક વ્યંજન વારંવાર આવ્યા કરે તો તે અનુપ્રાસ અલંકાર થાય છે (૨).

+ આ સોપાનક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ–

गुरुलहुटगणपणगं, गुरू य सोवाणयं समपएहिं ॥
(गुरुलघुरूपटगणपञ्चकं गुरुश्च सोपानकं समपदैः)

(तं च जिनोत्तममुत्तमनिस्तमसत्त्वधरम् ,
आर्जवमार्दवक्षान्तिविमुक्तिसमाधिनिधिम् ।.
शान्तिकरं प्रणमामि दमोत्तमतीर्थकरं ,
शान्तिमुनिर्मम शान्तिसमाधिवरं दिशतु ॥८॥)

ભાવાર્થઃ—જેઓ સામાન્ય કેવળીને વિષે ઉત્તમ છે, જેઓ ઉત્તમ અને અજ્ઞાનતા રહિત એવા ભાવયજ્ઞને અથવા પરાક્રમને ધારણ કરનારા છે. જેઓ આર્જવ, માર્દવ, ક્ષાંતિ એટલે ક્ષમા, નિર્લોભતા અને સમાધિના નિધાન છે, વળી જેઓ શાંતિના કરનારા તથા ઇંદ્રિયોનું દમન કરવામાં શ્રેષ્ઠ અને તીર્થને પ્રવર્ત્તાવનારા છે, એવા તે શ્રીશાંતિમુનિને એટલે શ્રીશાંતિનાથ પ્રભુને હું પ્રણામ કરું છું, વળી તે શ્રીશાંતિનાથ પ્રભુ મને શાંતિ અને સમાધિ એટલે ચિત્તની સ્થિરતારૂપ વરદાન આપો.

सावत्थिपुव्वपत्थिवं च वरहत्थिमत्थयपसत्थवित्थिन्नसंथियं,
थिरसरित्थवच्छं मयगललीलायमाणवरगंधहत्थिपत्थाणपत्थियं संथवारिहं ।
हत्थिहत्थबाहुं धंतकणगरुअगनिरुवहयपिंजरं पवरलक्खणोवचिअसोमचारुरूवं,
सुइसुहमणाभिरामपरमरमणिज्जवरदेवदुंदुहिनिनायमहुरयरसुहगिरं ॥९॥ (वेड्ढओ)+

[श्रावस्तीपूर्वपार्थिवं च वरहस्तिमस्तक प्रशस्तविस्तीर्णसंस्थितं,
स्थिरश्रीवत्सवक्षसं मदकललीलायमानवरगन्धहस्तिप्रस्थानप्रस्थितं संस्तवार्हम् ।
हस्तिहस्तबाहुं धमातकनकरुचकनिरुपहतपिञ्जरं प्रवरलक्षणोपचितसौम्यचारुरूपं,
श्रुतिसुखमनोऽभिरामपरमरमणीयवरदेवदुन्दुभिनिनादमधुरतरशुभगिरम् ॥९॥

ભાવાર્થઃ—જેઓ દીક્ષા લીધા પહેલાં શ્રાવસ્તી નગરીના રાજા હતા (અહીં શ્રાવસ્તી શબ્દથી અયોધ્યા ગ્રહણ કરવી તે વિષે આગમમાં કહ્યું છે

અર્થાત્-જેમાં પહેલો એક ગુરૂ અને પછી બે લઘુ એવા (ચાર માત્રાવાળા) ટગણ પાંચ આવે અને છેલ્લો એક અક્ષર ગુરૂ આવે, એ જ રીતે ચારે સરખા પાદોએ કરીને સોપાનક છંદ જાણવો, આમાં દરેક પાદમાં સોળ સોળ અક્ષર આવે છે.

+ આ વેષ્ટક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

तचपतटदुगं, पोटचउक्कतचतिगलहुगुरुगो ।
चदुटो चचउटचदुगं, तच्चतिण्णि टएगदसय गुरु वेढो ॥१॥
(तचपतटद्विकतद्विकपटचतुष्कतचतत्रिकलघुगुरवः ।
चद्विकटचचतुष्कटचद्विकतचत्रिकटैकादशकगुरवो वेष्टः)

અર્થાત્-તગણ, ચગણ (ત્રણમાત્રા), પગણ, તગણ, ટગણ બે, તગણ બે, પગણ, ટગણ ચાર, તગણ, ચગણ, તગણ ત્રણ, લઘુ. ગુરુ, ચગણ બે, ટગણ, ચગણ ચાર, ટગણ, ચગણ બે, તગણ, ચગણ ત્રણ, અગ્યાર ટગણ અને ગુરુ એ પ્રમાણે વેષ્ટક છંદ જાણવો.

કેઃ–'इक्खागभूमिओघा, सावत्थे विणियं कोसलपुरं च'), ઉત્તમ હસ્તીના મસ્તકની સમાન પ્રશસ્ત અને વિસ્તીર્ણ સંસ્થાનવાળા, નિશ્ચળ શ્રીવત્સવાળું હૃદય છે જેમનું એવા, મદોન્મત્ત અને લીલાયુક્ત એવા શ્રેષ્ઠ ગંધહસ્તીની ગતિ સમાન ગતિ છે જેમની એવા, સ્તુતિ કરવાને યોગ્ય એવા, હાથીની સૂંઢ જેવી લાંબી ભુજાઓવાળા, ધમેલા એટલે તપાવેલા સુવર્ણના અલંકાર જેવો પીળો વર્ણ છે જેઓનો એવા, ઉત્તમોત્તમ લક્ષણોએ કરીને યુક્ત, સૌમ્ય અને સુંદર રૂપ છે જેઓનું એવા, કાનને સુખકારક અને મનને આનંદકારી તથા અતિ રમણીય એવા ઉત્તમ દેવદુંદુભિના નાદ કરતાં પણ અત્યંત મધુર અને સુખકારક છે વાણી જેઓની એવા.

अजिअं जिआरिगणं, जिअसव्वभयं भवोहरिउं ।
पणमामि अहं पयओ, पावं पसमेउ मे भयवं ! ॥१०॥ (रासालुद्धओ*)

[अजितं जितारिगणं, जितसर्वभयं भवौघरिपुम् ।
प्रणमाम्यहं प्रयतः पापं प्रशमयतु मे भगवन् ॥१०॥]

ભાવાર્થઃ—[તથા] જેઓએ [મોહાદિક] શત્રુઓના સમૂહને જીત્યા છે, વળી જેઓએ સર્વ ભયોને જીત્યા છે તથા જેઓ સંસારની પરંપરાના શત્રુ છે–નાશ કરનારા છે એવા શ્રી અજિતનાથ પ્રભુને હું આદરસહિત પ્રણામ કરું છું, તો હે શ્રી અજિતનાથ ભગવાન! મારા પાપનો નાશ કરો.

कुरुजणवयहत्थिणाउरनरीसरो पढमं तओ महाचक्कवट्टिभोए महप्पभावो,
जो बावत्तरिपुरवरसहस्सवरनगरनिगमजणवयवई बत्तीसारायवरसहस्साणुयायमग्गो ।
चउदसवररयणनवमहानिहिचउसट्ठिसहस्सपवरजुवईण सुंदरवई,
चुलसीहयगयरहसयसहस्ससामी छन्नवइगामकोडिसामी
आसीज्जो भारहम्मि भयवं ॥११॥ (वेड्ढओ×)

---

* આ રાસાલુબ્ધક છંદ છે તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

टगणदुगं लहुगुरुणो, टगणतिगं लहुगुरू य टगणतिगं ।
दुसरिच्छं अंतपयं रासाइलुद्धयं छंदं ॥१॥
(टगणद्विकं लघुर्गुरुश्च टगणत्रिकं लघुर्गुरुश्च टगणत्रिकम् ।
द्वितीयसमं चतुर्थं [यत्र तत्] रासालुब्धकच्छन्दः ॥)

અર્થાત્:–પહેલા પાદમાં બે ટગણ, પછી એક લઘુ અને એક ગુરુ, બીજામાં ત્રણ ટગણ, પછી લઘુ અને ગુરુ, ત્રીજા પાદમાં ત્રણ ટગણ અને ચોથું પાદ બીજા પાદ જેવું હોય તે રાસાલુબ્ધક છંદ કહેવાય છે.

× આ વેષ્ટક છંદ છે. તે પ્રથમના વેષ્ટક છંદથી જુદો છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

तं संतिं संतिकरं, संतिण्णं सव्वभया ।
संतिं थुणामि जिणं संतिं विहेउ मे ॥१२॥ (रासानंदियं +)

[कुरुजनपदहस्तिनापुरनरेश्वरः प्रथमं ततो महाचक्रवर्तिभोगान् (प्राप्तः)महाप्रभावः,
यो द्विसप्ततिपुरवरसहस्रवरनगरनिगमजनपदपतिर्द्वात्रिंशद्राजवरसहस्रानुयातमार्गः ।
चतुर्दशवररत्ननवमहानिधिचतुःषष्टिसहस्रप्रवरयुवतीनां सुन्दरपतिः,
चतुरशीतिहयगजरथशतसहस्रस्वामी षण्णवति-ग्रामकोटिस्वामी
आसीत् यो भारते भगवान् ॥११॥

तं शान्तिं शान्तिकरं संतीर्णं सर्वभयात् ।
शान्तिं स्तौमि जिनं शान्तिं विदधातु मे ॥१२॥]

ભાવાર્થ:-જેઓ પહેલાં કુરુ જનપદ એટલે કુરુ દેશમાં આવેલા હસ્તિનાપુર નામના નગરના રાજા હતા, ત્યારપછી મોટા ચક્રવર્તિના ભોગને ભોગવનારા હતા એટલે કે છખંડ ભરતક્ષેત્રના મોટા ચક્રવર્તિ હતા. તે વખતે મહાપ્રભાવવાળા તે સ્વામી બહોંતેર હજાર ઉત્તમ પુર, નગર[1], નિગમ[2] અને દેશના સ્વામી હતા, બત્રીશ

पोतयुगं लहुगुरुणो, टछक्क दुगुरु टसत्त लहुगुरुगा ।
पटदुतचगुरुनवटा, दुलहुगुरु टचउ दो गुरुगा ॥१॥
टदुचगुरुजुयं टतिगं, दुलहुगुरू अवरवेट्ठओ छंदं ।
(पतद्विकं लघुर्गुरुटषट्कगुरुद्वयटसप्तकलघुगुरवः ।
पटद्विकतचगुरुटनवकलघुद्वयगुरुटचतुष्कगुरुद्विकाः ॥१॥
टद्विकचगुरुयुतं टत्रिकं लघुद्विकं गुरुरपरवेष्टकछन्दः ।

અર્થાત્-પગણ તગણ બે, લઘુ ગુરૂ, ટગણ છ, બે ગુરૂ, ટગણ સાત, લઘુ ગુરૂ, પગણ ટગણ બે. તગણ, ચગણ, ગુરુ, ટગણ નવ, બે લઘુ, ગુરુ, ટગણ ચાર, ગુરુ બે, ટગણ બે, ચગણ ગુરુવાળા, ટગણ ત્રણ, બે લઘુ અને ગુરુ એ પ્રમાણે બીજો વેષ્ટક છંદ જાણવો.

+ આ રાસાનંદિતક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

टदुलहुदुगुरू पढमे दुइए टदुलहुगुरू पए तइए ।
तुरिए टदुगं सगुरू, रासाइनंदियं छंदं ॥१॥
(टद्विकलघुद्विकगुरवः प्रथमे द्वितीये टद्विकलघुगुरवः पदे तृतीये ।
तुर्ये टद्विकं सगुरु रासानंदितकं छन्दः ॥)

અર્થાત:—ટગણ બે, લઘુ બે, ગુરુ, પહેલા અને બીજા પાદમાં હોય. ત્રીજા પાદમાં ટગણ બે લઘુ અને ગુરુ હોય. ચોથા પાદમાં ટગણ બે અને ગુરુ એ લક્ષણવાળો રાસાનંદિતક છંદ જાણવો.

૧ જેમાં કર ન હોય તે નગર કહેવાય છે.

૨ જેમાં મોટા વ્યાપારીઓ નિવાસ કરતા હોય તે નિગમ કહેવાય છે.

હજાર (મુકુટબદ્ધ) શ્રેષ્ઠ રાજાઓએ અનુસર્યો છે માર્ગ જેઓનો એવા એટલે કે બત્રીશ હજાર રાજાઓ જેઓની આજ્ઞામાં હતા એવા, ઉત્તમ ચૌદ રત્નો[1], નવ

---

૧ ચૌદ રત્નો દરેક ચક્રવર્તીને હોય છે. તે આ પ્રમાણેઃ—

૧ ચક્રરત્ન–ધનુષ પ્રમાણ ગોળાકૃતિએ હોય, તે શત્રુના મસ્તકનો છેદ કરવા માટે ઉપયોગમાં લેવાય છે, છતાં પણ એક જ ગોત્રમાં ઉત્પન્ન થએલા શત્રુપર તે ચાલી શકતું નથી.

૨ છત્રરત્ન–ધનુષ પ્રમાણ છત્રાકારે હોય તે ચક્રવર્તીના હાથના સ્પર્શ માત્રથી ૧૨ (બાર) જોજન વિસ્તારવાળું થાય.

૩ દંડરત્ન–ધનુષ પ્રમાણ દંડાકૃતિએ હોય, તે વિષમ એટલે ખાડા ટેકરાવાળી જમીનને સમ એટલે સરખી કરે અને જરૂર પડે ત્યારે હજાર યોજન સુધી ઉંડી ભૂમિ ખોદે છે.

૪ ચર્મરત્ન–બે હાથ લાંબુ પહોળું હોય, તે જરૂર પડે ત્યારે ચક્રવર્તીના હાથના સ્પર્શથી બાર યોજન લાંબું થાય છે. તેમાં સવારે ધાન્ય વાવ્યું હોય તે સાંજે પાકે–તૈયાર થાય.

૫ ખડ્ગરત્ન–બત્રીશ આંગળ લાંબું હોય, તે સંગ્રામમાં ઉપયોગમાં લેવાય છે અને ઘણીજ શક્તિવાળું હોય છે.

૬ કાકિનીરત્ન–ચાર આંગળનું હોય, તેના વડે વૈતાઢ્ય પર્વતની બંને ગુફાઓમાં બંને બાજુએ પ્રકાશ આપનારા ઓગણપચાશ મંડલા થાય છે,

૭ મણિરત્ન–ચાર આંગળ લાંબું અને બે આંગળ પહોળું હોય, તે છત્રરત્નના તુંબ ઉપર બાંધવાથી બાર યોજન સુધી પ્રકાશ કરે અને હાથે કે માથે બાંધ્યું હોય તો સર્વ જાતની વ્યાધિઓનો નાશ કરે છે, આ સાતે રત્નો એકેંદ્રિય જાતિનાં હોય છે.

૮ પુરોહિત રત્ન–તે શાંતિકર્મ વગેરે માંગલિક કાર્ય કરે છે.

૯ અશ્વરત્ન. ૧૦ ગજરત્ન–બંને પગાક્રમી હોય છે.

૧૧ સેનાપતિ રત્ન–ચક્રવર્તીની મદદ વિના ગંગા અને સિંધુના ચાર ખંડ જીતે છે, એટલો બધો તે બળવાન હોય છે.

૧૨ ગૃહપતિરત્ન–તે ઘરની સઘળી ચિંતા રાખે છે.

૧૩ વાર્ધકિરત્ન–તે મકાનો બાંધે, સૈન્યનો પડાવ તૈયાર કરે, અને વૈતાઢ્ય પર્વતની ગુફામાં રહેલી નિમ્નગા અને ઉન્મગા નદી ઉપર પૂલ બાંધે, તે સિવાયના પણ સઘળા બાંધકામ કરે.

૧૪ સ્ત્રીરત્ન–અત્યંત રૂપવંત હોય અને તે ચક્રવર્તીને જ ભોગવવા યોગ્ય હોય આ સ્ત્રી રત્નને સંતતિ પેદા થતીજ નથી.

આ દરેક રત્ન એક એક હજાર યક્ષોથી અધિષ્ઠિત હોય છે. તથા બે હજાર યક્ષો ચક્રવર્તીના બે બાહુના અધિષ્ઠિત હોય છે. એ રીતે સોળ હજાર યક્ષો ચક્રીના સેવક હોય છે. ચક્ર, દંડ, છત્ર અને ચર્મ એ ચાર રત્નો ચક્રવર્તીની આયુધશાળામાં જ ઉત્પન્ન થાય છે. ખડ્ગ, કાકિની અને મણિ એ ત્રણ રત્નો ભંડારમાં ઉત્પન્ન થાય છે હાથી અને ઘોડો વૈતાઢ્ય પર્વતમાં ઉત્પન્ન થાય છે.

મહાનિધિ[૧] અને ચોરાસઠ હજાર શ્રેષ્ઠ સ્ત્રીઓના જેઓ સ્વામી હતા, ચોરાશી લાખ ઘોડા, હાથી અને રથના સ્વામી તથા છન્નું કરોડ ગામોના જેઓ સ્વામી આ ભરતક્ષેત્રમાં થયા હતા, તે ઉપશમરૂપ, શાંતિને કરનારા અને સર્વ ભયથી મુક્ત થએલા એવા શ્રી શાંતિનાથ પ્રભુની હું સ્તુતિ કરું છું. તે ભગવાન મને શાંતિ આપો.

इक्खाग विदेहनरीसर नरवसहा मुणिवसहा,
नवसारयससिसकलाणण विगयतमा विहुअरया ।
अजि उत्तम तेअगुणेहिं महामुणि अमिअबला विउलकुला,
पणमामि ते भवभयमूरण जगसरणा मम सरणं ॥१३॥ (चित्तलेहा)+

પર્વતમાં ઉત્પન્ન થાય છે, સ્ત્રીરત્ન ક્ષત્રિયરાજાને ત્યાં ઉત્પન્ન થાય છે. અને બાકીના પુરોહિત, વાર્ધકિ, સેનાપતિ અને ગૃહપતિ એ ચાર રત્નો ચક્રવર્તીના નગરમાં ઉત્પન્ન થાય છે. આ ચૌદ રત્નોની ચિત્રાકૃતિઓ માટે જુઓ 'જૈનચિત્રકલ્પદ્રુમ'માં છપાએલ ચિત્ર નં. ૨૭૮

૧ નવ મહાનિધિનું સ્વરૂપ આ પ્રમાણે છેઃ—

૧ નૈસર્પ નામના નિધાનમાં ગ્રામ, નગર, આકર, પાટણ, દ્રોણમુખ વગેરે સર્વ હોય છે.

૨ પાંડુક નામના નિધાનમાં ગણિત, ગીત, ચોવીશ પ્રકારના ધાન્યના બીજ તથા તેની ઉત્પત્તિના પ્રકાર વગેરે હોય છે.

૩ પિંગલક નામના નિધાનમાં સર્વ જાતના આભરણ અશ્વ તથા હાથીના આભરણ હોય છે.

૪ સર્વરત્ન નામના નિધાનમાં ચક્રવર્તીના ચૌદ રત્નો વગેરે હોય છે. કેટલાકોના મતે આ નિધાનથી તે રત્નો મહાપ્રભાવવાળાં થાય છે.

૫ મહાપદ્મનામના નિધાનમાં વસ્ત્ર તથા રંગની ઉત્પત્તિ, તેના પ્રકાર, સાતધાતુ અને વસ્ત્ર ધોવાની રીત વગેરે હોય છે.

૬ કાળ નામના નિધાનમાં સમગ્ર કાળનું (જ્યોતિષ) જ્ઞાન, તીર્થંકરાદિનાં વંશનું કથન શિલ્પવિદ્યા, ખેતી, વ્યાપાર વગેરે હોય છે.

૭ મહાકાળ નામના નિધાનમાં લોઢું, સોનું, મણિ, મોતી, સ્ફટિક અને પરવાળા વગેરે હોય છે.

૮ માણવક નામના નિધાનમાં શૂરવીર યોદ્ધાની ઉત્પત્તિ, શસ્ત્ર વગેરે યુદ્ધની સામગ્રી, યુદ્ધ-નીતિ, દંડનીતિ વગેરે હોય છે.

૯ મહાશંખ નામના નિધાનમાં નાટચની વિધિ તથા ગદ્ય પદ્ય રચનાની વિધિ હોય છે.

આ નવે નિધાનો ઉત્સેધાંગુલે આઠ યોજન ઉંચા, નવ યોજન પહોળા અને બાર યોજન લાંબા પેટીના આકારે ગંગા નદીના મુખ આગળ રહેલા હોય છે. ચક્રવર્તી છ ખંડ પૃથ્વીની સાધના કરે ત્યારે પછી તે તેની સાથે તેના નગરમાં જઈ નગરની પાતાળ ભૂમિમાં રહે છે. વિસ્તૃત વર્ણન પ્રવચન સારોદ્ધાર વગેરે ગ્રંથથી જિજ્ઞાસુએ જાણી લેવું.

+ આ ચિત્રલેખા છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

[ઐક્ષ્વાક ! વિદેહનરેશ્વર ! નરવૃષભ ! મુનિવૃષભ !,
નવશારદશશિસકલાનન ! વિગતતમાઃ ! વિધુતરજાઃ ।
અજિત ! ઉત્તમ ! તેજોગુણૈર્મહામુન્યમિતબલ ! વિપુલકુલ !
પ્રણમામિ તુભ્યં ભવભયભઞ્જન ! જગચ્છરણ મમ શરણમ્ ॥૧૩॥]

ભાવાર્થઃ–હે ઇક્ષ્વાકુકુલમાં ઉત્પન્ન થયેલા ! હે વિદેહ દેશના રાજા ! હે મનુષ્યોમાં ઉત્તમ ! હે મુનિઓને વિષે ઉત્તમ વૃષભ સમાન–શ્રેષ્ઠ ! હે શરદઋતુના પૂર્ણચંદ્ર જેવા મનોહર મુખવાળા ! હે અજ્ઞાન અને કર્મરજરૂપી તમોગુણ રહિત ! હે તેજ અને ગુણોવડે ઉત્તમ તેજસ્વી ! હે મહામુનિઓથી પણ ન જાણી શકાય તેવા સામર્થ્યવાળા ! હે વિશાળ કુલવાળા ! હે ભવભયભંજન એટલે સંસારના ભયનો નાશ કરનાર ! એવા હે શ્રીઅજિતનાથ પ્રભુ ! હું તમોને નમસ્કાર કરૂં છું કેમકે તમે જગતના શરણભૂત છો અને તેથી મારા પણ શરણભૂત થાઓ અથવા હે જગતના શરણુ- અને મમતા રહિત મારા શરણભૂત થાઓ.

देवदाणविंदचंदसूरवंद हट्ठतुट्ठजिट्ठपरम–
लट्ठरूव धंतरूप्पपट्टसेयसुद्धनिद्धधवल–
दंतपंति संति सत्तिकित्तिमुत्तिजुत्तिगुत्तिपवर,
दित्ततेअवंद धेअ सव्वलोअभावि अप्पभाव–
णेअ पइस मे समाहिं ॥१४॥ (नारायओ)*

तटतटदुलहुदुगुरुआ, आइदुगे तटतटतिगदुलहुगुरू ।
तुरिए तटतटजुयलं, चगणगुरु चित्तलेह त्ति ॥१॥
(तटतटद्विकलघुकगुरव आदिद्विके तटतटत्रिकलघुद्विकगुरवः
(३) । तुर्ये तटतटद्विकचगुरवश्चित्रलेखा, इति ॥१॥)

અર્થાત્:—તગણ, ટગણ, તગણ, ટગણ બે, લઘુ બે અને એક ગુરૂ પહેલા અને બીજા પાદમાં આવે. તથા તગણ, ટગણ, તગણ, ટગણ ત્રણ, બે લઘુ અને એક ગુરૂ એ પ્રમાણે ત્રીજા પાદમાં આવે. અને ચોથા પાદમાં તગણ, ટગણ, તગણ ટગણ બે, ચગણ અને છેલ્લો એક ગુરૂ આવે તે ચિત્રલેખા છંદ જાણવો.

* આ નારાચક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

गुरुलहुचनवगनगणो, चअट्ठनगणो चअट्ठनगणो अ ।
दस चगणा तह नगणो, गुरुदुनि नाराओ ॥१॥
(गुरुलघुरूपचनवकं नगणश्चाष्टकं नगणश्चाष्टकं नगणश्च ।
दशचगणास्तथा नगणश्चगणो गुरुद्वयं नाराचः ॥)

ऽ॥ ।ऽ। ॥ऽ ऽ।ऽ ऽऽ। ॥। ऽऽऽ भ ज स य र त न म] एतेऽक्षरगणाः

[देवदानवेन्द्रचन्द्रसूरवन्द्य ! हृष्टतुष्टज्येष्ठपरम-
लष्टरूप ! ध्मातरूप्यपट्टश्वेतशुद्धस्निग्धधवल—
दन्तपङ्क्ते ! शान्ते ! शक्तिकीर्तिमुक्तियुक्तिगुप्तिप्रवर !,
दीप्ततेजोवृन्द ! ध्येय ! सर्वलोकभावितप्रभाव !
ज्ञेय ! प्रदिश मम समाधिम् ॥१४॥]

ભાવાર્થઃ–દેવ અને દાનવના ઇંદ્રોએ તથા ચંદ્ર, સૂર્યે વંદન કરવા યોગ્ય ! હર્ષિત, પ્રસન્ન શ્રેષ્ઠ, ઉત્કૃષ્ટ અને પુષ્ટ સ્વરૂપવાળા ! તપાવેલા રૂપાની પાટ જેવી શ્વેત, નિર્મળ, ચકચકિત અને ઉજ્વળ દંતશ્રેણિવાળા ! શક્તિ, કીર્તિ, નિર્લોભતા' યુક્તિ, અને ગુપ્તિ વડે સર્વોત્તમ ! દેદીપ્યમાન તેજના સમૂહવાળા ! ધ્યાન કરવા યોગ્ય ! સર્વ લોકમાં પ્રસિદ્ધ મહિમાવાળા ! તથા જાણવા યોગ્ય ! એવા હે શ્રીશાંતિ-નાથ પ્રભુ ! મને સમાધિ એટલે ચિત્તની શાંતિ આપો.

विमलससिकलाइरेअसोमं, वितिमिरसूरकराइरेअतेअं ।
तिअसवइगणाइरेअरूवं, धरणिधरप्पवराइरेअसारं ॥१५॥ (कुसुमलया×)
[विमलशशिकलातिरेकसौम्यं वितिमिरसूरकरातिरेकतेजसम् ।
त्रिदशपतिगणातिरेकरूपं धरणिधरप्रवरातिरेकसारम् ॥१५॥]
सत्ते अ सया अजिअं, सारीरे अ बले अजिअं ।
तवसंजमे अ अजिअं, एस थुणामि जिणं अजिअं ॥१६॥ (भुअगपरिरिंगिअं=)

અર્થાતઃ—ગુરૂ લઘુ રૂપ ચગણ નવ, નગણ, ચગણ આઠ, નગણ, ચગણ આઠ, અને નગણ. દશ ચગણ તેમ જ નગણ, ચગણ, ગુરૂ બે, એ લક્ષણવાળો નારાચક છંદ છે.

અહીં નગણ આપ્યો છે તે અક્ષરગણ છે, તે આઠ પ્રકારે છે–ભગણ SII, જગણ ISI, સગણ IIS, પગણ ISS, રગણ SIS, તગણ SSI, નગણ III, ભગણ SSS.

× આ કુસુમલતા છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

विसमे कलाण छक्कं, समेसु अडगं निरंतरं न हु तं ।
अंते रगणो यगणो, कुसुमलयानामछंदसि ॥१॥
(विषमयोः कलानां षट्कं समयोरष्टकं न चैवन्निरन्तरम् ।
अन्त्ये रगणयगणौ कुसुमलतानाम्नि च्छन्दसि ॥)

અર્થાતઃ—વિષમ પદમાં છ કળા અને સમ પદમાં આઠ કળા પ્રથમ હોય અને અંતે રગણ તથા યગણ કુસુમલતા નામના છંદને વિષે હોય. આઠ કળાની ગણતરી હમેશ માટે સરખી હોતી નથી. આ છંદ ઔપચ્છંદસિક પણ કહેવાય છે.

= આ ભુજંગપરિરિંગિત છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

तगणो ट णो लहुगुरु, प णो टगणो य दुलहुगुरु दुइए ।
एवं चियपच्छद्धे; भुयंगपरिरिंगियं छंदं ॥१॥

सत्वे च सदाऽजितं शारीरे च बलेऽजितम् ।
तपःसंयमे चाऽजितमेव स्तौमि जिनमजितम् ॥१६॥]

ભાવાર્થઃ—[જેઓ] નિર્મળ ચંદ્રની કળાથી પણ અધિક સૌમ્યતાવાળા છે, આવરણ વગરના સૂર્યના કિરણોથી પણ જેઓ અધિક તેજસ્વી છે, દેવોના સ્વામી ઇન્દ્રોના સમૂહથી પણ અધિક રૂપ છે જેઓનું એવા તથા મેરૂથી પણ અધિક દૃઢતાવાળા, વળી જેઓ આત્મબળથી તેમજ શારીરિક બળથી કોઇનાથી પણ ન જીતી શકાય તેવા અને બાર પ્રકારના તપ તથા સત્તર પ્રકારના [1]સંયમથી પણ જેઓ કોઇનાથી જીતાયા નથી તેવા શ્રી અજિતનાથ પ્રભુની હું સ્તુતિ કરૂં છું.

सोमगुणेहिं पावइ न तं नवसरयससी,
तेअगुणेहिं पावइ न तं नवसरयरवी ।
रूवगुणेहिं पावइ न तं तिअसगणवई,
सारगुणेहिं पावइ न तं धरणिधरवई ॥१७॥ (खिज्जिअयं ○)

[सौम्यगुणैः प्राप्नोति न तं नवशरच्छशी,
तेजोगुणैः प्राप्नोति न तं नवशरद्रविः ।
रूपगुणैः प्राप्नोति न तं त्रिदशगणपतिः,
सारगुणैः प्राप्नोति न तं धरणिधरपतिः ॥१७॥]

(तगणष्टगणो लघुर्गुरुः पगणष्टगणश्च लघुर्द्विकगुरुर्द्वितीये ।
एवमेव पश्चार्धं भुजंगपरिरिंगितं छन्दः ॥)

અર્થાત્:—પહેલા પાદમાં તગણ, ટગણ, લઘુ, ગુરૂ અને બીજા પાદમાં પગણ, ટ ગણ, લઘુ બે અને પછી એક ગુરૂ હોય. એ જ પ્રમાણે ઉત્તરાર્ધના બંને પાદ હોય, તે ભુજંગપરિરિંગિત છંદ કહેવાય છે,

૧ સત્તર પ્રકારનો સંયમ નીચે પ્રમાણે છેઃ—

પાંચ ઇંદ્રિય અને ચાર કષાયનો જય, પાંચ અવ્રતનો ત્યાગ તથા ત્રણ યોગનું નિવર્તન એ પ્રમાણે કુલસત્તર. અથવા ૧ પૃથ્વીકાય સંયમ, ૨ અપકાય સંયમ, ૩ તેઉકાય સંયમ, ૪ વાયુકાય સંયમ, ૫ વનસ્પતિકાય સંયમ, ૬ બેઇંદ્રિય સંયમ, ૭ તેઇંદ્રિય સંયમ, ૮ ચઉરિંદ્રિય સંયમ, ૯ પંચેન્દ્રિય સંયમ, ૧૦ પ્રેક્ષ્ય (જોવું) સંયમ, ૧૧ ઉપેક્ષ્ય સંયમ, ૧૨ પ્રમાર્જના સંયમ, ૧૩ અપહૃત્ય સંયમ, ૧૪ મનઃસંયમ, ૧૫ વચનસંયમ, ૧૬ કાય સંયમ અને ૧૭ અજીવસંયમ.

○ આ ખિદ્યતક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

भरनभनगणलहुगुरु, सव्वपएसु तहा जई दसमे ।
सव्वंतक्खरजमियं, छंदं खिज्जियनामयं ॥१॥
(भरनभना लघुर्गुरुश्च सर्वपदेषु तथा यतिर्दशमे ।
सर्वपादेष्वन्त्याक्षरयमकितं तत्खिद्यतकनामच्छन्दः ॥)

तित्थवरपवत्तयं तमरयरहियं,
धीरजणथुअच्चिअं चुअकलिकलुसं ।
संतिसुहप्पवत्तयं तिगरणपयओ,
संतिमहं महामुणिं सरणमुवणमे ॥१८॥ (ललिअयं ⊙)

[तीर्थवरप्रवर्तकं तमोरजोरहितं,
धीरजनस्तुतार्चितं च्युतकलिकालुष्यम् ।
शान्तिसुखप्रवर्तकं त्रिकरणप्रयतः,
शान्तिमहं महामुनिं शरणमुपनमे ॥१८॥]

ભાવાર્થઃ—શીતળતાના ગુણો વડે નવીન શરદઋતુનો પૂર્ણચંદ્ર પણ શ્રી શાંતિનાથની તુલનાને પામતો નથી, તેજના ગુણ વડે શરદ ઋતુનો સૂર્ય પણ તેઓની તુલનાને પામતો નથી, સુંદરતાના ગુણવડે ઇન્દ્ર પણ તેઓની તુલનાને પામતો નથી અને દૃઢતાના ગુણ વડે સુમેરુ પર્વત પણ તે પ્રભુની તુલ્યતાને પામતો નથી એટલે પ્રભુના તે તે શીતલતાદિક ગુણો ચંદ્રાદિકથી અધિક છે. ઉત્તમ ધર્મ-તીર્થને સ્થાપનાર, અજ્ઞાન અને કર્મરજથી અથવા તમોગુણ અને રજોગુણથી રહિત, વિદ્વાન પુરુષોએ સ્તવેલા અને પૂજેલા, કલેશ અને મલિનતાથી રહિત એવા તથા શાંતિ અને સુખને આપનારા મહામુનિ શ્રી શાંતિનાથ ભગવાનનું મન, વચન અને કાયાના ત્રિકરણ યોગે સાવધાનપણે હું શરણ અંગીકાર કરું છું.—૧૭,૧૮

विणओणयसिररइअंजलिरिसिगणसंथुअं थिमिअं,
विबुहाहिवधणवइनरवइथुअमहिअच्चिअं बहुसो ।

અર્થાત્:—ભગણ, રગણ, નગણ, ભગણ, નગણ, લઘુ અને ગુરુ સર્વ પાદમાં હોય, તેમ જ દશમે અક્ષરે વિશ્રામ હોય, સર્વ પાદના અંત્યાક્ષર યમકવાળા હોય, તે ખિંચતક નામનો છંદ જાણવો. આ છંદને વંશપત્રપતિત નામનો છન્દ પણ કહે છે.

⊙ આ લલિતક નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

टगणचउक्कं लहुगुरु, पायतिए टगण तगण टगणदुगं ।
लहुगुरु तुरिए जाणह, ललियनामं च छंदम्मि ॥१॥

(टचतुष्कं लघुर्गुरुश्च पादत्रिके टतटद्विकम् ।
लघुर्गुरुस्तुर्ये जानीहि ललितकनाम च छन्दः॥)

અર્થાત્:—ટગણ ચાર, લઘુ, ગુરૂ એમ ત્રણ પાદમાં આવે. અને ટગણ, તગણ, ટગણ બે, લઘુ અને ગુરૂ એમ ચોથા પાદમાં આવે, તે લલિતક નામનો છંદ છે.

अइरुग्गयसरयदिवायरसमहिअसप्पभं तवसा,
गयणंगणविअरणसमुइअचारणवंदिअं सिरसा ॥१९॥ (किसलयमाला+)
असुरगरुलपरिवंदिअं, किन्नरोरगनमंसिअं ।
देवकोडिसयसंथुअं, समणसंघपरिवंदिअं ॥२०॥ (सुमुहं०)
अभयं अणहं, अरयं अरुयं ।
अजिअं अजिअं, पयओ पणमे ॥२१॥ (विज्जुविलसिअं*)

(त्रिभिर्विशेषकम्)

[विनयावनतशिरोरचिताञ्जलिऋषिगणसंस्तुतं स्तिमितं,
विबुधाधिपधनपतिनरपतिस्तुतमहितार्चितं बहुशः ।
अचिरोद्गतशरद्दिवाकरसमधिकसत्प्रभं तपसा,
गगनाङ्गणविचरणसमुदितचारणवन्दितं शिरसा ॥१९॥
असुरगरुडपरिवन्दितं, किन्नरोरगनमस्यितम् ।
देवकोटीशतसंस्तुतं, श्रमणसङ्घपरिवन्दितम् ॥२०॥
अभयमनघमरतमरुजम्, अजितमजितं, प्रयतः प्रणमामि ॥२१॥]

+ આ કિસલયમાલા નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

ટપ્પણગં જલહુગુરુ, પત્તેયં સત્તવીસમત્તાઓ ।
કિસલયમાલાછંદં, જાણહ છંદમણુદિટ્ઠં ॥૧॥
(टपञ्चकं जगणो लघुर्गुरुश्च प्रत्येकं सप्तविंशतिर्मात्राः ।
किसलयमालानामच्छन्दस्युद्दिष्टं छन्दः ।)

૦ આ સુમુખ નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

लहुचदुगटगणलहुगुरु, तदुगं लहुगुरूपगणटलहुगुरुगा ।
चदुरं टगणो लहुगुरु, तेरकलं सव्वओ सुमुहछंदं ॥१॥
(लघुरूपचद्विकं टगणो लघुर्गुरुश्च तद्विकं लघुर्गुरुः पटलघुगुरवः ।
चद्विकं टगणो लघुर्गुरुश्च त्रयोदशमात्राः सर्वेषु सुमुखच्छन्दः ॥)

અર્થાત:—લઘુવાળા ચગણ બે, ટગણ, લઘુ અને ગુરૂ, તગણ બે, લઘુ અને ગુરૂ. પગણ, ટગણ, લઘુ અને ગુરૂ. ચ ગણ બે, ટ ગણ લઘુ અને ગુરૂ. એ પ્રમાણે ચારે પાદ અનુક્રમે જાણવા.

સર્વ પાદમાં તેર તેર માત્રા હોય તે સુમુખ નામનો છંદ જાણવો.

* આ વિદ્યુદ્વિલસિત નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

दुलहुगुरुदुलहुगुरु, पत्तेयं विज्जुविलसिअं छंदं ।
(लघुद्विकं गुरुलघुद्विकं गुरुश्च प्रत्येकं विद्युद्विलसितं छन्दः ।)

ભાવાર્થઃ—વિનયથી નમેલા મસ્તક પર અંજલિ કરીને મુનિઓના સમૂહે જે પ્રભુની સ્તુતિ કરી છે, જેઓ કદાપિ ચલાયમાન થતા નથી, દેવેંદ્રોએ, કુબેર વગેરે દિક્પાળોએ અને ચક્રવર્તીઓએ જેઓની સ્તુતિ કરી છે, કાયાવડે જેઓને નમસ્કાર કર્યા છે અને પુષ્પાદિક વડે જેઓની પૂજા કરી છે, જેઓ તપ વડે તત્કાળ ઉદય પામેલા શરદઋતુના સૂર્યથી પણ અધિક કાંતિવાળા છે, આકાશને વિષે વિચરવાના ક્રમથી એકઠા થએલા ચારણ મુનિઓએ મસ્તક નમાવી જેઓને વંદન કર્યું છે, અસુરકુમાર અને સુવર્ણકુમારોએ જેઓને સમ્યક રીતે વંદના કરી છે, કિન્નર અને નાગકુમારોએ જેઓને નમસ્કાર કર્યા છે, સેંકડો કરોડ દેવો જેઓની સ્તુતિ કરે છે, શ્રમણસંઘ—સાધુઓનો સમુદાય જેઓને નિરંતર વંદન કરે છે, જેઓ ભય-રહિત, પાપરહિત, આસક્તિ રહિત અને રોગ રહિત છે, તથા જેઓ બાહ્ય અભ્યંતર શત્રુથી કદાપિ જીતાયા નથી, તેવા શ્રી અજિતનાથસ્વામીને હું આદરપૂર્વક પ્રણામ કરું છું. ૧૯–૨૦–૨૧.

आगया वरविमाणदिव्वकणग–
रहतुरयपहकरसएहिं हुलिअं ।
ससंभमोअरणवखुभियलुलियचल–
कुंडलंगयतिरीडसोहंतमउलिमाला ॥२२॥ (वेड्ढओ*)
जं सुरसंघा सासुरसंघा वेरविउत्ता भत्तिसुजुत्ता,
आयरभूसिअसंभमपिंडिअसुट्ठुसुविम्हिअसव्वबलोघा।
उत्तमकंचणरयणपरूवियभासुरभूसणभासुरिअंगा,
गायसमोणयभत्तिवसागयपंजलिपेसियसीसपणामा ॥२३॥ (रयणमालाO)

અર્થાત્:—બે લઘુ ને એક ગુરૂ, બે લઘુ ને એક ગુરૂ એમ દરેક પાદમાં હોય તે વિદ્યુદ્વિલસિત છંદ જાણવો.

* આ વેષ્ટક નામનો છંદ પ્રથમના વેષ્ટક કરતાં જુદો છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

તદુટ્ચઉતટો તતિગં, લઘુગુરુપટદુન્નિદુગુરુગા વેઢો ।
(तद्विकटचतुष्कतटाः तत्त्रिकं लघुगुरुः षट्द्विकं गुरुद्वयं वेष्टकः ।)

અર્થાત્:—ત ગણ બે, ટ ગણ ચાર, ત ગણ, ટ ગણ. (અહીં બીજો ટ ગણ આવવો જોઇએ. તેમ આવે તો જ માત્રાઓ મળતી આવે છે. તેથી 'तश्च टौ च' એવો સમાસ કરવો.) ત ગણ ત્રણ, લઘુ. ગુરૂ, પ ગણ, ટ ગણ બે અને ગુરૂ બે હોય તે વેષ્ટક છંદ જાણવો.

O આ રયણમાલા છંદ છે, તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

वंदिऊण थोऊण तो जिणं, तिगुणमेव य पुणो पयाहिणं।
पणमिऊण य जिणं सुरासुरा, पमुइआ सभवणाइं तो गया ॥२४॥ (खित्तयं ०)

तं महामुणिमहं पि पंजली, रागदोसभयमोहवज्जिअं।
देवदाणवनरिंदवंदिअं, संतिमुत्तममहातवं नमे ॥२५॥ (खित्तयं ०)

[आगताः वरविमानदिव्यकनकरथतुरगसंघातशतैः शीघ्रं।
ससंभ्रमावतरणक्षुभितलुलितचलकुण्डलाङ्गदकिरीटशोभमानमौलिमालाः॥वेष्टकः॥
यं सुरसंघाः सासुरसंघाः वैरवियुक्ताः भक्तिसुयुक्ताः,
आदरभूषितसंभ्रमपिण्डितसुष्ठुसुविस्मितसर्वबलौघाः।
उत्तमकाञ्चनरत्नप्ररूपितभासुरभूषणभासुरिताङ्गाः,
गात्रसमवनतभक्तिवशागतप्राञ्जलिप्रेषितशीर्षप्रणामाः ॥ रत्नमाला ॥
वन्दित्वा स्तुत्वा ततो जिनं, त्रिगुणमेव च पुनः प्रदक्षिणम्।
प्रणम्य च जिनं सुरासुराः, प्रमुदिताः स्वभवनानि ततो गताः ॥ क्षिप्तकम् ॥
तं महामुनिमहमपि प्राञ्जलिः, रागद्वेषभयमोहवर्जितम्।
देवदानवनरेन्द्रवन्दितं, शान्तिमुत्तममहातपसं नमामि ॥ क्षिप्तकम् ॥

पढमे ट दुगुरु एवं, सेसेसु टसत्तगुरुदुगं अंति।
पत्तेयं बत्तीसं, मत्ताओ रयणमालाए ॥१॥
(प्रथमे टो गुरुद्विकं चैवं शेषेषु टसप्तकं गुरुद्विकं चान्ते।
प्रत्येकं द्वात्रिंशन्मात्रा रत्नमालायाम् ॥)

અર્થાત:—પહેલા પાદમાં પ્રથમ એક ટ ગણ પછી બે ગુરૂ એમ ચાર વખત આવે અને બાકીના પાદમાં સાત ટ ગણ અને અંતે બે ગુરૂ હોય, પ્રત્યેક પાદ બત્રીશ માત્રાવાળો હોય તે રયણમાલા છંદ કહેવાય છે.

ઉ આ ક્ષિપ્તક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

पगणो टदुगं गुरूगो, पत्तेयं खित्तयम्मि छंदम्मि।
(पटद्विकगुरवः प्रत्येकं क्षिप्तके छन्दसि।)

અર્થાત:—૫ ગણ, ટ ગણ બે, અને એક ગુરૂ દરેક પાદમાં હોય, તે ક્ષિપ્તક નામનો છંદ કહેવાય છે.

ઊ આ ક્ષિપ્તક નામનો વિલક્ષણ છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

रनरलगा पत्तेयं खित्तछंदम्मि वा जाण।
(रनरलगा प्रत्येकं क्षिप्तकच्छन्दसि वा जानीहि।)

અર્થાત:—અથવા ૨ ગણ, ન ગણ, ૨ ગણ, લઘુ અને ગુરૂ પ્રત્યેક પાદમાં હોય તે ક્ષિપ્તક છંદ બીજો જાણવો. રથોદ્ધતા છંદ પણ આ પ્રમાણે હોય છે.

ભાવાર્થ:—દેવો તથા અસુરો શ્રેષ્ટ વિમાન, દિવ્ય સુવર્ણના રથ અને અશ્વના સમૂહ લઇને શીઘ્રપણે આવે છે, તે વખતે સંભ્રમ સહિત એટલે ઉતાવળથી ઉતરતાં ક્ષોભ પામીને ડોલતા અને ચંચળ એવા કુંડળ, બાજુબંધ, મુગટ અને શોભતી મુગટની માળાઓ છે જેમની એવા, તથા વૈરભાવ રહિત એવા, ભક્તિએ કરીને સહિત એવા, તથા આદરથી બાહ્ય અલંકારોથી ભૂષિત થએલો અને ઉતાવળથી એકઠો થએલો તથા અત્યંત વિસ્મય પામેલો સર્વ ગજ અશ્વાદિક સૈન્યનો સમૂહ છે જેમનો એવા, તેઓનાં શરીરો ઉત્તમ સુવર્ણ અને દેદીપ્યમાન અલંકારોથી સુશોભિત દેખાય છે, તથા તેઓ શરીરથી નમ્ર થઇ ભક્તિથી હાથ જોડી મસ્તકવડે શાંતિનાથ પ્રભુને વંદન કરે છે. આ રીતે તે દેવો તથા અસુરો જેઓને વાંદી, સ્તુતિ કરી અને ત્રણ પ્રદક્ષિણા પૂર્વક ફરી વાંદીને હર્ષ પામતા પોતાને સ્થાને જાય છે, તે જિનેશ્વર મુનિઓના મોટા પરિવારવાળા છે, રાગ, દ્વેષ, ભય અને મોહને જીતનાર છે, તેઓને દેવેંદ્ર, દાનવેંદ્ર અને નરેંદ્રો નિરંતર નમન કરે છે, તથા તેઓ ઉગ્ર તપસ્યા કરનારા છે, તેવા તે શ્રી શાંતિનાથ પ્રભુને હું પણ હાથ જોડીને નમું છું—વંદન કરું છું.—૨૨, ૨૩, ૨૪, ૨૫.

આ શ્લોકોના ભાવ પરથી તૈયાર થએલી પ્રતિકૃતિઓ માટે જુઓ ચિત્ર. નં. ૧૬૮ તથા ચિત્ર. નં. ૧૬૯. ચિત્ર. નં. ૧૬૮માં ચિત્રકારે દેરીની અંદર શ્રી શાંતિનાથ પ્રભુની મૂર્તિ અજિતનાથ પ્રભુની મુર્તિના બદલે આંગી સહિત રજુ કરેલી છે. કારણ કે પ્રભુની પલાંઠીની નીચે હાથીના બદલે હરણનું લંછન ચીતરેલું છે. પ્રભુની જમણી બાજુ એક ભક્ત પુરુષ જમણા હાથમાં પૂજનની વાટકી રાખીને ડાબો હાથ પ્રભુ તરફ ઉંચો કરીને ઊભેલો છે. ચિત્રકારે તેના માથે મુગટ પહેરાવેલો છે તે ચિત્રકારનું જૈન રીતિરિવાજનું અજ્ઞાન સુચવે છે. કારણ કે મંદિરમાં દાખલ થયાં પછી મુગટધારીએ માથેથી પ્રભુના વિનયની ખાતર મુગટ ઉતારીને મંદિરમાં દાખલ થવાનું જૈન શાસ્ત્રકારોનું વિધાન છે, વળી તેના જમણા હાથમાં પૂજનની વાટકી આપીને તથા ડાબો હાથ ઉંચો બતાવીને પણ પોતાની અજ્ઞતા ચિત્રકારે બતાવેલી છે; કારણ કે પૂજન હમેશાં જમણા હાથથી જ કરવાનું અને પૂજનની સામગ્રી ડાબા હાથમાં પકડી રાખવાનું વિધાન છે; પ્રભુની ડાબી બાજુએ એક ભક્ત સ્ત્રી પોતાના જમણા હાથમાં ફૂલનો ભરેલો થાળ અને ડાબા હાથમાં એક ફૂલ પકડીને પ્રભુના મસ્તક પર ચઢાવવાની તૈયારી કરતી હોય તેવો ભાવ ચિત્રકારે તેણીનો જમણો હાથ ફૂલ સાથે ઉંચો ચીતરીને રજુ કર્યો છે. પ્રભુની બેઠકની નીચે અને ગર્ભદ્વારની બહારના રંગ-મંડપના ભાગમાં ચાર હાથવાળા એક દેવની આસન પર બેઠેલી આકૃતિ ચીતરેલી છે, દેવના ઉપ-

રના ઉંચા કરેલા જમણા હાથમાં તલવાર અને ડાબા હાથમાં ચક્ર જેવું કોઈક શસ્ત્ર તથા નીચેના બંને હાથમાં કમલના ફૂલ છે. દેવની પાછળના ભાગમાં ચામર ધરનારી એક સ્ત્રી ચામર વીંઝતી ઊભી રહેલી છે તથા દેવની સન્મુખ બે સ્ત્રીઓ બંને હસ્તની અંજલિ જોડીને ઊભી રહેલી છે.

ચિત્ર. નં. ૧૬૯ માં ઉપરના ભાગમાં સમવસરણમાં પ્રભુ બેઠેલા છે અને સમવસરણની બંને બાજુએ એકેક પુરુષ બંને હાથની અંજલિ જોડીને નમ્ર ભાવે ઊભેલો દેખાય છે, ચિત્રની નીચેના ભાગમાં ચિત્રની જમણી બાજુએથી સાત સૂંઢવાળા ઐરાવત હસ્તીની પર આરૂઢ થઈને દેવેન્દ્ર પ્રભુની સન્મુખ આવતા દેખાય છે, દેવેન્દ્રની આગળ હાથી પર બેસીને હાથમાં ધ્વજા પકડીને તથા ઘોડા પર સ્વાર થઈને બીજા દેવો અને પગે ચાલતા પદાતિ દેવો ચાલીને સમોવસરણ તરફ જતાં દેખાય છે. આ બંને ચિત્રો પણ અગાઉના ચિત્રના સમયમાં ચીતરાએલાં અને એક જ હસ્તલિખિત પોથીમાંથી રજુ કરેલાં છે.

अंबरंतरविआरणिआहिं, ललिअहंसवहुगामिणिआहिं ।
पीणसोणिथणसालिणिआहिं, सकलकमलदललोअणिआहिं ॥२६॥ (दीवयं*)
पीणनिरंतरथणभरविणमिअगायलआहिं,
मणिकंचणपसिढिलमेहलसोहिअसोणितडाहिं ।
वरकिंकिणिनेउरसतिलयवलयविभूसणिआहिं,
रइकरचउरमणोहरसुंदरदंसणिआहिं ॥२७॥ (चित्तक्खरा+)

[अंबरान्तरविचारिणीभिः ललितहंसवधूगामिनीभिः ।
पीनश्रोणीस्तनशालिनीभिः सकलकमलदललोचनिकाभिः ॥
पीननिरन्तरस्तनभरविनमितगात्रलताभिः,
मणिकाञ्चनप्रशिथिलमेखलाशोभितश्रोणीतटाभिः ।
वरकिङ्किणीनूपुरसत्तिलकवलयविभूषणाभिः,
रतिकरचतुरमनोहरसुन्दरदर्शनिकाभिः ॥]

---

* આ દીપક નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

खित्तयछंदं चउपयजमियं दीपयमहव मंडिलनामं ॥
(चतुर्षु पादेषु यमकितं क्षिप्तकं छन्दो दीपकमथवा मंडिलनाम ॥)

અર્થાત્:—ચારે પાદને વિષે યમક હોય એ ક્ષિપ્તક એટલે દીપક છંદ જાણવો, અથવા આ છંદનું નામ મંડિલ પણ છે.

+ આ ચિત્રાક્ષરા છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

देवसुंदरीहिं पायवंदिआहिं वंदिआ य जस्स ते सुविक्कमा कमा,
अप्पणो निडालएहिं मंडणोड्डुणप्पगारएहिं केहिं केहिं (वि) वी ।
अवंगतिलयपत्तलेहनामएहिं चिल्लएहिं संगयंगयाहिं,
भत्तिसंनिविट्ठवंदणागयाहिं हुंति ते वंदिआ पुणो पुणो ॥२८॥ (नारायओ ×)
तमहं जिणचंदं, अजिअं जिअमोहं ।
धुयसव्वकिलेसं, पयओ पणमामि ॥२९॥ (नंदिअयं ०)

[देवसुन्दरीभिः पादवृन्दिकाभिर्वन्दितौ च यस्य तौ सुविक्रमौ क्रमौ,
आत्मनो ललाटकैर्मण्डनरचनाप्रकारकैः कैः कैरपि ।
अपाङ्गतिलकपत्रलेखनामकैर्दीप्यमानैः संगताङ्गकाभिः,
भक्तिसन्निविष्टवन्दनागताभिर्भवतः तौ वन्दितौ पुनः पुनः ॥
तमहं जिनचन्द्रं अजितं जितमोहम् । धूतसर्वक्लेशं प्रयतः प्रणमामि ॥]

ભાવાર્થઃ—આકાશમાં વિચરનારી, મનોહર એવા હંસ પક્ષીની સ્ત્રીઓ એટલે હંસીના જેવી ગતિવાળી, પુષ્ટ એવા કટિપ્રદેશ અને સ્તનો વડે કરીને શોભતી, સંપૂર્ણ કમલની પાંખડી જેવા લોચનવાળી એટલે વિકસ્વર કમળના પત્ર જેવા

टप्पणगं दोन्नि गुरू, पढमे तुरिए य टछगगुरुएगो ।
दुतिए चउपयजमियं, जाणह चित्तक्खरं छंदं ॥१॥
(टपंचकं गुरुद्वयं प्रथमे तुर्ये च द्वितीयतृतीये च टषट्कं ।
गुरुश्चैकश्चतुष्पद्यां यमकितं छंदो विद्धि चित्राक्षरामिति)

અર્થાત્:—પહેલા અને ચોથા પાદમાં પાંચ ટ ગણ અને બે ગુરુ આવે તથા બીજા ત્રીજા પાદમાં છ ટ ગણ અને એક ગુરુ હોય, ચારે પાદમાં યમકવાળો હોય તે ચિત્રાક્ષરા છંદ જાણવો.

× આ બીજો નારાચક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

चगणेगारसगुरुगो, चउदस चगणा य नगण सोलस चा ।
टगणो चगणा तिन्निउ, अवरं नारायछंदगं जाण ॥१॥
(एकादश चगणा गुरुश्चतुर्दश चगणा नगणः षोडश ।
चगणाः टगणः त्रयश्चगणा इत्यपरं नाराचकच्छन्दो विद्धि ॥)

અર્થાત્:—અગ્યાર ચ ગણ, ગુરુ, ચૌદ ચ ગણ, ન ગણ, સોળ ચ ગણ, ટ ગણ, ત્રણ ચ ગણ એ પ્રમાણે બીજો નારાચક છંદ જાણવો.

૦ આ નંદિતક છંદ છે તેનું લક્ષણ આ પ્રમાણેઃ—

दुलहु गुरु दुलहु गुरु गुरू य सव्वेसु नंदियं छंदं ॥
(लघुद्वयंगुरुर्लघुद्वयं गुरुर्गुरुश्च सर्वेषु पादेषु नन्दितं छंदः ॥)

અર્થાત્:—બે લઘુ, ગુરુ, બે લઘુ, ગુરુ, ગુરુ, સર્વ પાદમાં આવે તે નંદિતક છંદ જાણવો.

નેત્રવાળી, પુષ્ટ અને આંતરા રહિત ગાઢ-સ્તનના ભાર વડે નમેલી છે શરીર રૂપી લતા જેમની એવી, જેમના કટિપ્રદેશ ઉપર મણિ અને સુવર્ણની શિથિલ એવી મેખલા શોભી રહી છે એવી, શ્રેષ્ઠ ઘુઘરીઓ અને ઝાંઝર અથવા ઘુઘરીઓવાળા ઝાંઝર, ઉત્તમ તિલક અને કંકણ વગેરે આભૂષણો વડે જેઓ અત્યંત શોભાયમાન છે એવી, જેમના શરીરનું દર્શન પણ સજ્જનના મનને હરણ કરનારૂં અને સુંદર છે, શરીરના વિષે ધારણ કરેલા અલંકારોના કિરણોના સમૂહથી જેઓ શોભાયમાન છે એવી, [તથા] દેદીપ્યમાન અપાંગ એટલે નેત્રમાં રહેલ અંજન, તિલક અને પત્રલેખ એટલે કસ્તુરી વગેરે દ્રવ્યોથી કપોળ પર કરેલી પીળ-લેપની અપૂર્વ રચના વડે જેમનાં અંગો યુક્ત છે એવી દેવાંગનાઓએ પોતાના લલાટ વડે પ્રભુના સુંદર ગતિવાળા બે ચરણોને વારંવાર વંદન કરેલું છે, તેવા મોહને જીતનાર અને સર્વ ક્લેશનો નાશ કરનાર અને સામાન્ય કેવળીને વિષે ચંદ્ર સમાન એવા શ્રી અજિતનાથ પ્રભુને હું બહુમાનપૂર્વક પ્રણામ કરૂં છું. ૨૬-૨૭-૨૮-૨૯.

थुअवंदिअस्सा रिसिगणदेवगणेहिं, तो देववहूहिं पयओ पणमिअस्सा ।
जस्सजगुत्तमसासणअस्सा, भत्तिवसागयपिंडिअयाहिं ।
देववरच्छरसाबहुआहिं, सुरवर रइगुणपंडिअयाहिं ॥३०॥ भासुरयं ÷ ॥
वंससमद्दतंतितालफलिए ति क्खराभिर मसद्दमीसए कए अ,
देवनट्टिआहिं हावभावविब्भमप्पगारएहिं ।
नच्चिऊण अंगहारएहिं वंदिआ य जस्स ते सुविक्कमा कमा,
तयं तिलोयसव्वसत्तसंतिकारयं पसंतसव्वपाव-
दोसमेस हं नमामि संतिमुत्तमं जिणं ॥३१॥ नारायओ ○

[स्तुतवन्दितकस्य ऋषिगणदेवगणैः, ततो देववधूभिः प्रयतः प्रणमितस्य ।
यस्य जगदुत्तमशासनस्य, भक्तिवशागतपिण्डितकाभिः ।
देववराप्सरोबहुकाभिः, सुरचर तिगुणपण्डितकाभिः ॥

÷ આ ભાસુરક નામનો છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

तगगो पगणो तगणो, टतटतटगणो गुरू पटु गुरुगो ।
बारस टगणा सुजई, भासुरयं जाणमणुपासं ॥१॥

(तपतट तटतट गणगुरुपट द्विकगुरुकाः ।
टगणा द्वादश सुयति सानुप्रास च भासुरकं जानीहि ॥)

અર્થાત:—ત ગણ, પગણ, તગણ, ટગણ, તગણ, ટગણ, તગણ, ટગણ, ગુરુ, પગણ, ટગણ એ, ગુરુ. બાર ટગણ, એ પ્રકારે સુયતિ અને અનુપ્રાસ સહિત ભાસુરક છંદ જાણવો.

○ આ બીજો નારાચક છંદ છે. તેનું લક્ષણ આ પ્રમાણે:—

वंशशब्दतन्त्रीतालमिलिते त्रिपुष्कराभिरामशब्दमिश्रके कृते च,
देवनर्तकीभिः हावभावविभ्रमप्रकारकैः नर्तित्वाऽङ्गहारकैः ।
वन्दितौ च यस्य तौ सुविक्रमौ क्रमौ तकं
त्रिलोकसर्वसत्त्वशान्तिकारकं प्रशान्तसर्वपाप-
दोषमेषोऽहं नमामि शान्तिमुत्तमं जिनम् ॥]

ભાવાર્થઃ—જે પ્રભુ પ્રથમ ઋષિઓ અને દેવોથી સ્તુતિ તથા વંદન કરાએલા છે, અને ત્યાર પછી દેવાંગનાઓએ આદરથી નમસ્કાર કરાએલા છે, જેઓની શક્તિ આખા જગતને મુક્તિ પમાડે તેવી છે અને જેઓનું શાસન સર્વોત્તમ છે, તથા જેઓના પરાક્રમવાળા બે ચરણોને ભક્તિના વશથી આવીને એકત્ર થએલી નૃત્ય કરનાર તથા વાદ્ય વગાડનાર એવા શ્રેષ્ઠ દેવો તથા નૃત્યમાં કુશળ એવી અપ્સરાઓથી યુક્ત થએલી અને દેવોની સાથે રતિક્રીડા કરવામાં કુશળ એવી દેવની નર્તકીઓએ હાવ ભાવ અને વિભ્રમના પ્રકારવાળા અંગના વિક્ષેપે કરીને નૃત્ય કરવા પૂર્વક વંદના કરી છે, કે જે નૃત્ય વખતે વાંસળીનો શબ્દ, વીણાનો સ્વર અને પટહાદિકનો તાળ મેળવવામાં આવ્યો હતો, ત્રિપુષ્કર (એક મુખવાળા અને બે મુખવાળા વાજિંત્રો મળીને ત્રણ મુખવાળા) વાજિંત્રનો મનોહર શબ્દ મિશ્ર કરવામાં આવ્યો હતો, હરેક પ્રકારના શબ્દ સાંભળી શકાય તેમ સર્વના કાન સાવધાન થયા હતા, ષડ્જ સ્વર વડે શુદ્ધ ગીત ગાતાં પગમાં બાંધેલી ઘુઘરીઓના શબ્દથી નૃત્યાદિકની સંભાવના કરવામાં આવતી હતી. તથા જે નૃત્ય કંકણ, કટિમેખલા (કંદોરો), કલાપ અને નૂપુર (ઝાંઝર) ના મનોહર શબ્દથી મિશ્ર હતું. તે ત્રણ જગતના સર્વ પ્રાણીઓને શાંતિ કરનાર અને પાપ, દ્વેષ વગેરેથી મુક્ત થએલા ઉત્તમ એવા શ્રીશાંતિનાથ જિનેશ્વરને હું નમસ્કાર કરૂં છું.—૩૦—૩૧

આ શ્લોકોના ભાવ પરથી તૈયાર કરેલી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. નં. ૧૭૦. ચિત્રકારે ચિત્રમાં દેરીની અંદર અગાઉના ચિત્રની માફક ભૂલથી શાંતિનાથની જગ્યાએ અજિતનાથની મૂર્તિ આંગી સહિત રજુ કરેલી છે. કારણ કે પ્રભુની પલાંઠીની નીચેના ભાગમાં હરણના બદલે હાથીનું લંછન ચીતરેલું છે. પ્રભુની જમણી

तेरस चगणा नगणो, नव चा नगणो य तीस चा गुरुगो ।
चगण द्वारस एवं, अवरं नारायछंदयं जाण ॥१॥
(त्रयोदश चगणा नगणो नव चा नगणश्च त्रिंशच्चा गुरुकः ।
अष्टादश चा एवमपरं नाराचच्छन्दो जानीहि ॥)

અર્થાતઃ-તેર ચગણ, નગણ, નવ ચગણ, નગણ, ત્રીશ ચગણ, ગુરુ, તથા અઢાર ચગણ આવે તે બીજો નારાચ છંદ જાણવો.

બાજુ બે હાથની અંજલિ જોડીને બે ઢીંચણ જમીનને અડાડીને એક મુગટ બદ્ધ ભક્ત પુરુષ બેઠેલો છે, જે દેવોએ પ્રભુની કેવી રીતે સ્તુતિ કરી હતી તેનો ખ્યાલ આપે છે, પ્રભુની ડાબી બાજુએ બંને હાથમાં ફૂલની માળા પકડીને એક સ્ત્રી ઊભેલી છે, તે આકૃતિ દેવાંગનાઓએ કેવી રીતે પ્રભુની સ્તુતિ તથા પૂજા કરી હતી તેનો ખ્યાલ આપવાનો ચિત્રકારનો આશય રજુ કરે છે. ચિત્રની નીચેના ભાગમાં ચાર વાદ્ય વગાડનારા પૈકી બે દેવો બંને હાથે ઢોલ વગાડે છે અને બે દેવો બંને હાથે ઝાંઝ જેવાં કાંઇક વાજીંત્ર વગાડે છે અને સાથે સાથે નાચતા જાય છે. તથા વચમાં બે નર્તકીઓ નૃત્ય કરતી દેખાય છે.

छत्तचामरपडागजूअजवमंडिआ, झयवरमगरतुरयसिरिवच्छसुलंछणा ।
दीवसमुद्दमंदरदिसागयसोहिआ,
सत्थिअवसहसीहरहचक्कवरंकिआ ॥३२॥ (ललिअयं*)
सहावलट्ठा समप्पइट्ठा, अदोसदुट्ठा गुणेहिं जिट्ठा ।
पसायसिट्ठा तवेण पुट्ठा, सिरीहिं इट्ठा रिसीहिं जुट्ठा ॥३३॥ (वाणवासिआ +)
ते तवेण धुअसव्वपावया, सव्वलोअहिअमूलपावया ।
संथुआ अजिअसंतिपायया, हुंतु मे सिवसुहाण दायया ॥३४॥ (अपरांतिका+)

[छत्रचामरपताकायूपयवमण्डिताः, ध्वजवरमकरतुरगश्रीवत्ससुलाञ्छनाः ।
द्वीपसमुद्रमंदरदिग्गजशोभिताः, स्वस्तिकवृषभसिंहरथचक्रवराङ्किताः ॥
स्वभावलष्टाः समप्रतिष्ठाः, अदोषदुष्टा गुणैर्ज्येष्ठाः ।
प्रसादश्रेष्ठाः तपसा पुष्टाः, श्रीभिरिष्टाः ऋषिभिर्जुष्टाः ॥

---

* આ લલિતક છંદનું લક્ષણ આ પ્રમાણે છેઃ—

चउगणो टगणचउक्कं, गुरू तहा ललिययं अवरं ॥
(चगणश्चतुष्कं गुरुश्च तथा ललितकमपरं)

અર્થાત્:-એક ચગણ, પછી ચાર ટગણ ત્યારપછી એક ગુરુ એમ ચારે પાદમાં હોય એ બીજો ललितक छंद જાણવો।

+આ વાનવાસિકાછંદનું લક્ષણ આ પ્રમાણે છેઃ—

टचउक्को नवबारसलहुहिं सा वाणवासिआ ॥
(टचतुष्कं नवमी द्वादशी च लघुना मात्रा सा वानवासिकाः ॥)

અર્થાત્:—ટગણ ચાર, તેમાં નવમી અને બારમી માત્રા લઘુ હોય, એ પ્રમાણે ચાર પાદ હોય તે વાનવાસિકા છંદ કહેવાય છે.

+ આ અપરાંતિકા છંદનું લક્ષણ આ પ્રમાણે છેઃ—

अडकलरगणो लहुगुरु, सव्वहि तह वरंतिआ होइ

ते तपसा धुतसर्वपापकाः, सर्वलोकहितमूलप्रापकाः ।
संस्तुता अजितशान्तिपादा, भवन्तु मे शिवसुखानां दायकाः ॥]

ભાવાર્થઃ—જેઓ છત્ર, ચામર, પતાકા, યજ્ઞસ્તંભ અને જવના લક્ષણો વડે શોભે છે, જેઓ શ્રેષ્ઠ ધ્વજ, મગર, અશ્વ અને શ્રીવત્સના સુંદર લાંછન (ચિન્હ) વાળા છે, જેઓ દ્વીપ, સમુદ્ર, મેરુપર્વત અને દિગ્ગજના ચિન્હ વડે શોભાયમાન છે, જેઓ સ્વસ્તિક, વૃષભ, સિંહ, રથ અને શ્રેષ્ઠ ચક્રના ચિન્હવાળા છે, જેઓ સ્વભાવથી જ સુંદર છે, જેઓ સમતાની ભૂમિ પર પ્રતિષ્ઠિત છે, જેઓ રાગાદિક દોષ વડે દૂષિત થયા નથી, જેઓ જ્ઞાનાદિક ગુણો વડે મોટા છે, જેઓ રાગાદિક મળના અભાવને લીધે નિર્મળતા વડે શ્રેષ્ઠ છે, જેઓ તપ વડે પુષ્ટ છે, જેઓ લક્ષ્મીવડે પૂજિત છે, જેઓ મુનિઓ વડે સેવાયેલા છે, જેઓએ તપસ્યા વડે સર્વ શુભાશુભ કર્મનો નાશ કર્યો છે, જેઓ સર્વ લોકના હિતના–મોક્ષના મુળરૂપ જ્ઞાન, દર્શન અને ચારિત્રને પ્રાપ્ત કરાવનાર છે તથા જેઓ સમ્યક્ પ્રકારે સ્તુતિ કરાએલા છે તે શ્રી અજિતનાથ તથા શાંતિનાથ પ્રભુ મને મોક્ષસુખના આપનાર થાઓ.–૩૨–૩૩–૩૪.

एवं तवबलविउलं, थुअं मए अजिअसंतिजिणजुअलं ।
ववगयकम्मरयमलं, गइं गयं सासयं विउलं ॥३५॥गाहा॥
[एवं तपोबलविपुलं, स्तुतं मयाऽजितशान्तिजिनयुगलं ।
व्यपगतकर्मरजोमलं, गतिं गतं शाश्वतीं विपुलाम् ॥]

ભાવાર્થઃ—આ પ્રમાણે તપના બળથી મોટા, નાશ પામ્યા છે જ્ઞાનાવરણાદિક આઠ કર્મ મલ જેઓના એવા, અથવા અત્યંત નાશ પામ્યો છે કર્મનો પ્રવાહ જેમનો એવા, તથા શાશ્વતી અને વિસ્તારવાળી મોક્ષરૂપ ગતિને પામેલા એવા શ્રીઅજિતનાથ અને શાંતિનાથ નામના બે જિનેશ્વરોની મેં સ્તુતિ કરી છે.–૩૫

तं बहुगुणप्पसायं, मुक्खसुहेण परमेण अविसायं ।
नासेउ मे विसायं, कुणउ अ परिसा वि अ प्पसायं ॥३६॥गाहा॥
[तत् बहुगुणप्रसादं मोक्षसुखेन परमेणाविषादम् ।
नाशयतु मे विषादं करोतु च पर्षदपि च प्रसादम् ॥]

ભાવાર્થઃ—જ્ઞાનાદિક પુષ્કળ ગુણોની નિર્મળતાવાળા અને ઉત્કૃષ્ટ એવા મોક્ષ-સુખ વડે વિષાદ રહિત એટલે વિકળતા રહિત તે બંને જિનેશ્વરો મારા ખેદનો

(अष्ट मात्रा रगणो लघुर्गुरुश्च सर्वत्र तथाऽपरान्तिका भवति)

અર્થાત્:—આઠ માત્રા, ૨ ગણ ऽ । ऽ, લઘુ અને ગુરુ સર્વ પાદમાં હોય તે અપરાંતિકા છંદ જાણવો.

અથવા દુઃખનો નાશ કરનારા થાઓ, તથા આ સ્તવનને સાંભળનાર સભા પણ પ્રસાદને કરો એટલે મારા વચનના ગુણનું ગ્રહણ અને દોષના ત્યાગરૂપ મહેરબાની કરો.–૩૬

तं मोएउ अ नंदिं, पाएउ अ नंदिसेणमभिनंदिं ।
परिसा वि अ सुहनंदिं, मम य दिसउ संजमे नंदिं ॥३७॥ गाहा॥
[तत् मोदयतु च नन्दिं प्रापयतु च नन्दिषेणमभिनन्दिम् ।
पर्षदोऽपि च सुखनन्दिं मम च दिशतु संयमे नन्दिम् ॥]

ભાવાર્થઃ—તે બંને (શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથ) પ્રભુ લોકોને હર્ષ આપો, નંદિષેણ [સ્તવનના કર્તા]ને સમસ્ત પ્રકારે આનંદ આપો, શ્રોતાઓની સભાને સુખની વૃદ્ધિ આપો અને મને સંયમને વિષે આનંદને આપનારા થાઓ.

पक्खिअचाउम्मासिअ–संवच्छरिए अवस्स भणिअव्वो ।
सोअव्वो सव्वेहिं, उवसग्गनिवारणो एसो ॥ ३८॥
[पाक्षिकचातुर्मासिकसांवत्सरिके अवश्यं भणितव्यः
श्रोतव्यः सर्वैः उपसर्गनिवारण एषः ॥]

ભાવાર્થઃ—પાક્ષિક, ચાતુર્માસિક અને સાંવત્સરિક પ્રતિક્રમણને વિષે આ અજિતશાંતિસ્તવ એક જણે ભણવો અને બીજા સર્વેએ સાંભળવો. કારણ કે આ સર્વ ઉપસર્ગનો નાશ કરનાર છે. એક સાથે સર્વ ભણે તો કોલાહલ થવાનો સંભવ છે, તેથી એક જણે જ ભણવો એ યોગ્ય છે.

આ ૩૭ મા તથા ૩૮ મા શ્લોકોનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર નં. ૧૭૧ માં બે દેરીઓમાં અનુક્રમે શ્રી અજિતનાથ તથા શ્રી શાંતિનાથ પ્રભુની આંગી સહિત મૂર્તિઓ બિરાજમાન છે. બંનેના પગની પલાંઠીની નીચેના ભાગમાં બંનેને ઓળખવાનાં ચિન્હ હાથી અને હરણ અનુક્રમે ચીતરેલાં છે. દેરીઓની જમણી બાજુએ બંને હાથમાં ફૂલની માળા પકડીને એક સ્ત્રી ઊભી છે અને દેરીની ડાબી બાજુએ બે હાથ ઉંચા કરીને હસ્તની અંજલિ જોડીને પ્રભુની સ્તુતિ કરતો એક પુરૂષ ઊભોછે. જૈન શાસ્ત્રના નિયમ પ્રમાણે પ્રભુની જમણી બાજુ પુરૂષ અને ડાબી બાજુ સ્ત્રી ઊભી હોવી જોઇએ, પરંતુ જૈન રીતિ રીવાજોના અજ્ઞાનને લીધે ચિત્રકારે બંનેને ઉલટા ચીતરેલા છે. ચિત્રની નીચેના ભાગમાં જમણી બાજુ ચાર પુરૂષો બેઠેલાં છે. જેમાંથી બે પુરૂષના જમણા હાથમાં માળા છે, એક પુરૂષ જમણા હાથમાં મુહપત્તી મુખની પાસે રાખીને કાંઈક (અજીતશાંતિ) બોલતો અને તેની પાસેનો ચોથો પુરૂષ તથા માળા પકડીને બેઠેલા બંને પુરૂષો પણ ધ્યાન દઇને

સાંભળતા હોય એમ ચિત્રકારે ચીતરેલા છે, વળી મુખીની વાત એ છે કે ચારે પુરૂષના માથામાં ચોટલી પણ ચિત્રકારે ચીતરેલી છે. જે પરથી એમ અનુમાન થઈ શકે છે કે ચિત્રકાર પોતે બ્રાહ્મણ અથવા તો વૈષ્ણવ સંપ્રદાયનો અનુયાયી હશે. ચિત્રની ડાબી બાજુએ ચાર સ્ત્રીઓ બેઠેલી ચીતરેલી છે, જેમાં એક સ્ત્રી બંને હાથની અંજલી જોડીને, બીજી સ્ત્રી જમણા હાથમાં માળા પકડીને તથા બાકીની બંને સ્ત્રીના જમણા હાથમાં એકેક ફૂલ ચીતરેલું છે. અને તે ચારે સ્ત્રી ધ્યાનપૂર્વક કાંઇક સાંભળી રહી હોય એમ તેઓની મુખમુદ્રા પરથી લાગે છે. આ ચિત્રોમાં પણ જૈન ધર્મના રીતિ રિવાજોથી ચિત્રકાર અજ્ઞાન છે તે જણાઇ આવે છે કારણકે જિનમંદિરમાં સ્ત્રી યા પુરૂષ ને હાથમાં ફૂલ રાખીને સુંઘવાની મનાઇ છે, જ્યારે ચિત્રકારે બંને સ્ત્રીને સુંઘવાની તૈયારી કરતી હોય તેવી રીતે રજુ કરેલી છે. એક જણે પાઠ કરવો અને બીજાઓએ ધ્યાન દઇને સાંભળવું તે વિષે જે ઉપરની ગાથામાં ઉલ્લેખ કરેલો છે તેનો ભાવ રજુ કરવામાં ચિત્રકારે પુરે પુરી કાળજી રાખી હોય એમ તુરત જ જણાઇ આવે છે.

जो पढइ जो अ निसुणइ,
उभओ कालं पि अजिअसंतिथयं ।
न हु हुंति तस्स रोगा,
पुव्वुप्पन्ना वि नासंति ॥३९॥

[यः पठति यश्च निशृणोति उभयकालमप्यजितशान्तिस्तवम् ।
नैव भवन्ति तस्य रोगाः पूर्वोत्पन्ना अपि नश्यन्ति ॥]

ભાવાર્થ:–આ અજિતશાંતિસ્તવને સવારે અને સાંજના બંને સમયે જે ભણે છે અને જે સાંભળે છે, તેને રોગો થતા નથી, અને પ્રથમના ઉત્પન્ન થએલા રોગો હોય તોપણ નાશ પામે છે.

जइ इच्छह परमपयं, अहवा कित्तिं सुवित्थडं भुवणे । +
ता तेलुक्कुद्धरणे, जिणवयणे आयरं कुणह ॥४०॥

+ કેટલીક પ્રતોમાં આ ગાથાની પહેલાં નીચેની બે ગાથાઓ વધારાની મલી આવે છેઃ–

ववगयकलिकलुसाणं, ववगयनिद्धंतरागदोसाणं ।
ववगयपुणब्भवाणं, नमोत्थु ते देवाहिदेवाणं ॥

[व्यपगतकलिकलुषेभ्यो व्यपगतनिर्धूतरागद्वेषेभ्यः ।
व्यपगतपुनर्भवेभ्यो नमोऽस्तु तेभ्यो देवाधिदेवेभ्यः ॥]

[यदीच्छथ परमपदमथवा कीर्तिं सुविस्तृतां भुवने ।
तदा त्रैलोक्योद्धरणे जिनवचने आदरं कुरुथ ॥]

ભાવાર્થઃ–જો તમે મોક્ષને ઇચ્છતા હો અથવા ત્રણ જગતમાં વિસ્તાર પામેલી એવી કીર્તિને ઇચ્છતા હો તો ત્રણ લોકનો ઉદ્ધાર કરનાર એવા શ્રીજિનાગમને વિષે આદર કરો–જિનેશ્વરદેવની આજ્ઞા મુજબ વર્ત્તન કરો.

ભાવાર્થઃ–નાશ પામ્યો છે કલિ સંબંધી મલ જેનો અથવા ક્લેશ અને પાપ જેનાં, તથા નાશ પામ્યા છે મૂલમાંથી રાગ અને દ્વેષ જેના, તથા નાશ પામ્યા છે પુનર્જન્મ જેના એવા તે દેવાધિદેવને નમસ્કાર થાઓ.

सव्वं पसमइ पावं, पुण्णं वड्ढइ नमंसमाणस्स ।
संपुण्णचंदवयणस्स, कित्तणे अजिअसंतिस्स ॥
[सर्वं प्रशाम्यति पापं पुण्यं वर्धते नमस्यतः ।
संपूर्णचन्द्रवदनयोः कीर्तनेऽजितशान्त्योः ॥]

ભાવાર્થઃ–સંપૂર્ણ ચન્દ્રની જેવા મુખવાળા શ્રીઅજિતનાથ તથા શાંતિનાથનું કીર્તન કરે સતે વંદન કરનારના સર્વ પાપનો નાશ થાય છે અને પુણ્યની વૃદ્ધિ થાય છે.



ભક્તામર સ્તોત્ર

ભક્તામરપ્રણતમૌલિમણિપ્રભાણા–
મુદ્યોતકં દલિતપાપતમો વિતાનમ્ ।
સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા–
વાલમ્બનં ભવજલે પતતાં જનાનામ્ ॥
યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્વબોધા–
દુદ્ભુતબુદ્ધિપટુભિઃ સુરલોકનાથૈઃ ।
સ્તોત્રૈર્જગત્ત્રિતયચિત્તહરૈરુદારૈઃ
સ્તોષ્યે કિલાહમપિ તં પ્રથમં જિનેન્દ્રમ્ ॥૧–૨॥યુગ્મમ્

સમશ્લોકી ભાષાંતર

ભક્તામરો લચિત તાજ મણિ પ્રભાના.
ઉદ્યોતકાર હર પાપ તમો જથાના;
આધાર રૂપ ભવસાગરના જનોને,
એવા યુગાદિ પ્રભુ પાદયુગે નમીને.....૧
કીધી સ્તુતિ સકલ શાસ્ત્ર જ તત્વબોધે,
પામેલ બુદ્ધિપટુથી સુર લોકનાથે;
ત્રૈલોક્ય ચિત્તહર ચારૂ ઉદાર સ્તોત્રે,
હું એ ખરે સ્તવીશ આદિ જીનેંદ્રને તે. ૨

શ્લોકાર્થ

ભક્તિવંત દેવતાઓના નમેલાં મસ્તકોને વિષે રહેલા મુગટોના મણિઓની કાંતિને પ્રકાશિત કરનાર, પાપરૂપી અંધકારના સમૂહનો નાશ કરનાર અને યુગની આદિથી ભવસમુદ્રમાં પડેલાં મનુષ્યોને આધારભૂત એવા શ્રીજીનેશ્વરદેવના બંને ચરણોમાં રૂડી રીતે નમસ્કાર કરીને, સમસ્ત શાસ્ત્રોના તત્ત્વજ્ઞાનથી ઉત્પન્ન થએલી નિપુણ બુદ્ધિ દ્વારા ત્રણ લોકના ચિત્તનું હરણ કરનાર મનોહર અને ઉદાર અર્થ-વાળા સ્તોત્રોથી દેવેન્દ્રોએ પણ જેઓની સ્તુતિ કરી છે, એવા શ્રી પ્રથમ જિનેશ્વર [શ્રી ઋષભસ્વામી]ની હું પણ સ્તુતિ કરીશ. ૧–૨

વાર્તા ૧લી શ્લોક. ૧-૨

હેમશ્રેષ્ટિ કથા.

એક સમયે માળવાધિપતિ વિદ્યાપ્રેમી સુપ્રસિદ્ધ મહારાજા **ભોજ** પોતાની રાજધાની ઉજ્જેણી નગરીમાં આવેલા પોતાના રાજમહેલની અંદર દરબારમાં સરદારો, સામંતો, ભાયાતો તથા પંડિતોથી પરિવરેલો રાજસિંહાસનપર બિરાજેલો હતો. તે સમયે જુદા જુદા પ્રકારનો દેશ, વિદેશ, નીતિ, ન્યાય, કુતુહલ તથા ચમત્કાર વગેરે વિષયોનો વાર્તા વિનોદ ચાલી રહ્યો હતો; દરમ્યાન દરવાને આવી નમન કરીને મહારાજાને કહ્યું કેઃ-'હે મહારાજ! કોઇ બ્રાહ્મણ આપની પાસે કાંઇ નિવેદન કરવાની ઇચ્છા રાખે છે. જો આપશ્રીની આજ્ઞા હોય તો તેણે અંદર લાવું'.

રાજાએ કહ્યું કેઃ-'ભલે; ખુશીથી આવવા દે.' અનુજ્ઞા મળતાંની સાથે જ પહેરેગીર બહાર ચાલ્યો ગયો અને થોડી જ વારમાં એક સુંદર આકૃતિવાન અને ભવ્ય ચહેરાવાળો બ્રાહ્મણ અંદર આવી મહારાજાને શુભાશીષ આપી ઊભો રહ્યો. રાજાએ યથાયોગ્ય આદરસત્કાર કરી બેસવાને આસન અપાવ્યું. આસનપર બેઠા પછી બીજી કેટલીએક વાતચીત કર્યા પછી બ્રાહ્મણે ધીમે રહીને કહ્યું કેઃ-'મહારાજ! મેં એકથી અનેકવાર સાંભળ્યું છે કે **'ભક્તામર'** સ્તોત્ર મહાપ્રાભાવિક છે અને એ સ્તોત્રના કર્તા સમર્થ વિદ્વાન**'માનતુંગ'** નામના આચાર્યશ્રીએ તેનો પ્રભાવ બતાવ્યો પણ હતો. પરંતુ મને તે વાત પર વિશ્વાસ આવતો નથી કે એ પ્રભાવ **'ભક્તામર'** નો હોય, કારણકે **માનતુંગ** આચાર્ય મંત્રશાસ્ત્રના જાણકાર હતા અને તેથી મંત્રના પ્રભાવથી યા કોઇ દેવ વિશિષ્ટની સાધનાથી અથવા તો કોઇ તંત્ર અગર ઔષધિના પ્રભાવથી કદાચ ચમત્કાર બતાવ્યા પણ હોય તો તે સંભવિત છે અને એવા પ્રયોગો વડે લોકોને આશ્ચર્ય પમાડીને તે પ્રભાવ **'ભક્તામર'**નો છે તેવું લોકોમાં જાહેર કરેલું હોય એવું મને જણાય છે. પરંતુ વાસ્તવિક રીતે એવો પ્રભાવ **'ભક્તામર'** નો જ હોય એમ માની શકાતું નથી. હું તો 'ભક્તામર'નું માહાત્મ્ય સત્ય ત્યારે જ સમજું કે જો અહીં બીજો કોઇ તેનો પ્રભાવ પ્રત્યક્ષ બતાવે; નહીતર **'ભક્તામર,** નો પ્રભાવ કાંઇ છે જ નહિ એમ જે હું માનું છું તે સત્ય જ છે.'

આ પ્રમાણેનાં બ્રાહ્મણનાં વચન સાંભળી રાજાને પણ **'ભક્તામર'**ના માહાત્મ્ય અને સત્ય પ્રભાવ માટે શંકા થઇ અને તેથી સત્ય પ્રભાવ જાણવાની જિજ્ઞાસાથી કચેરીમાં બેઠેલા સભાજનો સમક્ષ રાજા કહેવા લાગ્યો કેઃ-' મારી આ નગરીમાં **'ભક્તામર'** જાણનાર અને તેનો પ્રભાવ બતાવનાર કોઇ છે?'

આ વચન સાંભળી એક મનુષ્ય બોલ્યો કેઃ–'મહારાજ! આપણી નગરીમાં 'હેમશ્રેષ્ઠિ'[૧] ભદ્રિક, ધર્માત્મા અને સદાચારી છે, તેમ જ **ભક્તામર** સ્તોત્ર બહુ જ સારી રીતે જાણે છે, તેઓને પૂછવાથી આપશ્રી કાંઇક જાણી શકશો। એમ મારૂં માનવું છે.'

મહારાજાએ હેમશ્રેષ્ઠિનું નામ સાંભળી તેમ જ તેઓ સારી રીતે **ભક્તામર** જાણે છે એવું જાણી એક નોકરને હુકમ કર્યો કેઃ–'હેમશ્રેષ્ઠિ ને જલદી અહીંઆં બોલાવી લાવો'.

મહારાજાની આજ્ઞા થતાં જ નોકર શેઠને ત્યાં ગયો અને આપને મહારાજા બોલાવે છે એવું શેઠને કહ્યું, એટલે મહારાજાની આજ્ઞાને માન આપી શેઠે યથોચિત્ત સ્થિતિએ રાજદરબારમાં આવી નમન કરી 'શી આજ્ઞા છે' એમ કહી ઊભા રહ્યા.

મહારાજાએ શેઠને યોગ્ય સન્માન આપી બેસાડયા પછી કહ્યું કેઃ–'મેં સાંભળ્યું છે કે આપ **ભક્તામર** સ્તોત્રને સારી રીતે જાણો છો અને **ભક્તામર** અત્યંત પ્રાભાવિક કહેવાય છે, એ પ્રભાવ પણ જાણો છો, તો તે શું સત્ય છે? જો એ સત્ય હોય તો **ભક્તામર**નો પ્રભાવ જાણવાની મારી ઇચ્છા છે.'

શેઠે જવાબ આપ્યો કેઃ–'ગુરુકૃપાથી **ભક્તામર** અને તેનો પ્રભાવ જાણવા–જોવાની જ જો આપની ઇચ્છા હોય તો મને ત્રણ દિવસની મુદત આપો.'

શેઠની માગણી પ્રમાણે મહારાજાએ ત્રણ દિવસની મુદત આપી, જોતજોતામાં ત્રણ દિવસ પૂરા થઈ ગયા; ત્રીજે દિવસે મહારાજા **ભોજે** સાંજના સમયે **ભક્તામર** સ્તોત્રનો પ્રભાવ જોવાના ઈરાદાથી જ **હેમશ્રેષ્ઠિ**ને મજબૂત નાગપાશના બંધનોથી બાંધીને પાણી વગરના એક ઉંડા અંધારા કુવામાં ઉતારી મૂક્યા અને તેઓ કોઈ પણ યુક્તિથી બહાર ન નીકળી જાય તેના માટે પોતાના સિપાઈઓને ચોકી કરવાને માટે રાજાએ બેસાડયા.

કુવામાં ઉતાર્યા પછી **હેમશ્રેષ્ઠિ**એ એક જ ધ્યાનથી શ્રદ્ધા અને ભક્તિ પૂર્વક પ્રથમના બે કાવ્યોનું ચિંતવન કર્યું તે શ્લોકોના પ્રભાવથી **'ચક્રેશ્વરી'** દેવી પ્રગટ થયાં અને **હેમશ્રેષ્ઠિ**નાં સર્વ બંધનો છોડી બંધનમુક્ત કર્યા, એટલું જ નહિ પણ તે શેઠને વસ્ત્રાભૂષણથી સારી રીતે શણગારી દૈવિ શક્તિથી તે જ કુવામાં એક સુંદર સ્થળ બનાવી ત્યાં જ રાખ્યા.

શેઠને બંધનમુક્ત કરી દેવી બોલ્યાં કેઃ–હે વત્સ! સવારમાં રાજા તને બોલાવશે, અને તે વખતે મારા બનાવેલા નાગપાશથી બંધાએલા એવા તેને **ભક્તામર**ના પ્રથમ

---

૧. '**ક** શ્રીભક્તામર સ્તોત્ર સાર્થ' માં અ. સુ. મહેતાએ 'દેવચંદ' નામ છપાવેલું છે. **ખ** તથા 'શ્રી ભગ્મં–માહાત્મ્ય' માં મુનિશ્રી છોટાલાલજીએ 'હેમચંદ્ર' નામ છપાવેલું છે. **ગ** 'ભક્તામર કથા' માં ઉદયલાલ કાશલીવાલે 'હેમરત્ત' નામ છપાવેલું છે.

બે શ્લોકોથી પાણી મંત્રીને છાંટવાથી તે બંધન મુક્ત થશે, આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઇ ગયાં.

બીજે દિવસે દેવીએ રાજાને નાગપાશથી એવો સખત બાંધી લીધો કે તે પથારીમાંથી ઉઠવાને પણ શક્તિવાન રહ્યો નહિ. ત્યારે આકાશમાં રહીને **અપ્રતિચક્રા ચક્રેશ્વરી'** દેવી બોલી કે:–'રે દુષ્ટ ! તું **હેમશ્રેષ્ઠિને** બોલાવી લાવ અને તે જો સ્તોત્ર ભણીને પાણી મંત્રીને છાંટશે તો જ તારાં બંધનો છુટશે.'

આ પ્રમાણે સાંભળતાંજ રાજાએ સેવકોને હુકમ કર્યો કે:–'હે સેવકો ! જલદી **હેમશ્રેષ્ઠિને** કુવામાંથી બહાર કાઢી, તેને બંધનમુક્ત કરી અહીંયાં લાવો.'

રાજાનો હુકમ થતાં જ સેવકો દોડયા અને જે કુવામાં શેઠને ઉતાર્યા હતા, ત્યાં આવી શેઠના નામનો અવાજ કર્યો. ત્યાં સુશોભિત વસ્ત્રાભૂષણથી અલંકૃત શેઠ કોઈની પણ સહાય વિના જ સ્વયમેવ કુવાની બહાર આવ્યા, અને પાણી મંત્રીને છાંટીને રાજાને બંધનમુક્ત કર્યો.

આ બનાવથી રાજા તથા નગરના લોકો મહાન આશ્ચર્ય પામ્યા. પછી દેવીએ રાજાને તર્જના પૂર્વક પૂછયું કે:–'હે રાજા ! ફરીથી સર્વ દેવદાનવોથી પૂજનિક શ્રી **ઋષભદેવ** પ્રભુના સ્તોત્રનો પ્રભાવ જોયોછે ?.

રાજા બોલ્યો કે:–'હે માતા ! મારા આ અજ્ઞાન જન્ય અપરાધ માટે મને ક્ષમા આપો' અને દેવીના ચરણમાં નમી પડયો. પછી દેવી અંતર્ધ્યાન થઇ ગયાં.

આ વ્યતિકર નજરે જોઇને પ્રથમ **ભક્તામર**ના પ્રભાવ માટે શંકા ઉઠાવનાર બ્રાહ્મણ તેમ જ ઘણા સભાજનોને **ભક્તામર** પ્રત્યે શ્રદ્ધા, ભક્તિભાવ અને પૂજ્ય ભાવ ઉત્પન્ન થયો. ત્યારપછી હેમશ્રેષ્ઠિને રાજાએ ઘણું સન્માન આપી તેમની ક્ષમા માગી, મોટા સન્માનથી ઘેર વિદાય કર્યા, રાજા પરમ જૈન થયો અને સર્વત્ર જૈન શાસનનો પ્રભાવ વિસ્તર્યો.

ગુ૦ સૂ૦ વૃ૦ મંત્રામ્નાયઃ—

ૐ નમો વૃષભનાથાય મૃત્યુંજયાય સર્વજીવશરણાય પરમપુરુષાય ચતુર્વેદાનનાય અષ્ટાદશદોષરહીતાય અજરામરાય સર્વજ્ઞાય સર્વદર્શિને સર્વદેવાય અષ્ટમહાપ્રાતિહાર્યચતુસ્ત્રિંશદતિશયસહિતાય શ્રીસમવસરણે દ્વાદશપર્ષદ્વેષ્ટિતાય દાનસમર્થાય ગ્રહ નાગ ભૂત યક્ષ રાક્ષસ [1]વશઙ્કરાય સર્વશાન્તિકરાય મમ શિવં કુરુ કુરુ સ્વાહા ॥ આ મંત્રનો જાપ કરવાથી સર્વ જાતની વિપત્તિનો નાશ થાય છે.

---

૧. દે. લા પુ. ફંડ. ગ્રંથાંક. ૭૯ માં **શંકરાય** પાઠ છે, પરંતુ તે અશુદ્ધ હોય એમ લાગે છે.

ઋદ્ધિઃ–ૐ હ્રીં અર્હં ણમો અરિહંતાણં ણમો જિણાણં હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ અસિઆઉસા અપ્રતિચક્રે [૨]ફટ્ વિચક્રાય ઝ્રૌં ઝ્રૌં સ્વાહા

મંત્રઃ–ૐ હ્રાં હ્રીં હ્રૂં શ્રીં ક્લીં બ્લૂં ક્રોં ૐ હ્રીં નમઃ સ્વાહા ॥

બુદ્ધ્યા વિનાઽપિ વિબુધાર્ચિતપાદપીઠ!
સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્।
બાલં વિહાય જલસંસ્થિતમિન્દુબિમ્બ–
મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્?॥૩॥

સમશ્લોકી

બુદ્ધિ વિના ય સૂરપૂજિતપાદપીઠ!
મેં પ્રેરી બુદ્ધિ સ્તુતિમાં તજી લાજ શુદ્ધ!
લેવા શિશુ વિણ જળે સ્થિત ચંદ્રબિંબ,
ઇચ્છા કરે જ સહસા જન કોણ અન્ય?—૩

દેવોએ અથવા પંડિતોએ પૂજ્યું છે પાદપીઠ જેઓનું એવા હે પ્રભુ! તમારી સ્તુતિ કરવામાં મારી કાંઈ પણ બુદ્ધિ નથી, તો પણ નિર્લજ્જ થઈને તમારી સ્તુતિ કરવા મારી મતિ ઉદ્યમવાળી થઈ છે; જળમાં પ્રતિબિંબરૂપે પડેલા ચંદ્રના બિંબને સહસા–વગર વિચાર્યે પકડવાને બાળક વિના બીજો કયો માણસ ઇચ્છા કરે? અર્થાત્ જેમ બાળક વિના બીજો કોઈ પણ બુદ્ધિમાન જલપ્રતિબિંબિત ચંદ્રને ગ્રહણ કરવા ઇચ્છતો નથી, તેમ હું પણ તમારી સ્તુતિ કરવાને અશક્ત હોવા છતાં પણ તમારી સ્તુતિ કરવા ઇચ્છું છું–૩

વક્તું ગુણાન્ ગુણસમુદ્ર! શશાઙ્ककાન્તાન્
કસ્તે ક્ષમઃ સુરગુરુપ્રતિમોઽપિ બુદ્ધ્યા?
કલ્પાન્તકાલપવનોદ્ધતનક્રચક્રં
કો વા તરીતુમલમમ્બુનિધિં ભુજાભ્યામ્?॥૪॥

સમશ્લોકી

કે'વા ગુણો ગુણનિધિ! તુજ ચંદ્રકાન્ત,
છે બુદ્ધિથી સુરગુરુસમ કો સમર્થ?
જ્યાં ઉછળે મગરમચ્છ મહાન વાતે,
રે કોણ તે તરિ શકે જ સમુદ્ર હાથે?—૪

શ્લોકાર્થઃ—હે ગુણસમુદ્ર પ્રભુ! ચંદ્રના સરખા મનોહર–ઉજ્વળ એવા તમારા ગુણોને બુદ્ધિ વડે કરીને બૃહસ્પતિ સમાન એવો પણ કયો પુરુષ કહેવાને સમર્થ

થાય ? અર્થાત્ કોઇ પણ સમર્થ થતો નથી. પ્રલયકાળના પવનથી મગરના સમૂહો જેને વિષે ઉછળી રહ્યા છે એવા સમુદ્રમાં બે હાથ વડે તરવાને કોણ સમર્થ થાય છે? જેમ બે હાથથી સમુદ્ર તરવો અશક્ય છે, તેમ તમારા ગુણોનું વર્ણન કરવું અશક્ય છે.–૪

વાર્તા ૨ જી શ્લોક. ૩–૪

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલા માલવદેશમાં આવેલી **ઉજ્જયિની** નામની નગરીમાં **સુમતિ**[1] નામનો એક ભદ્રક પરિણામવાળો અને નિર્ધન વણિક રહેતો હતો. તે નીતિમાન, સરલ અને દયાવાન તેમ જ ધર્મપ્રેમી હતો. તે દરિદ્રી હોવા છતાં પણ અનીતિના માર્ગે દોરાએલો ન હતો.

એક વખતે **ઉજ્જયિની** નગરીના બહારના ઉદ્યાનમાં કોઇ શ્વેતામ્બર જૈન મુનિ[2] પોતાના શિષ્યમંડળ સાથે પધાર્યા. ગામમાં સાધુ પધારવાની ખબર થવાથી અનેક સ્ત્રી પુરુષો દર્શનાર્થે અને ધર્મોપદેશ શ્રવણાર્થે હર્ષભેર આવવા લાગ્યા. લોકોની સાથે **સુમતિ** વણિક પણ વ્યાખ્યાન શ્રવણ કરવા આવ્યો હતો. જ્યારે ધર્મોપદેશ શ્રવણ કરીને બધા માણસો ચાલ્યા ગયા ત્યારે **સુમતિ** કે જે હજુસુધી શાંતચિત્તે ત્યાં બેઠેલો હતો, તે પોતાના સ્થાનથી ઉઠી ઊભો થઈ મુનિ મહારાજની પાસે આવી શ્રદ્ધા અને ભક્તિપૂર્વક વંદન–નમસ્કાર કરી નજીક બેસી બે હાથની અંજલિ જોડી કહેવા લાગ્યો કેઃ–'મહાત્મન્ ! આપે ધર્મનું યથાર્થ સ્વરૂપ સમજાવ્યું અને એવા ધર્મથી જ મુક્તિ મળે એમ કહ્યું તે યથાર્થ જ છે, પરંતુ ધર્મ કરવો એ મનોવૃત્તિ શાંત અને સ્થિર હોય તો જ બની શકે. કાંઇક બાહ્ય જીવન સુખરૂપ હોય તો તે બને, પણ દરિદ્રી માણસ કે જેને એક ટંકના ખોરાકના માટે પણ વાંધા પડતા હોય તેવા મનુષ્યો ધર્મ કેવી રીતે કરી શકે? મને ધર્મ કરવાની ઘણીએ ઇચ્છા છે, પરંતુ દરિદ્રતા રૂપી પિશાચિની મારો કેડો છોડતી નથી. આપશ્રી દયાળુ છો અને કોઇપણ દુઃખી પ્રાણીને સુખી કરવો એ આપનો ધર્મ છે. પરોપકારી મહાપુરુષો પોતાની જાતે સંકટો વેઠીને પણ અન્યનું કલ્યાણ કરવાનો પ્રયત્ન કરે છે, તો મારા જેવા દરિદ્રી પર દયા લાવી મને કોઈ એવો ઉપાય બતાવો કે જેથી દરિદ્રતા રૂપી પાપિણી મારો કેડો છોડે.'

આવા કરૂણાપૂર્ણ વચનો સાંભળી તે દયાળુ મહાત્માનું હૃદય દ્રવવા લાગ્યું અને તેનું કલ્યાણ કરવાની લાગણી થઈ આવી. દયાર્દ્ર હૃદયે મહાત્મા બોલ્યા કેઃ–

---

૧. ક માં શેઠનું નામ 'વીરચંદ' આપેલું છે, જ્યારે ખ માં 'સુમતિચંદ્ર' નામ આપેલું છે.

૨. ખ માં મુનિનું નામ 'અનાશ્રવી' આપેલું છે, જ્યારે ગ માં 'પિહિતાશ્રવ' નામ આપેલું છે.

'હે ભાઇ! જે સુખદુઃખ આવે છે તે પૂર્વકૃત કર્માનુસાર આવે છે અને એ દરિદ્રતાનો નાશ કરવા માટે ધર્મ પ્રત્યે સંપૂર્ણ શ્રદ્ધા રાખી ન્યાયપરાયણ બનવું એ સિવાય અન્ય કોઈ પણ ઉપાય નથી. ધર્મ કરવાથી અનેક જીવો સુખી થયા છે, માટે ધર્મની શ્રદ્ધા રાખી તેનું શ્રવણ કરો અને હું તમોને આ બે શ્લોકો આપું છું તેનો વિધિપૂર્વક પાઠ, અધ્યયન અને જાપ કરવાથી તમે દરેક રીતે સુખી થશો. એટલું કહી તે દયાળુ મહાત્માએ 'ભક્તામર'નો ત્રીજો અને ચોથો શ્લોક આપ્યો અને તેનો કેવી રીતે જાપ કરવો તે પણ સમજાવ્યું. સુમતિ આવી અમૂલ્ય પ્રાસાદી મળવાથી ઘણો જ આનંદિત થયો અને મહાત્માના ચરણકમળમાં મસ્તક નમાવી ત્યાંથી સ્વસ્થાને ગયો. મહાત્મા પણ અન્ય સ્થળે વિહાર કરી ગયા.

એક વખતે કોઈક વણિક પુત્રની સાથે વહાણમાં બેસી સુમતિ ધન ઉપાર્જનાર્થે પરદેશ જવા નીકળ્યો. તે વહાણમાં અનેક જણ બેઠેલા હતા. વહાણ જલમાર્ગ કાપતું ધીમે ધીમે આગળ વધવા લાગ્યું, એવામાં એકદમ પવન પ્રતિકૂળ થયો અને દરિયો તોફાને ચઢ્યો, આથી વહાણ હાલમડોલ થવા લાગ્યું અને પાણીનાં મોજાંની સાથે તે પણ ઉંચે ઉછળવા લાગ્યું, તેમ જ વાહાણ ડુબવાની તૈયારી હોય તેમ જણાયું. તે વખતે વહાણમાં બેઠેલા દરેક જણ આફતમાંથી મુક્ત થવાને માટે અનેક જાતની પ્રભુપ્રાર્થના કરવા લાગ્યા, પરંતુ સઘળું વ્યર્થ. હજી તો પુરી એક ઘડી થઈ નથી ત્યાં તો વહાણ ભાંગી ગયું અને નાવિકો જળમાં ડુબવા લાગ્યા. વહાણમાં રહેલા બધા લોકો ભયભીત થઈ ગયા. દરેક સૌ પોતપોતનાં ઈષ્ટદેવનું સ્મરણ કરવા લાગ્યા. આ સમયે સુમતિ વણિકને મહાત્માએ આપેલા ભક્તામરના બે શ્લોકોનું સ્મરણ થઈ આવ્યું એટલે શુદ્ધ અધ્યવસાયથી તે તેનું સ્મરણ કરવા લાગ્યો. અને પોતાના બંને બાહુથી સમુદ્ર તરવા લાગ્યો. પ્રભુના નામ સ્મરણથી સંસારરૂપી અગાધ સમુદ્રની પાર ઉતરી શકાય છે, તો તે પછી બાહ્ય સમુદ્ર તરી શકાય તેમાં શું આશ્ચર્ય? થોડી જ વારમાં શ્લોકના પ્રભાવથી ચક્રેશ્વરી દેવીએ મોકલાવેલ દેવીએ સુમતિ ને દરીયામાંથી ઉપાડી સમુદ્રના કાંઠે મૂક્યો, એટલું જ નહિ પણ અનેક કિંમતી વસ્ત્રાભૂષણો અને રત્નો તેને અર્પણ કરી અને બોલી કે:– 'જ્યારે કોઈ ખાસ પ્રસંગ હોય અથવા મુશ્કેલી ઉપસ્થિત થઈ હોય ત્યારે તારે મને યાદ કરવી અને તે વખતે હું હાજર થઈશ.' આ પ્રમાણે કહી દેવી ચાલી ગઈ.

સુમતિ વણિક શાંતિથી કેટલાક દીવસે પોતાના ઘેર પહોંચ્યો. અને દેવીએ આપેલાં રત્નોનો વ્યય કરી કરોડો નાણાં પ્રાપ્ત કરી મહાન ધનાઢ્ય થયો. કાળે કરી ઉજ્જયિની નગરીના સઘળા ધનાઢ્યોમાં તે મુખ્ય ગણાવા લાગ્યો. રાજદરબારમાં

તેનુ સન્માન થવા લાગ્યું, તેમ જ માન અને પ્રતિષ્ઠાને પામ્યેા. સુમતિ ને ધનની પ્રાપ્તિ થવાથી તે કંજુસ અને સંકુચિત મનોવૃત્તિનેા નહી બનતાં, પેાતાંની પૂર્વની દરિદ્રાવસ્થાનેા ખ્યાલ રાખી ઉદાર અને દાનેશ્વરી બન્યેા, તેને અનેક દુઃખી આત્માઓને અનેક પ્રકારની સહાયતા કરી અને તે પરમ શ્રાવક બન્યેા. આવી રીતે ભક્તામરના ત્રીજા અને ચેાથા શ્લેાકના પ્રભાવથી તે શાંતિમય જીવન ગુજારવા લાગ્યેા. ગુ. સ્તૂ. વૃ. મંત્રામ્નાયઃ—

अत्रापि मन्त्रः प्राक् कथित एव ॥ અહીંઆં પણ મંત્ર પૂર્વે કહેલેા તે જ જાણવેા.

सोऽहं तथापि तव भक्तिवशान्मुनीश!
कर्तुं स्तवं विगतशक्तिरपि प्रवृत्तः।
प्रीत्याऽऽत्मवीर्यमविचार्य मृगो मृगेन्द्रं
नाभ्येति किं निजशिशोः परिपालनार्थम्?॥५॥

સમશ્લેાકી

તેવેા તથાપિ તુજ ભક્તિવડે મુનીશ!
શક્તિ રહિત પણ હું સ્તુતિને કરીશ;
પ્રીતે વિચાર બળનેા તજી સિંહ સામે—
ના થાય શું મૃગ શિશુ નિજ રક્ષવાને?...૫

શ્લેાકાર્થઃ—હે મુનીશ્વર! આવી રીતે હું તમારી સ્તુતિ કરવાને અસમર્થ છું. તેા પણ તમારા પરની ભક્તિને લીધે તમારી સ્તુતિ કરવાને પ્રવૃત્ત થયેા છું. જેવી રીતે હરણ પેાતાના બલનેા વિચાર કર્યા વિના જ પેાતાના બચ્ચાં પરની પ્રીતિને વશ થઈને તેનું પરિપાલન કરવા શું સિંહની સામે નથી થતેા? થાય છે જ. તેવી જ રીતે હું મંદબુદ્ધિવાળેા હેાવા છતાં પણ તમારી ભક્તિને વશ થઈને જ સ્તુતિ કરવા પ્રવૃત્ત થયેા છું, માટે હું શ્લાઘાનું સ્થાન થઈશ.—૫

अल्पश्रुतं श्रुतवतां परिहासधाम
त्वद्भक्तिरेव मुखरीकुरुते बलान्माम्।
यत् कोकिलः किल मधौ मधुरं विरौति
तच्चारुचूतकलिकानिकरैकहेतुः ॥६॥

સમશ્લેાકી

શાસ્ત્રજ્ઞ અજ્ઞ ગણીને હસતાં છતાં એ,
ભક્તિ તમારી જ મને બળથી વદાવે!

જે કોકિલા મધુર ચૈત્ર વિષે ઉચ્ચારે,
તે માત્ર આમ્રતરૂ મોર તણા પ્રભાવે.—૬

શ્લોકાર્થઃ—હે સ્વામી! હું અલ્પ જ્ઞાનવાળો એટલે થોડાં જ્ઞાનવાળો છું તેથી વિદ્વાનોમાં હું હાંસીનું પાત્ર છું. તો પણ તમારા પરની ભક્તિ જ મને બળાત્કારે તમારી સ્તુતિ કરવામાં વાચાળ કરે છે; તે યોગ્ય જ છે, વસંતઋતુમાં કોયલ જે મધુર શબ્દ કરે છે, તેનું કારણ માત્ર મનોહર આંબાના મોરનો સમૂહ છે. અર્થાત્ જેવી રીતે આંબાની માંજર ખાવાથી કોયલનો શબ્દ મધુર લાગે છે, તેવી જ રીતે હું પણ ભક્તિથી તમારી સ્તુતિ કરું છું તેથી મારી સ્તુતિ વિદ્વાનોમાં પ્રશંસા-પાત્ર થશે.—૬

त्वत्संस्तवेन भवसन्ततिसन्निबद्धं
पापं क्षणात् क्षयमुपैति शरीरभाजाम् ।
आक्रान्तलोकमलिनीलमशेषमाशु
सूर्यांशुभिन्नमिव शार्वरमन्धकारम् ॥७॥

સમશ્લોકી

બાંધેલ પાપ જનનાં ભવ સર્વ જેહ,
તારી સ્તુતિથી ક્ષણમાં ક્ષય થાય તેહ;
આ લોક વ્યાપ્ત નિશીનું ભમરા સમાન,
અંધારૂં સૂર્ય કિરણેથી હરાય જેમ. ૭

શ્લોકાર્થઃ—(હે પ્રભુ!) કોટિ ભવમાં ઉપાર્જન કરેલાં પ્રાણીઓનાં પાપકર્મ તમારી સ્તુતિ કરવાથી તત્કાળ નાશ પામે છે. જેવી રીતે લોકમાં વ્યાપી ગએલું, ભમરાની જેવું કાળું, કૃષ્ણપક્ષની રાત્રિ સંબંધીનું સર્વ અંધારૂં સવારમાં થતા સૂર્યોદયથી નાશ પામે છે, તેવી જ રીતે જિનેશ્વરદેવની સ્તુતિ કોટિ ભવના પાપોનો નાશ કરે છે.

વાર્તા ૩૭ શ્લોક-૫-૬-૭

સુધન શ્રેષ્ઠિની કથા.

પાટલીપુત્ર[1] નામના શહેરમાં સુધન[2] નામે એક શેઠ રહેતો હતો, તે તેના નામ પ્રમાણે ઘણો જ ધનવાન હતો. જેમ બીજાઓ કરતાં તે વધારે ધનવાન હતો, તેમ બીજાઓ કરતાં ઉદાર વૃત્તિવાળો પણ વધારે હતો. **लक्ष्म्याभरणं दानं** લક્ષ્મીનું આભૂષણ દાન છે, અને દાનથી જ લક્ષ્મી ટકે છે તથા શોભે છે. તે જેવો દાનેશ્વરી

૧. **ક, ખ** અને **ગ** માં શહેરનું નામ પટણા છે, જે પાટલીપુત્રનું જ બીજું નામ છે.
૨. **ક** માં શેઠનું નામ 'ધનાવહ' છે, જ્યારે **ખ** અને **ગ** માં ઉપર પ્રમાણે 'સુધન' જ છે.

હતો, તેવો જ જૈનધર્મ પ્રત્યે પરમ શ્રદ્ધાવાળો હતો પોતાના આત્મશ્રેય માટે ઘરની નજીકમાં એક જિનમંદિર[1] તેણે બંધાવ્યું હતું, જેમાં મૂળનાયક **શ્રીઋષભદેવ** પ્રભુ બિરાજમાન હતા. **સુધન** શેઠના સહવાસથી **ભીમ**[2] નામનો રાજા પણ શ્રાવક થયો હતો.

એક સમયે તે શહેરમાં **ધૂલીપા**[3] નામનો એક કાપાલિક આવ્યો. તેને ચેટક સાધ્ય કરેલો હોવાથી, **પાટલીપુત્ર**નાં બધા માણસોને ચમત્કાર બતાવી પોતા તરફ આકર્ષી લીધા. કહેવત પણ છે કેઃ–'દુનીયા ઝુકતી હૈ ઝુકાને વાલા ચાહિયે.' જૂદા જૂદા પ્રકારના બાહ્ય સ્વાર્થની પૂર્તિના માટે અનેક મનુષ્યો તે કાપાલિક પાસે દરરોજ આવવા લાગ્યા. **'गतानुगतिको लोकः'** એ ન્યાય એકને દેખીને બીજો અને બીજાને દેખીને ત્રીજો એમ દિવસ અને રાત્રિ જ્યારે જુઓ ત્યારે કાપાલિકની કૃપાના યાચકો તેના નિવાસ સ્થાને ભરાએલા જ રહેતા.

સુધન શેઠ અને **ભીમ**રાજા એ બે જણા સિવાય લગભગ આખું ગામ તે કાપાલિકની પાસે આવતું હતું. **સુધન** શેઠ અને રાજા **ભીમ** બંને સમજતા હતા કેઃ–

'नमस्कारसमो मन्त्रः शत्रुंजयसमो गिरिः !
वीतरागसमो देवो, न भूतो न भविष्यति ॥१॥'

અર્થાત્–નમસ્કાર મંત્ર સમાન મંત્ર, શત્રુંજય પર્વત જેવો [પવિત્ર] પર્વત અને વીતરાગ સમાન દેવ ભૂતકાળમાં થયા નથી અને ભવિષ્યમાં થશે પણ નહિ.'

આ પ્રમાણેનાં દૃઢ નિશ્ચયવાળા તે બંને પુણ્યાત્માઓ કાપાલિકની નિંદા કર્યા વિના પોતાના આત્મચિંતનમાં મગ્ન રહેતા હતા.

એક દિવસે ઉપરોક્ત કાપાલિકે લોકોને[4] અભિમાનયુક્ત પ્રશ્ન કર્યો કે 'હે નગરજનો ! આ નગરની અંદર મારી સેવા માટે કોણ નથી આવતું ?'

આ પ્રશ્નના જવાબમાં લોકોએ કહ્યું કેઃ—'સ્વામી ! આપની અદ્‌ભુત શક્તિના પ્રભાવથી શહેરનાં તમામ મનુષ્યો આપની પૂજા–ભક્તિ કરે છે, પરંતુ માત્ર બે મનુષ્યો જ આપની સેવા તો શું પણ આપની સામું પણ જોતા નથી. તે બંને જૈન શ્વેતામ્બર ધર્માનુયાયી છે, જેઓનાં નામ **'સુધનશેઠ'** અને **'રાજા ભીમ'** છે. તે બંને જૈનધર્મ પ્રત્યે દૃઢ શ્રદ્ધાવાળા હોવાથી આપણને તો તેઓ મિથ્યાત્વી–ધૂર્ત–

---

૧. **ગ** માં 'જિનમંદિર'ના બદલે 'ધર્મ સ્થાનક' શબ્દ છાપેલો છે.
૨. **ક** માં એકલા 'ધનાવહ' શેઠનું જ નામ આપેલું છે.
૩. **ક** માં યોગિનું નામ 'ધૂલીપાત' આપેલું છે. જ્યારે **ખ** અને **ગ** માં 'ધુલી' અને 'ધાશી' નામના બે યોગિઓનાં નામો છે.
૪. **ગ** પ્રતમાં 'લોકોને' ના બદલે 'પોતાના શિષ્યોને' છે.

પાખંડી પોતાના મનથી માને છે, એટલે જ તેઓ અહીં આવતા નથી અને આપણી સેવાભક્તિ વગેરે કાંઇ પણ કરતા નથી.'

ધૂલીપા યોગિ આ સાંભળી એકદમ ક્રોધાયમાન થયો અને ક્ષુદ્ર **ચેટક** દેવની સહાયથી તેણે **સુધન** શેઠ તથા ભીમરાજના ઘેર ધૂળ અને પત્થરોની વૃષ્ટિ કરાવી, ધૂળ અને પત્થરો એટલા બધા વરસાવ્યા કે બંનેના ઘરની અંદર રહેલા મનુષ્યો ગુંગળાઇ અને મુંઝાઇ મરે, પરંતુ ક્ષણવારમાં **સુધન** શેઠ અને **ભીમરાજા** ચિંતા કરવા લાગ્યા કે અમારા ઉપર કાંઇ પણ આફત આવી છે, પરંતુ તેઓના ધર્મજ્ઞાને તે ચિંતા તુરતજ નાબુદ કરી.

વિપત્તૌ ધૈર્યં આ સૂત્રાનુસારે ધૈર્ય પકડી આ મુશ્કેલી નથી પણ એક જાતની કસોટી છે એમ માની શાંત થયા, અને **ભક્તામર** સ્તોત્રના સાતમા શ્લોકનું શુદ્ધ ભાવથી સ્મરણ અને ધ્યાન કરવા લાગ્યા, તેઓના પ્રબળ પુણ્યોદયથી અને **'ભક્તામર'** સ્તોત્રના પ્રભાવથી **ચક્રેશ્વરી**[1] દેવી પ્રગટ થયાં. તેણીએ **સુધન**ના તથા **ભીમરાજ**ના વચનથી અરિહંત શાસનની પ્રભાવના વધારવા માટે તેઓના ઘરમાંની ધૂળ તથા પત્થરો દૂર કરી, **ધૂલિપા** યોગિના સ્થાનકમાં મૂક્યા.

આ વાત કાપાલિકના જાણવામાં આવતાં તેણે આ પ્રસંગ સુધારવા ઘણા પ્રયત્નો કર્યા, પણ કોઇ દેવી અગર દેવતાથી પણ ધૂળ અને પત્થર દૂર થઈ શક્યા નહિ. આથી કાપાલિકને બહુ જ ખેદ થયો અને પોતાની ભૂલને માટે તે પશ્ચાતાપ કરવા લાગ્યો. કહ્યું પણ છે કેઃ—

'तावद् गर्जन्ति मातङ्गा, वने मदभरालसाः ।
लीलोल्लालितलाङ्गूलो, यावन्नायाति केसरी ॥१॥

અર્થાત્:–જ્યાં સુધી લીલાએ પુંછડુ ઉંચે ઉછાળતો એવો કેસરી આવ્યો નથી, ત્યાં સુધી જંગલમાં મદોન્મત્ત થએલા એવા હસ્તિઓ ગર્જારવ કરે છે."

ધૂલિપા યોગીએ આ બધું શ્રેષ્ઠિના કહેવાથી દેવીએ કર્યું છે, તે વાત જાણીને તેને શ્રેષ્ઠિનું શરણ માંગ્યું–ક્ષમા માગી. અને **સુધન** શ્રેષ્ઠિએ તેણે આ પ્રમાણે ધર્મ સંભળાવ્યોઃ—

"हिंसा त्याज्या नरकपदवी सत्यमाभाषणीयं
स्तेयं हेयं सुरतविरतिः सर्वसङ्गान्निवृत्तिः ।
जैनो धर्मो यदि न रुचितः पापपङ्कावृतेभ्यः
सर्पिर्दुष्टं किमलमियता यत् प्रमेही न भुङ्क्ते ॥१॥

---

१. ક, ખ અને ગ માં શાસનરક્ષક દેવ–દેવી પ્રગટ થયાં–થઇ એમ પાઠ છે.

देवेषु वीतरागाद्, देवो व्रतिषु व्रती च निर्ग्रन्थात् ।
धर्मश्च क्षान्तिकृपा-धर्मादस्त्युत्तमो नान्यः ॥२॥"

અર્થાત:–નરક પદવીને આપવાવાળી એવી હિંસાનો ત્યાગ, અસત્ય બોલવાનો ત્યાગ, ચોરીનો ત્યાગ, કામક્રીડાની વિરતિ અને સર્વ પરિગ્રહના ત્યાગ રૂપી જૈન-ધર્મ, પાપમાં ખુંચેલા એવા જે આત્માને ન ગમે, તે પ્રમાદી આત્માને માયારૂપી નાગિની કેમ ડંશ દેવાને સમર્થ ન થાય ? અર્થાત્ તે આત્માને માયારૂપી નાગિની ડંશ દે છે.–૧

દેવોમાં વીતરાગ, વ્રતધારીમાં નિર્ગ્રન્થ એવા સાધુ અને ધર્મમાં ક્ષમા તથા કરૂણા જેવો ઉત્તમ કોઈ બીજો ધર્મ નથી.–૨

આ પ્રમાણે સમ્યક્ પ્રકારે ધર્મ સાંભળવાથી **धूलीपा** યોગિ સુધન શ્રેષ્ઠિને ગુરૂ તરીકે માનવા લાગ્યો, દેવી સ્વસ્થાને ચાલી ગઈ. સૂર્યના તેજની માફક જૈન-ધર્મનો પ્રતાપ વિસ્તર્યો. **धूलीपा** યોગિ દેવાધિદેવની મૂર્તિ જોઈને આનંદ પામ્યો. આ બધો વૃતાંત જોઈને લોકો પણ **भक्तामर** સ્તોત્ર અને જૈનધર્મ પ્રત્યે વિશેષ શ્રદ્ધાવાન થયા.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ—

ॐ ह्रां ह्रीं ह्रूं ऋषभशान्तिधृतिकीर्त्तिकान्तिबुद्धिलक्ष्मी ह्रीं अप्रतिचक्रे ! फुट्[1] विचक्राय स्वाहा । शान्त्युपशान्तिसर्वकार्यकरी भव देवि ! अपराजिते ! ॐ ठः ठः । राजकुले विवादे कटकादिषु स्मर्यते ।

मत्वेति नाथ ! तव संस्तवनं मयेद–
मारभ्यते तनुधियाऽपि तव प्रभावात् ।
चेतो हरिष्यति सतां नलिनीदलेषु
मुक्ताफलद्युतिमुपैति ननूदबिन्दुः ॥८॥

સમશ્લોકી

માની જ તેમ સ્તુતિ નાથ ! તમારી આ મેં,
આરંભી અલ્પમતિથી પ્રભુના પ્રભાવે;
તે ચિત્ત સજ્જન હરે જયમ બિંદુ પામે,
મોતી તણી કમળપત્ર વિષે પ્રભાને ! ૮

શ્લોકાર્થઃ–હે નાથ ! તમારા પ્રભાવ વડે તમારૂં આ સ્તોત્ર સજ્જન પુરૂષોના ચિત્તનું હરણ કરશે, એમ માનીને મંદ બુદ્ધિવાળો પણ હું તેના વડે તમારૂં સ્તોત્ર આરંભ કરાય (રચાય) છે, અર્થાત્ હું તમારૂં સ્તોત્ર રચું છું; જેમ કમલિ-

---

૧. ક પ્રતમાં ફટ્ છે, પણ તે વાસ્તવિક હોય એમ લાગતું નથી.

નીના પત્ર પર પડેલું એવું જલનું બિંદુ મોતીની શોભાને પામે છે. તેમ તમારા પ્રભાવથી આ મંદબુદ્ધિનું રચેલું સ્તોત્ર પણ સજ્જનોને આનંદકારી થશે.—૮

आस्तां तव स्तवनमस्तसमस्तदोषं
त्वत्संकथाऽपि जगतां दुरितानि हन्ति ।
दूरे सहस्रकिरणः कुरुते प्रभैव
पद्माकरेषु जलजानि विकाशभाञ्जि ॥९॥

સમશ્લોકી

દૂરે રહો રહિત દોષ સ્તુતિ તમારી !
તમારી કથા પણ અહો ! જન-પાપ હારી !
દૂરે રહે રવિ કદી તદપિ પ્રભાએ—
ખીલે સરોવર વિષે કમળો ઘણાં એ ! ૯

શ્લોકાર્થ—હે સ્વામી ! જેવી રીતે સૂર્ય અતિશય દૂર હોવા છતાં પણ તેનાં કિરણો વડે સરોવરમાંના કમળો વિકસિત થાય છે, તેવી જ રીતે સઘળા પાપોનો નાશ કરનારૂં આપનું સ્તવન-સ્તોત્ર તો ભલે દૂર રહો ! માત્ર આપના ચારિત્રની કથા જ અથવા આપનું નામ જ માત્ર ત્રણ જગતનાં પ્રાણીઓનાં પાપનો નાશ કરે છે. ૯

વાર્તા ૪થી શ્લોક ૮-૯

વસંતપુર નામના નગરમાં 'કેશવ' નામનો એક નિર્ધન વણિક રહેતો હતો. ગરીબાઇને લીધે તે કેશવ અનેકજાતનાં પાપકર્મ કરી પોતાની આજીવિકા ચલાવતો હતો. એક દિવસે તેને કોઈ જૈનમુનિ પાસેથી ધર્મદેશના સાંભળી કે:—

"धर्मो मङ्गलमुत्तमं नरसुरश्रीमुक्तिमुक्तिप्रदो
धर्मः पाति पितेव वत्सलतया मातेव पुष्णाति च ।
धर्मः सद्गुणसंग्रहे गुरुरिव स्वामीव राज्यप्रदो
धर्मः स्निह्यति बन्धुवद् दिशति वा कल्पद्रुवद् वाञ्छितम् ॥१॥

किञ्च—

कल्लाणकोडिजणणी, दुरंतदुरिआरिवग्गनिट्ठवणी ।
संसारजलहितरणी, इक्कुच्चिय होइ जीवदया ॥२॥"

અર્થાત્:—ધર્મ તે જ ઉત્તમ મંગલ છે, મનુષ્ય લોક તથા દેવલોકનાં સુખને આપનારો અને મોક્ષ પદવીને આપવાવાળો પણ ધર્મ જ છે, ધર્મ જ પિતાની માફક રક્ષણ કરવાવાળો તથા માતાની માફક પોષણ પણ કરે છે, ધર્મ જ ગુરૂની માફક સદ્ગુણની પ્રાપ્તિ કરાવે છે તથા સ્વામીની માફક રાજ્યને આપવાવાળો છે.

ધર્મ જ ભાઇની માફક સ્નેહને આપવાવાળો તથા કલ્પવૃક્ષની માફક ઇચ્છિતફલને આપવાવાળો છે.

એક જ જીવદયારૂપી ધર્મ, કલ્યાણની કોટિને પેદા કરનાર, અત્યંત ભારે પાપના સમૂહનો નાશ કરનાર અને સંસારરૂપી સમુદ્રમાંથી તારવાવાળો છે.

આ પ્રમાણેના મુનિમહારાજના ઉપદેશથી **કેશવ**ના મનમાં અહિંસા પ્રત્યે શ્રદ્ધા ઉત્પન્ન થઈ અને તેને મુનિની પાસેથી **ભક્તામર** સ્તોત્ર શીખી લીધું. બાહ્ય તેમ જ આભ્યંતર શાંતિના અર્થે તેણે **ભક્તામર** સ્તોત્રનો નિત્ય પાઠ કરવો શરૂ કર્યો. **કેશવ** વિચારવા લાગ્યો કે જગત્માં ધન વિનાનું જીવન તે નિરર્થક છે. કહ્યું પણ છે કે:—

यस्यास्ति वित्तं स नरः कुलीनः
स पण्डितः स श्रुतवान् गुणज्ञः ।
स एव वक्ता स च दर्शनीयः
सर्वे गुणाः काञ्चनमाश्रयन्ति ॥१॥

અર્થાત્:—જેની પાસે પૈસા છે, તે માણસ કુળવાન છે, તે પંડિત છે, તે વિદ્વાન્ છે, તે ગુણજ્ઞ છે, તે વક્તા છે અને તે જ મનોહર છે. સઘળા ગુણો પૈસાને અવલંબીને રહેલા છે.

આ પ્રમાણે વિચાર કરીને એક દિવસ કેશવ ધનપ્રાપ્તિ માટે પરદેશ જવાને તૈયાર થયો. પોતાની પાસે જે કાંઇ હતું તે વેચીને પૈસા ભેગા કરી પગ રસ્તે તે પરદેશ ગયો. માર્ગમાં ચાલતાં ચાલતાં તે સાર્થથી ભૂલો પડી ગયો અને રસ્તામાં તેને પોતાની સામે પુંછડું ઉછાળતો અને ગર્જના કરતો એક સિંહ જોયો, તે ભય પામ્યો અને **ભક્તામર સ્તોત્ર**નો પાઠ કરવા લાગ્યો, સ્તોત્ર પાઠના પ્રભાવથી સિંહ નાસી ગયો.

આગળ ચાલતાં ચાલતાં વળી તેને કોઇ એક કાપાલિકનો ભેટો થયો. તે કાપાલિક એક રસકૂપિકાની નજીક ફરતો હતો, તેના જોવામાં ધનની આશાવાળો **કેશવ** આવ્યો, તેને પોતાની મોહક વાગ્જાળમાં ફસાવી પાડવા માટે **કેશવ**ને પ્રથમ તો સારો આવકાર આપ્યો અને પછી ઘણા જ મીઠા શબ્દોમાં કહ્યું કે:—"ભાઇ! આ રસકૂપિકામાં એક જાતનો અમૂલ્ય રસ છે અને તેની એવી તો અપૂર્વ શક્તિ છે; કે જો તે રસનું એક બિંદુ લોઢા ઉપર પડે તો તે સુવર્ણ થઇ જાય છે. વળી જેની પાસે એ રસ હોય છે તેની દરેક મનઃકામના પૂર્ણ થાય છે; માટે હે ભાઇ! જો તમે આ રસકૂપિકામાં જઇ આ તુંબડી ભરી આવો તો તમારું તથા મારું બંનેનું કામ સિદ્ધ થાય અને ગરીબાઇ તથા નિર્ધનાવસ્થા પલાયન કરી જાય."

કાપાલિકના આ પ્રમાણેના મોહક શબ્દો સાંભળી **કેશવ** કાંઈપણ વિચાર કર્યા સિવાય તે રસકૂપિકામાં ઉતરવા તૈયાર થયો. તેને પેલા કાપાલિકને પૂછયું કેઃ– "ભાઇ ! તે રસકૂપિકામાં કેવી રીતે ઉતરી શકાય ?"

જવાબમાં કાપાલિકે કહ્યું કેઃ–"તે બાબતની ચિંતા કરવા જેવું નથી, કારણ કે મારી પાસે એક મજબૂત દોરડું છે તે હું તમારી કેડે બાંધું અને તમે હાથમાં તુંબડી લઇ કૂપિકામાં ઉતરો; રસ તુંબડીમાં ભરી લેશો. એટલે હું તમને ઉપર ખેંચી લઇશ."

આ પ્રમાણે નક્કી કરી **કેશવ** દ્રવ્યના લોભે સાહસ કરવા તૈયાર થયો અને કેડે દોરડું બંધાવી હાથમાં તુંબડી લઇ કૂપિકામાં ઉતર્યો. કૂપમાંથી રસની તુંબડી ભરી દોરડું હલાવ્યું એટલે ઠગે **કેશવ**ને ઉપર ખેંચી લીધો. કૂપના કાંઠે **કેશવ** આવ્યો એટલે કાપાલિક **કેશવ**ને કહેવા લાગ્યો કેઃ–"તું પહેલાં મને તુંબડી આપી દે, પછી હું તને ઉપર ખેંચી લઉં, કારણ કે વખતે તુંબડીમાંથી રસ ઢોળાઇ જાય તો વળી ફરી મહેનત પડે."

વિશ્વાસુ **કેશવે** તેના કહેવા પ્રમાણે પ્રથમ તુંબડી આપી દીધી. કાપાલિકના હાથમાં તુંબડી આવી એટલે તેને એક બાજુએ મૂકીને દોરડું હતું તે કાપી નાંખ્યું એટલે **કેશવ** બિચારો કૂવાના તળીએ જઇ પડ્યો. ભાગ્યયોગે કયાંય પણ અથડાયા વિના કૂવાના મધ્યભાગમાં જ તે પડ્યો, એટલે તેને બહુ વાગ્યું તો નહિ પણ તે મુંઝાવા લાગ્યો.

કૂવાના મધ્યમાં રહ્યા રહ્યા આ દુઃખથી છૂટવા માટે તે **ભક્તામર**સ્તોત્રનું એકાગ્ર ચિત્તે સ્મરણ કરવા લાગ્યો, થોડી જ વારમાં સ્તોત્ર સ્મરણના પ્રભાવથી તત્કાળ **ચક્રેશ્વરી** દેવી હાજર થયાં અને **કેશવને** આશ્વાસન આપી કૂપિકામાંથી બહાર કાઢયો અને સારાં સારાં વસ્ત્રાભૂષણો તથા તેની નિર્ધનતાના નિવારણાર્થે મહામૂલ્યવાન આઠ રત્નો આપી દેવી સ્વસ્થાનકે ચાલી ગઇ.

કેશવની લોભવૃત્તિ હજુ નષ્ટ થઇ ન હતી તેથી વિદેશમાં જવા માટે તેને આગળ મુસાફરી લંબાવી. આગળ ચાલતાં ચાલતાં તેને ઠગ લોકોનું એક ટોળું મળ્યું કે જેઓ શાહુકાર અને વ્યાપારી તરીકે સાર્થવાહ બનીને જતા હતા, તેઓની સાથે **કેશવ** ચાલવા લાગ્યો. ચાલતાં ચાલતાં એક મોટું વન આવ્યું. સાર્થવાહની દાનત **કેશવ** પાસેથી દેવીએ આપેલાં રત્નો પડાવી લેવાની થઇ અને તે **કેશવને** પકડી દુઃખ દેવા લાગ્યો. તે વખતે પણ અનન્ય શ્રદ્ધાથી **કેશવે** 'એકાશન' કરી **ભક્તામર** સ્તોત્રનો પાઠ કરવો શરૂ કર્યો, એટલે તેના પ્રભાવથી **ચક્રેશ્વરી** દેવી પ્રગટ

થઇ અને પેલા ઠગ લોકોને પોતાનો પ્રભાવ બતાવી નસાડી મૂક્યા તથા કેશવને વિપત્તિથી છોડાવ્યો.

આ વિપત્તિથી મુક્ત થઇને કેશવે આગળ પ્રયાણ કરવા માંડ્યું, પરંતુ તે રસ્તો ભૂલ્યો અને વધારે વિષમ જંગલમાં જઇ ચડ્યો. ચાલતાં ચાલતાં મધ્યાન્હનો સમય થયો અને સૂર્યનો સખત તાપ પડવા લાગ્યો. તાપથી કેશવને ઘણી જ તૃષા લાગી. તેના કંઠ અને શ્વાસ રૂંધાવા લાગ્યા, ચાલવાની બધી શક્તિ નષ્ટ થઇ ગઇ અને ક્યાંય પણ પાણીનો પત્તો લાગ્યો નહિ, તેથી કંટાળીને એક વૃક્ષની છાયા નીચે તે બેઠો.

આ વખતે પોતાનું મરણ નજીક જાણી કેશવને વિચાર થઈ આવ્યો કે હવે હું થોડા જ સમયમાં મરણ પામીશ તો પછી હાય વોય કરતાં મરવું એના કરતાં પ્રભુના નામનું સ્મરણ કરતાં મરવું એ જ વધારે ઉત્તમ છે, આ પ્રમાણે નક્કી કરી શુદ્ધ અધ્યવસાયથી **ભક્તામર**સ્તોત્રનો એકજ ચિત્તે પાઠ કરવા લાગ્યો અને પ્રભુના ધ્યાનમાંને ધ્યાનમાં તે એવો તો એકાકાર થઈ ગયો કે પોતાની જાત સુદ્ધાંને પણ તે ભૂલી ગયો. પ્રભુસ્મરણના અલૌકિક પ્રભાવથી **ચક્રેશ્વરી** દેવી તુરત પ્રગટ થઈ અને કેશવને મીઠું અને સ્વચ્છ જળ પીવા માટે આપ્યું, તેને ત્યાંથી ઉપાડીને તેના પોતાના વતન **વસંતપુર**નગરની નજીકમાં મૂકીને દેવી સ્વસ્થાનકે ચાલી ગઈ. કહ્યું પણ છે કેઃ—

"वने रणे शत्रुजलाग्निमध्ये, महार्णवे पर्वतमस्तके वा।
सुप्तं प्रमत्तं विषमस्थितं वा, रक्षन्ति पुण्यानि पुराकृतानि ॥१॥

અર્થાત્:—વનમાં, યુદ્ધમાં, શત્રુઓની મધ્યમાં, પાણી તથા અગ્નિના ભયમાં, અરણ્યમાં, પર્વતના શિખર પર, સુતેલા સમયે, પ્રમાદાવસ્થામાં તથા ગમે તેવી વિષમસ્થિતિમાં પણ પૂર્વે કરેલું પુણ્ય જ રક્ષણ કરે છે.

કેશવ પોતાના ઘેર આવ્યો અને **ચક્રેશ્વરી**એ આપેલાં રત્નો વટાવી એક ઉન્નત અને વિશાળ જિનમંદિર બંધાવી પોતાની લક્ષ્મીનો સદ્વ્યય કર્યો. હમેશાં દુઃખી-જનો પ્રત્યે દયા–અનુકંપા દર્શાવતો, ચતુર્વિધ સંઘની ભક્તિ કરતો તે સુખે કરીને પોતાનો સમય નિર્ગમન કરવા લાગ્યો.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ—

ॐ ह्रीं [1]क्लीं श्रीचक्रेश्वरी मम रक्षां कुरु कुरु स्वाहा॥

સર્વરક્ષાકરી ભગવતી [વિદ્યા]

---

૧. દે. લા. માં 'ઝૂં' પાઠ છે, પરંતુ અહીંઆં क्लीं પાઠ જ વાસ્તવિક લાગે છે.

વિધિઃ—દિવાલીની રાત્રિએ આ મંત્ર યક્ષકર્દમથી લખવો, [કપૂર, કસ્તૂરી, કેસર, ગોરૂચંદન, સંગરફ (અગર ?) આ પાંચ વસ્તુઓને યક્ષકર્દમ કહે છે], આ મંત્ર રૂપાની કલમથી યક્ષકર્દમ વડે પાતળા સારા ભોજપત્ર અથવા કાગળ ઉપર લખી રૂપાના માદળીઆમાં મઢાવી પાસે રાખવાથી જ્યાં જઇએ ત્યાં ફત્તેહ પમાય–જય થાય, ભૂતપ્રેતનો ભય હોય નહિ, તાવ વગેરેનો નાશ થાય.

नात्यद्भूतं भुवनभूषणभूत ! नाथ !
भूतैर्गुणैर्भुवि भवन्तमभिष्टुवन्तः ।
तुल्या भवन्ति भवतो ननु तेन किं वा
भूत्याश्रितं य इह नात्मसमं करोति ॥१०॥

સમશ્લોકી

આશ્ચર્યના ભુવનભૂષણ ! ભૂતનાથ !
રૂપે ગુણે તુજ સ્તુતિ કરનાર અત્ર;
તે તુલ્ય થાય તુજની ધનીકો શું પોતે,
પૈસે સમાન કરતા નથી આશ્રિતોને ? ૧૦

શ્લોકાર્થઃ—પૃથ્વીના આભૂષણરૂપ હે નાથ ! હે ભૂતનાથ ! તમારા અનેક ગુણો દ્વારા તમારી સ્તુતિ કરનારા પ્રાણીઓ તમારા જેવા થઈ જાય તેમાં શું આશ્ચર્ય છે ? કાંઇપણ આશ્ચર્ય નથી. જગત્માં જે કોઇ સ્વામી પોતાના સેવકને પોતાના જેવી સમૃદ્ધિવાળો ન કરે તો તેવા સ્વામીની સેવા કરવાથી શું ફળ ? કાંઇ જ નહીં. અર્થાત્ તમારી સ્તુતિ કરવાથી હું પણ તમારા જેવો [તીર્થંકર] થાઉં, એમ કવિનો કહેવાનો આશય છે.–૧૦

दृष्ट्वा भवन्तमनिमेषविलोकनीयं
नान्यत्र तोषमुपयाति जनस्य चक्षुः ।
पीत्वा पयः शशिकरद्युतिदुग्धसिन्धोः
क्षारं जलं जलनिधेरशितुं क इच्छेत् ! ॥११॥

સમશ્લોકી

જો દર્શનીય પ્રભુ એક દશેથી દેખે !
સંતોષથી નહિ બીજે જન–નેત્ર પેખે;
પી ચંદ્રકાન્ત પય ક્ષીરસમુદ્ર કેરૂં,
પીશે પછી જળનિધી–જળ કોણ ખારૂં ? ૧૧

શ્લોકાર્થઃ—હે પ્રભુ ! અનિમેષ દૃષ્ટિ વડે નિરંતર દર્શન કરવા યોગ્ય આપના સ્વરૂપને એક વાર જોયા પછી મનુષ્યની દૃષ્ટિ બીજે કોઇ સ્થળે સંતોષ પામતી નથી. ચન્દ્રના કિરણોના જેવા ઉજ્જવલ ક્ષીરસમુદ્રનું જલપાન કર્યા પછી લવણસમુદ્રનું ખારું પાણી પીવાની કોણ ઇચ્છા કરે ? કોઈ ન કરે.—૧૧

વાર્તા. પમી શ્લોક ૧૦–૧૧

શ્રીઅણહિલપુરપાટણ નામના ભવ્ય અને સુંદર શહેરમાં ન્યાયી, નીતિપરાયણ અને ચૌલુક્યવંશમાં ઉત્પન્ન થએલો **કુમારપાલ**[1] નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને **ભોપલા** (ભોપલદેવી) નામની રાણી અને વાગ્ભટ નામનો મહામાત્ય હતો. શ્વેતામ્બરાચાર્ય શ્રી **હેમચન્દ્રસૂરિ**ના ઉપદેશથી રાજા પરમજૈન થયો. તે જ નગરમાં '**કપર્દી**'[2] નામનો એક ગરીબ વણિક રહેતો હતો, તે પોતાનાં પૂર્વનાં કોઈ લાભાંતરાય કર્મના યોગે ઘણી જ દરિદ્ર અવસ્થા ભોગવતો હતો અને દુઃખમાં જ જીવન પસાર કરતો હતો.

શ્રીહેમચંદ્રસૂરિ નામના શ્વેતામ્બરાચાર્ય એક દિવસ વિહાર કરતા કરતા શહેરમાં પધાર્યા, ગુરૂ મહારાજનું આવાગમન સાંભળી **કપર્દી** તેઓની પાસે ધર્મદેશના શ્રવણ કરવા ગયો. ગુરૂમહારાજે વ્યાખ્યાનમાં પ્રભુસ્તુતિના અલૌકિક પ્રભાવનું વર્ણન કર્યું, જે તરફ **કપર્દિ**નું ખાસ લક્ષ ગયું. ઉપદેશનો સમય પૂરો થતાં શ્રોતાઓ પોતપોતાના સ્થાનકે ગયા.

પછી **કપર્દી**એ ગુરુમહારાજને પુછયું કેઃ—"કૃપાળુ દેવ ! આજના વ્યાખ્યાનમાં આપશ્રીએ પ્રભુસ્તુતિનો મહિમા કહ્યો તે ઠીક છે, પણ તેવી સ્તુતિને માટે શું કરવું જોઇએ ? શા વડે સ્તુતિ પ્રાપ્ત થાય તે કૃપા કરી સમજાવશો તો મારા ઉપર મોટો ઉપકાર થશે; કારણકે હું જન્મથી જ દરિદ્રી હોવાથી આજીવિકા અર્થે જ મારો બધો કાળ વ્યતિત કરૂં છું એટલે મને બીજું કાંઈ પણ જ્ઞાન નથી. માટે મને કાંઈ એવો રસ્તો બતાવો કે જેનાથી હું પ્રભુસ્તુતિ કરી મારા આવતા જન્મને સુધારૂં. આ જન્મ તો ઘોળીના કૂતરાની માફક જ પરિપૂર્ણ થાય એમ જણાય છે."

આટલું બોલતાં બોલતાં તો **કપર્દી**ની આંખમાં આંસુ આવી ગયાં, અને તેથી તે વધારે બોલી શક્યો નહિ. આવી સ્થિતિમાં **કપર્દી**ને જોઈ **હેમચન્દ્રાચાર્ય**એ કહ્યું કેઃ—"ભાઇ ! ગરીબાઈ–નિર્ધનાવસ્થા પ્રાપ્ત થવી એ પૂર્વકૃત કર્મનું ફળ છે અને એવી

---

૧. ક માં રાજાનું નામ નથી, ખ માં રાજાનું નામ 'પ્રજાપાલ' છે તથા ગ માં રાજાનું નામ 'અરિમર્દન' છે. ૨. ક, ખ, અને ગમાં શેઠનું નામ 'કમદી' છે, જે વાસ્તવિક નથી, કારણકે **કપર્દી** શેઠ પાટણમાં હતો તે વાત ઇતિહાસ પ્રસિદ્ધ છે.

સ્થિતિમાં પણ ધૈર્ય રાખી નીતિમય જીવન ગુજારવું અને પ્રભુભક્તિ કરવી જેથી આ જન્મનું દુઃખ દૂર થાય અને અન્ય જન્મમાં શાંતિ પ્રાપ્ત થાય વગેરે ઉત્તમ પ્રકારનો બોધ આપી તેને **ભક્તામર**સ્તોત્ર શીખવાનું કહ્યું અને વધારામાં કહ્યું કે આ મહા-પ્રાભાવિક સ્તોત્રનો વિધિપુરઃસર જો નિત્યપાઠ કરવામાં આવે તો આ જન્મનાં દુઃખો દૂર થશે અને અન્ય જન્મમાં ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત થશે તથા પરંપરાએ કર્મનાં ગાઢ બંધનો પણ તૂટી જતાં મોક્ષ સુખની પ્રાપ્તિ થશે." આ પ્રમાણે કહીને ગુરૂમહારાજે પોતાની અપૂર્વ શક્તિના પ્રભાવે થોડા વખતમાં જ **કપર્દી**ને **ભક્તામર**સ્તોત્ર શીખવી દીધું.

કપર્દી પ્રભાતના સમયે હમેશાં એકાગ્રચિત્તથી વર્ણમાત્રાની શુદ્ધિ પૂર્વક **ભક્તામર** સ્તોત્રનો પાઠ કરવા લાગ્યો. એમ કરતાં કરતાં એક દિવસ **કપર્દી** એકાગ્રચિત્તથી **ભક્તામર**નો પાઠ કરતો હતો, તે સમયે એકાએક તેના ઓરડામાં પ્રકાશ થયો અને **ચક્રેશ્વરી** દેવી આવીને **કપર્દી**ને કહેવા લાગી કેઃ—" હે મહાનુભાવ ! તારી અચળ શ્રદ્ધા અને પ્રભુભક્તિથી હું તારા પર તુષ્ટમાન થઇ છું. તો તારે જે જોઇતું હોય તે માગી લે. દુનિઆની વ્યાવહારિક વસ્તુઓ આપવાની મારી શક્તિ છે, પરંતુ આત્મિક વસ્તુઓ આપવાની મારી શક્તિ નથી."

આ શબ્દો સાંભળી **કપર્દી** કહેવા લાગ્યો કેઃ—"હે માતા ! હું આ જન્મથી અહુ જ નિર્ધન અને ગરીબ છું અને એ ગરીબાઇને લીધે મારે મહાસંકટો ભોગવવાં પડે છે અને અનેક પાપકર્મ કરવાં પડે છે, તો જો આપની કૃપા મારા પ્રત્યે થઈ હોય તો હાલમાં તો મને ધન જોઇએ છે તે આપો એટલે બસ."

જવાબમાં દેવીએ કહ્યું કેઃ-"તારી તે ઇચ્છા પૂર્ણ કરવાને માટે આજ સાંજે તારે ઘેર **'કામધેનૂ'** ગાય આવશે, તેનું દૂધ તું કોરા ઘડામાં દોહી લેજે એટલે તે સુવર્ણ બનશે. આટલું કહી દેવી ચાલી ગઈ. સાંજ થઈ અને શેઠના ઘરના બારણા પાસે એક સુશોભિત અને સુંદર કામધેનૂ આવી. શેઠે તેને આદરપૂર્વક લાવી પોતાના ઘેર બાંધી, અને કોરા ઘડામાં તેણીનું દૂધ દોહવા માંડયું. તે દૂધના તેને એકત્રીશ[1] ઘડાઓ ભર્યા. પછી દેવીએ આવી **કપર્દી**ને કહ્યું કેઃ-"હવે તારી શી ઇચ્છા છે ? જે હોય તે કહે."

કપર્દીએ કહ્યું કેઃ-"મારી ધનની ઇચ્છા તો પૂરી થઈ, પણ મારી હવે એવી ઇચ્છા છે કે મને મળેલા ધનના સદુપયોગ તરીકે આ શહેરમાં જેટલા ધર્મિષ્ટ પુરુષો છે તેઓને મારે કામધેનૂ ગાયના ઉત્તમ દૂધથી તૈયાર થએલ ખીરનું ભોજન

૧. ગ માં એકવીશ ઘડા ભર્યા એમ લખેલું છે.

જમાડવું છે, તે મારી ઇચ્છા પૂર્ણ કરો. એ પ્રમાણે કરવાથી ધર્મની પ્રભાવના સારી થશે, તેમજ ઘણા લોકો ધર્મમાં દૃઢ શ્રદ્ધાવાળા થશે."

દેવીએ તે વાત માન્ય રાખી અને એક દિવસ વધુ એટલેકે બત્રીશમા દિવસે કપર્દી શેઠે બધા સાધર્મીભાઇઓને પોતાને ત્યાં જમવાનું આમંત્રણ આપ્યું. પરમાર્હત મહારાજા **કુમારપાલ** સુદ્ધાંને પણ જમવા માટે આમંત્રણ આપ્યું હતું. નગરજનો આવી ઉત્તમ ભોજન સામગ્રીથી શેઠનાં વખાણ કરવા લાગ્યા, મહારાજા **કુમારપાલ** પણ આ દૈવી ભોજનથી ખુશ થઈ ગયા, **શ્રીહેમચંદ્રાચાર્ય** મહારાજને પણ વહોરવા પોતાના ત્યાં શેઠે બોલાવ્યા હતા. બધાને ભોજન કરાવ્યા પછી **ભક્તામર** સ્તોત્રના પ્રભાવથી પોતાને પ્રાપ્ત થએલા એકત્રીશ સુવર્ણના ઘડા રાજા તથા બીજા સહધર્મી બંધુઓને બતાવ્યા. આ મહદાશ્ચર્ય જોઇને સર્વ લોકો **ભક્તામર**સ્તોત્ર ગણવા લાગ્યા અને જૈનધર્મનો મહા ઉદ્યોત થયો.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ–

ૐ હ્રીં [1] अरिहंताणं [2] सिद्धाणं सूरीणं उवज्झायाणं साहूणं मम ऋद्धिं वृद्धिं समीहितं कुरु कुरु स्वाहा ॥

વિધિ–સવારમાં ઉઠીને સ્નાન કરીને સ્વચ્છ પચરંગી ધોતી પહેરીને મૂંગાની માલાથી જાપ કરવો, અગર ઉભેવવો, ૩૨૦૦ બત્રીશસો જાપ કરવાથી મનોકામના સિદ્ધ થાય છે.

यैः शान्तरागरुचिभिः परमाणुभिस्त्वं
निर्मापितस्त्रिभुवनैकललामभूत !
तावन्त एव खलु तेऽप्यणवः पृथिव्यां
यत्ते समानमपरं नहि रूपमस्ति ॥१२॥

સમશ્લોકી

જે શાંતરાગ રુચિના પરમાણુ માત્ર,
તે તેટલાજ ભુવી આપ થએલ ગાત્ર !
એ હેતુથી ત્રિભુવને શણગાર રુપ !
તુહારા સમાન નહિ અન્યતણું સ્વરુપ ! –૧૨

શ્લોકાર્થઃ–ત્રણ ભુવનમાં અદ્વિતીય અલંકાર રૂપ હે પ્રભુ ! શાંતરસની કાંતિવાળા જે પરમાણુઓ વડે તમારું શરીર બન્યું છે. તે પરમાણુઓ પૃથ્વીપર તેટલા જ છે. કારણકે આપની સમાન અન્ય કોઈમાં પણ એવી સુંદરતા નથી.

---

૧ દે, લા. માં 'હ્રીં' પાઠ છે.
૨ " માં 'अरहंताणं' પાઠ છે.

વાર્તા ૬ ઠ્ઠી શ્લોક.૧૨

ભરતક્ષેત્રમાં આવેલા અંગદેશની રાજધાની ચંપા નામની નગરીમાં કર્ણ નામનો દયાળુ, નીતિજ્ઞ અને પ્રજાપાળક રાજા હતો. તે રાજાને બુદ્ધિશાળી અને જૈનધર્મ પ્રત્યે દૃઢશ્રદ્ધાવાળો સુબુદ્ધિ નામનો પ્રધાન હતો.

એક વખતે રાજસભામાં કોઇ બહુરૂપી જાદુગર આવ્યો. તે જાદુગરે જાદુઈ વિદ્યાથી હાથમાં શંખ, ચક્ર, ગદા, અને સારંગ ધારણ કરેલાં શ્યામ વર્ણવાળા લક્ષ્મીની સાથે વિષ્ણુનું રૂપ બનાવ્યું, વળી સફેદ વર્ણ વાળા, જટામાં ચંદ્ર અને ગંગાને ધારણ કરનારા, આખા શરીરે સર્પોના આભુષણવાળા, આખા શરીરે જેઓએ ભસ્મનું લેપન કર્યું છે તેવા શિવનું રૂપ બનાવ્યું, ત્યારપછી રાજહંસ પર બેઠેલા ચાર મુખથી શ્રુતિઓના ઉચ્ચાર કરતા બ્રહ્માનું સ્વરૂપ બનાવ્યું. બીજા પણ સ્કન્દ–બુદ્ધ–ગણપતિ વગેરે દેવના રુપો બનાવ્યાં, જે જોઇને આખી સભા આશ્ચર્યમુગ્ધ થઇ ગઈ.

આ પ્રમાણે દેવ દેવીઓના કૃત્રિમ વેષ કાઢી તેમની મશ્કરી કરતો જોઇને સુબુદ્ધિએ તેને કહ્યું કેઃ–"તું બીજા ગમે તેના વેશ કાઢે તે સારૂં, પરંતુ પૂજ્ય દેવ દેવીઓના વેશ કાઢવા અને તેમની મશ્કરી કરવી તે વ્યાજબી નથી."

પરંતુ જાદુગર બીજાને ખુશ કરવા જ આવેલો હોવાથી, મંત્રીનું કહેવું નહિ ગણકારતાં, બીજાઓની શીખવણીથી છેવટે તીર્થંકરનું, રૂપ બનાવવા પણ તૈયાર થયો.

સુબુદ્ધિ મંત્રી આ સહન કરી શકયો નહિ અને તેને બીજો ઉપાય નહિ જડવાથી છેવટે ભક્તામરના ૧૨મા શ્લોકનું શુદ્ધ અધ્યવસાયથી સ્મરણ કરવા માંડયું. સ્મરણના પ્રભાવથી તરત જ ચક્રેશ્વરી દેવી પ્રગટ થયાં અને તીર્થંકરનું રૂપ બનાવનાર જાદુગરને ભરસભામાં એક તમાચો લગાવ્યો. તમાચો પડતાની સાથે જ તેની બધી કલાઓ નાશ પામી ગઇ અને સાથે સાથે તેનું મોઢું વાંકું થઈ ગયું અને તે ઘણો પ્રયત્ન કરતાં છતાં પણ સીધું ન થયું; ત્યારે આખી સભા તેના સામું જોઈ હસવા લાગી અને જાદુગર ગભરાઈ ગયો.

દેવી બોલ્યાં કેઃ–"અરે મૂર્ખશેખર ! દુષ્ટબુદ્ધિવાળા ! નિરંજન, નિરાકાર અને વચનથી પણ અગોચર એવા સ્વપરૂવાળા ! સર્વોત્કૃષ્ટ તીર્થંકર ભગવાનનું રૂપ બનાવી તું જીવિતની આશા કેવી રીતે રાખે છે ? જો તું જીવવાને ઇચ્છતો હો તો સુબુદ્ધિ મંત્રીની ક્ષમા માગ અને તે કહે એટલે હું તને આ દુઃખમાંથી મુક્ત કરૂં."

આ પ્રમાણે દેવીનાં વચનો સાંભળી તે જાદુગરે સુબુદ્ધિ મંત્રીની ક્ષમા માંગી, પ્રધાને પણ દેવીને પ્રાર્થના કરવાથી તેનું વાંકું રહેલું મોઢું દેવીએ સીધું કરી દીધું, અને રાજાને તથા સભાજનોને જૈન ધર્મનો તથા ભક્તામરસ્તોત્રનો પ્રભાવ કહી

સંભળાવ્યો; અને દેવી અદૃશ્ય થઈ ગયાં. આ વૃતાંત નજરે જોઈને રાજા તથા સભાજનો જૈનધર્મ તથા ભક્તામરસ્તોત્ર તરફ પૂજ્ય ભાવ ધારણ કરવા લાગ્યાં.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ—

ॐ ह्रीं चउद्दसपुव्वीणं ॐ ह्रीं पयाणुसारीणं ॐ ह्रीं एगारसंगधारीणं ॐ ह्रीं उज्जुमईणं ॐ ह्रीं विउलमईणं नमः स्वाहा ॥ આ સરસ્વતી વિદ્યા છે.

વિધિ–સવારમાં ઉઠીને, સ્નાન કરીને, સફેદ રેશમી ધોએલું–સ્વચ્છ વસ્ત્ર પહેરીને પવિત્ર અંગે સ્ફટિકની માલાથી દરરોજ ૧૦૮ જાપ કરવાથી સરસ્વતી પ્રસન્ન થાય છે અને વિદ્યા ચઢે છે.

वक्त्रं क्व ते सुरनरोरगनेत्रहारि
निःशेषनिर्जितजगत्त्रितयोपमानम् ।
बिम्बं कलङ्कमलिनं क्व निशाकरस्य
यद् वासरे भवति पाण्डुपलाशकल्पम् ॥१३॥

સમશ્લોકી

ત્રૈલોક્ય સર્વ ઉપમાનજ જીતનારું,
ને નેત્ર દેવ નર ઉરગ હારી તારું;
ક્યાં મુખ? ક્યાં વળી કલંકિત ચંદ્ર બિંબ?
જે દિવસે પીળચટ્ટું પડી જાય ખુબ!– ૧૩

શ્લોકાર્થઃ–હે સુંદર મુખવાળા પ્રભુ! દેવ, મનુષ્ય અને ભવનપતિ (દેવો) નાં નેત્રોને હરણ કરનારૂં મનોહર અને ત્રણ જગત્માંની સઘળી (કમળ, દર્પણ, ચંદ્ર વગેરે) ઉપમાઓને જીતનારૂં તમારૂં મુખ ક્યાં? અને કલંકથી મલિન થએલું તથા દિવસે ખાખરાનાં પાંદડાં જેવું ફીકકું પડી જતું ચન્દ્રનું બિંબ ક્યાં? અર્થાત્ તમારા મુખને ચંદ્રની ઉપમા આપીએ તો પણ તે વાસ્તવિક નથી, કારણકે બંનેની સરખામણી બિલકુલ થઈ શકે તેમ નથી.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ–

ॐ ह्रीं पूर्वं आमोसहिलद्धीणं विप्पोसहिलद्धीणं खेलोसहिलद्धीणं जल्लोसहिलद्धीणं सव्वोसहिलद्धीणं नमः स्वाहा ॥ રોગાપહારિણી વિદ્યા

અથવા ॐ ह्रीं श्रीं क्ष्रीं इयं रोगापहारिणी विद्या ॥.

વિધિ–આ મંત્રથી સર્વ રોગ જાય સવારે, મધ્યાન્હે અને સાંજે (ત્રિકાળે) [૧૦૮ વખત] સ્મરણ કરવાથી સર્વ રોગ મટે.

सम्पूर्णमण्डलशशाङ्ककलाकलाप-
शुभ्रा गुणास्त्रिभुवनं तव लङ्घयन्ति ।
ये संश्रितास्त्रिजगदीश्वर ! नाथमेकं
कस्तान् निवारयति सञ्चरतो यथेष्टम् ? ॥१४॥

સમશ્લોકી

સંપૂર્ણ ચંદ્ર તણી કાંતિ સમાન તુહારા,
ત્રડા ગુણો ભુવન ત્રૈણ ઉલ્લંઘનારા !
ત્રૈલોક્યનાથ તુજ આશ્રિત એક તેને,
સ્વેચ્છા થકી વિચરતાં કહી કોણ રોકે ? -૧૪

શ્લોકાર્થ:—હે ત્રિલોકના નાથ ! પૂર્ણિમાના ચંદ્રની કળાના સમૂહ જેવા ઉજ્વળ તમારા ગુણો આખા ત્રણ જગત્ને વ્યાપીને રહેલા છે; તે યોગ્ય જ છે. કારણ કે જેઓ અદ્વિતીય-સમર્થ સ્વામીના આશ્રિત હોય તેઓ પોતાની ઇચ્છા પ્રમાણે સર્વત્ર ફરી શકે છે, તેમને કોઈ પણ રોકવા સમર્થ નથી. અર્થાત્ ત્રણ જગત્ના સર્વ જીવો આપણા ગુણનું કીર્તન કર્યા કરે છે.

વાર્તા ૭ મી શ્લોક ૧૩-૧૪

શ્રી **અણહિલપુર** પાટણ[1]ની અંદર '**સત્યક**'[2] નામનો એક ધનાઢ્ય વ્યાપારી રહેતો હતો, તેના ગુરૂનું નામ શ્રી **હેમચંદ્રાચાર્ય** હતું. તે **સત્યક**ને બધી કલાઓમાં નિષ્ણાત અને ગુણસંપન્ન '**ડાહી**' નામની એક ચતુર પુત્રી હતી. તે કન્યા આઠ વર્ષની થઈ ત્યારે શ્રી **પંચાસરા પાર્શ્વનાથના** દેરાસરમાં[3] દર્શન કરવા અને ગુરૂને વંદન કરવા **સત્યક**ની સાથે ગઈ. ગુરૂ મહારાજે આત્મહિતકર બોધ આપ્યો અને **ભક્તામર**સ્તોત્રનું માહાત્મ્ય બતાવ્યું, તે દિવસથી **સત્યક**ને અને **ડાહી**ને **ભક્તામર** પર શ્રદ્ધા બેઠી અને તે સ્તોત્ર મુખપાઠ કરી લીધું, તથા બંનેએ એવી પ્રતિજ્ઞા કરી કે અશુદ્ધિ ટાળી તે સ્તોત્રનો નિયમિત ત્રિકાળ પાઠ કરવો.

સમયના વહેવા સાથે **ડાહી** યૌવનવયને પ્રાપ્ત થઈ. **સત્યક** શ્રેષ્ઠિએ તેણીનાં લગ્ન **ભ્રગુકચ્છ**ના રહેવાસી કોઈ એક ગૃહસ્થ સાથે કર્યાં. **ડાહી** પોતાના લગ્ન **ભ્રગુકચ્છ** કરેલાં હોવાથી પોતાના પિયેરથી થોડાં માણસો સાથે લઈ **ભ્રગુકચ્છ** જવાને નીકળી. રસ્તામાં બપોરના સમયે બધાં સાથેનાં માણસો ભોજન કરવા બેઠાં,* પરંતુ

---

૧. ख અને ग માં શહેરનું નામ 'પટણ' છે. ૨. क અને ग માં શેઠનું નામ 'સત્યવાન' છે.
૩. ग માં 'પંચાસરા પાર્શ્વનાથ દેરાસર'ના બદલે 'શહેરની બહાર ધર્મસ્થાનમાં' પાઠ છે.

* क અને ग માં આ પ્રમાણે કથા છે:—"થોડી વાર થઇ એવામાં ૧૫-૨૦ હથીઆરબંધ

જિનેશ્વરનું વંદન તથા **ભક્તામર**સ્તોત્રનું પઠન કર્યા વિના ભોજન નહિ લેવાનો પોતાનો નિત્ય નિયમ હોવાથી તેણીએ ભોજન કર્યું નહિ.

તેણીના સાસરા વગેરેએ કહ્યું કેઃ–"હે વત્સે! ભોજન કર, તારે ઓછું આણવું જોઈતું નથી, જેમ ડાંગર ઉત્પન્ન કરનાર જુદા હોય છે, અને ખાનાર પણ જુદા હોય છે, તેમ કન્યા પણ પિતૃગૃહે મોટી થાય છે અને મોટી થએથી શ્વસુરગૃહે જાય છે. તે માટે શોક કરવો છોડી દઈને ભોજન કરી લે.." તેણી આ બધું સાંભળીને મૌન રહી.

ડાહીના શ્વસુરપક્ષના બધા માણસો એવું સમજ્યા કે તેણી પોતાના પિતાના ઘરના વિરહને લીધે ભોજન લેતી નથી, એમ માનીને આગળ પ્રયાણ કરવા લાગ્યા, રસ્તામાં રાત્રિ પડતા બધાં માણસો જ્યારે સૂઈ ગયા, ત્યારે તેણીએ તેરમા અને ચૌદમા કાવ્યનો એકચિત્તે પાઠ શરૂ કર્યો તુરત જ **ચક્રેશ્વરી** દેવી રાત્રિના સમયે પ્રગટ થયાં અને બોલ્યાં કેઃ–"ભદ્રે! ભોજન કર! તને શું ન્યૂનતા છે? હું **આદીશ્વર** ભગવાનની સેવિકા **ચક્રેશ્વરી** છું."

ડાહી બોલી કેઃ–"મારૂં વ્રત પૂરણ કરો."

લુંટારાઓએ તેઓને ઘેરી લીધા. ડાહીની સાથેના માણસો પહેલાં તો આવનાર માણસોની સામે થયાં, પણ આવનાર લુંટારાઓનું બળ વધારે હોવાથી અને તેઓ તરફથી એકદમ હલ્લો થવાથી ડાહીની સાથે આવેલાં માણસો નાસી ગયા. પછી લુંટારાઓએ ડાહીને સતાવવા માંડી પ્રથમ તો ડાહીએ નમ્ર વાણીથી ઘણી આજીજી કરી, પણ આજીજીની અસર તેઓપર કાંઇ ન થઈ.

લુંટારાઓ વધારે ઉદ્ધતાઇ કરવા લાગ્યા અને છેવટે ડાહી પર બળાત્કાર ગુજારવા તૈયાર થયા. તે જ વખતે ડાહીએ **ભક્તામર** સ્તોત્રના ૧૩–૧૪મા શ્લોકનું સ્મરણ કરવા માંડયું, આથી સત્ય–શીલનો પ્રભાવ એકદમ પ્રકાશી નીકળ્યો અને ઉપરોક્ત બંને શ્લોકથી પાણી મંત્રી તે લુંટારાઓ પ્રત્યે ફેંકયું, એટલે લુંટારાઓ ભય અને દુઃખથી ત્રાસવા લાગ્યા તથા તેઓના શરીરમાં વ્યાધિ થવા લાગ્યો અને લુંટારાઓ ત્યાંજ સ્થંભી ગયા,

જ્યારે લુંટારાઓમાં હલનચલન કરવાની કાંઇ પણ શક્તિ ન રહી, ત્યારે ડાહીએ પોતાની સાથેનાં માણસો જે દૂર નાસી ગયાં હતાં તેઓને પાછા બોલાવી પોતે ચાલવાની તૈયારી કરી. તે વખતે લુંટારાઓએ દીન વદને પ્રાર્થના કરી કે અમોને આ સ્થિતિમાંથી દયા કરી મુક્ત કરી પછી આપ આગળ જાઓ.

ડાહીએ તેમની દીનવાણી સાંભળી, ફરીવાર આવા અન્યાય અને જુલ્મ નહિ કરવાની પ્રતિજ્ઞા આપી. પછી તે જ બે શ્લોકોથી મંત્રી પાણીનો છંટકાવ કર્યો એટલે સર્વે લુંટારા છુટા થયા અને ડાહીને ધર્મબ્હેન કહી તેણીના પગમાં પડ્યા અને ક્ષમા માંગી."

પછી દેવીએ ચન્દ્રથી પણ ઉજ્વલ અને ઝેરનું હરણ કરનાર એવો હાર અને બીજો હાર કે જે દિવ્ય પુષ્પોનો બનેલો હતો તે આપ્યો તથા ગુરૂની પાદુકા આપી અને કહ્યું કેઃ—"આ હારને તું **મુનિસુવ્રતસ્વામી**ના કંઠમાં આરોપણ કરીશ, એટલે તે કોઈપણ સમયે કરમાશે નહિ." શ્રી **મુનિસુવ્રતસ્વામી**ની પૂજા અને વંદન તું શ્રી **પાર્શ્વનાથસ્વામી**ની પૂજા અને વંદન કરે છે તેવી જ રીતે કરજે તો તેનું પણ તે પ્રમાણે જ ફલ મલશે. કારણ કે તે બંને જિનેશ્વરો સમાન હોવાથી હારનું ફલ પણ સમાન જ મલશે અને આ પાદુકાને તું જેવી રીતે શ્રી **હેમચંદ્રાચાર્ય** ગુરૂને નમન વંદન કરે છે તેવી રીતે કરજે, એટલે તે પણ તેટલું જ ફલ આપશે. અને આ જે હાર છે તે તારા કંઠમાં પહેરજે. મારા અર્પણ કરેલા હારના મધ્યમાં રહેલા મણિની અંદરથી પ્રગટ છે મહિમા જેઓનો એવા શ્રી **પાર્શ્વનાથ**પ્રભુની પ્રતિમા સર્વસમક્ષ પ્રગટ થશે એમ કહીને **ચક્રેશ્વરી**દેવી અદૃશ્ય થઇ ગયાં."

સવારના સમયે સાસરા વગેરેના જાણવામાં આ બધો વ્યતિકર આવ્યો. **ડાહી**એ પારણું કર્યું અને અનુક્રમે બધા **ભૃગુકચ્છ** નગરે પહોંચ્યાં. તેણીએ શ્રી મુનિ **સુવ્રતસ્વામી**ના ગળામાં હાર આરોપણ કર્યો, માલા હમેશાં નહિ કરમાતાં એવીને એવી રહેતી, ગુરૂપાદુકાને તે હમેશાં વંદન કરતી, હારથી અનેકના ઝેર ઉતાર્યા, **સત્યક** શેઠની કન્યાનો આ સર્વ સત્ય પ્રભાવ પ્રત્યક્ષ જોઈને શ્વસુરપક્ષના બધાં માણસો દૃઢ ધર્મી બન્યા. **ભક્તામર** સ્તવનના પ્રભાવથી **ડાહી** સુશ્રાવિકાએ ચિરકાળ સુધી સંસાર સુખ ભોગવ્યાં.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ—

ૐ હ્રીં આસીવિસલદ્ધીણં ૐ હ્રીં ખીરાસવલદ્ધીણં ૐ હ્રીં મહુયાસવલદ્ધીણં ૐ હ્રીં અમિઆસવલદ્ધીણં નમઃ સ્વાહા ॥ —વિષાપહારિણી વિદ્યા।

વિધિ—જ્યારે કોઈપણ માણસને ઝેર ચઢયું હોય ત્યારે આ મંત્રથી ૧૦૮ વાર પાણી મંત્રી પાવાથી ઝેર ઉતરી જાય છે.

બીજો મંત્રઃ—

ૐ હ્રીં શ્રીં ક્લીં અસિઆઉસા ચુલુ ચુલુ કુલુ કુલુ મુલુ મુલુ ઇચ્છિયં મે કુરુ કુરુ સ્વાહા ॥ —ત્રિભુવનસ્વામિની વિદ્યા ॥

વિધિ—પ્રભાત સમયે ઉઠીને સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી મુંગાની (પ્રવાલની) જપમાલાથી નિત્ય ૩૦૦૦ ત્રણ હજાર જાપ કરીએ તો મનોવાંછિત સિદ્ધ થાય.

चित्रं किमत्र यदि ते त्रिदशाङ्गनाभि-
र्नीतं मनागपि मनो न विकारमार्गम् ।

कल्पान्तकालमरुता चलिताचलेन
किं मन्दराद्रिशिखरं चलितं कदाचित् ?॥१५॥

સમશ્લોકી

આશ્ચર્ય શું પ્રભુ તણા મનમાં વિકાર–
દેવાંગના ન કદી લાવી શકી લગાર!
સંહારકાળ પવને ગિરિ સર્વ ડોલે!
મેરૂગિરિ શિખર શું કદી તોય ડોલે?–૧૫

શ્લોકાર્થઃ–હે નિર્વિકાર પ્રભુ! દેવાંગનાઓ પણ તમારા મનને જરા પણ વિકારયુક્ત ન કરી શકી, તેમાં શું આશ્ચર્ય છે? કારણ કે કંપાયમાન થયા છે અન્ય પર્વતો જેનાથી એવા પ્રલયકાળના પવન વડે કયારે પણ મેરૂપર્વતનું શિખર ચલાયમાન થયું છે? અર્થાત્ કલ્પાંતકાળનો પવન અન્ય પર્વતને કંપાવી શકે છે પણ મેરૂ પર્વતને કંપાવી શકતો નથી, તેમ દેવાંગનાઓ હરિહરાદિક અન્ય દેવોને વિકાર ઉત્પન્ન કરી શકે છે પણ તમારા મનમાં વિકાર ઉત્પન્ન કરી શકતી નથી.–૧૫

વાર્તા ૮ મી શ્લોક ૧૫

ભરતક્ષેત્રમાં આવેલા કોશલદેશની રાજધાની **અયોધ્યા**[1] નામની નગરીમાં, પોતાના નામ પ્રમાણે ગુણવાળો **સજ્જન**[2] નામનો રાજા રાજ્ય કરતો હતો. એક વખતે રાજાને દુષ્ટ યોગિની[3] વળગી અને તેથી રાજા ઘણો ખરો સમય બેભાન જ રહેવા લાગ્યો.

મંત્રી[4] સામંતાદિ વગેરેએ ઘણા ઉપાયો કર્યા છતાં પણ કોઇ રીતે રાજાના શરીરમાંથી યોગિનીનો દોષ દૂર ન થઇ શક્યો. પછી ત્યાં રહેલા **શ્રીગુણસેનસૂરિ**[5] નામના જૈનાચાર્ય પાસે મંત્રી ગયો અને વિજ્ઞપ્તિ કરી કહેવા લાગ્યો કેઃ–"મહાત્મન્! રાજાને સ્વસ્થ કરી દોષ મુક્ત કરો."

મુનિ મહારાજ બોલ્યા કેઃ–"હું મારાથી બનતું કરીશ." એમ કહી મંત્રીને વિદાય કર્યો. રાત્રિના સમયે શ્રી **ગુણસેનસૂરિએ ભક્તામર**સ્તોત્રના પંદરમા શ્લોકનું તથા તેના મંત્રનું એક ચિત્તે ધ્યાન ધર્યું. દેવીએ પ્રગટ થઇને કહ્યું કેઃ–"**મલ્લ**મુનિનાં ચરણોદકના અભિષેકથી **સજ્જન** રાજા દોષથી મુક્ત થશે.[6]"

---

૧. માં ક 'ચંપા' નગરી છે. ૨. ક માં 'ધુરસેન' રાજાનું નામ છે, જ્યારે ખ અને ગ માં 'મહીપાળ' રાજાનું નામ છે. ૩. ક, ખ અને ગ માં 'પિશાચ' વળગ્યો એમ છપાએલું છે. ૪ ક તથા ગ માં મંત્રીનું નામ ગુણચંદ્ર છે, જ્યારે ખ માં ગુણસેન નામ છે. ૫ ક, ખ તથા ગ માં મુનિનું નામ આપવામાં આવ્યું નથી. ૬ ક અને ગ માં આ પ્રમાણે છપાએલું છેઃ–"સવારે પ્રધાનને

સવારમાં મંત્રી આવ્યો એટલે ગુરૂ બોલ્યા કેઃ-"ગુર્જરદેશને વિષે હમેશાં કાયોત્સર્ગમાં રહેવાવાળા, દુર્ગમ ઉપસર્ગોને સહન કરવાવાળા, મોટા મહિમાવાળા 'મલ્લ' નામના મુનિનાં ચરણોદકના અભિષેકથી રાજા યોગિનીના દોષથી મુક્ત થશે."

આ પ્રમાણે સાંભળીને પ્રધાન વગેરે ત્યાં ગયા, ત્યાં જઇને વંદન નમસ્કાર કરીને, ચક્રેશ્વરી વગેરે દેવીઓથી સન્માન પામેલા મલ્લર્ષિને પ્રાર્થના કરીને ત્યાં લાવ્યા. તેઓનું ચરણોદક છાંટવા માત્રથી રાજા યોગિનીના દોષથી તુરત જ મુક્ત થયો.

મલ્લમુનિએ રાજાને ઉપદેશ આપતાં કહ્યું કેઃ—

"यथा चतुर्भिः कनकं परीक्ष्यते, निघर्षणच्छेदनतापताडनै ।
तथैव धर्मो विदुषा परीक्ष्यते, श्रुतेन शीलेन तपोदयागुणैः ॥१॥"

અર્થાત્:—ઘર્ષણ, છેદ-કાપ, તાપ; અને તાડન-કટકા કરવા એ ચાર વડે જેમ સોનાની પરીક્ષા થાય છે, તેમ ધર્મની પણ શ્રુત, શીલ-સદ્ આચાર, તપ, અને દયારૂપ ગુણો વડે પરીક્ષા થાય છે.

સર્વ જીવોની રક્ષા કરવી એ જૈનોનો પરમ સિદ્ધાંત છે.

"दीर्घमायुः परं रूप-मारोग्यं श्लाघनीयता ।
अहिंसाया फलं सर्वं, किमन्यत् कामदैव सा ॥१॥"

અર્થાત્:—દીર્ઘ આયુ, સુંદર રૂપ, આરોગ્ય, અને યશઃકીર્ત્તિ એ સઘળું અહિંસાનું ફળ છે. આથી બીજું શું જોઇએ, અહિંસા જ ઇષ્ટને આપવાવાળી છે.

આ પ્રમાણે સાંભળીને **સજ્જન** રાજાએ જીવદયાધર્મનો સ્વીકાર કર્યો અને રાજા પરમ જૈન થયો. મંત્રી વગેરે સર્વે લોકોએ જૈનધર્મનો સ્વિકાર કર્યો.
ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ-

चउवीस तीर्थंकरतणी आण, पञ्चपरमेष्ठितणी आण, चउवीस तीर्थंकरतणइ तेजि पञ्चपरमेष्ठितणइ तेजि, ॐ ह्रीं अर्हं उत्पत्तये स्वाहा ॥

વિધિ—પુષ્યાર્કનો યોગ આવે થકે સંધ્યાના સમયે સ્નાન કરી, સુગંધી તેલ, ચુઆ, ચંદન વગેરેનું શરીરે વિલેપન કરી, પવિત્ર ગાત્ર કરી, સુગંધીદાર ફૂલની માલા પહેરી, જ્યાં સ્ત્રીનો સંઘટ્ટો-સંસર્ગ થાય નહિ એવા એકાંત સ્થાનમાં આવી પવિત્ર લિંપન લિંપાવી, તેના ઉપર ઊભા રહી, પૂર્વ દિશા સન્મુખ ઊભા રહી સ્ફ-

કહી તમારી પાસે રાજા તથા સભાજનોને અહીં બોલાવવા. પછી આ રાખની ચપટી ઉપરોક્ત શ્લોકથી મંત્રી તેનો રાજાના કપાળમાં ચાંલ્લો કરવાથી પિશાચ હમેશને માટે નાશી જશે અને રાજા દોષથી મુકત થશે."

ટિકની માલાથી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી દક્ષિણ દિશા સન્મુખ ઊભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી પશ્ચિમ દિશા સન્મુખ ઊભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી ઉત્તર દિશા સન્મુખ ઊભા રહી ૧૦૮ વાર મંત્ર ભણુવો. આ પ્રમાણે વિધિ સંપૂર્ણ કરી, જે કાર્ય હોય તે મનમાં ચિંતવીને સંથારે અડધી રાત્રિ વીતી ગયા પછી સૂઇ રહેવું, પાછલી રાત્રિની ઘડી બે બાકી રહે ત્યારે સ્વપ્ન દેખે, સ્વપ્નમાં જે કાર્ય ચિંતવ્યું હોય તેનું શુભાશુભ ફલ દેખીને જાગી જવું, સ્વપ્ન આવ્યા પછી સૂઇ રહેવું નહિ.

બીજો મંત્ર આ પ્રમાણે છેઃ—

ૐ હ્રીં પૂર્વે જિણાણં ઓહિજિણાણં પરમોહિજિણાણં અણંતોહિજિણાણં સામન્નકેવલીણં ભવત્થકેવલીણં અભવત્થકેવલોણં નમઃ સ્વાહા ॥ -બન્ધમોક્ષિગો વિદ્યા ॥

ગુણ—કોઇપણ સંકટ ઉપસ્થિત થાય અથવા ભૂત, પ્રેત, ડાકણ, શાકિનીના ઉપદ્રવ હોય તો તેનો નાશ થાય.

निर्धूमवर्तिरपवर्जिततैलपूरः
कृत्स्नं जगत्त्रयमिदं प्रकटीकरोषि ।
गम्यो न जातु मरुतां चलिताचलानां
दीपोऽपरस्त्वमसि नाथ ! जगत्प्रकाशः ॥१६॥

સમશ્લોકી

ધુમ્ર રહીત નહિં વાટ ન તેલવાળો !
ને આ સમગ્ર ત્રણ લોક પ્રકાશનારો !
ડોલાવનાર ગિરિ વાયુ ન જાય પાસે !
તું નાથ ! છો અપર દીપ જગત્પ્રકાશે !—૧૬

શ્લોકાર્થ.

હે નાથ ! જેમાં ધૂમ્ર, દીવેટ અને તેલ નથી અને ત્રણ જગત્ને પ્રકાશિત કરે છે, પર્વતને ડોલાવનાર પવન પણ જેને કાંઇ કરી શકતો નથી એવા આપ જગત્ને પ્રકાશિત કરનાર એક વિલક્ષણ-લોકોત્તર દીપક છો.—૧૬

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ—

ૐ હ્રીં પૂર્વે બીયબુદ્ધીણં કુટ્ઠબુદ્ધીણં સંભિન્નસોઆણં અક્ખીણમહાણસીણં સવ્વલદ્ધીણં નમઃ સ્વાહા ॥-શ્રી સમ્પદિનો વિદ્યા ॥

વિધિ—સવારમાં ઉઠીને સ્નાન કરી પવિત્ર શરીર કરી પીલી ધોતી પહેરીને કપૂરની (કેરબાની)માલાથી જાપ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય, ધન ધાન્યની કમીના ન હોય.

नास्तं कदाचिदुपयासि न राहुगम्यः
स्पष्टीकरोषि सहसा युगपज्जगन्ति ।
नाम्भोधरोदरनिरुद्धमहाप्रभावः
सूर्याऽतिशायिमहिमाऽसि मुनीन्द्र ! लोके ॥१७॥

સમશ્લોકી

ઘેરી શકે કદી ન રાહુ ન અસ્ત થાય !
સાથે પ્રકાશ ત્રણ લોક વિષે કરાય !
તું હે મુનીંદ્ર ! નહિ મેઘ વડે છવાય !
લોકે પ્રભાવ રવિથી અદકો ગણાય !—૧૭

શ્લોકાર્થ.

હે મુનીંદ્ર ! આ જગતમાં તમારો મહિમા સૂર્યથી પણ અધિક છે, કારણકે સૂર્ય તો માત્ર દિવસે જ ઉદય પામે છે અને રાત્રિએ અસ્ત પામે છે, જ્યારે તમે તો રાત્રિ દિવસ સર્વદા કેવળજ્ઞાનને લીધે ઉદય પામેલા જ છો. સૂર્યને રાહુ ગ્રહણ કરે છે, અને તમે તો રાહુ રૂપ જે દુષ્કૃત તેનાથી ગ્રહણ થતા નથી. સૂર્ય પરિમિત ક્ષેત્રને અનુક્રમે જ પ્રગટ કરે છે અને તમે તો તત્કાળ એકી વખતે જ આખા ત્રણ જગતને જ્ઞાનાલોકવડે પ્રગટ કરો છો. સૂર્યનો પ્રભાવ મેઘથી રૂંધાય છે, પણ તમારો પ્રભાવ જ્ઞાનાવરણરૂપ મેઘથી રૂંધાતો નથી. તેથી તમોને સૂર્યની ઉપમા આપવી એ પણ યોગ્ય નથી.—૧૭

વાર્તા. ૯મી શ્લોક ૧૬-૧૭

ભરતક્ષેત્રમાં આવેલા **સંગરપુર**[1] નામના શહેરમાં **સંગર**[2] નામનો જૈનરાજા રાજ્ય કરતો હતો. રાજા જૈનધર્મ પ્રત્યે પૂર્ણ શ્રદ્ધાવાળો સદ્‌ગુણી અને ન્યાયી હતો. તેના ગુરૂનું નામ **ધર્મદેવાચાર્ય**[3] હતું. એક વખતે રાજાને ત્યાં પુત્રનો જન્મ થયો, તેનું નામ **કેલિપ્રિય**[4] પાડવામાં આવ્યું. અનુક્રમે **કેલિપ્રિય** રાજકુમાર યૌવનાવસ્થાને પામ્યો.

સંગરરાજા જેટલો શ્રદ્ધાળુ અને નીતિમાન હતો, તેટલો જ **કેલિપ્રિય** નાસ્તિક અને ક્રૂર હતો. પાપ-પુન્યનું ફળ, સ્વર્ગ-નરકની હયાતી, વગેરે તે કાંઈ પણ માનતો ન હતો. રાજાએ તેને સમજાવવા માટે અને ધર્મના સંસ્કારો પાડવા માટે બહુ બહુ પ્રયત્નો કરવા માંડ્યા, પરંતુ તે સર્વ નિષ્ફળ ગયા.

---

૧ ક માં શહેરનું નામ 'સાગરપુર', ખ માં 'સગરપુર' અને ગ માં 'સુંદરપુર' છે. ૨. ક તથા ખ માં રાજાનું નામ 'સગર' છે, જ્યારે ગ માં 'હિંમતસિંહ' છે. ૩ ક માં ગુરૂનું નામ નથી, જ્યારે ખ અને ગ માં મુનિનું નામ 'ગુણભૂષણ' છે. ૪ ક માં રાજકુમારનું નામ 'દેવીસિંહ' છે.

એક વખતે રાજકુમાર પોતાના મિત્રો સાથે વનમાં ક્રીડા કરવાને માટે નીકળ્યો હતો. તે વખતે પાસેના ઉદ્યાનમાં રહેલા **ધર્મદેવાચાર્ય** તેની નજરે પડ્યા. રાજકુમાર ગુરૂ મહારાજની નજરે પડ્યો એટલે તેને શિકાર ખેલતો દેખીને ગુરૂ મહારાજ તેની નજીક આવ્યા અને બોલ્યા કેઃ—"હે રાજકુમાર!

ब्रह्महत्या सुरापानं, स्तेयं गुर्वङ्गनागमः ।
महान्ति पातकान्याहु-रेभिश्च सह सङ्गमः ॥१॥
यदि सत्सङ्गनिरतो, भविष्यसि भविष्यसि ।
तदा सज्जनगोष्ठीषु, पतिष्यसि पतिष्यसि ॥२॥
यः प्राप्य दुष्प्रापमिदं नरत्वं
धर्मं न यत्नेन करोति मूढः ।
क्लेशप्रबन्धेन स लब्धमब्धौ
चिन्तामणिं पातयति प्रमादात् ॥३॥

અર્થાતઃ—બ્રહ્મહત્યા, મદિરાનું પાન, ચોરી કરવી. વિદ્યાગુરૂની સ્ત્રી સાથે ક્રીડા કરવી, વગેરે મોટાં પાપો છે, એવું જ્ઞાનીઓ કહે છે—૧.

જો તું સુખને ઇચ્છતો હોય તો તારે સારાની સોબતમાં રહેવું જ જોઈએ અને સજ્જનોની સાથે વાર્તાલાપ કરવો જ જોઇએ—૨.

જે મૂર્ખ મનુષ્ય, દુષ્પ્રાપ્ય એવો મનુષ્ય ભવ પામીને ધર્મ કરતો નથી, તે ઘણી મુશ્કેલીથી સમુદ્રમાંથી મેળવેલા એવા ચિંતામણી રત્નને પ્રમાદથી ગુમાવી દે છે. અર્થાત્ મનુષ્ય ભવ હારી જાય છે—૩.

રાજકુમારે જવાબ આપ્યો કેઃ—"હે મુનિ! ધર્મની સાધના કરનાર આત્મા જેવી કોઇ વસ્તુ જ નથી તો પછી ધર્મ કરવાનું શું પ્રયોજન, જેમ મુશળધાર વર્ષાદનો જ અભાવ હોય તો પછી નદીમાં પૂર હોતું નથી, તેમ પંચમહાભૂતના બનેલા આ શરીરમાં આત્માનો સંભવ જ શી રીતે હોઈ શકે. અને આત્મા જ ન હોય તો પછી નરક શી રીતે હોઈ શકે, કારણ કે ગામ જ ન હોય તો પછી હદ શી રીતે હોય, ન જ હોય. તેવી રીતે આત્મા જ નથી તો પછી પુણ્ય—પાપ, નરક—સ્વર્ગ વગેરે છે જ નહિ. તમારા જેવા માણસોએ અજ્ઞાન લોકોને છેતરવા માટે આ બધા ઢોંગ જ માત્ર છે."

ગુરૂમહારાજ રાજકુમારનો જવાબ સાંભળી વિચારવા લાગ્યા કે આ મનુષ્ય દુર્લભબોધિ હોય એમ લાગે છે. એક વખતે રાજકુમાર ફરીથી ગુરૂમહારાજ પાસે આવ્યો, તે વખતે રાજકુમારને પ્રતિબોધ કરવા માટે **ભક્તામર** સ્તોત્રના ૧૬—૧૭

આ શ્લોકનું મુનિ મહારાજે એક ચિત્તે ધ્યાન કર્યું, એટલે તત્કાળ **ચક્રેશ્વરી** દેવી હાજર થઈ. મુનિએ તેણીને કહ્યું કે નરકના દુઃખો બતાવીને **કેલિપ્રિય** રાજકુમારને પ્રતિબોધ પમાડ.

દેવીએ કહ્યું કેઃ"આપ તે બાબતની ચિંતા ન કરશો."

એમ કહી દેવીએ પોતાની દૈવી શક્તિથી રાજકુમારને બેભાન બનાવી દીધો અને જાણે તે સ્વપ્નાવસ્થામાં હોય તેમ નારકીના દુઃખ નજરે જોવા લાગ્યો. કોઈ મનુષ્યને યમરાજ મારે છે, કોઇને ધગધગતા લોઢાના સળીઆ ચાંપે છે, તો કોઈને ધગધગતું સીસું ઉકાળીને પાય છે, ન પીએ તો પરાણે મોઢામાં રેડે છે, અને તેં મનુષ્યભવમાં કરેલાં કર્મનો આ બદલો છે; એમ કહીને વધારે દુઃખ આપે છે. પેલા માણસો બિચારા આ દુઃખમાંથી છુટવા માટે ઘણી આજીજીઓ કરે છે પણ યમરાજ તેઓને છોડતો નથી. આ બધાં દશ્યો જોઈને રાજકુમાર ભય પામ્યો અને પાપના ફલ પ્રત્યક્ષ દેખીને ધ્રુજી ઉઠ્યો; પછી દેવીએ તેને હોશમાં આણ્યો.

પછી ગુરૂ મહારાજે પુછયું કેઃ–"ભાઇ ! પાપના ફલ જોયા કે નહિ ?"

કેલિપ્રિય બોલ્યો કેઃ–"ભગવન્! બધું જોયું, અને પોતાને ધર્મનું રહસ્ય સમજાવવા વિનંતિ કરી."

ગુરૂ મહારાજે યોગ્ય શબ્દોમાં ધર્મનું સ્વરૂપ સમજાવ્યું, પછી રાજકુમારે ગૃહસ્થના સમકિત મૂલ બાર વ્રત ગુરૂપાસે ઉચર્યાં અને ચિરકાલ રાજ્ય પાળી સદ્ગતિનું ભાજન થયો.

ગુ. સૂ. વૃ. મન્ત્રામ્નાયઃ—

ॐ ह्रीं उग्गतवचरणचारीणं ॐ ह्रीं दित्ततवाणं ॐ ह्रीं तत्ततवाणं ॐ ह्रीं पडिमापडिवन्नाणं नमः स्वाहा ॥ –परविद्याच्छेदिनी विद्या ॥

વિધિ—આ મંત્ર આખો મોઢે કરીએ, પછી જે કોઈને ભૂત પ્રેતનો દોષ લાગ્યો હોય તેને આ મંત્રથી મોરપીંછાં વડે ૧૦૮ વાર ઝાડો દીજે–ઉંઝીએ તો દોષ ટલે. શીતજ્વર, ઉષ્ણજ્વર પ્રમુખ સર્વજ્વરનો નાશ થાય. વળી આ મંત્રથી ૧૦૮ વાર પાણી મંતરીને ચારે બાજુની ભિતોએ તે મંતરેલું પાણી છાંટીએ તો મરકી વગેરે ઉપદ્રવનો નાશ થાય.

नित्योदयं दलितमोहमहान्धकारं
गम्यं न राहुवदनस्य न वारिदानाम्।
विभ्राजते तव मुखाब्जमनल्पकान्ति
विद्योतयज्जगदपूर्वशशाङ्कबिम्बम् ॥१८॥

સમશ્લોકી

મોહાંધકાર દળનાર સદા પ્રકાશી!
રાહુ-મુખે ગ્રસિતા ના નહિ મેઘ-રાશી!
શોભે તમારું મુખ-પદ્મ અપાર રૂપે!
જેવો અપૂર્વ શશિ લોક વિષે પ્રકાશે!-૧૮

હે પ્રભુ! આપશ્રીનું મુખકમળ નવીન ચંદ્રબિંબની જેમ શોભે છે. કેમકે તે નિરંતર ઉદય પામેલું છે અથવા નિરંતર શુભ ભાગ્યવાળું છે, અને ચંદ્રબિંબ તો પ્રાતઃકાળે અસ્ત પામે છે. આપશ્રીનું મુખકમલ મોહનીય કર્મ રૂપી અંધકારનો નાશ કરે છે અને ચંદ્ર તો અલ્પ અંધકારનો નાશ કરવા પણ સમર્થ નથી. રાહુ જેવા દુષ્ટ વાદીઓના વાદ તમારા મુખને પરાભવ પમાડી શકતા નથી, અને ચંદ્રને તો રાહુ ગળે છે. તમારું મુખ મેઘ સમાન દુષ્ટ અષ્ટકર્મને આધીન નથી અને ચંદ્રને તો મેઘ આચ્છાદન કરે છે. તમારું મુખ ઘણી કાંતિવાળું છે, અને ચંદ્રનું બિંબ તો અલ્પ કાંતિવાળું છે, કેમકે તે કૃષ્ણપક્ષમાં ક્ષય પામે છે. તથા તમારું મુખ જગતને પ્રકાશિત કરે છે અને ચંદ્ર તો પૃથ્વીના અલ્પ પ્રદેશને પણ પ્રકાશિત કરવા સમર્થ નથી.-૧૮

વાર્તા ૧૦મી શ્લોક ૧૮.

શ્રી ગુર્જરભૂમિના તિલક સમાન **અણહિલપુરપાટણ** નામના શહેરમાં પ્રજાપાળક અને ન્યાયપરાયણ પરમાર્હત **કુમારપાળ** નામનો રાજા રાજ્ય કરતો હતો. શ્રીમાલવંશમાં તિલક સમાન **શ્રીઉદયન** નામના મંત્રિશ્વરના પુત્ર **આંબડ**[1]ને મહારાજા **કુમારપાલે** તેની રાજસેવાના બદલામાં અતિ રસાળ અને ધનધાન્યથી ભરપૂર **'લાટ'** દેશ બક્ષીસ આપ્યો. તે હમેશાં **ભક્તામર** સ્તોત્રનો પાઠ કરતો હતો.

એક વખતે **ભ્રગુકચ્છથી** કોઈ કાર્યપ્રસંગે બહાર જતાં રસ્તામાં એક મહાભયંકર અને ગિરિગુફાઓવાળી અટવીમાં રાત્રીના સમયે તે આવી ચઢ્યો. અટવીમાં અંધારું એટલું તો ભયંકર હતું કે **આંબડને** કોઈ પણ રીતે રસ્તો સૂઝે જ નહિ. આ વખતે તેણે **ભક્તામર**સ્તોત્રના ૧૮ મા શ્લોકનું એકાગ્ર ચિત્તે ચિંતવન કર્યું કે તુરત જ **ચક્રેશ્વરી** દેવી પ્રગટ થયાં અને બોલ્યાં કેઃ-"હે વત્સ! પવિત્ર થઈને તેં કરેલા સ્તોત્રના સ્મરણથી હું તારા ઉપર તુષ્ટમાન થઈ છું અને તને આ વિષનું હરણ કરનાર, તથા દરેક પ્રકારના વિઘ્નનું હરણ કરનાર ચંદ્રકાંતમય **ચંદ્રપ્રભુસ્વામીનું** બિંબ

---

૧ **ખ** માં મંત્રીનું નામ આછંડ છે, જ્યારે **ગ** માં મંત્રીનું નામ અછંડ છે; જે ઐતિહાસિક દૃષ્ટિએ પણ જોવું છે.

આપું છું તે ગ્રહણ કર તથા બીજું કાંઈ તારે જોઈતું હોય તે માગ.*"

આંબડ દંડાધિપતિએ પોતે નિઃસ્પૃહ હોવા છતાં પણ હમેશાં અભિષ્ટ ફલને દેવાવાળી નાગવલ્લી માંગી અને દેવીને નમસ્કાર કર્યો. દેવીએ તે નાગવલ્લી **આંબડ**ને

---

* ક માં આ હકીકત નીચે પ્રમાણે છેઃ—

"એક વખત પોતાની માતાના આગ્રહથી **આંબડે** કચ્છમાં આવેલા ભદ્રપુર (ભદ્રેશ્વર)ની સંઘ સહિત યાત્રાએ જવાનો નિશ્ચય કર્યો અને ધામધૂમ પૂર્વક ઘણા સ્નેહી સંબંધીઓ સાથે તથા અનેક સાધર્મીભાઇઓ સાથે પાટણથી નીકળ્યો.

રસ્તામાં આવતાં દરેક સ્થળે યાત્રાઓ કરતાં કરતાં ચોતરફ જૈનધર્મનો વિજયડંકો વગાડતા વગાડતા તેઓ ઘણા દિવસે કચ્છના રણના નાકે આવી પહોંચ્યા.

ચોતરફ ઊભા કરેલા નાના મોટા પચરંગી તંબુઓથી વિશાળ જગ્યા શોભી રહી હતી અને જાણે એક નાનું સુંદર શહેર વસી ગયું હોય તેવો દેખાવ થઇ રહ્યો હતો. આસપાસના ગામોમાંથી અનેક લોકો ચતુર્વિધ સંઘના દર્શન કરી પવિત્ર થતા હતા અને થોડા દિવસ પહેલાં વર્ષોથી ઉજ્જડ પડેલી જગ્યાએ આજે મનુષ્યોના ટોળેટોળાં કલ્લોલ કરી રહ્યા હતા.

× × × × × × ×

સાયંકાળ થવા આવ્યો અને થોડીવારમાં તો સફેદ દૂધ જેવા પુર્ણિમાના ચંદ્રના તેજે આખી પૃથ્વી શોભી રહી. આજે આ રણનો લાંબો પટ ઓળંગવાને આખો સંઘ તૈયારી કરી રહ્યો હતો. નિશાન ડંકા વાગ્યા અને નોબતો ગડગડી ત્યાંતો આખો સંઘ ગાજતે વાજતે ઉપડ્યો, દેવને પણ દુર્લભ દર્શન થાય એવા આ પવિત્ર સંઘને નિહાળીને અને જૈનધર્મની કીર્તિનો ફેલાવો થતો જોઇને એક મિથ્યાત્વી દેવને અદેખાઈ આવી. તેથી તેણે પોતાનું બળ અજમાવવાનું શરૂ કર્યું રણની અધવચમાં જ સંઘના બધાં ગાડાં તેણે અટકાવી દીધા.

માણસોએ ઘણી ઘણી જાતના પ્રયત્નો કર્યા છતાં પણ બળદો અને માણસો જરા પણ આગળ ન ચાલતાં ત્યાંને ત્યાં થંભી ગયાં. સંઘના માણસોની અને પોતાની આ સ્થિતિ જોઇને **આંબડ** પ્રધાન પણ ગભરાઈ ગયો અને શું કરવું તે વિચારવા લાગ્યો. પરંતુ સદ્‌ભાગ્યે **આંબડ**ની માતા બહુ જ ભક્તિવાળી અને નિખાલસ હૃદયની હોવાથી તેણીએ પોતાના પુત્રને તથા આખા સંઘને **ભક્તામર**સ્તોત્રના ૧૮ મા શ્લોકનો જાપ જપવાનું કહ્યું, સાથે સાથે પોતે પણ શાંત ચિત્તે ૧૮ મા શ્લોકનું ચિંતવન કર્યું અને થોડી વારમાં જ શાસનદેવ હાજર થયા.

સંઘની આવી વિકટ પરિસ્થિતિ નજરે નિહાળી શાસનદેવે પેલા મિથ્યાત્વી દેવને નસાડી મૂક્યો અને સંઘના સંકટનું નિવારણ કરી જયજયકાર વર્તાવ્યો. નિર્વિઘ્ને યાત્રા કરી પાછા આવ્યા ત્યારે મહારાજ **કુમારપાળ** તથા પાટણના રહેવાસીઓ પણ આ વાત સાંભળીને બહુ જ નવાઇ પામ્યા અને જૈનધર્મના પ્રભાવમાં વૃદ્ધિ થઈ."

ગ માં વળી નીચે પ્રમાણે છેઃ—

"**લાટ** દેશના રાજા તરીકે અને તેનું રક્ષણ કરવા અર્થે **અછંડ લાટ** દેશમાં જ રહેવા લાગ્યો. **લાટ** દેશની નજીકના બીજા દેશના રાજાઓથી **અછંડ** કે જે એક પ્રધાન હતો તે રાજા

આપી અને અદૃશ્ય થઇ ગઇ. આંબડ રત્નમય જિનબિંબના તેજથી અજવાળી રાતની માફક પલ્લીમાંથી બહાર નીકળ્યો, અને દેવીએ આપેલા જિનેશ્વરનાં ચંદ્રકાન્તમય બિંબનું હમેશાં પૂજન કરવા લાગ્યો. અનુક્રમે રાજાની આજ્ઞાથી રાજ-

---

થાય તે જોઈ શકાયું નહિ અને તેને નિર્બળ ધારી તેની સામે તેઓ બંડ ઉઠાવવા લાગ્યા. આથી **અછંડે** બીજા રાજ્ય પર પોતાનું બળવાન સૈન્ય લઇ ચઢાઇ કરી. કર્મયોગે રસ્તામાં ભૂલો પડયો અને એક વિષમ અટવીમાં જઇ ચડયો. ત્યાં પોતે લશ્કર સાથે દુઃખમાં આવી પડવાથી **અછંડ** ગભરાવા લાગ્યો ત્યારે તેણે વિચાર કર્યો કે દુઃખી મનુષ્યને ધર્મ અને પ્રભુસ્મરણ જરૂર સહાય કરે છે. ગભરાઈ જવાથી કે શોચ કરવાથી શું ફાયદો થવાનો હતો? માટે ધૈર્ય રાખી પ્રભુસ્મરણ કરવાથી અવશ્ય લાભ મળશે જ.

આ પ્રમાણે વિચાર કરી 'નિત્યોદ્યં' એ શ્લોકનું અત્યંત દૃઢતાપૂર્વક સ્મરણ કરવા લાગ્યો. થોડીવારમાં તે શ્લોકના પ્રભાવથી દેવી ત્યાં આવી અને શ્લોકારાધનનું કારણ પૂછ્યું. જવાબમાં **અછંડે** વિષમ અટવીમાં આવી પડવાથી પડતા દુઃખના નિવારણની અને તે અટવીમાંથી સીધો રસ્તો મળે અને ધારેલે સ્થળે પહોંચાય તેવી માંગણી કરી.

દેવીએ ટુંકો રસ્તો બતાવ્યો અને બે રત્નો (**અછંડ**ની ભક્તિને વશ થઈ) આપ્યાં. અને કહ્યું કેઃ–"એક રત્નથી ગમે તે પ્રકારનું વિષ હોય તે નાશ પામે છે અને બીજા રત્નના પ્રભાવથી રસ્તો ભૂલાતો નથી અને શત્રુ પર વિજય મેળવાય છે." બે રત્નો આપી, જરૂર પડે તો ફરીવાર યાદ કરવાનું કહી દેવી પોતાના સ્થાનકે ગઈ.

અછંડે પોતાના ધારેલે રસ્તે આવી જૂદા જૂદા દેશોમાં જઈ તેના રાજાઓને પોતાના ભૂજબળથી નમાવ્યા અને અભિમાની તેમજ સમર્થ બળવાન રાજા **'મલય'** નામે કે જે ઘણો સમર્થ હતો તેને પણ નમાવી વિજય ડંકો વગડાવતો ઘણી સંપત્તિ અને ચતુરંગી સૈન્ય સાથે પોતાના દેશમાં–પોતાની રાજધાનીમાં મ્હોટા ઉત્સવથી આવ્યો. રાજમહેલમાં પ્રવેશ કરતાં પ્રથમ પોતાની પવિત્ર માતાના દર્શનાર્થે અને સુભાશિષ માટે તેમને નમસ્કાર કરવા ગયો.

પોતાના પુત્રને વિજયવંત અને સુખપૂર્વક પાછો આવેલો જોઇ અતિ આનંદથી તેને વધાવી હૃદય સાથે ચાંપી સુખી ભવિષ્ય નીવડે એવો માતાએ આશીર્વાદ આપ્યો. પછીથી તે કહેવા લાગી કેઃ–"હે પુત્ર! તું મહાન–સમર્થ–બળવાન છે અને તું જ્યાં જ્યાં ગયો છે ત્યાં ત્યાં તેં વિજય મેળવ્યો છે એ વાત સત્ય છે પરંતુ તે વિજય જેમ સિંહ બકરા અગર ઘેટા પર મેળવે તેવા જ પ્રકારનો છે, કારણ કે તેં જીતેલા સઘળા રાજાઓ બિચારા ઓછા સાધનવાળા અને ઓછા બળવાન હોવાથી એ વિજય ખરો વિજય કહેવાય નહિ. તું ખરો વિજયી ત્યારે જ કહેવાઈ શકે છે કે જ્યારે **'ભૃગુકચ્છ'**નો સમર્થ અને અત્યારસુધીમાં અજીત એવો **'પૃથ્વીસેન'** નામનો રાજા છે તે રાજાને તું તારે કબજે કર. તેને તારી આજ્ઞા મનાવતો કરે તો તું વિજયવંત ગણાશે, કારણકે તે તારો ખરો શત્રુ છે અને પૂરો દ્વેષી છે.

માતાનાં આવાં વચનો સાંભળી તે રાજાને જીતવાનું તેણે માતાને વચન આપ્યું. થોડા દિવસની વિશ્રાંતિ લઇ મ્હોટા અને બળવાન સૈન્યને લઇ **અછંડ** **'ભૃગુકચ્છ'** તરફ કૂચ કરી ગયો.

પિતામહ બિરૂદને ધારણ કરતા એવા કોંકણદેશના **મલ્લિકાર્જુન** ને છલથી હણીને શૃંગારકોટિશાટિકા ૧, ગરલ હર સિપ્રા ૨, સફેદ હાથી ૩, એકસો આઠ રત્નપાત્રો ૪, બત્રીશ મૂડા સાચાં મોતી ૫, સો ઘડી પ્રમાણ સુવર્ણના ઘડાઓ ૬, અગ્નિધૌત ઉત્તરપટ ૭, **મલ્લિકાર્જુનનું** માથું ૮, એ આઠ વસ્તુઓ **કુમારપાલ** મહારાજા આગળ ભેટ કરી. મહારાજાએ **રાજપિતામહનું** બિરૂદ આપ્યું.

ત્યારપછી પોતાની માતાના પગમાં નમસ્કાર કર્યો, પરંતુ માતાને નારાજ જોઇ તેનું કારણ પૂછ્યું. કારણ પૂછવાથી માતાએ કહ્યું કેઃ–"રાજહત્યાના લાગેલા પાપના નિવારણ માટે તું **ભૃગુકચ્છમાં** આવેલા **શકુનિકાવિહાર** વગેરેનો જીર્ણોદ્ધાર ના કરે તો હું શી રીતે પ્રસન્ન થાઉં?"

આંબડ આ વાત સાંભળીને **હેમચન્દ્રસૂરિની** સાનિધ્યમાં ઉદ્ધાર કર્યો, પ્રતિષ્ઠા સમયે તેને દીધેલાં ઉત્કૃષ્ટ દાનને જોઇને, ગૃહસ્થની સ્તુતિ કરવાથી વિમુખ એવા **શ્રીહેમચંદ્રસૂરિ** એ પણ તેના દાનનું વર્ણન કરતાં કહ્યું છે કેઃ–

"किं कृतेन न यत्र त्वं, यत्र त्वं किमसौ कलिः ।
कलौ चेद् भवतो जन्म, कलिरस्तु कृतेन किम् ॥१॥

અર્થાત્–આ કલિયુગમાં તારો જન્મ થએલો હોવા છતાં પણ તેં શું નથી કર્યું? અર્થાત્ તેં કલિયુગને પણ ભૂલાવી દીધો છે."

આ પ્રમાણે જીર્ણોદ્ધાર કરીને માતાને રાજી કર્યાં. અને **આંબડ** દંડાધિપતિ બહુ સુખના ભાગી થયા.

ગુ. સૂ. વૃ. મન્ત્રામ્નાયઃ–

ॐ ह्रीं जङ्घाचारणाणं ॐ ह्रीं विज्जाचारणाणं ॐ ह्रीं वेउव्वियइड्ढिपत्ताणं ॐ ह्रीं आगासगामीणं नमः स्वाहा ॥

ચાલતાં ચાલતાં **અછંડનું** લશ્કર 'ભૃગુકચ્છ'ની નજીકમાં આવવા લાગ્યું. **પૃથ્વીસેન** રાજાને ખબર પડી કે મ્હારા રાજ્ય પર **અછંડ** ચડી આવે છે, એટલે પોતે સેના લઇ **અછંડની** સામે લડાઇ કરવા ચાલ્યો. રસ્તામાં બંને લશ્કરો એકઠાં થયાં અને પ્રચંડ યુદ્ધ થયું. પરિણામે **પૃથ્વીસેનનું** લશ્કર પાછું હટ્યું. તેથી તેને **અછંડને** નમવું પડ્યું અને તેની આજ્ઞા માન્ય રાખવી પડી. આ રીતે **અછંડનો** વિજય થયો અને દેશ વિદેશમાં તેનો યશ ફેલાયો. મોટા યશની સાથે વિજયડંકો વગડાવતો તે પોતાની રાજધાનીમાં મ્હોટી ધામધુમથી આવ્યો અને માતાને વંદન કર્યું.

માતા પુત્રને વિજયવંત જોઈ ઘણો જ આનંદ પામી. જુઓ ક્યાં પ્રધાનપણું? ક્યાં એક દેશનું રાજ્ય? અને ક્યાં આવડો મોટો વિજય? આ બધું **ભક્તામર**ના પ્રભાવનું પરિણામ છે. માટે સુખાર્થી મનુષ્યોએ નિરંતર પ્રભુ સ્મરણ કરવું."

વિધિ–રવિવારના દિવસે આ મંત્રાક્ષરોને ભોજપત્ર પર યક્ષકર્દમથી લખી, માદળીઆમાં તે ભોજપત્રને ઘાલી, પાસે રાખીએ તો આપણા ઉપર કોઇ પણ વ્યક્તિ એ કામણટુમણ કર્યાં હોય તેની અસર થાય નહિ; અને દિવસે દિવસે આપણી કીર્તિ તથા પ્રતાપમાં વધારો થતો રહે.

किं शर्वरीषु शशिनाऽह्नि विवस्वता वा ?
युष्मन्मुखेन्दुदलितेषु तमस्सु नाथ ! ।
निष्पन्नशालिवनशालिनि जीवलोके
कार्यं कियज्जलधरैर्जलभारनम्रैः ? ॥१९॥

સમશ્લોકી

શું રાત્રિમાં શશિ થકી દિવસે રવિ જે !
અંધારૂં તુજ મુખ ચંદ્ર હસતું અતીશે !
શાલિ સુશોભિત રહી નિપજી ધરામાં !
શી મેઘની ગરજ હોય જ આભલામાં ?–૧૯

શ્લોકાર્થ–હે નાથ ! જો તમારા મુખરૂપ ચંદ્ર વડે પાપરૂપ અંધકારનો નાશ થાય છે, તો પછી રાત્રિએ ચંદ્રનું શું કામ છે અથવા દિવસે સૂર્યનું શું કામ છે ? કાંઇ જ નહીં, જો પાકેલા શાલિના વન વડે પૃથ્વીપીઠ શોભતું હોય તો પછી જલના ભારથી નમી ગએલા મેઘનું શું કામ છે ? કાંઈ જ નહીં. અથવા જેમ તૃણ, લતા અને ધાન્યાદિક પાકી ગયા પછી મેઘ માત્ર કાદવ અને શરદી વગેરેના કલેશનું કારણ હોવાથી નિષ્ફળ છે, તેમ તમારા મુખચંદ્ર વડે પાપરૂપ અંધકાર નાશ પામવાથી ચંદ્ર સૂર્ય કેવળ શીતળતા અને તાપનું કારણ હોવાથી નિષ્ફળ છે.—૧૯

વાર્તા. ૧૧ મી શ્લોક ૧૯

જંબુદ્વીપના ભરતક્ષેત્રમાં આવેલી **વિશાલા** નામની નગરીમાં **લક્ષ્મણ**[1] નામનો એક શ્રેષ્ઠિ રહેતો હતો, તે પરોપકારી અને શ્રીમંત હતો. વળી તે ધર્મે જૈન હોવાથી પોતાના ગુરૂ **રામચન્દ્રસૂરિ**[2] પાસેથી આમ્નાય સહિત **ભક્તામરસ્તોત્ર** શીખેલો હતો અને તેનો હમેશાં તે શુદ્ધચિત્તે પાઠ કરતો હતો.

---

૧ ક તથા ગ માં શેઠનું નામ 'લક્ષ્મીકાન્ત' આપેલું છે, જ્યારે ખ માં શેઠનું નામ 'લક્ષ્મણ' જ આપેલું છે.

૨ ક માં ગુરૂનું નામ જ નથી આપવામાં આવ્યું, ખ માં ગુરૂનું નામ 'ચન્દ્રકીર્તિ' આપવામાં આવેલું છે, જ્યારે ગ માં ગુરૂનું નામ 'વિદ્યાચંદ્ર' આપેલું છે.

એક વખતે રાત્રિના સમયે[1] શુદ્ધ વસ્ત્રો પહેરીને એક ચિત્તે **ભક્તામર** સ્તોત્રના ૧૯મા શ્લોકનું શેઠ ધ્યાન ધરતા હતા, તે સમયે **ચક્રેશ્વરી**[2] દેવી આવ્યાં. અને તેજોમય ચન્દ્રકાન્ત મણિ આપ્યો. દેવીએ તુષ્ટમાન થઈ કહ્યું કેઃ–"જ્યારે કોઈપણ ઠેકાણે મહાન અંધકાર હોય ત્યારે તું આ શ્લોકનું સ્મરણ કરજે અને આ મણિને આકાશમાં ઉછાળવાથી સોળે કળાએ પરિપૂર્ણ ચંદ્ર ખીલ્યો હોય તેવો પ્રકાશ કરનાર કૃત્રિમ ચંદ્ર બનશે અને જ્યાંસુધી તારી ઇચ્છા હશે ત્યાંસુધી તે આકાશમાં રહી ચંદ્રના પ્રકાશની ગરજ સારશે, પછી પાછો તે મણિ તારી પાસે આવી મૂળ સ્થિતિમાં રહેશે; આટલું કહી કામ પડે યાદ કરવાની ભલામણ કરી દેવી સ્વસ્થાનકે ગઇ."*

એક વખતે માલવાનો[3] રાજા **મહીધર**[4] નામનો હતો, તે કોઇ પોતાના સમર્થ શત્રુને જીતવાને અને જીવતો પકડવાને માટે એકાએક સૈન્ય લઇને નીકળી પડ્યો,

---

૧ ગ માં 'એક દિવસ સવારમાં' લખેલું છે.

૨ ગ માં 'શાસનદેવ પ્રસન્ન થઇ આવ્યો' લખેલું છે.

* ક માં તદ્દન જુદી જ ઢબનું વર્ણન છે, જે નીચે પ્રમાણે છેઃ–

"શ્રદ્ધાની પણ કસોટી હોય છે તેમ આ **લક્ષ્મીકાન્ત** શેઠની વિધિસરની આરાધનામાં ભંગાણ પાડવા એક વખત દેવ આવ્યા અને શેઠના ગુમાસ્તાનું રૂપ ધારણ કરી શેઠના પૂજનના ઓરડામાં દાખલ થઈ ગભરાએલા અવાજે કહ્યુંઃ–"શેઠ! શેઠ! દોડો! દોડો! આપણી દુકાનમાં મોટી આગ લાગી છે અને લાખો રૂપિઆનો કિંમતી માલ સળગી ગયો છે.

શેઠ તો આ અવાજથી પ્રથમ ચમકયા પરંતુ તેમના હૃદય ઉપર કાંઇ અસર થઈ નહિ, તે તો પોતાના ધ્યાનમાં ફરી લીન થયા.

દેવે પોતાના દાવમાં નિષ્ફળ જવાથી તેણે ફરી બીજી યુક્તિ અજમાવી અને બહાર જઈ થોડીવાર પછી બીજા ગુમાસ્તાનું રૂપ ધારણ કરી એકદમ શેઠની પાસે આવ્યો અને ઉતાવળથી ગભરાતાં ગભરાતાં બોલ્યો કેઃ–"શેઠ! ઉઠો!! ઉઠો!!! ત્રીજા માળની બારીએથી અચાનક જ પડી જવાથી આપનો પુત્ર બેભાન થઈ ગએલ છે; બધા માણસો એકઠા થઇ ગયા છે અને તમને એકદમ બોલાવે છે.

શેઠ તો સાંભળ્યું ન સાંભળ્યું કરી ફરી પોતાના ધ્યાનમાં જોડાયા આ જોઇને દેવ બહુ જ પ્રસન્ન થયો અને પ્રત્યક્ષ શેઠના વખાણ કર્યા અને તેને જે જોઇએ તે માગવા કહ્યું. ત્યારે શેઠે કહ્યું કેઃ–"મારે આપના પ્રતાપે પૂર્ણ સુખ છે, તેમાં મને સંતોષ છે, મારે કાંઈ જોઇતું નથી." તો પણ 'દેવ દર્શન કદી ખાલી જાય નહિ' એમ કહી શેઠને એક સુંદર મણિ આપી દેવ પોતાને સ્થાનકે ચાલ્યો ગયો."

૩ ખ અને ગ માં 'માલવાના રાજા'ના બદલે 'વિશાળાનો રાજા' છે.

૪ ખ અને ગ માં રાજાનું નામ 'મહીધર' નહી પણ 'લોકપાળ' છે.

રસ્તામાં ગાઢ જંગલ આવ્યું અને તે સમયે રાત્રિ પડી ગઈ; અંધકારમાં કોઇ પણ રીતે માર્ગ નહી સુઝવાથી સૈન્ય આગળ વધવાને અશક્ત નીવડયું. આ વખતે **લક્ષ્મણ** શેઠ પણ રાજાની સાથે હતો.

આ પ્રદેશમાં મહા અંધકાર જોઇને રાત્રિ કેવી રીતે વીતાડવી તે પ્રશ્ન મુશ્કેલ થઇ પડયો અને રાજા વિચારવા લાગ્યો કે અંધકારને દૂર કરવા માટે શું ઉપાય લેવો. પોતાના રાજાને આ પ્રમાણે ચિંતાતુર જોઇને **લક્ષ્મણ** શેઠ રાજા પાસે આવ્યો અને કહેવા લાગ્યો કેઃ—"હે દેવ ! હું પૂર્ણચન્દ્ર આપને દેખાડું અને સૈન્યને માટે રાત્રિને દિવસ જેવી કરી નાખું."

રાજાએ કહ્યું કેઃ—"કર, જો તે પ્રમાણે તું મારા પ્રત્યે ઉપકાર કરીશ તો હું તારા મનોવાંછિત પુરા કરીશ."

આ પ્રમાણે સાંભળીને **ભક્તામર**સ્તોત્રનું ચિંતવન કરી કૃત્રિમ ચંદ્રમા પ્રગટ કર્યો. સવાર પહેલાં તો રાજાએ શત્રુરાજાની રાજધાની કબજે કરી અને દુશ્મન રાજાને બાંધી, રાજા પોતાના નગરમાં પાછો આવ્યો.* **લક્ષ્મણ**ને બધા ધનવાનોના કરતાં પણ અધિક ધનવાન બનાવ્યો, **લક્ષ્મણે** રાજાને કહ્યું કે આ બધો સ્તવનનો મહિમા છે.

---

* ગમાં આ વર્ણન પણ નીચે પ્રમાણે છેઃ—

" એક વખત **લક્ષ્મીકાન્ત** શેઠ પરદેશથી પુષ્કળ માલ ભરી દેશમાં આવવા નીકળ્યા, પરંતુ રસ્તામાં જંગલમાં અધવચ્ચ રાત્રિ પડી, ત્યાં ચોર લુંટારાઓનો બહુ જ ત્રાસ હતો. જો ત્યાંથી આગળ ન જવાય તો પાસેની બધી મિલ્કત લુંટાઈ જાય તેમ હતું; ઉપરાંત અમાવાસ્યાની કાળી અંધારી રાત હોવાથી રસ્તો સુઝે તેમ પણ ન હતું. શેઠના હૃદયમાં મુંઝવણ થવા લાગી અને આ સંકટમાંથી બચવા તે ઉપાય શોધવા લાગ્યા.

ખૂબ ઉંડો વિચાર કરતાં પ્રથમ દેવે આપેલો ચન્દ્રકાન્ત મણિ યાદ આવ્યો અને **ભક્તામર** સ્તોત્રના ૧૯મા શ્લોકનું ચિંતવન કરી તે મણિ આકાશને વિષે ઉછાળ્યો, તેથી ચારે તરફ પૂર્ણિમાના ચંદ્ર સરખું ઝળહળતું તેજ ફેલાઇ ગયું અને ચંદ્રની માફક તે મણિ આકાશને વિષે ઉંચે રહી તેજ પ્રસારવા લાગ્યો. એના તેજથી રસ્તો સુઝવાથી શેઠના માણસો તથા શેઠ વગેરે સહિસલામત એ જંગલમાંથી પાર ઉતર્યા.

પ્રભાત થતાં શેઠે ફરી ૧૯મા શ્લોકનું ચિંતવન કરી એ મણિને પાછો ખેંચી લીધો અને પોતાને ગામ આનંદથી પહોંચી ગયા.

આખા નગરમાં જ્યારે આ મણિના પ્રભાવની વાત પ્રસરી ત્યારે રાજાએ પણ શેઠને બોલાવ્યો અને વાત પૂછી તો **લક્ષ્મીકાન્ત** શેઠે **ભક્તામર**નો મહિમા કહી સંભળાવ્યો આથી રાજા વગેરે ઘણા માણસોએ **ભક્તામર** સ્તોત્રનું આરાધન કરવા માંડયું."

એક વખતે **લક્ષ્મણ** રાજાને ધર્મશ્રવણ માટે ગુરૂપાસે લઈ ગયો. ગુરૂએ ઉપદેશ આપતાં કહ્યું કેઃ—

"जैनो धर्मः प्रकटविभवः सङ्गतिः साधुलोके
विद्वद्गोष्ठी वचनपटुता कौशलं सत्कलासु ।
साध्वी लक्ष्मीश्चरणकमलोपासना सद्गुरुणां
शुद्धं शीलं मतिरमलिना प्राप्यते नाल्पपुण्यैः ॥१॥"

અર્થાત્–પ્રગટ પ્રભાવવાળો જૈનધર્મ, સત્પુરૂષોની સોબત, વિદ્વાનો સાથે ગોષ્ઠી –વાર્તાલાપ, વચનપટુતા–બોલવામાં ચતુરાઈ, સુંદર કળાઓમાં કુશળતા, ન્યાયોપાર્જિત લક્ષ્મી, સદ્ગુરૂના ચરણકમળની સેવા, શુદ્ધ શીલ, નિર્મળ બુદ્ધિ આ સઘળા ગુણો અલ્પ પુણ્યથી પ્રાપ્ત થતા નથી, પરંતુ બહુ પુન્યવાન આત્માઓને જ પ્રાપ્ત થાય છે.

ગુરૂપાસેથી દેવ, ગુરૂ અને ધર્મરૂપી ત્રણ રત્નોનું સ્વરૂપ સાંભળીને **મહીધર** રાજાએ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને **લક્ષ્મણ** બધા ધનવાનોને પણ પૂજનીક થયો. કહ્યું છે કેઃ—

"महिमानं महियांसं, सङ्गः सूते महात्मनाम् ।
मन्दाकिनीमृदो वन्द्या–स्त्रिवेदीवेदिनामपि ॥१॥"

અર્થાત્–મહાત્માઓની સોબત મોટા મહિમાને ઉત્પન્ન કરે છે. ત્રણ વેદને જાણનારાઓને ગંગા નદીની માટી પણ વંદનીય થાય છે.

ગુ. સૂ. વૃ. મંત્રામ્નાયઃ—

ॐ ह्रीं पूर्वं मणपज्जवनाणीणं सीयलेसाणं तेउलेसाणं आसीविसभावणाणं दिट्टीविसभावणाणं चारणभावणाणं महासुमिणभावणाणं तेयग्गिनिसग्गाणं नमः स्वाहा ॥–अशिवोपशमनी विद्या ॥

વિધિ—આ મંત્રની સાધના તથા તેનો પ્રભાવ ઉપર અઢારમા કાવ્યમાં કહી ગયા છીએ, તે પ્રમાણે જાણવો. આનાથી બધા ઉપદ્રવનું નિવારણ થાય. અને ચક્રેશ્વરીદેવી પ્રત્યક્ષ થાય.

ज्ञानं यथा त्वयि विभाति कृतावकाशं
नैवं तथा हरिहरादिषु नायकेषु ।
तेजः स्फुरन्मणिषु याति यथा महत्त्वं
नैवं तु काचशकले किरणाकुलेऽपि ॥२०॥

સમશ્લોકી

શોભે પ્રકાશ કરી જ્ઞાન તમા વિષે જે,
તેવું નહીં હરિહરાદિકના વિષે તે;
રત્નો વિષે સ્ફુરિત તેજ મહત્વ ભાસે,
તેવું ન કાચ કકડે ઉજળે ગણાશે. ૨૦

શ્લોકાર્થ–હે પ્રભુ ! અનંત પર્યાયવાળી વસ્તુને વિષે પ્રકાશ કરનારૂં જ્ઞાન જેવું તમારે વિષે શોભે છે તેવું હરિ–વિષ્ણુ, હર–મહાદેવ તથા બ્રહ્મા, બૌદ્ધ વગેરે દેવોને વિષે શોભતું નથી. કેમકે તેઓ કદાચિત ભયાદિક દેખાડીને પોતાનું નાયકપણું બતાવે છે તો પણ તેઓ વિભંગજ્ઞાની જ છે, તેથી તેઓના શાસ્ત્રોમાં પૂર્વાપરનો વિરોધ સ્પષ્ટ રીતે જોવામાં આવે છે, જેવી રીતે ગમે તેવો તેજસ્વી કાચનો કકડો હોય તો પણ તેનું દેદીપ્યમાન તેજ વજ્ર, વૈડૂર્ય, પદ્મરાગ અને ઇંદ્રનીલ વગેરે મણિના તેજ પાસે જરા પણ ગૌરવપણું પ્રાપ્ત કરતું નથી, તેવી જ રીતે તમારા જ્ઞાન પાસે તેઓનું જ્ઞાન નિષ્ફળ છે–નકામું છે.—૨૦

વાર્તા ૧૨ મી શ્લોક ૨૦

શ્રી **નાગપુર** નામના નગરમાં **મહીપતિ**[1] નામનો રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને માનીતો **સોમદેવ** નામનો પુરોહિત હતો, તે ગામમાં વિહાર કરતાં કરતાં શ્રી **વિજયસેનસૂરિ**[2] નામના એક જૈનાચાર્ય પધાર્યા. તેઓ હમેશાં રાત્રિના સમયે **ભક્તામર**સ્તોત્રનો પાઠ કરતા હતા અને તે પાઠના પ્રભાવથી એક વખતે તેઓ **ભક્તામર**સ્તોત્રના ૨૧ મા શ્લોકનું ચિંતવન કરતા હતા, તે વખતે **ચક્રેશ્વરી** દેવીએ પ્રગટ થઇને તેઓને બધી જાતના પ્રશ્નો જાણવાની વિદ્યા આપી હતી.

એક દિવસે **મહીપતિ** રાજા સભા ભરીને બેઠો હતો, તે વખતે પોતાની રાણીને રહેલા ગર્ભ સંબંધી પોતાની સભામાં બેઠેલા રાજપુરોહિત તથા બીજા પણ જ્યોતિષીઓને રાજાએ પ્રશ્ન કર્યો કે:–"મારી રાણીને ગર્ભ રહેલો છે તો તે ગર્ભનો જન્મ ક્યારે થશે અને તે પુત્ર હશે કે પુત્રી ? તથા તેના જન્મથી મારે ત્યાં શું થશે ?"

રાજાના આ પ્રશ્નના જવાબમાં પુરોહિત તેમજ બધા જ્યોતિષીઓ મૌન રહ્યા તેથી શ્રી **વિજયસેનસૂરિ**ને સન્માન સહિત રાજદરબારમાં બોલાવ્યા. રાજાએ તેઓને વંદન કર્યું અને પોતાનો પ્રશ્ન પૂછ્યો.

---

૧ ક માં રાજાનું નામ 'મહિપતસિંહ' છે, ખ માં રાજાનું નામ 'નાગરાજ' છે, તથા ગ માં રાજાનું નામ 'રાજસિંહ' આપેલું છે.

૨ ક માં સાધુનું નામ નહી આપતાં એક 'શ્રીપૂજ્ય' એમ લખેલું છે, જ્યારે ખ તથા ગ માં સાધુનું નામ 'વિદ્યાનંદી' આપેલું છે.

આચાર્ય મહારાજે રાજા, પુરોહિત તથા સભા સમક્ષ કહ્યું કેઃ–"મહારાજ! સાંભળો 'આવતી કાલે તમારી પટ્ટરાણીને ત્રણ નેત્રવાળો એક પુત્ર અવતરશે અને તે પછી બારમા દિવસે એટલે આજથી તેરમા દિવસે આપના મુખ્ય હસ્તીનું મરણ થશે.' અને તે ત્રણ નેત્રવાળો પુત્ર ઘણો જ બળવાન અને સમૃદ્ધિવાન થશે."

આ સાંભળી જેઓના ગળામાં જનોઇ રહેલી છે એવા બ્રાહ્મણો ગુરૂમહારાજના આ વચનોની હાંસી કરવા લાગ્યા, જેઓનો રાજાએ નિષેધ કર્યો. ગુરૂના કહેવા પ્રમાણે જ રાજાની પટરાણીએ બીજે દિવસે ત્રણ નેત્રવાળા પુત્રને જન્મ આપ્યો અને પુત્રના જન્મથી બરાબર બારમા દિવસે રાજાના પટ્ટહસ્તીનું મરણ થયું; એ રીતે ગુરૂમહારાજના કહેલા વચનો સત્ય થયાં.

તેરમા દિવસે **મહીપતિ** રાજાએ ગુરૂમહારાજને બોલાવીને રાજ્ય સિંહાસન ઉપર બેસાડ્યા અને તેઓની સ્તુતિ કરવા માંડી, ગુરૂમહારાજનું આવું ચમત્કારીક જ્ઞાન જોઇને દ્વેષી બ્રાહ્મણોના મુખ કાળાં પડી ગયાં અને જમીન તરફ નીચું મુખ રાખીને જોવા લાગ્યા એટલે કે તેઓ ઝંખવાણા પડી ગયાં અને ગુરૂને નમસ્કાર કરવા લાગ્યા. પ્રસન્નમુખે ગુરૂમહારાજ આશીર્વાદ આપતાં બોલ્યા કેઃ—

'आधारो यस्त्रिलोक्या जलधिजलधरार्कैन्दवो यन्नियोज्या
भुज्यन्ते यत्प्रसादादसुरसुरनराधीश्वरैः सम्पदस्ताः।
आदेश्या यस्य चिन्तामणिसुरसुरभीकल्पवृक्षाद्यस्ते,
श्रीमान् जैनेन्द्रधर्मः किसलयतु स वः शाश्वतीं शर्मलक्ष्मीम् ॥१॥

અર્થાત્:–જે ત્રણે લોકનો આધાર છે, જેનાથી સમુદ્ર, મેઘ, સૂર્ય અને ચંદ્ર નિયમ મુજબ ચાલે છે, જેની કૃપાથી અસુર સુર મનુષ્યો અને રાજાઓ વડે તે તે સંપદાઓ ભોગવાય છે, જેના આદેશ પ્રમાણે ચિંતામણિ રત્ન કામધેનુ અને કલ્પવૃક્ષાદિ વર્તે છે, તે શ્રીમાન્ જિનેન્દ્ર કથિત ધર્મ તમોને શાશ્વતી મોક્ષલક્ષ્મી આપો.

હમેશાં સુખને આપનાર જૈનધર્મના મહિમાનું શ્રવણ કરી રાજાએ શ્રાવકધર્મનો સ્વીકાર કર્યો, બીજાઓએ પણ જનધર્મનો સ્વીકાર કર્યો.

અહીંયાંથી શરૂ કરીને છ શ્લોક સુધીના મન્ત્રો સૂરિમન્ત્રથી જાણી લેવા.

मन्ये वरं हरिहरादय एव दृष्टा
दृष्टेषु येषु हृदयं त्वयि तोषमेति।
किं वीक्षितेन भवता भुवि येन नान्यः
कश्चिन्मनो हरति नाथ! भवान्तरेऽपि ॥२१॥

સમશ્લોકી

માનું રૂડું હરિહરાદિકને દીઠા તે!
હૃદય આપ વિષે ઠરે છે;
જોવા થકી જગતમાં પ્રભુનો પ્રકાશ,
જન્માન્તરે ન હરશે મન કોઈ નાથ!-૨૧

શ્લોકાર્થઃ-હે નાથ! હરિહરાદિ દેવોને મેં દીઠા, તે સારૂં જ થયું, કારણ કે એમને દેખ્યા છતાં મારૂં ચિત્ત આપને વિષે જ સંતુષ્ટ થાય છે અને આ લોકમાં આપને દેખી લેવાથી વિશેષ લાભ એ થયો કે હવે કોઈ પણ જન્માંતરમાં કોઈ અન્ય દેવ મારા મનનું હરણ કરી શકશે નહિ.-૨૧

વાર્તા ૧૩ મી શ્લોક ૨૧

શ્રી વાયડ નામના ગામની અંદર પરકાયપ્રવેશ વિદ્યાના જાણકાર શ્રી જીવદેવ-સૂરિએ[1] **ભક્તામર** સ્તોત્રના ૨૧ મા શ્લોકનો આમ્નાય સહિત જાપ કરીને **અપ્રતિચક્રા** (ચક્રેશ્વરી) દેવી પાસેથી સર્વ દેવોને પ્રકટ કરવાની શક્તિ પ્રાપ્ત કરી હતી.

તેઓશ્રી વિહાર કરતા કરતા મનોહર **ગૂર્જરભૂમિ**ની અંદર આવેલા **સોરઠ** દેશમાં શ્રી **દેવપત્તન**[2] (પ્રભાસપાટણ) નગરે પધાર્યા, ત્યાં શ્રી **સોમનાથ** મહાદેવનું પ્રસિદ્ધ મંદિર આવેલું હતું.

ગામમાં તપાસ કરતાં એક પણ જૈનમંદિર નહિ જોવાથી સૂરિજીએ ગામના એક વૃદ્ધ પુરુષને બોલાવીને હકીકત પૂછી તો માલુમ પડયું કે પહેલાં આ ગામમાં ઘણા જૈનોની વસ્તી હતી, પરંતુ મુનિમહારાજના વિહાર વિના અને ગામમાં બ્રાહ્મ-ણોનું પ્રસિદ્ધ તીર્થસ્થળ હોવાને લીધે ઘણાખરા જૈનો અન્યધર્મી થઈ ગયા છે; અને હાલ તો જૈન નામને પણ કોઇ જાણતું નથી.

આ પ્રમાણેની હકીકત સાંભળી આચાર્ય મહારાજને ઘણો જ ખેદ થયો અને કોઇ પણ ઉપાયે શૈવ બની ગયેલા જૈનોને પુનઃ જૈન બનાવવા વિચાર થયો. તે માટે પ્રથમ જનસમૂહનું આકર્ષણ કરવા નિમિત્તે પોતે પોતાના શિષ્ય પરિવાર સહિત **સોમનાથ** મહાદેવના મંદિરમાં ગયા. ત્યાં ગયા પછી થોડીવારમાં લોકોમાં ખબર થઇ કે કોઈ જૈન સાધુ મહાદેવના મંદિરમાં મહાદેવને નમસ્કાર કરવા જાય છે. તેથી લોકો ટોળે ટોળાં મળી ભેગાં થયાં.

---

૧. ક માં આચાર્યનું નામ 'દેવસૂરિ' છે, ખ માં નામ 'જીવનંદી' છે; જ્યારે ગ માં નામ 'ક્ષમાશીલ' આપેલું છે.

૨. ક માં ગામનું નામ 'સુંદરપુર' છે, જ્યારે ખ અને ગ માં ગામનું નામ 'દેવપુર' આપેલું છે.

અહીંયાં આચાર્ય મહારાજે **ચક્રેશ્વરી** દેવીના આરાધનના પ્રભાવથી **સોમેશ્વર**ને બોલાવ્યા, વળી **શિવ**ને બોલાવ્યા, **બ્રહ્મા** તથા **વિષ્ણુ**ને પ્રાસાદમાંથી આવતા બતાવ્યા, **સૂર્ય-ગણેશ-સ્કન્દ** વગેરેને પણ ચાલતા બતાવ્યા, આ પ્રમાણે બધા દેવોને પ્રકટ થએલા જોઈને ગામના લોકો પણ આશ્ચર્યમુગ્ધ થઈ ગયા, વળી **શિવને ચંદ્રપ્રભુ**ના જિનમંદિર તરફ પૂજન કરવા જતાં અને નમતાં, તથા **સોમેશ્વર**ને પૂજન કરીને આઠમા તીર્થંકરને નમન કરીને પ્રભુનો હાથ માગતાં અને પ્રભુએ તેમનો હાથ પકડતાં બતાવ્યા. આ પ્રમાણે બતાવીને છેવટે હરિહરાદિને અદૃશ્ય થતા પણ બતાવ્યા, પછી આચાર્ય ઉપાશ્રયે પાછા ચાલ્યા ગયા, અને શાસનની મહાઉન્નતિ થઈ.

स्त्रीणां शतानि शतशो जनयन्ति पुत्रान्
नान्या सुतं त्वदुपमं जननी प्रसूता।
सर्वा दिशो दधति भानि सहस्ररश्मिं
प्राच्येव दिग् जनयति स्फुरदंशुजालम् ॥२२॥

સમશ્લોકી

સ્ત્રી સેંકડો પ્રસવતી કદી પુત્ર બાળા,
ના અન્ય આપ સમ કો પ્રસવે જનેતા!
તારા અનેક ધરતી જ દિશા બધીય,
તેજે સ્ફુરીત રવિને પ્રસવે જ પૂર્વ.-૨૨

શ્લોકાર્થ:—જેમ તારાના સમૂહને તો સઘળી દિશાઓ ધારણ કરે છે, પરંતુ સ્ફુરાયમાન તેજસ્વી કિરણોના સમૂહવાળા સૂર્યને તો એક માત્ર પૂર્વ દિશા જ ઉત્પન્ન કરે છે; તેમ સેંકડો સ્ત્રીઓ સેંકડો પુત્રને જન્મ આપે છે, પરંતુ આપ જેવા પુત્રને જન્મ આપનારી બીજી કોઇ માતા નથી. [**भट्टेवा** જેવી કોઈકે ભાગ્યશાળી માતાઓ જ તમારા જેવા તીર્થંકર પુત્રને જન્મ આપે છે].-૨૨

વાર્તા ૧૪ મી શ્લોક ૨૨

શ્રી **ગુડશસ્ત્રપત્તન**[1] નામના નગરમાં **વૃદ્ધકર**[2] નામના બૌદ્ધાચાર્યને શાસ્ત્રાર્થમાં **ભુવનમુનિ**[3]એ જીત્યો હતો. તે બૌદ્ધાચાર્ય મરીને યક્ષ તરીકે ઉત્પન્ન થયો. પૂર્વ-ભવમાં જૈનમુનિથી પામેલા પરાભવને યાદ કરીને જૈન સંઘને ઉપદ્રવ કરવા લાગ્યો. સંઘે દુષ્ટ યક્ષનું દમન કરવા માટે **ભક્તામર**સ્તોત્રનાં ૨૨ મા શ્લોકની સાધના

૧. ક માં ગામનું નામ '**કુંદનપુર**' છે, જ્યારે ગ માં ગામનું નામ '**નંદનપુર**' છે. ૨. ક, ખ તથા ગ માં બૌદ્ધાચાર્યનું નામ '**પ્રજ્ઞાકર**' છે. ૩. ક, ખ અને ગ માં જૈનાચાર્યનું નામ '**મતિસાગર**' છે.

જેઓએ કરેલી છે, એવા વૃદ્ધાવસ્થાને પ્રાપ્ત થએલા વિદ્યાસિદ્ધ **આર્યખપુટાચાર્યને** ઉત્સાહપૂર્વક **'ગુહશસ્ત્રપત્તન'** ના વિષે વિનંતિ કરી બોલાવ્યા

ગુરૂમહારાજ યક્ષના મંદિરને વિષે ગયા અને યક્ષના કાન પર પગ મૂકીને સૂઇ ગયા. એવામાં યક્ષનો પૂજારી ત્યાં આવ્યો, તે આ બનાવ જોઇને બોલ્યો કેઃ– "અરે દુર્વિનીત ! જલદી ઊભો થા, નાહકનો મરી જઈશ."

આ બધું સાંભળ્યા છતાં આચાર્ય મહારાજ ચોતરફ વસ્ત્ર બરાબર લપેટીને કપટનિદ્રાએ સુતેલા હતા તેથી કાંઈ પણ પ્રત્યુત્તર આપ્યો નહિ. આ બનાવનું પૂજારીએ રાજાને નિવેદન કર્યું, ત્યારે રાજા તેમના પર કોપાયમાન થયો. અને પોતાના માણસો મોકલીને તેઓને ઉઠાડવાનો પ્રયત્ન કરાવ્યો, પણ તેઓ તો વસ્ત્રથી આચ્છાદિત હોવાથી જાગ્યા જ નહિ એટલે તેમણે એ વૃત્તાંત આવી રાજાને જણાવ્યો, જે સાંભળતાં તે અધિક કોપાયમાન થઈ કહેવા લાગ્યો કેઃ–"એને પત્થર અને લાકડીવતી ખુબ માર મારો."

રાજસેવકોએ તે પ્રમાણે કર્યું, પરંતુ આચાર્યને તો મારની કાંઇ ખબર જ ન પડી. એવામાં તરત નગર અને અંતઃપુરમાં કોલાહલ જાગ્યો અને કંચુકીઓ પોકાર કરતા, રાજા પાસે આવીને કહેવા લાગ્યા કેઃ–"હે સ્વામિન્! અમારૂં રક્ષણ કરો, રક્ષણ કરો. પત્થર અને લાકડીવતી કરેલા અદૃષ્ટ પ્રહારોથી કોઇએ સમસ્ત અંતઃપુરને જર્જરિત કરી નાખેલ છે."

આ સાંભળતાં રાજા ચિંતવવા લાગ્યો કેઃ–"અવશ્ય આ કોઈ વિદ્યાસિદ્ધ પુરુષ છે. તેથી પ્રહારો અંતઃપુરમાં ચલાવે છે અને પોતાનો બચાવ કરે છે, માટે મારે તેઓ માનનીય છે." એમ ધારી અધિષ્ઠાયક દેવની માફક રાજાએ મધુર વચનથી આચાર્યને શાંત કર્યા, ત્યારે કપટનિદ્રા તજીને **આર્યખપુટાચાર્ય** મહારાજ જાગ્રત થઇને ઉભ્યા ત્યાં જમીન સુધી મસ્તક નમાવીને રાજાએ તેઓને નમસ્કાર કર્યા.

પછી આચાર્યમહારાજે યક્ષને કહ્યું કેઃ–" હે યક્ષ ! તું મારી સાથે ચાલ." ત્યારે તે સાથે ચાલ્યો અને તેની પાછળ પાછળ **શિવ વિનાયક** વગેરે યક્ષ મંદિરમાંની બીજી પણ દેવમૂર્તિઓ ચાલવા લાગી. વળી એક હજાર પુરુષો ઉઠાવી શકે એવી પત્થરની ત્યાં બે કુંડીઓ પડી હતી, તેને પણ ગુરૂએ પોતાની પાછળ પાછળ ચલાવી, એવી રીતે કૌતુકથી તેઓનો પ્રવેશોત્સવ થયો. એમ આચાર્ય મહારાજનો અદ્‌ભુત પ્રભાવ જોઈ રાજા અને નગરલોકો પણ જિનશાસનના ભક્ત થયા અને શાસનનો મહિમા વિસ્તર્યો. છેવટે રાજાની વિનંતિથી શાંત થએલા સૂરિજીએ યક્ષને તેના સ્થાને પાછો મોકલ્યો અને બે કુંડીઓ ત્યાં જ રહેવા દીધી.

त्वामामनन्ति मुनयः परमं पुमांस-
मादित्यवर्णममलं तमसः पुरस्तात् ।
त्वामेव सम्यगुपलभ्य जयन्ति मृत्युं
नान्यः शिवः शिवपदस्य मुनीन्द्र ! पन्थाः ॥२३॥

સમશ્લોકી

માને પરંપુરૂષ સર્વ મુનિ તમોને,
ને અંધકાર સમીપે રવિ શુદ્ધ જાણે;
પામી તને સુરીત મૃત્યુ-જીતે મુનીંદ્ર,
છે ના બીજો કુશળ મોક્ષ તણો જ પંથ-૨૩

શ્લોકાર્થઃ-હે મુનીંદ્ર ! પ્રભુ ! મુનિઓ તમોને પરમ પુરુષ કહે છે. અથ.ત્ મિથ્યાત્વી જીવ બાહ્યાત્મા કહેવાય છે, સમ્યગ્દૃષ્ટિ કર્મવાળો જીવ અંતરાત્મા કહેવાય છે અને કર્મરહિત થએલ જીવ પરમાત્મા કહેવાય છે, તેવા પરમાત્મા તમે છો, એમ મુનિઓ કહે છે, તમે સૂર્ય સમાન સ્વયં તેજસ્વી છો, અમલ-રાગ દ્વેષ રહિત છો, તથા પાપરૂપ અંધકારથી દૂર છે. તમને જ અંતઃકરણની શુદ્ધિવડે પામીને-જાણીને પ્રાણીઓ મૃત્યુને જીતે છે-સિદ્ધ થાય છે. તે સિવાય બીજો કોઇ પણ ઉપદ્રવ રહિત મોક્ષનો માર્ગ નથી.

વાર્તા ૧૫મી શ્લોક ૨૩મો.

આગળ જેઓનું વર્ણન કરી ગયા છીએ, તે વિદ્યાસિદ્ધ શ્રી **આર્યખપુટાચાર્યે** ભક્તામરસ્તોત્રના તેવીસમા શ્લોકની સાધના કરીને સર્વ અભીષ્ટ વસ્તુઓને દેવાવાળી એવી **ચક્રેશ્વરી** દેવી પાસેથી દુષ્ટવ્યંતરને કબજે કરવાનું વરદાન મેળવ્યું હતું, તે શ્રી **આર્યખપુટાચાર્ય** વિહાર કરતા કરતા **'ઉજ્જયિની'** નામની નગરીએ આવ્યા

તે **ઉજ્જયિની** નગરીના ઉદ્યાનના મધ્યભાગમાં **ચંડિકા** દેવીનું એક મંદિર હતું, તે હિંસાપ્રિય દેવીની પાસે નિરંતર અનેક પ્રકારનાં નિર્દોષ અવાચક પ્રાણીઓનો સંહાર થતો હતો, તેથી ઉદ્યાનમાં ઠેકાણે ઠેકાણે લોહી, હાડકાં, માંસ, મરેલાં જાનવરનાં કલેવરો વગેરે પડેલાં હતા. સાંજનો સમય થઇ જવાથી આચાર્ય મહારાજ રાત્રિ વીતાવવા માટે તે **ચંડિકા**ના મંદિરની નજીકની ભૂમિમાં રહ્યા.

થોડી રાત્રિ વીત્યાબાદ ક્રોધાયમાન થએલી **ચંડિકા** દેવી મુનિને પોતાના મંદિરની નજીકમાં ધ્યાનસ્થ જોઈ એકદમ ક્રોધથી રાતી પીળી થઈ ગઈ અને મુનિના ગળે નખ માર્યો, જે તેણીના કપોળમાં જ લાગ્યો આ પ્રમાણે જોઈને દેવી ઉપસર્ગ કરવા છોડી દઇ મુનિના પગમાં પડી અને તેઓની ક્ષમા માંગી અને કહ્યું કે આપ

કાંઇ આજ્ઞા કરો. ગુરૂએ જીવહિંસા બંધ કરવાનું કહ્યું અને જીવો પર થતા ઉપસર્ગનું નિવારણ કર્યું અને તેણીને શાંતિ પમાડી. સવારમાં તેઓની સાથે ઉપાશ્રય તરફ જતાં નગરના દરવાજે તેઓની પૂજા અને વંદન કરી પોતાના મંદિરમાં પાછી ગઇ. તેણીના કપોલના વિષે નખરેખા તેવીને તેવી જ કાયમ રહી. આ વૃતાંત લોકોના જાણવામાં આવવાથી લોકોમાંથી પણ કેટલાકે ગુરૂમહારાજનો ઉપદેશ શ્રવણ કરી સમ્યકત્વ અંગિકાર કર્યું અને ગુરૂના ગુણનું સ્મરણ કરતાં કરતાં પોતાને ઘેર ગયા.

त्वामव्ययं विभुमचिन्त्यमसङ्ख्यमाद्यं
ब्रह्माणमीश्वरमनन्तमनङ्गकेतुम् ।
योगीश्वरं विदितयोगमनेकमेकं
ज्ञानस्वरूपममलं प्रवदन्ति सन्तः ॥२४॥

સમશ્લોકી

તું આદિ અવ્યય અચિંત્ય અસંખ્ય વિભુ,
છે બ્રહ્મ ઈશ્વર અનંત અનંગકેતુ;
યોગીશ્વર વિદિતયોગ; અનેક એક,—
કે'છે તને વિમળ જ્ઞાનસ્વરૂપ સંત.–૨૪

શ્લોકાર્થઃ—હે પ્રભુ! સંત પુરુષ તમોને અવ્યય એટલે સર્વ કાળે એકસ્થિર સ્વભાવવાળા હોવાથી હાનિવૃદ્ધિ રહિત, તથા વિભુ એટલે પરમ ઐશ્વર્ય વડે શોભનાર અથવા કર્મનો નાશ કરવામાં સમર્થ, અચિંત્ય એટલે આધ્યાત્મિક પુરુષો વડે પણ ચિંતવી ન શકાય તેવા અથવા અચિંત્ય ગુણવાળા, અસંખ્ય એટલે તમારા ગુણની સંખ્યા ન હોવાથી અસંખ્ય, અથવા અનંત જ્ઞાનવાળા છતાં પણ સંસાર અનંત હોવાથી સર્વ જીવોના સર્વ ભવોની સંખ્યા નહિ કરી શકવાથી અસંખ્ય અથવા અનંત અર્થવાળા અકારાદિક વર્ણોની સંખ્યા નહીં કરી શકવાથી અસંખ્ય, અથવા ગુણથી અને કાળથી તમારી સંખ્યા થઇ શકતી નથી માટે અસંખ્ય. આદ્ય એટલે લોકવ્યવહારની આદિમાં થએલા હોવાથી આદ્ય, અથવા પાંચ પરમેષ્ઠીની મધ્યે પ્રથમ હોવાથી આદ્ય, અથવા ચોવીશ તીર્થંકરમાં પ્રથમ હોવાથી આદ્ય, અથવા સર્વ તીર્થંકરો પોતપોતાના તીર્થની આદિ કરનાર હોવાથી આદ્ય. બ્રહ્મા એટલે અનંત આનંદ વડે વૃદ્ધિ પામનાર. ઈશ્વર એટલે સર્વ દેવોના સ્વામી અથવા ઐશ્વર્યયુક્ત હોવાથી કૃતાર્થ. અનંત એટલે અનંત જ્ઞાનદર્શનવાળા અથવા મૃત્યુરૂપ અંત રહિત. અનંગકેતુ એટલે કામદેવનો નાશ કરવામાં કેતુ સમાન એટલે કે જેમ ઉદય પામેલો કેતુનો તારો જગતનો ક્ષય કરે છે, તેમ ભગવાન કામદેવનો ક્ષય કરે છે, અથવા

વૈક્રિય, ઔદારિક, આહારક, તૈજસ અને કાર્મણ એ પાંચે અંગ–શરીરના કેતુ–ચિન્હ રહિત હોવાથી અનંગકેતુ. યોગીશ્વર એટલે મન, વચન અને કાયાને જીતનારા, યોગીઓના એટલે ચાર જ્ઞાનવાળાના અથવા ધ્યાનીના ઈશ્વર અથવા સયોગી કેવળીના માન્ય હોવાથી ઈશ્વર. વિદિતયોગ એટલે જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ યોગને જાણનાર અથવા ધ્યાનીઓએ જેનાથી યોગ જાણ્યો છે તેવા, અથવા 'વિ' એટલે વિશેષે કરીને, 'દિતઃ' એટલે નાશ કર્યો છે, 'યોગઃ' જીવની સાથે ક્ષીરનીરના ન્યાયથી રહેલો કર્મબંધ જેણે એવા. અનેક એટલે જ્ઞાને કરીને સર્વમાં રહેલા હોવાથી અનેક, અથવા ગુણ અને પર્યાય અનેક હોવાથી અનેક, અથવા એક ઠેકાણે અનેક સિદ્ધ હોવાથી અનેક, અથવા **ઋષભ** વગેરે અનેક વ્યક્તિ હોવાથી અનેક, અથવા નામ સ્થાપના, દ્રવ્ય સ્થાપના અને ભાવ સ્થાપના રૂપે હોવાથી અનેક. એક એટલે અદ્વિતીય, ઉત્તમ અથવા એક જીવની અપેક્ષાએ એક. જ્ઞાનસ્વરૂપ એટલે કેવળજ્ઞાનના સ્વરૂપવાળા તથા અમલ એટલે અઢાર દોષરૂપ મળ રહિત છો આ રીતે તમોને કહે છે.–૨૪

बुद्धस्त्वमेव विबुधार्चित ! बुद्धिबोधात् ।
त्वं शङ्करोऽसि भुवनत्रयशङ्करत्वात् ।
धाताऽसि धीर ! शिवमार्गविधेर्विधानात्
व्यक्तं त्वमेव भगवन् पुरुषोत्तमोऽसि ॥२५॥

સમશ્લોકી

છો બુદ્ધિ–બોધ થકી હે ! સુરપૂજ્ય બુદ્ધ,
છો લોકને સુખદ–શંકર તેથી શુદ્ધ !
છો મોક્ષ–માર્ગ–વિધિ–ધારણથી જ ધાતા,
છો સ્પષ્ટ આપ પુરૂષોત્તમ સ્વામી ત્રાતા.—૨૫

શ્લોકાર્થ:—હે ઇંદ્રાદિક દેવોથી પૂજિત પ્રભુ ! પદાર્થોને વિષે તમારી જ મતિનો પ્રકાશ હોવાથી સાચા **બુદ્ધ** તમે જ છો. અથવા 'વિબુધ' એટલે પંડિતો, પંડિતો એટલે ગણધરો તેમણે 'અર્ચિત' એટલે પૂજિત જે તીર્થંકરો, તેની 'બુદ્ધિ' એટલે કેવળજ્ઞાન, તેના વડે 'બોધાત્' એટલે વસ્તુસમૂહનું જ્ઞાન હોવાથી તમે જ **બુદ્ધ** છો. તથા ત્રણ જગતના જીવોને સુખ કરનાર હોવાથી તમે જ સાચા **શંકર** છો. હે ધીર ! ત્રણ રત્ન રૂપ મોક્ષમાર્ગનું વિધાન કરવાથી તમે જ ધાતા–**બ્રહ્મા** છો. હે ભગવાન્ ! તમે જ સર્વ પુરૂષોમાં ઉત્તમ છો. તેથી સ્પષ્ટ રીતે તમે જ **પુરૂષોત્તમ**–વિષ્ણુ છો. અર્થાત્ **બુદ્ધ, શંકર, બ્રહ્મા** અને વિષ્ણુ, તેઓ નામ પ્રમાણે ગુણવાળા

નથી. કારણકે બુદ્ધ કેવળજ્ઞાન રહિત છે, શંકર સંહાર કરનાર છે, બ્રહ્મા હિંસક વેદનો ઉપદેશ આપનાર છે અને વિષ્ણુ માયાકપટ યુક્ત છે. અને તે નામોના યથાર્થ ગુણો તો તમારામાં જ છે.–૨૫

વાર્તા ૧૬મી શ્લોક ૨૪–૨૫

શૌર્યપુર[1] નામના નગરમાં જીતશત્રુ[2] નામનો મહા પરાક્રમી, બળવાન અને નીતિવાન રાજા રાજ્ય કરતો હતો. તે રાજાને રૂપમાં રંભા સમાન અને શીલવંત બહોંતેર રાણીઓ હતી.

એક દિવસ વસંતઋતુ પૂર બહારમાં ખીલી રહી હતી, સુગંધ–પરિમલ ચારે બાજુ પ્રસરી રહ્યો હતો, કોકિલા મધુર સ્વરે આલાપ કરતી હતી, તે વખતે માળીએ આવી મહારાજાને વસન્તની મોજ અનુભવવા અને વિશ્રાન્તિ લેવા ઉદ્યાનમાં પધારવા કહ્યું. રાજા રાણીઓ સહિત બગીચામાં જઇ વસંતની મોજ અનુભવવા લાગ્યો.

ઉદ્યાનમાં ક્રીડા કરતાં કરતાં કોઈ એક વ્યંતર તે રાણીઓને વળગ્યો અને રાણીઓને બેભાન સ્થિતિમાં લાવી મૂકી. ગાંડા માણુસની માફક જેમ તેમ રાણીઓ બોલવા લાગી તેમજ અનેક ચેષ્ટાઓ કરવા લાગી; તેથી રાજા તેમજ બીજા માણુસો બહુ દુઃખી થવા લાગ્યા અને ચારે બાજુ શોક ફેલાઈ રહ્યો.

રાજાએ તુરતજ **શૌર્યપુર** નગરમાંથી મંત્ર–યંત્ર–તંત્ર જાણનારાઓને બોલાવી રાણીઓના વ્યંતરને કાઢવા કહ્યું, માંત્રિકો–તાંત્રિકોએ બહુ બહુ પ્રયત્નો કર્યા, પણ સર્વે નિષ્ફળ ગયા. જ્યારે કોઇપણ પ્રયત્ન ફળીભૂત થયો નહિ, ત્યારે રાજા નિરાશ થઈ ગયો.

આ સમયે રાજાના ભાગ્યથી જ જાણે પધાર્યા હોય નહિ, તેમ વિહાર કરતાં કરતાં **શાંતિસૂરિ**[3] શ્વેતાંબરાચાર્ય **શૌર્યપુર** નગરને વિષે પધાર્યા, આ **શાંતિસૂરિ** મહારાજે **ભક્તામરસ્તોત્રના** ૨૪મા શ્લોકનું આરાધન કરવાથી **ચક્રેશ્વરી** દેવી પ્રસન્ન થએલાં હતાં, આવા મહાપ્રભાવશાળી આચાર્ય મહારાજના રાજાની રાણીને વ્યંતર વળગ્યાનો વૃત્તાંત જાણવામાં આવ્યો. તેથી શાસનની પ્રભાવના કરવાની જ એક માત્ર ઇચ્છાથી ગુરૂમહારાજે અવધૂતનો વેષ લીધો અને ફરતા ફરતા રાજ-મંદિર અગાડી આવી પહોંચ્યા, અને બોલ્યા કે આ રાણીઓને દોષ રહિત હું કરી શકું તેમ છું.

---

૧. ક અને ગ માં નગરનું નામ 'સૂર્યપુર' છે, જ્યારે ખ માં નગરનું નામ 'સૂરીપુર' છે.
૨. કમાં રાજાનું નામ 'અજિતસિંહ' છે.
૩. ક, ખ અને ગ માં મુનિનું નામ 'શાંતકીર્તિ' છે.

તેઓના આ વચનોનું શ્રવણ કરીને રાજાએ તેઓને અંતઃપુરની પાસે સોનાના સિંહાસન પર બેસાડયા અને કહ્યું કેઃ-"હે ભગવન્ ! મારા પર કૃપા કરી રાણીઓને જેમ બને તેમ જલદી જીવિતદાન આપી મારા જીવનનો ઉદ્ધાર કરો અને તેના બદલામાં ભલે મારૂં રાજ્ય ગ્રહણ કરો."

આ પ્રમાણે આચાર્યમહારાજને વિજ્ઞપ્તિ કરવાથી આચાર્ય મહારાજે પ્રાસુક નિર્મળ જળ મંગાવીને મંત્રીને આપ્યું અને કહ્યું કે "આ પાણીને દરેક રાણીની આંખ પર છાંટો અને તેનું પાન દરેક રાણીને કરાવો." આ પ્રમાણે કરવાથી બેહોંતેરે રાણીઓને વળગેલો દુષ્ટ વ્યંતર તુરતજ પલાયન થઈ ગયો.

આ પ્રમાણેનો અલૌકિક પ્રભાવ પ્રત્યક્ષ જોઈ રાજા અને રાણીઓ ગુરૂમહારાજને વંદન કરી, તેઓની વારંવાર પ્રશંસા કરતાં તેઓની પાસે ધર્મદેશના સાંભળવા બેઠાં,

ગુરૂ મહારાજ શ્રી શાંતિસૂરિએ ધર્મદેશના આપતાં કહ્યું કેઃ—

"ज्ञानादित्रितयोच्चशालकलितं शीलाङ्गसंज्ञैः पुरः
सत्सूत्रैः कपिशीर्षकैः परिगतं दानादिसद्गोपुरम् ।
क्षान्त्याद्युच्चदशप्रकारविलसद्यन्त्रं शमाम्भोनिधिं
भीताः कर्मरिपोः श्रयध्वमधुना सद्धर्मदुर्गं जनाः ॥१॥

અર્થાત્:-સમ્યગ્દર્શન સમ્યગ્જ્ઞાન અને સમ્યગ્ચારિત્રરૂપ ત્રણ કોટ યુક્ત, અને અઢાર હજાર શીલના અંગોવડે યુક્ત, ઉત્તમ સૂત્ર રૂપ કાંગરાવડે સહિત, દયા આદિ રૂપ દરવાજાવાળો, ક્ષમા આદિ દશ પ્રકારના યતિધર્મરૂપ યન્ત્રવાળો, અને શમરૂપી પાણીનો ભંડાર એવા સદ્ધર્મરૂપ કિલ્લાનો કર્મરૂપ શત્રુથી ભયભીત થએલા હે મનુષ્યો ! તમે આશ્રય કરો.

આ પ્રમાણે સાંભળીને રાજાએ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને પોતાના આખા રાજ્યની અંદર જીવહિંસાનો નિષેધ કરાવ્યો. રાણીઓએ પણ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને ગુરૂપાસે પંચમી તપ ઉચ્ચર્યું. રાજાએ ઉંચા તોરણોવાળા સેંકડો નવીન જિનમંદિરો તથા તેની પ્રતિષ્ઠાઓ ગુરૂમહારાજના ઉપદેશથી કરાવી.

મન્ત્રામ્નાયઃ—

આ છ ગાથાઓ[૧૯થી ૨૫]માં મંત્રાક્ષર એક જ છે. જે આ પ્રમાણે છેઃ—

ॐ ह्रीं श्रीं अर्हं नमिऊण पास विसहर वसह जिण फुलिंग ॐ ह्रीं श्रीं अर्हं नमः
-भयहरी विद्या [ચિંતામણિ મંત્ર પણ આ જ છે, તેના વિધિ વિધાન માટે અગાઉ આવી ગએલ 'ઉવસગ્ગહર સ્તોત્ર'ની બીજી ગાથાના મન્ત્રામ્નાયો જુઓ].

तुभ्यं नमस्त्रिभुवनार्तिहराय नाथ ।
तुभ्यं नमः क्षितितलामलभूषणाय ।
तुभ्यं नमस्त्रिजगतः परमेश्वराय
तुभ्यं नमो जिन ! भवोदधिशोषणाय ॥२६॥

સમશ્લોકી

ત્રૈલોક્યદુઃખ-હર નાથ ! તને નમોઽસ્તુ !
તું ભૂતળે અમલ ભૂષણને નમોઽસ્તુ !
ત્રૈલોક્યના જ પરમેશ્વરને નમોઽસ્તુ !
હે જીન ! શોષક ભવાબ્ધિ તને નમોઽસ્તુ ! ૨૬

શ્લોકાર્થઃ–હે નાથ! ત્રિભુવનના દુઃખોને નષ્ટ કરનાર આપને મારા નમસ્કાર હો! પૃથ્વીતળને વિષે નિર્મળ અલંકારરૂપ આપને મારા નમસ્કાર હો! ત્રણ જગતના પરમેશ્વર! એવા આપને મારા નમસ્કાર હો! અને હે જિનેન્દ્ર! ભવસમુદ્રને શોષણ કરનાર આપને મારા નમસ્કાર હો–છે.–૨૬

વાર્તા ૧૭ મી શ્લોક ૨૬ મો.

ગરવી ગૂર્જરભૂમિમાં રમણીય જિનમંદિરોથી તથા શ્રેષ્ઠિઓના ગૃહમંદિરોથી વિભૂષિત શ્રી અણહિલપુરપાટણ[1] નામનું એક સુંદર અને સુશોભિત શહેર હતું. તે શહેરમાં શ્રીમાલવંશમાં ઉત્પન્ન થએલ એક નિર્ધન વાણીઓ રહેતો હતો. તે શહેરની આજુબાજુના ગામોમાં માથે ચણાની પોટલી મૂકીને ચણા, મમરાની ફેરી કરીને મહા મુશીબતે પોતાનું ગુજરાન ચલાવતો હોવાથી લોકોમાં તે **ચનિક**[2]ના નામથી ઓળખાતો હતો.

એક વખતે પોતે બહારગામ ફેરીને માટે જતો હતો, તેવામાં ભાગ્યયોગે રસ્તામાં તેને **ઉદ્યોતનસૂરિ**[3] નામના જૈનસાધુનો મેળાપ થયો. તેઓને ભક્તિપૂર્વક વંદન કરી **ચનિક** બે હાથની અંજલિ જોડીને ઊભો રહ્યો.

આચાર્ય મહારાજે **ચનિક**ને પૂછ્યું કેઃ–"કાંઇ ધર્મકરણી કરો છો કે કેમ?"

જવાબમાં **ચનિકે** કહ્યું કેઃ–"હે પ્રભો! ચિત્તની શાંતિ વિના ધર્મકરણી કેવી રીતે થઇ શકે? હું ઘણો જ નિર્ધન છું અને નિર્ધન હોવાને લીધે સર્વત્ર પરાભવ પામું છું" કહ્યું છે કેઃ—

---

૧. ક માં ગામનું નામ **'પાટલીપુત્ર'** છે; જ્યારે ખ અને ગ માં ગામનું નામ **'પટણા'** છે. ૨. ક, ખ અને ગ માં વાણીઆનું નામ 'ધનમિત્ર' છે, ૩. ક માં સાધુનું નામ 'વિજયદેવસૂરિ' છે; જ્યારે ખ અને ગ માં સાધુનું નામ 'ગુણસેન' મુનિ છે.

"पंथसमा नत्थि जरा, दारिद्दसमो पराभवो नत्थि ।
मरणसमं नत्थि भयं, छुहासमा वेयणा नत्थि ॥१॥

અર્થાત્:–પંથ સમાન કોઇ ઘડપણ નથી, દારિદ્રય સમાન કોઇ પરાભવ નથી; મરણ સમાન કોઇ ભય નથી અને ક્ષુધા–ભૂખ સમાન કોઈ વેદના નથી."

ગુરૂએ કહ્યું કેઃ—

"धर्माद् धनं धनत एव समस्तकामाः
कामेभ्य एव सुखमिन्द्रियजं समग्रम् ।
कार्यार्थिना हि खलु कारणमेषणीयं
धर्मो विधेय इति तत्त्वविदो वदन्ति ॥१॥

અર્થાત્:–ધર્મથી ધન મળે છે, ધનથી જ સઘળા કામ–ભોગના સાધનો પ્રાપ્ત થાય છે, કામથી જ ઇન્દ્રિયજન્ય સુખ ઉત્પન્ન થાય છે. કાર્યના અર્થિએ કારણનો વિચાર કરવો જોઇએ. આ બધાનું કારણ ધર્મ છે, માટે ધર્મ જ સેવવો જોઈએ એમ તત્ત્વવેત્તાઓ કહે છે.

ભક્તામર સ્તોત્રના ૨૬ મા શ્લોકનું **પંચાસરા** પાર્શ્વનાથ ભગવાનને નમસ્કાર કરીને વારંવાર ચિંતવન કર, શક્તિ પ્રમાણે તપસ્યા કર અને બ્રહ્મચર્યપૂર્વક **મહાલક્ષ્મી**ના મન્ત્રનો જાપ કર.

ચનિકે કહ્યું કેઃ–"તે બધું એ પ્રમાણે જ કરીશ" પછી ગુરૂને નમસ્કાર કરીને તે પોતાના કામે લાગી ગયો.

ત્યાર પછી હમેશાં તે '**तुभ्यं नमो०**' શ્લોક બોલીને પાર્શ્વનાથ ભગવાનને વંદન કરી, આઠસો જાપ નમસ્કાર મન્ત્રના કરતો, પરસ્ત્રીને માતા અને બહેન સમાન ગણતો, અને જે ગામે તે ચણા મમરાની ફેરી કરવા જતો ત્યાં અગાડી આવેલી **શ્રીઋષભદેવ** ભગવાનની ભક્તિ કરવા વાળી **મહાલક્ષ્મી**ની મૂર્તિને જતાં આવતાં નમસ્કાર કરવા જતો.

આ પ્રમાણે કરતાં છ મહિના પસાર થઈ ગયા. એક દિવસે મધ્યાન્હના વખતે **મહાલક્ષ્મી**ના મંદિરે દિવ્ય આભૂષણો ધારણ કરેલી, કેસર વગેરે સુગંધી દ્રવ્યોનું જેણે અંગે વિલેપન કર્યું છે તેવી, તથા મૃદુમૃદુ હાસ્ય કરતી, અને કામ-વિહ્વલા એક સ્ત્રીને **ચનિકે** દીઠી.

તે સ્ત્રીએ **ચનિકને** બોલાવીને પૂછ્યું કેઃ–"હે પોટલીવાલા ! શું કરે છે ?

ચનિકે જવાબ આપ્યો કેઃ–"હું દેવીને નમસ્કાર કરૂં છું."

તેણી બોલી કેઃ–"**મહાલક્ષ્મી**ને નમન કરવાથી શું ? મને આપશ્રીની અર્ધાંગના તરીકે સ્વીકારી મ્હારૂં જીવન સફળ કરો. ભોગ ભોગવો, દૌર્ભાગ્યનો ત્યાગ કરો."

ચનિકે જવાબ આપ્યો કેઃ–"તું મારી મા છે, આવા વચનો તો સ્વપ્ને પણ ન બોલવાં જોઇએ તો પછી કાર્યમાં–અમલમાં મૂકવાની તો વાત જ શી ? કારણ કે પારકી સ્ત્રીને મા સમાન ગણવી, એવું મારૂં વ્રત છે."

સ્ત્રીએ ફરી ફરીને એના એ જ વચનો કહેવાં માંડ્યાં, તો પણ તે (ચનિક) પોતાના વ્રતથી ચલાયમાન થયો નહિ.

મહાલક્ષ્મી સાક્ષાત્ પ્રગટ થયાં અને બોલ્યાં કેઃ–"વત્સ ! **तुभ्यं नमो०** શ્લોકના જાપથી તુષ્ટમાન થએલી મારી સખી **ચક્રેશ્વરી** દેવીના વચનથી મેં તારી આ પ્રમાણે પરીક્ષા કરી છે અને તારી વ્રતમાં દૃઢતા જોઇને હું પ્રસન્ન થઇ છું, તો વર માગ !"

ચનિકે કહ્યું કેઃ—"મારા દારિદ્રયનો નાશ થાઓ."

દેવીએ કહ્યું કેઃ—"આજે સાંજે તારી પાસે જેટલા ચણા હોય તેટલા બધાથી તારા ઘરમાંની કોઠીઓ ભરી દે જે, સવારમાં તે બધા સુવર્ણના થઇ જશે." આ પ્રમાણે કહીને દેવી અદૃશ્ય થઇ ગઇ.

ચનિકે પણ ચણા ભેગા કરીને પોતાના ઘેર આવી ત્રણ કોઠીઓ ચણાથી ભરી દીધી, સવારમાં તે બધા સોનાના થઈ ગયા. તેનો થાળ ભરીને સવારમાં વૃદ્ધ **ભીમદેવ** રાજાને ભેટણું ધર્યું.

આશ્ચર્ય પામીને રાજાએ પૂછયું કેઃ–"શા માટે સોનાના ચણા ઘડાવ્યા છે ?"

ચનિકે પોતાના મળેલા વરદાન વગેરેનો વૃત્તાંત કહી સંભળાવ્યો. રાજાએ તેના પર મહેરબાની કરીને ઘર બાંધવા માટે જગ્યા બક્ષીસ આપી. તે જગ્યાપર નવું ઘર કરાવ્યું, અને શ્રી **ચક્રેશ્વરી** દેવી સહિતનું શ્રી **ઋષભદેવ** ભગવાનનું જિનમંદિર કરાવ્યું તથા **મહાલક્ષ્મી**ના મંદિરનો જીર્ણોદ્ધાર કરાવ્યો. અનુક્રમે તીર્થયાત્રાઓમાં પણ પોતાની કેટલી એક લક્ષ્મીનો વ્યય કર્યો, હમેશાં દાન દેતો તથા ભોગસુખ ભોગવતો **ચનિક** મુખ્ય નગરશેઠ થયો અને પોતાનો કાળ સુખપૂર્વક નિર્ગમન કરવા લાગ્યો.

મન્ત્રામ્નાયઃ—

ॐ श्रीं ह्रीं क्लीं महालक्ष्म्यै नमः।

વિધિઃ—પંચમ નક્ષત્ર (મૃગ) અને ગુરૂવાર જે દીવસે હોય તે દીવસે જાપ શરૂ કરવા, જાપ શરૂ કરતા પહેલાં જે ઘરમાં અગર જે જગ્યાએ જાપ કરવા હોય તે જગ્યાની ભિંતોને ધોળાવવી અને જમણી તરફ **લક્ષ્મી** દેવીની મૂર્તિની સ્થાપના કરવી.

લક્ષ્મીદેવીનું સ્વરૂપઃ—

ચાર હાથ જરદ(પીળા)વર્ણ, શરીરના બંને હાથ ઉપર પાણી જેમાંથી ટપકતું હોય તેવા કમલનાં ફૂલ, ત્રીજા હાથમાં પાણીનો ભરેલો લોટો તથા ચોથા હાથમાં અંકુશ, આ પ્રમાણેના ચાર હાથ બનાવીને, જમણી તથા ડાબી બંને બાજુએ બે હાથીનું રૂપ અને તે હાથી સૂંઢમાં બે ચામર લઈને, દેવીની આરતી કરતા હોય એવી દેવીની સુંદર મૂર્તિ, હસતા મુખવાળી, પીળા વસ્ત્રને જેણીએ ઓઢેલું છે, તેવી રીતની **લક્ષ્મી**દેવીની મૂર્તિની જમીનથી એક હાથ ઉંચે સ્થાપના કરવી. [આકૃતિ માટે જુઓ ચિત્ર નંબર. ૧૭૨] તે મૂર્તિની આગળ એક અગ્નિકુંડ કરવો, તે અગ્નિકુંડની નજીક એક કાંબલ-કટાસણું બિછાવીને બેસવું, સ્નાન કરી, પવિત્ર થઈ, ગુરૂની આજ્ઞા લઈ, ગુરૂને રૂપાનાણું એટલે પાવલી, અડધો રૂપૈઓ, રૂપૈઓ, અગર જે કાંઇ પોતાની ઇચ્છા હોય, તે મુજબ પોતાની શક્તિ અનુસાર આપીને, હાથમાં કપૂરની (કેરબાની) જપમાલા લઈને દરરોજ ૧૦૦૮ એક હજારને આઠ જાપ કરીએ, ૧૦૦૦૦૦ એક લાખ જાપ કરીને, ફરી એટલાં જ સોન ચંપાનાં ફૂલથી જાપ જપીને ઉઠતી વખતે બધાં ફૂલોનો અગ્નિમાં હોમ કરીએ, આ રીતે જપતાં જપતાં ૬ મહિનામાં જાપ સંપૂર્ણ કરવો. જ્યાં સુધી આ મંત્રનો જાપ સંપૂર્ણ ન થાય ત્યાં સુધી સ્ત્રીસંગ કરવો નહિ, બ્રહ્મચર્ય પાળવું, થોડું ભોજન, અલ્પ નિદ્રા, અલ્પ ક્રોધ કરવો. આ વિધિથી મંત્રની સાધના કરવાથી **લક્ષ્મી**દેવી પ્રસન્ન થઇને સાક્ષાત દર્શન દઇને વરદાન આપે છે. આગમશાસ્ત્રમાં પણ **લક્ષ્મી**નો મંત્ર આ પ્રમાણે જ કહ્યો છેઃ—

आदौ प्रणवस्ततः, श्रीं च, ह्रीं क्लीं कामाक्षरं ततः ।
महालक्ष्म्यै नमश्चांते, मंत्रो लक्ष्म्यादशाक्षरः ॥१॥

અર્થાત્ઃ—જેની શરૂઆતમાં પ્રણવ ૐ, પછી **श्रीं** તથા **ह्रीं** અને કામ બીજ **क्लीं**, ત્યાર પછી **महालक्ष्म्यै** અને **नमः** જેની અંતમાં છે એવો દશ અક્ષરનો **મહાલક્ષ્મી**નો મંત્ર છે.

को विस्मयोऽत्र यदि नाम गुणैरशेषै-
स्त्वं संश्रितो निरवकाशतया मुनीश !
दोषैरुपात्तविबुधाश्रयजातगर्वैः
स्वप्नान्तरेऽपि न कदाचिदपीक्षितोऽसि ॥२७॥

સમશ્લોકી

આશ્ચર્ય શું ગુણજ સર્વ કહ્યી મુનીશ!
તમારો જ આશ્રય કરી વસતા હંમેશ!
દોષો ધરી વિવિધ આશ્રય ઉપજેલા,
ગર્વાદિકે ન તમને સ્વપ્ને દીઠેલા!–૨૭

શ્લોકાર્થઃ–હે મુનીશ્વર! સમગ્ર ગુણોએ નિરંતર આપનો જ આશ્રય કર્યો છે, તેમાં શું આશ્ચર્ય છે? કાંઈ જ નહીં. કેમકે અન્ય દેવાદિકરૂપ વિવિધ પ્રકારના આશ્રય મળવાથી જેમને ગર્વ ઉત્પન્ન થયો છે એવા રાગાદિક સમગ્ર દોષોએ કદાપિ સ્વપ્નમાં પણ તમને જોયા નથી. અર્થાત્ વિવિધ આશ્રય મળવાથી જેને ગર્વ થયો હોય તે અન્યની સન્મુખ ન જ જુવે એ સ્વાભાવિક છે.–૨૭

વાર્તા ૧૮ મી શ્લોક ૨૭ મો

દક્ષિણમાં આવેલી **ગોદાવરી** નદીના કાંઠે **'પ્રતિષ્ઠાનપુર'** નામે શહેર હતું, તે શહેરનો **હાલ**[૨] (સાતવાહન) નામનો રાજા બળવાન, ત્યાગી, ગુણવાન, સર્વ કલાનો જાણકાર તથા ભોગીજનોમાં અગ્રેસર હતો. તે રાજાને માત્ર એકજ મહાદુઃખ હતું, તેને બહુ બહુ મણિ, મન્ત્રોના પ્રયોગો કર્યા છતાં પણ પોતાની મનઃકામના પુરી થઈ નહિ.

પુત્રને માટે રાજાએ ઘણી ઘણી તપસ્યાઓ કરીને શંકરની પૂજા આરાધના કરી, પરંતુ સ્વપ્નમાં પણ રાજાની આશા ફળી નહિ. આખરે **શંકર**ની આરાધનાથી કાંઇ પણ કાર્ય સિદ્ધ નહી થાય એમ રાજાને લાગવાથી તેનું મન તે તરફથી ઊઠી ગયું, એવામાં ત્યાં કોઈ એક જૈનસાધુ વિહાર કરતા કરતા આવેલા તેઓને રાજાએ બે હાથ જોડી પ્રશ્ન કર્યો કેઃ–"મને પુત્રની પ્રાપ્તિ થશે કે નહિ?"

મુનિમહારાજે કહ્યું કેઃ–"હે રાજન! તમે તપસ્યાપૂર્વક એકચિત્તે **ભક્તામર** સ્તોત્રનું આરાધન કરો કે જેનાથી **ચક્રેશ્વરી** દેવી તમારી મનોકામના પુરી કરશે."

રાજાએ મુનિમહારાજના આ પ્રમાણેનાં વચનો સાંભળી કમલ વગેરે ઉત્તમ પુષ્પોથી **ઋષભદેવ** ભગવાન તથા તેમના શાસનની અધિષ્ઠાયિકા **ચક્રેશ્વરી** દેવીની એક ચિત્તે પૂજા તથા આરાધના કરવી શરૂ કરી દીધી, ત્રીજા જ દિવસે **ચક્રેશ્વરી** દેવી પ્રગટ થયાં, અને રાજાને કહ્યું કેઃ–"રાજેન્દ્ર! તારી પ્રભુભક્તિથી પ્રસન્ન થઇ

---

૧ ક માં ગામનું નામ **'પૈઠણપુર'** છે, ખ માં ગામનું નામ **'બાનાપુર'** છે; જ્યારે ગ માં ગામનું નામ 'ચન્દ્રપુર' છે. ૨ ક માં તથા ગ માં રાજાનું નામ 'હરિસિંહ' છે, જ્યારે ખ માં રાજાનું નામ **'હરિ'** છે.

હું તને આ એક અપૂર્વ પુષ્પમાળા આપું છું તે રાણીના કંઠમાં પહેરાવશો તો પુત્રની અવશ્ય પ્રાપ્તિ થશે." આટલું કહી પુષ્પમાળા આપી દેવી અદૃશ્ય થઇ ગઈ.

રાજાએ તે પુષ્પમાળા પોતાની પટરાણીના કંઠમાં આરોપણ કરી. કેટલાએક દિવસે રાણીને ગર્ભ રહ્યો, અને સારા નક્ષત્રમાં રાણીએ એક તેજસ્વી પુત્રરત્નને જન્મ આપ્યો. અને **ચક્રેશ્વરી**દેવીના પ્રાસાદથી પુત્રની પ્રાપ્તિ થએલી હોવાથી રાજાએ તેનું **ચક્રદાસ** એવું નામ પાડ્યું.

મન્ત્રામ્નાયઃ—

ૐ નમો ઋષભાય મૃત્યુંજયાય સર્વજીવશરણાય પરમબ્રહ્મણેઽષ્ટમહાપ્રાતિહાર્યસહિતાય નાગભૂતયક્ષવશંકરાય સર્વશાન્તિકરાય મમ શિવં કુરુ કુરુ સ્વાહા ॥-વાર ૨૧ સ્મરણાત્ ક્ષુદ્રોપદ્રવનાશો વાઞ્છિતલાભશ્ચ ॥

વિધિઃ—અજવાલી ચઉદશના દિવસે આ મંત્રના ૩૦૦૦ ત્રણ હજાર જાપ કરીએ તો સર્વ કાર્યની સિદ્ધિ થાય; દુષ્ટ, ભૂત, વ્યંતર, દૈત્ય તથા ખવીસ કોઇને વળગ્યો હોય તો ત્રણ દિવસ ૨૧ એકવીસ વાર આ મંત્રથી ઝાડવાથી ત્રણ દીનમાં વળગાડવાળો માણસ વળગાડથી મુક્ત થાય. જેને પુત્ર ન હોય તેને આ મંત્રનો હમેશાં જાપ કરવાથી પુત્રની પ્રાપ્તિ થાય, બીજી પણ જે કોઇ જાતની ચિંતા હોય તેનો પણ નાશ થાય.

उच्चैरशोकतरुसंश्रितमुन्मयूख-
माभाति रूपममलं भवतो नितान्तम् ।
स्पष्टोल्लसत्किरणमस्ततमोवितानं
बिम्बं रवेरिव पयोधरपार्श्ववर्ति ॥२८॥

સમશ્લોકી

ઉંચા અશોકતરૂ આશ્રિત કીર્ણ ઉચ,
અત્યંત નિર્મળ દીસે પ્રભુ આપ રૂપ;
તે જેમ મેઘ-સમીપે રહી સૂર્ય-બિંબ,
શોભે પ્રસારી કિરણો હણીને તિમિર.—૨૮

શ્લોકાર્થઃ—જેવી રીતે પ્રકાશના કિરણોવાળું અને અંધકારના સમૂહને નષ્ટ કરવાવાળું સૂર્યનું બિંબ વાદળાંની સમીપે શોભે છે, તેવી જ રીતે ઉંચા અશોકવૃક્ષની નીચે ઉંચાં કિરણોવાળું આપનું પણ સ્વરૂપ અત્યંત નિર્મળ દેખાય છે-શોભે છે-૨૮

सिंहासने मणिमयूखशिखाविचित्रे
विभ्राजते तव वपुः कनकावदातम् ।

बिम्बं वियद्विलसदंशुलतावितानं
तुङ्गोदयाद्रिशिरसीव सहस्ररश्मेः ॥२९॥

સમશ્લોકી

સિંહાસને મણિ તણા કિરણો વિચિત્ર,
શોભે સુવર્ણ-સમ આપ શરીર ગૌર;
તે સૂર્ય-બિંબ ઉદયાચળ શીર ટોચે,
આકાશમાં કિરણ જેમ પ્રસારી શોભે.—૨૯

શ્લોકાર્થઃ—[હે તીર્થપતિ!] જેવી રીતે ઉંચા ઉદયાચળ પર્વતના શિખર ઉપર આકાશમાં ઉદ્યોતમાન કિરણોની શાખાઓના સમૂહવડે સૂર્યનું બિંબ શોભે છે, તેવી જ રીતે મણિઓના કિરણોની કાંતિથી વિચિત્ર શિખરવાળા સિંહાસન પર સુવર્ણ જેવું આપનું શરીર વિશેષે કરીને શોભે છે.–૨૯

कुन्दावदातचलचामरचारुशोभं
विभ्राजते तव वपुः कलधौतकान्तम् ।
उद्यच्छशाङ्कशुचिनिर्झरवारिधार-
मुच्चैस्तटं सुरगिरेरिव शातकौम्भम् ॥३०॥

સમશ્લોકી

ધોળા ઢળે ચમર કુંદ-સમાન એવું,
શોભે સુવર્ણ-સમ રમ્ય શરીર ત્હારું;
તે ઉગતા શશી સમા જળ-ઝર્ણ-ધારે,
મેરૂ તણા કનકના શીર-પેઠ શોભે!—૩૦

શ્લોકાર્થઃ—જેવી રીતે ઉદય પામેલા ચન્દ્રમાના જેવા નિર્મળ ઝરણાંનાં પાણીની ધારાઓથી, સુવર્ણમય મેરૂ પર્વતનું ઉંચું શિખર શોભે છે; તેવી જ રીતે મોગરાના પુષ્પ જેવું અને ધોળા વીંઝાતા ચામરો વડે મનોહર શોભાવાળું સુવર્ણ કાંતિમય આપનું શરીર અત્યંત શોભાયમાન છે.–૩૦

छत्रत्रयं तव विभाति शशाङ्ककान्त-
मुच्चैः स्थितं स्थगितभानुकरप्रतापम् ।
मुक्ताफलप्रकरजालविवृद्धशोभं
प्रख्यापयत्त्रिजगतः परमेश्वरत्वम् ॥३१॥

સમશ્લોકી

ઢાંકે પ્રકાશ રવિને શશીતુલ્ય રમ્ય!
મોતી-સમૂહ-રચનાથી દેદીપ્યમાન;
એવા પ્રભુજી તમને ત્રણ છત્ર શોભે,
ત્રૈલોક્યનું અધિપતિપણું તે જણાવે.—૩૨

શ્લોકાર્થઃ—હે પ્રભુ! ચંદ્ર જેવા મનોહર-ઉજ્વળ, તમારા મસ્તક પર ઉંચે ઉપરાઉપર ધારણ કરાએલા, સૂર્યના કિરણોના પ્રતાપને ઢાંકી દેનાર, મોતીના સમૂહ વડે કરેલી રચનાથી વિશેષ શોભતા અને તમારૂં ત્રણ જગતનું સ્વામીપણું સૂચવતા તમારાં ત્રણ છત્રો શોભે છે.-૩૨

વાર્તા ૧૯મી શ્લોક ૩૨ મો

સિંહપુર નામના નગરમાં 'ગોપાલ'' નામનો એક સરલ પ્રકૃતિવાળો ક્ષત્રિય રહેતો હતો, તે નિર્ધનાવસ્થાને લીધે લોકોની ગાયો ચરાવીને પોતાનું ગુજરાન ચલાવતો હતો. તે પોતાની ભદ્રપ્રકૃતિને લીધે એક વખત ગામમાં પધારેલા જૈન મુનિને વંદન કરવા માટે ગયો. તે મુનિમહારાજે

"लक्ष्मीर्वेश्मनि भारती च वदने शौर्यं च दोष्णोर्युगे
त्यागः पाणितले सुधीश्च हृदये सौभाग्यशोभा तनौ
कीर्तिर्दिक्षु सपक्षता गुणिजने यस्माद् भवेदङ्गिनां
सोऽयं वाञ्छितमङ्गलावलिकृते श्रीधर्मलाभोऽस्तु वः ॥१॥"

અર્થાત્:—જેના પ્રતાપવડે પ્રાણીઓ ગૃહમાં લક્ષ્મી, મુખમાં ભારતી, બે બાહુમાં શૌર્ય, હાથમાં ત્યાગ, હૃદયમાં સદ્બુદ્ધિ, શરીરમાં સૌભાગ્યની શોભા, દિશાઓમાં યશ, ગુણીજનોમાં પક્ષપાત થાય છે તે ઇષ્ટ અને મંગળની પરંપરાને કરનાર ધર્મલાભ તમોને હો.

આ પ્રમાણે ગોપાલને ધર્માશિષ આપી, અને ધર્મદેશના આપતાં કહ્યું કે:— "હે ગોપાલ! તું એક ચિત્તે જૈનધર્મનું આરાધન કર તથા **ભક્તામરસ્તોત્ર** અને પંચપરમેષ્ઠી મન્ત્રનો હમેશાં જપ કર, જેનાથી આ ભવ અને પરભવમાં તું સુખનો ભોક્તા થઇશ અને યાવત્ મોક્ષસુખને પામીશ."

ગુરૂ મહારાજના કહેવાથી ગોપાલ હમેશાં **ભક્તામરસ્તોત્ર**નો એક ચિત્તે પાઠ કરતો હતો અને જૈન ધર્મનું આરાધન કરતો હતો, તેવામાં એક રાત્રિએ સ્વપ્નમાં તેને ત્રણ છત્ર વગેરે પ્રતિહાર્યો સહિત શ્રી **ઋષભદેવ** ભગવાનનાં દર્શન

૧ ક માં 'વીરા'ગોપાળ એવું નામ છે, જ્યારે ખ અને ગ માં 'નરપાળ' નામ છે.

થયાં, તેથી તે હૃદયથી આનંદિત થયેા. સવારમાં તે ગાયેા ચારવા ગયેા, ત્યારે વર્ષાદથી જમીન ધેાવાઇ જવાને લીધે **ઋષભદેવ** ભગવાનના જિનબિંબ પ્રગટ થએલાં તેને જોયાં; અને નદી કિનારે એક ઝુંપડી બાંધીને ત્યાં સ્થાપના કરી. તેની સન્મુખ તે ત્રણે કાળ **ભક્તામર**સ્તોત્રનેા જાપ–પાઠ કરવા લાગ્યેા. આ પ્રમાણે કરતા છ મહિના વીતી ગયા, એવામાં એક સમયે એકત્રીશમા શ્લેાકનું સ્મરણ કરતાં **ચક્રેશ્વરી** દેવીએ પ્રસન્ન થઇને **ગોપાલ**ને રાજા થવાનું વરદાન આપ્યું; અને દેવી અદૃશ્ય થઈ ગયાં.

કર્મસંયેાગે **સિંહપુર**નેા રાજા અકસ્માત્ નિઃસંતાન મરણ પામ્યેા, હવે રાજ્ય કેાને સેાંપવું એ પ્રશ્ન ઉપસ્થિત થયેા, મંત્રિ, સામંત તથા ભાયાતેા વગેરેએ ભેગા થઇને નક્કી કર્યું કેઃ–"મહારાજાની એક હાથણી છે તેની સૂંઢમાં પવિત્ર જળથી ભરેલેા એક સુવર્ણ કલશ આપવેા અને તે કલશના જલથી હાથણી જેના ઉપર અભિષેક કરે તેને રાજ્યાભિષેક કરી આપણેા મહારાજા બનાવવેા." આ વાત સર્વાનુમતે મંજુર થઇ અને હાથણીને શણગારી તેની સૂંઢમાં સુવર્ણ કલશ પવિત્ર જલ ભરીને આપવામાં આવ્યેા; તેની સાથે પાંચ દિવ્યેા પણ પાછળ પાછળ ચાલવા લાગ્યાં.

ફરતી ફરતી હાથણી શહેર બહાર નીકળી. જંગલમાં જ્યાં અગાડી ગાયેા ચરાવતેા ચરાવતેા **ગોપાલ** એક ઝાડ નીચે બેઠેા હતેા, ત્યાં આવી હાથણીએ સુવર્ણ કલશમાંનું જલ **ગોપાલ**ના ઉપર ઢોળ્યું, અને પાંચે દિવ્યેા પ્રગટ થયાં અને હાથણીએ તેને પેાતાના કુંભસ્થલ પર બેસાડ્યેા, અને ગર્જના કરી, તે જ વખતે પ્રધાને તથા નગરજનેાએ તેને પેાતાના રાજા તરીકે કબુલ કરી મેાટી ધામધુમથી શહેરમાં લાવી રાજ્યાભિષેક કર્યેા.

દેવીએ **ભક્તામર**ના પ્રભાવથી રાજ્ય આપેલું હતું, તેથી **ગોપાલે** પેાતાનું નામ **દેવદત્ત** રાખ્યું; **સિંહપુર**ના ભાયાતેા તથા બંડીઆ રાજાઓના મનમાં અદેખાઇ ઉત્પન્ન થઈ કે આપણા સ્વામી તરીકે એક ગેાવાળ રાજા થયેા તે ઠીક નહિ, આ પ્રમાણે વિચાર કરી તે બધા એકઠા થઈ યુદ્ધ કરવા તૈયાર થયા. દુશ્મનેાની આ બધી ચેષ્ટાઓ **ગોપાલ**ના જાણવામાં આવતાં જ તેને **ચક્રેશ્વરી** દેવીનું સ્મરણ કર્યું અને દુશ્મનેાનું લશ્કર પેાતાના નગર તરફ ધસી આવતું જોયું.

દેવીએ રાત્રિના પ્રગટ થઇને કહ્યું કેઃ–"હે વત્સ! હું તારી ભક્તિથી પ્રસન્ન થઇ હતી અને તેથી જ મેં તને રાજ્ય વગેરે અપાવેલ છે. માટે તું ચિંતા ન કર" એમ કહી દેવી અદૃશ્ય થઇ ગઇ.

યુદ્ધ શરૂ થતાં જ દુશ્મનોનું લશ્કર ચિત્રની માફક તથા માટીની માફક હલન ચલનની ક્રિયા વગરનું સ્તંભિત થઈ ગયું, આ પ્રમાણેનો દેવીનો પ્રભાવ જોઇને ભાયાતો તથા સામંતો વગેરે ભય પામ્યા અને દેવદત્તને પ્રણામ કરીને પોતાની ભૂલ માટે ક્ષમા માંગી, અને દેવાધિદેવની માફક તેની આજ્ઞાનો સ્વીકાર કર્યો.

અનુક્રમે પોતાના ભુજબળથી કેટલાએ રાજાઓને તાબે કર્યા અને દેવદત્ત પરમ જૈન થયો તથા શ્રી ઋષભદેવ ભગવાનનું તેને એક ગગનચુંબી જિનમંદિર બંધાવ્યું અને ચિરકાલ રાજ્યસુખ ભોગવ્યું.

મન્ત્રામ્નાયઃ—

अरिहंतसिद्धआयरियउवज्झायसव्वसाहूसव्वधम्मतित्थयराणं ॐ नमो भगवईए सुअदेवयाए संतिदेवयाणं सव्वपवयणदेवयाणं दसण्हं दिसापालाणं पंचण्हं लोगपालाणं ॐ ह्रीं अरिहंतदेवं (वाय) नमः

વિધિ—જ્યારે શીખીએ ત્યારે સ્નાન કરી પવિત્ર વસ્ત્ર પહેરી આ મંત્ર વડે કેસરથી કાન પૂજી, ગુરૂ પાસે આવીને, જ્યારે ગુરૂ શીખવાડે ત્યારે ઉત્તરદિશા તરફ મુખ રાખી ગુરૂને નમસ્કાર કરી મંત્રાક્ષર શીખવો, ગુરૂને સારાં વસ્ત્રો આપીને ગુરૂની પૂજા સારી રીતે કર્યા પછી આ મંત્ર શીખવો. ત્યાર પછી ત્રણ મહિના સુધી આ મંત્રનો હમેશાં ૧૦૮ વખત જાપ કરવો. જાપ હમેશાં સવારમાં ઉઠીને કરવો, જાપ જપીને બંને હાથ મોં ઉપર ફેરવવા, ત્યારપછી ઉઠીને જ્યાં કાંઈ કામ હોય ત્યાં જવાથી ધારેલું કામ નિશ્ચયે કરીને સફળ થાય છે, મનોકામના સિદ્ધ થાય, રણસંગ્રામમાં સ્મરણ કરીએ તો જીત થાય, વૈરી–દુશ્મન નાશી જાય. આ મંત્ર બહુ જ ઉચ્ચ કોટિનો છે.

गम्भीरतारवपूरितदिग्विभाग-
स्त्रैलोक्यलोकशुभसङ्गमभूतिदक्षः ।
सद्धर्मराजजयघोषणघोषकः सन्
खे दुन्दुभिर्ध्वनति ते यशसः प्रवादी ॥३२॥

સમશ્લોકી

ગંભીર ઉચ્ચ સ્વરથી પૂરી છે દિશાઓ,
ત્રૈલોકયને સરસ–સંપદ આપનારો;
સદ્ધર્મરાજ જયને કથનાર ખુલ્લો !
વાગે છે દુંદુભિ નભે યશવાદ તારો.—૩૨

શ્લોકાર્થઃ–ઉંચા અને ગંભીર શબ્દોથી દશે દિશાઓને પૂરિત કરનારી, ત્રણે લોકનાં લોકોને શુભ સમાગમની વિભૂતિને દેનારી જે દુંદુભિ વાગે છે, તે આપશ્રીના

ધર્મરાજ્યની જયઘોષણા પ્રગટ કરે છે અને આકાશમાં આપના યશને જ પ્રગટ કરે છે.—૩૨

मन्दारसुन्दरनमेरुसुपारिजात-
सन्तानकादिकुसुमोत्करवृष्टिरुद्धा ।
गन्धोदबिन्दुशुभमन्दमरुत्प्रयाता
दिव्या दिवः पतति ते वचसां ततिर्वा ॥३३॥

સમશ્લોકી

મંદાર સુંદર નમેરૂ જ પારિજાતે,
સંતાનકાદિ કુલની બહુ વૃષ્ટિ ભારે,
પાણી કણે સુરભિ મંદ સમીર પ્રેરે,
શું દિવ્ય વાણી તુજ સ્વર્ગ થકી પડે તે .—૩૩

શ્લોકાર્થઃ—સુગંધી જળનાં બિંદુઓથી શુભ અને મંદ પવનથી મંદાર, સુંદર નમેરૂ, સારાં પારિજાત અને સંતાનકાદિ વૃક્ષોનાં પુષ્પોની જે શ્રેષ્ઠ વૃષ્ટિ આકાશમાંથી પડે છે તે જાણે કે આપશ્રીનાં વચનોની દિવ્ય પંક્તિ પ્રસરી રહેતી હોય નહિ, તેવી દેખાય છે.—૩૩

शुम्भत्प्रभावलयभूरिविभा विभोस्ते,
लोकत्रये द्युतिमतां द्युतिमाक्षिपन्ति ।
प्रोद्यद्दिवाकरनिरन्तरभूरिसङ्ख्या,
दीप्त्या जयत्यपि निशामपि सोमसौम्याम् ॥३४॥

સમશ્લોકી

શોભે વિભો ! પ્રસરતી તુજ કાંતિ ભારે,
ત્રૈલોક્યના દ્યુતિ-સમુહની કાંતિ હારે !
તે ઉગતા રવિ સવી બહુ છે છતાંએ,
રાત્રિ જીતે શીતલ ચંદ્ર સમાન તેજે ! ૩૪

શ્લોકાર્થઃ—હે વિભો ! તમારા શોભાયમાન પ્રભામંડળની અતિશય તેજસ્વીતા, ત્રણ જગત્‌ના દ્યુતિમાન પદાર્થોની દ્યુતિનો તિરસ્કાર કરે છે અને અનેક પ્રકાશમાન સૂર્યોની સમાન તેજસ્વી હોવા છતાં પણ ચંદ્રમા સમાન શીતળ પ્રભા વડે રાત્રિને જીતે છે.—૩૪

स्वर्गापवर्गगममार्गविमार्गणेष्टः,
सद्धर्मतत्त्वकथनैकपटुस्त्रिलोक्याः।
दिव्यध्वनिर्भवति ते विशदार्थसर्व-
भाषास्वभावपरिणामगुणप्रयोज्यः ॥३५॥

સમશ્લોકી

જે સ્વર્ગ મોક્ષ શુભ માર્ગ જ શોધી આપે,
સદ્ધર્મ-તત્ત્વ કથવા પટુ ત્રૈણ લોકે;
દિવ્યધ્વનિ તુજ થતો વિશદાર્થ સર્વ,
ભાષા-સ્વભાવ-પરિણામ ગુણોથી યુકત.-૩૫

શ્લોકાર્થઃ-સ્વર્ગ અને મોક્ષનો માર્ગ બતાવવામાં ઇષ્ટ મિત્ર, સદ્ધર્મ અને સદ્વસ્તુનું સ્વરૂપ કહેવામાં એક જ ચતુર તથા નિર્મળ અર્થ અને સમસ્ત ભાષા-સ્વભાવ પરિણામાદિ ગુણોથી યુક્ત આપનો દિવ્યધ્વનિ થાય છે.—૩૫

उन्निद्रहेमनवपङ्कजपुञ्जकान्ति-
पर्युल्लसन्नखमयूखशिखाभिरामौ।
पादौ पदानि तव यत्र जिनेन्द्र! धत्तः
पद्मानि तत्र विबुधाः परिकल्पयन्ति ॥३६॥

સશ્લોકી

ખીલેલ હેમ-કમળો સમ કાંતિવાળા,
ફેલૈ રહેલ નખ—તેજ થકી રૂપાળા;
એવા જિનેન્દ્ર તુમ પાદ ડગો ભરે છે,
ત્યાં કલ્પના કમળની વિબુધો કરે છે.-૩૬

શ્લોકાર્થઃ—હે જિનેન્દ્ર! વિકાસ પામેલાં સુવર્ણનાં નવીન કમળના સમૂહની કાંતિ સમાન ઝળહળતાં નખનાં કિરણોના પ્રકાશથી મનોહર તમારાં ચરણો જ્યાં જ્યાં પૃથ્વીપર પગલાં ભરે છે, ત્યાં ત્યાં દેવતાઓ કમળની રચના કરે છે.-૩૬

इत्थं यथा तव विभूतिरभूज्जिनेन्द्र!
धर्मोपदेशनविधौ न तथा परस्य।
यादृक् प्रभा दिनकृतः प्रहतान्धकारा
तादृक् कुतो ग्रहगणस्य विकाशिनोऽपि? ॥३७॥

સમશ્લોકી

એવી જિનેંદ્ર થઇ જે વિભૂતિ તમોને,
ધર્મોપદેશ સમયે, નહી તે બીજાને;
જેવી પ્રભા તિમિરહારી રવિ તણી છે,
તેવી પ્રકાશિત ગ્રહોની કદી બની છે?—૩૭

શ્લોકાર્થઃ—હે જિનેન્દ્ર! ઉપરોક્ત પ્રકારની વિભૂતિઓ ધર્મોપદેશ કરતી વખતે આપને જે પ્રકારે થઇ તેવી બીજા દેવોની થઈ નથી. અંધકારનો નાશ કરનારા સૂર્યની જેવી પ્રભા હોય છે, તેવી પ્રભા પ્રકાશિત થએલા ગ્રહોના સમુદાયની ક્યાંથી હોય?–૩૭

વાર્તા ૨૦ મી શ્લોક ૩૭ મો

ભારતવર્ષના સુરમ્ય ગુર્જરદેશમાં શ્રી ધવલપુર[1] (ધોળકા) નામના શહેરમાં શ્રીમાલવંશમાં શિરોમણિ **પાહા** નામના શ્રેષ્ઠિનો પુત્ર **જિણહાક**[2] નામનો શ્રાવક વસતો હતો, કર્મસંયોગે તે પોતાની નિર્ધનાવસ્થાને લીધે ઘીના ગાડવા, કપાસ તથા અનાજ વગેરેની મજુરી કરીને પોતાનું ગુજરાન ચલાવતો હતો,

એક વખતે તે પોતાના ધર્મગુરૂ **શ્રી અભયદેવસૂરિ** મહારાજને વંદન કરવા માટે ઉપાશ્રયમાં ગયો, ત્યાં ગુરૂને વંદન કરીને તેઓની સન્મુખ બેઠો. ગુરૂમહારાજે ધર્મલાભ પૂર્વક કહ્યું કેઃ—

"धर्मं सनातनो येषां, दर्शनप्रतिभूरभूत्।
परित्यजति किं नाम, तेषां मन्दिरमिन्दिरा ॥१॥"

અર્થાત્:—જેઓની ધર્મપરની શ્રદ્ધા સનાતન–પ્રાચીન–ઘણા વખતની અને અત્યંત આદરણીય હોય તેઓના ઘરને લક્ષ્મી કેમ છોડે? આ પ્રમાણે ધર્મોપદેશ આપ્યો. આ સાંભળીને તેણે કહ્યું કેઃ—"ભગવન્! જ્યાં પોતાના ઉદરનિર્વાહનુંજ પુરૂં સાધન નથી ત્યાં ધર્મક્રિયા શી રીતે થાય?" કહ્યું છે કેઃ—

"धणवंतह सुणहि सयणा अंधजणआणवडिच्छओ,
कज्जकालि सयमेव लोउ तसु होइ बिइजजओ—१
राउलदेउल गणइ भणइ ईसर! वई तुहुं सिरिं
दारिद्दिय मनरुंधि ठामुं तुहूं आहिरि नीसरी—२

આ પ્રમાણે બોલ્યો. ગુરૂમહારાજે પણ ભંડારમાં રહેલી એવી શ્રી **પાર્શ્વનાથ** પ્રભુની પ્રતિમા, શ્રી **ચક્રેશ્વરી** દેવીની તથા **ઋષભદેવ** ભગવાનની પ્રતિમા

---

૧ ક્રમાં ગામનું નામ 'વસંતપુર' છે. જ્યારે ગ માં ગામનું નામ 'શ્રીપુર છે, ૨ ક અને ગમાં શ્રેષ્ઠિના પુત્રનું નામ 'જિનદાસ' છે.

આપીને, કલિકુંડ મન્ત્રામ્નાય તથા **ભક્તામર**સ્તોત્રનું સ્મરણ કરજે એમ કહ્યું. જિણહાક પણ પ્રભુને નમસ્કાર કરીને પોતાના ઘેર ગયો. ઘેર આવીને સ્નાન કરી પવિત્ર થઇ હમેશાં ત્રણે કાળ **ભક્તામર**સ્તોત્ર તથા કલિકુંડ મન્ત્રામ્નાયનું એકચિત્તે સ્મરણ કરવા લાગ્યો.

આ પ્રમાણે કરતો એક વખતે જિણહાક એક દિવસે કોઈ કાર્યપ્રસંગે બહારગામ ગયો; ત્યાં ત્રીજી રાત્રે સ્તોત્રના ૩૭ મા શ્લોકનું સ્મરણ કરતી વખતે ત્યાં અગાડી સૂર્ય સમાન જાજ્વલ્યમાન તેજવાળું વિમાન ઉત્પન્ન થયું, તેની અંદરથી શ્રી **ચક્રેશ્વરી** દેવીની એક પ્રતિહારી પ્રગટ થઇ અને બોલી કેઃ–"હે **ભદ્ર**! શ્રી **આદીશ્વર** ભગવાનના સ્તોત્રના સ્મરણથી તથા શ્રી **પાર્શ્વનાથ** પ્રભુની પ્રતિમાનું તું જે એકચિત્તે પૂજન, અર્ચન કરે છે, તેથી મારી સ્વામિની શ્રી **ચક્રેશ્વરી** તારા પ્રત્યે પ્રસન્ન થઈ છે અને તેથી તેણીએ તને આ રત્ન મોકલાવ્યું છે, તે તારી ભુજાએ બાંધવાથી તું સર્વને વશ કરી શકીશ, આ પ્રમાણે કહીને રત્ન આપીને તે અદૃશ્ય થઇ ગઈ.

જિણહાક તે રત્ન પોતાના હાથે બાંધીને સવારમાં પોતાના ઘેર જવા નીકળ્યો, રસ્તામાં તેને ત્રણ ચોરો મળ્યા, તે બોલ્યા કેઃ–"હે વણિક! આ ચામડાનો ગાડવો મૂકી દે, નહીતર તું માર્યો જઇશ."

મારા જીવતાં મારો ઘીનો ગાડવો કોણ ગ્રહણ કરવાને સમર્થ છે, એમ કહીને ત્રણ બાણથી ત્રણ ચોરોને યમધામ પહોંચાડ્યા, પાછળથી આવતા પથિકો તેનું આવું અદ્‌ભુત પરાક્રમ જોઇને તેઓ આશ્ચર્ય પામ્યા, તેને કરેલા ચોરોના વધની પ્રશંસા ધવલકપુરથી પાટણ શહેરમાં ચૌલુક્યવંશીય મહારાજા **ભીમદેવ**ના સાંભળવામાં આવવાથી રાજાએ જિણહાકને બોલાવ્યો. તેનું ભવ્ય કપાળ, વિશાળ છાતી તથા ઢીંચણ સુધી પહોંચતા બંને હાથો અને તેજસ્વિતા વગેરે જોઇને રાજા બોલ્યો કેઃ–"હે! શ્રેષ્ઠિ ગૂર્જરદેશમાં ક્રૂર તસ્કર વગેરેથી રક્ષણ કરવા માટે આ મારી તલવાર હું તને સોંપું છું."

આ પ્રમાણે કહીને તેને શ્રી **ભીમદેવ** રાજાએ વસ્ત્ર, દુપટ્ટો, સોનાની મુદ્રિકા તથા તલવાર આપીને ધવલકપુરના સૈન્યના સેનાધિપતિ તરીકે નિમણુક કરી, તે રાજાને નમન કરીને પોતાના શહેરમાં પાછો આવ્યો. અનુક્રમે તેણે ગૂર્જરભૂમિમાંથી ચોરીનું તથા ચોરોનું નામ નિશાન કાઢી નાખ્યું–દૂર કર્યું.

એક વખતે કોઈ ચારણે તેની પરિક્ષા કરવા માટે કાંઇક ચોરી કરી, જિણહાક ના માણસે ચોરી કરતાં તેને જે વખતે જિણહાક સેનાપતિ પૂજા કરતો હતો તે જ વખતે તે બાંધેલા ચોરને રજુ કર્યો અને પૂછયું કેઃ–"હે દેવ! આ ચોરનું શું કરવું?"

આંગળીની ચેષ્ટાથી તેનો વધ કરવાનો સેનાપતિએ આદેશ આપ્યો–આજ્ઞા કરી; તેથી ચોર ઉંચે સ્વરે બોલ્યો કેઃ–

"ધક્કુ જિણુહા અનુજિણુવરહ ન મિલઇ તારોતાર,
જેહિં અમારણ પૂજીઈ તે કિમ મારણહાર?—૧"

આ પ્રમાણે સાંભળતાં જ તેણે કહ્યું કેઃ–"હે! જો તું ફરીથી ચોરી કરીશ તો તું નક્કી મરણ પામીશ."

તે બોલ્યોઃ–"ધક્કા ચોરી સાય કિય, જા બોલઇ ન માઇ,
બીજી ચોરી જે કરઇ, ચારણ ચોર ન થાઇ—૧"

હું સોરઠનો રહેવાસી ચારણ છું, અને વાણીઓ ચોરનો નિગ્રહ કરનારો હોઈ શકે નહિ? એમ માનીને મેં આ ચોરીનું કાર્ય ઇરાદાપૂર્વક જ કરેલું છે. આ સાંભળીને **જિણહાકે** તેને દાન આપ્યું, તે લઇને ચારણ ચાલતો થયો.

જિણહાક અનુક્રમે મહામાત્યના પદે નિયુક્ત થયો અને તેને **શ્રીધવલક્કપુરમાં શ્રીપાર્શ્વનાથપ્રભુનું** વિશાલ ગગન ચુંબિત જિનમંદિર બંધાવ્યું, કસોટી રત્નનું શ્યામ **પાર્શ્વનાથપ્રભુનું** જિનબિંબ કરાવ્યું અને તે જિનબિંબની **શ્રીદુર્લભદેવ** રાજાને પ્રતિબોધ કરનાર શ્રી **જિનેશ્વરસૂરિ**ના પટ્ટધર અને **શ્રીસ્થંભનપાર્શ્વનાથ**ની પ્રતિમાને પ્રગટ કરનાર, નવાંગી વૃત્તિકાર શ્રી **અભયદેવસૂરિ** પાસે પ્રતિષ્ઠા કરાવી, તથા મોટા મહિમા સહિત અને દાનાદિ કાર્યો પૂર્વક ગુરૂમહારાજના વચનથી શ્રી યુગાદિદેવ પ્રભુનું શ્રી **ચક્રેશ્વરીદેવી**ની મૂર્તિ સહિત જિનમંદિર કરાવ્યું. નવાંગીવૃત્તિની સેંકડો પ્રતો લખાવી, શત્રુંજયનો સંઘ કાઢ્યો વગેરે ધાર્મિક કૃત્યો મહાસુભટ, શ્રાવકોત્તમ **જિણહાક** સેનાધિપતિ–દંડનાયકે કરાવ્યાં. અત્યારે પણ તે શહેરને વિષે પોટલીવાળાનું દાણ કોઈ પણ લેતું નથી, જે **જિણહાકે** માફ કરાવ્યું હતું તે રિવાજ હજુ પણ ચાલુ છે.

મન્ત્રામ્નાય—

ૐ હ્રીં શ્રીં કલિકુણ્ડદણ્ડસ્વામિન્! આગચ્છ આગચ્છ આત્મમન્ત્રાન્ રક્ષ રક્ષ પરમન્ત્રાન્ છિન્દ છિન્દ મમ સર્વસમીહિતં કુરુ કુરુ હું ફટ્ સ્વાહા।–એતજ્જાપાત્ સકલસમ્પદો ભવન્તિ। જાપઃ સહસ્ર ૧૨ રક્તશ્વેતપુષ્પૈઃ કાર્યઃ।

વિધિ—પોષ વદિ ૧૦ (ગુજરાતી માગશર વદિ ૧૦)ના દિવસે રવિવાર હોય ત્યારે આ મંત્રની સાધના કરવી, ગુરૂ પાસે મંત્ર શીખી લઇને, સવારમાં સ્નાન કરી, ગુરૂની પૂજા કરી પૂર્વ દિશા સન્મુખ બેસી, **શ્રીપાર્શ્વનાથપ્રભુની** મૂર્ત્તિ આગળ રાખી, અષ્ટ દ્રવ્યનો હોમ કરીએ, પાસે શ્રી **ચક્રેશ્વરીદેવી**ની મૂર્તિપણ રાખીને હમેશાં

૧૦૮ જાપ કરવાથી ૬ મહિનામાં ચક્રેશ્વરીદેવી પ્રત્યક્ષ થાય અથવા સ્વપ્નામાં વરદાન આપે.

श्योतन्मदाविलविलोलकपोलमूल–
मत्तभ्रमद्भ्रमरनादविवृद्धकोपम् ।
ऐरावताभमिभमुद्धतमापतन्तं
दृष्ट्वा भयं भवति नो भवदाश्रितानाम् ॥३८॥

સમશ્લોકી

વ્હેતા મદે મલીન ચંચળ શિર તેવો,
ગુંજારવે ભ્રમરના બહુ ક્રોધી એવો;
ઐરાવતે તુલીત ઉદ્ધત હાથી સામે–
આવેલ જોઇ તુમ આશ્રિત ભો ન પામે !—૩૮

શ્લોકાર્થઃ—ઝરતા મદથી વ્યાપ્ત થએલા, ચંચળ, ગંડસ્થળથી મદોન્મત્ત, [અહિં તહિં] ભમતા ભ્રમરોના શબ્દે કરીને કોપ પામેલા, ઐરાવત હાથી જેવા મોટા અને ઉદ્ધતપણે સામે આવતા હાથીને જોઇને પણ તમારા આશ્રિતો ભય પામતા નથી.–૩૮

વાર્તા ૨૧ મી શ્લોક ૩૮ મો

શ્રી પાટલિપુત્ર નામના નગરમાં એક 'સોમરાજ' નામનો રાજપુત્ર હતો, જે કર્મસંયોગે નિર્ધનાવસ્થાને પ્રાપ્ત થએલો હતો. પોતાની નિર્ધનાવસ્થાને દૂર કરવા માટે તે દેશાંતર ગયો, રસ્તામાં કોઈ એક ઠેકાણે **શ્રીવર્ધમાનસૂરિ** નામના જૈન સાધુનાં તેને દર્શન થયાં. તેઓને દેખીને વંદન નમસ્કાર કરીને તેઓની દેશના સાંભળવા તે બેઠો.

શ્રીવર્ધમાનસૂરિએ દેશના આપતાં આપતાં કહ્યું કેઃ—

"सर्वे वेदा न तत् कुर्युः, सर्वे यज्ञाश्च भारत !
सर्वे तीर्थाभिषेकाश्च, यत् कुर्यात् प्राणिनां दया ॥१॥
—(महाभारते शान्तिपर्वणि)

विउलं रज्जं रोगेहिं, वज्जिअं रूवमाउअं दीहम् ।
अन्नंपि तं न सुक्खं, जं जीवदयाइ न हु सज्झं ॥२॥

जिनेन्द्रपूजा गुरुपर्युपास्तिः
सत्त्वानुकम्पा शुभपात्रदानम् ।
गुणानुरागः श्रुतिरागमस्य
नृजन्मवृक्षस्य फलान्यमूनि ॥३॥"

અર્થાત:—હે **ભારત** ! જે કાર્ય પ્રાણિઓ ઉપરની દયા કરે છે, તે કાર્ય સઘળા વેદ નહિ કરે, સઘળા યજ્ઞો નહિ કરે, કે તીર્થો ઉપર કરેલા સઘળા અભિષેકો પણ નહિ કરે.

વિપુલ રાજ્ય, રોગ વિવર્જિત શરીર, લાંબુ આયુ, આ સઘળું જીવદયાથી પ્રાપ્ત થાય છે. એવું બીજું કોઇ સુખ નથી કે જે જીવદયાથી સાધ્ય નથી.

જિનેશ્વર ભગવાનની પૂજા, ગુરૂ મહારાજની સેવા, પ્રાણિઓ ઉપર દયા, સુપાત્રે દાન, ગુણ ઉપર પ્રેમ, તીર્થંકરોએ પ્રરૂપેલા આગમોનું શ્રવણ, આ સઘળા મનુષ્ય જન્મરૂપ વૃક્ષના ફળો છે.

આ પ્રમાણેનો ઉપદેશ સાંભળીને પોતે જૈનધર્માનુરાગી થયો અને મુનિમહારાજે તેને **ભક્તામર**સ્તોત્ર તથા નવકાર મન્ત્રના આમ્નાયો વિધિપૂર્વક બતાવ્યાં, જેનું તે **સોમરાજ** નિત્ય ચિંતવન કરવા લાગ્યો. ફરતાં ફરતાં અનુક્રમે તે **'હસ્તિનાપુર'** નામના નગરને વિષે આવી પહોંચ્યો. તેજ વખતે **હસ્તિનાપુર**ના રાજાનો પટ્ટહસ્તિ આલાન સ્તંભને ઉખેડી, સાંકળો તોડી, દોરડાંઓ વગેરે તોડીને મદોન્મત્તપણાથી લોકોને મારતો, દુકાનો તથા રસ્તામાં આવતા થાંભલાઓને તોડતો, ઘોડા વગેરે તિર્યંચોને સૂંઢમાં લઇને અદ્ધર ઉછાળતો ઉછાળતો બહાર નીકળી ગયો.

તે જ વખતે **હસ્તિનાપુર**ના રાજાની **'મનોરમા'** નામની રાજપુત્રી પોતાની સખીઓની સાથે ઉદ્યાનમાં ક્રીડા કરીને, પોતાની સખીઓ સાથે પાછી ફરતી હતી, તેની પાસે મદોન્મત્ત હસ્તિ આવી પહોંચ્યો, રાજકુમારીની સખીઓ તો પોતપોતાનો જીવ બચાવવા નાશી ગઈ અને રાજકુમારી એકલી રહી ગઇ. રાજાને તથા લોકોને આ વાતની જાણ થતાં જ આખા નગરમાં હાહાકાર વર્તાઇ ગયો; રાજા પોતે નગરના કોટ પર ઊભો રહ્યો રહ્યો આ પ્રમાણે બોલ્યો કે:—"હે લોકો ! જે કોઈ આ મારી કન્યાનું રક્ષણ કરશે તેને મારી આ કન્યા તથા અડધું રાજ્ય હું આપીશ."

એક ઝાડની નીચે વિશ્રાન્તિ લેવા બેઠેલા **સોમરાજ**ના સાંભળવામાં રાજાનાં આ વચનો આવ્યાં અને રાજકન્યાની એકદમ નજીક હાથીને આવી પહોંચેલો જોયો. તેના હૃદયમાં કરૂણા આવવાથી મનમાં **ભક્તામર**સ્તોત્રના ૩૮ મા શ્લોકનું સ્મરણ કરતો એકદમ મદોન્મત્ત હસ્તિની પાસે જઈ પહોંચ્યો અને સહજ વારમાં સ્તોત્રના પ્રભાવથી તુષ્ટમાન થએલી દેવી **ચક્રેશ્વરી**ની સાનિધ્યથી તે હસ્તિને પકડી પોતાને કબજે કર્યો; અને ફરીથી આલાન સ્તંભે બાંધ્યો.

કન્યા પણ **સોમરાજ**નું અતુલ પરાક્રમ અને તેનું સુંદર મુખ નજરે નિહાળતાં જ તેના પ્રત્યે અનુરાગી થઈ. આ પ્રમાણે રાજા પોતાની પ્રજાને શાંતિ આપનાર

---

૧ ગમાં રાજકુમારીનું નામ 'ગુણવતી' છે.

તથા રાજકુમારીને ભયથી મુક્ત કરનાર **સોમરાજને** જોઈ બહુ જ ખુશ થયો, પણ **સોમરાજને** પરદેશી તથા અજ્ઞાતકુળનો જાણી રાજા વિચારવા લાગ્યો કેઃ—"જેના કુળની જ્ઞાતિની કે આચારની ખબર નથી તેવા અજાણ્યા પરદેશી પુરુષને મારી પુત્રી હું કેવી રીતે આપું? અને આપું તે યોગ્ય નહિ, માટે એને ઈનામમાં સારું દ્રવ્ય આપી સંતોષ પમાડી વિદાય કરું."

એક તરફ રાજા આ પ્રમાણે વિચાર કરે છે, ત્યારે બીજી બાજુ રાજપુત્રી પોતાના મહેલના ઝરૂખામાંથી **સોમરાજને** જોઇને તેના પરના મોહથી વધુને વધુ આસક્ત થઈ રહી હતી, કારણકે **સોમરાજનું** સૌન્દર્ય કામદેવથી પણ અધિક હતું. જ્યારથી કુંવરીએ **સોમરાજને** જોયો ત્યારથી તેની માનસિક સ્થિતિ બગડી અને માનસિક તેમજ શારીરિક સ્થિતિ પણ બગડતી ગઈ. અમુક વખતે **સોમરાજને** ઇનામ આપવામાં આવશે એમ કહી રાજાએ થોડા વખતને માટે **સોમરાજને** ત્યાંથી વિદાય કર્યો, પરંતુ રાજકુમારીના હૃદયમાંથી તે દૂર થયો નહિ.

રાજકુમારીએ ખાવા–પીવાનું, બોલવા–ચાલવાનું, હાસ્યવિનોદ, વસ્ત્રાભૂષણ ધારણ કરવાનું, સંગીત–વિનોદ બંધ કરી દીધાં. આ સ્થિતિ રાજાના જાણવામાં આવી અને રાજાએ અનુમાન કર્યું કે તેને કોઇ શારીરિક વ્યાધિ લાગુ પડયો હશે અથવા તો ભૂત, પિશાચ યા યક્ષ વળગ્યો હશે. એમ ધારીને માન્ત્રિકો તથા વૈદ્યોને બોલાવી ઘણા ઘણા ઉપચારો કરાવ્યા. અનેક ઉપચારો કરવા છતાં પણ જ્યારે કાંઇ પણ ઇચ્છિત પરિણામ ન આવ્યું ત્યારે રાજા ઘણો જ ઉદાસ થયો અને હરકોઈ ઉપાયે પુત્રીને શાંતિ થાય તેમ કરવા નિશ્ચય કર્યો અને તેથી તેણે નગરમાં ઢંઢેરો ફેરવ્યો કેઃ—"જે કોઇ રાજપુત્રોને વ્યાધિમુક્ત કરશે તેને મારા રાજ્યનો ચોથો ભાગ અને એજ પુત્રી હું અર્પણ કરીશ–પરણાવીશ."

ઢંઢેરો સાંભળી **સોમરાજ** રાજમહેલમાં આવી પહોંચ્યો અને રાજકુમારીના નજરે આવ્યો. **સોમરાજે** કુંવરીના ચિત્તની પરવશ સ્થિતિ સમજી બાહ્ય દેખાવની બાતર એક યંત્ર કરી, યોગિની મંડલમાં બેસાડીને, **ૐ હું ફટ્ સ્વાહા** વગેરે મન્ત્ર-પદોનું ચિંતવન કરવા લાગ્યો, એટલે જેમ કોઇને સર્પ કરડયો હોય ને મન્ત્ર-પ્રભાવથી તે વિષમુક્ત થઈ જાય છે, તેમ રાજપુત્રી પણ એકાએક સ્વસ્થ બની ગઇ. આ બનાવ જોઇને રાજાને સંતોષ થયો અને તે જ વખતે પોતાના રાજ્યનો ચોથો ભાગ આપી **મનોરમાને** તેની સાથે પરણાવી દીધી. કેટલાએક સમય પછી **સોમરાજ** ને તેના વડીલનું રાજ્ય પણ મળ્યું અને એ મોટા રાજ્યને મેળવીને તે સુખી થયો. રાજ્ય મળ્યા પછી ગુરૂમહારાજના ઉપદેશાનુસાર આખા રાજ્યમાં હિંસાનો નિષેધ કર્યો, અને **સોમરાજ** પરમજૈન રાજા થયો.

મન્ત્રામ્નાય—ૐ હું ફટ્ સ્વાહા । જ્યારે કોઈ હાથીનું સંકટ ઉપસ્થિત થાય ત્યારે આ મન્ત્રનો જાપ કરવાથી સંકટ દૂર થાય છે.

भिन्नेभकुम्भगलदुज्ज्वलशोणिताक्त-
मुक्ताफलप्रकरभूषितभूमिभागः ।
बद्धक्रमः क्रमगतं हरिणाधिपोऽपि
नाक्रामति क्रमयुगाचलसंश्रितं ते ॥३९॥

સમશ્લોકી

ભેદી ગજેંદ્ર-શિર શ્વેત રૂધિરવાળા,
મોતી સમૂહ થકી ભૂમિ દીપાવે એવા;
દોડેલ સિંહ તણી દોટ વિષે પડે જે,
ના તુજ પાદ ગિરિ આશ્રયથી મરે તે. ૩૯

શ્લોકાર્થઃ—હાથીઓના ભેદેલા કુંભસ્થળથી પડતાં શ્વેત અને લોહીથી લિપ્ત થએલાં ઉજ્વળ મોતીના સમૂહવડે પૃથ્વીને વિભૂષિત કરનાર અને તલપ મારવા માટે પગને એકઠા કરી લપાઈને તૈયાર થએલો સિંહ પણ પોતાની એક જ ફાળમાં આવે તેવા તમારા ચરણાશ્રિત સેવકને મારી શકતો નથી.—૩૯

વાર્તા ૨૨ મી શ્લોક ૩૯ મો.

શ્રીપુર નામના એક સમૃદ્ધિશાળી શહેરમાં 'દેવરાજ' નામનો એક નિર્ધન શ્રાવક રહેતો હતો, જે હમેશાં **ભક્તામરસ્તોત્ર**નો પાઠ કરતો હતો.

એક દિવસે વ્યાપારાર્થે બીજા કેટલાએક વ્યાપારીઓની સાથે **સાકેતપુર** નામના નગર તરફ જવાને તે નીકળ્યો. રસ્તે ચાલતાં ચાલતાં અનુક્રમે તેઓ સિંહ, વાઘ, વરૂ, ચિત્તા, સર્પ, અજગર, વગેરે અનેક જીવોથી વ્યાપ્ત એવા ભયંકર જંગલમાં આવી પહોંચ્યા, અને તે જંગલને સામે છેડે પહોંચાય તે પહેલાં રાત્રિ પડી જવાથી વનની મધ્યમાં પડાવ નાખવો પડ્યો; આવી સ્થિતિમાં આવી પડવાથી દેવરાજના બધા સાથીઓ ગભરાઇ જઈ ભારે મુંઝવણમાં આવી પડ્યા.

તમામ લોકો ચિંતાગ્રસ્ત સ્થિતિમાં બેઠા છે તેવામાં જ એક ભયંકર સિંહ ગર્જના કરતો આવી પહોંચ્યો. તે સિંહ મદોન્મત્ત હાથીના કુંભસ્થળને વિદારી તેના લોહીમાં જાણે હાલમાં જ સ્નાન કરી આવતો હોય તેવો, ભયંકર પીળા નેત્રવાળો, દેખાવ માત્રથી વિકરાળ, તીક્ષ્ણમાં તીક્ષ્ણ નખવાળો, ઉંચા પુંછડાને જમીન પર પછાડીને અવાજ કરતો અને ગર્જનાઓ કરતો કરતો આવતો હતો. આવા

ભયંકર સિંહને આવતો જોઇને દેવરાજના સાથીઓ ભય પામીને દેવરાજની પાછળ પાછળ ભરાઈ ગયા.

પોતાની સન્મુખ જાણે સાક્ષાત્ કાળ હોય તેવા ભયંકર સિંહને આવતો જોઇને દેવરાજ પણ પહેલાં તો ગભરાઈ ગયો, પરંતુ તુરત જ પોતાના ગુરૂએ શીખવેલા ભક્તામરસ્તોત્રના ઉલ્મા શ્લોકનું મન્ત્ર સાથે ચિંતવન કરવા લાગ્યો. તે ચિંતવનના પ્રભાવથી તત્કાળ તે વિકરાળ સિંહ એક નાના શિયાળવાની માફક શાંત બન્યો અને જેમ યોગીરાજ પ્રચંડ કામદેવને પોતાને વશ કરે છે, તેવી જ રીતે તેણે સિંહને વશ કર્યો. હિંસક છતાં કરૂણાવાળો, ક્રોધી છતાં ક્ષમાવાળો, સિંહ જાણે મસ્તક ઝુકાવી નમસ્કાર કરતો હોય તેમ શાંતિથી ઊભો રહ્યો.

આવું અદ્‌ભુત આશ્ચર્ય જોઇને સાર્થવાહ વગેરે સાથીદારો બહુ જ ખુશી થયા, મૃગરાજ પણ સ્તુતિ કરવા લાયક એવા દેવરાજને નમન કરીને તેણી આગળ પોતાના પંજામાંથી ત્રણ અમૂલ્ય મૌક્તિકો નાખીને પોતાના સ્થાનકે ગયો. બધા લોકો તેના મન્ત્ર પ્રભાવથી રાજી થયા, તે શ્રીઋષભદેવ ભગવાનના સ્તવનનો મહિમા છે એમ દેવરાજે કહીને, સાથે આવેલા બધા માણસોને ધર્મોપદેશ આપતાં કહ્યું કેઃ—

"विपदि धैर्यमथाभ्युदये क्षमा
सदसि वाक्पटुता युधि विक्रमः ।
यशसि चाभिरुचिर्व्यसनं श्रुतौ
प्रकृतिसिद्धमिदं हि महात्मनाम् ॥१॥
वाञ्छा सज्जनसङ्गमे परगुणे प्रीतिर्गुरौ नम्रता
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयम् ।
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले
यत्रैते निवसन्ति निर्मलगुणाः श्लाघ्यास्त एव क्षितौ ॥२॥"

અર્થાત્:—વિપત્તિમાં ધૈર્ય, ઉન્નતિમાં ક્ષમા, સભામાં બોલવાની ચતુરાઇ, યુદ્ધમાં પરાક્રમ, યશની ઇચ્છા, શાસ્ત્ર શ્રવણમાં અભિરૂચિ, આ બધા મહાત્માઓના સ્વાભાવિક ગુણો છે.

સજ્જની મૈત્રીની ઇચ્છા, પારકાના ગુણોમાં પ્રેમ, ગુરૂ—મોટાઓ પાસે નમ્રતા, વિદ્યામાં વ્યસન, પોતાની સ્ત્રીમાંજ પ્રીતિ, લોકાપવાદનો ડર, તીર્થંકરોની ભક્તિ, ઇન્દ્રિયોને દમવાની શક્તિ, દુષ્ટ પુરૂષોની સોબતનો અભાવ આ સઘળા નિર્મળ ગુણો જેનામાં વસે છે તે પુરૂષો પૃથ્વીમાં પ્રશંસનીય છે.

આ પ્રમાણે સાંભળીને સર્વ સાથવાળાઓએ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને દેવરાજને પોતાનો અગ્રેસર ગણવા લાગ્યા. ત્યારબાદ એ વનમાંથી નીકળી સર્વ જણા સાકેતપૂર પહોંચ્યા. ત્યાં પોતાની પાસેનો માલ તથા ત્રણ અમૂલ્ય મોતીઓનું વેચાણ કરીને દેવરાજે ઘણી ઋદ્ધિ પ્રાપ્ત કરી. ધર્મથી સઘળું પ્રાપ્ત થાય છે. કહ્યું છે કેઃ—

"राज्यं च सम्पदो भोगाः, कुले जन्म सुरूपता ।
पाण्डित्यमायुरारोग्यं, धर्मस्यैतत् फलं विदुः ॥१॥"

અર્થાત્—રાજ્ય, સંપદા, ભોગસુખ, ઉત્તમકુલમાં જન્મ, સ્વરૂપવાન શરીર, ચતુરાઈ, દીર્ઘાયુષ, આરોગ્યપણું તે બધાં બુદ્ધિશાળીઓએ ધર્મના ફલો કહેલાં છે.

પછી તે પોતાના મૂળ નગર શ્રીપુરનગરમાં પાછો આવ્યો, અને સુખે કરીને કાળ નિર્ગમન કરવા લાગ્યો.

મન્ત્રામ્નાય—ॐ ठः ठः सिंहभयं हर हर स्वाहा ।–આ મંત્ર જપવાથી સિંહનો ભય દૂર થાય છે.

कल्पान्तकालपवनोद्धतवह्निकल्पं
दावानलं ज्वलितमुज्ज्वलमुत्फुलिङ्गम् ।
विश्वं जिघत्सुमिव सम्मुखमापतन्तं
त्वन्नामकीर्तनजलं शमयत्यशेषम् ॥४०॥

સમશ્લોકી

જે જોરમાં પ્રલયના પવને થએલો,
ઓઢા ઉડે બહુજ અગ્નિ દવે ધીકેલો;
સંહારશે જગત સન્મુખ તેમ આવે,
તે તુજ કીર્તન રૂપી જળ શાંત પાડે.–૪૦

શ્લોકાર્થઃ—હે પ્રભુ! તમારા નામના સ્મરણરૂપ જળ, વજ્રાગ્નિ, વીજળી વગેરે સર્વ પ્રકારના દાવાનલને પછી ભલે તે પ્રલયકાળના વાયુ વડે ઉદ્ધત થએલા અગ્નિ જેવો હોય, દેદીપ્યમાન હોય, તેની જ્વાળા ઉંચે આકાશ સુધી પહોંચતી હોય, તેના તણખા–કણીયા ચારે તરફ પ્રસરતા હોય, જાણે આખા વિશ્વને ગળી જવાને તે ઇચ્છતો હોય તથા સન્મુખ આવતો હોય, તેને પણ શાંત કરી દે છે.–૪૦

વાર્તા ૨૩મી શ્લોક ૪૦ મો

પ્રતિષ્ઠાનપુર નામના એક નગરમાં લક્ષ્મીધર નામનો એક ધનવાન વ્યાપારી હતો. તેને જૈનધર્મ પ્રત્યે અનન્ય શ્રદ્ધા હોવાથી હમેશાં ભક્તામરસ્તોત્રનું ધ્યાન કરતો હતો.

એક વખતે તે બળદ, ઊંટ, ખચ્ચર, ગધેડાં, પાડા તથા અનેક ગાડાઓમાં માલ ભરી સાથે લઈને પરદેશમાં વ્યાપારાર્થે પૂર્વ દિશા તરફ નીકળ્યો હતો, તે વખતે મોટી કલિકાળ જેવી ગ્રીષ્મ ઋતુ પ્રવર્ત્તતી હતી, તે ઋતુમાં નિરંતર જંગલની વનસ્પતિઓ પણ સુકાઈ ગએલી હોય છે અને બધી વસ્તુઓ અછતને લીધે મોંઘા ભાવે વેચાઇ જાય છે, સાર્થવાહ ચાલતાં ચાલતાં જંગલની મધ્યમાં આવ્યો અને એકાએક પ્રચંડ પવન વાવા લાગ્યો અને તે પવન એટલે સુધી વધી ગયો કે ત્યાં કઈ જગ્યાએ અને કેવી રીતે રહેવું તે મોટો વિચાર થઈ પડ્યો. વનમાં રહેલાં વૃક્ષો અને વાંસનાં ઝુંડો પરસ્પર અથડાવાથી તેના ઘર્ષણમાંથી અગ્નિ ઉત્પન્ન થયો અને દરેક દિશાએ પ્રચંડ જવાળાઓ નીકળવા લાગી. સાર્થના સર્વ માણસોએ એકત્ર મળી પોતાના રક્ષણ માટે અનેક પ્રયત્ન કર્યા, પરંતુ એક પણ ઉપાય ફળીભૂત થયો નહિ અને સર્વેએ જીવવાની આશા છોડી દીધી.

આ વખતે આકસ્મિક રીતે **લક્ષ્મીધર**ને **ભક્તામર**નો ૪૦મો શ્લોક અને તેના મન્ત્ર યાદ આવ્યા અને તેથી તેના હૃદયમાં આશાનો અંકુર જન્મ્યો, જરા પણ વિલંબ કર્યા વિના તે ૪૦ મા શ્લોકનું ચિંતવન કરવા લાગ્યો અને તેના એકાગ્ર સ્મરણથી **ચક્રેશ્વરી** દેવીએ પોતાના એક સેવક દેવને દાવાનલની શાંતિ કરવા મોકલ્યો; તેણે આવીને દાવાનલને શાંત કર્યો. બધા લોકો દાવાનલની શાંતિ થએલી જોઈને વિસ્મય પામ્યા, અને એક બીજાને કુશલતાના સવાલો પૂછવા લાગ્યા. આ પ્રમાણે શ્રી યુગાદિદેવસ્તવનો તથા જૈનધર્મનો પ્રભાવ પ્રત્યક્ષ જોઈને બધા સાથવાળાઓએ જૈનધર્મનો સ્વીકાર કર્યો. અનુક્રમે તેઓ ઈચ્છિત સ્થાને પહોંચ્યા અને ત્યાંથી ઘણું સુવર્ણ ઉપાર્જન કરી **લક્ષ્મીધર** શેઠ પોતાના મૂળ વતનમાં પાછા આવ્યા.

એક વખતે **પ્રતિષ્ઠાનપુર**માં ભયંકર અગ્નિ ઉત્પન્ન થયો, તે વખતે પણ શેઠે ચાલીશમા શ્લોકથી પાણી મંતરીને છાંટીને અગ્નિને શાંત કરી દીધો, આ વાત સાંભળીને તે નગરનો રાજા ઘણો જ આનંદિત થયો અને તેણે **લક્ષ્મીધર** શેઠનું બહુમાન કરીને પોતે પણ જૈનધર્મનો સ્વીકાર કર્યો. આ પ્રમાણે જૈનશાસનની પ્રભાવના કરી, **લક્ષ્મીધર** શેઠ સર્વસુખ તથા કીર્તિનો ભોક્તા થયો.

મન્ત્રામ્નાય—ॐ ह्रीं ह्रूँ त्रिपुरसुंदरि जातवेद भयनिवारण क्लीं नमः ।

આ મન્ત્ર ભણવાથી અગ્નિનો ભય દૂર થાય છે.

रक्तेक्षणं समदकोकिलकण्ठनीलं
क्रोधोद्धतं फणिनमुत्फणमापतन्तम् ।
आक्रामति क्रमयुगेन निरस्तशङ्क–
स्त्वन्नामनागदमनी हृदि यस्य पुंसः ॥४१॥

સમશ્લોકી

જે રક્ત નેત્ર પીક-કંઠ સમાન કાળો,
ઊંચી ફણે સરપ સન્મુખ આવનારો.
તેને નીશંક જન તે ઉલંઘી ચાલે,
ત્વં નામ નાગદમની દીલ જેહ ધારે.—૪૧

શ્લોકાર્થઃ—જે પુરુષના હૃદયમાં તમારા નામરૂપી નાગદમની (ઔષધિ) રહેલી હોય, તે પુરૂષ શંકા રહિત થઇને, લાલ નેત્રવાળા, મદોન્મત્ત કોયલના કંઠ જેવા શ્યામ વર્ણવાળા, ક્રોધથી ઉદ્ધત થએલા, ઊંચી ફણાવાળા અને સન્મુખ આવતા એવા સર્પને પણ પોતાના ચરણ યુગલે કરીને ઉલ્લંઘે છે. – ૪૧

વાર્તા ૨૪ મી શ્લોક ૪૧ મો.

નર્મદા નદીના કાંઠા પર આવેલા 'નર્મદપુર' નામના નગરમાં '**મહેન્દ્ર**'[૧] નામનો એક શેઠ રહેતો હતો, તે ઘણો ધનવાન તથા ગુણવાન હતો. તેને એક કલા અને ગુણે કરીને સંપૂર્ણ **દૃઢવ્રતા**[૨] નામની એક સુંદર પુત્રી હતી, જે હમેશાં એકાગ્રચિત્તે **ભક્તામરસ્તોત્ર**નું શુદ્ધ ઉચ્ચાર પૂર્વક સ્મરણ કરતી હતી.

એક વખતે **દશપુર** નામના શહેરનો **કર્મણ**[૩] નામનો એક શાહુકાર વ્યાપાર માટે ત્યાં આવ્યો હતો જે મેશરી હતો. **કર્મણ** અને **મહેન્દ્ર** શ્રેષ્ઠિ વચ્ચે વ્યાપારના સંબંધને લીધે ગાઢ મૈત્રી બંધાઈ. એક સમયે **કર્મણને મહેન્દ્ર** શ્રેષ્ઠિએ પોતાના ઘેર જમવાનું આમંત્રણ કર્યું, જમતાં જમતાં શ્રેષ્ઠિની પુત્રી **કર્મણ**ના જોવામાં આવી અને જોતાંની સાથે જ તેણીના ઉપર તેને અનુરાગ ઉત્પન્ન થયો. તેણીના પ્રત્યે બહુ જ અનુરાગ હોવાને લીધે **કર્મણે** કપટથી શ્રાવકની ક્રિયાઓ કરવા માંડી અને તેણીને પરણવા માટે પોતાની લક્ષ્મીના બળથી ઘણા શ્રાવકોને પોતાના મિત્રો બનાવ્યા. કહ્યું છે કેઃ—

"क्रतौ विवाहे व्यसने रिपुक्षये
प्रियासु नारीष्वधनेषु बन्धुषु ।
यशस्करे कर्मणि मित्रसंग्रहे
धनव्ययोऽष्टासु न गण्यते बुधैः ॥१॥"

અર્થાત્—પૂજામાં, વિવાહમાં, વ્યસન-કષ્ટમાં, શત્રુનો નાશ કરવામાં, પ્રિય સ્ત્રીના વિષયમાં, ધન રહિત કુટુંબમાં, યશ વિસ્તારે તેવા કાર્યમાં અને મિત્રો

---

૧ કમાં શેઠનું નામ 'સીરચંદ્ર છે' જ્યારે ગમાં શેઠનું નામ 'મહેન્દ્ર' છે. ૨ કમાં પુત્રીનું નામ 'સુવ્રતા' છે. ૩. કમાં શેઠનું નામ 'વિદ્યાચંદ્ર' છે, જ્યારે ગમાં 'કર્મચંદ્ર' નામ છે.

બનાવવામાં, એ આઠ કાર્યમાં પંડિત પુરૂષો ધનનો વ્યય ગમે તેટલો થાય તેને ગણુકારતા નથી.

કર્મણ શ્રેષ્ઠિએ મિત્રતાના સંબંધના લીધે **મહેભ્ય** શ્રેષ્ઠિ પાસે કન્યાની માગણી કરી.

कुलं च शीलं च सनाथता च
विद्या च वित्तं च वपुर्वयश्च ।
एतानि सप्त प्रविलोक्य देयात्
ततः परं भाग्यवशा हि कन्या ॥१॥

અર્થાત્–કુલ, શીળ, સનાથતા, વિદ્યા, ધન, શરીર અને વય, આ સાત વસ્તુ બરાબર તપાસી કન્યા આપવી જોઇએ. પછી તો કન્યાના ભાગ્ય પર આધાર છે.

આ પ્રમાણેનો વિચાર કરી **મહેભ્ય** શ્રેષ્ઠિએ કર્મણની સાથે પોતાની કન્યા **દૃઢવ્રતાને** પરણાવી. પરણીને કર્મણ પોતાની નવવધૂ સાથે પોતાના ગામ **દશપુર** આવ્યો. **દૃઢવ્રતા** પોતાના સાસરે આવી અને પતિભક્તિની સાથે સ્વધર્મને વળગી રહી, ઉપવાસ, સામાયિક, વ્રત, નિયમ, જૈનશાસ્ત્રનું વાંચન, મનન, દેવદર્શન વગેરે ધાર્મિક ક્રિયાઓ કરવા લાગી. તેણી પરમ શ્રાવિકા હોવાથી રાત્રિ-ભોજન કરતી નહિ, બીજા દેવોને વંદન–નમસ્કાર કરતી નહિ, અભક્ષ તથા અનંત-કાયનું ભક્ષણ કરતી નહિ. આવી રીતે કર્મણના કુટુંબીઓ **દૃઢવ્રતાને** પોતાના કુલાચાર તથા ધર્મથી વિરૂદ્ધ ક્રિયાઓ કરતી જોઈ તેના પર દ્વેષ કરવા લાગ્યાં, તથા તેનો વાતવાતમાં તિરસ્કાર–અપમાન વગેરે કરવા લાગ્યાં, તેમ જ તેણીની સન્મુખ જૈનધર્મની હાંસી–નિંદા કરી જેમ બને તેમ તેણી ને કષ્ટ આપવા લાગ્યાં.

આ બધું જાણીને કર્મણે એક વખતે **દૃઢવ્રતાને** કહ્યું કેઃ–"પ્રિયે ! આપણા કુલને ઉચિત ધર્મનું આચારણ કર, કારણકે પતિ જે પ્રમાણે ધર્મ પાળતો હોય તે પ્રમાણે પતિવ્રતા પત્નિએ પણ પતિના માર્ગને અનુસરવું જોઇએ." આ પ્રમાણે કહેવા છતાં પણ તેણીએ પોતાનો ધર્મ ન ત્યજ્યો.

દૃઢવ્રતાનાં શ્વસુરપક્ષવાળાઓએ કર્મણનાં બીજી સ્ત્રી સાથે લગ્ન કર્યાં, તે નવી સ્ત્રી કર્મણનાં ધર્મની જ હતી, અને વળી કાંઇક વધારે ચાલાક હોવાથી તેનાપર કર્મણની વધારે પ્રીતિ થઇ. દૃઢવ્રતાએ એક વખત પોતાના પતિ કર્મણને કહ્યું કેઃ– "સ્વામિનાથ ! રાત્રિભોજનમાં મહાન દોષ સમાએલા છે કહ્યું છે કેઃ—

"उलूककाकमार्जार–गृध्रशम्बरशूकराः ।
अहिवृश्चिकगोधाश्च, जायन्ते रात्रिभोजनात् ॥१॥"

અર્થાત્:—રાત્રિભોજન કરવાથી ઘુવડ, કાગડો, બિલાડી, ગીધ, શીયાળ, ભુંડ, સર્પ, વીંછી અને ઘોમાં ઉત્પન્ન થવું પડે છે.

આ પ્રમાણે કહેવા છતાં પણ દુઃખે નિવારણ કરી શકાય તેવા દર્શનરાગને લીધે તેનું વચન કર્મણે માન્યું નહિ.

એક દિવસે નવી સ્ત્રીએ કર્મણને કહ્યું કેઃ—"સ્વામિન્! દૃઢવ્રતા પાપિણી અને અભિમાની છે. જુઓ તો ખરા, તે આપણા દેવગુરૂની બહુ જ નિંદા કરે છે, અને કોઈ પણ રીતે પોતાના દેવગુરૂને વંદન–નમન કરવા જાય છે, આવી સ્ત્રી આપણા કુલમાં કલંકરૂપ છે. આપ એને કાંઇ કહેતા નથી તેથી તે વધારે અભિમાની થતી જાય છે. હું તો આવી વર્તણુક એક ઘડી પણ સહન ન કરી શકું પણ શું કરું? તમારે લીધે પૂજ્ય ગુરૂદેવ વગેરેની નિંદા સહન કરવી પડે છે."

આવી રીતની અનેક પ્રકારની યુક્તિવાલી વાતો કરી કર્મણનો દૃઢવ્રતા પરનો સ્નેહ તદ્દન ઉતારી નાંખ્યો, એટલું જ નહિ પણ દ્વેષની વૃદ્ધિ કરી, તેથી કર્મણ કોઇ પણ ઉપાયથી દૃઢવ્રતાનો નાશ કરવાનો વિચાર કરી તેના ઉપાયો શોધવા લાગ્યો. છેવટે એક દિવસે એક ગારૂડીને બોલાવી તેને કેટલુંક ધન આપી કર્મણે કહ્યું કે—"ઘણોજ ઝેરી સર્પ લાવી મને આપી જજે, મને તેની બહુ જ જરૂર છે."

ગારૂડીએ કર્મણના કહ્યા પ્રમાણે એક ભયંકર ઝેરી સર્પ લઇ આવી તેને સોંપ્યો. કર્મણ તે સર્પને લઇ એક ઘડામાં પૂરી પોતાના શયનગૃહમાં મૂક્યો. રાત્રિના સમયે કર્મણ બંને સ્ત્રીઓ સાથે [નવી સાથે શુદ્ધ વિચારથી અને દૃઢવ્રતાની સાથે કપટથી] આનંદ વિનોદ કરીને જ્યારે સૂઈ રહેવાનો વખત થયો ત્યારે દૃઢવ્રતાને કહ્યું કેઃ—"હે પ્રિયા! હું એક વાત તો તદ્દન ભૂલી ગયો. તે એ કે આજ હું તારા માટે એક ઘણીજ સુન્દર ફૂલની માળા લાવ્યો છું."

દૃઢવ્રતા પોતાની શોક્યની ઇર્ષા અને સર્પ મંગાવી ઘડામાં પૂર્યો હતો તે દરેક હકીકત જાણતી હતી, છતાં તે સર્વભાવને દબાવી ઘણા જ ઉમંગથી કર્મણ પ્રત્યે બોલી કેઃ—"પ્રાણનાથ! તે માળા ક્યાં રાખી છે? હું હમણાં જ તેને લાવી પહેરૂં મારા જેવી હતભાગિનીના ઉપર આજ આપની કૃપા થઇ છે તેથી મને બહુ જ સંતોષ અને આનંદ થયો છે."

કર્મણે હાથની નિશાની કરી જે ઘડામાં સર્પ પૂર્યો હતો તે બતાવ્યો અને તેમાં ફૂલની માળા છે એમ કહ્યું. દૃઢવ્રતા **'रक्तेक्षणं समदकोकिल०'** એ શ્લોકનું શ્રદ્ધાપૂર્વક સ્મરણ કરતી જલદીથી જે ઘડામાં સર્પ પૂર્યો હતો તે ઘડા નજીક જઇ, ઘડાને ખુલ્લો કરી તેમાંથી માળા કાઢી અને ઘણા જ આનંદથી હસતી હસતી

પોતાના સ્વામી પાસે આવી. સર્પને બદલે ફૂલની માળા જોઇ બંને ધૂર્ત્ત સ્ત્રીપુરુષના આશ્ચર્યનો પાર રહ્યો નહિ.

કર્મણ પોતાનો કપટભાવ છુપાવી બોલ્યો કેઃ–"પ્રિયે ! કહો કેવી સુંદર માળા છે? અને હવે તમે ગળામાં પહેરી જુઓ કે તમને તે કેવી શોભે છે?"

દૃઢવ્રતાએ હાસ્ય અને આંતરભાવ છુપાવી એકદમ પોતે માળા પહેરી લીધી. થોડી વાર પહેરી રાખી પછી ગળામાંથી કાઢી પોતાના ભદ્રિક સ્વભાવને લીધે બોલીઃ– "જીવનસર્વસ્વ ! આપ પોતે પણ પહેરી જુઓ, આપના સુંદર ગળામાં તો મારાથી પણ વધારે શોભા આપશે."

આટલું કહી દૃઢવ્રતા પોતાના પતિના ગળામાં તે માળા પહેરાવવા જાય છે, ત્યાં એકાએક કોઈ સ્વર્ગીય સુંદરી આકસ્મિક રીતે આવી અને તેણે દૃઢવ્રતાનો હાથ પકડી લીધો. તે સુંદરી કર્મણ અને તેની નવી સ્ત્રી પ્રત્યે બોલી કેઃ–"પાપી જનો ! આ સુશીલ અને સરલહૃદયા ધર્મિષ્ટ સ્ત્રીપર તમે શા માટે જુલમ ગુજારો છો? એટલું પણ શું તમે જાણતાં ન હતાં કે તમોએ મંગાવેલ સર્પ અને તે વડે કરીને તમોએ દૃઢવ્રતાનો લેવા ધારેલો જીવ–એ વાત કોઇથી છાની નથી? તમે જાણતાં નથી કે તે દૃઢવ્રતાની પાસે એક અમૂલ્ય વસ્તુ છે કે જેનાથી તમે એને હેરાન કરી શકો જ નહિ; પરંતુ તમને જ સહામું દુઃખ ભોગવવું પડશે. હું અત્યારે તમારા પર દયા કરું છું તે તમારા પોતાના માટે નહિ પણ દૃઢવ્રતા કે જે તદ્દન સરલ હૃદયની અને નિર્દોષ છે તેના હિતને ખાતર જ; કારણ કે જે ફૂલની માળા દૃઢવ્રતાના હાથમાં છે તે મૂળ તો સર્પ જ છે પણ દૃઢવ્રતાની ધર્મશ્રદ્ધા અને તેની પાસેના અમૂલ્ય મન્ત્રયોગથી તે ફૂલની માળા પોતાના જ માટે થઈ છે, પણ જો તે ફૂલની માળા તમારા ગળામાં પડે તો તે જ વખતે તે માળા મટી જઇ સર્પ જ થાય, અને તેના દંશથી તમારું મૃત્યુ થાય, જેથી દૃઢવ્રતાને શિરે વૈધવ્યનું દુઃખ આવી પડે. તે દુઃખ ન આવે તેટલા માટે જ મેં તેનો હાથ પકડી રાખેલો છે. હવે જો તમે પોતે તમારું ભલું ચાહતા હો તો તેના ઉપર ગુજારેલા જુલમોની ક્ષમાપના માંગો અને હવે પછી એવી પ્રતિજ્ઞા કરો કે કોઈ પણ વખતે તેનો અપરાધ, તેની અવગણના, અપમાન વગેરે કાંઈ પણ નહિ કરતાં યોગ્ય સન્માન આપીશું." આટલું કહી દેવી ચક્રેશ્વરી પોતાના સ્થાનકે ગયાં.

દેવીના ગયા પછી કર્મણ અને તેની નવી સ્ત્રી બંનેએ દૃઢવ્રતાની ક્ષમાપના માંગવા માટે તેણીના પગમાં મસ્તક નમાવ્યું. દૃઢવ્રતા સતી હતી તેથી પતિને એકદમ ઉઠાડી લઈ પોતે જ વિનય કરવા લાગી. આવું અદ્‌ભુત આશ્ચર્ય જોઇ

કર્મણ તથા તેની નવી સ્ત્રીએ પણ જૈનધર્મ અંગીકાર કર્યો. આ પ્રમાણે ધર્મ અને પ્રભુભક્તિમાં નિશ્ચલ રહેવાથી પતિના તિરસ્કારને પાત્ર હતી તે દૃઢવ્રતા સત્કારને પાત્ર થઇ અને સુખે જીંદગી ગુજારવા લાગી.

મન્ત્રામ્નાયઃ—**ૐ હં હં હંસઃ સર્પ હંસઃ જં જા હંસઃ જા ગું હંસઃ**। આ મન્ત્રાક્ષરો જપવાથી સાપના કષ્ટનું નિવારણ થાય છે. [આ મન્ત્રામ્નાય અશુદ્ધ હોય એવું લાગે છે].

वल्गत्तुरंगगजगर्जितभीमनाद–
माजौ बलं बलवतामपि भूपतीनाम् ।
उद्यद्दिवाकरमयूखशिखापविद्धं
त्वत्कीर्तनात् तम इवाशु भिदामुपैति ॥४२॥

સમશ્લોકી

નાચે તુરંગ ગજ શબ્દ કરે મહાન,
એવું રણે નૃપતિનું બળવાન સૈન્ય;
ભેદાય છે તિમિર જેમ રવિ કરેથી,
છેદાય શીઘ્ર ત્યમ તે તુજ કીર્તનેથી.—૪૨

શ્લોકાર્થઃ—જેમાં યુદ્ધ કરતા ઘોડાઓ અને હાથીઓની ગર્જનાઓ તથા વીરોના ભયંકર સિંહનાદ થતા હોય છે એવા બળવાન રાજાઓનું સૈન્ય તમારા નામ માત્રનું સ્મરણ કરવાથી જ ઉદય પામતા સૂર્યના કિરણોના અગ્રભાગ વડે ભેદાએલા અંધકારની જેમ તત્કાળ નાશ પામે છે.—૪૨

कुन्ताग्रभिन्नगजशोणितवारिवाह–
वेगावतारतरणातुरयोधभीमे ।
युद्धे जयं विजितदुर्जयजेयपक्षा–
स्त्वत्पादपङ्कजवनाश्रयिणो लभन्ते ॥४३॥

સમશ્લોકી

ભાલા થકી હણીત હસ્તિ રૂધિર વહે છે,
યોદ્ધા પ્રવાહ થકી આતુર જ્યાં તરે છે;
એવા યુદ્ધે અજીત શત્રુ જીતે જનો તે—
ત્વત્પાદ પંકજરૂપી વન શર્ણ લે જે—૪૩

શ્લોકાર્થઃ—ભાલાના અગ્રભાગથી ભેદાએલા હાથીઓના રૂધિરરૂપી જલપ્રવાહમાં વેગથી પ્રવેશ કરી તેને તરી જવા માટે વ્યાકુળ થએલા વીરો વડે ભયંકર દેખાતા યુદ્ધને વિષે તમારા ચરણરૂપ કમળવનનો આશ્રય કરનાર મનુષ્યો દુર્જય શત્રુઓનો પરાભવ કરી વિજય મેળવે છે.—૪૩

વાર્તા ૨૫ મી શ્લોક ૪૨-૪૩ મો

મથુરા[1] નામની નગરીમાં રણકેતુ નામનો એક મહા પરાક્રમી અને બલવાન રાજા હતો, તેને એક ગુણવર્મા[2] નામનો જૈનધર્માનુરક્ત, દુષ્ટપાખંડીઓથી વિરક્ત, **ભક્તામર**સ્તોત્ર જપવામાં આસક્ત, દાનેશ્વરી, અને પ્રભુ પ્રત્યે અતિશય શ્રદ્ધાવાળો નાનો ભાઇ હતો.

એક દિવસે રણકેતુની પટ્ટરાણીએ કહ્યું કેઃ-"હે દેવ ! આ ગુણવર્મા નગરજનોમાં અતિપ્રિય તથા કીર્તિવાળો છે, તેથી તે કોઇ દિવસ આપને રાજ્યભ્રષ્ટ કરી પોતે જ રાજ્ય પચાવી પડશે. રાજ્યનું હરણ કરી શકે એવો ભાઇ હોય તો પણ તેને શત્રુ ગણવો. કહ્યું છે કેઃ—

"तुल्यार्थं तुल्यसामर्थ्यं, मर्मज्ञं व्यवसायिनम् ।
अर्धराज्यहरं मित्रं, यो न हन्यात् स हन्यते ॥१॥"

અર્થાત્:—તુલ્ય પ્રયોજનવાળા, સમાન સામર્થ્યવાળા, રહસ્યને જાણનાર, વ્યવસાયી અને અર્ધરાજ્ય લઈ લેનાર મિત્રને પણ જે રાજા ન હણે તે પોતે જ હણાય છે.

રાજા બોલ્યો કેઃ—"હે દેવિ ! બંને સગાભાઇઓમાં વૈમનસ્ય હું શા માટે કરૂં ? જગત્માં ભાઈ મળવો દુર્લભ છે. કહ્યું છે કેઃ—

"देशे देशे कलत्राणि, देशे देशे च सूनवः ।
तं देशं नैव पश्यामि. यत्र भ्राता सहोदरः ॥१॥

અર્થાત્—દરેક દેશમાં સ્ત્રીઓ અને પુત્રો તો દેખાય છે પણ તેવા દેશને હું જોતો નથી કે જ્યાં સહોદર ભાઈ હોય છે.

રાણીએ કહ્યું કેઃ—"દુશ્મન તરીકે સગપણ શું ? તમારો જે પુત્ર છે તેને રાજ્ય ક્યાંથી મળશે ? તમારા હાથમાંથી રાજ્ય ગયા પછી, તમારૂં નામ પણ કોઈ નહિ ગ્રહણ કરે."

રાણીનાં આવાં વચનો સાંભળી તે સત્ય માની રાજ્યલોભને લીધે પોતાના પ્રિય લઘુ બંધુને કાંઇ પણ હિતાહિતનો વિચાર કર્યા વિના જ એકદમ પોતાના દેશ બહાર ચાલ્યા જવાનો હુકમ કર્યો.

---

૧ કમાં નગરીનું નામ 'મિથિલા' આપેલું છે. ૨ કમાં ભાઇનું નામ 'ગૃહવર્મા' છે.

રાજાનો હુકમ મળતાંની સાથે જ **ગુણવર્મા** પોતાના બળની તથા ભાગ્યની પરીક્ષા કરવા માટે પોતાના ભાઇનો દેશ છોડી ચાલી નીકળ્યો, તે સમયે વર્ષાઋતુ ચાલુ હતો, તેથી ફરતો ફરતો તે એક જંગલમાં પહોંચ્યો અને ત્યાં આવેલા કોઈ એક પર્વત પરની ગુફામાં રહી ફળફૂલાદિનો આહાર કરી પોતાનું જીવન શાંતિથી ગુજારવા લાગ્યો.

ગુફામાં રહ્યો રહ્યો પંચપરમેષ્ઠિ મહામન્ત્રનો તથા **ભક્તામર**ના ૪૩મા શ્લોકનું હમેશાં એકાગ્રચિત્તે તે ચિંતવન કરતો હતો, તેવામાં એક દિવસે **અપ્રતિચક્રા (ચક્રેશ્વરી)** દેવી પ્રગટ થયાં અને તેને કહ્યું કેઃ—"તું વરદાન માગ."

ગુણવર્માએ કહ્યું કેઃ—"મને રાજ્ય અપાવો."

દેવીએ રાજ્ય અપાવવાનું વચન આપ્યું અને પછી તુરત જ અદૃશ્ય થઈ ગયાં.

એક વખતે **રણકેતુ** રાજા પોતાના શત્રુપર વિજય મેળવવા જતો હતો, પરંતુ રસ્તામાં જ જે સ્થળે **ગુણવર્મા** રહેતો હતો તે રસ્તે થઇને જતાં રાત્રિ પડી જવાથી પર્વતની પાસેના એક ભાગમાં લશ્કર સહિત પોતાનો પડાવ નાખ્યો.

ગુણવર્માને તે પર્વતની ગુફામાં જ રહેતો જોઇને **રણકેતુ** વિચારવા લાગ્યો કેઃ—"મારા રાજ્યનો ખરો શત્રુ તો અહીં જ રહે છે, અને કોણ જાણે સમય વીતતાં તે શું નહિ કરે? માટે એનો મૂળમાંથી નાશ કરવો જ ઉચિત છે."

આ પ્રમાણે વિચાર કરતાંની સાથે જ **રણકેતુ**એ પોતાના સૈન્યને આજ્ઞા કરી કેઃ—"જાઓ, આ સામેની ગુફાને ઘેરી લો અને તોપોથી ઉડાવી દો."

રણકેતુની આજ્ઞા થતાં જ લશ્કરે ગુફાને ઘેરી **લીધી** અને એકદમ ઉપરાઉપરી તોપો છોડવા માંડી. **ગુણવર્મા** શાંતિથી ગુફામાં બેઠો હતો તે આ તોપોના ધડાકા સાંભળી આશ્ચર્ય પામ્યો અને વિચારવા લાગ્યો કે કોઇ શિકારી આવ્યો હશે તેથી આ અવાજ થાય છે. આ વિચારથી પોતે ગુફાની બહાર નીકળ્યો, જેવો ગુફાની બહાર આવે છે તેવો જ તે ગુફાની ચારે બાજુ ઘેરી વળેલાં પોતાનાં ભાઇનાં સૈન્યને જોવા લાગ્યો.

ગુણવર્મા તુરતજ સેંકડો હરણીઓના ટોળામાં જેમ એક કેસરીસિંહ હોય તેવી રીતે એકલો આખા સૈન્યમાં ઘુમી વળ્યો અને ક્ષણવારમાં તો સૂર્યથી જેમ અંધકાર દૂર થઇ જાય, તેમ **રણકેતુ**ના સૈન્યને **ચક્રેશ્વરી** દેવીના વરદાનના પ્રભાવથી અસ્તવ્યસ્ત કરી નાખ્યું. રાજાના રથના છત્ર, શસ્ત્ર વગેરે પણ **ગુણવર્મા**એ ક્ષણવારમાં પાડી નાંખ્યા, વનદેવતાએ પણ **ગુણવર્મા**નો જયજયારવ કરી તેના ઉપર ફૂલોની વૃષ્ટિ કરી. કુલવાન તથા વિનયી હોવાને લીધે **ગુણવર્મા** પોતાના મોટાભાઈના પગમાં પડ્યો. કહ્યું છે કેઃ—

તથા વિનયી હોવાને લીધે ગુણવર્મા પોતાના મોટા ભાઈના પગમાં પડ્યો. કહ્યું છે કે–

"नमन्ति सफला वृक्षा, नमन्ति कुलजा नराः ।
शुष्कं काष्ठं च मूर्खाश्च, भजन्ति न नमन्ति च ॥१॥
साली भरेण तोयेण, जलहरा फलभरेण तरुसिहरा ।
विणयेण य सप्पुरिसा, नमन्ति न हु कस्सइ भएण ॥२॥"

અર્થાત્:—ફળવાળા વૃક્ષો નમે છે, કુળવાન મનુષ્યો નમે છે. પરંતુ સુકું લાકડું અને મૂર્ખ કોઈની સેવા કરતા નથી અને કોઈને નમતા એ નથી. શાળી ભારવડે, મેઘ પાણી વડે, વૃક્ષો ફળના ભારથી અને સત્પુરૂષો વિનયથી નમે છે, પરંતુ કોઈના ભયથી નમતા નથી.

રણકેતુ રાજા પોતાના ભાઈના વિનયથી લજ્જા પામ્યો, અને ઘણો જ પશ્ચાતાપ કરવા લાગ્યો. તેને પોતાના સંસાર પરથી વૈરાગ્ય આવ્યો અને ચિંતવવા લાગ્યો કે:—

अर्थं धिगस्तु बहुवैरकरं नराणां
राज्यं धिगस्तु सततं बहुशङ्कनीयम् ।
रूपं धिगस्तु नियतं परिहीयमानं
देहं धिगस्तु परिपुष्टमपि व्रणाश्रि ॥१॥"

અર્થાત્:—મનુષ્યોમાં પરસ્પર વૈર ઉત્પન્ન કરનાર અર્થ–પૈસાને ધિક્કાર હો. નિરંતર શંકાને યોગ્ય રાજ્યને ધિક્કાર થાઓ, નિયતપણે ક્ષીણ થતા રૂપને ધિક્કાર થાઓ, અને અત્યંત પુષ્ટ હોવા છતાં પણ જેમાં રોગો રહેલા છે એવા શરીરને ધિક્કાર થાઓ.

વળી કહ્યું છે કે:—

"अवश्यं यातारश्चिरतरमुषित्वाऽपि विषया
वियोगे को भेदस्त्यजति न जनो यत् स्वयममून् ।
व्रजन्तः स्वातन्त्र्यादतुलपरितापाय मनसः
स्वयं त्यक्तास्त्वेते शमसुखमनन्तं विदधति ॥१॥"

અર્થાત્:—મનુષ્યો જો વિવેકપૂર્વક વિષયોનો ત્યાગ ન કરે તો લાંબો કાળ સાથે રહીને પણ વિષયો તો અવશ્ય જનાર જ છે. બંને રીતે થતા વિયોગમાં શું ભેદ છે કે મનુષ્યો પોતાની મેળે વિષયોનો ત્યાગ કરતા નથી ? વિષયો સ્વતંત્રપણે ચાલ્યા જાય તો ઘણા પરિતાપ માટે થાય છે. તેને જ મનુષ્યો વિવેક પૂર્વક ત્યાગ કરે તો તે અનંતુ શમ–શાંતિનું સુખ ઉત્પન્ન કરે છે.

વળી જો મેં પહેલાં સ્ત્રીના વચનોથી નાના ભાઈને દેશનિકાલ ન કર્યો હોત, તો યુદ્ધમાં પરાજિત થવાનો સમય ન આવત, એકાંતે સ્વાર્થમાં જ રક્ત અને

અનર્થ કરવાની પ્રેરણા કરનાર સ્ત્રી જાતિને ધિક્કાર હો ! પુરુષ પણ તેણીને વિષે આસક્ત થએલો પોતાનું ભાન ભૂલીને જડ જેવો બની જાય છે. કહ્યું છે કે—

"तावदेव पुरुषः सचेतन—
स्तावदाकलयति क्रमाक्रमौ ।
यावदेव न कुरङ्गचक्षुषां
ताड्यते चपललोचनाञ्चलैः ॥१॥"
संपीडयेवाहिदंष्ट्राग्नि-यमजिह्वाविषाङ्कुरान् ।
जगज्जिघत्सुना नार्यः, कृताः क्रूरेण वेधसा ॥२॥
संसार ! तव पर्यन्त-पदवी न दवीयसी ।
अन्तरा दुस्तरा न स्यु-र्यदि रे मदिरेक्षणाः ॥३॥"

અર્થાત્:—ત્યાં સુધી જ પુરૂષ સચેતન–ચેતનાવાળો છે, ત્યાં સુધી જ ક્રમાક્રમ સમજે છે કે જ્યાં સુધી હરણ જેવા નેત્રવાળી સ્ત્રીના લોચનના પ્રાંતભાગથી તાડિત થએલ નથી. સર્પની દાઢા, અગ્નિ, યમની જિવ્હા અને વિષ એ સઘળાને પીડીને જ હોય નહિ તેમ જગત્ને ખાઇ જવાને ઇચ્છતા ક્રૂર બ્રહ્માએ સ્ત્રીઓ બનાવી છે. લાલ નેત્રવાળી દુઃખપૂર્વક તરાય તેવી સ્ત્રીઓ વચમાં ન હોય તો હે સંસાર ! તારૂં છેવટનું સ્થાન બહુ દૂર નથી.

આ પ્રમાણે વિચાર કરીને રાજાએ પોતાના સામંતો વગેરે સાથે મસલત કરીને ગુણવર્માને પોતાની રાજગાદી સોંપવાનો નિશ્ચય કર્યો. શુભમુહૂર્તે ગુણવર્માને સિંહાસન ઉપર બેસાડીને તીર્થજલ વગેરે સુગંધી દ્રવ્યોથી રાજાએ પોતે ગુણવર્માનો અભિષેક કર્યો અને પોતે જટાધારી યોગી થઇને જંગલમાં ચાલ્યો ગયો.

ગુણવર્મા પોતાના વડીલ ભાઇની પ્રકૃતિ આમ એકાએક ફરી ગએલી જોઇ આશ્ચર્ય પામ્યો અને વડીલબંધુના વિયોગથી વધારે દુઃખી થયો. પોતાની ઇચ્છા રાજ્ય કરવાની નહિ હોવા છતાં પણ રાજ્યમાં અવ્યવસ્થા ઉત્પન્ન ન થાય, શત્રુઓ આવી પ્રજાને દુઃખ ન આપે તેમ વિચારીને તેણે રાજ્યનો સ્વીકાર કર્યો. ગુણવર્મા રાજા થયા પછી હમેશાં ગુરૂના ઉપદેશનું શ્રવણ કરતો, વખતો વખત તીર્થયાત્રા કરતો, પરોપકારી કાર્યો કરતો પોતાનો મનુષ્યભવ સફલ કરવા લાગ્યો અને જૈન ધર્મની પ્રભાવનામાં વૃદ્ધિ કરવા લાગ્યો. વળી તે પરમજૈન ગુણવર્મા રાજા પર્વતિથિએ પોતાના પાપોના નિવારણને માટે અતિચાર રહિત સામાયિક પૌષધાદિક વ્રતોનું પાલન કરતો શાંતિથી જીવન ગુજારવા લાગ્યો.

મન્ત્રામ્નાયઃ—ॐ अट्टी(ट्टे?) मट्टी(ट्टे?) सव्वां(र्वं) पिशुणं दलनं घरट्टी जो समरै(रे) पंचवट्टी ताकै(के) अरि पर उंधावट्टी ॐ ठः[ठः] स्वाहा ।

આ મન્ત્રાક્ષર જપવાથી સંગ્રામના ભયનો નાશ થાય છે.

अम्भोनिधौ क्षुभितभीषणनक्रचक्र–
पाठीनपीठभयदोल्बणवाडवाग्नौ ।
रङ्गत्तरङ्गशिखरस्थितयानपात्रा–
स्त्रासं विहाय भवतः स्मरणाद् व्रजन्ति ॥४४॥

સમશ્લોકી

જ્યાં ઉછળે મગર મચ્છ તરંગ ઝાઝા,
ને વાડવાગ્નિ ભયકારી થકી ભરેલા;
એવા જ સાગર વિષે સ્થિત નાવ જે છે,
તે નિર્ભયે તુજ તણા સ્મરણે તરે છે.–૪૪

શ્લોકાર્થ–હે સ્વામી! જેમાં ભયંકર મગરના સમૂહ તથા પાઠીન અને પીઠ નામનાં મત્સ્યો તથા ભયંકર દેદીપ્યમાન વાડવાનલ અગ્નિ પ્રજ્વલિત થઈ રહ્યો છે, તેવા સમુદ્રમાં જેમના વહાણો ઉછળતા તરંગોના–મોજાંઓના અગ્રભાગપર રહેલા છે એવા વહાણવાળા પુરુષો પણ તમારું સ્મરણ માત્ર કરવાથી જ ભય રહિત થઇ નિર્વિઘ્નપણે વાંછિત સ્થાને પહોંચી જાય છે.–૪૪

વાર્તા ૨૬ મી શ્લોક ૪૪

ધન, સુવર્ણ, રત્ન તથા નંદનવન સમાન બગીચાઓથી સુશોભિત **તામ્રલિપ્તી**[1] નામની નગરીમાં **ધનાવહ**[2] નામનો એક શેઠ રહેતો હતો. તે પોતે એક વખત નગરમાં પધારેલા શ્રી **જિનેશ્વરસૂરિ**[3] નામના જૈન સાધુ પાસે વ્યાખ્યાન સાંભળવા ગયો, આચાર્યશ્રીએ ઉપદેશ આપતાં કહ્યું કે:—

"वन्द्यास्तीर्थकृतः सुरेन्द्रमहिताः पूजां विधायामलां
सेव्याः सन्मुनयश्च वन्द्यचरणाः श्रव्यं च जैनं वचः ।
सच्छीलं परिपालनीयमतुलं कार्यं तपो निर्मलं
ध्येया पञ्चनमस्कृतिश्च विदुषा भाव्या च सद्भावना ॥१॥"

અર્થાત્:—ચિત્તની શુદ્ધિ પૂર્વક નિર્મળ પૂજા કરીને દેવેંદ્રો વડે પૂજ્ય તીર્થંકરોને નમસ્કાર કરવો જોઇએ, જેના ચરણો ભવ્યાત્માઓ વડે વંદનીય છે તેવા મુનિઓની સેવા કરવી જોઈ એ, જિનેશ્વરોના વચનને સાંભળવું જોઇએ, ઉત્તમ શીલ

૧ ક માં ગામનું નામ 'તીરપુર' બંદર છે, જ્યારે ગ માં ગામનું નામ 'તામલી' છે. ૨ ક માં શેઠનું નામ 'વિજયશેઠ' છે, જ્યારે ગ માં 'ધનચંદ્ર' છે. ૩ ક માં મુનિનું નામ નિશાન પણ નથી, જ્યારે ગ માં 'ચંદ્રકીર્તિ' નામ છે.

પાળવું જોઇએ, અને નિર્મળ તપ કરવું જોઇએ, પંચ પરમેષ્ઠિનું ધ્યાન કરવું જોઇએ અને ઉત્તમ બાર ભાવનાઓ ભાવવી જોઇએ.

તેમાં પણ જીવોને વિષે જે દયારૂપી ધર્મ તે સર્વ ધર્મોમાં ઉત્તમ છે.

"देविंदचक्कवट्टि-त्तणाइं भुत्तूण सिवसुहमणंतं ।
पत्ता अणंतसत्ता, अभयं दाउण जीवाणं ॥१॥
यो दद्यात् काञ्चनं मेरुं, कृत्स्नां चापि वसुन्धराम् ।
सागरं रत्नपूर्णं वा, न च तुल्यमहिंसया ॥२॥
हंतूण परप्पाणे, अप्पाणं जो करेइ सप्पाणम् ।
अप्पाणं दिवसाणं, कएण नासेइ अप्पाणम् ॥३॥"

અર્થાત્:—જીવોને અભયદાન આપીને અનંત આત્માઓ દેવેન્દ્ર અને ચક્રવર્ત્તિના ભોગો ભોગવીને અનંત શિવસુખને પામ્યા છે. જો કોઈ ભવ્યાત્મા દાનમાં સોનાનો મેરૂ આપે અથવા સંપૂર્ણ પૃથ્વી આપે અથવા રત્નથી ભરેલો સમુદ્ર આપે તો પણ તે અહિંસાની સમાન નથી.

જે કોઇ બીજાના પ્રાણોને હણી પોતાના પ્રાણને બચાવે છે, તે થોડા દિવસના માટે જ થાય છે કેમકે બીજાના પ્રાણોનો નાશ કરી ખરેખર તે પોતાનો જ નાશ કરે છે.

આ પ્રમાણે ગુરૂ મહારાજનો ઉપદેશ સાંભળીને પ્રાણાંતે પણ નિરપરાધિ જીવને હણવો અને હણાવવો નહિ એ પ્રમાણે **ધનાવહ** શેઠે વ્રત લીધું અને જૈનધર્મનો પોતે સ્વીકાર કર્યો, અને હમેશાં **ભક્તામરસ્તોત્ર**નો પાઠ કરવો શરૂ કર્યો.

ધનાવહ શેઠે એક દિવસે વિચાર કર્યો કે ઘણું ધન હોવા છતાં પણ જો બહારની ચાલુ આવક ન હોય અને ખર્ચ હમેશાં થયા કરતું હોય તો કોઈ એક દીવસે પોતાની પાસેના ધનનો સર્વથા નાશ થઇ જાય છે, માટે ગૃહસ્થે ધન વધારવાનો પ્રયત્ન કરવો જોઇએ. આ પ્રમાણે વિચાર કરીને વિશેષ ધન મેળવવાની ઇચ્છાથી **'સિંહલદ્વીપ'** બંદરે જવા માટે પાંચ વહાણો ત્યાં વેચવા લાયક વસ્તુઓથી ભરાવીને શુભમુહૂર્તે નાળિએર વગેરેથી સમુદ્રનું પૂજન કરીને શેઠે પ્રસ્થાન કર્યું. ભાગ્યયોગે શેઠના વહાણો પવનની અનુકુળતાને લીધે બહુ જ થોડા દિવસમાં **'સિંહલદ્વીપ'** બંદરે પહોંચી ગયાં. ત્યાં પહોંચી કેટલાએક દિવસ રહી વ્યાપારાદિવડે ઘણું ધન ઉપાર્જન કર્યું.

થોડા દીવસ વીતી ગયા પછી પોતાના વતનમાં પાછા આવવાની ઇચ્છા થઇ, તેથી પોતાનું સઘળું ધન વહાણમાં ભરી દીધું અને પોતાના દેશ ભણી વહાણ હંકારી મૂક્યાં. ચાલતાં ચાલતાં રસ્તામાં એકાએક વહાણ અટકી પડ્યાં. ખારવાઓએ

શેઠને કહ્યું કેઃ–"શેઠ સાહેબ! અહીંઆં એક **'વિકટાક્ષી'** નામની દેવી રહે છે તેણીએ આપણાં વહાણો અટકાવી દીધાં છે, અને તે પશુનું બલિદાન માંગે છે."

શેઠે તેઓને કહ્યું કેઃ—"હે નાવિકો! હું પશુનું બલિદાન નહિ આપી શકું, હું કોઈપણ પ્રકારે જીવોનો ઘાત કરવા કે કરાવવા ખુશી નથી," ભલે મારૂં બધું નાશ થઇ જાય પણ દેવીને જીવનું બલિદાન તો હું નહીં જ આપું. કહ્યું છે કેઃ—

"दमो देवगुरूपास्ति-र्दानमध्ययनं तपः ।
सर्वमप्येतदफलं, हिंसां चेन्न परित्यजेत् ॥१॥
हिंसा विघ्नाय जायेत, विघ्नशान्त्यै कृताऽपि हि ।
कुलाचारधियाऽप्येषा, कृता कुलविनाशिनी ॥२॥

અર્થાત્:—જો હિંસાનો ત્યાગ કરવામાં ન આવે તો ઇન્દ્રિયોનું દમન, ગુરુની સેવા, દાન, અધ્યયન તપ આ સઘળું નિષ્ફળ છે.

વિઘ્નની શાન્તિ માટે કરેલી હિંસા વિઘ્ન માટે જ થાય છે. કુળાચારની બુદ્ધિએ પણ કરેલી હિંસા કુળના નાશ માટે જ થાય છે.

આ પ્રમાણે બોલી રહેતાંની સાથે જ ચારે બાજુએ વાદળાંઓ ચઢી આવ્યા, જોરથી તોફાની વાયરો વાવા લાગ્યો એટલે **ધનાવહ** શેઠે **ભક્તામર**ના ૪૪મા શ્લોકનું સ્મરણ કરવું શરૂ કર્યું, આ બાજુ ભયંકર ગર્જનાઓ સાથે મૂશળધાર વર્ષાદ વરસવા લાગ્યો અને જોરથી પવન ફૂંકાવા લાગ્યો. નાવિકોએ કહ્યું કેઃ–"શેઠ સાહેબ! હઠાગ્રહી ન બનો! દેવીના ઉપદ્રવથી બધાનું તથા વહાણોનું રક્ષણ કરો." ડાહ્યા માણસોએ પોતાના રક્ષણના માટે અધર્મનું આચરણ પણ કરવું પડે તો કરવું જોઇએ—

"त्यजेदेकं कुलस्यार्थे, ग्रामस्यार्थे कुलं त्यजेत् ।
ग्रामं जनपदस्यार्थे, आत्मार्थे पृथिवीं त्यजेत् ॥१॥
आपदर्थे धनं रक्षेद्, दारान् रक्षेद् धनैरपि ।
आत्मानं सततं रक्षेद्, दारैरपि धनैरपि ॥२॥

અર્થાત્:—કુળમાટે એકનો ત્યાગ કરે, ગામમાટે કુળનો ત્યાગ કરે, દેશમાટે ગામનો ત્યાગ કરે અને પોતાને બચાવવા પૃથ્વીનો પણ ત્યાગ કરે. આપત્તિથી બચવા માટે ધનની રક્ષા કરે, સ્ત્રીઓને ધનથી પણ રક્ષે, અને પોતાને સ્ત્રી અને ધન બંનેવડે રક્ષે.

થોડાનો નાશ થતો હોય તો થવા દઇને વધારેનું રક્ષણ કરવું.

"सर्वनाशे समुत्पन्ने, अर्धं त्यजति पण्डितः ।
अर्धेन कुरुते कार्यं, सर्वनाशो हि दुस्तरः ॥१॥"

અર્થાત્:—પંડિત પુરૂષ સર્વનાશ થતો દેખે ત્યારે તેને બચાવવા અર્ધાનો ત્યાગ કરે છે, અને અર્ધાથી કાર્ય કરે છે. કારણ કે સર્વ નાશ દુસ્તર–દુઃખથી તરાય તેવો છે.

તેથી સર્વનો નાશ થાય તો પણ પોતાનું–આત્માનું રક્ષણ કરવું જોઇએ, તેથી પશુનું બલિદાન આપવું તે યોગ્ય છે". આ પ્રમાણે કહેવા છતાં પુણ્યાત્મા ધનાવહ પોતાના ધ્યાનમાંથી ચલાયમાન ન થયો; શેઠના ધ્યાનના પ્રભાવથી તે સમુદ્રવાસિની 'વિકટાક્ષી' દેવીની સર્વ શક્તિઓ નાશ પામી ગઈ અને તે પ્રગટ થઇને બોલી કેઃ—"હે શેઠ ! હું તમારા પર પ્રસન્ન થઇ છું, માટે જે જોઇએ તે માગો."

"अमोघा वासरे विद्यु-दमोघं निशि गर्जितम् ।
नारीबालवचोऽमोघ-ममोघं देवदर्शनम् ॥१॥"

અર્થાત્:—દિવસે થતી વિજળી સફળ છે, રાતમાં થએલ ગર્જના સફળ છે, સ્ત્રી અને બાળકનું વચન સફળ થાય છે, અને દેવદર્શન [પણ] સફળ છે.

શેઠે જવાબમાં કહ્યું કેઃ–"મને કોઈ વાતની ચાહના નથી, પણ એટલું જ માંગું છું કે આજથી હવે તમે સર્વથા જીવહિંસા છોડી દો, અમૃતનું ભોજન કરનાર દેવોએ પાપના કારણ રૂપ પશુ વધનો નિરર્થક અભિલાષ કરવો ઉચિત નથી."

દેવીએ શેઠની આ માંગણીનો સ્વીકાર કર્યો. અને શેઠના વહાણ ચાલવાં માંડ્યાં. ક્ષણમાત્રમાં જ શેઠના વહાણો **स्तंभतीर्थ**માં આવી પહોંચ્યા, **स्तंभतीर्थ**ની યાત્રા કરીને ધનાવહ શેઠ અનુક્રમે પોતાના નગર **'ताम्रलिप्ती'**માં કુશળ-ક્ષેમ આવી પહોંચ્યા, ત્યાં ઘણું ધન ખરચીને **चक्रेश्वरी** દેવીની મૂર્તિ સહિત **શ્રીઋષભ**-દેવ ભગવાનનું ગગનચુંબી જિનાલય બંધાવ્યું, તે જિનમંદિરમાં હમેશાં પૂજન, અર્ચન કરતો ધનાવહ શેઠ સુખે કરીને કાળ નિર્ગમન કરવા લાગ્યો.

मन्त्राम्नायः—ॐ ह्रीं थंमेउ जल जलणं दुट्ठं थंमेउ स्वाहा ॥

વિધિ—આ મન્ત્ર ગણવાથી વહાણ ડુબતાં બચે અને કુશલક્ષેમ પોતાના સ્થાનકે પાછા આવે.

उद्भूतभीषणजलोदरभारभुग्नाः
शोच्यां दशामुपगताश्च्युतजीविताशाः ।
त्वत्पादपङ्कजरजोऽमृतदिग्धदेहा
मर्त्या भवन्ति मकरध्वजतुल्यरूपाः ॥४५॥

સમશ્લોકી

જે છે નમ્યા ભયદ રોગ જલોદરેથી,
પામ્યા દશા દુઃખદ આશ ન દેહ તેથી;

ત્વત્પાદ-પદ્મ રજ અમૃત નીજ દેહે–
ચોળે અને મનુજ કામ સમાન રૂપે.-૪૫

શ્લોકાર્થઃ—જેઓ ઉત્પન્ન થએલા ભયંકર જલોદરના રોગના ભારે કરીને વાંકા વળી ગયા છે, શોક કરવા લાયક દશાને પ્રાપ્ત થએલા અને જીવવાની આશા જેઓએ છોડી દીધી છે, એવા મનુષ્યો પણ તમારા ચરણકમળની રજરૂપી અમૃતને પોતાના શરીર પર ચોપડવાથી કામદેવ સરખા સ્વરૂપવાળા થએલા જોવામાં આવે છે—૪૫

વાર્તા ૨૭ મી શ્લોક ૪૫ મો

ઉજ્જયિની[1] નામની નગરીમાં **રાજશેખર**[2] નામનો એક રાજા રાજ્ય કરતો હતો. તેને **વિમળા** નામની એક પટ્ટરાણી હતી, તેનો **રાજહંસ**[3] નામનો એક પરાક્રમી, વિનયી, સુશીલ અને બુદ્ધિવાન પુત્ર હતો. દૈવ સંજોગે **રાજહંસ**ની માતા **વિમળા** પુત્રને નાની ઉંમરનો મૂકી સ્વર્ગવાસી થઈ. તેના સ્વર્ગવાસ થયા પછી **કમળા** નામની બીજી રાણી હતી તે પટ્ટરાણી તરીકે ગણાવા લાગી.

કમળાને પણ એક પુત્ર હતો પણ તે **રાજહંસ** જેવો ચાલાક અને બુદ્ધિમાન ન હતો, તેથી ઓરમાન માતા **કમળા**એ એક દિવસ વિચાર કર્યો કેઃ– "**રાજહંસ** મ્હારા પુત્રથી મોટો છે, બુદ્ધિમાન તેમજ ભાગ્યશાળી છે, વળી મહારાજાની તેના પ્રત્યે સંપૂર્ણ પ્રીતિ છે, તેથી મ્હારા પુત્રને રાજ્ય મળવું એ તદ્દન અસંભવિત છે, અને જો મ્હારા પુત્રને રાજ્ય ન મળે તો મ્હારી અને પુત્રની બંનેની દુર્દશા થાય; એટલા માટે કોઈ પણ ઉપાયે **રાજહંસ**નો નાશ કરવો એ વધારે ઠીક છે. પરંતુ જો હું એને એકાએક મારી નાંખીશ તો લોકોમાં ખરાબ બોલાશે અને કદાચ મુશ્કેલીમાં ઉતરવું પડશે, માટે એમ નહિ કરતાં કોઈ એવી વસ્તુ ખોરાક વગેરેમાં આપવી કે જેથી તે વ્યાધિગ્રસ્ત બને અને તે વ્યાધિને લીધે અંતે રીબાઈ રીબાઈને મરી જાય."

એક વખતે **રાજશેખર** રાજા શત્રુઓને વશ કરવાને અને દિગ્વિજય કરવા માટે પરદેશ ગયો, તે તકનો લાભ લઈ રાણીએ **રાજહંસ** કુમારને વ્યાધિનું મૂળ કોઈ વિષ લઈને ભોજનમાં ખવરાવી દીધું. ધીમે ધીમે **રાજહંસ**ના શરીરમાં વ્યાધિઓ ઉત્પન્ન થઈ અને તેમાંએ મુખ્ય વ્યાધિ જલોદરની ઉત્પન્ન થઈ. વ્યાધિના કારણ સંબંધી તપાસ કરતાં તેને માલુમ પડયું કે મ્હારી સાવકી માતાના કપટને લીધેજ મ્હારે આ વ્યાધિઓ ભોગવવી પડે છે; અને જો હું અહીંઆં રહીશ તો જરૂર મરણ પામીશ. કહ્યું છે કેઃ–

---

૧ ક માં નગરીનું નામ 'કૌશાંબી' છે. ૨ ક માં રાજાનું નામ જયશેખર છે, જ્યારે ગ માં 'નૃપશેખર' છે. ૩ ક માં પુત્રનું નામ 'વિજયસિંહ' છે.

"दुष्टा भार्या शठं मित्रं, भृत्याश्चान्तरदायकाः ।
ससर्पगृहवासश्च, मृत्युरेव न संशयः ॥१॥
शशी दिवसधूसरो गलितयौवना कामिनी
सरो विगतवारिजं मुखमनक्षरं स्वाकृतेः ।
प्रभुर्धनपरायणः सततदुर्गतः सज्जनो
नृपाङ्गणगतः खलो मनसि सप्त शल्यानि मे ॥२॥"

અર્થાત્—દુષ્ટ સ્ત્રી, લુચ્ચો ભાઇબંધ, કુટી ગયેલા નોકરો અને સર્પવાળા ઘરમાં વાસ આ સઘળા મૃત્યુનું જ કારણ થાય છે એમાં કંઇ સંશય નથી.

દિવસે મેલો ચંદ્રમા, યૌવનરહિત સ્ત્રી, પાણી વિનાનું સરોવર, અનક્ષર—બોલતા જ ન આવડે તેવું મુખ, ધન સંચયમાં તત્પર શેઠ, નિરંતર કંગાલ સજ્જન, અને રાજાને આંગણે જતો ખલ આ સાત મારા મનમાં શલ્ય સરખા છે.

જ્યારે માતાની અવકૃપા થઈ તો પછી અહીં રહેવું તે જરા પણ વ્યાજબી નથી, એમ વિચારીને કોઇને પણ કહ્યા વિના એકાએક ઉજ્જયિનીથી ચાલી નીકળી **રાજહંસ** હસ્તિનાપુર આવી પહોંચ્યો. ત્યાં પહોંચી એક મહોલ્લામાં સારું સ્થળ શોધી શાંતિથી રહેવા લાગ્યો.

રાજહંસ કુમાર જે સમયે હસ્તિનાપુરમાં રહેતો હતો, તે સમયે ત્યાં **માનગિરિ** નામનો રાજા રાજ્ય કરતો હતો, તેને **કલાવતી** નામની એક સુશીલ, ડાહી અને વિચક્ષણ પુત્રી હતી. તે પુત્રીએ જૈન સાધ્વી પાસે એક દિવસ સાંભળ્યું કે—

"श्रीतीर्थेशस्य पूजा गुरुचरणयुगाराधनं जीवरक्षा
सत्पात्रे दानवृत्तिर्विषयविरमणं सद्विवेकस्तपश्च ।
श्रीमत्सङ्घस्य पूजा जिनपतिवचसां लेखनं पुस्तकेषु
सोपानश्रेणिरेषा भवतु तनुभृतां सिद्धिसौधाधिरोहे ॥१॥"

અર્થાત્:—તીર્થંકરોની પૂજા, ગુરુના ચરણકમળની સેવા, જીવરક્ષા, સત્પાત્રે દાન, વિષયથી વિરમણ, વિવેક, તપ, શ્રી સંઘની સેવા, પરમાત્માની વાણીનું પુસ્તકોમાં લેખન, આ સઘળા સિદ્ધિરૂપી મહેલમાં ચડવા માટે પ્રાણીઓને પગથીઆ જેવા થાઓ.

આ પ્રમાણે સાંભળીને તેણીએ જૈનધર્મનો સ્વીકાર કર્યો અને નિરંતર **ભક્તામર** સ્તોત્રનો શુદ્ધ ઉચ્ચારપૂર્વક જાપ કરવા લાગી. અનુક્રમે તેણી પોતાના કલાગુરૂ પાસેથી ચોસઠે કલાઓનો અભ્યાસ કરી તેમાં પ્રવીણ થઈ. એક દિવસે **કલાવતી** પોતાના પિતાની સાથે રાજસભામાં બેઠી હતી. તેવામાં હસતાં હસતાં રાજાએ **કલાવતી**ને પૂછ્યું કે:—"હે પુત્રી ! કહે તો ખરી કે તહારું સુખ અમારા હાથમાં છે કે કર્મના હાથમાં ? જે સત્ય હોય તે કહે !"

જવાબમાં કલાવતીએ કહ્યું કેઃ-"પિતાજી ! મનુષ્ય તો ફક્ત મિથ્યાભિમાન રાખીને આ હું કરું છું, હું ધારૂં તે કરી શકું છું, એમ ફોગટનો બકવાદ કર્યા કરે છે, બાકી જે કાંઈ થાય છે તે કર્મથી જ."

આ પ્રમાણેનો કલાવતીનો જવાબ સાંભળી રાજા એકદમ ગુસ્સે થઈ ગયો અને બોલ્યો કેઃ-"હે દુમતિવાળી પુત્રી ! તું કેવી રીતે જીવે છે ?" તેણીએ જવાબ આપ્યો કેઃ-"મારાં કર્મથી." કહ્યું છે કેઃ—

"नमस्यामो देवान् ननु हतविधेस्तेऽपि वशगा
विधिर्वन्द्यः सोऽपि प्रतिनियतकर्मैकफलदः ।
फलं कर्मायत्तं यदि किममरैः ? किं च विधिना ?
नमस्तत् कर्मेभ्यो विधिरपि न येभ्यः प्रभवति ॥१॥"
(नीतिशतके श्लो० ९१)

અર્થાત્:—દેવોને અમે નમસ્કાર કરીએ છીએ, પરંતુ તે દેવો પણ વિધિને વશ છે. વિધિ વંદ્ય છે, પરંતુ તે પણ આપણે કરેલા કર્મના જ ફળને આપનાર છે, સારાં માઠાં ફળ કર્માયત્ત-કર્મને આધિન છે તો દેવો વડે કરીને શું ? બ્રહ્માવડે પણ શું ? અર્થાત્ તે બંને નકામા છે. જેનાથી બ્રહ્મા પણ બળવાન નથી તે કર્મને જ નમસ્કાર થાઓ.

"दैवेनासृजता स्वयं जगति यद् यस्य प्रमाणीकृतं
तत् तस्योपनयेन्मनागपि महान् नैवाश्रयः कारणम् ।
सर्वाशापरिपूरके जलधरे वर्षत्यपि प्रत्यहं
सूक्ष्मा एव पतन्ति चातकमुखे द्वित्राः पयोबिन्दवः ॥२॥"

અર્થાત્:—સારી રીતે ઉત્પન્ન કરનાર ભાગ્યે જેના માટે જે વસ્તુ જગતમાં ચોક્કસ નિર્માણ કરી તેને માટે તે વસ્તુ થોડી હોય તો પણ મહાન જ બને છે, તેમાં આશ્રય કારણ નથી. કેમ ?-સમ્પૂર્ણ ઈચ્છાને પૂર્ણ કરનાર વરસાદ હંમેશાં વરસતો હોય છતાં પણ નાનાં બે ત્રણ જળનાં ટીપાં ચાતકના મુખમાં પડે છે તે તેની સમ્પૂર્ણ શાન્તિને માટે બસ છે.

આ પ્રમાણે કહેવાથી રાજા ક્રોધથી રાતો પીળો થઈ ગયો અને બધુંએ કર્મથી જ થાય છે તે દલીલ અસત્ય કરાવવાને માટે પોતાના દુષ્ટ સુભટોને તેને આજ્ઞા કરી કેઃ-"આખા નગરમાં જે ગરીબમાં ગરીબ માણસ હોય અને જે વ્યાધિથી વધારે પીડાતો હોય તેને અહીંઆં પકડી લાવો."

રાજાનો હુકમ સાંભળીને જેના હાથ તથા પગ નાના દોરડી જેવા થઈ ગએલા છે, કાન મેલથી ભરાઈ ગએલા છે, તાવથી જે પીડાય છે, દુઃખ અને

દારિદ્ર્યના એક માત્ર નમુના રૂપ એવા રાજહંસકુમારને પકડીને તે સુભટો રાજસભામાં લાવ્યા. રાજાએ બધા અલંકારો ઉતરાવી લઈને તથા ઠેકાણે ઠેકાણે ફાટી ગએલાં છે એવાં મલીન વસ્ત્રો રાજપુત્રીને પહેરાવીને રાજહંસકુમાર સાથે પરણાવી દીધી. આવું અનિષ્ટ કાર્ય થતું જોઈને મન્ત્રિ સામંત વગેરેએ રાજાને કહ્યું કેઃ-"હે સ્વામિન્ ! કાર્ય કરતાં પહેલાં બહુ જ વિચારીને કાર્ય કરવું જોઈએ કે જે કર્યા પછી પાછળથી પસ્તાવો કરવો ન પડે."

રાજાએ કોઈનું પણ નહિ માનતાં કુંવરીને કહ્યું કેઃ-"હે સત્યકર્મવાદિનિ ! સાંભળ. તું કહે છે કે બધું કર્મથી જ થાય છે. તો થોડું ભાતું માર્ગમાં ખાવા સારું લઈને મારી નગરીનો ત્યાગ કર."

આ પ્રમાણે સાંભળીને કુંવરી બોલી કેઃ—

"समीहितं जन्न लभामहे वयं
प्रभो ! न दोषस्तव कर्मणो मम ।
दिवाऽप्युलूको यदि नावलोकते
तदाऽपराधः कथमंशुमालिनः ? ॥१॥"

અર્થાત્—અમે અમારી ઈષ્ટ વસ્તુને પ્રાપ્ત ન કરીએ તેમાં હે પ્રભુ ! તમારો દોષ નથી પણ મારા કર્મનો દોષ છે. દિવસે પણ ઘુવડ જો ન દેખે તો તેમાં શું સૂર્યનો અપરાધ છે ? નહિ જ.

આ પ્રમાણે બોલીને પોતાના સ્વામીનો હાથ પકડી, આંસુ ભરી આંખે નગરજનોના દેખતાં કલાવતી ત્યાંથી ચાલી નીકળી. માર્ગમાં રાત્રિ પડી, તે વખતે કળિકાળ સમાન હેમન્તઋતુ ચાલતી હતી. કહ્યું છે કેઃ—

"निर्दग्धाः कमलाकराः सुमनसो मम्लुः कलावानपि
प्रीत्यै नो किल कृष्णवर्त्मसु जनः प्रायेण बद्धादरः ।
जाड्येनोल्लसितं जगत् सुमहिते मित्रेऽपि यन्मन्दता
तन्नूनं कलिरेष दुःसहतरः शीतर्तुना स्पर्धते ॥१॥"

અર્થાત્:—કમળના સમુહો ઠંડીથી બળી ગયાં, ખીલેલાં પુષ્પો કરમાઇ ગયાં, કલાવાન પુરૂષ આદરવાળો છે તો પણ પોતાના કામથી ધુમસવાળા માર્ગમાં પ્રસન્ન કરી શકતો નથી. તેમ આખું જગત ઠંડીથી શીથિલ થઇ ગયું, વળી માનનીય મિત્રના કામમાં પણ મંદપણું આવી ગયું, ખરેખર આ ઠંડી ઋતુની સાથે અસહ્ય કલીયુગ હરીફાઈ કરી રહ્યો છે.

ત્યાં એક ઝાડની નીચે કલાવતીએ ચારે બાજુ ખરી પડેલાં પાંદડાંઓની પથારી કરીને તેના ઉપર રાજહંસકુમારને સુઇ રહેવા માટે વિનંતિ કરતાં કુમારે

કહ્યું કેઃ-"હે પ્રિય! બહુ જ અનિષ્ટ થયું, તું મને અડક્ષીશ નહિ કારણ કે સરખે સરખાનો વિવાહ થવો યુક્ત છે અને જગત્માં તે જ વ્યાજબી ગણાય." કહ્યું છે કેઃ-

"शूराश्च कृतविद्याश्च, याश्च रूपधनाः स्त्रियः।
यत्र यत्र गमिष्यन्ति, तत्र तत्र कृतालयाः ॥१॥"

અર્થાતઃ—શૂરવીરો, વિદ્વાનો, રૂપવાળી સ્ત્રીઓ જ્યાં જ્યાં જશે ત્યાં ત્યાં તે પોતાનું સ્થાન કરી લેશે.

કલાવતી બોલી કેઃ-"પ્રાણનાથ! આવું શા માટે બોલો છો? આપ કુલવાન સ્ત્રીની ફરજો નથી જાણતા?"

"गतविभवं रोगयुतं, निर्वीर्यं भाग्यवर्जितं स्वपतिम्।
दैवतवत् सेवन्ते, कुलस्त्रियस्ता न शेषाः स्युः ॥१॥"

અર્થાતઃ—નિર્ધન, રોગી, અશક્ત અને હિનભાગ્ય એવા પોતાના પતિને દેવની જેમ જે સેવે છે, તે કુલવાન સ્ત્રીઓ છે બીજી નહિ.

"दिनानां च निशानां च, यथा ज्योतिर्विभूणम्।
सतीनां च यतीनां च, तथा शीलं विभूषणम् ॥१॥"

અર્થાતઃ-દિવસ અને રાત્રિનું જેમ સૂર્ય ચંદ્રનો પ્રકાશ ભૂષણ છે, તેમ સતી સ્ત્રી અને યતિનું શીળ આભૂષણ છે.

આ પ્રમાણે કહેવાથી આ કોઇ કુલીન પુરુષ છે તેમ જાણીને **કલાવતી**ને સંતોષ થયો. સવારમાં બંને જણાએ આગળ ચાલવું શરૂ કર્યું, બપોરના સમયે એક ઝાડ નીચે પાંદડાનું આસન કરીને, તે આસન પર તે પતિવ્રતા **કલાવતી** પવિત્ર થઇને પોતાના સ્વામીનાથના રોગોના નાશને માટે **ભક્તામર**સ્તોત્રનો પાઠ કરવા લાગી. સ્તોત્રના પીસ્તાલીસમાં શ્લોકનું સ્મરણ કરતી વખતે તેણીએ પોતાના સ્વામીની નાભિમાંથી સર્પનું મુખ નીકળેલું જોયું. નજીકમાં રહેલા રાફડામાંથી પણ બીજા સર્પનું મુખ જોયું. બંને સર્પો **ચક્રેશ્વરી** દેવીના અધિષ્ઠિતપણાથી સામસામી એકબીજાના મર્મ બોલવા લાગ્યા.

રાફડાવાળો સર્પ બોલ્યોઃ-"હે દુરાચારી! સત્પુરુષના રૂપનો વિનાશ કરનાર, જો કોઇક બહુ જ ખાટી એવી છાશમાં નાખેલી રાઇ આ સત્પુરુષને આપે તો તું આ સ્થાન છોડીને ચાલ્યો જઇશ."

ત્યારપછી પેટ ઉપર રહેલો સર્પ બોલવા લાગ્યો-"રે તું એકલું ધન કરનાર કૃપણ જેવો છે, જો તારા ઘરમાં કોઇ ગરમ કરેલું તેલ નાંખે તો તારા આશ્રયે રહેલું નિધાન તે મેળવી શકે અને તું મરણ પામે." આટલું કહીને બંને પોત-પોતાને સ્થાને ગયા.

કલાવતીએ આ બધું નજરે જોયું અને સાંભળ્યું, સ્તોત્રના પ્રભાવથી પ્રત્યક્ષ થઇને આ બધું **ચક્રેશ્વરી** દેવીએ કર્યું હોય એમ જાણીને, તેણીએ ત્યાં રહેલા ગોકુલમાંથી છાશ લાવીને છાશ અને રાઈ પાઇને પોતાના પતિની વ્યાધિને ઉપશમાવી દીધી. પછીથી **રાજહંસકુમાર** પોતાના મૂલરૂપને પામ્યો અને રાફડામાં તેલ રેડીને ધન લઈ લીધું. પછી **કલાવતીએ** **ચક્રેશ્વરી**નો પ્રભાવ અને સર્પ સંબંધી બધી વાત કહી. પછી **રાજહંસકુમારે** પોતાના માતપિતાના નામ વગેરે કહ્યાં.

રાજશેખર રાજા દિગ્વિજય માટે ગએલો તે કાર્ય સિદ્ધ કરી પોતાની રાજધાનીમાં પાછો ફર્યો. નગરમાં આવી પોતાના જ્યેષ્ઠ પુત્રની દુર્દશાની ખબર સાંભળી તે અત્યંત દુઃખી થયો અને પુત્રની શોધ કરવા માટે રાજ્યકામમાં કુશળ અને સ્વામિભક્ત માણસોને મોકલ્યા. તે લોકો શોધતા શોધતા જ્યાં રાજકુમાર તથા **કલાવતી** રહેલાં છે ત્યાં આવી પહોંચ્યા. રાજ્યકારભારીઓએ રાજકુમારને પુત્રવિયોગથી રાજાને થતા દુઃખ અને ચિંતા કહી સંભળાવ્યાં. પોતાના લીધે પિતા દુઃખી થાય છે, તે સાંભળી તેને પણ દુઃખ થયું અને તે જ વખતે ત્યાંથી પત્ની સાથે ચાલી નીકળ્યો; અને થોડા વખતમાં જ પિતા પાસે આવી પહોંચ્યો.

રાજશેખર રાજા પોતાના પુત્રને પત્ની તથા ધન સાથે આવતો દેખીને ખુબ હર્ષિત થયો અને પુત્રને જોતાંની સાથે જ ભેટી પડ્યો. **રાજહંસકુમારને** દુઃખી કરનાર પોતાની પટ્ટરાણી **કમલા** જ છે, તેમ જાણી તેણીને કાઢી મૂકી અને **રાજહંસ** કુમારને પોતાની રાજ્યગાદી સોંપી.

હસ્તિનાપુરના રાજા **માનગિરિને** ખબર પડી કે **રાજહંસ** આરોગ્ય મેળવી મહારાજા થયો છે અને મ્હારી પુત્રી **કલાવતી** મહારાણી થઈ છે; આ પ્રમાણે ખબર મળવાથી એને નિશ્ચય થયો કે મનુષ્ય પ્રયત્ન કર્મની અનુકુળતા વિના સફળ થતો નથી, જે કાંઈ બને છે તે શુભાશુભ કર્મની અનુકુળતાથી જ બને છે. આ પ્રમાણે સમજીને પોતાની પુત્રી **કલાવતીને** બોલાવી, પોતાના અપરાધ માટે તેણીને ખમાવી. **રાજહંસ** રાજા જૈનધર્મની આરાધના કરી પોતાની મનુષ્ય જીંદગી સફલ કરવા લાગ્યો.

મન્ત્રામ્નાયઃ—ૐ હ્રાં હ્રીં હિલિ હિલિ ચુલુ ચુલુ સ્વાહા ॥

આ મન્ત્રાક્ષર જપવાથી સર્વ રોગના કષ્ટ દૂર થાય છે,

आपादकण्ठमुरुशृङ्खलवेष्टिताङ्गा
गाढं बृहन्निगडकोटिनिघृष्टजङ्घाः ।
त्वन्नाममन्त्रमनिशं मनुजाः स्मरन्तः
सद्यः स्वयं विगतबन्धभया भवन्ति ॥४६॥

સમશ્લોકી

બેડી જડી પગથી છેક ગળા સુધીની,
તેની ઝીણી અણીથી જંઘ ઘસાય જેની;
એવા અહોનિશ જપે તુજ નામ મન્ત્ર,
તોતે જનો તુરત થાય રહીત બંધ.—૪૬

શ્લોકાર્થઃ—જેઓનાં શરીર પગથી મસ્તક સુધી મોટી સાંકળોથી બાંધેલા હોય અને જેઓની જંઘાઓ બેડીના અગ્રભાગથી અત્યંત ઘસાતી હોય, એવા મનુષ્યો પણ હે સ્વામી ! નિરંતર તમારા નામરૂપ મન્ત્રનું સ્મરણ કરવાથી તત્કાળ પોતાની મેળે જ બંધનના ભય રહિત થઈ જાય છે.—૪૬

વાર્તા ૨૮ મી શ્લોક ૪૬ મો.

શ્રી 'અજયમેરૂ'દુર્ગની ફરતાં ઘણાં ગામડાંઓ રણપાલ[1] નામના એક દાનેશ્વરી અને વિનયવાન રાજપુત્રના તાબામાં હતાં, તે કોઇ જૈન સાધુના સહવાસથી પોતે ભદ્રકસ્વભાવી હોવાથી નિરંતર ભક્તામરસ્તવ તથા પંચપરમેષ્ઠિ મન્ત્રનો પાઠ કરતો હતો.

ભક્તામરસ્તવના પ્રભાવથી અને શ્રીયુગાદિજિનની ભક્તિથી તે મુસલમાનોથી જીતી શકાતો ન હતો, એક વખત છલથી અજમેરના અમીરે તેને તેના પુત્ર સહિત બાંધી લીધો. કલિયુગનું માહાત્મ્ય જ એવું છે. કહ્યું છે કેઃ—

"सीदन्ति सन्तो विलसन्त्यसन्तः
पुत्रा म्रियन्ते जनकश्चिरायुः ।
परेषु मैत्री स्वजनेषु रोषः
पश्यन्तु लोकाः कलिखेलितानि ॥१॥
सङ्कुचन्ति कलौ तुच्छाः, प्रवर्धन्ते महाधियः ।
ग्रीष्मे सरांसि शुष्यन्ति, कामं वार्धिस्तु वर्धते ॥२॥

અર્થાતઃ—સત્પુરૂષો દુઃખી થાય છે અને અસત્પુરૂષો આનંદ કરે છે. પુત્રો મરી જાય છે, જ્યારે પિતા લાંબો કાળ જીવે છે. અન્ય સાથે મૈત્રી થાય છે, ત્યારે સ્વજનોમાં વૈર થાય છે. આ સઘળા કળિયુગના નાટકનો લોકોએ વિચાર કરવો જોઇએ.

કળિયુગમાં તુચ્છ પુરૂષો સંકોચ પામે છે, અને મહાન્ બુદ્ધિવાળા વધે છે. જેમ ગ્રીષ્મઋતુમાં સરોવર સૂકાય છે અને સમુદ્ર વધે છે.

---

૧. ક તથા ગમાં રાજપુત્રનું નામ 'રણધીર' છે.

રણપાલને તથા તેના પુત્રને બાંધીને તે વખતે દિલ્હીના પાયતખ્ત પર રાજ્યકર્તા સુલતાન જલાલુદ્દીન ખીલજી પાસે લઇ જવામાં આવ્યા. રણપાલને તેના પુત્ર સાથે જુના દિલ્હીમાં આવેલા કેદખાનામાં આખા શરીરે લોખંડની બેડીઓ જકડી પૂરી દેવામાં આવ્યો.

ત્યાં રહ્યા રહ્યા રણપાલે પવિત્ર મનથી ભક્તામરસ્તોત્રના છેંતાલીસમા શ્લોકનું નિરંતર સ્મરણ કરવાનું શરૂ કર્યું. સ્મરણ કરતાં કરતાં જ્યારે તે શ્લોકનું દશહજાર વખત સ્મરણ થઇ રહ્યું તે વખતે રાત્રિના સમયે પગનાં નુપૂરના ઝણુકાર કરતી, કમરે મણિમય કટિમેખલાને ધારણ કરેલી, સાક્ષાત્ કામદેવ જેવા સ્વરૂપવાળી, ગળામાં મોટાં અને નિર્મલ મોતીઓના હારને ધારણ કરવાવાળી, કમલના જેવી કોમળ હાથની આંગળીઓ પર રત્નમય મુદ્રિકાઓને ધારણ કરવાવાળી, ભમરાઓનો સમૂહ જાણે એકઠો થયો હોય નહિ એવી શ્યામ અને નાગના જેવી લાંબી વેણી વાળી તથા શરીરે સોળે શૃંગાર સજેલી એવી સુંદર યુવતી આવીને બોલી કેઃ—"હે વત્સ ! જલદી ઊભો થા અને તારા નગરે જા."

રણપાલ બોલ્યો કેઃ—"માતા ! તમે કોણ છો ? દેવી છો, માનુષી છો કે કોઈ વિદ્યાધરી છો ?"

તેણીએ કહ્યું કેઃ—"ગરૂડના વાહનવાળી, શ્રીયુગાદિ જિનેશ્વરની ભક્ત તથા ભક્તામરસ્તોત્રનું સ્મરણ કરવા વાળાઓનું રક્ષણ કરવાવાળી દેવી ચક્રેશ્વરી છે, તે મારી સ્વામિની ચક્રેશ્વરીની આજ્ઞાથી અને પ્રેરણાથી તેણીની દાસી એવી હું તને કેદખાનામાંથી છોડાવવા આવી છું."

રણપાલે જવાબ આપ્યો કેઃ—"દેવિ ! તમે જ મારે મન તો ચક્રેશ્વરી છો, પરંતુ હાથ અને પગમાંની બેડીઓથી જકડાએલો એવો હું શી રીતે ઉઠી શકું ?"

દેવી બોલીઃ—"હાથ અને પગનો સ્પર્શ કર, તે બંધન વગરના જોઇ, પોતાના પુત્રને પણ તે જ રીતે બંધન વગરનો જોઈ, બંને ઊભા થયા અને કેદખાનાના દરવાજા ઉઘાડવા જતાં દેવીએ નિષેધ કર્યો, કારણ કે તે ઉઘાડવાના અવાજથી પહેરેગીરો જાગી જાય. પછીથી દેવીએ બતાવેલાં પગથીઆંઓના રસ્તે કોટ ઉપર ચઢીને નીચે બિછાવેલી કોમળ શય્યા પર કુદકો મારી નીચે આવ્યા. પછી પોતાના ગામ પ્રત્યે ચાલવા લાગ્યા. અનુક્રમે પોતાના પુત્ર સાથે રણપાલ ક્ષેમકુશળ પોતાના સ્થાને આવી પહોંચ્યો. પછી પોતાનું વતન છોડીને 'ચિત્રકૂટ' દુર્ગ પર સુરક્ષિત રીતે કુટુંબ સહિત તે રહેવા લાગ્યો અને સુખે કરીને કાળ નિર્ગમન કરવા લાગ્યો.

મન્ત્રામ્નાયઃ—ૐ ઋષભાય નમઃ । આ મન્ત્રનો એક લાખ જાપ કરવાથી બંધીખાનેથી માણસ મુક્ત થાય છે.

मत्तद्विपेन्द्र-मृगराज-दवानला-हि
सङ्ग्रामवारिधिमहोदरबन्धनोत्थम् ।
तस्याशु नाशमुपयाति भयं भियेव
यस्तावकं स्तवमिमं मतिमानधीते ॥४७॥

સમશ્લોકી

જે મત્ત હસ્તિ અહિ સિંહ દવાનલાગ્નિ,
સંગ્રામ સાગર જલોદર બંધનોથી;
પેદા થએલ ભય તે ઝટ નાશ પામે,
તુજ સ્તવન આ મતિમાન પાઠે.—૪૭

શ્લોકાર્થઃ—જે બુદ્ધિમાન મનુષ્ય તમારા આ સ્તોત્રનો નિરંતર પાઠ કરે છે, તેના મદોન્મત્ત હાથી, સિંહ, દાવાનળ, સર્પ, યુદ્ધ, સમુદ્ર, જલોદર અને સમુદ્રથી ઉત્પન્ન થએલા ભયો પણ તુરત જ નાશ પામે છે.—૪૭

स्तोत्रस्रजं तव जिनेन्द्र गुणैर्निबद्धां
भक्त्या मया रुचिरवर्णविचित्रपुष्पाम् ।
धत्ते जनो य इह कण्ठगतामजस्रं
तं मानतुङ्गमवशा समुपैति लक्ष्मीः ॥४८॥

સમશ્લોકી

આ સ્તોત્ર માળ તુજના ગુણથી ગુંથી મેં,
ભક્તિ થકી વિવિધ વર્ણરૂપી જ પુષ્પે;
તેને જીનેંદ્ર ! જન જે નિત્ય કંઠ નામે,
તે માનતુંગ અવશા શુભ લક્ષ્મી પામે.—૪૮

શ્લોકાર્થઃ—હે જિનેશ્વર ! મેં ભક્તિથી પૂર્વોક્ત જ્ઞાનાદિ ગુણો વડે રચેલી તથા મનોહર અક્ષરો રૂપી વિચિત્ર પુષ્પવાળી તમારી સ્તોત્રમાળાને આ જગતમાં જે મનુષ્ય નિરંતર કંઠમાં ધારણ કરે છે એટલે મુખપાઠ કરે છે, તે માન વડે ઉન્નતિવાળા પુરુષને તેના ગુણથી વશ થએલી [એવી] લક્ષ્મી પ્રાપ્ત થાય છે.-૪૮

અથવા—**'भक्त्या'** રચના વડે **'गुणैः'** સૂત્રના તંતુએ કરીને **'निबद्धां'** ગુંથેલી, **'मया'** મા-માન એટલે પ્રમાણ વડે યુક્ત અને મનોહર પાંચવર્ણના પુષ્પોવાળી તમારા સ્તોત્ર રૂપી માળા.

અથવા—**'मया'** પદ્માએ–લક્ષ્મીએ **'भक्त्या'** અનુરાગ વડે **'जिनेन्द्रगुणैः'** જિન એટલે વિષ્ણુ, તે રૂપ ઇંદ્ર એટલે પતિ તેના પ્રભુત્વાદિક ગુણે કરીને **'निबद्धां'** સ્થાપન કરેલી વિચિત્ર પુષ્પોની માળાને જે ધારણ કરે છે તે **'मानतुङ्ग'** સાભિમાની પુરૂષોત્તમને **'अवशा'** અ–કૃષ્ણ, તેની વશા–સ્ત્રી પ્રાપ્ત થાય છે.

અથવા–**જિન** એટલે વિષ્ણુ અને **ઇન્દ્ર** એટલે સુરેંદ્ર, તેમના શૌર્ય અને ઐશ્વર્યાદિક ગુણો વડે યુક્ત એવો જે પરાક્રમી પુરૂષ ઉક્ત વિશેષણવાળી પુષ્પમાળાને કંઠમાં ધારણ કરે છે તે **માનતુઙ્ગ** એટલે સાહંકારી પુરૂષને સમગ્ર ભુવનની લક્ષ્મી પ્રાપ્ત થાય છે.

અથવા—જે કોઇ પણ પુરૂષ પુષ્પમાળાને ધારણ કરે છે તે લક્ષ્મીવાળો થાય છે. તથા જે **'मया'** લક્ષ્મી વડે યુક્ત પુરૂષ **'भक्त्या'** ઘણા પ્રકારની રતિક્રીડાની રચનાએ કરીને માધુર્યાદિક ગુણો વડે **'निबद्धां'** બાંધેલી એટલે પોતાને વશ કરેલી **'रुचिरवर्णविचित्रपुष्पां'** મનોહર વર્ણ–શરીરની કાંતિ, વિચિત્ર–વિશેષ પ્રકારનું તિલક અને પુષ્પ–માલ્યાભરણ વડે ભૂષિત એવી પુષ્પમાળાના જેવી સ્ત્રીને કંઠમાં ધારણ કરે છે એટલે આલિંગન કરે છે તે **'मानतुङ्ग'** પુરુષની ગણનામાં અગ્રેસર પુરુષને પરાધીન એવી લક્ષ્મી પ્રાપ્ત થાય છે. એટલે કે પુષ્પમાળા ધારણ કરવાથી અને ઉત્તમ સ્ત્રીના સેવનથી દરિદ્રી પુરૂષ પણ લક્ષ્મીવાન થાય છે.

અથવાઃ–જે પુરુષ સ્વયંવરમાં તેના ગુણોથી રંજન થએલી કુમારીએ સ્થાપન કરેલી, **'भक्त्या'** રચના વડે **'मया'** શોભા વડે અને **'गुणैः'** સુવર્ણના દોરા વડે ગુંથેલી મનોહર વિવિધ રંગના પુષ્પોની માળાને–વરમાળાને કંઠમાં ધારણ કરે છે, તે **'मानतुङ्ग'** શરીરના પ્રમાણને પામેલા તથા સર્વ શુભ લક્ષણવાળા પુરુષને લક્ષ્મી જેવી રૂપવતી કન્યા **'अवशा'** પરાધીન એટલે કામને આધીન થઇ દૂરથી પણ તેની પાસે પ્રાપ્ત થાય છે.

સ્તોત્રના અંતે લક્ષ્મી શબ્દ મૂકયો છે તે માંગલિક અર્થને દર્શાવનારો છે. તેથી આ સ્તોત્ર ભણનાર, સાંભળનાર અને વ્યાખ્યાન કરનાર પુરુષોને નિરંતર કલ્યાણ લક્ષ્મી પ્રાપ્ત થાય છે.–૪૮

——(૦)——

શરૂઆતના ૧ થી ૨૨ કાવ્ય સુધીની વિધિ આ પ્રમાણે જાણવીઃ—

એકાંત સ્થાનમાં જમીન ઉપર નહિ પડેલું એવું ગાયનું છાણ લાવીને, તેમાં કુંકુમ મેળવીને, પવિત્ર જલથી [લીંપીને] ભૂમિશુદ્ધિ કરવી, પછી દેહશુદ્ધિ કરીને, પીળાં વસ્ત્ર પહેરીને, ઉત્તર દીશાએ સિંહાસન ઉપર ચક્રેશ્વરીની મૂર્તિની સ્થાપના કરીને, તેની આગળ પંચામૃતથી ભરેલો માટીનો, ચાંદીનો, અથવા સપ્તધાતુનો ઘડો સ્થાપન કરીને, તે ઘડા ઉપર શ્રીફલ મુકીને, ચાર લોગપાલોની સ્થાપના કરીને, પછી ઘીનો દીવો કરી, નવરંગી અથવા દશાંગ ધૂપ ઉખેવી, પછી સ્થાપનાની આગળ અક્ષતથી સુંદર સ્વસ્તિક કરીને, તે સ્વસ્તિકના ઉપર સોપારી મૂકીને, પછી પંચામૃતના ઘડાની અંદર રૂપાનાણું મુકીને ૧૦૮ એકસો આઠ પંચવર્ણી પુષ્પની માલા કરીને, ઘડાના કાંઠલાપર સ્થાપન કરીને–ઘડાને પહેરાવીને–પછી પંચામૃતથી ચક્રેશ્વરીનું પ્રક્ષાલન કરીને, અષ્ટગંધ લેગાં કરીને, ચક્રેશ્વરીદેવીની અષ્ટગંધથી પૂજા કરીને, પછી અષ્ટપ્રકારી પૂજા કરી, લોગપાલની પૂજા બલિ, બાકળા નૈવેદ્ય ફલ, ફૂલ વગેરેથી કરીને, પછી પુષ્યાર્ક યોગે ઘડાવેલી આંબાના લાકડાની પાટલી અથવા ચાંદીના પતરાં પર અષ્ટગંધથી યંત્ર લખીને, યંત્રની સ્થાપના કરીને, તે યંત્રની પણ ફલ, નૈવેદ્ય, પુષ્પથી પૂજા કરીને, આરતી કરવી. પછી પોતે અષ્ટ-ગંધથી કપાળમાં તિલક કરીને, પીળાં આસન ઉપર ઉત્તર દિશા તરફ મુખ રાખી બેસીને, પીળી નવકારવાળીથી કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્ર [ત્રણે]ના જુદા જુદા ૧૨૦૦૦ જાપ કરવા અને તે પ્રમાણે જાપ કરવાથી તે તે મન્ત્ર સિદ્ધ થાય છે. મન્ત્ર સિદ્ધ થયા પછી આગળ પંચાંગ વિધિમાં તે તે કાવ્યમાં બતાવેલી સંખ્યા પ્રમાણે નિરંતર જાપ કરવા.

ભક્તામર સ્તોત્રનો સર્વોત્તમ વિધિ આ પ્રમાણે ગણવો–

मन्त्रारंभस्य चैत्रस्य बहुदुःखस्य दायकाः।
वैशाखे रत्नलाभाय ज्येष्ठे च मरणं ध्रुवं ॥१॥
आषाढा कलहश्चैव पूर्णार्थो श्रावणो भवेत्।
भाद्रपदं सुखंवासिः पुत्राय धनमाश्विने ॥२॥
कार्त्तिके स्वर्णलाभाय मार्गशीर्षो महोदये।
पौषे धनसमृद्धिश्च माघे मेधाविवर्द्धनं ॥३॥
धान्यं फाल्गुने चैव मासानां कथितं फलं।
सुखार्थस्य (मन्त्र) दातव्यं ज्ञातव्यं यत्ततो बुधे ॥४॥
स्थानदा वरदा मन्त्रा ध्यानं स्थानात् फलप्रदं।
ध्यानस्थान विनिर्मुक्ता सुसाध्याऽपि वैरिणः ॥५॥
नानाहुतश्च मन्त्रस्य नैवभुक्तिः फलप्रदाः।
तस्मात् ध्यान समाहृत्य जप होमो निरंतरं ॥६॥
गुरौ शुक्रौ च विप्राणां कुजार्कौ क्षत्रिये पुनः।
बुधो हि शुद्रवर्णेभ्यः वैश्य चंद्र स्मृतै बुधैः ॥७॥
म्लेच्छेशो शनिराहुश्च(च?) ग्राह्यो हिमबलैः पुनः।
राज्ञा हि सूर्यवारेण हस्त पुष्य समाश्रितौ ॥८॥
तपस्विनां चंद्रवारेण रोहिणि मृगशिरस्तथा।
सुवर्णकारेषु भौमोहि अश्विनी च समन्विता ॥९॥
बुधेन ब्रह्मवर्णेषु अनुराधा सहप्रभो।
गुरु वणिक जात्यैव पुष्यसा क्षण संयुतः ॥१०॥
वंशेषु वय स ज्ञेयो रेवत्या सह सिद्धिदः।
सूर्येण दीनदासादीनु रोहिण्या युक्तमेवहि ॥११॥
एतेषु योगयुक्तेषु शुभः सर्वार्थसाधिकः।
भक्तामरेति स्तोत्रस्य सिद्धि देयं च साधकः ॥१२॥

पुनः शुभकार्ये पूर्णातिथिः, मुक्तिगमनं जयातिथिः, वश्यं नंदातिथिः, लक्ष्मीवुद्धिः भद्रातिथिः, आकर्षणः गारुडः रिक्तातिथिः।

उच्चाटनं मारणं दिशिउत्तर, वश्यार्थे स्तंभने पूर्वे, आकर्षणे दक्षिण, मारणे इशान, विद्वेषे आग्नेयी कूणि, उच्चाटने वायु कूणि, शांतिके पश्चिमदिशि, पौष्टिके नैऋत कूणि।

अथ प्रहरः। पूर्वाह्ने वश्यं, मध्यान्हे विद्वेषणं, अपराह्ने उच्चाटनं, संध्या मारणार्थि, मध्यरात्रिः शांतिकः, प्रभाति पौष्टिककार्यः।

अथ वर्णः। श्वेते मुक्तिप्राप्तिः, कृष्णे उच्चाटन मारणः, वश्ये रक्त, पीते लक्ष्मीप्राप्तिः, नीले बुद्धि विवाहप्राप्तिः।

इत्यादि योगयुक्तविधिना श्रीआदिजिनबिंब सप्तधातुमय रूप्यः वा स्वर्णमय वा चित्रित, अष्टप्रकारेण पूजयित्वा स्थापना कार्या। शुक्लपक्षे चंद्रबल पुहचते नैवेद् पक्वानादि फल फूल दीप धूपः अक्षतः स्वस्तिकं सर्वे सामग्री कृत्वा, शुचिदेहं चंदनविलेपनं कृत्वा शुचि वस्त्रं परिधाय एकभुक्तभोजनः ब्रह्मचारी एतत् विधिना स्थापनाग्रे श्रीआदिजिनस्तवनः भक्तामरस्तोत्रः पाठति वाचति यति संपूर्णम्। अष्टचत्वारिंशति काव्यः सदैव स्मरण करोति तस्यायं अष्टसिद्धि नवनिधिः प्राप्नुवन्ति।

पुनः अयं विधिना काव्य, ऋद्धि, मन्त्र सहित सवालक्ष स्मरण करोति तस्य सिद्धिः कमलावरंति इति श्रीआदिजिनस्तवनः श्रीभक्तामरस्तोत्रः श्रीमानतुंगसूरि विरचितायां अष्टचत्वारिंशति काव्यः ऋद्धि, मन्त्र, यंत्र विधिः समाप्तं। पुनः श्रीहरिभद्रसूरिविरचिताः अष्टचत्वारिंशति यंत्रः तंत्राम्नायः सत्यप्रत्ययकरा॥

卐

કાવ્ય. ૧—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अरिहंताणं णमो जिणाणं ह्रાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ असिआउसा अप्रतिचक्रे फु (फ?)ट् विचक्राय ह्रौं ह्रौं स्वाहा ।

મન્ત્ર—ૐ હ્રાં હ્રીં હ્રૂં શ્રીં ક્લીં બ્લૂં ક્રૌં ક્રૌં [1] (ક્રૌં ક્રૌં) હ્રીં નમઃ ।

વિધિ—આ મન્ત્રના ધ્યાનથી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય છે, મહાપ્રાભાવિક થાય છે, સકલ ઉપદ્રવનું નિવારણ થાય છે અને સૌભાગ્યની વૃદ્ધિ થાય છે, સફેદ વસ્ત્ર પહેરી, પૂર્વ દિશા સન્મુખ બેસી એક લાખ જાપ કરીને યંત્ર પાસે રાખવાથી સકલ ઋદ્ધિ સિદ્ધિ સંપદા–લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૩

તન્ત્ર—ચારે દિશાઓ ૐકાર તથા હ્રીંકારથી વેષ્ટિત કરવી, પછી ઋદ્ધિ મન્ત્રથી વીંટીને, તેના ઉપર ચાર દિશાએ ૪૪ ૐ અને ક્લીં વીંટવા.

યન્ત્ર—तार ताम्र सुवर्ण च इंदु अर्क षोडशभी ।
पुष्यार्के घटिता मुद्रा दृढ दारिद्रनाशिनी ॥१॥

એક રતી સોનું, બાર રતી ચાંદી, ૧૬ રતી ત્રાંબુ એ સર્વને ભેગાં કરવાથી ૨૯ ઓગણત્રીશ રતી થાય તેની વીંટી રવિવારે પુષ્ય નક્ષત્રનો યોગ આવે છતે પુષ્ય-નક્ષત્રનો કાળ વીતી ગયા પહેલાં ઘડાવી પંચામૃતે પખાલી, ધૂપ કરી, પહેલી તર્જની આંગળીમાં પ્રથમ કાવ્ય ૧૦૮ વખત ગણી જમણા હાથે પહેરીએ તો ગમે તેવા દરિદ્રીના દારિદ્રયનો નાશ કરે, લક્ષ્મીનો લાભ કરે અને તે વીંટીને ભોજન કરતી વખતે ડાબા હાથમાં ધાલવી. જમી રહ્યા પછી પાછી જમણા હાથમાં પહેરવી.

ઈતિ પ્રથમ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ

શ્રીહરિભદ્રસૂરિ કૃત પ્રથમ યંત્રની વિધિઃ—

વિધિ—આ યંત્રને ભોજપત્ર પર અષ્ટગંધથી લખીને સોનાના માદળીઆમાં ધાલી મસ્તકે રાખવાથી સર્વ સુખ, સૌભાગ્ય તથા લક્ષ્મીની વૃદ્ધિ થાય. વલી પુષ્યાર્ક યોગે તથા દિવાલીના દીવસે લખી ફરી એ યંત્રને રૂપાનાં પતરાં પર ઓદાવી નિત્ય પૂજા કરે તો દરિદ્રતાનો નાશ થાય. લક્ષ્મી વધે, યશમલે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૪

---

૧. ઘમાં ક્રૌંના બદલે ૐ અક્ષર છે.

કાવ્ય. ૨—

ઋદ્ધિ—ૐ હ્રીં णमो ओहिजिणाणं ।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં નમઃ ।

યન્ત્ર—હ્રીં કાર ઉપર હ્રીંકાર વીંટીને, તેના ઉપર ચઉદ શ્રીંકાર વીંટવા, તેના ઉપર ઋદ્ધિમન્ત્રથી વીંટી, પછી ૪૬ છેંતાલીસ ૐકાર, ફંકાર સહિત વીંટવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૫

વિધિ—આ કાવ્ય તથા ઋદ્ધિ મન્ત્રનો જાપ કરવાથી અને પાસે યંત્ર રાખવાથી દૃષ્ટિબંધ દૂર થાય છે. ત્રીશ દિવસ સુધી,[1] કાળી જપમાળા, કાળા વસ્ત્ર પહેરીને ૧૦૮ વખત જાપ કરી, હમેશાં ૧૦૮ અરીઠા, કડવા તેલ સહિત હોમવાથી નિશ્ચયે કરીને શત્રૂનો ક્ષય થાય છે. મન્ત્ર સાધતાં સુધી મીઠાંનો હોમ દિવસમાં એક વાર કરવો જોઇએ.[2]

તંત્ર—બીલાડી એટલે મીનીની ઉપરની દાઢ અને કુતરાની નીચેની દાઢ શનિવારે રાત્રિના લઇને, રવિવારે કાવ્યથી ૧૦૮વાર મન્ત્રી શત્રુના ઘરમાં દાટવાથી અથવા તો ભીંતમાં ઘાલી દેવાથી શત્રુનું ઘર ભાંગી પડે, મહા ઉત્પાત થાય.

ઇતિ દ્વિતીય કાવ્ય પંચાંગ વિધિ

શ્રી હરિભદ્રસૂરિકૃત બીજા યંત્રની વિધિઃ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર લખી દિવાલીના દિવસે અથવા રવિવારે પુષ્યનક્ષત્રનો યોગ આવે છતે કંઠે તથા બાહુએ ધારણ કરવાથી ક્રોધે ભરાએલો એવો શત્રુ પણ વશ થાય છે. શત્રુની નજર મૃદંગ (માદળીયું) દેખવાથી બંધ થાય. આ યંત્ર શનિવારે, રવિવારે સ્મશાનના [બળેલા] કોલસા, હરતાલ, મનશીલ તથા પોતાની કનિષ્ઠિકા આંગળીના ટેરવાંનાં લોહી વડે કાગડાનાં પીંછાથી સરાવલા (માટીના ચપણીઆ–કોડીઆ)ની મધ્યમાં દુશ્મનનું નામ લખી, દાટી કપડ મીટ કરીને ખદિરના અંગારાથી તપાવીએ તો ત્રણ દિવસમાં દુશ્મન દાહજ્વરથી પીડાય. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૬

કાવ્ય. ૩—

ઋદ્ધિ—ૐ હ્રીં अर्हं णमो[3] परमोहि जिणाणं ।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં સિદ્ધેભ્યો બુદ્ધેભ્યો સર્વસિદ્ધિદાયકેભ્યો નમઃ સ્વાહા ॥

---

૧ ઘમાં ૨૧ દિવસ સુધી દરરોજ ૧૦૮ અથવા ૭ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ કરવા એમ પણ પાઠ છે. ૨ ઘમાં આ પાઠ વધારે છે. ૩ ઘ માં 'णमो' શબ્દ નથી.

યન્ત્ર—મધ્યે શ્રીંકાર ત્રણ વલયથી વીંટીને, તેના ઉપર ચઉદ ક્લીં કાર વીંટવા, પછી વલય કરીને, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટવા પછી તેના ઉપર **ૐ નમો ભગવતે પરમતત્ત્વાર્થભાવકાર્યસિદ્ધિ હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ સ્વયંરૂપાય નમો નમઃ** આ મન્ત્રથી વીંટીને ફરી બત્રીશ ક્ષ્વીં કારથી યન્ત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૭

વિધિ—આ કાવ્ય તથા ઋદ્ધિ, મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી નાનાં બાલકને દૃષ્ટિ—નજર લાગી હોય તો આ મંત્રથી મંતરેલું પાણી પાવાથી તેનો નાશ થાય, ભેંશ અથવા ચાર પગવાળાં તિર્યંચને પણ મંતરેલું પાણી પાવાથી તથા ત્રણ દીવસ તે જ પાણી છાંટવાથી દૃષ્ટિદોષ નાશ પામે છે.[૧]

તંત્ર:—સફેદ સરસવ, ગોરૂચંદન, ઉપલેટ, વજ તથા કપૂર ને પુષ્યાર્ક યોગે મેલવી(ભેગાં કરી) ગોળી બનાવી રાખી મૂકવી, જ્યારે જરૂર પડે ત્યારે તેનું તિલક કરવાથી દૃષ્ટિ દોષ મટે. તિર્યંચને નજર લાગી હોય તો તેના નેત્રમાં આંજવાથી દૃષ્ટિ દોષ મટે છે.

ઇતિ તૃતીય કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ત્રીજા યંત્રની વિધિ—

छत्तीसकोडिआओ सत्तावीसं च याउ बत्तीस लुआओ अ,
अट्ठावीसं च फूलीआओ ॥१॥
चउरासी वायाओ पगंतरपमुह दुट्ठज्वरआओ।
हरिसा वालय पमुहा जंत पभावेन नासंती ॥२॥
भगवइ चउसठि योगिणी जंत लिहीउण पूइयणं च।
देहेवहं दुट्ठाणं संतिकरं नत्थि संदेहो ॥३॥

આ યંત્રને યક્ષકર્દમથી શુભદિને લખી માદળીઆમાં ઘાલી કંઠે બાંધવાથી નજર ન લાગે, અનેક રોગનો નાશ થાય અને ચતુષ્પદને નજર લાગી હોય તો તેનો પણ નાશ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૮

૧—ઘ માં આ પ્રમાણે વિધિ છે:—ઋદ્ધિ મન્ત્રને કમળ કાંકણીની માળા વડે ૭ દિવસ સુધી રોજ ત્રણ વખત ૧૦૮ વાર જપવો જોઇએ. હોમને માટે દશાંગધૂપ જોઇએ અને પૂજાને માટે ગુલાબનાં ફુલ જોઇએ. લોટામાં પાણી મન્ત્રીને ૨૧ દિવસ મ્હોં પર છાંટવાથી સર્વ પ્રસન્ન થાય છે અને યંત્ર પાસે રાખવાથી શત્રુની નજર બંધ થાય છે.

કાવ્ય ૪—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो सव्वोहिजिणाणं।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં જલદેવતાભ્યો[1] નમઃ।

યન્ત્ર—મધ્યમાં ક્લીં કાર વીંટીને તેના ઉપર, ચોવીશ ક્લીં કાર વીંટવા, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટીને, તેના ઉપર પચીશ સૌં કાર વીંટવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૭૯

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યન્ત્ર પાસે રાખવાથી પાણીનો ઉપદ્રવ મટે, પાણીમાં ડુબે નહિ, વહાણ પણ પાણીમાં ડુબે નહી. વળી ૧૦૮ વાર અથવા ૨૧ અગર ૭ વાર કાંકરી મન્ત્રીને જળમાં નાખવાથી જળમાં માછલીઓ પકડાતી નથી.[2]

તંત્રઃ—બાલક ઊભા પગે જન્મ્યો હોય (સ્ત્રીની યોનિમાંથી પહેલાં પગ નીકળે, પછી મસ્તક નીકળે તે બાલક ઊભા પગે જન્મ્યો કહેવાય છે), તે બાલક પુષ્યાર્ક, હસ્તાર્ક અથવા મૂલાર્ક યોગે જન્મ્યો હોય તથા દિવાલીના દિવસે સ્વાતિ નક્ષત્રમાં જન્મ્યો હોય, તે બાલકની નાર તથા સ્ત્રીની જર(ઓર) જે પડી હોય તે લઈને એકાંતમાં છાયામાં સુકવીને, ઓર પર કોઈનો પડછાયો પડવા દેવો નહી, વળી તે સ્ત્રીની આંબળ, સફેદ સરસવ પંચાંગ, રાજહંસી પંચાંગ, કાળો ધંતૂરો પંચાંગ, કાળો જલ ભાંગરો પંચાંગ આ બધી વસ્તુઓની પુષ્યાર્ક યોગે ગુટીકા કરી પગે તથા શરીરે લેપ કરવાથી જલમાં ડુબાય નહિ. આ તંત્ર પાત્ર જોયા વગર આપવો નહિ.

ઇતિ ચતુર્થ કાવ્ય પંચાંગ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ચોથા યંત્રની વિધિ—

આ યંત્રને નિરંતર ચાંદીના પતરાં ઉપર અષ્ટગંધથી લખીને ૨૧ ચંપાના ફૂલથી પૂજીને, નિવેદ, ફલ વગેરે મૂકવાથી દેવતાએ કરેલા મૃતવત્સા દોષનું નિવારણ થાય છે. આ યંત્ર સુગંધીદાર દ્રવ્યોથી શુભયોગે ભોજપત્ર પર લખી ત્રિધાતુના બનાવેલા માદળીઆમાં મૂકીને બાહુ અગર મસ્તકે ધારણ કરવાથી જલ સંકટનો નાશ થાય છે, ધારણ કરનાર પાણીમાં ડુબતો નથી. સગર્ભા સ્ત્રીને યંત્ર પંચામૃતથી પખાલીને પાવાથી તુરત જ પ્રસવ થાય અને જન્મેલા બાળકના ગળે યંત્ર બાંધવાથી બાળક ચિરંજીવી થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૦

---

૧ ख तथा ग માં 'जलयात्रा जलदेवताभ्यो' અને घ માં 'जलयात्रादेवताभ्यो' પાઠ છે. ૨ ग तथा घ માં વિધિ આ પ્રમાણે છેઃ—"કાવ્ય, ઋદ્ધિ મન્ત્રનો સફેદ માળા વડે ૭ દિન સુધી રોજ ૧૦૦૦ વાર જાપ કરવો. સફેદ ફૂલ ચડાવવાં, એક વખત જમવું અને ભોંય સંથારે સૂઈ રહેવું."

કાવ્ય. ૫—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अणंतोहिजिणाणं ।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં ક્રૌં (ક્રૌં ?) સર્વસંકટનિવારણેભ્યો[1] સુપાર્શ્વયક્ષેભ્યો નમો નમઃ સ્વાહા ।

યન્ત્ર—ગ્લૌંકાર મધ્યમાં વીંટીને, તેના ઉપર શ્રીંકાર પચીશ વીંટી, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટીને તેના ઉપર છવીશ ક્રીંકાર વીંટવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૧

વિધિ–કાવ્ય તથા ઋદ્ધિ, મન્ત્રનો જાપ કરવાથી અને યંત્ર પાસે રાખવાથી આંખની પીડા મટે, જેની આંખ દુખવા આવી હોય તેને આખો દીવસ ભૂખ્યો રાખીને, સંધ્યા સમયે ૨૧ પતાસાં મંતરી પાણીમાં ઘોળી પાવાથી અથવા ૨૧ વાર આંખ મંતરવાથી આંખ દુખતી મટે, નેત્રના સર્વ રોગનો નાશ થાય.[2]

તન્ત્ર—મનુષ્યના મસ્તકની ખોપરી ઉપર રતાંજળી, ભીમસેની કપૂર તથા પુષ્પાર્કયોગે પહેલી જ વખત બાળકને જન્મ આપનાર સધવા સ્ત્રીના દુધમાં પુષ્યાર્ક યોગે ગોળી બનાવીને, કામ પડે ત્રણ દિવસ આંખમાં ગોળી આંજવાથી નેત્રના સર્વ રોગનો નાશ થાય છે.

ઇતિ પંચમ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિકૃત પાંચમા યન્ત્રની વિધિ–

આ યન્ત્રને અષ્ટગંધથી ભોજપત્ર પર શુભ દિને લખીને, રૂપાના માદળીઆમાં ભોજપત્રને નાખીને ગળે બાંધવાથી આંખની પીડા ઉપશમે છે. સૂર્ય અથવા ચંદ્રગ્રહણની વખતે ધાન્ય મધ્યે માદળીયું નાખીને પછી ધૂપ દઈને ગળે બાંધવાથી નેત્ર રોગની પીડા ઉપશમે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૨

---

૧ ગ તથા ઘમાં 'सर्वसंकटनिवारणेभ्यः' પાઠ છે. ૨ ગ તથા ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ– "પીળાં વસ્ત્રો પહેરીને ૭ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ કરવા, પીળાં પુષ્પ ચડાવવાં અને કંદરૂનો ધૂપ કરવો."

કાવ્ય ૬—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो कुट्ठबुद्धीणं ।

મન્ત્ર—ॐ ह्रीं श्रां श्रीं श्रूं श्रः हं सं यः यः[1] ठः ठः सरस्वती भगवती विद्या-प्रसादं कुरु कुरु स्वाहा ।

યન્ત્ર—લ્વીં[2]કાર મધ્યે વીંટીને, તેના ઉપર ૩૨ ૐકાર વીંટીને, તેના ઉપર પચીશ[3] હ્રૉંકાર વીંટવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૩

વિધિ—કાવ્ય, ઋદ્ધિ અને મંત્રનો પાઠ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી વિદ્યા શીઘ્ર ચડે, વિસ્મૃતિ ન થાય, વાક્‌શુદ્ધિ થાય, મૂર્ખપણું દૂર થાય અને જીભ છુટી થાય.[4]

તંત્ર—આસો સુદી પૂર્ણિમાના દીવસે બ્રાહ્મીનો રસ[5] વચ્ચા, કપિલા (ભૂરિ) વાછરડાં વાળી ગાયનું ઘી, એ ત્રણ વસ્તુ સરખા ભાગે મેળવી, કાંસાની થાળી ત્રણ વાર મંજાવી તે ત્રણે વસ્તુ તેમાં પાથરીને, યંત્ર લખી, તેમાં પાર્શ્વનાથની મૂરતી લખીને[6] તે ઉપર અષ્ટગંધથી ॐ **ह्रीं श्रीं क्लीं ब्लूँ वदवद वाग्वादिनी** એ મંત્ર લખી થાલી બાજોઠ ઉપર રાખી ચંદ્રમાના પ્રકાશમાં રાત્રે રાખીને, સવારમાં એકેક અક્ષર કાપી ગીટીજે, નવો ગ્રંથ જોડે **સરસ્વતી** વશ થાય.

ઇતિ ષષ્ટમ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ

શ્રી હરિભદ્રસૂરિકૃત છઠા યંત્રની વિધિ—

આ યંત્ર શુભદ્રવ્યથી શુભદિને ભોજપત્ર પર લખી કંઠમાં ધારણ કરવાથી **સરસ્વતી** પ્રસન્ન થાય છે. મૂર્ખતાપણું, તોતડાપણું મટે, વળી આ યંત્રને રૂપાના પતરાં પર કોતરાવી રોજ પૂજવાથી છ મહિનાની અંદર **સરસ્વતી** વરદાન આપે, તેમાં સંદેહ ન રાખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૪

——(૦)——

૧. કમાં 'धं धं धं' પાઠ છે, ખમાં 'थं थं' પાઠ છે, ગ તથા ઘમાં 'थथथः' પાઠ છે. ૨ ખ માં 'ल्लूँ' પાઠ છે, ગમાં 'ल्लीँ' પાઠ છે, અને ઘમાં 'ल्वूँ' પાઠ છે. ૩ મૂળ પ્રતમાં 'છવીશ' હ્રૉંકાર વીંટવા એવું લખ્યું છે, પરંતુ ક, ખ, ગ તથા ઘમાં પચીશની સંખ્યા હોવાથી પચીશની સંખ્યા વધારે યોગ્ય લાગે છે. ૪ ગ તથા ઘમાં આ પ્રમાણે વિધિ છે. "લાલવસ્ત્રો પહેરીને ૨૧ (ગમાં ૧૪છે) દિવસ સુધી રોજ ૧૦૦૦ જાપ કરવા અને યંત્રને પાસે રાખવાથી વિદ્યા બહુ જ ઉતાવળે ચડે છે. વિખૂટો પડેલો માણસ આવી મળે છે. વિધિમાં લાલ ફૂલ, ધૂપ કંદરૂપનો, સંથારે સૂઇ રહેવું અને એકાશન કરવું. ૫ કમાં 'નવી બાજરીનો પિષ્ટ તથા સાકર' લખેલું છે. ૬ ક માં 'પાર્શ્વનાથની મૂરતિ'નો પાઠ નથી.

કાવ્ય. ૭—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो बीअबुद्धीणं।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં હું સૌં[1] શ્રાઁ શ્રીં ક્રૌં (ક્રૌં?) क्लीं सर्वदुरितसंकटक्षुद्रोपद्रवक-ष्टनिवारणं कुरू कुरू स्वाहा॥

યંત્રઃ—ષટ્કોણ યંત્ર કરીને મધ્યમાં क्लीं લખીને છ ખુણામાં ૐ હ્રીં શ્રીં क्लीं नमः લખીને, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટીને, તે ઉપર છવીશ નૌંકાર વીંટવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૫

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરવાથી સર્પનો ભય રહેતો નથી. વળી સ્થાવર અને જંગમ સર્વ જાતનાં ઝેરનો નાશ થાય. ૧૦૮ વાર ઋદ્ધિ મન્ત્રથી કાંકરી મંત્રીને સર્પના મસ્તક પર મારવાથી સર્પ કીલિત થઇ જાય છે. સર્પ ડંશ દઈ શકતો નથી, જેને સર્પ કરડ્યો હોય તેને પાણી મંત્રીને આપવાથી સાપનું ઝેર ચડતું નથી.[3]

તંત્રઃ—કાલા સર્પની કાંચળી પુષ્યાર્કે લઇને, વળી મરેલા કાલા સર્પના મોંમાં હીરવણી કપાસનાં બીજ વાવીને, ભૂમિમાં દરરોજ પાણીનું સિંચન કરવું, અનુક્રમે વણી ઉગે તે હીરવણીના ડોડવામાંથી કપાસ નીકળે તે લઈને, દીવેટ કરતી વખતે તે કાલા સર્પની કાંચલી તેની વચ્ચમાં લપેટી દીવેટ કરીને, ચાલતી ઘાણીનું તેલ કોડીયામાં ભરી, દીવેટ અંદર મુકી જે ઘરમાં દીવો કરીએ તે ઘરમાં પુષ્કળ સર્પ ફરતા હરતા દેખાય અને તે જોઈને સર્વ મનુષ્ય અભયભ થાય.

ઇતિ સપ્તમ કાવ્ય પંચાંગ વિધિ

શ્રી હરિભદ્રસૂરિ કૃત સાતમા યંત્રની વિધિ—

આ યંત્ર શુભદિવસે અષ્ટગંધથી ભોજપત્ર પર લખી, લોઢાના માદળીઆમાં ઘાલી બાહુએ બાંધવાથી સર્પાદિ ભયનો નાશ થાય છે. વળી એ જ માદળીઆને ચોખા જલથી પખાલીને જેણે સર્પ કરડ્યો હોય તેણે પાણી પાવાથી સર્પનું ઝેર ઉતરી જાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૬

---

૧ ઘ માં 'સં' પાઠ છે. ૨ ગ તથા ઘ માં અઠાવીશ બૈંકાર વીંટવા એવો પાઠ છે. ૩ ગ તથા ઘ માં વિધિ આ પ્રમાણે છેઃ—"લીલા રંગની માળાથી ૨૧ દિવસ સુધી નિરંતર ૧૦૮ વાર જાપ કરવાથી અને યંત્ર ગળામાં બાંધવાથી સર્પનું વિષ ઉતરી જાય છે. યંત્ર લીલો તથા ધૂપ લોબાનનો કરવો જોઇએ.

કાવ્ય. ૮—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अरिहंताणं, [ૐ હ્રીં અર્હં] णमो पयाणुसारीणं।

મન્ત્ર—[ૐ] હ્રાં હ્રીં હ્રૂં હ્રઃ अप्रतिचक्रे फट् विचक्राय ह्रौं ह्रौं स्वाहा। વળી **ૐ હ્રીં लक्ष्मणरामचन्द्रदेव्यै नमः।**[1]

યન્ત્ર—આઠ પાંખડીઓવાળું કમલ કરીને, મધ્યમાં **ર્‍મ્લ્વ્યૂં** લખીને, આઠ પાંખડીઓમાં **ૐ હ્રીં શ્રીં सर्वसिद्धेभ्यो**[2] લખીને, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટીને, તેના ઉપર ૧૯ યંકાર લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૭

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્રને પાસે રાખવાથી વ્રણ (ઘા)ની પીડાનો નાશ થાય છે, વળી મીઠાંની કાંકરી ૭ વાર અથવા ૧૦૮ વાર મંત્રી પીડાતા અંગને ઝાડો દેવાથી પીડા મટી જાય છે.[3]

તંત્રઃ—શનીવારના દિવસે સાંજના બ્રહ્મદંડી નોતરીને, અક્ષત, સોપારી મુકવી તથા કંકુના છાંટા નાંખીને પછી રવિવારની સાંજના ધૂપ કરી વસ્ત્ર રહિત (નગ્ન) થઇ પંચાંગ બ્રહ્મદંડી લઈ, પછી વસ્ત્ર પહેરી લીલી હોવાથી ઘુંટી ઘા ઉપર અથવા વ્રણ ઉપર લેપ કરવાથી ગમે તેવા અસાધ્ય ઘા અથવા ગડગુંબડ હોય તો પણ આરામ થઇ જાય છે.

ઇતિ અષ્ટમ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત આઠમા યંત્રની વિધિઃ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્રપર રવિવારના દિવસે લખી પાંચ રંગના વસ્ત્રના સુતરથી વીંટીને રૂપાના માદળીઆમાં નાંખી ભુજાએ અગર ગળામાં બાંધવાથી વ્રણ પીડા દૂર થાય છે અઢારે જાતના વ્રણની પીડાની શાંતિ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૮

કાવ્ય ૯—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अरिहंताणं[4] संभिण्णसोआणं હ્રાં હ્રીં હ્રૂં ફટ્ સ્વાહા।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં ક્રૌં (ક્રૌં?) ક્લીં[5] રઃ રઃ રઃ હં હં નમઃ[6]।

---

૧ ઘ માં 'નમઃ સ્વાહા' પાઠ છે. ૨ ખ માં 'सर्वसिद्धाय' પાઠ છે; જ્યારે ગ તથા ઘ માં 'सर्व-सिद्धेभ्यः' પાઠ છે. ૩ ઘ માં વિધિ આ પ્રકારે છેઃ—"અરીઠાનાં બીજની માળાથી ૨૧ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ કરવાથી અને યંત્ર પાસે રાખવાથી સર્વ પ્રકારનાં અરીષ્ટ દૂર ટળે છે. આ વિધિમાં ધૂપ ગુગળનો કરવો અને તે લવણની કાંકરી હોમમાં નાખવી જોઇએ." ૪ ક, ખ, ગ તથા ઘમાં 'णमो संभिन्नसोदराणं' પાઠ છે. ૫ ગમાં 'ह्रीं' પાઠ છે. જ્યારે ઘમાં 'ह्रीं' પાઠ છે. ૬ ખમાં 'रः रः ह्रः ह्रः नमः' પાઠ છે, જ્યારે ગ અને ઘ માં 'रः रः हंहः नमः स्वाहा' પાઠ છે.

યન્ત્ર—પાંચ પાંખડીવાળું કમળ કરવું, મધ્યમાં **ગ્લ્વ્યૂં** લખીને, પાંચ પાંખડીઓમાં ૐ **ઋદ્ધાય નમઃ** લખીને, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટીને, તેના ઉપર પચીશ **નૌ**[1]કાર વીંટીને, તે ઉપર ૐ **નમો ભગવતે જયયક્ષાય હ્રીં હૂઁ નમઃ સ્વાહા** એ મંત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૮૯

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનો જાપ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી માર્ગે ચાલતાં ચોર અથવા ધાડનો ઉપદ્રવ ટલે, વળી ઘરમાં ચારખુણે ચાર કાંકરી ૧૦૮ વાર મંત્રી મૂકીએ તો ચોર પેસવા પામે નહિ. અને ચોર સ્થંભિત થઇ જાય છે.[2]

તંત્રઃ—પુષ્યાર્ક યોગે જે સ્ત્રીને પુત્ર જન્મ્યો હોય તે સ્ત્રીની આવલ (ઓર) લઈ એકાંતે સુકવી તે આવલને રૂની અંદર વીંટી દીવો કરવાથી ઘરમાં અનેક મનુષ્ય દેખાય અને ચોર ચોરી કરવા ઘરમાં પેસે નહિ.

ઇતિ નવમ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત નવમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી શુભદિવસે ભોજપત્ર પર લખીને પંચવર્ણી પટ સૂત્રથી વીંટીને લોઢાની ખીલી માદળીઆમાં નાખી, પંચામૃતથી પ્રક્ષાલન કરીને ભુજાએ ધારણ કરવાથી ચોરના ભયનો નાશ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૦

કાવ્ય ૧૦ –

ઋદ્ધિઃ—ૐ **હ્રીં અર્હં णमो पत्तेअबुद्धीणं**[3] ।

મન્ત્રઃ—ૐ **હ્રાઁ હ્રીં હ્રૌં હ્રઃ શ્રાઁ શ્રીં શ્રૂઁ શ્રઃ સિદ્ધિ બુદ્ધિ કૃતાર્થો ભવ[ભવ] વષટ્ સંપૂર્ણ સ્વાહા । જન્મસ્યાં ધ્યાનતો જપતો વા મનોત્કર્ષ ધૃત્વા વાદીનાર્યો નીક્ષન્તિ વા ભવેયુ પ્રશાંતા પ્રત્યેકાદિબુદ્ધિન્મનોસ્તાત્ ।**

યંત્રઃ—દશ પાંખડીનું કમલ કરીને, મધ્યમાં **ગ્લ્વ્યૂં** લખીને, તે ઉપર ૐ **હ્રીં વિક્રમાધિપતે નમઃ** લખીને, વલય દઈને ઋદ્ધિ મન્ત્ર વીંટીને, ફરી વલય દઈને સત્તાવીશ હ્રૌંકાર વીંટીને, તેના ઉપર ૐ **હ્રીં (અર્હં) णमो शत्रुविनाशनाय द्युते**[4] **पराजय उपसर्गहराय नमः** આ મંત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૧

---

૧ ક, ગ તથા ઘમાં 'નૌ'કાર પાઠ છે. ૨ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ચાર કાંકરી ૧૦૮ વાર મંત્રીને ચાર દિશાઓમાં ફેંકવાથી અને યંત્ર પાસે રાખવાથી રસ્તો કીલિત થઈ જાય છે અને ચોર ચોરી કરી શકતો નથી.

૩ ગ તથા ઘમાં 'सयंबुद्धीणं' પાઠ છે. ૪ ઘમાં 'द्युत'ના બદલે 'जय' એવો પાઠ છે.

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ અને મંત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખવાથી દ્યૂતમાં પરાજય ન થાય. વળી કલહરાટી કરીને રાજદરબારમાં જવાથી જય થાય છે. પોતાનું બોલ્યું વચન બધાં પ્રમાણ કરે, ક્રોધે ભરાએલો એવો સામેનો વાદી પ્રણામ કરે.

તંત્રઃ—પુષ્યાર્ક યોગે ઘુવડનાં હાડકાને પાણીમાં ઘસીને હાથે લેપ કરવાથી દ્યૂતમાં જરૂર જય થાય છે, રાજદરબાર પણ વશ થાય છે અને શત્રુનો પરાભવ થાય છે.

ઇતિ દશમ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી **હરિભદ્રસૂરિ** કૃત દશમા યંત્રની વિધિઃ—

આ યંત્ર ભોજપત્ર પર અષ્ટગંધથી પુષ્યાર્ક યોગે અથવા દીવાલીના દિવસે નાહી ધોઇને દીપ ધૂપ સહિત લખીને, વળી નૈવેદ્ય વગેરેથી પૂજન કરીને, પંચામૃતનો હોમ કરીને, ૨૨૦૦૦ બાવીશ હજાર મૂલ મંત્રનો જાપ કરી સેવંતી તથા જાઈના ફૂલથી સોનાના માદળીઆમાં નાખી, માથે રાખવાથી નિશ્ચયે કરીને દ્યૂતમાં જય થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૨

કાવ્ય ૧૧ –

ઋદ્ધિઃ—ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो आगासगामीणं[1] ।

મન્ત્રઃ—ॐ ह्रीं श्रीं क्लीं श्रां श्रीं श्रौं कुमतिनिवारण्यै[महा]मायायै नमः स्वाहा।

યન્ત્રઃ–બાર પાંખડીવાળું કમલ કરીને, મધ્યમાં **ङ्ल्व्र्यूं** સ્થાપીને પાંખડીઓમાં **ॐ ह्रीं सौं (क्लीं?) क्रौं (क्रौं?)श्रीभक्तिरूपाय नमः**[2] લખીને, વલય દઈને, ઋદ્ધિ મન્ત્રવડે વીંટીને, તે ઉપર વલય દઈ ને, **ॐ नमो भगवते प्रसिद्धरूपाय भक्तियुक्ताय सां सीं सौं (ह्रां) ह्रीं ह्रौं क्रौं (क्रौं?) ज्रौं नमः** આ મંત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૩

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્ર જપવાથી તથા યંત્ર પાસે રાખવાથી[3] ગઇ વસ્તુ પાછી મલે, ખોવાએલાં મનુષ્ય, દાસ, દાસી પણ પાછાં મલી આવે. ચારે દિશા તરફ ઊભા રહીને દરેકે દરેક દિશાએ ૧૦૮ જાપ કરવાથી ગએલી

---

૧ ખ, ગ અને ઘમાં 'पत्तेयबुद्धीणं' પાઠ છે.

૨ ખ તથા ગમાં 'ॐ ह्रीं सौं क्लीं श्रीं भक्तिरूपाय नमः' પાઠ છે, જ્યારે ઘમાં 'ॐ ह्रीं श्रीं क्लीं श्रां भक्तिस्वरूपाय नमः' પાઠ છે, પરંતુ તે બરાબર નથી, કારણ કે અક્ષરો તેર થઇ જાય છે જ્યારે પાંખડીઓ બાર જ છે.

૩ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ–"સ્નાન કરીને પવિત્ર વસ્ત્ર પહેરી, ધૂપ, દીપ, નૈવેદ્ય ફળ લઈ પ્રસન્ન ચિત્તથી ઊભા રહી સફેદ માળાથી ૧૦૮ વાર જાપ કરવાથી અને યંત્ર પાસે રાખવાથી

વસ્તુ તથા સગાં સ્નેહી, દાસ દાસી વગેરે તુરત જ પાછાં મલી આવે. ઇંદ્રધ્વજ શણગારી જલયાત્રા કરવી, વાજીંત્ર, ગીત, નૃત્ય તથા પંચામૃતની જલધારા દઈ, અમારી પડહો દેવડાવી, બલિ, બાકુલા ઉંચે ઉછાળી નગરના સર્વ દેવદેવીઓને નૈવેદ્ય તથા ફલથી પુજીને અષ્ટમભક્ત કરી, દીપ, ધૂપ નૈવેદ્ય કરી સફેદ નવકારવાલીથી ઊભા ઊભા ચારે દિશાએ એકેક નવકારવાલી ગણી, સફેદ સરસવના ૧૨૦૦૦ બાર હજાર દાણા પર ૧૨૦૦૦ મંત્ર ગણીને તે મંત્રેલા સરસવ ઉછાળવાથી જલની વૃષ્ટિ નિશ્ચયે કરીને થાય છે.

તંત્રઃ–પુષ્યાર્ક યોગે લજ્જાલુનાં પંચાંગ ગ્રહણ કરીને, છાયાએ સુકવીને ખોવાએલા મનુષ્યના વસ્ત્રે જડી બાંધી ત્રિકાલ ચાબખો મારીએ તો ખોવાએલો મનુષ્ય જલદી પાછો આવે.

ઇતિ એકાદશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ૧૧ મા યંત્રનો વિધિઃ—

આ યંત્ર પાસે રાખવાથી પિશાચ લાગતો નથી, તૃષા લાગી હોય તો જલ તરત મલી આવે છે, ખોવાએલા મનુષ્યના વસ્ત્ર ઉપર અલતો, હરતાલ, કંકુથી આ યંત્ર લખી, સાવરણીએ બાંધી, ત્રિકાલ કોરડા મારવાથી ખોવાએલો માણસ તુરત મલી આવે છે. વળી હરતાલ [તથા અલસીના તેલ]થી તાંબાના પતરા ઉપર લખી પતરાંને તપાવવાથી ખોવાએલો માણસ તુરત મલી આવે છે. તેમાં સંદેહ ન જાણવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૪

કાવ્ય ૧૨–

ઋદ્ધિઃ—ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं णमो बुद्धबोधीणं[1]।

મન્ત્રઃ–ॐ(ॐ) अँ अँ अँ अः[2] **सर्वराजाप्रजामोहिनी सर्वजनवश्यं कुरु कुरु स्वाहा।**

યંત્રઃ—સોલ પાંખડીનું કમલ કરીને, મધ્યમાં **चम्ल्व्र्यूं** લખીને, પાંખડીઓમાં **ॐ ह्रीं श्रीं क्लीं निजधर्मचिंताय ज्रौं क्रौं रं ह्रौं नमः** લખીને, તેના ઉપર **ॐ नमो अनुदिन मनुज स्वायात्र सुभिक्षाय जामि श्रुतजलातिरथै परै प्रसिद्धि कैश्चित् देवा**

જોને બોલાવવાની ઇચ્છા હોય તે આવી શકે છે. લાલ માળાથી ૨૧ દિવસ સુધી રોજ ૧૦૮ વાર જપવાથી પણ એ પ્રમાણે જ મળે છે. વિધિમાં ધૂપ કંદરનો કરવો."

૧ ગમાં 'ॐ ह्रीं अर्हं णमो बोहिय बुद्धिणं स्वाहा' પાઠ છે, જ્યારે ઘમાં 'ॐ ह्रीं अर्हं णमो बोही बुद्धीणं' પાઠ છે.

૨ ખમાં 'ॐ अँ अँ अँ अँ' પાઠ છે, જ્યારે ગ અને ઘમાં 'ॐ आं आं अं अः' પાઠ છે.

परगटितानि नादकरणतां देवकैश्चित् जवालयु सुखैस्तान् बोधितादान बुद्धौ दान। આ પ્રમાણે લખીને, વલય દઈને, ઋદ્ધિ મન્ત્ર વીંટીને તેના ઉપર **ૐ नमो भगवते अतुलबलपराक्रमाय आदीश्वरयक्षाधिष्ठाय ह्रौं ह्रौं ह्रीं[1] नमः** આ મંત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૫

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્રને પાસે રાખવાથી જે કન્યા પોતાને ઇષ્ટ હોય તેની સાથે પાણિગ્રહણ થાય, વળી સ્ત્રી રીસાઇને ચાલી ગઇ હોય તો પાછી આવી મલે.[2]

તન્ત્ર—પુષ્યાર્ક યોગે શંખાવલી પંચાંગ તથા ઉંધાહુલી પંચાંગ શનિવારની સાંજના નોતરી, કંકુ, ચોખા તથા સોપારી ધરીને તે બંને જડીનાં પંચાંગ લાવી વાટી કસ્તુરી, ગોરૂચંદન, કેસર, સફેદો વગેરે ભેગાં કરી પોતાનાં વીર્યથી ગોળીવાળી જે સ્ત્રીને ખાવા પીવામાં ગુટિકા રવિવારના રોજ આપીએ તે વશ થાય.

ઇતિ દ્વાદશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત બારમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી શુભયોગે ભોજપત્ર પર લખી, સોનાના માદળીઆમાં નાંખીને, દૂધ, દહીં તથા ઘીમાં જુદા જુદા ત્રણ દિવસ સુધી રાખી પંચામૃતથી પખાલી જમણા હાથે બાંધવાથી [ઇચ્છિત] કન્યાની પ્રાપ્તિ થાય, નિશ્ચયે કરીને વિવાહ થાય. વળી તાંબાનાં પતરાં ઉપર લખીને તપાવવાથી જે સ્ત્રીનું ચિંતવન કરે તેની સાથે પાણિ ગ્રહણ થાય. શ્રી **હરિભદ્રસરિ કૃતામ્નાય સત્યં.** આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૬

કાવ્ય ૧૩—

ઋદ્ધિ—ૐ ह्रीं अर्हं णमो उज्जुमईणं[3]।

મન્ત્ર—ૐ ह्रीं श्रीं हंसः ह्रौं[4] ऐं ह्रां ह्रीं द्रां द्रीं द्रौं द्रः मोहिनी सर्व [जन] वश्यं कुरू कुरू स्वाहा।

---

૧ ઘમાં हाँ ह्रीं नमः' પાઠ છે.

૨ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ-"યંત્ર પાસે રાખવો અને ૧૦૮વાર ઉક્ત મંત્ર વડે તેલ મંત્રીને હાથીને પાવાથી તેનો મદ ઉતરી જાય છે. ૪૨ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ લાલ માળાથી જપવા જોઇએ, અને ધૂપ દશાંગ વાપરવો જોઇએ."

૩ ક, ખ અને ગમાં 'ૐ ह्रीं अर्हं णमो उज्जुमदीणं' પાઠ છે, જ્યારે ઘમાં 'ऋजुमदीणं' પાઠ છે.

૪ ક તથા ખ માં 'हूसौं' પાઠ છે, જ્યારે ઘમાં 'ऐं' પાઠ નથી.

યન્ત્ર—સોલ પાંખડીવાળું કમલ કરીને, તેની મધ્યમાં **છમ્વ્યૂં** લખીને, સોળ પાંખડીમાં **ૐ નમો ભગવતે સૌભાગ્યરૂપાય હ્રીં**[1] **નમઃ** લખીને, તે ઉપર વલય દઈને, ઋદ્ધિ મન્ત્ર વીંટીને, ફરી વલય દઈને, **ૐ માઁ મીં**[2] **અષ્ટસિદ્ધિ ક્રૌં (ક્રૌં?) હ્રીં હ્રમ્વ્યૂં યુક્તાય નમઃ** એવો મન્ત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૭

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી ચોરનો ભય ઉપસ્થિત થતો નથી, રસ્તે ચાલતાં કાંકરી ૭ અથવા માટીના કકડા ૭ લઈ ૧૦૮ વાર મન્ત્રી ચારે દિશામાં નાખવાથી ચોરનો ભય ઉપસ્થિત થતો નથી. ઘરના ચાર ખુણામાં ૪ કાંકરી મંત્રીને નાંખીએ તો ચોર ચોરી કરવા પેસે નહિ.[3]

તન્ત્ર—પુષ્યાર્ક યોગે કુંવારી કન્યાએ કાંતેલા સુતરને જલભાંગરાના રસમાં ભીંજાવી સુકવી, જલમાંથી જલોક લાવી તે સુતરથી બેવડી કરી જલોક વીંટી દીવેટ કરી, કોડીઆમાં દીવેટ મૂકી, હનુમાનની મૂરતિના માથે સવા પાશેર તેલ ચડાવી, તેલ કોડીઆમાં લઈ, જમીન સિંદૂરથી પૂજી, કોડીયું તેના ઉપર મૂકવું, કોડીયું પણ સિંદૂરથી પૂજી, ખુલ્લી જગ્યામાં દીવો કરી ઉપર લોઢાનું વાસણ રાખી, લોઢાના વાસણમાં કાજલ પાડવું, જ્યાંસુધી કાજલ પડે ત્યાંસુધી ગુગલનો ધૂપ ચાલુ રાખવો. કાજલ પોતાની આંખમાં આંજવાથી અને ચોર અગર દુષ્ટના સામું જોવાથી તે વશીભૂત થાય છે.

ઇતિ તેરમા કાવ્યની પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત તેરમા યંત્રની વિધિ—

આ યંત્ર શુભયોગે શુભદ્રવ્યે ભોજપત્ર પર લખી ભુજાએ ધારણ કરવાથી માર્ગમાં તસ્કર વગેરેનો ભય ઉપજતો નથી. અને દેખવા માત્રથી વશીભૂત થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૮

---

૧ કમાં 'શ્રીં' પાઠ છે, જ્યારે ખમાં 'શ્રી' છે.

૨ ખમાં 'નમો' પાઠ છે, જ્યારે ગમાં તથા ઘમાં 'માઁ મીં'ના બદલે 'મા ના' પાઠ છે.

૩ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—'પીળી માળા વડે ૭ દિન સુધી રોજ ૧૦૦૦ જાપ કરવા જોઇએ. ધૂપ કંદરૂપનો કરવો, ભોંયે સૂવું અને એક વખત જમવું.

કાવ્ય. ૧૪—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં ણમો બીયબુદ્ધીણં[1] ।

યન્ત્ર—ૐ હ્રીં[2] નમો ભગવતી ગુણવતી મહામાનસી સ્વાહા ।

યન્ત્ર—પાંચ પાંખડીનું કમલ કરીને, મધ્યમાં ज्ल्व्यूं લખીને, પ્રથમ દલે, પૂર્વ દિશાએ આઠ રંકાર લખીને, દક્ષિણે પાંચ શ્રીંકાર, ત્રીજામાં પાંચ ક્રૌંકાર, ચોથામાં પાંચ ૐકાર તથા પાંચમા દલમાં પાંચ હ્રીંકાર લખીને, તેના ઉપર વલય દઈને ઋદ્ધિ મન્ત્ર લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૧૯૯

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી અને યંત્રને મસ્તકે, ભુજાએ અથવા હૃદય પર ધારણ કરવાથી સરસ્વતી પ્રસન્ન થાય છે, વળી મહા-મૂર્ખ હોય તો પણ ચારે પ્રકારે બુદ્ધિમાન થાય છે. વળી પવિત્ર થઈને સફેદ વસ્ત્ર પહેરી, સફેદ જપમાલાથી ત્રણે કાળ ૧૦૮ વાર જાપ કરી, દીપ, ધૂપ, ઘી, ગુગલ, કસ્તૂરી, કેશર, કપૂર, સુખડ, રતાંજળી, અગર, શિલારસ વગેરેની ઘી મિશ્રિત ગુટીકા ૧૦૮ કરી હમેશાં હોમ કરવાથી અને ત્રણે કાળ **સરસ્વતી** દેવીની મૂર્તિની સુગંધી દ્રવ્યોથી પૂજા કરવાથી મહામૂર્ખ પણ વિદ્વાન થાય છે, સંપૂર્ણ વિદ્યા, ગુણ તથા લક્ષ્મીની વૃદ્ધિ પ્રાપ્ત કરે છે.[3]

તન્ત્ર—પુષ્યાર્કે વિદ્યાબ્રાહ્મી, શતાવરી, શંખાવલી, અઘાડો, જાવંત્રી, કેસર, માલકાંકણી, ચિત્રક, અકલગરો અને સાકરનું ચૂર્ણ કરી, સર્વ સમભાગે લઈ સવા-રમાં ૧૪ વાલ આદુના રસની સાથે ૨૧ દિવસ ખાવાથી બુદ્ધિની વૃદ્ધિ થાય છે.

ઇતિ ચતુર્દશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ

શ્રી **હરિભદ્ર**સૂરિકૃત ચઉદમા કાવ્યની વિધિ—

આ યંત્ર શુભદ્રવ્યથી શુભયોગે ભોજપત્ર પર લખી, રૂપાના માદળીઆમાં નાખીને, પંચામૃતે પખાલી ગળાના વિષે ધારણ કરવાથી બુદ્ધિની વૃદ્ધિ થાય છે. વળી આ યંત્રને રૂપાનાં પતરાં પર અષ્ટગંધથી નિરંતર લખી, દીપ, ધૂપ, નૈવેદ્ય તથા ફલથી પૂજી, સફેદ ચંબેલીના ફૂલ હમેશાં ચઢાવવાથી નિશ્ચયે કરીને મહા બુદ્ધિમાન થવાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૦

---

૧ ખમાં 'उल्लमदीणं' પાઠ છે, જ્યારે ઘમાં 'विपुलमदीणं' પાઠ છે.

૨ ख, ग તથા घમાં 'ह्रीं' પાઠ નથી.

૩ ઘમાં વિધિ આ પ્રમાણે છે:—"યંત્ર પાસે રાખી ૭ કાંકરી લઈ દરેકને ૨૧ વાર મંત્રી ચારે બાજુ ફેંકવાથી વ્યાધિ, શત્રુ વગેરેનો ભય નષ્ટ થાય છે. લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે અને વાત-રોગ નષ્ટ થાય છે."

કાવ્ય. ૧૫—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो दसपूव्वीणं ।

મન્ત્ર—ૐ नमो भगवती गुणवती सुसीमा पृथ्वी वज्रशृङ्खला मानसी महामानसी स्वाहा ।

યન્ત્રઃ—દશ પાંખડીનું કમલ કરીને, તેની મધ્યમાં झल्व्यूं લખીને, દશ પાંખડીઓમાં ૐ अप्रतिचक्राय ह्रीं नमः લખીને, વલય દઈને ઋદ્ધિ, મન્ત્ર લખી, વલી વલય દઈને, ૐ नमो अचिंत्यबलपराक्रमाय सर्वार्थकामरूपाय ह्रां ह्रीं क्रौं (क्रौं ?) श्रीं नमः એવા મન્ત્રથી વીંટીને, વલય દેવું. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૧

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી અને યંત્ર કમ્મરે બાંધવાથી રાત્રે સ્ત્રી સાથે ભોગ કરતી વખતે પોતાના વીર્યનું સ્ખલન થતું નથી. વળી દિવસે સૂઈ ગયા હોઈએ, તે વખતે નિદ્રામાં ખરાબ સ્વપ્ન [કામક્રીડા સંબંધીનું] જોવામાં આવે તો પણ વીર્યનું સ્ખલન થતું નથી. વળી કદાચિત્ પૂજા, વિધિ દીપ, ધૂપ, નૈવેદ્ય, ફલ, પુષ્પ શ્રીફલાદિ સામગ્રી કરતી વખતે, દેવતા, દેવાંગના જેવું સુંદર સ્વરૂપ દીવસે દેખાડે તો પણ રાત્રિના વિષે પોતાના શીયલના પ્રભાવથી પર સ્ત્રી ગમન સ્વપ્નમાં ન દેખાય અને શીયલની શુદ્ધિ પળાય.[1]

તંત્ર—પુષ્યાર્ક યોગે કાળા ધંતૂરાનું અથવા સફેદ ધંતૂરાનું મૂલ શનિવારે નોતરી, રવિવારે સંધ્યાકાળે નગ્ન થઈને ગ્રહણ કરીને, કુમારિકાએ કાંતેલા સુતરથી વીંટી ધૂપ દઈને પોતાની કમ્મરે વીંટવાથી સ્વપ્નમાં વીર્યનું સ્ખલન થતું નથી.

ઇતિ પંચદશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિકૃત પંદરમા કાવ્યની વિધિઃ—

આ યંત્ર શુભયોગે અષ્ટગંધથી ભોજપત્ર પર લખી, રૂપાના માદળીઆમાં નાખી કમ્મરે બાંધવો. વળી કુંવારીએ કાંતેલા સુતરથી યંત્ર વીંટીને પંચામૃતથી પખાલી કમ્મરે પંચવર્ણી સૂત્રનો દોરો કરીને બાંધવો, વળી સુઈ રહેતી વખતે નિરંતર ધૂપ દેવાથી વીર્યનું સ્થંભન થાય છે. અને સ્વપ્નમાં વીર્યનું સ્ખલન થતું નથી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૨

૧—ઘ માં આ પ્રમાણે વિધિ છેઃ—"યંત્ર પાસે રાખીને ૨૧ વાર તેલ મંત્રીને મ્હોંપર લગાડવાથી રાજદરબારમાં સન્માન થાય, સૌભાગ્ય વધે, લક્ષ્મીની પ્રાપ્તિ થાય. ૧૪ દિવસ સુધી રોજ લાલ માળાવડે ૧૦૦૦ જાપ કરવા, દશાંગ ધૂપ કરવો અને એકવાર જમવું."

કાવ્ય. ૧૬—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो चउदसपूव्वीणं ।

મન્ત્ર—ૐ नमो सुमंगला सुसीमा नामा देवी समीहितार्थं वज्रशृङ्खला कुरू कुरू स्वाहा ।

યન્ત્ર—મધ્યમાં ઝ્વ્ર્યૂં લખીને, તેના ઉપર ચતુષ્કોણ કરીને, પૂર્વ દિશાએ ૐ હ્રીં जयाय(યૈ ?) नमः, દક્ષિણે ૐ શ્રીં विजयाय(યૈ ?) नमः, પશ્ચિમે ૐ ક્લીં अपराजिताय (યૈ ?) नमः અને ઉત્તરે ૐ ગ્લૌં माणिभद्राय नमः લખી, ઉપર ચારે બાજુ ફરતાં ઋદ્ધિ મન્ત્ર વીંટવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૩

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને, યન્ત્ર પાસે રાખવાથી અગ્નિનો ભય ઉપસ્થિત થતો નથી, રસ્તામાં જતાં વનમધ્યે દાવાનલ જાગ્યો હોય તો શુદ્ધ જલને એકવીશ વાર મંત્રી, ચારે દિશાએ સર્વત્ર તે પાણી છાંટવાથી દાવાનલનો અગ્નિ શાંત થઇ જાય છે અને જંગલમાં રહેતાં ઘણા જીવો પર ઉપગાર થાય છે. વળી ગામમાં; કિલ્લામાં, નગરમાં, શહેરમાં જ્યાં જ્યાં અગ્નિ લાગી હોય, ત્યાં ત્યાં ઉતાવળે જઇને, પાણી તથા ધૂળને મંત્રીને નાંખવાથી અગ્નિ શાંત થાય છે. વળી પોતાના ઘેર આ યંત્રને તામ્રપત્ર પર કોતરાવી નિરંતર પૂજવાથી અગ્નિનો ઉપદ્રવ થતો નથી. વળી શત્રુએ આગીઓ વીર મૂકયો હોય તો તે પણ ચાલી શકતો નથી.[1]

તન્ત્ર—પુષ્યાર્કે અથવા હસ્તાર્કે રૂદ્રવંતી તથા મરહટીના પંચાંગ લાવી, પાણીથી ગુટિકા કરીને કાર્ય પડે શરીરે મર્દન કરવાથી અગ્નિની ઝાળ શરીરે ન લાગતાં અગ્નિ ઠંડી લાગે છે.

ઇતિ ષોડશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત સોળમા યંત્રની વિધિ—

આ યંત્રને અષ્ટગંધથી ભોજપત્ર પર શુભદિને લખી, ભુજાએ ધારણ કરવાથી શરીરે અગ્નિ ભય લાગતો નથી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૪

---

૧. ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"યંત્ર પાસે રાખીને ૧૦૮ વાર મન્ત્ર જપી રાજદરબારમાં જવાથી પ્રતિપક્ષીની હાર થાય છે તથા શત્રુનો ભય રહેતો નથી. ૯ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ લીલા રંગની માળાવડે કરવો. ધૂપ કંદરનો કરવો.

કાવ્ય. ૧૭—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अट्ठंग महानिमित्त कुसलाणं ।

યન્ત્ર—ૐ नमो नमिऊण अट्टे मट्टे क्षुद्रविघट्टे क्षुद्रपीडा जठरपीडा भंजय भंजय सर्वपीडा भंजय भंजय सर्वरोगनिवारणं कुरु कुरु स्वाहा

યંત્ર:–ચારે બાજુથી સરખા ચોખંડા સોલ કોઠા કરવા તેમાં **ૐ नमो अजित-शत्रु पराजयं कुरू कुरू स्वाहा** લખી, તેના ઉપર ચારે દિશાઓમાં ફરતાં ઋદ્ધિ મન્ત્ર લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૫

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી અને યંત્ર પાસે રાખવાથી પેટમાં પીડા થતી નથી. વળી જે પુરુષ સવારમાં શુદ્ધ થઈને શુદ્ધ વસ્ત્ર પહેરીને પીળી જપમાલાથી ઉત્તરદિશા તરફ મોં રાખીને ઘીનો દીવો કરીને, પાણી ભરીને ઘડાની સ્થાપના કરે અને તે [સ્થાપેલા] ઘડા ઉપર શ્રીફલ મૂકીને આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનો જાપ કરે તથા ઋદ્ધિ, મન્ત્રથી ગુગલ ગોળી મંત્રીને, ધૂપમાં હોમ ૧૦૮ વાર મંત્રેલી ગોળીનો નિરંતર કરે તથા મીઠાના કકડા ૭ સાત ઘડામાં નાખે તો તે પુરુષના જઠર રોગ, જલોદર, કઠોદર, ગુલ્મપાહિની, શૂળ તથા જઠરના સર્વ રોગનો નાશ થાય છે.[1]

તંત્ર:—મૂલાર્કે સરપંખો પંચાંગ, વીસ અપરો પંચાંગ, ઇંદ્રવારૂણી પંચાંગ, ઇશ્વરલિંગી પંચાંગ સર્વ ભેગાં કરીને જઠર પર લેપ કરવાથી ઉદરનો રોગ તુરત જ શાંત થઇ જાય છે.

ઇતિ સપ્તદશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિ કૃત સત્તરમા યંત્રની વિધિ:—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર શુભયોગે લખીને, રૂપાના માદળીઆમાં ઘાલી પંચામૃતે પખાલી ગળે બાંધવાથી જઠરની સર્વ જાતની પીડાની શાંતિ થાય છે. વળી આ યંત્ર રૂપાનાં પતરાં પર સુગંધી દ્રવ્યે લખીને પંચામૃતથી પખાલી મહારોગીને હમેશાં પીવડાવવાથી સર્વ જાતનાં ઉદરનાં રોગ જાય. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૬

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છે:–"યંત્ર પાસે રાખીને ચોખું પાણી ૨૧ વાર મંત્રી પીવડાવવાથી પેટની અસાધ્ય પીડા, વાયુ શૂલ તથા ગોળો વગેરે સર્વ રોગની શાંતિ થાય છે. ૭ દિવસ સુધી દરરોજ ૧૦૦૦ જાપ સફેદ માળાવડે કરવા અને ધૂપ ચંદનનો કરવો."

કાવ્ય ૧૮—

ઋદ્ધિ:—ॐ ह्रीं अर्हं णमो विउव्वणइड्ढिपत्ताणं[1]।

મન્ત્ર—ॐ नमो भगवते जये विजये[2] **मोहय मोहय स्तंभय स्तंभय स्वाहा।**

યંત્ર:—કુંભાકારે યંત્ર કરીને, મધ્યમાં ષટકોણ આલેખીને તથા છ દલમાં **ॐ ह्रीं परमार्द्धे नमः** લખીને, વળી ષટકોણપર વલય દઈને, તેના ઉપર ઋદ્ધિ મન્ત્ર વીંટીને ફરી વલય દઈને **ॐ नमो शास्त्रज्ञान**[3] **बोधनाय परमऋद्धि प्राप्त जयं कराय ह्रां ह्रीं ह्रौं**[4] **श्रीं नमः ॐ नमो भगवते शत्रुसैन्यं निवारणाय यं यं यं रक्ष रक्ष विघ्वंसनाय क्लीं ह्रीं नमः**। આ પ્રમાણે મન્ત્ર લખીને યંત્ર પૂરો કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૭

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખવાથી બુદ્ધિનો વિભ્રમ ન થાય, જે પુરુષ વિધિ પૂર્વક પવિત્ર થઈને નિરંતર એકાગ્ર ચિત્તથી સ્મરણ કરે, તેના મનમાં સંકલ્પ, વિકલ્પ તથા વિચારોની પરંપરા કદાપિ ઉપજે જ નહિ; મનમાં ચિંતા, શોક અથવા દુર્ધ્યાન થાય જ નહિ. મોહ, મિથ્યાત્વનો નાશ થાય. ધર્મમાં મતિ સ્થિર થાય, વળી ઘરમાં માંગલિક હર્ષોત્સવ થાય, વળી માર્ગમાં આંધી, દુષ્ટ વાયુ તથા ઘોર અંધકારનો ભય ન થાય.[5]

તન્ત્ર—પુષ્યાર્ક યોગે બરાબર પાકેલું લિંબુ લઈને, શનિવારે વૃશ્ચિકકંટક તથા પારો લાવી, રાત્રે નગ્ન [ઊભા રહીને] આકાશનું તારા ગણુ જોવું, જ્યારે તારો ખરતો દેખાય ત્યારે બંને વસ્તુઓ લિંબુની મધ્યમાં નાંખવી અને તે લિંબુને સૂર્યના તડકામાં કાંસાના વાસણમાં મૂકવાથી લિંબુ કુદે છે.

ઇતિ અષ્ટાદશ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ

શ્રી હરિભદ્રસૂરિકૃત ૧૮મા યંત્રની વિધિ—

આ યંત્ર ભોજપત્ર પર અષ્ટગંધથી લખી, પુષ્યાર્ક યોગે અથવા શુભદિને રૂપાના માદળીઆમાં નાખીને પંચામૃતથી પખાલી, ધૂપ દઈને કંઠે ધારણ કરવાથી મનોવિભ્રમ થતો નથી, ધર્મમાં મતિ સ્થિર થાય છે; મિથ્યાત્વ, મોહ, ઉદાસીનતા તથા ચિંતાનો નાશ થાય છે. વળી આ યંત્ર રૂપાના પતરાં પર અષ્ટગંધથી લખી, ઘેર નિરંતર દીપ, ધૂપ, નૈવેદ્ય તથા સુગંધી પુષ્પથી પૂજન કરે તો ઘેર હર્ષ મહોત્સવ નિરંતર થયાં કરે. માર્ગમાં ઘોર અંધકાર તથા દુષ્ટ વાયુનો ભય ન ઉપજે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૮

---

૧ કમાં 'विऊपणईटिपत्ताणं' પાઠ છે. ख માં 'विउणयतिपत्ताणं' પાઠ છે, ग માં 'विउव्वणइड्ढिपत्ताणं' પાઠ છે, જ્યારે घમાં 'विउयणयड्ढिपत्ताणं' પાઠ છે. ૨ ख, ग तथा घમાં 'जयविजय' પાઠ છે. ૩ કમાં 'शत्रज्ञानं' પાઠ છે. ૪ घ માં 'क्रौं' પાઠ છે. ૫ घમાં આ પ્રમાણે વિધિ છે:—"યંત્ર પાસે રાખી અને ૧૦૮ વાર મન્ત્ર જપવાથી શત્રુ અથવા શત્રુની સેનાનું સ્તંભન થાય છે. ૭ દિન સુધી દરરોજ ૧૦૦૦ જપ લાલ માળાવડે કરવા, ધૂપ દશાંગનો કરવો અને એકવાર ભોજન કરવું."

કાવ્ય ૧૯—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो विज्जाहराणं।

મન્ત્ર—ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રઃયક્ષઃ હ્રીં વષટ્ ફટ્[1] સ્વાહા।

યંત્રઃ—ધનુષાકારે યંત્ર કરીને, મધ્યમાં પાંચ હ્રીંકાર લખીને, પૂર્વમાં ૐકાર આઠ લખીને, દક્ષિણે રંકાર આઠ લખવા, પશ્ચિમે આઠ યં કાર લખીને, ઉત્તરે આઠ ક્ષંકાર લખવા, આ પ્રકારે ધનુષના વિષે મન્ત્રાક્ષરની સ્થાપના કરીને, વળી ચક્રાકારે વલય દઇને, તેના ઉપર ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૦૯

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરી, યંત્ર પાસે રાખવાથી પરવિદ્યા આપણા શરીરને વિષે ઉચ્ચાટન કરી શકતી નથી. વળી વિધિપૂર્વક પવિત્ર થઇને રોજ સવારમાં આ કાવ્ય તથા ઋદ્ધિ, મન્ત્રનો જાપ કરે તેના શરીરે મંત્ર, તંત્ર, યંત્ર, કામણ, ઠુમણ, કાર્મણ, મુઠ પોતાની સ્ત્રીએ કરેલ હોય અથવા બીજા કોઇ પુરુષે કરેલ હોય તે કોઇ પણ દોષ લાગતો નથી. વળી આ કાવ્ય મન્ત્રનું સ્મરણ કરવાના પ્રભાવથી જ્યાં જ્યાં જઇએ ત્યાં ત્યાં આજીવિકા સુખપૂર્વક મલી શકે અને ભૂખે ન મરાય. વળી ભાગ્યહીન પુરુષ પણ જો આ યંત્રરાજની પૂજા કરે તો પ્રાણના આધાર સમાન અન્નપાન સુખેથી મેળવી શકે.[2]

તંત્ર—પુષ્યાર્ક યોગે લજ્જાલુ પંચાંગ, શંખપુષ્પી પંચાંગ, રામપંચાંગ, લક્ષ્મણ પંચાંગ, શ્વેતગુંજા પંચાંગ, બધાંને ગ્રહણ કરીને ગોળી કરી, કાર્ય વેળાએ પોતાના થુંકથી ઘસીને તિલક કરવાથી પરવિદ્યા નિષ્ફલ થાય છે અને આજીવિકા મલે છે.

ઇતિ એકોનવિંશતિ કાવ્ય પંચાંગ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ઓગણીશમા કાવ્યની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્ક યોગે અથવા દીવાળીના દિવસની રાત્રિએ લખીને, ધૂપ, દીપ, નૈવેદ્ય, પુષ્પ, પંચામૃતનો હોમ મધુઘૃતથી કરીને, ત્રિધાતુના માદળીઆમાં નાખી, વળી પંચામૃતથી પ્રક્ષાલન કરી, મસ્તકે ધારણ કરવાથી પરવિદ્યા, શત્રુકૃત કોઈ પણ જાતનો ઉચ્ચાટનનો પ્રયોગ પોતાના શરીરે લાગતો નથી. વળી સૂર્ય, ચંદ્રના ગ્રહણ વખતે જમીનમાં ગોપવીને વળી પંચામૃતે પખાલી માથે રાખવાથી પરવિદ્યાનો ઉચ્છેદ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર.૨૧૦

---

૧ ઘમાં 'ફટ્'ના સ્થાને 'નમઃ' પાઠ છે. ૨ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"યંત્ર પાસે રાખવાથી અને મન્ત્રનો ૧૦૮ વાર જાપ કરવાથી પોતાના ઉપર બીજાએ કરેલા પ્રયોગો જેવા કે મંત્ર, વિદ્યા, મૂઠ, જાદુ વગેરેની અસર થતી નથી. ઉચ્ચાટનનો ભય રહેતો નથી."

કાવ્ય ૨૦—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो चारणसमणभावणाणं।

મન્ત્ર—ૐ ઋાં ઋીં ઋૂં ઋઃ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા[1]।

યંત્ર—અર્ધચંદ્રાકૃતિએ યંત્ર કરીને, મધ્યમાં ૐકાર ૧, ઋીંકાર ૧, એ પ્રમાણે પાંચ ૐકાર અને પાંચ ઋીંકાર ચંદ્રની મધ્યમાં આલેખવા, તેના ઉપર ચંદ્ર મધ્યે ૐ **नमो भगवते पुत्राय अर्थ सौख्यं कुरू कुरू स्वाहा ह्रीं नमः**। આ પ્રમાણે લખીને, વળી ચંદ્રની બહારની બાજુની પૂર્વ દિશામાં ચોવીશ યંકાર લખીને, વળી ચંદ્રના ઉપર વૃત્તાકારે વલય દઈને, ઋદ્ધિ મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દેવાથી યંત્ર પૂરો થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૧

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મંત્રના જાપથી, તથા સ્ત્રીના કંઠે યંત્ર બાંધવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે. વળી વિધિપૂર્વક પવિત્ર થઇને રૂપાના પતરાં પર આ યંત્ર અષ્ટગંધથી લખીને, યંત્રની સ્થાપના કરીને, તેની સન્મુખ પૂર્વ દિશાએ મૂખ રાખીને રૂપાની નવકારવાલીથી નિરંતર ૧૦૮ વાર જાપ કરવાથી તથા નિરંતર સુગંધીવાળા ૧૦૮ ફૂલોનો હાર બનાવીને યંત્રની પૂજા કરી, વળી જપીને પંચામૃતથી પ્રક્ષાલન કરી, તેનું ન્હવણ રૂપાની વાડકોમાં ગ્રહણ કરી સ્નાનાંતરે સ્ત્રીને પીવડાવવું, આ પ્રકારે ત્રણઋતુ પીવડાવવાથી અવશ્ય પુત્ર પ્રાપ્તિ થાય છે.[2]

તંત્ર—પુષ્યાર્કે શિવલિંગી પંચાંગ મૃત મંમોલીક કપિલા (ભુરી) ગાયના દુધ સાથે પીવડાવવાથી નિશ્ચયે કરીને પુત્રની પ્રાપ્તિ થાય છે, તેમાં સંદેહ ન રાખવો, ત્રણ ઋતુ દુધ આ પ્રમાણે પીવડાવવું.

ઇતિ વિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત વીશમા યંત્રની વિધિ—

આ યંત્ર ભોજપત્ર પર દીવાલિના દિવસે અષ્ટગંધથી લખી સ્ત્રીના કંઠે ધારણ કરાવવાથી પુત્રની પ્રાપ્તિ થાય છે. વળી આ યંત્ર રૂપાના પતરાં પર સુગંધી દ્રવ્યોથી લખીને, દીપ, ધૂપ સહિત જાઇનાં પુષ્પથી પૂજીને સ્ત્રીને ઋતુ સ્નાનાંતરે પંચામૃતથી પખાલી પાવાથી, આ પ્રમાણે ત્રણ ઋતુ કરવાથી વંધ્યા સ્ત્રીપણ પુત્રવાળી થાય છે. રૂપાના માદળીઆમાં નાંખીને ગળામાં ધારણ કરવાથી સૌભાગ્યવતીને પુત્ર થાય તેમાં સંદેહ ન રાખવો. આ વાત નિશ્ચયથી જાણવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૨

---

૧ ગ તથા ઘમાં 'ૐ ઋાઁ ઋીં ઋૂઁ ઋઃ શત્રુભયનિવારણાય ઠઃ ઠઃ નમઃ સ્વાહા' પાઠ છે.

૨ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"યંત્ર પાસે રાખી અને મન્ત્રને ૧૦૮વાર જપવાથી સંતાન પ્રાપ્તિ થાય છેઃ લક્ષ્મી મળે છે, સૌભાગ્ય વધે છે, વિજયલાભ થાય છે અને બુદ્ધિ વધે છે."

કાવ્ય ૨૧—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં નમો પણ્ણસમણાણં ।

મંત્ર—ૐ નમો ભગવતે શત્રુભયનિવારણાય નમઃ ૐ નમઃ(નમો?) શ્રીમાણિભદ્ર જય વિજય અપરાજિતે સર્વસૌભાગ્યં સર્વસૌખ્યં કુરુ કુરુ સ્વાહા ।

યંત્રઃ—ચતુષ્કોણ સોળ ખાના કરવાં તેમાં પ્રથમ મન્ત્ર લખીને, તેના ઉપર વલય દઈને, ઋદ્ધિ તથા બીજો મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઈને, પચીસ ક્ષંકાર લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૩

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્રને પાસે રાખવાથી સર્વ જન વશ થાય છે. વળી સવારમાં પવિત્ર થઈને, ઘીનો દીવો કરી, દશાંગ ધૂપ, પુષ્પાદિ સામગ્રી તૈયાર રાખી ઉત્તરાભિમુખે પંચામૃતથી ભરેલો કલશ, સિંહાસન ઉપર કેસર વગેરેથી સ્વસ્તિક કરીને, વળી પુષ્યાર્ક યોગે આંબાના લાકડાની પાટી ઘડાવી, તેના ઉપર ચંબેલીની કલમથી અષ્ટગંધ વડે આ કાવ્ય, ઋદ્ધિ, મન્ત્ર, યંત્ર સહિત લખીને, સિંહાસન ઉપર પાટી સ્થાપન કરી, રક્તવસ્ત્ર પહેરી, રાતી માલાથી સ્થાપનાની સન્મુખ ૧૦૮ જાપ નિરંતર કરવાથી સ્વજન તથા પરજન સર્વે વશ થાય છે.[1]

તંત્રઃ—પુષ્યાર્ક યોગે ક્રોધ પંચાંગનો રસ લાવી. અષ્ટગંધમાં મેલવીને, ડાબા હાથની અનામિકા આંગળીથી કપાળમાં નિરંતર તિલક કરવાથી સર્વ જન વશ થાય છે, તિલક કરતી વખતે મન્ત્ર બોલીને તિલક કરવું.

ઇતિ એકવિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત એકવીશમા યંત્રની વિધિઃ—

આ યંત્રરાજ અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્ક અથવા દીવાલીના દિવસે લખી સોનાના માદળીઆમાં નાખી, પંચામૃતથી પ્રક્ષાલન કરી, દીપ, ધૂપ, નૈવેદ્ય, ફલ, ફૂલથી પૂજન કરી મસ્તકને વિષે ધારણ કરવાથી દૃષ્ટિમાત્રથી સર્વજન વશ થાય છે, સ્વજન તથા પરજન પણ વશ થાય છે. વળી આ યંત્રરાજનું નિરંતર પૂજન કરવાથી મહાપ્રાભાવિક થવાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૪

---

૧ ઘર્મા વિધિ આ પ્રમાણે છેઃ—"મન્ત્રને ૪૨ દિવસ સુધી નિરંતર ૧૦૮ વાર જપવાથી અને યંત્ર પાસે રાખવાથી સૌ પોતાને આધીન-વશ થાય છે."

કાવ્ય ૨૨-

ઋધિ—ૐ હ્રીં અર્હં णमो अरिहंताणं[1]। णमो आगासगामिणं।

મન્ત્ર—ૐ नमो श्रीवीरं जृंभय जृंभय मोहय मोहय स्तंभय स्तंभय अवधारणं कुरू कुरू स्वाहा।

યન્ત્ર—પુષ્પાકારે છ દલનો યંત્ર કરીને, મધ્યની કર્ણિકામાં નવ યંકાર સ્થાપીને, પૂર્વદિશિના પ્રથમ દલમાં ઓંકાર નવ, દક્ષિણ દિશાના બીજા દલમાં હ્રૌં[2] કાર નવ, ત્રીજા દલમાં ઘ્રૌં કાર નવ,[3] ચોથામાં ક્રૌં કાર નવ, પાંચમામાં ક્ષૌં કાર નવ અને છઠ્ઠામાં હ્રીં કાર નવ લખવા; તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ, મન્ત્ર વીંટવા, તેના ઉપર વલય દઇને યંત્ર પૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૫

વિધિ-આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી અને યંત્ર પાસે રાખી કંઠમાં ધારણ કરવાથી દુર્ભગા સ્ત્રી પણ સુભગા થાય છે. વળી વિધિપૂર્વક પવિત્ર થઇને ઉત્તર દિશાએ સિંહાસન ઉપર ચક્રેશ્વરી દેવીની મૂર્તિ સ્થાપીને અથવા પવિત્ર જલનો ભરેલો ઘડો સ્થાપન કરીને, તેના ઉપર શ્રીફલ મૂકીને, ભિંતપર ઘી તથા સિંદૂરથી ચક્ર આલેખીને, તેની સન્મુખ નિરંતર ૧૦૮ જાપ કરી પંચામૃતથી યંત્રનું પ્રક્ષાલન કરીને, તે પ્રક્ષાલનનું ન્હવણ વ્યંતરાદિ દોષથી ગ્રસિત થએલ સ્ત્રી અગર પુરુષને પીવડાવવાથી સર્વ દોષથી મુક્ત થાય છે.

તંત્રઃ—પુષ્યાર્કે જાતિ (જાઈ?)પંચાંગ તથા સમુદ્રફલની ગધેડાનાં મૂત્રથી ગુટિકા કરીને, આંખમાં આંજવાથી ભૂત, પ્રેત, વ્યંતરાદિ સર્વ દોષનો નાશ થાય છે. સ્ત્રીની ભગ ઉપર લેપ કરવાથી તે સુભગી થાય છે.

ઇતિ શ્રી દ્વાવિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત બાવીસમા યંત્રની વિધિ—

પુષ્યાર્ક યોગે અથવા દીવાલિના દિવસે અષ્ટગંધથી આ યંત્રરાજ ભોજપત્ર પર લખી ત્રિધાતુના માદળીઆમાં નાખી, કંઠે બાંધવાથી ભૂત, પિશાચ, યક્ષ, રાક્ષસ, ભૂતડી, ચુડેલ, શાકિની, ડાકિની, આકાશમાં રહેવાવાળા બીજા દેવદેવી, પૂર્વજ, પિતરાઈ વગેરે મોટા આઠ પ્રકારના વ્યંતર વગેરેના સર્વ દોષોનો નાશ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૬

---

૧ ખ, ગ તથા ઘમાં 'णमो अरिहंताणं' પાઠ નથી.

૨ ઘમાં 'હ્રૌંકાર નવ' પાઠ છે.

૩ ક, ખ તથા ઘમાં 'ભૌંકાર' પાઠ છે.

કાવ્ય ૨૩–

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो आसीविसाणं ।

મન્ત્ર—ॐ नमो भगवति जयवति मम समीहितार्थं मोक्षसौख्यं कुरू कुरू स्वाहा ।

યન્ત્ર—ચતુષ્કોણ બાર ખાના કરી, ખાનામાં **ॐ ह्रीं श्रीं क्लीं सर्वसिद्धिदाय श्रीं नमः** લખીને, તેના ઉપર ગોળ વલય દઇને, ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, વળી વલય દઇને, બત્રીશ રં કાર તેના ઉપર વીંટીને યંત્ર પૂરો કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૭

વિધિ–આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર મસ્તકને વિષે ધારણ કરવાથી આત્મરક્ષા થાય છે. વળી ચંદ્ર બલવાન હોય અને શુભયોગ હોય તે દિવસે. વિધિપૂર્વક પવિત્ર થઇને ઉત્તર દિશાએ સિંહાસનપર **શ્રી ચક્રેશ્વરી** દેવીની મૂર્તિ સ્થાપન કરી, દીપ, ધૂપ, પુષ્પ, નૈવેદ્ય, શ્રીફલ તથા સ્વાદિષ્ટ અને પરિપક્વ ફલો વગેરે સામગ્રી એકઠી કરીને તે મૂર્તિની સન્મુખ ધરાવીને, સફેદ વસ્ત્ર પહેરીને સફેદ આસન પર બેસીને, પંચામૃતથી **શ્રી ચક્રેશ્વરી** દેવીની મૂર્તિનું પ્રક્ષાલન કરી, અષ્ટગંધથી પૂજન કરી, પછી રૂપાનાં પતરાં ઉપર અથવા આંબાની પાટી પર અષ્ટગંધથી યંત્ર લખી; પૂજન કરી, આરતિ કરી, સફેદ જપમાલાથી બાર હજાર જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. કાર્ય પડે ત્રણ વાર મન્ત્રનું સ્મરણ કરવાથી રક્ષા થાય છે.[1]

તંત્ર—પુષ્યાર્કનો યોગ આવેથી રોહિણીકા પંચાંગ, ચક્રાંગ પંચાંગ લાવીને ગુટિકા કરીને, ત્રિધાતુના માદળીઆમાં નાખી, ભૂજાએ બાંધવાથી જીવન પર્યંત શરીરની રક્ષા થાય છે.

ઇતિ ત્રયોવિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી **હરિભદ્રસૂરિ** કૃત ત્રેવીશમા યંત્રની વિધિઃ—

આ યંત્ર શુભ દ્રવ્યથી ભોજપત્ર પર શુભયોગે લખી, ત્રિધાતુના માદળીઆમાં નાખી પંચામૃતથી પખાલી ધૂપ તથા પુષ્પથી પૂજા કરી મસ્તકે ધારણ કરવાથી આત્મરક્ષા જીવનપર્યંત થાય છે. વળી ચંદ્ર, સૂર્યના ગ્રહણ વખતે જમીનમાં દાટીને, પછી પંચામૃતથી પ્રક્ષાલન કરી ધારણ કરે તો પણ શરીરની જીવનપર્યંત રક્ષા થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૮

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છે–"પહેલાં મન્ત્રને ૧૦૮ વાર જપીને પોતાના શરીરની રક્ષા કરવી, પછી જેને પ્રેત વળગ્યું હોય તેને ઝાડવું અને યંત્ર પાસે રાખવો, આ પ્રમાણે કરવાથી પ્રેત દુર થાય છે."

કાવ્ય ૨૪ –

ઋદ્ધિ:—ॐ ह्रीं अर्हं णमो अरिहंताणं[1] णमो दिट्ठिविसाणं । स्थावर जंगम वा कृत्रिमं सकलविषं यद्भक्ते अप्रणमिताय ये दृष्टिविषान् मुनीन्ते

મન્ત્ર:—ॐ नमो भगवते वद्धमाणसामिस्स सर्वं समीहितं कुरू कुरू स्वाहा । [ॐ] ह्रां ह्रीं ह्रूँ ह्रौं[2] ह्रः असिआउसा ज्रौं ज्रौं[3] स्वाहा ।

યન્ત્ર:—પાંચ કોઠાનો ચતુરસ્ર કરી, તેની મધ્યમાં ॐ ह्रीं क्लीं सौं नमः લખી, તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ લખીને, તેના ઉપર વલય દઇને, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર પુરો કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૧૯

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરી, યંત્ર મસ્તકે ધારણ કરવાથી આધાશીશી, સૂર્યવાત તથા માથાના વેગ વગેરે મસ્તકના સર્વ રોગ દૂર થાય. વળી પહેલાં વિધિ પૂર્વક આ મન્ત્રની સાધના કરીને, પવિત્ર થઈ રાતાં વસ્ત્ર પહેરીને, પાણીનો ભરેલો ઘડો સ્થાપન કરીને, સિંહાસન ઉપર સૂર્યની મૂર્તિ સ્થાપન કરવી. વળી **ગૌતમસ્વામી**ની મૂર્તિ સ્થાપન કરીને, બંને મૂર્તિઓ અષ્ટગંધથી પૂજીને, તામ્રપત્ર પર અષ્ટગંધથી યંત્ર લખીને, પૂજા કરી, આગળ સ્થાપન કરીને, રાતાં પુષ્પથી પૂજીને, આરતિ સુધી આગળ કહી ગયા છીએ તે પ્રમાણે વિધિ સર્વ કરીને, રક્ત જપમાલાથી ૧૦૦૮ જાપ કરી, પંચામૃતથી યંત્ર પખાલી સાત દિવસ સુધી નિરંતર પીવડાવવાથી મસ્તકના સર્વ રોગ મટે છે.

તન્ત્ર—પુષ્યાર્કનો યોગ આવે છતે ધન્વંતરિ પંચાંગ, લક્ષ્મણા પંચાંગ, શિવલિંગી પંચાંગ, એ ત્રણેનું ચૂર્ણ કરી સુંઘવા આપવાથી આધાશીશી તથા સૂર્યવાતનો નાશ થાય છે.

ઇતિ ચતુર્વિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિકૃત ચોવીશમા યંત્રની વિધિ—

આ યંત્ર ભોજપત્ર પર મૂલાર્કે અથવા પુષ્યાર્કે અષ્ટગંધથી લખી, સોનાના માદળીઆમાં નાખી પંચામૃતથી પખાલી, રાતાં પુષ્પ, ધૂપ, દીપ, નૈવેદ્યથી પૂજીને, જેને આધાશીશીનું દર્દ હોય તે પુરૂષે સાત દિવસ સુધી આયંબીલ અથવા એકાસણું કરવું અને સૂર્યનો અડધો ઉદય થયો હોય તે સમયે મસ્તકે ઉપરોક્ત માદળીયું બાંધવું અને સૂર્યાસ્ત સમયે જે વખતે અડધું બિંબ સૂર્યનું દેખાતું હોય તે સમયે આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રથી મસ્તક મંત્રવાથી માથાના તમામ રોગો નિશ્ચયે કરીને નાશ પામે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૦

---

૧ ख, ग તથા घમાં 'णमो अरिहंताणं' પાઠ નથી. ૨ ग તથા घમાં 'ह्रौं' મન્ત્રાક્ષર નથી. ૩ घમાં 'ज्रौँ ज्रौँ' પાઠ છે.

કાવ્ય ૨૫ –

ઋદ્ધિ;—ૐ હ્રીં અર્હં णमो उग्गतवाणं ।

મન્ત્રઃ-[ૐ] હ્રાં હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ असिआउसा ઝ્રૌં ઝ્રૌં[1] સ્વાહા । ૐ नमो भगवते जय विजये अपराजिते सर्वसौभाग्यं सर्वसौख्यं कुरू कुरू સ્વાહા ।

યન્ત્ર—ષટ્કોણ આકૃતિ યંત્રની મધ્યમાં કરીને, છ ખાનામાં ૐ नमो परमपदाय લખીને, તેના ઉપર વલય દઇને, તેના ઉપર અઠ્ઠાવીશ હ્રીંકાર[2] વીંટવા, વળી તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર પૂરો કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૧

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ, મંત્રનું સ્મરણ કરીને યંત્ર પાસે રાખવાથી અગ્નિનું દિવ્ય કરતી વખતે અગ્નિ ઠંડી થઈ જાય છે. વળી વિધિપૂર્વક પવિત્ર થઇને રક્તવસ્ત્ર પહેરીને, પૂજા સામગ્રી, સર્વ પહેલાંની માફક મૂકીને, સિંહાસન ઉપર ચક્રેશ્વરીની મૂર્તિ સ્થાપન કરીને, વળી ક્ષેત્રપાળની મૂર્તિ સ્થાપન કરી, પંચામૃતથી બંનેનું પ્રક્ષાલન કરી, ચક્રેશ્વરીની અષ્ટગંધથી પૂજા કરી ક્ષેત્રપાળની મૂર્તિનું સિંદૂરથી પૂજન કરી પછી અષ્ટગંધથી તામ્રપત્ર પર યંત્ર લખીને, યંત્રની પૂજા કરી, તેની સ્થાપના કરી સુગંધવાળા રાતાં પુષ્પથી પૂજા કરી, આરતિ સુધી બધી ક્રિયાઓ પહેલાં કહી ગયા છીએ તે પ્રમાણે કરી, રાતી જપમાલાથી બાર હજાર જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. પછી કાર્યવેલાએ સાતવાર સ્મરણ કરીને જોવાથી અગ્નિ ઠંડી થઈ જાય છે.[3]

તંત્રઃ—પુષ્યાર્ક યોગે એકદંડી પુત્રંજરી પંચાંગ, ત્રિધાતુના માદળીઆમાં નાખીને ભુજાએ બાંધવાથી સર્વે જાતની અગ્નિ નિશ્ચયે કરીને ઠંડી થઈ જાય છે. આ પ્રયોગ સત્ય છે.

ઇતિ પંચવિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત પચીશમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી પુષ્યાર્ક યોગે અથવા તો દીપાલિકા દીને ભોજપત્ર પર લખી ત્રિધાતુના માદળીઆમાં ઘાલી, પંચામૃતથી પ્રક્ષાલન કરી, હાથે બાંધવાથી અગ્નિ દિવ્ય નિશ્ચયે થાયછે. ગમે તેવું તપાવેલું તેલ હોય, ગમે તેવો તપાવેલો ગોળો હાથમાં લેવા છતાં પણ ઠંડા જલ જેવો તે લાગે છે. આ પ્રયોગ સત્ય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૨

---

૧ ઘમાં 'ઝ્રાઁ ઝ્રૌં' પાઠ છે. ૨ કમાં 'હ્રૂં'કાર વીંટવા એવો પાઠ છે, ખમાં 'હ્રં'કાર, અને ઘમાં 'હ્રૂં'કાર પાઠ છે. ૩ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ઉક્ત ઋદ્ધિ મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી આરાધક ઉપર અગ્નિની અસર થતી નથી."

કાવ્ય ૨૬—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो दित्ततवाणं ।

મન્ત્ર—ૐ नमो भगवति ૐ હ્રીં શ્રીં ક્લીં હૂઁ હ્રઃ पुरुष स्त्रीजनजन्म जीवआर्त्ति पीडानिवारणं कुरू कुरू स्वाहा[1]।

યંત્ર—સ્વસ્તિકાકારે યંત્ર કરીને, પૂર્વ દિશાએ સમ વિંકાર લખીને, ઉત્તર દિશાએ સાત યંકાર લખવા, દક્ષિણ દિશાએ સાત શ્રીંકાર લખવા અને પશ્ચિમ દિશાએ સાત મંકાર લખવા, પછી સ્વસ્તિકને ફરતો વલય દઈને, તેના ઉપર ઋદ્ધિ અને મન્ત્ર વીંટવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૩

વિધિ—પ્રથમ શુભદિને ચંદ્રમા બલવાન હોય તે જોઇને, પૂજા સામગ્રી ભેગી કરીને અર્ધરાત્રિએ, અપરાન્હકાલ સમયે, પવિત્ર થઈને, રક્ત વસ્ત્ર પહેરીને, જમીન પર નહિ પડેલું એવું ગાયનું છાણ લઇને, તેમાં કંકુ મેલવીને, પવિત્ર જલથી ઉત્તર દિશાએ ગહુંલિકા દઇને, ભૂમિ પવિત્ર કરી, તેના ઉપર સિંહાસન સ્થાપીને, તે સિંહાસન પર સોનાની બનાવેલી **ચક્રેશ્વરી**દેવીની મૂર્તિની સ્થાપના કરીને, પંચામૃતથી મૂર્તિનું પ્રક્ષાલન કરી, અષ્ટગંધથી પૂજન કરી, તામ્રપત્ર પર અષ્ટગંધથી આ યંત્ર લખીને પૂજીને સ્થાપન કરવો, રાતાં ફૂલથી પૂજા કરવી, ફલ નૈવેદ્ય, દીપ, ધૂપાદિક આરતિ સુધી સર્વે વિધિ કરવી. સન્મુખ રહીને રાતી જપમાલાથી આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનો ૧૨૦૦૦ જાપ કરતાં મન્ત્ર સિદ્ધ થવાથી પ્રાણાંત કષ્ટ ઉપસ્થિત થયું હોય તે પણ દૂર થઈ જાય છે.[2]

તંત્ર—પુષ્યાર્કે કાંગસી પંચાંગ સ્ત્રીનાં નેત્રમાં આંજવાથી પ્રસુતિ વેળાએ પીડા થતી નથી, વળી નાભિમાં પણ લેપ કરવો.

ઇતિ ષટ્વિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિકૃત છવીશમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી પુષ્યાર્કે અથવા દીપાલિકાના દિવસે ભોજપત્ર પર લખી, સોનાના અથવા તાંબાના માદળીઆમાં નાખી, પંચામૃતે પ્રક્ષાલન કરી, સ્ત્રીની કમ્મરે બાંધવાથી પુરે માસે પીડા વિના ગર્ભને પ્રસવે છે. વળી આ યંત્ર અષ્ટગંધથી કાંસાની થાળીમાં લખી પ્રસુતિ સમયે પંચામૃતથી પખાલી, સ્ત્રીને પાવાથી, તુરત જ છુટકારો થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૪

---

૧ ખ, ગ તથા ઘમાં 'ૐ નમો હ્રીં શ્રીં ક્લીં હૂઁ હૂઁ પરજનશાન્તિવ્યવહારે કુરુ કુરુ સ્વાહા પાઠ છે. ૨ ઘમાં વિધિ આ પ્રમાણે છે.—"ઋદ્ધિ, મન્ત્ર વડે ૧૦૮વાર તેલ મંત્રીને માથે લગાડવાથી તથા યંત્ર પાસે રાખવાથી આધાશીશી વગેરે માથાના સર્વ રોગ નાશ પામે છે."

કાવ્ય. ૨૭—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो तत्ततवाणं।

મન્ત્ર—ॐ नमो चक्रेश्वरी देवी चक्रधारिणी चक्रेणानुकूलं साधय साधय शत्रून् उन्मूलय उन्मूलय स्वाहा

યન્ત્રઃ—ચતુરસ્ર ચોવીશ ખાનાનો યંત્ર કરીને, તે ખાનાઓ મધ્યે **ॐ नमो भगवते सर्वार्थसिद्धेभ्यो सर्वसुखाय ॐ ह्रीं [नमो] नमः स्वाहा।** આ મન્ત્રાક્ષરો લખીને, તેના ઉપર ગોળ વલય દઈને, ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વળી વલય દઇને, ચોવીશ જં કાર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર પૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૫

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી શત્રુનો ક્ષય થાય છે. આજ વિધિથી સાધીને શત્રુના ઘાતને માટે પોતાનો ચંદ્ર બલવાન જોઇને, શુભ ચંદ્રનો યોગ જોઇને, પવિત્ર થઇ, કાળાં વસ્ત્ર પહેરી, દક્ષિણ દિશા અથવા પશ્ચિમ દિશા સન્મુખ **ચક્રેશ્વરી** તથા **ક્ષેત્રપાળ** બંનેની સ્થાપના કરી, પ્રક્ષાલન, પૂજન, આરતિ વગેરે કહી ગયા છીએ તે પ્રમાણે સર્વ કરીને, વળી યંત્રની રક્તચંદનની પાટી પર સ્થાપના પૂર્વ વિધિ પ્રમાણે કરીને, કાળાં પુષ્પથી પૂજન કરી કાળી જપમાલાથી આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનો ૧૨૦૦૦ બારહજાર જાપ કરી, ત્રિકાળ કાળાં મરચાં ૧૦૮ હોમવાથી શત્રુનો ક્ષય થાય છે.[1]

તંત્રઃ—પુષ્યાર્કે કુકડાની હગાર, મોરની હગાર; શિયાલની હગાર. લુંગડીની (લોંકડીની) વિષ્ટા, વાગોલની વિષ્ટા તથા ચતુષ્પદની રજ, સર્વ ભેગાં કરીને શત્રુના માથાં પર નાખવાથી તેનો ક્ષય થાય છે.

ઇતિ સપ્તવિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિકૃત ૨૭ મા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા દીપાલિકા દિને લખીને, સોનાનાં માદળીઆમાં નાંખી, ત્રણ ત્રણ દિવસે દુધ, દહીં, ઘી વગેરે પંચામૃતથી સ્થાપીને પછી ધૂપ કરીને ગળામાં અથવા મસ્તકે ધારણ કરવાથી શત્રુનો ક્ષય થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૬

---

૧ ઘ માં વિધિ આ પ્રમાણે છે—"ઋદ્ધિ, મન્ત્રની આરાધના કરવાથી અને યંત્ર પાસે રાખવાથી શત્રુ આરાધકને કશી હાનિ કરી શકતો નથી."

કાવ્ય ૨૮—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो महातवाणं।

મન્ત્ર—ॐ नमो भगवते जये विजये[1] जृंभय जृंभय मोहय मोहय सर्वसौभाग्यं[2] सम्पत्तिसौख्यं कुरू कुरू स्वाहा।

યંત્ર—ચતુરસ્ર નવ ખાના કરવા, ખાનાઓમાં મધ્યના એક ખાનામાં સૌંકાર લખીને, બાકીના આઠ ખાનામાં હ્રીંકાર લખવા, તેના ઉપર ગોળ વલય દઇને, ઋદ્ધિ ઉપર સોળ હ્રીંકાર લખવા, તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ, મન્ત્ર વીંટી તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૭

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને યંત્ર પાસે રાખવાથી સૌભાગ્ય, કીર્તિ તથા લક્ષ્મીની વૃદ્ધિ પ્રાપ્ત થાય છે. વળી આ વિધિથી સાધના કરવી, શુભદિને, પવિત્ર થઇને, પીત વસ્ત્ર પહેરીને, ઉત્તર દિશા અથવા પૂર્વ દિશા તરફ સિંહાસનનું મુખ રાખીને, તેના ઉપર **ચક્રેશ્વરી** દેવીની મૂર્તિની સ્થાપના કરી, પૂજા સામગ્રી પહેલાં બતાવેલી વિધિ આરતિ સુધીની નિરંતર કરી, આંબાની પાટી અથવા રૂપાનાં પતરાં ઉપર યંત્રની સ્થાપના કરી, સુગંધવાળા પીળાં પુષ્પથી પૂજન કરી, પીળા આસનપર બેસી, કેરબાની અથવા સોનાની અથવા પીળી જપમાલાથી આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્ર સહિતનો ૧૨૦૦૦ બાર હજાર જાપ કરી સિદ્ધ કર્યા પછી નિરંતર એકસો આઠ વાર ગણીને, યંત્રનું નિરંતર પૂજન કરવાથી વ્યાપારમાં લક્ષ્મીની વૃદ્ધિ થાય, રાજદરબારમાં જય થાય, યશ સૌભાગ્યાદિ વધે, નગરશેઠની પદવીનો ભોક્તા થાય, સર્વ મનોવાંછિત સિદ્ધ થાય.[3]

તન્ત્ર—પુષ્યાર્ક યોગે સફેદ સુપલિ ભાંગરો, સહદેવી, ગોરૂચંદન સર્વ લાવીને તિલક કરવાથી સર્વ કાર્યની સિદ્ધિ થાય છે.

ઇતિ અષ્ટાવિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત અઠાવીશમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર શુભદિવસે લખી સોનાના માદળીઆમાં નાખી દહીં, દુધ, ઘી એ ત્રણ મધ્યે ત્રણ ત્રણ દિવસ માદળીઉં રાખીને, પછી માથે ગળે ધારણ કરે, પંચામૃતે પખાલી વળી રૂપાના પતરાં પર લખીને નિરંતર પૂજન કરે તો વ્યાપારે લક્ષ્મીની વૃદ્ધિ, સૌભાગ્ય, મનોવાંછિત સર્વ કાર્યની સિદ્ધિ થાય. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૨૮

---

૧ ખ તથા ઘમાં 'जयविजय' પાઠ છે. ૨ ખ તથા ઘમાં 'सर्वसिद्धि' પાઠ છે. ૩ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ઉક્ત ઋદ્ધિ, મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી શત્રુ આરાધકને કોઇપણ પ્રકારની હાનિ પહોંચાડી શકતો નથી."

કાવ્ય ૨૯—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो घोरतवाणं ।

મંત્ર-ૐ નમિઊણ પાસ વિસહર ફુલ્લિંગ નામાક્ષર મંતો સવ્વસિદ્ધે સમીહેઉ જો સમરંતાણં મણે જાગઇ કપ્પુહુમ્મ સર્વસિદ્ધિ ૐ નમઃ સ્વાહા ।

યંત્રઃ—મધ્યમાં યેાનિ આકાર કરી, તેની મધ્યમાં યૌંકાર ત્રણ સ્થાપન કરીને, તેના ઉપર વલય દઇને, [સેાળ સ્વર લખીને, તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ મન્ત્ર લખીને] વલય દઇ યંત્ર પુરેા કરવેા. આકૃતિ માટે જુએા ચિત્ર. ૨૨૯

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને યંત્ર પાસે રાખવાથી સ્થાવર વિષનું ઝેર ચઢતું નથી. વળી વિધિપૂર્વક પવિત્ર થઇને, લીલા રંગનું વસ્ત્ર પહેરીને, ઉત્તરાભિમુખ સિંહાસન ઉપર ચક્રેશ્વરી દેવીની સ્થાપના કરીને, પહેલાંની વિધિ આરતી સુધીનો કહેલી છે તે પ્રમાણે સર્વ કરીને, પુષ્યાર્કે ઘડેલી આંબાની પાટલી ઉપર યંત્ર લખીને, પૂજીને, સ્થાપના કરવી, મરવેા, દમણેા અથવા માલતીનાં ફૂલેાથી પૂજન કરીને, આગળ મૂકી, પછી લીલમણિની જપમાલાથી ૧૦૦૮ જાપ કરવાથી વિદ્યા સિદ્ધ થાય છે. આ વિદ્યા સિદ્ધ થયા પછી જે પુરુષે સ્થાવર વિષનું ભક્ષણ કર્યું હેાય તેને પંચામૃત અથવા શુદ્ધ જલ એકસેા આઠ વાર અથવા એકવીશ વાર મંત્રીને પીવડાવવાથી અફીણ, સેામલ, આકડેા, ધંતૂરેા વગેરે જે કેાઈ જાતનું સ્થાવર વિષ હેાય તેનાં ઝેરનેા નાશ થાય છે.[1]

તન્ત્ર—પુષ્યાર્કે સરપંખેા પંચાંગ, ચકાંગ પંચાંગ, મયૂરશીખા પંચાંગ. આ સર્વે પંચાંગ પાણી સાથે પીવડાવવાથી કેાઇ પણ જાતનું ઝેર મૃત્યુ નીપજાવતું નથી.

ઇતિ એકોનત્રિંશત્ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ઓગણત્રીશમા યંત્રની વિધિ—

આ યંત્ર દીપાલિકાના દિવસે અથવા રવિવારના દિવસે સ્વાતિ નક્ષત્રનેા યેાગ આવે છતે અષ્ટગંધથી ભેાજપત્ર પર લખી, [ઉપરેાક્ત] પંચાંગ ત્રિધાતુના માદળીઆમાં નાખી, પંચામૃતથી પખાલી ભુજાએ ધારણ કરવાથી સ્થાવર વિષ જેવાં કે અફીણ, સેામલ, આકડેા ધંતૂરેા, મેાહરેા વગેરે કેાઇપણ જાતનું ઝેર હેાય તેા પણ મૃત્યુ થાય નહિ. કેાઇએ ઝેર ખાધું હેાય તેને આ યંત્ર પંચામૃતે પ્રક્ષાલન કરી તેનું ન્હવણ પીવડાવવાથી, ઝેર ઉતરી જાય છે. અને તે મરતેા નથી. આ મણિપ્રભાવ યંત્ર છે. અને તે શ્રી હરિભદ્રસૂરિએ કહેલેા હેાવાથી સત્ય છે. આકૃતિ માટે જુએા ચિત્ર. ૨૩૦

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ-"ઉક્ત ઋદ્ધિ, મન્ત્ર વડે ૧૦૮ વાર પાણી મંત્રીને પાવાથી અને યંત્ર પાસે રાખવાથી દુઃખતી આંખેા સારી થાય છે."

કાવ્ય. ૩૦—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो घोरगुणाणं ।

મંત્ર—ॐ ह्रीं श्रीं श्री पार्श्वनाथाय ह्रीं धरणेन्द्रपद्मावतीसहिताय अट्टे मट्टे [क्षुद्रविघट्टे] क्षुद्रान् स्तंभय स्तंभय रक्षां कुरू कुरू स्वाहा ।

યંત્રઃ—ચતુરસ્ર પાંચ ખાનાવાળો કરીને, તે ખાનાઓમાં પાંચ હૂંકાર લખીને તેના ઉપર વલય દઈને, તેના ઉપર પંચદશ ટંકારાક્ષર વીંટીને, વળી તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૧

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખીને માર્ગે જતાં, બીજા કોઇ, દેશ, નગર અથવા ગામે જતાં આવતાં, રસ્તામાં દ્વિપદ અથવા ચતુષ્પદ હિંસક પ્રાણીઓનો ભય ઉપસ્થિત ન થાય. વળી પવિત્ર થઇને સફેદ વસ્ત્ર ધારણ કરી, પૂર્વદિશાએ સિંહાસન ઉપર શ્રી **ચક્રેશ્વરી** દેવીની મૂર્તિ સ્થાપન કરીને, સફેદ ફૂલથી પૂજીને, સફેદ આસન પર બેસીને, રૂપાની માલાથી ૧૦૦૮ વાર આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનો જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. સિદ્ધ થયા પછી ભયજનક સ્થાનમાં તથા માર્ગમાં જતાં આવતાં એકવીશ વાર સ્મરણ કરવાથી ચોર, દુષ્ટ ભિલ્લ, વાઘ વગેરેનો ભય ઉપસ્થિત થતો નથી. ઘેર નિરંતર યંત્રનું પૂજન કરવાથી આ યંત્ર સર્વભયોનું હરણ કરે છે.[1]

તંત્ર—પુષ્યાર્કે ઘુવડનું હાડકું તથા લજ્જામણીના પંચાંગ લાવી ગોળી કરી, કાર્ય પડે ત્યારે તિલક કપાળમાં કરવાથી રસ્તામાં કોઈ પણ જાતનો ભય ઉપસ્થિત થતો નથી.

ઇતિ ત્રિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી **હરિભદ્રસૂરિ** કૃત ત્રીશમા યંત્રની વિધિ—

આ યંત્ર ભોજપત્ર પર અષ્ટગંધથી પુષ્યાર્કે અથવા હસ્તાર્કે અથવા દીપમાલિકાના દિવસે વિધિ સહિત લખીને, ત્રિધાતુના માદળીઆમાં નાખીને, પંચામૃતથી પખાલી, હાથે બાંધવાથી રસ્તામાં કોઈ પણ જાતનો ભય ઉપસ્થિત થતો નથી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૨

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ઋદ્ધિ, મન્ત્રનું આરાધન કરીને, યંત્ર પાસે રાખવાથી શત્રુનું સ્થંભન થાય છે."

કાવ્ય ૩૧–

ઋદ્ધિઃ—ૐ હ્રીં અર્હં णमो घोरगुण परक्कमाणं।

મન્ત્રઃ—ૐ उवसग्गहरं पासं पासं वंदामि कम्मघणमुक्कं । विसहर विसविन्नासं मंगलकल्लाणआवासं ૐ હ્રીં નમઃ સ્વાહા।

યંત્ર—મધ્યમાં ચતુરસ્ર આકાર કરીને, તે ચતુરસ્રની મધ્યમાં એક ક્રૌંકાર અને એક હ્રીંકાર, એ પ્રમાણે સાત ક્રૌંકાર અને સાત હ્રીંકાર મલીને કુલ ચઉદ બીજાક્ષર લખીને, તેના ઉપર વલય દઇને, તેના ઉપર બાવીશ ગંકાર વીંટીને, તેના ઉપર વલય દઇને, તેના ઉપર ઋદ્ધિ, મન્ત્ર વીંટી, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૩

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખવાથી રાજા વશ થાય છે. વળી વિધિ પૂર્વક આ યંત્રને સ્થાપન કરીને; પવિત્ર થઇ; રક્ત વસ્ત્ર પહેરીને, પવિત્ર સ્થાને પંચામૃતથી ભરેલો ઘડો સ્થાપન કરીને, વળી **ચક્રેશ્વરી** તથા **ધરણેન્દ્ર** બંનેની અષ્ટગંધથી પૂજા કરીને સ્થાપના કરવી. નૈવેદ્ય ફૂલ વગેરે પહેલાં કહી ગયા છીએ તે પ્રમાણે સર્વ વિધિ કરીને, યંત્ર સોનાનાં પતરાં ઉપર તથા ચંપકવૃક્ષની પાટલી પુષ્યાર્કમાં ઘડાવી, તેના ઉપર વિધિપૂર્વક યંત્ર સ્થાપીને, તેની રાતાં પુષ્પથી પૂજા કરી, ઉત્તરાભિમુખે રક્ત જપમાલાથી સાડા બાર હજાર જાપ એકાસણું કરીને કરવો. જેથી મન્ત્ર સિદ્ધ થાય છે. તે સિદ્ધ થએલા મન્ત્રનું ૧૦૮ વાર નિરંતર સ્મરણ કરીને; યંત્રનું પૂજન કરવાથી રાજ્યના જેટલું સુખ મલે છે.[1]

તન્ત્ર—પુષ્યાર્કે પુરુષ લજ્જાલુ પંચાંગ, અષ્ટગંધની સાથે મેલવીને, તિલક કરી રાજદરબારમાં જવાથી રાજા તિલક કરનારની સન્મુખ જોતાની સાથે જ મહેરબાની કરે છે અને માન સન્માન આપે છે.

ઇતિ એકત્રિંશતિ કાવ્ય, પંચાંગ વિધિ સમાપ્ત.

શ્રી હરિભદ્રસૂરિકૃત એકત્રીશમા યંત્રની વિધિઃ—

આ યંત્ર પુષ્યાર્કે અથવા દીવાલિના દિવસે ભોજપત્ર પર અષ્ટગંધથી લખી, વિધિ સહિત સોનાના માદળીઆમાં નાખીને મસ્તકે ધારણ કરવાથી રાજા નિશ્ચયે કરીને વશ થાય છે. નિરંતર યંત્રનું પૂજન કરી, પંચામૃતથી પખાલી દૂધ, દહીં, ઘીમાં ત્રણ ત્રણ દિવસ માદળીયું રાખી, પછી મસ્તકે ધારણ કરવાથી રાજા વશ થાય છે. જીંદગી સુધી નિરંતર બંનેનું પૂજન કરવું. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૪

---

૧. ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ–"આ મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી રાજમાન્ય થવાય છે."

કાવ્ય. ૩૨—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो घोरगुण बंभयारिणं।

મન્ત્ર—ૐ नमो ह्रां ह्रीं ह्रूँ ह्रः सर्वदोषनिवारणं कुरू कुरू स्वाहा।

યન્ત્રઃ—મધ્યમાં ચતુરસ્ર પાંચ ખાનાઓ કરીને, ખાનાઓમાં પાંચ હ્રીંકાર લખવા, તેના ઉપર વલય દઇને, સત્તાવીશ સૌંકાર લખીને, તેના ઉપર વલય દઇને, તેના ઉપર ઋદ્ધિ, મન્ત્ર વીંટવા, તેના ઉપર વલય કરીને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૫

વિધિ—આ કાવ્ય ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર કમ્મરે બાંધવાથી પેટની પીડા, ગોળો, શૂલ, સંગ્રહણી વગેરે રોગોની શાંતિ થાય છે. વળી આ વિધિથી સાધના કરવી. પવિત્ર થઇ, પીળાં વસ્ત્ર પહેરીને, જલથી ભરેલા ઘડાની સ્થાપના કરી, તેના ઉપર શ્રીફલ મૂકી, સિંહાસન ઉપર અક્ષતથી ષટ્કોણ આકૃતિ કરીને, તે ષટ્કોણની મધ્યે સાડાત્રણ વાલની તાંબાની વીંટી પોતાની તર્જની આંગળીમાં આવે એવી કરાવી સ્થાપન કરવી, પછી વિધિપૂર્વક **ચક્રેશ્વરી** દેવીની પૂજા કરીને સ્થાપના કરવી અને યંત્રને તાંબાના પતરાં પર લખી સુગંધી પુષ્પોથી પૂજન કરી પછી પીળી જપમાલાથી ૧૦૦૮ જાપ કરી મન્ત્ર સિદ્ધ કરવો. ગોળાના રોગીને પંચામૃત ૨૧ વાર મંત્રીને પાવાથી તથા તામ્રમુદ્રિકા હાથે ધારણ કરાવવાથી ગોળો શાંત થઈ જાય છે.[૧]

તંત્ર—પુષ્યાર્કે ચક્રાંકા પંચાંગ, કાગજંઘા પંચાંગ પાવાથી અંતરગાંઠ, ગોળો તથા શૂળની સમાધિ–શાંતિ થાય છે.

ઇતિ દ્વાત્રિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત બત્રીશમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર શુભદિવસે લખીને, તાંબાના માદળીઆમાં નાખીને તથા તાંબાની વીંટી પણ તે દિવસે ઘડાવીને, રોગીને એકાસણું કરાવી, માદળીયું તથા વીંટી ધારણ કરાવીને, તેને પંચામૃત પાવાથી અંતરગાંઠ, ગોળો, શૂલ, સંગ્રહણી વગેરે સર્વપીડા મટે છે. રોગીને ઉપવાસ, આયંબિલ અથવા તો એકાસણું કરાવવું. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૬

૧–ઘ માં આ પ્રમાણે વિધિ છેઃ—"આ ઋદ્ધિ, મન્ત્ર વડે કુંવારી બાળાએ કાંતેલું સુતર ૧૦૮ વાર મંત્રી તેને ગળામાં બાંધવાથી અને યંત્ર પાસે રાખવાથી સંગ્રહણી આદિ પેટની સર્વ પીડાઓ નષ્ટ થાય છે."

કાવ્ય ૩૩—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो सव्वोसहिपत्ताणं ।

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં ક્લીં બ્લૂં ધ્યાનસિદ્ધિ પરમયોગીશ્વરાય નમો નમઃ સ્વાહા ।

યંત્ર—મધ્યમાં ષટ્કોણાકૃતિ કરીને, ષટ્કોણાકૃતિની મધ્યમાં ૐકાર લખીને, છ આનામાં **ક્લીં**કાર લખીને[1], તેના ઉપર વલય દઈને, તેના ઉપર સોળ હ્રીંકાર ફરતા લખીને, વળી તેના ઉપર વલય દઈને ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, ઉપર વલય દઈને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૭

વિધિ:—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરીને, ગળામાં યંત્રને ધારણ કરવાથી તાવ એકાંતરો, વેલા જ્વર, તૃતીય જ્વર, ચતુર્થ જ્વર, શીત જ્વર, ઉષ્ણ જ્વર વગેરે દશ જાતિના તાવની પીડા શાંત થઇ જાય છે. વળી આ વિધિથી સાધના કરવી—શરીરે પવિત્ર થઈને, સફેદ વસ્ત્ર ધારણ કરી, પાણીથી ભરેલો ઘડો સ્થાપીને, પૂર્વ દિશાએ સિંહાસન ઉપર **ચક્રેશ્વરી**ની તથા **હનુમાન**ની બંનેની સ્થાપના કરી, પછી પહેલાં કહી ગયા છીએ તે વિધિએ પૂજાની સામગ્રી એકઠી કરી, પૂજન કરી, પંચવર્ણના પુષ્પથી પૂજન કરી, આંબાની પાટિ પર યંત્રની સ્થાપના કરી, પ્રથમની વિધિથી ૧૦૦૮ ગુગલની ગુટિકા પર કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનો પાઠ કરી, ધૂપમાં હોમ કરવો અથવા સફેદ માલા પર પાઠ કરી ગુટિકાઓનો સામટો હોમ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. સિદ્ધ થયા પછી કુમારિકાએ કાંતેલા સુતરના ૨૧ તાર લઈને, દરેક તાર પર ૨૧ વાર મન્ત્ર ભણીને તાવ વાળાના હાથે યંત્ર સહિત બાંધવાથી સર્વ જાતના તાવનો વ્યાધિ શાંત થઈ જાય છે.[2]

ઇતિ ત્રયસ્ત્રિંશત કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી **હરિભદ્રસૂરિ**કૃત તેત્રીશમા યંત્રની વિધિ—

આ યંત્ર રવિવારે અથવા શુભયોગે ભોજપત્ર પર અષ્ટગંધથી લખી, રૂપાના માદળીઆમાં નાખી, પંચામૃતથી પખાલી, પુરુષના જમણા હાથે બાંધવો, પછી કુંવારીએ કાંતેલું સુતર રોગીના શરીર પ્રમાણ ભરીને, આ યંત્રમાં જે મન્ત્ર છે, તે મન્ત્રથી ૨૧ ગાંઠ દેવી, એકેક ગાંઠે ત્રણ વાર મન્ત્રનું સ્મરણ કરવું, એટલે ૬૩વાર દોરો મન્ત્રીને ધૂપ દઈ, તે દોરાથી માદળીઆંને ભુજાએ બાંધવાથી સર્વ જાતનો તાવ શાંત થઈ જાય છે. પછી હનુમાનને સવાશેર દોઢ આંડ ઘી સહિત ચઢાવીને, તેલ, સિંદૂરથી પૂજા કરવાથી સમાધિ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૮

---

૧ ખ ગ તથા ઘમાં 'ક્લીંકાર દશ લખવા' એવો પાઠ છે. ૨ ઘમાં વિધિ આ પ્રમાણે છે:— "ઉક્ત ઋદ્ધિ, મન્ત્ર વડે અવિવાહિત બાલિકાએ કાંતેલું સુતર ૨૧વાર મન્ત્રીને, તેની બનાવેલી દોરી (હાથે) બાંધવાથી તથા ઝાડવાથી અને યંત્રને પાસે રાખવાથી એકાંતરીઓ, તરીઓ વગેરે સર્વ જાતના તાવ નાશ પામે છે."

કાવ્ય ૩૪—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो खेलोसहिपत्ताणं ।

મન્ત્ર—ॐ नमो ह्रीं श्रीं क्लीं ऐं ह्रसौं पद्मावत्यै देव्यै नमो नमः स्वाहा ।

યંત્રઃ—મધ્યમાં ચતુરસ્ર નવખાના કરીને, તે નવખાનાની મધ્યમાં **ॐ प च य म ह्रां ह्रीं नमः** આ પ્રમાણે અક્ષરો લખીને, તેના ઉપર ગોલાકાર વલય દઇને, તેના ઉપર પંદર **फं**કાર વીંટીને, વળી તેના ઉપર વલય દઇને; ઋદ્ધિ, **મન્ત્ર** વીંટીને તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૩૯

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મંત્રનું સ્મરણ કરીને યંત્ર સ્ત્રીના ગળામાં અથવા કમ્મરે ધારણ કરાવવાથી કસુવાવડ થતી નથી અને સંપૂર્ણ માસે, ગર્ભ પરિપક્વ થયા પછી ગર્ભનો પ્રસવ થાય છે. વળી આ વિધિથી મન્ત્રની સાધના કરવી—પવિત્ર થઈ, સફેદ રેશમી વસ્ત્ર પહેરીને, પંચામૃતથી ભરેલો કલશ ઉત્તરદિશાએ સ્થાપન કરીને, વિધિપૂર્વક પૂજન સામગ્રી નૈવેદ્ય ફલાદી સર્વ તૈયાર કરી, અષ્ટગંધથી **ચક્રેશ્વરી**ની પૂજા કરી સ્થાપના કરી, પછી **ભૈરવ**ની મૂર્તિ તેલ સિંદૂરથી પૂજીને, સ્થાપન કરી તે બન્નેને પંચવર્ણી પુષ્પથી પૂજીને, આંબાની પાટલી ઉપર અથવા રૂપાના પતરાં ઉપર યંત્ર લખીને, સ્થાપન કરીને, સફેદ જપમાલાથી બાર હજાર **જાપ** જપીને મન્ત્ર સિદ્ધ કરવો. પચરંગી સૂત્રના સ્ત્રીના ડાબા અંગુઠાથી માથાના ચોટલા પર્યંતના માપનો નવસેરો દોરો લઇને, તેને નવ ગાંઠ દેવી. એકેક ગાંઠ દેતી વખતે ત્રણ ત્રણ વખત મન્ત્ર ભણીને કંઠે યંત્ર સહિત સ્ત્રીને ધારણ કરાવવાથી અધૂરો ગર્ભપાત થતો નથી.[1]

તંત્ર—પુષ્યાર્કે સહદેવી પંચાંગ, ત્રિધાતુના માદળીઆમાં ધારણ કરવાથી અધૂરો ગર્ભપાત થતો નથી.

ઇતિ ચોત્રીશમા કાવ્યનો પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિ કૃત ચોત્રીશમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર લખી, ત્રિધાતુના માદળીઆમાં નાખી, પંચામૃતથી પખાલી સ્ત્રીની કમ્મરે શુભદિને બંધાવવાથી અધૂરો ગર્ભપાત થતો નથી. વળી સ્ત્રીના શરીર પ્રમાણ પચરંગી સૂતરના તાર ૨૧ કરી ગાંઠ નવ દઈ (દરેક ગાંઠે ત્રણ ત્રણ વાર મંતરવી), ધૂપ દઈ, કમ્મરે બંધાવવાથી અધૂરો ગર્ભપાત થતો નથી. યંત્રનું નિરંતર પૂજન કરી, પંચામૃતે પખાલીને, તેનું ન્હવણ સગર્ભા સ્ત્રીને પાવાથી ગર્ભની વૃદ્ધિ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર.૨૪૦

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"કસુંબાના રંગથી રંગેલા સૂતરને ૧૦૮ વાર ઋદ્ધિ, મન્ત્ર વડે મંત્રી અને તેને ગુગળનો ધૂપ દઇ બાંધવાથી તથા યંત્રને પાસે રાખવાથી ગર્ભનું સ્તંભન થાય છે અને અસમયે ગર્ભનું પતન થતું નથી."

કાવ્ય. ૩૫—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो जल्लोसहिपत्ताणं।

મન્ત્ર—ૐ હ્રીં અર્હં नमो जयेविजये अपराजिते महालक्ष्मी अमृतवर्षिणी अमृतस्राविणी अमृतं भव[भव] वषट् सुधाय स्वाहा।

યન્ત્ર—બાર પાંખડીનું કમલ કરીને, કમલની મધ્યકર્ણિકામાં ૐકાર તથા બાકીની બાર પાંખડીઓમાં અનુક્રમે હ્રીં ૧ શ્રીં ૨ ક્રોં(ક્રૌં?) ૩ હ્રાં ૪ હ્રીં ૫ હ્રૂં ૬ હ્રઃ ૭ હર ૮ હર ૯ હ્રીં ૧૦ ન ૧૧ મઃ ૧૨ આ પ્રમાણે મન્ત્રાક્ષરો વલયાકારે લખી, તેના ઉપર વલય દઇને, તેના ઉપર ૐ **नमो गजगमने सर्वकल्याण मूर्त्तये रक्ष रक्ष नमः** આ મન્ત્ર વીંટીને તેના ઉપર વલય દઇને ઋદ્ધિ; મન્ત્ર વીંટીને; તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૧

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી, તથા યંત્ર મસ્તકે ધારણ કરવાથી મરકી તથા દુર્ભિક્ષનો ભય ઉપસ્થિત થતો નથી. વળી આ વિધિથી મન્ત્ર સિદ્ધ કરવો—પવિત્ર થઈ, સફેદ વસ્ત્ર પહેરી, પ્રથમ બતાવેલી વિધિ પ્રમાણેની સર્વ સામગ્રી કરીને, **ચક્રેશ્વરી**ની પૂજા કરીને, પંચામૃતથી ભરેલા કલશની સ્થાપના કરીને આંબાની પાટલી ઉપર અષ્ટગંધથી યંત્ર લખીને, પંચવર્ણી ફૂલોથી પૂજન કર્યા પછી સફેદ આસન પર બેસી, સફેદ જપમાલાથી ૧૨૫૦૦ સાડા બાર હજાર જાપ સાત દિવસમાં પુરા કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. મન્ત્ર સિદ્ધ થયા પછી યંત્રનું નિરંતર પૂજન કરીને, કાવ્ય ઋદ્ધિ તથા મન્ત્રના સાત વાર જાપ કરીને મરકીના રોગીને પંચામૃત ૧૦૮ વાર મન્ત્રીને પીવડાવવાથી મરકીનો રોગ નાશ પામે છે. તથા વળી દુર્ભિક્ષનો ભય ઉપસ્થિત થતો નથી.[૧]

તંત્ર:—ગુરૂ પુષ્યે વિદ્યા બ્રાહ્મી પંચાંગ, શતી (રાતી?) ભસ્મ ત્રિધાતુના માદળીઆમાં ધારણ કરવાથી મરકીનો ઉપદ્રવ લાગતો નથી.

ઇતિ પંચત્રિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિ કૃત ૩૫ મા યંત્રની વિધિ:—

આ યંત્ર શુભ દ્રવ્યથી ભોજપત્ર પર દીપાલિકા અથવા ગુરૂવારના રોજ પુષ્ય નક્ષત્રનો યોગ આવે છતે લખી, ત્રિધાતુના માદળીઆમાં નાખી માદળીઆને પંચામૃતમાં જુદા જુદા રાખી પછી પાંચમા દિવસે ધૂપ દઈ હાથે બાંધવાથી મરકી કોગળીઉ તથા દુર્ભિક્ષનો ઉપદ્રવ થતો નથી. યંત્રનું પંચામૃતથી પ્રક્ષાલન કરી મરકીના રોગી પુરુષને તે પીવડાવવાથી તે મરણ પામતો નથી અને ઘર મધ્યે પંચામૃત છાંટવાથી મરકી ઘરમાં પ્રવેશ કરી શકતી નથી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૨

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છે:—"ઉકત ઋદ્ધિ, મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી દુર્ભિક્ષ, ચોરી મરકી, રાજભય વગેરે સર્વ નાશ પામે છે."

કાવ્ય ૩૬—

ઋદ્ધિ:—ॐ ह्रीं अर्हं णमो विप्पोसहिपत्ताणं।

મન્ત્ર—ॐ ह्रीं श्रीं कलिकुंड दंडस्वामिन् आगच्छ आगच्छ आत्ममंत्रान् आकर्षय आकर्षय आत्ममंत्रान् रक्ष रक्ष परमंत्रान् छिन्द छिन्द मम समीहितं कुरु कुरु स्वाहा।

યંત્ર:—મધ્યમાં ચતુરસ્ર સોળ ખાનાં કરીને, તે ખાનાઓમાં વલયાકારે **ॐ ह्रां ह्रीं श्रीं क्लीं ब्लूँ ह र य म च म ह्रां ह्रीं ब्लूँ ह्रः** આ સોળ મન્ત્રાક્ષરો સ્થાપીને, તેના ઉપર વલય દઈને, તેના ઉપર વલયાકારે ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઈને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર ૨૪૩

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખવાથી, સુવર્ણ વગેરે ધાતુના વ્યાપારમાં લક્ષ્મીનો લાભ થાય, અને રાજમાન્ય થવાય, વળી પાંચ જણ વચ્ચે પોતાનું બોલેલું વાક્ય પ્રમાણભૂત ગણાય. વળી આ વિધિથી આ મન્ત્રની સાધના કરવી—પવિત્ર થઈ, પીળાં વસ્ત્ર પહેરી, વિધિપૂર્વક પૂજા સામગ્રી સર્વ કરીને, પંચામૃતથી ભરેલો ઘડો, [તથા] **ચક્રેશ્વરી**દેવીની ઉત્તર દિશાએ સ્થાપના કરી, પછી આંબાની પાટલિ ઉપર યંત્રની સ્થાપના કરી, પીળાં પુષ્પથી પૂજા કરી, પીળી જપમાલાથી બારહજાર જાપ કરીને મન્ત્ર સિદ્ધ કરવો. મન્ત્ર સિદ્ધ થયા પછી નિરંતર ૧૦૮ વખત તેનો જાપ કરવો[1]

તન્ત્ર—પુષ્યાર્કે કાચું કપુર, સોવીરાંજન, પાતાલતુંબ, પાતાલધૂપ, સફેદગિરીનો મૂલ અને પાતાલ ગુગલના ધૂમાડાની મેશ પાડીને, પોતાની આંખમાં અંજન કરીને, પિપલના પાંદડાં ૧૬ સોળ આંખે બાંધવાથી જે જગ્યાએ નિધાન હોય તે જગ્યાએ જવાલા દેખાય, જેટલા ભાગમાં જવાલા દેખાય, તેટલા ભાગમાં પ્રાચીન નિધાન છે એમ જાણવું.

ઇતિ ષટ્ત્રિંશત કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ

શ્રી **હરિભદ્ર**સૂરિકૃત છત્રીશમા કાવ્યની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા હસ્તાર્કે લખી, સોનાના માદળીઆમાં નાખી, ત્રણ દિવસ પંચામૃતમાં રાખી, તે પછી મસ્તકે ધારણ કરવાથી, સુવર્ણ નિધિ પ્રગટ થાય, વ્યાપારમાં તથા રાજદરબારમાં લાભ થાય, વળી પાંચજણ વચ્ચે પોતાનું બોલેલું વચન પ્રમાણભૂત ગણાય, વળી આંબાની પાટલી ઉપર આ યંત્રનું અષ્ટગંધથી ફૂલ, નૈવેદ્ય વગેરેથી નિરંતર પૂજન કરવાથી છ મહિનામાં નિધિ પ્રગટ થાય છે. અને સુવર્ણનો લાભ નિશ્ચયે કરીને થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર ૨૪૪

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છે:—"ઋદ્ધિ, મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી સંપત્તિનો લાભ થાય છે. ૧૨૦૦૦ બાર હજાર જાપ લાલ પુષ્પ વડે કરવાથી અને યંત્રનું પૂજન કરવાથી સંપત્તિનો લાભ જરૂર થાય છે."

કાવ્ય. ૩૯—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो सव्वोसहिपत्ताणं ।

મન્ત્ર—ॐ नमो भगवति अप्रतिचक्रे ऐं क्लीं ब्लूँ ॐ ह्रीं मनोवाँछित सिद्धयै नमो नमः अप्रतिचक्रे ह्रीं ठः ठः स्वाहा ।

યન્ત્ર—મધ્યમાં ગોલાકાર ખાનું કરીને ચાર દિશાએ ચાર અર્ધ ચંદ્રાકાર અને એજ પ્રમાણે પાંચ ખાનાનો ગોલાકાર યંત્ર કરીને તેની મધ્યમાં ॐ श्रीं ह्रीं क्रौं ह्रौं આ મંત્રાક્ષરોની સ્થાપના કરીને, તેના ઉપર ગોળ વલય દઈને, તેના ઉપર બાર હ્રૌ[1]કાર વીંટીને. તેના ઉપર વલય દઈને, ઋદ્ધિ મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઈને, યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૫

વિધિ:—આ કાવ્ય, ઋદ્ધિ મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્રને પાસે રાખવાથી દુર્જનના વાક્યનું સ્થંભન, સર્વજનને ન્યાય કર્તા વચનનું બોલવાપણું અને કીર્તિ તથા યશની વૃદ્ધિ થાય છે. વળી આ વિધિથી સાધના કરવી—પવિત્ર થઈ, સફેદ વસ્ત્ર પહેરી, વિધિપૂર્વક પૂજા સામગ્રી સર્વ કરીને, ઉત્તર દિશાએ **ચક્રેશ્વરી**ની સ્થાપના કરીને આંબાની પાટલી પર યંત્રની સ્થાપના કરીને, પહેલાં બતાવી ગયા છીએ તે વિધિથી પૂજા કરીને, સફેદ ફૂલોથી પૂજન કરીને, પછી ગુગલ, કપૂર, કસ્તુરી તથા કેસર સહિત ૧૦૦૮ એક હજાર આઠ ગુટીકા કરીને, એક ગુટીકાને એક કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રથી મન્ત્રીને ધૂપમાં હોમવી, એ પ્રમાણે ૧૦૦૮ એક હજાર આઠ ગુટીકાઓનો હોમ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. મન્ત્ર સિદ્ધ થયા પછી નિત્ય ૨૧ એકવીશ વખત મન્ત્રનું સ્મરણ કરીને, યંત્રનું પૂજન કરવાથી અને ૨૧ ગુટીકા હોમવાથી શત્રુ નમે.

તંત્ર:—અશ્વિની નક્ષત્રમાં ઘોડાના હાડકાંનો ખીલો સાત આંગળ પ્રમાણ શત્રુના ઘેર નાખવાથી(દાટવાથી) તે વશ થાય છે.[2]

ઇતિ સપ્તત્રિંશતિ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ૩૭ મા યંત્રની વિધિ:—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા શુભ દિવસે લખીને, રૂપાના માદળીઆમાં નાંખીને દૂધ, દહીં તથા ઘી એ ત્રણ મધ્યે ત્રણ ત્રણ દિવસે રાખીને, પછી માદળીયું મસ્તકે ધારણ કરવાથી અને વળી આ યંત્ર આંબાની પાટલી પર નવો લખી અષ્ટગંધ, ફૂલ સફેદ, નિવેદ, ફલ વગેરેથી પૂજન કરે તો દુર્જન વશ થાય છે. સર્વ જનનો ન્યાય કરવાવાળો થાય, કીર્તિ અને યશની વૃદ્ધિ થાય. તથા શત્રુ મિત્ર થઈ જાય. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૬

---

૧ ઘમાં 'બાર હીકાર વીંટવા' એવો પાઠ છે. ૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ઋદ્ધિ, મન્ત્ર વડે ૨૧ વાર પાણી મંત્રીને મૂખ પર છાંટવાથી અને યંત્ર પાસે રાખવાથી દુર્જન વશ થાય છે અને તેની જીભનું સ્થંભન થાય છે."

કાવ્ય ૩૮ –

ઋદ્ધિ:—ॐ ह्रीं अर्हं णमो मणबलीणं ।

મન્ત્ર:—ॐ नमो भगवते अष्टमहानागकुलोच्चाटिनी कालदंष्ट्रमृतकोत्थापिनी परमन्त्रप्रणाशिनी देवी शासनदेवते ह्रीं नमो नमः स्वाहा ।

યન્ત્ર—મધ્યમાં ખડ્ગાકાર કરીને, તે ખડ્ગાકારની મધ્યમાં **ॐ ह्रीं शत्रुविजय रणरणाग्रे ग्रां ग्रीं ग्रूं ग्रः नमः** આ મન્ત્ર લખીને, તેના ઉપર વલય દઈને, ઢેકાર અક્ષર ૨૧ એકવીશ લખીને, તેના ઉપર વલય દઈને, ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઈને યન્ત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૭

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી મદોન્મત્ત એવો હાથી પણ વશ થાય છે. વળી આ વિધિથી મન્ત્રની સાધના કરવી–પવિત્ર થઈ, પીળાં વસ્ત્ર પહેરીને, ઉત્તરદિશાએ પંચામૃતનો ઘડો અથવા **ચક્રેશ્વરી**દેવીની મૂર્તિની સ્થાપના કરવી, જમણી સૂંઢ વાળી ગણેશની મૂર્તિ રક્તચંદનની બનાવેલી સ્થાપન કરી, અગાઉ બતાવી ગએલી વિધિ મુજબ પૂજા, સામગ્રી સર્વે એકઠી કરીને, અષ્ટપ્રકારી **ચક્રેશ્વરી**ની પૂજા કરીને અને ગણેશની ઘી તથા સિંદુરથી પૂજા કરીને, પછી તાંબાના પતરાં પર યંત્રની અષ્ટગંધથી સ્થાપના કરી (લખી)ને પંચવર્ણના પુષ્પથી પૂજા કરી, પીળી જપમાલાથી કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રથી મોદક (લાડવા) લંબોદર (ગણપતિ) આગળ ધરાવવા, કુલ ૧૦૦૮ મોદક મન્ત્રીને લંબોદર આગળ ધરાવવાથી મન્ત્ર સિદ્ધ થાય છે, પછી તે લાડવા હાથીને ખવડાવી દેવાથી હાથી વશ થાય છે.[1]

તંત્ર—પુષ્યાર્કે ભુંડ, સુવરની વિષ્ટા જમીન ઉપર પડયા વગરની ગ્રહણ કરીને મિષ્ટાન્નની સાથે હાથીને ખાવા આપવાથી હાથી વશ થાય છે.

ઇતિ શ્રી અષ્ટાત્રિંશત્ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિકૃત ૩૮મા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી શુભદિવસે ભોજપત્ર પર લખીને, તાંબાના માદળીઆમાં નાખીને, પંચામૃતથી પખાલી, ભુજાએ ધારણ કરવાથી મદોન્મત્ત હાથી વશ થાય છે. વળી આ યંત્ર તાંબાના પતરાં પર અષ્ટગંધથી લખી નિરંતર ૨૧ફૂલથી પૂજન કરીએ તો લક્ષ્મીની વૃદ્ધિ થાય અને ભંડાર મધ્યે સ્થાપન કરીએ તો અખૂટ લક્ષ્મી રહે. નિત્ય પૂજવાથી હાથી વશ થાય. હાથીના ગલે બાંધવાથી હાથીનો મદ ઉતરી જાય. વળી પંચામૃતથી પખાલીને પાવાથી સર્પ પણ નિર્વિષ થઈ જાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૮

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છે:—"ઋદ્ધિ, મન્ત્ર જપવાથી અને યંત્ર પાસે રાખવાથી ધનનો લાભ થાય છે."

કાવ્ય ૩૯–

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो वयणबलीणं ।

મન્ત્ર—ॐ नमो पसु दत्तेषु वर्द्धमान तत्त तव भयहर वृत्ति वर्णा येषु मन्त्राः पुनः [पुनः] स्मर्तव्या अतो नापरमन्त्र निवेदनाय नमः स्वाहा ।

યન્ત્રઃ—મધ્યમાં ચતુરસ્ર બાર ખાના કરીને,[1] તે બાર ખાનાની મધ્યમાં **ॐ नमो भगवते भयविध्वंस ह्राँ ह्रीं ह्रौं[2] श्रीं** । આ મન્ત્ર સ્થાપીને, તેના ઉપર વલય દઈને, ચઉદ **क्लौं[3]**કાર વીંટીને, તેના ઉપર વલય દઈને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૪૯

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર ભુજાએ ધારણ કરવાથી માર્ગમાં સિંહ, વાઘ વગેરેનો ઉપદ્રવ થતો નથી. વળી પ્રથમ આત્મસાધના કરી, પવિત્ર થઈ, પીળાં વસ્ત્ર પરિધાન કરીને, પૂર્વાભિમુખે **ચક્રેશ્વરી**દેવીની મૂર્તિ સ્થાપન કરીને, પૂજા સામગ્રી સર્વ ભેગી કરીને, અષ્ટ પ્રકારે **ચક્રેશ્વરી**નું પૂજન કરીને, નૈવેદ્ય, ફલ, શ્રીફલાદિ સર્વ આરતિ સુધી કરીને, પછી સુગંધીદ્રાર પીળાં પુષ્પથી પૂજન કરી, વળી તામ્રપત્ર પર અષ્ટગંધથી યંત્ર લખી સ્થાપન કરીને, ગુગલ, કપૂર, કેસર, કસ્તુરીની ઘી મિશ્રિત ૧૦૦૮ ગુટિકા કરીને, પીળી જપમાલા પર જપીને, એકેક ગુટિકા ધૂપમાં હોમવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. પછી કામવેલાએ ૨૧વાર મન્ત્રનું સ્મરણ કરવાથી સિંહ, વાઘનો ભય ઉપસ્થિત થતો નથી.[4]

તન્ત્ર—રવિવારના દિવસે સિંહની દાઢ, બિલાડાનો દાંત, ભૂંડ, સુવરનો દાંત તથા શિઆલનો દાંત લાવીને ત્રિધાતુના માદળીઆમાં પુષ્યાર્કે નાખીને, ભુજાએ ધારણ કરવાથી સિંહનો ભય લાગતો નથી.

ઇતિ એકોનચત્વારિંશત્ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી **હરિભદ્રસૂરિ** કૃત ઉલ્કા યંત્રની વિધિઃ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા શુભદિને લખીને, તાંબાના માદળીઆમાં નાખીને, નૈવેદ્ય, પુષ્પ, ફલથી પૂજન કરીને, પંચામૃતથી પખાલી, ભુજાએ ધારણ કરવાથી સિંહ તથા વાઘનો ઉપદ્રવ થતો નથી. વળી નિરંતર તાંબાના પતરાં પર લખીને પીળાં ૧૦૮ પુષ્પ વડે નિત્ય પૂજન કરનારને મુક્તાફલનો લાભ થાય છે. છ માસ સુધી કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રનું સ્મરણ કરવાથી શ્વાપદના ભયનો નાશ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૦

---

૧ ઘમાં 'પંદર ખાના કરીને' પાઠ છે. ૨ ઘમાં 'ह्रौं' પાઠ છે. ૩ ઘમાં 'क्रौं'કાર પાઠ છે, ૪ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ "ઋદ્ધિ, મન્ત્ર જપવાથી અને યંત્ર પાસે રાખવાથી સર્પનો ભય ઉપસ્થિત થતો નથી."

કાવ્ય ૪૦–

ઋદ્ધિ:—ॐ ह्रीं अर्हं णमो कायबलीणं ।

મન્ત્ર:—ॐ ह्रीं श्रीं क्लीं ह्वाँ ह्रीं अग्नि उपशमनं कुरू कुरू स्वाहा ।

યંત્ર—બાર પાંખડી વાલા કમલની મધ્ય કર્ણિકામાં સાધકનું નામ (દેવદત્ત) લખીને, બાર પાંખડીઓમા ॐ सौं ह्रीं क्रौं ल्वौं (ब्लौं ?) सुंदरवाय नमः લખીને, ઉપર વલય દઇને, તેના ઉપર સૌંકાર પંદર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૧

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખવાથી અગ્નિનો ઉપદ્રવ થતો નથી. વળી આ વિધિથી મન્ત્રની સાધના કરવી–પવિત્ર થઇને અગ્નિ ખુણે અથવા પૂર્વદિશાએ પંચામૃતથી ભરેલો ઘડો, ચક્રેશ્વરીની સ્થાપના કરીને, પહેલાંની વિધિ પ્રમાણે પૂજા સામગ્રી એકઠી કરીને, લાલ વસ્ત્ર પહેરીને, અષ્ટ પ્રકારે ચક્રેશ્વરીની પૂજા કરીને, તાંબાના પતરાં પર યન્ત્ર અષ્ટગંધથી લખી સ્થાપના કરીને, સુગંધીવાળાં લાલફૂલથી પૂજન કરીને, લાલ આસન પર પૂર્વાભિમુખ બેસીને, લાલ જપમાલા પર કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રના ૧૨૦૦૦ બાર હજાર જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. સિદ્ધ થયા પછી જ્યાં જ્યાં અગ્નિ લાગતો હોય ત્યાં ત્યાં પંચામૃતથી અથવા શુદ્ધ જલથી ૧૦૮વાર મંત્રીને જલધારા ૨૧વાર દેવાથી અગ્નિ શાંત થઈ જાય છે.[1]

તંત્ર—પુષ્યાર્કે શિયાલણીની દાઢ અને લજ્જાલુ પંચાંગ, ત્રિધાતુના માદળી-આમાં નાખીને ધારણ કરવાથી અગ્નિથી નિર્ભય થવાય છે.

ઇતિ ચત્વારિંશત્ કાવ્ય પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ૪૦મા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે, મૂલાર્કે અથવા દિવાલીના દિવસે લખીને, ત્રિધાતુના માદળીઆમાં નાખીને, ત્રણ ત્રણ દિવસ પંચામૃતમાં નાંખીને, પછી મસ્તકે ધારણ કરવાથી અગ્નિની જવાલાનો ભય લાગતો નથી. વળી તાંબાના પતરાં ઉપર નવીન યંત્ર ઘરે લખીને, સફેદ ૨૧ ફૂલથી તથા ફલ, નૈવેદ્યથી પૂજન કરીને, તેના પ્રક્ષાલનનું પંચામૃત ઘરમાં નિરંતર છાંટીએ તો કદાપિ કાલે અગ્નિનો ભય ઉપસ્થિત થતો નથી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૨

---

૧ ઘર્મા વિધિ આ પ્રમાણે છે:—"ઋદ્ધિ, મન્ત્ર વડે ૨૧વાર મંત્રેલું પાણી ઘરની ચારે બાજુએ છાંટવાથી અને યંત્ર પાસે રાખવાથી અગ્નિનો ભય મટી જાય છે."

કાવ્ય ૪૧—

ઋધિ—ૐ હ્રીં અર્હં णमो खीरासवीणं।

મંત્ર–ૐ नमो आँ श्रीं श्रूँ श्रः जलदेव्या पद्महृदनिवासिनि पद्मोपरिसंस्थिते सिद्धिं देहि मनोवांछितं कुरू कुरू स्वाहा।

યંત્રઃ—હસ્તાકાર યંત્ર કરીને, અંગુઠાની મધ્યમાં પાંચ ૐકારની સ્થાપના કરવી, તર્જનીની મધ્યમાં પાંચ હ્રીંકારની સ્થાપના, મધ્યમાની મધ્યમાં પાંચ શ્રીંકારની સ્થાપના, અનામિકાની મધ્યમાં પાંચ ક્લીં કારની સ્થાપના, કનિષ્ઠિકામાં પાંચ ગ્લૌંકારની સ્થાપના કરવી, તે પછી હાથના તલીઆમાં ૐ હ્રીં શ્રીં आदिदेवाय હ્રીં नमः લખીને, હસ્તાકારને ફરતો વલય દઇને, તેના ઉપર ઋદ્ધિ, મન્ત્ર લખીને તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૩

વિધિઃ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી સર્પનો તથા ઝેરનો ભય ઉપસ્થિત થતો નથી. વળી આ મન્ત્રની સાધના આ પ્રમાણે કરવી–વિધિપૂર્વક પવિત્ર થઈ, સફેદ વસ્ત્ર ધારણ કરી, પંચામૃત કુંભાદિ ચક્રેશ્વરીની મૂર્તિ અષ્ટપ્રકારે પૂજીને સ્થાપીને, આંબાની પાટલી પર યંત્રની સ્થાપના કરીને, સફેદ પુષ્પથી પૂજીને, સફેદ જપમાલાથી ૧૨૦૦૦ બાર હજાર જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. નિરંતર યંત્રનું પૂજન કરતાં ૨૧ વખત મન્ત્રનું સ્મરણ કરવું, વળી જેને ઝેર ચઢયું હોય તેને પંચામૃત અથવા પવિત્ર પાણી ૨૧ વાર મંત્રીને પાવાથી ડંખમાંથી ઝેર જતું રહે છે.[1]

તન્ત્ર—પુષ્યાર્કે નિર્વિષી પંચાંગ અને મોરશિખા, ત્રિધાતુના માદળીઆમાં ધારણ કરવાથી સર્પ કરડતો નથી અથવા ડંખે લેપ કરવાથી ઝેર ઉતરી જાય છે.

ઇતિ એકતાલીસમા કાવ્યની પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ૪૧ મા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા સારા દિવસે લખીને, માદલીઆમાં નાંખીને, દહીં, દૂધ, ઘી વગેરે પંચામૃતમાં ત્રણ ત્રણ દિવસ રાખીને, પછી ભુજાએ ધારણ કરવાથી સર્પનો ભય ઉપસ્થિત થતો નથી. વળી આ યંત્રનું નિરંતર સફેદ ફૂલ ૨૧ એકવીશ તથા નૈવેદ્ય અને ફલથી જે પૂજન કરે તેના ઘેર સર્પ પ્રવેશ કરતો નથી. વળી પુષ્યાર્કે ઘડાવેલા રૂપાનાં પતરાં ઉપર અથવા આંબાની પાટલી ઉપર આ યંત્ર અષ્ટગંધથી લખીને, બીજા વિંછિ વગેરેનું જંગમ અથવા સ્થાવર ઝેર જે કોઇને ચઢયું હોય તેને આ યંત્ર પંચામૃતથી પખાલીને તેના ન્હવણનું પાણી પીવડાવવાથી તે ઝેરથી મુક્ત થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૪

૧ ઘ માં વિધિ આ પ્રમાણે છે—"ઋદ્ધિ, મન્ત્ર જપવાથી અને યંત્ર પાસે રાખવાથી રાજદરબારમાં સન્માન મળે છે અને ઝાડવાથી સર્પનું વિષ ઉતરે છે."

કાવ્ય ૪૨—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो सव्वोपसवाणं।

મન્ત્ર—ૐ नमो नमिऊण विसहर विस प्रणाशन रोग शोक दोष ग्रह कप्पदुम-च्चजायइ सुहनाम गहण सकल सुह दे ૐ नमः स्वाहा।

યંત્રઃ—મધ્યમાં ચતુરસ્ર દસ ખાના કરીને, **ૐ હ્રીં શ્રીં बलपराक्रमाय नमः** આ મન્ત્રની સ્થાપના તે દસ ખાનામાં કરીને, તેના ઉપર ગોલાકાર કરીને, તેના ઉપર ફરતા ૧૮ ઁકાર વીંટીને, તેના ઉપર વલય દઈને, ઋદ્ધિ મન્ત્ર વીંટીને તેના ઉપર વલય દઈને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૫

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર મસ્તકે ધારણ કરવાથી યુદ્ધ, સંગ્રામનો ભય ઉપસ્થિત થતો નથી. રાજાનો કોપ ઉપશમે છે અને પોતાના બલ તથા પરાક્રમમાં વૃદ્ધિ થાય છે. વળી આ વિધિથી મન્ત્રની સાધના કરવી—પવિત્ર થઇ, રાતાં વસ્ત્ર પરિધાન કરીને, પંચામૃતથી ભરેલો રૂપાનો કલશ, **ચક્રેશ્વરી**ની મૂર્તિ તથા **ભૈરવ**ની મૂર્તિ, બંને મૂર્તિઓ પૂર્વ દિશાએ સ્થાપન કરીને, પછી પહેલાં બતાવી ગયા છીએ તે વિધિ પ્રમાણે પૂજા સામગ્રી કરીને, **ચક્રેશ્વરી**ની અષ્ટપ્રકારે પૂજા કરીને, **ભૈરવ**ની તેલ, સિંદૂરથી પૂજા કરીને, રાતાં ફૂલથી પૂજીને, રક્તચંદનની પાટલિ પર યંત્રની સ્થાપના કરીને, રાતી જપમાલાથી ૧૨૫૦૦ સાડા બારહજાર જાપ કાવ્ય, ઋદ્ધિ અને મંત્ર સહિત કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. મન્ત્ર સિદ્ધ થયા પછી નિરંતર ૧૦૮ અથવા ૨૧ વખત જાપ કરવો.[1]

તન્ત્ર—પુષ્યાર્કે શુદ્ધ હાથા જોડી, ત્રિધાતુના માદળીઆમાં ધારણ કરવાથી, સબલ એવો સેનાધિપતિ પણ પગમાં પડે છે અને સર્વ કાર્યમાં નિરંતર નિર્ભય થવાય છે.

ઇતિ બેંતાલીસમા કાવ્યની પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિકૃત ૪૨ મા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા દીપાલિકાના દિવસે વિધિ પૂર્વક લખીને, ત્રિધાતુના માદળીઆમાં નાંખીને, દહીં, દૂધ અને ઘી એ ત્રણમાં ત્રણ ત્રણ દિવસ રાખીને, પંચામૃતથી પખાલીને, મસ્તકે ધારણ કરવાથી રાજ્ય કોપથી તથા સંગ્રામના ભયથી મુક્ત થવાય છે. વળી રૂપાનાં પતરાં પર લખી ૨૧ વાર સફેદ ફૂલથી પૂજન કરનારને વાસુદેવ પણ નમસ્કાર કરે છે અને સર્વ પ્રકારે તે પૂજન કરનાર નિર્ભય થાય છે. આ યંત્રને પૂજન કરેલા અષ્ટગંધનું તિલક કરીને બહાર જવાથી ત્રણે જગતનાં લોકો નિશ્ચયે કરીને નમસ્કાર કરે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૬

---

૧ ઘ માં વિધિ આ પ્રમાણે છેઃ—"ઋદ્ધિ, મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી યુદ્ધનો ભય રહેતો નથી."

કાવ્ય. ૪૩—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो मद्दुआसवीणं ।

મન્ત્ર—ૐ નમો ચક્રેશ્વરી[દેવી] ચક્રધારિણી જિનશાસનસેવાકારિણી ક્ષુદ્રોપદ્રવવિનાશિની ધર્મશાંતિકારિણી નમઃ કુરુ કુરુ સ્વાહા ।

યન્ત્રઃ—મધ્યમાં ચાર ખાનાનું કમલ કરીને, તેની મધ્ય કર્ણિકામાં ૐ લખીને ચાર પાંખડીઓમાં હ્રીં શ્રીં નમઃ લખીને. તેના ઉપર વલય દઇને પંદર ધં કાર લખીને, તેના ઉપર વલય દઇને, તેના ઉપર ઋદ્ધિ, મન્ત્ર ફરતાં લખીને, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૭

વિધિ—આ યંત્ર સાધનાની વિધિ ઉપરના કાવ્યોની વિધિ પ્રમાણે જ જાણવી. આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી દરેક કાર્યમાં વિજય પ્રાપ્ત થાય છે.

તંત્રઃ—પુષ્યાર્કે સહદેવી પંચાંગ, ચક્રાંકા પંચાંગ, લજ્જાલુ પંચાંગ તથા ચમક પાષાણનું તિલક કરવાથી વિજય થાય છે.

ઇતિ તેંતાલીશમા કાવ્યનો પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ૪૩મા યંત્રની વિધિ—

આ વિજયપતાકા યંત્ર અષ્ટગંધથી ભોજપત્રના ઉપર દીવાળીના દિવસે લખી, સોનાના માદળીઆમાં નાખી, પંચામૃતે પખાલી મસ્તકે ધારણ કરવાથી યુદ્ધમાં જય થાય છે. વળી આ જ યંત્ર રૂપાનાં પતરાં પર લખીને, ૧૦૮ એકસો આઠ ચંપેલીના ફૂલોથી હમેશાં પૂજન કરવાથી ઋદ્ધિની વૃદ્ધિ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૮

કાવ્ય ૪૪—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अमीआसवोणं ।

મન્ત્ર—ૐ નમો રાવણાય વિભીષણાય કુંભકરણાય લંકાધિપતયે મહાબલપરાક્રમાય મનશ્ચિંતિત કાર્યં કુરૂ કુરૂ સ્વાહા ।

યંત્રઃ—આઠ પાંખડીવાલા કમલની મધ્ય કર્ણિકામાં ૐ કાર લખીને, આઠ પાંખડીઓમાં ગ્લૌં કાર લખવા, તેના ઉપર વલય દઈને, બાર હ્રીંકાર લખવા, તેના ઉપર વલય દઇને ઋદ્ધિ, મન્ત્ર લખવા તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૫૯

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ તથા મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી, સમુદ્રના ભયનો નાશ થાય છે, સમુદ્રમાં વહાણ ડુબતાં નથી, પોતાનું શરીર પાણીમાં ડુબતું નથી અને તરીને પાર ઉતરાય છે. વળી આ વિધિથી મન્ત્રની સાધના કરવી–પવિત્ર થઈ, સફેદ વસ્ત્ર પહેરીને, પંચામૃત ભરેલો ઘડો, ચક્રેશ્વરીની ઉત્તર દિશાએ સ્થાપના કરીને, અષ્ટ પ્રકારે ચક્રેશ્વરીની પૂજા કરીને, આરતી સુધીની સર્વ ક્રિયા કરીને, સફેદ ફૂલથી પૂજા કરીને, પછી રૂપાની પાટલી અથવા આંબાની પાટલી પર યંત્રની સ્થાપના કરીને, પછી સફેદ જપમાલાથી ૧૦૦૮ એક હજારને આઠ જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે અને સિદ્ધ થયા પછી કાર્ય વખતે ૨૧ એકવીશ વખત સ્મરણ કરીને, યંત્રની પૂજા કરવાથી સમુદ્ર સંબંધીના સર્વ ભય દૂર થાય છે.[1]

તંત્ર—પુષ્યાર્કે રામ, લક્ષ્મણ પંચાંગ અને રાજહંસી પંચાંગ, ત્રિધાતુના માદળીઆમાં ધારણ કરવાથી સમુદ્રને વિષે ભય ઉત્પન્ન થતો નથી.

ઇતિ ચુંમાશલીમા કાવ્યનો પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રીહરિભદ્રસૂરિ કૃત ૪૪ મા યંત્રની વિધિઃ—

આ યંત્ર ભોજપત્ર પર અષ્ટગંધથી શુભ દિને લખીને, ત્રિધાતુના માદળીઆમાં નાખીને, ત્રણ ત્રણ દિવસ પંચામૃતમાં નાખીને, પછી ધૂપ દઈને, ભૂજાએ બાંધીને સમુદ્રગમન કરવાથી સમુદ્ર સંબંધી કોઇ પણ જાતનો ઉપદ્રવ થતો નથી, વહાણ વગેરે ક્ષેમકુશલ પાર ઉતરી જાય છે, નિત્ય પૂજન કરવાથી કદાપિ ડુબે નહિ અને તરીને પાર તુરત જ ઉતરી જાય છે. વળી આ યંત્ર વહાણની ધ્વજાએ બાંધવાથી કુશલક્ષેમ તુરત જ પાર ઉતરી જવાય છે અને સમુદ્રના ભયનો નાશ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૦

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ–"ઋદ્ધિ, મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી (સમુદ્રની) આપત્તિ દૂર થાય છે, સમુદ્રમાં તોફાનનો ભય રહેતો નથી અને સમુદ્રપાર કરી શકાય છે."

કાવ્ય. ૪૫—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो अक्खीणमहाणसीणं ।

મન્ત્ર—ॐ नमो भगवति क्षुद्रोपद्रवशान्तिकारिणी रोगकष्टज्वरोपशमनं शान्तिं कुरू कुरू स्वाहा ।

યન્ત્ર—મધ્યમાં ચોરસ સોળ ખાના કરીને, તે સોળ ખાનામાં **ॐ ह्रीं भगवते भयभीषणहराय नमः** એ મન્ત્રની સ્થાપના કરીને, તેના ઉપર ગોળાકાર વલય દઇને, તેના ઉપર સોળ ઝંકાર વીંટીને, તેના ઉપર વલય દઇને ઋદ્ધિ, મંત્ર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૧

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી વ્યાધિની પીડા શાંત થાય છે, વળી મહાભયાનક મરણ ભય, જલોદર, ભગંદર, મરકી વગેરેનો ભય, અઢાર જાતના કોઢ રોગ, સર્વ શાંત થાય છે. વળી તેની આ પ્રમાણે સાધના કરવી—પવિત્ર થઈ, પીળાં વસ્ત્ર પહેરીને, શુદ્ધ ભૂમિએ પંચામૃત કુંભ, **ચક્રેશ્વરી** તથા **ગૌતમસ્વામી** બંનેની મૂર્તિઓ દક્ષિણદિશાએ સ્થાપન કરીને, પહેલાં કહી ગયા છીએ, તે વિધિએ પૂજા, સામગ્રી સર્વ કરીને, **ચક્રેશ્વરી** માતાની અષ્ટ પ્રકારે પૂજા કરીને, પછી **ગૌતમસ્વામી**ની સુગંધચૂર્ણથી (વાસક્ષેપથી) પૂજા કરીને, આંબાની પાટલી પર યંત્ર સ્થાપન કરીને, પાંચ વર્ણના પુષ્પથી પૂજા કરીને, પીળી જપમાલાથી ૧૦૦૮ એક હજારને આઠ જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. મન્ત્ર સિદ્ધ થયા પછી નિરંતર ૨૧વાર પંચામૃતનું પાન તથા છંટકાવ કરવાથી દરેક જાતના રોગ ઉપશમે છે.[1]

તન્ત્ર—પુષ્યાર્કે મિંઢાસિંગી પંચાંગ, નાગદમની પંચાંગ રોગી ઉદરે તથા ભયે હસ્તે ધારણ કરવાથી રોગનો અને ભયનો નાશ થાય છે.

ઇતિ પીસ્તાલીસમા કાવ્યનો પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત ૪૫ મા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા દીવાલીની રાત્રે લખીને, રૂપાના માદળીઆમાં નાખીને, દહીં, દૂધ અને ઘી એ ત્રણેમાં ત્રણ ત્રણ દિવસ રાખીને, પછી પંચામૃતથી પખાલી, ગળાને વિષે ધારણ કરવાથી મહાભય, જલોદર, ભગંદર, કોઢરોગ, મરકી વગેરે ઉપદ્રવમાં રક્ષા થાય છે. વળી નિરંતર પંચામૃતથી પખાલી, પીવાથી સર્વ રોગનો નિશ્ચયે કરીને નાશ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૨

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ઋદ્ધિ, મન્ત્રની આરાધનાથી અને યંત્ર પાસે રાખવાથી મોટામાં મોટો ભય પણ દૂર થઈ જાય છે, પ્રતાપ પ્રગટ થાય છે, રોગ નષ્ટ થાય છે. અને કોઈ પણ જાતના ઉપસર્ગનો ભય રહેતો નથી."

કાવ્ય ૪૬–

ઋદ્ધિઃ—ॐ ह्रीं अर्हं णमो सिद्धादयाद्माणं।

મન્ત્રઃ—ॐ नमो ह्रां ह्रीं श्रीं ह्रूँ ह्रौं ह्रः ठः ठः [ठः] जः जः [जँ:] क्षां क्षीं क्षूं क्षः क्षयौ स्वाहा।

યન્ત્ર—મધ્યમાં ષટ્કોણ કરીને, ષટ્કોણની મધ્યમાં **ह्रूम्ल्र्यूं** લખીને, છએ આનામાં ॐકાર લખવા, છ આનાની બહારના ખુણા ઉપર **श्रीं**કાર લખવા, પછી વલય દઈને, તે ઉપર ફરતા પચીશ **ऐं**કાર લખીને, તેના ઉપર વલય દઈને, ઋદ્ધિ, મન્ત્ર ફરતા વીંટીને, તેના ઉપર વલય દઈને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૩

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરવાથી તથા યંત્ર પાસે રાખવાથી, બંદીખાનાથી છૂટે, રાજ્યના તરફથી બંદીખાનાનું સંકટ ઉપસ્થિત થયું હોય તેનાથી શીઘ્ર છૂટે, વળી નિબિડ બંધને બાંધેલી લોઢાની સાંકળો તથા બેડીઓ પણ તેની પોતાની જાતે જ તૂટી પડે છે. આ કાવ્ય વગેરેનું સ્મરણ કરવાથી એકવીશ દિવસમાં જરૂર બંધનમુક્ત થાય છે. વળી આ વિધિથી પ્રથમ સાધના કરવી–પવિત્ર થઈ, પૂર્વ દિશાએ પંચામૃત કુંભ, **ચક્રેશ્વરી** તથા **ક્ષેત્રપાલ**ની સ્થાપના કરીને, પીળાં વસ્ત્ર પહેરીને, અષ્ટ પ્રકારે **ચક્રેશ્વરી**ની પૂજા કરવી તથા તેલ અને સિંદૂરથી **ક્ષેત્રપાલ**ની પૂજા કરીને, આંબાની પાટલી ઉપર યંત્રની સ્થાપના કરીને, પીળાં પુષ્પથી પૂજન કરી, પીળી જપમાલાથી ૧૨૦૦૦ બાર હજાર જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. સંકટ આવે ૧૦૮ વાર નિરંતર મન્ત્ર બોલીને, યંત્રનું પૂજન કરીને, પંચામૃત શરીરે છાંટવાથી બંધનથી મૂક્ત થાય છે.[1]

તંત્રઃ—પુષ્યાર્કે કાળો ધતૂરો પંચાંગ, ચમક પત્થર તથા ધુવડની જીભનું તિલક કરવાથી બંધનથી મૂક્ત થાય છે.

ઈતિ છેંતાલીસમા કાવ્યની, પંચાંગ વિધિ સમાપ્ત.

શ્રી હરિભદ્રસૂરિકૃત ૪૬ મા યંત્રની વિધિઃ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર શુભ દિવસે લખીને, ત્રિધાતુના માદળીઆમાં નાખીને, પંચામૃતમાં ત્રણ ત્રણ દિવસ રાખીને, પછી મસ્તકે અથવા ભૂજાએ ધારણ કરવાથી બંદીખાનામાં પડાતું નથી, કદાચિત્ બંધન યુક્ત હોય તો યંત્ર બાંધવાથી તુરત બંધનથી છૂટે છે, બેડી બંદીખાનાની તુરત તૂટી જાય છે અને બંદીખાનાની સજા નિશ્ચયે કરીને માફ થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૪

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"ઋદ્ધિ, મન્ત્ર જપવા, યંત્ર પાસે રાખવો, તથા યંત્રની ત્રિકાળ પૂજા કરવાથી કેદખાનામાંથી છૂટકારો થાય છે, રાજા વગેરેનો ભય રહેતો નથી. દરરોજ ૧૦૮વાર જાપ કરવા જોઇએ."

કાવ્ય. ૪૭—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो वड्ढमाणाणं।

મન્ત્ર—ૐ नमो ह्रां ह्रीं ह्रूँ ह्रौं ह्रः यक्षः श्रीं-ह्रीं फट् स्वाहा।

યન્ત્ર—મધ્યમાં સોળ ખાના ચોરસ કરીને, તે સોળ ખાનાની મધ્યમાં ૐ **नमो भगवते उन्मत्त भयहराय नमः।** આ મન્ત્ર સ્થાપન કરીને, તેના ઉપર ગોલાકાર કરીને **भयहर** શબ્દ ચોવીશ વખત લખીને, તેના ઉપર વલય દઇને, ઋદ્ધિ, મન્ત્ર વીંટીને, તેના ઉપર વલય દઇને યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૫

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનું સ્મરણ કરીને, યંત્ર પાસે રાખવાથી છ ખંડ પૃથ્વી સાધવી હોય તો છ ખંડ પૃથ્વી સાધી શકાય છે, અને બધા પ્રણામ કરે છે. વળી આ વિધિથી મન્ત્રની સાધના કરવી–પવિત્ર થઇ, રાતાં વસ્ત્ર પહેરીને, ઉત્તરદિશાએ પ્રથમ કહી ગયા છીએ તે વિધિએ **ચક્રેશ્વરી**, પંચામૃત કુંભની સ્થાપના કરીને, પછી અષ્ટપ્રકારે **ચક્રેશ્વરી**નું પૂજન કરીને, પછી ચાર લોગપાલની પૂજા કરીને, પછી ચાર શ્રીફલની સ્થાપના કરીને, બલિ, બાકુલા, નૈવેદ્ય તથા પંચવર્ણી ફૂલોથી પૂજન કરીને, આંબાના પાટીઆ પર યંત્રની સ્થાપના કરીને, પછી રાતી જપમાલાથી ૯૦૦૦ નવ હજાર જાપ કરવાથી મન્ત્ર સિદ્ધ થાય છે. મન્ત્ર સિદ્ધ થયા પછી નિરંતર ૨૧વાર અને કાર્ય વખતે ૧૦૮ વાર મન્ત્રનો જાપ કરવો.[1]

તંત્ર—પુષ્યાર્કે શિયાલશિંગી તથા શિવલિંગી પંચાંગ, ત્રિધાતુના માદળીઆમાં ધારણ કરવાથી દરેક દિશાએ વિજય થાય છે.

ઇતિ સુડતાલીસમા કાવ્યની પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી **હરિભદ્રસૂરિ** કૃત સુડતાલીસમા યંત્રની વિધિ—

આ યંત્ર અષ્ટગંધથી ભોજપત્ર પર પુષ્યાર્કે અથવા શુભ દિવસે લખીને, સોનાના માદળીઆમાં નાખીને, નૈવેદ્ય, ફૂલ, પુષ્પથી પૂજન કરીને પંચામૃતથી પખાલીને, મસ્તકે ધારણ કરવાથી સર્વ દિશાઓમાં વિજય થાય છે અને સર્વ દુશ્મનો વશ થાય છે. વળી આ યંત્ર રૂપાનાં પતરાં પર લખીને, તેનું ચંબેલીના અથવા મોગરા વગેરેનાં સફેદ ૨૧ ફૂલથી નિરંતર પૂજન કરવાથી કોઇપણ દુશ્મન યુદ્ધ કરવા તૈયાર થતો નથી અને સર્વ દુશ્મન વશ થઇને સેવા કરે છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૬

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છે:—"ઋદ્ધિ, મન્ત્રની આરાધના કરીને, શત્રુ પર ચઢાઈ કરનારને વિજયલક્ષ્મી પ્રાપ્ત થાય છે, શત્રુ વશ થાય છે, શત્રુનાં શસ્ત્રોની ધાર નકામી થઇ જાય છે અને બંદુકની ગોળી, બરછી વગેરેના ઘા લાગતા નથી."

કાવ્ય. ૪૮—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो ૐ હ્રીં અર્હં णमो भयवं महावीर वड्ढमाणं ह्रां હ્રીં હ્રૂં હ્રૌં હ્રઃ अ सि आ उ सा ह्रौं ह્રાં સ્વાહા।

મન્ત્ર—ૐ नमो बंभचेरधारिणस्स अठारसहस्स शीलांगरथधारिणेभ्यो नमः સ્વાહા।

યંત્રઃ—મધ્યમાં અષ્ટ પાંખડીનું કમલ કરીને, વચ્ચેની કર્ણિકામાં **દેવદત્ત** લખીને, આઠ પાંખડીઓમાં **ૐ હ્રીં લક્ષ્મી પ્રાપ્ત્યૈ (પ્રાપ્તિ) નમઃ** લખીને, તેના ઉપર વલય દઇને, તેના ઉપર સોળ [પાંખડીઓમાં] **શ્રીં**કાર ફરતા વીંટીને, તેના ઉપર વલય દઇને, યંત્ર સંપૂર્ણ કરવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૭

વિધિ—આ કાવ્ય, ઋદ્ધિ, મન્ત્રનું સ્મરણ કરવાથી અને યંત્ર પાસે રાખવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. વળી આ યંત્રનું દરરોજ પૂજન કરવાથી તથા સ્તોત્રનો સંપૂર્ણ પાઠ કરવાથી અષ્ટસિદ્ધિ અને નવનિધિની પ્રાપ્તિ થાય છે. વળી પવિત્ર થઇ, પીળાં વસ્ત્ર ધારણ કરી, ઉત્તર દિશાએ પંચામૃત કલશ, **ચક્રેશ્વરીદેવી**ની સિંહાસન પર સ્થાપના કરીને, પહેલાંની વિધિ પ્રમાણે સામગ્રી સર્વ એકઠી કરીને, અષ્ટપ્રકારે **ચક્રેશ્વરી**નું પૂજન આરતિ સુધી સર્વ કરીને, પીળાં પુષ્પથી પૂજન કરીને, અષ્ટગંધથી રૂપાનાં પતરાં પર યંત્રની સ્થાપના કરીને, પીળી જપમાલાથી આ કાવ્ય, ઋદ્ધિ અને મન્ત્રનો સાડાબાર હજાર અથવા પુરો એક લાખ જાપ છ મહિનામાં સંપૂર્ણ કરીને મન્ત્ર સિદ્ધ કરવો. પછી નિરંતર ૧૦૮ વાર જાપ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે[1]

તંત્રઃ—પુષ્યાર્ક યોગે સફેદ આકડો કે જેની સાતમી ગ્રંથિ ગણેશાકાર હોય છે, તે લાવીને દ્રવ્યની અંદર રાખવાથી અષ્ટસિદ્ધિ તથા નવનિધિની પ્રાપ્તિ થાય છે.

ઇતિ અડતાલીસમા કાવ્યની પંચાંગ વિધિ સંપૂર્ણ.

શ્રી હરિભદ્રસૂરિ કૃત અડતાલીસમા યંત્રની વિધિઃ—

આ યંત્ર લોજપત્ર પર અષ્ટગંધથી લખી સોનાના માદળીઆમાં શુભ દિવસે નાખીને, ત્રણ દિવસ પંચામૃતમાં રાખી, પછી મસ્તકે ધારણ કરવાથી લક્ષ્મીની પ્રાપ્તિ થાય છે. વળી રૂપાનાં પતરાં ઉપર અષ્ટગંધથી લખીને નિરંતર પંચવર્ણી પુષ્પ, નૈવેદ્ય તથા ફલથી પૂજન કરવાથી લક્ષ્મીની વૃદ્ધિ, અષ્ટસિદ્ધિ તથા નવનિધિની પ્રાપ્તિ છ મહિનામાં થાય છે. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૮

---

૧ ઘમાં વિધિ આ પ્રમાણે છેઃ—"૪૯ દિવસ સુધી ૧૦૮વાર જપવાથી અને યંત્ર પાસે રાખવાથી મનોવાંછિત કાર્યની સિદ્ધિ થાય છે અને જેને પોતાના આધીન કરવો હોય તેના નામનું ચિંતવન કરવાથી તે પોતાને વશ થાય છે."

કલ્યાણમંદિર સ્તોત્ર.

——(०)——

कल्याणमन्दिरमुदारमवद्यभेदि
भीताभयप्रदमनिन्दितमंघ्रिपद्मम् ।
संसारसागरनिमज्जदशेषजन्तु-
पोतायमानमभिनम्य जिनेश्वरस्य ॥
यस्य स्वयं सुरगुरुर्गरिमाम्बुराशेः
स्तोत्रं सुविस्तृतमतिर्न विभुर्विधातुम् ।
तीर्थेश्वरस्य कमठस्मयधूमकेतो-
स्तस्याहमेष किल संस्तवनं करिष्ये ॥१-२॥ -युग्मम्

શ્લોકાર્થઃ—કલ્યાણનું ઘર, ઉદાર, પાપને ભેદનાર, ભય પામેલાને અભયના દેનાર, પ્રશસ્ય અને સંસારરૂપી સમુદ્રને વિષે ડુબતા એવા સમગ્ર પ્રાણીઓને પ્રવહણ(વહાણ) સમાન એવા જિનેશ્વર દેવના ચરણકમળને નમસ્કાર કરીને, મહિમાના મહાસાગર રૂપ તથા કમઠના અહંકારનો નાશ કરવામાં ધૂમકેતુ સમાન એવા **શ્રી પાર્શ્વનાથ** પ્રભુ કે જેઓની સ્તુતિ કરવા માટે અતિશય બુદ્ધિશાળી એવો બૃહસ્પતિ પણ સમર્થ થયો નથી, તેઓની સ્તુતિ કરવા હું પ્રવૃત્ત થયો છું.-૧-૨

મન્ત્રઃ—ॐनमो भगवओ रिसहस्स तस्स पडिनिमित्तेण चरणपण्णत्ति इंदेण भणामइ यमेण उप्पाडिया जीहा कंठोट्ठमुहतालुया खीलिया जो मं भसइ जो मं हसइ दुट्ठदिट्ठीए वज्जसिंखलाए देवदत्तस्स मणं हिययं कोहं जीहा खीलिया सेलखियाए ल ल ल ल ठः ठः ठः स्वाहा [-भैरवपद्मावतीकल्प अ. ८ श्लो. ८]

વિધિઃ—આ મંત્રનો ૧૦૮વાર જાપ કરીને પછી શત્રુ સાથે વાદ વિવાદ કરવાથી જાપ કરનારનો જય થાય, નિશ્ચયે કરીને દુશ્મનનું મુખ બંધ થાય-પરાજય થાય. **ॐ ह्रीं कमठस्स य धूमकेतूपमाय जिनाय नमः ॥**

सामान्यतोऽपि तव वर्णयितुं स्वरूप-
मस्मादृशाः कथमधीश ! भवन्त्यधीशाः ? ।
धृष्टोऽपि कौशिकशिशुर्यदिवा दिवाऽन्धो
रूपं प्ररूपयति किं किल घर्मरश्मेः ? ॥३॥

ભાવાર્થઃ—હે પ્રભુ! સામાન્ય રીતે પણ તમારૂં સ્વરૂપ કહેવાને મારા જેવા મંદ બુદ્ધિવાળા શી રીતે સમર્થ થાય? જેવી રીતે દિવસે નિરંતર અંધ એવો ઘુવડનો બાળક ગમે તેટલો બુદ્ધિશાળી હોય તો પણ સૂર્યનું સ્વરૂપ કહી શકતો નથી, તેવી જ રીતે હું પણ મંદ બુદ્ધિવાળો હોવાથી પ્રભુનું સ્વરૂપ વર્ણવી શકું તેમ નથી.–૩

મન્ત્રઃ—ૐ હ્સ્ક્રીં હ્રીં બગલામુખી દેવી નિત્યે! ક્લિન્ને! મદદ્રવે! મદનાતુરે! વષટ્ સ્વાહા

વિધિ—આ મંત્રનો પુષ્યાર્કનો યોગ આવે છતે જાપ શરૂ કરવો અને તે ૨૧ એકવીસ દિવસ સુધીમાં ૧૨૦૦૦ બાર હજાર જાપ પુરો કરવાથી ત્રણે લોક વશીભૂત થાય છે. **ૐ હ્રીં ત્રૈલોક્યાધીશાય નમઃ**

આ ૩ જા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૬૯ માં વચ્ચે **પાર્શ્વનાથ** પ્રભુની મૂર્તિ પદ્માસનસ્થ બિરાજમાન છે, મૂર્તિની જમણી બાજુએ સ્તોત્રકાર કુમુદચંદ્ર સ્તુતિ બોલતા ચિત્રકારે રજુ કરેલા છે. પ્રભુની ડાબી બાજુએ પર્વત ઉપર એક ઘુવડ બેઠેલ છે અને આકાશમાં ચિત્રકારે સૂર્ય રજુ કરેલો છે, તથા પ્રભુની મૂર્તિની નીચે તેઓનું લાંછન સર્પ રજુ કરેલું છે.

मोहक्षयादनुभवन्नपि नाथ! मर्त्यो
नूनं गुणान् गणयितुं न तव क्षमेत।
कल्पान्तवान्तपयसः प्रकटोऽपि यस्मा–
न्मीयेत केन जलधेर्ननु रत्नराशिः ॥४॥

શ્લોકાર્થઃ—હે નાથ! કોઇ મનુષ્ય મોહનીયાદિ કર્મનો ક્ષય થવાને લીધે કેવલજ્ઞાન ઉત્પન્ન થવાથી તમારા ગુણોને જાણે પણ છે, તથાપિ તેનું વર્ણન કરવાને તે સમર્થ થઈ શકતો નથી. જેવી રીતે સમુદ્રને વિષે રહેલું એવું જે પાણી કલ્પાન્ત કાળને વિષે દૂર થઇ જવાથી તેમાં રહેલા રત્નોનો સમૂહ પ્રગટ રીતે જોવામાં આવવા છતાં પણ માપી શકાતો નથી તેવી જ રીતે મોહનીયાદિ કર્મોના ક્ષયથી પ્રગટપણે આપના ગુણોને જાણતા એવા કેવલજ્ઞાની પણ આપના ગુણોનું વર્ણન કરી શકતા નથી.–૪

આ ૪ થા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૦ ની મધ્યમાં પ્રભુ **પાર્શ્વનાથ**ની પ્રતિમા પદ્માસનસ્થ સર્પના લંછન સહિત બિરાજમાન છે. જમણી બાજુ સ્તોત્રકર્તા કુમુદચંદ્ર બે હાથની અંજલિ જોડીને સ્તુતિ કરતા

બેઠેલા છે. ત્યારે ડાબી બાજુ એક શ્વેતામ્બર સાધુ ઊભેલા છે અને તેઓની બાજુમાં ચિત્રની નીચે બાજુમાં રજુ કરેલા સમુદ્રમાંનાં પાણીમાં રહેલા રત્નોને જોતાં છતાં પણ લઈ શકવાને અશક્ત હોય એવો ભાવ દર્શાવતી એક ગૃહસ્થની પ્રતિકૃતિ રજુ કરીને ચિત્રકારે પોતાની કલ્પનાશક્તિથી શ્લોકનો ભાવ દર્શાવવા પુરેપુરો પ્રયાસ કરેલો જણાઈ આવે છે.

अभ्युद्यतोऽस्मि तव नाथ! जडाशयोऽपि
कर्तुं स्तवं लसदसङ्ख्यगुणाकरस्य ।
बालोऽपि किं न निजबाहुयुगं वितत्य
विस्तीर्णतां कथयति स्वधियाऽम्बुराशेः ? ॥५॥

ભાવાર્થઃ—હે નાથ! જેવી રીતે મંદ બુદ્ધિવાળો બાળક પોતાની બુદ્ધિવડે કરીને પોતાના બંને હાથ પહોળા કરીને આવડો મોટો સમુદ્ર છે એમ કહી સમુદ્રનો વિસ્તાર બતાવે છે, તેવી જ રીતે મંદ બુદ્ધિવાળો એવો હું હોવા છતાં પણ દેદીપ્યનાન અસંખ્ય ગુણોના સ્થાનરૂપ તમારૂં સ્તોત્ર કરવાને ઉદ્યમવંત થયો છું.–૫

ये योगिनामपि न यान्ति गुणास्तवेश !
वक्तुं कथं भवति तेषु ममावकाशः ? ।
जाता तदेवमसमीक्षितकारितेयं
जल्पन्ति वा निजगिरा ननु पक्षिणोऽपि ॥६॥

ભાવાર્થ:—હે સ્વામી ! આપના ગુણોનું યથાર્થ વર્ણન કરવાને યોગીઓ પણ સમર્થ થતા નથી, તો પછી તેનું વર્ણન કરવાને હું તો ક્યાંથી જ શક્તિવાન થાઉં ? તેથી કરીને મેં જે આ આપની સ્તુતિ કરવાનો પ્રારંભ કર્યો છે તે અવિચારી જ કર્યું છે. અથવા જેવી રીતે પક્ષીઓને મનુષ્યોની ભાષા બરાબર નહિ આવડવાને લીધે પોતાને જે બોલવું હોય તે તેઓ પોતપોતાની ભાષામાં બોલે છે, તેવી જ રીતે હું પણ મને જેવી આવડે તેવી ભાષામાં આપની સ્તુતિ કરૂં છું.–૬

મંત્રઃ—ॐ नमो भगवति ! अम्बिके ! अम्बालिके ! यक्षिदेवि यूँ यौं ब्लैं ह्स्क्रीं ब्लं ह्सौं रः रः रः रः रां रां दृष्टि प्रत्यक्ष मम देवदत्त वश्यं कुरु कुरु स्वाहा । [संवोषट् ?] ॥ [भैरवपद्मावतीकल्पे अ-६-श्लो. २]

વિધિ:—આ મંત્રે ૨૧વાર દાતણ મંતરીને દાતણ કરીને પછી ૨૧વાર મંત્ર ભણવાથી ઇચ્છિત મનુષ્ય વશ થાય છે. **ॐ ह्रीं अव्यक्तगुणाय श्रीजिनाय नमः । श्री शंखेश्वर-पार्श्वनाथाय ॐ ह्रीं श्रीं नमः ॥**

आस्तामचिन्त्यमहिमा जिन ! संस्तवस्ते
नामापि पाति भवतो भवतो जगन्ति ।
तीव्रातपोपहतपान्थजनान् निदाघे
प्रीणाति पद्मसरसः सरसोऽनिलोऽपि ॥७॥

ભાવાર્થ:—હે જિનેશ્વરદેવ ! અચિંત્ય મહિમાવાળું તમારું સ્તવન તો દૂર રહો, પરંતુ તમારું નામ માત્ર પણ ત્રણ જગતના પ્રાણીઓનું ભવભ્રમણથી રક્ષણ કરે છે. જેવી રીતે ઉનાળાની સખ્ત ગરમીથી વ્યાકુળ થએલા મુસાફર લોકોને કમળ સરોવરનો આર્દ્ર–ઠંડો પવન પણ પ્રસન્ન કરે છે, તો પછી સરોવરનું જળ અને તેમાં ઉગેલા કમળો પ્રસન્ન કરે તેમાં તો શું આશ્ચર્ય ? તેવી જ રીતે તમારું નામ માત્ર પણ ગ્રહણ કરવાથી પ્રાણીઓનું ભવભ્રમણ દૂર થાય છે, તો પછી તમારી સ્તુતિ કરવાથી ભવભ્રમણ દૂર થાય તેમાં તો આશ્ચર્ય જ શું ?–૭

મન્ત્ર—ૐ નમો ભગવઓ અરિટ્ઠનેમિસ્સ બંધેણ બંધામિ રક્ખસાણં ભૂયાણં ખેયરાણં ચોરાણં દાઢાણં સાઈણીણં મહોરગાણં અણ્ણે જે વિ દુટ્ઠા સંભવંતિ તેસિં સવ્વેસિં મણં મુહં ગઇં દિટ્ઠીં બંધામિ ધણુ ધણુ મહાધણુ જઃ જઃ [જઃ ?] ઠઃ ઠઃ ઠઃ હું ફટ્ [સ્વાહા ?] ॥

[–ભૈરવપદ્માવતીકલ્પ. અ. ૭. શ્લો. ૧૭]

વિધિ:—આ મંત્રથી માર્ગે ચાલતાં, અટવીના મધ્યમાં ભય ઉપજતાં કાંકરા મંત્રીને ચારે દિશાએ નાખવાથી ચોર, સિંહ, સર્પાદિ ભયનો નાશ થાય છે. ૐ **હ્રીં ભવાટવી નિવારકાય શ્રી જિનાય નમઃ ।**

हृद्वर्तिनि त्वयि विभो ! शिथिलीभवन्ति
जन्तोः क्षणेन निबिडा अपि कर्मबन्धाः ।
सद्यो भुजङ्गममया इव मध्यभाग–
मभ्यागते वनशिखण्डिनि चन्दनस्य ॥८॥

ભાવાર્થ:—હે પ્રભો ! જેવી રીતે વનનો મોર વનના મધ્યભાગમાં આવે છે ત્યારે સુખડના ઝાડને વીંટાઈ રહેલા સર્પો ખસી જાય છે, તેવી જ રીતે ભવ્ય-પ્રાણીઓના હૃદયમાં તમો વર્તે છતે દૃઢ એવા કર્મબંધનો તત્કાળ શિથિલ થઈ જાય છે.–૮

મંત્ર—ૐ નમો ભગવતે પાર્શ્વતીર્થઙ્કરાય હંસઃ મહાહંસઃ પદ્મહંસઃ શિવહંસઃ કોપ-હંસઃ ઉરગેશહંસઃ પક્ષિ મહાવિષભક્ષિ હું ફટ્ (સ્વાહા ?) ॥

[–ભૈરવપદ્માવતી કલ્પ અ. ૧૦ શ્લો. ૨૧]

વિધિ—આ મંત્ર ભણીને ૧૦૮ વાર. ઉંજવાથી સર્પનું ઝેર ઉતરે છે. ॐ ह्रीं कर्माहिबंधमोचनाय श्री जिनाय नमः ॥

આ ૮ મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૧ ની મધ્યમાં પ્રભુ **પાર્શ્વનાથની** મૂર્તિ સર્પના લાંછન સહિત બિરાજમાન છે, તેઓની જમણી બાજુ સ્તોત્રકાર **કુમુદચંદ્ર** સ્તુતિ કરતા બેઠેલા છે અને ડાબી બાજુ સુખડના ઝાડને વીંટાએલા સર્પો નજીકમાં આવેલા વનના મોરોના ભયથી નાશી જતા દેખાય છે ચિત્રકારે આ ચિત્રમાં પણ શ્લોકને અનુરૂપ ભાવ બરાબર રજુ કરેલો છે.

मुच्यन्त एव मनुजाः सहसा जिनेन्द्र !
रौद्रैरुपद्रवशतैस्त्वयि वीक्षितेऽपि ।
गोस्वामिनि स्फुरिततेजसि दृष्टमात्रे
चौरैरिवाशु पशवः प्रपलायमानैः ॥९॥

ભાવાર્થ:—હે જિનેંદ્ર ! જેવી રીતે દેદીપ્યમાન તેજવાળા સૂર્ય, રાજા કે ગોવાળને દેખવા માત્રથી જ નાશી જતા એવા ચોરો વડે પશુઓ શીઘ્ર મૂકાઇ જાય છે, તેવી જ રીતે તમારા દર્શન માત્રથી જ સેંકડો ભયંકર ઉપદ્રવોથી મનુષ્યો તત્કાળ મુક્ત થાય છે.–૯

મંત્ર:—ॐ इंदसेणा महाविज्जा देवलोगाओ आगया दिट्ठिबंधणं करिस्सामि भडाणं भूआणं. अहिणं दाढीणं सिंगीणं चोराणं चारियाणं जोहाणं वग्घाणं सिंहाणं भूयाणं गंधव्वाणं महोरगाणं अन्नेसिं (अण्णे वि ?) दूट्ठसत्ताणं दिट्ठिबंधणं मुहबंधणं करेमि ॐ इदनरिंदे स्वाहा ॥

વિધિ:—દિપાલિકા દિને ઉપવાસ કરીને આ મંત્રનો ૧૦૮ વાર જાપ કરવો, પછીથી માર્ગે ચાલતાં ૨૧વાર ગણવાથી સર્વ જાતના ભય તથા ઉપદ્રવનો નાશ થાય છે. **ॐ ह्रीं सर्वोपद्रव हरणाय श्री जिनाय नमः ॥**

આ ૯મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૨ની મધ્યમાં સર્પના લાંછન સહિત પ્રભુ **પાર્શ્વનાથની** પદ્માસનસ્થ મૂર્તિ, મૂર્તિની જમણી બાજુએ પ્રભુની સ્તુતિ કરતા સ્તોત્રકાર **કુમુદચન્દ્ર** તથા ડાબી બાજુએ નાશી જતાં એવા ઢોરો તથા તેનું ચોરોથી રક્ષણ કરતાં બે ઢાલ અને તલવાર ધારી સુભટો તથા ચિત્રની ઉપરના ભાગમાં દેદીપ્યમાન તેજવાળા સૂર્યની રજુઆત કરીને ચિત્રકારે આ ચિત્રમાં પણ શ્લોકને અનુલક્ષીને ભાવ દર્શાવવામાં બરાબર સફળતા મેળવેલી છે.

त्वं तारको जिन ! कथं भविनां त एव
त्वामुद्वहन्ति हृदयेन यदुत्तरन्तः ? ।
यद्वा दृतिस्तरति यज्जलमेष नून—
मन्तर्गतस्य मरुतः स किलानुभावः ॥१०॥

ભાવાર્થ—હે જિનેશ્વરદેવ ! સંસાર સમુદ્રથી પાર ઉતરતા એવા ભવ્ય પ્રાણીઓ આપને પોતાના હૃદયમાં વહન-ધારણ કરે છે; તો પછી તમે ભવ્ય પ્રાણીઓને તારનાર કહેવાઓ છો તે કેવી રીતે ? તો કહે છે કે—જેવી રીતે ચામડાની અંદર રહેલા વાયુના પ્રભાવથી જ મશક તરે છે તેવી જ રીતે ભવ્ય પ્રાણીઓ જે સંસાર સમુદ્રથી પાર ઉતરે છે તેમાં તારો જ પ્રભાવ છે.–૧૦

મંત્રઃ—**ૐ હ્રીં चक्रेश्वरी चक्रधारिणी जल जलनिहि पारउतारणि जलं थंभय थंभय दुष्टान् दैत्यान् दारय दारय असिवोपसमं कुरू कुरू ॐ ठः ठः [ठः ?]स्वाहा ॥**

વિધિ—આ મંત્રને ગુરૂવારના રોજ પુષ્ય નક્ષત્રનો યોગ આવે છતે ૧૦૮ વાર જાપ કરીને સાધ્ય કર્યા પછી કાર્ય પડયે ૨૧ એકવીશવાર ગણવાથી દરેક જાતના પાણીના ભય ટલે છે. **ૐ હ્રીં भवोदधितारकाय श्रीजिनाय नमः ॥**

આ ૧૦મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૩ ની મધ્યમાં સર્પના લંછન સહિત પાર્શ્વનાથ પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે, પ્રભુની જમણી બાજુએ સ્તોત્રકાર કુમુદચંદ્રને પ્રભુની સ્તુતિ કરતા તથા ડાબી બાજુએ એક સ્તુતિ કરતો ભવ્ય પુરુષ તથા તેના પગની નીચેના ભાગમાં પાણીમાં તરતી ચામડાની મશક રજુ કરીને ચિત્રકારે અહીંયાં પણ શ્લોકને અનુરૂપ ભાવ રજુ કરેલો સ્પષ્ટ જણાઇ આવે છે.

यस्मिन् हरप्रभृतयोऽपि हतप्रभावाः
सोऽपि त्वया रतिपतिः क्षपितः क्षणेन ।
विध्यापिता हुतभुजः पयसाऽथ येन
पीतं न किं तदपि दुर्धरवाडवेन ? ॥११॥

ભાવાર્થઃ—જેમ જગતમાં પાણીવડે અગ્નિ બુઝાઈ જાય છે છતાં પણ વડવાનળ અગ્નિ તેનું પાન શું નથી કરતો ? તેમ જે કામદેવની પાસે હરિહરાદિ દેવો પણ પ્રભાવ વગરના થયા છે, તે કામદેવને આપે ક્ષણવારમાં જીતેલો છે.–૧૧

મંત્ર—**ૐ नमो भगवती अग्निस्तम्भिनि ! पञ्चदिव्योत्तरणि ! श्रेयस्करि ! ज्वल ज्वल प्रज्वल प्रज्वल सर्वकामार्थसाधिनि ! ॐ अनलपिङ्गलोर्ध्वकेशिनि ! महाधिव्याधिपतये स्वाहा ॥**

વિધિ:—આ મંત્ર કેસર અથવા હરતાલથી લખવાથી અગ્નિના ઉપદ્રવનો નાશ થાય છે. ૐ હ્રીં હુતભુગ્ભયનિવારકાય શ્રીજિનાય નમઃ ॥ શ્રી ફલવર્દ્ધિપાર્શ્વ-સ્વામિને નમઃ ॥

આ ૧૧ મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૪ ની જમણીબાજુના ઉપરના ભાગમાં પાર્શ્વનાથ પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ તથા પ્રભુની નીચેના ભાગમાં સર્પનું લાંછન તથા પ્રભુની જમણી બાજુએ સ્તોત્રકાર કુમુદચંદ્ર સ્તુતિ કરતા દેખાય છે, પ્રભુની ડાબી બાજુએ એકજ આસન ઉપર હરિ (કૃષ્ણ) લક્ષ્મી સહિત તથા તેઓની નીચે કામદેવ (પુષ્પધન્વા) ધનુષ્ય અને પુષ્પ બાણ હાથમાં પકડીને તથા હર (શંકર) પાર્વતી સહિત તથા વ્યાઘ્રચર્મ ઉપર અર્ધનારીશ્વરના સ્વરુપમાં બેઠેલા ચીતરીને અને વળી ચિત્રની નીચેના ભાગમાં પાણીમાં સળગતો વડવાગ્નિ રજુ કરીને ચિત્રકારે શ્લોકના એકેએક ભાવ રજુ કર્યા છે.

स्वामिन्नનલ્પગરિમાણમપિ પ્રપન્ના-
स्त्वां जन्तवः कथमहो हृदये दधानाः ।
जन्मोदधिं लघु तरन्त्यतिलाघवेन
चिन्त्यो न हन्त महतां यदि वा प्रभावः ॥१२॥

ભાવાર્થ:—હે સ્વામી ! તમોને સ્વામીપણે આશ્રિત થએલા પ્રાણીઓ અત્યંત ગુરુતાવાળા—ભારવાળા તમોને હૃદયમાં ધારણ કરતા છતાં પણ જલદીથી થોડો પણ ભાર નહિ લાગવાથી અત્યંત હળવાપણાએ કરીને ભવસાગરને તરી જાય છે. તમને મોટા ભારવાળાને ચિત્તમાં ધારણ કરતા છતાં જાણે બિલકુલ ભાર જ નથી એવી રીતે સહેલાઇથી તરી જાય છે, તે આશ્ચર્ય છે; અથવા તો તે યોગ્ય જ છે, કારણ કે મહાપુરુષોનો પ્રભાવ અવર્ણનીય જ હોય છે; ભારવાળા છતાં પણ ભાર રહિત થઈ બીજાને સહેલાઈથી તારવાની શક્તિ મહાત્માઓની જ હોય છે, કે જે સામાન્ય મનુષ્યના ચિંતવનમાં પણ આવી શકે નહિ.—૧૨

મન્ત્ર—ૐ હ્રાં હ્રીં હ્રૂં હ્રૈં હ્રૌં હ્રઃ અસિઆઉસા વાંછિતં મે કુરુ કુરુ સ્વાહા ॥

વિધિ:—આ મંત્રનો સવાલાખ જાપ કરવાથી સર્વ મનોવાંછિત કાર્યની સિદ્ધિ થાય છે.

આ ૧૨ મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૫ ની મધ્યમાં સર્પના લંછન સહિત પાર્શ્વનાથ પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે, તેઓની જમણી બાજુએ સ્તુતિ કરતા સ્તોત્રકાર કુમુદચંદ્ર બેઠેલા છે, તથા ડાબી

બાજુએ બે ગૃહસ્થ શ્રાવકો વસ્ત્રો પહેરીને બેઠેલા છે અને તે બંને જણા પોતાનો જમણો હાથ ઉંચો કરીને પ્રભુની સ્તુતિ કરતા દેખાય છે, તે ગૃહસ્થોની પાછળના ભાગમાં પર્વતની આકૃતિ ચીતરેલી છે તથા ચિત્રના નીચેના ભાગમાં સમુદ્રમાં તરતાં સાત કમળનાં ફૂલો બતાવીને ચિત્રકારે શ્લોકનો આશય ધ્વનિત કરવા પ્રયત્ન કરેલો છે. જેવી રીતે હળવાપણાએ કરીને કમળનાં ફૂલો સમુદ્ર તરી જાય છે, તેવી જ રીતે આપને હૃદયમાં ધારણ કરવાવાળા પ્રાણીઓ કર્મની નિર્જરા થવાથી અત્યંત હળવા કર્મો થવાથી સુખે કરીને ભવરુપી સમુદ્રને તરી જાય છે.

क्रोधस्त्वया यदि विभो ! प्रथमं निरस्तो
ध्वस्तास्तदा बत कथं किल कर्मचौराः ? ।
प्लोषत्यमुत्र यदिवा शिशिराऽपि लोके
नीलद्रुमाणि विपिनानि न किं हिमानी ? ॥१३॥

ભાવાર્થ:—હે પ્રભુ ! જે તમોએ ક્રોધનો પ્રથમથી જ નાશ કર્યો છે, તો તે ક્રોધ વિના કર્મરૂપી ચોરોનો તમોએ શી રીતે નાશ કર્યો ? એ મોટું આશ્ચર્ય છે. આ જગતમા શીતળ એવો પણ હિમનો સમૂહ, નીલા વૃક્ષવાળા વનખંડોને શું નથી બાળતો ? જેમ શીતળ એવો હિમનો સમૂહ નીલા વૃક્ષવાળા વનખંડોને બાળે છે, તેમ તમો પણ ક્રોધ વિના જ કર્મ રૂપી ચોરોનો નાશ કરો છો એ યુક્ત જ છે.—૧૩

મન્ત્ર—ॐ ह्रीं असिआउसा सर्व दुष्टान् स्तंभय स्तंभय अंधय अंधय मुकय मुकय मोहय मोहय कुरु कुरु ह्रीं दुष्टान् ठः ठः ठः स्वाहा ॥

વિધિ:—પૂર્વ દિશા સન્મુખ બેસીને આ મંત્રનો આઠ દિવસ અથવા એકવીશ દિવસ સુધી મુષ્ટિ બંધ કરી રોજ ૧૧૦૦ અગિઆરસો જાપ કરે તો સર્વ જાતના દુષ્ટ વ્યંતરના કષ્ટથી મુક્ત થવાય છે. **॥ॐ ह्रीं कर्मचौरविध्वंसकाय श्री जिनाय नमः ॥**

આ ૧૩મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૬ની મધ્યમાં સર્પના લંછન સહિત પ્રભુ પાર્શ્વનાથની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે, તેઓશ્રીની જમણી બાજુએ બંને હાથની અંજલિ જોડીને પ્રભુની સ્તુતિ કરતા એવા સ્તોત્રકાર 'કુમુદચંદ્ર' બેઠેલા છે અને ડાબી બાજુએ નીલા વૃક્ષવાળા વનખંડો બતાવવાને માટે ચિત્રકારે વનખંડમાં ટેકરી ઉપર ઉગેલું એક નીલું વૃક્ષ બતાવીને શ્લોકને અનુરૂપ ભાવ દર્શાવવા પ્રયત્ન કરેલો છે.

त्वां योगिनो जिन ! सदा परमात्मरूप-
मन्वेषयन्ति हृदयाम्बुजकोशदेशे ।
पूतस्य निर्मलरुचेर्यदिवा किमन्य-
दक्षस्य सम्भवि पदं ननु कर्णिकायाः ॥१४॥

ભાવાર્થ:—હે જિનેશ્વર ! યોગિ પુરુષો પરમાત્મસ્વરુપ એવા આપને નિરંતર જ્ઞાનરૂપ ચક્ષુવડે જુએ છે—પોતાના હૃદયકમળની કર્ણિકાને વિષે આપને જ શોધે છે. અર્થાત્ કમળના બીજનું સ્થાન જેમ કર્ણિકા છે, તેમ તમે પણ કર્મમળનો નાશ થવાથી પવિત્ર એટલે ચિદાનંદ સ્વરૂપે પ્રગટ થએલા હોવાથી નિર્મળ કાંતિવાળા છો માટે યોગિઓના હૃદયકમળના મધ્યભાગ રૂપ કર્ણિકા એ જ આપનું યોગ્ય સ્થાન છે.—૧૪

મન્ત્ર—ૐ नमो मेरु महामेरु, ૐ नमो गौरी महागौरी ૐ नमो काली महाकाली, ૐ[नमो] इंदे महाइंदे, ૐ [नमो] जये महाजये, [ૐ नमो विजये महाविजये], ૐ नमो पण्णसमणि महापण्णसमणि, अवतर अवतर देवि अवतर [अवतर] स्वाहा ॥

[-श्री भैरवपद्मावतीकल्पे. अ. ८. श्लो. ८.]

વિધિ:—આ મન્ત્રનો આઠ હજાર જાપ કરીને આરીસો મંત્રીને વસ્ત્ર પર આરીસો મુકી, તેની સન્મુખ કુંવારી કન્યાને સ્નાન કરાવી સફેદ વસ્ત્ર પહેરાવી બેસાડીને જે જે પ્રશ્ન પૂછીયે તેનો તે કન્યા સત્ય ઉત્તર આપે. **ૐ ह्रीं हृदयाम्बुजान्वेषिताय [श्रीजिनाय] नमः ॥**

આ ૧૪મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૭ની મધ્યમાં સર્પના લંછનવાળી પદ્માસનસ્થ પાર્શ્વનાથની મૂર્તિ બિરાજમાન છે. તેઓની જમણી બાજુએ પ્રભુની સ્તુતિ કરતાં સ્તોત્રકાર **કુમુદચંદ્ર** અને ડાબી બાજુએ જમણા હાથમાં નવકારવાલી પકડીને ધ્યાન કરતો એક ભક્ત શ્રાવક તથા પરમાત્મ સ્વરૂપને પ્રાપ્ત થએલ એક યોગિ કમળની ઉપર પદ્માસનસ્થ બેઠેલ છે અને તેની નજીકમાં બીજો એક ભક્તજન ઊભો રહેલો છે. ચિત્રકારે ચિત્રમાં ધ્યાન કરનાર ગૃહસ્થના ઉપરના ભાગમાં **'ध्यानात्'** તથા યોગિના ઉપરના ભાગમાં **'परमात्मदशा'** શબ્દ લખીને તથા તે યોગિની બાજુમાં એક વિકસિત કમળ જેવી આકૃતિ ચીતરીને શ્લોકનો ભાવ દર્શાવવા પ્રયત્ન કરેલો સ્પષ્ટ જણાઈ આવે છે.

ध्यानाज्जिनेश ! भवतो भविनः क्षणेन
देहं विहाय परमात्मदशां व्रजन्ति ।

तीव्रानलादुपलभावमपास्य लोके
चामीकरत्वमचिरादिव धातुभेदाः ॥१५॥

ભાવાર્થઃ—હે જિનેશ્વર ! જેવી રીતે ધાતુઓના પ્રકારો તીવ્ર અગ્નિના સંયોગથી પત્થરપણાનો ત્યાગ કરી સુવર્ણપણાને પામે છે, તેવી જ રીતે ભવ્યપ્રાણીઓ તમારું ધ્યાન ધરવાથી ઔદારિક શરીરનો ત્યાગ કરીને પરમાત્મદશાને પામે છે.–૧૫

મંત્રઃ—ॐ नमो लोए सव्वसाहूणं, ॐ ह्रीं नमो उवज्झायाणं, ॐ ह्रीं नमो आयरियाणं, ॐ ह्रीं नमो सिद्धाणं, ॐ ह्रीं नमो अरिहंताणं, एकाहिक, द्व्यहिक, चातुर्थिक, महाज्वर, क्रोधज्वर, शोकज्वर, भयज्वर, कामज्वर, कलितरव, महावीरान्, बंध बंध ह्राँ ह्रीं फट् स्वाहा ।

વિધિઃ—આ મન્ત્રનું સ્મરણ કરીને નવા વસ્ત્રના છેડે ગાંઠ વાળી, તે ગાંઠને ગુગલ તથા ઘીનો ધૂપ દેવો, પછી તાવથી ગ્રસ્ત થએલા રોગીને તે મન્ત્રેલું વસ્ત્ર ઓઢાડવું, વસ્ત્રની ગાંઠ રોગીના મસ્તક તળે રાખવી, આ પ્રમાણે કરવાથી રોગીનો તાવ ઉતરી જાય છે અને તેને સુખે ઉંઘ આવે છે. **ॐ ह्रीं जन्ममरणरोगहराय नमः ॥**

अन्तः सदैव जिन! यस्य विभाव्यसे त्वं
भव्यैः कथं तदपि नाशयसे शरीरम् ?।
एतत् स्वरूपमथ मध्यविवर्तिनो हि
यद् विग्रहं प्रशमयन्ति महानुभावाः ॥१६॥

ભાવાર્થઃ—"હે જિનેશ્વર દેવ! ભવ્ય પ્રાણીઓ પોતાના જે શરીરમાં આપનું નિરંતર ધ્યાન ધરે છે, તે જ તેમના શરીરનો આપ નાશ કરો છો? અર્થાત્ તેમને મોક્ષ પમાડી દેહ રહિત કરો છો. જે સ્થાનમાં ભવ્ય પ્રાણીઓ આપનું ધ્યાન ધરે છે, તે જ સ્થાનનો નાશ કરવો તે આપને યોગ્ય નથી. આ વિરોધાભાસ અલંકાર છે, તેમાં 'વિગ્રહ' શબ્દના 'શરીર' અને 'કલહ' એવા બે અર્થ હોવાથી સ્તુતિકાર તે વિરોધનો પરિહાર કરે છે.–અથવા તો તે યોગ્ય જ છે. કારણ કે જેઓ મધ્યમાં–વચ્ચે રહેલા હોય તેઓનો સ્વભાવ જ એવો હોય છે કે તે મહાત્માઓ 'વિગ્રહ'નો એટલે બે જણ વચ્ચેના કજીઆનો નાશ કરે જ છે. તેમ અહીં આપ 'વિગ્રહ'નો એટલે મોક્ષ આપવાથી 'શરીર'નો નાશ કરો છો. કારણ કે આપ પણ શરીરની મધ્યમાં રહેલા છો.–૧૬

મન્ત્રઃ—ॐ ह्रीं नमो अरिहंताणं पादौ रक्ष रक्ष, ॐ ह्रीं नमो सिद्धाणं कटिं रक्ष रक्ष, ॐ ह्रीं नमो आयरियाणं नाभिं रक्ष रक्ष, ॐ ह्रीं नमो उवज्झायाणं हृदयं रक्ष रक्ष ॐ ह्रीं नमो लोए सव्वसाहूणं ब्रह्मांडं रक्ष रक्ष, ॐ ह्रीं एसो पंच नमुक्कारो शिखां रक्ष

रक्ष, ॐ ह्रीं सव्वपावप्पणासणो आसनं रक्ष रक्ष, ॐ ह्रीं मंगलाणं च सव्वेसिं पढमं हवइ मंगलं, आत्मरक्षा पररक्षा हिलि हिलि मातंगिनि स्वाहा ॥

વિધિ:—આ મંત્રનું સ્મરણ કરવાથી કાર્મણાદિ દોષનું નિવારણ થાય. **ॐ ह्रीं विग्रहनिवारकाय श्री जिनाय नमः ॥**

આ ૧૬ મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૮ ની મધ્યમાં સર્પના લાંછન સહિત પાર્શ્વનાથ પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે. પ્રભુની જમણી બાજુએ બે હાથની અંજલિ જોડીને સ્તુતિ કરતા સ્તોત્રકાર કુમુદચંદ્ર બેઠેલા છે. અને ડાબી બાજુ જમણા હાથમાં નવકારવાલી પકડીને એક ભવ્ય શ્રાવક ધ્યાન ધરતો બેઠેલો છે અને શ્રાવકની બાજુમાં એક ગૃહસ્થ બીજી બે વ્યક્તિઓ કે જે કોઈ બાબતમાં ઝગડો કરીને મારામારી કરવાની તૈયારી કરતી હોય તેવી દેખાય છે, તે બંનેની વચ્ચે ઊભો રહીને ઝઘડો પતાવતો હોય તેમ બતાવીને મહાત્માઓ બે જણ વચ્ચેના કજીઆનો નાશ કરે છે, તેવી રીતનો ભાવ બતાવવા ચિત્રકારે પ્રયત્ન કરેલો છે.

आत्मा मनीषिभिरयं त्वदभेदबुद्ध्या
ध्यातो जिनेन्द्र ! भवतीह भवत्प्रभावः ।
पानीयमप्यमृतमित्यनुचिन्त्यमानं
किं नाम नो विषविकारमपाकरोति ? ॥१७॥

ભાવાર્થ:—હે જિનેશ્વર ! આ જગતમાં જેવી રીતે પાણીને વિષે અમૃતની ભાવના કરી હોય તે પાણી અથવા મણિ મંત્રથી અમૃતરૂપ કરેલું પાણી વિષના વિકારને દૂર કરે છે, તેવી જ રીતે જે પંડિત પુરુષો પોતાના આત્માને પરમાત્મ સ્વરૂપે ચિંતવે છે, તે પંડિત પુરુષો પરમાત્મ સ્વરૂપ જ થાય છે, અર્થાત્ પરમાત્મ પદને પ્રાપ્ત કરે છે.–૧૭

मन्त्र—ॐ यः यः सः सः हः हः वः वः उरुरिल्लय रुहु(ह ?) रुहान्त ॐ ह्रीं पार्श्वनाथाय दह दह दुष्ट नागविषं क्षिप ॐ स्वाहा ॥

[–श्री पार्श्वनाथस्तोत्रे गा. १६ मं. चिं. पृ. ७१]

વિધિ:—આ મંત્રથી સાત વાર પાણી મંત્રીને જે જગ્યાએ સર્પની દાઢ બેઠી હોય તે જગ્યાએ છાંટવાથી અથવા મંત્રેલું પાણી પાવાથી સાપનું ઝેર ઉતરે અથવા સર્વ જાતનાં ઝેરનાં દોષનું નિવારણ થાય છે. **॥ ॐ ह्रीं आत्मस्वरूपध्येयाय श्री जिनाय नमः ॥**

त्वामेव वीततमसं परवादिनोऽपि
नूनं विभो ! हरिहरादिधिया प्रपन्नाः ।
किं काचकामलिभिरीश ! सितोऽपि शङ्खो
नो गृह्यते विविधवर्णविपर्ययेण ? ॥१८॥

ભાવાર્થઃ—હે પ્રભુ ! પર દર્શનીઓ બ્રહ્મા, વિષ્ણુ, મહેશ્વર વગેરેની બુદ્ધિથી વીતરાગ એવા આપને જ અંગિકાર કરે છે–આપનું જ બ્રહ્માદિક રૂપે ધ્યાન ધરે છે, તે યોગ્ય જ છે. જેવી રીતે શંખનો વર્ણ સફેદ છે તો પણ કાચકમળીના રોગવાળા મનુષ્યો તે શંખને રાતો, પીળો વગેરે જુદા જુદા વર્ણવાળો જુએ છે, તેવી જ રીતે પરતીર્થીઓ પણ આપનું આ હરિ છે, હર છે, બ્રહ્મા છે, એવી બુદ્ધિથી આરાધન કરે છે.–૧૮

મન્ત્ર—ૐ હ્રીં નમો અરિહંતાણં, ૐ હ્રીં નમો સિદ્ધાણં, ૐ હ્રીં નમો આયરિયાણં, ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં, ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં, ૐ નમો સુઅદેવયાએ, ભગવઈએ સવ્વસુઅમએ, વારસંગપવયણ જણણીએ, સરસ્સઇએ, સવ્વવાઇણિ, સુવણ્ણવણે, ૐ અવતર અવતર દેવિ, મમ સરીરં, પવિસ પૂવ્વં, તસ્સ પવિસ, સવ્વજણમયહરીએ, અરહંત સિરીએ સ્વાહા ॥

વિધિઃ—આ મંત્રથી ખડી મંત્રીને મસ્તકે તિલક કરવું અને રાત્રિના વિષે સર્વ મનુષ્યો સુઇ રહ્યાં પછી હાથમાં પાણીની ભરેલી ઝારી લઇ, એકાંતે રહી, મનુષ્યની વાત સાંભળવી, જે વચન સાંભળવામાં આવે તે સત્ય જાણવું, મન ચિંતત કાર્યનું શુભાશુભ ફલ આ રીતે જાણવું. ॥ **ૐ હ્રીં પરવાદિ દેવસ્વરૂપધ્યેયાય નમઃ ॥**

આ ૧૮ મા શ્લોકના ભાવને દર્શાવતિ પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૭૯ ની મધ્યમાં સર્પના લંછન સહિત પદ્માસનસ્થ પ્રભુ પાર્શ્વનાથની મૂર્તિ બિરાજમાન છે, પ્રભુની જમણી બાજુ સ્તુતિ કરતા સ્તોત્રકાર **કુમુદચંદ્ર** બેઠેલા છે, ડાબી બાજુએ બે હાથમાં શંખ પકડીને કાચકમળીના રોગવાળો એક મનુષ્ય ઊભેલો છે, જે પોતાના હાથમાં રહેલા શંખનો રંગ સફેદ હોવા છતાં રાતો, પીળો વગેરે વર્ણવાળો જુએ છે, તેની બાજુમાં ઉપરના ભાગમાં એક ઝાડની નીચે વાંસળી વગાડતા હરિ (કૃષ્ણ) બેઠેલા છે તથા નીચેના ભાગમાં વ્યાઘ્રચર્મ ઉપર બેઠેલા તથા જેઓના મસ્તકમાંથી ગંગા નદી વહી રહી છે તે અને પોતાની સન્મુખ ત્રિશૂળ રાખેલું છે એવા હર(શંકર)ની રજુઆત કરીને ચિત્રકારે શ્લોકનો આભેહુબ ભાવ દર્શાવવા પ્રયત્ન કરેલો છે.

धर्मोपदेशसमये सविधानुभावा-
दास्तां जनो भवति ते तरुरप्यशोकः ।
अभ्युद्गते दिनपतौ समहीरुहोऽपि
किं वा विबोधमुपयाति न जीवलोकः ? ॥१९॥

ભાવાર્થઃ—હે પ્રભુ! જે સમયે આપ ધર્મદેશના આપો છો તે સમયે માત્ર આપના સમીપપણાના જ પ્રભાવથી વૃક્ષ પણ અશોક (શોક રહિત) થાય છે, તો પછી મનુષ્ય અશોક થાય તેમાં તો શું આશ્ચર્ય? જેવી રીતે સૂર્યનો ઉદય થયે છતે કેવળ લોકો જ નિદ્રાનો ત્યાગ કરે છે એટલું જ નહિ, પરંતુ વૃક્ષો પણ પત્ર સંકોચાદિ નિદ્રા છોડીને વિકસ્વર થાય છે; તેવી જ રીતે સૂર્ય રૂપ આપની ધર્મ દેશનાથી મનુષ્ય અને વૃક્ષ પણ અશોક થાય તેમાં શું આશ્ચર્ય?-૧૯

મંત્ર—णंहसाव्वसपलोमोन, णंयाज्झावउमोन, णंआरीयआमोन, णंद्धासिमोन, णंताहंरिअमोन, हुलुहुलु, कुलुकुलु, चुलु चुलु स्वाहा ॥

વિધિઃ—આમંત્રના જાપથી મત્સ્યાદિક જીવોની હત્યાના બંધન છુટી જાય છે એટલે કે માછલી જાળમાં આવતી નથી

આ ૧૯ મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર ૨૮૦ ના મધ્યભાગમાં સર્પના લંછના સહિત પદ્માસનસ્થ પાર્શ્વનાથ પ્રભુની મૂર્તિ બિરાજમાન છે, તેઓશ્રીની બંને બાજુએ વિકસ્વર થયેલ એકેક વૃક્ષ તથા જમણી બાજુએ સ્તુતિ કરતાં સ્તોત્રકાર કુમુદચંદ્ર બેઠેલા છે અને ડાબી બાજુએ બે શ્રાવકો ધર્મદેશના સાંભળતાં હોય તેવી રીતે ઊભેલાં છે, તેમાં પાછળ ઊભા રહેલા શ્રાવકના જમણા હાથમાં એક માળા છે. વળી ચિત્રની ઉપરના ભાગમાં આકાશ તથા આકાશની મધ્યમાં ઉગેલો એવો સૂર્ય રજુ કરીને શ્લોકાનુરૂપ ભાવ દર્શાવવામાં ચિત્રકારે પુરે-પુરી સફળતા મેળવેલી જણાઈ આવે છે.

चित्रं विभो ! कथमवाङ्मुखवृन्तमेव
विष्वक् पतत्यविरला सुरपुष्पवृष्टिः ? ।
त्वद्गोचरे सुमनसां यदि वा मुनीश !
गच्छन्ति नूनमध एव हि बन्धनानि ॥२०॥

ભાવાર્થઃ—હે વિભુ! આપ જ્યાં જ્યાં વિચરો છો, ત્યાં ત્યાં ચારે તરફ દેવ-તાઓ પંચવર્ણી સુગંધીદાર પુષ્પોની વૃષ્ટિ કરે છે, તેમાં સર્વ પુષ્પોના ડીંટાં નીચે રહે છે અને પાંખડીઓ ઉપર રહે એવી રીતે કેમ પડે છે? તે આશ્ચર્ય છે. અથવા

તો તે યોગ્ય જ છે કારણ કે તમારા પ્રત્યક્ષપણાને વિષે 'સુમનસ'ના એટલે સારા મનવાળાં ભવ્ય પ્રાણીઓના તથા દેવોના નિગડાદિક બાહ્ય બંધનો અને કર્મરૂપ અભ્યંતર બંધનો નીચે જ જાય છે. 'સુમનસ' એટલે પુષ્પો પણ કહેવાય છે,તેથી પુષ્પોનાં બંધનો એટલે ડીંટાં પણ નીચે હોય છે તે યોગ્ય જ છે.—૨૦

મંત્ર—ॐ ह्रीं नमो भगवओ ॐ (?) पासनाहस्स थंभयसव्वाओ ई ई ॐ जिणाणाए मा इह, अहि हवंतु, ॐ क्षाँ क्षीं क्षूँ क्षौं क्षः स्वाहा ॥

વિધિઃ—આ મંત્રથી સફેદ ફૂલને ૧૦૮વાર મંત્રીને રાજા પ્રમુખને સુંઘવા આપવાથી તે વશ થાય છે. ગુનો માફ કરે છે.। ॐ ह्रीं पुष्पवृष्टि प्रातिहार्योपशोभिताय श्रीजिनाय नमः ॥

આ ૨૦મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર ૨૮૧ ની મધ્યમાં સર્પના લંછન સહિત સિંહાસન ઉપર પદ્માસનસ્થ શ્રી પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. તેઓની જમણી બાજુએ સ્તોત્રકાર 'કુમુદચંદ્ર' સ્તુતિ કરતા બેઠેલા છે તથા ડાબી બાજુએ ઉપરના ભાગમાં વિમાનમાંથી દેવતા પંચવર્ણી પુષ્પોની વૃષ્ટિ કરતો દેખાય છે, વૃષ્ટિ કરાતાં પુષ્પોના ડીંટાં નીચે અને પાંખડીઓ ઉપર રહેલી સ્પષ્ટ બતાવીને ચિત્રકારે શ્લોકાનુરૂપ ભાવ બરાબર દર્શાવવામાં સફળતા પ્રાપ્ત કરેલી જણાઈ આવે છે.

स्थाने गभीरहृदयोदधिसम्भवायाः
पीयूषतां तव गिरः समुदीरयन्ति।
पीत्वा यतः परमसम्मदसङ्गभाजो
भव्या व्रजन्ति तरसाऽप्यजरामरत्वम् ॥२१॥

ભાવાર્થઃ—હે સ્વામિન્! ગંભીર હૃદયરૂપ સમુદ્રથી ઉત્પન્ન થએલી તમારી વાણીને પંડિતો અમૃતરૂપ કહે છે, તે યોગ્ય જ છે. જેવી રીતે મનુષ્ય અમૃતનું પાન કરીને અજરામર થાય છે, તેવી જ રીતે તમારી વાણીનું શ્રોત્રેંદ્રિય વડે પાન કરીને–શ્રવણ કરીને ભવ્ય પ્રાણીઓ પરમાનંદના અનુભવને પામીને શીઘ્રપણે અજરામરપણાને–મોક્ષને પામે છે.–૨૧

मन्त्रः—ॐ अरिहंत सिद्ध आयरिय उवज्झाय सव्वसाहू[णं?] सव्वधम्मतित्थयराणं, ॐ नमो भगवईए सुअदेवयाए शांतिदेवयाए सव्वपवयणदेवयाणं, दसण्हं दिसापालाणं चउण्हं लोगपालाणं, ॐ ह्रीं अरिहंतदेवाणं नमः ॥

વિધિઃ—આ મંત્રનો ૧૦૮ વાર જાપ કરવાથી સર્વ સિદ્ધિઓની પ્રાપ્તિ થાય, જય થાય, વ્યાઘ્ર, સર્પ, ચૌરાદિ ભયનું નિવારણ થાય. ॐ ह्रीं अजरामर दिव्यध्वनि, प्रातिहार्योपशोभिताय [श्री]जिनाय नमः ॥

આ ૨૧ મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૮૨ ના મધ્ય ભાગમાં સર્પના લંછન સહિત પ્રભુ પાર્શ્વનાથની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે. તેઓશ્રીની જમણી બાજુએ સ્તોત્રકાર 'કુમુદચંદ્ર' સ્તુતિ કરતા બેઠેલા છે તથા ડાબી બાજુએ ચાર ગૃહસ્થ શ્રાવકો, જેઓમાંથી બે ઊભા રહેલા છે અને બે બેઠેલા છે, તેઓ પોતાની શ્રોત્રેંદ્રિય વડે પ્રભુશ્રીની અમૃતવાણી(ધર્મદેશના)નું પાન કરતા રજુ કરીને ચિત્રકારે શ્લોકને અનુરૂપ ભાવ દર્શાવવા પ્રયત્ન કરેલ છે.

स्वामिन् ! सुदूरमवनम्य समुत्पतन्तो
मन्ये वदन्ति शुचयः सुरचामरौघाः ।
येऽस्मै नतिं विदधते मुनिपुङ्गवाय
ते नूनमूर्ध्वगतयः खलु शुद्धभावाः ॥२२॥

ભાવાર્થ:—હે સ્વામિન્! હું એમ માનું છું કે દેવોથી વિંઝાતા પવિત્ર-ઉજ્વળ ચામરોના સમૂહ અત્યંત નીચા નમીને ઉંચે ઉછળે છે તેઓ જાણેકે એમ કહેતા હોય કે-જે પ્રાણીઓ મુનિઓને વિષે શ્રેષ્ટ એવા આ શ્રી પાર્શ્વનાથ પ્રભુને નીચા નમીને નમસ્કાર કરે છે તેઓ શુદ્ધ ભાવવાળા થઈને ઊર્ધ્વ ગતિમાં જાય છે-મોક્ષપદને પામે છે.—૨૨

મન્ત્ર—ॐ हृत्थुमले विणुमुहुमल (ले?) ॐ मलिय ॐ सतुहुमाणु, सीसधुणताजेगया, आयापायालगंत, ॐ अलिंजरेस सर्व्वजरे स्वाहा ॥

વિધિ:—આ મંત્રનો સાતવાર પાઠ કરી પોતાના મુખ પર બંને હાથની હથેલીઓ મસલીને, ઉત્તમ જનને મલવા જવાથી લાભ થાય, રાજા તરફથી સન્માનની પ્રાપ્તિ થાય. **ॐ ह्रीं चामरप्रातिहार्योपशोभिताय श्रीजिनाय नमः ॥**

श्यामं गभीरगिरमुज्ज्वलहेमरत्न-
सिंहासनस्थमिह भव्यशिखण्डिनस्त्वाम् ।
आलोकयन्ति रमसेन नदन्तमुच्चै-
श्चामीकराद्रिशिरसीव नवाम्बुवाहम् ॥२३॥

ભાવાર્થ:—હે પ્રભુ ! અહીં સમવસરણને વિષે નીલા વર્ણવાળા, ઉજ્જવળ દેદીપ્યમાન રત્નજડિત સુવર્ણના સિંહાસન પર બેઠેલા અને ગંભીર વાણીવાળા એવા તમોને ભવ્ય પ્રાણીઓ રૂપી મોરો મેરૂ પર્વતના શિખર પર રહેલા, મોટી ગર્જના કરતા, અને નવા મેઘની જેમ ઉત્સુકતાથી જુએ છે.-૨૩

મન્ત्र:—ॐ नमो भगवति ! चण्डि ! कात्यायनि ! सुभगदुर्भगयुवतिजनाना[मा] कर्षय आकर्षय ह्रीं र र र्य्यूं संवौषट् देवदत्ताया हृदयं धे धे ॥

વિધિ—આ મંત્ર સાતદીન સુધી ૧૦૮ વખત દરરોજ શુદ્ધ ચિત્તથી ગણવાથી ઇચ્છિત સ્ત્રીનું આકર્ષણ થાય છે. જાપ કરતી વખતે ઉપર મંત્રમાં 'देवदत्ताया' શબ્દ છે તેની જગ્યાએ ઇચ્છિત સ્ત્રીનું નામ બોલવું.

उद्गच्छता तव शितिद्युतिमण्डलेन
लुप्तच्छदच्छविरशोकतरुर्बभूव ।
सान्निध्यतोऽपि यदिवा तव वीतराग !
नीरागतां व्रजति को न सचेतनोऽपि ? ॥२४॥

ભાવાર્થ:—હે પ્રભુ ! તમારૂં નીલવર્ણવાળું ભામંડળ ઉંચે ચોતરફ પ્રસરે છે તેથી અશોક વૃક્ષના પાંદડાંની રાતી કાંતિ નષ્ટ થઇ ગઇ અને આખું વૃક્ષ નીલવર્ણવાળું થઇ ગયું, તે યોગ્ય જ થયું છે. કારણ કે હે વીતરાગ ! તમારૂં વચન શ્રવણ અથવા દર્શન તો દૂર રહો, પરંતુ તમારા સમીપપણા માત્રથી પણ કયો પ્રાણી રાગ રહિતપણાને નથી પામતો ? અર્થાત્ સર્વ સચેતન પ્રાણી પણ રાગ રહિત થઈ જાય છે, તો પછી અચેતન વૃક્ષ રાગ રહિત થાય તેમાં શું આશ્ચર્ય ? કેમકે અચેતનને તો ગમે તેવો મનુષ્ય બોધ કરી શકે છે–ફેરવી શકે છે, પણ સચેતનને તો કોઈ જ્ઞાનવાન જ બોધ કરી શકે છે.—૨૪

मन्त्रः—ॐ ह्रीं भैरवरूपधारिणि ! चण्डशूलिनि ! प्रतिपक्षसैन्यं चूर्णय चूर्णय घूर्मय घूर्मय भेदय भेदय ग्रस ग्रस पच पच खादय खादय मारय मारय हुं फट् स्वाहा ॥

[–श्री भैरव. प. क. अ. ५. श्लो. १७]

વિધિ—આ મંત્ર ૧૦૮ વખત જપી ચારે તરફ લીટી કરવાથી દુશ્મનનું લશ્કર નાશી જાય, સર્વત્ર જય થાય અને પ્રતાપ વધે. **ॐ ह्रीं भामंडलप्रातिहार्य प्रभास्वते [श्री] जिनाय नमः ॥**

આ ૨૪મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૮૩ની મધ્યમાં સર્પના લંછન સહિત **પાર્શ્વનાથ** પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ સિંહાસન પર બિરાજમાન છે, તેઓશ્રીનો જમણી બાજુએ સ્તોત્રકાર 'કુમુદચંદ્ર' પ્રભુની સ્તુતિ કરતા બેઠેલા છે તથા ડાબી તરફ મસ્તક પાછળ ભામંડળ તથા બંને બાજુ અશોકવૃક્ષની આકૃતિઓ સહિત પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન કરીને તથા તે મૂર્તિની અને **પાર્શ્વનાથ**પ્રભુની મૂર્તિની વચમાં એક ભક્ત શ્રાવક જમણા હાથમાં નવકારવાલી રાખી ધ્યાન ધરતો ચીતરીને ચિત્રકારે શ્લોકાનુરૂપ ભાવ બરાબર પ્રદર્શિત કર્યો છે.

भो भोः प्रमादमवधूय भजध्वमेन—
मागत्य निर्वृतिपुरीं प्रति सार्थवाहम् ।
एतन्निवेदयति देव ! जगत्त्रयाय
मन्ये नदन्नभिनभः सुरदुन्दुभिस्ते ॥२५॥

भावार्थः—હે દેવ ! હું એમ માનું છું કે–આકાશને વ્યાપીને શબ્દ કરતો એવો તમારો દેવદુંદુભિ ત્રણ જગતને આ પ્રકારે નિવેદન કરે છે કેઃ–હે ત્રણ જગતના લોકો ! તમે આળસનો ત્યાગ કરીને અહીં આવીને મોક્ષનગરીના સાર્થવાહ તુલ્ય આ પાર્શ્વપ્રભુને ભજો !–૨૫

मन्त्र—ॐ नमो भगवति ! वृद्धगरुडाय सर्वविषविनाशिनि ! छिन्द छिन्द, भिन्द भिन्द गृण्ह गृण्ह एहि एहि भगवति ! विद्ये हर हर हुं फट् स्वाहा ॥

[–श्री भैरव. प. क. अ. १० श्लो. १९]

વિધિઃ—આ મંત્ર બોલીને ઝેર ચઢેલા માણસની પાસે જોરથી ઢોલ વગાડવાથી ઝેર ઉતરી જાય છે. ॐ ह्रीं दुंदुभिप्रातिहार्याय श्रीजिनाय नमः ॥

આ શ્લોકમા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૮૪ની મધ્યમાં સર્પના લંછન સહિત **પાર્શ્વનાથ** પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ સિંહાસન પર બિરાજમાન છે. તેઓશ્રીની જમણી બાજુએ સ્તોત્રકાર **'कुमुदचंद्र'** પોતાનો જમણો હાથ ઉંચો અને લાંબો કરીને પ્રભુની સ્તુતિ કરતા બેઠેલા છે. પ્રભુની ડાબી બાજુએ ઉપરના ભાગમાં દેવદુંદુભિ વગાડતો એક દેવ ચીતરીને તથા તે દુંદુભિનો અવાજ ત્રણે જગતના લોકોને **પાર્શ્વનાથ** પ્રભુને ભજવાનું નિવેદન કરતો બતાવવાને માટે ચિત્રકારે દુંદુભિની નીચે એક આકૃતિ ચીતરીને તેના ઉપર **'स्वर्गः'** શબ્દ લખીને તથા તે આકૃતિની નીચે એક ગૃહસ્થાકૃતિના ઉપર **'मर्त्यः'** શબ્દ લખીને અને તે આકૃતિની પાછળના ભાગમાં એક કમલની આકૃતિ ચીતરીને જલાશય બતાવીને, તે જલાશયની પાછળ અડધું શરીર નાગનું હોય એવી એક પુરૂષાકૃતિ (પાતાલ પુરુષ) ચીતરીને તેના ઉપરના ભાગમાં **'पाताल'** શબ્દ લખીને તથા ચિત્રના ઉપરના ભાગમાં આકાશ બતાવીને ચિત્રકારે શ્લોકાનુરૂપ ભાવ બતાવવા પોતાની કલ્પના શક્તિનો પુરેપુરો ઉપયોગ કર્યો છે.

उद्द्योतितेषु भवता भुवनेषु नाथ !
तारान्वितो विधुरयं विहताधिकारः ।
मुक्ताकलापकलितोच्छ्रसितातपत्र–
व्याजात् त्रिधा धृततनुर्ध्रुवमभ्युपेतः ॥२६॥

ભાવાર્થઃ—હે નાથ! તમારા વડે ત્રિભુવન પ્રકાશિત થયે છતે તારામંડળ સહિત ચંદ્રમા, વિશેષે હણાયેા છે અધિકાર (જગતને પ્રકાશ કરવા રૂપ) જેનેા એવેા છતેા મેાતીના સમૂહે કરીને સહિત અને ઉલ્લાસ પામતા એવા ત્રણ છત્રના મિષથી જાણે ત્રણ શરીર ધારણ કરીને તમારી સેવા કરવા આવ્યેા હેાય એમ જણાય છે.૨૬

મન્ત્રઃ—ૐ હ્રીં શ્રીં પ્રત્યંગિરે મહાવિદ્યે યેન યેન કેનચિત્ મમ પાપં કૃતં કારિતં અનુમતં વા તત્ પાપં તસ્યૈવ ગચ્છંતુ ૐ હ્રીં શ્રીં પ્રત્યંગિરે મહાવિદ્યે સ્વાહા॥

વિધિ—આ મંત્રનેા પ્રભાત સમયે ૧૦૮ વાર જાપ પૂર્વદિશા સન્મુખ રહીને કરવેા, સંધ્યાએ પણ પશ્ચિમ દિશા સન્મુખ બે હાથ જોડી અંજલિમુદ્રાએ ગણુવેા. આ પ્રમાણે ગણુવાથી પરવિદ્યાનેા છેદ થાય છે. **ૐ હ્રીં છત્રત્રય પ્રાતિહાર્યવિરાજિતાય શ્રી જિનાય નમઃ॥**

આ ૨૬ મા શ્લેાકનેા ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુએા ચિત્ર. ૨૮૫ ની લગભગ મધ્યમાં સર્પના લંછન સહિત પદ્માસનસ્થ **પાર્શ્વનાથ** પ્રભુની મૂર્તિ ઉપર ત્રણ છત્રની આકૃતિ સહિત બિરાજમાન છે. પ્રભુની જમણી બાજુ સ્તોત્રકાર **'કુમુદચંદ્ર'** સ્તુતિ કરતા બેઠેલા છે અને ચિત્રકારે પ્રભુનું કૈવલ્ય સ્વરૂપ દર્શાવવા બંને બાજુ એકેક વૃક્ષની આકૃતી ચીતરેલી છે. ચિત્રની છેક ઉપરના ભાગમાં આકાશની અંદર તારામંડળ સહિત ચંદ્રમા અને તેની નીચેના ભાગમાં તથા પ્રભુની ડાબી બાજુના ભાગમાં નક્ષત્ર મંડળ તેનાં દરેકનાં નામેા સહિત રજુ કરીને ચિત્રકારે શ્લેાકાનુરૂપ ભાવ દર્શાવવામાં જરાએ બાકી રાખી જણાતી નથી.

स्वेन प्रपूरितजगत्त्रयपिण्डितेन
कान्ति–प्रताप–यशसामिव सञ्चयेन।
माणिक्य–हेम–रजतप्रविनिर्मितेन
सालत्रयेण भगवन्नभितो विभासि॥२७॥

ભાવાર્થઃ—હે ભગવાન! ત્રણ જગતને પૂર્ણ કરવાથી પિંડરૂપ થએલા તમારા પેાતાના કાંતિ, પ્રતાપ અને યશના સમૂહ વડે જાણે બનાવ્યા હેાય તેવા માણિક્ય–નીલમણિ, સુવર્ણ અને રૂપાના ત્રણ ગઢવડે તમે શેાભેા છેા. તમારી કાંતિ, પ્રતાપ અને યશ ત્રણ જગતમાં નહીં માવાથી એક ઠેકાણે પિંડરૂપ થયા છે તે આ ત્રણ ગઢરૂપે ભાસે છે. તેમાં ભગવાનની કાંતિ નીલવર્ણની છે તે નીલરત્નનેા ગઢ જાણવેા, પ્રતાપ અગ્નિ જેવેા હેાય તે સુવર્ણનેા ગઢ અને યશ ઉજ્વળ હેાય તે રૂપાનેા ગઢ જાણવેા.–૨૭

મન્ત્રઃ—ૐ હ્રીં નમો અરિહંતાણં, ૐ હ્રીં નમો સિદ્ધાણં, ૐ હ્રીં નમો આયરિયાણં, ૐ હ્રીં નમો ઉવજ્ઝાયાણં, ૐ હ્રીં નમો લોએ સવ્વસાહૂણં. ૐ હ્રીં નમો નાણાય, ૐ હ્રીં

नमो दंसणाय. ॐ ह्रीं नमो चारिताय, ॐ ह्रीं नमो तवाय, ॐ ह्रीं नमो त्रैलोक्यवशंकरी ह्रीं स्वाहा ॥

વિધિ:—આ મંત્રથી પાણી મંત્રીને રોગીને પાવું તથા રોગીના શરીરે છાંટવું, આ પ્રમાણે કરવાથી રોગીના શરીરની પીડા તથા નજર દોષનો નાશ થાય. **ॐ ह्रीं वप्रत्रयविराजिताय श्री जिनाय नमः ॥**

આ ૨૭ મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૮૬ ની મધ્યના ઉપરના ભાગમાં સર્પના લંછન સહિત **પાર્શ્વનાથ** પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે તથા તેઓની જમણી બાજુએ સ્તોત્રકાર **'કુમુદચંદ્ર'** સ્તુતિ કરતા બેઠેલા છે. ચિત્રની નીચેના ભાગમાં સમુદ્રની અંદર તરતું એક વહાણ તથા તેના બે ખલાસીઓ તથા પ્રભુની ડાબી બાજુએ ફાલ ભરીને મારવા ધસી જતો એવો વિકાળ વાઘ બતાવીને તથા તેની સન્મુખ જમણા હાથમાં માળા પકડીને પ્રભુનું ધ્યાન ધરતો એક ગૃહસ્થ ઊભો રાખીને ચિત્રકારનો કહેવાનો આશય એવો છે કે તારું ધ્યાન ધરનારને સમુદ્રનાં ગમે તેવાં તોફાનો તથા વિકાળ એવા ભયંકર હિંસક પ્રાણીઓ પણ કાંઇ કરી શકતા નથી; આ આશય આ શ્લોકનો નથી પરંતુ ચિત્રકારની કલ્પના છે.

दिव्यस्रजो जिन ! नमत्त्रिदशाधिपाना–
मुत्सृज्य रत्नरचितानपि मौलिबन्धान् ।
पादौ श्रयन्ति भवतो यदि वा परत्र
त्वत्सङ्गमे सुमनसो न रमन्त एव ॥२८॥

ભાવાર્થ:—હે જિનેશ્વર ! તમને નમસ્કાર કરતા દેવેન્દ્રોની દિવ્ય પુષ્પની માળાઓ વૈડૂર્ય રત્નાદિકથી રચેલા મુકુટોનો પણ ત્યાગ કરી તમારા ચરણોનો જ આશ્રય કરે છે, તે યોગ્ય જ છે. કેમકે તમારો સંગમ થવાથી સુમનસ એટલે પંડિતો અને દેવો અન્યત્ર રમતાજ નથી. પુષ્પ પણ સુમનસ કહેવાય છે તેથી તેમને પણ તમારા ચરણનો આશ્રય યોગ્ય જ છે.–૨૮

મંત્ર:—ॐ ह्रीं अरिहंत सिद्ध आयरिय उवज्झाय साहू चुलु चुलु हुलु हुलु कुलु कुलु मुलु मुलु इच्छियं मे कुरु कुरु स्वाहा ॥

વિધિ—આ મંત્રનો એક લાખ જાપ કરવાથી ત્રણ ભુવનમાં જય મળે છે, પ્રતાપ વધે છે, પરાધીનતા રહેતી નથી, મનના મનોરથ સર્વ પૂર્ણ થાય છે. ॐ ह्रीं पुष्पमालानिषेवितचरणांबुजाय अर्हते नमः ॥

આ ૨૮ મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૮૭ ની મધ્યમાં સમવસરણની અંદર સર્પના લંછન સહિત પ્રભુ **પાર્શ્વનાથ**ની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે. પ્રભુની જમણી બાજુએ પ્રતના હાંસીઆના ભાગમાં પ્રભુની સ્તુતિ કરતા સ્તોત્રકાર **શ્રી કુમુદચંદ્ર** બેઠેલા છે, જ્યારે ડાબી બાજુના હાંસીઆની નજીકના ભાગમાં એક ગૃહસ્થ શ્રાવક બે હાથની અંજલિ જોડીને સ્તુતિ કરતો દેખાય છે. પ્રભુની આજુબાજુ ફરતા ચારે તરફ વૈડૂર્ય રત્નાદિકના ત્રણ ગઢ અને તે દરેક ગઢને ચાર ચાર દરવાજાઓ તથા ગઢની બહારના ભાગમાંથી સમવસરણ તરફ આવતાં આ જન્મ વૈરવાળા પ્રાણીઓ જેવાં કે મોર અને સર્પ, હરણ અને સિંહ વગેરે પોતાનું વૈર ભૂલી જઈને પ્રભુની ધર્મદેશના સાંભળવા આવતાં હોય તેવી રીતે ચીતરીને સમવસરણનો આબેહુબ ખ્યાલ આપવા ચિત્રકારે પ્રયત્ન કરેલો સ્પષ્ટ જણાઈ આવે છે.

त्वं नाथ ! जन्मजलधेर्विपराङ्मुखोऽपि
यत् तारयस्यसुमतो निजपृष्ठलग्नान् ।
युक्तं हि पार्थिवनिपस्य सतस्तवैव
चित्रं विभो ! यदसि कर्मविपाकशून्यः ॥२९॥

ભાવાર્થઃ—હે નાથ ! તમે ભવસમુદ્ર થકી વિશેષ પરાઙ્મુખ થએલા છતાં પણ પોતાની પીઠે વળગેલા પ્રાણીઓ (જે જ્ઞાન, દર્શન ચારિત્રાદિક માર્ગ વડે જિનેશ્વર મોક્ષે ગયા છે તે માર્ગને અનુસરવા વાળા)ને જે કારણ માટે તારો છો તે વિશ્વના સ્વામી અને સુજ્ઞ એવા તમોને જ નિશ્ચે યુક્ત છે; પરંતુ હે પ્રભુ ! અહીં આશ્ચર્ય છે કે જે કારણ માટે તમે કર્મના વિપાક(ફળ) રહિત છો.—૨૯

મન્ત્ર—ॐ તેજોર્હે સોમ સુધા હંસ સ્વાહા । ॐ અર્હં હ્રીં ક્ષ્વીં સ્વાહા ॥

વિધિ—આ મંત્ર ભોજપત્ર પર લખી મીણથી લપેટી કોરા કલશ–ઘડો પાણીથી ભરી તેમાં નાખીએ તો મહા દાહજ્વર મટે. **ॐ હ્રીં સંસાર સાગર તારકાય શ્રીજિનાય નમઃ ॥**

આ ૨૯ મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર ૨૮૮ ની બરાબર મધ્યમાં સર્પના લંછન સહિત પ્રભુ પ્રર્શ્વનાથની પદ્માસનસ્થ મૂર્તિ સિંહાસન ઉપર બિરાજમાન છે. પ્રભુની જમણી બાજુએ ઉપરના ભાગમાં જમણા હાથમાં મુહપત્તિ રાખીને તથા બગલમાં ઓઘો રાખીને ડાબો હાથ લાંબો કરીને સ્તોત્રકાર **'કુમુદચંદ્ર'પ્રભુની** સ્તુતિ કરતા દેખાય છે. જ્યારે બંને બાજુએ એકેક ભક્ત પુરૂષ પોતાના બંને હાથમાં ફૂલની માળા પકડીને અંજલિ જોડીને મસ્તક નમાવી સ્તુતિ

કરતા દેખાય છે, બંને પુરુષોની પાછળ એકેક વૃક્ષની આકૃતિ ચિત્રકારે કયા હેતુથી રજુ કરેલી છે તેનો બરાબર ખ્યાલ આવતો નથી, છતાં પણ મને લાગે છે ત્યાં સુધી પ્રભુની નિર્વાણ અવસ્થા બતાવવા માટે તેની રજુઆત કરી હશે એમ મારૂં માનવું છે.

विश्वेश्वरोऽपि जनपालक ! दुर्गतस्त्वं
किं वाऽक्षरप्रकृतिरप्यलिपिस्त्वमीश ! ।
अज्ञानवत्यपि सदैव कथञ्चिदेव
ज्ञानं त्वयि स्फुरति विश्वविकाशहेतुः ॥३०॥

ભાવાર્થઃ—સર્વ જગતના પ્રાણીઓનું રક્ષણ કરનાર હે જિનેશ્વર! તમે વિશ્વના સ્વામી છતાં દુર્ગત–દરિદ્રી છો. અહીં વિશ્વના સ્વામી છતાં દરિદ્રી કહ્યા તે વિરોધ અન્યો, તેને દૂર કરવા માટે 'દુર્ગત' એટલે દુઃખે કરીને જાણી શકાય એવા તમે છો એમ અર્થ કરવો. વળી હે ઈશ! તમે અક્ષરના સ્વભાવવાળા છતાં અલિપિ –લિપિ રહિત એટલે અક્ષર રહિત છો, આ અર્થમાં પણ વિરોધ આવે છે, તેથી અક્ષર એટલે મોક્ષના સ્વભાવવાળા અને અલિપિ એટલે કર્મના લેપ રહિત તમે છો એવો અર્થ ઘટાવવો–કરવો. તથા તમે અજ્ઞાનવાળા છતાં તમારામાં વિશ્વને પ્રકાશ કરવાના કારણ રૂપ કેવળજ્ઞાન ભાસે છે. અહિંયાં પણ વિરોધ આવ્યો, તેથી અજ્ઞાની માણસોનું રક્ષણ કરતા એવા તમારે વિષે કેવળજ્ઞાન ભાસે છે એવો અર્થ કરવો.–૩૦

મન્ત્ર—ૐ હ્રીં અર્હં નમો જિણાણં, લોગુત્તમાણં, લોગનાહાણં, લોગહિયાણં, લોગપઈવાણં, લોગપજ્જોઅગરાણં, મમ શુભાશુભં દર્શય દર્શય ૐ હ્રીં કર્ણપિશાચિની મુણ્ડે સ્વાહા ॥

વિધિઃ—આ મંત્રનો શયનવેળાએ ૧૦૮ વખત જાપ કરવાથી સ્વપ્નમાં શુભાશુભ માલુમ પડે છે–સંભળાય છે. **ૐ હ્રીં અર્હં અદ્‌ભૂતગુણવિરાજિતરૂપાય શ્રી જિનાય નમઃ ॥**

આ ૩૦ મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૮૯ ની બરાબર મધ્યમાં સર્પના લંછન સહિત સિંહાસન ઉપર **પાર્શ્વનાથ** પ્રભુની પદ્માસનસ્થ મૂર્તિ બિરાજમાન છે. પ્રભુની જમણી બાજુએ એક ઝાડની આકૃતિ તથા સહેજ ઉપરના ભાગમાં સ્તુતિ કર્તા સ્તોત્રકાર **કુમુદચંદ્ર** બેઠેલા છે; જ્યારે ડાબી બાજુએ એક ગૃહસ્થ શ્રાવક બંને હાથ લાંબા કરીને તથા બીજો તેની પાછળનો ગૃહસ્થ શ્રાવક જમણા હાથમાં કાંઇક ફૂલ જેવું પકડી રાખીને સ્તુતિ કરતો દેખાય છે. ચિત્રની નીચેના ભાગમાં સમુદ્રની અંદર ઘડા નાખીને ત્રણ

પુરુષો તરતા દેખાય છે, જે રજુ કરવાનો ચિત્રકારનો આશય 'જેવી રીતે પાણીમાં તરનાર મનુષ્ય ધડાની મદદથી સમુદ્રને પોતે પાર ઉતરી શકે છે તેવી રીતે પ્રભુનું ધ્યાન ધરનાર માણસ સંસાર સમુદ્રથી સુખેથી પાર ઉતરી શકે છે.' તેમ બતાવવાનો હોય એમ લાગે છે, જો કે આ શ્લોકમાં તે બાબતનો નિર્દેશ માત્ર પણ નથી.

प्राग्भारसम्भृतनभांसि रजांसि रोषा-
दुत्थापितानि कमठेन शठेन यानि ।
छायाऽपि तैस्तव न नाथ! हता हताशो
ग्रस्तस्त्वमीभिरयमेव परं दुरात्मा ॥२१॥

ભાવાર્થઃ—હે નાથ! મૂર્ખ કમઠાસુરે ક્રોધથી સમગ્ર આકાશ ભરાઇ જાય તેટલી જે રજ તમારા પર ઉડાડી, તે રજ વડે તમારા શરીરનો પડછાયો કે કાંતિ પણ હણાઇ નહીં, પરંતુ કેવળ તેની આશા-ઇચ્છા હણાવા સાથે તે દુરાત્મા પોતે જ કર્મરૂપી રજવડે લેપાયો-હણાયો.-૩૧

મન્ત્રઃ—ૐ હ્રીં પાર્શ્વયક્ષ દિવ્યરૂપાય મહા[ઘ?]ર્ષણ પહિ પહિ આં ક્રોં હ્રીં નમઃ॥
[-મૈ. પ. ક. અ. ૩. શ્લો. ૩૮]

વિધિ—આ મંત્ર દુષ્ટ વૈરીના સમૂહનો પરાજય કરે. સર્વ ઉપદ્રવનો નાશ કરે.
ૐ હ્રીં રજોવૃષ્ટિઅક્ષોભ્યાય શ્રીજિનાય નમઃ ॥

यद् गर्जदूर्जितघनौघमदभ्रभीम
भ्रश्यत्तडिन्मुसलमांसलघोरधारम् ।
दैत्येन मुक्तमथ दुस्तरवारि दध्रे
तेनैव तस्य जिन! दुस्तरवारिकृत्यम् ॥२२॥

ભાવાર્થઃ—હે જિનેશ્વર! [રજની વૃષ્ટિ કર્યા પછી] તે કમઠાસુરે ગર્જના કરતો પ્રબળ મેઘનો સમૂહ છે જેને વિષે એવું, ઘણું ભયંકર, આકાશ થકી પડતી વિજળી છે જેને વિષે એવું સાંબેલા જેવી પુષ્ટ અને ઘોર ધારાઓ વાળું તથા દુઃખે કરીને તરી શકાય એવું પાણી જે કારણ માટે વરસાવ્યું, તે જ પાણીએ તે અસુર પરત્વે દુષ્ટ તરવારનું કામ કર્યું. જેમ પોતાની પાસે રાખેલી દુષ્ટ તરવાર તેને રાખનારનું જ છેદન ભેદન કરે છે, તેમ આ જળની વૃષ્ટિએ કમઠાસુરનો જ છેદન ભેદનરૂપ થઈ સંસાર વધાર્યો-૩૨

મન્ત્ર—ૐ ભ્રમ ભ્રમ કેશિ ભ્રમ કેશિ ભ્રમ માતે ભ્રમ માતે ભ્રમ વિભ્રમ વિભ્રમ મુહ્ય મુહ્ય મોહય મોહય સ્વાહા ॥

વિધિઃ—આ મંત્ર જપીને જમીન પર નહી પડેલા એવા સરસવના દાણા મંત્રીને ઘરના ઉંબરામાં નાખે છતે લોકો અકાલ નિદ્રાને પામે છે. **ॐ ह्रीं कमठदैत्य मुक्त वारिधाराअक्षोभ्याय श्रीजिनाय नमः ॥**

ध्वस्तोर्ध्वकेशविकृताकृतिमर्त्यमुण्ड–
प्रालम्बभृद्भयदवक्त्रविनिर्यदग्निः ।
प्रेतव्रजः प्रति भवन्तमपीरितो यः
सोऽस्याभवत् प्रतिभवं भवदुःखहेतुः ॥३३॥

ભાવાર્થઃ—[ત્યાર પછી] હે પ્રભુ! તે કમઠાસુરે ચોતરફ કેશ વિખરાએલા હોવાથી જેની આકૃતિ ભયંકર દેખાતી હતી એવા મનુષ્યના મસ્તકોની માળાને કંઠમાં ધારણ કરતો તથા જેના ભયંકર મુખમાંથી અગ્નિ નીકળતો હતો એવો જે પ્રેતનો સમૂહ ઉપદ્રવ કરવા માટે તમારા તરફ મૂક્યો, તે જ પ્રેતનો સમૂહ કમઠાસુરને જ ભવભવ પ્રત્યે સંસારના દુઃખના કારણ રૂપ થયો.–૩૩

મન્ત્રઃ—ॐ ह्रीं श्रीं क्लीं ब्लूँ श्रीं ब्लूँ ग्रः क्लीं क्लीं कलिंकुंड पासनाह ॐ चुरु चुरु मुरु मुरु फुरु फुरु फर फर [फार फार] किलि किलि कल कल धम धम ध्यानाग्निना भस्मी कुरु कुरु पुरय पुरय प्रणतानां हितं कुरु कुरु हुँ फट् स्वाहा ॥

વિધિઃ—આ મંત્રના સ્મરણથી રાજભય, ભૂતભય, પિશાચ ભય, ડાકિની, શાકિની, હસ્તિ, સિંહ, સર્પ, વિંછી ભય અને બીજા પણ ઉપદ્રવાદિ ભય થતા નથી.

धन्यास्त एव भुवनाधिप ! ये त्रिसन्ध्य–
माराधयन्ति विधिवद् विधुतान्यकृत्याः ।
भक्त्योल्लसत्पुलकपक्ष्मलदेहदेशाः
पादद्वयं तव विभो ! भुवि जन्मभाजः ॥३४॥

ભાવાર્થઃ—હે ત્રણ જગતના અધિપતિ! હે પ્રભુ! વિશેષે કરીને ટાળ્યાં છે અન્ય કાર્યો જેણે એવા અને ભક્તિ વડે ઉલ્લાસ પામતા રોમાંચ વડે વ્યાપ્ત છે શરીર જેનાં એવા જે પ્રાણીઓ પૃથ્વીને વિષે તમારા ચરણ યુગલને વિધિ પૂર્વક ત્રણે કાળ પૂજે છે–આરાધન કરે છે તેઓ જ ધન્ય છે–તેમનો જ જન્મ સાર્થક છે.૩૪

મન્ત્રઃ—ॐ नमो अरिहंताणं ॐ नमो भगवइ महाविज्जाए सत्तट्ठाए मोर हुलु हुलु चुलु चुलु मयूरवाहिनीए स्वाहा ॥

વિધિઃ—પોસ વદ ૧૦(ગુજરાતી માગશર વદ ૧૦)ના દિવસે ઉપવાસ કરીને ૧૦૦૮ વાર આ મંત્રનો જાપ કરી સાધના કરી ગામ પ્રવેશ કરતાં, વ્યાપાર કરતાં,

વસ્તુઓની લેવડ દેવડ કરતાં, ૭ વાર જપવાથી, અન્ન–ધનનો લાભ થાય છે. ॐ ह्रीं त्रिकालपूजनीयाय श्री जिनाय नमः ॥

अस्मिन्नपारभववारिनिधौ मुनीश!
मन्ये न मे श्रवणगोचरतां गतोऽसि।
आकर्णिते तु तव गोत्रपवित्रमन्त्रे
किं वा विपद्विषधरी सविधं समेति? ॥३५॥

ભાવાર્થઃ–હે મુનીંદ્ર! હું માનું છું કે–આ અપાર સંસારરૂપી સમુદ્રને વિષે ભ્રમણ કરતાં મેં કદાપિ તમારા નામનું શ્રવણ કર્યું નહિ હોય. કારણ કે જો તમારા નામરૂપ પવિત્ર મંત્ર સાંભળવામાં આવ્યો હોત, તો શું વિપત્તિરૂપી સર્પિણી કદાપિ પાસે આવી શકે? ન જ આવે. હે પ્રભુ! હજુ મારી સાંસારિક આપત્તિનો નાશ થયો નથી, તેથી હું ધારૂ છું કે–તમારૂં નામ અત્યારસુધી મેં કોઈ પણ ભવમાં સાંભળ્યું નહી હોય જો સાંભળ્યું હોત તો આ સંસાર ભ્રમણરૂપ આપત્તિ મને પ્રાપ્ત થાત નહીઃ–૩૫

મન્ત્ર—ॐ नमो अरिहंताणं ज्म्ल्व्र्यूं नमः, ॐ नमो सिद्धाणं झ्म्ल्व्र्यूं नमः, ॐ नमो आयरियाणं स्म्ल्व्र्यूं नमः, ॐ नमो उवज्झायाणं ह्म्ल्व्र्यूं नमः, ॐ नमो लोए सव्वसाहूणं छ्म्ल्व्र्यूं नमः, देवदत्तस्य संकटमोक्षं कुरु कुरु स्वाहा ॥

વિધિઃ—આ મંત્ર પાટલા ઉપર લખી શ્રી પાર્શ્વનાથજીની પ્રતિમા આગળ ધરી ૫૦૦ પાંચસો ચંબેલીના ફૂલથી ૫૦૦ વાર જાપ કરવો ફૂલ પાટલા ઉપર રાખવા, જાપ ઊભા રહીને કરવો. સર્વ સંકટનો નાશ થાય અને જયજયકાર થાય. ॐ ह्रीं आपन्निवारकाय श्री जिनाय नमः ॥

આ શ્લોકનો ભાવ દર્શાવતિ પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૦ ની મધ્યમાં સર્પના લંછન સહિત પ્રભુ પાર્શ્વનાથની પદ્માસનસ્થ પ્રતિમા સિંહાસન ઉપર બિરાજમાન છે. તેઓશ્રીની જમણી બાજુએ સ્તોત્રકાર કુમુદચંદ્ર પ્રભુની સ્તુતિ કરતા દેખાય છે. જ્યારે ડાબી બાજુએ ત્રણ ગૃહસ્થ શ્રાવકો પૂજનની સામગ્રી હાથમાં લઈને ઊભા રહેલા છે. તે ત્રણ ગૃહસ્થો પૈકી પ્રથમ શ્રાવકના જમણા ઉંચા કરેલા હાથમાં ધૂપદાની તથા ડાબા હાથમાં પ્રક્ષાલન કરવાનો કલશ છે, બીજા શ્રાવકના ઉંચા કરેલા જમણા હાથમાં કમલનું ડોડા સહિતનું ફૂલ છે તથા ડાબા હાથમાં નૈવેદ્ય ભરેલો થાળ છે અને ત્રીજા શ્રાવકના ઉંચા કરેલા જમણા હાથમાં આરતીનો થાળ છે, જેમાંની પાંચ જ્યોત સ્પષ્ટ દેખાય છે અને ડાબા હાથમાં આરતી વખતે વગાડવાની ઘંટડી છે.

जन्मान्तरेऽपि तव पादयुगं न देव !
मन्ये मया महितमीहितदानदक्षम् ।
तेनेह जन्मनि मुनीश ! पराभवानां
जातो निकेतनमहं मथिताशयानाम् ॥३६॥

ભાવાર્થઃ—હે દેવ ! હું માનું છું કે–જન્માંતરને વિષે ભક્તજનોને વાંછિત ફળ આપવામાં નિપુણ એવા તમારા ચરણકમળને મેં પૂજ્યા નથી. તેથી જ હે મુનીશ્વર ! આ જન્મને વિષે હું ચિત્તને પીડા કરનાર પરાભવોનું સ્થાન થયો છું. જો તમારા ચરણકમળની સેવા કરી હોત તો હું પરાભવનું સ્થાન થાત જ નહીં અર્થાત્ તમારા ચરણની પૂજા કરનાર પ્રાણી કદાપિ પરાભવ પામતો નથી.–૩૬

મંત્રઃ—ॐ नमो भगवते चन्द्रप्रभाय चन्द्रेन्द्रमहिताय नयनमनोहराय ॐ चुलु चुलु गुलु गुलु नीलभ्रमरि नीलभ्रमरि मनोहरि सर्वजनवश्यं कुरु कुरु स्वाहा ॥
[–श्री भै. प. क. अ. ९. श्लो. १८.]

વિધિઃ—દીવાળીના દિવસે પીળી ગાયના ઘીનો દીવો સળગાવી નવા માટીનાં વાસણમાં કાજળ પાડી, પછી કાર્ય પડે તે કાજલને આંખમાં આંજવાથી સર્વજન વશ થાય છે. **ॐ ह्रीं सर्वपराभवहरणाय श्री जिनाय नमः ॥**

नूनं न मोहतिमिरावृतलोचनेन
पूर्वं विभो ! सकृदपि प्रविलोकितोऽसि ।
मर्माविधो विधुरयन्ति हि मामनर्थाः
प्रोद्यत्प्रबन्धगतयः कथमन्यथैते ? ॥३७॥

ભાવાર્થઃ—હે પ્રભુ ! મારાં નેત્રો મોહરૂપી અંધકાર વડે ઢંકાએલાં હોવાથી મેં પ્રથમ કોઇ પણ વખત એક વાર પણ તમને જોયા નથી. અન્યથા–જો કદાચિત્ જોયા હોય તો મર્મસ્થાનને વીંધનારા અને કર્મબંધની પ્રવૃત્તિને પામેલા આ કષ્ટો મને કેમ પીડા કરે ? ન જ કરે. અર્થાત્ તમારું દર્શન કરનારને અનર્થની પ્રાપ્તિ થતી નથી.–૩૭

મંત્ર—ॐ अमृते ! अमृतोद्भवे ! अमृतवर्षिणि ! अमृतं श्रावय श्रावय सं सं क्लीं क्लीं [हूँ हूँ ?] ब्लूँ ब्लूँ [हाँ हाँ ?] द्रां द्रीं [ह्रीं ह्रीं ?] द्रावय द्रावय ह्रीं स्वाहा ॥
[–श्री भै. प. क. अ. २ श्लो. ८]

વિધિ—આ મંત્રથી પાણી મંતરીને મુખે આચમન કરવાથી ભૂત, ગ્રહ. શાકિની આદિ ઉપદ્રવનો નાશ થાય. દુર્જન પણ સજ્જન થાય છે, **ॐ ह्रीं सर्वम (सर्वा)नर्थ मथनाय श्री जिनाय नमः ॥**

आकर्णितोऽपि महितोऽपि निरीक्षितोऽपि
नूनं न चेतसि मया विधृतोऽसि भक्त्या ।
जातोऽस्मि तेन जनबान्धव ! दुःखपात्रं
यस्मात् क्रियाः प्रतिफलन्ति न भावशून्याः ॥३८॥

ભાવાર્થઃ—હે જનબંધુ-લોકના હિતકારક ! મેં પ્રથમ કોઈ પણ ભવમાં તમને સાંભળ્યા પણ છે, પૂજ્યા પણ છે અને જોયા પણ છે. પરંતુ ભક્તિ વડે ચિત્તમાં ધારણ તો કર્યા જ નથી. તેથી કરીને હું દુઃખનુ ભાજન થયો છું. કારણકે સાંભળવાની, પૂજ્યાની અને જોવાની વગેરે સર્વ ક્રિયાઓ ભાવ રહિત હોય તો તે ફળદાયક થતી જ નથી. તેથી મારી સર્વ ક્રિયાઓ નિષ્ફળ ગઇ.–૩૮

મન્ત્રઃ—ૐ હ્રીં શ્રીં ધૈં અર્હં ક્લીં ક્રૌં બ્લૈં ભ્રૌં યૂં નમિઊણ પાસનાહ દુરિયારિ વિજયં કુરુ કુરુ સ્વાહા ॥

વિધિઃ—આ ચિંતામણિ મંત્રના ૧૨૫૦૦૦ સવા લાખ જાપ કરવાથી ચિંતિત કાર્યની તત્કાલ સિદ્ધિ થાય છે. **ૐ હ્રીં સર્વ દુઃખહરાય શ્રીજિનાય નમઃ ॥**

આ ૩૮મા શ્લોકનો ભાવ દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૧ની લગભગ મધ્ય ભાગમાં સર્પના લંછન સહિત પદ્માસનસ્થ પાર્શ્વનાથની મૂર્તિ સિંહાસન ઉપર બિરાજમાન છે. તેઓશ્રીની જમણી બાજુએ બે હાથની અંજલિ જોડીને સ્તુતિ કરતા સ્તોત્રકાર 'કુમુદચંદ્ર' બેઠેલા છે તથા ડાબી બાજુએ એક જૈન સાધુ પોતાની સમીપ ઊભા રહેલા ગૃહસ્થને કાંઇક ઉપદેશ આપતા ચિત્રકારે શા માટે અહીંયાં રજુ કરેલા છે, તે બાબતનો આશય આ શ્લોકમાંથી નીકળી શકતો નથી; પરંતુ મારી માન્યતા પ્રમાણે તેઓ તે ગૃહસ્થ બ્રાહ્મણ કે જેણે પોતાના ગળામાં જનોઇ પહેરેલી છે, તેને પ્રભુની ભક્તિ કરવા માટે ઉપદેશ આપતા હોય એમ લાગે છે.

त्वं नाथ दुःखिजनवत्सल ! हे शरण्य !
कारुण्यपुण्यवसते ! वशिनां वरेण्य ! ।
भक्त्या नते मयि महेश ! दयां विधाय
दुःखाङ्कुरोद्दलनतत्परतां विधेहि ॥३९॥

ભાવાર્થઃ—હે નાથ ! હે દુઃખીજનો ઉપર કરૂણાવાળા ! હે શરણ કરવા યોગ્ય ! હે કરૂણાપણાના પવિત્ર સ્થાન ! (દયા અને ધર્મના સ્થાન !) હે જિતેંદ્રિયોને વિષે શ્રેષ્ઠ ! હે મોટા ઇશ્વર ! તમે ભક્તિવડે નમેલા મારા પર દયા કરીને

દુઃખની ઉત્પત્તિના કારણના ખંડનને વિષે તત્પરતા કરો ! અર્થાત્ મારાં દુઃખો ઉતાવળે નાશ કરો.–૩૯

મંત્ર—ક્ષ્મ્લ્વ્ર્યૂં ક્લ્રીં જયે વિજયે જયંતે અપરાજિતે, જ્મ્લ્વ્ર્યૂં જંમે, મ્મ્લ્વ્ર્યૂં મોહે, મ્મ્લ્વ્ર્યૂં સ્તંમે, હ્મ્લ્વ્ર્યૂં સ્તંભિનિ, અમુકં મોહય મોહય મમ વશ્યં કુરુ કુરુ સ્વાહા ॥

વિધિઃ—આ મંત્રના જાપથી સ્ત્રીને પુરૂષ વશ થાય, પુરૂષ સાધે તો પુરુષને સ્ત્રી વશ થાય. **ૐ હ્રીં જગજ્જીવદયાલવે શ્રીજિનાય નમઃ ॥**

આ ૩૯મા શ્લોકના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૨ની લગભગ મધ્યમાં રહેલી સર્પના લંછન સહિતની સિંહાસન ઉપર બિરાજમાન પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાની ડાબી બાજુએ ઊભો રહેલ એક ગૃહસ્થ હાથમાં પકડેલા કળશથી પ્રક્ષાલન કરતો દેખાય છે; પ્રક્ષાલન કરનાર ગૃહસ્થે મુખ ઉપર મુખકોશ બાંધેલો નથી તે ઉપરથી લાગે છે આ પ્રતના ચિત્ર દોરનાર ચિત્રકાર જૈનધર્મના રીતિરિવાજોથી અજ્ઞાત છે અને તે વાત આ પ્રતના છેલ્લા પત્ર પરના તેના નામ ઉપરથી તુરત જ જણાઈ આવે છે; કે આ ચિત્રો ચીતરનાર ચિત્રકાર પોતે જાતે બ્રાહ્મણ છે. પ્રક્ષાલન કરનારની પાછળ એક ગૃહસ્થે બે હાથની અંજલિ જોડી છે તથા બીજો એક ગૃહસ્થ પગના બે ઘુંટણ ઉપર બેઠેલો છે. જ્યારે પ્રભુની જમણી બાજુએ સ્તુતિ કરતા સ્તોત્ર કર્તા **'શ્રીકુમુદચંદ્રાચાર્ય'** બિરાજમાન છે.

निःसङ्ख्यसारशरणं शरणं शरण्य–
मासाद्य सादितरिपुप्रथितावदातम् ।
त्वत्पादपङ्कजमपि प्रणिधानवन्ध्यो
वध्योऽस्मि चेद् भुवनपावन ! हा हतोऽस्मि ॥४०॥

ભાવાર્થઃ—હે ત્રણ ભુવનને પવિત્ર કરનારા ! અસંખ્ય બળનું ઘર, શરણ કરવા યોગ્ય, નાશ કર્યા છે શત્રુ જેણે એવા અને પ્રસિદ્ધ છે પ્રભાવ જેનો એવા તમારા ચરણકમળનું પણ શરણ પામીને જો હું ધ્યાન રહિત થઈ રાગાદિક શત્રુ વડે વધ કરવા લાયક થાઉં તો ખેદની વાત છે કે હું દુર્દૈવથી હણાયો–માર્યું દૈવ જ વાંકું છે એમ હું માનું છું–૪૦

देवेन्द्रवन्द्य ! विदिताखिलवस्तुसार !
संसारतारक ! विभो ! भुवनाधिनाथ ! ।
त्रायस्व देव ! करुणाहृद ! मां पुनीहि
सीदन्तमद्य भयदव्यसनाम्बुराशेः ॥४१॥

ભાવાર્થઃ—હે દેવેંદ્રો વડે વંદન કરવા યોગ્ય ! હે જાણ્યું છે સમસ્ત વસ્તુનું રહસ્ય જેણે એવા ! હે સંસાર સમુદ્ર થકી તારનાર ! હે વિભુ ! હે ત્રણ ભુવનના નાથ ! હે દેવ ! હે કરૂણાના દ્રહ–સમુદ્ર ! સીદાતા એવા મારૂં, ભયને આપનાર એવા સંકટના સમુદ્ર થકી હમણાં રક્ષણ કરો અને મને પવિત્ર કરો.–૪૧

यद्यस्ति नाथ ! भवदंघ्रिसरोरुहाणां
भक्तेः फलं किमपि सन्ततिसञ्चितायाः ।
तन्मे त्वदेकशरणस्य शरण्य ! भूयाः
स्वामी त्वमेव भुवनेऽत्र भवान्तरेऽपि ॥४२॥

ભાવાર્થઃ—હે નાથ ! જો પરંપરાથી–ઘણા કાળથી સંચિત કરેલી તમારા ચરણ-કમળની ભક્તિનું કાંઇ પણ ફળ હોય તો હે શરણ કરવા લાયક પ્રભુ ! માત્ર એક તમારા જ શરણવાળા એવા મારા આ ભવમાં અને બીજા ભવોમાં પણ તમે જ સ્વામી થજો. એટલું જ ફળ હું માંગું છું.–૪૨

इत्थं समाहितधियो विधिवज्जिनेन्द्र !
सान्द्रोल्लसत्पुलककञ्चुकिताङ्गभागाः ।
त्वद्बिम्बनिर्मलमुखाम्बुजबद्धलक्षा
ये संस्तवं तव विभो ! रचयन्ति भव्याः ॥
जननयन 'कुमुदचंद्र' !
प्रभास्वराः स्वर्गसम्पदो भुक्त्वा ।
ते विगलितमलनिचया
अचिरान्मोक्षं प्रपद्यन्ते ॥४३–४४॥–युग्मम्

ભાવાર્થઃ—હે જિનેંદ્ર! હે પ્રભુ! હે મનુષ્યના નેત્ર રૂપ પોયણા (ચંદ્ર વિકાસી-કમળ) ને ચંદ્રમા તુલ્ય! સમાધિવાળી (સ્થિર) બુદ્ધિ છે જેમની એવા, અત્યંત ઉલ્લાસ પામતા રોમાંચવડે કંચુકિત છે શરીરના ભાગો જેમના એવા, તમારા બિંબના નિર્મળ મુખકમળને વિષે બાંધ્યું છે લક્ષ્ય જેમણે એવા જે ભવ્ય પ્રાણીઓ, એ પૂર્વોક્ત પ્રકારે વિધિ પૂર્વક તમારા સ્તોત્રને રચે(કરે)છે તેઓ, પ્રકર્ષે દેદીપ્યમાન સ્વર્ગ લક્ષ્મીને ભોગવીને તત્કાળ મોક્ષને પ્રાપ્ત કરે છે.–૪૩–૪૪

મંત્રઃ—ॐ नमो भगवति ! हिडिम्बवासिनि ! अल्लुल्लमांसप्पिये नहयलमंडलपइट्ठिए तुह रणमत्ते पहरणदुट्ठे आयासमंडि ! पायालमंडि सिद्धमंडी जोइणिमंडि सव्वमुहमंडि कज्जलं पडउ स्वाहा ॥४३॥ [–श्री भै० प. क. अ. ९ श्लो. २२]

વિધિ:—આ મંત્ર ઈશાનખુણા સન્મુખ બેસી અંધારી આઠમના દિવસે ગણી, પુરુષની બેાપરીના વિષે કાળા ધંતુરાના તેલથી કાજલ પાડી રાખવું, કાર્ય પડે તે કાજલથી ત્રિશૂલ [કપાળમાં] કરે અથવા અંજન કીજે તેા સર્વ જાતના ભય ન થાય, ચિત્ત સમાધિ થાય. ૐ ह्रीं चित्तसमाधि ससेविताय श्रीजिनाय नमः ॥

मन्त्रः—ॐ नट्ठट्ठमयट्ठाणे पणट्ठकम्मट्ठ नट्ठसंसारे ।
परमट्ठनिट्ठिअट्ठे अट्ठगुणाधीसरं वंदे ॥

વિધિ:—આ મંત્રથી રાઈ, મીઠું, લીમડાનાં પાન, કડુ તેલ (કડવી તુમડીનું-તેલ?)અને ગુગલ એ પાંચ વસ્તુએા એકઠી કરીને મંત્રી પાછલા પહેારે રેાજ ૩૦૦ ત્રણસેા હેામ કીજે તેા રેાગ, દુશ્મન તથા કષ્ટનેા નાશ થાય છે.

આ છેલ્લા ૪૩–૪૪ મા શ્લેાકેાના ભાવને દર્શાવતી પ્રતિકૃતિ માટે જુએા ચિત્ર. ૨૯૩ ની મધ્યમાં સર્પના લંછન સહિત પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમાજી બિરાજમાન છે. તેઓની જમણી બાજુએ સ્તેાત્રકાર 'કુમુદચંદ્ર, સ્તુતિ કરતા બેઠેલા છે. ડાબી બાજુએ એક ગૃહસ્થ બે હાથની અંજલિ જેડીને સ્તુતિ કરતેા બેઠેલેા છે.

ચિત્રની ડાબી બાજુના ઉપરના ભાગમાં ચિત્રકારે પેાતાનું નામ તથા સ્થળ સ્પષ્ટ દર્શાવેલાં છે. આ પ્રત વિક્રમ સવંત ૧૯૨૫ના માગસર વદી અષ્ટમીના રેાજ **અજમેર** મુકામે કવીશ્વર ચિરંજ્યલાલે ચીતરેલી છે. પ્રતના અક્ષરેાના લેખક પણ તે પેાતે જ છે. આ પ્રતનાં ચિત્રેામાં પુરુષેાના મસ્તક ઉપર મેાગલ સમયની પાઘ-ડીએા પહેરાવેલી છે, તે ઉપરથી એમ લાગે છે કે ચિત્રકારે મેાગલ સમયની કેાઇ બીજી પ્રત ઉપરથી આ પ્રતનાં ચિત્રેાની નકલ કરી હશે. કળાની દૃષ્ટિએ જોકે આ ચિત્રેા એટલાં બધાં સુંદર નથી પણ ચિત્રકાર કેાઈ અજબ કલ્પનાશીલ છે તેમ તેા ચિત્ર પ્રસંગેા જોતાં જરૂર જણાઈ આવે છે. આ પ્રતનાં ચિત્રો **શ્રીયુત જસવંતરાય** જૈની દિલ્હી વાળાનાં સંગ્રહની પ્રત ઉપરથી લેવામાં આવ્યાં છે. દુર્ભાગ્યવશાત્ આ પ્રતનાં બાકીનાં ચિત્રો નાશ પામ્યાં છે એટલે જેટલાં મલ્યાં તેટલાં અહીંયાં આપવા યેાગ્ય ધારીને આપ્યાં છે.

કલ્યાણમંદિર મન્ત્રામ્નાયો.

શ્લોક. ૧-૨—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो पासं पासं पासं फणं ॥ ૐ હ્રીં અર્હં णमो दव्वंकराए ॥
મંત્ર—ૐ नमो भगवते ममेप्सितं कार्यं सिद्धिं कुरु कुरु स्वाहा

યંત્ર—પચીશ પાંખડીના કમલની મધ્ય કર્ણિકામાં **क्ल्ह्रीं** લખીને, પાંખડીઓમાં ઋદ્ધિ લખીને, યંત્રની ફરતાં મંત્ર લખવો, આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૪

વિધિ—ઋદ્ધિ મંત્રનો ૬૦ સાઠ દિવસ સુધી હમેશાં ૧૦૮ વખત જાપ કરવો, પર્વત પર જાપ કરવો, રાતું આસન, રેશમની માલા, લાલ રેશમી વસ્ત્ર પહેરીને પૂર્વ દિશાએ મુખ રાખીને જાપ કરવો, કપૂર, ચંદન, કસ્તૂરી અને શિલારસનો ધૂપ દેવો.

ગુણ-આ પ્રમાણે કરવાથી લક્ષ્મીનો-ધનનો બહુ જ લાભ થાય છે.

શ્લોક. ૩—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो धम्मराए जयतिए ॥
મંત્ર—ૐ नमो भगवति ૐ હ્રીં શ્રીં ક્લીં અર્હં नमः स्वाहा ॥

યંત્ર—સૂર્યાકાર યંત્રની મધ્યમાં ઋદ્ધિ લખીને, સૂર્યની ફરતો મંત્ર લખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૫

વિધિ—એકાંતમાં દિન ૪૦ ચાલીશ સુધી, હમેશાં ૧૦૦૦ ઋદ્ધિ મંત્રનો જાપ કરવો, પીળું દરિયાઇનું આસન, કમલની માલા, ગુગલ, કપૂર, ચંદન, અને ઘીનો ધૂપ કરવો, જાપ જેટલા દિવસ જપે તેટલા દિવસ ભૂમિશયન કરવું. નવ વરસ રવિવાર કરવા.

ગુણઃ-આ પ્રમાણે કરવાથી મૃતવત્સા દોષનો નાશ થાય, બાલક જીવે, છોકરો તથા છોકરી જે હોય તે જીવે.

શ્લોક. ૪—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो समुद्दे भयं साम्यति बुद्धीणं ॥
મંત્ર—ૐ नमो भगवति पद्मगृहनिवासिनी नमः स्वाहा ॥

યંત્રઃ—વહાણની આકૃતિના મધ્યમાં **म्ल्व्र्यूं** લખીને, ફરતી ઋદ્ધિ લખવી અને વહાણની આકૃતિની બહારની બાજુ ફરતાં મંત્રના અક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૬

વિધિઃ—યંત્ર પાસે રાખીને ૨૭ સતાવીસ દિવસ સુધી, હમેશાં ૧૦૦૦ ઋદ્ધિ મંત્રનો જાપ કરવો. સફેદ આસન, માલા રાતા સુતરની, પશ્ચિમ તરફ મુખ રાખવું, ગુગલ, ચંદન અને ઘીનો ધૂપ કરવો અને એકાંતમાં મંત્રનો જાપ કરવો.

ગુણ—આ પ્રમાણે કરવાથી પાણીનો ભય નાશ પામે છે, દરિઆમાં વહાણ ડુબતું નથી.

શ્લોક ૫—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो धणबुद्धि [बुद्धि ?] कराए ॥

મંત્ર—ॐ ह्रीं पद्मे नमः ॥

યન્ત્ર—ષટ્કોણાકૃતિની મધ્યમાં अम्ल्व्र्यूं લખીને, છ ખુણામાં મંત્રાક્ષરો લખવા, યંત્રની ફરતી ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૭

વિધિ—એકાંત સ્થાનમાં રહીને ૪૯ ઓગણપચાસ દિવસ સુધી, હમેશાં ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, પૂર્વદિશા તરફ મુખ રાખવું, ગુગલ, કંદરૂ, ચંદન, કપૂર અને ઈલાયચીનો ધૂપ કરવો.

ગુણ—ઔષદનો લાભ, લક્ષ્મી તથા ધનનો લાભ થાય.

શ્લોક ૬—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो पुत्तइच्छो [च्छं ?] कराए ॥

મન્ત્રઃ—ॐ नमो भगवति ह्रीं श्रीं व्रां व्रीं क्षां क्षीं प्रौं ह्रौं नमः ॥

યંત્ર—ચંદ્રાકૃતિ ની અંદર ઋદ્ધિ ભોજપત્ર પર લખીને ચંદ્રાકૃતિની ચારે બાજુ મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૮

વિધિ—[એકાંત સ્થાનમાં] ૪૦ ચાલીશ દિવસ સુધી, હમેશાં ૧૦૦૦ જાપ કરવો, લીલું આસન, કમલની માળા, દક્ષિણ દિશા તરફ મુખ રાખવું; ગુગલ, ઘી, ખોપરાં અને લવીંગનો ધૂપ કરવો.

ગુણ—સંતાનની પ્રાપ્તિ થાય.

શ્લોક. ૭—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो माहणे झाणाए ॥

મન્ત્ર—ॐ नमो भगवति शुभाशुभं कथयति [यामि?] स्वाहा

યંત્રઃ—ગોળાકાર ત્રણ કોઠા કરવા, પહેલા કોઠામાં ઋદ્ધિ લખવી, બીજામાં મંત્રાક્ષરો લખવા અને ત્રીજા કોઠામાં હૂંકાર ૧૪ ચઉદ લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૨૯૯

વિધિ—સતાવીશ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ, આસન જોગિઆનું, મૂંગાની

(પરવાળાની) માળા, નૈઋત્ય ખુણા તરફ મુખ રાખી જાપ કરવા, ગુગલ, લોહ, ધાન, પ્રિયંગુ (રાયણ) અને લતાનો ધૂપ કરવો.

ગુણ—પરદેશમાં ગયેલા પતિ અથવા સ્વજનની સતાવીશ દિવસમાં ખબર મલે.

શ્લોક ૮—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो उन्हगदहारीप ॥

મન્ત્ર—ૐ नमो भगवते मम सर्वांग पीडा शांति कुरु कुरु स्वाहा ॥

યંત્ર—ચતુરસ્ર કોઠા ૨૨ બાવીસ ની અંદર મંત્રાક્ષરો લખવા, ઉપર ઋદ્ધિના અક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૦

વિધિ—એકાંત સ્થાનમાં ચઉદ ૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, ડાભનું આસન, ચાંદીની માલા, ઈશાન ખુણા તરફ મુખ; ગુગલ, કંદરૂ અને સફેદ ચંદનનો ધૂપ કરવો, જાપ કરીએ એટલા દિવસ ભૂમિશયન કરવું.

ગુણ—ગરમી, પિતજ્વર તથા સર્વ જાતની ગરમીનો નાશ થાય.

શ્લોક ૯—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो को पं हं सः ॥

મન્ત્ર—ૐ હ્રીં શ્રીં હ્મ્લીં ત્રિભુવન હૂઁ સ્વાહા ॥

યંત્ર—વૃક્ષાકૃતિમાં અગિઆર પાંદડામાં મંત્રના અક્ષરો લખવા અને ઋદ્ધિના અક્ષરો ઉપરના ભાગમાં લખવા. આકૃતિ માટે જાઓ ચિત્ર. ૩૦૧

વિધિ—[એકાંત સ્થાનમાં] ચઉદ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, આસન કાલી ઉનનું, માલા રૂદ્રાક્ષ, અગ્નિ ખુણા તરફ મુખ રાખી પદ્માસને જાપ કરવો. ગુગલ, રાલ અને કંદરૂપનો ધૂપ કરવો.

ગુણ—સાપ, વીંછી, વગેરેનાં ઝેર ઉપર ૧૦૮ વખત ઋદ્ધિ મંત્ર બોલીને ઝાડવાથી ઝેરનો નાશ થાય છે.

શ્લોક ૧૦—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो तक्कर पणासणाए ॥

મંત્રઃ—ૐ नमो भगवति गुणवति स्वाहा ॥

યંત્ર—ખડ્ગાકાર યંત્રની મધ્યમાં મંત્ર લખવો, ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૨

વિધિ—૧૮ અઢાર દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, પીલું આસન, સોનાની માલા, વાયવ્ય ખુણા તરફ મુખ રાખવું. ગુગલ અને ચંદનનો ધૂપ દેવો.

ગુણ—ચોર, ઠગ વગેરેના ભયનો નાશ થાય.

શ્લોક ૧૧—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो वारि बालबुद्धीप [बालवुद्धिप] ॥

મન્ત્ર—ૐ નમો સરસ્વતિ ગુણવતિ સ્વાહા ॥

યંત્ર—વટપત્રાકૃતિમાં તેર પાંખડીની મધ્યયાં ઋદ્ધિ લખીને, [ઉપરના ભાગમાં-મંત્ર લખવો]. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૩

વિધિ—૧૯ ઓગણીશ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, સફેદ આસન, સફેદ ચંદનની માલા, ઈશાન ખુણા તરફ મુખ રાખવું. ચંદન, નાગરમોથ અને કપૂર કાચલીનો ધૂપ કરવો.

ગુણ—યંત્ર પાસે રાખવાથી પાણીમાં ડુબાય નહિ.

શ્લોક ૧૨—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अग्गलवज्जणाए ॥

મંત્ર—ૐ नमो चंडिकायै नमः स्वाहा ॥

યંત્ર—ઝારીની આકૃતિની મધ્યમાં મંત્ર લખવો ઉપર ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૪

વિધિ—સાત દિન સુધી, દરરોજ ૧૦૮ એકસો આઠ વખત જાપ કરવાથી અગ્નિનો ભય જાય, સફેદ આસન, સ્ફટિકની માલા, નૈઋત્ય ખુણા તરફ મુખ રાખવું. કપૂર, ખોપરા, ગુગલ અને ઘીનો ધૂપ કરવો.

ગુણ—મંત્ર ભણીને પાણી નાખવાથી અગ્નિ શાંત થઈ જાય છે.

શ્લોક ૧૩—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो इक्खवज्जणाए ॥

મન્ત્રः—ૐ नमो चामुंडायै नमः स्वाहा ॥

યંત્ર—મૂઢ વાણી વન્ધ્યા કૃતિની મધ્યમાં ઋદ્ધિ લખવી, ચારે બાજુ ફરતો મંત્ર લખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૫

વિધિ—સત્તાવીશ દિવસ સુધી, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લાલ આસન, જાયફલની માલા, પશ્ચિમ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, ચંદન અને ઘીનો ધૂપ દેવો.

ગુણ—દરરોજ ૧૦૮ વાર પાણી મંત્રીને નાંખવાથી કુવામાં ખારૂં પાણી આવતું હોય તે મીઠું જલ થઈ જાય.

શ્લોક ૧૪—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो तक्खर धण प[व?]प्पियाए ॥

મન્ત્રः—ૐ नमो गंधारि[यै]नमः श्रीं क्लीं ऐं ब्लूं हूँ द्वं स्वाहा ॥

યંત્ર—ષોડશ દલ કમલાકારે યંત્ર [મધ્ય કર્ણિકામાં ૐ લખવો], પાંખડીઓમાં મંત્રાક્ષરો લખવા, કમલાકૃતિને ફરતી ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૬

વિધિ—ચઉદ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો,લીલું આસન, લાલ સુતરની માલા, ઉત્તર દિશા તરફ મુખ રાખવું. કંદરૂ અને ગુગલનો ધૂપ દેવો.

ગુણ—ચોરાઈ ગએલી વસ્તુ પાછી આવે, ધન મલે અને ખોવાયેલી–ગુમાવેલી વસ્તુ પાછી મલી આવે.

શ્લોક ૧૫—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो झूसणझूसणाए ॥

મન્ત્રઃ—ૐ नमो कालरात्रि[यै]नमः स्वाहा ॥

યંત્ર—ત્રિશૂલાકૃતિની મધ્યમાં ઋદ્ધિ લખવી, ચારે બાજુ ફરતો મંત્ર લખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૭

વિધિ—પચીશ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો. કાલું આસન, કાલા અરીઠાના મીંજની માલા, દક્ષિણ દિશાએ મુખ રાખીને ગણવી. ગુગલ, ખોપરા, લાલ મરચાં અને નૂન(લૂણ?)નો ધૂપ દેવો.

ગુણ—આ પ્રમાણે કરવાથી શત્રુ વૈરભાવ છોડે અને તેનો નાશ થાય.

શ્લોક. ૧૬—

ઋદ્ધિઃ—ૐ હ્રીં અર્હં णमो णगभय पणासए ॥

મન્ત્રઃ—ૐ नमो गौरि इंद्रे वज्रे ह्रीं नमः

યંત્ર—દ્વાદશ દલ કમલાકૃતિની બાર પાંખડીઓમાં મંત્ર લખવો, ચારે બાજુ ફરતી ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૮

વિધિ—સાત દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, વાયવ્યખુણા તરફ મુખ કરવું, ગુગલ, મેવા, ઘી અને ચંદનનો ધૂપ દેવો.

ગુણ—પર્વતપરનો ઉપસર્ગ અને વનના ભયનો નાશ થાય.

શ્લોક. ૧૭—

ઋદ્ધિઃ—ૐ હ્રીં અર્હં णमो कुद्धबुद्ध[द्धि?] णासए ॥

મન્ત્રઃ—ૐ नमो धृतिदेव्यै ह्रीं श्रीं क्रीं ब्लूँ ह्वें द्रां द्रीं नमः ॥

યંત્ર—ચોખંડા સોલ ખુણામાં મંત્ર લખવો, ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૦૯

વિધિ—ચઉદ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, નૈઋત્ય ખુણા તરફ મુખ રાખવું. ચંદન, કપૂર, ઈલાયચી અને ઘીનો ધૂપ દેવો.

ગુણ—[યંત્ર પાસે રાખવાથી] વિગ્રહની શાંતિ થાય છે.

શ્લોક. ૧૮—

ઋદ્ધિઃ—ૐ હ્રીં અર્હં णमो पासे सिद्धा सुणंति ॥

મન્ત્રઃ—ૐ नमो उ[सु?]मतिदेव्यै विषनिर्णाशिन्यै नमः स्वाहा ॥

યંત્ર—બે મુખવાળા સર્પની આકૃતિ કરીને ઉપરના ભાગમાં ઋદ્ધિ અને નીચેના ભાગમાં મંત્ર લખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૦

વિધિઃ—સાત દિવસ સુધી દરરોજ ૧૦૮ વખત જાપ કરવો, કાલું આસન, ચંદનની માલા, અગ્નિ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, અને કંદરૂનો ધૂપ દેવો.

ગુણ—જે પુરુષ અગર સ્ત્રીને સર્પ કરડ્યો હોય તેને ગારડુકિનાઈ (લીમડાનું ઝુમખું?) ઝાડો દીજે સર્પનો ઝેર ઉતરી જાય.

શ્લોક. ૧૯—

ઋદ્ધિઃ—ॐ ह्रीं अर्हं णमो पुप्फिगरुवत्ताप ॥

મન્ત્રઃ—ॐ नमो भगवति पुष्पपल्लवकारिणि नमः ॥

યંત્ર—આંબાના ઝાડની આકૃતિએ સત્તર પાંદડાં વાળો યંત્ર બનાવીને, પાંદડાની મધ્યમાં મંત્રના અક્ષરો લખવા, ઉપરની બાજુ પર ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૧

વિધિ—બાગની અંદર ચઉદ દિવસ સુધી, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, ડાભનું આસન, તુલસીની માલા, રાલ, કંદરૂ, ગુગલ છાડછડીલો, ઘીનો ધૂપ દેવો.

ગુણ—બાગમાં ફૂલ ન ઉગતાં હોય તે નવપલ્લવિત થાય.

શ્લોક. ૨૦—

ઋદ્ધિઃ—ॐ ह्रीं अर्हं णमो गिल्लबिल्लपासाए ॥

મન્ત્રઃ—ॐ नमो ब्रह्माणि नमः ॥

યંત્ર—ષટ્કોણ યંત્ર મધ્યે મંત્ર લખીને, ઉપર ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૨

વિધિ—એકાંતસ્થાને ૪૯ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, આસન જોગિયાનું, માલા રૂદ્રાક્ષની, ઈશાન દિશા તરફ મુખ રાખવું. ગુગલ અને રાલનો ધૂપ દેવો. ભૂમિશયન કરવું તથા બ્રહ્મચર્ય પાલવું.

ગુણ—ઉપર પ્રમાણે કરવાથી ઉચ્ચાટન થાય છે.

શ્લોક. ૨૧—

ઋદ્ધિઃ—ॐ ह्रीं अर्हं णमो अक्खिगदेणासए ॥

મન્ત્રઃ—ॐ ह्रीं श्रीं क्लीं क्षां क्षीं नमः ॥

યંત્ર—અષ્ટદલ કમલની [મધ્ય કર્ણિકામાં ॐ કાર લખવો] આઠ પાંખડીઓમાં મંત્રાક્ષરો લખવા, ઉપર ઋદ્ધિના અક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૩

વિધિઃ—દરરોજના સાત દિવસ સુધી ૧૦૮ વખત જાપ કરવો, યંત્ર જેવો

છે તેવો લિખે, લીલું આસન, માલા ચંદનની, નૈઋત્ય દિશા તરફ મુખ રાખવું. ચંદન, અગર અને ઘીનો ધૂપ દેવો.

ગુણ—નેત્રરોગની પીડાનો નાશ થાય છે.

શ્લોક. ૨૨—

ઋધિઃ—ૐ હ્રીં અર્હં णमो तरुवत्तपणाए ॥

મન્ત્રઃ—ૐ नमो पद्मावत्यै झ्म्ल्व्र्यूं नमः ॥

યંત્ર—ચંપકવૃક્ષાકાર આકૃતિમાં દસ પાંદડા બનાવીને તેની મધ્યમાં મંત્ર લખવો, ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૪

વિધિઃ—એકવીશ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, ડાભનું આસન, તુલસીની માલા, નૈઋત્ય દિશાએ મુખ રાખવું. રાલ, ગુગલ, છડછડીલો, ઘીનો ધૂપ દેવો. ભૂમિશયન કરવું, એકાંતમાં જાપ કરવો.

ગુણ—બાગમાં સારાં ફલ નીપજે–પેદા થાય.

શ્લોક. ૨૩—

ઋધિઃ—ૐ હ્રીં અર્હં णमो वज्जपहरणाए ॥

મન્ત્ર—ૐ णमो श्रीं क्लीं ह्रां ह्रीं ह्यूँ ह्रः नमः ॥

યંત્ર—ગોલાકૃતિએ ત્રણ કોઠા કરવા, મધ્ય કોઠામાં झ्म्ल्व्र्यूं લખવું, બીજા કોઠામાં ઋદ્ધિ લખવી, ત્રીજા કોઠામાં મંત્ર લખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર.૩૧૫

વિધિઃ—સત્તાવીશ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, લાલ આસન, લાલ રેશમની માલા, પૂર્વ દિશા તરફ મુખ રાખવું. ચંદન, મૂષ્ક, સિલારસનો ધૂપ દેવો ભૂમિશયન કરવું, બ્રહ્મચર્ય પાળવું અને એકાંતસ્થાને જાપ કરવો.

ગુણ—રાજદરબારમાં જયની પ્રાપ્તિ થાય.

શ્લોક. ૨૪—

ઋધિઃ—ૐ હ્રીં અર્હં णमो आगासगामियाए ॥

મન્ત્ર—ૐ હ્રીં શ્રાં શ્રીં पद्मे षोडशभुजे प्रौं [प्रौं?] ह्रूँ ह्रूँ नमः ॥

યંત્ર—સમચોરસ સોલ કોઠાના યંત્રમાં મંત્ર લખવો, ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૬

વિધિ—સતાવીશ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, લાલ આસન, લાલ માલા, પૂર્વદિશામાં મુખ રાખવું, પચીશ શેર ખીર અને શીરો [બંને મલીને] બનાવરાવી, શ્રાવકની એકવીશ કન્યાને જમાડવી, કપૂર, મૂષ્ક, શિલારસ અને સફેદ ચંદનનો ધૂપ દેવો. એકાંત જંગલમાં અથવા અટવી અગર પર્વત પર આ જાપ કરવો.

ગુણ—ગએલું રાજ્ય તથા સ્થાન પાછું મલે.

શ્લોક ૨૫—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो हिडकमलाणयाप ॥

મન્ત્ર—ૐ नमो धरणेन्द्र पद्मावत्यै नमः ॥

યંત્ર—ત્રિકોણાકૃતિ યંત્રની મધ્યમાં **મ્લ્વ્યૂં** લખીને, યંત્રની અંદરના ભાગમાં ઉપર તથા નીચે ઋદ્ધિ લખવી તથા ચારે બાજુ ફરતા મન્ત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૭

વિધિઃ—૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, સફેદ આસન, સ્ફટિકની માલા, પશ્ચિમ દિશા તરફ મુખ કરવું. કપૂર, ચંદન. મુષ્ક તથા ઇલાયચીનો ધૂપ કરવો.

ગુણ—રોગ, શોકની પીડાનો નાશ થાય, હર્ષ થાય અને સર્વ રોગનો નાશ થાય.

શ્લોક ૨૬—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो जयंदेयपासेबत्ताप ॥

મંત્ર—ૐ હ્રીં पद्मे श्रां श्रीं श्रूं श्रः नमः ॥

યંત્ર—છત્રાકૃતિમાં યંત્ર લખવો, છત્રની નીચેના ભાગમાં મંત્ર લખવો અને ઉપરના ભાગમાં ફરતી ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૮

વિધિ—૨૭ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, લાલ આસન, લાલ માલા, દક્ષિણ દિશા તરફ મુખ રાખવું. કસ્તુરી, અગર, હોમેર (હીરાબોળ ?)છડીલોનો ધૂપ દેવો.

ગુણ—રાજસભામાં બોલેલો બોલ માન્ય રહે, ઝગડાનો નિકાલ જે કરીએ તે માન્ય રહે.

શ્લોક ૨૭—

ઋદ્ધિ—ૐ હ્રીં खलदुट्ठणासप ॥

મંત્ર—ૐ હ્રીં श्रीं धरणेन्द्रपद्मावती बलपराक्रमाय नमः ॥

યંત્ર—સિંહાસનની આકૃતિની મધ્યમાં ઋદ્ધિ લખીને, ઉપરના ભાગમાંથી શરૂ કરીને ચારે તરફ ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૧૯

વિધિઃ—૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, કાલી ઊનનું આસન, કાલા સુતરની માલા, પૂર્વ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, મીઠું, ઘી તથા બોપરાનો ધૂપ દેવો. ૨૧ દિવસ પછી યંત્રને પંચામૃતમાં મેલવીને નદીના પ્રવાહમાં નાખી દેવો.

ગુણ—દુશ્મન પરાજય પામે, શત્રુ શાંત હોય.

કાવ્ય ૨૮--

ઋદ્ધિ--ૐ હ્રીં અર્હં णमो उववज्जणाए ॥

મંત્ર--ૐ હ્રીં શ્રીં હ્રીં ક્રોં વષટ્ સ્વાહા ॥

યંત્ર--ગોલાકાર ત્રણ કોઠા કરવા, મધ્યમાં ૐકાર લખવો, બીજા કોઠામાં ઋદ્ધિ અને ત્રીજા કોઠામાં મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૦

વિધિઃ--૨૧ દિવસ, હમેશાં ૧૦૦૦ જાપ કરવા, પીળું આસન, પીળા સુતરની માલા, દક્ષિણ દિશા તરફ મુખ રાખવું. ચંદન, લવીંગ, ઘી, ઇલાયચી અને કપૂરનો ધૂપ દેવો.

ગુણ--કીર્તિ યશ વધે, લોકોમાં જયજયકાર વર્તે.

કાવ્ય ૨૯--

ઋદ્ધિ--ૐ હ્રીં અર્હં णमो देवाणुप्पि (पि?)याए ॥

મંત્ર--ૐ હ્રીં ક્રોં (ક્રોં) હ્રીં હૂં ફટ્ સ્વાહા ॥

યંત્ર--વીણાકારે લખવો, વીણાની મધ્યમાં ઋદ્ધિ અને ઉપરના ભાગમાં મંત્ર લખવો. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૧

વિધિ--૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવો, લાલ આસન, લાલ માલા, પૂર્વ દિશા તરફ મુખ રાખવું. કસ્તૂરી, અગર, સિલારસ અને સફેદ ચંદનનો ધૂપ દેવો. ભૂમિશયન કરવું, બ્રહ્મચર્ય પાળવું.

ગુણ--સોપારી, ઇલાયચી અથવા લવીંગ, મંત્ર ભણીને જેને આપીએ તે પ્રત્યક્ષ હોય, તે સર્વ જનને પ્રિય હોય.

કાવ્ય ૩૦--

ઋદ્ધિ--ૐ હ્રીં અર્હં णमो भद्दाबलाए ॥

મંત્ર--ૐ હ્રીં શ્રીં ક્રીં બ્લૂં પ્રૌં (પ્રોં ?) હૂં નમઃ સ્વાહા ॥

યંત્ર--સીસાના આકારે યંત્ર કરીને, મધ્યમાં ઋદ્ધિ લખવી અને ચારે બાજુ ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૨

વિધિઃ--૬૦ દિવસ, દરરોજ ૭૦૦ જાપ કરવા, કાલું આસન, રૂદ્રાક્ષની માલા, પૂર્વ દિશા તરફ મુખ રાખવું. ગુગલ, લોબાન અને ઘીનો ધૂપ દેવો.

ગુણ--કાચા ઘડાથી કુવામાંથી પાણી નીકળે.

કાવ્ય ૩૧--

ઋદ્ધિ--ૐ હ્રીં અર્હં णमो वीयाबणबत्ताए ॥

મંત્ર--ૐ નમો ભગવતિ ચક્રધારિણિ ભ્રામય ભ્રામય મમ શુભાશુભં દર્શય દર્શય સ્વાહા ॥

યંત્ર—દર્પણાકૃતિએ ચોખંડો કરવો, મધ્યમાં ઋદ્ધિ લખવી, ઉપરથી શરૂ કરીને ચારે તરફ ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૩

વિધિ—૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, અંગુલ ૧૨ નો હોમકુંડ કરવો, હોમકુંડની અંદર અગર, ઘી, સરસવ, ગોરચંદનનો હોમ મંત્ર ભણી ભણીને કરવો. સફેદ આસન, સફેદ માલા, પૂર્વ દિશા સન્મુખ રાખવું. ચંદન, અગર અને છાડછડીલાનો ધૂપ દેવો. પછી ખીર, શીરો અને તંદુલનું શ્રાવકોને ભોજન કરાવવું.

ગુણ—શુભાશુભ પ્રશ્નનો જવાબ મલે.

કાવ્ય ૩૨—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो अट्टमट्टणासए ॥

મંત્ર—ૐ नमो भगवति मम शत्रुन् बंधय बंधय ताडय ताडय उन्मूलय उन्मूलय छिन्द छिन्द भिन्द भिन्द स्वाहा ॥

યંત્ર—મૃદંગાકારે લખવો, મધ્યમાં ઋદ્ધિ લખીને, ચારે બાજુ ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર.૩૨૪

વિધિ—૨૭ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, કાલું આસન, કમલકાકડીના બીજની માલા, નૈઋત્ય દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, નાગરમોથ, તગર અને ઘીનો ધૂપ દેવો.

ગુણ—દુષ્ટ માણસનું જોર ન ચાલે, દુષ્ટ મનુષ્યનો નાશ થાય.

કાવ્ય ૩૩—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो जवित्तापखित्ताए ॥

મંત્ર—ऋ असं असु पसु चंपु शीघ्रे वावि अधशांकुं अममनने पाम ॥

યંત્ર—ચોવીશ પાંખડીઓ વાળા કમલની મધ્યમાં ૐ લખવો, ચોવીશ પાંખડીમાં મંત્રાક્ષરો લખવા. [ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી]. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૫

વિધિ—૭ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, જોગિયાનું આસન, રૂદ્રાક્ષની માલા, વાયવ્ય દિશા સન્મુખ મુખ રાખવું. કપૂર, ખોપરાં, ઘી, ચંદન અને ઇલાયચીનો ધૂપ દેવો.

ગુણ—મેઘનો ભય, અતિવૃષ્ટિ, તીડ, કાતરા તથા ઉંદરનો ભય ખેતરમાં ન હોય

કાવ્ય ૩૪—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં णमो उंजिअस्सायतक्खणेणं ॥

મંત્ર—ૐ नमो भगवती भूत पिशाचराक्षसवेतालान् ताडय ताडय मारय मारय स्वाहा ॥

યંત્ર--વૃક્ષાકાર યંત્ર ૬ પાંદડાં વાળો કરવો. જમણી બાજુના ત્રણ પાંદડામાં **ह्रीं श्रीं क्लीं** તથા ડાબી બાજુના ત્રણ પાંદડાંમાં **प्रौं रौं ग्लां** લખવા, ઋદ્ધિ અને મંત્ર ચારે બાજુ ફરતા લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૬

વિધિ--૨૧ દિવસ, ૨૧ વાર સરસવ મંત્રીને પાણીમાં નાખવા, કાલું આસન વિંછી કાંટા ફલની માલા, વાયવ્ય દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, મરચાં, ઘી તથા સરસવનો ધુપ દેવો.

ગુણ--શાકિની દોષ જાય, ભૂત, પિશાચ, રાક્ષસ તથા દુર્જન, વૈરીનો નાશ થાય.

કાવ્ય ૩૫--

ऋद्धि—ॐ ह्रीं अर्हं णमो मिज्जलिज्जणासए ॥

मंत्र--ॐ नमो भगवति मिगियागदे अपस्मारे रोगे शांतिं कुरु कुरु स्वाहा ॥

યંત્ર--દુધીની બુટી માફક પત્ર ૨૬નો લખવો, પાંદડાંની મધ્યમાં મંત્રના અક્ષરો લખવા, ઉપરની બાજુએ ઋદ્ધિના અક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૭

વિધિ--૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ વાર મંત્ર જપવા, કેળાના પાનનું લીલું આસન હમેશાં લેવું, ચંદનની માલા, નૈઋત્ય દિશા સન્મુખ મુખ રાખવું. લોબાન અને ઘીનો ધૂપ દેવો. એકાંત સ્થાને જાપ કરવા, બ્રહ્મચર્ય પાળવું.

ગુણ--મૃગી, અપસ્માર અને બાવળાપણું જાય.

કાવ્ય--૩૬

ऋद्धि—ॐ ह्रीं अर्हं णमो आ (आं ?) हुं फट् विचक्काए ॥

मंत्र—ॐ ह्रीं अष्टमहानागकुल विष शांतिकारिणि स्वाहा ॥

યંત્રઃ—હાથના પંજાના આકારે કરવો, હથેલીની મધ્યમાં સાત **क्रौं** કાર લખવા, પાંચ આંગલીઓની મધ્યમાં સાત સાત **आ** કાર લખવા. ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી અને ચારે બાજુ પંજાને ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૨૮

વિધિઃ—૭ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લીલું આસન, માલા પાટલની (લીલી), ઈશાન દિશા સન્મુખ મુખ રાખવું. ગુગલ, કંદરૂનો ધૂપ કરવો.

ગુણઃ—આ પ્રમાણે સિદ્ધ કર્યા પછી સર્પ પકડે તો સર્પ કરડે નહિ, મંત્ર ભણીને કાંકરી નાંખવાથી સર્પ થંભી જાય અને સર્પનું વિષ ચડે નહિ.

કાવ્ય ૩૭--

ऋद्धि—ॐ ह्रीं अर्हं णमो ह्रीं खोभि ह्रीं खोभिए ॥

મન્ત્રઃ—ૐ નમો ભગવતિ મમ સર્વ રાજાપ્રજા વશ્યકારિણિ સ્વાહા ॥

યંત્ર—ફરસીની આકૃતિએ લખીને, ઉપર ઋદ્ધિ લખવી, પછી ચારે તરફ ફરતા મન્ત્રના અક્ષરો ઋદ્ધિની નીચે લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર.૩૨૯

વિધિઃ—૨૧ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, લાલ આસન, કણેરનાં લાલ ફૂલથી મંત્ર જપી જપીને ફૂલ રાખતા જવું, પૂર્વ દિશા સન્મુખ મુખ રાખવું. કપૂર અને કસ્તૂરીનો ધૂપ દેવો.

ગુણ—મંત્ર ભણીને ૭ કાંકરી ક્ષીરવૃક્ષ નીચે ઉછાળીને અધર ઝીલી લઈને, નગરના ચૌટામાં નાખવાથી રાજા વગેરે લોકો વશ થાય, રંકથી માંડી રાજા અને શાહૂકાર વગેરે સર્વ વશ થાય.

કાવ્ય ૩૮—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં ણમો ઇટ્ઠિ મિટ્ઠિ ભક્ખંકરાપ ॥

મન્ત્ર—ૐ નમો ખડ્ગારીદેવ્યૈ, ખડ્ગારો કહાં ગયૌ, ખડ્ગારો ખૈર કાટિ વા ગયૌ, ખૈર કાટિ કાંઇ કરૈ, ખૈર કાટ સારકા તીર ઘડાવૈ, તીર ઘડાય પેટપીડા હૃદયપીડા અમુકાકી છેદીસ્યૈ જાનવા ન્હારવારી પીડા છેદીસ્યૈ ॥

યંત્ર—કટારીના આકારે લખવો, ઉપર ઋદ્ધિ લખવી, પછી ચારે તરફ ફરતા મંત્રના અક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૦

વિધિ—૧૪ દિવસ, હમેશાં ૧૦૦૦ જાપ કરવા, સફેદ આસન, ગુલાબના લાકડાની માલા, ચંદન, છાડછડીલો અને ઘી તથા કંદરૂનો ધૂપ દેવો.

કાવ્ય ૩૯—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં ણમો સત્તાવરિપ ગણિજ્જં ॥

મંત્રઃ—ૐ નમો ભગવતી અમુકસ્ય સર્વ જ્વર શાંતિં કુરુ કુરુ સ્વાહા ॥

યંત્ર—રકાબીની આકૃતિની મધ્યમાં ઋદ્ધિ લખીને, ઉપર ચારે તરફ મંત્રના અક્ષરો ફરતા લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૧

વિધિ—૭ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, લીલું આસન, કમલ(કાકડી)ની માલા, ઈશાન દિશા સન્મુખ મુખ રાખવું, ગુગલ, ઘી તથા ખોપરાનો ધૂપ દેવો.

ગુણ—તાવવાલા માણસને અગર સ્ત્રીના ગળે ભોજપત્ર પર યંત્ર લખીને બાંધવાથી સર્વજ્વર તથા સંનિપાત જાય.

કાવ્ય ૪૦—

ઋદ્ધિ—ૐ હ્રીં અર્હં ણમો ઉણ્હસીઅણાસપ ॥

મન્ત્ર—ૐ નમો ભગવતે ઝ્વ્ર્યૂં નમઃ સ્વાહા ॥

યંત્ર—સાથીઆની આકૃતિના મધ્યમાં ઝ્વ્ર્યૂં લખીને દક્ષિણ બાજુએ સાત શ્રીંકાર લખવા, ઉત્તર બાજુએ સાત હ્રીંકાર લખવા, ઉપરની બાજુએ સાત ક્રોંકાર

લખવા અને નીચેની બાજુએ સાત ઓંકાર લખવા, આકૃતિના ઉપરના ભાગમાં ઋદ્ધિ લખીને, બાકીની ત્રણ બાજુમાં મંત્રના અક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૨

વિધિ:—૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, લીલું આસન, રૂદ્રાક્ષની માલા, ઈશાન દિશા સન્મુખ મુખ અને ગુગલ; ઘી તથા ઓપરાનો ધૂપ દેવો.

ગુણ—એકાહિક, વેલાજ્વર, તૃતીય તથા ચોથીઆ જ્વરનો નાશ થાય.

કાવ્ય ૪૧—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो बप्पलाहव्वए ॥

મન્ત્ર—ॐ नमो भगवते बंभयारी णमो ह्रीं श्रीं क्लीं ब्लूँ नमः ॥

યંત્ર—ચોખંડા વીસ કોઠાની અંદર મંત્રાક્ષરો લખવા અને ઉપર ઋદ્ધિ લખવી. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૩

વિધિ—૨૧ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા. કાલું આસન, કાલા સુતરની માલા, દક્ષિણ દિશા સન્મુખ મુખ રાખવું. લૂણ, મરચાં, ગુગલ, ઘી અને રાલનો ધૂપ દેવો.

ગુણ—બીજાની ચલાવેલી ગોલી, તીર અથવા બીજાં શસ્ત્રો રણસંગ્રામમાં લાગે નહિ.

કાવ્ય ૪૨—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो इत्थिवत्थणासए ॥

મન્ત્રઃ—ॐ ह्रीं अर्हं णमो इत्थिरक्कारीगदे शांतिं कुरु कुरु स्वाहा ॥

યંત્ર—ચોખંડા પાંચ કોઠાનો યંત્ર કરવો, મધ્યમાં ॐ पद्मे नमः લખીને, ઉપરના ભાગમાં ઋદ્ધિ લખવી, બાકીના ત્રણ ભાગમાં ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૪

વિધિ—૨૧ દિવસ, દરરોજ ૧૦૮ જાપ કરવા, આસન લૂંગીનું, માલા કાચા કેલાની, ઉત્તર દિશા સન્મુખ મુખ રાખવું. ચંદન, લવીંગ, કપૂર, ઈલાયચી, ઘી તથા સિલારસનો ધૂપ દેવો. પછી દેવી પદ્માવતીનું પૂજન કરાવવું, દીપ, નૈવેદ્ય, ધૂપ, ફલ અને લાલ વસ્ત્ર.

ગુણ—સ્ત્રીનો પ્રદર રોગ જાય, અધૂરો ગર્ભ સ્તંભન થાય એટલે કસુવાવડ થાય નહિ.

કાવ્ય ૪૩—

ઋદ્ધિ—ॐ ह्रीं अर्हं णमो बंदि मोक्खयाए ॥

મન્ત્રઃ—ॐ નમો સિદ્ધ, મહાસિદ્ધ જગત્‌સિદ્ધ ત્રૈલોક્યસિદ્ધ મમ રોગં છિન્દ છિન્દ સ્તંભય સ્તંભય જૃંભય જૃંભય મનોવાંછિત સિદ્ધિ કુરુ કુરુ સ્વાહા ॥

યંત્ર—બાર પાંખડીના કમલની [મધ્ય કર્ણિકામાં ૐકાર લખવો] બાર પાંખડીઓમાં ઋદ્ધિ લખવી, ચારે તરફ ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૫

વિધિ—૧૪ દિવસ, દરરોજ ૧૦૦૦ જાપ કરવા, કાલું આસન, કાલા સુતરની માલા, અગ્નિખુણા સન્મુખ મુખ રાખવું. ચંદન, ગુગલ, મરચાં અને ઘીનો ધૂપ દેવો.

ગુણ—એકાંત લક્ષ્મીલાભ થાય, બંદિખાનાથી છૂટે.

કાવ્ય ૪૪—

ઋદ્ધિ—ૐ હ્રીં શ્રીં ક્લીં નમઃ ॥

મંત્રઃ—ૐ નમો ધરણેન્દ્રપદ્માવતીસહિતાય શ્રીં ક્લીં ઐં અર્હં નમઃ

યંત્ર—પાંચ પાંખડીવાળા ગુલાબના ફૂલ જેવો લખવો, કર્ણિકામાં ૐકાર, પાંચ પાંખડીઓમાં બાકીના ઋદ્ધિના અક્ષરો લખવા, ચારે બાજુ ફરતા મંત્રાક્ષરો લખવા. આકૃતિ માટે જુઓ ચિત્ર. ૩૩૬

વિધિ—૪૦ દિવસ દરરોજ ૧૦૦૦જાપ કરવા, લાલ આસન, મૂંગાની (પરવાલાની) માલા, પૂર્વ દિશા સન્મુખ મુખ કરવું, ભૂમિશયન કરવું, શીલ પાલવું.

ગુણ—લક્ષ્મીની પ્રાપ્તિ થાય.

बृहच्छान्ति स्तोत्र।

———[०]———

भो भो भव्याः शृणुत वचनं प्रस्तुतं सर्वमेतत्,
ये यात्रायां त्रिभुवनगुरोरार्हता भक्तिभाजः ।
तेषां शान्तिर्भवतु भवतामर्हदादिप्रभावा–
दारोग्यश्रीधृतिमतिकरी क्लेशविध्वंसहेतुः ॥१॥

ભાવાર્થઃ—હે ભવ્યજનો! તમે અવસર ઉચિત માટે આ વચન સર્વ સાંભળોઃ– જે શ્રાવકો શ્રી જિનેશ્વરની યાત્રામાં ભક્તિવંત હોય છે, તેઓને શ્રી અરિહંતાદિક [પંચ પરમેષ્ઠી]ના પ્રભાવથી આરોગ્યતા, લક્ષ્મી, સંતોષ અને બુદ્ધિને કરનારી તથા રાગદ્વેષાદિકથી ઉત્પન્ન થતા ક્લેશનો નાશ કરનારી શાંતિ પ્રાપ્ત થાઓ. [તીર્થંકરને સ્નાત્ર કરનારા શ્રાવકોમાંથી જે અધિક ગુણવાન હોય તે શ્રાવક ઊભો થઈ આ પ્રમાણે બોલે].

भो भो भव्यलोका ! इह हि भरतैरावतविदेहसंभवानां समस्ततीर्थकृतां जन्मन्यासनप्रकम्पानन्तरमवधिना विज्ञाय, सौधर्माधिपतिः सुघोषाघण्टाचालनानन्तरं सकलसुरासुरेन्द्रैः सह समागत्य सविनयमर्हद्भट्टारकं गृहीत्वा, गत्वा कनकाद्रिशृङ्गे, विहितजन्माभिषेकः शान्तिमुद्घोषयति यथा, ततोऽहं कृतानुकारमिति कृत्वा महाजनो येन गतः स पन्था इति भव्यजनैः सह समेत्य, स्नात्रपीठे स्नात्रं विधाय, शान्तिमुद्घोषयामि, तत्पूजायात्रास्नात्रादिमहोत्सवानन्तरमिति कृत्वा कर्णं दत्त्वा निशम्यतां निशम्यतां स्वाहा ॥

ભાવાર્થઃ—હે ભવ્યજનો! આ લોકમાં ભરત, ઐરાવત અને મહાવિદેહ ક્ષેત્રને વિષે જ્યારે જ્યારે તીર્થંકરનો જન્મ થાય છે, ત્યારે ત્યારે સૌધર્મ દેવલોકના ઇંદ્રનું આસન કંપાયમાન થાય છે, તે વખતે અવધિજ્ઞાનવડે જિનેશ્વરનો જન્મ થયો જાણી તે ઇંદ્ર પોતાના સેનાપતિ પાસે સુઘોષા ઘંટા વગડાવે. તેથી સર્વ વૈમાનિક દેવો તથા ભુવનપતિના અસુરો તેઓના ઇંદ્રો સહિત આવીને પૂજ્ય જિનેશ્વરને વિનયપૂર્વક બે હાથમાં લઈ મેરૂપર્વતના શિખર ઉપર આવે. ત્યાં જિનજન્મનો સ્નાત્રાદિક મહોત્સવ કરી શાંતિની ઉદ્ઘોષણા કરે છે. તેથી કરીને હું પણ "કરેલાનું અનુકરણ કરવું" એમ ધારી વળી "મોટા પુરુષો જે માર્ગે ચાલે તે માર્ગ પ્રમાણ છે" એટલે ઇંદ્રાદિક દેવોએ જેમ કર્યું તેમ આપણે પણ કરવું જોઇએ. એમ જાણી ભવ્યજનો

સહિત જિનમંદિરમાં આવી સ્નાત્રપીઠ ઉપર જિનેશ્વરનું સ્નાત્ર કરી તથા તેમની પૂજા, યાત્રા, સ્નાત્રા વગેરે મહોત્સવ કરી ઉંચે સ્વરે શાંતિની ઉદ્‌ઘોષણા કરું છું, તેથી તમે પણ કાન દઈ–સાવધાન થઈ સાંભળો.

ॐ पुण्याहं पुण्याहं प्रीयन्तां प्रीयन्तां भगवन्तोऽर्हन्तः सर्वज्ञाः सर्वदर्शिनस्त्रिलोकनाथा स्त्रिलोकमहितास्त्रिलोकपूज्यास्त्रिलोकेश्वरास्त्रिलोकोद्योतकराः ॥

ભાવાર્થ:—ૐ [શબ્દથી પંચપરમેષ્ઠીને નમસ્કાર કરી કહે છે કે–] આજનો દિવસ પરમ પવિત્ર છે. કેવળજ્ઞાની, કેવળદર્શની, ત્રિલોકના નાથ, ત્રિલોકથી પૂજિત ત્રિલોકને પૂજ્ય, ત્રિલોકના ઈશ્વર અને ત્રિલોકને ઉદ્યોત કરનાર ભગવાન તીર્થંકરો પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ.

ॐ ऋषभ–अजित–संभव–अभिनन्दन–सुमति–पद्मप्रभ–सुपार्श्व–चन्द्रप्रभ–सुविधि–शीतल–श्रेयांस–वासुपूज्य-विमल–अनन्त–धर्म-शान्ति-कुन्थु–अर–मल्लि–मुनिसुव्रत-नमि-नेमि-पार्श्व-वर्धमानान्ता जिनाः शान्ताः शान्तिकरा भवन्तु स्वाहा ॥

ભાવાર્થ:—ૐ ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદન સ્વામી, સુમતિનાથ, પદ્મપ્રભુ, સુપાર્શ્વનાથ, ચંદ્રપ્રભુ, સુવિધિનાથ, શીતલનાથ, શ્રેયાંસનાથ, વાસુપૂજ્ય સ્વામી, વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, મલ્લિનાથ, મુનિસુવ્રતસ્વામી, નમિનાથ, નેમનાથ, પાર્શ્વનાથ, અને વર્ધમાન સ્વામી પર્યંત ચોવીશે જિનેશ્વરો કે જેઓના કષાયાદિક ઉપશાંત થએલા છે, તે અમને પણ શાંતિ કરનારા થાઓ.

ॐ मुनयो मुनिप्रवरा रिपुविजयदुर्भिक्षकान्तारेषु दुर्गमार्गेषु रक्षन्तु वो नित्यं स्वाहा ॥

ભાવાર્થ:—ૐ મુનિઓ અને ગણધરાદિક શ્રેષ્ઠ મુનિઓ શત્રુના વિજયને વિષે, દુકાળને વિષે, મહા અટવી તથા વિકટ માર્ગને વિષે નિરંતર તમારું રક્ષણ કરો.

ॐ ह्रीं श्रीं धृति–मति–कीर्ति–कान्ति–बुद्धि–लक्ष्मी–मेधा–विद्या–साधन–प्रवेश–निवेशनेषु सुगृहीतनामानो जयन्तु ते जिनेन्द्राः ॥

ભાવાર્થ:—ૐ (પરમેષ્ઠીવાચક, પ્રણવબીજ) ह्रीं (માયાબીજ) श्रीं (લક્ષ્મીબીજ), ધૃતિ–સંતોષ અથવા ધીરજ, મતિ–દીર્ઘદૃષ્ટિ, કીર્તિ–નામના, કાન્તિ–તેજ, બુદ્ધિ–ઉહાપણ, લક્ષ્મી, મેધા–ધારણા શક્તિ, વિદ્યા–સ્ત્રી અધિષ્ઠિત મન્ત્ર, સાધન–સાધના, પ્રવેશ–નગરાદિ પ્રવેશ, અને નિવેશન–નિવેશ સ્થાનને વિષે સારી રીતે ગ્રહણ કરાય છે, નામ જેઓનાં એવા તે જિનેશ્વરો જયવંતા વર્તે છે.

ॐ रोहिणि-प्रज्ञप्ति-वज्रशृङ्खला-वज्रांकुशी-अप्रतिचक्रा-पुरुषदत्ता-काली-महाकाली-गौरी-गान्धारी-सर्वास्त्रामहाज्वाला-मानवी-वैरोट्या-अच्छुप्ता-मानसी-महामानसी षोडश विद्यादेव्यो रक्षन्तु वो नित्यं स्वाहा ॥

ભાવાર્થઃ—ૐ રોહિણી, પ્રજ્ઞપ્તિ, વજ્રશૃંખલા, વજ્રાંકુશી, અપ્રતિચક્રા, પુરૂષદત્તા, કાલી, મહાકાલી, ગૌરી, ગાંધારી, સર્વાસ્ત્રામહાજ્વાલા, માનવી, વૈરોટ્યા, અચ્છુપ્તા, માનસી, મહામાનસી આ સોળ વિદ્યાદેવીઓ તમારૂં નિત્ય રક્ષણ કરો.

ॐ आचार्योपाध्यायप्रभृतिचातुर्वर्णस्य श्री श्रमणसंघस्य शान्तिर्भवतु तुष्टिर्भवतु पुष्टिर्भवतु ॥

ભાવાર્થઃ—ૐ આચાર્ય, ઉપાધ્યાય વગેરે ચાર પ્રકારના શ્રી શ્રમણસંઘની શાંતિ થાઓ, તુષ્ટિ થાઓ અને પુષ્ટિ થાઓ.

ॐ ग्रहाश्चन्दसूर्याङ्गारकबुधबृहस्पतिशुक्रशनैश्चरराहुकेतुसहिताः सलोकपालाः सोमयमवरुणकुबेरवासवादित्यस्कन्दविनायकोपेता ये चान्येऽपि ग्रामनगरक्षेत्रदेवतादयस्ते सर्वे प्रीयन्तां, प्रीयन्तां अक्षीणकोशकोष्ठागारा नरपतयश्च भवन्तु स्वाहा ॥

ભાવાર્થઃ—ૐ ચંદ્ર, સૂર્ય, મંગળ, બુધ, બૃહસ્પતિ, શુક્ર, શનિ, રાહુ અને કેતુ એ નવગ્રહ સહિત, સોમ, યમ, વરુણ અને કુબેર એ ચાર લોકપાલ સહિત વાસવ-ઇન્દ્ર, આદિત્ય-સૂર્ય, સ્કંદ-કાર્તિકેય તથા વિનાયક-ગણપતિ સહિત, વળી બીજા પણ જે ગ્રામદેવતા, નગરદેવતા અને ક્ષેત્રદેવતા વગેરે દેવો છે, તે સર્વે પ્રસન્ન થાઓ, પ્રસન્ન થાઓ. રાજવીઓ અક્ષય ખજાનાવાળા તથા ધાન્યના અખુટ કોઠારવાળાઓ થાઓ.

ॐ पुत्र-मित्र-भ्रातृ-कलत्र-सुहृत्-स्वजन-संबन्धि-बन्धुवर्गसहिता नित्यं चामोदप्रमोदकारिणः। अस्मिंश्च भूमण्डलायतननिवासिसाधुसाध्वीश्रावकश्राविकाणां रोगोपसर्गव्याधिदुःखदुर्भिक्षदौर्मनस्योपशमनाय शान्तिर्भवतु ॥

ભાવાર્થઃ—ૐ પુત્ર, મિત્ર, ભાઇ, સ્ત્રી, સુહૃદ-ગુપ્ત વાત કહેવાને યોગ્ય સંબંધી સ્વજન-પોતાનાં સગાં વહાલાં, સંબંધી-પુત્ર પૌત્રાદિકના શ્વસુર પક્ષ વગેરે, બંધુ વર્ગ-પિત્રાઈ ભાઇઓ સહિત સર્વ સંબંધીઓ નિરંતર આમોદ પ્રમોદ કરનારા થાઓ-હર્ષને આપવાવાળા થાઓ. આ લોકને વિષે પૃથ્વીમંડલ ઉપર પોતપોતાના સ્થાનમાં નિવાસ કરનાર સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકાઓના જ્વરાદિક રોગ, દ્વિપદ, ચતુષ્પદ વગેરેના ઉપસર્ગ, કોઢ વગેરે વ્યાધિ, દુઃખ; દુષ્કાળ તથા વિષાદના ઉપશમન-નાશને માટે શાંતિ થાઓ.

ॐ तुष्टि-पुष्टि-ऋद्धि-वृद्धि-माङ्गल्योत्सवाः सदा प्रादुर्भूतानि पापानि शाम्यन्तु दुरितानि शत्रवः पराङ्मुखा भवन्तु स्वाहा ॥

ભાવાર્થ:—ૐ તુષ્ટિ, પુષ્ટિ, સમૃદ્ધિ, વૃદ્ધિ, માંગલિક ઉત્સવો નિરંતર થાઓ, ઉયદમાં આવેલાં પાપો શાંત થાઓ, બંધાયેલા પાપ કર્મો નાશ પામો અને શત્રુઓ પરાઙ્મુખ થાઓ.

श्रीमते शान्तिनाथाय, नमः शान्तिविधायिने ।
त्रैलोक्यस्यामराधीश-मुकुटाभ्यर्चिताङ्घ्रये ॥१॥

ભાવાર્થ—જ્ઞાનાદિક લક્ષ્મીવાળા શ્રી શાંતિનાથ પ્રભુને નમસ્કાર થાઓ. તે પ્રભુ ત્રણ લોકની શાંતિને કરનારા છે, તથા તેઓના ચરણોને દેવેંદ્રોએ મસ્તક નમાવી પોતાના મુકુટો વડે પૂજ્યા છે.–૧

शान्तिः शान्तिकरः श्रीमान्, शान्तिं दिशतु मे गुरुः ।
शान्तिरेव सदा तेषां, येषां शान्तिर्गृहे गृहे ॥२॥

ભાવાર્થ—જગતની શાંતિને કરનારા તત્વોનો ઉપદેશ કરનારા શ્રીમાન શાંતિનાથ પ્રભુ મને શાંતિ આપો. જેઓના ઘરમાં શ્રી શાંતિનાથ પ્રભુ પૂજાય છે, તેઓને સદા શાંતિ જ હોય છે.–૨

उन्मृष्टरिष्टदुष्टग्रहगतिदुःस्वप्नदुर्निमित्तादि ।
संपादितहितसंपन्नामग्रहणं जयति शान्तेः ॥३॥

ભાવાર્થ— શાંતિનાથ પ્રભુનું માત્ર નામ ગ્રહણ કરવાથી જ ઉપદ્રવ, દુષ્ટ ગ્રહનું નડવા પણું, ખરાબ સ્વપ્ન અને દુષ્ટ એવા શુકન નિમિત્તાદિક નાશ પામેછે અને હિતકારી સંપત્તિ પ્રાપ્ત થાય છે, તેથી જ તેમનું નામ જય પામે છે.–૩

श्रीसंघजगज्जनपद-राजाधिपराजसन्निवेशानाम् ।
गोष्ठिकपुरमुख्यानां, व्याहरणैर्व्याहरेच्छान्तिम् ॥४॥

ભાવાર્થ—શ્રી સકલ સંઘ, જગત, જનપદ–દેશ, રાજાધિપ–રાજ્યના અધિકારીઓ, રાજાને રહેવાનાં સ્થાનો, ધર્મ સભાના મનુષ્યો અને નગરના મુખ્ય મુખ્ય પુરૂષોનાં નામ બોલી તેઓના સબંધી શાંતિની ઉદ્ઘોષણા કરવી.–૪

તે આ પ્રમાણે:—

श्री श्रमणसंघस्य शान्तिर्भवतु । श्रीजनपदानां शान्तिर्भवतु ।
श्री राजाधिपानां शान्तिर्भवतु । श्रीराजसन्निवेशानां शान्तिर्भवतु ।

श्री गोष्ठिकानां शान्तिर्भवतु । श्रीपौरमुख्यानां शान्तिर्भवतु ।
श्री पौरजनस्य शान्तिर्भवतु । श्रीब्रह्मलोकस्य शान्तिर्भवतु ।
ॐ स्वाहा ॐ स्वाहा ॐ श्री पार्श्वनाथाय स्वाहा ॥

ભાવાર્થ—શ્રી શ્રમણ સંઘને શાંતિ થાઓ, દેશમાં શાંતિ થાઓ, રાજાના અધિકારીઓને શાંતિ થાઓ, રાજાઓના નિવાસ સ્થાનોમાં શાંતિ થાઓ, ધર્મની ગોષ્ટી કરનારાઓને શાંતિ થાઓ, નગરના મુખ્ય મુખ્ય આગેવાન પુરૂષોને શાંતિ થાઓ, નગરના લોકોને શાંતિ થાઓ, સર્વ જીવોને શાંતિ થાઓ. ૐ સ્વાહા, ૐ સ્વાહા ૐ શ્રી પાર્શ્વનાથાય સ્વાહા અર્થાત્ આ પુષ્પાદિકની પૂજા શ્રી પાર્શ્વનાથ પ્રભુને સંતુષ્ટ કરનારી થાઓ (અહીંયાં શ્રી પાર્શ્વનાથ પ્રભુની જગ્યાએ જે પ્રભુનું સ્નાત્ર હોય તે પ્રભુનું નામ દેવું, લોકોમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ મહાપ્રભાવિક હોવાથી સ્તોત્રકારે તેઓનું નામ અહીંયાં લીધું છે).

एषा शान्तिः प्रतिष्ठायात्रास्नात्राद्यवसानेषु शान्तिकलशं गृहीत्वा कुंकुम-चन्दनकर्पूरागुरुधूपवासकुसुमाञ्जलिसमेतः स्नात्रचतुष्किकायां श्रीसंघसमेतः शुचिशुचिवपुः पुष्पवस्त्रचंदनाभरणालङ्कृतः पुष्पमालां कण्ठे कृत्वा, शान्तिमुद्घोषयित्वा शान्तिपानीयं मस्तके दातव्यमिति ॥

ભાવાર્થઃ—આ શાંતિપાઠ તીર્થંકરોની પ્રતિષ્ઠા, યાત્રા અને સ્નાત્રાદિકની અંતમાં કરવાનો છે. તેની ઉદ્ઘોષણ આ પ્રમાણે કરવી—કોઇ વિશિષ્ટ ગુણવાન શ્રાવક ઊભો થઇ શાંતિકલશને ગ્રહણ કરી કેસર, સુખડ, કપૂર, અગુરુનો ધૂપ, વાસક્ષેપ અને કુસુમાંજલિ સહિત સ્નાત્રમંડપમાં શ્રીસંઘ સહિત અત્યંત પવિત્ર શરીરવાળો થઇ પુષ્પ, વસ્ત્ર, ચંદન અને આભરણોથી સુશોભિત થઇ પુષ્પની માળા કંઠમાં પહેરી શાંતિની ઉદ્ઘોષણા કરી તે શાંતિકલશનું પાણી સર્વના મસ્તક પર છાંટે.

नृत्यन्ति नृत्यं मणिपुष्पवर्षं,
सृजन्ति गायन्ति च मङ्गलानि ।
स्तोत्राणि गोत्राणि पठन्ति मन्त्रान् ,
कल्याणभाजो हि जिनाभिषेके ॥१॥

ભાવાર્થ—કલ્યાણના ભાજન એવા ભવ્ય પ્રાણીઓ, શ્રી જિનેશ્વરદેવના સ્નાત્ર મહોત્સવને વિષે નૃત્ય કરે છે, રત્નો અને પુષ્પોની વૃષ્ટિ કરે છે, માંગલિક ગીતો ગાય છે, સ્તુતિ—સ્તોત્રોથી પ્રભુના ગુણ ગાન કરે છે, તથા તેઓશ્રીના ગોત્ર તથા નામ અને મંત્રોને બોલે છે.—૧

शिवमस्तु सर्वजगतः. परहितनिरता भवन्तु भूतगणाः ।
दोषाः प्रयान्तु नाशं, सर्वत्र सुखीभवन्तु लोकाः ॥२॥

ભાવાર્થ—સર્વ જગતના જીવોનું કલ્યાણ થાઓ, પ્રાણી સમૂહ પરોપકાર કરવામાં તત્પર થાઓ, દોષો નાશ પામો અને સર્વ લોક સર્વત્ર સુખી થાઓ.–૨

अहं तित्थयरमाया, सिवादेवी तुम्ह नयरनिवासिनी ।
अम्ह सिवं तुम्ह सिवं, असिवोवसमं सिवं भवतु ॥३॥ स्वाहा ॥


ભાંવાર્થ—હું શ્રી નેમીનાથ તિર્થંકરની માતા શિવાદેવી નામની તમારા નગરમાં વસું છું; તેથી મારૂં અને તમારૂં કલ્યાણ થાઓ, તેમજ વિઘ્નની શાંતિ થાઓ.–૩

उपसर्गाः क्षयं यान्ति, छिद्यन्ते विघ्नवल्लयः ।
मनः प्रसन्नतामेति, पूज्यमाने जिनेश्वरे ॥४॥

ભાવાર્થ—શ્રી જિનેશ્વરદેવની પૂજા કરવાથી સર્વ ઉપદ્રવો નાશ પામે છે, વિઘ્નરૂપી વેલડીઓ–લતાઓ છેદાઈ જાય છે અને ચિત્ત પ્રસન્ન થાય છે.–૪

सर्वमङ्गलमाङ्गल्यं, सर्वकल्याणकारणम् ।
प्रधानं सर्वधर्माणां, जैनं जयति शासनम् ॥५॥

ભાવાર્થ—સર્વ મંગલોમાં મંગલરૂપ, સર્વ કલ્યાણોના કારણરૂપ અને સર્વ ધર્મોને વિષે ઉત્તમ એવું આ જૈનશાસન–જિનેશ્વર દેવોનું શાસન જયવંતુ વર્તે છે–૫



परिशिष्ट १

श्री ऋषिमंडलस्तोत्रम्

आद्यंताक्षरसंलक्ष्यमक्षरं व्याप्य यत्स्थितं ।
अग्निज्वालासमं नादं विंदुरेखासमन्वितं ॥१॥

अग्निज्वालासमाक्रान्तं मनोमलविशोधनं ।
देदीप्यमानं हृत्पद्मे, तत्पदं नौमि निर्मलं ॥२॥

અર્થાત્—શરૂઆતનો અક્ષર अ અને છેવટનો અક્ષર ह લખવાથી, તે બંને અક્ષરોની મધ્યમાં બધા વર્ણાક્ષરો આવી જાય છે. અગ્નિજ્વાલા સમાન છેવટના નાદ અક્ષર (ह)ના મસ્તકના ભાગ ઉપર બિંદુ (ं) તથા રેખા (રેફ) કરીને 'अर्हं' શબ્દ બનાવવો. આ પ્રમાણે બનાવેલો 'अर्हं' શબ્દ અગ્નિની જ્વાલા સમાન પ્રકાશમાન છે, મનના [પાપરૂપી] મલને ધોવાવાલો છે અને અત્યંત નિર્મલ છે. આવા પ્રકાશમાન 'अर्हं' પદને હૃદયરૂપી કમલમાં સ્થાપન કરીને, મન, વચન અને કાયાથી હું નમસ્કાર કરું છું–૧–૨

अर्हमित्यक्षरं ब्रह्म, वाचकं परमेष्ठिनः ।
सिद्धचक्रस्य सद्बीजं सर्वतः प्रणिदध्महे ॥३॥

અર્થાત્—'अर्हं' શબ્દ અરિહંતાદિક પંચ પરમેષ્ટિનો વાચક છે તથા સિદ્ધચક્રનું બીજ છે અને તેથીજ સર્વ માંગલિક કાર્યોમાં તેને પ્રણામ કરવામાં આવે છે.–૩

ॐ नमोऽर्हद्भ्य ईशेभ्यः, ॐ सिद्धेभ्यो नमोनमः ।
ॐ नमः सर्वसूरिभ्यः, उपाध्यायेभ्य ॐ नमः ॥४॥
ॐ नमः सर्वसाधुभ्यः, ॐ ज्ञानेभ्यो नमोनमः ।
ॐ नमस्तत्त्वदृष्टिभ्यश्चारित्रेभ्यस्तु ॐ नमः* ॥५॥

અર્થાત્–અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાય, સર્વ સાધુ, સમ્યગ્જ્ઞાન, સમ્યગ્દર્શન અને સમ્યગ્ચારિત્ર એ આઠેને ૐકાર સહિત વારંવાર નમસ્કાર હો.–૪,૫

---

* ॐ नमः सर्वसाधुभ्यः, तत्त्वदृष्टिभ्य ॐ नमः ।
ॐ नमः शुद्धबोधेभ्यश्चारित्रेभ्यो नमोनमः ॥५॥ –આ પ્રમાણે પણ પાઠ મળી આવે છે.

श्रेयसेऽस्तु श्रियेऽस्त्वेतदर्हदाद्यष्टकं शुभं ।
स्थानेष्वष्टसु विन्यस्तं पृथग्बीजसमन्वितं ॥६॥

અર્થાત્–કલ્યાણને તથા સંપત્તિને આપવાવાળા ઉપરોક્ત અરિહંતાદિક આઠે પદોની સ્થાપના બીજાક્ષર સહિત જુદી જુદી આઠે દિશાઓમાં કરવાથી તે સુખ તથા લક્ષ્મીને આપવાવાળા થાય છે.–૬

आद्यं पदं शिखां रक्षेत् परं रक्षतु मस्तकं ।
तृतीयं रक्षेन्नेत्रे द्वे तुर्यं रक्षेच्च नासिकां ॥७॥
पंचमं तु मुखं रक्षेत् षष्ठं रक्षेत्तु घंटिकां ।
सप्तमं रक्षेन्नाभ्यंतं पादांतं चाष्टमं पुनः ॥८॥

અર્થાત્:–અરિહંતાદિક આઠ પદો પૈકી અનુક્રમે પહેલા અરિહંતપદથી શિખા (ચોટલી)ની રક્ષા કરવી, બીજા સિદ્ધ પદથી મસ્તકની, ત્રીજા આચાર્ય પદથી બંને નેત્રોની, ચોથા ઉપાધ્યાય પદથી નાસિકા (નાક)ની, પાંચમા સાધુપદથી મુખની, છઠ્ઠા પદથી ગળાની, સાતમા પદથી નાભિની અને આઠમા ચારિત્ર પદથી બંને પગોની રક્ષા કરવી. ૭–૮

पूर्वं प्रणवतः सांतः सरेफो द्व्यब्धि[1] पंचषान् ।
सप्ताष्टादशसूर्यांकान् श्रितो बिंदुस्वरान् पृथक् ॥९॥
पूज्यनामाक्षराद्यास्तु पंचातो ज्ञानदर्शने[2]नः ।
चारित्रेभ्यो नमो मध्ये ह्रीं सांतः समलंकृतः ॥१०॥

અર્થાત્:—પ્રથમ પ્રણવ (ॐ) લખીને, પછી **स** કારનો અંત અક્ષર રેફ સહિત **ह्र** કાર (ह्र)ની સાથે બીજો સ્વર **आ** કાર, ચોથો સ્વર **ई** કાર, પાંચમો સ્વર **उ**કાર, છઠ્ઠો સ્વર **ऊ** કાર, સાતમો સ્વર **ए** કાર, આઠમો સ્વર **ऐ** કાર, દશમો સ્વર **ओ**કાર અને બારમો સ્વર **अः**, ઉપર બિંદુ સહિત અલગ અલગ લગાવવાથી અનુક્રમે **ह्रां, ह्रीं, ह्रुं, ह्रूं, ह्रें, ह्रैं, ह्रों, ह्रः** લખીને, પછી પૂજ્ય એવા પાંચ પરમેષ્ટિ પદોના શરૂઆતના પાંચ અક્ષર લેવા અર્થાત્ **अ, सि, आ, उ, सा** આ પ્રકારે લખીને, વળી **सम्यग्ज्ञानदर्शनचारित्रेभ्यो (सम्यग्दर्शनज्ञानचारित्रेभ्यो)** લખીને, અંતમાં **'नमः'** થી સુશોભિત એવો **ह्रींकार** બંને પદોની વચમાં લખવાથી સત્તાવીશ અક્ષરનો મૂલમંત્ર તૈયાર થાય છે તે આ પ્રમાણે:—

મૂલમંત્રઃ—ॐ ह्रां ह्रीं (ह्रिं?) ह्रुं ह्रूं ह्रें ह्रैं ह्रों ह्रः अ सि आ उ सा सम्यग्दर्शन ज्ञानचारित्रेभ्यो ह्रीं नमः । આ સત્તાવીશ અક્ષરના મૂલમંત્રમાં પ્રથમના નવ બીજાક્ષર

---

૧ 'द्वित्रि' એવો પણ પાઠ છે. ૨ 'पंचदर्शनबोधकं' એવો પણ પાઠ છે.

છે અને પછીના અઢાર શુદ્ધાક્ષર છે, એ પ્રમાણે એકત્ર મલીને સત્તાવીશ અક્ષરરૂપ શ્રી ઋષિમંડલ સ્તવના યંત્રનો આ મૂલમંત્ર આરાધકોને શુભ ફળનો આપનારો તથા મનોવાંછના પુરી કરનારો છે. [આ મંત્રાક્ષરોમાં પહેલા નવ બીજાક્ષરોમાં ह्रीं કાર આવતો હોવાથી પાછળનો नमः પહેલાંનો ह्रीं કાર ગણતરીમાં લેવામાં આવતો નથી તેથી તે અઢાર અક્ષર ગણાય છે.]–૯–૧૦

जंबुवृक्षधरोद्वीपः, क्षारोदधिसमावृतः ।
अर्हदाद्यष्टकैरष्टकाष्ठाधिष्ठैरलंकृतः ॥११॥
तन्मध्ये संगतो मेरुः कूटलक्षैरलंकृतः ।
उच्चैरुच्चैस्तरस्तारतारामंडलमंडितः ॥१२॥
तस्योपरि सकारांतं बीजमध्यस्थ सर्वगं ।
नमामि बिंबमार्हत्यं ललाटस्थं निरंजनं ॥१३॥

અર્થાત્–જંબુવૃક્ષને ધારણ કરવાવાળા દ્વીપ એટલે કે જંબુદ્વીપની ચારે તરફ લવણ સમુદ્ર વીંટળાએલો છે. તે દ્વીપ આઠ દિશાઓના સ્વામી અરિહંત આદિ આઠ પદોથી શોભાયમાન છે. તેના મધ્યભાગમાં મેરુ નામનો પર્વત છે જે બહુ જ કૂટોથી અલંકૃત છે અને તેની ચારે તરફ એકના ઉપર એક જ્યોતિશ્ચક્રો પરિક્રમા દે છે, તેથી તે પર્વત બહુજ સુંદર દેખાય છે. આવા મેરુ પર્વત ઉપર સકારાંત બીજ (ह्र)ની સ્થાપના કરીને, તેમાં બેઠેલા ઘાતિકર્મરૂપી અંજન રહિત અરિહંત ભગવાનના બિંબની લલાટમાં સ્થાપના કરીને હું નમસ્કાર કરું છું. ૧૧–૧૨–૧૩

अक्षयं निर्मलं शांतं बहुलं जाड्यतोज्झितं ।
निरीहं निरहंकारं सारं सारतरं घनं ॥१४॥
अनुद्धतं शुभं स्फीतं सात्विकं राजसं मतं ।
तामसं विरसं बुद्धं तैजसं शर्वरीसमं ॥१५॥
साकारं च निराकारं सरसं विरसं परं ।
परापरं परातीतं परंपरपरापरं ॥१६॥
सकलं निष्कलं तुष्टं निर्भृतं भ्रांतिवर्जितं ।
निरंजनं निराकांक्षं निर्लेपं वीतसंशयं ॥१७॥
ब्रह्माणमीश्वरं बुद्धं शुद्धं सिद्धमभंगुरं ।
ज्योतिरूपं महादेवं लोकालोकप्रकाशकं ॥१८॥

અર્થાત:-[અરિહંત ભગવાનના જે બિંબનું ધ્યાન ધરવાનું છે, તેના સ્વરૂપનું વર્ણન સ્તોત્રકાર આ પ્રમાણે કરે છે-] અરિહંત ભગવાનનું બિંબ જન્મ મરણ રૂપ નાશ રહિત હોવાથી અક્ષય છે, કર્મરૂપી મલથી રહિત હોવાથી નિર્મલ છે, શાંત-મુદ્રાવાલું તથા વિસ્તૃત અને અજ્ઞાન રહિત છે, વળી કોઇપણ જાતની ઇચ્છા રહિત, અહંકાર રહિત છે, શ્રેષ્ટ છે, શ્રેષ્ટમાં પણ શ્રેષ્ટ અત્યંત શ્રેષ્ટ છે, ઘન છે.

ઉદ્ધતપણાથી રહિત, શુભ અને સ્વચ્છ છે. શાંતિ ગુણવાળું હોવાથી સાત્વિક છે, ત્રિલોકના નાથપણાએ કરીને રાજસ ગુણવાળું છે, આઠ કર્મોનો નાશ કરવાને માટે તામસ ગુણયુક્ત છે, શૃંગારાદિક રસોથી રહિત છે, જ્ઞાનવાન છે, તેજસ છે. પૂર્ણિમાની ચાંદની રાત સમાન આનંદકારી છે.

અરિહંતની અપેક્ષાએ શરીર સહિત હોવાથી 'સાકાર' છે અને સિદ્ધોની અપેક્ષાએ શરીર રહિત હોવાથી 'નિરાકાર' છે, જ્ઞાનરૂપી રસથી ભરેલા હોવાથી 'સરસ' હોવા છતાં પણ રસાદિ વિષયથી રહિત છે, ઉત્કૃષ્ટ છે, ક્રમાનુક્રમે ઉત્કૃષ્ટથી પણ ઉત્કૃષ્ટ છે.

અરિહંતની અપેક્ષાએ શરીર સહિત હોવાથી 'સકલ' છે અને સિદ્ધોની અપેક્ષાએ શરીર રહિત હોવાથી 'નિષ્કલ' છે. સંતોષ ઉત્પન્ન કરવાવાલા છે, સંસાર ભ્રમણથી રહિત છે, કર્મરૂપી અંજનથી મુક્ત છે, કોઇપણ જાતની આકાંક્ષા વગરના છે, કર્મરૂપી લેપથી રહિત હોવાથી નિર્લેપ છે અને સંશય રહિત છે.

સર્વ ભવ્યજીવોને હિતશિક્ષા દેવાવાલા હોવાથી ઈશ્વિર છે, બ્રહ્મરૂપ છે, બુદ્ધ-રૂપ છે, અઢાર દોષોએ કરીને રહિત હોવાથી 'શુદ્ધ' છે. કૃતકૃત્યપણાને પ્રાપ્ત થએલા છે, સંસારમાં ફરીથી આવવાપણું નહી હોવાથી ક્ષણભંગુરતાથી રહિત છે, જ્યોતિ સ્વરૂપ છે, દેવોને પણ પૂજનીક હોવાથી 'મહાદેવ' છે, લોક અને અલોકનું પણ સ્વરૂપ પોતાના જ્ઞાનથી પ્રકાશ કરવા વાલા છે, એવા સ્વરૂપ વાળા અરિહંત ભગ-વાનના બિંબનું ધ્યાન કરવું જોઇએ.-૧૪, ૧૫, ૧૬, ૧૭, ૧૮.

अर्हदाख्यः सवर्णांतः सरेफो बिंदुमंडितः।
तुर्यस्वरसमायुक्तो बहुध्यानादिमालितः ॥१९॥
एकवर्णं द्विवर्णं च त्रिवर्णं तुर्यवर्णकं।
पंचवर्णं महावर्णं सपरं च परापरं ॥२०॥

અર્થાત્—અર્હંતનો વાચક 'સવર્ણાંત' એટલે હકાર છે, તે રેફ અને બિંદુથી શોભાયમાન તથા ચોથા સ્વર ઈકારથી યુક્ત હોવાથી હ્રીં બીજવર્ણ છે, જે ધ્યાન

કરવા યોગ્ય છે. આ બીજ અક્ષર એક (સફેદ) રંગવાલો છે, બીજા (શ્યામ) રંગવાલો છે, ત્રીજા (લાલ) વર્ણ વાલો છે ચોથા (નીલા) રંગવાળો છે, અને પાંચમા (પીલા) વર્ણવાળો પણ છે. વળી તે હકાર પણ અત્યંત ઉત્કૃષ્ટ છે.—૧૯, ૨૦.

अस्मिन् बीजे स्थिताः सर्वे ऋषभाद्या जिनोत्तमाः ।
वर्णैर्निजैर्निजैर्युक्ता ध्यातव्यास्तत्र संगताः ॥२१॥

અર્થાત્—આ હ્રીં બીજાક્ષરમાં ઋષભાદિ ચોવીસે તીર્થંકરો બિરાજમાન છે, તેઓનું પોતપોતાનાં વર્ણોએ કરીને સહિત ધ્યાન કરવું જોઇએ.–૨૧

नादश्चंद्रसमाकारो बिंदुर्नीलसमप्रभः ।
कलारुणसमा सांतः स्वर्णाभः सर्वतोमुखः ॥२२॥
शिरः संलीन ईकारो विनीलो वर्णतः स्मृतः ।
वर्णानुसारसंलीनं तीर्थकृन्मंडलं स्तुमः ॥२३॥

અર્થાત્—હ્રીં બીજાક્ષરની નાદકલા અર્ધચંદ્રમાની આકૃતિવાળી તથા સફેદ રંગવાળી છે, અર્ધચંદ્રાકૃતિની ઉપરના બિંદુનો રંગ કાલો છે; હકારની મસ્તકરૂપ કલા લાલ રંગની પ્રભાવાળી છે અને હકારનો બાકીનો ભાગ ચારે તરફ સુવર્ણ સમાન પીલા રંગવાળો છે, તથા મસ્તકના ભાગને મળેલો ઈકાર લીલા વર્ણવાળો છે. આવા હ્રીંકારમાં પોતપોતાના વર્ણને અનુસરીને તીર્થંકરોના સમૂહની સ્થાપના કરવામાં આવી છે, એવા હ્રીંકારને મારો નમસ્કાર છે.–૨૨–૨૩.

चंद्रप्रभपुष्पदंतौ नादस्थितिसमाश्रितौ ।
बिंदुमध्यगतौ नेमिसुव्रतौ जिनसत्तमौ ॥२४॥
पद्मप्रभवासुपूज्यौ कलापदमधिश्रितौ ।
शिर ईस्थितिसंलीनौ पार्श्वमल्लिजिनोत्तमौ ॥२५॥

અર્થાત્—ચંદ્રપ્રભ અને પુષ્પદંત (સુવિધિનાથ)–એ બે તીર્થંકરોની અર્ધચંદ્રાકાર નાદકલામાં સ્થાપના કરવી, અર્ધચંદ્રાકારની ઉપરની બિંદીમાં નેમિનાથ અને મુનિસુવ્રતસ્વામી–એ બે તીર્થંકરોની સ્થાપના, પદ્મપ્રભ અને વાસુપૂજ્ય–એ બે તીર્થંકરોની કલાની જગ્યા મસ્તકમાં તથા મસ્તકની સાથે મળેલા ઈકારમા પાર્શ્વનાથ અને મલ્લિનાથ–એ બે તીર્થંકરોની સ્થાપના કરવી.–૨૪, ૨૫

शेषास्तीर्थकराः सर्वे रहःस्थाने नियोजिताः ।
मायाबीजाक्षरं प्राप्ताश्चतुर्विंशतिरर्हतां ॥२६॥

गतरागद्वेषमोहाः सर्वपापविवर्जिताः ।
सर्वदा सर्वलोकेषु ते भवंतु जिनोत्तमाः ॥२७॥

અર્થાત્—આકીના સોળ તીર્થંકરોની સ્થાપના રકાર તથા હકારના સ્થાનમાં કરવી. આ પ્રમાણે ચોવીશ તીર્થંકરોની સ્થાપના માયાબીજ (ह्रीं)માં છે. આ જિનેશ્વરદેવ રાગ, દ્વેષ અને મોહથી રહિત છે અને સર્વ પાપકર્મોથી મુક્ત છે, એવા ઉત્તમ તે જિનવરો સર્વલોકમાં સંપૂર્ણ સુખ આપવાવાળા હો–થાઓ.–૨૬, ૨૭.

देवदेवस्य यच्चक्रं तस्य चक्रस्य या विभा ।
तयाच्छादितसर्वांगं मां मा हिंसंतु पन्नगाः ॥२८॥

અર્થાત્–દેવોના દેવ શ્રીજિનેશ્વરદેવોના સમૂહની પ્રભાથી આચ્છાદિત થએલા મારા સર્વ અંગોને સર્પની જાતિના જીવો પીડા ન કરો.–૨૮

देवदेवस्य यच्चक्रं तस्य चक्रस्य या विभा ।
तयाच्छादितसर्वांगं मां मा हिंसंतु नागिनी ॥२९॥

અર્થાત્—પ્રથમના પદોના અર્થની બરાબર આનો પણ અર્થ સમજવો, ફક્ત 'સર્પની જાતિના જીવો'ની જગ્યાએ 'નાગિની જાતિના જીવો પીડા ન કરો'. આજ પ્રમાણે નીચેના શ્લોકોમાં પણ સમજવું.–૨૯

देवदेव० गोनसा ॥३०॥ ગોહ જાતિના જીવો પીડા ન કરો.–૩૦
देवदेव० वृश्चिकाः ॥३१॥ વિંછીની જાતિના જીવો પીડા ન કરો.–૩૧
देवदेव० काकिनी ॥३२॥ કાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૨
देवदेव० डाकिनी ॥३३॥ ડાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૩
देवदेव० याकिनी ॥३४॥ યાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૪
देवदेव० राकिनी ॥३५॥ રાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૫
देवदेव० लाकिनी ॥३६॥ લાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૬
देवदेव० शाकिनी ॥३७॥ શાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૭
देवदेव० हाकिनी ॥३८॥ હાકિની જાતિના દેવો પીડા ન કરો.–૩૮
देवदेव० राक्षसाः ॥३९॥ રાક્ષસ જાતિના દેવો પીડા ન કરો.–૩૯
देवदेव० भैरवाः ॥४०॥ ભૈરવ જાતિના દેવો પીડા ન કરો.–૪૦
देवदेव० भेकसाः ॥४१॥ ભેકસ જાતિના દેવો પીડા ન કરો.–૪૧
देवदेव० किन्नराः ॥४२॥ કિંનર જાતિના દેવો પીડા ન કરો.–૪૨
देवदेव० व्यंतराः ॥४३॥ વ્યંતર જાતિના દેવો પીડા ન કરો.–૪૩

देवदेव० देवताः ॥४४॥ સર્વ જાતિના દેવતાઓ પીડા ન કરો.–૪૪
देवदेव० तस्कराः ॥४५॥ ચોર લોકો પીડા ન કરો.–૪૫
देवदेव० वन्हयः ॥४६॥ અગ્નિ પીડા ન કરો.–૪૬
देवदेव० शृंगिणः ॥४७॥ શીંગડાવાળા જીવો પીડા ન કરો.–૪૭
देवदेव० दंष्ट्रिणः ॥४८॥ ડાઢથી કરડવાવાલા જીવો પીડા ન કરો.–૪૮
देवदेव० रेपलाः ॥४९॥ રેપલ જાતિના જીવો પીડા ન કરો.–૪૯
देवदेव० पक्षिणः ॥५०॥ પાંખવાલા પક્ષીઓ પીડા ન કરો.–૫૦
देवदेव० भंजकाः ॥५१॥ ભાંગફોડ કરવાવાળા પ્રાણીઓ પીડા ન કરો.–૫૧
देवदेव० जृंभकाः ॥५२॥ જૃંભક દેવતાઓ પીડા ન કરો.–૫૨
देवदेव० तोयदाः ॥५३॥ જલમાં રહેવાવાળા જીવો પીડા ન કરો.–૫૩
देवदेव० सिंहकाः ॥५४॥ સર્વ જાતિના સિંહો પીડા ન કરો.–૫૪
देवदेव० शूकराः ॥५५॥ સર્વ જાતિના સૂવરો પીડા ન કરો.–૫૫
देवदेव० चित्रकाः ॥५६॥ ચિત્તાની જાતિના જીવો પીડા ન કરો.–૫૬
देवदेव० हस्तिनः ॥५७॥ સર્વ જાતના હસ્તિઓ પીડા ન કરો.–૫૭
देवदेव० भूमिपाः ॥५८॥ પૃથ્વીના સ્વામી એવા રાજાઓ પીડા ન કરો.–૫૮
देवदेव० शत्रवः ॥५९॥ સર્વ શત્રુઓ પીડા ન કરો.–૫૯
देवदेव० ग्रामिणः ॥६०॥ ખેતરની રક્ષા કરવાવાળા દેવતા પીડા ન કરો.–૬૦
देवदेव० दुर्जनाः ॥६१॥ દુર્જન લોકો પીડા ન કરો.–૬૧

देवदेवस्य यच्चक्रं तस्य चक्रस्य या विभा।
तयाच्छादितसर्वांगं मां मा हिंसंतु व्याधयः ॥६२॥

અર્થાત્—દેવોના દેવ શ્રીજિનેશ્વરદેવોના સમૂહની પ્રભાથી આચ્છાદિત થએલા મારા સર્વ અંગોને કોઈ પણ જાતના વ્યાધિઓ પીડા ન કરો.–૬૨

श्रीगौतमस्य या मुद्रा तस्या या भुवि लब्धयः।
ताभिरभ्यधिकं ज्योतिरर्हः(र्हं) सर्वनिधीश्वरः ॥६३॥

અર્થાત્—શ્રી ગૌતમસ્વામી ગણધરદેવનું જે સ્વરૂપ અને તેની છે લબ્ધિ આ પૃથ્વીપર પથરાએલી છે, તે જ્યોતિથી પણ અધિક જ્યોતિ અરિહંત ભગવાનની છે, વળી તે ભગવાન સર્વ વિદ્યાઓના ખજાના રૂપ છે.–૬૩

पातालवासिनो देवा देवा भूपीठवासिनः।
स्वः स्वर्गवासिनो देवाः सर्वे रक्षंतु मामितः ॥६४॥

અર્થાત્—પાતાલ નિવાસી ભૂવનપતિ દેવો, પૃથ્વીપર વસનાર વ્યંતરાદિક દેવો તથા સ્વર્ગમાં રહેલા કલ્પવાસી તથા વિમાનવાસી સર્વ દેવો મારી રક્ષા કરો.–૬૪

येऽवधिलब्धयो ये तु परमावधिलब्धयः ।
ते सर्वे मुनयो दिव्याः मां संरक्षंतु सर्वतः ॥६५॥

અર્થાત્—જેઓ અવધિજ્ઞાનની લબ્ધિવાલા અને જેઓ પરમાવધિ જ્ઞાનની લબ્ધિવાલા બારમા ગુણસ્થાનવર્તી દિવ્ય મુનીશ્વરો છે, તેઓ મારી સર્વ તરફથી રક્ષા કરો.–૬૫

भुवनेन्द्र व्यंतरेन्द्र ज्योतिष्केंद्र कल्पेन्द्रेभ्यो नमः ।
श्रुतावधि देशावधि परमावधि सर्वावधि बुद्धिऋद्धिप्राप्त
सर्वौषधिप्राप्तानंतबलर्द्धिप्राप्त रसर्द्धिप्राप्त वैक्रियर्द्धिप्राप्त
क्षेत्रर्द्धिप्राप्ताक्षीणमहानसर्द्धिप्राप्तेभ्यो नमः ॥६६–६७॥

ભાવાર્થ—ભવનપતિના ઇંદ્ર, વ્યંતરોના ઇંદ્ર, જ્યોતિષીના ઇંદ્ર તથા કલ્પવાસી દેવોના ઇંદ્રને નમસ્કાર હો, શ્રુતાવધિ, દેશાવધિ, પરમાવધિ, સર્વઅવધિ, બુદ્ધિ, ઋદ્ધિને પ્રાપ્ત કરેલા, સર્વૌષધિ, અનંતબલ ઋદ્ધિ ને પ્રાપ્ત કરેલા, રસઋદ્ધિ, વૈક્રિય ઋદ્ધિ, ક્ષેત્ર ઋદ્ધિ અને અક્ષીણ મહાનસ ઋદ્ધિને પ્રાપ્ત કરેલા [મુનીશ્વરો] ને નમસ્કાર હો. આ સોળે પદો યંત્રના કોઠામાં રહેલા છે.–૬૬, ૬૭.

ॐ श्रीह्रीश्च धृतिर्लक्ष्मी गौरी चंडी सरस्वती ।
जयाम्बा विजया क्लिन्नाऽजिता नित्या मदद्रवा ॥६८॥
कामांगा कामबाणा च सानंदा नंदमालिनी
माया मायाविनी रौद्री कला काली कलिप्रिया ॥६९॥
एताः सर्वा महादेव्यो वर्त्तते या जगत्त्रये ।
मम सर्वाः प्रयच्छंतु कांतिं लक्ष्मीं धृतिं मतिं ॥७०॥

અર્થાત્—શ્રી ૧, હ્રી ૨, ધૃતિ ૩, લક્ષ્મી ૪, ગૌરી ૫, ચંડી ૬, સરસ્વતી ૭ જયા ૮, અંબીકા ૯, વિજયા ૧૦, ક્લિન્ના ૧૧, અજિતા ૧૨, નિત્યા ૧૩, મદદ્રવા ૧૪, કામાંગા ૧૫, કામબાણા ૧૬, નંદા ૧૭, નંદમાલિની ૧૮, માયા ૧૯, માયાવિની ૨૦, રૌદ્રી ૨૧, કલા ૨૨, કાલી ૨૩, અને કલિપ્રિયા ૨૪, આ સર્વ મોટી દેવીયો ત્રણ જગતને વિષે વિદ્યમાન છે, તે ચોવીશે દેવીયો મને કાંતિ, લક્ષ્મી, ધૈર્ય અને બુદ્ધિ ને આપનારી થાઓ.–૬૮,૬૯,૭૦.

दुर्जना भूतवेताला: पिशाचा मुद्गलास्तथा ।
ते सर्वे उपशाम्यंतु देवदेवप्रभावतः ॥७१॥

અર્થાત્—દુર્જન લોકો, ભૂત, વૈતાલ, પિશાચ, મુદ્ગલ રાક્ષસ વગેરે સર્વ મિથ્યાત્વી અને રૌદ્ર પરિણામી જીવો દેવાધિદેવ શ્રી જિનેશ્વરદેવના પ્રભાવથી શાંત થાએ.–૭૧

दिव्यो गोप्यः सुदुष्प्राप्यः श्रीऋषिमंडलस्तवः ।
भाषितस्तीर्थनाथेन जगत्त्राणकृतोऽनघः ॥७२॥

અર્થાત્—આ શ્રી ઋષિમંડલ સ્તવ બહુ જ દિવ્ય પ્રભાવવાળું છે, તેની પ્રાપ્તિ થવી બહુ જ દુર્લભ છે, જગતની રક્ષા કરવાને માટે નિર્દોષ એવું આ સ્તોત્ર શ્રી મહાવીર પ્રભુએ ભાખેલું–કહેલું છે અને તેથી જ તે ગુપ્ત રાખવા યોગ્ય છે.–૭૨

रणे राजकुले वन्हौ जले दुर्गे गजे हरौ ।
श्मशाने विपिने घोरे स्मृतो रक्षति मानवं ॥७३॥

અર્થાત્—યુદ્ધમાં, રાજદરબારમાં, અગ્નિના ઉપદ્રવ વખતે, જલમાં સંકટ ઉપસ્થિત થયે છતે, કિલ્લામાં, હાથી તથા સિંહ તરફથી ભય ઉપસ્થિત થયે છતે, સ્મશાન ભૂમિમાં તથા ઘોર વનમાં સંકટ ઉપસ્થિત થયે છતે, આ મંત્રનું સ્મરણ કરવાથી મનુષ્યની રક્ષા થાય છે.–૭૩.

राज्यभ्रष्टा निजं राज्यं पदभ्रष्टा निजं पदं ।
लक्ष्मीभ्रष्टा निजां लक्ष्मीं प्राप्नुवंति न संशयः ॥७४॥

અર્થાત્—રાજ્યથી ભ્રષ્ટ થએલ રાજા પોતાના રાજ્યને, મંત્રી વગેરે અધિકારીના પદેથી ભ્રષ્ટ થએલ પોતાના પદને, ધનથી રહિત થએલ પોતાના ધનને પાછું પ્રાપ્ત કરે છે, તે બાબતમાં કોઈ પણ જાતની શંકા કરવી નહિ.–૭૪

भार्यार्थी लभते भार्यां पुत्रार्थी लभते सुतं ।
धनार्थी लभते वित्तं नरः स्मरणमात्रतः ॥७५॥

અર્થાત્—આ સ્તોત્ર વગેરેના સ્મરણમાત્રથી પણ સ્ત્રીની ચાહના વાળાને સ્ત્રીની પ્રાપ્તિ, પુત્રની ઇચ્છાવાળાને પુત્રની પ્રાપ્તિ અને ધનની ઇચ્છાવાળા મનુષ્યને ધનની પ્રાપ્તિ થાય છે.–૭૫

स्वर्णे रूप्येऽथवा कांस्ये लिखित्वा यस्तु पूजयेत् ।
तस्यैवेष्टमहासिद्धिर्गृहे वसति शाश्वती ॥७६॥

અર્થાત્–આ યંત્રનેx સોનાના, ચાંદીના અથવા કાંસાના પતરાપર લખીને જે

x યંત્રની આકૃતિ માટે જુઓ ચિત્ર નંબર. ૩૮૬, ૬૮૭

મનુષ્ય પોતાના ઘરમાં પૂજન કરે છે, તેના ઘરમાં હમેશાં આઠે મહા સિદ્ધિઓ વાસ કરે છે.–૭૬

भूर्जपत्रे लिखित्वेदं गलके मूर्ध्नि वा भुजे।
धारितं सर्वदा दिव्यं सर्वभीतिविनाशनं ॥७७॥

અર્થાત્—આ દિવ્ય યંત્રને ભોજપત્ર પર [અષ્ટગંધથી] લખીને, [માદળીઆમાં-ઘાલી] ગળામાં, મસ્તકમાં અથવા ભુજાએ ધારણ કરવાથી નિરંતર સર્વપ્રકારની ભીતિઓ નાશ થાય છે.–૭૭.

भूतैः प्रेतैर्ग्रहैर्यक्षैः पिशाचैर्मुद्गलैस्तथा।
वातपित्तकफोद्रेकैर्मुच्यते नात्र संशयः ॥७८॥

અર્થાત્—[ઉપર પ્રમાણે યંત્રને ધારણ કરનાર મનુષ્ય] ભૂત, પ્રેત, નવગ્રહ, યક્ષ, પિશાચ, મુદ્ગલ રાક્ષસ અને વાત, પિત્ત તથા કફ જન્ય રોગોના ઉપદ્રવોથી મુક્ત થાય છે; આ બાબતમાં કોઈ પણ જાતની શંકા રાખવી નહિ.–૭૮

भूर्भुवःस्वस्त्रयीपीठवर्तिनः शाश्वता जिनाः।
तैः स्तुतैर्वंदितैर्दृष्टैर्यत्फलं तत्फलं स्मृतेः ॥७९॥

અર્થાત્–પાતાલલોક, મનુષ્યલોક તથા દેવલોક એ ત્રણે લોકમાં રહેલા જે શાશ્વતા જિનેશ્વરો છે, તેની સ્તવના, વંદના અને દર્શન કરવાથી જે ફલની પ્રાપ્તિ થાય છે, તેટલા જ ફલની પ્રાપ્તિ આ સ્તોત્રનું સ્મરણ કરવાથી થાય છે.–૭૯

एतद्गोप्यं महास्तोत्रं न देयं यस्य कस्यचित्।
मिथ्यात्ववासिनो दत्ते बालहत्या पदेपदे ॥८०॥

અર્થાત્–આ મહાસ્તોત્ર ગોપવી (બાનગી) રાખવું જોઇયે, જેને તેને આપવું ન જોઇયે; મિથ્યાત્વથી વાસિત પ્રાણીઓને આપવાથી આપનારને પગલે પગલે બાલહત્યાનું પાપ લાગે છે.–૮૦

आचाम्लादि तपः कृत्वा पूजयित्वा जिनावलिम्।
अष्टसाहस्रिको जापः कार्यस्तत्सिद्धिहेतवे ॥८१॥

અર્થાત્–આયંબિલ વગેરે તપ કરીને ચોવીશ જિનેશ્વરોની પૂજા કરીને, ઇચ્છિત કાર્યની સિદ્ધિ માટે આ મંત્રના ૮૦૦૦ આઠ હજાર જાપ કરવા જોઇએ.–૮૧

शतमष्टोत्तरं प्रातर्यें पठंति दिनेदिने।
तेषां न व्याधयो देहे प्रभवंति च संपदः ॥८२॥

અર્થાત્–જે ભવ્યપુરુષ! શુદ્ધ યોગથી દરરોજ સવારમાં ઉઠીને એકાગ્રચિત્તથી આ સ્તોત્રનો પાઠ કરીને મૂલમંત્રનો એકસોને આઠ વાર જાપ કરે છે, તેના શરીરમાં રોગ પેદા થતા નથી અને તેને દરેક પ્રકારની સંપદાઓ મલી આવે છે.–૮૨

अष्टमासावधिं यावत् प्रातः प्रातस्तु यः पठेत् ।
स्तोत्रमेतन्महातेजस्त्वर्हद्बिंबं स पश्यति ॥८३॥
दृष्टे सत्यार्हते बिंबे भवे सप्तमके ध्रुवं ।
पदं प्राप्नोति शुद्धात्मा परमानंदसंपदां ॥८४॥

અર્થાત્–મન, વચન અને કાયાની શુદ્ધિ કરીને એકાગ્રચિત્ત થઇને, નિરંતર સવારમાં આઠ મહિના સુધી આ સ્તોત્રનો પાઠ કરનાર મનુષ્ય અરિહંત ભગવાનનું તેજોમય એવું બિંબ જુએ છે; અને તે પ્રમાણે અરિહંત ભગવાનનું તેજોમય બિંબ દેખનાર ભવ્યપુરુષ! નિશ્ચયે કરીને સાતમા ભવે પરમ–અતીંદ્રિય આનંદનું સ્થાન એવા મોક્ષ પદને પ્રાપ્ત કરે છે.*–૮૩, ૮૪.

विश्ववंद्यो भवेद्ध्याता कल्याणानि च सोऽश्नुते ।
गत्वा स्थानं परं सोऽपि भूयस्तु न निवर्त्तते ॥८५॥

અર્થાત્–આ પ્રમાણે ધ્યાન ધરનાર મનુષ્ય જગતને વંદન કરવા યોગ્ય થાય છે, કલ્યાણની પરંપરાને પામે છે; [અને] મોક્ષપદને પામીને ફરીથી તે સંસારમાં પાછો આવતો નથી–જન્મ લેતો નથી–૮૫

इदं स्तोत्रं महास्तोत्रं स्तवानामुत्तमं परं ।
पठनात् स्मरणाज्जापाल्लभ्यते पदमव्ययम् ॥८६॥

અર્થાત્–આ સ્તોત્ર સ્તોત્રોને વિષે મહાસ્તોત્ર છે, સ્તવનોમાં ઉત્તમોત્તમ છે અને તેનો પાઠ, સ્મરણ અને જાપ કરવાથી અવ્યય એવા મોક્ષપદની પ્રાપ્તિ થાય છે.–૮૬

---

* અરિહંત ભગવાનનું તેજોમય એવું બિંબ ભવ્યપુરુષને દેખાય છે, એ વાત તદ્દન સત્ય છે. કારણ કે આ સ્તોત્રના પાઠથી મેં પોતે પણ અરિહંત ભગવાનનું મહાતેજસ્વી એવું બિંબ સ્વપ્નમાં જોયેલું છે.—સારાભાઇ નવાબ.

परिशिष्ट २

॥ श्री नवग्रहमन्त्राक्षरस्तोत्रम् ॥

प्रथम प्रणव मायाबीजं श्रियं सु नत्वा थलपति श्रीगोडीपार्श्वनाथो प्रसन्नः।
श्रीमद्वर्णं पद्मादेवीमभ्यष्टसिद्धिः अट्टे मट्टे दुष्टसर्वशत्रुविघटं ॥१॥

अथातः ग्रहसर्वाणि पार्श्वपादाब्जसेवितं।
दासानां दुःखहर्त्ता च सर्वाभीष्टफलप्रदं ॥२॥

અર્થાત્–શ્રીપાર્શ્વનાથ પ્રભુના ચરણકમલની સેવા કરનાર સર્વ ગ્રહો, શ્રી પાર્શ્વનાથ પ્રભુના સેવકોને સર્વ ઇચ્છિત ફલને આપવાવાળા તથા દુઃખોનો નાશ કરવાવાળા થાય છે.–૧–૨

धर्मकामार्थमोक्षांताः मनोवांछितदायकः।
रविभौमशनिराहुः महाकष्टं तु घातकं ॥३॥

અર્થાત્–વળી તે પાર્શ્વનાથ પ્રભુ, ધર્મ અર્થ કામ અને મનોવાંછિત એવા મોક્ષપદને પણ છેવટે આપનારા છે; રવિ, મંગળ, શનિ અને રાહુ એ ચાર ગ્રહો મહાકષ્ટના આપવાવાળા તથા ઘાતક છે.–૩

नमस्कारं च मार्त्तंड ममोपरि कृपां कुरु।
ॐ स्रां स्रीं स्रौं स्रः स सूर्यः मम तुष्टतु ॥४॥

અર્થાત્–ૐ સ્રાં સ્રીં સ્રૌં સ્રઃ મંત્રવાળો એવો સૂર્ય મારા ઉપર તુષ્ટમાન થાઓ. વળી હે સૂર્ય! તને નમસ્કાર થાઓ, તું મારા ઉપર કૃપા કર.–૪

ॐ श्रां श्रीं श्रौं श्रः शशिदेव नमोऽस्तु ते।
अमृतां च सदामीयं स चंद्रः मम तुष्टये ॥५॥

અર્થાત્–ૐ શ્રાં શ્રીં શ્રૌં શ્રઃ મંત્રવાળા હે ચંદ્ર! તને નમસ્કાર થાઓ. નિરંતર અમૃતને વરસાવવાવાળો અને અમીને દેવાવાળા ચંદ્ર મારા ઉપર તુષ્ટિમાટે થાઓ.–૫

ॐ क्रां क्रीं क्रौं क्रः कुजदेव दयां कुरु।
भूमिपूत्र भयच्छेद सर्वारीष्टहरो हरः ॥६॥

અર્થાત્–ૐ ક્રાં ક્રીં ક્રૌં ક્રઃ મંત્રવાળા હે મંગળ! તું મારા પ્રત્યે દયા કર. ભયનો નાશ કરનાર હે પૃથ્વીપુત્ર! (મંગળ!) મારા સર્વ કષ્ટોનું હરણ કર.–૬

ॐ ब्रां ब्रीं ब्रौं ब्रः बुधो ज्ञः बहुसंपदः ।
शशिसुतो न रिष्टस्त्वं ऋद्धिवृद्धिप्रदो भव ॥७॥

અર્થાત્—ॐ ब्रां ब्रीं ब्रौं ब्रः મંત્રવાળા હે બુધ! મને બહુ સંપદાને આપવાવાળો થા. ચંદ્રના પુત્ર હે બુધ! તારી કૃપાથી મારે ત્યાં ઋદ્ધિની વૃદ્ધિ નિરંતર થાઓ.—૭

ॐ ज्रां ज्रीं ज्रौं ज्रः जीवदेवो बृहस्पतिः ।
भुर्भुवोधनदाता च मां स्वामिंस्तु कृपां कुरु ॥८॥

અર્થાત્—ॐ ज्रां ज्रीं ज्रौं ज्रः મંત્રાક્ષરવાળા હે ગુરૂ! તું ધનનો આપવાવાળો હોવાથી મારા પ્રત્યે તું કૃપા કરીને ધનને આપવા વાળો થા.—૮

ॐ ह्रां ह्रीं ह्रौं ह्रः स शुक्रः असुरोगुरुः ।
शुक्लवर्णं सौख्यकर्त्ता वर्णदुःखं तु चूरय ॥९॥

અર્થાત્—ॐ ह्रां ह्रीं ह्रौं ह्रः મંત્રાક્ષરવાળા, અસુરોના ગુરૂ, સફેદ વર્ણવાળા તથા સુખના દેવાવાળા એવા હે શુક્ર! તું મારા દુઃખનો નાશ કર.—૯

ॐ ध्मां ध्मीं ध्मौं ध्मः शनिदेवो रविसुतः ।
तुष्टमानः ममानंदं ममशत्रुहरोद्धुतं (भव) ॥१०॥

અર્થાત્—ॐ ध्मां ध्मीं ध्मौं ध्मः મંત્રાક્ષરવાળા અને સૂર્યપુત્ર હે શનિદેવ! તમે મારા ઉપર તુષ્ટમાન થયા થકા મને આનંદના આપવાવાળા અને મારા શત્રુઓનો નાશ કરનારા થાઓ.—૧૦

ॐ रां रीं रौं रः आसुरिः सिंहीकासुतः ।
रोगशोकदुःखहर्त्ता सर्वकोटिफलप्रदः ॥११॥

અર્થાત્—ॐ रां रीं रौं रः મંત્રાક્ષરવાળા સિંહીકાના પુત્ર હે રાહુ! તું મારા રોગ, શોક અને દુઃખનો નાશ કરનારો થા અને કરોડો ઉત્તમફલોનો આપવાવાળો થા.—૧૧

ॐ भ्रां भ्रीं भ्रौं भ्रः केतुःकल्याणकारकः ।
स एव सुखदाता च दुःखसर्वनिवारकः ॥१२॥

અર્થાત્—ॐ भ्रां भ्रीं भ्रौं भ्रः મંત્રાક્ષરોવાળો કેતુ કલ્યાણનો કરવાવાળો, વળી સુખનો દેવાવાળો અને દુઃખનું નિવારણ કરવાવાળો છે.—૧૨

श्रीपार्श्वचरणकमल-भक्तियुक्तनवग्रहाः ।
सदानंदमहार्थाय नित्यपाठं करिष्यति ॥
पार्श्वदेवप्रतापायः चिरंजीयाय शाश्वती ॥१३॥

અર્થાત્—શ્રી પાર્શ્વનાથ ભગવાનના ચરણકમલને વિષે ભક્તિમાન એવા નવે ગ્રહોx આ સ્તોત્રનો પાઠ કરનારને નિરંતર આનંદના દેનારા અને મોટી લક્ષ્મીને આપનારા થાય છે અને પાર્શ્વનાથ પ્રભુની ભક્તિ કરનારાને ત્યાં ચિરકાલ લક્ષ્મી વાસો કરે છે.–૧૩

નવગ્રહ પીડા નિવારણ વિધિ—

આ પ્રમાણે નવગ્રહ મંત્રાક્ષર સ્તોત્રનો પવિત્ર થઈ, શુદ્ધ વસ્ત્ર પહેરી સવારમાં ઉઠીને પાઠ કરવાથી અને નીચેની વિધિએ પૂજન કરવાથી તે તે ગ્રહની પીડાનું નીવારણ થાય છે.–

સૂર્ય નડતો હોય તો પદ્મપ્રભુના અધિષ્ઠાયક દેવની રક્તવસ્ત્રથી તથા રક્ત-ચંદનથી પૂજા કરવી.–૧

ચંદ્ર નડતો હોય તો ચંદ્રપ્રભુના અધિષ્ઠાયક દેવની શ્વેતવસ્ત્રથી તથા સુખડ અને બરાસથી પૂજા કરવી.–૨

મંગલ નડતો હોય તો વાસુપૂજ્યસ્વામીના અધિષ્ઠાયક દેવની રક્તચંદન તથા રક્ત સોપારીથી પૂજા કરવી.–૩

બુધ નડતો હોય તો વિમલનાથ, અનંતનાથ, ધર્મનાથ, શાંતિનાથ, કુંથુનાથ, અરનાથ, નમિનાથ, અથવા મહાવીરસ્વામિના અધિષ્ઠાયકદેવની દૂધ તથા ખાંડથી પૂજા કરવી.–૪

ગુરૂ નડતો હોય તો ઋષભદેવ, અજિતનાથ, સંભવનાથ, અભિનંદનસ્વામી, સુમતિનાથ, સુપાર્શ્વનાથ, અથવા શીતલનાથના અધિષ્ઠાયકદેવની દહિંથી પૂજા કરવી.–૫

શુક્ર નડતો હોય તો સુવિધિનાથ પ્રભુના અધિષ્ઠાયક દેવની ધાતુ વગેરેથી પૂજા કરવી.–૬

શનિ નડતો હોય તો મુનિસુવ્રતસ્વામીના અધિષ્ઠાયક દેવની તેલના દીવાથી પૂજા કરવી.–૭

રાહુ નડતો હોય તો નેમીનાથ પ્રભુના અધિષ્ઠાયક દેવની નીલ વસ્ત્રથી પૂજા કરવી.–૮

કેતુ નડતો હોય તો મલ્લિનાથ તથા પાર્શ્વનાથના અધિષ્ઠાયક દેવની નીલ-વસ્ત્રથી પૂજા કરવી.–૯

॥ ઇતિ નવ ગ્રહ પીડા નિવારણ વિધિ સંપૂર્ણ ॥
સંવત ૧૮૮૨ના દિપોત્સવી દિને લિખિતં ॥

---

x શ્રી પાર્શ્વનાથ પ્રભુ તથા તેઓના ચરણકમલમાં રહેલાં નવે ગ્રહોના ચિત્ર માટે જુઓ ચિત્ર. નંબર ૩૮૮

परिशिष्ट. ३

श्रीमहालक्ष्मी अष्टक

ॐ नीर नीरमल सुगंध चंदन अखंड अक्षत पुष्पजं ।
दीप धूप नैवेद्य पय धृत शर्करायुत फलादिकं ॥
पूजा भव्य शिवसुखदायक दुरित कल्मष खंडणुं ।
श्री महालक्ष्मी महामाया पूजयां प्रतिगृह्यतां ॥१॥
ॐ नमोऽस्तु महामाये। सुरासुर प्रपूज्यते ।
शंख चक्रं गदाहस्ते महालक्ष्मी नमोऽस्तुते ॥२॥
जन्मादिरहितो देवी आदि शक्ति अगोचरे ।
योगिनी योग संभूते महालक्ष्मी नमोऽस्तुते ॥३॥
पद्मे वनारसि देवी पद्मजिव्हा सरस्वती ।
पद्महस्ते जगन्नाथे। महालक्ष्मी नमोऽस्तुते ॥४॥
सर्वज्ञ सर्वदं देवी सर्वदुःख निवारिणी ।
सर्व सिद्धि करे। देवी महालक्ष्मी नमोऽस्तुते ॥५॥
स्थूले। सूक्ष्मे। महारुद्रे सत्ये सत्य महोदरी ।
महा पाप हरे। देवी महालक्ष्मी नमोऽस्तुते ॥६॥
सिद्धि बुद्धि प्रदे। देवी भक्ति मुक्ति प्रदायिनी
मित्र हस्ते महादेवी महालक्ष्मी नमोऽस्तुते ॥७॥
लक्ष्मी स्तवनं पुन्यं, प्रातरुत्थाय यः पठेत् ।
दुःख दारिद्र्य न पश्यंति राज्यं प्राप्नोति नित्य स ॥८॥

॥ इति महालक्ष्मी अष्टक संपूर्ण ॥

परिशिष्ट. ४

श्री माणिभद्रजीनो छंद.

सरस वचन दो सरस्वति पुजुं गुरु के पाय;
गुण **माणिक**नां गावतां सेवकनें सुख थाय. १

माणिभद्रनें पांमीओ सुरतरु जेहवो सांभ;
रोग सोग दूरे हरे नमुं चरण सिर नांम. २

तुं पारस तुं पोरसो काम कुंभ सुणकार;
साहेब वरदाई सदा आतमनो आधार. ३

तुं ही चिंतामणि रतन चीत्रावेल विचार;
मांणक साहेब माहरे दोलतरो दातार. ४

देव घणा दुनिया नमें सुता करे सनमान;
मांणिभद्र मोटो मई दिये देस दीवाण. ५

अडयल छंद

दीपंतो जगमांहे दीपें पीसुणु ताणा दल तुंही ज जीपें;
आठे भयथी तुंही ज तुंहो उगारे नंघा करतां शत्रु निवारे. १

गजमुख देव महा उपगारी ऐरावण जिणरे असवारी;
मांणीभद्र मोटो महाराजा वाजे सदा छत्रीसे वाजा. २

हेमविमलसूरी साहाई **क्षेत्रपाल*** जिणें काढचो जाई;
उण वेला **मांणिक** तुं उठयो **भैरवने** गुरजासुं कुटचो. ३

मानोजी **माणिक** वचन हमारो थें छोडो हुं चाकर थारो;
मांणिभद्रजी वाचा मानि कालो गोरो कीधो कानि. ४

पाट भगत पणु वाचा पाली वलति सामग्री सहू वाली;
जलम **मांणिक** थांहें आल्यो, देस अढार ज दी अजुवाल्यो. ५

कुमति रोग करे निकंदन **मांणिभद्र** तपगच्छ केरो मंडण;
ध्यान धरी ऐके मन धारे सघला कारज **मांणिक** सारे. ६

---

* जुओ चित्र नंबर ३३७

બોલ સરેં રાખે દરબારે વસુધા અધિકી લાજ વધારે;
આઠમ ચૌદસ જે આરાધેં સઘલા જાપ દીવાલી સાધે. ૭
માંણિભદ્ર પૂજી જેં મોટો તિણુરે કહીએ ન આવે તોટો;
ભાવ કરી જે તુઝનેં ભેટે **માણિક** જિણુરા દાલિદ્ર મેટે. ૮
ધન અખુટ બહુ ધન પાવેં **માણિક** તતખિણુ રોગ ગમાવેં;
સેવકને તું બાંહિ સાહિ મહિમા થાઈ જગ સહૂ માંહિ. ૯
જો મુજનેં સેવક કરી જાંણો **માણિભદ્ર** મુજ વિનતિ માનો;
દીલ ભરી દરીસણુ મુજનેં દીજે કૃપા કરી સેવકનેં સુખ કીજે. ૧૦

દૂહા

તું વાસી ગુજરાતકો નવખંડે તુજ નાંમ;
મગરવાડે મોટો મરદ કવિયાં [ના] સારે કાંમ. ૧
સેવકને તું સીખવે નાયક નાંમ નરેસ;
જિણુ વિધ હું પૂજા કરૂં હૂકમ પ્રમાણે હમેસ. ૨
કરો અગાડી કવિઅણુા **માણિભદ્ર** માબાપ,
દીલ ભરી દરિસણુ દીજઈ સેવક ટાલ સંતાપ. ૩
માણિભદ્ર મહારાજસૂં ઉદ્દો કરે અરજ;
મુલમંત્ર મોય દીજઈ રાખો માહરી લાજ. ૪

અડયલ છંદ

વસુધામાં મારી લાજ વધારો નાત ગોત્રમે કુજસ નીવારો;
દુઃખ દાલિદ્ર હરિજેં દૂરે પૂત્ર તણી વંછા તું પૂરે. ૧
સેતાનીને તું સમજાવેં અવનિપતિ પણુ ચરણે આવેં;
વિધન અનંતા રાજ નીવારે **માંણિભદ્ર** મુજ શત્રુ વારે. ૨
સઘલા નર નારી વસ થાઈ ડાકિણી સાકિણી નાસી જાઈ;
ભુત પ્રેત તુજ નાંમે ભાગેં નાહર[૧] ચોર કદીઈ નવી લાગેં, ૩
મોટા દાનવ તુંહી મરોડે તાવ તેજારા તુંહી ત્રોડે;
હરી હર દેવ ઘણાઈ હોઈ કલીમે તુમ સરીખો નહી કોઈ. ૪

---

૧ સિંહ.

ભાવે અડસઠ તિરથ ભેટો ભાવે **માંણિભદ્રનં** ભેટો;
સુરપતિ માહરી અરજ સુણીજેં કવીઅણનેં તતખીણ સુખીકીજેં. ૫
તાહરી પાર ન પામે કોઈ જાલમવીરરી જગમાં જોઈ;
ધો વાંછીત **માણક** વરદાઈ સેવકને ગહગટ્ટ સવાઈ. ૬

કલસ

ગુણગાયા ગહગટ્ટ અન્નધન કપડાં આવે,
ગુણગાયા ગહગટ્ટ પ્રગટ ઘરે સંપદ પાવે;
ગુણગાયા ગહગટ્ટ રાજમાન મોજ દેવરાવે,
ગુણગાયા ગહગટ્ટ લોક સહૂ પૂજા લાવે. ૧
સુખકુસલ આસા સકૂલ **ઉદયકુસલ** ઈંણી પરે કહેં;
ગુણ **માણિકરા** ગાવતાં લાખ લાખ રીઝાં તે લહેં; ૨

॥ ઇતિ શ્રી માણિભદ્રજીનો છંદ સંપૂર્ણ ॥

—— o ——

परिशिष्ट ५

भैरवाष्टकम्।

—[०]—

एकं खट्वाङ्गहस्तं पुनरपि भुजगं पाशमेकं त्रिशूलं
खड्गं हस्ते कपालं डमरुकसहितं वामहस्ते पिनाकम्।
चन्द्रार्कं केतुमालां विकृतनरशिरः सर्पयज्ञोपवीतं
कालं कालान्धकारं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥१॥

नीलं जीमूतवर्णं सकलशतमयं भैरवं क्षेत्रपालं
रुद्रं रुद्रावतारं ज्वलितशिखशिखं रौद्रके शंखदंष्ट्रं।
भीमाङ्गं भीमनादं कलितकलरवं वन्द्यपादं त्रिलोक्या
ज्वालामालाकरालं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥२॥

कैलाशे मेरुशृंगे दिशिदिशिगहने दैत्यनैलानिवासे
पाताले मृत्युलोके जलनिधिपुलिने कानने सर्वतीर्थे ।
सौम्ये सूर्याधिवासे ग्रहफणिनिलये द्वीपद्वीपान्तरेषु
सर्वस्थानेषु पूज्यं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥३॥

सिद्धान्ते कूलमार्गे पथि कुलिकमते मन्त्रतन्त्रे समस्ते
देवे ब्रह्मावतारे विविधजिनमते सर्वशास्त्रप्रसिद्धे।
खड्गं पातालहस्तं वररसगुटिकामञ्जनं पादलेपं
सर्वं कर्तुं समर्थं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥४॥


हुंकारैर्घोरनादैश्चलितवसुमती सागरं मेरुशृंगं
ब्रह्मांडं ब्रह्मखण्डं स्फुरितकहकहारावरौद्राट्टहासे।
खड्गंपातालमूलं वरुणकसहितं पाशखट्वाङ्गहस्तं
ह्रां ह्रीं ह्रूं मोहरूपं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥५॥

कंकालं कालरूपं कलकलसहितं भूतवैतालनाशं
ह्रां ह्रीं ह्रीं मूमूर्तिर्तं घघघघघटितोद्गाररौद्रादिमन्त्रैः।

भूतैः प्रेतैः प्रभूतैरुपशमतमहायक्षरक्षःपिशाचैः
ह्रां ह्रीं ह्रूं सर्वपूज्यं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥६॥
ब्रह्मा विष्णुश्च रुद्रासुरसरिदमरासोमसूर्याग्निरूपा
आकाशे वायुभूमिर्जलमितिसकलं यस्य मूर्तिस्वरूपम् ।
बाल्येनंनाहवेत्तं सकलशिवमयं सर्वरूपं प्रशान्तं
सर्वं ज्ञानं प्रसिद्धं मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥७॥
क्षेत्रे पीठे प्रपीठे त्रिभुवननिलये द्वीपचण्डे प्रचण्डे
चामुण्डाविघ्नहंत्रीगणपतिसहितैः प्रेतभूतैः प्रसिद्धैः ।
राज्ञो वश्यंकराणो च सकलकुशलैः मन्त्रतन्त्रैः समस्तैः
सर्वं कल्याणहेतुर्मम हरतु भयं भैरवः क्षेत्रपालः ॥८॥
सर्वपापहरं पुण्यं स्तोतव्यं भैरवाष्टकम् ।
ब्रह्मराक्षसनाशाय व्याध्युपसर्गनाशनम् ॥९॥
अपुत्रो लभते पुत्रान् बद्धो मुच्येत बन्धनात् ।
त्रिसन्ध्यं पठति यस्तु सर्वसिद्धिमवाप्नुयात् ॥१०॥

॥ ॐ ह्रीँ बटुकाय आपदुद्धारणाय कुरु कुरु बटुकाय ह्रीँ स्वाहा ॥

卐



चित्र १ नव० यंत्र १ पृष्ठ ६९



चित्र २ नव० यंत्र २ पृष्ठ ७५




चित्र ३ नव० यंत्र ३ पृष्ठ ७७




चित्र ४ नव० यंत्र ४ पृष्ठ ७७


॥हृदय नाभिउपर नाभिकंद नाभिनिचे कमल पदस्थ ध्यान॥



ચિત્ર ૫ ધ્યાનસ્થ પુરુષાકૃતિ પૃષ્ઠ ૧૨૨




चित्र ६ पदस्थ ध्यान पृष्ठ १२२




चित्र ७ पदस्थ ध्यान पृष्ठ १२२

॥हृदयकमलऽधर्णांखर्फिनी॥




चित्र ८ पद्मस्थ ध्यान पृष्ठ १२२

नं॰२ ॥हृदयकमलऽधर्णांखर्फि




चित्र ९ पद्मस्थ ध्यान पृष्ठ १२२

नं ३ ॥मुख कमल पार्श्वजि॥




चित्र १० पद्मस्थ ध्यान पृष्ठ १२२


॥नाभिनिचे नो कमल पार्श्वजिनो॥



चित्र ११ पद्मस्थ ध्यान पृष्ठ १२३




चित्र १२ पदस्थ ध्यान पृष्ठ १२४




चित्र १३ पदस्थ ध्यान पृष्ठ १२४

॥मंत्राधिराजपरमतत्वनुध्या-




चित्र १४ पदस्थ ध्यान पृष्ठ १२५

॥पंचपरमेष्टिमंत्रनुंध्यान अष्टदलकमल॥




चित्र १५ पदस्थ ध्यान पृष्ठ १२७

॥मुखकमलमां ॐकारनो ध्यान पांखडिए नोकमसफेद॥




चित्र १६ पदस्थ ध्यान पृष्ठ १३०


॥हृदि विद्यानो ध्यान तलाए चंद्रनी अंदर ध्यानकरवो ॥



चित्र १७ पदस्थ ध्यान पृष्ठ १३१




चित्र १८ पदस्थ ध्यान पृष्ठ १३१




चित्र १९ पदस्थ ध्यान पृष्ठ १३१-२

॥ॐकारनुंध्यानकरवानो




चित्र २० पदस्थ ध्यान पृष्ठ १३२

॥अष्टपत्रकमलेआत्मध्यान॥




चित्र २१ पदस्थ ध्यान पृष्ठ १३२

॥विघ्नशांतिनिमित्ते ध्यानं ॐकारनो




चित्र २२ पदस्थ ध्यान पृष्ठ १७७

॥नाभि मस्तक हृदय मुख कंठ कमल ध्यानस्वरूप॥




चित्र २३ पदस्थ ध्यान पृष्ठ १७४

॥नंदावृतध्यानं




चित्र २४ नंदावृत ध्यान

॥उच्चाटनाद्यर्थं शंखवृतं॥




चित्र २५ शंखावृत ध्यान



चित्र २६ उव० यंत्र १ पृष्ठ १३५

॥सौभाग्यकरं द्वितीयं यंत्रं॥
२



चित्र २७ उव० यंत्र २ पृष्ठ १३५

॥लक्ष्मीवृद्धिकरं तृतीयं यंत्रं॥३॥




चित्र २८ उव० यंत्र ३ पृष्ठ १३५

॥भूतादिनिग्रहकरं चतुर्थं यंत्रं॥
४



चित्र २९ उव० यंत्र ४ पृष्ठ १३६

॥ह्रारनिग्रहकरं पंचमंयत्रं५॥



चित्र ३० उव० यंत्र ५ पृष्ठ १३६

॥शाकिनीनिग्रहकरंयंत्रंषष्ठं६॥




चित्र ३१ उव०यंत्र ६ पृष्ठ १३६

॥विषमविषनिग्रहकरंसप्तमं॥७॥



चित्र ७२ उव० यंत्र ७ पृष्ठ १७६

बंधापदं यंत्रं॥११




चित्र ७६ उव० यंत्र ११ पृष्ठ १४७


॥सर्वसिद्धिवृद्धिर्लक्ष्मीर्भवति सर्वविषमविषक्षुद्रो॥
ए ॥पडवनिर्नाशंविधत्ते॥



चित्र ३३ उव० यंत्र ८ पृष्ठ १३८


सर्वसंपत्करं बृहन्मेरुचक्रं
पार्श्वयक्ष
पार्श्वयक्षी
गुरुपादुका
ॐ आदित्याय नमः १
ॐ इंद्राय नमः १
ॐ जयाय नमः १
ॐ विजयाय नमः १
ॐ अजिताय नमः १
ॐ अपराजिताय नमः १
ॐ नित्यायै नमः १
ॐ विलासिन्यै नमः २४
ॐ दोग्ध्र्यै नमः २३
ॐ अघोरायै नमः २२
ॐ मंगलायै नमः २१
ॐ पीठायै नमः २०
ॐ उड्डीशायै नमः १९
ॐ जालंधरायै नमः १८
ॐ पूर्णगिरये नमः १७
ॐ कामरूपायै नमः १६
ॐ श्रीं ह्रीं ॐ नमः
ॐ ह्रीं श्रीं ॐ नमः
ॐ ह्रीं श्रीं ॐ नमः
ॐ श्रीं ह

॥क्राक्रवध्यापिप्रस्फुते॥१३॥



चित्र ३८ उव० यंत्र १३ पृष्ठ १४४

मृतवत्सादोषनिवृत्त्यर्थं॥१२




चित्र ३७ उव० यंत्र १२ पृष्ठ १४३

॥उन्मत्तानां सौम्यं करोति॥
॥अपस्मारादिपीडां निवारयति॥
॥१५॥



चित्र ४० उव० यंत्र १५ पृष्ठ १४४

॥दृष्टयंत्रग्रहपीडां भूतदोषं निवारयति॥
॥१४॥




चित्र ३९ उव० यंत्र १४ पृष्ठ १४४

॥वंध्यातुर्विणी भवति॰ मृतवत्सा गर्भेधा॥
॥यति॰ काकवंध्या प्रसवति॰ सर्वभूतपि॥
॥शाचराक्षसात् रक्षा भवति॥१६॥



चित्र ४१ उव० यंत्र १६ पृष्ठ १४४

॥बालग्रह रक्षा भवति॰ १७॥



चित्र ४२ उव० यंत्र १७ पृष्ठ १४५


॥पुरुषस्त्रीणां सौभाग्यकरं ॥१८॥



चित्र ४३ उव० यंत्र १८ पृष्ठ १४५


॥वैरोट्या नामविद्या-ऋक्षेपश्वादि दोषानुपशाम्यति॥

१९




चित्र ४४ उव० यंत्र १९ पृष्ठ १४५

॥अघोरानामविद्या-चौरन्नयंनन्नवति॥




चित्र ४५ उव० यंत्र २० पृष्ट १४५

॥सौन्नाग्यकरं यंत्रं॥२१॥




चित्र ४६ उव० यंत्र २१ पृष्ट १४५

॥सर्वजनप्रियकरं २२॥




चित्र ४७ उव० यंत्र २२ पृष्ठ १४५


॥बालानांशांतितुष्टिंपुष्टिकरं॥२३




चित्र ४८ उव० यंत्र २३ पृष्ठ १४६




चित्र ४९ उव० यंत्र २४ पृष्ठ १४६




चित्र ५० उव० यंत्र २५ पृष्ठ १४६




चित्र ५१ उव० यंत्र २६ पृ४ १४७



चित्र ५२ उव० यंत्र २७ पृष्ठ १४८



ચિત્ર ૫૩ પૃષ્ઠ ૧૫૦



ચિત્ર ૫૪ શ્રી સંતિકર સ્તોત્ર યંત્ર સહિત પૃષ્ઠ ૨૨૯



ચિત્ર ૫૫ સૂર્ય. પૃષ્ઠ ૨૩૦



ચિત્ર ૫૬ સોમ. પૃષ્ઠ ૨૩૦




ચિત્ર ૫૭ મંગળ. પૃષ્ઠ ૨૩૦



ચિત્ર ૫૮ બુધ. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૫૯ ગુરુ. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૦ શુક્ર. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૧ શનિ પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૨ રાહુ. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૩ ઈશુ. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૪ શક્ર. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૫ અગ્નિ. પૃષ્ઠ ૨૩૧



ચિત્ર ૬૬ યમ. પૃષ્ઠ ૨૩૧




ચિત્ર ૬૭ નૈર્ઋત્ય. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૬૮ વરુણ. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૬૯ વાયુ. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૭૦ કુબેર. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૭૧ ઈશાન. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૭૨ નાગ. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૭૩ બ્રહ્મા. પૃષ્ઠ ૨૩૨



ચિત્ર ૭૪ ગોમુખ યક્ષ. પૃષ્ઠ ૨૩૭



ચિત્ર ૭૫ મહાયક્ષ. પૃષ્ઠ ૨૩૭



ચિત્ર ૭૬ ત્રિમુખ યક્ષ. પૃષ્ઠ ૨૩૮



ચિત્ર ૭૭ ઈશ્વર (યક્ષેશ) યક્ષ. પૃષ્ઠ ૨૩૮



ચિત્ર ૭૮ તુંબરુ યક્ષ. પૃષ્ઠ ૨૩૮



ચિત્ર ૭૯ કુસુમ યક્ષ. પૃષ્ઠ ૨૩૮



ચિત્ર ૮૦ માતંગ યક્ષ. પૃષ્ઠ ૨૩૯



ચિત્ર ૮૧ વિજય યક્ષ. પૃષ્ઠ ૨૩૯



ચિત્ર ૮૨ અજિત યક્ષ. પૃષ્ઠ ૨૩૯



ચિત્ર ૮૩ બ્રહ્મ યક્ષ. પૃષ્ઠ ૨૩૯



ચિત્ર ૮૪ ઇશ્વર (મનુજ) યક્ષ. પૃષ્ઠ ૨૩૯



ચિત્ર ૮૫ કુમાર (સુરકુમાર) યક્ષ. પૃષ્ઠ ૨૪૦



ચિત્ર ૮૬ ષણ્મુખ યક્ષ. પૃષ્ઠ ૨૪૦



ચિત્ર ૮૭ પાતાલ યક્ષ. પૃષ્ઠ ૨૪૦



ચિત્ર ૮૮ કિન્નર યક્ષ. પૃષ્ઠ ૨૪૦



ચિત્ર ૮૯ ગરુડ યક્ષ. પૃષ્ઠ ૨૪૦



ચિત્ર ૯૦ ગંધર્વ યક્ષ. પૃષ્ઠ ૨૪૧



ચિત્ર ૯૧ યક્ષેન્દ્ર. પૃષ્ઠ ૨૪૧




ચિત્ર ૯૨ કુબેરયક્ષ. પૃષ્ઠ ૨૪૧



ચિત્ર ૯૩ વરુણયક્ષ. પૃષ્ઠ ૨૪૧



ચિત્ર ૯૪ ભૃકુટિ યક્ષ. પૃષ્ઠ ૨૪૨



ચિત્ર ૯૫ ગોમેધ યક્ષ. પૃષ્ઠ ૨૪૨



ચિત્ર ૯૬ પાર્શ્વ યક્ષ. પૃષ્ઠ ૨૪૨



ચિત્ર ૯૭ માતંગ યક્ષ. પૃષ્ઠ ૨૪૨



ચિત્ર ૯૮ ચક્રેશ્વરીદેવી પૃષ્ઠ ૨૪૩



ચિત્ર ૯૯ અજિતાદેવી પૃષ્ઠ ૨૪૩



ચિત્ર ૧૦૦ દુરિતારિદેવી પૃષ્ઠ ૨૪૩



ચિત્ર ૧૦૧ કાલિકાદેવી પૃષ્ઠ ૨૪૪



ચિત્ર ૧૦૨ મહાકાલીદેવી પૃષ્ઠ ૨૪૪



ચિત્ર ૧૦૩ અચ્યુતાદેવી પૃષ્ઠ ૨૪૪



ચિત્ર ૧૦૪ શાંતાદેવી પૃષ્ઠ ૨૪૪



ચિત્ર ૧૦૫ જ્વાલા (ભૃકુટી) પૃષ્ઠ ૨૪૪



ચિત્ર ૧૦૬ સુતારાદેવી પૃષ્ઠ ૨૪૫



ચિત્ર ૧૦૭ અશોકાદેવી પૃષ્ઠ ૨૪૬



ચિત્ર ૧૦૮ શ્રીવત્સા (માનવી) દેવી પૃષ્ઠ ૨૪૫



ચિત્ર ૧૦૯ ચંડા (પ્રચંડા) દેવી પૃષ્ઠ ૨૪૫



ચિત્ર ૧૧૦ વિજયા (વિદિતા) દેવી પૃષ્ઠ ૨૪૫



ચિત્ર ૧૧૧ અંકુશાદેવી પૃષ્ઠ ૨૪૬



ચિત્ર ૧૧૨ પન્નગા (કંદર્પા) દેવી પૃષ્ઠ ૨૪૬



ચિત્ર ૧૧૩ નિર્વાણીદેવી પૃષ્ઠ ૨૪૬



ચિત્ર ૧૧૪ અચ્યુતા (અલા) દેવી પૃષ્ઠ ૨૪૬



ચિત્ર ૧૧૫ ધારણીદેવી પૃષ્ઠ ૨૪૬



ચિત્ર ૧૧૬ વૈરોટ્યાદેવી પૃષ્ઠ ૨૪૭



ચિત્ર ૧૧૭ અચ્છુપ્તા (વરદત્તા) દેવી પૃષ્ઠ ૨૪૭



ચિત્ર ૧૧૮ ગાંધારીદેવી પૃષ્ઠ ૨૪૭




ચિત્ર ૧૧૯ અંબિકા (કૂષ્માણ્ડી) દેવી પૃષ્ઠ ૨૪૭



ચિત્ર ૧૨૦ પદ્માવતીદેવી પૃષ્ઠ ૨૪૭



ચિત્ર ૧૨૧ સિદ્ધાયિકાદેવી પૃષ્ઠ ૨૪૮




चित्र १२२ तिज्जयपहुत्त यंत्र १ पृष्ठ २६०




चित्र १२३ तिज्जयपहुत्त यंत्र २ पृष्ठ २६१




चित्र १२४ तिजयपहुत्त यंत्र ३ पृष्ठ २६७




चित्र १२५ तिजयपहुत्त यंत्र ४ पृष्ठ २६४




चित्र १२६ तिज्यपहुत्त यंत्र ५ पृष्ठ २६५




चित्र १२७ तिज्यपहुत्त यंत्र ६ पृष्ठ २६५




चित्र १२८ तिज्यपहुत्त यंत्र ७ पृष्ठ २६५



चित्र १२९ तिज्यपहुत्त यंत्र ८ पृष्ठ २६५




चित्र १३० तिज्जयपहुत्त यंत्र ९ पृष्ठ २६६




चित्र १३१ तिज्जयपहुत्त यंत्र १० पृष्ठ २६६




चित्र १३२ तिजयपहुत्त यंत्र ११ पृष्ठ २६६




चित्र १३३ तिजयपहुत्त यंत्र १२ पृष्ठ २६७




चित्र १३४ तिज्जयपहुत्त यंत्र १३ पृष्ठ २६७



चित्र १३५ तिज्जयपहुत्त यंत्र १४ पृष्ठ २७०




चित्र १३६ तिजयपहुत्त यंत्र १५ पृष्ठ २७०




चित्र १३७ तिजयपहुत्त यंत्र १६ पृष्ठ २७०



चित्र १३८ तिज्जयपहुत्त यंत्र १७ पृष्ठ २७०




चित्र १३९ तिज्जयपहुत्त यंत्र १८ पृष्ठ २७०




चित्र १४० तिजयपहुत्त यंत्र १९ पृष्ठ २७०



चित्र १४१ तिजयपहुत्त यंत्र २० पृष्ठ २७०




ચિત્ર ૧૪૨ નમિઊણ શ્લોક ૧ પૃષ્ઠ ૨૭૨



ચિત્ર ૧૪૩ નમિઊણ યંત્ર ૧ પૃષ્ઠ ૨૭૨

ચિત્ર ૧૪૫ નાભિણિ યંત્ર ૩ પૃષ્ઠ ૨૭૩

ચિત્ર ૧૪૪ નાભિણિ યંત્ર ૨ પૃષ્ઠ ૨૭૩




ચિત્ર ૧૪૬ નમિઊણ યંત્ર ૪ પૃષ્ઠ ૨૭૩




ચિત્ર ૧૪૭ નમિઊણ યંત્ર ૫ પૃષ્ઠ ૨૭૪




ચિત્ર ૧૪૮ નમિઊણ યંત્ર ૬ પૃષ્ઠ ૨૭૪




ચિત્ર ૧૪૯ નમિઊણ યંત્ર ૭ પૃષ્ઠ ૨૭૫




ચિત્ર ૧૫૦ નમિઊણ યંત્ર ૮ પૃષ્ઠ ૨૭૫




ચિત્ર ૧૫૧ નમિઊણ યંત્ર ૯ પૃષ્ઠ ૨૭૫



ચિત્ર ૧૫૨ નમિઊણ યંત્ર ૧૦ પૃષ્ઠ ૨૭૫



ચિત્ર ૧૫૩ નમિઊણ યંત્ર ૧૧ પૃષ્ઠ ૨૭૬




ચિત્ર ૧૫૪ નમિઊણ યંત્ર ૧૨ પૃષ્ઠ ૨૭૭



ચિત્ર ૧૫૫ નમિઊણ યંત્ર ૧૩ પૃષ્ઠ ૨૭૭




चित्र १५६ नमिऊण यंत्र १४ पृष्ठ २८०




चित्र १५७ नमिऊण यंत्र १५ पृष्ठ २८१



ચિત્ર ૧૫૮ નમિઊણ શ્લોક ૧૪–૧૫ પૃષ્ઠ ૨૮૩




ચિત્ર ૧૫૯ નમિઊણ યંત્ર ૧૬ પૃષ્ઠ ૨૮૩



ॐ
ॐ
ॐ

ચિત્ર ૧૬૩ નાભિલિખિત યંત્ર ૧૬ પૃષ્ઠ ૨૮૫


ચિત્ર ૧૬૨ નાભિલિખિત યંત્ર ૧૫ પૃષ્ઠ ૨૮૪




ચિત્ર ૧૬૪ નમિઊણ યંત્ર ૨૦ પૃષ્ઠ ૨૮૬




ચિત્ર ૧૬૫ નમિઊણ શ્લોક ૨૨ પૃષ્ઠ ૨૮૭



ચિત્ર ૧૬૬ નમિઊણ યંત્ર ૨૧



ચિત્ર ૧૬૭ અજિતશાંતિ શ્લોક ૧–૨ પૃષ્ઠ ૨૮૯




ચિત્ર ૧૬૮ અજિતશાંતિ શ્લોક ૨૨ થી ૨૫ પૃષ્ઠ ૩૦૫



ચિત્ર ૧૬૯ અજિતશાંતિ શ્લોક ૨૨ થી ૨૫ પૃષ્ઠ ૩૦૫




ચિત્ર ૧૭૦ અજિતશાંતિ શ્લોક ૩૦–૩૧ પૃષ્ઠ ૩૦૯



ચિત્ર ૧૭૧ અજિતશાંતિ શ્લોક ૩૭–૩૮ પૃષ્ઠ ૩૧૨




ચિત્ર ૧૭૩ ભક્તામર કાવ્ય ૧ પૃષ્ઠ ૪૧૨




ચિત્ર ૧૭૪ ભક્તામર કાવ્ય ૧ પૃષ્ઠ ૪૧૨




ચિત્ર ૧૭૫ ભક્તામર કાવ્ય ૨ પૃષ્ઠ ૪૧૩



ચિત્ર ૧૭૫ ભક્તામર કાવ્ય ૨ પૃષ્ઠ ૪૧૩



ચિત્ર ૧૭૭ ભક્તામરકાવ્ય ૩ પૃષ્ઠ ૪૧૪



ચિત્ર ૧૭૮ ભક્તામરકાવ્ય ૩ પૃષ્ઠ ૪૧૪




ચિત્ર ૧૭૯ ભક્તામરકાવ્ય ૪ પૃષ્ઠ ૪૧૫



ચિત્ર ૧૮૦ ભક્તામરકાવ્ય ૪ પૃષ્ઠ ૪૧૫




ચિત્ર ૧૮૧ ભક્તમારકાવ્ય ૫ પૃષ્ઠ ૪૧૬



ચિત્ર ૧૮૨ ભક્તમારકાવ્ય ૫ પૃષ્ઠ ૪૧૬




ચિત્ર ૧૮૩ ભક્તમારકાવ્ય ६ પૃષ્ઠ ૪૧૭




ચિત્ર ૧૮૪ ભક્તમારકાવ્ય ६ પૃષ્ઠ ૪૧૭




चित्र १८५ भक्तामर काव्य ७ पृष्ठ ४१८



चित्र १८६ भक्तामर काव्य ७ पृष्ठ ४१८



ચિત્ર ૧૮૭ ભક્તામર કાવ્ય ૮ પૃષ્ઠ ૪૧૯




ચિત્ર ૧૮૮ ભક્તામર કાવ્ય ૮ પૃષ્ઠ ૪૧૯


ચિત્ર ૧૮૯ ભક્તામર કાવ્ય ૯ પૃષ્ઠ ૪૨૦

ચિત્ર ૧૯૦ ભક્તામર કાવ્ય ૯ પૃષ્ઠ ૪૨૦

॥ઉં ક્રીં ક્રીં ક્રીં ક્રઃ શ્રાં શ્રીં શ્રૂં શ્રઃ સિ સિદ્ધિ બુદ્ધિ ઋતાર્થે નમ વવષટ્॥
॥સંપૂર્ણ સ્વાહા॥




ચિત્ર ૧૯૧ ભક્તામર કાવ્ય ૧૦ પૃષ્ઠ ૪૨૦




ચિત્ર ૧૯૨ ભક્તામર કાવ્ય ૧૦ પૃષ્ઠ ૪૨૧




चित्र १९३ भक्तामर काव्य ११ पृष्ठ ४२१




चित्र १९४ भक्तामर काव्य ११ पृष्ठ ४२२




ચિત્ર ૧૯૫ ભક્તામર કાવ્ય ૧૨ પૃષ્ઠ ૪૨૩




ચિત્ર ૧૯૬ ભક્તામર કાવ્ય ૧૨ પૃષ્ઠ ૪૨૩




ચિત્ર ૧૯૭ ભક્તામર કાવ્ય ૧૩ પૃષ્ઠ ૪૨૪




ચિત્ર ૧૯૮ ભક્તામર કાવ્ય ૧૩ પૃષ્ઠ ૪૨૪




ચિત્ર ૧૯૯ ભક્તામર કાવ્ય ૧૪ પૃષ્ઠ ૪૨૫




ચિત્ર ૨૦૦ ભક્તામર કાવ્ય ૧૪ પૃષ્ઠ ૪૨૫




ચિત્ર ૨૦૧ ભક્તામર કાવ્ય ૧૫ પૃષ્ઠ ૪૨૬




ચિત્ર ૨૦૨ ભક્તામર કાવ્ય ૧૫ પૃષ્ઠ ૪૨૬




चित्र २०३ भक्तामर काव्य १६ पृष्ठ ४२७



चित्र २०४ भक्तामर काव्य १६ पृष्ठ ४२७




ચિત્ર ૨૦૫ ભક્તામર કાવ્ય ૧૭ પૃષ્ઠ ૪૨૮



ચિત્ર ૨૦૬ ભક્તામર કાવ્ય ૧૭ પૃષ્ઠ ૪૨૮




ચિત્ર ૨૦૭ ભક્તામર કાવ્ય ૧૮ પૃષ્ઠ ૪૨૯




ચિત્ર ૨૦૮ ભક્તામર કાવ્ય ૧૮ પૃષ્ઠ ૪૨૯


॥ॐह्रीं क्रौं ह्रीं क्रूं ह्रः यक्षः ह्रीं वषट् फट् स्वाहा॥



ચિત્ર ૨૦૯ ભક્તામર કાવ્ય ૧૯ પૃષ્ઠ ૪૩૦




ચિત્ર ૨૧૦ ભક્તામર કાવ્ય ૧૯ પૃષ્ઠ ૪૩૦



चित्र २११ भक्तामर काव्य २० पृष्ठ ४७१




चित्र २१२ भक्तामर काव्य २० पृष्ठ ४७१




ચિત્ર ૨૧૩ ભક્તામર કાવ્ય ૨૧ પૃષ્ઠ ૪૩૨




ચિત્ર ૨૧૪ ભક્તામર કાવ્ય ૨૧ પૃષ્ઠ ૪૩૨



ચિત્ર ૨૧૫ ભક્તામર કાવ્ય ૨૨ પૃષ્ઠ ૪૩૩




ચિત્ર ૨૧૬ ભક્તામર કાવ્ય ૨૨ પૃષ્ઠ ૪૩૩




ચિત્ર ૨૧૭ ભક્તામર કાવ્ય ૨૩ પૃષ્ઠ ૪૩૪



ચિત્ર ૨૧૮ ભક્તામર કાવ્ય ૨૩ પૃષ્ઠ ૪૩૪




ચિત્ર ૨૧૯ ભક્તામર કાવ્ય ૨૪ પૃષ્ઠ ૪૩૫




ચિત્ર ૨૨૦ ભક્તામર કાવ્ય ૨૪ પૃષ્ઠ ૪૩૫




चित्र २२१ भक्तामर काव्य २५ पृष्ठ ४३६




चित्र २२२ भक्तामर काव्य २५ पृष्ठ ४३६




ચિત્ર ૨૨૩ ભક્તામરકાવ્ય ૨૬ પૃષ્ઠ ૪૩૭




ચિત્ર ૨૨૪ ભક્તામરકાવ્ય ૨૬ પૃષ્ઠ ૪૩૭




ચિત્ર ૨૨૫ ભક્તામર કાવ્ય ૨૭ પૃષ્ઠ ૪૩૮



ચિત્ર ૨૨૬ ભક્તામર કાવ્ય ૨૭ પૃષ્ઠ ૪૩૮




ચિત્ર ૨૨૭ ભક્તામર કાવ્ય ૨૮ પૃ૪ ૪૩૯



ચિત્ર ૨૨૮ ભક્તામર કાવ્ય ૨૮ પૃ૪ ૪૩૯




चित्र २२९ भक्तामर काव्य २९ पृष्ठ ४४०




चित्र २३० भक्तामर काव्य २९ पृष्ठ ४४०


ॐ ह्रीं श्रीं श्रीपार्श्वनाथाय ह्रीं धरणेंद्र पद्मावतीसहिताय अहे ॥
॥मदे क्षुद्रविघ्ने क्षुज्ञन् स्तंभय स्तंभय रक्षां कुरु कुरु स्वाहा॥




चित्र २३१ भक्तामर काव्य ३० पृष्ठ ४४१



चित्र २३२ भक्तामर काव्य ३० पृष्ठ ४४१




ચિત્ર ૨૩૩ ભક્તામર કાવ્ય ૩૧ પૃષ્ઠ ૪૪૨



ચિત્ર ૨૩૪ ભક્તામર કાવ્ય ૩૧ પૃષ્ઠ ૪૪૨




ચિત્ર ૨૩૫ ભક્તામર કાવ્ય ૩૨ પૃષ્ઠ ૪૪૩




ચિત્ર ૨૩૬ ભક્તામર કાવ્ય ૩૨ પૃષ્ઠ ૪૪૩




चित्र २३७ भक्तामर काव्य ३३ पृष्ठ ४४४




चित्र २३८ भक्तामर काव्य ३३ पृष्ठ ४४४




ચિત્ર ૨૩૯ ભક્તામર કાવ્ય ૩૪ પૃષ્ઠ ૪૪૫



ચિત્ર ૨૪૦ ભક્તામર કાવ્ય ૩૪ પૃષ્ઠ ૪૪૫




ચિત્ર ૨૪૧ ભક્તામર કાવ્ય ૩૫ પૃષ્ઠ ૪૪૬




ચિત્ર ૨૪૨ ભક્તામર કાવ્ય ૩૫ પૃષ્ઠ ૪૪૬

॥ॐह्रीं श्रीं क्लिन्नेक्लेदनस्वामिन् आगच्छ आगच्छ आत्ममंत्रान् आ॥
॥कर्षय आकर्षय आत्ममंत्रान् रक्ष रक्ष परमंत्रान् छिंदछिंद मम समी॥
॥हितं कुरु कुरु स्वाहा॥




ચિત્ર ૨૪૩ ભક્તામર કાવ્ય ૩૬ પૃષ્ઠ ૪૪૭




ચિત્ર ૨૪૪ ભક્તામર કાવ્ય ૩૬ પૃષ્ઠ ૪૪૭


ॐनमो भगवति अप्रतिचक्रे ह्रीं क्लीं ब्लूं ॐ ह्रां मनो वांछितसिद्धे॥
॥नमो नमः अप्रतिचक्रे ह्रीं ठः ठः स्वाहा




चित्र २४५ भक्तामर काव्य ३७ पृष्ठ ४४८




चित्र २४६ भक्तामर काव्य ३७ पृष्ठ ४४८




ચિત્ર ૨૪૭ ભક્તામર કાવ્ય ૩૮ પૃષ્ઠ ૪૪૯



॥ॐनमोश्रीभगवतिदेवताथसकलस्मरणसकलपापप्रणाशनीसकलदुष्टग्रहनिवारणीसकलदुष्टविषनिर्मूलनीसकलशाकिनीभयविनाशनीसकलदुष्टजनमुखबंधनीसकलराजकुलसंक्षोभणीसकलरिपुमदमर्दनीसकलदुष्टजनमुखस्तंभनीसकलदुष्टजनमुखकीलनीसकलदुष्टजनमुखविद्वेषणीसकलदुष्टजनमुखोच्चाट




ચિત્ર ૨૪૯ ભક્તામર કાવ્ય ૩૯ પૃષ્ઠ ૪૫૦




ચિત્ર ૨૫૦ ભક્તામર કાવ્ય ૩૯ પૃષ્ઠ ૪૫૦




ચિત્ર ૨૫૧ ભક્તામર કાવ્ય ૪૦ પૃષ્ઠ ૪૫૧



ચિત્ર ૨૫૨ ભક્તામર કાવ્ય ૪૦ પૃષ્ઠ ૪૫૧




ચિત્ર ૨૫૩ ભક્તામર કાવ્ય ૪૧ પૃષ્ઠ ૪૫૨




ચિત્ર ૨૫૪ ભક્તામર કાવ્ય ૪૧ પૃષ્ઠ ૪૫૨

॥ॐनमो नीमिऊण विसहर विस पुण्णाशन रोग शोक दोषमृद॥
॥कण्ठउमच्चजायद्द स्मद्द नाम गद्दण सकल सुद्ददेॐनमः स्वाहा॥




चित्र २५५ भक्तामर काव्य ४२ पृष्ठ ४५७



चित्र २५६ भक्तामर काव्य ४२ पृष्ठ ४५७

।।ॐनमो चक्रेश्वरीदेवी चक्र धारिणी जिनशासनसेवाकारिणी ।।
।।क्रूं क्रोंपट्चक्रविनाशिनी धर्मशांतिकारिणीनमः ऊरु ऊरु स्वाहा।।



चित्र २५७ भक्तामर काव्य ४३ पृष्ठ ४५४

।।काव्य ४३ कारिनऽस्मिन् कृतयंत्र ४३।।


७१ ॐ	६४ ॐ	६९ ॐ	४८	१ ॐ	६ ॐ	५०३ ॐ	६६ ॐ	५१ ॐ
६१ ह्रीं	६८ ह्रूं	७० ह्रीं	३ ह्रीं	५ ह्रूं	७ ह्रीं	४८ ह्रीं	५० ह्रूं	५२ ह्रीं
६७ क्रीं	७२ नमः	६५ क्रीं	४ क्रीं	९ नमः	२ क्रीं	७९ क्रीं	५४ नमः	४७ क्रीं
२६ ॐ	१९ ॐ	२४ ॐ	४४ ॐ	३७ ॐ	४२ ॐ	६२ ॐ	५५ ॐ	६० ॐ
२१ ह्रीं	२३ ह्रूं	२५ ह्रीं	३१ ह्रीं	४१ ह्रूं	४३ ह्रीं	५७ ह्रीं	५९ ह्रूं	६१ ह्रीं
२२ क्रीं	२७ नमः	२० क्रीं	४० क्रीं	४५ नमः	३८ क्रीं	५८ क्रीं	६३ नमः	५६ क्रीं
३५ ॐ	२८ ॐ	३३ ॐ	४० ॐ	७३ ॐ	७८ ॐ	१७ ॐ	१० ॐ	१५ ॐ
३० ह्रीं	३२ ह्रूं	३४ ह्रीं	७५ ह्रीं	७७ ह्रूं	७९ ह्रीं	१२ ह्रीं	१४ ह्रूं	१६ ह्रीं
३१ क्रीं	३६ नमः	२९ क्रीं	७६ क्रीं	८१ नमः	७४ क्रीं	१३ क्रीं	१८ नमः	११ क्रीं

चित्र २५८ भक्तामर काव्य ४३ पृष्ठ ४५४


ॐनमोरत्नत्रयाय विनीतनाय कुंनकरणाय तंकांधिपत्तये ॥
॥स्फाबलपराक्रमायमनश्चिंतितंकार्यं कुरुकुरुस्वाहा॥




ચિત્ર ૨૫૯ ભક્તામર કાવ્ય ૪૪ પૃષ્ઠ ૪૫૪




ચિત્ર ૨૬૦ ભક્તામર કાવ્ય ૪૪ પૃષ્ઠ ૪૫૫




ચિત્ર ૨૬૧ ભક્તામર કાવ્ય ૪૫ પૃષ્ઠ ૪૫૬




ચિત્ર ૨૬૨ ભક્તામર કાવ્ય ૪૫ પૃષ્ઠ ૪૫૬




ચિત્ર ૨૬૩ ભક્તામર કાવ્ય ૪૬ પૃષ્ઠ ૪૫૭




ચિત્ર ૨૬૪ ભક્તામર કાવ્ય ૪૬ પૃષ્ઠ ૪૫૭



ચિત્ર ૨૬૫ ભક્તામર કાવ્ય ૪૭ પૃષ્ઠ ૪૫૮



ચિત્ર ૨૬૬ ભક્તામર કાવ્ય ૪૭ પૃષ્ઠ ૪૫૮



ચિત્ર ૨૬૭ ભક્તામર કાવ્ય ૪૮ પૃષ્ઠ ૪૫૯




ચિત્ર ૨૬૮ ભક્તામર કાવ્ય ૪૮ પૃષ્ઠ ૪૫૯



ચિત્ર ૨૬૯ કલ્યાણમંદિર કાવ્ય ૩ પૃષ્ઠ ૪૬૧




ચિત્ર ૨૭૦ કલ્યાણમંદિર કાવ્ય ૪ પૃષ્ઠ ૪૬૧–૨




ચિત્ર ૨૭૧ કલ્યાણમંદિર કાવ્ય ૮ પૃષ્ઠ ૪૬૪



ચિત્ર ૨૭૨ કલ્યાણમંદિર કાવ્ય ૯ પૃષ્ઠ ૪૬૪




ચિત્ર ૨૭૩ કલ્યાણમંદિર કાવ્ય ૧૦ પૃષ્ઠ ૪૬૫




ચિત્ર ૨૭૪ કલ્યાણમંદિર કાવ્ય ૧૧ પૃષ્ઠ ૪૬૬



ચિત્ર ૨૭૫ કલ્યાણમંદિર કાવ્ય ૧૨ પૃષ્ઠ ૪૬૬-૭




ચિત્ર ૨૭૬ કલ્યાણમંદિર કાવ્ય ૧૩ પૃષ્ઠ ૪૬૭



ચિત્ર ૨૭૭ કલ્યાણમંદિર કાવ્ય ૧૪ પૃષ્ઠ ૪૬૮




ચિત્ર ૨૭૮ કલ્યાણમંદિર કાવ્ય ૧૬ પૃષ્ઠ ૪૭૦



ચિત્ર ૨૭૯ કલ્યાણમંદિર કાવ્ય ૧૮ પૃષ્ઠ ૪૭૧




ચિત્ર ૨૮૦ કલ્યાણમંદિર કાવ્ય ૧૯ પૃષ્ઠ ૪૭૨



ચિત્ર ૨૮૧ કલ્યાણમંદિર કાવ્ય ૨૦ પૃષ્ઠ ૪૭૩




ચિત્ર ૨૮૨ કલ્યાણમંદિર કાવ્ય ૨૧ પૃષ્ઠ ૪૭૪




ચિત્ર ૨૮૩ કલ્યાણમંદિર કાવ્ય ૨૪ પૃષ્ઠ ૪૭૫




ચિત્ર ૨૮૪ કલ્યાણમંદિર કાવ્ય ૨૫ પૃષ્ઠ ૪૭૬




ચિત્ર ૨૮૫ કલ્યાણમંદિર કાવ્ય ૨૬ પૃષ્ઠ ૪૭૭




ચિત્ર ૨૮૬ કલ્યાણમંદિર કાવ્ય ૨૭ પૃષ્ઠ ૪૭૮




ચિત્ર ૨૮૭ કલ્યાણમંદિર કાવ્ય ૨૮ પૃષ્ઠ ૪૭૯




ચિત્ર ૨૮૮ કલ્યાણમંદિર કાવ્ય ૨૯ પૃષ્ઠ ૪૭૯-૮૦




ચિત્ર ૨૮૯ કલ્યાણમંદિર કાવ્ય ૩૦ પૃષ્ઠ ૪૮૦–૧



ચિત્ર ૨૯૦ કલ્યાણમંદિર કાવ્ય ૩૫ પૃષ્ઠ ૪૮૩



ચિત્ર ૨૯૧ કલ્યાણમંદિર કાવ્ય ૩૮ પૃષ્ઠ ૪૮૫




ચિત્ર ૨૯૨ કલ્યાણમંદિર કાવ્ય ૩૯ પૃષ્ઠ ૪૮૬



ચિત્ર ૨૯૩ કલ્યાણમંદિર કા૦૫ ૪૩–૪૪ પૃ૪ ૪૮૮


ચિત્રકાર · ચિરંજ્યલાલ · વિ. સં. ૧૬૨૫

१ प्रथमकाव्य प्रथमयंत्रकमलरचनासंबंधि
२ द्वितीय




चित्र २९४ कल्याणमंदिर काव्य १–२ पृष्ठ ४८९

काव्य३ यंत्र२सूर्याकार




चित्र २९५ कल्याणमंदिर काव्य ३ पृष्ठ ४८९

काव्य ४ नावाकार यंत्र ३




चित्र २६६ कल्याणमंदिर काव्य ४ पृष्ठ ४८६

काव्य ५ षट्कोण यंत्र ४



चित्र २६७ कल्याणमंदिर काव्य ५ पृष्ठ ४६०

काव्य ६ यंत्र५ चंद्राकार




चित्र २९८ कल्याणमंदिर काव्य ६ पृष्ठ ४९०

काव्य ७ यंत्र ६ गोलाकार




चित्र २९९ कल्याणमंदिर काव्य ७ पृष्ठ ४९०




चित्र ३०० कल्याणमंदिर काव्य ८ पृष्ठ ४९१

काव्य ९ बृहाकार यंत्र ८




चित्र ३०१ कल्याणमंदिर काव्य ९ पृष्ठ ४९१

काव्य१० खड्गाकारयंत्रं



चित्र ३०२ कल्याणमंदिर काव्य १० पृष्ठ ४९१

काव्य११ वटपत्राकारयंत्रं१०




चित्र ३०३ कल्याणमंदिर काव्य ११ पृष्ठ ४९१-२

काव्य१२ यंत्र११शृंगारवत्




चित्र ७०४ कल्याणमंदिर काव्य १२ पृष्ठ ४९२

काव्य१३ यंत्र१२वज्राकार




चित्र ७०५ कल्याणमंदिर काव्य १३ पृष्ठ ४९२

काव्य १४ यंत्र १३ पांखडि १६ पत्र वत




चित्र ३०६ कल्याणमंदिर काव्य १४ पृष्ठ ४९२

काव्य १५ यंत्र १४ त्रिशूलाकार



चित्र ३०७ कल्याणमंदिर काव्य १५ पृष्ठ ४९३

काव्य१६ यंत्र१५पत्रचारपांखडि



चित्र ३०८ कल्याणमंदिर काव्य १६ पृष्ठ ४९३


काव्य१७ यंत्र१६चउरस

ॐ ह्रीं अर्हं णमो ऊरु बुद्ध णाणं ॥

ॐ	न	मो	धृ


चित्र ३०९ कल्याणमंदिर काव्य १७ पृष्ठ ४९३

काव्य १८ यंत्र १७ फिमुखीसर्पोकार




चित्र ३१० कल्याणमंदिर काव्य १८ पृष्ठ ४९३-४

काव्य १९ यंत्र १८ श्रीवानुकार




चित्र ३११ कल्याणमंदिर काव्य १९ पृष्ठ ४९४

काव्य २० यंत्र ऋषि षट्कोण



चित्र ३१२ कल्याणमंदिर काव्य २० पृष्ठ ४९४

काव्य २१ यंत्र[२०] अष्टदलकमलवत्




चित्र ३१३ कल्याणमंदिर काव्य २१ पृष्ठ ४९४

काव्य२२ यंत्र२१ चंपकवृक्षाकार॥



चित्र ७१४ कल्याणमंदिर काव्य २२ पृष्ठ ४९५

॥काव्य२३ यंत्र२२ गोलाकार॥



चित्र ७१५ कल्याणमंदिर काव्य २३ पृष्ठ ४९५


॥काव्य२४ यंत्र२३ चउत्त



ॐ ह्रीं अर्हं णमो आगास गमि याण ॥


चित्र ३१६ कल्याणमंदिर काव्य २४ पृष्ठ ४७५

॥काव्य२५ यंत्र२४ त्रिकोण



चित्र ३१७ कल्याणमंदिर काव्य २५ पृष्ठ ४७६

॥काव्य२६ यंत्र२५छत्राकार




चित्र ७१८ कल्याणमंदिर काव्य २६ पृष्ठ ४९६

॥काव्य२७ यंत्र२६सिंहासन




चित्र ७१९ कल्याणमंदिर काव्य २७ पृष्ठ ४९६

॥काव्य २८ यंत्र २७ गोलाकार




चित्र ७२० कल्याणमंदिर काव्य २८ पृष्ठ ४९७


॥काव्य २९ यंत्र २८ वीणाकार



चित्र ७२१ कल्याणमंदिर काव्य २९ पृष्ठ ४९७



चित्र ३२२ कल्याणमंदिर काव्य ३० पृष्ठ ४९७




चित्र ३२३ कल्याणमंदिर काव्य ३१ पृष्ठ ४९७–८

ચિત્ર ૩૨.૪ કલ્યાણમંદિર સ્તોત્ર ૩૨ પૃષ્ઠ ૪૯૮


ચિત્ર ૩૨.૫ કલ્યાણમંદિર સ્તોત્ર ૩૩ પૃષ્ઠ ૪૯૮

॥काव्य३४ यंत्र३३वृक्षाकार॥




चित्र ७२६ कल्याणमंदिर काव्य ३४ पृष्ठ ४९८-९


॥काव्य३५ यंत्र३४ बीजाक्षरी



चित्र ७२७ कल्याणमंदिर काव्य ३५ पृष्ठ ४९९



चित्र ३२८ कल्याणमंदिर काव्य ३६ पृष्ठ ४९९



चित्र ३२९ कल्याणमंदिर काव्य ३७ पृष्ठ ४९९–५००

ॐ नमो खंगारि दे खै खंगारो कहां गयो खंगारो खेर काटि वा
खेदिस्यै ॥ ॥

चित्र ३३० कल्याणमंदिर काव्य ३८ पृष्ठ ५००

ॐ नमो नग य रिस स्वयु क
स स वै ह्र र
ॐ ह्रीं श्रीं णमोसत्ताणं
गणिज्जं

चित्र ३३१ कल्याणमंदिर काव्य ३९ पृष्ठ ५००

यंत्रं॰ चत्रस्र काव्यं॰१

ॐ ह्रीं श्रीं ह्रीं णमो अरहंताणं ॥

ॐ	न	मो	न	ग
ह्रीं	श्रीं	ह्रीं	णं	व
प	मो	उ	व	ते
ब्भं	प	ल	ज्झा	ग

चित्र ३३३ कल्याणमंदिर काव्य ४१ पृष्ठ ५०१

॥काव्यं॰ यत्रत्रयं स्वोत्तरतो

॥ॐ ह्रीं श्रीं ह्रीं णमो अरहंताणं ॥


ॐ न मो न ग व ते

ॐ ह्रीं श्रीं ह्रीं णं

ॐ ह्रीं श्रीं ह्रीं णं


ॐ ह्रीं श्रीं ह्रीं णं

॥काव्य४२ यंत्रं ४१ पंचकोष्ठ




चित्र ३३४ कल्याणमंदिर काव्य ४२ पृष्ठ ५०१

॥काव्य४३ यंत्र४२ कमल१२पांखडे॥



चित्र ३३५ कल्याणमंदिर काव्य ४३ पृष्ठ ५०१–२



चित्र ३३६ कल्याणमंदिर काव्य ४४ पृष्ठ ५०२




चित्र ३३७ क्षेत्रपाल



ચિત્ર ૩૩૮ થી ૩૪૩ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો



ચિત્ર ૩૪૪ થી ૩૪૯ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો



ચિત્ર ૩૫૦ થી ૩૫૫ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો



ચિત્ર ૩૫૬ થી ૩૬૨ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો



ચિત્ર ૩૬૨ થી ૩૬૭ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો




ચિત્ર ૩૬૮ થી ૩૭૩ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો


ચિત્ર ૩૬૪ ની ૩૬૯ પૈકી ૨૬૬ ચિત્રોનો સમાવેશ ધરાવતો પ્રતાપ દરબારીકૃત ચક્રવ્યૂહ



ચિત્ર ૩૮૦ થી ૩૮૫ કલ્યાણમંદિર સ્તોત્રની હસ્તપ્રતનાં સુશોભનો



ચિત્ર ૩૮૬ શ્રીઋષિમંડલ યંત્ર પૃષ્ઠ ૫૨૭



ચિત્ર ૩૮૭ કપડાં પરનો પ્રાચીન શ્રીઋષિમંડલ યંત્રનો પટ પૃષ્ઠ ૫૧૭

(અમેરિકાના, બોસ્ટન મ્યુઝિયમમાંથી)



ચિત્ર ૩૮૮ શ્રી પાર્શ્વનાથ, નવગ્રહનાં ચિત્રો સાથે પૃષ્ઠ ૫૨૨
(વિ. સં ૧૪૯૦ના પ્રાચીન ચિત્રપટ પરથી)



ચિત્ર ૩૮૯ શ્રી ઋષભદેવ (૧)



ચિત્ર ૩૯૦ શ્રી અજિતનાથ (૨)




ચિત્ર ૩૯૧ શ્રી સંભવનાથ (૩)



ચિત્ર ૩૯૨ શ્રી અભિનંદન સ્વામી (૪)



ચિત્ર ૩૯૩ શ્રી સુમતિનાથ (૫)



ચિત્ર ૩૯૪ શ્રી પદ્મપ્રભુ (૬)



ચિત્ર ૩૯૫ શ્રી સુપાર્શ્વનાથ (૭)



ચિત્ર ૩૯૬ શ્રી ચંદ્રપ્રભુ (૮)



ચિત્ર ૩૬૭ શ્રી સુવિધિનાથ (૯)



ચિત્ર ૩૬૮ શ્રી શીતલનાથ (૧૦)



ચિત્ર ૩૬૯ શ્રી શ્રેયાંસનાથ (૧૧)




ચિત્ર ૪૦૦ શ્રી વાસુપૂજ્યસ્વામી (૧૨)



ચિત્ર ૪૦૧ શ્રી વિમલનાથ (૧૩)



ચિત્ર ૪૦૨ શ્રી અનંતનાથ (૧૪)



ચિત્ર ૪૦૩ શ્રી ધર્મનાથ (૧૫)




ચિત્ર ૪૦૪ શ્રી શાંતિનાથ (૧૬)



ચિત્ર ૪૦૫ શ્રી કુંથુનાથ (૧૭)



ચિત્ર ૪૦૬ શ્રી અરનાથ (૧૮)



ચિત્ર ૪૦૭ શ્રી મલ્લિનાથ (૧૯)



ચિત્ર ૪૦૮ શ્રી મુનિસુવ્રત સ્વામી (૨૦)



ચિત્ર ૪૦૯ શ્રી નમીનાથ (૨૧)



ચિત્ર ૪૧૦ શ્રી નેમિનાથ (૨૨)



ચિત્ર ૪૧૧ શ્રી પાર્શ્વનાથ (૨૩)



ચિત્ર ૪૧૨ શ્રી મહાવીર સ્વામી (૨૪)